Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Paneri, Chetana A., 2008, *ગુજરાતી - ચારણી જાલંધર આખ્યાનોઃ તુલનાત્મક અધ્યયન*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/277

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના
ગુજરાતી વિષયમાં પીએચ. ડી. ની પદવી માટે રજૂ કરાયેલ
મહાનિબંધ

# A COMPARATIVE STUDY OF GUJARATI - CHARANI JALANDHAR NARRATIVE

# ગુજરાતી - ચારણી જાલંધર આખ્યાનોઃ તુલનાત્મક અધ્યયન


**પ્રસ્તુત કર્તા**
પ્રા. શ્રીમતી ચેતનાબેન એ. પાણેરી
અધ્યક્ષ
ગુજરાતી વિભાગ
શ્રી બહાઉદ્દીન વિનયન કોલેજ
જૂનાગઢ.

**માર્ગદર્શક**
ડૉ. અંબાદાન રોહડિયા
પ્રોફેસર
ગુજરાતી ભાષા - સાહિત્ય ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ.



રજિસ્ટ્રેશન નં : ૩૨૬૦ તારીખ : ૧-૭-૨૦૦૫

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, **શ્રીમતી ચેતનાબેન એ. પાણેરીએ** મારા માર્ગદર્શન હેઠળ અને મારા સલાહ સુચન પ્રમાણે 'A Comparative Study of Gujarati-Charani Jalandhar Narrative', **'ગુજરાતી –ચારણી જાલંધર આખ્યાનો : તુલનાત્મક અધ્યયન'** એ વિષય પર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં પીએચ.ડી. ની પદવી માટે મહાનિબંધ તૈયાર કર્યો છે.

આ મહાનિબંધમાંનો કોઈપણ અંશ તેણે આજદિન સુધી અન્યત્ર પ્રકાશિત કર્યો નથી.

રાજકોટ

તા. ...../......./૨૦૦૮

ડૉ. અંબાદાન રોહડિયા
પ્રોફેસર
ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
રાજકોટ.

# અનુક્રમણિકા


| પ્રકરણ નંબર | પ્રકરણ | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧ | તુલનાત્મક સાહિત્યની વિભાવના | ૦૦૧-૦૨૮ |
| ૨ | મધ્યકાલીન ગુજરાતી અને ચારણી આખ્યાન - સ્વરૂપ - ઉદ્ભવ અને વિકાસ | ૦૨૯-૦૭૦ |
| ૩ | કવિ પરિચય (ભાલણ, હરદાસ મિસણ, વિષ્ણુદાસ, શિવદાસ) | ૦૭૧-૦૯૩ |
| ૪ | 'જાલંધર' કથાનકનું મૂળ | ૦૯૪-૧૦૬ |
| ૫ | ભાલણ કૃત 'જાલંધર આખ્યાન' | ૧૦૭-૧૭૩ |
| ૬ | હરદાસ મિસણ કૃત 'જાલંધર પુરાણ' | ૧૭૪-૨૫૮ |
| ૭ | વિષ્ણુદાસ કૃત 'જાલંધર આખ્યાન' | ૨૫૯-૩૪૯ |
| ૮ | શિવદાસ કૃત 'જાલંધર આખ્યાન' | ૩૫૦-૪૧૭ |
| ૯ | ચાર આખ્યાનોની તુલના | ૪૧૮-૫૦૯ |
| ૧૦ | ઉપસંહાર | ૫૧૦-૫૨૬ |
| | **પરિશિષ્ટ :** | |
| | સંદર્ભ ગ્રંથ સૂચિ | ૫૨૭-૫૩૦ |

# ઋણ સ્વીકાર

વ્યક્તિથી સમાજ બને છે. સમાજમાં ટકી રહેવા માટે વ્યક્તિમાત્ર કોઇ ને કોઇ પ્રકારે બીજી વ્યક્તિઓના સહકારની અપેક્ષા રાખતો હોય છે. જીવનના દરેક તબક્કે આગળ વધવા માટે વ્યક્તિને કોઇકનાં માર્ગદર્શન, સહકાર અને સલાહ-સૂચનની જરૂરિયાત પડે છે. અન્યની પ્રેરણા અને પ્રોત્સાહનથી જ કોઇ ઉમદા કાર્ય ઉત્તમ રીતે પાર પાડી શકાય છે.

સંશોધન જેવા જટિલ કાર્ય માટે મા જગદંબાની કૃપા, વડિલોના આશીર્વાદ, તજજ્ઞોનું માર્ગદર્શન અને મિત્રોનો સહકાર જરૂરી છે. સૌ પહેલા હૃદયના ઊંડાણથી મને પીએચ.ડી થયેલી જોવા ઇચ્છતાં મારાં પૂ. માતુશ્રી તથા પૂ. પિતાશ્રીના આશીર્વાદ થકી હું મારું આ કાર્ય પૂર્ણ કરી શકી છું, જે માટે હું તેઓશ્રીની ઋણી છું. ગુરુતુલ્ય પરમવંદનીય પૂ.ભાઇ (પિતાશ્રી) શ્રી ભગવતભાઇ પંડ્યા તથા માતુશ્રી મૃદુલાબેન તરફથી પ્રેમનો, પ્રેરણાનો આ પ્રવાહ અસ્ખલિત વહેતો રહે એવી મા જગદંબાને પ્રાર્થના.

મારાં સંશોધન કાર્યમાં મને પ્રત્યેક ક્ષણે પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડનાર મારા માર્ગદર્શક પ્રોફેસર ડૉ. અંબાદાન રોહડિયા સાહેબનો હાર્દિક આભાર માનું છું. માત્ર રોહડિયા સાહેબ જ નહિ, તેમના કુટુંબીજનો પણ સ્વજન બની ચૂક્યા છે, તેઓ સૌની ઋણી છું.

આજથી લગભગ પંદરેક વર્ષ પહેલાં ‘જાલંધર’ કથાનકનું બીજ સંશોધનાર્થે મારા મનમાં રોપનાર ગુરુવર્ય ડૉ. બળવંત જાની સાહેબનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. અનેકવિધ જવાબદારીઓ અને કાર્યોની વ્યસ્તતા વચ્ચે પણ તેઓએ મને હંમેશા યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું છે, એ બદ્દલ તેઓશ્રીની ઋણી છું.

ડૉ. બિપીન આશર, ડૉ. નીતિન વડગામા, ડૉ. મનોજ જોશી અને ડૉ. દિપક પટેલ, એ સૌ અધ્યાપક મિત્રોની જ્યારે જ્યારે મદદની જરૂર પડી છે ત્યારે ત્યારે તેઓએ હોંશભેર સહાય કરી છે. તેઓ સૌની ઋણી છું.

જેમણે મારી તમામ વહીવટી મૂંઝવણો ટાળી છે, મારા સંશોધન કાર્યમાં મને અંગત રસ લઇને સતત પ્રોત્સાહન પૂરું પાડ્યું છે અને જેઓને આજે હકકથી મોટાં બહેન કહી શકું એટલા દિલથી નજીક આવી ગયાં છે એવા આદરણીય મુ.શ્રી રક્ષાબેન વૈષ્ણવનો હાર્દિક આભાર.

પંડ્યા અને પાણેરી કુટુંબના તમામ અંગત સ્વજનોનો સહયોગ અને પ્રેરણા મળતાં રહ્યાં છે, તેમનો આભાર. સંશોધનાર્થે થતાં વાચન-લેખન દરમ્યાનની ક્ષણોએ મને એકાગ્રતા સાધવામાં મદદ કરી છે એવા મારા સંસારબાગનાં બે પ્યારાં પુષ્પો - ચિ. શ્રધ્ધા અને ચિ. કૌશલનો, તેમજ આજે હું જે કંઇ છું એનો તમામ યશ જેમનાં પ્રોત્સાહકબળને આભારી છે એવાં મારાં દામ્પત્યજીવનનાં પ્રિય 'સખા'નો આભાર.

બહાઉદ્દીન વિનયન કોલેજના પ્રિન્સિપાલ ડૉ. પાંડે સાહેબ, મદદ માટે હંમેશા તત્પર એવા ગ્રંથપાલ શ્રી, ગુજરાતી વિભાગના મારા અધ્યાપક મિત્રો તથા તમામ સહઅધ્યાપક મિત્રો, પ્રુફ રીડીંગ કરી આપનાર ડૉ. ડી.એલ.જોશી સાહેબ, સંશોધન કાર્યનું ચીવટપૂર્વક કોમ્પ્યુટર કાર્ય કરી આપવા બદલ 'વીલનેટ કોમ્પ્યુટર'ના શ્રી જયેશભાઇ તથા મનિષભાઇ, આ સર્વનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

જેમની સૂક્ષ્મ પ્રેરણાએ મારી કલમને વહેતી કરી એવાં પરામ્બા પરમેશ્વરી મા જગદંબાની કૃપાના ફલસ્વરૂપ આ મહાનિબંધ મારી જગદંબા 'મા'ને જ અર્પણ કરું છું.

નવેમ્બર - ૨૦૦૮

જૂનાગઢ.

- પ્રા. ચેતનાબેન એ. પાણેરી

# પ્રકરણ – ૧

# તુલનાત્મક સાહિત્યની વિભાવના


૧:૧ ભૂમિકા

૧:૨ તુલનાત્મક સાહિત્યનો અર્થ

૧:૩ તુલનાત્મક સાહિત્યની વ્યાખ્યાઓ

૧:૪ વિશ્વ સાહિત્ય અને તુલનાત્મક સાહિત્યનો સંબંધ

૧:૫ તુલનાત્મક અધ્યયનમાં અનુવાદનું મહત્ત્વ

૧:૬ તુલનાત્મક સાહિત્યનું કાર્યક્ષેત્ર

૧:૬:૧ 'અસર'નો અભ્યાસ

૧:૬:૨ અનુકરણ અને અસરની ભેદરેખા

૧:૭ 'સાદૃશ્ય'નો અભ્યાસ

૧:૮ 'પરંપરા'નો અભ્યાસ

૧:૯ તુલનાત્મક અભ્યાસના કાર્યક્ષેત્રનું એક વધુ પરિમાણ : વિષયવસ્તુ

૧:૧૦ તુલનાત્મક સાહિત્યનું સ્વરૂપ

❖ ઉપસંહાર

❖ સંદર્ભ નોંધ

# પ્રકરણ – ૧
# તુલનાત્મક સાહિત્યની વિભાવના

## ૧:૧ ભૂમિકા :

માનવ વિદ્યાશાખાનાં વિભિન્ન ક્ષેત્રોમાં સાહિત્ય એ નવનવોન્મેષશાલિની માનવ ચેતનાનું પ્રતિબિંબ પાડનારું પ્રાણવાન ક્ષેત્ર છે. ભૌગોલિક ભિન્નતાઓ છતાં માનવીય ભાવનાઓની વૈશ્વિક અભિવ્યક્તિ કરવાના પ્રયાસો સાહિત્ય દ્વારા થતા રહે છે. વિવિધ ભાષા-સાહિત્યો, વિભિન્ન સ્થળ-કાળના સર્જકો અને પ્રજાઓના વિશ્વસનીય દર્પણો છે, જેના દ્વારા 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના દઢ થવા સાથે પરસ્પરનું સામ્ય અને વૈષમ્ય, એની મર્યાદા અને મહત્તા વગેરેની જાણકારીથી ભાવક રસ-સમૃધ્ધ બને છે.

તુલનાવૃત્તિ માનવની પાયાની વૃત્તિ છે. 'સ્વ' વિશેનું ચિંતન કરતાં સૃષ્ટિના અન્ય સજીવો જોડે તેણે તુલના આરંભી. ભૌતિક જગતના વિવિધ પદાર્થોનાં વિવિધ રૂપો, તેનું કોઈ મૂળભૂત તત્ત્વ, એના ગુણધર્મો, એને એકસૂત્રે બાંધનાર તેમના આંતર સંબંધો વગેરે વિશે વિચારતા મનુષ્યએ વિવિધ વિચાર તરાહો, વાદો, વાડાઓ વિકસાવ્યા. દર્શનશાસ્ત્ર આ પ્રકારની વિચારસરણીઓનું પાયાનું શાસ્ત્ર છે. ભારતીય કે પાશ્ચાત્ય દર્શનશાસ્ત્રીઓ ભલે કોઈ અંતિમ નિર્ણય પર ન આવ્યા હોય, પરંતુ તેઓ બધા દરેક વસ્તુ વિશે 'કંઈક' 'મૂળભૂત' હોવાનું સ્વીકારે છે. આ દશ્યમાન જગત એ 'મૂળભૂત' '*एकम सद्*' ની વિભિન્ન સ્વરૂપે વિલસતી માયા છે.

જેમ પાણી ઘૂમરી, પરપોટા, મોજા, વાદળ, વર્ષા, ઝરણા રૂપી વિકારો ધારણ કરે છે, પરંતુ અંતે તો પાણી જ છે. તેનું મૂળ સ્વરૂપ એક છે. તેમ બ્રહ્મતત્ત્વ એક છે. બ્રહ્માંડના વિવિધ સ્વરૂપોમાં જે ભિન્ન પ્રવર્તે છે એ માત્ર નિમિત્ત ભેદ છે. જેમ નરસિંહે ગાયું :

> ''અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ,
> જૂજવે રૂપે અનંત ભાસે.''

તેમ વિવિધ ભાષા-સાહિત્યના 'બ્રહ્મા'ઓ, સાહિત્યની મૂળભૂત એકતાને 'હેમના હેમ' ને જૂજવે રૂપે ભિન્ન ભિન્ન સાહિત્ય સ્વરૂપોમાં, વિવિધ સ્થળ-કાળમાં પ્રસરાવે છે. વર્ડ્ઝવર્થની

ઊર્મિઓનો ઉછાળ ઉમાશંકરમાં અનુભવાય. એ જ રીતે શેક્સપિયર અને કાલિદાસ, મિલ્ટન કે મૈથિલીશરણ, બોદલેર કે નિરંજન ભગત આખરે તો સમાન સાગરના મરજીવાઓ છે. અલબત્ત તેમની નૌકાઓ જુદી છે, બંદરો ભિન્ન છે.

સાહિત્યમાં આવા સામ્ય અને વૈષમ્યનો આવિર્ભાવ માનવ વૃત્તિ જેવો જ સહજ છે. સાહિત્યમાં રહેલા સામ્ય અને વૈષમ્યને જાણવાની મનુષ્યની કુતૂહલવશ ઝંખના આજે જરૂરિયાતમાં પરિણમી છે. વિભિન્ન સાહિત્યમાં જણાતા સામ્યની શોધ એને ગહન પ્રવાહમાં ઊંડા ઉતરવા પ્રેરે છે તો વૈષમ્યની શોધ વિવિધતાને વ્યાપક દૃષ્ટિએ માણવાની દૃષ્ટિ આપે છે. તુલનીય સાહિત્યોના ગુણદોષ દર્શન કે ઉચ્ચાવચતા નિર્ધારણનો હેતુ હોય કે ન હોય, પરંતુ તુલનાત્મક દૃષ્ટિથી થતો સાહિત્યનો અભ્યાસ ભાવકના ચેતોવિસ્તારને સમૃધ્ધ કરે છે. પારસ્પરિક તુલનામાં બહુગામી અને તેથી બહુમૂલ્ય રસદર્શનની ભૂમિકા સાંપડે છે. આ પ્રકારની તુલનાવૃત્તિના વિનિયોગથી પ્રાપ્ત થતાં પરિણામોની નોંધ કરતાં ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ કહે છે, ''એક વ્યવહારજ્ઞાનની વિભિન્ન વિદ્યાશાખાઓમાં તુલના સમ્યક સચોટ જ્ઞાન પ્રાપ્તિનું એક અસરકારક ઓજાર બની છે : અને બીજું, સર્જનાત્મક સાહિત્યમાં રસલક્ષી, સૌંદર્યલક્ષી આકર્ષણ, વર્ધન, તાદાત્મ્ય અને આનંદ માટેનું પણ તુલના એક ઓજાર બની રહે છે''.[૧]

દુનિયાના વિશાળ પટ પર અનેક રાષ્ટ્રો, રાજ્યો વસેલાં છે. અનેક ભાષાકુળો અને તેની વિવિધ ભાષાઓ છે. વિભિન્ન ભાષાઓ પ્રયોજતાં ભાષકોની વિવિધ સંસ્કૃતિઓ, સંસ્કારો, જીવનપધ્ધતિઓ અને વિચાર તરાહો છે. તેમણે અનેક સાહિત્ય સ્વરૂપો પ્રયોજ્યાં છે. એ સાહિત્યોની, એના સ્વરૂપોની અપાર શક્યતાઓ અને સીમાઓ છે. એ તમામનો ઊંડાણથી અભ્યાસ કરવા માટે આપણે 'તુલનાત્મક સાહિત્ય'ના ક્ષેત્રમાં પ્રવેશ કરીએ છીએ. એક ભાષા, એક સાહિત્ય, એક રાષ્ટ્ર, એક પરંપરા, એક ચળવળ કે એક કાળના સીમાડાઓ કે હદને અતિક્રમી અનહદની દિશામાં જઇએ છીએ. 'Interpretation' બાદ હવે 'Interpenetration'ની દિશામાં ડગ માંડીએ છીએ.

કવિવર રવીન્દ્રનાથ ટાગોર ઇ.સ. ૧૯૦૭ માં 'તુલનાત્મક સાહિત્ય'નું ભારતની ભૂમિમાં બીજારોપણ કરે છે. તેઓ પોતાના એક પ્રવચનમાં જણાવે છે કે, ''સંકુચિત પ્રદેશવાદ/પ્રાંતવાદમાંથી આપણે મુક્ત થવું જ રહ્યું. પ્રત્યેક લેખકના સર્જનને 'એક સમગ્રપણે' આપણે જોવું જોઇએ અને એ

સમગ્રતાને મનુષ્યની વૈશ્વિક સર્જનાત્મક્તાના ભાગરૂપે જોવી જોઇએ. એ વૈશ્વિક તત્ત્વ 'વિશ્વ સાહિત્ય' દ્વારા વ્યકત થયેલું જણાશે. હવે આ દિશામાં ડગ માંડવાનો સમય પાકી ચૂક્યો છે''[૨].

રાષ્ટ્રીય સાહિત્યની પરંપરાઓનાં સર્વપક્ષીય દર્શનથી આપણે આપણા સાહિત્યને'ય વધુ સારી રીતે સમજવા માંડીએ છીએ. આમ, સાહિત્યના તુલનાત્મક અભ્યાસથી જ સામુહિક શાણપણની શોધ સંભવિત બની રહે છે.

## ૧:૨ તુલનાત્મક સાહિત્યનો અર્થ :

માનવ જીવનના નાનામાં નાના વ્યવહારમાં તુલના તત્ત્વ અગત્યનો ભાગ ભજવે છે. જેમ જીવનમાં તેમ ક્લામાં અને સાહિત્યમાં પણ તુલનાતત્ત્વની અનિવાર્યતા આપોઆપ ફલિત થાય છે. સાહિત્યમાં 'તુલના' એ નવી વાત નથી. સાહિત્યના અભ્યાસ માટે જે પદ્ધતિઓ અપનાવાય છે તે પદ્ધતિઓમાં 'તુલના'નો ઉપયોગ વત્તા ઓછા પ્રમાણમાં પણ ભૂતકાળમાં થતો રહ્યો હશે. ક્રોચેને પણ એવું લાગે છે કે આપણે તુલનાત્મક સાહિત્યની ચર્ચા કરવામાં વિવેચનનાં જે ધ્યેયો હતા તેનું જ પુનરાવર્તન કરી રહ્યા છીએ, અને તેથી 'તુલનાત્મક' સાહિત્યના મૂલ્યાંકન વિવેચન માટે અનેક પદ્ધતિઓ છે તેમાં 'તુલનાત્મક' પદ્ધતિ છેલ્લાં થોડાં વર્ષોમાં વિશેષ પ્રકાશમાં આવતી જણાય છે. સાહિત્ય વિવેચનની દિશામાં આ પદ્ધતિ નવી છે.

ઈ.સ. ૧૮૪૮ માં પ્રસિધ્ધ અંગ્રેજ કવિ વિવેચક મેથ્યુ આર્નોલ્ડે પોતાની બહેનને લખેલ એક પત્રમાં પહેલીવાર 'કમ્પેરેટિવ લિટરેચર્સ' (Comparative Literatures) શબ્દોનો પ્રયોગ કર્યો હતો. તેઓએ લખ્યું "How plain it is now, though an attention to the comparative literatures for the last fifty years might have instructed any one of it, that England is in a certain sense far behind the continent....."[3] (તુલનાત્મક સાહિત્યો તરફના છેલ્લાં પચાસ વર્ષોના લક્ષથી કોઇને પણ કંઇક શીખવા મળ્યું હશે તો પણ એ કેટલું સ્પષ્ટ છે કે ઇંગ્લેન્ડ અમુક ચોકકસ અર્થમાં આખા ખંડ કરતા કેટલું બધું પાછળ છે.)

અહીં 'તુલના'નો અર્થ, કયું સાહિત્ય અન્ય કરતાં ચઢિયાતું-ઊતરતું છે, એવું નકકી કરવાનું સાધન થતો લાગે છે. એટલે એ રીતે એ સાહિત્યના મૂલ્યાંકન વિવેચનની એક પદ્ધતિ છે એ નકકી, પરંતુ અન્ય પધ્ધતિથી એ કઇ રીતે જુદી પડે છે એ જાણવા માટે 'તુલનાત્મક સાહિત્ય'નો અર્થ વિસ્તારથી સમજાવવાનો ઉપક્રમ સેવ્યો છે.

'તુલનાત્મક સાહિત્ય' એટલે તુલનાના આધારે કરવામાં આવેલું સાહિત્યનું વિવેચન. તુલનાના આધારે કરેલા સાહિત્યના મૂલ્યાંકન - વિવેચનને જ તુલનાત્મક સાહિત્ય તરીકે ઓળખવામાં આવે છે.

'તુલનાત્મક' શબ્દનો સરળ અર્થ છે, જેની તુલના કરવામાં આવે તે, અથવા જેની સાથે તુલના કરવામાં આવે તે. આ રીતે 'તુલના' શબ્દ એક કરતાં અધિકની સહોપસ્થિતિની અનિવાર્યતાનું સૂચન કરે છે. ટૂંકમાં, 'તુલનાત્મક સાહિત્ય' એટલે તુલનાના આધારે કરવામાં આવતું સાહિત્યનું વિવેચન. તુલનાના આધારે કરેલા સાહિત્યાભ્યાસ ને 'તુલનાત્મક સાહિત્ય' તરીકે ઓળખવામાં આવે છે.

તુલનાત્મક પધ્ધતિએ થતાં સાહિત્ય અદયયનમાં બે કૃતિનો, બે સર્જકોના સમગ્ર સર્જનનો, બે ભાષાના સાહિત્યનો કે બે સાહિત્ય પરંપરાનો અભ્યાસ થતો હોય છે. આ રીતે તુલનાત્મક પદ્ધતિએ થતો અભ્યાસ અનેક નવી દિશાઓ ખોલી આપનારો નીવડી શકે. તુલનાત્મક સાહિત્ય પદ્ધતિમાં એક કરતાં વધુ ભાષાની કૃતિઓને, સર્જકોને , સાહિત્ય પરંપરાઓને સ્થાન છે. તેથી આ પદ્ધતિ એક સ્વતંત્ર અધ્યયન પદ્ધતિ તરીકે છેલ્લા થોડા સમયથી ખૂબ સ્વીકૃત પણ બનતી જાય છે. એક સ્વતંત્ર અધ્યયન પદ્ધતિ તરીકે 'તુલનાત્મક સાહિત્ય' નો ઈતિહાસ બહુ પુરાણો નથી.

'તુલનાત્મક સાહિત્ય' સંજ્ઞાનો વિચાર કરીએ તો આ બે શબ્દો વચ્ચે વિશેષણ - વિશેષ્યનો સંબંધ છે. 'તુલનાત્મક સાહિત્ય' એ અંગ્રેજી 'Comparative Literature'નો અનુવાદ છે. મૂળ લેટિન શબ્દ Coparativus પરથી comparative શબ્દ અંગ્રેજીમાં પ્રયોજાય છે. સૌથી પ્રથમ પોસનેટપોતાના ગ્રંથના શીર્ષકમાં comparative literature શબ્દનો પ્રયોગ કરેલો છે. કોર્નવેલ યુનિ.ના પ્રો. લેન કૂપર પોતે જે વિભાગના અધ્યક્ષ હતા તે વિભાગને The comparative study of literature તરીકે ઓળખાવવાના આગ્રહી હતા. પછીથી સમય જતાં આજે 'Study' શબ્દનો અર્થ અનુસ્યૂત ગણી 'Comparative Literature' શબ્દો વાપરવાનું વલણ વ્યાપક બન્યું. આજે આ બે શબ્દોના પારિભાષિક અર્થ અંગે કોઈ સંદિગ્ધતા જણાતી નથી.

જર્મન ભાષામાં તુલનાવૃત્તિને વિજ્ઞાનની કક્ષાએ મૂકવા 'Vergleichende Literature wissenschaft' એવી સંજ્ઞા વપરાઈ છે. પહેલા શબ્દમાં તુલનાનો અને બીજામાં વિજ્ઞાનનો અર્થ સૂચવાય છે. જર્મન શબ્દનું ગુજરાતી થાય 'તુલનાત્મક સાહિત્ય વિજ્ઞાન'. સાહિત્યના અભ્યાસની

એક વિશિષ્ટ વૈજ્ઞાનિક પદ્ધતિ તેનો પ્રથમ પ્રયોગ પોસનેટે જ કરેલો. તેમણે પોતાના પુસ્તકને 'Comparative Literature' એવું નામ આપ્યું હતું. આ શબ્દમાં રહેલી ગૂંચવણને દૂર કરતા કોર્નવેલ યુનિ.ના પ્રા. લેન કૂપરે પોતાના વિભાગનું 'Comparative Study of Literature' એવું નામાભિધાન કર્યું, પરંતુ સમય જતાં આજે Study શબ્દને બાદ કરી ફરી Comparative Literature તરીકે ઓળખવામાં આવે છે.

લાઘવ ખાતર Comparative Literature એ સંજ્ઞા અંગ્રેજીમાં વપરાતી થઇ અને સમય જતાં દઢ બની. અંગ્રેજી પર્યાયના અનુસરણમાં જ આપણે ગુજરાતીમાં 'તુલનાત્મક સાહિત્ય' શબ્દ પ્રયોજવા લાગ્યા. 'તુલનાત્મક સાહિત્ય' એ સંજ્ઞામાં આ 'સાહિત્ય' શબ્દ અહીં સાહિત્ય તત્ત્વના અર્થમાં નહીં, પરંતુ સાહિત્ય કૃતિના અર્થમાં પ્રયોજાય છે. એ રીતે આ એક પ્રકારની અભ્યાસ પદ્ધતિ છે, પરંતુ આ પ્રકારની અર્થચ્છાયા 'તુલનાત્મક સાહિત્ય' સંજ્ઞામાં જે 'સાહિત્ય' શબ્દ પ્રયોજાય છે તેમાં સ્પષ્ટ રીતે વ્યક્ત થતી નથી.

'તુલનાત્મક સાહિત્ય' શબ્દ સંજ્ઞા દ્વારા જુદી જુદી ભાષાઓના સાહિત્યનો 'તુલનાત્મક અભ્યાસ' એવો સીમિત અર્થબોધ થાય છે, જેમાં સાહિત્યેત્તર વિષયોનો સમાવેશ કરી શકાય નહીં. 'તુલનાત્મક અધ્યયન' શબ્દ સંજ્ઞામાં જુદી જુદી ભાષાના સાહિત્ય ઉપરાંત કોઈપણ ક્ષેત્રના તુલનાત્મક અભ્યાસને આવરી લઈ શકાય, તેથી 'તુલનાત્મક અભ્યાસ' એવી સંજ્ઞા પ્રચલિત ન હોવા છતાં એના વાચક અર્થમાં સાચી છે. તેથી વિદ્વાનો એ સંજ્ઞાને પણ સ્વીકારે છે.

## ૧:૩ તુલનાત્મક સાહિત્યની વ્યાખ્યાઓ :

કોઈપણ શબ્દ સમૂહના પૂર્ણ અર્થ સુધી પહોંચવા માટે, એનો પૂર્ણ અર્થબોધ પામવા માટે તે વિશેની વિદ્વાનોએ આપેલી વ્યાખ્યાઓ અને તેના પૃથક્કરણ જોવાં જરૂરી થઇ પડે છે. 'તુલનાત્મક સાહિત્ય'ની આપણી સમજને સ્પષ્ટ કરવાના આશયથી આવી થોડી વ્યાખ્યાઓ જોઈએ. વિદ્વાનો પોતાની સમજને સ્પષ્ટ કરતા ટૂંકમાં એને વ્યાખ્યાબધ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. જો કે વ્યાખ્યા આખરે તો જે તે વિષય કે વિભાવનાને સ્પષ્ટ કરવાનું સાધન માત્ર છે, સાધ્ય નથી. માટે જુદા જુદા વિદ્વાનો ભલે એને જુદી જુદી વ્યાખ્યામાં શબ્દબધ્ધ કરે, પરંતુ આખરે તો એ જે તે વિષયને સ્પષ્ટ કરતો પ્રકાશ માત્ર છે.

તુલનાત્મક અધ્યયન પદ્ધતિ એ પશ્ચિમની દેન છે તેથી તે અંગે પશ્ચિમના વિદ્વાનોએ આપેલી કેટલીક મહત્ત્વની વ્યાખ્યાઓ તપાસવી જરૂરી બની રહે છે. આ અધ્યયન પદ્ધતિના પાયામાં રવીન્દ્રનાથ ટાગોર અને ગેટેની 'વિશ્વ સાહિત્ય' અને 'વ્યાપક સાહિત્ય'ની વિભાવના પડેલી છે. એ અંગેની ચર્ચાઓ તુલનાત્મક અભ્યાસ પદ્ધતિ અંગેનું ઐતિહાસિક માળખું રચી આપે છે. એની વિશદ ચર્ચા પછીથી કરીશું. પહેલા અગ્રણી વ્યાખ્યાનકારોએ આપેલી સ્વયં સ્પષ્ટ વ્યાખ્યાઓ દ્વારા 'તુલનાત્મક સાહિત્ય'ને સમજવાનો પ્રયાસ કરીએ.

તુલનાત્મક સાહિત્યના અભ્યાસ ક્ષેત્રની સીમારેખાઓને સ્પષ્ટ કરતી વ્યાખ્યાઓ :

## (૧) હેન્રી રિમાર્ક :

"Comparative literature is the study of literature beyond the confines of one particular country and the study of the relationship between literature on the one hand and other areas to knowledge and belief, such as the arts... philosophy, history, the social sciences, the science, religion etc... on the other. In brief it is comparison of one literature with another or others, and the comparison of literature with other spheres of human expression." અર્થાત્ "તુલનાત્મક સાહિત્ય કોઈપણ એક ચોક્કસ દેશના સીમાડાને અતિક્રમી જઈને થતો સાહિત્યનો અભ્યાસ છે. તે એક તરફથી સાહિત્ય અને બીજી બાજુ કલાઓ, તત્ત્વજ્ઞાન, ઈતિહાસ, સમાજવિદ્યાઓ, વિજ્ઞાન, ધર્મ વગેરે જ્ઞાન અને માન્યતાનાં અન્ય ક્ષેત્રો વચ્ચેના સંબંધોનો અભ્યાસ છે. ટૂંકમાં, એ એક સાહિત્યની અન્ય સાહિત્ય કે સાહિત્યો સાથેની અને સાહિત્યની અને માનવીય અભિવ્યક્તિનાં અન્ય ક્ષેત્રો સાથેની તુલના છે."

- હેન્રી રિમાર્ક

## (૨) જે. એ. કડન :

"Comparative literature is the examination and analysis of the relationships and similarities of the literatures of different peoples and nation" અર્થાત્ "વિવિધ પ્રજાઓ અને રાષ્ટ્રોનાં સાહિત્યોના સંબંધો અને સામ્યોનું પરીક્ષણ અને પૃથ્થકકરણ એટલે તુલનાત્મક સાહિત્ય."

- જે. એ. કડન

## (૩) એસ. એસ. પ્રેવર :

"An examination of literary texts (including works of literary theory and criticism) in more than one language, through an investigation of contrast, analogy, provenance or influence or a study of literary relations and communications between two or more groups that speak different languages" અર્થાત્ "વિરોધ, સાદ્દશ્ય, મૂળ સ્રોત અથવા અસરની તપાસ દ્વારા એક કરતાં વધુ ભાષામાંની સાહિત્યિક કૃતિઓ - સાહિત્યિક સિધ્ધાંતો અને વિવેચન સહિતની પરીક્ષા, અથવા ભિન્ન ભાષાઓ બોલતાં બે કે વધારે જૂથો વચ્ચેના સાહિત્યિક સંબંધો અને વ્યવહારોનો અભ્યાસ તે તુલનાત્મક સાહિત્ય."

- એસ.એસ.પ્રેવર

## (૪) ઓવેન ઓલ્ડ્રિજ :

"Briefly defined, comparative literature can be considered the study of any literary phenomenon from the perspective of more than one national literature or in conjunction with another intellectual discipline or even several." અર્થાત્ "સંક્ષિપ્ત વ્યાખ્યા કરીએ તો તુલનાત્મક સાહિત્યને એકથી વધુ રાષ્ટ્રીય સાહિત્યના પરિપ્રેક્ષ્યમાં કે અન્ય કોઇ એક અથવા કેટલીક બૌધ્ધિક જ્ઞાનશાખાના સંયોગમાં કોઈપણ સાહિત્યિક ઘટનાનો અભ્યાસ લેખી શકાય."

- ઓવેન ઓલ્ડ્રિજ

## (૫) પિકોઈસ અને રૂસો :

"Comparative literature : analiystical description, methodical and differential comparison, synthetic interpretation of interlinguistic and inter cultural literary phenomena through history criticism and philosophy in order the better to understand literature as a specific function of the human mind." અર્થાત્ "તુલનાત્મક સાહિત્ય : માનવ મનનાં એક વિશિષ્ટ કાર્ય તરીકે સાહિત્યને સમજવાની તક પૂરી પાડે છે. એમાં ઈતિહાસ, વિવેચન અને તત્ત્વજ્ઞાન દ્વારા આંતર ભાષાકીય અને

આંતર સાંસ્કૃતિક સાહિત્યની ઘટનાઓનું વિશ્લેષણાત્મક વર્ણન, પધ્ધતિસરની અને વિશિષ્ટ તુલના તથા સંકલનાત્મક અર્થઘટન કરવામાં આવે છે.''

- પિકોઇસ અને રૂસો

## (૬) ઈરવીન કોપેન :

"Comparative literature, though in principle a historical discipline, devotes itself with interest and intensity to questions of theory and methods of investigation." અર્થાત્ ''તુલનાત્મક સાહિત્ય એ જો કે સૈદ્ધાંતિક રીતે એક ઐતિહાસિક વિદ્યાશાખા હોવા છતાં, તે ઉત્કટતા અને રસપૂર્વક સિધ્ધાંતના પ્રશ્નો અને જાંચ તપાસની પધ્ધતિઓને વરેલું છે.''

- ઈરવીન કોપેન

## (૭) પોલ વાન તાઈગેમ :

"Comparative literature aims primarily... at studing the works of various literatures in their interrelationship. Conceived in such general terms, it comprises - to speak only of the western world-the mutual relations between Greek and Latin literature, the debt of modern literature, (Since the middle ages) to ancient literature, and finally, the links connecting the various modern literatures. The latter field of investigation, which is the most extensive and complex of the three, is the one which comparative literature, in the sense in which it is generally understood, takes, for its province" અર્થાત્ ''તુલનાત્મક સાહિત્ય પ્રાથમિકપણે વિવિધ સાહિત્યોનો તેમના આંતરસંબંધોમાં અભ્યાસ કરવાનો ઉદ્દેશ રાખે છે. માત્ર પાશ્ચાત્ય વિશ્વની વાત કરીએ તો ગ્રીક અને લેટિન સાહિત્યોના આંતરિક સંબંધો, (મધ્યકાલીન યુગોથી) પ્રાચીન સાહિત્યો પ્રત્યેનું આર્વાચીન સાહિત્યનું ઋણ અને અંતે, વિવિધ અર્વાચીન સાહિત્યોને સાંકળતી કડીઓને આવી સામાન્ય સંજ્ઞાઓમાં આત્મસાત કરી તે (પોતામાં) સમાવી લે છે. તુલનાત્મક સાહિત્ય

સામાન્ય રીતે તે જે અર્થમાં સમજાય છે તે, જે ત્રણ પૈકી સૌથી વધુ વિસ્તૃત અને સંકુલ છે એ તપાસના પશ્ચાત્વર્તી ક્ષેત્રને પોતાના પ્રદેશ તરીકે સ્વીકારે છે.''

- પોલ વાન તાઈગેમ

ઉપર્યુક્ત વિસ્તૃત વ્યાખ્યા તુલનાત્મક સાહિત્યના સ્વરૂપને સ્પષ્ટ કરવા સાથે તેના કાર્યક્ષેત્રનો નિર્દેશ પણ કરે છે.

## (૮) જહોન ફ્લેચર :

"Comparative literature is the branch of literary study which concerns itself with the basic structures underlying all literary manifestations, of whatever time or place; so it is concerned with whatever is universal in any particular literary phenomenon. There is therefore no limit in theory to its field of investigation, since literatures in all languages, and their relations with each other and with other art-forms, come within its purview" અર્થાત્ ''સ્થળ અને કાલાતીત એવાં બધાં જ સાહિત્યિક પ્રગટીકરણોમાં રહેલી પાયાની સંરચનાઓ સાથે સંબંધ ધરાવતા સાહિત્યિક અભ્યાસની શાખા તે તુલનાત્મક સાહિત્યાભ્યાસ, તેથી તેને કોઈપણ ચોક્કસ સાહિત્યિક ઘટનામાં રહેલા વૈશ્વિક તત્ત્વ સાથે સંબંધ હશે એમ કહી શકાય. સૈધ્ધાંતિક દ્દષ્ટિએ તેનાં તપાસ ક્ષેત્રોની કોઇ સીમા ન હોઇ શકે, કેમ કે સર્વ ભાષાઓનાં સાહિત્યો તથા તેમના પારસ્પારિક સંબંધો અને અન્ય કલાસ્વરૂપો સાથેના સંબંધો તેના વ્યાખ્યા વિસ્તારમાં આવે છે.''

- જહોન ફ્લેચર

ઉપર્યુક્ત તમામ વ્યાખ્યાઓ તુલનાત્મક સાહિત્યના પ્રયોજન અને તેની પધ્ધતિની થોડા થોડા અલગ દ્દષ્ટિકોણથી સમજૂતી આપે છે. માનવમનના એક વિશિષ્ટ કાર્ય તરીકે સાહિત્યને સમજવું એ તુલનાત્મક સાહિત્યનું પ્રયોજન છે. માનવમનના એક વિશિષ્ટ કાર્ય તરીકે જોતાં આ અભ્યાસ સ્વાભાવિક રીતે જ સ્થળકાળના સીમાડાને, ભાષાના સીમાડાને અતિક્રમી જાય છે. આ પ્રયોજન સિધ્ધ કરવા માટે તુલનાકાર જે પધ્ધતિનો આશરો લે છે તે તુલના પધ્ધતિ. આ પધ્ધતિ દ્વારા તુલનાકાર જે જે સાહિત્યોને, સર્જકોને, સાહિત્યકૃતિઓને પોતાના અભ્યાસમાં આવરી લે છે તેનું

સમન્વયાત્મક અર્થઘટન કરવાનો તે પ્રયાસ કરે છે. આ રીતે પોતાના અભ્યાસ ક્ષેત્રમાં તે ઈતિહાસ, વિવેચન, તત્ત્વજ્ઞાન, સાહિત્ય તથા અન્ય કલાઓ, જ્ઞાનક્ષેત્રો વચ્ચેના સંબંધો વગેરેનો સમાવેશ કરી લે છે. વિવિધ સાહિત્યક અભિવ્યક્તિઓમાં જોવા મળતી ભાવનાત્મક એકતા વિવિધ સંસ્કૃતિની પ્રજાને આધ્યાત્મિક સ્તરે પણ નિકટ લાવી શકે તેવી આ શ્રધ્ધેય પધ્ધતિ હોવાનું પણ ફલિત થાય છે.

## ૧:૪ વિશ્વ સાહિત્ય અને તુલનાત્મક સાહિત્યનો સંબંધ :

કોઈપણ ભાષા સાહિત્યના મહાન સર્જકોમાં આપણે જેની ગણના મહાન સર્જકો તરીકે કરીએ છીએ તેમાં જાણ્યે-અજાણ્યે આપણે તુલનાનો આધાર લીધો હોય છે. સાહિત્યનું તુલનાત્મક પધ્ધતિથી અધ્યયન કરનાર તુલનાને મૂલ્યાંકનના માપદંડ તરીકે યોજીને પોતાનું ધ્યેય સિધ્ધ કરતો હોય છે. એટલે કે, તુલનાત્મક સાહિત્ય અધ્યયન માં 'તુલના' જ તેનું આધારભૂત તત્ત્વ બની રહે છે. એની સામે રાષ્ટ્રીય સાહિત્ય, વ્યાપક સાહિત્ય કે વિશ્વ સાહિત્યના અભ્યાસમાં 'તુલના' અનિવાર્ય નથી. તુલનાત્મક સાહિત્ય અને વ્યાપક સાહિત્ય વચ્ચેની મુખ્ય ભેદરેખા તેની વ્યાપકતાના કારણે છે. તુલનાત્મક સાહિત્યમાં અધિષ્ઠિત સમીક્ષા હોય છે, જ્યારે વ્યાપક સાહિત્યમાં એકાધિક સાહિત્ય અધિષ્ઠિત સમીક્ષા હોય છે. સાહિત્ય સિધ્ધાંતો અને સ્વરૂપોની ચર્ચા વ્યાપક સાહિત્યમાં કરવામાં આવતી હોય છે.

રાષ્ટ્રીય સાહિત્ય એ એક જ રાષ્ટ્રની વિવિધ ભાષાઓની સાહિત્યિક કૃતિઓનો અભ્યાસ કરતી પ્રવૃત્તિ છે. આપણી ભાષાઓની અતિ પ્રસિધ્ધ કૃતિઓને તેના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂલવવા માટે અન્ય ભાષાઓની તે જ સ્વરૂપની કૃતિઓનો અભ્યાસ જરૂરી બને છે.

વિવિધ સાહિત્યમાં વિશ્વની પ્રસિધ્ધ અને પ્રશિષ્ટ કૃતિઓની વિચારણા કરવાનો ઉપક્રમ હોય છે. વિશ્વની શ્રેષ્ઠ કૃતિઓ, તેની સ્થળ-કાળગત મર્યાદાઓ એ તેના અભ્યાસનો વિષય હોય છે. સંસ્કૃત તેમજ પાશ્ચાત્ય સાહિત્યની કૃતિઓ જેવી કે, 'અભિજ્ઞાન શાકુંતલમ્', 'રામાયણ', 'ગીતા', 'મહાભારત', 'ઈલિયડ', 'બાઈબલ', 'ડોન કીહોટે' જેવી ઉત્તમ કૃતિઓની ગણના વિશ્વ સાહિત્યમાં થાય છે. વિશ્વ સાહિત્યના અભ્યાસથી આપણી સાહિત્યિક પરંપરા અને ગૌરવશાળી વારસાનો પરિચય આપણને મળી રહે છે.

આમ, વ્યાપક સાહિત્ય, રાષ્ટ્રીય સાહિત્ય અને વિશ્વ સાહિત્ય એ તુલનાત્મક સાહિત્યથી જુદા પડે છે. તેની કાર્યશૈલી અને કાર્યક્ષેત્રના અભિગમથી 'વિશ્વ સાહિત્ય'ની વિભાવના 'તુલનાત્મક

સાહિત્ય'ની વિભાવનાથી જુદી પડે છે. અલબત્ત 'તુલનાત્મક સાહિત્ય'ની આધુનિક વિભાવના પાછળ વિશ્વ સાહિત્યની વિભાવનાએ પ્રેરક પરિબળ તરીકેની ભૂમિકા તો અવશ્ય ભજવી છે એવી એક માન્યતાના સ્વીકારના મૂળમાં જર્મન કવિ ગોઈથેની વિશ્વ સાહિત્યની વિભાવના રહેલી છે.

અઢારમી સદીના અંતમાં જર્મનના વિખ્યાત કવિ ગોઈથેએ વિશ્વ સાહિત્ય અંગેની પોતાની વિચારણા જગત સમક્ષ મૂકી. આ વિચારણામાં તેમણે રજૂ કરેલા શબ્દ 'Welt Literature'માં વિશ્વ સાહિત્ય વિશે નિર્દેશ કર્યો છે. વિશ્વના વિભિન્ન દેશના લોકોની આધ્યાત્મિક ભૂખ સંતોષવાનું કાર્ય વિશ્વ સાહિત્ય દ્વારા જ શક્ય છે એવી ગોઈથેની દૃઢ માન્યતા હતી. તેમણે વિશ્વ સાહિત્ય અંગે પોતાની વિચારણા આ રીતે પ્રગટ કરી છે, મનુષ્ય જાતિમાં જે સાર્વત્રિક તત્ત્વો પડેલાં છે તેને સાહિત્ય વિશ્વમાં સ્થાન મળવું જોઈએ. સર્વકાલીન તત્ત્વોની ખેવના વિશ્વના તમામ સાહિત્યકારોએ કરવી ઘટે. જો તે પ્રકારનું શ્રેષ્ઠ સાહિત્ય રસલક્ષી દૃષ્ટિથી સર્જકોના હાથે થાય તો તેનો લાભ વિશ્વના સમગ્ર સાહિત્ય રસિકોને મળે. પોતાની વિશ્વ સાહિત્યની વિભાવનામાં ગોઈથેએ સાર્વત્રિક તત્ત્વો પર વિશેષ ભાર મૂક્યો જણાય છે. તેઓ આગળ કહે છે, "National literature does not mean much any more The time of world literature is approcing, and every one must now work to hasten its arrivealp."[૪] (રાષ્ટ્રીય સાહિત્યનો વિશેષ કશો અર્થ નથી. વિશ્વ સાહિત્યનો યુગ નજીક આવી રહ્યો છે. તેને કાર્યાન્વિત કરવા દરેકે પોતાનું કર્તવ્ય બજાવવું પડશે.)

સીમિત બનતા જતાં રાષ્ટ્રવાદની સાથે અઢારમી સદીના અંતે રજૂ થયેલી ગોઈથેની વિશ્વ સાહિત્યની વિભાવના નર્યા આંદોલન સમી બની રહી, પરંતુ ૨૦ મી સદીમાં જર્મન સર્જકોએ જ પોતાના પૂર્વ વિચારક ગોઈથેની વિચારણાને જીવંતતા બક્ષી. 'તુલનાત્મક સાહિત્ય'ને એક સ્વતંત્ર વિદ્યાશાખા તરીકે મહત્ત્વ આપવાનું તેઓનું આ કાર્ય ગોઈથેને અપાયેલી શ્રેષ્ઠ અંજલી સમાન બની રહ્યું.

ઉપર્યુક્ત સમગ્ર ચર્ચાનો પ્રમુખ ધ્વનિ વિશ્વ સાહિત્યની તેમજ તુલનાત્મક સાહિત્યની વિચારણાના મૂળમાં જર્મન કવિ ગોઈથેની વિચારણા રહેલી છે એટલું જ સિધ્ધ કરવાનો છે.

## ૧:૫ તુલનાત્મક અધ્યયનમાં અનુવાદનું મહત્વ :

તુલનાત્મક અધ્યયનમાં સામાન્ય રીતે કોઈ પણ બે ભાષાની કૃતિને મૂલવવાની હોય છે. ત્યારે અનુવાદ વગર આ કામગીરી અશક્યવત્ બની રહે. તેથી અનુવાદની કામગીરી પાયાની અને અત્યંત

મહત્ત્વની બની રહે છે. કોઈપણ ભાષાના સાહિત્યકારને પોતાની ભાષાની સાહિત્યિક પરંપરાનો વિકાસ, વિસ્તાર કરવો હશે તો તેણે પોતાની ભાષા ઉપરાંત અન્ય ભાષાના સાહિત્યનો પરિચય મેળવવો પડે. વિભિન્ન સાહિત્યનાં આદાન પ્રદાનની દિશાનું પ્રબળ માધ્યમ એટલે અનુવાદ. વિશ્વની તમામ સમૃધ્ધ ભાષાઓમાં અનુવાદ પ્રવૃત્તિ થતી રહી છે.

તુલનાત્મક સાહિત્યના અભ્યાસી માટે અનુવાદની પ્રવૃત્તિ ખૂબ જ મહત્ત્વની છે. તુલનાત્મક સાહિત્યમાં અનુવાદનું મહત્ત્વ દર્શાવતા વિલ્હેમ વન હમ્બોલ્ટે કહ્યું છે "One of the labours most essential to any literature : partly because it introduces those ignorant of foreign language to form of art and humanity, which otherwise they would never come to know and this is an important gain for any nation; but partly also, and especially, Because it widens the capacity for meaning and expression possessed by one's own language." ‘‘કોઈપણ સાહિત્ય માટે આવશ્યક પુરુષાર્થ પૈકી એક આ છે : અંશતઃ આ એટલા માટે આવશ્યક પુરુષાર્થ છે કે તે પરભાષાઓ ન જાણનારને કલાના સ્વરૂપ તથા માનવજાતિનો પરિચય કરાવે છે જે અન્યથા તેઓ ન કરી શક્યા હોત અને કોઈપણ દેશ માટે આ મહત્ત્વની ઉપલબ્ધિ છે. અંશતઃ અને ખાસ કરીને આ એટલા માટે પણ આવશ્યક પુરુષાર્થ છે કે તે પોતાની (અર્થાત્ અનુવાદની) ભાષામાં રહેલા અર્થ અને અભિવ્યક્તિના સામર્થ્યનો વિસ્તાર કરે છે.’’[૫]

આ સંદર્ભમાં વિચાર કરતાં ભારતીય સાહિત્યકાર અને વિચારક કાકાસાહેબ કાલેલકરે અનુવાદકને ‘સંસ્કૃતિનો એલચી’ કહ્યો છે તે ઉચિત લાગે છે. ગુજરાતી સાહિત્યના સમર્થ અનુવાદક નગીનદાસ પારેખે પણ અનુવાદની મહત્તા દર્શાવતાં લખ્યું છે, ‘‘અુનવાદ એ જગતના સાંસ્કૃતિક સંપર્કનું મહત્ત્વનું સાધન હોઈ, એ આપણા દેશની વિચારણા અને સર્જન પ્રવૃત્તિને ઉત્તેજે છે, તેની દૃષ્ટિ મર્યાદાને વિશાળ બનાવે છે અને ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં ભિન્ન ભિન્ન પ્રજાઓએ મેળવેલી સિધ્ધિનાં દર્શન કરાવી એવો જ પુરુષાર્થ કરવાની આપણને પ્રેરણા આપે છે.’’

તુલનાત્મક સાહિત્યના અભ્યાસમાં અનુવાદનો આધાર લીધા વિના આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી. એ સત્યનો સ્વીકાર કરવો ઘટે. સારા અનુવાદક માટે અનુવાદિત કૃતિ જે મૂળ ભાષામાં હોય તેનું અને જે ભાષામાં અનુવાદ કરવાનો હોય તેનું એમ બંને ભાષાનું સંપૂર્ણ જ્ઞાન હોવું ઘટે. અનુવાદનું કામ અનુવાદક માટે વાસ્તવમાં એક મોટો પડકાર છે કેમ કે, અનુવાદક માટે મૂળની

ભાષા સમૃધ્ધિને પોતાની ભાષામાં પ્રગટ કરવાનું કપરું છે. આ માટે અનુવાદક પાસે ઉત્કૃષ્ટ કલ્પના હોવી જોઇએ. બંને ભાષાઓ પરનું પ્રભુત્વ અનુવાદક માટે આથી જ જરૂરી બની રહે છે.

અનુવાદની પ્રવૃત્તિ એટલે એક ભાષામાંથી અન્ય ભાષામાં અર્થઘટનની કે સારલેખનની પ્રવૃત્તિ નહિ. લડવિગ બોર્ન જેવા સમર્થ અનુવાદક અનુવાદને શૈલી વ્યાયામ તરીકે ઓળખાવે છે, પરંતુ વાસ્તવમાં અનુવાદ કરવો એ કોઈપણ અનુવાદક માટે એક મોટો પડકાર છે. અનુવાદકે મૂળ ભાવોને, ખૂબીઓને, જાળવી રાખીને બીજી ભાષામાં રજૂ કરવાના હોય છે. એટલું જ નહિ, જહોન કોર્નીંગ્ટને કહ્યું છે તેમ, 'લેખકે જે કંઈ કહ્યું છે, અનુવાદકે તેનો અનુવાદ કરવાનો પ્રયત્ન તો કરવાનો જ છે; પરંતુ જે રીતે, જે પ્રકારે કહ્યું છે તેના પરિપાલનનો પણ પ્રયત્ન કરવો જોઇએ'.

આમ અનુવાદ મારફતે જ આપણે આપણા દેશની તેમ વિદેશી ભાષાઓની સર્જકતાને પામી શકીએ છીએ. આપણા દેશમાં સૈકાઓ પહેલાં સંસ્કૃત સાહિત્ય પુષ્કળ રચાયું છે તેને આધુનિક યુગમાં વાચક અનુવાદના આધારે જ સમજી શકે છે. અનુવાદની સહાયથી જ આપણી સમૃધ્ધ સાહિત્યિક પરંપરાના વારસારૂપ સંસ્કૃત સાહિત્યનો આસ્વાદ કરી શકીએ છીએ. જગતની ઉત્તમ સાહિત્ય કૃતિઓનો વિશાળ વ્યાપ ધરાવતી ભાષાઓમાં જ્યારે અનુવાદ થાય છે ત્યારે તેનો પ્રચાર અને તેના સર્જકોનું સન્માન વધે છે. આને માટે એક જ દ્દષ્ટાંત પૂરતું છે. જો રવીન્દ્રનાથ ટાગોરની 'ગીતાંજલી'નો અંગ્રેજીમાં અનુવાદ પ્રગટ ન થયો હોત તો તેમને 'નોબેલ પુરસ્કાર' ભાગ્યે જ મળત. આમ, અનુવાદનું મહત્ત્વ સ્વયં સિધ્ધ છે. સાહિત્યના ક્ષેત્રમાં અનુવાદનું કાર્ય સાહિત્યના તુલનાત્મક અભ્યાસને સરળ બનાવે છે.

અનુવાદની મહત્તા વધતાં અને તુલનાત્મક સાહિત્ય માટે તો એ પ્રાણભૂત તત્ત્વ સાબિત થતાં આજે અનુવાદની સમસ્યા અને મૂંઝવણો પણ વધી છે કેમ કે, તુલનાવાદીએ અનુવાદોની તુલના કરતી વખતે, અનુવાદકે કૃતિના અંતઃતત્ત્વ ઉપરાંત મૂળની બીજી ખૂબીઓને પોતાની ભાષામાં કઈ રીતે અવતારી છે, તેનો અભ્યાસ પણ કરવાનો હોય છે. અનુવાદકે મૂળ કૃતિની સાથોસાથ ભાષામાં આકાર, સ્વરૂપ અને સાંસ્કૃતિક સંદર્ભ કેવી રીતે અવતાર્યા છે એની તપાસ પણ તુલનાવાદીએ અચૂક કરવાની હોય છે. આમ, અનુવાદની પૃથક્કરણાત્મક અભ્યાસવૃત્તિ તુલનાવાદી વિવેચનામાં વિકસતી જાય છે. માટે તુલનાવાદીએ પૂરેપૂરી સજ્જતા કેળવવાની રહે છે. એકંદરે અનુવાદની પ્રવૃત્તિ એ તુલનાત્મક સાહિત્યના અભ્યાસી માટે અનિવાર્ય જરૂરિયાત બની રહે છે.

## ૧ઃ૬ તુલનાત્મક સાહિત્યનું કાર્યક્ષેત્ર ઃ

તુલનાત્મક સાહિત્યનું કાર્યક્ષેત્ર કોઇ દેશ, કાળ, ભાષા પૂરતું સીમિત નથી કે નથી માત્ર સાહિત્ય પૂરતું મર્યાદિત. તુલનાત્મક દષ્ટિકોણથી અભ્યાસ કરનારો તુલનાવાદી સાહિત્યના અન્ય કલાઓ, સમાજવિદ્યાઓ, વિજ્ઞાનો વગેરેના સંદર્ભમાં પણ વિચાર કરે છે. તુલનાત્મક અભ્યાસ એક તરફથી સાહિત્ય સાથે પોતાના સંબંધની ગાંઠ બાંધે છે તો બીજી તરફ તે સાહિત્યેત્તર અન્ય જ્ઞાનક્ષેત્રો સાથે પણ પોતાના સંબંધની ગાંઠ બાંધે છે. તુલનાત્મક અભ્યાસ એક જ દેશની જુદી જુદી ભાષાઓમાં સર્જાયેલા સાહિત્યોની તુલના કરવાનું કાર્ય કરે છે તો બીજી બાજુ સાહિત્ય અને મનોવિજ્ઞાન, સાહિત્ય અને ભાષાવિજ્ઞાન, સાહિત્ય અને શૈલીવિજ્ઞાન એમ એનું કાર્યક્ષેત્ર વ્યાપક બનતું જણાય છે.

### ૧ઃ૬ઃ૧ 'અસર'નો અભ્યાસ ઃ

તુલનાત્મકઅભ્યાસનું કાર્યક્ષેત્ર આ રીતે જોતાં તો એટલું વ્યાપક બની જતું લાગે છે કે પછી જાણે એમાં બીજું કંઇ બાકી જ રહેતું નથી. તુલનાત્મક દષ્ટિકોણથી જ્યારે અધ્યયનકાર અધ્યયન કરવા પ્રેરાય છે ત્યારે એને માટે 'અસર' એક મહત્ત્વનું ઘટક બની રહે છે. 'અસર' માટે સાહિત્યક પરિભાષામાં 'પ્રભાવ' શબ્દ પ્રયોજાય છે એ પણ ઉચિત લાગે છે. તુલનાવાદીએ ક્યા સર્જક પર ક્યા સર્જકનો, ક્યા સ્વરૂપ પર ક્યા સ્વરૂપનો, કઇ કૃતિ પર ક્યા સર્જકની કઇ કૃતિનો પ્રભાવ પડ્યો છે તેનો ખ્યાલ કરવો જરૂરી થઇ પડે છે. મરાઠી કૃતિ કે સર્જકનો ગુજરાતી સાહિત્ય પર કે ગુજરાતી સાહિત્યનો અન્ય ભાષાના સાહિત્ય પર પડેલા પ્રભાવનો અભ્યાસ રસપ્રદ બની રહે છે. જો કે 'અસર' કે 'પ્રભાવ' વિશે તુલનાવાદીઓ ક્યારેય એક મત થઇ શક્યા નથી. કેટલાક લોકો સાહિત્યિક અસરના અભ્યાસનો ધરમૂળથી અસ્વીકાર કરે છે. ઇરવીન કોપેને આ સંદર્ભમાં કહેલું છે તે ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ પોતાના પુસ્તકમાં નોંધે છે કે - ''સાહિત્યિક અસર શું છે ? અથવા તો છે કે કેમ ? એ સુદીર્ઘ સમયથી ચાલ્યો આવતો વિવાદાસ્પદ પ્રશ્ન છે.''(૬)

સાહિત્યિક અસરનો સંદર્ભ સીધો જ સર્જકની મૌલિકતા સાથે જોડાઇને અનેક પ્રશ્નો ખડા કરે છે. ૧૮ થી ૧૯ મી સદીમાં 'સર્જકની મૌલિકતા' કે 'સાહિત્યિક કલાકૃતિની અનન્યતા'ની વિભાવના પૂરજોશમાં ફેલાયેલી ત્યારે 'સર્જકની મૌલિકતા'ની વિભાવના સાથે સાહિત્યિક અસરની વાત ટકરાઇ. જોકે આજે ઘણાંખરા વિવેચકોએ કે અભ્યાસીઓએ 'અસર'નું મહત્ત્વ સ્વીકાર્યું છે. જો કે અસર એ એક ચૈત્તસિક વ્યાપાર છે. કોઇપણ કૃતિનો આસ્વાદ એના આસ્વાદક પર કોઇને કોઇ પ્રકારની અસર છોડી જાય છે. એ આસ્વાદક સમય જતાં જો સર્જન કરવા બેસે તો તેણે પૂર્વે વાંચેલી, આસ્વાદેલી

કૃતિની અસર જાણ્યે-અજાણ્યે તેનામાં પ્રવેશી જાય છે. વાંચેલ કૃતિનો પ્રભાવ તેના સર્જન પર અવશ્યમેવ પડે છે. ત્યારે સર્જક પોતે પણ એ અસરથી સજાગ હોતા નથી.

સાહિત્યક અસરની સાથે પરિણામ અને ગ્રહણ જેવા બે શબ્દો એક યા બીજી રીતે સાંકળી લેવામાં આવ્યા છે. અસરોના અભ્યાસમાં ક્યો સાહિત્યિક સિધ્ધાંત કામ કરી રહ્યો છે તેની ચર્ચા વીસમી સદીમાં ખૂબ પાછળથી થયેલી છે. અસરોના અભ્યાસ પાછળની આ દૃષ્ટિમાં ત્રણ વિગતો તપાસવી જરૂરી બને છે.

(૧) સાહિત્યિક અસર ખરેખર શું છે ?

(૨) સાહિત્યિક અસરને કઇ રીતે વર્ણવી શકાય ?

(૩) સાહિત્યિક અસર દ્વારા ક્યો હેતુ પાર પડે છે ?

ઉપર્યુક્ત ત્રણેય વિગતોની દૃષ્ટિએ અસરોના અભ્યાસમાં સાહિત્યિક સિધ્ધાંતની વાત કરતા ઓસ્કર વેલ્ઝેલ અસરને 'વ્યક્તિગત ગ્રહણની પ્રક્રિયા' (A Process of Individual Reception) તરીકે ઓળખાવે છે. જુલિયસ પીટરસન 'અસર'ને સર્જકના 'આંતર ચરિત્ર'ના એક ભાગ તરીકે ઓળખાવતાં લખે છે, ''જેવી રીતે બાળપણની મન પર પડેલી છાપો, પ્રાકૃતિક દેખાવ, શિક્ષણ, ગ્રંથાલયો અને પોતાની પાસેનાં પુસ્તકો સર્જકના ચરિત્રના વિવિધ અંશો છે, તેમ આ 'અસર' પણ એના આંતર ચરિત્રનો એક અંશ બની રહે છે.''

તુલનાત્મક સાહિત્યના ક્ષેત્રમાં સાહિત્યિક અભ્યાસની મહત્તાનો ફ્રેન્ચ વિદ્વાનો સાયમન ઝેન અને પિકોઇસ રૂસોએ સ્વીકાર કર્યો છે. ઇ.સ. ૧૯૬૮માં સાયમન ઝેને 'અસર'ને તુલનાત્મક સાહિત્યના પ્રાણ સમાન ગણાવી કહ્યું છે કે, ''તુલનાત્મક સાહિત્ય ખાસ કરીને સર્જકો અથવા વિવિધ રાષ્ટ્રોનાં સાહિત્યોએ જે પરસ્પર અસર પાડી હોય છે તેનો તથા આવી અસરોના ફેલાવાનો અભ્યાસ કરે છે. રાષ્ટ્રીય પ્રસ્થાન બિંદુ કદીયે ધ્યાન બહાર રખાતું નથી, અને આ અભ્યાસો બહુધા સૂક્ષ્મ વિગતોમાં ઊતરે છે.''[૭] પિકોઇસ અને રૂસો એક કૃતિના નિર્માણમાં કારણરૂપ બીજી કૃતિની તેના પરની અસરને પ્રાધાન્ય આપે છે અને એ રીતે સાહિત્યિક અસરો ગંભીર અને ગહન Mechanism છે, એમ એની વ્યાખ્યા બાંધવાનો પ્રયત્ન કરે છે, પરંતુ રેન વેલેક જેવાઓ આ 'અસરો'ના અભ્યાસની અતિ મહત્તાનો અસ્વીકાર કરે છે. તેઓ પોતાના 'Distriminations' નામના પુસ્તકના 'Name and Nature of Comparative Literature' નામના પ્રકરણમાં જણાવે છે કે - ''સાહિત્યિક અભ્યાસમાં 'કારણ'નો આખો ખ્યાલ અસાધારણ રીતે વિવેકશૂન્ય છે. સમાંતરતાઓ અને સાદૃશ્યોનો

સંચય કરી શકાતો હોય તો પણ એક કલાકૃતિ બીજી કલાકૃતિથી ઉત્પન્ન થઇ છે એવું બતાવવાનું સામર્થ્ય કદાપિ કોઇએ દાખવ્યું નથી. અનુગામી કલાકૃતિ પુરોગામી કલાકૃતિ વિના કદાચ ના સંભવી શકી હોય, પરંતુ એનાથી જ એ ઉત્પન્ન થઇ હોય તેવું તો દર્શાવી શકાયું નથી જ.''

રેન વેલેક સાહિત્યિક કૃતિને ''આંતરવિષયી સંકેતો અને આદર્શ સંબંધોની સ્વયંસંચાલિત નમૂના પધ્ધતિ'' માને છે. એ કૃતિના ધોરણો સંરચનાઓ અને સંબધોની તપાસને વધારે મહત્ત્વ આપે છે, અસરોને નહિ. વેલેક અસરના અભ્યાસને 'બહિર્ગત' માને છે અને તેથી સાહિત્યકૃતિનો સાચો અભ્યાસ તે 'અંતર્ગત અભિગમ' છે 'બહિર્ગત અભિગમ નહિં', એમ કહી સાહિત્યિક અસરની મહત્તાનો રેન વેલેક અસ્વીકાર કરે છે.

સાહિત્યિક અસરો હકારાત્મક કે નકારાત્મક પણ હોઇ શકે. અન્ય ભાષાની સાહિત્યકૃતિના વાચન પછી સર્જક તે સાહિત્ય કૃતિના સ્વરૂપ, શૈલી કે અન્ય ઘટકોનું અનુસરણ પોતાની કૃતિમાં કરે તેને તે કૃતિની 'હકારાત્મક' કે 'વિધેયાત્મક' અસર કહી શકાય. તેનાથી વિપરીત ઘટનાઓ પણ સાહિત્ય કે અન્ય કલાક્ષેત્રોમાં બનતી હોય છે. જેમ કે કોઇ એક દેશ કે ભાષાની લોકપ્રિય કૃતિથી વિપરીત રચના સર્જક રચે. સત્તરમા અઢારમા શતકમાં ફ્રેન્ચ નાટકોને નકારવાની પ્રવૃત્તિ થતી હતી તેને કે સુરેશ જોષીએ ઘટનાપ્રધાન વાર્તાઓની સામે 'ઘટના વિહીન' વાર્તાઓ સર્જવાની પ્રવૃત્તિ કરી હતી, તેને નિષેધાત્મક અસર તરીકે ઓળખાવી શકાય. આ અસરો પ્રત્યક્ષ અને ક્યારેક પરોક્ષ પણ હોઇ શકે. કલોડીઓ ગીલેન નામના વિદ્વાન આ સંદર્ભે લખે છે - ''સાહિત્યિક પ્રણાલિકાઓ માત્ર ટેકનિકલ પૂર્વધારણાઓ નથી પરંતુ પાયાની સામૂહિક સહિયારી અસરો છે.''

આજે સાહિત્યિક અસરોના અભ્યાસનું મહત્ત્વ સ્વીકૃત થઇ ચૂક્યું છે ત્યારે આજના સમયમાં સાહિત્યિક અસરોના અભ્યાસમાં ગ્રાહકપક્ષ પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. જ્યારે ગઇ સદીમાં પ્રેષક પક્ષ પર થતી અસરોનો અભ્યાસ કેન્દ્રમાં હતો. અસરોના અભ્યાસમાં ત્રણ બિંદુઓ (૧) પ્રેષક પક્ષ (૨) મધ્યસ્થ પક્ષ અને (૩) ગ્રાહક પક્ષ મહત્ત્વના છે.

- **પ્રેષક પક્ષ (Giving Part) :**

જે કર્તા કે કૃતિની અસર બીજા કર્તા કે કૃતિ પર પડતી હોય તો તે કર્તા કે કૃતિને પ્રેષક પક્ષ તરીકે ઓળખવામાં આવે છે. જેમ કે વડ્ર્ઝવર્થ કે શેલીની કવિતાની અસર કોઇ ગુજરાતી કવિ પર પડી હોય તો વડ્ર્ઝવર્થ કે શેલીની કવિતા એ પ્રેષક પક્ષ છે.

* **મધ્યસ્થ પક્ષ (Intermediaries Part) :**

પ્રેષક પક્ષથી ગ્રાહકપક્ષ એટલે કે બીજા પક્ષ સુધી પહોંચાડવાનું કામ કરતાં તત્ત્વોને મધ્યસ્થ પક્ષ તરીકે ઓળખવામાં આવે છે. ઉપદેશકો, પ્રવચનકારો, અનુવાદકો, અવલોકનકારો, વિવેચકો, વિદ્વાનો, પુસ્તકો અને સામયિકોનો સમાવેશ મધ્યસ્થ પક્ષમાં થઇ શકે.

* **ગ્રાહક પક્ષ કે અસર ઝીલનાર પક્ષ ( Receiving Part) :**

જે સર્જક કે કૃતિ અન્ય સર્જક કે કૃતિની અસર ઝીલે તેને ગ્રાહક પક્ષ કહેવાય. સાહિત્યિક અસરના અભ્યાસમાં પ્રેષક પક્ષ કરતાં ગ્રાહક પક્ષનો મહિમા વધારે છે. સાહિત્યક અસરોના અભ્યાસનું મુખ્ય લક્ષ્ય સર્જકે કોઇ બીજા સર્જક કે કૃતિની અસર ઝીલીને, એને આત્મસાત કરીને પોતીકી રીતે કેવું સર્જન કર્યું છે તે તપાસવાનું જ હોય છે. કોઇપણ સર્જક સાહિત્યિક અસરોને ગ્રહણ કરી સ્વકીય મૌલિક પ્રતિભા દાખવીને જ્યારે સર્જન કરે છે ત્યારે તુલનાવાદી અભ્યાસી આ પ્રકારના અભ્યાસમાં પોતાનો રસ દાખવશે. સાહિત્યિક અસરોને પોતાની કૃતિમાં સર્જક કેટલે અંશે ઓગાળીને નિજી વ્યક્તિત્વ પ્રગટ કરી રહ્યા છે એની તપાસ એ અસરના અભ્યાસનું કાર્યક્ષેત્ર છે. આથી જ વીસ્ટીન જેવા અભ્યાસી 'અસર'ના અભ્યાસને તુલનાત્મક સાહિત્યની 'મધ્યવર્તી વિભાવના' કહેવા પ્રેરાયા હશે. !

તુલનાત્મક અધ્યયનમાં અસરના અભ્યાસની મહત્તા દર્શાવતા શ્રી ધીરુ પરીખ નોંધે છે કે - ''એક તરફથી અસરના અભ્યાસમાં એક જ રાષ્ટ્રના સાહિત્યમાં તે જ સાહિત્યના વિવિધ લેખકોની તે જ સાહિત્યમાંના લેખો પર પડેલી અસરોનો અભ્યાસ કરવામાં આવે છે તો બીજી તરફથી એક રાષ્ટ્રના લેખકો પર અન્ય રાષ્ટ્રના લેખકોની પડેલી અસરોના અભ્યાસ કરવામાં આવે છે. તો વળી, પ્રાંતીય સાહિત્યના સર્જકો પર એ જ ભાષાના પુરોકાલીન કે સમકાલીન સર્જકે પાડેલી અસરોનો પણ અભ્યાસ કરાતો હોય છે. આ રીતે જોવા જતાં અસરનો અભ્યાસ તુલનાત્મક સાહિત્યમાં અનિવાર્ય બની રહે છે.''[(૮)]

## ૧:૬:૨ અનુકરણ અને અસરની ભેદરેખા :

કોઇપણ સર્જનની સર્જકના મનોજગત પર પડેલી છાપ તે પોતાની કૃતિમાં જાણ્યે-અજાણ્યે અભિવ્યકત કરી બેસે છે. અસર અનાયાસે અને સહજ રીતે સર્જકમાં આવી જતી પ્રક્રિયા છે અને અસરના અભ્યાસીએ પણ આ 'અસર'ને શોધવા પૂરતો પરિશ્રમ ઉઠાવવો પડે છે. જ્યારે અનુકરણ

એ કોઇ અનાયાસે આવી જતી પ્રક્રિયા નથી. જ્યારે કોઇ સર્જક પોતે વાંચેલી, આસ્વાદેલી કૃતિનું સભાનપણે પ્રતિનિર્માણ કરવા પ્રેરાય છે ત્યારે તેને અનુકરણ કહેવામાં આવે છે. આપણે ત્યાં મધ્યકાલીન યુગમાં અનુકરણની આ પ્રક્રિયા સવિશેષ થતી રહી હોવાનાં અનેક દૃષ્ટાંતો મળે છે. સુદામાચરિત્ર, મામેરું, નળાખ્યાન, દશમસ્કંધ જેવા વિષય પર મળતાં અનેક આખ્યાનો તે એક પ્રકારની અનુકરણની પ્રક્રિયા જ છે. પ્રતિનિર્માણ કે પુનઃનિર્માણની પ્રવૃત્તિ મોટા ભાગે અનુકરણ દ્વારા જ થાય છે. કોઇવાર પુરોગામીઓની પ્રતિષ્ઠિત કૃતિઓને લઇ સર્જક પોતાના આગવા કલા કૌશલ્યથી પુનઃ સર્જે છે. આવું અનુકરણ કરનાર સર્જકનો આશય જુદો જુદો હોઇ શકે, જેમ કે મૂળકૃતિમાં રહેલા ગંભીર સૂરને હળવા સૂરમાં ફેરવવો, અન્ય દેશની શ્રેષ્ઠ કૃતિને પોતાના દેશકાળને અનુરૂપ ઘાટ આપવો વગેરે. અસર અને અનુકરણ વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ કરતાં શ્રી પ્રસાદ બ્રહ્મભટ્ટ કહે છે, “ ‘અસર’ અને ‘અનુકરણ’ વચ્ચેનો ભેદ પણ સમજવા જેવો છે. અન્યની અસર ઝીલીને પણ જે સર્જક પોતાની કૃતિમાં પોતાપણું પ્રગટાવી શકે છે તે સર્જક માટે અસર પ્રેરકબળ બની રહે છે. બીજી બાજુ અનુકરણ કરનાર સર્જક તો સભાનપણે કોઇ સર્જક કે કૃતિની સાહિત્યિક ભાત, (પેટર્ન) શૈલીનું પુનઃ નિર્માણ કરતો હોય છે.”

ઉપર્યુક્ત ચર્ચાનો ફલિતાર્થ એ કે તુલનાત્મક સાહિત્યમાં ‘અનુકરણ’નો નહિ ‘અસર’નો અભ્યાસ કેન્દ્રસ્થાને છે. તેમાં પણ અસર ઝીલનાર સર્જક કે કૃતિનો જ અભ્યાસ સામગ્રી તરીકે ઉપયોગ કરવામાં આવે છે. અર્થાત્ ગ્રહણ કરનાર પક્ષ એટલે ગ્રાહક પક્ષ, તુલનાત્મક સાહિત્યના અભ્યાસમાં અસરના અભ્યાસ માટે મહત્ત્વનો વિષય બની રહે છે.

## ૧:૭ ‘સાદૃશ્ય’નો અભ્યાસ :

તુલનાત્મક સાહિત્યના અભ્યાસમાં જેમ સાહિત્યિક અસરોનો અભ્યાસ અનિવાર્ય છે તેમ ‘સાદૃશ્ય’નો અભ્યાસ પણ અનિવાર્ય બની રહે છે. ‘સાદૃશ્ય’ ગુજરાતી શબ્દ માટે અંગ્રેજીમાં AFFINITY, ANALOGY અને PARALLELS જેવા શબ્દો પ્રયોજાય છે. તુલનાત્મક સાહિત્યમાં ‘અસર’ની સાથે જ ‘સાદૃશ્ય’ના અભ્યાસને સાંકળી લેવામાં આવે છે. આ સંદર્ભે ઓવેન ઓલ્ડ્રિજ જણાવે છે કે, “સાહિત્યિક અસરોનો પ્રશ્ન સાદૃશ્ય અને પરંપરાના પ્રશ્નોથી તદ્દન છૂટો પાડીને કદી પણ વિચારી શકાય નહીં.” વ્યાખ્યાબધ્ધ કરી ‘સાદૃશ્ય’ નું સ્પષ્ટીકરણ કરતાં ઓલ્ડ્રિજ કહે છે, "Affinity consists in resembances in style, structure, mood of Ideas between two works which have no other connection."

અર્થાત્ ''અન્ય કોઈપણ પ્રકારનો સંબંધ ન હોય તેવી બે કૃતિઓ વચ્ચે શૈલી, સંરચના, મિજાજ કે વિચારના મળતાપણાને સાદશ્ય કહે છે.''

'સાદશ્ય'ના દૃષ્ટાંત તરીકે ઓલ્ડ્રિજ રશિયન નવલકથા 'ઓબ્લોમોવ'ને શેકસપિયરના અંગ્રેજી નાટક 'હેમ્લેટ' સાથે સરખાવે છે, કેમ કે બન્ને કૃતિના કથાનાયકો અનિશ્ચિત અને શિથિલતાનો સ્વભાવ ધરાવે છે. બંને રચનાઓના મૂળ નાયકના મનોજગતમાં છૂપાયેલા છે. એ જ રીતે પર્લ બકની નવલકથા 'ધ ગુડ અર્થ' અને પન્નાલાલ પટેલની નવલકથા 'માનવીની ભવાઇ'માં પણ શૈલી, સંરચના, મિજાજ કે વિચારનું સાદશ્ય જોઇ શકાય છે. અહીં 'અસર'નો નહીં, 'સાદશ્ય'નો અભ્યાસ થઇ શકે. બંને સર્જકોના માનસ બંધારણનો, બંને સર્જકોના દેશકાળની સ્થિતિનો એમ વિવિધ સ્તરે બંને વચ્ચેના સાદશ્યનો અભ્યાસ થઇ શકે. સાહિત્ય દ્વારા ઉદ્ભવતા આનુષંગિક સાહિત્યેતર સામાજિક - રાજકીય પ્રશ્નોના અભ્યાસમાં પણ સાદશ્યનો અભ્યાસ ઉપયોગી પૂરવાર થઇ શકે.

ઓલ્ડ્રિજથી જુદો મત વ્યકત કરતાં પ્રેવર ભાર પૂર્વક કહે છે કે,''શૈલી, સંરચના, મિજાજ કે વિચારના મળતાપણા ઉપરાંત અન્ય કોઇ સંબંધ હંમેશા હોય જ છે.'' પ્રેવર સાદશ્યના અભ્યાસ અંતર્ગત 'સામ્ય'ના અભ્યાસની સાથે 'વૈષમ્ય'ના અભ્યાસની પણ તરફેણ કરે છે. તેમનું દઢપણે માનવું છે કે ''સામ્યો કરતાં વૈષમ્યો સહેજ પણ ઓછાં રસપ્રદ નથી.''[૯] આ રીતે પ્રેવરના મત સાથે જો સંમત થઇએ તો સાદશ્યનો અભ્યાસ બે રીતે થઇ શકે.

(૧) સામ્ય (૨) વૈષમ્ય

**૧) સામ્ય :**

કોઇપણ બે કૃતિમાં રહેલાં જુદાં જુદાં પ્રકારનાં સામ્યોના અભ્યાસ વડે તે બંને લેખકોની સર્જકતા અને કૃતિની કલાત્મકતાનો ખ્યાલ મેળવી શકાય છે. દા.ત. નારી સમસ્યાઓના સંદર્ભમાં બંગાળી સર્જક કમલાદાસ કૃત બંગાળી નવલકથા 'અમૃતસ્ય પુત્રી' અને કુન્દનિકા કાપડીયા કૃત ગુજરાતી નવલકથા 'સાત પગલાં આકાશમાં'નો અભ્યાસ એમાં રહેલાં સામ્યોની દષ્ટિએ થઇ શકે. ઉમાશંકર જોષીનું પદ્ય નાટક 'મહાપ્રસ્થાન' અને નરેશ મહેતાનું હિન્દી નાટક 'મહાપ્રસ્થાન'નો અભ્યાસ કરતાં તેમાં વિષયનું, અર્થઘટનની દષ્ટિનું, પ્રસંગ આયોજનનું વગેરે સામ્યો જોવા મળે.

ગુજરાતીમાં પ્રેમાનંદનું 'સુદામા ચરિત્ર' તથા માવલ વરસડા કૃત 'વિપ્ર વોળાવળ'માં રહેલા સામ્યની વાત એના અભ્યાસ વડે વિગતે કરી શકાય.

### ૨) વૈષમ્ય :

ઉપર્યુક્ત દર્શાવેલી કૃતિઓનો અભ્યાસ સામ્યના સંદર્ભે તેમ તે જ કૃતિઓ નો અભ્યાસ તેમાં રહેલાં 'વૈષમ્ય'ના સંદર્ભે પણ થઇ શકે. 'મહાપ્રસ્થાન' હિન્દી - ગુજરાતી બંને કૃતિઓમાં પદ્યત્વ - ગદ્યત્વનું તેમજ એકમાં માનવીય, તાત્ત્વિક સ્તરે અને બીજામાં રાજકીય સ્તરે અર્થઘટનનું, પ્રસંગ સંકલનાનું, શૈલીનું એમ વિવિધ પ્રકારનાં 'વૈષમ્યો' પણ જોઇ શકાય છે. એજ રીતે સાહિત્યનાં કોઇ પણ સ્વરૂપોમાં યોજાયેલાં ગદ્ય કે પદ્ય, એનું અર્થઘટન અને આકાર નિર્મિતિ વગેરે સંદર્ભે રહેલાં વિવિધ પ્રકારના વૈષમ્ય વિશે વિગતે વાત કરી શકાય.

આ પ્રકારના સામ્ય અને વૈષમ્યના અભ્યાસ દ્વારા બંને સાહિત્યકૃતિઓની કલાત્મકતાનો, બંને સર્જકોની સર્જકતાનો અને સર્જન પ્રક્રિયાનો કંઇક અંશે તાગ પામી શકાય. સાદૃશ્યના અભ્યાસ દ્વારા તુલનાત્મક સાહિત્યમાં સામાન્ય પ્રકારના પ્રવાહોનો સાહિત્યિક અભ્યાસ શક્ય બને છે. સાથોસાથ સાહિત્ય કૃતિની પૃષ્ઠભૂમિમાં રહેલી ઐતિહાસિક, રાષ્ટ્રીય લાક્ષણિકતાઓ અને વિશિષ્ટતાઓ દ્વારા વિવિધ દેશકાળનો અભ્યાસ પણ શક્ય બને છે. રાજકીય-સામાજિક પરિસ્થિતિઓ વિવિધ ભાષાઓના સાહિત્યોમાં કેવાં અવનવાં સાદૃશ્યો સર્જે છે તેનો અભ્યાસ તુલનાત્મક સાહિત્યના અભ્યાસ માટે રસપ્રદ બની રહે છે.

આ રીતે સાદૃશ્યના અભ્યાસ ક્ષેત્રમાં શૈલી, સ્વરૂપ, મિજાજ કે વિચાર ઉપરાંત કથા ઘટકો, વિષયવસ્તુ, સાહિત્યમાં આવતી ઉથલપાથલોનો સમાવેશ કરીને તુલનાત્મક સાહત્યિનો અભ્યાસ કરવામાં આવે તો અનેક નવાં પરિમાણો પ્રાપ્ત થઇ શકે. સાદૃશ્યના અભ્યાસની ફળ પ્રાપ્તિ વિશે ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ કહે છે,"સાદૃશ્યનો અભ્યાસ સાહિત્યિક અભ્યાસ બનવાની સાથે સાથે સાહિત્યની ઐતિહાસિક, રાષ્ટ્રીય વિલક્ષણતાઓ દ્વારા દેશકાળનો અભ્યાસ પણ બની શકે છે."(૧૦)

## ૧:૮ 'પરંપરા'નો અભ્યાસ :

તુલનાત્મક સાહિત્યના અભ્યાસમાં અસર અને સાદૃશ્યની જેમ જ પરંપરાના અભ્યાસને પણ ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ગુજરાતી 'પરંપરા' માટે અંગ્રેજીમાં 'Tradition' અને 'Convention' એ બે સંજ્ઞાઓ પ્રચલિત છે. કોઇપણ રાષ્ટ્રને પોતાની આગવી પરંપરાઓ અને

આગવાં રાષ્ટ્રીય મૂલ્યો હોય છે અને એના દ્વારા જ એ રાષ્ટ્રની સંસ્કૃતિનું નિર્માણ અને સંવર્ધન થતું હોય છે. દીર્ઘકાળ પર્યંતથી ચાલી આવતી પરંપરાનો અભ્યાસ આથી જ તુલનાત્મક સાહિત્યમાં મહત્ત્વનો ગણવામાં આવ્યો છે. કોઈપણ રાષ્ટ્રનો કોઈપણ સર્જક પોતાની આવી આગવી પરંપરાઓથી વિમુખ થઈને સર્જન કરી શકતો નથી. બીજી તરફ પરંપરાને વળગી રહીને પણ બધા જ સર્જકો ગતાનુગતિક રીતિથી સર્જન કર્યા કરે એવું પણ હંમેશા બનતું નથી. પરંપરાથી દૂર જઈને પણ કેટલાક સર્જકો પ્રયોગશીલ સર્જન કરતાં હોય છે. આમ થવા પાછળના કારણો ક્યા હોઈ શકે તે અલગ અભ્યાસનો વિષય બની શકે.

'પરંપરા' પુનરાવર્તન કરતાં વધારે વ્યાપક અને મહત્ત્વની વસ્તુ છે જે વારસામાં મેળવી શકાતી નથી. કઠિન પરિશ્રમથી તે મેળવી શકાય છે. ગુજરાતી સર્જકોમાં કવિ કાન્ત, ન્હાનાલાલ, ઉમાશંકર, સુંદરમ્, રાજેન્દ્ર શાહ વગેરેએ પરંપરામાંથી સત્ત્વશીલ તત્ત્વો પ્રાપ્ત કરી પોતાના સર્જનને શ્રેષ્ઠતા બક્ષી છે. આથી જ આવા સર્જકોના સાહિત્યના અભ્યાસમાં પરંપરાનો અભ્યાસ અનેક રીતે ઉપકારક નીવડી શકે.

તુલનાત્મક અભ્યાસમાં 'પરંપરા'નો અભ્યાસ આમ તો ઘણીવાર 'સાદશ્ય'ના અભ્યાસ સાથે ભળી જતો જોવા મળે છે. પસંદ કરેલી કૃતિઓમાં રહેલી પરંપરાઓનો અભ્યાસ કરતી વખતે સાદશ્યની પધ્ધતિનો ઉપયોગ કરવો પડે છે. તેથી જ આ સંદર્ભે પ્રેવરની વાત શ્રી પ્રસાદ બ્રહ્મભટ્ટ પોતાના શબ્દોમાં આ રીતે ટાંકે છે, ''સાહિત્યિક તપાસનાં એવા ક્ષેત્રો નહિવત્ જ હોઈ શકે જેમાં વહેલા કે મોડા પરંપરાના પ્રશ્નોનો સામનો ન કરવો પડે.''[૧૧] તુલનાવાદી અસરનો કે સાદશ્યનો અભ્યાસ કરતો હોય તો પણ તેણે ક્યાંક ને ક્યાંક કોઈને કોઈ રીતે પરંપરા સાથે કામ પાડવું પડે છે. તેથી જ પ્રેવરની વાત સત્યની વધુ નજીક જતી જણાય છે.

પરંપરાના અભ્યાસમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બધું સાથે મળી જતું જોવા મળે છે. હર્ડર કહે છે કે, ''એક દેશના રાષ્ટ્રીય વારસાના સંપર્કથી અન્ય દેશના વારસામાં વૃધ્ધિ જ થતી હોય છે. સાહિત્યિક પરંપરાના અભ્યાસની વાત કરીએ તો એક દેશના સાહિત્યના સંસર્ગથી અન્ય રાષ્ટ્રના સાહિત્ય સર્જકોને પોતાની સર્જકતામાં વૃધ્ધિ થતી અનુભવાશે. એના પરિણામે તે દેશના સાહિત્ય સર્જનમાં સમૃધ્ધિ વધવાની.''[૧૨]

પરંપરાના અભ્યાસનું કાર્યક્ષેત્ર દર્શાવતા ડૉ. પ્રસાર બ્રહ્મભટ્ટ લખે છે,“આ પ્રકારના તુલનાત્મક અભ્યાસથી સર્જકે પરંપરા સાથે કેવુ કામ પાડ્યું છે, તેનાથી તે ક્યાં છૂટા પડે છે, તે તેને કેટલા પ્રમાણમાં વળગીને ચાલ્યો છે એ બધું અભ્યાસીએ તારવી આપી તેને આધારે અંતે તો સર્જકની સર્જકતાનો કયાસ કાઢવાનો હોય છે. એની સાથે સાથે પરંપરાનાં પૂર્વોક્ત તત્ત્વો સાથે વિભિન્ન દેશકાળના સમર્થ સર્જકોએ કેવી રીતે કામ પાર પાડ્યું છે તેનો અને તેમાં જો તેમણે કોઈ ફેરફાર કર્યો હોય તો તેનો અને તેના ઔચિત્યનો અભ્યાસ કરવાનો હોય છે. વળી, એ ફેરફારો દ્વારા વિભિન્ન સમયે જે સામાજિક - માનવીય પ્રતિભાવો જાગ્યા હોય છે તેનો પણ અભ્યાસ તેની અંતર્ગત આવી શકે.”[૧૩] આમ, તુલનાત્મક સાહિત્યમાં પરંપરાનો અભ્યાસ અગત્યનો બની રહે છે.

જોકે અસર, સાદશ્ય અને પરંપરાને એકબીજાથી બિલકુલ અલગ કરીને જોઈ શકાશે નહિ. એ જ રીતે આ ત્રણેનું સ્વતંત્ર મૂલ્ય પણ સ્વીકારવું જ રહ્યું. છતાં આ ત્રણે મુદ્દાઓને સ્પષ્ટ કર્યા પછી એટલું ચોક્કસપણે કહી શકાય કે એકના અભ્યાસ વખતે બીજા ત્રીજાના અમુક અંશો ઘસી આવ્યા વિના રહેતા નથી.

અસર, સાદશ્ય અને પરંપરા ઉપરાંત વિષય વસ્તુ, શૈલી, સાહિત્ય સ્વરૂપો, ચળવળ, યુગ વગેરે જેવી બાબતોનો પણ તુલનાત્મક સાહિત્યનાં અભ્યાસનાં કાર્યક્ષેત્રમાં સમાવેશ થાય છે.

## ૧:૯ તુલનાત્મક અભ્યાસના કાર્યક્ષેત્રનું એક વધુ પરિમાણ :

### વિષય વસ્તુ :

તુલનાવાદી વિવિધ સર્જકોની કૃતિઓમાં જે જે વિષયો (Themes) નિરૂપાયેલા હોય છે તેને પોતાના અભ્યાસક્ષેત્રમાં આવરી લે છે. વિષયવસ્તુના આ રીતે થતાં અભ્યાસને 'Themetics' કે 'Thematology' તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતીમાં આપણે એને ‘વિષ્યવસ્તુશાસ્ત્ર’ તરીકે ઓળખીએ છીએ. તુલનાત્મક સાહિત્યમાં સૌથી વધુ ખેડાયેલું ક્ષેત્ર વિષયવસ્તુશાસ્ત્રનું છે. વિષયવસ્તુશાસ્ત્રનાં આંતરિક પાંચ ઘટકોને એસ.એસ.પ્રેવર પોતાની ચર્ચામાં આવરી લે છે. (૧)પ્રાકૃતિક ઘટના (૨) કથા ઘટકો (૩) પરિસ્થિતિઓ (૪) વર્ગ પ્રતિનિધિઓ (૫) પુરાણ-ઈતિહાસ વગેરેની પાત્રસૃષ્ટિ.

## (૧) પ્રાકૃતિક ઘટનાઓ :

પ્રત્યેક સર્જકના ચિત્ત પર કોઈ કોઈ ઘટનાઓની બહુ ઘેરી છાપ પડેલી હોય છે. આ પ્રકારની ચિત્તમા સંચિત છાપો જ આખરે તો સર્જકના સર્જનમાં અવતરતી હોય છે. સર્જક પણ આખરે તો માનવી છે. એટલે પ્રાકૃતિક તત્ત્વો જેવાં કે પર્વતો, ઝરણાંઓ, વનો, સમુદ્રો વગેરે તેના અનુભવ જગતમાં સંગ્રહાયેલા હોય છે એ તમામ તત્ત્વો એના સર્જનમાં પ્રવેશે છે એમ પ્રેવર જણાવે છે. આ ઉપરાંત ધરતીકંપ, વાવાઝોડું, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ જેવી ઘટનાઓ પણ વિષયવસ્તુ તરીકે હોય ત્યારે આવી પ્રાકૃતિક ઘટનાઓનો જુદી જુદી ભાષાના સર્જકો કેવી રીતે વિનિયોગ કરે છે તેનો તુલનાત્મક અભ્યાસ થઈ શકે. આવી સ્થૂળ ઘટનાઓ કૃતિને કલાત્મક બનાવવામાં કેટલે અંશે ઉપકારક નીવડી છે તે પણ અભ્યાસનો મુદ્દો બની શકે. તુલનાવાદી માટે તો આવી ઘટનાઓની કલાત્મક અભિવ્યક્તિ જ મહત્ત્વની છે.

## (૨) કથા ઘટકો :

વિષયવસ્તુશાસ્ત્રના અભ્યાસ અંતર્ગત કથા ઘટકોનો અભ્યાસ પણ જરૂરી બને છે. લોક સાહિત્યમાં આવતાં કથા ઘટકોનો અને આધુનિક કૃતિમાં નૂતન સ્વરૂપે યોજવામાં આવેલાં ઘટકોનો તુલનાત્મક સાહિત્યમાં અભ્યાસ કરવામાં આવે છે. સ્ટીથ થોમ્પસન લોકકથામાં આવતાં કથાઘટકોને ત્રણ વિભાગમાં વહેંચે છે. (૧) કથામાં કાર્યરત લાક્ષણિક પાત્રો, (૨) કથાની ભૂમિકામાં સ્થિત અગમ્ય, આધિદૈવિક તત્ત્વો અને (૩) કથાની અંદર આવતી છૂટી છવાઈ વિલક્ષણ ઘટના.

ઘણી કૃતિઓનાં કથા ઘટકો સમાન છતાં દરેક કૃતિનું આગવું પરિમાણ હોય છે કેમ કે પ્રત્યેક કૃતિમાં કથા ઘટકોનું કાર્ય પ્રયોજન ભિન્ન ભિન્ન હોવાનું. દરેક કૃતિમાં માનવ જીવનની સાપેક્ષતાએ કથા ઘટકોની કલાગત અભિવ્યક્તિમાં સર્જકોએ પોતાનું આગવું વૈશિષ્ટ્ય અને વૈવિધ્ય સિધ્ધ કર્યું હોય છે. તુલનાત્મક સાહિત્યમાં કથા ઘટકોનો અભ્યાસ આ દૃષ્ટિએ થઈ શકે.

## (૩) પરિસ્થિતિઓ :

વિષયવસ્તુના અભ્યાસ અંતર્ગત જ પરિસ્થિતિનો (Situations) અભ્યાસ થઈ શકે. એક જ પરિસ્થિતિ વિવિધ દેશકાળની કૃતિઓમાં વિભિન્ન રીતે ચિત્રિત થતી જોઈ શકાય છે. એ તુલનાત્મક અભ્યાસનો વિષય બની શકે. જેમ કે પ્રણયત્રિકોણ, કૌટુંબિક સંઘર્ષ, પ્રેમી પાત્રોનું કોઈ શાપ કે વરદાનથી અમુક પ્રકારે છૂટા પડવું કે મળવું વગેરે પરિસ્થિતિ વિભિન્ન કૃતિઓમાં અવનવાં

સ્થિત્યંતરો સર્જી અવનવાં પરિણામો લાવે છે. દા.ત. બાઇબલની દ્દષ્ટાંત કથા ‘ઉડાઉ દીકરો’માં પિતાપુત્રના સંઘર્ષની જે વાત છે તેની ગુજરાતી વાર્તાકાર રામનારાયણ પાઠકની વાર્તા ‘મુકુંદરાય’ સાથે તુલના કરી શકાય. પન્નાલાલ પટેલની ‘મળેલા જીવ’ પ્રેમચંદની વાર્તા ‘ઇદગાહ’ અને મુલ્કરાજ આનંદની વાર્તા ‘ધ લોસ્ટ ચાઇલ્ડ’માં મેળાની પરિસ્થિતિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ ત્રણે રચનામાં મેળાનું કાર્ય પ્રયોજન ‘Motivation’ અલગ અલગ છે. આ દ્દષ્ટિએ આ ત્રણેય કૃતિઓનો તુલનાત્મક અભ્યાસ રસપ્રદ બને. આમ તુલનાત્મક સાહિત્યમાં વિષયવસ્તુ અંતર્ગત જ પરિસ્થિતિનો અભ્યાસ ઉપકારક નીવડે.

## (૪) વર્ગ પ્રતિનિધિઓ :

વિષયવસ્તુના અભ્યાસ અંતર્ગત પ્રેવર ચોથો મુદ્દો વર્ગ પ્રતિનિધિરૂપ પાત્રો (Types) નો ગણાવે છે. આ પ્રકારના વર્ગ પ્રતિનિધિરૂપ પાત્રોમાં વ્યાવસાયિક પાત્રો, વિવિધ જ્ઞાતિ સમુદાયનાં પાત્રો, રાજા કે પ્રધાન વર્ગનાં પાત્રો, ઉપરાંત બહારવટીયાઓ, ખૂનીઓ, ડાકુઓ, ક્રાંતિકારીઓ, શહીદો વગેરેનો સમાવેશ થઇ શકે. દા.ત. સ્ટીવન્સનના ‘જેકીલ એન્ડ હાઇડ’ ‘સદ-અસદ્’ વૃત્તિઓ ધરાવતા મનુષ્યનું પ્રતિનિધિત્વ કરે છે. ગુજરાતી સાહિત્યમાં રમણભાઇ નીલકંઠે ‘ભદ્રંભદ્ર’ દ્વારા સનાતની બ્રાહ્મણ વર્ગના પ્રતિનિધિ પાત્રનું તો ગોવર્ધનરામે ‘સરસ્વતીચંદ્ર’ દ્વારા ઉચ્ચ ભાવનાશીલ શિક્ષિત યુવા વર્ગનું પ્રતિનિધિત્વ કરતા પાત્રનું સર્જન કર્યુ છે. આ રીતે એક જ વર્ગનું પ્રતિનિધિત્વ કરતાં પાત્રોના સંદર્ભે થતો તુલનાત્મક અભ્યાસ મહત્ત્વનો બની રહે.

## (૫) પુરાણ-ઈતિહાસ :

પુરાણ-ઈતિહાસનાં ખ્યાત પાત્રોને સર્જક પોતાની કૃતિમાં નવા સ્વરૂપે પ્રગટ કરે છે ત્યારે એનો મૂળ સ્રોત સાથેનો તુલનાત્મક અભ્યાસ થઇ શકે છે. પ્રસિધ્ધ પૌરાણિક - ઐતિહાસિક પાત્રોનો જ્યારે બે સર્જકો ઉપયોગ કરે છે ત્યારે એ સમાન નામધારી પાત્રો વચ્ચે ખાસ કોઇ સંબંધ હોતો જ નથી. સિવાય કે તેમનું બાહ્ય - સ્થૂળ - મળતાપણું. આવી કૃતિઓના તુલનાત્મક અભ્યાસ દ્વારા એ નિષ્કર્ષ તારવવાનો હોય છે કે તે સર્જકનું સર્જનાત્મક વ્યક્તિત્વ કેવું નિખરે છે. આપણાં પૌરાણિક પાત્રો રામ, સીતા, દ્રૌપદી, કૃષ્ણ-અર્જુન, કર્ણ, નળ-દમયંતી, ઉર્વશી, વિશ્વામિત્ર વગેરેને કેન્દ્રમાં રાખી ઘણી કૃતિઓ વિવિધ સમયગાળા દરમ્યાન વિભિન્ન ભારતીય ભાષાઓમાં રચાઇ છે. તે બધી કૃતિઓને તેના મૂળ સ્રોત સાથે ‘સામ્ય - વૈષમ્ય’ ના ખ્યાલે સરખાવી તેનો તુલનાત્મક અભ્યાસ કરી શકાય. ઇતિહાસ-પુરાણમાંથી પાત્રો પસંદ કરી આજના સર્જકે એનો ક્યા દ્દષ્ટિબિંદુથી ઉપયોગ કર્યો

છે એ જાણવાનું લક્ષ્ય તુલનાવાદીનું હોવું ઘટે. આ અભ્યાસ નવા સર્જકોની મૌલિક પ્રતિભાને પારખવામાં નિર્ણાયક સાબિત થાય છે.

આ રીતે વિષયવસ્તુ અંતર્ગત થતા તુલનાત્મક અભ્યાસમાં આ બધી બાબતોને સાંકળી લેવામાં આવે છે.

ઉપર દર્શાવેલી વિગતો સિવાય પ્રેવર તુલનાત્મક સાહિત્યમાં 'સંરચના' (Structure) અને 'વિચારધારા' (Idea) ને પણ મહત્ત્વનાં ઘટકો ગણાવી તેના આધારે પણ તુલનાત્મક અભ્યાસ થઇ શકે તેવી સંભાવનાઓ દર્શાવી આપે છે. એ ઉપરાંત સાહિત્ય સ્વરૂપ (Literary Genre) નો નવી નવી ચળવળો (Movements)નો, પ્રવાહો (Currents)નો તથા યુગો (Periods)નો અભ્યાસ પણ તુલનાત્મક સાહિત્યમાં થઇ શકે. આ તમામ દ્દષ્ટિકોણથી થતો અભ્યાસ તુલનાવાદીને અંતે તો વિવિધ સર્જકોની સર્જક પ્રતિભાનો, સર્જન પ્રક્રિયાનો અને એ દ્વારા થતી સર્જનાત્મક આનંદની ઉપલબ્ધિના તુલનાત્મક અધ્યયન કરવા તરફ જ અભિમુખ કરે છે.

## ૧:૧૦ તુલનાત્મક સાહિત્યનું સ્વરૂપ :

તુલનાત્મક સાહિત્યનો અર્થ, વ્યાખ્યા અને કાર્યક્ષેત્રને આધારે 'તુલનાત્મક સાહિત્ય'ના સ્વરૂપ અંગે નીચે પ્રમાણેના મુદ્દાઓ તારવી શકાય.

- તુલનાત્મક સાહિત્ય કોઈ એક જ દેશ કે કાળમાં બંધાઈ રહેતું નથી.
- બે કૃતિઓ એક જ દેશની હોય ત્યારે તે ભિન્ન ભિન્ન ભાષાની હોય એવો આગ્રહ તો રહે જ છે.
- એક જ પ્રદેશની વિભિન્ન ભાષાઓનાં સાહિત્યોની તુલના પણ થઈ શકે છે.
- એક કરતાં વધુ ભાષામાં સર્જન કરતાં સર્જકની બે ભાષામાં રચાયેલી કૃત્તિઓનો પણ તુલનાત્મક અભ્યાસ થઈ શકે.
- તુલનાત્મક સાહિત્યમાં માત્ર સાહિત્ય કૃતિઓનો અભ્યાસ થાય તેવું નથી. સાહિત્યનો અન્ય કલાઓ સાથેનો તુલનાત્મક અભ્યાસ પણ થઈ શકે.
- સર્જનાત્મક સાહિત્ય સાથે અન્ય જ્ઞાન-વિજ્ઞાનની શાખાઓના તુલનાત્મક અભ્યાસનો સમાવેશ તુલનાત્મક સાહિત્યમાં થઈ શકે.
- તુલનાત્મક સાહિત્યમાં વિભિન્ન ભાષાની સાહિત્ય મીમાંસાના બે સંપ્રત્યયો, પરંપરાઓ, યુગો, વાદો કે સ્વરૂપોની તુલનાને પણ અવકાશ છે.

- તુલનાત્મક સાહિત્યમાં એક જ ભાષાની એક જ વિષયની વિવિધ કૃતિઓ વચ્ચે તુલના, સરખામણી દ્વારા તે તે કૃતિઓ વચ્ચે રહેલાં સામ્યો અને વૈષમ્યોની ચર્ચા અપેક્ષિત હોય છે.
- કૃતિ અને તેના મૂળ સ્રોતની ચર્ચા પણ સંભવી શકે.
- તુલનાત્મક અભ્યાસમાં પૃથક્કરણ અને વર્ગીકરણની પ્રક્રિયાનો પણ સમાવેશ થાય છે.
- તુલનાત્મક સાહિત્યના અભ્યાસમાં અનુવાદનું અત્યંત મહત્ત્વ છે. અનુવાદ તુલનાત્મક સાહિત્યનું આગંતુક નહીં, પણ અંતર્હિત અવિભાજ્ય અંગ સહજ રીતે બની રહે છે.
- વિવેચ્ય કૃતિઓ જે જે ભાષા, સંસ્કૃતિ અને સમાજ પરંપરા સાથે સંકળાયેલી હોય તે તે ભાષા, સંસ્કૃતિ અને તેની પૂર્વપરંપરાઓનું જ્ઞાન તુલનાવાદી માટે અનિવાર્ય બની રહે છે.

## ❖ ઉપસંહાર :

હેરી લેપિન કહે છે, ''તુલનાત્મક વિવેચન પધ્ધતિ એ માત્ર સાહિત્યિક ઈતિહાસનો જ એક ભાગ છે એવું નથી, પરંતુ એ કૃતિ કૃતિનાં આકાર અને અંતઃતત્ત્વને તાગીને સામ્ય વૈષમ્યોના આધારે તે તે સાહિત્યકૃતિ પર વધુ પ્રકાશ પાડી શકે છે.'' આજે તુલનાત્મક સાહિત્યનું ભાવિ આશાસ્પદ છે. એ એક વ્યવહારુ વિદ્યાશાખા છે. સાહિત્યના વ્યાપક સિધ્ધાંતોનો એ વિનિયોગ કરે છે. આજે આ પ્રકારના અભ્યાસ અંગે વિવેચકોની સભાનતા વધી છે છતાં તુલનાવાદી પાસે સખત પરિશ્રમ અને સૂક્ષ્મ સૂઝની અપેક્ષા રહે છે. અલબત્ત, કોઈપણ વિવેચન પધ્ધતિના અંતિમ લક્ષ્યની જેમ તુલનાત્મક સાહિત્યનું અંતિમ લક્ષ્ય પણ વધુને વધુ સૌન્દર્યલક્ષી બનવું જોઈએ. આ વિદ્યાશાખા અભ્યાસની વિપુલ તકો સર્જી આપે છે.

વેદો, ઉપનિષદો, પુરાણો, રામાયણ, મહાભારત, કથાસરિત્સાગર, પંચતંત્ર જેવા પ્રાચીન સાહિત્યમાંથી સાંપ્રત સમય સુધીના સર્જકોએ વિપુલ સામગ્રીનો મુક્તપણે પોતાના સર્જનમાં વિનિયોગ કર્યો છે. ગુજરાતી ભાષામાં મધ્યકાળનું સૌથી લોકપ્રિય કાવ્ય સ્વરૂપ એટલે 'આખ્યાન'. મૂળ સંસ્કૃત ભાષામાં લખાયેલા પ્રસિધ્ધ ગ્રંથોમાં પુરાણોનું સ્થાન પ્રથમ હરોળમાં આવે છે. તેમાંથી કથાઘટકને પસંદ કરી મધ્યકાળના અનેક કવિઓ આખ્યાન રચવા પ્રેરાયા. આવા ચાર આખ્યાનકારોને તેમની એક જ વિષયની કૃતિ દ્વારા તુલનાત્મક દ્દષ્ટિએ મૂલવવાના અમારા રસપ્રદ ઉપક્રમના સંદર્ભે અહીં પ્રથમ પ્રકરણમાં તુલનાત્મક સાહિત્યની ભૂમિકા, અર્થ, વ્યાખ્યા, કાર્યક્ષેત્ર, સ્વરૂપ વિશે મહત્ત્વના નિર્દેશો કરી ચર્ચાને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે.

## ❖ સંદર્ભ નોંધ :


(૧) ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ : 'તુલનાત્મક સાહિત્ય- સિધ્ધાંત અને વિનિયોગ', પૃ.નં.૧, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૮

(૨) એજન, પૃ.નં. ૭

(૩) એજન, પૃ.નં. ૧૩

(૪) ડૉ. ધીરુ પરીખ : 'તુલનાત્મક સાહિત્ય', પૃ.નં. ૨

(૫) એજન, પૃ.નં. ૪૧-૪૨

(૬) ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ : 'તુલનાત્મક સાહિત્ય- સિધ્ધાંત અને વિનિયોગ', પૃ.નં. ૨૩

(૭) શ્રી નગીનદાસ પારેખ : 'પરિચય અને પરીક્ષા' પૃ. ૨,૪,૬ - ૧૯૬૮

(૮) ડૉ. ધીરુ પરીખ : 'તુલનાત્મક સાહિત્ય' પૃ. ૪૧,૪૨-પ્રથમ આવૃત્તિ

(૯) શ્રી ભરત ચૌધરી : 'તુલનાત્મક સાહિત્ય- સિધ્ધાંત ચર્ચા' પૃ. ૩૮-૧૯૯૮

(૧૦) ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ : 'તુલનાત્મક સાહિત્ય- સિધ્ધાંત અને વિનિયોગ', પૃ.નં. ૩૪

(૧૧) એજન, પૃ.નં. ૩૬

(૧૨) એજન, પૃ.નં. ૩૬

(૧૩) એજન, પૃ.નં. ૩૮

# પ્રકરણ – ૨

# મધ્યકાલીન ગુજરાતી અને ચારણી આખ્યાન – સ્વરૂપ – ઉદ્ભવ અને વિકાસ


૧:૧ આખ્યાન યુગ

૧:૨ આખ્યાન : વ્યાખ્યા – સ્વરૂપ – વિકાસ

૧:૨:૧ 'આખ્યાન' શબ્દની અર્થચ્છાયાઓ

૧:૨:૨ આખ્યાનનું સ્વરૂપ

૧:૨:૩ આખ્યાન સ્વરૂપનો વિકાસ

૨:૧ ચારણી સાહિત્ય – એક પરિચય

૨:૨ ચારણી સાહિત્ય – સ્વરૂપ અને વૈશિષ્ટ્ય

૨:૩ ચારણી સાહિત્ય – ઉદ્ભવ અને વિકાસ

૨:૪ ચારણી સાહિત્યનું મહત્ત્વ

❖ સંદર્ભ નોંધ

# પ્રકરણ – ૨

# મધ્યકાલીન ગુજરાતી અને ચારણી

# આખ્યાન – સ્વરૂપ – ઉદ્ભવ અને વિકાસ

## ૧:૧ આખ્યાન યુગ :

આખ્યાન વિશે વિચારતા પહેલાં આખ્યાનયુગ વિશે વિચારવું જરૂરી લાગ્યું છે. 'આખ્યાન યુગ' વિશે જ્યારે વિચારીએ છીએ ત્યારે 'આખ્યાન યુગ'નું નામાભિધાન કેવી રીતે થયું હશે તેનો સંક્ષેપમાં વિચાર કરીએ. સમયના કોઇ ગાળાને ચોક્કસ પ્રકારનું નામાભિધાન મળે ત્યારે તેની પાછળ ક્યા પરિબળોએ ભાગ ભજવ્યો હશે ? તેનો ઉત્તર શોધવાનો પ્રયત્ન કરવો પડે છે.

ગુજરાતી ભાષા - સાહિત્યના ઈતિહાસનો આરંભ આચાર્ય હેમચંદ્રાચાર્યથી થયેલો ગણાય છે. હેમચંદ્રાચાર્યનો જન્મ વિ.સં. ૧૦૮૯ માં થયો હતો. ભાષા અને પંડિતાઇ બંને દ્દષ્ટિએ એમનું મહત્ત્વ અનન્ય છે. સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશનો એકસાથે પ્રયોગ કરનાર એ સિધ્ધહસ્ત ભાષાવિદ હતા.

અપભ્રંશ ભાષા એ ગુજરાતી ભાષાની જનની છે. સાક્ષર કે. હ. ધ્રુવ ગુજરાતી ભાષાના ત્રણ યુગ પાડી ઈ.સ. દસમા - અગિયારમા શતકથી ચૌદમા શતક સુધીનો પહેલો યુગ ઠરાવે છે. એના સમર્થનમાં તેઓ નોંધે છે કે ''અપભ્રંશ કિંવા પ્રાચીન ગુજરાતીના વ્યાકરણના આદિ પ્રવર્તક અને પ્રાકૃત બોલીઓના પાણિનિ તે હેમચંદ્રાચાર્ય - તે સમર્થ ગુર્જર ગ્રંથકારનો સમય ઈ.સ. ૧૦૮૮ - ૧૧૭૨. એના અપભ્રંશ ખંડમાં સંગ્રહેલું સાહિત્ય ૧૧મા અને ૧૨મા શતકની લોકભાષાના દ્દષ્ટાંતરૂપે છે. હેમચંદ્રાચાર્યનો સંગ્રહ મોટો છે. ગુજરાતી સાહિત્યના આરંભનો અવધિ અગિયારમા શતકની પણ પૂર્વે જાય છે.''

અનેક વિદ્વાનો એ હેમચંદ્રાચાર્યથી ગુજરાતી ભાષા - સાહિત્યનો આરંભ ગણ્યો છે. ૧૧ - ૧૨ મી સદી ભાષા સાહિત્યની દ્દષ્ટિએ મહત્ત્વની છે. હેમચંદ્રાચાર્ય યુગપ્રવર્તક સાહિત્યકાર છે, તેથી આ આદિયુગનું નામ 'હેમયુગ' સાર્થક બની રહે છે. આ ગાળામાં હેમચંદ્રાચાર્યનું પોતાનું સાહિત્ય સમૃધ્ધ અને વિપુલ માત્રામાં મળી રહે છે.

શ્રી કે. કા. શાસ્ત્રીએ પાડેલા સમય વિભાજનને શ્રધ્ધેય માનીને આગળ વધીએ. એમણે નીચે પ્રમાણે વિભાગીકરણ આપ્યું છેઃ

વિ.સ. ૧૧ - ૧૨ મી સદી - હેમયુગ

૧૨૪૧ થી ૧૪૭૨ - રાસયુગ

૧૪૭૨ થી ૧૫૮૪ - રાસ - ફાગુયુગ અથવા આદિભકિતયુગ

૧૫૭૫ થી ૧૭૫૦ આખ્યાનયુગ

શ્રી ક. મા. મુનશી એમના લેખ 'ભક્તિ અને ગુજરાતી સાહિત્ય'માં ૧૪૦૩ થી ૧૫૪૪ ને ભાગવત અથવા ભક્તિયુગ તરીકે ઓળખાવે છે. હિન્દી સાહિત્યના વિદ્વાન શ્રી રામકુમાર વર્મા પણ ૧૩૭૫ થી ૧૭૦૦ ના સમયને 'ભક્તિકાલ' તરીકે ઓળખાવે છે. શ્રી નરસિંહરાવના મતે પણ અંતિમ અપભ્રંશ ૧૫૫૦ સુધી છે. આ બધા જ વિદ્વાનોના મતોનો સમન્વય કરતા હેમયુગ, રાસયુગ અને ભક્તિયુગ એ ક્રમે મધ્યકાળને મૂકી શકાય. આમાં નરસિંહ અને મીરાંનો સમય વૈષ્ણવ ભકિતનો સમય છે. ગુજરાતી, જૂની ગુજરાતી કે ગુર્જર ભાષા જો નરસિંહથી શરૂ થયેલી ગણીએ તો લગભગ વિ.સં. ૧૪૭૨ નો ગાળો ગુજરાતી, જૂની ગુજરાતીનો આરંભકાળ ગણાય, ત્યાર પછી વિ.સં. ૧૫૭૫ થી વિ.સં. ૧૭૫૦ ના ગાળામાં 'આખ્યાન યુગ' ને મૂકી શકાય.

જો કે ભાષા અને સાહિત્યના વહેતા પ્રવાહને કોઇ ચોકકસ નામકરણ કે સ્વરૂપના જડ ચોકઠામાં બાંધી શકાય નહિ, પરંતુ અભ્યાસની સરળતા ખાતર આવાં વિભાજન પાડી તે તે સમયના સાહિત્યને તપાસવાનો ઉપક્રમ ઉપકારક નીવડે છે. સમયના વિભાજન દ્વારા જે તે યુગનું નામકરણ કરીને સાહિત્યને તપાસી જોવાથી અભ્યાસમાં સરળતા રહે છે.

જે તે યુગનું નામકરણ કેવી રીતે થાય ? શેને આધારે થાય ? સામાન્ય રીતે આવું નામાભિધાન કોઇ વ્યક્તિ વિશેષના વિશિષ્ટિ પ્રદાનને આધારે, કોઇ સાહિત્ય પ્રકારની વિપુલ માત્રાને આધારે, કોઇ વિચારધારાને આધારે અથવા કોઇ વિશિષ્ટિ યુગ પ્રભાવક ઘટના પરથી કરવામાં આવે છે. દા.ત. હેમયુગ, નર્મદ-દલપત યુગ, ગોવર્ધન યુગ, વગેરે વ્યક્તિ વિશેષને આધારે, તો રાસયુગ, આખ્યાન યુગ વગેરે તે તે પ્રકારની સાહિત્યની વિપુલ માત્રામાં થયેલી રચનાને આધારે, ગાંધીયુગ ગાંધી વિચારધારાને આધારે તો સ્વાતંત્ર્યોત્તર યુગ એ ભારતના ઈતિહાસની યુગ પ્રભાવક ઘટના, સ્વાતંત્ર્યપ્રાતિને આધારે વિશિષ્ટ નામાભિધાનને પામ્યાં છે. આમ, આપણે ત્યાં વ્યક્તિ, અભિવ્યકિત, વિચારધારાને આધારે યુગોનાં નામકરણ થયાં છે.

હવે આપણે 'આખ્યાનયુગ' એવું નામકરણ કેટલે અંશે યોગ્ય છે તે સંક્ષેપમાં જોઇએ. વિ.સં. ૧૫૭૫ થી ૧૭૫૦ સુધીનો સમયગાળો કે.કા.શાસ્ત્રીના મતે 'આખ્યાનયુગ' છે. જો કે આ યુગને આદિભક્તિયુગ સાથે સાંકળી શકાય તેમ છે, છતાં 'આખ્યાનયુગ' તરીકે તેને આદિભક્તિયુગથી જુદું પાડવું કેટલે અંશે ઉચિત છે એ જોઇએ.

'ભક્તિ' શબ્દનો જ્યારે વિસ્તૃત અર્થ લઇએ ત્યારે 'આખ્યાન' નો એમાં જરૂર સમન્વય કરી શકાય, પરંતુ 'આદિભક્તિ યુગ'ની ભક્તિને 'આખ્યાનયુગ'ની ભક્તિમાં ઘણો તફાવત છે. એકમાં ભક્તિ સાધ્ય છે, સાહિત્ય માત્ર સાધન. નરસિંહ અને મીરા જેવા કવિઓ પહેલાં ભક્ત છે. એમણે પોતાને કવિ તરીકે ઓળખાવવા લેશમાત્ર પ્રયત્ન ર્ક્યો નથી. એમનાં પદોમાં ક્વિત્વ છે, પરંતુ તેમાંથી નીપજી છે હૃદયની શુધ્ધ ભક્તિ.

'આખ્યાનયુગ' વિશે આવું વિધાન કરી શકાશે નહિ. 'આખ્યાનયુગ'ની ભક્તિ એક ભક્તની નહિ, પરંતુ કલાકારની ભક્તિ છે. અહીં સાહિત્યકલાની ઉપાસના જ મુખ્ય છે. વળી, 'આદિભક્તિયુગ'માં નરસિંહમાં બીજારોપણ પામેલો આખ્યાન કાવ્ય પ્રકાર એના પૂર્ણરૂપે આ ગાળામાં જ વિકસ્યો છે. એ સમયગાળાના લોકમાનસને આખ્યાને એટલું બધું આકર્ષ્યું છે કે આ ગાળાનો કોઇપણ નાનો-મોટો કવિ આખ્યાન પર હાથ અજમાવ્યા વિના રહી શક્યો જ નથી. આમ આખ્યાનકવિતાનું બહુલત્વ 'આખ્યાનયુગ' નામને સાર્થક કરે છે.

નરસિંહની રચનાઓમાં આખ્યાનનાં બીજ જોવા મળે છે. ભાલણ એને કડવાંબધ્ધ સ્વરૂપે વ્યવસ્થિત કરે છે. નાકરમાં આખ્યાનનું પૂર્ણ વિકસિત સ્વરૂપ જોવા મળે છે, તો પ્રેમાનંદ શ્રેષ્ઠ આખ્યાનો રચે છે. આ બધા સર્જકોએ આખ્યાન સ્વરૂપના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે, તેથી નરસિંહયુગ, ભાલણયુગ, નાકરયુગ કે પ્રેમાનંદ યુગ એવાં નામ પણ આપી શકાય. પરંતુ આ બધા મધ્યકાલીન કવિઓએ સાહિત્યના એક જ સ્વરૂપનું સર્જન કર્યું હોવાથી એના નામકરણ માટે સર્જક વિશેષને ધ્યાને ન લેતાં સાહિત્ય સ્વરૂપ પરથી નામ આપવું વધુ ઉચિત લેખાય, તેથી પણ 'આખ્યાનયુગ' નામ સાર્થક બને છે. આખ્યાન સિવાય પણ આ સમયમાં 'જ્ઞાનમાર્ગી કવિતા, લોકકથા સાહિત્ય, રાસા સાહિત્ય અને પ્રકીર્ણ સાહિત્ય પ્રકારો ખેડાયા છે, પરંતુ આ બધામાં સૌથી વ્યાપક અને યુગને આવરી લેતો સાહિત્ય પ્રકાર 'આખ્યાન' રહ્યો છે. તેથી શ્રી કે.કા.શાસ્ત્રીએ આ સમયગાળા માટે કરેલું 'આખ્યાનયુગ' નામકરણ સર્વથા ઉચિત લાગે છે.

## ૧:૨ આખ્યાન : વ્યાખ્યા – સ્વરૂપ – વિકાસ :

### ૧:૨:૧ 'આખ્યાન' શબ્દની અર્થચ્છાયાઓ :

મધ્યકાલીન યુગનો સૌથી લોકપ્રિય કાવ્ય પ્રકાર આખ્યાન છે. *आ+ख्यै* ધાતુમાંથી 'આખ્યાન' શબ્દ વ્યુત્પન્ન થયેલો છે *'आसमन्तातारव्यानम्'* એટલે કે પૂરા વિસ્તારથી કહેવું તે.

*आ+ख्यै* શબ્દના જુદા જુદા અર્થો અને અર્થચ્છાયાઓ અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત કોશોમાંથી મળે છે, જે નીચે મુજબ છેઃ

વી.એસ.આપ્ટે ની 'પ્રેક્ટિકલ સંસ્કૃત - ઇંગ્લિશ ડિકશનરી' ની ત્રીજી આવૃત્તિમાં આખ્યાન શબ્દની અર્થચ્છાયાઓ આ મુજબ બતાવેલી છે.

1) To tell, say, inform, communicate, narrate, to declare, announce, signify…..
2) To call, denominate, name (પુનઃકથન)
3) To look at, count,
4) to recite (પઠન, ઉચ્ચાર)

આ બધા પરથી બનેલો શબ્દ 'આખ્યાતા' નો અર્થ થાય છે - શિક્ષક. આખ્યાન શબ્દના વિવિધ અર્થો આ મુજબ પણ મળે છે.

1) Speaking, declaration, making known, communication....
2) Allysion to some old tale *(आख्यानं पूर्ववृत्तोक्तिः)*
3) A tale, story - especially a legendary story, legend.
4) A legendary work such as 'The Mahabharat'
5) A reply
6) A differentiating property
7) A canto of an epic poem [(1)]

હિન્દી સાહિત્યકોશમાં 'આખ્યાન' શબ્દની સમજૂતી આ મુજબ આપી છે.

૧) આખ્યાન એટલે કથન, નિવેદન, ઉક્તિ.

૨) પુરાવૃત્તકથન - ઐતિહાસિક વાર્તાઓ, પૌરાણિક કથાઓ.

'મનુસ્મૃતિ'ના ત્રીજા અધ્યાયમાં પિતૃશ્રાધ્ધના અવસર ઉપર કરવાની ક્રિયાના સંદર્ભમાં પણ 'આખ્યાન સાંભળવા' એમ ઉલ્લેખ છે.

વ્યુત્પત્તિની દ્દષ્ટિએ *आ + ख्यान* એટલે, 'આ' = ચારે બાજુથી અને 'ખ્યાન'= કહેવું તે. પણ રૂઢિ પ્રમાણે તેનો અર્થ કરીએ તો *'आख्यानं पूर्ववृत्तोक्तिः'* એવો થાય. કાલિદાસે પણ આવા અર્થ સાથે આખ્યાનવિદ્ શબ્દનો ઉપયોગ (માલવિકા-૨) કર્યો છે. 'મનુસ્મૃતિ'માં *'आख्यानानीतिहासाश्च पुराणानि खिलानि च'* એમ આખ્યાનોની ઈતિહાસો, પુરાણો અને હરિવંશ જેવા ખિલ પુરાણ એવી કોટિઓ જોવા મળે છે. 'મહાભારત' વગેરેમાં ઉપાખ્યાનોનો ઉપક્રમ કરવામાં આવે છે. મુખ્ય કથાનક જે સળંગ ચાલતું હોય તેમાં દ્દષ્ટાંતમૂલક કથાઓને - આડકથાઓને 'ઉપાખ્યાન' તરીકે ઓળખવામાં આવે છે. એ રીતે નલોપાખ્યાન, સાવિત્ર્યોપાખ્યાન, રામોપાખ્યાન વગેરે 'મહાભારત' માં છે. વિશ્વનાથ ભટ્ટ 'સાહિત્ય દર્પણ' માં નોંધે છે, *'अस्मिन्नार्थे पुनः सर्गा भवन्त्याख्यानसंज्ञकाः'।* (૬-૩૨૫) એટલે કે, આર્ષ મહાકાવ્યમાં સર્ગ આખ્યાનની સંજ્ઞાથી ઓળખાય છે.

'શૃંગાર પ્રકાશ' નામના અલંકાર ગ્રંથમાં કવિભોજ નાટ્કેતર એવા ૨૪ કાવ્ય પ્રકારો વર્ણવે છે. તેમાં આખ્યાનનો પણ એક કાવ્યપ્રકાર તરીકે નિર્દેશ કરે છે.

વેદમાં આવતી કથાઓને પણ 'આખ્યાનો' તરીકે વર્ણવાઇ છે. 'બ્રાહ્મણ'માં તો શુનઃશેષ, સુપર્ણા વગેરેની કથાઓ રાજસૂય, અશ્વમેધ વગેરે યજ્ઞો વખતે કહેવામાં આવતી, અને આ કથાઓ કહેનારાઓને 'આખ્યાનવિદ' કહેવામાં આવતા. [૨]

શ્રી ડોલરરાય માંકડે ગુજરાતી કાવ્ય પ્રકારો વિશે મૌલિક વિચારો કર્યા છે અને એના પરિપાકરૂપે 'ગુજરાતી કાવ્યપ્રકારો' નામનો જે ગ્રંથ તેમણે આપ્યો છે તેમાં તેઓએ નોંધ્યું છે કે, 'આખ્યાન' નામે કાવ્ય પ્રકાર બહુ પ્રાચીન સમયથી આપણે ત્યાં જાણીતો છે.

ઉપર્યુક્ત જુદા જુદા ઉલ્લેખો પરથી સ્પષ્ટ થાય છે કે 'આખ્યાન' શબ્દનો ઉપયોગ પ્રાચીનકાળથી થાય છે. મધ્યકાલીન ગુજરાતી કાવ્ય સ્વરૂપ તરીકે આપણે જે 'આખ્યાન' સંજ્ઞા યોજીએ છીએ તે જ પૌરાણિક 'આખ્યાન' એમ કહેવાનું અહીં કોઇ તાત્પર્ય નથી. આપણું મધ્યકાલીન 'આખ્યાન' એટલે પુરાણીઓ અને ત્યારબાદ માણભટ્ટો દ્વારા શ્રોતાજનો સમક્ષ રામાયણ, મહાભારત વગેરે પુરાણોમાંથી કથા લઈ હાવ, ભાવ અને ગાન સાથે રજૂ કરવામાં આવે તે.

'સાહિત્ય દર્પણ'કાર વિશ્વનાથ ભટ્ટે આપેલી *'आख्यानं पूर्ववृत्तोक्तिः'* નો આધાર જ મોટાભાગના વિદ્વાનોએ લીધો છે અને 'આખ્યાન' ની સમજ આપવાનો પ્રયત્ન કર્યો છે.

શ્રી મનસુખલાલ ઝવેરી નોંધે છે, "આખ્યાનની વ્યાખ્યા *'आख्यानं पूर्ववृत्तोक्तिः'* પૂર્વે બની ગયેલા કોઈપણ બનાવનું કથન - એટલી જ છે. એ વ્યાખ્યા પ્રમાણે તો માત્ર ઐતિહાસિક વૃત્તાંત જ આખ્યાનવિષય બની શકે, પણ સંસ્કૃત સાહિત્યમાં શુધ્ધ ઈતિહાસ અને પૌરાણિક કથાપ્રસંગો વચ્ચે ભેદ રાખવામાં આવતો ન હોવાથી આખ્યાનમાં ઐતિહાસિક કે પૌરાણિક કોઈપણ પ્રસંગનું કથન થઇ શકતું. ....આમ આખ્યાનનું કથાવસ્તુ, ઐતિહાસિક હોઈ શકે, પૌરાણિક હોઈ શકે, વૈદિક હોઈ શકે, દંતકથા પણ હોઈ શકે....![૩]"

શ્રી અનંતરાય રાવળ 'નળાખ્યાન'ના સંપાદનની પ્રસ્તાવનામાં લખે છે, " 'સંસ્કૃત કથા' અને 'આખ્યાયિકા' માં આખ્યાનનાં લક્ષણ હોય એમ દંડી કહે છે, ત્યાં 'આખ્યાન'નો અર્થ *'पूर्ववृत्तोक्तिः'*થી વિશેષ નથી."

સંસ્કૃત આલંકારિકોએ 'આખ્યાન' ની સમજ આપતા સંક્ષેપમાં *'आख्यानं पूर्ववृत्तोक्तिः'* - પૂર્વે બની ગયેલા કોઈપણ બનાવનું કથન - એવી એની વ્યાખ્યા આપી છે. "સંસ્કૃત સાહિત્યમાં શુધ્ધ ઈતિહાસ અને પૌરાણિક કથા પ્રસંગો વચ્ચે ભેદ રાખવામાં નથી આવતો તેથી પૂર્વવૃત્તાંતમાં, માત્ર કાલ્પનિક કથા ન હોવી જોઈએ એટલો જ ભેદ ધ્યાનમાં રાખવાનો છે."[૪]

શ્રી કે.કા.શાસ્ત્રીનો 'આખ્યાન' શબ્દ વિષયક મત આ પ્રમાણે છે. વ્યુત્પત્તિની દૃષ્ટિએ તો *आ* - ચારે બાજુથી *ख्यान* (*ख्या* = કહેવું ધાતુનું ક્રિયાવાચક નામ = કથન) કહેવામાં આવે તે આખ્યાન આટલો જ શબ્દાર્થ છે. રૂઢિથી *आख्यानं पूर्ववृत्तोक्तिः* પૂર્વે બનેલા બનાવોનું કથન એવા અર્થમાં મળ્યો.[૫]

ડૉ. ઈશ્વરલાલ દવે 'ચંદ્રહાસ આખ્યાન'ના સંપાદનમાં પૃ. ૧૮-૧૯ પર આની ચર્ચા કરતાં લખે છે, " 'આખ્યાન' શબ્દમાં જ આ સાહિત્ય સ્વરૂપનું લક્ષણ સ્કુટ થાય છે. *"आख्यानं पूर्ववृत्तोक्तिः"* પૂર્વે બની ગયેલા પ્રસંગનું કથન તે આખ્યાન. આખ્યાનનું કથાવસ્તુ પૂર્વખ્યાત અથવા લોકખ્યાત હોવું જોઈએ એ એની મુખ્ય શરત છે."

'કુંવરબાઈનું મામેરું'ના સંપાદકો પોતાના અભ્યાસમાં લખે છે, ''પૂર્વે બની ગયેલા બનાવનું કથન એટલે આખ્યાન.'' એ રીતે આખ્યાન શબ્દને સમજાવવામાં આવ્યો છે, તો ''કથનને વિસ્તારીને કહેવું એટલે આખ્યાન.''[૬] એવી પણ એની સમજ પ્રચલિત થયેલી છે.

શ્રી રમેશ શુકલ ''પ્રેમાનંદ એક સમાલોચના'' પૃ.૭ પર લખે છે *''आख्यानं पूर्ववृत्तोक्तिः''* એ આખ્યાનનું સ્વરૂપ બાંધી આપે છે. પૂર્વના કોઇક વૃત્તનું, કોઇક ઘટનાનું કથન તે આખ્યાન''

અહીં જોઇ શકાય છે કે મોટા ભાગના આપણા અભ્યાસુઓ ''સાહિત્ય દર્પણ''માં આપેલી વ્યાખ્યાને અનુસર્યા છે. બધાનો મત મોટા ભાગે એક જ છે.

આ બધામાં ડૉ. ચંદ્રકાન્ત મહેતા અન્યથી થોડા જુદા પડે છે. તેઓ ગુજરાતી આખ્યાનને સ્વતંત્ર કાવ્ય પ્રકાર કહે છે, પરંતુ વળી પાછું પરંપરા અનુસાર 'સાહિત્યદર્પણ'ની વ્યાખ્યાને માન્ય કરે છે.

''પૌરાણિક કથાઓમાંથી વસ્તુ લઇ, એમાં લોકરુચિ અનુસાર થોડાઘણા ફેરફારો કરી, સમકાલીન રંગો પૂરી માણભટ્ટો શ્રોતાઓનું મનોરંજન કરતા. એ દૃષ્ટિએ વિચારતાં ગુજરાતી આખ્યાન એ સંસ્કૃત આખ્યાન શબ્દનાં વાચ્યાર્થમાં બરાબર બંધબેસતું આવે છે. સંસ્કૃત ख्यै - જેના પરથી આખ્યાન શબ્દનો ઉદ્ભવ થયો - ધાતુનો અર્થ કહેવું એવો થાય અને ગુજરાતી આખ્યાન માણભટ્ટો, પુરાણીઓ અને વ્યાસજીઓ શ્રોતાઓને કહેતા. એ રીતે કહેવાયેલું આખ્યાન .... કથા અને આખ્યાયિકા સંસ્કૃત કાવ્યશાસ્ત્રો અનુસાર ગદ્યપ્રકારો છે. જયારે ગુજરાતી આખ્યાનો પદ્યમાં જ છે.... આ ભેદ ઉપરાંત પણ ગુજરાતી આખ્યાનો એ સ્વતંત્ર કાવ્ય પ્રકારો છે.......''

આ બધી જ ચર્ચા એક જ બિન્દુ પર રહીને થઇ છે. કોઇ કથા નવા મતની સ્થાપના કરતું નથી.

શ્રી હેમચંદ્રાચાર્ય 'કાવ્યાનુશાસન'માં આખ્યાન અને ઉપાખ્યાનનો ભેદ દર્શાવતા આખ્યાનની એક વ્યાખ્યા નીચે મુજબ આવે છે. *''प्रबंधमध्ये परबोधनार्थ....... वदाख्यानम्''.* [૭]

''રામાયણ અને મહાભારત જેવી મોટી કથામાં ઉપદેશ આપવા માટે મૂકાયેલી હરિશ્ચંદ્ર, નળ જેવાની કથાઓ તે ઉપાખ્યાનો, ને એ ઉપાખ્યાનોને કોઇ અભિનય સહિત ગાઇ બજાવીને કહે તો તે આખ્યાન કહેવાય''.

આ વ્યાખ્યા મધ્યકાલીન 'આખ્યાન' ના સ્વરૂપને સમજવામાં ખૂબ જ ઉપયોગી છે. કારણ કે તે મધ્યકાલીન 'આખ્યાન' સ્વરૂપની ખૂબ નજીક છે. આ ઉપરાંત બીજા બે વિદ્વાનોના મત જોવા જરૂરી લાગે છે.

શ્રી રા.વિ.પાઠક 'અર્વાચીન કાવ્ય સાહિત્યનાં વહેણો', પૃ. ૧૮૩ પર લખે છે. 'મહાકાવ્યથી નાના કદના પણ એ જ પ્રકારના કાવ્યને હું આખ્યાન કહું છું.'

તો બ. ક. ઠાકોર 'નવીન કવિતા વિશે વ્યાખ્યાનો' માં પૃ. ૯૭ પર નોંધે છે ''માત્ર કથાવસ્તુ લાંબુ, સુંદર ઉદાત્ત ભાવો, વિરલ અને સામાન્ય કોટિથી બહુ ઊંચા કે સૂક્ષ્મ નહીં એવા જ હોય તે આખ્યાન કાવ્ય કે આખ્યાન કહેવાય છે.''

ડૉ. શશિન્ ઓઝા એમના શોધ નિબંધમાં જે વ્યાખ્યા બાંધે છે એ જોતાં એ પણ ગુજરાતી આખ્યાનને સ્વતંત્ર કાવ્યપ્રકાર ગણાવવાની તરફેણ કરતા લાગે છે.

''આ રીતે *પૂર્વવૃત્તોક્તિઃ* પૂર્વે થઇ ગયેલા પ્રસંગોનું કથન એમાં આવતું હોવા છતાં, તેમજ મહાકાવ્યના કોઇ કોઇ લક્ષણો તેમાં આવી જતાં હોવા છતાં ગુજરાતી આખ્યાન એ મધ્યકાલીન સાહિત્યનો સર્વથા વિશિષ્ટ અને સ્વતંત્ર કાવ્ય પ્રકાર જ છે.''[૮]

શ્રી ડોલરરાય માંકડ 'આખ્યાન' ને જુદી જુદી જગ્યાએ આ રીતે સમજાવે છે.

''હું આખ્યાનકાવ્યનો જુદો પ્રકાર કરતો નથી તેનું કારણ એ છે કે, કથાકાવ્યના મેં જે મહાકાવ્ય અને ખંડકાવ્ય એવા બે મુખ્ય પ્રકારો કર્યા છે તેમાં જ એ અંતર્ગત છે.આખ્યાન કાવ્ય કથાકાવ્ય જ છે અને એનું જે વૈચિત્ર્ય છે તે તો શૈલીભેદથી નીપજે છે''. [૯]

'' 'આખ્યાન'માં પણ સાહસ, યુધ્ધ, શૌર્ય, દૈવ, પ્રેમ, દ્વેષ અને ગૃહજીવનનથી સાદી અવસ્થાનું નિરૂપણ હોય છે'' [૧૦]

'' 'આખ્યાન' શબ્દ *आ + ख्या* - કહેવું , વર્ણવવું એ ધાતુ પરથી આવ્યો છે. નાના કે મોટા શ્રોતાવર્ગ પાસે આખ્યાનકાર પોતાનું આખ્યાન કહી સંભળાવે છે. તેથી કરીને, આમાં પ્રત્યક્ષ કથનશૈલીનાં તત્ત્વો હાજર જોઇએ. આ દૃષ્ટિએ જોતાં એનું પહેલું વિશિષ્ટ તત્ત્વ એનું પદ્ય ગેય હોવું જોઇએ, તે છે... મૂળમાં એ આખ્યાનો ગવાતાં તે જાણીતું છે. આથી આવાં કાવ્યોમાં કથાની સાથે સંગીતની અસર ભળતી''[૧૧]

*'आख्यानक संज्ञा तल्लभते यद्यभिनय पठन गायन ।*

*ग्रान्थिक एकः कथयति गोविन्द वहिते सदसि ॥*

*वत् इति आख्यानम् ।'*

અર્થાત્, જેને એક જ કથા વાંચનાર અભિનય કરીને, પાઠ કરીને અને ગાઇને એકચિત્ત થયેલા શ્રોતાઓને કહી સંભળાવે છે. તે આખ્યાન કહેવાય. જેમ કે ગોવિન્દાખ્યાન.'' (૧૨)

ઉપર્યુકત તમામ વિદ્વાનોના મતને તપાસતાં એક વસ્તુ સ્પષ્ટ થાય છે કે તમામ વિદ્વાનો આખ્યાન કાવ્ય પ્રકારનાં મૂળ સંસ્કૃતમાંથી શોધવાનો પ્રયત્ન કરે છે, એટલું જ નહિ એનો ઇતિહાસ શોધતાં તેઓ વેદો સુધી પણ પહોંચે છે. માત્ર ડૉ. ચંદ્રકાન્ત મહેતા અને ડૉ. શશિન્ ઓઝા એને સ્વતંત્ર કાવ્ય પ્રકાર લેખે મૂલવવાનો પ્રયત્ન કરે છે, પરંતુ નિર્ભિકપણે તેઓ ગુજરાતીનો સ્વતંત્ર કાવ્યપ્રકાર જ છે એમ નોંધતા નથી.

આખ્યાનો સંસ્કૃતમાં પણ હતાં તેથી એ કાવ્યપ્રકાર જાણીતો હતો, પરંતુ મધ્યકાલીન યુગમાં ગુજરાતી આખ્યાન એક સ્વતંત્ર કાવ્યપ્રકાર જ છે. કારણ કે રાસનું સાહિત્ય જેમ પુરાણી રાજસ્થાનીમાં મળે છે તે રીતે આખ્યાનો માત્ર ગુજરાતી સિવાય બીજી કોઇ ભાષામાં નથી. પ્રબંધો કે પદો અન્ય ભાષાઓમાં પ્રાપ્ત થાય છે, પરંતુ આખ્યાનો એ રીતે માત્ર ગુજરાતીમાંજ મળે છે. અને બીજું કારણ એ પણ આપી શકાય કે એમાં જે સમાજ નિરૂપાયો છે તે પણ અસ્સલ ગુજરાતી છે.

### ૧:૨:૨ આખ્યાનનું સ્વરૂપ :

શ્રી ડોલરરાય માંકડ 'ગુજરાતી કાવ્ય પ્રકારો'માં પૃ. ૧૦૮ પર આખ્યાન શબ્દની જુદી જુદી, વ્યુત્પત્તિ, સમજૂતી અને વ્યાખ્યા પરથી આખ્યાનશૈલીનાં કેટલાંક વિશિષ્ટ સ્વરૂપ લક્ષણો તારવે છે. જે નીચે મુજબ છે.

(૧) એમાં પદ્ય ગેય હોય છે. એમાં પદબન્ધ, અમુક દેશી અને ઢાળ હોય છે.

(૨) એમાં અભિનેયનું તત્ત્વ હોય છે.

(૩) વસ્તુગૂંથણીમાં કુતૂહલ અને અધિરાઇનાં તત્ત્વો હોય છે.

(૪) એમાં કાર્યવેગ ત્વરિત હોય છે.

(૫) પાત્ર નિરૂપણમાં તેમજ ભાવના અને આદર્શ નિરૂપણમાં સામાન્ય લોકવર્ગને પરિચિત ગુણોનું નિરૂપણ હોય છે.

(૬) એમાં અમૂર્તતા કરતાં મૂર્તતાના અંશો વધુ હોય છે.

(૭) એમાં સંવાદ આવે છે પણ વહેવારૂ વાર્તાલાપની છાંટવાળો વધુ હોય છે.

(૮) એમાં વર્ણનને સારી પેઠે અવકાશ છે.

(૯) એમાં પ્રયત્નપ્રેરિત અલંકારો અનુરૂપ નથી.

(૧૦) આખ્યાનશૈલી પ્રત્યક્ષ ક્થનશૈલી છે.

મધ્યકાલીન ગુજરાતી 'આખ્યાન' કાવ્ય પ્રકાર એ મધ્યકાલીન યુગનો સ્વતંત્ર કાવ્ય પ્રકાર છે એમ જ્યારે કહીએ ત્યારે આ 'આખ્યાન' સ્વરૂપનાં લક્ષણો સંસ્કૃતમાં શોધવા જવું ઈષ્ટ લાગતું નથી. તત્કાલીન સમાજમાં પ્રચલિત આખ્યાન સ્વરૂપને લક્ષમાં લઈ આખ્યાન સ્વરૂપનાં લક્ષણો તારવવાનો ઉપક્રમ યોગ્ય ગણાશે.

આખ્યાન સ્વરૂપનાં મુખ્ય લક્ષણો - તેની સમજ અને મધ્યકાલીન યુગમાં તેના ક્રમશઃ વિકાસની નોંધ કરતાં જોઈએ.

## ❖ બાહ્ય લક્ષણો :

### (૧) મંગલાચરણ :

સંસ્કૃત કાવ્ય પરંપરામાં આરંભે ઈષ્ટ દેવ-દેવીની સ્તુતિ દ્વારા તેમની કૃપાયાચના કરવાની પરંપરાનું અનુકરણ આખ્યાનમાં પણ થાય છે. આખ્યાનના આરંભે આખ્યાનકાર મંગલાચરણમાં ગુરુ, ગણપતિ, વાણીની દેવી સરસ્વતી કે પછી પોતાના ઈષ્ટ દેવની સ્તુતિ કરી આખ્યાનની કથાનો નિર્દેશ કરે છે.

એ ઉપરાંત કવિ આખ્યાનની કથા ક્યાંથી લીધી ? તે કથા કોણે કોને સંભળાવી ? એ કથા સંભળાવવાનું તાત્પર્ય શું ? તેની વિગત પણ ક્યારેક આપે છે.

### (૨) મુખ્ય કથાપટ :

મંગલાચરણમાં જ કે પછી મંગલાચરણ પૂર્ણ કર્યાની સાથે જ કવિ કથાવસ્તુનો નિર્દેશ કરી આખ્યાનનો વિષય સૂચવી દે છે. આખ્યાનની સમગ્ર ક્થા આ મુખ્ય કથાપટમાં કહેવાયેલી હોય છે. મુખ્ય કથા 'કડવાં'માં વહેંચાયેલી હોય છે અને 'કડવુ' મુખ્ય ત્રણ ભાગમાં વહેંચાયેલું હોય છે. (૧) મુખબંધ (૨) ઢાળ (૩) વલણ અથવા ઊથલો.

આમ આખ્યાન કડવામાં વિભાજિત હોય છે. આ 'કડવું' ની વિગતે સમજ મેળવીએ.

## ❖ કડવું :

આખ્યાનમાં કડવાંની સંખ્યા નિશ્ચિત હોતી નથી. જેવી કથા અને કવિની ક્ષમતા તે પ્રમાણે કડવાંની સંખ્યા હોવાની. જેમ કડવાંની સંખ્યા માટે તેમ તેમાંની પંક્તિ સંખ્યા વિશે પણ કોઈ ચોક્કસ નિયમ ન હોઈ શકે. જેવો પ્રસંગ અને જેવી તેને ખીલવવાની કવિની ક્ષમતા તે પ્રમાણે પંક્તિ સંખ્યા આવે. કવિની સૂઝ અને ઔચિત્યની પરીક્ષા અહીં જ થાય. જો કવિમાં કલાસૂઝ ન હોય તો આખ્યાન અનાવશ્યક રીતે લંબાયા કરે અને તો આખ્યાનનું સ્વરૂપ સુગ્રથિત ન બનતાં શિથિલ બને.

આખ્યાનની કથા કહેવા - સાંભળવા માટેની હતી. આ બાબત તેના સ્વરૂપ ઘડતર માટે ઘણી મહત્ત્વની છે. આખ્યાનની કથા પ્રમાણમાં લાંબી હોય છે. તેમાં કવિ પોતાના કલ્પના વૈભવ વડે પ્રસંગોને બહેલાવીને રજૂ કરે, જરૂર પડે તેમાં નવા પ્રસંગો ઊમેરે. કથાના રસિક અંશોને, પરિસ્થિતિઓને ખીલવતાં કથા વધારે લાંબી બને. આટલી લાંબી કથા કંઇ એકી બેઠકે પૂરી થાય નહીં તે સ્વાભાવિક છે. એટલે આખ્યાનની કથાને તેમાં આવતા પ્રસંગો પ્રમાણે જુદા જુદા ખંડોમાં વહેંચવામાં આવે છે. મહાકાવ્ય જેમ સર્ગમાં, નાટક જેમ અંકમાં અને નવલકથા પ્રકરણોમાં તેમ આખ્યાન ‘કડવા’માં વહેંચાયેલું હોય છે. કડવાંમાં વિભાજિત થયેલાં આખ્યાનો કડવાંબધ્ધ આખ્યાનો કહેવાય છે. કડવાંબધ્ધ આખ્યાનો પહેલાં પદબધ્ધ આખ્યાનો મળે છે, તેની નોંધ લેવી ઘટે. ભાલણે અને તેની પહેલાં નરસિંહે આવાં પદબધ્ધ આખ્યાનો આપ્યાં છે. ‘સુદામાચરિત’ આવા પદબધ્ધ આખ્યાનનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત છે. આ પ્રકારનાં આખ્યાનોનું વસ્તુ પદમાં વિભાજિત કરવામાં આવ્યું હોય છે.

‘કડવક’ શબ્દ આપણને ભાલણ પહેલાં પ્રયોજાયેલો મળે છે. રાસ તેમજ અપભ્રંશના સંધિબંધ કાવ્યોમાં પ્રત્યેક નાના એકમ કે ઘટક માટે આ શબ્દ પ્રયોજાતો. અપભ્રંશનાં સંધિકાવ્યોમાં અનેક માત્રામેળ છંદો પ્રયોજાતા. ‘કડવક’નો વિકાસ અનેક દેશીઓમાં થયેલો દેખાય છે.

ગુજરાતીમાં સંપૂર્ણ શ્લોકને કે પૂરા ચરણના પદ્યને આપણે ‘કડી’ કહીએ છીએ. આ ‘કડી’ શબ્દ સં. કટિક > પ્રાકૃત કડિઅ > અપ. કડીઅ > ગુજ. ક્ડી એમ ઊતરી આવ્યો છે. તેથી કાવ્યોના શ્લોકાત્મક એકમ કડી < સં. કટિકા, તો એવી કડીઓના સમૂહ માટે કડવું < અપ. કડવઉ < કડવઅં < સં. કટપદમ્ - આમ એનો પારિભાષિક અર્થ બંધ બેસી રહે છે. (૧૩)

આપણે આગળ જોયું તે મુજબ નરસિંહ પદબધ્ધ આખ્યાન આપે છે. કડવાંબધ્ધ આખ્યાન ભાલણથી શરૂ થાય છે, તેથી જ તો ભાલણને 'આખ્યાનનો પિતા' કહેવામાં આવે છે. આખ્યાન કડવામાં વિભાજિત થાય છે. દરેક કડવામાં એક પ્રસંગ વિસ્તારથી આલેખવામાં આવેલો હોય છે. આ કડવું મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચાયેલુ હોય છે. (૧) મુખબંધ/મ્હોડિયું (૨) ઢાળ (૩) વલણ/ઊથલો.

દરેક કડવાના આરંભની બે કે ત્રણ પંક્તિઓને મુખ્ખબંધ કહેવાય છે. મુખબંધમાં તે કડવાના પ્રસંગનો કવિ નિર્દેશ કરે છે. કડવાનો બીજો ભાગ તે ઢાળ. કડવાનો આ સૌથી મોટો અને મુખ્ય ભાગ છે. એ વિસ્તારથી લખાયો હોય છે. મુખબંધમાં જે પ્રસંગનો કવિએ નિર્દેશ કર્યો હોય છે તેને કવિ 'ઢાળ' માં વિસ્તારથી વર્ણવે છે. તેથી સહજ રીતે જ તે કડવાનો મોટો ભાગ બને. પ્રસંગ વર્ણન પૂરું થાય એટલે સ્વાભાવિક કડવું પૂરું થાય, પરંતુ કડવું પૂરું કરતાં પહેલા કવિ કડવાને અંતે બે પંક્તિ આપે છે તે કડવાનો ત્રીજો ભાગ વલણ અથવા ઊથલો. અહીં કવિ 'ઢાળ'માં વર્ણવેલા પ્રસંગનો ઉપસંહાર કરી પછીના કડવામાં આવનારા પ્રસંગનું સૂચન કરે છે. આ બે પંક્તિના 'વલણ' નો રાગ 'ઢાળ'થી જુદો હોય છે. 'ઢાળ' પૂરો થતાં જ માણભટ્ટ પોતાની માણ પર એક થાપી મારી તાલ બદલે, રાગ બદલે, શ્રોતાઓને કડવું પૂરું થયાની જાણ થાય અને નવા કડવામાં આવનારા પ્રસંગની પણ જાણ થાય છે.

ક્યારેક કોઈ કવિ 'કડવા'ની આ પ્રકારની રચનામાં થોડી છૂટછાટ લે છે. ક્યારેક તે 'મુખબંધ' આપતો નથી તો ક્યારેક 'વલણ'. આખ્યાનની કથાને ઉપકારક હોય એવી કવિની આ પ્રકારની છૂટછાટ અપવાદરૂપ હોય છે. બાકી કડવાની રચના સામાન્ય રીતે ઉપર નિર્દિષ્ટ ક્રમમાં જ હોય છે.

આ રીતે પ્રસંગવાર કડવાની રચના કરતાં કરતાં કવિ આખ્યાનની કથાને સુગ્રથિત આકાર આપે છે. ક્યારેક ઊર્મિની ઉત્કટતાને વર્ણવવા કવિ પાત્ર અને પ્રસંગને અનુરૂપ ગીતો પણ મૂકે છે. આવાં ગીતો ઘણીવાર સ્વતંત્ર કડવાનું સ્થાન પણ લે છે. આવા કડવાને 'પદ કડવાં' કહે છે. જેમાં ભાવની ઉત્કટતાનું નિરૂપણ થાય છે. કથા પ્રસંગ અટકી જાય છે. જેમાં કથા આગળ વધે છે તે 'કથા કડવા' અને જેમાં ઊર્મિનું બળકટ આલેખન પદના માધ્યમથી થાય અને કથાની ગતિ અવરોધાય તે 'પદ કડવા'. પ્રેમાનંદ જેવો કવિ આ બંને પ્રકારના 'કડવાં' ને પોતાના આખ્યાનમાં નિરૂપે છે.

## (૩) ફલશ્રુતિ :

આખ્યાન કવિઓ પોતાની આખ્યાન કૃતિઓ લોકો સમક્ષ રજૂ કરી ધર્મોપદેશ અને મનોરંજન બંને ઉદ્દેશો પાર પાડતા. મધ્યકાલીન પ્રજાના માનસને ધર્માભિમુખ કરવા આખ્યાનને અંતે ફલશ્રુતિ સંભળાવતા. અમુક કથા કે આખ્યાનોનું શ્રવણ-પઠન કરવાથી કેવા પ્રકારના ઐહિક લાભો મળે છે તે દર્શાવવાનું આખ્યાનકાર ચૂકતા નહીં. આવી ફલશ્રુતિ મધ્યકાલીન આખ્યાન કાવ્ય પ્રકારનું અનિવાર્ય અંગ બની રહે છે. આ ફલશ્રુતિ સામાન્ય રીતે આખ્યાનને અંતે આવતી પરંતુ કોઈવાર કવિ આરંભે કે વચ્ચે પણ મૂકતો.

આખ્યાનોમાં આવતી ફલશ્રુતિઓમાં પણ ખાસ્સું વૈવિધ્ય જોવા મળે છે. તેમાં કોઈવાર અડસઠ કે કરોડો તીર્થ કર્યાનું પુણ્ય મળે છે.[૧૪] અષ્ટ મહારોગથી મુક્ત થવાય છે.[૧૫] કથાશ્રવણ કરનારને તરિયો, એકાંતરિયો તાવ સ્પર્શતો નથી.[૧૬] ભૂત દૂર રહે છે.[૧૭] અષ્ટ મહાદાન યજ્ઞોનું ફળ તેને મળે છે.[૧૮] બ્રહ્મ હત્યાના પાતક નષ્ટ પામે છે.[૧૯] દુઃખ દારિદ્રય દૂર થાય છે.[૨૦]

આ રીતે આખ્યાનના શ્રોતાઓને અનેક જાતના લાભો થવાનું આખ્યાનકારો ફલશ્રુતિમાં વર્ણવે છે. આવા કથાવસ્તુને સુસંગત ફલશ્રુતિનાં વચનો શ્રોતાઓની શ્રધ્ધાને દઢ કરનારાં નિવડ્યાં હશે એમ માની શકાય.

## (૪) કવિ-કૃતિ પરિચય :

ફલશ્રુતિની સાથોસાથ આખ્યાનને અંતે કવિ પોતાનો અને કૃતિનો પરિચય આપે છે. મધ્યકાલીન કવિઓને કવિપદનું અભિમાન નથી. તેઓ કવિ કરતાં વિશેષ વિનમ્ર ભકતો છે તેથી સામાન્યતઃ આ કવિઓ પોતાના વિશે બહુ લખતા નથી. આખ્યાન અંતિમ કડવામાં કવિ પોતાનો મિતાક્ષરી પરિચય આપે છે. કૃતિ વિષયક આવશ્યક માહિતી, તેનું રચનાવર્ષ, કોઈવાર કડવાની સંખ્યા તેમજ કયા રાગો પ્રયોજ્યા છે તેના નામ વગેરે આપે છે. દા.ત. પ્રેમાનંદ કૃત 'ચંદ્રહાસ આખ્યાન'માં નીચે મુજબની પંક્તિઓ મળે છે,

"સતાવીસ કડવાં એહનાં પદ છસે ને પાંત્રીસ;
રાગ આઠ એના જૂજવા, કૃપા કીધી શ્રી જગદીશ."

તો નાકરના 'હરિશ્ચંદ્રાખ્યાન'માં પણ આ પ્રકારની પંક્તિઓ મળે છે,

'રામગ્રી, દેસાખ ને આશાવરી, ગોડી, ભૂપાળ ને ધન્યાશરી;

રામક્લી, વેરાડી, શોખ સામેરી, સોરઠીનો જોગ.''

રચના વર્ષના ઉલ્લેખમાં વર્ષ (સંવત) ઉપરાંત માસ, (પક્ષ સાથે) તિથિ, વાર દર્શાવેલા હોય છે.

ક્યારેક આખ્યાન રચનાનો પ્રારંભ ક્યાં કર્યો અને પૂર્ણ ક્યાં કર્યુ તે પણ કવિ નોંધે છે. દા.ત. પ્રેમાનંદ 'નળાખ્યાન'માં લખે છે,

'મુહૂર્ત કીધું સૂરત મધ્યે, થયું પૂરણ નંદરબાર જી.'

જોકે શ્રી નગીનદાસ પારેખ આખ્યાનને અંતે આવતી ફલશ્રુતિ, કવિકૃતિ પરિચય કે સ્તુતિને આખ્યાનના અવિભાજ્ય અંગો ગણતા નથી. દેશીબધ્ધ કડવાં અને ખ્યાત વસ્તુ એ બેને આખ્યાનનાં આવશ્યક અંગો ગણે છે.

## ❖ આંતરિક લક્ષણો :

**(૧) કથાવસ્તુ :** આખ્યાનનું સૌથી મહત્ત્વનું અંગ તેનું કથાવસ્તુ છે. આખ્યાનકારો પોતાનું વસ્તુ રામાયણ, મહાભારત, ભાગવત અને પુરાણોમાંથી કે નરસિંહ જેવા ભકતના જીવનમાંથી લેવાનું પસંદ કરતા. એટલે કે કવિઓ પોતાની તદન મૌલિક રચના રજૂ કરવાને બદલે લોકખ્યાત વસ્તુનો જ ઉપયોગ કરતા.

આવા લોકખ્યાત વસ્તુ પરથી રચાતાં આખ્યાનોમાં કવિ પોતાની મૌલિક પ્રતિભાના બળે કથાવસ્તુમાં ફેરફારો કરતા. ભાલણ, વિષ્ણુદાસ જેવા આખ્યાનકારો મોટાભાગે મૂળને અનુસરતા. નાકર, પ્રેમાનંદ જેવા કવિઓ મૂળકથામાં અનેક સુધારા વધારા કરી કથાને રસપ્રદ બનાવવા પ્રયત્ન કરતા.

લોકમાનસને ધ્યાનમાં રાખી કવિઓ આવા મૌલિક ફેરફારો કરતા. નવાં તત્ત્વો ઉમેરતા. કોઈવાર તત્કાલીન રીતરિવાજોના નિરૂપણ માટે આવા ફેરફાર સહજ બની જતા તો ક્યારેક સંસ્કૃતભાષાના અલ્પ પરિચયને કારણે, પૂરતા જ્ઞાનના અભાવે ફેરફારો થઈ જતા. આ બધાં જ કારણોમાં સૌથી વધારે કથાને રોચક અને આકર્ષક બનાવવા કવિ મૂળકથામાં ફેરફારો કરતા. આખ્યાનના સ્વરૂપ ઘડતરમાં, તેને કાવ્યરૂપ આપવામાં આવા ફેરફારોનો ફાળો બહુમૂલ્ય છે. આને લીધે કથાને ખીલવવાની અનેક તકો સાંપડે છે અને કથા કાવ્યરૂપ પામે છે.

**(૨) વસ્તુ સંકલના-કથા ગૂંથણી :** આખ્યાનની કથા અનેક પ્રસંગોમાં વિભાજિત હોય છે. આ પ્રસંગોની સંકલના, વસ્તુ ગૂંથણી આખ્યાનનું એક મહત્ત્વનું અંગ છે. સામાન્ય રીતે કવિ મૂળકથા પ્રસંગો જે ક્રમમાં આવતા હોય તેને અનુસરે છે. છતાં કુશળ કવિઓના હાથે થતી પ્રસંગોની વસ્તુગૂંથણી કથામાં કલાત્મકતાના અંશો લાવે છે. પ્રસંગોનું કલાત્મક ગૂંફન શ્રોતાઓની જિજ્ઞાસાને ઉત્તેજિત કરે છે. કથાવસ્તુ ઉત્તમ હોય, પરંતુ તેની ગૂંથણી કે સંકલના નબળી હોય તો આખ્યાન અસરકારક બની શકતું નથી. આખ્યાનને રસપ્રદ બનાવવા વસ્તુ વિકાસ વેગવંત અને કલાત્મક સંકલના અત્યંત આવશ્યક છે.

**(૩) પાત્રાલેખન :** ક્થાવસ્તુ અને તેની યોગ્ય સંકલના બાદ આખ્યાનનું મહત્ત્વનું અંગ છે પાત્રાલેખન. જેમ કથાવસ્તુ ખ્યાત હોય તેમ પાત્રો પણ લોકખ્યાત જ હોવાનાં. આવા કોઈ લોકખ્યાત પાત્રની આસપાસ કથા ગૂંથાયેલી હોય છે. મોટાભાગે આખ્યાનનું કેન્દ્રસ્થ પાત્ર એક જ હોય છે. અન્ય પાત્રો કથાના કેન્દ્રીય પાત્રની આસપાસ રહી મુખ્ય પાત્રના જીવનની કથાને વિકસાવવામાં પોતાનો યત્કિંચિત ફાળો આપતાં હોય છે. દા.ત. નળ હોય કે અભિમન્યુ, નરસિંહ હોય કે સુદામો, એની જીવનકથા પર આધારિત આખ્યાનોમાં તે તે મુખ્ય પાત્રની આસપાસ બીજાં ગૌણ પાત્રો હોય છે.

કવિ પૌરાણિક વસ્તુ અને પૌરાણિક પાત્રોમાં પોતાની નિજી પ્રતિભા વડે ફેરફારો કરી, માનવીય ભાવો અનુભવતા સમકાલીન રંગે રંગી પાત્રોને પૂરાં 'ગુજરાતી' બનાવી દેતા. જેમ કે, 'હૂંડી' ના શામળશા શેઠ, 'મામેરું' ના દામોદર દોશી, 'સુદામા ચરિત' માં વાસ્તવવાદી અને ઘરરખું સુદામા પત્ની, 'મૂલગાં મારાં તાંદુલ ગયાં' કહેતો સુદામો, 'નળાખ્યાન' માં અંદરો અંદર શાપ આપી, આપેલા શાપ ફોક કરતા દેવો, દશમસ્કંધ'નાં તદ્દન સામાન્ય લાગતાં દેવકી-જશોદા જેવા પાત્રો તત્કાલીન સમાજના હરતાં ફરતાં પાત્રો જેવાં બની રહે છે.

પાત્રોના આવા 'ગુજરાતીકરણ'ને કારણે ક્યારેક પૌરાણિક પાત્રો પોતાનું મૂળ ગૌરવ ગુમાવતાં લાગે, ગૌરવચ્યુત બનતાં લાગે, પરંતુ દૈવી પાત્રોનું આવું માનવીકરણ તત્કાલીન શ્રોતાઓને પાત્રો સાથે તન્મય બનાવી દેતા. કવિ પોતાના જમાનાથી બિલકુલ અસ્પૃશ્ય રહી શકતો નથી. પાત્રોના આવા 'ગુજરાતીકરણ'માં પણ તત્કાલીન યુગનો પ્રભાવ નિહાળી શકાય છે.

**(૪) વર્ણનકળા :** આખ્યાનકવિ સીધાસાદા કથન દ્વારા આખ્યાન કથા કરતો હોય તો શ્રોતાઓને એમાં બહુ રસ પડતો નથી. તેથી વર્ણનકળા આખ્યાનનું અનિવાર્ય લક્ષણ છે. કવિ પાત્રવર્ણન, પ્રસંગ વર્ણન અને સ્થળ વર્ણન એમ ત્રણ પ્રકારનાં વર્ણનો વડે પોતાનું વર્ણન કૌશલ્ય દાખવે છે. કવિ કેવળ પ્રસંગનું કથન ન કરતાં નાયક - નાયિકાના દેહ સૌંદર્યનું વર્ણન કરે છે, તેમના મનમાં ચાલતાં મંથનોનું વિગતે નિરૂપણ કરે છે. વન, નગર વગેરેનાં વર્ણનો આપે છે તો સ્વયંવર, યુધ્ધ ઈત્યાદિનાં વર્ણનો પણ આપે છે. કથાને ઉપકારક આવાં વર્ણનો યોજી કવિ પોતાનું વર્ણન કૌશલ્ય દાખવે છે. આ પ્રકારનાં વર્ણનો દ્વારા જ કવિ પ્રસંગને જીવંતતા બક્ષે છે અને તત્કાલીન વાતાવરણને મૂર્તિમંત કરે છે.

**(૫) રસ નિરૂપણ :** આખ્યાનનું અતિ મહત્ત્વનું અંગ છે રસનિરૂપણ અથવા રસવૈવિધ્ય. આખ્યાનની કથા વિસ્તારીને કહેવાની હોવાથી ત્યાં વિવિધ રસનાં નિરૂપણને પૂરતો અવકાશ મળી રહે છે. આખ્યાનને કાવ્યાત્મક સ્વરૂપ બક્ષવામાં રસનિરૂપણનો ફાળો મહત્ત્વનો છે. પૌરાણિક કથાનકોમાં રસસ્થાનો તો હોય જ, પરંતુ ત્યાં કથાનું લક્ષ્ય ઉપદેશાત્મક હોવાને લીધે આવાં રસસ્થાનોને ખિલવવાની ત્યાં આવશ્યકતા નહોતી. પરંતુ આખ્યાનકારો આવાં રસસ્થાનોને પારખી પ્રસંગોને ઉપકારક રસનિરૂપણ કરી આખ્યાનોને રસસમૃધ્ધ બનાવે છે. પ્રેમાનંદ રસની બાબતમાં સર્વશ્રેષ્ઠ આખ્યાનકાર સિધ્ધ થયા છે. કવિ એક કે ક્વચિત્ બે રસને પ્રધાનપણે નિરૂપી અન્ય ગૌણ રસનું આલંબન પણ લે છે. સાધારણ રીતે શૃંગાર, હાસ્ય, કરુણ અને વીર જેવા રસોનું મુખ્ય રસ તરીકે નિરૂપણ કરી ઈત્તર રસ મુખ્ય રસને પોષક નીવડે તે રીતે નિરૂપાય છે. આમ આખ્યાનકાર એક જ આખ્યાનમાં અનેક રસની રસલહાણ વરસાવે છે અને રસભંગ ન થાય એ રીતે એક રસમાંથી બીજા રસમાં સહજરીતે લઈ જાય છે. પ્રેમાનંદ જેવા રસસિધ્ધ કવિ એક જ પ્રસંગમાં એકી સાથે બે રસોનું વહન પણ અદ્ભુત રીતે કરી જાણે છે.

**(૬) સમકાલીન રંગપૂરણી :** સમકાલીન રંગપૂરણી, તત્કાલીન સમાજનું નિરૂપણ, સમકાલીન જીવનરંગો કે 'ગુજરાતીતા' નામે ઓળખાતા આખ્યાનનાં આ લક્ષણને આખ્યાનનું ઘટક તત્ત્વ ગણવું કે કેમ તેના વિશે વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે. શ્રી ડોલરરાય માંકડ આને આખ્યાનનું આવશ્યક તત્ત્વ ગણે છે. આખ્યાનોને રસપ્રદ બનાવવા કવિ પૌરાણિક કથાવસ્તુમાં સમકાલીન જીવનનાં રંગો પૂરે છે. તત્કાલીન સમાજમાં પ્રચલિત રિવાજો, માન્યતાઓ, અરે ! વહેમો અને અંધશ્રધ્ધાઓનું પણ ક્યારેક આખ્યાનમાં આલેખન કરી શ્રોતાઓને મનોરંજન પૂરું

પાડવાના પ્રયત્નો થયાં છે. શ્રોતાઓ પોતાના જીવનના જેવા જ વર્ણનથી કથા સાથે ઓતપ્રોત બની શકે છે. આમ કરવા જતાં ક્યારેક દૈવી પાત્રોના ગૌરવચ્યુત થવાના પ્રશ્નો ખડા થાય છે, પરંતુ મધ્યકાલીન યુગના આખ્યાનકારોની નજર સમક્ષ મુખ્યત્વે શ્રોતાજનો છે. તેમના મનોરંજન અને આનંદ ખાતર તેઓ આખ્યાનના આ લક્ષણને અનુસર્યા છે. તેમ સ્વીકારીએ તો તે આખ્યાનકારની મર્યાદા માત્ર ન બની રહેતા યુગની મર્યાદા બની રહે છે, પરંતુ તેથી શ્રોતાજનોને ભરપૂર મનોરંજન મળ્યું છે એ ભૂલવું ન જોઈએ.

### (૭) વિવિધ રાગ, ઢાળ દેશીઓની યોજના :

*''आख्याक संज्ञा तल्लभते यद्यअभिनय पठन् गायन् ।''*

હેમચંદ્રાચાર્યની આ વ્યાખ્યાનુસાર શ્રોતાઓ સમક્ષ 'આખ્યાનનું સાભિનય કથાગાન' થતું. આખ્યાનમાં અભિનય, ગાન અને પઠન કરવાનું હોવાથી આખ્યાનકારો પોતાનાં કડવાં માટે સુંદર રાગની દેશીઓ પસંદ કરી, બુલંદ કંઠે એ ગાઈને શ્રોતાઓને સંભળાવતા. આખી કથા અનેક દેશી ગેય ઢાળોમાં રચાયેલી હોય છે. એટલું જ નહિ, કવિ તેને માણ ઉપર તાલ આપીને શ્રોતાઓ સમક્ષ ગાઈ સંભળાવતો હોય છે. દરેક કડવામાં જુદા જુદા ઢાળ પ્રયોજી કવિ રાગ વૈવિધ્ય આણે છે. વલણમાં ઢાળ બદલીને પ્રસંગનો ફેરફાર સૂચવે છે. આમ વિવિધ રાગરાગિણીઓ યુકત સંગીતકલાનો લાભ આખ્યાનને મળેલો છે. પુત્રોને મોસાળ મોકલતી દમયંતીના મુખમાં મૂકાયેલી મેવાડાની દેશી ''મોસાળ પધારો રે, બાડુઆં'' કે દમયંતીની કરુણ દશા વ્યક્ત કરતી રામગ્રી દેશી 'વૈદર્ભી વનમાં વલવલે, અંધારી રે રાત'' કે પછી વેરાડી રાગમાં વ્યકત થયેલ જશોદા વિલાપ ''મારું માણેકડું રિસાયું રે, શામળિયા'' જ્યારે આખ્યાનકાર શ્રોતાવૃંદ સમક્ષ ગાતો હશે ત્યારે કરુણરસની કેવી તીવ્ર અનુભૂતિ શ્રોતાઓએ અનુભવી હશે ! ટૂંકમાં આખ્યાનોમાં સંગીતનું તત્ત્વ અનિવાર્ય હતું, એ ચોકક્સ.

આ બધાં તત્ત્વોના કલાત્મક સંયોજનથી આખ્યાનનો કલાપિંડ બંધાય છે. કવિની પ્રતિભા વગર એ સંભવે નહિ. આ તમામ લક્ષણોના સંયોજન છતાં આખ્યાનકારની કલાદષ્ટિ જ તેને ઉચ્ચ કોટિનો આખ્યાનકાર સિધ્ધ કરી શકે એ નિઃશંક છે.

**૧.૨.૩ આખ્યાન સ્વરૂપનો વિકાસ** : ગુજરાતી સાહિત્યની શરૂઆત નરસિંહથી થયેલી મનાય છે. સ્વરૂપની દષ્ટિએ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો વિચાર કરીએ છીએ ત્યારે કેટલીક

બાબતોમાં નરસિંહનું આદિપણું જણાઇ આવે છે. નરસિંહનો સર્જન સ્રોત પદરૂપે, પ્રભાતિયાંરૂપે અને આખ્યાનરૂપે એમ ત્રિવિધરૂપે વહ્યો છે.

નરસિંહની ‘સુદામાચરિત’ નવ પદોમાં નિરૂપિત કૃતિ છે. આ નવ પદો ઝૂલણા છંદમાં લખાયેલાં છે અને નવ પદોની માળારૂપે રચાયેલું સળંગ કથાનક ધરાવતું ‘આખ્યાન’ જ છે એમ માનીને આગળ વધવામાં ખોટું નથી. આત્મ વૃત્તાંતમૂલક કથાને પણ નરસિંહ આ જ રીતે આખ્યાનાત્મક સ્વરૂપે આલેખે છે. ‘શામળશાનો વિવાહ’, ‘હાર સમેનાં પદો’, ‘મામેરું’, ‘શ્રાધ્ધ’, ‘હૂંડી’ ઉપરાંત ‘સુદામાચરિત’ ના કથનાત્મક પદો દ્વારા નરસિંહ આખ્યાન કવિતાનાં બીજ રોપે છે.

નરસિંહના આત્મચરિત્રાત્મક કાવ્યો સ્પષ્ટપણે આખ્યાનકોટિનાં છે. ‘સુદામાચરિત’ નવ પદોમાં વિભકત એવું સળંગ કથાનક ધરાવતું આખ્યાનાત્મક કાવ્ય છે. દરેક પદ સ્વતંત્ર હોવા છતાં કથાતંતુ દ્વારા એકબીજાની સાથે સંકળાયેલા છે. જેમકેઃ

“જદુપતિનાથ તે મિત્ર છે તમ તણા,
જાઓ વેગે કરી કૃષ્ણ પાસે....”

પછી છેલ્લી પંક્તિમાં -

“વિનંતી મનમાં ધરો, આળસ પરહરો;
સહાય થાશે નરસૈયાનો સ્વામી ..... જદુપતિ”

આના જ અનુસંધાને બીજુપદ શરૂ થાય છે,

“સાંભળો ભામિની, શ્રવણ ધરો કામિની;
કોણ હું ! કિંકર કૃપણ પાપી....”

અને એમ ક્થાતંતુ આગળ લંબાય છે. કાવ્ય સ્વરૂપની દષ્ટિએ આખ્યાનનું બીજ અહીં દેખાય છે.

આ જ રીતે કૃષ્ણ જન્મની વધાઇનાં પદો પણ પ્રસંગોની હારમાળા રૂપે રજૂ થાય છે. અહીં આઠ પદો આ રીતે કથાવસ્તુ સંદર્ભે એકબીજા સાથે સંકળાયેલાં છે.

શ્રી કૃષ્ણ જન્મ સમાના પદમાં આ બીજનો થોડો વિકાસ થયેલો દેખાય છે. કુલ બાર પદોમાં વિભક્ત એવાં આ પદોમાં પહેલા સાખી, પછી ઢાળ, પછી સાખી એવી યોજના કવિએ કરી છે. દા.ત. પહેલા પદનું દષ્ટાંત જોઇએ.

**સાખી**

“શ્રી ગુરુને પ્રણામ કરીને, વર્ણવું શ્રી જદુરાય,
શ્રી કૃષ્ણજીની લીલા સાંભળતા પ્રાયશ્ચિત દૂર પલાય”

**ઢાળ**

“અસુર વાધ્યા ભૂમિ પર, સાધુ દુઃખ પામ્યા ઘણું;
અમરલોકે સહુ ટોળે મલીને, સ્મરણ કીધું શામળિયા તણું”

**સાખી**

“કારાગ્રહમાં રાખિયા, ત્રિલોકની જે માત;
સાધુજન સહુ કોઈ પીડિયા, તેનો થયો મહા ઉત્પાત.”

આ ઉપરાંત અહીં દરેક પદનો રાગ નિર્દેશ પણ કવિ કરે છે. આખ્યાનની શરૂઆતમાં થતી ઈશ્વર સ્તુતિની શરૂઆત અહીં જોઇ શકાય છે.

ચાતુરીનો રચનાબંધ આખ્યાનની ઘણો નજીક જાય છે. એમાં ગુરુ કે ઈશ્વરને વંદન, રાગ નિર્દેશ, ઢાળ અને છેલ્લે વલણ પણ આવે છે. એ રીતે આખ્યાનનું બીજ અહીં નરસિંહનાં પદોમાં જ અંકુરિત થયેલું જોઇ શકાય છે. જૈન અને જૈનેતર કવિઓથી અલગ પ્રકારનો કાવ્યબંધ આપણને નરસિંહમાં મળે છે. નરસિંહથી પરિષ્કૃત થયેલો આ કાવ્યબંધ અનેક કવિઓને ફાવ્યો છે. એટલું જ નહિ, આ જ કાવ્યબંધ પછીથી આખ્યાન સ્વરૂપે મધ્યકાળના સૌથી લોકપ્રિય કાવ્ય પ્રકાર તરીકે કવિતાનાં ખૂબ ઊંચાં શિખરો સર કરે છે. આવા આ કાવ્ય પ્રકારનું બીજારોપણ નરસિંહને હાથે થયું એ નિર્વિવાદ છે.

આખ્યાન કાવ્ય પ્રકારનું બીજારોપણ કરનાર નરસિંહ અને એ બીજને પૂર્ણ રૂપે વિકસાવી કડવાંબધ્ધ આખ્યાનો આપ્યાં ભાલણે. તેથી ભાલણને આખ્યાનનો ‘જનક’ કે ‘પિતા’ કહી શકાય. ભાલણનાં કડવાંબધ્ધ આખ્યાનો રચાયાં એ પહેલા વીરસિંહ દ્વારા ‘ઉષાહરણ’ કર્મણમંત્રી દ્વારા ‘સીતા હરણ’, માંડણ બંધારા દ્વારા ‘રૂકમાંગદ આખ્યાન’ ભીમ દ્વારા ‘સદયવત્સ કથા’ વગેરે કૃતિઓ રચાયેલી. તેમાં વચ્ચે પદો આવે. જનાર્દનના ‘ઉષાહરણ’માં નાનાં નાનાં પદ જેવાં ‘કડવાં’માં જ કથાવસ્તુ નિરૂપાયું છે, પરંતુ અહીં ‘કડવાબંધ’નું સ્વરૂપ પૂર્ણ વિકસિત થયેલું જણાતું નથી.

ભાલણના આ પુરોગામીઓની રચના બીજા કોઈ યોગ્ય નામાભિધાનને અભાવે 'આખ્યાન' તરીકે ઓળખાય છે, પરંતુ કડવાંબધ્ધ 'આખ્યાન' આપણને સૌ પ્રથમવાર ભાલણ પાસેથી મળે છે. ભાલણે પોતાની કવિપ્રતિભાના બળે આ કાવ્યબંધને ચોક્કસ સ્વરૂપની દિશા આપી. એટલું જ નહિ, આ પ્રકારના કાવ્યબંધનું 'આખ્યાન' એવું નામકરણ પણ ભાલણે જ કર્યું.

ભાલણે પદબધ્ધ અને કડવાંબધ્ધ બંને પ્રકારનાં આખ્યાનો આપ્યાં છે. કડવાંબંધમાં તેની કવિ પ્રતિભાના વિશેષ ચમકારા જોવા મળે છે. ભાલણે 'કાદમ્બરી'ના સારાનુવાદમાં પણ કડવાંબંધનો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો છે એટલું જ નહિ, એ 'કાદમ્બરી'ને 'આખ્યાન' તરીકે ઓળખાવતા 'કાદમ્બરી'ના પૂર્વભાગમાં ભાલણ લખે છે,

> ''તે માટે સંક્ષેપ કરી મુગ્ધબોધની કાદંબરી,
> કથામાત્ર લેઈ રસ-સાર કહિ 'ભાલણ' બુધ્ધિમતિપ્રકાર,
> ભાષાઈ કીધૂં આખ્યાન રસિક મુગ્ધ રીઝવવા ગાન,
> વિપ્રલંભ શૃંગાર સંયોગ, પ્રીતિ ઘણી ઉપાઈ ભોગ''

'કાદંબરી' માત્ર કાલ્પનિક કથા છે, પરંતુ તેનું સ્વરૂપ કડવાંબંધ છે તેથી ભાલણ તેને 'આખ્યાન' શબ્દથી ઓળખાવે છે. એનો અર્થ એ થયો કે વસ્તુ વિશે એના મનમાં હજુ ભેદ ઊભો થયો નથી.

આ રીતે નરસિંહે જે કાવ્યબંધનો પ્રયોગ કર્યો તે ધીમે ધીમે વિકાસ પામીને એક સ્વતંત્ર કાવ્યસ્વરૂપ લેખે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વિસ્તર્યો. આ સાહિત્યસ્વરૂપ 'આખ્યાન' નામે ઓળખાયું એટલું જ નહિં, લોકોમાં પણ ખૂબ આદર પામ્યું.

પોતાની ઘણીબધી આખ્યાન રચનાઓ દ્વારા ભાલણે પાડેલી કેડીએ એના પછી નાકર, વિષ્ણુદાસ અને વિશ્વનાથ જાની ચાલે છે. આખ્યાન સ્વરૂપના વિકાસની દૃષ્ટિએ જોઈએ તો નાકર એક ડગલું આગળ ચાલે છે. ભાલણે પ્રચલિત કરેલી કડવાં પધ્ધતિમાં તે 'ઊથલો' ઉમેરે છે. બીજી રીતે કહીએ તો, ભાલણ કડવાબંધ શરૂ કરે છે; નાકર તેને પૂર્ણ વિકસિત સ્વરૂપ આપે છે. કડવાના ત્રણ વિભાગ નાકરમાં સ્પષ્ટ થાય છે. નાકર પછીના બધા આખ્યાનકારો કડવાની રચના પરત્વે નાકરને અનુસરે છે.

નાકર સંસ્કૃતજ્ઞ ન હતો તેથી એ જે કંઇ કાવ્યત્વ સાધે છે તે પોતાની મૌલિક પ્રતિભાના બળે જ. નાકરનું બીજુ મૌલિક પ્રદાન એ પણ છે કે તેણે તત્કાલીન સામાજિક રીત રિવાજો, માન્યતાઓને પોતાની કવિતામાં વણી લીધાં, તેમજ મૂળ કથામાં ન હોય એવા પ્રસંગો પોતાની કલ્પનાબળે ઉમેર્યા. નાકરની આખ્યાન-પ્રવૃત્તિ ભાલણ જેટલી જ વિશાળ છે. પ્રેમાનંદને 'કાચો માલ' પૂરો પાડવામાં નાકરનાં આખ્યાનોનો મોટો ફાળો છે.

પ્રાચીન કથાવસ્તુને વળગી રહેવા કરતાં લોકોના રસ રુચિ અનુસાર તથા દેશકાળ મુજબ ફેરફાર કરવાની દૃષ્ટિ નાકરે આપી છે. પ્રેમાનંદે આનો ભરપૂર લાભ લીધો છે.

નાકર અલબત્ત, બહુ મોટો પ્રતિભાશાળી કવિ નથી, પરંતુ સંખ્યાની દૃષ્ટિએ વિપુલ આખ્યાનો આપી આખ્યાન સ્વરૂપને સ્થિર કર્યુ છે. નાકરે આખ્યાનમાં કથાતત્ત્વ પર વિશેષ ભાર આપ્યો છે. ડૉ. ચિમનલાલ ત્રિવેદી તેથી જ કહે છે, "નાકર કવિપ્રતિભાના ચમકારા ક્યાંક ક્યાંક ઝળકાવતો હોવા છતાં, ભિન્ન ભિન્ન રસોનું નિરૂપણ કરતો હોવા છતાં અને વર્ણન- અલંકારાદિમાં પણ યથાપ્રસંગ પોતાની શક્તિના દર્શન કરાવતો હોવા છતાં, કથા-નિરૂપણ આ કવિની કલમની, એ સર્વ અંગોના નિરૂપણ વખતે જાણે ચોકી કરતું, તેને એમાં વિહરવા દેવાને બદલે પક્ડી રાખતું લાગે છે. એટલે જ આ કવિમાં ઠીક ઠીક સત્ત્વશીલતા હોવા છતાં એ કવિતાના ઉચ્ચ શૃંગ પર ચડી શકતો નથી. તેના પગ પેલું કથા-નિરૂપણ જાણે જક્ડી રાખે છે." [(૨૧)]

આમ છતાં એ પ્રેમાનંદને અઢળક પ્રમાણમાં કાચું વસ્તુ પૂરું પાડે છે. નાકરે રચેલા શિલ્પને મઠારવાનું કામ જાણે પ્રેમાનંદ કરે છે. આમ, આખ્યાન સ્વરૂપના વિકાસના તબકકાનો જ્યારે વિચાર કરીએ ત્યારે નાકરનો એક નોંધપાત્ર કવિ તરીકે ઉલ્લેખ કરવો જ પડે છે.

આખ્યાન કાવ્યની પરંપરામાં જેમ નાકરને ઉવેખી શકાય નહિ તેમ કવિ વિષ્ણુદાસના પ્રદાનની નોંધ લીધા વગર પણ આગળ જઇ શકાય નહિ. નાકર પછી લગભગ સો વર્ષ પછી થયેલા નાગર કવિ વિષ્ણુદાસે લગભગ ૨૭ જેટલાં આખ્યાનો રચ્યાં છે. પૌરાણિક વિષયો ઉપરાંત નરસિંહ મહેતા જેવા ભકત શ્રેષ્ઠના જીવન પ્રસંગોનું આલેખન પણ પોતાના આખ્યાનમાં કરે છે. "તેઓની કવિતા વાણી મોળી ને નિસ્તેજ છે" - એમ કહી કવિ નર્મદાશંકર વિષ્ણુદાસની જે ટીકા કરે છે તે કેટલેક અંશે વિષ્ણુદાસને અન્યાયકર્તા છે. તેની તમામ કવિતા સાવ મોળી ને નિસ્તેજ નથી. લાંબાં કાવ્યોમાં એક સરખું રસતત્ત્વ જળવાતું નથી, છતાં તેમણે ઘણાં સારાં વર્ણનો દ્વારા રસસિદ્ધિ દાખવી છે.

ધર્મ અને નીતિનો બોધ વિષ્ણુદાસ અને નાકરનાં કાવ્યોમાંથી થાય છે તેવો પ્રેમાનંદનાં કાવ્યોથી થતો નથી. વિષ્ણુદાસનાં આખ્યાનો પરથી તેના સમયના સમાજનું, તેના રીતરિવાજોનું ઠીક ઠીક દર્શન થઇ શકે છે. રસની બાબતમાં તથા રાગ-ઢાળની યોજનામાં ઘણાં સ્થળે કુશળતા બતાવી છે. આથી એમ કહી શકાય કે કવિનાં આખ્યાનો સાવ ઉપેક્ષાને પાત્ર નથી. નાકરની જેમ પ્રેમાનંદ વિષ્ણુદાસનો પણ ઋણી છે. આખ્યાન પરંપરાનું સાતત્ય તેણે સાચવ્યું છે.

વિષ્ણુદાસ પછીનો નોંધપાત્ર કવિ છે વિશ્વનાથ જાની. સંખ્યાની દૃષ્ટિએ વિષ્ણુદાસ જેટલાં આખ્યાનો તેમણે આપ્યાં નથી, પરંતુ કાવ્યત્વની દૃષ્ટિએ તે વિષ્ણુદાસથી આગળ નીકળી જાય છે. નરસિંહના જીવનમાંથી પ્રસંગ લઇને તેણે 'મોસાળું' રચ્યું છે તે પ્રેમાનંદના 'મામેરું' ની બરોબરી કરી શકે એવી ક્ષમતાવાળું છે. આગળનાં તમામ આખ્યાન કવિઓના આખ્યાનોમાં ધર્મ અને ભક્તિ કેન્દ્ર સ્થાને છે. માત્ર વિશ્વનાથ જાની અને પ્રેમાનંદે આખ્યાનને કાવ્યત્વની કોટિએ મૂકવાનો સફળ પ્રયત્ન કર્યો છે.

આમ, નરસિંહથી માંડી વિશ્વનાથ જાની સુધીના બધા કવિઓએ પોતાની નિજી કવિ પ્રતિભા અનુસાર આખ્યાનના સ્વરૂપ ઘડતરમાં પોતાનો ફાળો નોંધાવ્યો છે. એમાં ક્યાંક ક્યાંક કાવ્યત્વ પણ સિધ્ધ થયું છે, પણ આ બધા કવિઓમાં આખ્યાનકાર શિરોમણીનું સ્થાન પ્રેમાનંદ પામે છે. આખ્યાન કવિઓની હારમાળાનો મેર તે આખ્યાનકાર શિરોમણી પ્રેમાનંદ. પ્રેમાનંદના સમયમાં રસિક છતાં થોડું ભણેલા અને ધંધામાં જ રચ્યા પચ્યા રહેનાર જનસમાજને કેળવણી મેળવવાનું સાધન કથાશ્રવણ જ હતું. તેથી ધર્મ અને નીતિના ઉપદેશવાળા અને તે સાથે ગુજરાતી જનસ્વભાવનું અને સમકાલીન સમાજનું પ્રતિબિંબ રજૂકરનારા પ્રેમાનંદનાં રસમય આખ્યાનો ભાવકો પ્રસન્નતાપૂર્વક મોડીરાત સુધી સાંભળવા બેસતા. આ આખ્યાન કથા કહેનાર ત્રાંબાની મોટી માણ ઊંધી મૂકી દસેય આંગળીઓએ પહેરેલી વીંટી વડે તાલ આપતા કથા કરતા હોવાથી તેઓ 'ગાગરિયા ભટ્ટ' કે 'માણભટ્ટ' કહેવાતા. પ્રેમાનંદની આખ્યાન કહેવાની શૈલીથી આપણે માહિતગાર નથી, છતાં એટલું ચોકકસ કે પ્રેમાનંદે પોતાના આખ્યાનોની કથા દ્વારા લોકહૃદયના કિલ્લાઓ સર કર્યા હતા અને તેથી જ, ત્યારથી તે આજસુધી એ આખ્યાનો લોકપ્રિય રહી શકયાં છે.

પ્રેમાનંદે પોતાના પુરોગામી કવિઓમાંથી વસ્તુ, પ્રસંગાદિ ઘણું સીધું જ સ્વીકારીને પણ પોતાની નિજી પ્રતિભાથી આખ્યાનના આંતરિક સ્વરૂપને સાહિત્યિક અભિવ્યક્તિ આપી, કાવ્યત્વ સિધ્ધ કર્યુ. પ્રેમાનંદે અનુભૂતિગત તેમજ અભિવ્યક્તિગત બંને રીતે આખ્યાનના સ્વરૂપમાં સિધ્ધિ

પ્રાપ્ત કરી. એને કારણે ઘણા વિદ્વાનો આખ્યાનયુગને 'પ્રેમાનંદ યુગ' નામ આપવા પ્રેરાયા છે. પ્રેમાનંદને આખ્યાનની ટોચે પહોંચાડનાર તેની નિજી સંપત્તિમાં કથાવસ્તુની પ્રભાવક ગૂંથણી, જીવંત પાત્રાલેખન, અદ્‌ભુત વર્ણનકૌશલ દ્વારા વાતાવરણની જમાવટ, રસસ્થાનોની ઊંડી પરખ, રસસંક્રાંતિ, ભાષા પ્રભુત્વ વગેરેને ગણાવી શકાય.

મહાભારત, રામાયણ, ભાગવત, પુરાણ, ઇતિહાસ અને જનકથામાંથી રસિક પ્રસંગોને ઊંચકી એવી સરસ રીતે ખિલવ્યા છે કે તે શ્રોતાઓને આનંદવિભોર બનાવી દે છે. કથામાં રહેલા સુંદર રસ-બીજને પરખી, તેમાં નવરસનું સિંચન કરી જાદુગરની માફક સુંદર મજાનું વૃક્ષ ઉગાડી દે છે.

પોતાના પુરોગામીઓનું ઋણ પોતા પર છે એવું સ્વીકારતાં પણ પ્રેમાનંદ અચકાતા નથી. 'હારમાળા' માં કવિ સ્વીકારે છે કે,

"પૂર્વે જે જે કવિજન વૈષ્ણવે, કહ્યાં ચરિત્ર ઉદારજી;
તે સઘળાંનો જોડકરીને, બાંધ્યું શુભ આખ્યાનજી."

છતાં કવિની નિજી પ્રતિભા તમામ સ્તરે ઝળકી ઊઠ્યા વિના રહેતી નથી. પ્રેમાનંદને મનુષ્ય સ્વભાવનું ઊંડુ જ્ઞાન હતું. કથાની પસંદગી અને પ્રસંગોની સંકલનામાં તે અદ્‌ભુત કુશળતા દાખવે છે. રસ જમાવટની અદ્‌ભુત નિપૂણતાને લીધે શ્રોતાઓને રસમાં તરબોળ કરવાનું અદ્‌ભુત સામર્થ્ય પ્રેમાનંદમાં છે. શ્રી મંજુલાલ મજમુદાર પ્રેમાનંદની કવિતા વિશે લખે છે, :

"પ્રેમાનંદની કવિતા ગુર્જર સ્થિતિ પ્રદેશમાં એક સુંદર સરોવર છે કે જેની લહરીમાં સર્વ ગુજરાતીઓ પોતાના રોવા, હસવા તથા દુઃખ સુખનાં પ્રતિબિંબ જોઇ જોઇને નિવૃત્તિ - આનંદમાં રહે છે. એમની કવિતા સંસાર જીવનના થાક અને ઝેર ઉતારે છે. હૈયાં હળવાં ને રસાળ કરે છે અને બીજા દિવસની સંસાર- ખેલનાને કાજે ઉમંગી કરે છે." (૨૨)

"પ્રેમાનંદના આખ્યાન - કાવ્યોનો મુખ્ય ગુણ તે તેનો પ્રસાદ. વાંચતાવેંત વાચક કે શ્રોતાને તે તે રસની પ્રસન્નતા સચોટ અસર કરે છે. પાત્રો શું શું બોલે છે, તેમના મનમાં શું શું થાય છે, બીજાની દૃષ્ટિએ કેવાં દેખાય છે અને તે બધાની અસર આખા આખ્યાનની કથા પર કેવી થાય છે તે કવિ વર્ણવે છે. બીજી રીતે કહીએ તો તેમનાં આખ્યાનો એ શ્રાવ્ય નાટકોની જ ગરજ સારે છે. દશ્ય રંગભૂમિને અભાવે મહારાષ્ટ્રી હરિકીર્તનકારો જેવી રીતે જુદાં જુદાં પાત્રોની ભૂમિકા પોતે જ રજૂ કરે છે તેમ, પ્રેમાનંદ પણ આવી ચિત્ર પરંપરા દ્વારા કથાનો ઉકેલ અને સમાપ્તિ સાધે છે." (૨૩)

આ સિવાય આખ્યાનની વિકાસ રેખામાં થોડાં ગૌણ કવિઓએ આપેલા પ્રદાનને પણ મૂલવીએ.

નાકરના સમકાલીન અને ગણદેવીના વતની એવા કીકુ વસહીએ દુહા-ચોપાઇ-બંધમાં ભાગવતના દશમસ્કંધને આધારે 'બાલ ચરિત્ર' અને સાઠ છપ્પાઓમાં વીરરસથી ભરપૂર 'અંગદ્‌વિષ્ટિ'ની રચના કરી છે.

નરસિંહની ચાતુરી સાથે બંધની દૃષ્ટિએ મળતું આવતું 'ગૌરી ચરિત્ર' જૂનાગઢના વણિક શ્રીધરે રચ્યું છે. 'રાવણ-મંદોદરી સંવાદ' પણ શ્રીધરની રચના છે.

ઉધ્ધવે રામાયણના સુંદરકાંડ સુધીનો કડવાંબધ્ધ અનુવાદ કર્યો છે, તેમજ 'બભ્રુવાહન આખ્યાન'ની રચના કરી છે.

વસ્તા ડોડિયા પાસેથી 'શુકદેવાખ્યાન' મળે છે, તો મંગલ પાસેથી 'ધ્રુવાખ્યાન' અને 'નચિકેતા આખ્યાન' મળે છે. મહેમદાબાદ પાસેના કોઇ ગામના વતની લક્ષ્મીદાસે 'ગજેન્દ્રમોક્ષ', 'ચન્દ્રહાસઆખ્યાન' અને 'દશમસ્કંધ' જેવી રચનાઓ આપી છે.

ત્યાર પછી એક નોંધપાત્ર કવિ વજિયો રામાયણ પરથી 'સીતાવેલ', 'સીતા સંદેશ' અને 'રણજંગ' વગેરે રચનાઓ આપે છે. પ્રેમાનંદના 'રણયજ્ઞ'માં યોજાયેલા લોકઢાળ 'રણજંગ'ને મળતા આવે છે. તેમજ 'રણયજ્ઞ' જેવું રૂપકાત્મક શીર્ષક પણ પ્રેમાનંદની મૌલિક કલ્પના નથી. આ રૂપકનું મૂળ વજિયાના 'રણજંગ'માં મળે છે. પદબંધ અને ભાષા દૃષ્ટિએ પણ આ કવિ ધ્યાન ખેંચે છે.

સોળમા શતકના આ કવિઓએ 'આખ્યાન સ્વરૂપ'ની સરવાણીઓ ભલે મંદ ગતિએ, પણ વહેતી રાખી છે.

સત્તરમા શતકમાં પ્રેમાનંદે આખ્યાન કાવ્યોનો ધોધ વહાવ્યા બાદ ફરી પાછી એ સેર પાતળી થતી ચાલી. આખ્યાન કાવ્યનો વિશેષ ચમત્કાર પ્રેમાનંદ પછી કોઇમાં જણાયો નથી. છતાં ક્ષીણ થતા જતા આ પ્રવાહનું સાતત્ય કોઇને કોઇ રીતે થોડા ઘણાં કવિઓએ જાળવવાનો પ્રયત્ન કર્યો છે તેમની પણ નોંધ લઇએ.

ધીરાએ 'દ્રૌપદીવસ્ત્રાહરણ' અને ભોજાએ 'ચેલૈયા આખ્યાન' અને 'ચંદ્રહાસ આખ્યાન' રચ્યાં છે. ગિરધર પાસેથી 'રામાયણ' તેમજ 'રુક્મિણી વિવાહ' , 'સત્યભામા વિવાહ' મળે છે.

ડાકોરના યજ્ઞેશ્વર પાસેથી 'બોડાણા ચરિત્ર' મળે છે, તો ધોળકા પાસેના લિલિયા ગામના વતની તુલસી પાસેથી 'અશ્વમેધ' નામની રચના મળે છે. આ ઉપરાંત 'માર્કેન્ડેય આખ્યાન' અને 'સુદામાચરિત્ર'ના કવિ જગન્નાથ, ''બભ્રુવાહન''નો કર્તા જેરામ અને 'ચન્દ્રહાસાખ્યાન'નો કર્તા સુરતનો ભોજો નોંધનીય છે.

ઉત્તર ભક્તિયુગમાં પણ આખ્યાનનો આ પ્રવાહ મંદ ગતિએ ચાલુ રહ્યો છે.

સં. ૧૭૬૫ માં અમદાવાદના નાગર કવિ તુલજારામને હાથે મૌલિક કૃતિ 'ભાગવત દશમસ્કંધ' રચાઇ છે. સં. ૧૭૫૪ થી સં. ૧૭૬૫ સુધીમાં સુરતના વલ્લભ ભટ્ટને હાથે રચેલાં ત્રણ આખ્યાનો મળે છે. (૧) રેવા માહાત્મ્ય, (૨) સુભદ્રાહરણ અને (૩) દશમ સ્કંધ સિવાયનું 'ભાગવત'. આ તમામ આખ્યાનો પર પ્રેમાનંદની અસર વર્તાય છે.

રણછોડ નામનો ભક્તકવિ પદો ઉપરાંત આખ્યાનો પણ રચે છે. એમાં 'અવતારલીલા', 'નચિકેતા આખ્યાન', 'ગોવર્ધન ઉત્સવ', 'સીતાવેલ' વગેરેનો સમાવેશ થાય છે. બીજો નોંધપાત્ર કવિ પ્રીતમ છે. એણે 'સરસગીતા' રચી છે. ખ્યાત વસ્તુને કવિએ 'કડવા' ને બદલે 'વિશ્રામ'માં રજૂ કર્યું છે. ત્યારબાદ મૂળજી ભટ્ટે સં. ૧૮૧૧ માં ૧૬ કડવાંનું 'નરસિંહ મહેતાનું શ્રાધ્ધ' રચ્યું છે. સં. ૧૮૧૭ માં સૌરાષ્ટ્રના કવિ કાલિદાસ પાસેથી 'પ્રહલાદ આખ્યાન' અને 'સીતાસ્વયંવર' એમ બે કડવાબધ્ધ આખ્યાનો મળે છે.

છેક ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં પણ આખ્યાનના થોડા નોંધપાત્ર કવિઓ આખ્યાન સ્વરૂપના સાતત્યને જાળવવામાં પોતાનું યોગદાન આપે છે.

સ્વામીનારાયણ સંપ્રદાયના કવિ મુક્તાનંદે 'ઉધ્ધવગીતા', 'રુક્મિણી વિવાહ' અને 'સતીગીતા' એમ ત્રણ આખ્યાનો રચ્યાં છે. એ જ રીતે નિષ્કુળાનંદે 'વીરજા આખ્યાન' અને 'પુરુષોત્તમ પ્રકાશ' તથા બ્રહ્માનંદે ''ગૌરી વિલાસ' આખ્યાનો રચ્યાં છે.

મધ્યકાલીન સાહિત્યના છેલ્લા સિતારા રાસકવિ દયારામ પાસેથી પણ થોડાં આખ્યાનો મળે છે. 'કુંવરબાઇનું મામેરું' ઉપરાંત 'કૃષ્ણ ઉપવીત', 'મીરાં ચરિત્ર', 'રુક્મિણી વિવાહ', 'સત્યભામા વિવાહ' વગેરે આખ્યાનો ઉપરાંત નામસ્મરણનો મહિમા વર્ણવવા માટે 'અજામિલ આખ્યાન' લખ્યું છે. અહીં કવિ દયારામે 'કડવા'ને બદલે 'મીઠાં' શબ્દનો પ્રયોગ કર્યો છે. દયારામની કવિ પ્રતિભા

ગરબી કે પદમાં જેટલી નિખાર પામી છે એટલી લાંબા કાવ્યોમાં પામતી નથી. છતાં મધ્યકાળના છેલ્લા કવિ તરીકે એમણે આપેલા આખ્યાનના પ્રદાનની નોંધ લેવી ઘટે.

આખ્યાન સ્વરૂપ ભલે નામનું, પણ અર્વાચીન કાળમાં પણ ચાલુ રહ્યું છે. કવિ દલપતરામે 'વેનચરિત્ર' અને 'હુન્નરખાનની ચઢાઈ'માં આખ્યાન સ્વરૂપનું જ અનુકરણ કર્યું છે, પરંતુ બદલાતા જતાં યુગ અને યુગમાનસમાં એ ટકી શક્યું નથી.

શ્રી કે. હ. ધ્રુવે 'મેઘદૂત'નો કડવાબધ્ધ અનુવાદ આખ્યાન સ્વરૂપમાં આપ્યો છે. કવિ સુંદરમે 'ઉત્તર-સુદામાચરિત્ર'માં આખ્યાન શૈલીની 'દેશીઓ'નો ઉપયોગ કર્યો છે.

આમ, વીસમી સદી સુધી ખેડાતા રહેલા આ કાવ્ય પ્રકારના વિકાસ સંદર્ભે એટલું કહી શકાય કે પ્રેમાનંદ પછી પ્રેમાનંદ જેવાં સત્ત્વશીલ આખ્યાનો સર્જનારા કવિ ગુજરાતને મળ્યા નથી.

## ૨:૧ ચારણી સાહિત્ય – એક પરિચય :

### ❖ ભૂમિકા :

ગુજરાતી સાહિત્યના મધ્યકાળ પૂર્વેથી પ્રાકૃત અપભ્રંશના ભાષાગત સંસ્કારોને જાળવતી ચારણ-ડિંગળ સાહિત્યની ઉજ્જવળ પરંપરા જોવા મળે છે. ડૉ. તેસ્સિતોરી જેને 'જૂની પશ્ચિમી રાજસ્થાની' કે અન્ય ભાષાવિદ્દો જેને 'જૂની ગુજરાતી' કે 'મારુ ગુર્જર' કહે છે, તે રાજસ્થાન, માળવા, ગુજરાતીમાં એક સમયે સમાનરૂપે બોલાતી ભાષામાં ઉત્ક્રાંત થઈને વંશ પરંપરાગત રીતે ઉતરી આવીને રાજ્યાશ્રયે તેમજ સ્વતંત્ર રૂપે ચારણોનું ડિંગળ સાહિત્ય વિકસિત - સંવર્ધિત થતું રહ્યું છે. જ્યારે સંસ્કૃત ભાષાના વળતાં પાણી થયાં હતાં ત્યારે ચારણજાતિએ લોકભાષામાં જ એક પછી એક ઉન્નત રચનાઓ કરીને ડિંગળ સાહિત્યની આગવી પરિપાટી ઊભી કરી.

આ સાહિત્ય લોકભાષામાં હોવા છતાં 'લોકસાહિત્ય' નથી. અંતર્ગત લક્ષણોને કારણે ચારણી સાહિત્ય અને લોકસાહિત્ય લોકભાષામાં હોવા છતાં કર્તાગત લાક્ષણિકતાઓને અને કૃતિગત વૈશિષ્ટ્યતાઓને કારણે શિષ્ટ-સાહિત્યના પ્રવાહરૂપે પાંગરેલું દ્દષ્ટિગોચર થાય છે. ચારણ જાતિ દ્વારા સર્જાતું આવેલું આ સાહિત્ય પોતાની વિલક્ષણ ભાષાકીય લઢણને કારણે અલગ તરી આવે છે. તે ભાષા ડિંગળી ભાષા તરીકે ઓળખાય છે. ડિંગળ ભાષામાં હોવાને કારણે જ ચારણોના સાહિત્યને ડિંગળ સાહિત્ય કહેવામાં આવે છે. અપભ્રંશ, વ્રજ અને મારુ ગુર્જર ભાષામાંથી ઘડતર પામીને - ઉત્કર્ષ પામીને આવેલી ડિંગળી ભાષાના પછી તો કાળક્રમે અનેક સ્તરો અસ્તિત્વમાં આવેલાં જોઈ શકાય છે.

## ❖ 'ચારણ' – શબ્દ :

'ચારણ' શબ્દને સમજાવતાં શ્રી લક્ષ્મણ ગઢવી જણાવે છે - ''ચારણ શબ્દ એ 'ચર' ધાતુમાંથી બનેલ નામ છે. 'ચર' એટલે ગતિ કરવી. તે પરથી 'ચરણ' એટલે કે ગતિ કરાવનાર અને તેનું કારક 'ચારણ' પરમતત્ત્વની ગતિમાં પ્રગતિ કરાવે તે ચારણી.''

'ચારણ' એ ભારતવર્ષનું કવિકુળ છે. સંસ્કારકુળ છે. 'ચારણ' શબ્દ વેદકાળથી જોવા મળે છે. તેનો સૌથી જૂનામાં જૂનો ઉલ્લેખ 'યજુર્વેદ'ના ૨૬ માં અધ્યાયની બીજી ઋચામાં સાંપડે છે. ઋગ્વેદ, વાલ્મીકિ રામાયણ, મહાભારત, પુરાણો, શ્રીમદ્ ભાગવત તેમજ જૈનશાસ્ત્રોમાં ચારણ વિશે વિગતો નોંધાયેલી છે. આમ, વૈદિક સંસ્કૃતથી માંડીને શિષ્ટ સંસ્કૃત, પ્રાકૃત-અપભ્રંશ તેમજ અર્વાચીન ઉત્તર ભારતીય ભાષાઓમાં 'ચારણ' શબ્દ વિશિષ્ટ માનવજાતિને પ્રગટ કરતા નામ તરીકે ઉલ્લેખ પામતો આવ્યો છે.

'ચારણ' શબ્દની વ્યુત્પત્તિ અનેક રીતે વિદ્વાન - અભ્યાસીઓ દ્વારા કરવામાં આવી છે. એ બધી વ્યાખ્યાઓ અને વિચારણાઓમાંથી પ્રાપ્ત થતી અર્થચ્છાયાઓ દર્શાવે છે કે, ચારણ જ્ઞાતિ આરંભથી જ પરંપરામાં વહેતા સાહિત્યને મુખપાટ દ્વારા વારસાગત રીતે જાળવતી સાહિત્યવાહક જ્ઞાતિ છે. એટલું જ નહીં પણ પ્રસ્તુતિ - પ્રશસ્તિ તેમજ ઉચ્ચતર ભાવનાને કેળવતી વિદ્વતાપૂર્ણ રચનાઓ આ જ્ઞાતિ દ્વારા થતી જોવા મળે છે. જૂની ગુજરાતીનાં સમયમાં વ્યવસ્થિત રીતે જોવા મળતી ડિંગળ સાહિત્યની પરંપરાને જોતાં જણાય આવે છે કે, ચારણો કવિ, ગાયક અને સલાહકારની ત્રિવિધ કામગીરી અદા કરતાં આવ્યાં છે અને રાજાઓના મિત્ર બનીને રહ્યાં છે. એ રીતે ડિંગળ સાહિત્યનો ઉદ્ગમ અને વિકાસ રજપૂત યુગમાં રાજ્યાશ્રયે થયેલો જોવા મળે છે.

## ❖ ચારણ જ્ઞાતિ :

અત્યાર સુધી થયેલાં ચારણજ્ઞાતિ વિશેનાં સંશોધનો અને વિચારણાને આધારે આપણે ચારણજાતિ વિશે અહીં સંક્ષેપમાં નોંધી શકીએ.

ચારણ જાતિના મૂળપુરુષ તરીકે લોમહર્ષણ ઋષિને માનવામાં આવે છે. ચારણ જ્ઞાતિના મૂળ વતન તરીકે સુમેરુ પર્વતનો ઉલ્લેખ જોવા મળે છે. જ્યાંથી પૃથુરાજાએ તેમને લઇ આવી આર્યાવર્તમાં વસાવ્યાની વાત પુરાણોમાં નોંધાયેલી છે. નૃવંશશાસ્ત્રની દષ્ટિએ ચારણ જ્ઞાતિનો સંબંધ નાગજાતિ કે મોંગોલિયન જાતિ સાથે છે. આર્યાવર્ત નિવાસી બન્યાં પછી તેલંગમાંથી માળવા, કચ્છ, થર, સૌરાષ્ટ્ર,

સિંધ, ગુજરાત અને રાજપૂતાનામાં ફેલાયાં હોવાનું અનુમાન કરવામાં આવે છે. હાલ ચારણની વસ્તી રાજસ્થાન, ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં છે.

પુરાણોમાં ચારણનો, દેવોના સ્તુતિ - સ્તવનો ગાનારી અને મંદિરમાં પૂજા - અર્ચન કરનારી પવિત્ર જાતિ તરીકે ઉલ્લેખ જોવા મળે છે. આ પુરાણયુગીન ચારણોની પરંપરા શાસ્ત્રના પઠન-પાઠન કરનારા ઋષિમુનિ તરીકે ઇતિહાસયુગમાં પણ ચાલુ રહેલી જોઇ શકાય છે. મધ્યકાળમાં રાજ્યાશ્રય પ્રાપ્ત કરીને ચારણો રજપૂતો સાથે અભિન્ન રીતે જોડાયેલાં રહ્યા. ચારણ ગુણ અને ધર્મમાં શૂરવીરતા તેમજ સત્યના પરિપાલક, વિષ્ટિકાર, મિત્રતા, યશોગાયક તથા કરોડ-લાખ પસાવના અધિકારી રહ્યા છે. રજપૂત રાજાઓના અનન્ય મિત્ર એવા ચારણોના સાહિત્યનું મુખ્ય પ્રેરકબળ તેમનામાં રહેલી જન્મજાત કવિત્વ શક્તિને જ ગણાવી શકાય. લોહીના સંસ્કારરૂપે જન્મજાત મળતી આ કવિત્વ શક્તિને કારણે જ ચારણોને ‘સરસ્વતીપુત્ર’ કે ‘દેવીપુત્ર’ તરીકે ઓળખવામાં આવે છે. ચારણ જ્ઞાતિ શક્તિની ઉપાસક છે. સાત્ત્વિક ગુણધર્મો ધરાવતી ચારણજ્ઞાતિમાં અનેક યોગ-માયાઓ, મહાત્માઓ, વીરપુરુષો ને વિદ્વાનોનું અવતરણ થયેલું જોઇ શકાય છે.

## ❖ ચારણી સાહિત્ય :

આઠમી - નવમી સદીથી માંડીને ચૌદમી સદી દરમ્યાનનો સમયગાળો ચારણી સાહિત્યનો ઉદ્‌ભવ - વિકાસ - ઘડતરનો ગણવામાં આવે છે. એ સમયગાળા દરમ્યાન રજપૂત રાજાઓના આશ્રયે ચારણી સાહિત્ય વિકસિત થતું જઇને ઉત્તમોત્તમ ઉન્મેષો પ્રક્ટાવતું થયું અને તેણે પોતાની આગવી, મૌલિક પરિપાટી ઊભી કરીને વ્યવસ્થિત પરંપરાનું નિર્માણ કર્યું. ચૌદમી સદીથી છેક અદ્યાપિ પર્યન્ત તેની સરવાણી વહેતી આવી છે. આ ચારણી સાહિત્યમાં સત્ય, માનવીય મૂલ્યો, વીરત્વ, સતીત્વ, દેશભક્તિ, સ્વામીભક્તિ, પરોપકારવૃત્તિ, શૌર્ય, સ્વધર્મપ્રીતિ, ઇત્યાદિનું કલાત્મક રીતે મહિમાગાન થયેલું છે. શૌર્ય અને શહીદી એ ચારણોનો પ્રિય કાવ્યવિષય રહ્યો છે. વીરરસના અખૂટ ખજાના સમાન આ ચારણી સાહિત્યએ પોતાના આરંભકાળે જ ઉપશમને રજૂ કરતી અપભ્રંશભાષાના શાન્તરસપૂર્ણ કાવ્યપ્રવાહને વીરરસના રંગે રંગીને ગતિમાન સ્વરૂપ બક્ષી જીવન્ત બનાવેલો. શૌર્ય અને ઉચ્ચ જીવનમૂલ્યોને પ્રેરણા અને પ્રોત્સાહન આપતા ચારણોના આ જીવન્ત સાહિત્યને ડૉ. જગદીશ પ્રસાદ ‘વિશ્વસાહિત્યને મળેલી એક અપૂર્વ ભેટ’ તરીકે ઓળખાવે છે. તે વાતમાં ઘણું તથ્ય રહેલું છે. ભારતીય સંસ્કૃતિના સાત્ત્વિક તત્ત્વો તેમજ ભારતીય જીવનમૂલ્યોનું પ્રતીતિકર રીતે નિરૂપણ કરનારું આ સાહિત્ય ઘણું અર્થપૂર્ણ અને કલાપૂર્ણ કોટિનું રહ્યું છે.

'મારુ ગુર્જર' ભાષામાં ડિંગળ સાહિત્યનો ઉગમ કવિ માવલ વરસડાની આદ્યરચનાઓથી ગણવામાં આવે છે. જેમની કૃતિઓ મેરુ તુંગાચાર્યના 'પ્રબંધ ચિંતામણિ'માંથી ઉદધૃત થઇ છે. તે દષ્ટિએ ચારણી સાહિત્યનો ઉગમ વિક્રમની દસમી સદીથી થયેલ ગણાય. તે પછીના સમયમાં વ્યવસ્થિત રૂપે ડિંગળ સાહિત્યની કૃતિઓ મળતી જોઇ શકાય છે. 'હમીર રાસો', 'વિજયપાલ રાસો', 'પૃથ્વીરાજ રાસો', 'રણમલ્લ છંદ', 'ઢોલામારુના દુહા', 'વીરમદે રાસો' વગેરે એ કાળની ડિંગળની રચનાઓ છે. ચારણી સાહિત્યમાં અનેક પ્રકારો હોવાના કારણે તે વૈવિધ્યસભર છે. વળી, વિશિષ્ટ છંદો વિધાન, આગવો નાદ વૈભવ તેની પોતીકી લાક્ષણિકતા છે. સામાન્ય રીતે ડિંગળ કાવ્ય સાહિત્ય પણ પ્રબંધ અને મુક્તક એવા બે મુખ્ય વિભાગોમાં વર્ગીકૃત છે. રાસો, પ્રકાશ, વિલાસ, રૂપક, છંદ, વેલી અને પ્રબંધ આદિ પ્રબંધકાવ્યો ડિંગળ સાહિત્યમાં જોવા મળે છે અને તે દરેક સ્વરૂપગત વૈવિધ્ય ધરાવે છે.

આમ, ચારણી - ડિંગળ સાહિત્યની રાસો પ્રકારની રચનાઓ ઘણી વખત દીર્ઘ પટ ધરાવતી પણ જોવા મળે છે. 'પૃથ્વીરાજ રાસો', 'રાજરાસો', 'રાજરૂપક', 'ખુમાણ રાસો' વગેરે તેનાં ઉદાહરણો છે. કેટલાક રાસા ખંડકાવ્યના સ્વરૂપને પ્રકટ કરે છે જેમ કે, 'રાઉ જેતસી રો રાસો', 'વેલી કિસન રુકમણી રી', 'નાગદમણ', 'વીરમદે રાસો' વગેરે. તદુપરાંત આ બધાથી સ્વરૂપમાં તદ્દન અલગ પડે તેવી ઋતુકાવ્યની પરંપરા પણ ડિંગળ સાહિત્યમાં રહેલી જોઇ શકાય છે. એ જ રીતે બારમાસી, સપાખરુ, વચનિકા, ગીત, દુહા વગેરે રચનાઓનાં પણ ઉત્કૃષ્ટ ઉદાહરણો ચારણી સાહિત્યમાં જોવા મળે છે.

અનેક વિદ્વાનોએ 'ડિંગળી ભાષા એ વીરરસની ભાષા છે.' એવું લખ્યું છે. જો કે એ સાચું છે છતાં તેમાં બીજા - ભક્તિ, શૃંગાર, શાંત અને વાત્સલ્ય - અનેક રસોને પણ ચારણી સાહિત્યમાં પૂરતું મહત્ત્વ અપાયેલું જોઇ શકાય છે. રસસંક્રાંતિની સાથોસાથ વિશિષ્ટ નાદવૈભવ, આગવી સાહજિક ભાષા, પ્રચુર અલંકારનિરૂપણ, વિલક્ષણ કથા વર્ણનકલા અને તેને કારણે સહજ રીતિ પમાતી કલાત્મકતા ડિંગળી ભાષાનાં ધ્યાનાર્હ લક્ષણો છે.

ચારણ કવિઓની ડિંગળ રચનાઓમાં વિષયો પણ અનેકવિધ રૂપે નિરૂપણ પામેલા છે. વિષયની દષ્ટિએ જોઇએ તો પ્રસંશાત્મક કાવ્ય, નિંદાત્મક કે ઉપાલંભ કાવ્ય, વીર, ભક્તિ, શૃંગારિક, ઐતિહાસિક, રાષ્ટ્રીય, શોક કે મરશિયા કાવ્ય, સતી-મહાત્માનાં કાવ્ય, પ્રકૃતિ-પ્રેમ-ધર્મ-બોધ કાવ્ય-ઇત્યાદિ પ્રકારો અલગ તારવી શકાય તેમ છે.

### ❖ ચારણી સાહિત્યની વ્યાખ્યા :

'ચારણી' સાહિત્ય એ નામાભિધાન તો કર્યું, પણ ચારણી સાહિત્યની વ્યાખ્યા શી ? આનો ઉત્તર એ છે કે, ચારણી સાહિત્યને પોતાના આગવા છંદશાસ્ત્ર, અલંકાર નિયમો અને કાવ્યરીતિ છે. એ કોઇ એક કોમનું નહીં પણ એક શૈલી વિશેષનું સાહિત્ય છે. એનો ઉદભવ ભલે ચારણની જીભે થયો પણ એના સર્જકોમાં ચારણ, ભાટ, રાવળ, મોતીસર, મીર, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વણિકો અને હરિજનો - એ સર્વનો સમાવેશ થાય છે. એ કોમ અને ધર્મના વાડાથી પર એવું વિશાળ સ્તરનું સાહિત્ય છે.

અનેક વિદ્વાનોએ ચારણી સાહિત્યને એક શૈલી વિશેષનું સાહિત્ય ગણ્યું છે. શ્રી સીતારામજી કહે છે કે, "ચારણી સાહિત્ય"નું તાત્પર્ય અહીં ચારણી શૈલીમાં લખાયેલ સાહિત્ય છે. સીતારામ લાળશ રાજસ્થાની શબ્દકોશમાં એમ પણ કહે છે કે, "ચારણી સાહિત્યના સર્જકો કેવળ ચારણો જ નથી. રાવળ, મોતીસર, રજપૂત, બ્રાહ્મણ, મીર વગેરે પણ છે. આ કારણે જ ડિંગળનું મુખ્ય સાહિત્ય ચારણી જ છે."

## ૨:૨ ચારણી સાહિત્ય – સ્વરૂપ અને વૈશિષ્ટ્ય :

ચારણી સાહિત્યનાં સ્વરૂપની વિચારણા દર્શાવતાં અનેક અભ્યાસો વિદ્વાનો દ્વારા પ્રાપ્ત થાય છે. તેમાં શ્રી મોતીલાલ મેનારિયાં, શ્રી ઝવેરચંદ મેઘાણી, શ્રી મનોહર પ્રભાકર, શ્રી ગિરિધારીલાલ શર્મા, શ્રી કાશીરામ શર્મા, શ્રી રઘુવીરસિંહ, ડૉ. જગદીશ પ્રસાદ શ્રીવાસ્તવ, શ્રી ગોવર્ધન શર્મા, શ્રી સૌભાગ્યસિંહ શેખાવત વગેરેએ ચારણી સાહિત્યની વિશેષતાઓ અલગ તારવી બતાવી છે. જેમાં નોંધપાત્ર નીચે મુજબ છે.

(૧) એનું છંદશાસ્ત્ર અલગ છે. ૧૨૦ પ્રકારના ગીત નામે એના આગવા છંદો છે તો પણ પ્રચલિતપણે એનાં ૮૪ ગીતો મુખ્ય મનાયાં છે.

(૨) ચારણી અલંકારોમાં 'વયણસગાઇ' એ ચારણી સાહિત્યનો પોતાનો અલંકાર છે.

(૩) જથાઓ કે જેને સૌભાગ્યસિંહ શેખાવત એક અલંકાર વિશેષ કહે છે તે પણ ચારણી સાહિત્યની એક વિશેષતા છે.

(૪) વ્રજ અને સંસ્કૃતના કાવ્યદોષોથી જુદા એવા ૧૧ પ્રકારના નિમ્નોક્ત કાવ્યદોષો ચારણી સાહિત્યના અભ્યાસીઓએ તારવ્યા છે. અન્ય છળક્લા, નિનંગ, પાંગળો, જાતિ, વિરુદ્ધ અપસ, નાળછેદ, પખતૂટ, અને અમંગળ.

(૫) ચાર પ્રકારની ઉક્તિઓ : પરમુખ, સન્મુખ, પરામુખ અને શ્રીમુખ.

આટલી વિશિષ્ટતાઓને કારણે ચારણી સાહિત્ય ગમે તે ભાષામાં રચાયું હોય તો પણ ભાષાના સાહિત્યમાંથી ચારણી સાહિત્યને અલગ તારવવું, જુદું પાડવું મુશ્કેલ તો નથી જ. વળી, 'વયણસગાઈ' એવો અલંકાર છે કે, જેના વડે સંસ્કૃત છંદોનો ચારણી સાહિત્યમાં પ્રયોગ કરવા છતાં એ ચારણી સાહિત્યને જે તે ભાષાના સાહિત્યથી જુદું તારવી શકાય છે. આ કારણે જ ચારણી સાહિત્યના રચયિતાઓએ 'વયણસગાઈ'નો આગ્રહ રાખેલો છે, નહીં તો એક જ ભાષામાં રચાયેલા સાહિત્યની એક મુખ્ય વિશેષતા છે - વીરરસ. આટલી કાવ્ય શાસ્ત્રીય વિશેષતાઓ ચારણી સાહિત્યમાં રહેલી છે જ, તે જ ચારણી સાહિત્યને ઓળખવા માટે પૂરતી, પર્યાપ્ત છે.

## ૨:૩ ચારણી સાહિત્ય – ઉદ્ભવ અને વિકાસ :

ચારણી સાહિત્યનો આદિકાળ કચ્છના લાખા ફુલાણીના કવિ માવલ વરસડાથી શરૂ થાય છે. ઈતિહાસ પ્રમાણે લાખા ફુલાણીનો સમય વિ.સં. ૯૧૧ થી ૧૦૩૫ સુધીનો ગણાય છે. એ હિસાબે માવલ વરસડાનો પણ એ જ સમય ગણાય છે. વળી, સોલંકી યુગના સાહિત્યમાં પણ લાખા ફુલાણીના દુહાઓ મળે છે. તે ઉપરાંત અનેક જૈનાચાર્યોએ પોતાની રચનાઓમાં સોલંકીકાલીન ચારણી સાહિત્યના અનેક પદ્યો ઉદ્ધૃત કર્યા છે. આચાર્ય હેમચંદ્રના કેટલાક દુહાઓ શૈલીદૃષ્ટિએ ચારણી સાહિત્ય જ છે. એટલે લાખા ફુલાણીના સમયથી ચારણી સાહિત્યનો ઉદ્ભવકાળ માનીએ તો તે સવિશેષ યોગ્ય કહેવાશે.

આ કાળના કવિઓમાં કેટલાકનાં નામ ન મળતાં કેવળ પદ્ય જ મળે છે. પણ એ પદ્યના કર્તાનું નામ પછીના મધ્યકાલીન સાહિત્યમાંથી ક્યારેક મળે છે.

"સુન્દર સરી અસુરાંહ (દલિ) જલ પીધઉ વયણે હિ.
ઉદય નારિદિહી કરિઉ, તહ નારી નયણે હિ."[૨૪]

(મંત્રી યશોવીર પ્રબંધ/પૃ. ૫૦)

**આ દુહાનો - 'નેણશી રી ખ્યાત' (ભાગ-૧) માં પૃ. ૨૦૩ માં આવો પાઠ મળે છે -**

"સુન્દર સર અસુરાહ દળે જળ પિયો વેણે હુ;
ઉદે નરચંદ કાઢિયા, તસ નારી નયણે હુ."

આજે જેને ચારણી સાહિત્ય નામે ઓળખવામાં આવે છે અને જેનું સોલંકીકાલીન સ્વરૂપ આપણે જોયું તે વાઘા બદલીને જેમ એકનો એક નટ અન્ય વેશે રંગભૂમિમાં પ્રવેશે તેમ સંસ્કૃતમાંથી ગુર્જર અપભ્રંશમાં અવતરિત થયેલું આ સાહિત્ય છે.

વિદ્વાનોના મતે ચારણી સાહિત્યના મૂળ ઊંડા છે. શ્રી કાશીરામ શર્મા માને છે કે, ''ચારણી સાહિત્ય એ સુત સાહિત્યની પરંપરા છે. ''શ્રી કે. કા. શાસ્ત્રીનો મત પણ એ જ પ્રકારનો છે, અને શ્રી રતુદાન રોહડિયા પણ એ જ જાતનું સમર્થન કરે છે. તેઓ પુરાણો અને મહાભારત આદિમાં ચારણોને ઋષિજન અને દેવ તરીકે જ મહત્ત્વ આપે છે, તેમ આ સાહિત્યના મૂળ ઊંડા છે, તેનું પ્રમાણ ગણે છે.

અલબત્ત, પ્રારંભે ચારણી સાહિત્ય કંઠસ્થ રાખવાની પરંપરા હોવાથી પ્રાચીનકાળનું ચારણી સાહિત્ય ઉપલબ્ધ થતું નથી. હાલ ઉપલબ્ધ ચારણી સાહિત્યનો ઉદ્ભવ વિક્રમની અગિયારમી સદીના પહેલા ચરણથી થયો માની શકાય. જો કે, દુહા જેવા ચારણી શૈલીના માત્રિક છંદો તો એ સમય પહેલાં જ જન્મી ચૂક્યા હતા, પણ એ દુહાનું લોકપ્રિયપણું તો વિક્રમની અગિયારમી સદીથી જ સ્થાપિત થયું, એમ માની લેવામાં વાંધો નથી.

ચારણી સાહિત્યનાં પ્રાચીન કવિઓમાં સતનાથ ભાટ, માવલ વરસડા, બાલવટ ભાટ, બીજલ, આણંદ, કરમાણંદ, માણવલ્લી, હોલબાઇ ઉઢાસ, રામ-રતન, લુણપાળ મહેડુ વગેરેનો સમાવેશ થાય છે. તો મધ્યકાલીન ચારણી સાહિત્યના કવિગણમાં લુપા રોહડિયા, આશાજી રોહડિયા, ઇસરદાન રોહડિયા, માંડણ વરસડા, હરદાસ મિસણ, સાંયાજી ઝૂલા, જગમાલ મહેડુ, જીવણ રોહડિયા, ગોદડ મહેડુ, હમીરજી રતનું, લાંગીદાસ મહેડુ, ફૂલ વરસડા અને કરસનદાસ બાલિયા, દુરસા આઢા, બાંકીદાસ આશિયા, કરણીદાન કવિયા, વીરભાણ રતનું, જગાજી ખડિયા, ઘેલા ખડિયા અને પ્રાતઃ સ્મરણીય બ્રહ્માનંદજી વગેરેનો સમાવેશ થાય છે.

આમ, આપણે જેને ચારણી સાહિત્ય નામે ઓળખીએ છીએ અને જેનું સોલંકીકાલીન સ્વરૂપ જોયું તે જૂની ગુજરાતી કે ગુર્જર અપભ્રંશ જે કહો તે પણ આદ્ય ગુજરાતી ભાષાના વળોટને સાચવીને તેમાં જન્મેલ, એક નટ અન્ય વેશે - રંગભૂમિમાં પ્રવેશે તેમ સંસ્કૃતમાંથી અપભ્રંશમાં અવતરિત થયેલું આ સાહિત્ય છે.

શ્રી મોતીલાલ મેનારિયા આ બધી પ્રક્રિયાને આ રીતે વર્ણવતાં પ્રથમ સંસ્કૃત એ લોકસમાજની બોલી હોવાનું સ્વીકારતાં અને પછી લોકભાષા લેખે જ્યારે જૂની ગુજરાતી ડિંગળી વિકસી ત્યારે એ નવોદિત ભાષાને રાજદરબારમાં પહોંચાડવામાં ચારણોના ફાળાનો સ્વીકાર કરતાં લખે છેઃ ''પછી જ્યારે ડિંગળ (તાત્પર્ય કે જૂની ગુજરાતી) સારી રીતે વિકસિત થઇ પ્રૌઢાવસ્થામાં પહોંચી ત્યારે તેનો પણ રાજદરબારે પ્રવેશ થયો, અને સંસ્કૃતની સાથે એને પણ સન્માન મળવા લાગ્યું. ડિંગળને રાજસભામાં પહોંચાડવામાં મુખ્ય હાથ ચારણ આદિ વિશેષ જાતિના લોકોનો હતો.''

આટલી ચર્ચા પછી ચારણી સાહિત્યનો મહત્ત્વલક્ષી વિચાર કરીએ.

## ૨:૪ ચારણી સાહિત્યનું મહત્ત્વ :

ચારણી સાહિત્યનું નામ પડતાં જ, આપણા સાક્ષરોના મનમાં તેમાંથી રાજસ્થાની ભૂમિમાં જન્મેલ અને ત્યાંથી ગુજરાતમાં આયાત થયેલાં એક સાહિત્ય - સંસ્કારધનની જ છાપ ઉપસતી રહેલી છે. પરંતુ ખુદ મેઘાણીએ પણ પોતાના 'ચારણો અને ચારણી સાહિત્ય'માં 'ચારણ રો પિયર' ગણાયેલાં સૌરાષ્ટ્ર અંગે જે વિધાનો કર્યાં છે એ દ્વિધાત્મક લાગે છે.

ગુજરાત અને રાજસ્થાનમાં ચારણી સાહિત્ય નામે એક વિરલ સંસ્કાર ગંગોત્રી હોવાનો ગુજરાતી ભાષા - સાહિત્યના અભ્યાસીઓનો મત છે. ગુજરાતને ચારણી સાહિત્યના અસ્તિત્વની જાણ થયેલી પણ તેને સમજનારાઓમાં કંઇક ભેળસેળ ભરી સમજણ હતી કે, ચારણી સાહિત્ય એટલે 'લોક સાહિત્ય'. પછી જેને જેમ ફાવે તેમ કોઇક 'લોકસાહિત્ય' તો કોઇક 'ચારણી સાહિત્ય' એવાં સંબોધનો વડે ડાયરાઓ અને રેડિયો પર રજૂઆત કરવાં માંડ્યાં. પરિણામે ઇસરદાસથી માંડીને દુલા કાગ સુધીના સૌને વણમાગ્યું લોકકવિનું બહુમાન મળી ગયું અને એમનું સાહિત્ય - પછી તે ચારણી હોય કે શિષ્ટ - પણ લોકસાહિત્યને નામે રજૂ થતું રહ્યું.

ચારણી સાહિત્યના ઉત્પત્તિ - વિકાસ અને સ્વરૂપ વિશે, તેમના સર્જકો વિશે પ્રકાશ પાડનાર શ્રી કે. કા. શાસ્ત્રીએ તેમના 'કવિ ચરિત'માં ચારણી સાહિત્ય વિશેની પ્રમાણભૂત માહિતી આપી છે. ચારણી સાહિત્યના અત્યાર સુધીના શોધાયેલાં નાના મોટા સર્વ સર્જકોનો અને એમના સર્જનનો પરિચય 'ચારણી સાહિત્યનો ઇતિહાસ'[(૨૫)]માંથી મળી રહે છે.

ચારણી સાહિત્ય વિશેની 'શોધયાત્રા' વર્ષો પહેલાં ૧૯૭૦ ની સાલમાં શ્રી રતુદાનભાઇએ કરેલી, જે 'ઊર્મિનવરચના'માં ૨૩ હપ્તા સુધી ચાલેલી. એ લેખમાળામાંથી આપણને ચારણોના

કર્તવ્યની અનેરી ભાત જોવા મળે છે. અનેક છૂટક લેખો દ્વારા પણ આપણને ચારણોનો પરિચય મળી રહે છે.

આજે તો ચારણોમાં - રાજસ્થાન અને ગુજરાત બંને પ્રદેશોના - એ વાત સર્વસ્વીકૃત બની છે કે, ચારણો અને ચારણી સાહિત્યની જન્મભૂમિ ગુજરાત છે. ગુજરાતમાંથી ચારણ અને ચારણી સાહિત્ય રાજસ્થાન અને માળવા - હરિયાણા સુધી ગયું છે. આ રીતે, ગુજરાતનું ગૌરવ સવિશેષ વૃદ્ધિ પામ્યું છે.

'ચારણી સાહિત્ય' ગુજરાતમાં કહેવાય છે અને રાજસ્થાનમાં 'ચારણ સાહિત્ય' કહેવામાં આવે છે. ગુજરાતના ચારણોએ ડિંગળ, વ્રજ અને ગુજરાતી - એવી ત્રણ ભાષાઓ ઉપરાંત કચ્છી જેવી પ્રાદેશિક ભાષાઓમાં સર્જન કર્યું છે. 'ચારણી સાહિત્ય' જાતિવાદી - સંકુચિત અર્થમાંથી બહાર આવીને ચારણોએ જન્માવેલી એક નિરાળી જ કાવ્ય પરંપરાનું સ્વરૂપ પ્રગટ કરે છે, અને પોતાના નામ દ્વારા જન્મદાતા જાતિવિશેષનું ઋણ સ્વીકારવા છતાં રાષ્ટ્રીય મહત્ત્વને ધારણ કરે છે.

ગુજરાતી ભાષાની પોતાની દૃષ્ટિએ આમ " 'ચારણી સાહિત્ય' શબ્દ પ્રયોગ બરોબર ઔચિત્યપૂર્ણ બની રહે છે. આ કારણે જ રાષ્ટ્રીય ભાવાત્મક એકતાની દૃષ્ટિએ હિન્દી પછી ચારણી સાહિત્ય સ્થાન પામી જાય છે. આમ, એવો અર્થ નથી કે કેવળ ડિંગળ ભાષામાં રચાયેલું સાહિત્ય જ ચારણી સાહિત્ય છે. ભાષા ભલે ગમે તે રહી, પણ જો એ રચના ચારણી છંદશાસ્ત્ર અને એની આગવી કાવ્યરીતિને અનુસરતી હોય તો એનો સમાવેશ ચારણી સાહિત્યમાં થઇ શકે છે." જ્યારે 'ચારણ સાહિત્ય' એ ગુજરાતી ભાષાની પોતાની દૃષ્ટિએ એક વિશેષ શૈલી અને કાવ્યરીતિનું દ્યોતક ન રહેતાં કેવળ ચારણ જાતિ દ્વારા રચાયેલ ગમે તે કાવ્યરીતિ અને ગમે તે છંદપ્રકારમાં રચાયેલું સાહિત્ય બની રહે છે.

આ કારણે જ મહાકવિ ઇસરદાસજીની કેટલીક રચનાઓ 'વ્રજ ભાષા પાઠશાળા'માં ચારણ વિદ્યાર્થીઓ કે જેમણે વ્રજભાષા અને સંસ્કૃત છંદશાસ્ત્રને અનુસરીને જે સાહિત્ય સરજયું એ સર્વ સાહિત્ય કે જેમાં સામદાસ વરસડા જેવા અનેક પ્રતિભાશાળી કવિઓ છે. તે અને વર્તમાન સમયના કવિઓમાં શ્રી દુલા કાગ સહિતના અનેક કવિઓની ઘણી રચનાઓને 'ચારણ સાહિત્ય'માં સ્થાન નહીં મળે તો સામી બાજુ અનેક મીર, રાવળ, મોતીસર, બ્રાહ્મણ, નાગર, રાજપૂત અને વણિક કવિઓને 'ચારણી સાહિત્ય'માં સ્થાન મળશે. દા.ત. - શિહોરના નાગર કવિ હરખજી મહેતાની કેટલીક

ડિંગળ રચનાઓ, બ્રાહ્મણ કવિ લાલ ભટ્ટ, ધન ભટ્ટ, મૂળજી ભટ્ટની રચનાઓ તથા વિપ્ર નારણજીનો 'રામરાસો' ચારણી સાહિત્યમાં આવી જશે.

ચારણો પાસે હજી હસ્તપ્રતો પણ પડી જ છે. ફાર્બસ સભાની હસ્તપ્રતો પણ ચારણો પાસેથી મળેલ છે. ફાર્બસ સાહેબ પછી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ સ્વ. શ્રી ડોલરરાય માંકડે ચારણી સાહિત્યની શોધના સાચી દિશાના પ્રયાસો આરંભ્યા.

આમ, આધુનિક સમયથી શરૂ કરીને પગથિયે પગથિયે અંદર ઉતરતા એ ઇતિહાસના તળિયે જઇ પહોંચીએ. આધુનિકમાં આધુનિક નિર્દેશ પ્રમાણે 'કઢીદાનજી' જેવા, ઉદરપૂર્તિને સારું કે ખુશામત - શબ્દ કહીએ છીએ. એ શબ્દપ્રયોગ કરતી વેળા આપણી નજરમાં ચારણી કવિતાનો આજે સાચે સાચ થઇ રહેલો કેટલોક દુરુપયોગ આવી રહે છે. આજથી છેક ફાર્બસ સાહેબ પર્યન્ત પહોંચીએ તો એ જ બદનામી.

> ''ભાટ ભ્રામણનું લાકડું, તોવણ પોસાર્યું પેસે;
> ક્યું હોય કે ચોરે આવજો, તો ઘરમાં આવી બેસે ?''(૨૬)

આજે ચારણનું આગમન એ ચારણ સાહિત્યનો વિષય છે. આજનો ચારણ એ વાણીવિક્રય કરી શકે છે. પણ એવો હીન વાણીવિક્રય તો બીજી કઇ કોમ નથી કરતી ? ચારણોને જાચક - માગણ તરીકે પણ ઓળખાવાય છે.

> ''જોગાહર જાચણ તણી,
> ધાયું કાન ધરે;
> કાઠી કટક કરે,
> મૂળવા ટીકર મારવે.''(૨૭)

ટીકર ગામના સોરઠી રજપૂતોએ પોતે જેની ભેંસો ચોરી હતી તે એક ચારણીનું એનાં સ્તનોને ઉદ્દેશીને અશ્લીલ અપમાન કર્યું. તેનો બદલો લેવા એક ચારણી ચોટીલાના કાઠી રાજવીના મૂળુ ખાચર પાસે જઇને કહે છે કે, ''હે જોગા ખાચરના પૌત્ર ! (જોગાહર) મારી ચાચકની (જાચણી તણી) ધા સાંભળજે અને લશ્કર લઇ જઇને ટીકરને રોળી નાખજે.

> ''વઢી દેને ! વીર મથો મંગણહાર કે;
> દાતારે મન ખીર; અદાતા ઘણું કઠણ જે.''(૨૮)

("હે વીર; માગણહારને માથું વાઢી દે છે. દાતાને મન એ સહેલું છે, કંજૂસને એ કઠણ લાગે છે.)

આ સિવાય એમના જ સાહિત્યમાં ચારણને માટે 'અપળાં' વગેરે જે શબ્દો યોજાયા છે, તેનો પણ અર્થ 'યાચક' એવો થાય છે.

ચારણો એટલે 'કુશીલવા' ભટકતા નટો એવો અર્થ 'અમરકોશ'માં આપ્યો છે. તેની સામે રજપૂતાનાનો આખો મધ્યયુગ ચારણોના કીર્તિસાગરનું મહાગર્જન સંભળાવતો ઊભો છે. ચારણ એટલે ગઢવી. રાજાઓના ગઢકિલ્લાની ચાવીઓનો એ રખેવાળ હતો અને દષ્ટાંતો તો એમ દાખવનારાં પણ મળે છે, કે પર આંગણે રહેતા રાજપુત્રોના બ્રહ્મચર્યનો ચોકીદાર પણ ચારણ હતો, એ યુવાનોની ચાવી ચારણ પાસે રહે, ચારણ આવીને ખોલે ત્યારે જ પરદેશવાસી ક્ષત્રિય યુવાન હાજતે જઇ શકે.

ચારણ એટલે રાજ્યો - રાજ્યો વચ્ચેનો સંધિવિગ્રાહક. ચારણ અને રજપૂતોની ઠકરાતો વચ્ચેનો સંબંધ મશહૂર છે. રાજવળાંમાં વસનાર તરીકે એની રીતરખાવટ વિશે દોહો છે -

"ગુંજબેરા, દ્રવ્ય અંધળા, ઝુઝણ વેળાયનંદ,
રાજદ્વારે વેંડળા, સો લક્ષણ કવિચંદ."[૨૯]

(છૂપી વાતો પરત્વે કેમ જાણે બહેરા હોય, જાણે કદી સાંભળ્યું જ ન હોય તેવી અદાથી પર રહસ્ય સાચવનારા, દ્રવ્યના ઢગલા પડ્યા હોય તેની સામે અંધ સમા, રાજમહેલોની રમણીઓ પરત્વે નપુંસકહીજડા સરીખા ઉત્તેજનાહીન, યુદ્ધમાં વણીકો જેવા અર્થાત્ અહિંસક, એવાં જેનાં લક્ષણો હોય તે કવિ ચારણ.)

આમ, શૂરવીરના બીરદ ગાનારા, કાયરોને રણશૌર્યે રોમાંચિત કરનાર, ચમરબંધી પાપીને પણ મોઢામોઢ પાપી કહેનાર, શરણાગતને સંઘરવામાં રાજરોષની પણ ખેવના ન કરનાર અને ધર્મ પાળનાર. આમ, 'બિરદ શૃંગાર' મેળવનારાં ઉચ્ચ કોટિના ચારણો ગણાય છે.

ચારણને 'દેવી પુત્ર' પણ કહે છે. તે ધર્મપુરુષ લેખે વંદનીય હતો, યશોગાયક લેખે 'લાખ પસાવ' દાનનો અધિકારી હતો અને સત્ય ઉચ્ચારવાની હિંમતને કારણે એ બિહામણો હતો.

એકવાર અકબરના સૈન્યને લઇ ઉદેપુર પર ત્રાટકનાર વિજેતા રાજ માનસિંહ પોતાના ઘોડાને રાણાના પીછોલા તળાવે પાણી પાતો પાતો ગર્વ કરે છે કે, 'આ પીછોલા સરોવરમાં પહેલીવાર રાજ

જોધાએ ઘોડો પાણી પાવા માટે ઘેર્યો ને તે પછી આજ હું બીજો એ રાણાકુળનું ગર્વભંજન કરનાર નીકળ્યો.' સાથે એક ચારણ હતો તેણે તત્કાળ ટોણો માર્યો -

''માના આંજસ કર મતી, અકબર બળ આયાહ,
જોધે જંગ મે આપરા, પાણા બળ પાયાહ.''

(હે માનસિંહ ! અહંકાર ન કર, તું તો અકબરના જોરે આવ્યો છે, જ્યારે રાવ જોધાએ તો પોતાના ભુજબળે પોતાના ઘોડા અહીં પીછોલે પાણી પાયા હતા.)

આવા ચારણોમાં સંપૂર્ણ ગૌરવનો આદર્શ કવિમણિ દુરશાજી આઢાએ પૂરો પાડેલ છે. 'બિરદછહુંતેરી' એટલે પ્રશસ્તિના છોંતેર દુહા. છોંતેર દુહાએ એમણે, પ્રતાપના ખુદ શત્રુની સમીપ, પ્રતાપસિંહને બિરદાવ્યા - અને બિરદાવ્યા પણ કેવા ? પ્રત્યેક દુહે અકબર પ્રતાપ ઊભયની તુલના કરતા -

''અકબર ઘોર અંધાર, ઊંઘાણા હિન્દુ અવર,
(તેમાં) જાગે જગદાધાર, પહોરે રાણા પ્રતાપસી.''

(ઘોર અંધાર રૂપી અકબરના શાસનમાં અન્ય હિન્દુને ઘારણ વળી ગયું, પણ નિત્ય પ્રહરી રૂપ જાગતો ઊભો છે એક રાણો પ્રતાપસિંહ.)

આવી રીતે ચારણોએ પોતાના જીવન દ્વારા આપણને પ્રેરણાના પીયૂષ પાયાં છે. તેના કાર્યથી તેઓ ખરેખર મહાન છે.

ચારણ બિહામણો હતો. કારણ કે, એ 'ઊભત્ય' નામનાં નિંદાકાવ્ય રચી - પ્રચારીને બદનામ કરી જાણતો અને બીજું એ આત્મહત્યા કરવાના અનેકવિધ ભયંકર પ્રકારો અજમાવતો. ચારણનું 'ઘરણું' આપણને સૌ કોઇને કમકમાટી પેદા કરનાર શબ્દ છે. અન્યાય સામે, વિશ્વાસઘાત સામે, પોતાના અધિકારો પરના આક્રમણ સામે, ખુદ પોતે આચરેલાં દૂષણો સામે, એણે કરેલા આત્મવિલોપનના કમકમાવનારા કિસ્સા મધ્યયુગીન ઈતિહાસમાં નોંધાયેલા છે.

ચારણ કવિ લાંગીદાસે કપાસિયાથી ભરેલ, તેલ છાંટેલા ગાડા પર હાથમાં માળા લઈને બેસી જઈ, ગાડું સળગાવ્યું હતું. કપાસિયાના ઢગમાંથી છલાંગો મારતી જવાળાઓ વચ્ચે એ અને એના પરિવારજનો બળી જતા બેઠા રહ્યા. આવા ત્રાગા થકી ચારણો બિહામણા બની રહેતા.

'ધરણા'ની તવારીખમાં 'આઉવાનું ધરેણું' રાજસ્થાનમાં સુવિખ્યાત છે. સંવત ૧૬૪૩ (સને ૧૫૮૬) ની આ ઘટના છે. મહારાજા ઉદયસિંહની રાણીઓ રથમાં બેસી યાત્રાએ જતી હતી. રથનો એક બળદ કંઈક માંદગીથી બેસી ગયો તો પાસેના ગામમાંથી બળદ લઈ રથમાં જોડી દીધો અને યાત્રા આગળ ચાલી. બાજુનું ગામ ચારણનું હતું. ચારણને ખબર પડતાં તેણે પીછો કર્યો અને તેના પાસેથી પોતાનો બળદ પાછો જપ્ત કર્યો. આ બાબતને કારણે ઉદયસિંહે ચારણો પર નારાજ થઈને કેટલાંક ચારણ ગામો જપ્ત કર્યાં.

આઉવાની નદીમાં બુંગણ પથરાયું હતું. તે પર ચાર જાતની બેઠકો હતી, ઢોલિયો, ગાદલું, જાજમે બેસનાર છોગાળું કરે, જાજમ પર બેસનાર કાંડા પર કટાર ફેરવે અને ગોદડે બેસનાર ગળે છરો નાખે - સૌ આવતા હતા ત્યારે ચારણ કવિ દુરશાજી આઢાએ સ્વાગતનો સોરઠો લલકાર્યો -

"અખવી આવાન્તાહ,
બાહર બીસોતેર તણી;
તા'ર વદન તપતાહુ,
ભાણ દવાદાસ ભાણવત."

(હે અહખાજી ? આજ ચારણોની બોંતેર શાખાની વાર હારુ આવતા તમારા વદન પર બારે સૂર્ય તપી રહ્યા દેખાય છે.)

આવી રીતે ચારણ સ્ત્રીઓમાં પણ સંસ્કારો જોવા મળે છે. પોતાના દેહની ઉષ્મા દઈને પરપુરુષના પ્રાણ બચાવી, નિંદાપાત્ર બનતી ને દોષિત પતિને જ શાપ દેતી સાંઇ નેસડી, રા'માંડલિકે સતાવી તેથી પોતના શાપને પણ સાહિત્યમાં અંકિત કરી જનાર આઇ નાગબાઇ, જામે પકડેલી કામબાઇ, પ્રેમભગ્ન બની હેમાળો ગાળવા ચાલી ગયેલી કુમારિકા શેણીબાઇ, ક્ષત્રિય સાથેના નિષિદ્ધ પ્રેમમાંથી નિરાશા પામીને અને પોતાની પ્રણયવેદનાને કાવ્યરૂઢ કરી જનાર તિરસ્કૃત કુમારી ઉજ્જળી. આવું નારીત્વ જગતના ઇતિહાસમાં પણ મળવું દોહ્યલું છે. આવા ચારણો ઉમદા કર્તવ્ય પાલક, ટેકી, સાચા પરાક્રમી હોવાથી તેનું અદકેરું મહત્ત્વ છે.

ચારણ અને ચારણી સાહિત્ય વિશે વિશેષ પ્રકાશ પાડતા શ્રી ઝવેરચંદ મેઘાણીના બે અવતરણ સાથે પ્રસ્તુત સમજને સ્પષ્ટ કરીએ. "એ દૂર ઉભેલો સાહિત્યકાર નહોતો. રજપૂત જાતિના પરજાતિઓ સાથેના ભયાનક સંઘર્ષોમાં ચારણ પણ ઓરાયો હતો, જીવનની કઠોર કારમી

વાસ્તવિકતાનો સામનો કરતો એ ક્ષત્રિયો સાથે ખભો મિલાવીને ખડો હતો, કવિતા એ એનો વ્યવહાર કે વ્યવસાય નહિ પણ એનો સંસ્કાર હતો, સ્વભાવ હતો. કવિતા એના મસ્તકમાંથી નહિ પણ રક્તમાંથી ઊછળતી, બાપના શોણિતમાંથી બેટાની નસોમાં સિંચાતી, પેઢાનપેઢી શોણિતમાં સંચરતી.''(૩૦)

''શતકોના સૂર્ય ઊગી ઊગી આથમી ગયા, ત્યાં સુધી ચારણ સંસ્કૃતિની મશાલ ધરી રાખી ઊભો રહ્યો. એટલો કાળ ટકી રહેવું એ તાકાતને સાબિત કરે છે. આ તાકાતનો પ્રદીપ ચારણે પણ એ જ ભારતીય સંસ્કૃતિના પરમોજ્જવલ દીપકમાંથી ચેતાવ્યો હતો. એ ધન પરાયું નહોતુ, આપણું જ હતું. નિજત્વના આપણા ગૌરવને ચારણે પણ એની અનોખી રીતે ઉજાળ્યું છે. આપણું કર્તવ્ય એનું કવ્યું - જીવ્યું આજના આપણા ખાવા ધાતાં ખંડિયેરોમાંથી ખોદી ખોદીને જ્યાં હોય ત્યાંથી ખોજવાનું છે. એ ખોદાણ કરનાર કોઈપણ ઉચ્ચ અભ્યાસુ અને સંશોધક યુવાન ઉપાસક નિરાશ નહિ થાય.''(૩૧)

શ્રી ઝવેરચંદ મેઘાણીની એ શ્રધ્ધાના બળે જ કદાચ અહીં 'જાલંધર' કથાનક સંદર્ભે ગુજરાતી આખ્યાનો સાથે ચારણી કૃતિને પણ તુલનાત્મક અભ્યાસ માટે પસંદ કરવામાં આવી છે.

## ❖ સંદર્ભ નોંધ :

(૧) શ્રી હંસાબહેન પટેલ : 'આખ્યાન યુગનો સાહિત્ય પ્રવાહ', પૃ. ૭૪

(૨) શ્રી મેકડોનેલ અને કીથ : 'વૈદિક ઇન્ડિયા', પૃ. ૫૨

(૩) શ્રી મનસુખલાલ ઝવેરી : 'પર્યેષણા', પૃ. ૧૯-૨૦

(૪) ડૉ. મંજુલાલ મજમુદાર : 'ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો', પૃ. ૧૪૩

(૫) શ્રી કે. કા. શાસ્ત્રી : 'ભાલણઃ એક અધ્યયન', પૃ. ૭

(૬) સંપા. ડૉ. કાન્તિલાલ વ્યાસ અને ડૉ. ચિમનલાલ ત્રિવેદી : 'કુંવરબાઇનું મામેરું', પૃ. ૬

(૭) સંપા. શ્રી રસિકલાલ પરીખ : 'કાવ્યાનુશાસન', પૃ. ૪૬૩

(૮) ડૉ. શશીન ઓઝા : 'મધ્યકાલીન ગુજરાતી આખ્યાન', પૃ. ૧૪૪

(૯) શ્રી ડોલરરાય માંકડ : 'ગુજરાતી કાવ્ય પ્રકારો', પૃ. ૯૭

(૧૦) એજન, પૃ. ૧૦૩

(૧૧) એજન, પૃ. ૧૦૪ - ૧૦૫

(૧૨) શ્રી નગીનદાસ પારેખ : 'અભિનવનો રસવિચાર અને બીજા લેખો', પૃ. ૩૨૬

(૧૩) શ્રી હંસાબહેન પટેલ : 'આખ્યાન યુગનો સાહિત્ય પ્રવાહ', પૃ. ૮૬

(૧૪) એજન, પૃ. ૧૬૧

(૧૫) એજન, પૃ. ૧૬૧

(૧૬) એજન, પૃ. ૧૬૧

(૧૭) એજન, પૃ. ૧૬૧

(૧૮) એજન, પૃ. ૧૬૧

(૧૯) એજન, પૃ. ૧૬૧

(૨૦) એજન, પૃ. ૧૬૧

(૨૧) ડૉ. ચિમનલાલ ત્રિવેદી : 'કવિ નાકર - એક અધ્યયન', પૃ. ૪૬૩

(૨૨) ડૉ. મંજુલાલ મજમુદાર : 'મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપો', પૃ. ૧૬૭

(૨૩) એજન, પૃ. ૧૭૦

(૨૪) મંત્રી યશોવીર : 'પ્રબંધ કાવ્ય', પૃ. ૫૦

(૨૫) શ્રી રતુદાન રોહડિયા : 'ચારણી સાહિત્યનો ઇતિહાસ', પૃ. ૩૫

(૨૬) શ્રી ડોલરરાય માંકડ : 'ગુજરાતીના કાવ્ય પ્રકારો', પૃ. ૯૭

(૨૭) શ્રી ઝવેરચંદ મેઘાણી : 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ-૨, પૃ. ૫૦૧

(૨૮) શ્રી ઝવેરચંદ મેઘાણી : 'ચારણો અને ચારણી સાહિત્ય', પૃ. ૧૦

(૨૯) એજન, પૃ. ૧૦૨

(૩૦) એજન, પૃ. ૩૦

(૩૧) એજન, પૃ. ૧૬૭

# પ્રકરણ – ૩

# કવિ પરિચય


ભાલણ

૧:૧ ભાલણનું જીવન

૧:૨ ભાલણનું કવન

હરદાસ મિસણ

૨:૧ હરદાસનું જીવન

૨:૨ હરદાસનું કવન

વિષ્ણુદાસ

૩:૧ વિષ્ણુદાસનું જીવન

૩:૨ વિષ્ણુદાસનું કવન

શિવદાસ

૪:૧ શિવદાસનું જીવન અને કવન

❖ સંદર્ભ નોંધ

# પ્રકરણ – ૩

# કવિ પરિચય

# ભાલણ

## ૧:૧ ભાલણનું જીવન :

મધ્યકાળના આખ્યાન કવિ, પદકવિ અને અનુવાદક એવા ભાલણના જીવન સંબંધી હકીકતો બહુ જ ઓછી મળે છે. તે કાવ્યને અંતે પોતાનું નામ પણ ભાગ્યે જ જણાવે છે તેથી તેના જીવન વિશે ચોક્કસ પણે કશું જ કહી શકાતું નથી. તેમના સંબંધી જે કોઇ બાહ્ય હકીકતો મળી છે અથવા તો જુદા જુદા વિદ્વાનોએ જે હકીકતો દર્શાવી છે તે માહિતી એકત્રિત કરીને કવિના જીવન સંબંધી ટૂંકી હકીકતો અહીં દર્શાવી છે.

ભાલણના ચરિત્ર અને સમય અંગેની ઘણી નવી વિગતો ઇ.સ. ૧૮૮૭ માં નારાયણભારતી દ્વારા સંપાદિત થયેલી ભાલણ કૃત 'સપ્તશતી'ના ઉપોદ્‌ઘાતમાં મળે છે. કોઇ સંશોધક દ્વારા થયેલાં અનુમાનો અને અંગત માન્યતાઓ કેવી કેવી ચર્ચાઓના વલણો ઊભાં કરી શકે એનું દૃષ્ટાંત નારાયણ ભારતીની ભાલણના ચરિત્ર અને સમય વિષયક ચર્ચા છે. નારાયણ ભારતીનાં અનુમાનોને રા.ચુ. મોદીએ વિશેષ અનુમાન આધારિત વિધાનોથી જ પુષ્ટિ આપી. કે. કા. શાસ્ત્રીએ એનો પરિહાર કર્યો. જેઠાલાલ ત્રિવેદીએ રા.ચુ.મોદીની એટલે કે નારાયણ ભારતીએ આપેલી વિગતો સાચી ઠેરવવા પોતાના તરફથી વિશેષ અનુમાનો નોંધ્યાં. ભાલણના સમય અને ચરિત્ર વિષયક આ સમગ્ર ચર્ચા મહદ્‌અંશે અનુમાનમૂલક છે. અનુમાનમૂલક વિગતો પૂરી શ્રદ્ધેય ન હોઇ શકે એ દેખીતુ છે. અનુમાનમૂલક વિગતો જ ચર્ચાસ્પદ બની છે. બાકીની આંતર પ્રમાણોને આધારે જે વિગતો પ્રાપ્ત થાય છે તે સંદર્ભે તો તમામ વિદ્વાનો એકમત છે. આવી બિનવિવાદાસ્પદ વિગતોને ખપમાં લઇને ભાલણના ચરિત્ર અને સમય વિશે કહી શકાય કે જ્ઞાતિએ મોઢ બ્રાહ્મણ અને અવટંક ત્રવાડી ધરાવતો ભાલણ પાટણનો વતની હતો. "આ ભાલણને ઉદ્ધવ અને વિષ્ણુદાસ નામે બે પુત્રો હશે, તે બહોળો સંયુકત પરિવાર ધરાવતો હશે, પરિવાર સમક્ષ પોતાની રચનાઓ પ્રસ્તુત પણ કરતો હશે. વૈદિક ધર્મ પ્રત્યે

શ્રધ્ધાવાન ભાલણ શૈવ, શાકત, કૃષ્ણ અને રામમાં પણ શ્રધ્ધા ધરાવતો હશે. તે સંસ્કૃત અને પુરાણોનું પણ જ્ઞાન ધરાવતો, માનવભાવો અને તેમાં'યે બાળ માનસનો અચ્છો જ્ઞાતા હશે.''(૧)

ભાલણના સમય અંગે પણ વિવિધ વિદ્વાનોએ ચર્ચા કરેલી છે. ભાલણની કૃતિઓમાંથી ક્યાંય તેનો રચના સમય પ્રાપ્ત થતો નથી. તેથી શ્રધ્ધેય આંતર પ્રમાણો પણ પ્રાપ્ત થઇ શકે નહીં. ત્યાં અનુમાન મૂલક વિગતોનો જ આધાર લેવો પડે. અલબત્ત, એ અનુમાન કોઇને કોઇ આંતર પ્રમાણો પર આધારિત હોઇ શકે. ભાલણના સમય માટે આવું આંતર પ્રમાણ આધારિત અનુમાન રજૂ કરતાં ડો. શ્રી બળવંત જાની નોંધે છે, ''ભાલણના કવનકાળના અનુમાન માટે ભાલણના પુત્ર વિષ્ણુદાસની રચના 'રામાયણ'ના 'ઉત્તરકાંડ'નો રચના સમય ઇ.સ. ૧૫૧૯ મળે છે તેને આધારભૂત માનીએ અને આ રચનાથી દસેક વર્ષ પાછળના સમયને અર્થાત્ ઇ.સ. ૧૫૧૦ ને ભાલણના કવનકાળનું અંતિમ વર્ષ અનુમાનીએ અને એ સમયથી પચાસેક વર્ષ પૂર્વે ભાલણે સર્જનનો પ્રારંભ કર્યો હોય એવું અનુમાન કરીએ તો ઇ.સ. ૧૪૬૦ થી ઇ.સ. ૧૫૧૦ નો સમય એટલે કે, બહુધા પંદરમા શતકનો ઉત્તરાર્ધ અને સોળમા શતકનો એકાદ દાયકો ભાલણના કવનકાળ માટે અનુમાની શકાય.''(૨)

બીજુ એક આંતર પ્રમાણ આધારિત અનુમાન ગુજરાતી સાહિત્ય કોશ - ખંડ-૧ માં મળે છે, ''કવિના 'દશમ સ્કંધ'માં આવતાં વ્રજભાષાનાં પદ કવિના પોતાનાં રચેલાં હોય એવું લાગે છે તથા કવિના આખ્યાનોમાં પહેલી વખત જોવા મળતા મુખબંધવાળા ને ઊથલો કે વલણ વગરનાં કડવાં કવિ નાકર (ઇ.સ. ની ૧૬ મી સદી ઉત્તરાર્ધ) નાં ઊથલો કે વલણવાળાં કડવાંની પૂર્વવર્તી સ્થિતિનાં સૂચક છે. આ બંને બાબતોને લક્ષમાં લઇએ તો કવિનો જીવનકાળ ઇ.સ. ની ૧૫ મી સદીનો ઉત્તરાર્ધ અને ઇ.સ. ની ૧૬ મી સદીનો પૂર્વાર્ધ વચ્ચે હોવાનું અનુમાન કરી શકાય.''(૩)

આ સિવાય ભાલણની ચરિત્ર વિષયક અનુમાન આધારિત વિગતો ટૂંકમાં આ મુજબ છે. ''કવિનું અપરનામ 'પુરુષોત્તમ' હતું. સિધ્ધપુરનાં કવિ ભીમ તેમના શિષ્ય હતા. કવિના ગુરુનું નામ 'પરમાનંદ' હતું. કવિએ ઓરંગાબાદનો પ્રવાસ કર્યો હતો. કવિએ વૃધ્ધ વયે સંન્યસ્ત લીધેલું કે જીવતાં સમાધિ લીધેલી એ કવિ જીવન વિશે મળતી માહિતી શ્રધ્ધેય જણાતી નથી.''(૪)

હવે કવિ ભાલણે ગુજરાતી સાહિત્યને કરેલા પ્રદાનની વાત નોંધીએ. ગુજરાતી ભાષાને 'ગુજરાતી ભાખા' એવું નામ સૌ પ્રથમ વખત ભાલણ પાસેથી મળ્યું. ગુજરાતી કવિતા સ્વરૂપમાં કડવાંબધ્ધ આખ્યાનનું સફળ સર્જન કરવાનો યશ ભાલણને ફાળે જાય છે. તેથી જ એને 'આખ્યાનનો પિતા' કહેવામાં આવ્યો છે. જો કે પૌરાણિક વિષયો સંદર્ભે તેમણે રચેલાં આખ્યાનોમાં મોટા ભાગે તે

મૂળ કથાને વફાદાર રહેવાનું વલણ ધરાવે છે એને કારણે રસનિરૂપણ, સંક્રમણ કે રસની જમાવટ, પાત્ર કે પ્રસંગ વર્ણન કે ભાષા સંદર્ભે તે પ્રેમાનંદ જેવી સિધ્ધિ દાખવી શકતા નથી. કવચિત્ ભાવની ઉત્કટતા રૂપ આવતાં પદ કડવાંમાં એમની મૌલિક પ્રતિભા નિખરતી જણાય છે.

## ૧:૨ ભાલણનું કવન :

ભાલણ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઉલ્લેખનીય આખ્યાનકાર છે. ભાલણના કવનનું શ્રી રા.ચુ. મોદી 'પૂર્વકાળ, સંધિકાળ તથા ઉત્તરકાળ' [૫] અને ગુણાનુક્રમે 'સામાન્ય, મધ્યમ અને ઉત્તમ' [૬] એવા નામથી વિભાગીકરણ આપે છે. શ્રી જેઠાલાલ ત્રિવેદી 'સર્વશ્રેષ્ઠ, મધ્યમ અને સામાન્ય' [૭] એવા ત્રણ પ્રકારો નિર્દેશે છે. શ્રી કે.કા.શાસ્ત્રી ભાલણના કવનને ત્રણ વિભાગોમાં વહેંચે છે. '(૧) સળંગબંધ (૨) કડવાંબંધ અને (૩) પદબંધ' [૮] અભ્યાસની સરળતા ખાતર શ્રી બળવંત જાની વિષય સામગ્રી સંદર્ભે તેનું વિભાગીકરણ કરે છે. જેમ કે, "(૧) રામ કથાનક પર આધારિત કૃતિઓ (૨) કૃષ્ણ કથાનક પર આધારિત કૃતિઓ (૩) શિવ કથાનક પર આધારિત કૃતિઓ (૪) શક્તિ કથાનક પર આધારિત કૃતિઓ (૫) અન્ય કથાનક પર આધારિત કૃતિઓ." [૯] પદબંધની દૃષ્ટિએ શ્રી બળવંત જાની ચાર પ્રકારોમાં ભાલણના કવનને વહેંચે છે "(૧) સળંગબંધ (૨) કડવાંબંધ (૩) કડવાં-પદનો મિશ્રબંધ (૪) પદબંધ." [૧૦]

શ્રી બળવંત જાનીના છેલ્લા વર્ગીકરણને આધારે ભાલણના કવનને નીચે મુજબ દર્શાવી શકાય :

### (૧) સળંગબંધની રચનાઓ :

(૧) શિવ-ભીલડી સંવાદ
(૨) દ્રૌપદીવસ્ત્રાહરણ
(૩) કૃષ્ણવિષ્ટિ

### (૨) કડવાંબંધની રચનાઓ :

(૪) રામ વિવાહ
(૫) મામકી આખ્યાન
(૬) રામાયણ
(૭) ચંડી આખ્યાન

(૮) મૃગી આખ્યાન

(૯) જાલંધર આખ્યાન

(૧૦) ધ્રુવ આખ્યાન

(૧૧) નળાખ્યાન

(૧૨) કાદંબરી આખ્યાન

## (૩) કડવાં પદ – મિશ્રબંધ :

(૧૩) દશમસ્કંધ

## (૪) પદબંધની રચનાઓ :

(૧૪) રામબાલચરિતનાં પદો

(૧૫) પ્રકીર્ણ અન્ય છૂટક પદો

ભાલણના મુદ્રિત ઉપલબ્ધ આખ્યાનોમાં કેટલાંક સંપૂર્ણ છે અને કેટલાંક ત્રુટક છે. 'મહાભારતની નળકથાને અનુસરતું અને હર્ષના 'નૈષધીય ચરિત' અને ત્રિવિક્રમના 'નલચંપુ'ની અસર ઝીલતું 'નળાખ્યાન' કવિની ઉત્તમ રચનાઓમાંની એક રચના ગણી શકાય એવું આખ્યાન છે. 'પદ્મપુરાણ' પર આધારિત વીર અને અદ્‌ભૂત રસવાળું અને કોઈ જગ્યાએ કાવ્યત્વની ચમત્કૃતિ સાધતું 'જાલંધર આખ્યાન', 'મામકી' નામની ગણિકાની રામભકિતને નિરૂપતું 'મામકી આખ્યાન', 'ભાગવતની ધ્રુવ કથા પર આધારિત નિષ્કામ ભક્તિનો મહિમા કરતું 'ધ્રુવાખ્યાન', કવિનું પ્રારંભકાળનું મનાતું 'માર્કન્ડેય પુરાણ' પર આધારિત આદ્યશક્તિનો મહિમા કરતું ને મૂળકથાના અનુવાદ રૂપ ૧૦ અને ૧૪ કડવાંના બે ખંડમાં વિભાજિત 'સપ્તશતી' અને 'ચંડી આખ્યાન', 'શિવ પુરાણ'ની શિકારીની કથા પર આધારિત 'મૃગી આખ્યાન' તેમજ 'રામાયણ' અને અન્ય રામ સંબંધિત સંસ્કૃત કાવ્ય-નાટક પર આધારિત 'રામવિવાહ' / 'સીતા વિવાહ' વગેરે આખ્યાનો તેના સંપૂર્ણરૂપમાં ઉપલબ્ધ છે.

'દ્રૌપદીવસ્ત્રાહરણ'નું માત્ર એક કડવું મળે છે. (પ્રાચીન કાવ્ય સુધા, ભાગ-૩, પૃ.૨૦૧-૨૦૪)[૧૧] જે અપૂર્ણ છે. તો ચાર કડવાનું સીતા વિવાહ પછીના રામના જીવન પ્રસંગોને આલેખતું 'રામાયણ' પણ અપૂર્ણ હોવાની સંભાવના છે.

ભાલણની પદોમાં રચાયેલી બે કૃતિઓ 'દશમ સ્કંધ' અને 'રામ બાલ ચરિત' ઉત્તમ બનવા પામી છે. દુહા, ચોપાઇ, ઝૂલણા વગેરે દેશીઓમાં રચાયેલાં વિવિધ રાગની યોજનાવાળા અને ઘણી જગ્યાએ મુખબંધ ઢાળના અંગોને કારણે કડવાંબંધ સ્વરૂપમાં ઢળી જતાં 'દશમ સ્કંધ'માં કવિની સ્વતંત્ર કૃતિઓ 'રુક્મિણી વિવાહ' અને 'સત્યભામા વિવાહ' સમાવિષ્ટ છે. ભાગવતની મૂળકથાને જ લાઘવયુક્ત શૈલીમાં રજૂ કરવા ઇચ્છતા ભાલણ 'દશમ સ્કંધ'માં વાત્સલ્ય, શૃંગાર અને કરુણરસના નિરૂપણમાં ઊંચા ગજાનું કવિત્વ દાખવે છે. એમાંનાં 'દાણલીલા', 'માનલીલા' અને 'ભ્રમરગીત', પ્રેમાનંદ, નરસિંહ અને દયારામની એ વિષયના કાવ્યોની બરોબરી કરે એવાં છે. 'રામ બાલ ચરિત' પણ વાત્સલ્ય રસની ઉત્તમ કૃતિ છે. 'કૃષ્ણ વિષ્ટિ'નાં ચાર પદમાં કૌરવો સાથે વિષ્ટિ કરવા જતાં પૂર્વે કૃષ્ણ અને દ્રૌપદી વચ્ચેના થયેલા સંવાદનું નિરૂપણ છે. એ ઉપરાંત પાંચ પદની 'રામ વનવાસ', એક પદનું રૂપકાત્મક 'રેંટિયા ગીત' અને 'મહાદેવના સાતવાર' ભાલણની અન્ય પદ રચનાઓ છે.

શંકરની પરીક્ષા કરવા પાર્વતીએ લીધેલા ભીલડી વેશનાં પ્રસંગને આલેખતું હળવી શૈલીમાં લખાયેલું 'શિવ-ભીલડી સંવાદ/હર સંવાદ' કવિની સળંગબંધવાળી કૃતિ છે. એ ઉપરાંત સંસ્કૃત કવિ બાણની કલ્પના મંડીત ગદ્યકથા 'કાદમ્બરી'ને કડવાંબદ્ધ આખ્યાનમાં સંક્ષેપથી છતાં મૂળને વફાદાર રહી ગુજરાતીમાં ઉતારનાર ભાલણે એ દ્વારા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને અપૂર્વ અને યશોદાયી પ્રદાન કર્યું છે. " 'મુગ્ધ રસિક' જનો માટે 'કાદંબરી'ને ગુજરાતીમાં ઉતારતી વખતે કવિએ મૂળનાં કેટલાક અલંકારો જાળવી, ગાંઠના અલંકારો, ઉક્તિઓ, વર્ણનો મૂળ કૃતિમાં રસક્ષતિ ન થાય એ રીતે ઉમેરી પોતાની કવિ સૂઝનો પરિચય પણ કરાવ્યો છે."(૧૨)

આમ, કડવાંબદ્ધ આખ્યાનોના જનક, વાત્સલ્ય રસના કેટલાંક મધુર પદોના સર્જક અને 'કાદંબરી' જેવી કિલષ્ટ કૃતિને પ્રાસાદિક શૈલીમાં ગુજરાતીમાં ઉતારનાર અનુવાદક તરીકે ભાલણનું ગુજરાતી સાહિત્યને મળેલું પ્રદાન મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં હંમેશા યાદ રહેશે.

# હરદાસ મિસણ

મધ્યકાલીન સાહિત્યમાં ચારણી સાહિત્ય વિશષ્ટિ ભાત ઉપસાવે છે. ચારણી સાહિત્યમાં વિશિષ્ટ અને વિલક્ષણ સર્જક પ્રતિભાથી સૌનું ધ્યાન આકર્ષિત કરનાર ચારણ કવિ શ્રી હરદાસજી મિસણનાં જીવન અને કવન વિશે નકકર હકીકતો પ્રાપ્ત થતી નથી. તેમનાં સાહિત્ય અને અન્ય ચારણી સાહિત્યકારોના સાહિત્ય સંદર્ભે જે વિગતો મળે છે તેને આધારે તેમના જીવન અને કવનને સુવ્યવસ્થિત રૂપમાં રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

## ૨:૧ હરદાસજીનું જીવન :

હરદાસજી જ્ઞાતિએ ચારણ હતા તેનો ઉલ્લેખ તેના કવનમાંથી આ રીતે મળે છે,

"કવિલાસ વાસ કીઅં, હરદાસ આસ હીઅં;
ચારણ નવાસ ચીઅં જીઅં જીઅં."

(શિવનું ગીત - કડી-૫)

'મિસણ' ચારણોની એક પેટા શાખા છે. કવિરાજ હરદાસજી 'મિસણ' શાખાના હતા, તે અંગેના ઉલ્લેખો તેમની કૃતિઓમાંથી પ્રાપ્ત થાય છે.

ચારણોમાં 'મિસણ' શાખા અને તેની પેટા શાખા અંગે વિવિધ મંતવ્યો પ્રાપ્ત થાય છે. 'મિસણ' શાખાની ઉત્પત્તિ અંગે સૂર્યમલ્લજી મિસણ 'વંશભાસ્કર'માં જણાવે છે.

" ચંડકોટિ કવિ તે ચલી, સુરિન લહિ સમાન;
ભાષા ખટ મિશ્રણ ભણિતિ, બદિ જિન્હ જિતે બાદ,
ઉન્કો મિશ્રણ નામ ઇમ, હુવ સું લાછનિક લ્હાદ;
પ્રાકૃત બિચ સૌ શબ્દ પરિ, હુવ મિસણ ભુવખ્યાત,
'મિસણ' ઇસ દેસીયમેં પ્રકટ્યો સુહિ છબિખાત."(૧૩)

(ચંડકોટિ નામના કવિથી મિસણ શાખાની શરૂઆત થઇ. એમનું સન્માન મહાન દેવજાતિએ પણ કર્યું છે. છ ભાષાઓનું મિશ્રણ કરીને તેમણે અનેક કવિઓ સામે શાસ્ત્રાર્થમાં વિજય મેળવ્યો. તેથી પ્રાકૃતમાં ચંડકોટિની શાખાને મિશ્રણ (મિસ્સણ) કહી. પછી તેનું અપભ્રંશ થઇ 'મિસણ' થયું.)

હરદાસજી મિસણ એવા મોટા ગજાના સર્જક છે કે તેમના વિશે અનેક દંતકથાઓ અને લોકોક્તિઓ પ્રચલિત થયેલી છે, પરંતુ આ દંતકથાઓમાં તેમના જન્મ, કુટુંબ, મૃત્યુ વગેરે વિશે કોઇ આધારભૂત માહિતી પ્રાપ્ત થતી નથી. તેમની સાહિત્યકૃતિઓને આધારે પ્રાપ્ત થતી વિગતો દ્વારા તેમની જીવન વિષયક માહિતી અહીં રજૂ કરી છે.

## • હરદાસજીનું વતન :

શ્રી હરદાસજીનું મૂળ વતન રાજસ્થાનના જેસલમેર જિલ્લામાં આવેલ 'બોગની આઇ' ગામ માનવામાં આવે છે. 'મિસણ' શાખાના ચારણોનું મૂળ વતન 'બોગનીઆઇ' છે. 'મિસણ' શાખાની વંશાવળીના ચોપડાઓમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર હરદાસજી 'મિસણ' મૂળ 'બોગનીઆઇ'ના રહીશ હતા. પછીથી હરદાસજી અને તેમના વંશજો હાલ પાકિસ્તાનમાં આવેલા 'ખાંટસર' (તા. નગરપારકર, જિ. થરપારકર) ગામે આવીને વસ્યા હતા. જ્યાં આજે પણ હરદાસજી મિસણના સમાધિ સ્થાન તરીકે ઓળખાવાતી જગ્યા આવેલી છે. એમાં માત્ર ખુલ્લી જમીન પર એક ઓટો અને તેના પર હરદાસજીના ચરણારવિંદની પ્રતિમા અને એક વાવ આવેલા છે. હરદાસજી મિસણ આ થળ (થરપારકર) વિસ્તારમાં થયા હોવાની શાખ પૂરતો એક દૂહો મળી આવે છે.

" હુદડ જોશી થળ મેં હુઆ, હુઆ થળ મેં હરદાસ;
હરિજન કેઅ થળમેં હુઆ, દુથી ઇસરદાસ."(૧૪)

આમ, ઉપર્યુક્ત સંદર્ભોથી એવાં તારણો પર આવી શકાય કે હરદાસજી મિસણ ખાંટસર (જિ.થરપારકર) માં થયા હશે.

## • હરદાસજીનું કુટુંબ અને મોસાળ :

હરદાસજી મિસણનાં મા-બાપ અને મોસાળ અંગે આધારભૂત માહિતી મળતી નહોતી, પરંતુ ડૉ. અંબાદાન રોહડિયાએ કરેલા સંશોધનકાર્ય દરમિયાન મોરઝર (જિ. કચ્છ)ના રાવળદેવ ભીમજી ભારમલ્લજી પાસેથી પ્રાપ્ત થયેલ ખાંટસરના મિસણોની વંશાવળીમાં હરદાસજીના પિતાનું નામ અવચળદાન તેમજ તેમનાં માતાનું નામ રઇબા હોવાનું તેમજ રઇબા ભાદ્રેશના રહીશ રોહડિયા સુરાજી પુનપાળના દીકરી હતાં. ચારણી સાહિત્યના જાણકાર ખેતસિંહજી નારણસિંહજી મિસણને મળેલ માહિતી મુજબ હરદાસજી મિસણ (ખાંટસર) એ ઇસરદાસજી રોહડિયાના ભાણેજ હતા.(૧૫)

હરદાસજી મિસણના પિતાશ્રી અવચળદાનજીને ચાર સંતાનો હોવાની માહિતી ભીમજી ભારમલજી રાવળદેવ પાસે રહેલ વંશાવળીની નોંધ પરથી મળે છે. વંશાવળીમાં દર્શાવ્યા મુજબ આ ચારેય સંતાનો પુત્ર હતા. તેમના નામ આ પ્રમાણે મળે છે. (૧) પરબત (૨) ઉધરણ (૩) હરદાસ અને (૪) કરણ.[૧૬]

હરદાસજી મિસણના બાકીના શિક્ષણ કે વૈવાહિક જીવન વિશે કોઇ આધારભૂત વિગતો પ્રાપ્ત થતી નથી. જે કોઇ દંતકથાઓ પ્રાપ્ત થાય છે એ આ મુજબ છે.

કવિ હરદાસજીના સમયમાં શિક્ષણનું મહત્ત્વ જણાતું નથી. ખાસ કરીને એ જે વિસ્તારમાં થયેલા છે ત્યાં (થરપારકર) આજે પણ શિક્ષણનું પ્રમાણ અતિ અલ્પ છે, તેથી શ્રી હરદાસજીએ કોઇ વિશેષ શિક્ષણ પ્રાપ્ત કર્યું હોય એ શક્ય નથી. ચારણો સરસ્વતીના ઉપાસકો હોવાથી તેમના કુટુંબમાં સાહિત્ય સાધના થતી હશે અને એના સંસ્કાર એમના પર પડ્યા હોય એમ માની શકાય. હરદાસજીને એમના મોસાળ પક્ષેથી પણ સાહિત્યના સંસ્કારો પ્રાપ્ત થયા હશે કેમકે ચારણી સાહિત્યના સમર્થ સર્જક મહાકવિ ઇસરદાસજીના તેઓ ભાણેજ હતા. તેમના નાના આસાજી રોહડિયા તો ડિંગળી સાહિત્યના આચાર્ય હતા. તેમનું મોસાળ ભાદ્રેશ (જિ. બાડમેર, રાજસ્થાન) તો ચારણી સાહિત્યનું 'કાશી' મનાતું. આમ ચારણી સાહિત્યના સંસ્કારો અને ડિંગળ છંદશાસ્ત્રનો પરિચય તેમને વડીલો પાસેથી મળ્યો હશે એમ માની શકાય.

હરદાસજી મિસણના લગ્ન થરપારકરમાં આવેલા ખારોડા (તા. નગરપાકર, જિ. થરપારકર) માં દેથા શાખામાં થયા હોવાની માહિતી ડૉ. અંબાદાન રોહડિયાના શોધ પ્રવાસ દરમ્યાન તેમને મળેલી છે.

હરદાસજી મિસણ વિ.સં. ૧૫૯૭ આસપાસ સૌરાષ્ટ્રમાં આવીને સ્થાયી થયેલા એવા પુરાવા મળે છે. હરદાસજી ભકતકવિ હોવાથી રાજ્યાશ્રય કે રાજદરબારોથી દૂર જ રહ્યા હશે. શિવભકત હોવાને નાતે તેમણે વ્યક્તિલક્ષી અંગત પ્રશંસાનાં કાવ્યો બહુ ઓછાં લખ્યાં છે. વૃધ્ધાવસ્થામાં હરદાસજી પુનઃખાંટસર ગયા હશે અને ત્યાં જીવતા સમાધિ લીધી હશે એમ તેમની સમાધિ સૂચવે છે. એમણે ક્યારે સમાધિ લીધી હશે તે અંગે કોઇ આધારભૂત માહિતી ઉપલબ્ધ નથી. આમ, હરદાસજીના જન્મ અને મૃત્યુ સમય અંગે કોઇ ચોક્કસ તિથિ-તારીખો મળતાં નથી. પ્રાપ્ત પ્રમાણોને આધારે વિ.સં. ૧૬૫૦ આસપાસ તેમણે મહાપ્રયાણ કર્યું હશે તેમ અનુમાન થઇ શકે છે.

ચારણ ભકતકવિ ઈસરદાસજીએ પણ વિ.સં. ૧૬૨૨ માં જળસમાધિ લીધી હતી એ પ્રસંગ પરથી હરદાસજી- પરમ શિવભકત હરદાસજી - ને પણ કદાચ એમાંથી પ્રેરણા મળી હોય તેવી સંભાવના છે. આજે પણ ખાંટસર (પાકિસ્તાન) નો જૂનો ટીંબો છે, ત્યાં હરદાસજીનું સમાધિસ્થાન, વાવ અને ઓટો વગેરે છે, તેથી હરદાસજીએ મહાપ્રયાણ ખાંટસર (જિ.થરપારકર, હાલ પાકિસ્તાન) માં કર્યું હશે, એ વાતને પુષ્ટિ મળે છે.

ઉપર્યુક્ત પ્રાપ્ત વિગતોને આધારે કવિશ્રી હરદાસજી મિસણનો જીવન સમય આશરે વિ.સં. ૧૫૫૦ થી ૧૬૫૦ આસપાસ હોવાનું અનુમાન કરી શકાય. એટલે કે ઇ.સ. ૧૪૯૪ થી ઇ.સ. ૧૫૯૪ દરમિયાન કવિ હરદાસજી મિસણ વિદ્યમાન હશે.

## ૨.૨ હરદાસજીનું કવન :

હરદાસજી મિસણ દ્વારા રચાયેલી મનાતી કૃતિઓમાંથી આંતરિક પ્રમાણો, ઐતિહાસિક હકીકતોને આધાર રૂપે સ્વીકારીને જે શ્રધ્ધેય વિગતો જણાઇ છે એ અહીં રજૂ કરવાનો ઉપક્રમ છે.

હરદાસજી મિસણે પોતાના દીર્ઘાયુષ્ય દરમ્યાન કેવળ સાહિત્યોપાસના કરી જણાય છે, પરિણામે તેમનું વિપુલ સર્જન હસ્તપ્રતોમાં સચવાયેલું મળે છે. હરદાસજીના આ વિપુલ સાહિત્યસર્જનથી તેની સર્જક પ્રતિભાનો પરિચય મળે છે. તેમની ચારણી કવિ તરીકેની વિશિષ્ટતા એ છે કે તેમણે વ્યક્તિલક્ષી રચનાઓ બહુ અલ્પ સંખ્યામાં લખી છે. રાજ્યાશ્રય કે રાજદરબારો - ડાયરાઓથી તેઓ દૂર રહ્યા હશે, તેવું અનુમાન તેમની રચનાઓને આધારે થઇ શકે છે. ઐતિહાસિક-વ્યક્તિલક્ષી રચનાઓથી અળગા રહીને એમણે જે સર્જન કર્યું છે એમાંથી એની પૌરાણિક અભિજ્ઞતા, ભકત, જ્ઞાની અને અનુભવી વ્યક્તિત્વનો પરિચય મળી રહે છે. એમનું મોટાભાગનું સર્જન આ પ્રકારનું હોઇ એમને જ્ઞાની ભકતકવિ કહી શકાય.

એમની કૃતિઓમાં ક્યાંય રચ્યા સાલ મળતી નથી આથી અહીં આરંભમાં દીર્ઘકૃતિઓ અને એ પછી લઘુકૃતિઓ એવો ક્રમ રાખેલ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના ચારણી સાહિત્ય હસ્તપ્રત ભંડારમાં હરદાસજીની કૃતિઓની નીચે દર્શાવેલી હસ્તપ્રતો મળે છે (કૌંસમાં દર્શાવેલ ક્રમાંક હસ્તપ્રત ભંડારના સૂચિપત્રના છે.)

(૧) જાલંધર પુરાણ (૧૨/૫૫૨, ૧૭/૪૮૫, ૪૦/૨૦૫૮, ૪૦/૨૧૩૦, ૧૯૪/૩૩૦૫ થી ૧૯૭/૩૩૦૮, ૩૫૭/૫૪૪૯, ૩૦૩/૫૯૨૦)

| | |
|---|---|
| (૨) ભૃંગી પુરાણ | (૧, ૬૭ / ૨૫૪૬, ૩૫૭ / ૫૪૪૬, ૩૮૩ / ૫૯૨૧, ૪૧૧ /૬૭૨૩) |
| (૩) સભા પર્વ | (૧/૫, ૩/૮૮, ૩/૧૩૫, ૧૧/૪૨૧, ૧૬/૭૬૧, ૪૦/૨૦૮૯, ૫૬/૨૩૮૯, ૬૭/૨૫૧૮, ૨૬૩/૪૨૬૮) |
| (૪) હરરસ | (૧૧/૪૨૭, ૧૪/૪૫૧, ૪૦૨/૬૪૪૩) ૫૮ દુહા |
| (૫) શિવનું ગીત | (૩૬૬/૭૧૬૬, ૩૭૬/૭૧૭૭, ૩૮૩/૬૦૨૧) પાંચ કડી, ગીતનો પ્રકાર ગોખ. |
| (૬) ચાલક નેચીના છંદ | (૪૧૧/૬૬૬૯) ૧૪, છંદ એક કળશનું ‘કવિત’ છંદનો પ્રકાર ‘સરબંધ દોમલીયા |
| (૭) સૂરજના છંદ | (૨૭૨/૪૫૧૨) ૧૦, છંદ છે. છંદનો પ્રકાર ‘સરબંધ દોમલીયા’ |
| (૮) ભક્તિનાં ફળ | (૧૪/૪૫૬, ૩૫૬/૬૮૧૯) કુલ ૩ ગીત ક્રમશઃ ૬, ૫ અને ૫ કડી ગીતનો પ્રકાર ‘ઉમંગ’. |
| (૯) મનને ઉપાલંભનું ગીત | (શ્રી પિંગળશી પાયક ના હસ્તપ્રત ભંડારમાંથી) ૪ કડી ‘સપાખરૂ’ |
| (૧૦) શિરોહીના રાવ ભાણનું ગીત | (૧૬/૮૦૯, ૨૩/૧૦૨૩) ૩ કડી ‘પ્રહાસ’ ‘સેણોર’ |
| (૧૧) સંગ્રામજી જાડેજાનું ગીત | (૩૬૭/૫૫૦૩) ૩ કડી, ગીતનો પ્રકાર ‘સપાખરૂ’ |
| (૧૨) તોગાજી જાડેજાનું ગીત | (૩૬૭/૫૫૦૪) ૪ કડી, ગીતનો પ્રકાર ‘પંખાળો’ |
| (૧૩) માનસિંહજી કછવાહના દુહા | (શ્રી રતુદાનજીના અંગત હસ્તપ્રત ભંડારમાંથી) ૨ દુહા |
| (૧૪)વિદ્યાની કવિતા | (શ્રી પિંગળશીભાઈના પાયકના સંગ્રહમાંથી) ૫ કડી, ગીતનો પ્રકાર ‘શુધ્ધ સેણોર’[૧૭] |

# વિષ્ણુદાસ

## ૩:૧ વિષ્ણુદાસનું જીવન :

નરસિંહ દ્વારા જેનાં બીજ રોપાયાં, ભાલણે જેમાં જલસિંચન કર્યું, નાકરે સ્પષ્ટ કડવાંબધ્ધ સ્વરૂપ બક્ષ્યું એવા આખ્યાન પ્રકારને નવપલ્લવિત કરવામાં સત્તરમી સદીમાં વિષ્ણુદાસ અગ્રિમ સ્થાન ભોગવે છે.

વિષ્ણુદાસ ખંભાતનો નાગર બ્રાહ્મણ હતો. આ વાતનો ઉલ્લેખ આરણ્યક પર્વમાં મળે છે. જ્યાં ત્રંબાવટી એક ઉપગામ હોય એવો પણ નિર્દેશ મળે છે. જેમ કે,

"સ્થંભ તીર્થમાં મારો વાસ, સદા સર્વદા લીલ - વિલાસ,
ત્યાં સાગરતટ ત્રંબાવટી વાસ, કથા પ્રબંધ કર્યો મેં ખાસ,
કવિ નાગર નૌતમ કુળમાંય, પવિત્ર ને ઉત્તમ વર્ણ જ્યાંય." [૧૮]

વિષ્ણુદાસ પોતાની જુદી જુદી કૃતિઓમાં બાલકૃષ્ણ ભટ્ટ, હરિ ભટ્ટ, ભૂધર વ્યાસ અને વિશ્વનાથ વ્યાસનો ગુરુઓ તરીકે ઉલ્લેખ કરે છે એના પરથી એવું અનુમાન કરી શકાય કે આ પુરાણીઓએ એમને કૃતિઓની રચનામાં સહાય કરી હશે. ખંભાતના ખાનપુર પરામાં રહેતા વિષ્ણુદાસ અહીંના આ ત્રણ પૌરાણિકો પાસેથી સંસ્કૃતનું જ્ઞાન મેળવે છે અને પછી તે કથાઓને તે માતૃભાષામાં સમયાંતરે ઉતારે છે એટલી વિગતો મળે છે.

વિષ્ણુદાસની સાહિત્ય સેવાને લક્ષમાં લેતા તે નાકર અને પ્રેમાનંદ વચ્ચે કડીરૂપ આખ્યાનકાર તરીકે જણાઇ આવે છે. પ્રેમાનંદનો આખ્યાનરસ વિષ્ણુદાસની કવિતાના ધાવણથી પરિપુષ્ટ થયો હશે એમ પ્રેમાનંદની શરૂઆતની કેટલીયે કૃતિઓ જોવાથી જણાઇ આવે છે. 'લક્ષ્મણાહરણ', 'મામેરું', 'હૂંડી' વગેરે કાવ્યોમાં વિષ્ણુદાસની કેટલીક પંક્તિઓની પંક્તિઓ પ્રેમાનંદે ઉઠાવી છે.[૧૯] પ્રેમાનંદે એક દિવસમાં 'લક્ષ્મણાહરણ' રચી કાઢયું તેનો આધાર તેને વિષ્ણુદાસના 'લક્ષ્મણાહરણ'નો મળ્યો છે અને તેણે એ કાવ્યને આરંભે વિષ્ણુદાસને યાદ પણ કર્યા છે.

"મોટા કવિજન આગળ થયા, આઈ તે તારો પ્રતાપ,
વ્યાસ મુનિ પરાસર સરખા, પ્રહ્લાદ વિભિષણ સાર,
નૃસિંહ મહેતો, વિપ્ર વિષ્ણુદાસ, કોઈ નવ પામ્યા પાર."(૨૦)

આમ, પ્રેમાનંદ જેવો કવિ પણ આ કવિને માનભેર યાદ કરે છે એવા આ કવિ વિષ્ણુદાસના જન્મ, જીવન, મૃત્યુ વિશે કોઇ આધારભૂત માહિતી મળતી નથી. એમની કૃતિઓ ઇ.૧૫૭૮થી ઇ.સ. ૧૬૧૨ સુધીના રચના વર્ષ બતાવે છે એટલે ઇ. ૧૬ મી સદીના ઉત્તરાર્ધ ને ઇ. ૧૭ મી સદીના પૂર્વાર્ધ વચ્ચે તેઓ હયાત હશે એમ માની શકાય.

વિષ્ણુદાસે પૌરાણિક કથાઓને અનુસરતી અનેક કૃતિઓ રચી છે. વીર કે કરુણરસના આલેખનમાં અને ક્યારેક પ્રસંગવર્ણનોમાં તેની કવિપ્રતિભાના ચમકારા વરતાય છે, પરંતુ વિશેષતઃ મૂળ કથાને સંક્ષેપમાં સરળતાપૂર્વક કહી જવામાં એ કવિઆત્માએ સંતોષ માન્યો છે એમ એમનાં આખ્યાનોના અભ્યાસ પરથી કહી શકાય.

વિષ્ણુદાસના વિપુલ સર્જનમાં મહાભારત અને રામાયણની મોટાભાગની કથાને વલણ, ઢાળ અને ઊથલાવાળા કડવાબધ્ધ આખ્યાન સ્વરૂપમાં ઉતારવાનો એમનો પ્રયાસ વિશેષ નોંધપાત્ર છે. મહાભારતના ૧૫ પર્વોને તેમણે ગુજરાતીમાં ઉતાર્યા છે. કવિને નામે બે 'સભાપર્વ' (મુ.) મળે છે. એક ૨૦ કડવાનું અને બીજુ ૩૬ કડવાનું. કૃતિના આંતરબાહ્ય પ્રમાણોને લક્ષમાં લેતા ૩૬ કડવાનું 'સભાપર્વ' (૨.ઇ. ૧૫૯૮/સં.૧૬૫૪, આસો વદ ૩, રવિવાર : મુ.) કવિની અધિકૃત કૃતિ લાગે છે. જ્યારે ૨૦ કડવાનું 'સભાપર્વ' વિષ્ણુદાસના સમકાલીનો જે ખંભાતના જ વતની હતા એવા શિવદાસ કે અન્યનું હોવાની સંભાવનાઓ વ્યકત થઇ છે.

મહાભારતના ૧૫ પર્વો પર આધારિત બીજી કૃતિઓમાં ૨૫ કડવાના 'ઉદ્યોગપર્વ' (મુ)માં કવિએ મૂળની વિદૂરનીતિ જેવી જટિલ ચર્ચાવાળા ભાગોને કાઢી નાખી, ઇન્દ્ર-શચિના આખ્યાનનો માત્ર ઉલ્લેખ કરી મૂળ કથાનકમાં કાપકુપ કરી ઠીક ઠીક સંક્ષેપ કરી નાખ્યો છે. ૧૪ કડવાનું 'ગદા પર્વ' (મુ.), ૯ કડવાંનું પ્રસ્થાન પર્વ, (મુ.) ૩૮ કડવાંનું 'કર્ણપર્વ' (૨.ઇ. ૧૫૯૯/સં ૧૬૫૫, જેઠ સુદ ૪, શનિવાર', મુ.) ૧૫ કડવાંનું 'શલ્ય પર્વ' (મુ.),૨૫ કડવાંનું 'ભીષ્મ પર્વ', (અંશતઃ મુ.) ૨૦ કડવાંનું 'સ્ત્રી પર્વ', (૨૦ મું કડવું મુ.) ૯૨ કડવાંનું 'આરણ્યક પર્વ', (૨ ઇ. ૧૫૯૧ - જેમાંથી 'નળાખ્યાન' વાળા ભાગના ૭ કડવાં મુ.) 'વિરાટ પર્વ', 'દ્રોણપર્વ', 'આદિપર્વ', ૧૫ કડવાનું

'સૌપ્તિક પર્વ', ૧૦ કડવાંનું 'મૌશલ/મૂશળ પર્વ' અને ૭ કડવાંનું 'સ્વર્ગારોહણી પર્વ' એ મૂળકથાને સંક્ષિપ્તમાં સારરૂપે રજૂ કરતાં પર્વો છે.

મહાભારતનાં ૧૫ પર્વોની માફક 'રામાયણ'ના છ કાંડ કવિએ આખ્યાનરૂપે ઉતાર્યા છે. - ૩૮ કડવાંનો 'અયોધ્યા કાંડ', ૨૩ કડવાંનો 'અરણ્યકાંડ', ૧૧૦૦ ગ્રંથાગ્રનો 'કિષ્કિંધાકાંડ' (ર.ઈ. ૧૫૯૮/સં. ૧૬૫૪, ચૈત્ર સુદ ૧૩, રવિવાર) 'સુંદર કાંડ', ૪૭ કડવાંનો 'યુધ્ધ કાંડ' (ર.ઈ. ૧૬૦૪/સં.૧૬૬૦ ફાગણ સુદ ૧૫, રવિવાર) અને 'ઉત્તરકાંડ'. એ સિવાય ૮૨ કડવાંના 'રામાયણ'ની પ્રત પણ મળે છે જેમાં અયોધ્યાકાંડથી ઉત્તરકાંડ સુધીની કથા આલેખાઇ હોવાનું નોંધાયું છે. એટલે કવિએ રચેલા જુદા જુદા કાંડ સળંગરૂપે અહીં મળે છે. પરંતુ આ 'રામાયણ'ના ૮૨ કડવાં અને જુદા જુદા કાંડોમાં મળતાં કડવાંની કુલ સંખ્યા વચ્ચે મેળ બેસતો નથી. તેથી 'રામાયણ'ના વિવિધ કાંડો અને આ 'રામાયણ' બંને જુદી કૃતિઓ છે કે એક જ છે એ સ્પષ્ટ રીતે કહેવું મુશ્કેલ બની જાય છે. ૮૨ કડવાંની 'રામાયણ'ની મૂળ પ્રતમાં ૮૩ કડવાં મળે છે. એમાં છેલ્લુ કડવું 'રામજન કુંવર' નું છે. બાકીના કડવાંમાં આલેખાયેલા એકાદ-બે પ્રસંગો પણ આખ્યાનમાં ક્ષેપક હોવાનું જણાઇ આવે છે. જેમકે, શબરી રામને પાણી આપવાની ના પાડે છે એ પ્રસંગ કે કુંભકર્ણ સુતની સીતા પાસે અગ્ન્યાસ્ત્ર છોડાવી રામ હત્યા કરે છે એ પ્રસંગો મૂળ વાલ્મીકિ રામાયણમાં ક્યાંય નથી. વિષ્ણુદાસનાં આખ્યાનો જોતાં તેનું વલણ મૂળ કથા પ્રસંગોને વફાદાર રહેવાનું જણાઇ આવે છે.આમાંનો પહેલો પ્રસંગ તો ભાષાની દ્દષ્ટિએ પણ સમગ્ર કૃતિની ભાષાથી જુદો પડી જતો જણાય છે. અને એ પ્રસંગ માત્ર એક જ પ્રતમાં મળે છે. એ પણ સૂચક છે. આમ આ બંને પ્રસંગો કૃતિમાં ક્ષેપક હોવાનો સંભવ વિદ્વાનોને જણાયો છે.

જૈમિનીના અશ્વમેધને આધારે કવિએ ૧૧ આખ્યાનોનું સર્જન કર્યુ છે. યુધિષ્ઠિરના અશ્વમેધ યજ્ઞ વખતે કર્ણપુત્ર વૃષકેતુ અનુશાલ્વની હત્યા કરે છે એ પ્રસંગને આલેખતું ૧૧ કડવાંનું 'અનુશાલ્વનું આખ્યાન' (મુ.), ઉદ્દાલક ઋષિની સ્ત્રી ચંડીના કહ્યાથી ઊલટું જ વર્તન કરવાની પ્રકૃતિને આલેખતું ૮ કડવાનું 'ચંડી આખ્યાન' (મુ.), અર્જુન અને બભ્રુવાહનના યુધ્ધ પ્રસંગોને વર્ણવતું 'બભ્રુવાહન આખ્યાન' (મુ.), સીતા ત્યાગથી લઇ રામના સૈન્ય સાથે યુધ્ધ કરી લવકુશે કરી બતાવેલાં પરાક્રમો સુધીની કથાને આલેખતું ૨૮ કડવાનું 'લવકુશ આખ્યાન' (મુ.), પાંડવોના પૂર્વજ એવા યૌવનાશ્વે કરેલા અશ્વમેધયજ્ઞને નિરૂપતું ૨૩ કડવાનું 'યૌવનાશ્વનું આખ્યાન' / અશ્વમેધ (યુવાનાશ્વ) ની કથા, ૨ કડવાંનું 'અશ્વ પ્રયાણ', મહિષ્મતીના રાજા નીલધ્વજને અર્જુન હરાવે છે તે

પ્રસંગને આલેખતું ૧૧ કડવાંનું 'નીલધ્વજનું આખ્યાન', કૃષ્ણના અલૌકિક માયાવી રૂપોને વર્ણવતું ૧૦ કડવાંનું 'ભીમહાસ્યની કથા', નર્મદાને કિનારે આવેલા રતનપુરના રાજા મોરધ્વજ અને અર્જુન વચ્ચેના યુધ્ધ પ્રસંગનું નિરૂપણ કરતું ૨૪ કડવાંનું 'મોરધ્વજનું આખ્યાન', ૩૦ કડવાનું 'ચંદ્રહાસ આખ્યાન' (ર.ઈ. ૧૫૭૮) તથા 'સુધન્વા આખ્યાન'/'હંસકેતુનું આખ્યાન'.

આ સિવાય કવિનાં અન્ય આખ્યાનોમાં 'શુકદેવાખ્યાન', 'અમરિષ આખ્યાન', ભાગવતના 'દશમસ્કંધ' પર આધારિત 'લક્ષ્મણાહરણ', 'રામાયણ'ના 'ઉત્તરકાંડ'ની કથા પર આધારિત ૨૭ કડવાંનું 'હરિશ્ચંદ્ર આખ્યાન'/ 'હરિશ્ચંદ્ર પુરી' (ર.ઈ. ૧૬૦૧/ સં. ૧૬૫૭, મહાસુદ ૯ રવિવાર મુ.), 'નારદિક પુરાણ' પર આધારિત ૨૩ કડવાંનું 'રૂકમાંગદ આખ્યાન' (મુ.) વગેરે આખ્યાનો મળે છે.

## ૩:૨ વિષ્ણુદાસનું કવન :

(૧) કવિ વિષ્ણુદાસકૃત 'સભાપર્વ', 'નળાખ્યાન', 'કુંવરબાઈનું મોસાળું', 'હૂંડી, સં. ભાનુસુખરામ નિ. મહેતા ઈ. ૧૯૨૧

(૨) 'ઓખાહરણ' : પ્રેમાનંદ, નાકર, વિષ્ણુદાસના સં. ગજેન્દ્રશંકર લા. પંડ્યા, (ઈ.૧૯૪૬)

(૩) 'જાલંધર આખ્યાન' : વિષ્ણુદાસ, ભાલણ અને શિવદાસ કૃત રા. ચુ. મોદી (ઈ.૧૯૩૨)

(૪) કાવ્ય દોહન : ૨; (૫) પ્રાચીન કાવ્ય સુધા : ૬; (૬) બૃહદ કાવ્ય દોહન : ૮ (+ સં.) (૭) મહાભારત : ૧, ૩, ૪, ૫, ૭, (૮) અપ્રસિધ્ધ ગુજરાતી પુસ્તક, સપ્ટે ૧૮૮૫ થી ઓગષ્ટ ૧૮૮૬ - 'ભીષ્મ પર્વ' (૯) પ્રાચીન કાવ્ય ત્રૈમાસિક, વ.૭ અં. ૩ ઈ. ૧૮૯૧ (સં.) (૧૦) એજન, વ.૮ અં.૪ ઈ. ૧૮૯૨ - 'બભ્રુવાહન આખ્યાન' (૧૧) બુધ્ધિપ્રકાશ, જૂન - નવે. ૧૯૦૨ - 'રૂકમાંગદ આખ્યાન' અને 'શલ્ય પર્વ' (૧૨) એજન, એપ્રિલ, જૂન, ઓકટો, ૧૯૦૩ - (અનુશાલ્વનું આખ્યાન) (૧૩) એજન, જૂલાઈ - ઓગષ્ટ,૧૯૦૪ - 'ચંડીનું આખ્યાન'[૨૧]

'કવિ ચરિત'ના કર્તાએ તેમના અભ્યાસને આધારે વિષ્ણુદાસની કૃતિઓનો કાલાનુક્રમ નીચે મુજબ આપ્યો છે.

| કૃતિ | રચનાવર્ષ |
|---|---|
| (૧) લક્ષ્મણહરણ | સં. ૧૬૨૪-૨૮ આસપાસ |
| (૨) કુંવરબાઇનું મોસાળું | સં. ૧૬૨૪-૨૮ આસપાસ |
| (૩) નરસિંહ મહેતાની હૂંડી | સં. ૧૬૨૪-૨૮ આસપાસ |
| (૪) શુકદેવાખ્યાન | સં. ૧૬૨૪-૨૮ આસપાસ |
| (૫-૧૫) અશ્વમેધનાં આખ્યાનો | સં. ૧૬૨૪ થી ૧૬૩૪ આસપાસ |

(૧) યુવનાશ્વની કથા (૨) ભીમહાસ્યની કથા (૩) અનુશાલ્વનું આખ્યાન (૪) અશ્વપ્રયાણ (૫) નીલધ્વજનું આખ્યાન (૬) ચંડીનું આખ્યાન (૭) સુધન્વા આખ્યાન (સં. ૧૬૩૨), (૮) બભ્રુવાહનનું આખ્યાન (૯) લવકુશાખ્યાન (૧૦) મોરધ્વજનું આખ્યાન અને (૧૧) ચંદ્રહાસનું આખ્યાન (સં. ૧૬૩૪)

(૧૬) રૂકમાંગદનું આખ્યાન - સં. ૧૬૩૪

(૧૭-૨૩) મહાભારતના પર્વો - સં. ૧૬૩૪ થી સં. ૧૬૫૭

(૧) વિરાટ પર્વ, (૨) આરણ્યક પર્વ (સં. ૧૬૪૬), (૩) સભા પર્વ (સં. ૧૬૫૪), (૪) આદિપર્વ (૫) ઉદ્યોગપર્વ, (૬) કર્ણપર્વ (સં. ૧૬૫૫) (૭) દ્રોણપર્વ (સં. ૧૬૫૭)

(૨૪) 'અંબરિષાખ્યાન' - સં. ૧૬૪૩

(૨૫-૩૦) રામાયણ - સં. ૧૬૫૦ થી સં. ૧૬૬૧

(૧) અયોધ્યાકાંડ (૨) અરણ્યકાંડ, (૩) કિષ્કિંધાકાંડ, (સં. ૧૬૫૪) (૪) સુંદરકાંડ (૫) યુધ્ધ કાંડ, (સં. ૧૬૬૦), (૬) ઉત્તરકાંડ

(૩૧) હરિશ્ચંદ્ર પુરી- સં. ૧૬૫૭

(૩૨-૩૯) મહાભારતનાં બાકીનાં પર્વો

(૧) ભીષ્મપર્વ (સં. ૧૬૬૩), (૨) શલ્ય પર્વ (૩) ગદા પર્વ (૪) સૌપ્તિક પર્વ, (૫) સ્ત્રી પર્વ (સં. ૧૬૬૫) મૌશલ પર્વ, (૭) પ્રસ્થાન પર્વ (સં. ૧૬૬૮) (૯) સ્વર્ગારોહણી [(૨૨)]

આમ લગભગ ૪૦-૪૫ વરસના લાંબા સમયપટ પર પથરાયેલી કવિની આટલી વિશાળ સાહિત્યસેવા છતાં, એ વાત નોંધવી જોઇએ કે કવિતાની દૃષ્ટિએ કોઇ વિશેષ સિધ્ધિ કવિ દાખવી

શકતા નથી. મોટા ભાગની કૃતિઓનાં કથાનકો મૂળ સંસ્કૃત કથાનકોના સારરૂપ જ છે. કવિની મૌલિક પ્રતિભાના ચમકારા 'મોસાળુ' કે 'હૂંડી' જેવી કૃતિઓમાં અવશ્ય દેખાય છે. એટલું જ નહિં, આખ્યાનકાર શિરોમણી પ્રેમાનંદને આ બે કાવ્યોએ મહાન પ્રેરણા બક્ષી છે. એ દૃષ્ટિએ વિષ્ણુદાસ માનના અધિકારી ઠરે છે.

# શિવદાસ

## ૪:૧ શિવદાસનું જીવન અને કવન :

વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધનાં છટ્ઠા સાતમા દાયકાને પોતાની ૧૨ જેટલી નાની મોટી કૃતિથી અલંકૃત કરી ગયેલા વિષ્ણુદાસના ઉત્તર કાળમાં ખંભાતનાં જ વતની એવા શિવદાસ પોતાની લગભગ તમામ કૃતિઓમાં પોતાનો ઓછાવત્તો પરિચય આપે છે. 'પરશુરામનું આખ્યાન'એ નિર્વિવાદ ઠરેલી તેની પ્રથમ કૃતિ છે.

''સંવત સોળ સડસઠ વર્ષે, માઘ માસ પાવન,
શુકલ પક્ષ સપ્તમી શુભ છે, રવિવાસરનો દિન.
તે દહાડે આખ્યાન કર્યું મેં આણી મન ઉલ્લાસ,
શ્રી ગુરુચરણકૃપા થકી, બુધ્ધિ આપી ભૂધર વ્યાસ.
કવિકુળ ક્ષુદ્ર નાત નાગરની, વીશવશા શુભ જાત,
મહીસાગર તટ સ્તંભતીર્થે, કવિ વસે છે સાક્ષાત્ઃ
******
સદા ભકત કામેશ્વર કેરો, ગુરુનો પદ મહિમાય
કહે શિવદાસ મુંને ચરણે રાખો, સ્વામી વૈકુંઠરાય - ૨૦
(કડવું -૧૨) (૨૩)

ઉપર્યુકત પંક્તિઓમાં શિવદાસ વિશેની આવશ્યક વિગતો પ્રાપ્ત થઇ જાય છે. શિવદાસ ખંભાતનો વતની હતો. તેના ગુરુનું નામ ભૂધર વ્યાસ હતું. જ્ઞાતિએ વીશવશા - વૃધ્ધ નાગર - વડનગરો નાગર અને કામેશ્વર મહાદેવનો તે ભકત હતો. 'પરશુરામ આખ્યાન' એમણે ૧૨ કડવાંનું સં. ૧૬૬૭માં રચેલું.

આ આખ્યાન રચ્યા પછી ૮ મા જ દિવસે માત્ર ત્રણ જ દિવસમાં તેણે કૃષ્ણના બાળચરિત્રની કથા રચી છે તે વિશે એ જણાવે છે,

''ધન્ય ધન્ય યે કો સાંભલે કાન્ય । જન સીવદાસ વદે મુક્ષ વાંણ્ય ॥
માહારો શ્રી ગુરૂ વ્યાસ ભૂધર શ્રૂતિજ્ઞાત્ત । નિગમ ચ્યાર ધરિ યે હાથ ॥

તે મુક્ષથી કથા .... ન । સાંભલ્યા ગુણ શ્રી ભગવાન ।।૪૮।।
હું તેહના ચર્ણકમલની રેત । સકલી ક્રિયા મુંને કીધી તેણ્ચ ।।૪૯।।
એ કથા ભાગવત દશમ્ સ્કંધ । બાલચરિત્ર કીધો પદબંધ ।। ૫૦।।
સંવત સોલ સડસઠા ધન્ય । માઘ માસ પૂર્ણમાનો દિન ।।૫૧।।
તે દાઢે કથા ગુરુમુક્ષથી લીધી । ની દિન ત્રણ્યમાં પૂરણ કીધી ।।૫૨।।
પદ પાંચસહે ઉપરિ બાવન । કડવા ત્રેવીસ કીધા પાવન ।।૫૩।।
કવિકૂલ શુભ જ્ઞાતિ નાગરની । વાસ ત્રંબાવટી ત્રટ સાગરની ।। ૫૪।।
કહે શિવદાસ હું તાહરો બાલ । સદા ભક્ત્ય આપો ગોપાલ ।।૫૫।।''

(કડવું -૨૩)[૨૪]

'બાલ ચરિત્ર'ની જેમ જ 'જાલંધર આખ્યાન' પણ તેણે ત્રણ જ દિવસમાં રચ્યું છે. એ વિશે તે 'જાલંધર આખ્યાન'માં નોંધે છે કે,

''કવિકુલ શુભગ્નાત નાગરની । વાસ ત્રંબાવટી ત્રટ સાગરની ।
માહરો શ્રી ગુરૂ વાસ ભૂદર શુભજાત । નીગમ ચારે ધરે હાથ ।।૨૦।।
એ કથા ગુરુ મુખથી લીધી । દીવસ ત્રણ માંહા પૂરણ કીધી ।
કહે શિવદાસ હું તાહારો બાલ । સદા ભગત આપો ગોપાલ ।।૨૧।।''

(કડવું -૧૫)[૨૫]

ત્યારબાદ સં. ૧૬૭૦ માં તેણે ખંભાતમાં જ 'એકાદથી માહાત્મ્ય' રચ્યું છે, જેમાં પણ તે પોતાના ગુરુ ભૂધરને યાદ કરે છે.

''સંવત સોળ શીતેર વરખે માસ માગસર ધન્ય જી,
શુકલ પક્ષ પૂર્ણિમા પાવન રવિવારનો દન જી. - ૨૫
પદ પાંચસે એકસો ઉપર કડવા પાવન આઠ જી,
ગુરુ વ્યાસ ભૂધર પદ વંદી, કથા કરી મુખપાઠ જી. - ૨૬
કવિકુળ- શોભા નાત નાગરની, સ્તંભતીર્થમાં વાસ જી,
સદા ભક્તિ આપે હરિ ત્યારે ગુણ કથે શિવદાસ જી.'' - ૨૭[૨૬]

આ પછી થોડો સમય તેઓ દક્ષિણ વિજાપુર જઇને વસ્યા હોય એવું લાગે છે. કેમ કે તેમણે ‘ડાંગવાખ્યાન’ અને ‘દ્રૌપદી સ્વયંવર’ વિજાપુરમાં રચ્યાનો ઉલ્લેખ મળે છે.

“સંવત સોળ બોહોતેર કીધો. આ કથા વિસ્તાર,
વૈશાખ માસ સુદી દ્વાદશી, શુભ મુહૂર્ત મંગળવાર,
શ્રી દક્ષિણ વિજાપુર મધ્યે, કીધો એ કથા-પદબંધ;
શિવદાસ કહે મુને રાખજો, શરણે સ્વામી શ્રી ગોવિંદ.” (૨૭)

બીજા વર્ષે એટલે કે સંવત ૧૬૭૩ માં ત્યાં જ વિજાપુરમાં ‘દ્રૌપદી સ્વયંવર’ રચવાનો પણ ઉલ્લેખ મળે છે.

“વૈસમપાએન કહે જનમેજેઅ । પાંડવ વન અતીહાસ રે,
દ્રુપદી સવર સાંભલે ! પોંહોંચે મનની આસ રે ॥”
******
“સંવત ૧૬૭૩ વરખે મકર સંક્રાંતનો દીન રે ।
તે દાડે આરંભ કરો ને આણાદ આણી પ્રેમ રે ॥
એક માસ માંહા પૂરણ કથા થઇ । શખરા મન અવિનાસ રે
શ્રી ગુરુ ચરણ ક્રીપાએ કરી । બૂંધી આપી ભૂધર વાસ રે ॥
બુધીમાને આક્ષાનં કરુ એ । આપી મંન આનંદ રે ।
દક્ષણ દશા વીજા પહોર માંહે કીધો એ પદ્દબંધ રે ॥
કવી નાગર સ્થંભ તીરથની વાસી । કાંમેશરનો દાસ રે ।
સદ્ય મત આપો હરી મુઝને । કેંહે સેવક સીવદાસ રે ॥”

વિષ્ણુદાસ અને શિવદાસ સહાધ્યાયી હોવાનું કહેવાય છે, (૨૮) પણ બંનેનાં કાવ્યોનો અભ્યાસ કરતાં વિષ્ણુદાસની ઉત્તર વયમાં શિવદાસ કાવ્ય રચના કરતો જણાય છે. શિવદાસના ગુરુ ભૂધર વ્યાસ છે. તે મધ્યકાળમાં વિષ્ણુદાસનો પણ ગુરુ ખરો, પરંતુ તેથી એ સહાધ્યાયી હોવાનું સંભવ નથી. ગુરુભાઇ ખરા, સહાધ્યાયી નહીં. (૨૯)

શ્રી કે. કા. શાસ્ત્રીએ તો ‘કવિ ચરિત’ના પૃ. ૩૧૩ પર એવી પણ સંભાવના વ્યક્ત કરી છે કે “ભૂધર વ્યાસની આજ્ઞાથી જ વિષ્ણુદાસથી સવાયો થવા જ શિવદાસે સં. ૧૬૬૭ માં કાવ્ય પ્રવૃત્તિ

શરૂ કરી છે. સમયનો વિચાર કરતાં પણ, એ બે કવિઓ બાળ સ્નેહી હતા.(૩૦) એ સંભવી શકે તેમ નથી. કેમ કે વિષ્ણુદાસની કાવ્ય પ્રવૃત્તિ સં. ૧૬૨૪ - ૧૬૩૪ થી શરૂ થાય છે. ત્યારે શિવદાસની સં. ૧૬૬૭ માં શરૂ થાય છે.

શ્રી કે. કા. શાસ્ત્રી મુજબ જ અહીં શિવદાસની કૃતિઓની કાલાનુક્રમ અનુસાર યાદી આપું છું.(૩૧)

| કૃતિ | રચ્યા વર્ષ |
|---|---|
| ૧. પરશુરામનું આખ્યાન | સં. ૧૬૬૭ |
| ૨. બાલ ચરિત્ર | સં. ૧૬૬૭ |
| ૩. જાલંધર આખ્યાન | સં. ૧૬૬૭ |
| ૪. એકાદશી માહાત્મ્ય | સં. ૧૬૭૦ |
| ૫. સભાપર્વ | સં. ૧૬૭૦ |
| ૬. ડાંગવનું આખ્યાન (વિજાપુરમાં રચ્યું) | સં. ૧૬૭૨ |
| ૭. દ્રૌપદી સ્વયંવર (વિજાપુરમાં રચ્યું) | સં. ૧૬૭૩ |
| ૮. ચંડી આખ્યાન | -------- |
| ૯. શિવ વિવાહ | -------- |
| ૧૦. મૌશલ પર્વ | -------- |
| ૧૧. કામાવતીની વાર્તા | -------- |
| ૧૨. હંસા - ચારખંડી | -------- |

શિવદાસે 'જાલંધર આખ્યાન' 'બાલચરિત્ર'ની જેમ ત્રણ જ દિવસમાં પૂર્ણ કર્યું છે, તેથી તે જ વર્ષમાં રચ્યાની સંભાવના રહે છે. તે સિવાય છેલ્લી ચાર કૃતિઓની રચ્યા સાલ મળતી નથી, પણ તેમાની છેલ્લી બે શિવદાસની છેલ્લી કૃતિઓ હોવાની સંભાવના છે. પૌરાણિક કાવ્યો - આખ્યાનોમાં ધારી સફળતા ન મળતાં કદાચ તેણે લોકવાર્તા પસંદ કરી તે વિષયનાં બે કાવ્યો લખી નાખ્યાં હોય એ સંભવ છે. એ કૃતિઓમાં જણાતી પ્રૌઢી પણ એ કવિની છેલ્લી કૃતિ હોવાનું ઠેરવે છે. શિવદાસ પાસે મૌલિક કવિ પ્રતિભા છે અને તેના ચમકારા ક્યાંક ક્યાંક દેખાઈ આવે છે.

## ❖ સંદર્ભ નોંધ :


(૧) સંપા. ડૉ. બળવંત જાની : 'રામ વિવાહ આખ્યાન', પૃ. ૨૩

(૨) એજન, પૃ. ૨૩ - ૨૪

(૩) મુખ્ય સંપાદકો - શ્રી જયંત કોઠારી, શ્રી જયંત ગાડીત, શ્રી ચંદ્રકાંત શેઠ, સહ સંપાદક : શ્રી રમણ સોની : 'ગુજરાતી સાહિત્ય કોશ' ખંડ - ૧, મધ્યકાલ, પૃ.૨૮૦

(૪) એજન, પૃ. ૨૮૦

(૫) શ્રી રા. ચુ. મોદી : 'ભાલણ, ઉધ્ધવ અને ભીમ', પૃ.૧૮, બીજી આવૃત્તિ, ૧૯૬૬

(૬) એજન, પૃ. ૧૯

(૭) સંપા. શ્રી જેઠાલાલ ત્રિવેદી : 'ભાલણનાં પદ' પૃ. ૭૮, બીજી આવૃત્તિ, ૧૯૭૨

(૮) લે. શ્રી કે. કા. શાસ્ત્રી : 'ભાલણ - એક અધ્યયન' પૃ.૮૨-૮૩,પહેલી આવૃત્તિ, ૧૯૫૮

(૯) સંપા. ડૉ. બળવંત જાની : 'રામ વિવાહ આખ્યાન', પૃ. ૨૫ - ૨૬

(૧૦) એજન - પૃ. ૨૬

(૧૧) લે. શ્રી કે. કા. શાસ્ત્રી : 'ભાલણ : એક અધ્યયન', પૃ.૮૩, પહેલી આવૃત્તિ, ૧૯૫૮

(૧૨) 'ગુજરાતી સાહિત્ય કોશ' ખંડ - ૧, મધ્યકાળ, પૃ. ૨૮૧

(૧૩) ડૉ. અંબાદાન રોહડિયા : 'જાલંધર પુરાણ', ભા-૧ , પૃ. ૯

(૧૪) એજન, પૃ. ૧૧

(૧૫) એજન, પૃ. ૧૧

(૧૬) એજન, પૃ. ૧૧

(૧૭) એજન, પૃ. ૨૪ - ૨૫

(૧૮) અંબાલાલ જાની કૃત, બૃ. કા. દો. ભા - ૮, પ્રસ્તાવના , 'વિષ્ણુદાસ' પૃ. ૬૧, (આરણ્યક પર્વમાંનો ઉલ્લેખ)

(૧૯) શ્રી ભા. નિ. મહેતા : 'વિષ્ણુદાસ', પૃ. ૮૮

(૨૦) બૃ. કા. દો. ભા-૩, પૃ. ૧૫૦

(૨૧) 'ગુજરાતી સાહિત્ય કોશ', પૃ. ૪૧૯ (મધ્યકાળ)

(૨૨) શ્રી કે. કા. શાસ્ત્રી : 'કવિ ચરિત' ભા-૨, પૃ. ૩૨૮, ૩૨૯

(૨૩) એજન, પૃ. ૪૩૦

(૨૪) એજન, પૃ. ૪૩૧

(૨૫) એજન, પૃ. ૪૩૧

(૨૬) એજન, પૃ. ૪૩૨

(૨૭) એજન, પૃ. ૪૩૨

(૨૮) એજન, પૃ. ૪૩૬

(૨૯) એજન, પૃ. ૪૩૬

(૩૦) શ્રી કે. કા. શાસ્ત્રી : 'વિષ્ણુદાસ', પૃ. ૩૬

(૩૧) શ્રી કે. કા. શાસ્ત્રી : 'કવિ ચરિત' ભા-૨, પૃ. ૪૩૮

# પ્રકરણ – ૪

# જાલંધર કથાનકનું મૂળ


૧:૧ પ્રસ્તાવના

૧:૨ જાલંધરનો જન્મ, નામકરણ સંસ્કાર અને વિવાહ

૧:૩ રાહુનું વૃતાંત સાંભળી કોપેલો જાલંધર

૧:૪ જાલંધરે ઈન્દ્ર પાસે મોકલેલો દૂત

૧:૫ દેવ–દાનવ યુધ્ધ

૧:૬ દેવોનું શિવના શરણે આગમન અને શિવ દ્વારા સુદર્શન ચક્રનું નિર્માણ

૧:૭ દેવર્ષિ નારદે દેવોને બચાવવા કરેલો ઉપાય

૧:૮ વિષ્ણુ દ્વારા વૃન્દાનો શિલભંગ

૧:૯ શિવ દ્વારા જાલંધરનો વધ

❖ ઉપસંહાર

❖ સંદર્ભ નોંધ

# પ્રકરણ – ૪

# જાલંધર કથાનકનું મૂળ

## ૧:૧ પ્રસ્તાવના :

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ચાર જેટલાં જાલંધર કથાનક ધરાવતાં આખ્યાનો મળે છે. આ પરંપરાનો પ્રારંભ ભાલણથી થાય છે. 'જાલંધર' કથાનક પ્રજાના ધાર્મિક જીવન સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. આ કથાનકનું મૂળ 'પદ્મપુરાણ' ભાગ-૨ માં - ૬ : ઉત્તરખંડ - પૂર્વાધમાં આવેલું છે. અધ્યાય ૩ થી ૧૯ એમ કુલ ૧૭ અધ્યાયમાં જાલંધરના જન્મથી માંડી મૃત્યુ પર્યંતની કથા આલેખાયેલી છે. મૂળ કથાનક પ્રમાણમાં ખૂબ વિસ્તૃત છે. એનો કુલ વિસ્તાર ૧૦૫૯ શ્લોકોનો છે. 'પદ્મપુરાણ'ની મૂળ કથા નારદ-યુધિષ્ઠિરના સંવાદરૂપે કહેવાયેલી છે. મૂળમાં ખૂબ વિસ્તારથી કહેવાયેલી આ કથાનો સંક્ષિપ્ત કથાસાર આ મુજબ છે.

## ૧:૨ જાલંધરનો જન્મ, નામકરણ સંસ્કાર અને વિવાહ :

એક વખત ઋષિ નારદ દુઃખી પાંડવોને મળવા 'કામ્યવન'માં ગયા ત્યારે યુધિષ્ઠિર પૂછે છે કે, 'ક્યા કર્મથી અમે દુઃખના સમુદ્રમાં પડ્યા છીએ ?' ત્યારે યુધિષ્ઠિરને સાંત્વન આપતાં નારદ જણાવે છે કે, 'શ્રી વિષ્ણુને પણ વીર જાલંધરે સાગરની ઊંડી ખીણમાં ફેંકી દીધા હતા.' 'એ વીર જાલંધર કોણ હતો ? કોનો પુત્ર હતો ? બળવાન શાથી થયો હતો ? ભગવાન શિવે જાલંધરને કેવી રીતે માર્યો હતો ?' વગેરે વિસ્તારથી કહેવા યુધિષ્ઠિર નારદને વિનંતી કરે છે ત્યારે નારદ સમગ્ર પાપોનો નાશ કરનારી એ દિવ્યકથા યુધિષ્ઠિરને માંડીને કહે છે.

ઈન્દ્ર શંકરની સ્તુતિ કરવા દેવો, ગાંધર્વો, અપ્સરાઓ સાથે કૈલાસ પર્વત પર જાય છે. ત્યાં જઈ મહાદેવને રીઝવવા રંભા અને બીજી દેવાંગનાઓ સાથે ઈન્દ્ર નૃત્ય કરે છે. તેનાથી સંતોષ પામી ભગવાન શિવ ઈન્દ્રને વરદાન માગવા કહે છે. 'તમારા જેવો કોઈ યોદ્ધો હોય, તેવું કોઈ યુદ્ધ મને આપો.' એવું યુદ્ધરૂપી વરદાન મેળવી ઈન્દ્રાદિ ત્યાંથી ચાલ્યા ગયા. ગર્વિષ્ઠ ઈન્દ્રની આવી માગણીથી શિવને ક્રોધ થયો. એ ક્રોધ પ્રગટરૂપે શિવ સામે હાજર થયો ને ઉમાપતિએ આદેશ કર્યો, 'તું અહીંથી જા, અને સાગરના વીર્યથી યુક્ત થઈ સ્વર્ગ નદી ગંગાને પ્રાપ્ત કરી ઈન્દ્રને જીત.' સ્વર્ગનીનદી

ગંગા એ વેળા પોતાનાં યૌવનથી મદોન્મત્ત બની હતી. તેને જોઇ નદીઓના રાજા સમુદ્રના જળના તરંગો ઉછળવા લાગ્યા હતા. ગંગા અને સમુદ્રનો સંગમ થયો એ જ સમયે મહાનદી ગંગામાં સમુદ્રનો એક પુત્ર પ્રકટ થયો.

સમુદ્રના તટ પર બાળકનાં રડવાનાં ભયંકર અવાજથી ત્રિલોકમાં ત્રાસ વર્તાય છે. ઇન્દ્રાદિ દેવોની વિનંતીથી ખુદ બ્રહ્મા સાગર તટે આવે છે. સમુદ્રના કહેવાથી બ્રહ્માને જાણ થાય છે કે આ અવાજ સાગરનો નથી. તેનો બળવાન પુત્ર ગર્જના કરી રહ્યો છે. પતિની આજ્ઞાથી ગંગા પોતાના પુત્રને બ્રહ્માના ખોળામાં મૂકે છે. સમુદ્ર પુત્રે બ્રહ્માજીની દાઢી જોરથી પકડી જેને બ્રહ્માજી પણ છોડાવી શક્યા નહીં. સમુદ્રે પોતાના પુત્રના હાથમાંથી માંડ માંડ બ્રહ્માજીની દાઢી છોડાવી. બાળકનું આવું પરાક્રમ નિહાળી ખુદ બ્રહ્માએ, તેને પ્રેમથી 'જાલંધર' - એટલે કે *'जालं - कूर्चस्थबाल समूहं धरति इति जालन्धर ।'* - નામે બોલાવ્યો એથી એ સમુદ્ર પુત્ર 'જાલંધર' નામે ઓળખાયો. બ્રહ્માએ તેને વરદાન આપતાં કહ્યું કે, ''આ જાલંધર દેવોથી પણ ન જીતી શકાય એવો થશે, એ જ કારણે મારી કૃપાથી પાતાલ સહિત સ્વર્ગને ભોગવશે.''[૧]

ત્યારબાદ ગુરુ શુક્રાચાર્યના કહેવાથી સમુદ્ર 'મય' દાનવને બોલાવી 'જાલંધરપુર'નું નિર્માણ કરાવે છે. 'જાલંધરપુર'ના નિર્માણ બાદ જાલંધરનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો ત્યારે મહાસાગરે પુત્ર જાલંધરને પોતાના પેટમાંથી ઉત્પન્ન કરેલ એક હજાર 'મહાપદ્મ'ની સંખ્યા ધરાવતું સૈન્ય અર્પણ કર્યું હતું. તે જ પ્રમાણે દૈત્યગુરુ શુક્રાચાર્યે પણ જાલંધરને પ્રેમથી 'મૃત સંજીવની' નામની પોતાની વિદ્યા તથા શ્રી રુદ્રને પણ વિશેષ મોહ પમાડનારી પોતાની માયા અર્પણ કરી હતી.

'સ્વર્ણા' નામની એક સમયે સ્વર્ગમાં રહેતી અપ્સરાને 'ક્રૌંચ' નામના ઋષિની કૃપાથી 'વૃન્દા' નામની પુત્રી જન્મી હતી જે અતિશય સૌન્દર્યવાન હતી. શુક્રાચાર્યે જાલંધર માટે અપ્સરા પાસે વૃન્દાની માગણી કરી એટલે અપ્સરાએ પોતાની પુત્રી શુક્રચાર્યને સોંપી અને શુક્રાચાર્યના આશીર્વાદથી જ જાલંધર વૃન્દાને ગાંધર્વવિવાહ વડે પરણ્યો.

## ૧ઃ૩ રાહુનું વૃત્તાંત સાંભળી કોપેલો જાલંધર :

એક દિવસ જાલંધર પોતાની રાજ્યસભામાં બેઠો હતો ત્યારે રાહુના કપાયેલા મસ્તકને જોઇ તે ગુરુ શુક્રાચાર્યને પૂછે છે કે, 'ક્યા કારણે આ રાહુ શરીરના અર્ધભાગવાળો થયો છે?' આ પ્રશ્ન સાંભળી શુક્રાચાર્યે રાહુના સંબંધે પૂર્વે બનેલું વૃત્તાંત શરૂઆતથી કહી સંભળાવ્યું કે, 'દેવોએ ક્ષીરસમુદ્રને મથીને

અમૃત મેળવ્યા પછી અમૃતની વહેંચણી કરતાં શ્રી વિષ્ણુએ સૂર્ય, ચંદ્રની વચ્ચે ઘૂસી ગયેલા આ રાહુનું મસ્તક સુદર્શન ચક્ર વડે કાપી નાખ્યું હતું.' આ સાંભળી વિસ્મય પામેલા જાલંધરે રાહુ પર કૃપા કરતાં કહ્યું કે, 'હવે તું ઇચ્છાનુસાર રૂપને ધારણ કરનારો થા.'

*''इति शुक्रस्य मन्त्रेण सिन्धुसूनुः प्रतापवान् ।*
*पितृव्यं संस्मरन् वीर - विग्रहं त्वकरोत् सुरैः ॥''*[२]

## ૧:૪ જાલંધરે ઈન્દ્ર પાસે મોકલેલો દૂત :

સમુદ્રમંથનની કથા સાંભળી ઉશ્કેરાયેલો જાલંધર 'દુર્વારણ' નામના દૈત્યને દૂત તરીકે ઇન્દ્ર પાસે મોકલે છે. ઇન્દ્ર તેને પૂછે છે, 'તું કોનો દૂત છે ? ક્યા કાર્ય માટે અહીં આવેલ છે ?' જાલંધરના દૂત તરીકે પોતાની ઓળખાણ આપ્યા પછી દુર્વારણ જાલંધરનો મૌખિક સંદેશો ઇન્દ્રને સંભળાવે છે. જાલંધરનો સંદેશ સાંભળી ઇન્દ્ર ક્ષીરસાગરને મથવાનું કારણ દુર્વારણને કહે છે અને ઉમેરે છે કે, ''જો જાલંધર અમારી સાથે યુધ્ધ કરવા આવશે તો ખરેખર તે પણ એ જ સમયે અવશ્ય નાશ પામશે.'' દુર્વારણ જાલંધર પાસે આવી ઇન્દ્રનો ઉપર્યુક્ત પ્રત્યુત્તર મોટેથી કહી સંભળાવે છે.

## ૧:૫ દેવ – દાનવ યુધ્ધ :

પોતાના દૂતના મોંઢે ઇન્દ્રનાં વચનો સાંભળી જાલંધર અતિશય ક્રોધ પામ્યો. પોતાના સમગ્ર સૈન્યને યુધ્ધ માટે તત્પર થવાની આજ્ઞા કરી. અહીં 'પદ્મપુરાણ' ભા-૨ ના ૬:ઉત્તરખંડ - પૂર્વાર્ધના અધ્યાય-૬ ના શ્લોક ૧ થી ૬૮ માં જાલંધરની યુધ્ધ માટેની તૈયારી, તેની સેના, સેનામાં રહેલા દૈત્યો, તેના વાહનો વગેરેની વિગતપૂર્ણ રજૂઆત છે. દૈત્યો દુંદુભિ નગારાંઓની ગર્જનાઓ સાથે કુબેર, યમદેવ, વરુણની નગરીને તથા બીજા લોકપાલોની નગરીઓને પણ ભાંગી છેક અમરાવતી સુધી આવી પહોંચ્યા. જાલંધરને આટલી મોટી સેના સાથે આવેલો જોઇ ઇન્દ્રનું વજ્ર કાંતિહીન થઇ ઇન્દ્રના હાથમાંથી પડી ગયું. ગભરાયેલા ઇન્દ્ર ગુરુ બૃહસ્પતિના કહેવાથી યુધ્ધ કર્યા વગર જ વિષ્ણુને શરણે જાય છે. વિષ્ણુના દ્વારપાળ વિજયે 'જાલંધરના ભયથી ત્રાસેલા બધા દેવો અહીં આવ્યા છે.' એમ ભગવાન વિષ્ણુને કહ્યું ત્યારે બાજુમાં બેઠેલાં લક્ષ્મીજીએ કહ્યું કે, 'દેવો માટે તમે જ્યારે યુધ્ધ કરો, ત્યારે તમારે મારા ભાઈ જાલંધરને મારા ઉપરની પ્રીતિના કારણે મારવો નહિ, એ જ્યારે શાપિત થશે, ત્યારે જ મારવા યોગ્ય થશે.' લક્ષ્મીની આ વિનંતીનો કોઇ જવાબ વાળ્યા વગર ભગવાન વિષ્ણુ ગરુડારૂઢ થઇ વૈકુંઠમાંથી બહાર નીકળી જાય છે.

દેવોની સેનામાં મોખરે રહી વિષ્ણુ દેવોને ભય ત્યજી લડવા તૈયાર કરે છે. દેવો - દાનવો વચ્ચે ભયંકર સંગ્રામ થાય છે. વિષ્ણુ કાલનેમિ દૈત્ય સાથે દ્વંદ્વ યુધ્ધ આરંભે છે તો ઈન્દ્ર અને બલિદાનવ વચ્ચે અતિદારુણ યુધ્ધ થાય છે. ઈન્દ્ર ચાલાકીપૂર્વક બલિદાનવની પ્રશંસા કરી વરદાન રૂપે બલિદાનવનાં પ્રાણ માગી લે છે. બલિદૈત્ય જન્મથી જ વિશુધ્ધ હતો તેથી તેનાં શરીરનાં બધા અવયવો રત્નોનાં બીજપણાને પામ્યા હતા. બલિદૈત્યના મરતાં જ તેના સર્વ અંગ - ઉપાંગોમાંથી વિભિન્ન પ્રકારનાં હીરા - માણેક ઉત્પન્ન થયા હતા. બલિદાનવને ઈન્દ્રના હાથે મરેલો સાંભળી બલિની પત્ની પ્રભાવતી વિલાપ કરવા લાગી હતી. તેણી શુક્રચાર્યને બલિને જીવતો કરવા વિનવે છે, પરંતુ 'જેનું મરણ પોતાની ઈચ્છાથી થયું છે તેને હું કેવી રીતે જીવાડું ?' એમ કહી શુક્રાચાર્ય નમ્રતાપૂર્વક પ્રભાવતીની વિનંતીનો અસ્વીકાર કરે છે. છતાં પ્રભાવતી અને જાલંધરના આગ્રહને વશ થઈ શુક્રાચાર્ય બલિદૈત્યના મોઢામાંથી અવાજ ઉત્પન્ન કરાવે છે. જે અવાજ પ્રભાવતીને ઉદ્દેશી કહે છે, 'હે પ્રભાવતી ! તું તારા શરીરને મારાં અંગોમાં લય પમાડી દે.' આ વચન સાંભળી પ્રભાવતી નદીરૂપ થઈ બલિદૈત્યનાં અંગોમાં જ લય પામી હતી.

*''ततो जालन्धरः क्रूध्धः प्राहतं दैत्यसूदनम् ।*

*कपटेन बलं हत्वा क यास्यसि बलाधम ॥''*(3)

તે પછી ક્રોધાયમાન થયેલા જાલંધરે દૈત્યોનો નાશ કરનાર ઈન્દ્રને કહ્યું કે, 'ઓ અધમ બળ ધરાવનારા ઈન્દ્ર ! તેં કપટ કરીને બલિ દૈત્યને માર્યો છે, તો હવે તું ક્યાં જઈશ ?' એમ કહી પ્રતાપી જાલંધરે બાણો વડે ઘાયલ કરી ઈન્દ્રને બેભાન કરી દીધો. ત્યારબાદ વિષ્ણુ દાનવો સાથે ભયંકર ક્રોધથી યુધ્ધ કરે છે. મરેલા દૈત્યોને શુક્રાચાર્ય જીવતાં કરે છે. રણમાં ઢળી પડેલા દેવોને વિષ્ણુના કહેવાથી ગુરુ બૃહસ્પતિ સાગરમાં રહેલા દ્રોણ પર્વત પરની સંજીવની ઔષધિ વડે દેવોને જીવાડે છે. દેવોના પુનઃજીવિત થવાનું કારણ શુક્રાચાર્ય પાસેથી જાણી જાલંધર ત્વરિત સમુદ્ર પાસે આવી બધી વાત કરે છે. ક્ષીર સાગર કહે છે, 'હે પુત્ર ! જે પુરુષ મારા શરણે આવ્યો હોય તેને હું મારા તરંગો વડે કેમ ડૂબાડી દઉં ?' જાલંધર દ્રોણ પર્વત પર એક લપડાક લગાવે છે અને દ્રોણ જાલંધરના શરણે આવી એનાં દેખતાં રસાતલમાં જતો રહે છે.

બૃહસ્પતિ સહિત બધા દેવોને હંફાવી જાલંધર વિષ્ણુ સામે દોડી જાય છે અને બંને વચ્ચે ઘોર સંગ્રામ થાય છે. જાલંધર વિષ્ણુના રથની પાસે પહોંચી એક હાથે ગરુડને અને બીજા હાથે વિષ્ણુના રથને ઊંચકી આકાશમાં ભમાડી રથને શ્વેતદીપમાં અને ગરુડને ક્રૌંચ નામના દ્વીપમાં નાખી દે છે. શ્રી

વિષ્ણુ આકાશમાં ભમતા પોતાના રથના ચકરાવામાંથી ખસી રણભૂમિ પર આવી જાલંધરને ફરી પડકારે છે. લક્ષ્મીજીની પ્રાર્થનાથી વિષ્ણુ જાલંધર પર જીવલેણ પ્રહાર કરતા નથી, પરંતુ એ દાનવના બાણોના પ્રહારથી પૃથ્વી પર ઢળી પડેલા વિષ્ણુને જોઇ લક્ષ્મીજી રડતાં રડતાં જાલંધરને કહે છે કે, 'હે ભાઇ ! તારે પોતાની બહેનને વૈધવ્ય આપવું યોગ્ય નથી.' લક્ષ્મીજીનાં આ વચને જાલંધર વિષ્ણુને છોડી મૂકે છે અને વરદાનરૂપે એ બંનેને સાગરમાં રહેવાનું વચન મેળવે છે.

*"तदाप्रभृति कृष्णस्य वासः श्वसुरमन्दिरे ।*

*अब्धौ वसति देवेशो लक्ष्म्याः प्रिय चिकीर्षयाः" ॥*[४]

ત્યારબાદ જાલંધરે સ્વગનું રાજ્ય પ્રાપ્ત કર્યું. દેવોના અધિકારો દૈત્યોને સોંપ્યા અને કંટક રહિત રાજ્ય કર્યું. અમરાવતીમાં પછી તો જાલંધરનો સુરાજ્યકાળ પ્રવર્તે છે. જાલંધરના રાજ્યમાં કોઇ પ્રાણી રોગી, દુઃખી કે દરિદ્ર ન હતું.

## ૧:૬ દેવોનું શિવના શરણે આગમન અને શિવ દ્વારા સુદર્શન ચક્રનું નિર્માણ :

જાલંધરથી પરાસ્ત થયેલાં દેવો લાંબાકાળ સુધી દુર્દશાને પામ્યા હતા. ફરી દેવો બ્રહ્માના જ સૂચનથી ભગવાન શિવના શરણે જઇ શિવની સ્તુતિ કરે છે. દેવોની સ્તુતિથી પ્રસન્ન થયેલાં શિવ બ્રહ્માની ઇચ્છાને મનથી જાણી લઇ, તેમજ ઇન્દ્રના અભિમાનનો પણ ભંગ થયો જાણી દેવો પ્રત્યે શિવ કહે છે, 'જે શત્રુને શ્રી વિષ્ણુ ન મારી શક્યા તેને હું કેવી રીતે મારી શકીશ ?' એ દાનવના વધ માટે કોઇ દૃઢ શસ્ત્રની આવશ્યકતા છે એવી શિવની વાત સાંભળી દેવો કહે છે, 'એવું મોટું શસ્ત્ર, આપ પોતે જ ઉત્પન્ન કરો, કેમકે આપ પોતે જ પોતાના બળને જાણો છો.' બધા જ દેવોના તેજને એકઠું કરી તેના પર ભમરીઓના સમુદાયની જેમ ગોળ ગોળ ફરી શિવ નર્તન કરે છે. ભગવાન શિવના આ પ્રકારના મર્દનથી એક ચક્ર ઉત્પન્ન થયું જે ત્રણ લાખ આરાઓથી યુક્ત અને કરોડો અસ્થિઓથી વ્યાપ્ત હતું. એ ચક્રના તેજથી બ્રહ્માના દાઢી-મૂછ બળવા માંડ્યા. ઉમાપતિએ હસીને તરત જ એ ચક્રને બ્રહ્માના હાથમાંથી લઇ કોઇ નિર્ધન માણસ ખજાનાને બગલમાં દબાવી દે તેમ પોતાની બગલમાં દબાવી દીધું.

## ૧:૭ દેવર્ષિ નારદે દેવોને બચાવવા કરેલો ઉપાય :

નારદ જાલંધર પાસે જઈ દેવોએ તેને મારવા કરેલા ઉપાયની વાત કરે છે. જાલંધર શિવ સાથે કારણ વિના યુધ્ધ કરવા ઇચ્છતો નથી તેથી નારદને યુધ્ધ માટેનો ઉપાય પૂછે છે. નારદ તો આવ્યા જ છે એ કાર્ય સિધ્ધ કરવા. તે સતી પાર્વતીનાં સૌન્દર્યની પ્રશંસા કરી એ સ્ત્રી રત્નને પ્રાપ્ત કરવા જાલંધરને ઉશ્કેરે છે. ઉશ્કેરાયેલો જાલંધર રાહુને દૂત બનાવી એ સ્ત્રી રત્નને સોંપી દેવાનું કહેણ લઇ શિવ પાસે મોકલે છે.

જાલંધરનો પાર્વતીને સોંપી દેવાનો સંદેશ રાહુના મુખે સાંભળી શંકરની જટામાંથી એક મોટો કીર્તિમુખ નામનો ગણ પ્રગટ થયો હતો. એ ત્રણ મોઢાવાળો, ત્રણ પગવાળો, ત્રણ પૂંછડાવાળો તથા સાત હાથવાળો હતો. આ ગણે પ્રગટ થઇ પ્રથમ શિવને પ્રણામ કર્યા અને કહ્યું કે, 'હે પ્રભુ ! હું અત્યંત ભૂખ્યો છું.' ત્યારે શંકરે તેને રણસંગ્રામમાં જે માર્યા ગયા હોય તેને ખાઇ જવા કહ્યું. એટલામાં રણસંગ્રામ ન જોઇ તે બ્રહ્માને ખાઇ જવા ઉત્સુક બન્યો. શંકરે તેને અટકાવ્યો તો તે પોતાનું જ આખું શરીર (મસ્તક સિવાય) ખાઇ ગયો. કીર્તિમુખ ગણનું એ સાહસ કર્મ તથા ભક્તિથી પ્રસન્ન થયેલા ભગવાન શંકરે તેને પોતાના મહેલની ઉપર સર્વકાળ રહેવાનું વરદાન આપ્યું. ફરી શંકરને જાલંધરનો સંદેશ સંભળાવી રાહુ જાલંધર પાસે આવી સર્વ વૃત્તાંત વિસ્તારથી કહે છે અને પાર્વતીનું મનોહર રૂપ પણ વર્ણવે છે.

*''अथ जालन्धरं गत्वा कथयामास विस्तरात् ।*
*स्वर्भानुस्तस्य वृत्तान्तं गौरीरुपं मनोहरम् ॥''*[૫]

દૂત રાહુના વચનો સાંભળી ઉશ્કેરાયેલો વીર જાલંધર પછી યુધ્ધની તૈયારી કરે છે. જાલંધરની યુધ્ધયાત્રાનું વર્ણન 'પદ્મપુરાણ'માં ખૂબ વિસ્તારથી અધ્યાય-૧૨ માં મળે છે. અધ્યાય-૧૩ માં જાલંધર અને અન્ય દૈત્યના નંદી આદિ સાથેના યુધ્ધનાં વિગતે વર્ણન મળે છે.

## ૧:૮ વિષ્ણુ દ્વારા વૃન્દાનું શીલભંગ :

'પદ્મપુરાણ' ભાગ-૨ ના ૬-ઉત્તરખંડ - પૂર્વાધના અધ્યાય-૧૪ માં શિવ-જાલંધર યુધ્ધનું વિગતે વર્ણન મળે છે. એ યુધ્ધ દરમ્યાન જાલંધર પાર્વતીજીને છળવા શિવનું રૂપ લે છે. ભગવાન વિષ્ણુને આનું જ્ઞાન થતાં તે ગરુડને મોકલી તપાસ કરાવે છે તો ગરુડ એ માયાવી શિવની વાત સાચી છે એમ વિષ્ણુને જણાવે છે અને સાથે સાથે ગરુડ જ વિષ્ણુને બદલો લેવા ઉશ્કેરે છે. વિષ્ણુ

યોગમાયાના બળથી લક્ષ્મી તથા તેની સાથે શેષનાગ રૂપ બદલી વૃન્દાને છળવા નિકળી પડે છે. ભયંકર વનમાં એક માયાવી આશ્રમ ઉભો કરી ભગવાન વિષ્ણુ અને શેષનાગ જટા અને વલ્કલ વસ્ત્રો ધારણ કરી મંત્ર દ્વારા જાલંધર પત્ની વૃન્દાનાં હૃદયમાં દાહ ઉત્પન્ન કરે છે. વિષ્ણુની જ માયાથી વૃન્દાએ ચૌદશની રાત્રિના ચોથા પ્રહરે પોતાના વિધવાપણાના ભયને સૂચવતું ભયંકર સ્વપ્ન જોયું. બ્રાહ્મણોને પોતાના અશુભ સ્વપ્નની વાત કરે છે ત્યારે બ્રાહ્મણો તેને દાનપુણ્ય કરવા જણાવે છે. વૃન્દા બ્રાહ્મણોના જણાવ્યા પ્રમાણે દાનપુણ્ય કર્યા બાદ 'સ્મરસખી' નામની દૂતી સાથે 'સૌભાગ્યકાનન' નામના વનના બગીચામાં જાય છે. વનમાં વૃન્દા અને સ્મરદૂતીને ભયંકર રાક્ષસનો ભેટો થાય છે. ભગવાન શ્રી વિષ્ણુ ત્યાં તાપસરૂપ ધરી બંનેને રાક્ષસના પંજામાંથી છોડાવે છે. ત્યારબાદ શિકારીના પંજામાં સપડાયેલી વૃન્દા તાપસના આશ્રમમાં પહોંચે છે. આશ્રમની ચિત્રશાલામાં તાપસ દ્વારા મોકલાયેલી વૃન્દા પતિના કપાયેલા મસ્તકને હાથમાં લઇ પલંગ પર બેસી આખો મીંચીને તે મસ્તકના અધરોષ્ઠનું પાન કરવા લાગી. ત્યાં જ તે મસ્તકનું રૂપ પોતાના પતિ જાલંધરની આકૃતિવાળું બની ગયું. શ્રી વિષ્ણુ પોતે જાલંધર સ્વરૂપે વૃન્દાને મોહ પમાડે છે. લક્ષ્મીજી પ્રત્યે નિઃસ્પૃહ બનેલા ભગવાન વિષ્ણુ વૃન્દાને મોહ પમાડવાથી થયેલા સુખને મોક્ષથી પણ અધિક માનવા લાગ્યા હતા, એટલું જ નહિ પણ શ્રી લક્ષ્મીજીના પ્રેમરસથી પણ તે સુખ અધિક છે એમ પણ શ્રી વિષ્ણુ માનવા લાગે છે. શ્રી હરિ વૃન્દાના તે સંગથી થયેલા સુખને કેટલાક દિવસો સુધી અનુભવી 'મેં આ શિવનું જ કાર્ય કર્યું છે', એમ વિચારે છે. એક સમયે વૃન્દાએ પોતાના કંઠ પર વળગી રહેલા પુરુષને પુરુષોત્તમરૂપે જોયા કે તેમના બાહુપાશથી છુટી વૃન્દા તેમને પૂછે છે, 'તાપસના રૂપે મને મોહ પમાડવા આવેલા તમે કોણ છો?' વૃન્દાને શાંત પાડતા વિષ્ણુ કહે છે, ''શ્રી લક્ષ્મીના મનને મોહ પમાડનાર હું 'વિષ્ણુ' છું. તારો પતિ શંકરને જીતવા અને ગૌરી-પાર્વતીને અહીં લાવવા ગયો છે, પણ શિવ એ હું છું અને હું તે જ શિવ છે. જાલંધર તો યુધ્ધમાં માર્યો ગયો છે, તેથી હવે તું મને જ (પોતાના પતિ તરીકે) સેવન કર.''

વિષ્ણુનાં વચનોથી ક્રોધિત થયેલી વૃન્દા વિષ્ણુને શાપ આપતાં કહે છે, 'તમે માયાથી તપસ્વી બની મને જેમ મોહ પમાડી છે તે જ પ્રમાણે તમારી પત્નીને માયાથી તપસ્વી બનેલો કોઇપણ લઇ જશે.' એ સાથે જ ભગવાન શ્રી વિષ્ણુ અને તેની તમામ માયા ત્યાંથી અદશ્ય થાય છે. કપટરૂપ વિષ્ણુથી મોહ પામી શીલભંગ થયેલી વૃન્દાએ સરોવરમાં સ્નાન કરી સરોવરના તીર પર પદ્માસન વાળીને પોતાના મનને વિષય રહિત કર્યું. વિષ્ણુના સંગથી દુષિત થયેલા પોતાના શરીરને વૃન્દાએ

સૂકવી નાખ્યું અને એમ અતિ ઉગ્ર તપ આરંભ્યુ. સ્વર્ગમાંથી અપ્સરાઓ તેને ઘણી બધી લાલચો આપી સદેહે સ્વર્ગમાં તેડી જવા આવે છે, પરંતુ વૃન્દા અપ્સરાઓના તે સમૂહને વિદાય કરે છે. તે પછી વૃન્દાએ યોગના અભ્યાસ વડે પ્રાપ્ત થયેલ જ્ઞાનરૂપી અગ્નિ દ્વારા (સત્વાદિ) ગુણોને બાળીને ભસ્મ કરી નાખ્યા. પોતાના મનને વિષયોથી પાછું વાળીને વૃન્દાએ મોક્ષ સ્થાન પ્રાપ્ત કર્યું. વૃન્દાને ત્યાં મોક્ષ પામેલી જોઇ અપ્સરાઓ તેના મૃત શરીર પર પુષ્પોની વૃષ્ટિ કરે છે. એ પછી વૃન્દાની સખીએ ત્યાં સૂકા લાકડાં એકઠાં કરી, તેની ચિતા બનાવી તેના પર વૃન્દાનું શરીર ગોઠવી, અગ્નિ પ્રજ્જવલિત કરી પોતે પણ તે અગ્નિમાં પ્રવેશ કર્યો. વૃન્દાના દેહની ભસ્મ વડે દેવ-દેવીઓએ વૃન્દાની પ્રતિમા બનાવી અને બાકી રહેલી ભસ્મને ગંગાજીમાં પધરાવી દીધી. જે સ્થળે પોતાનો દેહ ત્યજી વૃન્દા મોક્ષપદને પામી હતી, તે જ સ્થાન ગોવર્ધન પર્વતની સમીપ આવેલ 'વૃન્દાવન' નામે પ્રસિધ્ધ થયું.

## ૧:૯ શિવ દ્વારા જાલંધરનો વધ :

અહીં વિષ્ણુએ વૃન્દાનો શીલભંગ કર્યો અને બીજી તરફ જાલંધર શિવરૂપ ધરી પાર્વતીને છળવા ગયો છે ત્યાં પાર્વતીજીને શંકા જતાં શિવરૂપની પરીક્ષા કરવા તે પોતાની સખી જયાને મોકલે છે. ગૌરીરૂપધારી જયાને ગૌરી માની લઇ જાલંધર એને જેવું આલિંગન કરે છે કે તેના વીર્યનું સ્ખલન થઇ જાય છે. જાલંધરનું માયાવી સ્વરૂપ કળી ગયેલી જયા પાર્વતીજીને જઇને કહે છે કે, 'એ તમારા પતિ શંકરના રૂપથી આવેલ જાલંધર હતો.' આ સાંભળી શિવપ્રિયા પાર્વતી ભયભીત બની ત્યાં રહેલા એક કમળમાં પ્રવેશી ગયા હતા.

બીજી તરફ ચંડ મુંડ દ્વારા જાલંધર વિષ્ણુ દ્વારા વૃન્દાના હરણની વાત જાણે છે. એ સંદર્ભે જાલંધરનો સારથિ દુર્વારણ તેને કહે છે, 'હે રાજન્ ! મનુષ્ય જેવું કર્મ કરે તેવું ફળ મળે છે. તમે શ્રી ગૌરીનું હરણ કરવા અહીં આવ્યા, તો વિષ્ણુએ તમારી પત્નીનું હરણ કર્યું છે.' હવે જાલંધર વિચારે છે કે તેણે પહેલાં કોની સાથે યુધ્ધ કરવું ? શિવ સાથે કે વિષ્ણુ સાથે ? દુર્વારણના કહેવાથી જ આખરે જાલંધર શિવ સાથે મહાસંગ્રામ ખેલવા જાય છે. અધ્યાય-૧૮ માં શિવ-જાલંધરના આ ઘોર સંગ્રામનું વિગતે વર્ણન મળે છે. અહીં શુક્રાચાર્ય દ્વારા દાનવો સજીવન થતાં જાણી ભગવાન શિવ કૃત્યાને પ્રગટ કરે છે અને જ્યાં સુધી પોતે જાલંધરનો વધ ન કરે ત્યાં સુધી એને છૂપાવી રાખવાની આજ્ઞા કરે છે. કૃત્યા શુક્રાચાર્યને પકડી પોતાની યોનિમાં છૂપાવી દે છે.

યુધ્ધ દરમ્યાન વળી જાલંધર શિવને છળવા બીજી માયા રચે છે. જાલંધર માયાવી પાર્વતીને પોતાના રથમાં બેસાડી શિવ સમક્ષ લાવે છે. માયાવી પાર્વતી શિવને જાલંધરના પાશમાંથી છોડાવવા

વારંવાર વિનંતી કરે છે. શુંભ અસુર પાર્વતીને લઇ આકાશમાં ઉભો છે ત્યારે ભગવાન શિવ શુંભને મારવા ત્રિશૂલ છોડે છે. શુંભ માયાવી પાર્વતીનો તે ત્રિશૂલ પર ઘા કરે છે અને માયાવી પાર્વતી એ ત્રિશૂલ વડે વિંધાઇને જમીન પર ઢળી પડે છે. શ્રી શંકર શોકથી વ્યગ્ર બને છે. 'જાલંધર દ્વારા રચાયેલી આ માયા છે.' એવું બ્રહ્મા પાસેથી શિવ જાણે છે ત્યારે અત્યંત ક્રોધે ભરાયેલા શિવે એક મોટી શિલા વડે ત્રણસો કરોડ દૈત્યોનો એ યુધ્ધમાં સંહાર કર્યો. જાલંધર બીજી માયા વડે એક કરોડ ભુજાઓવાળો થઇ શિવ સામે યુધ્ધે ચડ્યો. ભગવાન શંકરના મહાભયાનક અગ્નિ સમાન રૂપની સામે જાલંધર એકલો પહાડ જેવો ઉભો રહે છે અને કહે છે, 'જેના વડે તમે સ્થાવર - જંગમ સહિત આ જગતને બાળી નાખો છો તે આ સ્વરૂપને સમેટીને તમે શસ્ત્ર વડે સંગ્રામ કરો.' જાલંધરનાં આવાં વચનો સાંભળી શિવે તેને કહ્યું કે, 'હે દૈત્યોના ઇશ્વર ! તું વરદાન માગ, તારા આ કર્મ વડે હું પ્રસન્ન થયો છું, કારણ કે મારું આવું રૂપ જોવા આખું બ્રહ્માંડ સમર્થ નથી. તેની સામે તું તો નિર્ભય થઇને ઉભો છે.'

શંભુની કૃપા દ્રષ્ટિ પામેલો જાલંધર સંસારથી નિઃસ્પૃહી બની શંકર પાસે સર્વોત્કૃષ્ટ એવું સાયુજ્ય મુક્તિનું વરદાન માગે છે. એકાધિકવાર જાલંધરની વીરતાથી પ્રસન્ન થયેલા મહાદેવ જાલંધરને વરદાન માગવા કહે છે અને દરેક વખતે જાલંધર શિવપદને - મોક્ષપદને જ ઇચ્છે છે. છેવટે સુદર્શન ચક્ર વડે શિવ જાલંધરનું મસ્તક કાપી જાલંધરનો વધ કરે છે. એ મસ્તક પણ જ્યારે શિવ સામે ધસી આવે છે ત્યારે શ્રી રુદ્રદેવ સુદર્શન ચક્ર વડે એ મસ્તકના બે ટૂકડા કરી નાખે છે. પહેલાં એ બંને ટૂકડા હિમાલય પર પડે છે અને પછી તે મસ્તકના બંને ટૂકડા સર્વ પ્રાણીઓના દેખતાં શ્રી શંકરમાં પ્રવેશી જાય છે. જાલંધરના ગળા અને ધડમાંથી લાખો દૈત્યો ઉત્પન્ન થાય છે. તે બધાનો શિવ સુદર્શન ચક્ર વડે સંહાર કરે છે. જાલંધરના મેદ વડે જે ભૂમિ ભરાઇ ગઇ તે 'મેદિની' નામે પ્રખ્યાત થઇ, તેમજ જાલંધરનું લોહી જામીને જ્યાં પહાડરૂપ બન્યુ ત્યાં કૈલાસના ઉત્તર ભાગે 'શોણિતપુર' નામનું શહેર વસ્યું.

જાલંધર વધ બાદ ચોસઠ જોગણીઓના સમુદાયને સ્મરતાં એ શિવ સમક્ષ હાજર થાય છે. શિવ તેઓને દૈત્યોના માંસના ઢગલાઓને ખાઇ જવાની આજ્ઞા કરે છે. અંતે જાલંધરના શરીરમાંથી બહાર નીકળેલું સૂર્ય જેવું તેજ શંકરમાં વિલીન થાય છે. તુલસી માહાત્મ્ય સાથે આ કથા અહીં સમાપ્ત થાય છે, પરંતુ તુલસીની ઉત્પત્તિ કેવી રીતે થઇ તેની વિગત અહીં મળતી નથી.

'પદ્મપુરાણ' ભાગ-૨ ના ૬-ઉત્તરખંડ - પૂર્વાર્ધના ઉપર નિર્દિષ્ટ અધ્યાય-૩ થી ૧૯ એમ કુલ સત્તર અધ્યાયમાં જાલંધર કથાનક નિરૂપાયું છે, તો એ જ ઉત્તરખંડ - પૂર્વાર્ધના અધ્યાય ૯૬ થી ૧૦૫

એમ કુલ દસ અધ્યાયમાં ફરી જાલંધર કથાનક મળે છે અને ત્યાં અધ્યાય-૧૦૫ માં તુલસીની ઉત્પત્તિ અને તેનું માહાત્મ્ય રજૂ થયું છે. અહીં તુલસીની સાથોસાથ આમળીનું પણ માહાત્મ્ય રજૂ થયું છે. 'પદ્મપુરાણ'માંનું જાલંધર કથાનક સળગ કથાનો ભાગ હોવા છતાં અહીં અધ્યાય ૧૦૫ ના અંતે ફલશ્રુતિ મળે છે જે દ્વારા ભક્તો તુલસીનું માહાત્મ્ય જાણે છે. જેમકે, "જે મનુષ્ય આમળી તથા તુલસીની ઉત્પત્તિનું કારણ ભક્તિથી સાંભળે છે કે બીજાને સંભળાવે છે, તે બધાં પાપોને દૂર કરી પોતાના પૂર્વજોની સાથે ઉત્તમ વિમાનમાં બેસી સ્વર્ગમાં જાય છે."[૬]

## ❖ ઉપસંહાર :

જાલંધરની આ મૂળ કથા વેદ, 'રામાયણ' કે 'મહાભારત'માં નથી અને 'પદ્મપુરાણ'ની ગણના પાછળના પુરાણોમાં થાય છે તેથી કોઇને એવી શંકા જવાનો સંભવ છે કે એનું મૂળ પરદેશની કોઈ આખ્યાયિકામાં હશે, પરંતુ આ કથાનક સંદર્ભે શાલિગ્રામ અને તુલસીની જે કથા મળે છે એ કથાનક ભારતીય જીવનમાં એટલું તો ઓતપ્રોત થઇ ગયું છે કે એનું મૂળ પરદેશમાં હોય એમ સ્વીકારતા પહેલાં ઘણો વિચાર કરવો પડે. ભાલણ, વિષ્ણુદાસ અને શિવદાસનાં 'જાલંધર આખ્યાન' નાં સંપાદક રા.ચુ.મોદી પોતાની પ્રસ્તાવનામાં તુલસી સંબંધી ઇટલીમાં જે માન્યતા પ્રવર્તે છે તે નોંધતા લખે છે, "સ્ત્રીની જમવાની થાળીની નીચે તેનો નાનો છોડ મૂક્યો હોય તો તેમાંથી તે કંઇ પણ ખાઇ શકે નહીં."[૭]

'બ્રહ્મવૈવર્ત' (પ્રકૃતિ ખંડ - અધ્યાય-૧૫) પુરાણમાં પણ તુલસી સંબંધી કથાનક મળે છે. તેમાં શંખચૂડ નામના દૈત્યની પત્ની તરીકે તેનો ઉલ્લેખ મળે છે. આ બધી કથાઓમાં તુલસીનો સંબંધ ભગવાન વિષ્ણુ સાથે (શાલિગ્રામ રૂપે) રહ્યો જણાય છે.

'જાલંધરનગર' વિશે રા.ચુ.મોદીની ઉપર નિર્દિષ્ટ પ્રસ્તાવનામાં થોડો સંદર્ભ મળે છે. એ ઉપરાંત 'ભગવદ્‌ગોમંડલ' ભાગ-૪ માં પણ 'જાલંધરનગર' વિશે એક નોંધ મળે છે જે અક્ષરશઃ નીચે મુજબ છેઃ

'જાલંધરે વસાવેલું એ નામનું એક નગર. કેટલાક તેને મથુરા માને છે. એમ માનવાનું કારણ મથુરા પાસે વૃન્દાવન આવેલું છે તે હોય શકે. ભાલણ તેને સિંધુ અને સમુદ્ર પાસેનો બેટ જણાવે છે. વળી, ત્યાં નારાયણ સરોવર હતું એમ પણ ઉલ્લેખ છે. આ ઉપરથી તે સ્થળ કચ્છ હશે એમ ધારવાનું કારણ મળે છે. હાલના કચ્છના રણની જગ્યાએ પ્રથમ સમુદ્ર હતો અને કચ્છ બેટ હતું. વળી, ત્યાં

નારાયણ સરોવર નામનું પ્રાચીન તીર્થ પણ છે. પંજાબમાં જાલંધર નામનું શહેર આવેલું છે, પણ તેની પાસે સિંધુ નદી કે સમુદ્ર નથી. હાલના રજપૂત સ્થાનને જગ્યાએ વેદના વારામાં સમુદ્ર હતો અને ગંગા-યમુના સમુદ્રને ત્યાં મળતી. પંજાબ સપ્તસિંધુનો પ્રદેશ ગણાતો. જો તેમ હોય તો જાલંધર બેટ હોય શકે અને ત્યાં ગંગા અને સાગરનો સંગમ પણ હોય શકે. મૂળ પુરાણમાં કોઇ ઠેકાણે સિંધુને બદલે ગંગાનો ઉલ્લેખ પણ જોવામાં આવે છે.'[૮]

આ સિવાય હાલ સૌરાષ્ટ્રના સાગરકાંઠે આવેલ દિવમાં 'જાલંધર બીચ' નામે એક સ્થળ અસ્તિત્વ ધરાવે છે. જેનો સંદર્ભ પણ જાલંધર કથાનક સાથે જોડાયેલો જણાય છે.

આમ, જાલંધર અને તુલસી સંબંધી ઘણા સંદર્ભો ભારતમાં જુદાજુદા સ્થળે મળતા હોય આ કથાનકનું કૂળ અને મૂળ ભારતીય ધરોહરમાં હોવાનો પૂરો સંભવ મને જણાય છે. શ્રી રા.ચુ.મોદીએ પોતાની પ્રસ્તાવનામાં ઇટલીમાં મળતી શાલિગ્રામ કે તુલસી સંબંધી માન્યતા જે નોંધી છે તે માન્યતાના મૂળમાં પણ ભારતીય પુરાણો હોઇ શકે. એમ માનવાને સૌથી મોટું એક કારણ મને એ જણાય છે કે ભારતીય પ્રજા વર્ષોથી વેપારાર્થે દરિયો ખેડી પરદેશ જાય છે તે પોતાની સાથે પોતાની આવી રસિક કથાઓ પણ લઇ જતા હશે.

જાલંધર કથાનક સંદર્ભે મળતા ચાર આખ્યાનોને તુલનાત્મક અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા છે એ ચારમાંથી ત્રણ આખ્યાનોના કવિ સંદર્ભ તરીકે 'પદ્મપુરાણ'નો આધાર લે છે. તેથી અહીં જાલંધર કથાનકનું મૂળ પણ 'પદ્મપુરાણ'ના સંદર્ભે રજૂ કરવામાં આવ્યું છે. બાકી જાલંધર કથાનકનું મૂળ 'શિવપુરાણ' ભાગ-૧, રુદ્રસંહિતા-યુધ્ધખંડ-અધ્યાય ૧૩ થી ૨૪ માં પણ મળે છે એ નોંધવું ઘટે.

## ❖ સંદર્ભ નોંધ :


(૧) મહર્ષિ વેદ વ્યાસ રચિત : 'પદ્મપુરાણ' ભાગ-૨, ખંડ-૬, અધ્યાય-૩-૧-૫૨, પૃ. ૧૩૯૨

(૨) એજન, અધ્યાય - ૪-૧-૫૨, પૃ. ૧૩૯૫

(૩) એજન, અધ્યાય - ૮-૧, પૃ. ૧૪૦૧

(૪) એજન, અધ્યાય - ૮-૧-૮૭, પૃ. ૧૪૦૪

(૫) એજન, અધ્યાય - ૧૧-૧-૫૪, પૃ. ૧૪૦૯

(૬) એજન, અધ્યાય - ૧૦૫-૧-૨૯, પૃ. ૧૬૩૧

(૭) સંપા. શ્રી રા. ચુ. મોદી : વિષ્ણુદાસ, ભાલણ અને શિવદાસકૃત : 'જાલંધર આખ્યાન'ની પ્રસ્તાવના, પૃ. ૧૧

(૮) શ્રી મહારાજા ભગવતસિંહજી સંપાદિત : 'ભગવદ્ગોમંડલ', ભાગ-૪, પૃ. ૩૫૩૯-૩૫૪૦


❋ ❋ ❋

❋ ❋

# પ્રકરણ – ૫

# ભાલણ કૃત 'જાલંધર આખ્યાન'


૧:૧ 'જાલંધર આખ્યાન'નો કથાસાર

૨:૧ મૂળ પૌરાણિક કથાનક અને 'જાલંધર આખ્યાન'ની તુલના

૩:૧ 'જાલંધર આખ્યાન'ની પાત્ર સૃષ્ટિ

૩:૧:૧ પુરુષ પાત્રો

૩:૧:૨ સ્ત્રી પાત્રો

૪:૧ 'જાલંધર આખ્યાન'માં રસનિરૂપણ

૫:૧ 'જાલંધર આખ્યાન'માં વર્ણનો

૬:૧ પાત્રોના આંતર–બાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતા સંવાદો

❖ સંદર્ભ નોંધ

# પ્રકરણ – ૫

# ભાલણ કૃત 'જાલંધર આખ્યાન'

## ૧:૧ જાલંધર આખ્યાનનો કથાસાર :

ભાલણ કૃત 'જાલંધર આખ્યાન'નો કથાસાર તેના મહત્વના ઘટક અંશોને આવરી લઈને અત્રે પ્રસ્તુત કરેલ છે. આખ્યાનના મહત્વનાં લક્ષણોને આધારે પ્રસ્તુત આખ્યાનના પરિચય હેતુ આ કથાસાર રજૂ કરેલ છે. 'જાલંધર આખ્યાન' મધ્યકાલીન કવિ, આખ્યાનના પિતા એવા ભાલણની સુંદર રચના છે. પ્રસ્તુત આખ્યાન બાવીસ કડવા અને ૭૮૪ પંક્તિમાં વિસ્તાર પામ્યું છે. આખ્યાનની કથાના મુખ્ય અંશો આ મુજબ છે.

### ❖ આરંભે મંગલાચરણ :

આખ્યાન મધ્યકાળનો લોકપ્રિય કાવ્ય પ્રકાર છે. આખ્યાનના આરંભે મંગલાચરણ દ્વારા કવિ પોતાના ઈષ્ટ દેવ-દેવીને કે ગણેશ-સરસ્વતીને વંદન કરી પોતાના કાર્યનો મંગલ પ્રારંભ કરે છે એ પ્રણાલિકાને અહીં ભાલણ અનુસરે છે. કૃતિના આરંભે માત્ર ચાર જ પંક્તિમાં કવિ મંગલાચરણમાં સીતાપતિ રામને સ્મરી, શ્રીગુરુ, સરસ્વતી અને પાર્વતી સુતને ચરણે શીશ નામી કથાનો પ્રારંભ કરી દે છે. (પંક્તિ ૧ થી ૪ - કડવું - ૧)

### ❖ યુધિષ્ઠિરના શોકગ્રસ્ત મનને નારદની સાંત્વના–નારદ દ્વારા કહેવાયેલી જાલંધરની કથા :

વનવાસ દરમિયાન કામ્યક વનમાં રહેતા પાંડવોમાંનો અર્જુન વ્યાસના વચનથી તપ કરવા ગયો છે, તેથી વીર વિરહે યુધિષ્ઠિર શોકગ્રસ્ત છે. તેને સાંત્વન આપવા માટે નારદમુનિ પધારે છે. યુધિષ્ઠિરનો શોક ઓછો કરવા નારદ કર્મફળની વાત કરે છે. કોટિ વરસ પહેલાં કરેલાં કર્મનાં ફળ પણ માણસે ભોગવવાં પડે છે. તેના દ્રષ્ટાંતમાં તે જાલંધરનો ઉલ્લેખ કરે છે. યુધિષ્ઠિર જાલંધરની કથા સાંભળવા ઉત્સુક બને છે. જાલંધર વિષયક પૃચ્છાના ઉત્તરમાં નારદ જાલંધરનું ઉત્તમ આખ્યાન યુધિષ્ઠિરને સંભળાવે છે. (પંક્તિ ૫ થી ૪૪)

### ❖ ગર્વિષ્ઠ ઈન્દ્રની શિવ પાસે માગણી :

એક સમયે ઈન્દ્ર શિવજીને પ્રસન્ન કરવા ગણ, ગંધર્વો સંગાથે કૈલાસ પહોંચી શિવને ચરણે મસ્તક નમાવે છે. અપ્સરાઓનો નાટારંભ શરૂ થાય છે. વીણા, મૃદંગ, ખંજરી બાજે છે, સુરપતિ ઈન્દ્ર ગાન કરે છે. શંકર આનંદિત બની ઈન્દ્રને વરદાન માગવા કહે છે ત્યારે ગર્વથી પીડિત ઈન્દ્ર શિવને કહે છે, ''મારું બાહુબળ મને પીડે છે, મને યુધ્ધની અપેક્ષા છે પણ ત્રિલોકમાં મારી સમોવડનો કોઈ યોધ્ધો નથી.'' શિવ 'તારું મનોરથ પૂર્ણ થાઓ'નું વરદાન આપે છે. (પંક્તિ ૪૫ થી ૬૧)

### ❖ જાલંધરનો જન્મ અને નામકરણ :

ગર્વિષ્ઠ ઈન્દ્રની અનુચિત માગણીથી શિવ ક્રોધે ભરાય છે. તત્ક્ષણ કૃતાંતકાળ સ્વરૂપ લાલ નેત્ર, શ્યામ વર્ણ, મોટું વિકરાળ મુખ, પ્રૌઢ શરીરવાળો મહાભયંકર રાક્ષસ ઉત્પન્ન થયો. શિવ તેને આ સ્વરૂપ ત્યજી બાળકનું કોમળ અંગ ધરી સિંધુ - સાગરના સંગમ સ્થાને જવા આજ્ઞા કરે છે. ''સાગરનો બળવાન પુત્ર થઈ યુધ્ધમાં ઈન્દ્રને જીતજે ત્યાં સુધી સાગરમાં જ રહેજે.'' કહી શિવ તેને વિદાય કરે છે.

બાળ સ્વરૂપે સાગર સિંધુના સંગમ તટે તે રુદન કરવા લાગ્યો. ભયંકર રુદનથી હાહાકાર વર્તાયો. દેવો ભયભીત બન્યા. ઈન્દ્ર સાથે મળી બધા દેવો બ્રહ્માજી પાસે આવ્યા. સિંધુ ભયંકર ગર્જે છે. તેણે માઝા મૂકી છે. કારણ તો કશું જણાતું નથી. શું કલ્પાંત (વિનાશ) થવાનો છે ? શું શિવ સૃષ્ટિનો પ્રલય કરવા ચાલ્યા છે ? અમે સહુ દેવો આપને શરણે આવ્યા છીએ.

ઈન્દ્રાદિ દેવો સાથે બ્રહ્માજી આનો મર્મ જાણવા સાગરતટે આવે છે. સાગર દેહ ધરી રત્નો બ્રહ્માજીને ચરણે ધરી સ્વાગત કરે છે. બ્રહ્માજી સાગરને દેવોને ભય પમાડતા ભયંકર નાદનું રહસ્ય પૂછે છે તેના ઉત્તરમાં સાગર કહે છે કે, ''એ હું ગાજતો નથી મારો પુત્ર રુદન કરે છે. તેના પડછંદા આકાશમાં પડે છે અને ત્રિલોકમાં અતિ ત્રાસ વર્તાયો છે.'' આમ કહી બાળકને બ્રહ્માના ખોળામાં મૂકે છે.

બાળક બ્રહ્માજીની દાઢીના વાળ હાથમાં પકડી લે છે. બ્રહ્માજીની આંખો લાલચોળ થાય છે. છતાં કેમે કરી તે છોડતો નથી. સાગર તેના પુત્રના હાથમાંથી માંડ માંડ બ્રહ્માજીની દાઢી છોડાવે છે. તેથી બ્રહ્માજી કહે છે, ''એણે કૂર્ચની જાળ તેના હાથમાં પકડી છે તેથી તેનું નામ 'જાલંધર' રહેશે અને આ બાળક અતિ બળવાન થશે. એને કોઈ જીતી શકશે નહિ.'' એવું વરદાન આપી બ્રહ્માદિ દેવો પાછા

વળે છે. આ બાળક દિવસે દિવસે મોટો થાય છે. પ્રાણી માત્ર તેનું મહાકાય શરીર જોઇ ધ્રુજી ઉઠે છે. (પંક્તિ ૬૨ થી ૧૨૨)

## ❖ 'જાલંધરપુર' માં જાલંધરનો રાજ્યાભિષેક અને વૃન્દા સાથે લગ્ન :

એક દિવસ જાલંધર પિતાજી પાસે પોતાના વસવાટ માટેની વ્યવસ્થા કરવા વિનંતી કરે છે. પુત્રની વિનંતી સાંભળી સાગર જળને ખસેડી બેટ ઊભું કરે છે. જેનો શત જોજન વિસ્તાર છે. પુત્રને માટે નગર વસાવવાનું કાર્ય સાગર મયદાનવને સોંપે છે અને એમ 'જાલંધરપુર' નામના નગરની રચના કરવામાં આવે છે. સોનાના સિંહાસન પર પુત્રને બેસાડી તેનો રાજ્યાભિષેક કરાવવામાં આવે છે. મુક્તાફળનો થાળ ભરી ગંગા પણ પુત્રને વધાવવા આવી પહોંચે છે. પાતાળમાં રહેલા શુંભ-નિશુંભ, કાલનેમિ, અંધક વગેરે બળવાન દૈત્યો જાલંધરની સેવામાં હાજર થાય છે. ક્રૌંચગણને વૃંદા નામની સુંદર પુત્રી છે. તે ભયભીત બની જાલંધરને પોતાની કન્યાનું દાન કરે છે. વૃંદા સતી, સાધ્વી સ્ત્રી છે. જો વૃંદા પોતાના સતીત્વમાંથી ચલિત થાય તો રાજાનું પતન થાય, પરંતુ સતી શિરોમણી વૃંદાનું મન ક્યારેય ચલિત થતું નથી. (પંક્તિ ૧૨૩ થી ૧૫૮)

## ❖ રાહુનું આગમન અને સમુદ્રમંથનની કથા :

એક સમયે જાલંધરની સભામાં રાહુ પધારે છે જેનું માત્ર મસ્તક છે ધડ નથી. દૈત્યગુરુ શુક્રાચાર્યને તેડાવી રાહુની આ દશાનું કારણ પૂછવામાં આવે છે. તેના જવાબમાં શુક્રાચાર્ય સમુદ્રમંથનની કથા સંભળાવે છે, "એક દિવસે બધા દેવો મળી તારા પિતા એવા સમુદ્રનું મંથન કરે છે આ મંથનમાંથી જે ચૌદ રત્નો નીકળ્યાં તેમાં સૌથી અનુપમ એવો અમૃત કુંભ હતો. દૈત્યોને મોહ પમાડવા વિષ્ણુ મોહિનીરૂપ ધારણ કરે છે. સુરા અસુરોને અને અમૃત દેવોને પીવડાવવામાં આવે છે. આ ભેદ રાહુ કળી જાય છે. તે ચતુરાઇપૂર્વક ચંદ્ર સૂરજની વચ્ચે જઇ બેસી જાય છે. અમૃતનું દેવોને પાન કરાવતા વિષ્ણુ રાહુ પાસે પહોંચે છે. ચંદ્ર સૂરજ વિષ્ણુને ઇશારો કરે છે ત્યારે રાહુને ઓળખી ગયેલા વિષ્ણુ તત્ક્ષણ રાહુનો ચક્રવડે શિરચ્છેદ કરે છે." આમ, રાહુના ધડથી મસ્તક અલગ થયાની ઘટના શુક્રાચાર્યના મુખે સાંભળી જાલંધર અતિશય ક્રોધે ભરાય છે. ચૌદ રત્નો હાલ ક્યાં છે તેની જાણકારી પણ જાલંધરની પૃચ્છાથી શુક્રાચાર્ય આપે છે. (પંક્તિ ૧૫૯ થી ૧૯૫)

## ❖ જાલંધરનું દૂત દ્વારા ઈન્દ્રને કહેણ અને ઈન્દ્રનો પ્રત્યુતર :

શુક્રાચાર્ય સમુદ્ર મંથનની કથા સંભળાવી જાલંધરને ઉશ્કેરતાં કહે છે કે ચૌદ રત્નોમાંના ઘણાં રત્નો ઈન્દ્ર પાસે છે તે તાત્કાલિક મંગાવી લો અને જો પ્રેમથી તે રત્નો ન સોંપે તો તેને તરત જ સ્વર્ગમાંથી હાંકી કાઢો. ઉશ્કેરાયેલો જાલંધર ત્વરાથી દુર્વારણ નામના દૂતને તેડાવી ઈન્દ્ર પાસે મોકલતાં કહેવડાવે છે કે, ''એક તો તે મારા પિતાનું મંથન કર્યાનો અપરાધ કર્યો છે અને વળી રત્નો તે તારી પાસે રાખી લીધા છે એ બીજો મોટો અપરાધ. જે રત્નો તારી પાસે છે તે પાછા મોકલ નહિતર યુધ્ધ માટે તૈયાર રહો.'' દૂત ઈન્દ્રપુરી પહોંચી જાલંધરનો સંદેશ ઈન્દ્રને આપે છે. ઈન્દ્ર તેને પ્રત્યુત્તર વાળતા કહે છે કે, ''મૈનાક સહિતના મારા ઘણા શત્રુઓને સમુદ્રે શરણું આપ્યું છે એટલે તેને દંડ દેવા માટે મેં આ કૃત્યો કર્યા છે. જો તું અહીં ચઢાઇ કરશે તો તેમાં તારું અનિષ્ટ જ હશે.'' ઈન્દ્રનો આવો પ્રત્યુત્તર લઈ દૂત જાલંધરપુર પાછો વળે છે. (પંક્તિ ૧૯૬ થી ૨૩૫)

## ❖ જાલંધરની ઈન્દ્ર પર ચઢાઈ : વિષ્ણુ જાલંધર યુધ્ધ અને વિષ્ણુનું જાલંધરને વરદાન :

ઈન્દ્રનો પ્રત્યુત્તર સાંભળી જાલંધર અતિશય ક્રોધે ભરાય છે. તરત જ મંત્રીને સેના તૈયાર કરવાની આજ્ઞા કરે છે. ચતુરંગી સેના સાથે જાલંધર ઈન્દ્રપુરી પર ચઢાઈ કરે છે. દેવો અને દાનવોના સંગ્રામમાં ઈન્દ્રાદિ દેવો રણભૂમિ છોડી ભાગે છે અને જાલંધર સ્વર્ગાધિપતિ બને છે. દેવો ભય અને લજ્જા સાથે ભગવાન વિષ્ણુના શરણે જાય છે. દેવોને દૂરથી જોતાં વિષ્ણુ દેવી લક્ષ્મીજીને કહે છે કે, ''તારા ભાઈએ દેવોને પરાસ્ત કર્યા છે હવે મારે તેની સાથે યુધ્ધ કરવા જવું પડશે.'' ત્યારે લક્ષ્મીજી પોતાના ભાઈને યુધ્ધમાં ન હણવાનું વિષ્ણુ પાસે વરદાન માંગે છે. લક્ષ્મીને એ વરદાન આપી વિષ્ણુ દેવો સંગાથે ફરી રણમેદાનમાં યુધ્ધ કરવા જાય છે. કાલનેમિ સાથે ભગવાન વિષ્ણુ, રાહુ સાથે સૂર્ય અને ચંદ્ર, શુક્ર સાથે બૃહસ્પતિ એમ સરખે સરખા યોધ્ધાઓ શૂરવીરતાથી લડે છે. દૈત્યપક્ષે શુક્રાચાર્ય સંજીવની મંત્ર વડે મૃત દૈત્યોને જીવિત કરે છે. દેવોના પક્ષે બૃહસ્પતિ દ્રોણ પર્વતના શિખર પરથી સંજીવની બુટી લાવી દેવોને નવજીવન બક્ષે છે. જાલંધરને આની જાણ થતાં તે દ્રોણ પર્વતને સમુદ્રમાં ડુબાડી દે છે. આની જાણ થતા બ્રહ્માદિ દેવો ફરી મેદાન છોડી ભાગે છે. (પંક્તિ ૨૩૬ થી ૨૯૩)

સર્વ દેવોના નાસી ગયા બાદ રણભૂમિમાં માત્ર વિષ્ણુ રહે છે. જાલંધર વિષ્ણુ સન્મુખ યુધ્ધ માટે આવી પહોંચે છે. કમળાને આપેલા વરદાનને કારણે ભગવાન વિષ્ણુ જાલંધર પર પ્રહાર કરતા નથી. જાલંધર પહેલો ઘા કરી ગદા વડે ગરૂડને ઘાયલ કરે છે ત્યારે બેઉ બળવાન યોધ્ધાઓ ગદાયુધ્ધ

શરૂ કરે છે. ત્યારબાદ દ્વંદ્વયુધ્ધમાં જાલંધર ભગવાન વિષ્ણુના હૃદય પર મુષ્ટિ પ્રહાર કરે છે. જાલંધરના પરાક્રમથી પ્રસન્ન થઇ ભગવાન વિષ્ણુ તેને વરદાન માગવા કહે છે. જાલંધર લક્ષ્મી સહિત પોતાના નગરમાં વસવા તથા પોતાની સાથે યુધ્ધ ન કરવા એમ બે વરદાન માંગે છે. જે ભગવાન વિષ્ણુ સહર્ષ સ્વીકારે છે અને લક્ષ્મી સહિત જાલંધરપુરમાં નિવાસ કરે છે. દેવો દશે દિશામાં વેરવિખેર બન્યા છે અને દૈત્ય જાલંધર ઈન્દ્રાસન પર બેસે છે. સ્વર્ગમાં દૈત્યરાજ જાલંધરની આણ પ્રવર્તે છે. જેણે ભગવાન વિષ્ણુને પણ વશ કરીને પોતાના નગરમાં વસવાટ કરવા મજબૂર કર્યા છે. (પંક્તિ ૨૯૪ થી ૩૧૭)

## ❖ દેવોનું શિવના શરણે આગમન :

કેટલોક સમય દેવો અહીં તહીં ભટક્યા બાદ કૈલાસ પહોંચે છે. ઈન્દ્ર પોતાના અપરાધની ક્ષમા યાચે છે. બ્રહ્મા - વિષ્ણુ - મહેશ ભેળા મળી જાલંધરને મારવાની યુક્તિ કરે છે. બ્રહ્માએ જાલંધરને વરદાન આપ્યું છે. વિષ્ણુએ પત્ની લક્ષ્મીને વરદાન આપ્યું છે અને ભોળાનાથે જાલંધરનું સર્જન કર્યું છે તેથી એ ત્રણે દેવો જાલંધરને મારવા અસમર્થ છે. છતાં દેવોની વારંવારની વિનંતીથી શિવ બધા દેવોના તેજ સમૂહને લઇ એક ચક્રનું સર્જન કરે છે. જેના વડે જાલંધરનો વધ શક્ય બનશે. (પંક્તિ ૩૧૮ થી ૩૪૩)

## ❖ જાલંધર દ્વારા શિવ પાસે પાર્વતીની માગણી :

ચતુર નારદ જાલંધરપુર જઇ જાલંધરને કૈલાસ પર્વત પર બનેલી ઘટનાની, દેવોએ તેને મારવાના કરેલા ઉપાયની વાત કરી સાવધાન રહેવા જણાવે છે. જાલંધરને શિવ સાથે યુધ્ધ કરવાની તમન્ના છે. તેથી નારદને એનો ઉપાય બતાવવા કહે છે. નારદ શિવ પાસેના અનુપમ રત્ન એવા પાર્વતીના સૌંદર્યની પ્રશંસા જાલંધર પાસે કરી તેને મેળવવા ઉત્સાહિત કરે છે. 'શિવ એ આપશે નહિ ને એ નિમિત્તે યુધ્ધ થશે અને તારી મનોકામના પૂર્ણ થશે.' આમ કહી નારદ જાલંધરને ઉશ્કેરે છે. ઉશ્કેરાયેલો જાલંધર રાહુને તેડાવી શિવ પાસે પાર્વતીની માગણી કરવા કૈલાસ પર્વત પર મોકલે છે. જાલંધર દ્વારા આવી અનુચિત માગણીથી રુદ્ર ક્રોધે ભરાય છે. પરિણામ સ્વરૂપ જાલંધર સાથે શિવનું યુધ્ધ થાય છે. (પંક્તિ ૩૪૪ થી ૪૦૦)

## ❖ શિવ-જાલંધરનું યુધ્ધ : જાલંધરની પ્રપંચ લીલા :

જાલંધર પોતાની સેના સાથે કૈલાસ પર ચઢાઈ કરે છે એ વાતની જાણ શિવને થતાં શિવ કૈલાસ છોડી માનસરોવર જઇ વસે છે. જાલંધર પોતાની સેના સાથે ત્યાં પહોંચે છે. શિવ અને

જાલંધરની સેના સામ સામે યુધ્ધે ચઢે છે. જાલંધરથી શિવ પરાસ્ત થતાં નથી તેથી તે પાર્વતી પાસે શિવ સ્વરૂપે જવાનું મનમાં વિચારે છે.

જાલંધર માયા વડે શિવ સ્વરૂપ ધારણ કરે છે. દુર્વારણને નન્દી બનાવે છે. શરીર પર બાણના ઘા વાગ્યા છે, તેમાંથી રૂધિર વહે છે, બંને હાથમાં બે પુત્રોના મસ્તક ધારણ કર્યા છે, આંખોમાં આંસુ સાથે તે પાર્વતી સમક્ષ ઉપસ્થિત થાય છે. પાર્વતીજી આ દ્રશ્ય જોઇ મૂર્છિત બને છે. શિવ છે એમ જાણી પાર્વતીજી કુંવરની આ દશા કેમ અને કોણે કરી એમ પૂછે છે ત્યારે કપટી શિવ વેષધારી જાલંધર પાર્વતીને બધી વાત કરી પોતાના દુઃખના ઉપાય માટે આલિંગનની માગણી કરે છે. ચતુર પાર્વતીજી દૈત્યની માયા પામી જઇ 'સ્નાન કરી આવું' કહી જાય છે અને કૃત્યાને પોતાનું રૂપ લઇ જાલંધર પાસે મોકલે છે. પોતે રુદ્ર નથી તેમ સામે રુદ્રાણી નથી તે જાણી તે અતિશય લજ્જિત બની જાલંધર ત્યાંથી ચાલ્યો જાય છે.

જાલંધર ફરી એક પ્રપંચલીલા આદરે છે. પોતાની માયાથી લાચાર - દયામણી રુદન કરતી પાર્વતીને તે શિવ સમક્ષ લઇ જાય છે. પાર્વતી દૈત્યના હાથમાંથી છોડાવવા શિવને આજીજી કરે છે. પાર્વતીની આ દશા જોઇ શિવ હથિયાર હેઠા મૂકે છે અને રૂદન કરવા માંડે છે. જાલંધરે માયાવી પાર્વતીનો ઘા કર્યો જે શિવજીના ત્રિશુલ પર પડી મૃત્યુ પામે છે. શિવજી અત્યંત વ્યથિત બની મૂર્છા ખાઇ પૃથ્વી પર પછડાય છે. ઇન્દ્રાદિ દેવો આવી શિવજીને વિવેકપૂર્વક ઉઠાડે છે અને બ્રહ્મા દૈત્યની માયાવી લીલાથી શિવને સાવધાન કરે છે. જગદંબાને કોણ પકડી શકે ? જાલંધરે કપટ કર્યું જાણી શિવજી જાલંધરને પોતાના હાથે હણવા તત્પર બને છે.

શિવ - જાલંધરનું મહાયુધ્ધ આરંભાય છે. શિવના પ્રહારથી અસુરો ત્રાહિમામ પોકારી ઊઠે છે. ફરી જાલંધર મહાદેવને મોહ પમાડવા પ્રપંચ આદરે છે. ફરી યુધ્ધ મંડાય છે. શિવે જેને માર્યા છે તેને શુક્રાચાર્યે ફરી સજીવન કર્યા છે. આથી શિવજી શુક્રાચાર્ય પર ક્રોધે ભરાય છે. કૃત્યા નામની ભયંકર નારીને ઉત્પન્ન કરે છે જે શુક્રાચાર્યને પોતાની જાંઘો વચ્ચે ગૂઢ ભાગમાં સંતાડી દે છે અને ઘણા રાક્ષસોનું ભક્ષણ કરે છે. આમ શિવ અને જાલંધર વચ્ચે દારુણ યુધ્ધ થાય છે. જેને દેવો અંતરિક્ષમાંથી નિહાળે છે. (પંક્તિ ૪૦૧ થી ૫૧૦)

## ❖ વિષ્ણુની કપટલીલાથી વૃન્દાનું શીલભંગ :

દૈત્યે પાર્વતી સાથે કપટ કર્યું જાણી ભગવાન વિષ્ણુ પણ કપટલીલા આદરે છે. શ્રી હરિ જાલંધરપુર આવે છે. વૃન્દા પતિના વિરહે વ્યાકુળ થઈ ફરે છે. વૃંદા પતિ સંદર્ભે અમંગળ સ્વપ્ન જુએ છે. પોતાના પતિના મંગળ કાજે બ્રાહ્મણોને તેડાવી હોમ-હવન, દાન-પુણ્ય કરાવે છે. દુઃખને વિસારે પાડવા વૃંદા ઉપવનમાં જાય છે. જંગલમાં રસ્તો ભૂલે છે. મહા વિકરાળ બે રાક્ષસ વૃંદાની સામે ધસી આવે છે અને ત્યાં ભગવાન વિષ્ણુ પોતાની માયા વડે પ્રપંચ આદરે છે. તાપસરૂપ વિષ્ણુ પાસે વૃંદા પહોંચી પોતાનું રક્ષણ કરવા વિનવે છે. જેવી તાપસ આંખો ઉઘાડે છે પેલા બેઉ બળીને ભસ્મ થાય છે. તાપસની આવી શક્તિથી વૃન્દા શ્રધ્ધાન્વિત બની પોતાના પતિના સમાચાર પૂછે છે. તાપસ ફરી આંખો મીચી જાય છે. વૃન્દા ત્યાંથી ચાલી જાય છે. ફરી એક રાક્ષસ તેની પાછળ પડે છે. ફરી એક મઢીમાં પેલા તાપસને જ વૃન્દા નિહાળે છે. ફરી તાપસ દ્વારા પેલો રાક્ષસ મરણને શરણ થાય છે. વૃન્દા આશ્ચર્યમુગ્ધ બને છે. એટલામાં એક મૃગલાને તાપસ સુવર્ણમય બનાવી દે છે. મૃગલી પોતાના ભરથારને ઓળખી શકતી નથી તેથી તેને છોડીને જતી રહે છે. તે દુઃખે મૃગ પોતાનો પ્રાણ ત્યજી દે છે. મૃગલી પોતાના પતિને ઓળખે છે અને તાપસના કારણે જ આમ બન્યું છે તેમ માની તેને શાપ આપતા કહે છે, 'હું જેમ સુવર્ણમૃગે મોહી તેમ તારી પત્ની પણ તેનાથી મોહ પામશે અને કોઈ સુવર્ણમૃગ થઈ તારી પત્નીનું હરણ કરવામાં નિમિત્ત બનશે.' તેથી જ આગળ જતાં મારિચે સુવર્ણમૃગનું રૂપ ધારણ કરેલું.

વિષ્ણુની આવી માયાવી શક્તિથી વૃન્દા મોહ પામે છે. પોતાના પતિના ક્ષેમકુશળ જણાવવા કહે છે ત્યારે જય - વિજય નામના તેના દાસ ઘર્ઘટ અને ઘંટાઘન નામ ધારી વાનર સ્વરૂપે આવે છે. જેને ભગવાન વિષ્ણુ શિવ - જાલંધર સંગ્રામની જાણકારી મેળવવા મોકલે છે. પલકવારમાં તે જઈને પાછા આવે છે. એકના હાથમાં જાલંધરનું ધડ છે તો બીજાના હાથમાં મસ્તક. વૃન્દા આ જોઈ મૂર્છિત બને છે. તાપસે વૃન્દા પર જળ છાંટ્યું ને તે ભાનમાં આવી વિલાપ કરવા લાગી. હું તો સ્વપ્નમાં પણ ચલિત નથી બની તો પછી તમારી આ દશા કેમ થઈ ? એમ વિલાપ કરતી વૃંદા તાપસને પોતાની સહાય કરવા વિનવે છે.

તાપસ વેશધારી વિષ્ણુ વૃન્દાને પતિનો દેહ ઘેર લઈ જવા કહે છે. ત્યાં સુંદર શય્યા પર પતિના દેહને હૃદય સરસું ભીડતાં તે સજીવન થશે તેવા તાપસના વેણ સાંભળી પ્રસન્ન ચિત્ત વૃન્દા તાપસના બતાવ્યા પ્રમાણે વર્તે છે. કંઈક જાગતાં કંઈક સ્વપ્નમાં વૃંદા ક્ષણેક પોતાના પતિને, ક્ષણેક તાપસને,

ક્ષણેક ગોવિંદને (વિષ્ણુને) નિહાળે છે અને વૃંદા જાણે છે કે પોતે છેતરાઇ છે. તાપસ સ્વરૂપ વિષ્ણુએ પોતાને છળી છે. પોતે શીલભંગ થઇ જાણી અતિ ક્રોધિત બની વિષ્ણુને શાપ આપતા વૃંદા કહે છે. 'તેં જેમ તાપસરૂપ ધરી મને છેતરી છે તેમ તારી પત્નીનું પણ કોઇ તાપસ વેશધારી રાજા છળથી હરણ કરી જશે. બીજું, તે જેમ પ્રાણ રહિત મસ્તક મારા હૃદયમાં ધારણ કરાવ્યું તેમ તું પણ પાષાણ થઇ પૂજાઇશ.' વૃન્દાના આ શાપે જ રાવણ દ્વારા સીતાનું હરણ થયું અને વિષ્ણુ શાલિગ્રામ રૂપે પૂજાયા. 'જો હું પાષણ સ્વરૂપ થઇશ તો હું તને વૃક્ષ રુપ મારા મસ્તક પર ધારણ કરીશ', એમ કહી વિષ્ણુ અંતર્ધ્યાન બને છે.

વૃંદાના શીલ ભંગ થવાથી જાલંધરનું મૃત્યુ નિશ્ચિત છે. પોતાના જીવનનો તિરસ્કાર કરતી વૃંદા ચિતા પર બળવા તૈયાર થાય છે ત્યાં ફરી વિષ્ણુ પ્રગટ થાય છે. વૃંદાના સતીત્વથી પ્રસન્ન થઇ તેને વરદાન માગવા કહે છે. 'તારી પત્નીને જ્યારે રાક્ષસ ઉપાડી જશે ત્યારે બે વાનર તારી મદદે આવશે અને જે તાપસરૂપ તમારી પાસે તમારો દાસ થઇ રહેલો તે તમારો નાનો ભાઇ થશે', એમ કહી વૃંદા ચિતા પર ચઢી મૃત્યુને વહાલું કરે છે. વૃંદાના વિરહથી ખરેખર વિષ્ણુ તાપસ વેશ ધારણ કરે છે. વૃંદાની ચિતાભસ્મનું શરીર પર લેપન કરી વૃંદાનું ધ્યાન ધરતા જ્યાં વૃંદાએ દેહ છોડ્યો છે ત્યાં જ રહી જાય છે. જે વૃન્દાવન નામનું પાવન તીર્થ બની રહે છે. (પંક્તિ ૫૧૧ થી ૬૮૮)

### ❖ શિવ દ્વારા જાલંધરનો વધ :

તાપસ વેશધારી વિષ્ણુએ વૃંદાને શીલ ભંગ કરી. જે ક્ષણે વૃંદાએ મસ્તકને હૃદય પર ધર્યું તે જ ક્ષણે મહાદેવજીએ ત્રિશુળ વડે જાલંધર પર પ્રહાર કર્યો. અંતરીક્ષમાંથી દેવતાઓ આવી શિવની સ્તુતિ કરવા લાગ્યાં. સુદર્શન ચક્ર વડે ભગવાન શિવ જાલંધરનું મસ્તક છેદી તેનો વધ કરે છે. બધા દેવો આનંદિત બની શિવ પર પુષ્પવૃષ્ટિ કરતા વારંવાર સ્તુતિ કરવા લાગે છે. દૈત્યો સર્વ પોતાના સ્વામી હણાયા જાણી યુધ્ધ તજીને નાસી જાય છે. સહુ દેવો ઉલ્લાસિત બન્યાં છે. અપ્સરાઓ નાચે છે, ગંધર્વો ગાય છે અને ઉત્સવનું વાતાવરણ સર્જાય છે. (પંક્તિ ૬૮૯ થી ૭૨૦)

### ❖ ધાત્રી, માલતી અને તુલસીની ઉત્પત્તિ :

દેવોની વિનંતીથી શુક્રાચાર્યને કૃત્યા પાસેથી છોડાવી દેવો જાલંધરપુર પધારે છે. સૌ સૌના રત્નો સાથે પાછા વળે છે ત્યાં ઇન્દ્ર શિવને કહે છે, 'ભગવાન વિષ્ણુ દેવોનું કાર્ય સિધ્ધ કરવા દૈત્યની પત્ની વૃંદા પાસે તેનું શીલભંગ કરવા ગયેલા તે ત્યાં જ વૈરાગ્ય ધારણ કરીને રહી ગયા છે. કંઇક એવો ઉપાય કરો કે જેથી શ્રી વિષ્ણુનો શોક દૂર થાય.' ભગવાન શિવ જોગમાયાને વિનવવા કહે છે. દેવો સર્વે

જગદંબાની સ્તુતિ કરે છે. દેવોની સ્તુતિ સાંભળી દેવી તેજ રૂપે આકાશમાં પ્રગટે છે. તેજમાંથી શબ્દ પ્રગટે છે, 'હું ત્રિગુણાત્મિકા છું તમને ત્રણ બીજ આપું છું. વિષ્ણુને પ્રસન્ન કરવા વિષ્ણુ જ્યાં છે ત્યાં જઈ આ ત્રણ બીજ વાવજો જેથી તમારૂં કાર્ય સિધ્ધ થશે.' તત્ક્ષણ વૃંદાએ જે જગ્યાએ પ્રાણ ત્યાગ કર્યો છે ત્યાં ત્રણ બીજ વાવવામાં આવે છે. બીજમાંથી અંકૂર ફૂટે છે : દેવી સાવિત્રીના અંશમાંથી જે બીજ અંકુરિત થયું તે ધાત્રી, લક્ષ્મીથી જે બીજ અંકુરિત થયું તે માલતી અને પાર્વતીથી જે બીજ અંકુરિત થયું તે તુલસી. આ ત્રણે અંકુરિત છોડથી વિષ્ણુ સંતોષ પામે છે. (પંક્તિ ૭૨૧ થી ૭૬૦)

### ❖ તુલસી માહાત્મ્ય સાથે જાલંધર આખ્યાનની પૂર્ણાહુતિ :

ભગવાન વિષ્ણુ સહુ દેવોને કહે છે કે, 'મને વૃંન્દાવન ધામ ઘણું વહાલું છે. વૃંદાએ પોતાના સતીત્વના બળે અતુલ શીલ રાખ્યું છે તે માટે તુલસી સ્વરૂપે પૂજાશે. હું સદાય તુલસીવનમાં વાસ કરીશ. વૃન્દાની છાયામાં બેસી જે શ્રાધ્ધ કર્મ કરશે તેના પૂર્વજો મુક્તિને પામશે. ગમે તેવો મહાપાપી માણસ હશે પરંતુ મૃત્યુ સમયે તેના મુખમાં તુલસીપાન હશે તો તે દિવ્ય વિમાને આરૂઢ થઈ વૈકુંઠવાસી બનશે. જેના આંગણે તુલસી હશે તે ઘર સામે યમ દ્દષ્ટિ સુધ્ધાં નહિ નાખી શકે. કોટિ પુષ્પની પૂજા પણ એક તુલસીપત્રની પૂજાના તોલે નહિં આવી શકે. તુલસીપત્ર સાથે જો થોડું ઘણું દાન કરવામાં આવશે તો તે કોટિગણું અશ્વમેધ સમાન ફળ પામશે. તુલસીદલ ભગવાન વિષ્ણુને સમર્પિત કરશે તેના સઘળા મનોરથ પૂર્ણ થશે.' (પંક્તિ ૭૬૧ થી ૭૭૯)

### ❖ ફલશ્રુતિ :

આખ્યાનના અંતે ફલશ્રુતિની પ્રણાલિકાને ભાલણ અનુસર્યા છે. ભાલણ શ્રી રામના ભકત હોઈ રઘુનાથનું સ્મરણ કરે છે અને આખ્યાનની ફલશ્રુતિ આપતાં કહે છે,'જે નરનારી આ આખ્યાન ગાશે સાંભળશે તેના સર્વ મનોરથો પૂર્ણ થશે અને નિશ્ચે તેનો વૈકુંઠમાં વાસ થશે.' (પંક્તિમાં ૭૮૦ થી ૭૮૪)

## ૨:૧ મૂળ પૌરાણિક કથાનક અને 'જાલંધર આખ્યાન'ની તુલના :

કવિ ભાલણ 'જાલંધર આખ્યાન'ના આરંભે જણાવે છે તેમ તેણે જાલંધરની કથા માટે 'પદ્મપુરાણ' નો આધાર લીધો છે. તો મૂળ 'પદ્મપુરાણ'માંની જાલંધર કથાના તમામ પ્રસંગો દર્શાવી એ પ્રસંગોને ભાલણે પોતાના આખ્યાનમાં કેવી રીતે ખીલવ્યા છે એ સદ્દષ્ટાંત દર્શાવવાનો અહીં

આશય છે. એ દ્વારા ભાલણે કઇ રીતે પોતાની મૌલિક કવિ પ્રતિભાનું દર્શન કરાવ્યું છે તે વિગત તપાસીએ.

કવિશ્રી ભાલણે જેનો વિષયસામગ્રી લેખે ઉપયોગ કર્યો છે, તે જાલંધર કથાનકની મૂળ કથા 'પદ્મપુરાણ' ભાગ - ૨ માં - ૬ - ઉત્તરખંડ - પૂર્વાર્ધમાં આપેલી છે. અધ્યાય ૩ થી ૧૯ એમ કુલ ૧૭ અધ્યાયમાં જાલંધરના જન્મથી માંડી મૃત્યુ પર્યંતની કથા આલેખાયેલી છે. મૂળ કથાનક પ્રમાણમાં ખૂબ વિસ્તૃત છે. એનો કુલ વિસ્તાર ૧૦૫૯ શ્લોકોનો છે.

'પદ્મપુરાણ'ની મૂળકથા નારદ - યુધિષ્ઠિરના સંવાદરૂપે કહેવાયેલી છે જેને ભાલણ અનુસર્યા છે. 'પદ્મપુરાણ' માંની જાલંધર કથા સળંગ કથાનો એક ભાગ છે તેથી ત્યાં કથારંભે કોઇ સ્તવન નથી, પરંતુ ભાલણનું 'જાલંધર આખ્યાન' મધ્યકાલીન આખ્યાન સ્વરૂપની સ્વતંત્ર રીતે આલેખાયેલી કૃતિ છે તેથી આખ્યાનનો આરંભ કવિ મંગલાચરણથી કરે છે. ભાલણના દરેક આખ્યાનમાં સીતાપતિ રામનો ઉલ્લેખ છે જે તેની રામભક્તિ દર્શાવે છે. અહીં પણ મંગલાચરણમાં ભગવાન શ્રી રામને પ્રણામ કરી ગુરુ, સરસ્વતી અને ગણપતિને મંગલ પ્રાર્થના સાથે જ કવિ સીધા કથાનક પર આવે છે.

'પદ્મપુરાણ'ની મૂળ કથાનુસાર ઇન્દ્ર શંકરની સ્તુતિ કરવા દેવો, ગંધર્વો, અપ્સરાઓ સાથે કૈલાસ પર્વત પર જાય છે. ત્યાં જઇ મહાદેવને રીઝવવા અપ્સરાઓ અને ઇન્દ્ર નૃત્ય કરે છે. તેનાથી સંતોષ પામી ભગવાન શિવ ઇન્દ્રને વરદાન માગવા કહે છે, 'તમારા જેવો કોઇ યોધ્ધો હોય તેવું કોઇ યુધ્ધ મને આપો', એવું યુધ્ધરૂપી વરદાન મેળવી ઇન્દ્રાદિ ત્યાંથી ચાલ્યા ગયા હતા. ગર્વિષ્ઠ ઇન્દ્રની આવી માગણીથી શિવને ક્રોધ થયો. એ ક્રોધ પ્રગટરૂપે શિવ સામે હાજર થયો ને ઉમાપતિએ આદેશ કર્યો, 'તું અહીંથી જા અને સાગરના વીર્યથી યુક્ત થઇ સ્વર્ગ નદી ગંગાને પ્રાપ્ત કરી ઇન્દ્રને જીત' સ્વર્ગની નદી ગંગા એ વેળા પોતાના યૌવનથી મદોન્મત્ત બની હતી. તેને જોઇ નદીઓના રાજા સમુદ્રના જળના તરંગો ઉછળવા લાગ્યાં હતાં. ગંગા અને સમુદ્રનો સંગમ થયો. એ જ સમયે મહાનદી ગંગામાં સમુદ્રનો એક પુત્ર પ્રકટ થયો.

જાલંધર જન્મની ઉપર્યુક્ત મૂળકથાને જ ભાલણ મહદ્અંશે અનુસર્યા છે. જો કે મૂળકથાના વિગતપૂર્ણ વર્ણનોને ભાલણે ટાળ્યા છે. ઇન્દ્રનું અપ્સરાઓ આદિ સાથે કૈલાસ પર જવું, તેનું વર્ણન, કૈલાસનું વર્ણન, વગેરે ટૂંકાવીને કવિ સીધા જ કથાનક પર આવે છે. મૂળ - કથાનક મુજબ જ શિવનો ક્રોધ પુરુષ રૂપે પ્રગટે છે. તેને શિવ સીધા જ સાગર - સિન્ધુ તટે બાળક સ્વરૂપ ધારણ કરવા આદેશ કરે છે ને એ મુજબ તત્ક્ષણ તે સાગર - સિન્ધુના સંગમ સ્થાને બાળ સ્વરૂપે પ્રગટે છે. મૂળની કથાના

વિસ્તારને, નદી-સમુદ્રના નિરર્થક શૃંગાર રસને છોડીને સીધા જ કથા પર આવવાનું વલણ ભાલણ અખત્યાર કરે છે તે આખ્યાનને ઉપકારક નીવડે છે.

જાલંધરની નામકરણ વિધિમાં પણ ભાલણ મૂળ કથાને વફાદાર રહ્યા છે. સાગર - સિંધુના સંગમ તટે બાળકના રડવાના ભયંકર અવાજથી ત્રિલોકમાં ત્રાસ વર્તાય છે. ઇન્દ્રાદિ દેવોની વિનંતીથી ખુદ બ્રહ્મા સાગર તટે આવે છે. આ અવાજ સાગરનો નથી પરંતુ તેનો પુત્ર રડી રહ્યો છે. આ પુત્ર બ્રહ્માના ખોળે મૂકવામાં આવે છે ત્યારે સમુદ્ર પુત્રે બ્રહ્માજીની દાઢી જોરથી પકડી હતી જેને બ્રહ્માજી છોડાવી શક્યા નહીં. સમુદ્રે પોતાના પુત્રનો હાથ માંડ માંડ છોડાવ્યો. બાળકનું આવું પરાક્રમ નિહાળી ખુદ બ્રહ્માએ તેને પ્રેમથી 'જાલંધર'- એટલે કે *'जालं-कूर्चस्थ बालं समूहं धरति इति जालंधर।'*- નામે બોલાવ્યો એથી એ સમુદ્રપુત્ર 'જાલંધર'નામે ઓળખાયો. બ્રહ્માએ તેને વરદાન આપતા કહ્યું કે, 'આ બાળક મહા પરાક્રમી થશે તેને કોઇ જીતી નહિ શકે.' આ સમગ્ર પ્રસંગમાં કવિ મૂળને અનુસર્યા છે. થોડા ઘણા ગૌણ ફેરફાર- વિગતને ટૂંકાવવા જેવા-થી વિશેષ કવિ અહીં પોતાની મૌલિક કવિ સિધ્ધિ દાખવી શક્યા નથી.

જાલંધરની માગણીથી સમુદ્ર 'જાલંધરપુર'નું નિર્માણ કરે છે એ પુરનાં વર્ણનમાં કવિ પોતાની કાવ્યકલાના મૌલિક ચમકારા બતાવી શક્યા છે. મૂળે એ વર્ણન ખૂબ લાંબુ અને કંટાળાજનક છે. અહીં ભાલણ લાઘવયુક્ત કાવ્યાત્મક શૈલીમાં તેનું વર્ણન કરે છે બાળક જાલંધરના બીજાં પરાક્રમોનાં વર્ણનને પણ ખૂબ જ ટૂંકાવીને કથાની સળંગસૂત્રતાને કવિએ આંચ આવવા દીધી નથી.

મૂળકથા મુજબ 'જાલંધરપુર'ના નિર્માણ બાદ જાલંધરનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો ત્યારે મહાસાગરે પુત્ર જાલંધરને પોતાના પેટમાંથી ઉત્પન્ન કરેલ એક હજાર 'મહાપદ્મ'ની સંખ્યા ધરાવતું સૈન્ય અર્પણ કર્યું હતું. તે જ પ્રમાણેદૈત્યગુરુ શુક્રાચાર્યે પણ જાલંધરને પ્રેમથી 'મૃતસંજીવની' નામની પોતાની વિદ્યા તથા શ્રી રુદ્રને પણ વિશેષ મોહ પમાડનારી પોતાની માયા અર્પણ કરી હતી. ભાલણે આ વિગત આપવાનું ટાળ્યું છે. આમાંની એક વિગત ન આપીને તેણે બુધ્ધિપૂર્વકનું કામ કર્યું છે. કારણ કે જો શુક્રાચાર્યે તેને 'મૃત સંજીવની' વિદ્યા અર્પણ કરી હોય તો તે પણ મૃત દૈત્યોને સજીવન કરવા સમર્થ બન્યો હોય, પરંતુ તેમ બનતું નથી. તેથી આ વિગત ભૂલ ભરેલી છે જે છોડી દેવી જ યોગ્ય હતી. પરંતુ શ્રી રુદ્રને વિશેષ મોહ પમાડનારી માયાવી શક્તિ, જે શુક્રાચાર્યે એને આપી એનો જો ઉલ્લેખ ભાલણે કર્યો હોત તો આગળ ઉપરની કથામાં ભાલણે જે પ્રસંગ દર્શાવ્યો છે. (શિવને માયાવી શક્તિ વડે મોહ પમાડવાનો) તેને ઉપકારક બન્યો હોત. જો કે આ વિગતને છોડવાથી ભાલણની

જાલંધર કથાને ખાસ કશું નુકશાન થતું નથી. કારણ કે ભાવકો જાણે છે કે દૈત્યો પાસે અમુક પ્રકારની માયાવી શક્તિઓ તો હોય છે જ.

મધ્યકાલીન આખ્યાન લોકોની રસ - રુચિને નજર સામે રાખીને રચવામાં આવતું તેથી બિનજરૂરી લંબાણ કથાને હાનિ પહોંચાડે. ભાવકોને કંટાળો આપે. કથામાં કથા - ઉપકથા - આડકથાની ભરમાર શ્રોતાઓને મૂંઝવે. આથી ભાલણ લોકોની રસ - રૂચિ પારખી કથામાં વિઘ્નો ઊભા કરતા વિસ્તૃત વર્ણનો જે મૂળમાં છે તેને છોડી દે છે. વૃંદા અને જાલંધર સંદર્ભે પણ તેમણે આ જ રીત અપનાવી છે. મૂળમાં વૃન્દાના સંદર્ભે ઘણી માહિતી મળે છે. તે મુજબ 'સ્વર્ણા' નામની એક સમયે સ્વર્ગમાં રહેતી અપ્સરાને 'ક્રૌંચ' નામના ઋષિની કૃપાથી 'વૃન્દા' નામની પુત્રી જન્મી હતી જે અતિશય સૌન્દર્યવાન હતી. શુક્રાચાર્યે જાલંધર માટે અપ્સરા પાસે વૃન્દાની માગણી કરી એટલે અપ્સરાએ પોતાની પુત્રી શુક્રાચાર્યને સોંપી અને શુક્રાચાર્યના જ આશીર્વાદથી જાલંધર વૃન્દાને ગાંધર્વ વિવાહ વડે પરણ્યો હતો.

ભાલણ જાલંધર પત્ની વૃન્દાને ક્રૌંચગણની કન્યા તરીકે વર્ણવે છે જે જાલંધરના ભયથી પોતાની કન્યાનું કન્યાદાન જાલંધરને કરે છે. આ પ્રસંગમાં મૂળમાં રહેલા દિવ્ય અંશોનો ત્યાગ કરી ભાલણે માનવીય સ્પર્શ આપ્યો છે જે કથાને વાસ્તવિકતા તરફ લઈ જાય છે.

" ક્રૌંચગણને પુત્રી સુંદર વૃંદા જેનું નામ,
ભયભીત થઈને જાલંધરને દીધું કન્યાદાન."(૧)

વૃંન્દાનો એક જ પંક્તિમાં પરિચય આપી જાલંધરના પતનનું પણ એ જ કારણ બનશે એમ કવિ ખૂબીપૂર્વક બે જ પંક્તિમાં કહી જાય છે.

"સતીશિરોમણિ સાધ્વી, તેનું ન ચળે મન;
વૃન્દા જો ત્યાં છળ પડે તો પામે રાય પતન."(૨)

રાહુના આગમનની અને સમુદ્રમંથનની કથામાં ભાલણે બહુ ઝાઝો ફેરફાર કર્યો નથી. રાહુનું જાલંધરની સભામાં આગમન, તેના ધડવિહિનપણાનું કારણ જાણવા શુક્રાચાર્યને જાલંધરની પૃચ્છા અને પ્રત્યુતરમાં શુક્રાચાર્ય દ્વારા સમુદ્ર મંથનની કથા, એ ક્રમને ભાલણ અનુસર્યા છે. 'પદ્મપુરાણ'માં જાલંધરના કાકા ક્ષીર સાગરના મંથનની વાત છે જે વિગતને ભાલણે ટાળી છે. લોકોને મન તો સમુદ્રમંથન એટલે સમુદ્રનું જ મંથન, એટલે કે જાલંધરના પિતાનું મંથન, એવી વિગત આપવાથી બે

લાભ થયા. એક તો લોકોની જાણમાં જે વાત છે તેને લોકો પ્રેમથી સ્વીકારી લે. ક્ષીર સાગરની વાત વળી તેને અસંમજસમાં મૂકે અને બીજું કાકા કરતાં પિતાના મંથનની વાતથી જાલંધર ઉશ્કેરાય અને દેવો સાથે યુધ્ધ કરવા પ્રેરાય એ વધુ યોગ્ય લાગે. આમ નાની કે નજીવી લાગતી વાતને ટાળીને પણ ભાલણે કથાને સરળ બનાવવા સાથે રોચક બનાવી છે. આ સાથે મૂળકથામાં જે નથી તે અહીં ભાલણ ઉમેરે છે તે વાત એ કે સમુદ્રમંથન પછી જે ચૌદ રત્નો તેમાંથી નીકળ્યા તે હાલ ક્યાં છે તેની યાદી શુક્રાચાર્ય જાલંધરને આપે છે. જેમાંના મોટાભાગના રત્નો દેવાધિદેવ ઇન્દ્ર પાસે છે તેથી તે ઇન્દ્ર સાથે લડાઇ કરવા તૈયાર થાય છે. નહીં તો ભાવકોને જરૂર પ્રશ્ન થાય કે બધા દેવોમાંથી જાલંધર માત્ર ઇન્દ્ર પર ચઢાઇ કરવાનું શા માટે વિચારે ? આમ મૂળકથામાં ખૂટતી લાગતી વિગત ભાલણે અહીં ઉમેરીને કૃતિને ઉપકારક કાર્ય કર્યું છે. એ સિવાય રાહુની ઉપસ્થિતિ ભાલણ સમુદ્ર મંથનની કથા કહેવા પૂરતી, જાલંધરને એ નિમિત્તે ઉશ્કેરવા પૂરતી જ બતાવે છે. મૂળ કથામાં રાહુ પર કૃપા કરતો જાલંધર તેને કહે છે ‘હવે તું ઇચ્છાનુસાર રૂપને ધારણ કરનારો થા.’ આ વિગત આપવાનું ભાલણને કદાચ યોગ્ય લાગ્યું નથી.

સમુદ્રમંથનની કથા સાંભળી ઉશ્કેરાયેલો જાલંધર દુર્વારણ નામના દૈત્યને દૂત તરીકે ઇન્દ્ર પાસે મોકલે છે. દૂત જાલંધરનો મૌખિક સંદેશો ઇન્દ્રને આપે છે અને ઇન્દ્ર જાલંધરને પ્રત્યુત્તર મોકલે છે. એ બધી વિગત મૂળ કથાને બરાબર મળતી આવે છે, પરંતુ એ પછીની જાલંધર - ઇન્દ્ર વચ્ચેની લડાઇની વિગતોમાં ભાલણે જે ક્રમે કથાપ્રસંગોની પસંદગી કરી છે તે પ્રશંસનીય છે. મૂળ કથાનકમાં અધ્યાય - ૬ ના શ્લોક ૧ થી ૬૮ માં લંબાણપૂર્વક જાલંધરની યુધ્ધ માટેની તૈયારી, તેની સેના, સેનામાં રહેલા દૈત્યો, તેના વાહનો વગેરેની વિગતપૂર્ણ રજૂઆત છે. એ સિવાય જાલંધરને આટલી મોટી સેના સાથે આવેલો જોઇ ઇન્દ્ર યુધ્ધ કર્યા વગર જ વિષ્ણુને શરણે જાય છે અને વિષ્ણુને સાથે લઇ રણમેદાનમાં જાય છે. આ બધી વિગતોમાં ભાલણે જે ફેરફારો કર્યા છે તે કૃતિને વધુ રસિક બનાવે છે. ખૂબ જ ટૂંકું છતાં કાવ્યાત્મકતાથી સભર એવું જાલંધરની સેનાનું ઇન્દ્ર પર ચઢાઇનું વર્ણન વીરરસને પોષક બન્યું છે.

“ચતુરંગિણી સેના મળી, ગડગડતા નિશાણ,
અસુર બહુ ત્યાં સાંચરે - ‘જય જય’ બોલે વાણ.
અશ્વ, ગજ, રથ, ઊંટ ઘણા, ત્યાં પાળાનો નહિં પાર,
ધજા ફરેકે, શેષ સળકે, હસ્તિ કરે ચિત્કાર.

અસુર બોલે પર્વત ડોલે, તોલે નહિ તે કોય,

શંખ વાજે, ગગન ગાજે, કોલાહલ ત્યાં હોય,

રવિ છાયો રેણ ઉડયે ભાસે નહિ દિન રાત.''(૩)

આવી રીતે દૈત્ય સેના ઇન્દ્ર પર ચઢાઇ કરે છે. અતિ ઘોર સંગ્રામ થાય છે. ઇન્દ્ર રણમેદાન છોડી ભાગે છે. જાલંધર સ્વર્ગ પર અધિકાર જમાવે છે. દેવો ભયભીત બની વિષ્ણુને શરણે જાય છે. મૂળ કથામાં વિષ્ણુના દ્વારપાળ વિજયે 'જાલંધરના ભયથી ત્રાસેલા દેવો અહીં આવ્યા છે', એમ ભગવાન વિષ્ણુને કહ્યું હતું ત્યારે બાજુમાં બેઠેલા લક્ષ્મીજીએ ભગવાન વિષ્ણુને કહેલું, ''દેવો માટે તમે જ્યારે યુધ્ધ કરો, ત્યારે તમારે મારા ભાઇ જાલંધરને મારા ઉપરની પ્રીતિના કારણે મારવો નહિ. એ જ્યારે શાપિત થશે, ત્યારે જ મારવા યોગ્ય થશે.'' લક્ષ્મીની આ વિનંતીનો કોઇ જવાબ વાળ્યા વગર ભગવાન વિષ્ણુ ગરૂડારૂઢ થઇ વૈકુંઠમાંથી બહાર નીકળી જાય છે.

ભાલણના આખ્યાનમાં આ પ્રસંગ વધારે રોચક બન્યો છે. આ પ્રસંગે વિષ્ણુ અને લક્ષ્મી એ બંને દૈવી પાત્રો વધુ માનવીય જણાય છે. લક્ષ્મી અને વિષ્ણુ આમ પતિ - પત્નીની જેમ પ્રેમથી વાર્તાલાપ કરતાં બેઠા છે ત્યારે દેવોને ભયભીત બની આવતા જોઇ ખુદ વિષ્ણુ લક્ષ્મીને કહે છે કે, 'આ બધા દેવો તારા ભાઇની હેરાનગતિને કારણે દોડ્યા આવે છે તે મને યુધ્ધનું નિમંત્રણ દેવા આવે છે મારે જરૂર તેમના રક્ષણ માટે જવું પડશે.' ત્યારે લક્ષ્મી વિષ્ણુને કહે છે, 'યુધ્ધમાં મારા ભાઇ પર દયા કરજો. તેને હણશો નહિ.' લક્ષ્મીની આ વિનંતીનો વિષ્ણુ સ્વીકાર કરતાં કહે છે, 'ભલે તારા ભાઇને હણીશ નહિ.' આ પ્રસંગમાં મૂળ પુરાણના લક્ષ્મીજીના પાત્ર કરતાં ભાલણના લક્ષ્મીજી વધારે માનવીય ગુણો ધરાવતા દેખાય છે. પોતાના ભાઇ માટે ચિંતા કરતી બહેન પોતાના પતિ પાસે તેનું જીવનદાન માગે અને વિષ્ણુ એ સહર્ષ સ્વીકારે પણ ખરા ! ત્યાં જ ભાલણે આ બંને પાત્રોને માનવીય સંસ્પર્શ આપી નિખાર આપ્યો છે.

'પદ્મપુરાણ'માં પ્રથમ યુધ્ધમાં શુક્રાચાર્ય દ્વારા દાનવોને અને બૃહસ્પતિ દ્વારા દેવોને (દ્રોણ પર્વત પરની સંજીવની ઔષધિ દ્વારા) પુનઃજીવિત કર્યાનો ઉલ્લેખ છે. જાલંધરે શુક્રાચાર્ય દ્વારા માહિતી પ્રાપ્ત કરવી, દ્રોણાચલ પર્વતને જળસમાધિ આપવી, ભયથી દેવોનું યુધ્ધ તજી નાસી જવું અને પરાજિત દેવોનું વિષ્ણુને શરણે જવું, ત્યારે લક્ષ્મીજીની વિષ્ણુને વિનંતી ઇત્યાદિ પ્રસંગોનો ઉલ્લેખ છે. 'જાલંધર આખ્યાન' અનુસાર પ્રથમ સંગ્રામથી પીછેહઠ કરનારા ઇન્દ્રાદિ દેવો વિષ્ણુ પાસે મદદ માટે

જાય ત્યારે સમુદ્રતનયાની વિનંતીનું નિરૂપણ છે બાકીના ઉપર નિર્દિષ્ટ પ્રસંગોનો ઉલ્લેખ ત્રીજા યુધ્ધમાં છે.

'પદ્મપુરાણ' અનુસાર અધ્યાય ૬ - ૭ - ૮ ના મળી કુલ ૧૯૨ શ્લોકોમાં યુધ્ધવર્ણનો વિસ્તર્યા છે. જ્યારે ભાલણ કડવાં દસની કુલ ત્રીસ પંક્તિમાં દેવ - દાનવનું યુધ્ધ, શુક્રાચાર્યનું દાનવોને, બૃહસ્પતિનું દેવોને જીવતદાન, દ્રોણાચલને જળસમાધિ અને ઇન્દ્રાદિ દેવોનું ભયભીત બની ફરી રણમેદાન છોડી નાસી જવું વગેરે તમામ પ્રસંગો લાઘવપૂર્ણ શૈલીમાં સચોટ રીતે નિરૂપે છે. એ સિવાય 'પદ્મપૂરાણ'માં દેવો સજીવન કેવી રીતે થાય છે તે જાલંધર શુક્રાચાર્ય પાસેથી જાણે છે. અહીં ભાલણનો જાલંધર અનુચર મોકલી તપાસ કરાવડાવે છે તે જાલંધરની એક રાજવી અને સેનાપતિ તરીકેની કુનેહ દર્શાવી જાય છે.

મૂળ 'પદ્મપુરાણ'માં વિષ્ણુ - જાલંધરનું યુધ્ધ પણ વિગતે નિરૂપાય છે જ્યારે અહીં ભાલણ લાઘવતાનો સહારો લઇ કથાને રોચક બનાવે છે. નિરર્થક લંબાણને ટૂંકાવી સીધા જ કથાના અંત ભણી લઇ જતી સરળ કથનશૈલી ભાવકોને રસ તરબોળ કરવામાં ઉપકારક નીવડે છે. 'પદ્મપુરાણ' અનુસાર લક્ષ્મીજીને આપેલ વરદાનના કારણે વિષ્ણુ જાલંધર પર જીવલેણ પ્રહાર કરી શકતા નહોતા તેથી જાલંધરે પહેલા ગરૂડ પર પછી વિષ્ણુ પર બાણોના પ્રહાર વડે બંનેને ઘાયલ કરી જમીન પર ઢાળી દીધા હતા. ત્યારે લક્ષ્મીજી બેભાન પડેલા વિષ્ણુને જોઇ જાલંધરને આજીજી કરતાં કહે છે કે, 'તારે પોતાની બહેનને વૈધવ્ય આપવું યોગ્ય નથી.' લક્ષ્મીના આ કથને જાલંધર વિષ્ણુને છોડી મૂકે છે અને વરદાનરૂપે એ બંનેને સાગરમાં રહેવાનું વચન મેળવે છે.

ભાલણને લક્ષ્મીજીની જાલંધરને થતી આજીજી જાણે પસંદ પડી નથી. જગન્માતાની દૈત્વ પાસે આવી લાચારદશા વાજબી પણ નથી. તેથી એ કથાંશને છોડી દઇને મૂળે લક્ષ્મીજીના ઝાંખા પડતા તેજનો ભાલણે તેજોવધ થવા દીધો નથી, જે ખૂબ જ યથાર્થ છે. 'જાલંધર આખ્યાન'માં જાલંધર પહેલા ગરુડ પર ઘા કરે છે, તે પૃથ્વી પર પટકાય છે. પછી બંને જણ ગદા અને ત્યારબાદ દ્વંદ્વયુધ્ધ કરે છે એમાં જાલંધર વિષ્ણુના હૃદય પર મુષ્ટિ પ્રહાર કરે છે અને ત્યારે એના પરાક્રમથી પ્રસન્ન થયેલ વિષ્ણુ એને વરદાન માગવા કહે છે ત્યારે ઉદધિસુત કહે છે,

"મારા નગ્રમાં સહિત લક્ષ્મી કરો આવી વાસ."[૪]

આમ, વિષ્ણુએ લક્ષ્મી સહિત ત્યારથી સમુદ્રમાં વસવાટ કર્યો.

'પદ્મપુરાણ' અધ્યાય - ૯ ના ૧ થી ૨૬ શ્લોક જાલંધરનું ઇન્દ્રાસન પ્રાપ્ત કરવું અને તેના રાજ્યકાળનું વિગતે વર્ણન કરે છે, જ્યારે ભાલણ એ વર્ણન પણ ચાર જ પંક્તિમાં આપે છે.

"દેવ દોહોદ્દશે ગયા, દૈત્ય બેઠો ઇન્દ્રાસન.
રત્ન સઘળાં પામીયો ઉદધિ કેરો તન,
પાતાળે લઇ નિશુંભ સ્થાપ્યો બળી આણ્યો મહી મોઝાર.
દૈત્યે લેઇ આપીઆ જુજુઆ અધિકાર,
ધર્મ મારગ રાય પાળે, વર્તે તેની આણ"(૫).

'પદ્મપુરાણ'માં આ સંગ્રામ પછી દેવો સ્વર્ગનો ત્યાગ કરી લાંબા કાળ સુધી દુર્દશાને પામ્યા હતા. વરસોની રઝળપાટ પછી દેવો બ્રહ્મલોકમાં ગયા. ત્યાં બ્રહ્માની સ્તુતિ કરી તેઓને પ્રસન્ન કર્યા અને બ્રહ્મા સહિત ઇન્દ્રાદિ દેવો કૈલાસ પર જઇ ભગવાન શિવની સ્તુતિ કરવા લાગ્યા હતા. બ્રહ્માની ઇચ્છાને મનથી જાણી લઇ, તેમજ ઇન્દ્રના અભિમાનનો પણ ભંગ થયો છે એ પણ મનથી સમજી જવા છતાં દેવોને કહે છે, 'જે શત્રુને ભગવાન વિષ્ણુ ન મારી શક્યા તેને હું કેમ મારી શકીશ' ?

'જાલંધર આખ્યાન'ના દેવો જાલંધરના હાથે પરાજિત થયા પછી લાંબી રઝળપાટને અંતે કૈલાસ પર આવી શિવની સ્તુતિ કરે છે. ઇન્દ્ર આવી શિવ પાસે પોતાના અપરાધની ક્ષમા યાચે છે અને પ્રગટ રીતે,

"છોરૂ કછોરૂ હોએ નાથ, માતા પિતા નવ મેહલે હાથ."(૬)

જેવા શબ્દોથી પ્રાયશ્ચિત કરે છે ત્યારે ત્યાં બ્રહ્મા - વિષ્ણુ હાજર નથી. શિવ તેનું ધ્યાન ધરે છે ને બંને દેવો તત્કાળ હાજર થાય છે. બંનેને શિવ એક જ પ્રશ્ન કરે છે કે, 'તમે જાલંધરને માર્યો કેમ નહિ?' ત્યારે બ્રહ્માનો જવાબ છે કે મેં એને એ કોઇથી જીત્યો નહિ જાય એવું વરદાન આપ્યું છે તો હું એને કેમ મારી શકું ? વિષ્ણુને શિવ સીધા જ પ્રશ્ન કરે છે, 'તમે એને કેમ ન માર્યો ? લક્ષ્મીનો ભય લાગ્યો ?' ત્યારે વિષ્ણુ પણ એવો જ મર્માળો જવાબ આપતાં કહે છે, 'ઘરમાં ઝઘડો કોણ ઘાલે ?' અહીં ભાલણના હાથે આ પાત્રો માનવ સહજ વર્તન કરતાં દેખાય છે. ઇન્દ્રથી માંડી રુદ્ર, બ્રહ્મા કે વિષ્ણુના સંવાદોમાં કવિ ભાલણની મૌલિક પ્રતિભાના ચમકારા દેખાય છે. દેવોનો સાથ શિવને પૂછે છે કે તમે કેમ એને મારતા નથી ? ત્યારે 'પદ્મપુરાણ'ના શિવ કરતાં ભાલણના શિવનો ઉત્તર વધુ તર્ક સંગત જણાય છે. 'શિવ કહે જૂઓને મર્મ, સરજ્યો નહિ માર્યાનો ધર્મ.'

જેનું પોતે સર્જન કર્યું છે તેનું વિસર્જન પોતે જ કરવું તેમાં ધર્મ નથી. એ શિવનો ઉત્તર વધુ ન્યાયિક છે. બાકી 'પદ્મપુરાણ'ના શિવ કહે છે તેમ, 'જેને બ્રહ્મા વિષ્ણુ ન મારી શક્યા તેને હું કેમ મારી શકીશ ?' ની વાત ભાવકોના ગળે ઉતરે એવી નથી, કારણ કે તેઓ તો સર્વશક્તિમાન છે.

દેવોની વિનંતીથી શિવ જાલંધરનો વધ કરવા સંમત થાય છે અને સર્વ દેવોના તેજને એકઠું કરી શરીર પરનાં પ્રસ્વેદ વડે એ તેજને બાંધી શિવ સુદર્શન ચક્રનું નિર્માણ કરે છે. 'જાલંધર આખ્યાન' મુજબ એ ચક્ર બ્રહ્માના હાથમાં શિવ મૂકે છે તો તેના તેજથી તેની દાઢીના વાળ બળે છે. કમલાસન બળે છે. બ્રહ્માએ એ ચક્ર ફરી શિવના હાથોમાં સમર્પ્યું. આ સુદર્શન ચક્ર વડે પાપી જાલંધરનો નાશ થશે. એમ વિચારતા દેવો આનંદિત થતા પોતપોતાને સ્થાને ગયા.

'પદ્મપુરાણ'માં ઉપર્યુક્ત પ્રસંગકથા વિગતે નિરૂપાઇ છે. જુદા જુદા દેવોના ક્યા તેજ તેમનાથી વિખૂટા પડે છે ? સુદર્શન ચક્રનું નિર્માણ એ તેજ પર શિવના ગોળ ગોળ ફરવાથી થાય છે તેમજ એ ચક્રનું તેજ દેવોથી સહન ન થતાં શિવ તેને પોતાની બગલમાં દબાવી દે છે. આ વિગતોને ભાલણે પોતાના આખ્યાનમાં ટાળી છે જેનાથી આખ્યાનની કથામાં કોઇ અવરોધ જણાતો નથી.

દેવોએ જ્યારે સુદર્શન ચક્રનું નિર્માણ કર્યું ત્યારે નારદ ત્યાં હાજર હતા એમ ભાલણ નોંધે છે. જાલંધર વધ માટે સુદર્શન ચક્ર તો તૈયાર થયું, પણ હવે ફરી જાલંધરને યુધ્ધ માટે ઉશ્કેરવો રહ્યો. આ કામ કલહ પ્રેમી નારદ કરે છે. આ વિગત અંગે બંને કૃતિઓ સહમત છે. અલબત્ત, 'પદ્મપુરાણ'માં ચક્રના નિર્માણ વખતે નારદની હાજરી નથી, પણ ભાલણે નારદને ત્યાં હાજર રાખી કથાને ઉપકારક એવું ઘટક ઉમેર્યું છે. દેવોની ચિંતા નારદને પણ છે. તેથી ત્યાંથી સીધા જ તે જાલંધરપુર જાલંધરને આની જાણ કરવા પહોંચી જાય છે.

જો કે ભાલણના જાલંધરને તો શિવ સાથે યુધ્ધ કરવાની પ્રબળ ઇચ્છા છે પરંતુ કોઇ કારણ વિના તો તેની સાથે યુધ્ધ થાય નહીં. તેથી નારદને યુધ્ધ માટેનો ઉપાય પૂછે છે. નારદ તો આવ્યા જ છે એ કાર્ય સિધ્ધ કરવા. તે સતી પાર્વતીના સૌન્દર્યની પ્રશંસા કરી એ સ્ત્રી રત્નને પ્રાપ્ત કરવા જાલંધરને ઉશ્કેરે છે. ઉશ્કેરાયેલો જાલંધર રાહુને દૂત બનાવી એ સ્ત્રી રત્નને સોંપી દેવાનું કહેણ લઇ શિવ પાસે મોકલે છે એ વિગતમાં ભાલણ મૂળને અનુસરે છે, પરંતુ તેની રજૂઆતમાં ભાલણની નિજી અભિવ્યક્તિના દર્શન થાય છે.

"રાહુ ભણે, જાલંધર રાય, ત્રણ લોકમાં અતિ મહિમાય,
તેણે હું મોકલીયો અહીં, તમ પ્રત્યે વાણી એમ કહી,
જોગી ઘેરે પદ્મિની કશી, મુજ મનમાં વિમાસણ વશી, !
તેને જોઈએ સર્વ સંજોગ, તારે સાધવો સઘળો યોગ,
તેને ભોજન ખટ રસ સાર, તારે નગર ભિક્ષાનો આહાર,
તેને સોહે પુષ્પ વિમાન, તારે નિંદ્રા કરવી સ્મશાન,
પાર્વતીને ચંદન લેપ તારે ભસ્મ તણો આક્ષેપ,
તેને મુક્તાફળની માળ, તારે કંઠ રૂંઢનો હાર,
ઉમયાને ઉત્તમ પટકૂળ, તારે તો હસ્તિની ખોળ,
તેને મોકલ મુજ આવાસ, ઘરડી જોગણ રાખી પાસ."(૭)

જાલંધરનો આ સંદેશ સાંભળી ભગવાન શિવ ગુસ્સે થાય છે. એમની ભ્રમરો વચ્ચેથી એક યોધ્ધો પ્રગટે છે, જે દોડીને રાહુને પકડી બર્બર દેશમાં પહોંચાડે છે. ત્યાંથી તે જાલંધર પાસે પહોંચી જાલંધરને બધી વાત કરે છે.

મૂળ 'પદ્મપુરાણ'માં આ કથાપ્રસંગ કંઈ જુદી જ રીતે રજૂ થયો છે. જાલંધરનો સંદેશ સાંભળી શંકરની જટામાંથી એક મોટો કીર્તિમુખ નામનો ગણ પ્રગટ થયો હતો. એ ત્રણ મોઢાવાળો, ત્રણ પગવાળો, ત્રણ પૂંછડાંવાળો તથા સાત હાથવાળો હતો. આ ગણે પ્રગટ થઈ પ્રથમ શિવને પ્રણામ કર્યા અને કહ્યું કે, 'હે પ્રભુ ! હું અત્યંત ભૂખ્યો છું' ત્યારે શંકરે તેને રણસંગ્રામમાં જે માર્યા ગયા હોય તેને ખાઈ જવા કહ્યું. એટલામાં રણસંગ્રામ ન જોઈ તે બ્રહ્માને ખાઈ જવા ઉત્સુક બન્યો. શંકરે તેને અટકાવ્યો તો તે પોતાનું જ આખું શરીર (મસ્તક સિવાય) ખાઈ ગયો. ભાલણે આ પ્રસંગો તજી દીધાં છે.

રાહુના દૂતકાર્ય બાદ જાલંધર કૈલાસ પર ચઢાઈ કરે છે. ત્યાંથી શિવ માનસરોવર પહોંચ્યા છે તો જાલંધર ત્યાં પહોંચી કાર્તિક, ગણેશ સાથે યુધ્ધ આરંભે છે. યુધ્ધની આખી કથા 'પદ્મપુરાણ' ખૂબ વિસ્તારથી કહે છે. જાલંધર અને વિષ્ણુના માયાવી પ્રસંગોના ઘટનાક્રમમાં બેય કૃતિ જુદી પડે છે પણ એ બેયમાં ભાલણની રજૂઆત વધારે સરળ છે. મધ્યકાલીન સમાજને નજર સામે રાખીને ભાલણે કૃતિની રચના કરી છે તેથી સ્વાભાવિક જ ઘટનાઓની જટાજૂટને બદલે સીધું કથન ભાવકોને જકડી રાખે છે.

ભાલણના યુધ્ધ વર્ણન દરમ્યાન જુદી જુદી ઘટનાઓ આ ક્રમે આલેખન પામે છે. રાહુના દૂતકાર્ય બાદ જાલંધરની કૈલાસ પર અને શિવ માનસરોવર જતાં રહેલા જાણી માનસરોવર પર ચઢાઇ, શિવગણોનો સામનો, જાલંધરનું માયાવી શિવ સ્વરૂપ ધારણ કરવું, હાથમાં કાર્તિકેય અને ગણેશનું (માયામય) મસ્તક ધારણ કરવું અને પુત્ર વિયોગે વ્યથિત છતાં શિવનું પાર્વતીને કહેવું,

'તે દાઝ તો ટળે મુજને, જો દ્યો આલિંગન જી.'(૮)

પાર્વતીજીને દૈત્યની માયાની ખબર થવી, પોતાના બદલે પોતાની સખીને જાલંધર પાસે પાર્વતીરૂપ ધરી મોકલવી અને એમ છેતરવા આવેલો જાલંધર ખુદ છેતરાય છે,

''પાપી જ્યમ તું રૂદ્ર નહિ, ત્યમ હું નહિ રુદ્રાણી જી.'(૯)

કોઇ ભાર વગરની વાતચીતની ભાષામાં થયેલાં પ્રસંગ કથનથી પાત્રો, પ્રસંગ વગેરે વધુ સહજ અને વાસ્તવિક લાગે છે.

ભાલણનો જાલંધર એક માયા રચી તેમાં પાછો પડે છે તો બીજી માયા રચે છે. પોતાની માયા વડે જાલંધર પાર્વતી સ્વરૂપ સ્ત્રીને પોતાના હાથે પકડી શિવ સામે લઇ જાય છે. જાલંધરના હાથમાં સપડાયેલી માયાવી પાર્વતી શિવ પાસે પોતાને બચાવવા આજીજી કરે છે. પાર્વતીની આ લાચાર દશા જોઇ શિવ શસ્ત્રો હેઠાં મૂકી દે છે ! જાલંધર એને ઉપાલંભ આપતાં કહે છે કે, 'કાયરની પેઠે સ્ત્રી માટે રડે છે શું ? લે આ તારી સ્ત્રી,' એમ કહી શંકરના ત્રિશૂળ પર તે સ્ત્રીનો ઘા કરે છે. માયાવી પાર્વતીનું મૃત્યુ થાય છે. શિવ આક્રંદ કરે છે અને મૂર્છા પામે છે. ઇન્દ્રાદિ દેવો આવી તેની મૂર્છા વાળે છે. બ્રહ્મા દ્વારા 'આ તો અસુરની માયા છે તમે સાવધાન થાઓ' એ જાણી શિવ અતિશય ક્રોધે ભરાય છે. આ પ્રસંગ કથનમાં શિવના પાત્રને અનુરૂપ શિવનું વર્તન નથી. ઇન્દ્રાદિ દેવો કે બ્રહ્મા જે માયાને પામી શકે તેને શંકર જેવા જગતનિયંતા દેવ પામી ન શકે ?

ક્રોધિષ્ઠ શંકર ફરી જાલંધર સામે યુધ્ધે ચઢે છે. વળી જાલંધર માયાવી શકિત વડે શિવને મોહ પમાડી યુધ્ધથી વિમુખ કરે છે. ગાનતાનમાં સાનભાન ભૂલેલા નર્તન કરતા શિવ સાગરના જળમાં જઇ પડે છે. ત્યાંથી બ્રહ્મા તેને બહાર લાવે છે. ફરી યુધ્ધ મેદાનમાં શિવ ઉત્પાત મચાવી દે છે. મૃત દાનવોને શુક્રાચાર્ય દ્વારા સજીવન કરવા, રુદ્રની જટામાંથી કૃત્યાનું પ્રગટવું, કૃત્યાનું શુક્રાચાર્યને પકડી પોતાની યોનિમાં મૂકી દેવું, વગેરે પ્રસંગ કથનમાં ભાલણ મૂળકથાને અનુસરે છે.

'પદ્મપુરાણ'માં પાર્વતીજીને છળવા જાલંધરે શિવનું રૂપ લીધું. તેનું ભગવાન શ્રી વિષ્ણુને જ્ઞાન થતાં તે ગરુડને મોકલી તપાસ કરાવે છે તો ગરુડ એ માયાવી શિવની વાત સાચી છે એમ વિષ્ણુને જણાવે છે અને સાથે સાથે ગરુડ જ વિષ્ણુને બદલો લેવા ઉશ્કેરે છે. એના બદલે ભાલણ વળી અહીં નારદને હાજર કરે છે. નારદ વિષ્ણુ પાસે જઈ જાલંધરના માયાવી શિવ બની પાર્વતીજીને છળવાની વાત કરે છે ત્યારે ક્રોધે ભરાઈ ઉતાવળા પાર્વતી પાસે આવીને ખુદ વિષ્ણુ કહે છે, 'દુષ્ટ જાલંધરે જ મને માર્ગ બતાવ્યો છે, હવે તમે મારૂં કાર્ય જુઓ. હવે હું માયાવી જાલંધર રૂપ ધરી વૃન્દાને છળીશ કે જેથી દૈત્યનો ત્વરિત નાશ થશે.'

આ પ્રસંગ કથન માટે ભાલણ ભગવાન વિષ્ણુના મુખમાં આ શબ્દો મૂકે છે,

"વાટ એણે દેખાડી છે, વૃંદા છે આવાસ રે;
જઈનિ છળ પાડું તેને, દૈત્યનો થાએ નાશ રે."(૧૦)

વિષ્ણુ વૃંદાને છળવા તાપસ વેશ ધારણ કરે છે ત્યાંથી લઈ વૃંદાનું શીલભંગ કરે છે ત્યાં સુધીના નાના મોટા પ્રસંગોમાં ભાલણની મૌલિક પ્રતિભાના દર્શન થાય છે. 'જાલંધર આખ્યાન' મુજબ વિષ્ણુ 'જાલંધરપુર' આવે છે ત્યારે જાલંધર વિના વિરહ વ્યથા ભોગવતી વૃંદાનું ખૂબ સુંદર ચિત્રણ ભાલણ કરે છે. પતિ વિયોગે ઝૂરતી વૃંદાનો વિલાપ અને તે અંગે સખી સાથેનો તેનો સંવાદ ખૂબ જ હૃદયસ્પર્શી બન્યો છે. નારી સહજ મનોભાવોને અહીં ભાલણ સચોટ રીતે નિરૂપે છે.

"તાલાવેલી કરે અપાર જાણે, કહીં દેખું ભરથાર.
ધિક્ ! ધિક્ રે નારી તેહ, પિયુ વિના તો જીવે જેહ.
સમરદૂતિકા તેડી પાસ, નયણે જળ મેહલે નિશ્વાસ.
બાઈ, તપે માહારું તન, પિયુને ચાલ્યે થયા બહુ દન.
વાગે મદનતણાં મુજ બાણ, તેણે ધ્રુજે માહારા પ્રાણ.
નાથ વિના જે રજની જાય, તે શું લેખા માંહી ગણાય ?
ચઢી માળીએ જૂએ વાટ, 'હજી ન આવે પિયુ શા માટ ?
વહાલાને શું પ્રીત જ નહિ, તેણે હું વિસારી સહી ?
અંગ ગમે નહિ મુજ શણગાર, કુસુમસેજ લાગે અંગાર.
એક ઘડી યુગ સરખી થાય, જે મુજ વાહાલા વિણ તો જાય.
કહો સખી કેમ જાએ યામિની ? એમ દુઃખે દિવસ નિગમે કામિની.''(૧૧)

વિરહ વ્યથા ભોગવતી વૃંદા વહેલી પરોઢે અશુભ સ્વપ્ન જુએ છે. 'પદ્મપુરાણ' મુજબ વૃંદા સ્વપ્નમાં જાલંધરનું કપાયેલું મસ્તક જૂએ છે. મસ્તકની આંખોને ગીધ પક્ષીઓએ બહાર ખેંચી કાઢેલી, કાનના અગ્ર ભાગો તથા નાક પણ કપાઇ ગયા હતા. વળી, કાલીકાદેવી પોતાના વાળ છૂટા મૂકી, મોઢું વિકરાળ કરી રણમાં દૈત્યોને ખાઇ જવા લાગી હતી. આના બદલે ભાલણ તત્કાલીન શુકન-અપશુકનના ખ્યાલોને નજર સમક્ષ રાખી વૃંદાના સ્વપ્નનું નિરૂપણ કરે છે. 'જાલંધર આખ્યાન' મુજબ વૃંદા સ્વપ્નમાં જાલંધરને નગ્ન સ્વરૂપે, તેલથી સ્નાન કરી પાડા પર સવાર થયેલો જૂએ છે. એ પાડા પર બેસી જાલંધર યમપુર ભણી ચાલે છે. પોતાનું આખું ગામ સાગરમાં ડૂબી જાય છે. ક્યાંય રહેવા જગ્યા દેખાતી નથી અને આકુળ-વ્યાકુળ થતી વૃંદા જાગી જાય છે. બ્રાહ્મણોને બોલાવી અશુભ સ્વપ્નોની વાત કરી અનિષ્ટ થતું રોકવા હોમ-હવન, દાનપુણ્ય કરવામાં આવે એ વાત બંને કથાનકમાં નજીવા તફાવત સાથે નિરૂપાયેલી છે.

ભાલણ વૃંદાના શીલ ભંગની કથા આ રીતે નિરૂપે છે. વૃંદા તેની સખી સાથે બાગમાં આવે છે ત્યારે બે રાક્ષસો તેની પાછળ પડે છે, એટલામાં વૃંદા તાપસને જૂએ છે. પોતાને બચાવવા વૃંદા વિનંતી કરે છે. તાપસ આંખો ખોલી રાક્ષસો સામું જૂએ છે તો તેઓ બંને રાક્ષસો બળીને ભસ્મ થાય છે. તાપસ પર વૃંદાને શ્રધ્ધા બેસે છે. પોતાના સ્વામીની યુધ્ધમાં શી સ્થિતિ છે એમ ત્રિકાળજ્ઞાની તાપસને પૂછે છે. તાપસ કંઇ ઉત્તર વાળતા નથી. વૃંદા ઉઠીને આગળ જાય છે ત્યાં વળી એક રાક્ષસ તેની પાછળ દોડે છે. વૃંદા દોડતી એક મઢી પાસે પહોંચે છે જેમાં પેલા તાપસને જ બેઠેલા જૂએ છે. ફરી તેની નજરથી જ દૈત્યનો નાશ થાય છે. એટલામાં એક મૃગને તાપસ સુવર્ણમૃગ બનાવી દે છે. મૃગપત્ની એ મૃગને ઓળખી ન શકતાં મૃગને છોડી વનમાં નાસી જાય છે. વિરહથી વ્યથિત મૃગ પર્વત શિખર પર ચઢી આત્મહત્યા વહોરી લે છે. મૃગલી આવે છે, પતિને ઓળખે છે પણ તાપસને કારણે પોતાના મૃગના પ્રાણ ગયા છે તેથી મૃગલી તાપસને શાપ આપે છે.

"સુવર્ણમૃગ થઇને કોય તારી સ્ત્રીને હરજો સોય"(૧૨)

પરંતુ આ બધા ચમત્કારો જોઇ મુનિથી પ્રભાવિત થયેલી વૃંદા જાલંધરની ભાળ મેળવવા મુનિને પ્રાર્થના કરે છે. ત્યારે જય વિજય નામના બે દાસ ઘર્ઘટ અને ઘંટાઘન નામ ધારી વાનરરૂપે મુનિ સમક્ષ પ્રગટ થાય છે. મુનિ તેને જાલંધરની ભાળ મેળવવા મોકલે છે. એક મુહૂર્તમાં બેય વાનરો જાલંધરના ધડ અને મસ્તકને હાથમાં લઇ આવી તાપસરૂપ વિષ્ણુ અને વૃન્દા સમક્ષ રજૂ કરતા કહે છે,

"મહાદેવજીએ મારીઓ, અમ લઈ આવ્યા તન."[૧૩]

ત્યારે અત્યંત વ્યથિત વૃંદા મૂર્ચ્છિત બની જાય છે. તાપસરૂપ વિષ્ણુ તેને જળ છાંટી બેઠી કરે છે ત્યારે પતિવ્રત ધર્મનું પાલન કરનારી વૃંદાનો વિલાપ લગભગ ૨૬ પંક્તિઓમાં ભાલણ નિરૂપે છે. ભાલણનું કવિત્વ અહીં ખીલી ઊઠે છે. વૃંદા જાલંધર વગર પોતાના પ્રાણ ત્યજવા તૈયાર છે, ત્યારે વૃંદા જ તાપસને વિનંતી કરતા કહે છે :

"બેહુ જણાના પ્રાણ ઉગારો, એટલો કરો ઉપકાર જી."[૧૪]

ત્યારે કપટમુનિ વિષ્ણુ વૃંદાને સાંત્વન આપતાં કહે છે કે જાલંધરના એ મૃતદેહને લઈ તું તારે મંદિર જા. ત્યાં સુંદર શય્યા ઢાળી તારા હૃદય પર પતિનું મસ્તક ધારણ કરીશ ત્યારે તે જીવિત થશે. વૃંદા હરખ પામી મુનિના વચનનું પાલન કરે છે. સુંદર શય્યા પર પતિના મસ્તકને લઈ પોઢતાં તેને નિદ્રા આવી જાય છે. જાગૃત થતાં તેના સ્વામીમાં તેને તાપસના દર્શન થાય છે. વૃંદાની મનોવ્યથા કેવી!

"ક્ષણ એક માંહે તાપસ દેખે, મહા મનોહર સ્વામી જી
ક્ષણ એક માંહે ગોવિંદ દેખે ક્રિડા કરતા કામી જી
વૃંદાએ જાણ્યું, હું તો ચૂકી, ચળીયું મારૂં મન જી
હરિ ધૂતારાએ શું કીધું તાપસ થઈને મુન્ય જી ?"[૧૫]

પોતાનું શીલભંગ થયું, પતિવ્રતધર્મનો ભંગ થયો જાણી વૃંદા વિષ્ણુને શાપ આપે છે,

"તાપસરૂપ થઈને મહારાજ, જયમ હું છલ પાડી તેં આજ;
ત્યમ્ તારી સ્ત્રીને કો ભૂપ, હરી જજો થઈ તાપસ રૂપ."[૧૬]

એ સિવાય,

"પ્રાણ રહિત મસ્તક યથા, હૃદે ધરાવ્યુ મુજ સર્વથા;
તે માટે તું સારંગપાણ, પૂજાજે થઈને પાષાણ."[૧૭]

વૃંદાના આ શાપને કારણે લંકાપતિ રાવણ તાપસ વેશે સીતાનું હરણ કરે છે અને ભગવાન વિષ્ણુ શાલિગ્રામ રૂપે પૂજાય છે. વૃંદાના આવા કઠોર વચનો છતાં તેના સતીત્વથી પ્રસન્નચિત્ત વિષ્ણુ તેને વરદાન આપતાં કહે છે,

"જો તારા મનમાંહે રીસ, તો વૃક્ષરૂપ તું મારે શીશ."[૧૮]

આટલું કહી ભગવાન વિષ્ણુ અંતર્ધ્યાન થાય છે. વૃંદા પતિવ્રતધર્મને ઉચિત, શીલભંગથી વ્યથિત ચિતા પર ચઢી બળી મરવા તૈયાર થાય છે ત્યારે ફરી નારાયણ પ્રગટ થઇ તેને વરદાન માગવા કહે છે. ફરી વૃંદા વ્યથિત બની, 'જે શેષનાગ તાપસરૂપ વિષ્ણુનો શિષ્ય હતો તે ભવિષ્યમાં તેનો નાનોભાઇ થશે અને બે વાનરો જ્યારે તારી સ્ત્રીનું અપહરણ થશે ત્યારે તને મદદરૂપ થશે', એમ કહી ચિતામાં બળી મરી. વૃંદાના વિરહથી વ્યાકુળ વિષ્ણુ હવે ખરેખર તાપસ બની વૃંદાની ચિતાભસ્મનું લેપન કરી વૃંદાનું ધ્યાન ધરતાં ત્યાં જ રહી જાય છે અને તપ કરતાં એકાંતવાસને સેવે છે. વૃંદાએ જ્યાં દેહ ત્યજ્યો તે 'વૃંદાવન' નામે પવિત્ર તીર્થભૂમિ બની રહે છે. આ સમગ્ર કથનમાં કપટમુનિ વિષ્ણુનાં અધમકૃત્યથી લાજ પામી પતિના વિરહે પ્રાણ ત્યાગ કરતી વૃંદાના પાત્રમાં ભારતીય નારીની તેજસ્વીતાના દર્શન થાય છે.

મૂળ 'પદ્મપુરાણ'માં આ કથાનક ભગવાન વિષ્ણુના ગૌરવને લાંછન લગાડે છે. ભગવાન વિષ્ણુના ખરેખર લંપટ પુરૂષ જેવા વર્ણનમાં વિષ્ણુનું પાત્રોચિત ગૌરવ હણાય છે. બીજા ગૌણ ફેરફારોને રહેવા દઇએ તો'ય ભગવાન વિષ્ણુ તાપસરૂપ ધરી વૃંદાનું શીલભંગ કરે છે, ત્યારે પોતે શિવનું કાર્ય કરી રહી જાણે આત્મવંચના કરતા જણાય છે. 'પદ્મપુરાણ'માં વૃંદાને મોહ પમાડતા વિષ્ણુ લક્ષ્મી પ્રત્યે નિઃસ્પૃહ બને છે, વૃંદાને મોહ પમાડવાથી મળતાં સુખને મોક્ષથી પણ અધિક માને છે. આ પ્રકારનું વિષ્ણુના માનસનું વર્ણન તેને પદચ્યુત કરે છે. ભાલણ આ પ્રકારના વર્ણનથી દૂર રહ્યા છે તેથી વિષ્ણુનું ગૌરવ પણ જળવાય છે અને ભાવકોના હૃદયને આઘાત આપવાથી બચી જાય છે.

એ સિવાય વૃંદાના શીલભંગ પછી પ્રાણ ત્યાગવા તત્પર વૃંદા પાસે તેને સદેહે સ્વર્ગમાં લઇ જવા અપ્સરાઓ આવે છે, પરંતુ વૃંદા એ લાલચથી દૂર રહી અપ્સરાઓને વિદાય કરે છે. ત્યારબાદ યોગના અભ્યાસ વડે પ્રાપ્ત થયેલ જ્ઞાનરૂપી અગ્નિ દ્વારા (સત્વાદિ) ગુણોને બાળી ભસ્મ કરી નાખ્યા હતા અને પછી પોતાના મનને વિષયોથી વિમુખ કરી મોક્ષસ્થાન પ્રાપ્ત કર્યું હતું એવો ઉલ્લેખ 'પદ્મપુરાણ'માં મળે છે. પરંતુ ભાલણનું નિરૂપણ વધુ વાસ્તવિક અને તર્કસંગત લાગે છે. મધ્યકાલીન યુગમાં સતી સ્ત્રીઓનું પતિના વિરહે સતી થવું એ પરંપરાને અહીં ભાલણે રજૂ કરી છે જે કથાને સમસામયિક બનાવે છે.

'જાલંધર વધ'ના પ્રસંગનું પણ ''પદ્મપુરાણ'' વિસ્તૃત નિરૂપણ કરે છે. વૃંદાના મહામાયા દ્વારા હરણની વાત દુર્વારણ દ્વારા જાલંધર જાણે છે ત્યારે તે શિવ અને વિષ્ણુ બેમાંથી કોની સાથે પહેલું યુધ્ધ કરવું તે માટે દુર્વારણને પૂછે છે અને દુર્વારણ શિવ સાથે યુધ્ધ કરવાનું કહે છે. શિવગણો અને

દૈત્યસેના વચ્ચે ભયંકર શસ્ત્રાસ્ત્રોથી યુધ્ધ થાય છે. રણમેદાનમાં શબોના ઢગ ખડકાય છે. શિવના આંજી નાખતા તેજ સામે પણ જાલંધર નિર્ભય બની રહે છે ત્યારે પ્રસન્ન થયેલા ભગવાન શિવ તેને વરદાન માગવા કહે છે. જાલંધર 'સાયુજ્ય મુક્તિ'નું વરદાન માગે છે. અહીં જાલંધર શિવનો પરમ ભક્ત હોવાનું ફલિત થાય છે. દેવ ઇચ્છે કે ન ઇચ્છે પણ શિવના હાથે મૃત્યુને વરેલાને સાયુજ્ય મુક્તિ મળશે જ. તેથી જાલંધર શિવના હાથે હણાવા ઉત્સુક છે. શિવ પોતાને ઉશ્કેરવા કહે છે. જાલંધર અને શિવ વચ્ચે ઘોર યુધ્ધ થાય છે અને છેવટે શિવ પોતાના મુખમાંથી સુદર્શન ચક્ર કાઢી તે વડે જાલંધરનું મસ્તક ઉડાવી તેનો વધ કરે છે. શિવની ઇચ્છાથી જોગણીઓ દૈત્યના શબના ઢગોનો નિકાલ કરે છે. જાલંધરના દેહમાંથી તેજ બહાર નીકળી શિવના દેહમાં વિલીન થાય છે. દેવો પોતપોતાના સ્થાને બિરાજે છે ત્યાં જાલંધરની પ્રશંસા સાથે કથા સમાપ્ત થાય છે.

જ્યારે ભાલણ 'જાલંધર આખ્યાન'માં 'જાલંધર વધ'નો પ્રસંગ ટૂંકમાં જ આટોપી લઇ ધાત્રી, માલતી અને તુલસીની કથા આપી તેના માહાત્મ્ય સાથે કથા પૂર્ણ કરે છે. કડવા વીસમાં જાલંધર વધનું નિરૂપણ થોડી જ પંક્તિમાં ભાલણ કરે છે. જ્યારે તાપસરૂપ ધારી વિષ્ણુએ વૃંદાનું શીલભંગ કર્યું ત્યારે જ ભગવાન શિવે ત્રિશૂલનો પ્રહાર જાલંધર પર કર્યો. દેવતાઓએ ભોળાનાથની સ્તુતિ કરી કહ્યું,

"સુદર્શન સંભારીએ, જેણે છે એનું મૃત્ય;
અવર આયુધતણું એને નહિ લાગે કૃત્ય,
ચક્ર લેઇ પશુપતિએ મહેલ્યું મન આણી રીસ,
પવન વેગે જઇ છેદ્યું જાલંધરનું શીશ."(૧૯)

'જાલંધર વધ'ના સમાચારે દૈત્ય સેના ત્રાસ પામી ચારે દિશામાં છિન્ન ભિન્ન થઇ ગઇ. દેવો આનંદિત બન્યા છે. સહુ પોતપોતાના અધિકારોને પામ્યા છે.

અહીંથી ભાલણની કથામાં વળાંક આવે છે, દેવોની વિનંતીથી કૃત્યા રાક્ષસીની પકડમાંથી શુક્રાચાર્યને છોડાવે છે. શિવ, બ્રહ્મા, આદિ સર્વ દેવો જાલંધરપુર આવે છે. ત્યાં વિષ્ણુ દેખાતા નથી. નારાયણ સરોવરના જળથી પાવન થઇ સર્વ દેવોએ પોતપોતાના રત્નો લીધાં. 'જાલંધરપુર'ને ફરી સાગરમાં સમાવ્યું, પણ સરોવરને પવિત્ર તીર્થ રૂપે એમ જ રહેવા દીધું.

આમ, સઘળાં કાર્ય પૂર્ણ થયેલા જાણી દેવો પોતપોતાને સ્થાનક જવા લાગ્યા, ત્યારે ઇન્દ્ર શિવને કહે છે કે, "હે શંભુ ! વિષ્ણુ દેવોનું કાર્ય સિધ્ધ કરવા જાલંધરની પત્ની વૃંદાને છળવા ગયેલા તે

ત્યાં જ વૈરાગ્ય ધરીને રહી ગયા છે. ભગવાન વિષ્ણુનો આ શોક, વૈરાગ્ય દૂર થાય તેવો કંઇ ઉપાય કરો.'' ભગવાન શિવ જોગમાયાને વિનંતી કરવા કહે છે. એની કૃપાથી તમારું કાર્ય સંપન્ન થશે એમ સાંભળી દેવો જગતમાતાને પ્રાર્થના કરે છે. દેવોની સ્તુતિ સાંભળી દેવી આકાશમાં તેજ સ્વરૂપે છવાય છે. તે તેજમાંથી શબ્દ પ્રગટે છે,

''તેજમાંહેથો શબ્દ પ્રગટ્યો સાંભળો, સુર સાથ,
હું છું ત્રિગુણાત્મિકા, ત્રણ બીજ આપું હાથ.''

******

''એ બીજ ત્રણે વાવજો વિષ્ણુ છે તેણે ઠાર,
કાર્ય તમારૂં સિધ્ધ થાશે' ..................''(૨૧)

આ ત્રણે બીજ લઇ દેવો વૃંદા જે સ્થળે બળી મરી છે ત્યાં આવીને તેને વાવે છે. એ બીજ તત્ક્ષણ સહુના દેખતાં અંકુરિત થાય છે. સાવિત્રીથી પ્રગટ થઇ તે ધાત્રી, લક્ષ્મીથી માલતી અને પાર્વતીથી તુલસી એમ ત્રણ પવિત્ર વનસ્પતિ વિષ્ણુ આગળ ધરી વિષ્ણુને સંતુષ્ટ કરે છે. વિષ્ણુના મુખે તુલસી માહાત્મ્ય રજૂ થાય છે.

જે માહાત્મ્ય હિન્દુ ધર્મની તુલસી સંબંધી માન્યતાઓ ને સમર્થન આપે છે. જેમ કે,

''મર્ણકાળે મહા પાપી પામે તુલસી પાન,
વૈકુંઠ તે આવે સહી ચઢી - દિવ્ય વિમાન.''(૨૨)

******

''કોટિ પૂજા પુષ્પની, એક તુલસી પત્ર,
સમતોલ તો આવે નહિ, સહિ જાણજો અત્ર.
તુલસી કેરૂં પત્ર લઇનિ અલ્પ આપે દાન,
કોટિ ઘણું તે ફળ પામે અશ્વમેધ સમાન.
તુલસી લેઇ હરિને સમર્પ્યે સરે સઘળાં કર્મ.''(૨૩)

આમ, તુલસી માહાત્મ્ય સાથે ભાલણ કથાને પૂર્ણ કરે છે પણ મધ્યકાલીન આખ્યાન પરંપરા મુજબ છેલ્લી ચાર પંક્તિમાં આખ્યાનની ફલશ્રુતિ આપ્યા પછી જ ભાલણ આખ્યાન પૂર્ણ કરે છે.

આમ, મધ્યકાલીન કવિ ભાલણ સંસ્કૃતના વ્યુત્પન્ન પંડિત હોવાથી આખ્યાનમાં જ દર્શાવે છે તેમ 'પદ્મપુરાણ'માંથી કથાસાર લે છે તેથી તે લગભગ પ્રસંગોમાં મૂળ કથાને અનુસરે છે, છતાં કોઇ કોઈ પ્રસંગને નીજી પ્રતિભાનો સ્પર્શ આપી કાવ્યાત્મક નિખાર આપ્યો છે, જે તેની કવિ તરીકેની સિધ્ધિ દર્શાવી જાય છે.

## ૩:૧ 'જાલંધર આખ્યાન'ની પાત્રસૃષ્ટિ :

'જાલંધર આખ્યાન'ના તમામ પાત્રો પૌરાણિક છે. કહો કે જાલંધર - વૃંદાના પાત્રોને બાદ કરતાં તમામ પાત્રો દૈવી પાત્રો છે. મહદ્અંશે એમાં પાત્રોનું પૌરાણિક ગૌરવ જળવાય છે. ક્યાંક કોઈ દૈવી પાત્રમાં માનવીય ભાવોનું પ્રતિબિંબ ઝિલાય છે. વીરરસ સભર આ આખ્યાનમાંનું પૌરાણિક વસ્તુ, પાત્રો, પૌરાણિક વાતાવરણને ખડું કરવામાં મહત્તમ ફાળો આપે છે. 'પદ્મપુરાણ'માંનું આ કથાનક દૈત્યો - દેવોના યુધ્ધની આડકથા રૂપે રજૂ થયેલ છે, જેને અહીં ભાલણે વિષય તરીકે પસંદ કરી સ્વતંત્ર આખ્યાન સ્વરૂપે રજૂ કર્યું છે.

'જાલંધર આખ્યાન'માં શિવ અને જાલંધર એ બે મુખ્ય પાત્રો છે. વૃંદાનો પણ મુખ્ય પાત્ર તરીકે જ ઉલ્લેખ કરી શકાય. ગૌણ પાત્રોમાં ઇન્દ્ર, ભગવાન વિષ્ણુ, લક્ષ્મી, શુક્રાચાર્ય, રાહુ, સમુદ્ર, નારદ, કૃત્યા, પાર્વતી વગેરેનો સમાવેશ કરી શકાય. એ સિવાય, શિવગણો અને દૈત્યો વગેરેના તદ્દન ઓછું મહત્ત્વ ધરાવતા પાત્રોનો ઉલ્લેખ પણ કરવો ઘટે. આ તમામ પાત્રો કથાને આસ્વાદ્ય બનાવે છે. 'જાલંધર આખ્યાન'ની પાત્રસૃષ્ટિ જીવંત અને વૈવિધ્યપૂર્ણ છે. ભાલણની પાત્ર ચિત્રણ કલાની શક્તિનો પરિચય કરાવતાં આ પાત્રો કથાને પૈરાણિકતા બક્ષે છે. આ તમામ પાત્રોમાંથી આપણે અહીં મહત્ત્વના પાત્રોનો પરિચય મેળવી ભાલણની પાત્રાલેખન કલાનો પરિચય મેળવીએ. પહેલા પુરુષ પાત્રો અને પછી સ્ત્રી પાત્રો એવો ક્રમ યોજ્યો છે.

## ૩:૧:૧ પુરુષ પાત્રો :

### (૧) શિવ :

ભગવાન શિવ ભોળાનાથ છે, ભક્ત વત્સલ છે, ભક્તોનું કલ્યાણ કરનારા છે. ભક્તો- પછી એ દેવ હોય, દાનવ હોય કે માનવ-ની અલ્પ ભક્તિથી એ આસાનીથી રીઝી જાય છે અને ભક્તોને મોં માગ્યા વરદાનો આપી દે છે. એમાં ક્યારેક અયોગ્ય પાત્રને વરદાન અપાઇ જાય ત્યારે એ સૃષ્ટિ માટે

ભયંકર સાબિત થાય છે, પરંતુ એનો ઉપાય પણ અંતે તો જગતનિયંતા ભગવાન શિવે જ કરવાનો હોય છે.

ઉત્પત્તિ - સ્થિતિ - લય જેને આધિન છે એવા કૈલાસપતિ શંકર જેમ ભક્તો પર જલ્દી પ્રસન્ન થાય છે એટલા જ જલ્દી કોપાયમાન પણ બને છે. એમનો કોપ વિનાશકારી સાબિત થાય છે. અહીં સ્વર્ગાધિપતિ ઇન્દ્રને યુધ્ધ જવર વ્યાપ્યો છે. અપ્સરાઓ અને ગંધર્વો સાથે કૈલાસ જઈ નાચગાનથી શિવને પ્રસન્ન કરી યુધ્ધેચ્છા પૂરી કરવા પોતા સરીખો મહા બળવાન યોધ્ધો માગે છે. શિવ એની યુધ્ધની મહેચ્છા પૂર્ણ થવાનું વરદાન તો આપી દે છે પણ પછી એમણે જ એના વિનાશ સુધીની યોજના વિચારવી પડે છે.

ઇન્દ્રના ગર્વિષ્ઠ વચનોથી ભગવાન શિવ ક્રોધે ભરાય છે, ને પરિણામે મહા ભયંકર રાક્ષસ શિવની સામે પ્રગટ થાય છે ત્યારે તેને સાગર - સિંધુના સંગમ તટે બાળક સ્વરૂપે જવા આજ્ઞા કરે છે. ભગવાન શિવના ક્રોધમાંથી પ્રગટેલું પાત્ર તે જાલંધર. જે દેવોને ત્રાહિમામ પોકારાવે છે. અહીં ભગવાન શિવના ક્રોધનો પરિચય ભાવક પામે છે. એ સિવાય જ્યારે રાહુના મુખે જગતજનની જગદંબા પાર્વતીજીની માગણીનો જાલંધરનો સંદેશ સાંભળે છે ત્યારે પણ તેમનો કોપ ભભૂકી ઉઠે છે અને એ કોપ પણ તેના ભૃકુટિમધ્યમાંથી એક રાક્ષસને ઉત્પન્ન કરે છે, જે રાહુને ગ્રહીને બર્બર દેશ પહોંચાડી દે છે. શિવના ક્રોધનો પરિચય ભાલણ અહીં અનેકવાર આપે છે.

ભગવાન ભોળાનાથ દયાનિધાન છે. કરુણાસાગર છે એની પ્રતિતી શુક્રાચાર્ય સાથેના એમના વર્તનમાં જોવા મળે છે. સંજીવની વિદ્યાના બળે શુક્રાચાર્ય દૈત્યોને સજીવન કરે છે ત્યારે પરમેશ્વર શુક્રાચાર્યને પ્રાણદંડ આપવાને બદલે જીવતાં રાખે છે. જે સજા કરે છે એ રમૂજ પ્રેરક બની રહે છે. અલબત્ત, દૈત્યગુરુ શુક્રાચાર્યની આ દુર્ગતિ સુરૂચિમય નથી છતાં રાહુ અને શુક્રાચાર્યને તેમનાં કાર્ય બદલ પ્રાણદંડમાંથી ભોળાનાથ મુક્ત કરે છે, જે તેના કરુણાનિધાનના વ્યક્તિત્વને પ્રગટ કરે છે.

એ સિવાય ભાલણે ભગવાન શિવના દૈવી પાત્રમાં માનવ ભાવોનું આરોપણ કર્યું છે. ભગવાન શિવને મોહ પમાડવા જાલંધર જે માયા રચે છે તેમાં યુધ્ધ મેદાનમાં અતિ રૌદ્ર રૂપે યુધ્ધ કરતા ભગવાન શિવને રોકવા જાલંધર માયાવી પાર્વતીને શિવ સમક્ષ પ્રગટ કરે છે. એ પાર્વતી ભગવાન શિવને જાલંધરની પકડમાંથી છોડાવવા શિવને આજીજી કરે છે. જાલંધરના હાથમાં પકડેલી પાર્વતીને જોતાં જ ભોળાનાથ હથિયાર હેઠાં મૂકે છે અને જાણે દેવ મટી સામાન્ય જન બની જાય છે. 'જો પાર્વતીને જાલંધરે પોતાના કબજામાં લઈ લીધી છે તો હવે હું યુધ્ધ કરીને શું કરું ? પત્ની વિના તો સારો સંસાર

સૂનો છે.' એમ ક્હી ભગવાન શિવ રુદન કરવા માંડે છે ત્યારે જાલંધર કટાક્ષ કરતાં ભગવાન શિવને ઉશ્કેરતાં કહે છે, 'એક સ્ત્રીને માટે કાયરની પેઠે રૂએ છે શું ? આ લે તારી સુંદરી', એમ ક્હી પાર્વતી (માયાવી) નો ઘા કરે છે' જે ત્રિશૂળ પર પડતાં મરણને શરણ થાય છે ત્યારે જગદાધાર આક્રંદ કરે છે. પત્ની વગર પોતે જીવીને શું કરશે ? પોતને મરણ કેમ આવતું નથી એમ પત્ની વિરહે વલવલતાં તે મૂર્ચ્છિત બને છે. અહીં ભલે જાલંધરે માયાવી સૃષ્ટિ ખડી કરી હોય પણ એમાંથી પત્ની વિયોગે મૂર્ચ્છિત બનતાં ભગવાન શિવના પાત્રમાં માનવીય અંશ પ્રગટે છે.

શિવ - જાલંધરના યુધ્ધ વર્ણનમાં, જાલંધરને મારવા કરેલી યુક્તિમાં, સુદર્શન ચક્રના નિર્માણમાં એમનું શૌર્ય અછતું રહેતું નથી. ભગવાન શિવ વિના કારણ જાલંધરનો વધ કરે એ કાવ્ય માટે ન્યાયોચિત નથી. એમાં તો ભગવાન શિવના કરુણાનિધાનનાં બિરૂદને લાંછન લાગે. એથી જાલંધરના વધ માટેની ભૂમિકા કવિ ભાલણ તૈયાર કરે છે. એક તો જાલંધરે પોતાના પરાક્રમથી સ્વર્ગના દેવોને ભારે વ્યથા પહોંચાડી છે. દેવાધિદેવ ઇન્દ્રનો ગર્વ ચકનાચૂર થયો છે તેથી જાલંધરનું અવતાર કૃત્ય ત્યાં પૂર્ણ થયું છે. તો પણ વગર વાંકે તેને મૃત્યુદંડ આપવો શિવને શોભે નહિ. તેથી જગદંબા પાર્વતીની માગણી, અને માયાવી શક્તિથી જાલંધરનું શિવને મોહ પમાડવું વગેરેથી ક્રોધે ભરાયેલા ભગવાન શિવ તેનો વિનાશ કરે છે. આથી પરમેશ્વર પર આપણે નિરર્થક ભક્તઘાતનો આરોપ મૂકી શકતાં નથી. આમ, સમગ્રપણે જોતાં ભગવાન શિવનો ભક્ત પર ક્રોધ હોય કે પ્રસન્નતા પણ અંતે જગત માટે કલ્યાણકારી હોય છે. મધ્યકાલીન પ્રજાના માનસને પ્રસન્નચિત્ત કરતું ભાલણની કલમે આલેખાયેલું ભગવાન શિવનું પાત્ર ખરે જ ભક્ત વત્સલના બિરૂદને સાર્થક કરે છે.

### (૨) જાલંધર :

'જાલંધર આખ્યાન'નું વસ્તુ પૈરાણિક હોવાથી સ્વાભાવિક જ પાત્રો પણ પૌરાણિક છે. 'જાલંધર આખ્યાન'માંનું મુખ્ય પાત્ર જાલંધર પૌરાણિક પાત્ર છે, પરંતુ ભાલણે એમાં મધ્યકાલીન ક્ષત્રિય વીરોની વીરતાનું આરોપણ કર્યું છે. કોઈપણ કવિ પોતાના સર્જનમાં પોતાના યુગના સંસ્કારોને કોઇને કોઇ રીતે અનુસરે છે.

જાલંધર શિવના ભૃકુટિમધ્યથી ઇન્દ્રના ગર્વનું ખંડન કરવા જન્મેલો, દાનવરાજ થવા સર્જાયેલો અનુપમ વીર યોધ્ધો છે. એ વીરોચિત બળ અને શૌર્ય ધરાવે છે.

જાલંધર બાલ્યકાળથી જ પરાક્રમી છે. નવજાત બાળકનાં ભયંકર રુદનથી ગભરાયેલા દેવો બ્રહ્માને સાગર - સિન્ધુના સંગમ તટે તપાસાર્થે મોકલે છે ત્યારે સાગર એ બાળકને બ્રહ્માની ગોદમાં મૂકે છે. એ બાળકે એટલી તાકાતથી બ્રહ્માની દાઢીના વાળ પકડ્યા છે કે કેમેય કરી બ્રહ્માજી એ પકડ છોડાવી શકતા નથી. બ્રહ્મા તેના આ પરાક્રમથી પ્રસન્ન થઇ તેને વરદાન આપી બેસે છે, ''આ બાળક અતિ બળવાન થશે અને તેને કોઇ જીતી શકશે નહિ.''

સાગરમાં રહીને એ મોટો થતો વીર બાળક પ્રાણી માત્રને ધ્રુજાવે છે. સર્વ જીવો એનાથી ડરીને નાસી જાય છે. વડવાનલ જેવો વડવાનલ પણ તેના ડરથી શીતળ કાયા ધારણ કરે છે.

જાલંધર તેની યુવાવસ્થામાં જ પિતાની આજ્ઞાથી મયદાનવે રચેલી 'જાલંધરપુર'નગરીનો દૈત્યરાજ બને છે. સર્વપ્રકારની સિધ્ધિઓ સાથે ક્રૌંચગણની પુત્રી વૃન્દા તેને વરે છે.

ધડવિહીન રાહુને જોઇ આશ્ચર્યમાં પડેલો જાલંધર શુક્રાચાર્યને તેનું કારણ પૂછે છે. શુક્રાચાર્યના મુખે પોતાના પિતા સાગરના દેવો દ્વારા થયેલા મંથનની કથા સાંભળતા જ ક્રોધિત બનેલો જાલંધર દૂત મોકલી દેવોએ લૂંટી લીધેલા રત્નો પરત કરવા નહિ તો રણમેદાનમાં યુધ્ધ કરવા, દેવોને લલકારે છે. તેનું આ કાર્ય ક્ષત્રિયવીરને છાજે તેવું છે. ઇન્દ્રે જાલંધરના કહેણને તિરસ્કારપૂર્વક પાછું વાળતાં જાલંધર દેવતાઓ પર ચઢાઇ કરી વિજય મેળવે છે.

ભગવાન વિષ્ણુ હારેલા ઇન્દ્રની સહાયે આવી જાલંધર સામે યુધ્ધ મેદાનમાં ઊતરે છે ત્યારે પણ એ અપ્રતિમ પરાક્રમ દાખવે છે. પરાક્રમથી લડતા જાલંધરને જોઇ બ્રહ્મા, ઇન્દ્ર, વરુણ, વાયુ, કુબેર તમામ ચીસો પાડતા રણમેદાન છોડી ભાગે છે. વિષ્ણુ અને જાલંધર વચ્ચે ગદાયુધ્ધ અને દ્વંદ્વયુધ્ધ થાય છે જેમાં જાલંધર પહેલાં ગદા વડે પંખીરાજ ગરુડને ઘાયલ કરે છે અને ત્યારબાદ ભગવાન વિષ્ણુની છાતી પર મુષ્ટિ પ્રહાર કરે છે. જાલંધરના શૌર્યથી પ્રસન્નચિત્ત થયેલા ભગવાન વિષ્ણુ જાલંધરને વરદાન માગવા કહે છે અને વચનથી બંધાયેલા ભગવાન વિષ્ણુ સાગર તનયા લક્ષ્મીજી સાથે સાગર નિવાસ સ્વીકારે છે. ભગવાન વિષ્ણુનો સાગર નિવાસ જાલંધરની પરાક્રમશીલતાનું પ્રતીક બની રહે છે.

છેલ્લે, ભગવાન શિવ સાથેના યુધ્ધમાં પણ એ જરાયે ઉણો ઊતરતો નથી. ત્યાં પણ એ નીડર યોધ્ધા તરીકે ઉભરે છે. અલબત્ત, એ દાનવરાજ માયાવી છે ઉપરાંત રાજા હોવાને નાતે કાવાદાવા - કપટ કરવામાં પણ તે પાછો પડતો નથી. યુધ્ધનીતિને બાજુ પર મૂકી યેનકેન પ્રકારે યુધ્ધ જીતવા

કોશિશ કરતો જાલંધર તેની માયાવી શક્તિઓને કામે લગાડે છે. જે પૈરાણીક વાતાવરણને જીવંત બનાવે છે.

અહીં સુધી જાલંધરનું પાત્ર અપ્રતિમ યોધ્ધા તરીકે ગૌરવભર્યા સ્થાનનું અધિકારી બન્યું છે, પરંતુ શિવ પાસે પાર્વતીની માગણી કરવી અને માયાવી શક્તિથી શિવ રૂપ ધરી પાર્વતી સામે જઇ તે જે વર્તન કરે છે તેનાથી 'સોનાની થાળીમાં લોઢાની મેખ' જેવું પુરવાર થાય છે.

અલબત્ત, જાલંધરના બચાવમાં કહી શકાય કે ભગવાન શિવે જાલંધરની ઉત્પત્તિ જ ઇન્દ્રના ગર્વનું ખંડન કરવા માટે કરી છે. શિવનું એ ધ્યેય પૂર્ણ થતાં જ જાલંધરનું અવતારકૃત્ય પૂર્ણ થયું છે, પરંતુ દેવોના વરદાનથી જ તે અજેય બની રહ્યો છે. ભગવાન શિવ પણ સામાન્ય અપરાધથી તો પોતાના અંશને સમાપ્ત કરવા તૈયાર ન થાય. જાલંધર દ્વારા કોઇ એવો અક્ષમ્ય અપરાધ થાય કે ભગવાન શિવ તેનો વધ કરવા તૈયાર થાય તો જ તેને દાનવ અવતારમાંથી મોક્ષ મળે. જગદંબાની શિવ પાસે માંગણી કરવાથી વિશેષ મોટો અપરાધ બીજો ક્યો હોઇ શકે? તેથી એમ કહી શકાય કે જાલંધરનું ભગવાન શિવ પાસે પાર્વતીને માંગવાનું દુષ્કૃત્ય કેવળ પરમાત્માને હાથે વધ પામવાના એકમાત્ર ઇરાદાથી પ્રેરિત હશે. એમાં જ કાવ્યન્યાય પણ રહેલો છે.

આમ, જાલંધર દૈત્યેન્દ્ર હોવા સાથે અજેય યોધ્ધો છે. સમરાંગણમાં વીરોચિત મૃત્યુ ઇચ્છનારો નર કેસરી છે. ભગવાન શિવ પણ તેને હણવા આમ તો શક્તિમાન નથી. બધા જ દેવોનું તેજ લઇ બનાવેલા સુદર્શન ચક્ર વડે તે હણાય છે, અન્યથા એને હણવો દેવોને પણ દુષ્કર છે. આમ, 'જાલંધર આખ્યાન'ના નાયક જાલંધરનું પાત્ર ભાલણની કલમે મધ્યકાલીન યુગના રાજપૂત વીર જેવું ઉજ્જવલ આલેખાયું છે.

### (૩) વિષ્ણુ :

ભોળાનાથ શિવથી તદ્દન વિરૂધ્ધનું કુટિલ પાત્ર એટલે વિષ્ણુનું પાત્ર. 'જાલંધર આખ્યાન'ની કથામાં તેમનો પ્રથમ પરિચય 'સમુદ્રમંથન'ની આડકથામાંના પ્રસંગથી મળે છે. સમુદ્રમંથન દ્વારા ચૌદ રત્નો પ્રાપ્ત થાય છે ત્યારે મોહિની સ્વરૂપ વિષ્ણુ ભગવાન પ્રપંચ કરી દેવોને અમૃત પાઇ દે છે. દેવસભામાં ચંદ્ર - સુરજની વચ્ચે આવી બેઠેલા રાહુની તેને જાણ થતાં જ રાહુનો શિરચ્છેદ કરી નાખે છે. આ રીતે 'સમુદ્રમંથન'ના પ્રસંગે કપટ કરી દાનવોને અન્યાય કરવામાં વિષ્ણુનું પાત્ર મહત્ત્વનો

ભાગ ભજવે છે. આમ જોવા જઇએ તો લોકનીતિ વિરુધ્ધનું લાગતું આ કાર્ય સમષ્ટિ માટે તો કલ્યાણકારી જ હશે ને !

જાલંધર અને વિષ્ણુ વચ્ચે કોઇ વેરભાવ નથી છતાંય તેઓ જાલંધરની વિરૂધ્ધ ઇન્દ્રને સહાયભૂત બને છે. લક્ષ્મી-નારાયણ સંવાદ કરતાં બેઠા છે ને દેવોને પોતાના તરફ આવતા જૂએ છે તો ભગવાન વિષ્ણુ લક્ષ્મીજીને કહે છે કે તારા ભાઇથી ભયભીત બની દેવો મારી સહાય ઇચ્છતાં દોડ્યા આવે છે. મારે નિશ્ચિતપણે તેઓની સાથે યુધ્ધ માટે જવું પડશે. વિષ્ણુ જાણે છે, જાલંધર લક્ષ્મીનો ભાઇ હોવાને નાતે તેનો સાળો છે. લક્ષ્મીજીની વિનંતીથી ભગવાન વિષ્ણુ તેના ભાઇ જાલંધરને નહિ હણવાનું વચન આપે છે ત્યાં લક્ષ્મી તેમજ વિષ્ણુના પાત્રમાં કવિએ માનવ ભાવોનું આરોપણ કર્યું છે.

વિષ્ણુ - જાલંધર યુધ્ધ પ્રસંગે જાલંધરના અપ્રતીમ શૌર્યથી પ્રસન્ન થયેલા ભગવાન વિષ્ણુ જાલંધરના કહેવાથી લક્ષ્મીજી સહિત સાગર નિવાસ સ્વીકારે છે. કહો કે ઇચ્છા અનિચ્છાએ જાલંધરના કેદી બની સાસરવાસ સ્વીકારે છે. અહીં વિષ્ણુનું ઘરજમાઇ થઇ રહેવું મધ્યકાલીન પ્રજાના મુખ પર સ્મિત ફરકાવી જાય છે.

ફરી જાલંધર વિરુધ્ધની લડાઇમાં તે શિવને સાથ આપે છે. આ વખતે તેઓ એવી પ્રપંચલીલા આદરે છે કે તેની સામે જાલંધરના પ્રપંચો કંઇ વિસાતમાં નથી. છળ વડે સતી વૃંદાનું શીલભંગ કરવાનું અધમ કૃત્ય કરતાં તે અચકાતાં નથી.

અહીં પણ ભગવાન વિષ્ણુના બચાવમાં કહેવું હોય તો કહી શકાય કે જેમ પાર્વતીની માગણી એ જાલંધરનું અધમ કૃત્ય તેના દાનવ જન્મના મોક્ષ માટે જરૂરી હતું એમ જ વૃંદાનું શીલભંગ થવું પણ અનિવાર્ય હતું. નહિ તો સતીના પ્રતાપે તેના પતિને મોત આવી શકે જ નહિ. અહીં એટલાં પૂરતું આપણે વિષ્ણુના પાત્રને માફ કરી શકીએ. બાકી તમામ દેવોમાં સર્વશ્રેષ્ઠ ગણતરીબાજ અને કુટિલ રાજનીતિજ્ઞ તરીકે વિષ્ણુનું પાત્ર ઊભરી આવે છે. જેનું પૌરાણિક દેવ વિષ્ણુના પાત્ર અનુસારનું ચિત્રણ ભાલણે 'જાલંધર આખ્યાન'માં કર્યું છે.

**(૪) ઈન્દ્ર :**

'જાલંધર આખ્યાન' કથાનું બીજ દેવરાજ ઇન્દ્રના ગર્વમાંથી જ પ્રગટ્યું છે. દેવરાજનું પદ અને ઇન્દ્રલોકની સાહ્યબી જાણે તેનાથી જીરવાતી નથી. ઇન્દ્રનું બાહુબળ એને જ પીડે છે અને તેથી

ઈન્દ્રલોકની અપ્સરાઓ, ગાંધર્વો સાથે કૈલાસ પર જઈ નાચગાનથી ભોળા શિવને પ્રસન્ન કરી પોતાના સમાન બળિયો યોધ્ધો માગી યુધ્ધ વાંછે છે.

ઈન્દ્રના ગર્વિષ્ઠ વેણથી ક્રોધે ભરાયેલા રુદ્ર જાલંધરને સમુદ્રપુત્ર રૂપે જન્મ આપે છે. દૈત્યેન્દ્ર જાલંધર દેવેન્દ્રની ઈચ્છા મુજબ તેની સામે લડવા આવે છે ત્યારે ઈન્દ્ર પરાક્રમ દાખવી શકતા નથી અને કાયરતાથી રણમેદાનમાંથી ભાગી છૂટે છે. જાલંધર સાથેના પ્રથમ યુધ્ધમાં જ ઈન્દ્રનો ગર્વ ચકનાચૂર થાય છે.

જાલંધરને યુધ્ધમાં જીતવો મુશ્કેલ લાગતાં ભાગી છૂટેલો ઈન્દ્ર ભગવાન વિષ્ણુની સહાય માગે છે. વિષ્ણુ સહિત અન્ય દેવોને સાથે રાખી ફરી જાલંધર પર ચઢાઈ કરે છે. ફરી વિષ્ણુને બાદ કરતાં ઈન્દ્ર સહિત તમામ દેવો જાલંધરના શૌર્યથી ડરી સમરાંગણમાં પીઠ બતાવી નાસી છૂટે છે. આ રીતે બીજીવાર પણ તે જાલંધરના હાથે પરાસ્ત થાય છે.

ત્રીજીવાર જયારે શિવ - જાલંધરનું યુધ્ધ થાય છે ત્યારે એ યુધ્ધમાં સામેલ ઈન્દ્ર કોઈ યશસ્વી પરાક્રમ દાખવી શકતા નથી. એ વેળા પણ જાલંધર સામે તો તે ટકી જ શકતા નથી.

આમ, સમગ્ર 'જાલંધર આખ્યાન'માં ઈન્દ્ર ક્યાંય વીરપાત્ર તરીકે ઉપસ્યા નથી. દરેક વખતે કાયરતાથી રણમેદાનમાંથી જીવ લઈને નાસી જનાર કાયર પાત્ર રૂપે નિરૂપાયેલ છે. અલબત્ત, કથાનું બીજ જે ઈન્દ્રના ગર્વમાં રહેલું છે એ જ ઈન્દ્ર આગળ જતાં આટલા બધા કાયર નીવડે ત્યારે એનું દેવેન્દ્રનું બિરુદ ઝાંખુ પડતું લાગે છે.

આમ છતાં બે વાર યુધ્ધમાં જાલંધરના હાથે પરાસ્ત થયા પછી ઈન્દ્ર જ્યારે શિવને શરણે જાય છે ત્યારે શિવ સમક્ષ પોતાની અઘટિત માગણી અને ગર્વિષ્ઠ વર્તન બદલ પશ્ચાત્તાપ કરતાં,

"છોરૂ કછોરૂ હોએ નાથ, માત પિતા નવ મહેલે હાથ."

કહી અપરાધની ક્ષમા માગે છે ત્યારે ઈન્દ્રનું પાત્ર ભાવકોની સહાનુભુતી મેળવી જાય છે, એમ છતાં પુરાણમાં દેવેન્દ્રનું જે સ્થાન માન છે તે અહીં જળવાતું નથી એ નોંધવું ઘટે.

### (૫) શુક્રાચાર્ય :

શુક્રાચાર્ય ભૃગુવંશી ઋષિ છે. તે દૈત્યોના ગુરુ છે. સંજીવની વિદ્યાના જાણકાર છે. દેવતાઓના દ્વેષી અને દાનવોના હિત ઈચ્છનારા શુક્રાચાર્ય પોતાની ગુરુ તરીકેની ફરજનિષ્ઠા બરાબર બજાવે છે. 'જાલંધર આખ્યાન'માં શુક્રાચાર્યનો પ્રથમ પ્રવેશ છેક સાતમા કડવામાં ધડવિહીન રાહુના પ્રવેશ સાથે

જ થાય છે. જાલંધર પોતાના કુલગુરુ ને તેડાવી રાહુના ધડવિહીનપણાની પૃચ્છા કરે છે. એના સંદર્ભે શુક્રાચાર્ય દેવો દ્વારા થયેલા સમુદ્રમંથનની, દેવો દ્વારા દાનવોને થયેલા અન્યાયની અને તેના પિતા સાગરની સંપત્તિ દેવો દ્વારા લૂંટવાની આખી કથા જાલંધરને જણાવે છે.

જુદા જુદા દેવો પાસે જુદા જુદા રત્નો રહેલાં છે, એમાં સૌથી વધુ રત્નો સ્વર્ગાધિપતિ ઇન્દ્ર પાસે છે તે તત્કાલ મંગાવી લેવા અને નહીં તો યુધ્ધ માટે તૈયાર રહેવા શુક્રાચાર્યની સૂચનાથી જ જાલંધર દૂત દ્વારા કહેવડાવે છે.

બીજા યુધ્ધ પ્રસંગે શુક્રાચાર્ય વીરતાપૂર્વક દેવગુરુ બૃહસ્પતિ સામે લડે છે. કાલનેમિ, નમુચિ વગેરે દાનવોના રણમેદાનમાં મૃત્યુ થતાં શુક્રાચાર્ય સંજીવની મંત્ર વડે તેઓને સજીવન કરે છે.

શિવ - જાલંધર યુધ્ધ વખતે પણ શુક્રાચાર્ય ગુરુ હોવાને નાતે જાલંધરને વિનાશના માર્ગેથી પાછા વાળવાના કોઇ પ્રયત્નો કરતાં નથી. કદાચ પોતાની સંજીવની વિદ્યા પર તેઓને શ્રધ્ધા હશે કે જેના વડે તે કોઇપણ યુધ્ધને જીતી શકશે એવી ભ્રમણામાં રાચે છે, પરંતુ શિવ - જાલંધર સંગ્રામ વખતે ફરી ફરી પોતાની સંજીવની વિદ્યા વડે દાનવોને જીવિત કરતાં શુક્રાચાર્ય પર ક્રોધ ધરતા ભગવાન શિવ કૃત્યાને ઉત્પન્ન કરી શુક્રાચાર્યને તેની યોનિમાં સંતાડી રાખવાનો આદેશ કરે છે. એ મુજબ ત્યાં શુક્રાચાર્ય જેવા યજમાનહિતૈષીનું શિવ દ્વારા માનભંગ થાય છે. જાલંધરના વધ પછી શુક્રાચાર્યને એ બંધનમાંથી છૂટકારો મળે છે. ઇન્દ્રાદિ દેવોની વિનંતીથી જ શિવ દ્વારા શુક્રાચાર્યનો છૂટકારો થાય છે. ત્યારે શુક્રાચાર્ય દૈત્યગુરુ હોવા છતાં દેવોના માનના અધિકારી છે એ સાબિત થાય છે. સાથે સાથે દાનવો પ્રત્યે પૂરી નિષ્ઠા ધરાવનાર શુક્રાચાર્ય દૈત્યગુરુના પદને સાર્થક કરતું ઉજ્જવલ પાત્ર બની રહે છે.

**(૯) બ્રહ્મા :**

બ્રહ્મા - વિષ્ણુ - મહેશ એ ભારતીય પૌરાણિક પરંપરાના મહાન ત્રિદેવ છે. જેઓ અનુક્રમે સૃષ્ટિના સર્જક, પાલક અને વિસર્જક મનાયા છે. આ રીતે સમગ્ર સૃષ્ટિના સર્જનહાર બ્રહ્મા છે. દેવો - દાનવો - માનવો - પ્રકૃતિ, પ્રાણી, પંખી વગેરે તેમનું જ સર્જન છે. અલબત્ત, તેઓ હંમેશા દેવો પ્રત્યે પક્ષપાત ધરાવે છે. 'જાલંધર આખ્યાન'માં બ્રહ્માનો પ્રવેશ જાલંધરના જન્મ બાદ તુરત જ થાય છે. બાળકના રડવાનો ભયંકર અવાજ થતાં અને અવાજનું કારણ ન જાણતા ઇન્દ્રાદિ દેવો બ્રહ્મા પાસે જઇ

આ અવાજનું રહસ્ય જાણી લાવવા મોકલે છે. સાગરતટેથી આવતા આ અવાજથી બ્રહ્મા સાગરભણી જાય છે અને ત્યાં મહાનાદ કરતાં બાળકને જોઇ તેઓ આશ્ચર્યમુગ્ધ બની જાય છે.

સાગર પોતાના પુત્રને બ્રહ્માજીના ખોળામાં મૂકે છે ત્યારે બાળક ખૂબ જોરથી બ્રહ્માજીની દાઢીના વાળ પકડે છે. બ્રહ્માજી એ બાળકની પકડમાંથી એ વાળ છોડાવી શકતા નથી. આંખમાં અશ્રુ આવી જાય છે. અંતે સાગર મહાપ્રયત્ને બાળકના હાથની પકડ મુકાવે છે ત્યારે બ્રહ્માજી એ બાળકના નામકરણ સંસ્કાર કરતા તેનું નામ 'જાલંધર' રાખે છે. એ બાળક મોટો થઇ મહાપરાક્રમી બનશે અને એને કોઇ જીતી નહિ શકે એવા આશીર્વાદ આપી વિદાય લે છે.

એ પછી રણમેદાનમાંથી જાલંધરના પરાક્રમથી ભયભીત બની નાસી જનારા દેવોમાં બ્રહ્મા પણ સમાવિષ્ટ છે. બીજા દેવોની જેમ તેઓ પણ કોઇ વિશેષ કૌવત રણમેદાનમાં દાખવી શકતા નથી. અંતે સૌ દેવતાઓ સાથે જાલંધરના વધ માટે શિવ પાસે બ્રહ્મા પણ જાય છે. ભગવાન શિવ બ્રહ્માને પૂછે છે કે તેણે એનો નાશ કેમ ન કર્યો ? ત્યારે ઉત્તરમાં બ્રહ્મા કહે છે,

"મેં એને આપ્યું વરદાન, તેને કયમ મારું નિદાન?"(૨૪)

દેવતાઓ દ્વારા જાલંધરવધની યોજના ઘડી કાઢવામાં તેઓનો સહયોગ છે. છતાં સૃષ્ટિના સર્જનહાર જેવી મહત્તા - પરાક્રમશીલતા 'જાલંધર આખ્યાન'માંના બ્રહ્માના પાત્રમાં કવિ ભાલણ પ્રગટાવી શકયા નથી.

## (૭) રાહુ :

'જાલંધર આખ્યાન'માં રાહુનું પાત્ર પોતાના સ્વામીના સંનિષ્ઠ સેવક તરીકે આલેખન પામ્યું છે. સમુદ્રમંથન બાદ અમૃતની વહેંચણી વખતે દેવતાઓ દ્વારા દાનવોને અન્યાય થયો છે. રાહુ ચતુરાઇપૂર્વક સુર્ય - ચંદ્રની વચ્ચે અમૃતપાનની આશા સાથે બેસી જાય છે. ત્યારે રવિ - શશીના સંકેતથી હરિને સિંહિકાસુત રાહુનું જ્ઞાન થતાં ગુસ્સાથી તેનું મસ્તક ઉડાવી દે છે. રાહુનું ધડવિહીનપણુ એ એના જીવનની કરુણિકા છે. પોતાની આ કરુણ દશાનું દુઃખ વ્યક્ત કરવા એ જાલંધર પાસે આવે છે ત્યારે એની એ દુઃખગાથા જાલંધર અને ઇન્દ્રના વેરનું કારણ બની જાય છે.

ફરી કડવા - ૧૨ માં રાહુનો પ્રવેશ જાલંધરના દૂત તરીકે થાય છે. શિવધામમાં રહેલ પાર્વતી સ્વરૂપા રત્નને મંગાવી લાવવા જાલંધર રાહુને દૂત તરીકે ભગવાન શિવ પાસે કૈલાસ મોકલે છે. દૂતરૂપે

રહેલા રાહુના કઠોર વચન સાંભળી ભગવાન શિવના ભ્રુકુટિમધ્યથી મહાભયંકર યોધ્ધો પ્રગટે છે જે રાહુને ગ્રસી બર્બર દેશ પહોંચાડી દે છે.

આમ, નિજ સ્વામીનું કાર્ય કરતાં દુઃખ પડે તોય તે સ્વામીને વફાદાર રહે છે એટલું જ નહિ, યુધ્ધમાં પોતાના ધડવિહીનપણાના નિમિત્તરૂપ એવા રવિ - શશી સાથે પૂરી પરાક્રમશીલતાથી લડે છે. રાહુના પાત્રની આ વિશેષતાને ભાલણે અહીં પ્રદર્શિત કરી છે.

### (૮) નારદ :

ભાલણે 'જાલંધર આખ્યાન'ની આખી કથા નારદના મુખે રજૂ કરી છે. યુધિષ્ઠિરના અશાંત મનને શાંત કરવા અને કર્મફળના સિધ્ધાંતને અનુમોદન આપવા નારદના મુખે 'જાલંધર'ની કથા કહેવામાં આવી છે. 'નારાયણ નારાયણ' નો જાપ કરતાં નારદનો કોઈપણ જગ્યાએ પ્રવેશ ભાવકોની ઉત્કંઠાને જાગૃત કરી જાય છે કારણ કે કલહપ્રિય નારદજીનો જીવનમંત્ર જ જ્યાં ત્યાં તણખો મૂકી આગ પ્રગટાવવાનો છે. જોકે અંતે તો એ સૃષ્ટિ માટે ઉપકારક જ હોય છે.

અહીં જાલંધર અને શિવ વચ્ચેના યુધ્ધ માટે નારદ જ જવાબદાર બને છે. એમાં એમનો કોઈ અંગત સ્વાર્થ નથી પરંતુ જાલંધર પાર્વતીની શિવ પાસે અઘટિત માગણી કરે તો જ શિવ જાલંધર સાથે યુધ્ધ કરવા પ્રેરાય. તેથી જાલંધર પાસે જઈ તેને શિવ પાસે પાર્વતીની માગણી કરવા ઉશ્કેરે છે. પરિણામ નારદનું ધાર્યું જ આવે છે. શિવ જાલંધર વધ માટે તૈયાર થઈ જાય છે. આમ, ભાલણના હાથે નારદનું પાત્ર પરંપરા મુજબ કલહપ્રિય પાત્ર રૂપે આલેખાયું છે.

## ૩:૧:૨ સ્ત્રી પાત્રો :

### (૧) વૃંદા :

'જાલંધર આખ્યાન'નું મુખ્ય નારી પાત્ર એટલે વૃંદા. 'જાલંધરપુર'માં વીર જાલંધરનો રાજ્યાભિષેક થાય છે ત્યારે તેના તમામ સેવકો તેને અનુકૂળ થઈને રહે છે. જાલંધરના ભયથી ક્રૌંચગણ પોતાની પુત્રી વૃંદાનું જાલંધરને કન્યાદાન કરે છે. દાનવરાજની પત્ની બનેલી વૃંદા એમ રાજરાણી બને છે, પરંતુ રાજકીય કાવાદાવાથી તે બિલકુલ અલિપ્ત છે. ભાલણ વૃંદાનો પરિચય લાઘવયુક્ત શૈલીમાં આ રીતે આપે છે,

"સતી શિરોમણી સાધ્વી, તેનું ન ચળે મન;
વૃન્દા જો ત્યાં છળ પડે, તો પામે રાય પતન."[૨૫]

આમ, સતી શિરોમણી સાધવીના પવિત્ર શીલ વડે જાલંધર અવધ્ય બની રહે છે.

કડવા છ ની અંતિમ બે પંક્તિમાં વૃંદાનો ઉપર્યુક્ત ઉલ્લેખ મળે છે. ત્યારબાદ છેક સોળમાં કડવામાં વિષ્ણુ કપટ કરી વૃંદાનો શીલભંગ કરે છે એ પ્રસંગ નિરૂપાયો છે. પતિ યુધ્ધ સંગ્રામમાં ગયા છે ત્યારે પતિવ્રતા વૃન્દા પતિવિરહે આકુળ વ્યાકુળ છે. સખી પાસે પોતાની વિરહી અવસ્થાની વાત કરતી વૃંદા પ્રેમાળ પત્ની રૂપે ભાવક સમક્ષ ઉભરી આવે છે.

"ચઢી માળીએ જૂએ વાટ, 'હજી ન આવે પિયુ શા માટ ?
વહાલાને શું પ્રીત જ નહિ, તેણે હું વિસારી સહી ?
અંગ ગમે નહિ મુજ શણગાર, કુસુમસેજ લાગે અંગાર,
એક ઘડી યુગ સરખી થાય, જે મુજ વહાલા વિણ તો જાય.
કહો સખી કેમ જાએ યામિની ?' એમ દુઃખે દિવસ નિગમે કામિની."(૨૬)

એ પછી કપટરૂપે રહેલા વિષ્ણુ દ્વારા શીલભંગ થયા પછી સતીનો ક્રોધ વિષ્ણુ પર શાપરૂપે ઉતરે છે ત્યારે તેનામાં તેજસ્વી સતીના દર્શન થાય છે. ભગવાન વિષ્ણુને શાપ આપતાં સતી ઉચ્ચારે છે,

"તાપસ રૂપ થઇને, મહારાજ, જ્યમ હું છલ પાડી તેં આજ,
ત્યમ તારી સ્ત્રીને કો ભૂપ, હરી જાજો થઇ તાપસ રૂપ."(૨૭)

શાપ આપ્યા બાદ પણ તેનું ઉદ્વિગ્ન મન શાંત બનતું નથી. પોતાના પાપે પોતાનો સ્વામી ચોક્કસપણે મૃત્યુને પામશે તો એના પહેલાં હું મારો દેહ છોડી દઉં એવું વિચારી તે બળી મરવા તૈયાર થાય છે. ફરી શાપિત વચનો ઉચ્ચારતી અગ્નિને શરણે જાય છે. આવી સતી સાધ્વી સ્ત્રીના મૃત્યુથી ખુદ વિષ્ણુ પણ વ્યથિત બન્યા છે. વૃંદાથી મોહિત બનેલા ભગવાન વિષ્ણુ વૃંદાની ભસ્મનું લેપન કરી વૃંદાના અગ્નિ પ્રવેશ સ્થળે જ તાપસ રૂપે રહી જાય છે. કથાના અંતે ધાત્રી, માલતી અને તુલસીનાં બીજ - છોડના સંદર્ભે વૃન્દા તુલસીરૂપે વિષ્ણુને પ્રિય છે નો જે ઉલ્લેખ મળે છે તે વૃંદાના પાત્રને એક નવું જ પરિમાણ બક્ષે છે.

આમ, વૃન્દાનું પાત્ર જાલંધરની શીલવાન પત્ની તરીકે, સાચા અર્થમાં તેની અર્ધાંગિની રૂપે ઉપસી આવ્યું છે. ભારતીય આર્યનારીની પરંપરામાં સતી વૃન્દાનો ઉલ્લેખ કરવો જ પડે એ રીતે

ભાલણે અહીં વૃન્દાનું પાત્ર ચિત્રણ કર્યું છે. વૃન્દાના પાત્ર પાસે દેવોના પાત્ર પણ ઝાંખાં પડે છે. ભાલણની પાત્રાલેખન કળાનો ઉત્તમ અંશ વૃન્દાના પાત્ર રૂપે પ્રગટ્યો છે એમ કહી શકાય.

**(૨) લક્ષ્મી :**

'જાલંધર આખ્યાન'માં દૈવી પાત્રોમાંનું એક સ્ત્રી પાત્ર લક્ષ્મી તેના પૈરાણિક ગૌરવ સાથે રજૂ થયું છે. દૈવી તત્વોમાં માનવભાવોનું આરોપણ કરવામાં ભાલણ સફળ રહ્યા છે. લક્ષ્મી સાગરપુત્રી છે. જાલંધર સાગરપુત્ર હોવાના નાતે તેનો ભાઇ છે. વિના કારણ પોતાના ભાઇ સાથે યુધ્ધ કરવા જતા પતિને તે રોકી તો શકતી નથી પણ એક બહેનની વ્યથા તેને પતિ પાસે વચન માગવા મજબૂર કરે છે ત્યારે દૈવી પાત્રની લાચારી તો વ્યક્ત થાય છે, પરંતુ ભાઇ - બહેનના નિર્મળ પ્રેમને વ્યક્ત કરતી તેની વાણીથી એ લાચારી ઢંકાઇ જાય છે અને ભાઇ તરફનો પ્રેમ લક્ષ્મીના પાત્રને ગૌરવ અપાવી જાય છે. વીર જાલંધર સાથે લડવા જતા પતિને લક્ષ્મી કહે છે,

"યુધ્ધ કરતાં દયા કરજો, મ હણશો મુજ વીર"(૨૮)

ને 'તારા બાંધવનો વધ નહિ કરૂ' એવું પ્રેમાળ પતિનું વચન સાંભળી લક્ષ્મીએ 'હાશ' અનુભવી હશે. લક્ષ્મી સાથે વચનથી બંધાયેલા વિષ્ણુ એટલે તો જાલંધરનો વધ કરી શકતા નથી એટલું જ નહિ પરંતુ જાલંધરની વીરતાથી પ્રસન્ન થઇ તેને વરદાન માગવાનું કહેતા જાલંધરના કહેવાથી વિષ્ણુ સાગર નિવાસ સ્વીકારે છે. પત્નીને આપેલા વચનને વફાદાર રહી સંસાર માટે લાંછન રૂપ પરિસ્થિતિને તે સ્વીકારી લે છે એ પ્રસંગમાં વિષ્ણુના પાત્ર સાથે લક્ષ્મીના પાત્રને પણ ગૌરવ મળે છે.

આમ,'જાલંધર આખ્યાન'માંનું લક્ષ્મીજીનું પાત્ર વિષ્ણુ પત્ની કે દૈવી પાત્ર કરતાં પ્રેમાળ ભગિનીના સ્વરૂપે વધુ નિખાર પામ્યું છે.

## ૪:૧ 'જાલંધર આખ્યાન'માં રસ નિરૂપણ :

'જાલંધર આખ્યાન'નું કથાબીજ ગર્વિષ્ઠ ઇન્દ્રની યુધ્ધલાલસા છે, તેથી સ્વાભાવિક જ આ આખ્યાનનો મુખ્ય રસ વીરરસ છે. એ સિવાય યુધ્ધને પોષક રૌદ્ર, બીભત્સ, ભયાનક રસનું પણ અત્ર તત્ર નિરૂપણ થયેલું જોઇ શકાય છે. 'જાલંધર આખ્યાન'નું વસ્તુ પૌરાણિક છે. પાત્રો પૌરાણિક છે. દેવો - દાનવોની માયાવી શક્તિઓના નિરૂપણમાં અદ્‌ભુતરસનું અદ્‌ભુત વર્ણન જોઇ શકાય છે. મધ્યકાલીન ભક્તિ પરંપરાના આખ્યાનો મુખ્યત્વે ભક્તિના શાંતરસમાં નિર્વહણ પામે છે એ પરંપરાને પણ અહીં ભાલણ અનુસરે છે. આમ, આખ્યાનનો મુખ્ય રસ વીર હોવા સાથે ગૌણ રસ તરીકે રૌદ્ર,

બીભત્સ, ભયાનક, અદ્ભુત, શૃંગાર, હાસ્ય અને શાંત રસનું અનોખું સંમિશ્રણ 'જાલંધર આખ્યાન' માં જોવા મળે છે. આપણે ક્રમશઃ એનો રસાસ્વાદ માણીએ.

## ❖ વીરરસ :

'જાલંધર આખ્યાન'ના તમામ દૈવી પાત્રો પૌરાણિક સંદર્ભે વીર પાત્રો છે. 'જાલંધર આખ્યાન'નું મુખ્ય પાત્ર જાલંધર પોતે દાનવવીર છે. ઇન્દ્રના ગર્વના ખંડનાર્થે શિવના ક્રોધમાંથી જાલંધરનો જન્મ થાય છે. એ પછી ક્રમશઃ કથામાં આવતા યુધ્ધોમાં કવિ કુશળતાપૂર્વક વીરરસનું આલેખન કરે છે. મોટા થતા જતા વીર જાલંધરનું વર્ણન કરતાં કવિ લખે છે,

'વડવાનળ મન કંપીઓ, થઇ રહ્યો શીતળ કાય,
જાણીએ વનનો કેસરી ! કોનો ભય નહિ લગાર'.(૨૯)

ધડવિહીન રાહુને જોઇને ક્રોધિત બનેલો જાલંધર ગુરુને વીરતાભરી વાણીમાં પૂછે છે,

'સ્વામી શિર એનું કોણ છેદ્યું ? કિહાં હવો સંગ્રામ ?
કિયો દેવ શત્રુ એનો ? કેહ્રું તેનો ઠામ.'(૩૦)

એવી જ રીતે એક વીરને છાજે એવી રીતે દૂત દ્વારા દેવોને સંદેશ મોકલતાં કહેવડાવે છે;

'અપરાધપાખે પિતા માહારો કાં વીલા'ઓ સાધ ?
વળી રત્ન જે રાખી રહ્યા, એ બે મોટા અપરાધ.
તે વેગે કરીને મોકલો, નહિતર કરો સંગ્રામ,
ઠામ છંડાવું તો સહી, જોજો મારૂ કામ.'(૩૧)

કડવાં - ૯ માં જાલંધરની યુધ્ધની તૈયારી અને ચઢાઇનું વર્ણન ખૂબ જ લાઘવયુક્ત છતાં વીરરસસભર બનવા પામ્યું છે. પરાક્રમી જાલંધરની વીરતાથી ડરી જઇ.........

'ઇન્દ્ર ભાગ્યો, દેવ નાઠા, છાંડીઆ રણઠામ,
જાલંધરે તો સ્વર્ગ લીધું, શુંભ થાપ્યો રાજય.'(૩૨)

વળી કડવા - ૧૦ માં વિષ્ણુ જાલંધરના યુધ્ધમાં સરખે સરખા સમર્થ વીરોના સંગ્રામ વર્ણનમાં વીરરસનું સુંદર નિરૂપણ જોવા મળે છે.

'કાલનેમિ જે મહાબળીઓ, ધનુષ્ય લીધું હાથ,
તે સમોવડ યુધ્ધ કરે સમરથ વૈકુંઠ નાથ.
રાહુ સંઘાતે રવિ શશી કરે મહાસંગ્રામ,
બૃહસ્પતિ ને શુક્ર બેહુએ વઢે તેણે ઠામ.'(૩૩)

એ યુધ્ધમાં પણ પોતાનાં પરાક્રમ અને શુક્રાચાર્યના મંત્ર વડે જાલંધર દેવો પર વિજય મેળવે છે.

'ઈન્દ્ર નાઠા, વરૂણ નાઠા, નાઠા બ્રહ્મા ઈશ,
વાયુ વહ્નિ કુબેર નાઠા, પાડતા અતિ ચીસ.'(૩૪)

કલહપ્રિય નારદ જાલંધરને દેવોએ કરેલી જાલંધર વધ યોજનાની વાત કરવા જાય છે ત્યારે જરાય ભયભીત બન્યા વગર જાલંધર શિવ સાથે પણ લડી લેવા ઉત્સુક બને છે અને નારદને એ માટે ઉપાય બતાવવા કહે છે,

'કાંઈ એક મુજને કહો ઉપાય, જયમ શંભુશું ઝઘડો થાય.
રત્ન કંઈ એને ઘેર હોય, વેગે કરી મંગાવું સોય.
મંગાવ્યા મોકલશે નહિ, આફણીચે યુધ્ધ થાશે સહી.
ત્રણ ભુવન જીત્યા મેં, સ્વામ, હવે શિવને છંડાવું ઠામ'.(૩૫)

જાલંધરની વીરતા પાસે દેવો ઝાંખા પડે છે. શંકરને પડકાર ફેંકતા કહે છે,

'શુંભુ, કા પલટાણી મત્ય ! પાપી તારૂં આવ્યું મૃત્ય.
તો હું સાગર સુત બળ સાર, જો હું લેઉં શંકરની નાર,
ત્યાં લગે ગર્વ છે નાથ, જ્યાં માહારા નથી દીઠા નાથ.'(૩૬)

અને પછી ફરી દેવો દાનવો વચ્ચે યુધ્ધ મંડાય છે. ભગવાન શિવ અને જાલંધર વચ્ચેના યુધ્ધના પ્રસંગમાં ભાલણે બેઉ સમોવડિયાની વીરતાને બીરદાવતાં વીરરસનું નિરૂપણ કર્યું છે.

'મહાદેવ મારે, કોઈ ન વારે, ત્રાસ પામે અસુર રે,(૩૭)

બ્રહ્મા - વિષ્ણુ - મહેશના વરદાનથી મહાપરાક્રમી જાલંધર અજેય રહે છે, પરંતુ એની વીરતાથી હેરાન પરેશાન થયેલા દેવો 'જાલંધર વધ'ની યોજના કરે છે, એ મુજબ બધા જ દેવોનું તેજ એકઠું કરી તેમાંથી સુદર્શન ચક્રનું નિર્માણ કરી જાલંધરનો વધ કરે છે.

'ચક્ર લેઈ પશુપતિએ મેહેલ્યુ મન આણી રીસ,

પવન વેગે જઇ છેધ્યું જાલંધરનું શીશ.'(૩૮)

આમ, જાલંધર જેવો મહાપરાક્રમી યોધ્ધો અંતે વીરગતિને પામે છે. ટૂંકમાં, વીર જાલંધરના અન્યો સાથેના યુધ્ધમાં વીરરસનું નિરૂપણ કરી ભાલણે પ્રસંગોને જીવંતતા બક્ષી છે.

## ❖ અદ્‌ભુતરસ :

'જાલંધર આખ્યાન' પૌરાણિક કથાવસ્તુ પર આધારિત છે. તેનાં પાત્રો પૌરાણિક છે. દાનવોની માયાવી શક્તિઓ, દેવોની દૈવી શક્તિઓ, તેમના દ્વારા થતાં ચમત્કારો, વરદાનો અને અલૌકિક કાર્યો જેવાં કે, રૂપ પરિવર્તન, કૃત્યાનું ઉત્પન્ન થવું વગેરેમાં અદ્‌ભુતરસનું નિરૂપણ થયેલુ જોવા મળે છે. માનવીય દષ્ટિએ અશક્ય જણાતી ઘટનાઓમાં અદ્‌ભુતરસનું નિરૂપણ મધ્યકાલીન પ્રજાના માનસને શ્રધ્ધાન્વિત કરવામાં મહત્તમ ફાળો આપે છે. 'જાલંધર આખ્યાન'ના જે જે પ્રસંગોને ભાલણ અદ્‌ભુતરસથી રસે છે તેના થોડાંક દષ્ટાંતો નીચે મુજબ છે.

સૌ પ્રથમ જાલંધરનો જન્મ જ શિવના ક્રોધમાંથી અલૌકિક રીતે થાય છે. જાલંધરના અવાજથી ભયભીત બનેલા દેવો બ્રહ્માને એનું રહસ્ય જાણવા સમુદ્ર તટે મોકલે છે ત્યારે સમુદ્ર દેહધારણ કરી રત્નો વડે બ્રહ્માનું સ્વાગત કરે છે, તે દશ્ય પણ ભાવકો માટે અલૌકિક હોવા સાથે અદ્‌ભુત બની રહે છે.

કડવા - ૭ ના આરંભે ધડવિહીન રાહુનું જાલંધરની સામે આવવું અને તેના ધડવિહીનપણાના કારણરૂપ શુક્રાચાર્યના મુખે કહેવાયેલી આખી સમુદ્રમંથનની ક્થામાં અદ્‌ભુતરસનું નિરૂપણ થયેલું છે. મંદરાચલનો રવૈયો ને વાસુકી નાગનું દોરડું કરી સમુદ્રનું મંથન કરવામાં આવે, એમાંથી ચૌદ રત્નો નીકળે, હરિ મોહિની રૂપ ધારણ કરી દૈત્યોને મોહ પમાડી, છેતરી, દેવોને અમૃત પાઇ દે. આ સમગ્ર કથાનક અદ્‌ભૂતરસે રસેલું છે.

વિષ્ણું-જાલંધર યુધ્ધ વેળા કાલનેમિ, નમુચિ વગેરે દેવો વડે હણાયેલા દૈત્યોને શુક્રાચાર્ય સંજીવની મંત્ર વડે સજીવન કરે છે ત્યારે દેવોના કહેવાથી દેવોના ગુરૂ બૃહસ્પતિ દ્રોણપર્વતના શિખર પરથી સંજીવની ઔષધિ લઇ મૃત દેવોને સજીવન કરે છે. આ બંને ઘટનાઓનું નિરૂપણ અદ્‌ભૂતરસનો અનુભવ કરાવે છે.

જાલંધર વધ માટે દેવો દ્વારા કરવામાં આવતી યોજના અન્વયે સુદર્શન ચક્રનું નિર્માણ પણ દેવો દ્વારા થતા અલૌકિક કૃત્યોમાંનું એક કૃત્ય છે. બધા જ દેવોનું તેજ લઇ તેજસ્વી ચક્રનું સર્જન કરવામાં આવે છે. ભાલણના શબ્દોમાં એ અદ્‌ભુત ઘટનાનું વર્ણન જોઇએ,

" તેજ બ્રહ્મા હરિહર તણું, ઇન્દ્રાદિકનું મેહેલ્યું ઘણું,
થયું એકઠું ચાલી જવાળ, દશે દિશ વ્યાપી તત્કાળ."

******

"સ્વેદ ઉપન્યો જે શરીર, ચંદ્ર બાંધીઉ તે લેઇ નીર."(૩૯)

જાલંધર દ્વારા રાહુને દૂત તરીકે કૈલાસ પર્વત પર મોકલી શિવ પાસે પાર્વતીની માગણી કરવામાં આવે છે ત્યારે શિવના ભૃકુટિમધ્યમાંથી એક યોધ્ધો પ્રગટે છે, એ પ્રસંગ, રૌદ્ર સાથે અદ્‌ભુતને નિરૂપે છે. એ પછી જાલંધર દ્વારા માયાવી શક્તિથી થતાં રૂપ પરિવર્તનો અદ્‌ભુતરસનાં સુંદર દૃષ્ટાંતો છે.

"માયાએ કરીને ધરીયું શિવ સ્વરૂપ ભૂપાળજી,
દુર્વારણને તો નન્દી કીધો, લીધો હરનો વેષજી."(૪૦)

પ્રથમ કપટલીલામાં નિષ્ફળ ગયેલો જાલંધર ફરી પ્રપંચ રચે છે.

'બીજી માયા રચીને આવ્યો, જ્યાં રણમાંહે ત્રિપુરાર જી,
કરી કારમી એક પાર્વતી, કરમાંહે તે ઝાલી જી.'(૪૧)

જાલંધરના હાથમાં સપડાયેલી માયારૂપ પાર્વતીનું શિવ સમક્ષ આ દશામાંથી છોડાવવા થતું આક્રંદ, પાર્વતીની આ દશાથી ઘડીભર ભ્રમિત બનેલા શિવનું રુદન, ત્રિશૂળ પર પડતાં પાર્વતીના થતાં મૃત્યુને નિહાળી શિવની મૂર્છિત દશા તથા આસુરી માયાથી સાવચેત રહેવા બ્રહ્માના થતા સૂચન વગેરે તમામ પ્રસંગો અદ્‌ભુતરસના ઉત્તમ દૃષ્ટાંતો છે.

શિવ-જાલંધર યુધ્ધમાં શિવના ક્રોધના ભોગથી મૃત્યુ પામેલા દાનવોને શુક્રાચાર્યે જીવિત કર્યા છે જાણી શુક્રાચાર્ય પર શંભુ અતિ ક્રોધિત બને છે અને કૃત્યાને ઉત્પન્ન કરે છે એ પ્રસંગ એકી સાથે અદ્‌ભુત, રૌદ્ર, ભયાનક, કરુણ રસનું વહન કરે છે.

"શુક્ર ઉપરે શંભુજીને ચઢીઓ અતિ ક્રોધ રે.
જટા ત્રોડી ઉંપાઇ કૃત્યા ભયંકર એક નાર રે.

શુક્રને ગ્રેહેવા ધસી ત્યારે થયો હાહાકાર રે.
તાડ જંઘાએ ગ્રહી ભૃગુ રાખ્યા ભગમાં ગૂઢ રે.
રાક્ષસ ભક્ષ કીધા ઘણા જે મહા બળીઆ પ્રૃઢ રે.''(૪૨)

આ પ્રકારના પ્રસંગ વર્ણનમાં કવિ ભાલણની શક્તિ ખીલી ઉઠે છે. એકી સાથે અનેક રસોનું વહન દરેક પ્રકારના અને દરેક કક્ષાના ભાવકોને ઈચ્છિત રસનો આસ્વાદ કરાવી રસ તરબોળ કરે છે.

દાનવ પ્રપંચલીલા આદરે તો દેવો કાંઇ હાથ જોડીને બેસી રહે ! હવે પ્રપંચ વડે દૈવીશક્તિથી માયા રચવાનો વારો આવ્યો દેવોનો. ભગવાન વિષ્ણુ તાપસરૂપ ધરી વૃંદાનું શીલભંગ કરે છે એ પ્રસંગના લગભગ ચારેક કડવામાં મુખ્યત્વે અદ્‌ભુતરસનું નિરૂપણ થયેલું જોવા મળે છે. છેલ્લે વૃંદાના અગ્નિપ્રવેશ પછી મોહિત બનેલા વિષ્ણુ જે તાપસરૂપે વૃંદાની ભસ્મનું લેપન કરીને ત્યાં જ રહી ચૂકેલા વિષ્ણુનો શોક-સંતાપ ઓછો કરવા દેવોની વિનંતીથી દેવીનું પ્રગટ થવું, દેવી દ્વારા મળેલા ત્રણ બીજમાંથી ધાત્રી, માલતી અને તુલસીનું પ્રગટ થવું વગેરે પ્રસંગોમાં પણ અદ્‌ભુતરસનું સંયોજન થયેલું જોઇ શકાય છે.

''સ્તુતિ દેવની સાંભળી, દેવી આવ્યા આકાશ,
દેવની દ્દષ્ટે પડ્યું અત્યંત તેજ પ્રકાશ.
તેજ માંહેથો શબ્દ પ્રગટ્યો, 'સાંભળો, સુરસાથ,
હું છું ત્રિગુણાત્મિકા; ત્રણ બીજ આપું હાથ.''(૪૩)

******

''વૃંદા સ્થાનક જેણે બળી છે વાવીઆં લઇ તેહ.
ઉદય અંકુર પામીઆ, સહુ દેખતાં અતિ જેહ.
સાવિત્રીથી પ્રગટ થઇ, તેનું ધાત્રી અભિધાન.
લક્ષ્મીથી તો માલતી, અદ્‌ભૂત તેણે સ્થાન.
પાર્વતીથી ઉપની તુલસી જેનું નામ,
વિષ્ણુને આગળ ધરી; સંતોષ્યા હરિ સ્વામ.''(૪૪)

સમગ્રપણે અદ્‌ભુતરસનાં દ્દષ્ટાંતો જોતાં કહી શકાય કે, 'જાલંધર આખ્યાન'ના યુધ્ધ વર્ણનોમાં રહેલા વીરરસના નિરૂપણ કરતાંયે અદ્‌ભુતરસના નિરૂપણમાં ભાલણ વધુ સિધ્ધિ દાખવી

શક્યા છે. તેથી પ્રસ્તુત આખ્યાનના મુખ્ય રસ તરીકે વીર અને અદ્‌ભૂત બેઉને ગણવામાં આવે તો એ યથાર્થ રહેશે.

### ❖ રૌદ્રરસ :

કાવ્યશાસ્ત્રકાર, ‘‘ક્રોધિત થયેલી ઈન્દ્રિયોની પ્રબળતાને રૌદ્રરસ કહે છે’’. રોષાવેશનું પ્રાગટ્ય એટલે રૌદ્રરસ. ‘જાલંધર આખ્યાન’માં યુધ્ધ સંગ્રામની કથા કેન્દ્રસ્થાને છે. સૌ પ્રથમ જાલંધરનું ઈન્દ્ર સાથે યુધ્ધ થાય છે. એ પછી ભગવાન વિષ્ણુ અને જાલંધરનું યુધ્ધ થાય છે અને આખરી અને નિર્ણાયક યુધ્ધ જાલંધર ભગવાન શિવ સાથે લડે છે. સમગ્ર કથાનકના મૂળમાં ઈન્દ્રની યુધ્ધ લાલસા છે. એ રીતે વીરરસ આખ્યાનમાં સર્વત્ર છવાયો છે તો વીરના અનુગામી રસ તરીકે રૌદ્રરસનું નિરૂપણ થયેલું છે.

શત્રુ સામે વેરભાવથી પ્રેરાઈ લડાઈ કરવી, શત્રુનો નાશ કરવો, આ સૌ માટે પહેલા ક્રોધ-કોપનું ઉત્પન્ન થવું આવશ્યક બની રહે છે. એ કારણે જ ‘જાલંધર આખ્યાન’માં અનેક પ્રસંગોએ ‘રૌદ્રરસ’ નિષ્પન્ન થતો જોવા મળે છે.

‘જાલંધર આખ્યાન’ના આરંભે પ્રબળ યુદ્ધેચ્છાથી ઈન્દ્ર ભગવાન શિવને પ્રસન્ન ક્રી પોતા સમાન મહા બળવાન યોધ્ધાની માંગણી કરે છે ત્યારે ઈન્દ્રના ગર્વથી ક્રોધિત થયેલા ભગવાન શિવનું રુદ્રરૂપ ભયાનક સાથે રૌદ્રરસને જન્માવે છે.

‘‘નીલવટથી તત્ક્ષણ શંભુને ક્રૂર ઉપન્યો જોધ.
રકત નેત્ર, અતિ કૃષ્ણવર્ણ ને મુખ મોટું વિકરાળ;
પ્રૌઢ શરીર ને મહા ભયંકર જાણીએ કૃતાંત કાળ!’’[૪૫]

રત્નો લેવા ઈન્દ્ર પાસે દુર્વારણ નામના દૂતને મોકલેલો તે ખાલી હાથે પરત આવી ઈન્દ્રનો પડકારરૂપ સંદેશો સંભળાવે છે ત્યારે દાનવરાજ જાલંધર અત્યંત ક્રોધે ભરાઈ ઈન્દ્ર પર ચઢાઈ કરે છે.

‘‘વચન દૂતના સાંભળીને, જાલંધરને થયો ક્રોધ.
રકત લોચન ક્રૂર મુખ તેડીઓ મંત્રી ખેવ.
સેના સઘળી સજ ક્રો રે વેગે અવશ્યમેવ.’’[૪૬]

દેવોના ગુરુ બૃહસ્પતિ દ્રોણ શિખર પરથી સંજીવની ઔષધિ લાવી દેવોને સજીવન કરે છે. એ જાણી ક્રોધે ભરાયેલા જાલંધરે 'દ્રોણગિરિ લઇ બોળીઓ તત્ક્ષણ ઉદધિ મધ્ય'માં રૌદ્રરસનું નિરૂપણ થયેલું જોઇ શકાય છે.

જાલંધર દ્વારા સતી પાર્વતીજીની શિવ પાસે થયેલી માંગણીથી સતી મહાદેવને કહે છે;

'એવા સેવક શે કીજે, સ્વામ, જે અમ ઉપર ઘાલે હામ?'(૪૭)

ત્યારે એ વચનથી ઉશ્કેરાયેલા ભગવાન શિવ ફરી રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે.

'વચને શિવને વશીઓ ક્રોધ; પ્રગટ્યો એક ભૂમધ્યથી યોધ.''(૪૮)

રાહુની એ યોધ્ધા દ્વારા થતી હાલતથી અત્યંત કોપાયમાન થયેલો જાલંધર બોલી ઉઠે છે;

''શંભુ કા પલટાણી મત્ય ! પાપી તારૂ આવ્યુ મૃત્ય.
તો હું સાગરસુત બળ સાર, જો હું લેઉ શંકરની નાર.''(૪૯)

કૃત્યાના ઉત્પન્ન થવાની ઘટનામાં રૌદ્ર ઉપરાંત ભયાનક, અદ્‌ભુત અને શુક્રની અવદશાથી કરુણરસ પણ નિષ્પન્ન થતો જોઇ શકાય છે. કૃત્યાનો જન્મ પણ શિવના ક્રોધમાંથી જ થાય છે જે શુક્રાચાર્યની અવગતિનું નિમિત્ત તો બને છે ઉપરાંત અનેક રાક્ષસોનું ભક્ષણ પણ કરે છે.

એ સિવાય શુધ્ધ શીલવંતી સતી વૃંદા તાપસવેશ રૂપ ધારી વિષ્ણુની ઓળખ પામી, તેના દ્વારા શીલભંગ થવાની જાણ થતાં જ તેનો ક્રોધ વિષ્ણુને શાપિત બનાવે છે.

'તાપસરૂપ થઇનિ મહારાજ, જયમ હું છલ પાડી તેં આજ;
ત્યમ તારી સ્ત્રીને કો ભૂપ, હરી જાજો થઇ તાપસ રૂપ.''(૫૦)

******

''વળી ક્રોધે કહે સુંદરી, સાંભળ શાપ દઉં, શ્રી હરિ
પ્રાણ રહિત મસ્તક યથા દે ધરાવ્યું મુજ સર્વથા;
તે માટે તું સારંગપાણ, પૂજાજે થઇને પાષાણ.''(૫૧)

વૃંદાના આ રોષાવેશયુક્ત વચનો રૌદ્રરસ નિષ્પન્ન કરે છે.

## ❖ ભયાનક અને બીભત્સરસ :

ભય ઉપજાવે તેવા પ્રસંગના કથનમાં કે વર્ણનમાં ભયાનક રસ વહે છે. તો જુગુપ્સા ઉત્પન્ન કરતા પ્રસંગના કથન વર્ણનથી બિભત્સ રસ નિપજે છે. અગાઉ અનેકવાર નોંધ્યું છે એ મુજબ

'જાલંધર આખ્યાન'માં યુધ્ધ વર્ણનની કથા મુખ્ય છે. યુધ્ધના કાર્યો, કારણો અને પરિણામો હંમેશા ભયંકર હોય છે. હકીકતમાં યુધ્ધ સંગ્રામ જ વીર, રૌદ્ર, ભયાનક કે બીભત્સ રસની ગંગોત્રી છે. વીરોના ક્રોધિત રૂપ અને સંહાર કર્મ પણ ભયંકર જ હોય છે. અતઃ વીર, રૌદ્ર, ભયાનક કે બીભત્સ રસ પાસપાસે કે એકબીજામાં ભળી ગયેલા પણ ક્યારેક જોઇ શકાય છે.

'જાલંધર આખ્યાન'માં રાહુનું ધડવિહીનપણું ભય સાથે જુગુપ્સા જન્માવી જાય છે. જાલંધરે ધારણ કરેલ માયાવી શિવ સ્વરૂપે બંને હાથમાં બંને પુત્રોના મસ્તક ઝાલ્યા છે એવું વર્ણન બીભત્સરસને પોષક નીવડે છે. એ સિવાય શિવજીની જટામાંથી ઉત્પન્ન થયેલ મહાભયંકર કૃત્યા શુક્રને પકડી પોતાની જંઘામાં છૂપાવી દે છે એ વર્ણન ભયાનક છે,

" જટા ત્રોડી ઉપાઇ કૃત્યા ભયંકર એક નાર રે,
શુક્રને ગ્રેહેવા ધસી ત્યારે થયો હાહાકાર રે.
તાડ જંઘાયે ગ્રહી ભૃગુ રાખ્યા ભગમાં ગૂઢ રે,
રાક્ષસ ભક્ષ કીધાં ઘણા જે મહાબળીઆ પ્રુઢ રે."(૫૨)

યુધ્ધના વર્ણન છતાં, દારુણ યુધ્ધનાં ભયાનક, બીભત્સ કે હૃદયદ્રાવક દશ્યોને ભાલણ પ્રયોજતાં નથી. ઉપર્યુક્ત બે ત્રણ પ્રસંગોમાં ભયાનક સાથે બીભત્સનું કવિ આલેખન કરે છે.

## ❖ શૃંગારરસ :

યુધ્ધની કથામાં શૃંગારને બહુ મહત્ત્વ ન હોય એ સ્વાભાવિક છે. છતાં આછા શૃંગારનું આલેખન કરવાનું કવિ ચૂકતા નથી. સંયોગ શૃંગારનું અહીં નિરૂપણ નથી, પરંતુ વિરહી વૃંદાના કલ્પાંતમાં વિપ્રલંભ શૃંગારનું નિરૂપણ કવિ સચોટ રીતે કરે છે. 'જાલંધર આખ્યાન'માં મળતાં આવા વિપ્રલંભ શૃંગારના થોડાં દષ્ટાંતો જોઇએ.

'મંદિર બેઠી ભામિની, વિરહ જગાવ્યો અતિ કામિની
ચંદન, ચંદ્ર, કુસુમ તન દહે, મલયાચલ પવન નવ સહે.'(૫૩)

******

"વાગે મદનતણા મુજ બાણ, તેણે ધ્રુજે માહારા પ્રાણ,
નાથ વિના જે રજની જાય, તે શું લેખામાંહી ગણાય ?"(૫૪)

વૃંદાના અગ્નિ પ્રવેશ પછી વિષ્ણુની વિરહદશા પણ વિપ્રલંભ શૃંગારને પ્રગટ કરે છે,

"તેણે વિરહે દેવમોરાર, તાપસ થઇ રહ્યાં તેણે ઠાર.
ચિતા ભસ્મનું લેપન કરે, વૃંન્દા કેરૂ ધ્યાન જ ધરે.
સ્થિર થઈ રહ્યા તેણે ઠામ, જ્યાં છે વૃંદાનું સ્મશાન.
તપ કરે બેઠા એકાંત, મનમાંહે નહિ ત્યાં શાંત.
હરિને વિરહ લાગ્યો અતિ ઘણો, કામિની કેરા રૂપ જ તણો."(૫૫)

માયાવી જાલંધર શિવસ્વરૂપ ધારણ કરી પાર્વતી પાસે આવી આલિંગનની માગણી કરે છે અને દેવી પાર્વતી આ પ્રપંચને જાણી પોતાનું સ્વરૂપ ધારણ કરાવી કૃત્યાને જાલંધર પાસે મોકલે છે એ પ્રસંગે કૃત્યાનું વર્ણન-વર્તન શૃંગારરસ નિષ્પન્ન કરે છે.

"ગંગા પાસે ગઇ તે કામિનિ રચવાને પરપંચજી,
પરઠ કરીને કૃત્યા કેરૂં રૂપ ઉપાયું સંચ જી.
પાર્વતીપેં અતિ સુંદર, કરતી ભાવ કટાક્ષ જી,
અંગ મોડતી આગળ આવી, જયમ મને દે ત્યાં સાક્ષ જી."(૫૬)

******

"પાપીએ આવી દીઠી પ્રમદા, સાહયો તેનો હાથ જી,
આલિંગન લેતા પાપીને થયો વીર્યનો સ્ત્રાવ જી."(૫૭)

******

"અંગ ગમે નહિ મુજ શણગાર, કુસુમસેજ લાગે અંગાર
એક ઘડી યુગ સરખી જાય, જે મુજ વહાલા વિણ તો જાય."

આ ઉપરાંત વિષ્ણુની માયાથી જાલંધરના મસ્તકને જોઇ તેને મૃત્યુ પામેલો માની વૃંદાએ જે કલ્પાંત કર્યું છે તેમાં પણ વિપ્રલંભ શૃંગાર નિરૂપાયો છે.

## ❖ કરુણરસ :

'જાલંધર આખ્યાન'માં કરુણની છાંટ અનેક પ્રસંગે વર્તાય છે. કડવા-૧૪ માં માયાવી પાર્વતીના આક્રંદમાં કરુણનું નિરૂપણ છે. તો લાચાર પાર્વતીના આક્રંદે અસ્વસ્થ થતા ભગવાન શિવની દશા પણ કરુણાજનક છે. એ જ માયાવી પાર્વતીના મૃત્યુથી મોહિત, ભ્રમિત થયેલા ભગવાન શિવના મૂર્ચ્છિત થવાના પ્રસંગો સુધી આ કરુણ કથા લંબાય છે, પરંતુ ભાવકો જાણે છે કે આ જાલંધરે

રચેલી માયાવી સૃષ્ટિ છે, તેથી એ કરુણતાં પણ આભાસી નિવડે છે. ખરો કરૂણરસ જાલંધર વિરહે વ્યથિત થતી અને ત્યારબાદ વિષ્ણુની માયાથી મોહિત થયેલી વૃંદા પતિના મસ્તકને જોઇને જે કરુણ કલ્પાંત માંડે છે એ ભાવકોના હૃદયને વ્યથિત કરી મૂકે છે. કડવા-૧૮ ની શરૂઆતની વીસેક પંક્તિઓ કરુણરસથી ભરી ભરી છે.

"સુખની પેલા દુઃખ તો આવ્યું, પાપ તણો નહિ પાર જી.
પિયુ પડ્યા, મુને મર્ણ ન આવ્યું તો શેની સાધ્વી નાર જી ?" (૫૯)

થી માંડીનેઃ

"ક્ષણ એકમાં અકાજ થયા રે તમ વિણ મુજ શણગાર જી,
હવે, તાપસજી, તમે કરોને વેગે મારી વાહાર જી."(૬૦)

આ ઉપરાંત કૃત્યાએ શુક્રાચાર્યને પકડીને ગૂઢ ભાગમાં સંતાડી રાખ્યા એ પ્રસંગ રૌદ્ર, ભયાનક, અદ્‌ભુત હોવા સાથે કરુણરસનો દ્યોતક પણ બને છે. શુક્રાચાર્ય જેવા ગુરુની તથા કૃત્યાના થતી આવી અધોગતિ શુક્રાચાર્યના પાત્રની કરુણાજનક સ્થિતિને પ્રગટ કરે છે. આમ, 'જાલંધર આખ્યાન'માં વૃંદા અને શુક્રાચાર્યના પાત્રની કરુણ સ્થિતિ કરુણરસ નિષ્પન્ન કરે છે.

### ❖ હાસ્યરસ :

'જાલંધર આખ્યાન'માં વીર, અદ્‌ભુત, રૌદ્ર કેન્દ્રસ્થાને છે. તેથી બીજા રસ માટે ઓછો અવકાશ મળે છે, પરંતુ કવિ ભાલણ કેટલાક પ્રસંગોનું નિરૂપણ એ રીતે કરે છે કે તેમાંથી હાસ્યરસ નિષ્પન્ન થાય છે. કરુણમાં ઉલ્લેખ કરેલ કૃત્યા અને શુક્રાચાર્યના પ્રસંગમાં ઋષિની દુર્ગતિમાં કરુણ સાથે જ કૃત્યાના કાર્યથી અદ્‌ભુત સાથે હાસ્ય જોવા મળે છે.

'જાલંધર આખ્યાન'ના આરંભે બાળક જાલંધરનું બ્રહ્માની દાઢીના વાળને સખત રીતે ઝાલવું અચરજ સાથે મર્માળુ હાસ્ય પ્રગટાવી જાય છે. કડવાં ૯ માં વિષ્ણુ- લક્ષ્મીજી મધુરો સહવાસ માણતા બેઠા છે ત્યાં દેવોને પોતાની પાસે આવતા જોઇ વિષ્ણુ લક્ષ્મીજીને કહે છે કે, 'તારા ભાઇથી હેરાન-પરેશાન થયેલા દેવો દોડ્યા આવે છે.' ત્યાં વિષ્ણુની મીઠી મશ્કરી પણ આછું સ્મિત ફરકાવી જાય છે.

"દેવ આવતાં જાણીઆ, હરિ કહે લક્ષ્મીને વાત;
અમર નાઠા આવે છે તે પીડીઆ તારે ભ્રાત."(૬૧)

ભગવાન શિવ બ્રહ્માને અને વિષ્ણુને પૂછે છે કે, ''તમે જાલંધરને શા માટે ન હણ્યો ?'' તેના પ્રત્યુત્તરમાં વિષ્ણુએ આપેલો ઉત્તર હાસ્યરસનું સુંદર દૃષ્ટાંત છે. 'હરિને કહે, તમે શે ન હણ્યો ? ભય લક્ષ્મીનો મન ગણ્યો ?'

''એણિ પેરે બોલ્યા શ્રી દેવેશ,
'ઘરમાંહે કો ઘાલે' કલેશ ?''

દેવોનું માનવસહજ વર્તન આછી રમૂજ પ્રસરાવી જાય છે. હાસ્યરસનું ઉત્તમ ઉદાહરણ કડવા-૧૨ માં મળે છે. શિવજી પાસે પાર્વતીરૂપી રત્ન છે તે પોતાની પાસે મોકલાવી દેવા જાલંધર રાહુને દૂત તરીકે કૈલાસ મોકલી શિવને જે સંદેશ કહેવડાવે છે તેમાં જાલંધરની શિવ-પાર્વતીને જોવાની દૃષ્ટિ હાસ્યરસ નિષ્પન્ન કરે છે.

''જા'ગી ઘેર પદ્મિની કશી, મુજ મનમાં વિમાસણ વશી !
તેને જોઈએ સર્વ સંજોગ, તારે સાધવો સઘળો યોગ.
તેને ભોજન ખટ રસ સાર, તારે નગર ભિક્ષાનો આહાર.
તેને સોહે પુષ્પ વિમાન, તારે નિંદ્રા કરવી સ્મશાન.
પાર્વતીને ચંદનલેપ, તારે ભસ્મ તણો આક્ષેપ.
તેને મુક્તાફળની માળ, તારે કંઠ રૂંઢનો હાર.
ઉમયાને ઉત્તમ પટકૂળ, તારે તો હસ્તિની ખોળ.
તેને મોકલ મુજ આવાસ, ઘરડી જોગણ રાખી પાસ.''(૬૨)

'ઘરડી જોગણ રાખી પાસ' એવા દૂતનાં વચન સાંભળી 'પિયુ સામું જોઈ ઉમયા હસ્યા'' આ આખું'યે કથન વર્ણન નિર્દોષ અને સ્વચ્છ હાસ્યનું ઉત્તમ દૃષ્ટાંત બની રહે છે.

## ❖ શાંતરસ :

મધ્યકાલનું લગભગ તમામ પદ્ય સાહિત્ય ધર્મના રંગે રંગાયેલું છે. તેથી આખ્યાનનો વિષય ગમે તે હોય, એના કેન્દ્રમાં કોઈપણ એક કે વધારે રસ કેન્દ્ર સ્થાને હોયથ પરંતુ કથાનું નિર્વહણ હંમેશા ધર્મના શાંતરરસમાં જ થાય છે એ પરંપરા મધ્યકાલીન તમામ કવિઓએ જાળવી છે. એ મુજબ અહીં ભાલણ પણ કથાનો અંત ધર્મના શાંતરસમાં આણે છે.

'જાલંધર આખ્યાન'માં જાલંધરના જન્મ-મૃત્યુની વચ્ચે જે કોઇ ઘટનાઓ ઘટે છે તે જુદા જુદા રસને વહાવવામાં સહાયભુત બને છે. પરંતુ કથાને અંતે કવિનો આશય તુલસી માહાત્મ્ય રજૂ કરવાનો જણાય છે. તેથી તુલસી માહાત્મ્યની સાથે લોકો સાથે જોડાયેલી પરંપરાગત માન્યતાઓના ઉલ્લેખથી ભક્તિનો શાંતરસ પ્રગટે છે. ભગવાન વિષ્ણુના મુખે કવિ આ શ્રધ્ધાન્વિત વચનો મૂકી ભાવકને શાંતરસમાં તરબોળ કરી મૂકે છે,

"દેવ સહુકો સાંભળો, ભગવંત કહે વચન,
'મુને તો વહાલું ઘણું છે. એહ વૃંદાવન.
સદા હું અહીંયા રહું વાસે, તજુ નહિ ક્ષણ માત્ર,
જે પ્રાણી અહીં આવશે, તેના પાવન થાશે ગાત્ર.
વૃંદાએ જે રાખીયું અતુલ શીલ અપાર,
તે માટે તો નામ એનું તુલશી હશે સાર.
જે વન તુલસી વાવશે, તેને વૈકુંઠ વાસ.
સદા હું રહું સહી તુલસી વનને પાસ.
વૃંદાની છાયાએ બેસી શ્રાધ્ધ સારે જેહ,
પૂર્વજ તેના મુક્તિ પામે, તેમાં નહિ સંદેહ.
મર્ણકાળે મહાપાપી પામે તુલસી પાન;
વૈકુંઠ તે આવે સહી ચઢી દિવ્ય વિમાન.
મંદિર હોએ જેહને તુલસીવન વિશાળ,
યમ જોઇ નવ શકે તેના ઘર શું લગાર.
કોટિ પૂજા પુષ્પની, એક તુલસી પત્ર ,
સમતોલ તો આવે નહિ, સહી જાણજો અત્ર.
તુલસી કેરૂં પત્ર લેઇને અલ્પ આપે દાન,
કોટિ ઘણું તે ફળ પામે અશ્વમેઘ સમાન."[૬૩]

આખ્યાનની ફલશ્રુતિમાં પણ કવિની શ્રધ્ધાના રણકાર સાથે ભક્તિના શાંતરસનો અનુભવ થાય છે,

"આખ્યાન જે કો સાંભળે નર ને વળી નાર
વૈકુંઠ સર્વ આવશે નિશ્ચે તે નિર્ધાર."[૬૪]

## ૫:૧ 'જાલંધર આખ્યાન'માં વર્ણનો :

'મધ્યકાલીન કવિ ભાલણ એ આખ્યાનનો પિતા ગણાય છે. આખ્યાનનું સ્વરૂપ ભાલણના હાથે ઘડાય છે. છતાં ઉત્કૃષ્ટ કહી શકાય એવાં આખ્યાનો આપણને ભાલણ પાસેથી મળ્યાં નથી. મધ્યકાલીન આખ્યાનનું લોકો સમક્ષ, સાભિનય કથાગાન થતું, તેથી ઉત્કૃષ્ટ આખ્યાન માટે કથાવસ્તુ કે ઉત્તમ પાત્રો કરતા જીવંત વર્ણનોનું વિશેષ મહત્ત્વ રહેતું. કવિની વર્ણનકળા અને રસનિરૂપણ કળા જેટલી ઉત્તમ એટલું ઉત્કૃષ્ટ આખ્યાન બને. ભાલણના 'જાલંધર આખ્યાન'માં આવાં વર્ણનોની ખોટ વર્તાય છે. અહીં નથી ઉત્તમ યુધ્ધ વર્ણનો કે નથી ઉત્તમ પાત્ર, પ્રસંગ કે સ્થળ વર્ણનો. છતાં જાલંધર કે વિષ્ણુના માયાવી સ્વરૂપ અને પ્રસંગ વર્ણનમાં કવિ પોતાની પ્રતિભાના મૌલિક ચમકારા બતાવી શક્યા છે. આવાં જે સુંદર વર્ણનો 'જાલંધર આખ્યાન'માં મળે છે, તે પાત્ર, પ્રસંગ અને સ્થળ વર્ણનના ક્રમે જાણવાનો પ્રયત્ન ક્રીએ. આ દૃષ્ટાંતોમાં ભાલણની વર્ણનકલાની શક્તિનો પરિચય મળી રહે છે.

### ❖ પાત્ર વર્ણન :

પાત્ર વર્ણન પાત્રોના આંતર બાહ્ય વ્યક્તિત્વને પ્રગટ કરે છે. જ્યારે જ્યારે કવિને તક મળી છે ત્યારે કવિએ પાત્રોના આંતર બાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતાં ટૂંકાં, ચિત્રાત્મક અને જીવંત વર્ણનો પ્રયોજીને પોતાની વર્ણનકલાનો પરિચય કરાવ્યો છે. 'જાલંધર આખ્યાન'માં શિવના ક્રોધમાંથી ઉત્પન્ન થયેલા મહાભયંકર રાક્ષસથી માંડી બાળક જાલંધર, વૃંદા, પાર્વતી, જાલંધરનું માયાવી શિવ સ્વરૂપ, વિષ્ણુનું તાપસરૂપ તેમજ કૃત્યા સહિતનાં પાત્રોનું યથોચિત વર્ણન કવિએ આપ્યું છે.

ઈન્દ્રના ગર્વિષ્ઠ વચનોથી ક્રોધિત થયેલા ભગવાન શિવ દ્વારા ઉત્પન્ન થયેલા રાક્ષસનું વર્ણન કેવું લાઘવયુક્ત છતાં જીવંત બનવા પામ્યું છે,

"રકત નેત્ર, અતિ કૃષ્ણ વર્ણ ને મુખ મોટું વિકરાળ;
પ્રૌઢ શરીર ને મહાભયંકર, જાણીએ કૃતાંત કાળ !"[૬૫]

એ રાક્ષસ શિવના ક્હેવાથી સાગર કિનારે બાળક સ્વરૂપે પ્રગટ થાય છે ત્યારે દિવસે દિવસે મોટા થતાં એ બાળક જાલંધરના વર્ણનમાં તેના પરાક્રમી વ્યક્તિત્વ સાથે તેનું રાક્ષસીપણું પણ પ્રગટ થાય છે. દિવસે દિવસે મોટો થતો જાલંધર,

"ક્રીડા અર્ણવમાંહે કરે, ઉલટ અંગ ન માય.
અરો પરો ફાળે રમે, ત્યારે કાંપે ગ્રાહ માંહે નીર.
પ્રાણીમાત્ર ધ્રુજે ઘણું તેનું જોઇ શરીર.
પંખીને પરભવતો હીંડે, સર્વ જીવ નાસી જાય.
વડવાનળ મન કંપીઓ, થઇ રહ્યો શીતળ કાય.
જાણીએ વનનો કેસરી ! કોનો ભય નહિં લગાર."(૬૬)

જાલંધરના મુખે મુકાયેલી પંક્તિઓ જાલંધરની નિર્ભિકતાનું, વીરતાનું દર્શન કરાવી જાય છે.

"ભય કોનો નથી લગાર, મુજ તોલે કો નહિ સંસાર.
ત્રણ લોકમાં બીહું નહિ સત્યારથ તો જાણો સહિ.
કોઇ એક મુજને કહો ઉપાય, જયમ શંભુ શું ઝઘડો થાય.
રત્ન કંઇ એને ઘેર હોય, વેગે કરી મંગાવું સોય.
મંગાવ્યા મોકલશે નહિં, આફણીએ યુધ્ધ થાશે સહી.
ત્રણ ભુવન જીત્યા મેં, સ્વામ; હવે શિવને છંડાવુ ઠામ."(૬૭)

વૃંદાના પાત્ર વર્ણનમાં કવિએ તેના બાહ્ય સૌન્દર્ય માટે માત્ર 'સુંદર' શબ્દ પ્રયોગ કરી તેની આંતરિક સમૃધ્ધિનું ઉમદા વર્ણન કર્યું છે.

"ક્રોચગણને પુત્રી સુંદર, વૃંદા જેનું નામ,
ભયભીત થઇને, જાલંધરને દીધું કન્યાદાન.
સતી શિરોમણી સાધ્વી, તેનું ન ચળે મન;
વૃંદા જો ત્યાં છળ પડે તો પામે રાય પતન."(૬૮)

પતિપરાયણ 'સતી શિરોમણી સાધ્વી' વૃંદાના પ્રતાપે જ જાલંધર 'અજેય' છે. માટે જ જાલંધરને પરાસ્ત કરવા, તેનો વધ કરવા ખુદ વિષ્ણુએ વૃંદા સાથે કપટલીલા આચરવી પડે છે. ત્યાં વિષ્ણુના પાત્ર કરતા વૃંદાના પાત્રની આંતર સમૃદ્ધિ વિશેષ ધ્યાનાકર્ષક બને છે.

નારદજીના મુખે થયેલું શિવનું વર્ણન જીવંત અને વાસ્તવિક બનવા પામ્યું છે.

''ભસ્મ અડાડે, રહે સ્મશાન, દિગ્વાસ, વૃષભાસન જાણ;
કોટે રૂંઢતણી તો માળ; બેરખે બાંધ્યા બહુ વ્યાલ;
ભિક્ષ્ય ભોજન; સાથે ભૂત; એહ સજાઇ છે અદ્ભૂત.''(૬૯)

તો એજ નારદના મુખે ત્યારપછી તરત જ પાર્વતીજીનું પણ એવું જ સુંદર વર્ણન કરવામાં આવ્યું છે.

''પાર્વતી સુંદર કામિની, ચૌદલોક ભૂષણ ભામિની,
નવ દીઠી, નથી સાંભળી; કોણે તે નવ જાએ કળી !
વળી વળી શું કહીએ કથી ? દેવ દાનવમાં કો' નથી!''(૭૦)

જાલંધર માયાવી શિવનું રૂપ ધારણ કરે છે તેમાં પરાજિત થયેલાં, હતાશ થયેલાં શિવનું આબેહૂબ વર્ણન કવિ કરે છે.

''દુર્વારણને તો નંદી કીધો, લીધો હરનો વેશ જી.
બાણ વાગ્યાં, ગાત્ર ભાંગ્યા, રૂધિર વહે નિર્દેશ જી.
વૃષભ ત્રૂટ્યો , અંગ વછૂટ્યો, તેને પણ છે પ્રહાર જી.
બે મસ્તક હાથે સાહ્યાં પુત્ર તણે આકાર જી.
નયણે આંસુ પાડતાં ફાંસુ, ચાલી ગયો કૈલાસ જી.
દુઃખડું ધરતો, માયા કરતો ગયો હર તણે આવાસ જી.''(૭૧)

આ પ્રકારના શિવના જીવંત વર્ણનથી ખુદ પાર્વતીજી પણ ડઘાઇ જઇ મૂર્છિત બને છે. એ જ રીતે જાલંધરે રચેલી કપટલીલાના ભાગરૂપે માયાવી પાર્વતીનું કવિએ કરેલું વર્ણન વાસ્તવિક બનવા પામ્યું છે. કોઇના રાક્ષસી પંજામાં સપડાયેલી લાચાર સ્ત્રીની દશાનો ચિતાર એ વર્ણનમાંથી મળે છે.

''કરી કારમી એક પાર્વતી, કરમાંહે તે ઝાલી જી.
રૂદન કરતી લેઇને રામા, શિવ સામો ગયો ચાલી જી.
મહાદેવજી, મુને મુકાવો, પીડે છે પાપિષ્ઠ જી.
કુંઅર ક્યાં ગયા રે મારા, અતિશે વાહાલા ઈષ્ટ જી ?
પિયુજી, મેહેલી ગયા એકલડી, પાપી આવ્યો ઘેર જી.
કૂડ કરી મુને લેઇ આવ્યો; મન રાખ્યું શી પેર જી ?

પ્રાણ વલ્લભ મેં કયમ રહેવાએ રાક્ષસ કેરે હાથ જી ?

કૃપા કરી મુને મુકાવો, વેગે માહારા નાથ જી.''(૭૨)

માયાવી વિષ્ણુ દ્વારા જાલંધરના મસ્તકને વૃંદા સામે લાવવાનું કપટ આચરવામાં આવે છે ત્યારે વૃંદાએ કરેલા કલ્પાંતમાં પતિ તરફનો ઉત્કટ પ્રેમ દ્દષ્ટિગોચર થાય છે. તો સાથે સાથે પતિએ કરેલી ભૂલો તરફ અંગૂલિ નિર્દેશ કરી, પતિએ કરેલી ભૂલોનું પ્રાયશ્ચિત્ત કરી, આ બધા માટે પોતે તો જવાબદાર નથી ? પોતે તો સ્વપ્નમાં પણ અન્ય પુરુષને સેવ્યો નથી ? તો પતિની આ દશા કેમ ? વૃંદાના આ પ્રકારના વિરહી દશાના વર્ણનમાં, તેના કલ્પાંતના વર્ણનમાં 'સતી શિરોમણી સાધ્વી'નું કવિએ આપેલું બિરુદ યથાર્થ ઠરે છે.

''સુખની પેલાં દુઃખ તો આવ્યું, પાપ તણો નહિ પાર જી,
પિયુ પડ્યા, મુને મર્ણ ન આવ્યું, તો શેની સાધ્વી નાર જી ?
પિયુડા મારા એમ કાં પોઢ્યા ? ઉતર દ્યો એક વાર જી.
અબળા ઉપર રીસ શી એવડી, તેનો કહો વિસ્તાર જી.
મુખ કમલ કાં કરમાણું, જે તેજ તણો અંબાર જી ?
મારે કોય તે છે નહિ તમ વિના આધાર જી ?
આણ તમારા ચર્ણ કમળની, જો જીવું લગાર જી.
જો બોલો નહિ, મારા વાહાલા, તો પેસું વન્હિમોઝાર જી.
વહાલા, પહેલું કૂડું કીધું, જે દૂભવ્યા ત્રિપુરાર જી.
પછે બીજો વરાંસો પડીઓ - પાર્વતી શું વિકાર જી.
માતા પિતાને સ્થાન તમારે તે શું શો વ્યભિચાર જી ?
જેવું સરજ્યું હોએ તેવું થાએ તો નિર્ધાર જી.
શું કરૂં મારે હૈડે મેહેલ્યો, વિરહ તણો અંગાર જી ?
હું તો સ્વપ્નમાંહે નથી ચૂકી મન માંહે લગાર જી;
તો શા માટે વહાલા, તમને રણ માંહે થઈ હાર જી ?
શુક્રાચાર્ય ક્યાં ગયા, જે જીવાડે આ વાર જી ?
દીન ધામણી હું થઈ છું, તમો કરો મારી સાર જી.
ક્ષણ એકમાં અકાજ થયાં રે તમ વિણ મુજશણગાર જી.''(૭૩)

આમ, પાત્રોના આંતરબાહ્ય વ્યક્તિત્વને સાંગોપાંગ ઉપસાવતા પાત્રવર્ણનો ભાલણની સિધ્ધિ બની રહે છે.

### ❖ સ્થળ વર્ણન :

'જાલંધર આખ્યાન'માં સ્થળ વર્ણન માત્ર એક જ જગ્યાએ કડવાં-૬ માં મળે છે. જાલંધરની પિતા સમુદ્ર પાસે જાલંધરપુરની માંગણી બાદ પિતા મયદાનવને તેડાવી 'શત જોજન વિસ્તીર્ણ' એવા 'જાલંધરપુર'નું નિર્માણ કરાવે છે. આ 'જાલંધરપુર'નું ભાલણે કરેલું વર્ણન સ્થળ વર્ણનનું ઉત્તમ દ્દષ્ટાંત બની રહે છે. એ વર્ણન વાંચતા ભાવકના ચિત્તમાં તે તાદ્દશ્ય થાય છે. જાણે ઈન્દ્રની ઈન્દ્રપુરીને પણ ઝાંખી પાડી દે તેવી 'જાલંધરપુર' નગરીનું વૈભવશાળી વર્ણન ભાલણની વર્ણનકલાને સુપેરે વ્યક્ત કરે છે.

''વિવિધ પ્રકારે રચના કીધી - હાટ શાળા વિશાળ;
ચતુષ્પંથ સોહામણાને સભા બહુ, ભૂપાળ;
હર્મ્ય ઊંચા માળીયા, રત્નમય ચિત્રામ;
સ્થંભ વૈડૂર્થ મણિતણાં, ને સુંદર મનોહર ધામ;
ઉંબર મરક્ત મણિતણાં, ને રજતમય કપાટ;
પદ્મરાગ ને સ્ફટિક મણિનાં, રચ્યાં છે બહુ હાટ;
ધજા પતાકા ફરહરે, તોરણ દ્વારોદ્વાર;
શેરી અતિ સોહામણી, મંદિર કેરી હાર;
ઉદ્યાનવાડી અતિઘણી, વાપી સરોવર રમ્ય;
રચના કીધી અભિનવી, તે દેવને અગમ્ય.
મંદિર સુંદર કોટિ છાસઠ, રચના નાના પ્રકાર.
મર્યાદા શી બોલીએ, જે રચના તેણે ઠાર.''(૭૪)

### ❖ પ્રસંગ વર્ણન :

ભાલણના 'જાલંધર આખ્યાન'નાં શ્રેષ્ઠ વર્ણનો એ પ્રસંગ વર્ણનો છે. 'જાલંધર આખ્યાન' મુખ્યત્વે યુધ્ધના કથાનકને નિરૂપે છે. તેથી યુધ્ધવર્ણનો એ 'જાલંધર આખ્યાન'નું જમાપાસું છે. લાઘવયુક્ત છતાં ચિત્રાત્મક યુધ્ધવર્ણનો દ્વારા મધ્યકાલીન યુધ્ધ પરંપરા અને રણમેદાનના નિયમોથી ભાવકો માહિતગાર થાય છે એટલું જ નહિ પણ યુધ્ધ વર્ણનો ભાવકોને વીરરસમાં તરબોળ કરે છે.

‘જાલંધર આખ્યાન’માં જાલંધરના દેવો સાથેના ત્રણ યુધ્ધ નિરૂપાયાં છે. જેમાં ક્રમશઃ યુધ્ધની ભયંકરતા સાથે જાલંધરવધ સુધી કથા વિસ્તરે છે. એ યુધ્ધ વર્ણનોનું નિરૂપણ ભાલણની વર્ણનકલાની સિધ્ધિ દર્શાવી જાય છે. આપણે અહીં પ્રથમ એકથી ત્રણ યુધ્ધોનું વર્ણન ક્રમશઃ જોઈએ. ત્યારબાદ બીજા ઉત્તમ પ્રસંગ વર્ણનોની દ્દષ્ટાંત સહિત ચર્ચા કરીશું.

**પ્રથમ યુધ્ધ વર્ણન :**

“ચતુરંગિણી સેના મળી, ગડગડતાં નિશાણ.
અસુર બહુ ત્યાં સાંચરે; ‘જય જય’ બોલે વાણ.
અશ્વ, ગજ, રથ, ઊંટ, ઘણા ત્યાં પાળાનો નહિ પાર.
ધજા ફરેકે, શેષ સળકે, હસ્તિ કરે ચિત્કાર.
અસુર બોલે, પર્વત ડોલે, તોલે નહિ તે કોય.
શંખ વાજે, ગગન ગાજે, કોલાહલ ત્યાં હોય.
રવિ છાયો રેણ ઉડ્યે; ભાસ નહિં દિનરાત.”(૭૫)

ઈન્દ્ર જાલંધર વચ્ચે ભયાનક સંગ્રામ મંડાય છે. એને કવિ ‘હુઓ અતિ સંગ્રામ’ એમ ટૂંકમાં જ પતાવી, ઈન્દ્રાદિ દેવો રણમેદાન છોડી ભાગી જાય છે. એ પછી વિષ્ણુને શરણે ગયેલા દેવો વિષ્ણુ સાથે ફરી રણમેદાનમાં આવે છે અને જાલંધર-વિષ્ણુ વચ્ચે યુધ્ધ સંગ્રામ મંડાય છે. સરખે સરખા બાહુબળીયા યોધ્ધાઓ વચ્ચે આ યુધ્ધ ખેલાય છે એનું વર્ણન જુઓ,

“અસૂર દલ તે અતિ ઘણું, સામસામા થયા બેહુ;
યોધ્ધેયોધ્ધા વરી લીધા માંહોમાંહે તેહ.
કાલનેમિ જે મહાબળીઓ ધનુષ્ય લીધું હાથ,
તે સમોવડ યુધ્ધ કરે સમરથ વૈકુંઠ નાથ.
રાહુ સંઘાતે રવિ - શશી કરે મહા સંગ્રામ.
બૃહસ્પતિને શુક્ર બેહુએ વઢે તેણે ઠામ.
વિશ્વદેવા યુધ્ધ કરે જંભક અતિશે શૂર.
વક્રચિત ને વરૂણ બેહુ વઢે છે અતિ ક્રૂર.
પૌલોમી ને પવન બેહુ શંભુ ને ત્રિપુરાર.
નમુચિ ને ઈન્દ્ર વઢે; માંહો માંહે કરે પ્રહાર.”(૭૬)

ને એ યુધ્ધમાં જાલંધર વિષ્ણુ પાસે વરદાન માગી લક્ષ્મી સહિત સમુદ્ર નિવાસ સ્વીકારવા વિષ્ણુને મજબૂર કરે છે. ત્યારબાદ ત્રીજો અને અંતિમ સંગ્રામ શિવ અને જાલંધર વચ્ચે મંડાય છે. શંભુ દૈત્યોની સેના ભણી આવે છે ત્યારે કાર્તિકના સેનાપતિપદ નીચે યુધ્ધ શરૂ થાય છે.

"સ્વામી કાર્તિક પહેલો ચઢ્યો, આગળ સેનાપતિ સુત વડો.
મૂષકે ચઢ્યા સાથે ગણનાથ, ઘંટા ફરશી ધરીઆં હાથ.
ધનદ ભંડારી મહાવીર; માંહોમાંહે મળ્યા છે ધીર.
શંભુ ગ્રહી રહ્યા ત્રિશૂળ, છેદન કરવા રાક્ષસમૂળ.
સૈન્ય સૈન્ય સમોવડ ભડે, એક એકના યોધ્ધા પડે,
માંહોમાંહે મેહેલે પ્રહાર, રૂધિર તણી અંગ ચાલે ધાર."(૭૭)

શંકરને પરાસ્ત કરી શકાશે નહિ તે જાણી જાલંધર પોતાની માયાવી શક્તિ વડે શિવ અને પાર્વતીને છળવાનો પ્રયત્ન કરે છે જે નિષ્ફળ જાય છે, અને ફરી સંગ્રામ શરૂ થાય છે.

"વૃષભ ચઢીને હર સાંચરે, અતિ મંડાણો સંગ્રામ રે.
ત્રિશૂળ પ્રહારે પાડીઆ રે, બહુ યોધ તેણે ઠામ રે.
હોકાર ગાજે, વૃષભ રાજે, વાજે અતિ રણતૂર રે.
મહાદેવ મારે, કોઇ ન વારે, ત્રાસ પામે અસૂર રે.
બાણ વરસે, વીર તરસે, રૂધિર કર્દમ થાય રે.
ચામુંડા ચલે, જોધ ઝાલે, વિડારીને ખાય રે."(૭૮)

અને અંતે,

"ચક્ર લેઇ પશુપતિએ મેહેલ્યું મન આણી રીસ,
પવન વેગે જઇ છેદ્યું જાલંધરનું શીશ."(૭૯)

આમ, આ ત્રણેય યુધ્ધ વર્ણનો નિહાળતા કહી શકાય કે ભાલણના યુધ્ધ વર્ણનો શબ્દચિત્રરૂપ બની રહે છે. પૌરાણિક કથાનક છતાં યુધ્ધ વર્ણન મધ્યકાલીન સમયના યુધ્ધોને, શસ્ત્રસરંજામને નિરૂપે છે. જે શસ્ત્રોનો ઉલ્લેખ છે એમાંના મહદ્અંશે મધ્યકાલીન શસ્ત્રો છે. (ભગવાન શિવના ત્રિશૂળને કે સુદર્શન ચક્રને બાદ કરતાં) આમ, યુધ્ધવર્ણનો યુધ્ધનાં દ્રશ્યને કે રણમેદાનને તાદ્રશ્ય કરે છે, જે ભાલણની વર્ણનકલાની સિધ્ધિ દર્શાવી જાય છે.

એ સિવાય ભાલણની વર્ણનકલાની સિધ્ધિના ઉન્મેષ બીજા અનેક પ્રસંગ વર્ણનમાં પણ જોવા મળે છે જેના થોડાં દ્દષ્ટાંતો જોઇએ. સૌ પ્રથમ ઇન્દ્ર શિવને પ્રસન્ન કરી આપ સમાન યોધ્ધો યુધ્ધ માટે આપવા વરદાન મેળવવા જાય છે ત્યારે 'ગિરિ કૈલાસ' પર બેઠેલા શંભુ, તેની સભા અને તેની સમક્ષ ઇન્દ્રના ગણો, ગંધર્વો જે નાટારંભ કરે છે તેનું વર્ણન મનઃચક્ષુ સમક્ષ એ દશ્યને તાદશ્ય કરે છે.

"શંભુ સભા પૂરીને બેઠા; ગિરિજા નાખે વાય.
નન્દી ભૃંગી છત્ર ધેરને ધનપતિ સેવે પાય,
ગણપતિ, સ્વામી કાર્તિ કુંઅર પાસે સુંદર જોડ.
સેવક જન તે સ્તુતિ કરે છે આગળ ઉભા ક્રોડ.
સૂરપતિ આવી શીશ નામ્યું, માંડ્યો નાટારંભ.
કરી શૃંગાર અપ્સરા નાચે - મુખ રહી ત્યાં રંભ.
કિન્નર સ્વરે ગાન કરે છે, તાલભેદ બહુ તાન.
વિણા, મૃદંગ, ખંજરી વાજે, સૂરપતિ કરે ગાન."(૮૦)

સમુદ્રમંથનની કથા શુક્રના મુખે કહેવાઇ છે તેનું વર્ણન કવિએ ખૂબ ટૂંકમાં કર્યું છે. રસ સ્થાનને પારખી જે તે પ્રસંગનું વિગતે વર્ણન કરવામાં આવે તો તે કવિની સિધ્ધિમાં ચાર ચાંદ લગાવી જાય છે. અહીં ભાલણ સમુદ્રમંથનની કથા કે હરિના મોહિનીરૂપની કથાને વિસ્તારીને મૂકી શક્યા હોત, પરંતુ તેમ નહીં કરતાં દસબાર પંક્તિમાં એ વર્ણનને સમેટી લે છે. છતાં સમુદ્રમંથનની કથાના આ વર્ણનથી કથાને વેગ મળે છે અને એ આખ્યાન માટે ઉપકારક નીવડે છે. રાહુના ધડવિહીનપણાની વાત કરતાં આડકથા રૂપે સમુદ્રમંથનની કથા આવી છે માટે પણ કદાચ કવિએ એને વિસ્તાર્યું નહીં હોય. ટૂંકું છતાં ઉલ્લેખનીય એવું સમુદ્રમંથન પ્રસંગનું વર્ણન ભાવકોની રસવૃતિને પરિતૃપ્ત કરનારું તો નિવડે જ છે.

"મંદરાચલનો કર્યો રવૈયો, નેતરે વાસુકિ નાગ;
દૈત્ય સઘળા વાહીયા તે પહેલો ન પરઠ્યો ભાગ.
ચૌદ રત્ન જે નીસર્યાં, તેમાં અમૃત કુંભ અનુપ.
દૈત્યને મોહ પમાડવાને હરિએ ધર્યું મોહિનીરૂપ.
સુરા આપ્યો અસુરને, વિકળ કીધા ખેવ.
સુધા પીવા કારણે બેસારીઆ સર્વ દેવ.

ત્યારે ભેદ રાહુ પ્રીછીઓ મન આણી બુધ્ધ.
કપટરૂપે આવીને બેઠો ચન્દ્ર સૂર્યને મધ્ય.
પાતા પાતા આવીઆ ભગવંત તેણે સ્થાન.
રાહે મુખ વીકાસીઉં, આપીચું શ્રી ભગવાન.
રવિ શશીએ હરિ સામું જોયું, કીધી તક્ષણ સાન;
એટલે સિંહિકાસુતનું થયું. ગોવિંદજીને જ્ઞાન.
ચક્ર સમરીને મેલીઉં, છેદીચું શીશ તેણિવાર.''[૮૧]

જાલંધરને મારવા કરેલા ઉપાયમાં દેવો બધા ભેગા મળી પોતપોતાના તેજનો અંશ લઇ એક ચક્રનું નિર્માણ કરે છે એ પ્રસંગનું વર્ણન ભાવકોના વિસ્મયને પોષે છે.

''તેજ બ્રહ્મા હરિ હર તણું, ઇન્દ્રાદિકનું મેહેલ્યું ઘણું.
થયું એકઠું ચાલી જવાળ, દશે દિશ વ્યાપી તત્કાળ.
તે દેખી પામ્યા આનંદ, અતિશે નાચે શ્રી ગોવિંદ.
સ્વેદ ઉપન્યો જે શરીર, ચક્ર બાંધીઉં તે લેઇ નીર.
તે કર લીધું ઉમચાનાથ; લેઇ મહેલ્યું બ્રહ્માને હાથ.
ધાતાનું કૂર્ચ પરજળ્યું, તેજે કમળાસન તો બળ્યું.
હસીઆ હરિ સુરસંઘાત, ધાતાએ વિમાસી વાત.
પાછું શંભુ કેરે પાણ, બ્રહ્માએ આપ્યું નિર્વાણ.
ત્યારે સહુ મળી ઉચરે, 'એણે ચક્રે પાપી મરે.' ''[૮૨]

રૌદ્ર, ભયાનક, અદ્ભુત, કરુણ એકી સાથે એક કરતાં વધારે રસને નિષ્પન્ન કરતું કૃત્યા દ્વારા શુક્રાચાર્યને પોતાની જંઘામાં સંતાડી દેવાના પ્રસંગનું વર્ણન એવું ઉત્તમ બનવા પામ્યું છે કે ભાવકોના ચહેરા પર હાસ્ય પણ હૃદયને આંચકો - આઘાત આપી જાય છે.

''રૂદ્રે રીસે મારીઆ રણમાંહે જેહ રે,
શુક્રાચાર્યે જીવાડીઆ તેને તો તનખેવ રે.
જીવતા થયા નીરખીયા, મુઆ હુતા યોધ રે;
શુક્ર ઉપરે શંભુજીને ચઢીઓ અતિ ક્રોધ રે.
જટા ત્રોડી ઉપાઇ કૃત્યા ભયંકર એક નાર રે.

શુક્રને ગ્રેહેવા ધશી ત્યારે થયો હાહાકાર રે.

તાડજંઘાએ ગ્રહી ભૃગુ રાખ્યા ભગમાં ગૂઢ રે.

રાક્ષસ ભક્ષ કીધાં ઘણા, જે મહા બળીઆ પ્રૂઢ રે.''(૮૩)

ભાવિની આગાહીરૂપ વૃંદાને આવતા સ્વપ્ન પ્રસંગના વર્ણનમાં મધ્યકાલીન અપશુકનના ખ્યાલો દૃષ્ટિગોચર થાય છે.

''બ્રાહ્મ મુહુર્તે લાધ્યું સ્વપ્ન; વિમાસે છે નારી મન;

પાડે ચઢીયો નગ્ન સ્વરૂપ, તેલે નાહ્યો દીઠો ભૂપ,

કોટે જાસુ ક્રેરી માળ, દક્ષિણ દેશ ચાલ્યો તત્કાળ.

દેખિ વૃષ્ટિ વૈશ્વાનર તણી, પિયુ ચાલે છે યમપુર ભણી.

ઉદધિ માંહે બૂડે ગામ, શ્યામા ન દેખે રહેવા ઠામ.''(૮૪)

અંતે, જાલંધરવધ બાદ દાનવના ભયંકર ત્રાસથી મુક્ત થયેલા દેવો જે હર્ષિત બને છે તેનું વર્ણન ભાવકોને પણ હર્ષનો અનુભવ કરાવી જાય છે.

''અમર સર્વ આનંદ પામ્યા; 'જય જય' બોલે વાણ.

કુસુમ વૃષ્ટિ કરે શિવ ઉપર, સ્તુતિ કરે વારોવાર.''(૮૫)

******

''અમર સહુએ પામીઆ, મનમાંહે ઉલ્લાસ.

વાજીંત્ર વાજે દેવનાં, વર્તે જય જયકાર.

અપ્સરા નાચે, ગાંધર્વ ગાએ, ઉત્સવ હોએ અપાર.

નદી નિર્મળ વહેવા લાગી, શુભ વાયુ વાય.

પાવક તો અતિ પરજળે, આકાશ નિર્મળ થાય.''(૮૬)

આમ, ભાલણે પાત્ર, સ્થળ અને પ્રસંગ કે પરિસ્થિતિને અનુરૂપ યોજેલાં લાઘવયુક્ત અને ચિત્રાત્મક વર્ણનો તેમની વર્ણનકલાની સિધ્ધિનાં દર્શન કરાવી જાય છે.

## ૬:૧ પાત્રોના આંતર-બાહય વ્યક્તિત્વને ઉપસાવતા સંવાદો :

'જાલંધર આખ્યાન'માં યુધ્ધ પ્રધાન સ્થાને છે. વીરરસ તેનો મુખ્ય રસ છે, પરંતુ જ્યારે જ્યારે તક મળી છે ત્યારે ત્યારે કવિ ભાલણે પાત્રોના આંતર-બાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતા લાઘવયુક્ત

માર્મિક સંવાદો યોજીને પોતાની સંવાદકળાનો પરિચય કરાવ્યો છે. આખ્યાનને 'પ્રત્યક્ષીકરણની કલા' કહેવામાં આવે છે. સંવાદો વડે જ ભાવકો સાથે ભાવતંતુ સાધી શકાય એ મધ્યકાળનો કવિ જાણતો હશે. આથી જ આખ્યાનોમાં સંવાદોને નાટક જેટલું જ મહત્ત્વ આપવામાં આવતું.

કવિ ભાલણે પાત્રોના આંતરમનને, પાત્રોના સુખદુઃખાત્મક ભાવોને સંવાદો વડે વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. આખ્યાનના પ્રમુખ તેમજ ગૌણ પાત્રોની આંતરિક મનોવ્યથાને વ્યક્ત કરતા સૂચક અને લાઘવયુક્ત સંવાદોનો કલાત્મક વિનિયોગ પાત્ર અને પ્રસંગ વર્ણનને જીવંતતા બક્ષે છે.

જાલંધરનું પરાક્રમીપણું બ્રહ્મા અને સાગરના સંવાદમાંથી જાલંધરના જન્મતાં જ છતું થાય છે. જુઓઃ

"શા માટે અતિશે ગાજે છે ? તેણે સુર પામે ખેદ." (૮૭)

એવી બ્રહ્માની પૃચ્છાના જવાબમાં સાગરનો સંવાદ જુઓ :

"હું તો એવડું નથી ગાજતો, રૂદન કરે છે બાળ.
પુત્ર મારાને રૂદને કરીને, પડછંદો આકાશ;
તેણે શબ્દે ત્રણે લોકમાં ઊપન્યો અતિ ત્રાસ."(૮૮)

ધડવિહીન રાહુને જોઈને જ શુક્રને રાહુ વિશે પૃચ્છા કરતો જાલંધરનો સંવાદ વીરરસયુક્ત છે. જુઓઃ

"સ્વામી શિર એનું કોણે છેદ્યું ? કિહાં હવો સંગ્રામ ?
કિયો દેવ શત્રુ એનો ? ફેડું તેનો ઠામ."(૮૯)

જાલંધરથી ત્રસ્ત બનેલા દેવો વિષ્ણુને શરણે આવે છે ત્યારે લક્ષ્મીજી વિષ્ણુને યુધ્ધમાં જતાં રોકી શકતાં નથી, પરંતુ વિષ્ણુ પાસે વરદાન માગતા જે સંવાદ ઉચ્ચારે છે તેમાં વહાલસોયા ભાઈ અને પતિ વચ્ચે ભીંસાતી નારીની મનોવ્યથા પ્રગટ થાય છે. જુઓઃ

"વરદાન એટલું માગું છું તમ કને, શ્યામ શરીર,
યુધ્ધ કરતાં દયા કરજો, મ હણશો મુજ વીર."(૯૦)

ભગવાન વિષ્ણુને લક્ષ્મી સહિત પોતાના નગરમાં વાસ કરવાનું વરદાનરૂપે મેળવી જાલંધર હવે શિવ સાથે યુધ્ધ કરવા ઉત્સુક બન્યો છે ત્યારે નારદ સાથેના સંવાદમાં જાલંધરની એ ઉત્સુક્તા અને પરાક્રમીપણુ બંને પ્રગટ થાય છે. જુઓ.

"કાંઇ એક મુજને કહો ઉપાય, જયમ શુંભુ શું ઝગડો થાય.
રત્ન કંઇ એને ઘેર હોય, વેગે કરી મંગાવું સોય.
મંગાવ્યા મોકલશે નહિ. આફણીએ યુધ્ધ થાશે સહી.
ત્રણ ભુવન જીત્યા મેં, સ્વામ, હવે શિવને છંડાવું ઠામ."(૯૧)

આખ્યાનની કથામાં ગૌણરૂપે આવતા નારદના સંવાદ દ્વારા ભગવાન શિવ અને પાર્વતીના પાત્રની રેખાઓ કવિ આબેહૂબ ઉપસાવે છે એટલું જ નહિ, એ સંવાદો કથાને વળાંક આપવામાં ઉપકારક સાબિત થાય છે જેમ કેઃ

"પાર્વતી સુંદર કામિની, ચૌદ લોક ભૂષણ ભામિની.
નવદીઠી, નથી સાંભળી; કોણે તે નવ જાએ કળી !
વળી વળી શું કહીએ કથી ? દેવ દાનવમાં કો નથી !
તે મંગાવો વેગે કરી, નિશ્ચે નહિં આપે સુંદરી;
તેનું મિષ લેઇ યુધ્ધ જ કરો, શંકર કેરો ગર્વ જ હરો."(૯૨)

કહેવાની જરૂર ખરી કે ઉપર્યુક્ત સંવાદ દ્વારા નારદના આંતર વ્યક્તિત્વનો પરિચય પણ મળી રહે છે !

વૃંદાના સતીત્વને કારણે અજરામર રહેતા જાલંધરને મારવાના હેતુથી વિષ્ણુ છળ વડે વૃંદાના શીલનો ભંગ કરે છે ત્યારે પોતે કપટનો ભોગ બની હોવાનું જાણતી સતી વૃંદા પોતાનો પ્રાણ ત્યજવા તૈયાર થાય છે ત્યારની તેની કરુણ અને નાજુક પરિસ્થિતિને કવિએ બહુ જ કલાત્મક સંવાદ વડે વાચા આપી છે. જુઓ :

......."શીલવ્રત ભાંગ્યુ મુજ તણું
તેણે પાપે કરી નિર્ધાર, મરણ પામશે મુજ ભરથાર.
તો હું છેડું દેહ; ધિક ધિક જીવિતવ્ય એહ.
તે જીવ્યાપેં વારૂ મરણ; હવે હું જાઉં પાવક શરણ."(૯૩)

આમ, સ્વમાનભેર મોતને મીઠું કરતી વૃંદાના મુખમાં મૂકાયેલ આ સંવાદથી ભારતીય સંસ્કૃતિને ઉજળી કરી બતાવનાર ભારતીય સતી સન્નારીઓની યાદ તાજી થાય છે.

આમ, 'જાલંધર આખ્યાન'માં ભાલણે ઓછા, આછાં છતાં હૃદયસ્પર્શી, વેધક અને લાઘવયુક્ત સંવાદો પ્રયોજ્યા છે, જે પાત્રોના આંતર-બાહ્ય વ્યક્તિત્વનો પરિચય આપવા સાથે કથાને રસિક બનાવે છે.

## ❖ સંદર્ભ નોંધ :

(૧) સંપા. શ્રી રા. ચુ. મોદી, વિષ્ણુદાસ, ભાલણ અને શિવદાસ કૃત : 'જાલંધર આખ્યાન' કડવું-૬, પૃ.૧૧૩

(૨) એજન, કડવું-૬, પૃ. ૧૧૩

(૩) એજન, કડવું-૯, પૃ. ૧૧૮

(૪) એજન, કડવું-૧૧, પૃ. ૧૨૧

(૫) એજન, કડવું-૧૧, પૃ. ૧૨૧

(૬) એજન, કડવું-૧૨, પૃ. ૧૨૨

(૭) એજન, કડવું-૧૨, પૃ. ૧૨૪-૧૨૫

(૮) એજન, કડવું-૧૩, પૃ. ૧૨૭

(૯) એજન, કડવું-૧૩, પૃ. ૧૨૮

(૧૦) એજન, કડવું-૧૫, પૃ. ૧૩૧

(૧૧) એજન, કડવું-૧૬, પૃ. ૧૩૧-૧૩૨

(૧૨) એજન, કડવું-૧૬, પૃ. ૧૩૪

(૧૩) એજન, કડવું-૧૭, પૃ. ૧૩૫

(૧૪) એજન, કડવું-૧૮, પૃ. ૧૩૭

(૧૫) એજન, કડવું-૧૮, પૃ. ૧૩૮

(૧૬) એજન, કડવું-૧૯, પૃ. ૧૩૮

(૧૭) એજન, કડવું-૧૯, પૃ. ૧૩૯

(૧૮) એજન, કડવું-૧૯, પૃ. ૧૩૯

(૧૯) એજન, કડવું-૨૦, પૃ. ૧૪૧

(૨૦) એજન, કડવું-૨૧, પૃ. ૧૪૩

(૨૧) એજન, કડવું-૨૨, પૃ. ૧૪૩

(૨૨) એજન, કડવું-૨૨, પૃ. ૧૪૪

(૨૩) એજન, કડવું-૨૨, પૃ. ૧૪૫

(૨૪) એજન, કડવું-૧૨, પૃ. ૧૨૨

(૨૫) એજન, કડવું-૬, પૃ. ૧૧૩

(૨૬) એજન, કડવું-૧૬, પૃ. ૧૩૨

(૨૭) એજન, કડવું-૧૯, પૃ. ૧૩૮

(૨૮) એજન, કડવું-૯, પૃ. ૧૧૯

(૨૯) એજન, કડવું-૫, પૃ. ૧૧૨

(૩૦) એજન, કડવું-૭, પૃ. ૧૧૪

(૩૧) એજન, કડવું-૭, પૃ. ૧૧૬

(૩૨) એજન, કડવું-૯, પૃ. ૧૧૮

(૩૩) એજન, કડવું-૧૦, પૃ. ૧૧૯

(૩૪) એજન, કડવું-૧૦, પૃ. ૧૨૦

(૩૫) એજન, કડવું-૧૨, પૃ. ૧૨૩

(૩૬) એજન, કડવું-૧૨, પૃ. ૧૨૫

(૩૭) એજન, કડવું-૧૫, પૃ. ૧૩૦

(૩૮) એજન, કડવું-૨૦, પૃ. ૧૪૧

(૩૯) એજન, કડવું-૧૨, પૃ. ૧૨૨

(૪૦) એજન, કડવું-૧૩, પૃ. ૧૨૬

(૪૧) એજન, કડવું-૧૪, પૃ. ૧૨૮

(૪૨) એજન, કડવું-૧૫, પૃ. ૧૩૦

(૪૩) એજન, કડવું-૨૧, પૃ. ૧૪૩

(૪૪) એજન, કડવું-૨૨, પૃ. ૧૪૪

(૪૫) એજન, કડવું-૩, પૃ. ૧૦૯

(૪૬) એજન, કડવું-૯, પૃ. ૧૧૭-૧૧૮

(૪૭) એજન, કડવું-૧૨, પૃ. ૧૨૫

(૪૮) એજન, કડવું-૧૨, પૃ. ૧૨૫

(૪૯) એજન, કડવું-૧૨, પૃ. ૧૨૫

(૫૦) એજન, કડવું-૧૯, પૃ. ૧૩૮

(૫૧) એજન, કડવું-૧૯, પૃ. ૧૩૯

(૫૨) એજન, કડવું-૧૫, પૃ. ૧૩૦-૧૩૧

(૫૩) એજન, કડવું-૧૬, પૃ. ૧૩૧

(૫૪) એજન, કડવું-૧૬, પૃ. ૧૩૨

(૫૫) એજન, કડવું-૧૯, પૃ. ૧૪૦

(૫૬) એજન, કડવું-૧૩, પૃ. ૧૨૮

(૫૭) એજન, કડવું-૧૩, પૃ. ૧૨૮

(૫૮) એજન, કડવું-૧૬, પૃ. ૧૩૨

(૫૯) એજન, કડવું-૧૮, પૃ. ૧૩૬

(૬૦) એજન, કડવું-૧૮, પૃ. ૧૩૭

(૬૧) એજન, કડવું-૯, પૃ. ૧૧૮

(૬૨) એજન, કડવું-૧૨, પૃ. ૧૨૪-૧૨૫

(૬૩) એજન, કડવું-૨૨, પૃ. ૧૪૪-૧૪૫

(૬૪) એજન, કડવું-૨૨, પૃ. ૧૪૫

(૬૫) એજન, કડવું-૩, પૃ. ૧૦૯

(૬૬) એજન, કડવું-૫, પૃ. ૧૧૧-૧૧૨

(૬૭) એજન, કડવું-૧૨, પૃ. ૧૨૩

(૬૮) એજન, કડવું-૬, પૃ. ૧૧૩

(૬૯) એજન, કડવું-૧૨, પૃ. ૧૨૩

(૭૦) એજન, કડવું-૧૨, પૃ. ૧૨૪

(૭૧) એજન, કડવું-૧૩, પૃ. ૧૨૬-૧૨૭

(૭૨) એજન, કડવું-૧૪, પૃ. ૧૨૮-૧૨૯

(૭૩) એજન, કડવું-૧૮, પૃ. ૧૩૬-૧૩૭

(૭૪) એજન, કડવું-૬, પૃ. ૧૧૨-૧૧૩

(૭૫) એજન, કડવું-૯, પૃ. ૧૧૮

(૭૬) એજન, કડવું-૧૦, પૃ. ૧૧૯-૧૨૦

(૭૭) એજન, કડવું-૧૨, પૃ. ૧૨૬

(૭૮) એજન, કડવું-૧૫, પૃ. ૧૨૯-૧૩૦

(૭૯) એજન, કડવું-૨૦, પૃ. ૧૪૧

(૮૦) એજન, કડવું-૨, પૃ. ૧૦૮

(૮૧) એજન, કડવું-૭, પૃ. ૧૧૪-૧૧૫

(૮૨) એજન, કડવું-૧૨, પૃ. ૧૨૨-૧૨૩

(૮૩) એજન, કડવું-૧૫, પૃ. ૧૩૦-૧૩૧

(૮૪) એજન, કડવું-૧૫, પૃ. ૧૩૦-૧૩૧

(૮૫) એજન, કડવું-૨૦, પૃ. ૧૪૧

(૮૬) એજન, કડવું-૨૦, પૃ. ૧૪૧-૧૪૨

(૮૭) એજન, કડવું-૪, પૃ. ૧૧૦

(૮૮) એજન, કડવું-૪, પૃ. ૧૧૧

(૮૯) એજન, કડવું-૭, પૃ. ૧૧૪

(૯૦) એજન, કડવું-૯, પૃ. ૧૧૮-૧૧૯

(૯૧) એજન, કડવું-૧૨, પૃ. ૧૨૩

(૯૨) એજન, કડવું-૧૨, પૃ. ૧૨૪

(૯૩) એજન, કડવું-૧૯, પૃ. ૧૩૯

# પ્રકરણ – ૬

# હરદાસ મિસણ કૃત 'જાલંધર પુરાણ'

૧:૧ પ્રસ્તાવના

૨:૧ 'જાલંધર પુરાણ'નો કથાસાર

૩:૧ મૂળ કથાનક અને 'જાલંધર પુરાણ' આખ્યાનની તુલના

૪:૧ 'જાલંધર પુરાણ'ની પાત્રસૃષ્ટિ

૪:૧:૧ પુરુષ પાત્રો

૪:૧:૨ સ્ત્રી પાત્રો

૫:૧ 'જાલંધર પુરાણ'માં રસનિરૂપણ

૬:૧ 'જાલંધર પુરાણ'માં વર્ણનો

૭:૧ પાત્રોના આંતરબાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતા લાઘવયુક્ત ચોટદાર સંવાદો

❖ સંદર્ભ નોંધ

# પ્રકરણ – ૬

# હરદાસ મિસણ કૃત 'જાલંધર પુરાણ'

## ૧:૧ પ્રસ્તાવના :

ચારણી આખ્યાન પરંપરાનો પ્રારંભ કરનાર શ્રી હરદાસજી મિસણે 'જાલંધર પુરાણ' 'ભૃંગી પુરાણ' અને 'સભાપર્વ'એ ત્રણ દીર્ઘકૃતિની રચના કરી છે. એમાં સાહિત્યિક ગુણવત્તાની દૃષ્ટિએ 'જાલંધર પુરાણ' શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરે છે.

''ચારણી કવિઓ સાહિત્ય સર્જકો હતા તેમ વિશિષ્ટ પ્રકારની સંસ્કૃતિના ઉપાસકો હતા.''[૧]

હરદાસ મિસણે ચારણી સાહિત્યની ઉપાસના કરતાં પૌરાણિક કથાઓનો કાચી સામગ્રી લેખે ઉપયોગ કર્યો છે. પોતાની સર્જક પ્રતિભાથી આ પૌરાણિક કથા, સમસામયિક માનવજીવન અને સાંસારિક જીવનના તાણાવાણાને વણીને આગવી કૃતિનું સર્જન કર્યું છે. એમણે સસમયી માનવીય પ્રશ્નોને કેન્દ્રમાં રાખ્યા છે એટલું જ નહિ, પણ આદિકાળથી માનવીઓની જે સનાતન સમસ્યા છે, એનું નિરાકરણ તેઓએ પોતાની આગવી દૃષ્ટિએ શિવોપાસનામાં જોયું છે. પરિણામે કથા નિરૂપણ કરતાં કરતાં તેઓ શિવસ્તુતિને જ વિશેષ મહત્ત્વ આપે છે.

હરદાસ મિસણે 'જાલંધર પુરાણ'ની પૌરાણિક કથાને આધારે ચારણી સાહિત્ય પરંપરાનું આખ્યાન રચ્યું છે, પરંતુ તેના આરંભે અને અંતે સ્વમુખે શિવસ્તુતિનું ગાન કરીને પોતાની ભક્તિ ભાવનાની પ્રતીતિ કરાવી છે. કથામાં વચ્ચે વચ્ચે ઇન્દ્રના મુખે, જાલંધરના મુખે, બ્રહ્માજી અને દેવોના મુખે, સાગરના મુખે અને ફરી જાલંધરના મુખે શિવસ્તુતિ મૂકી છે. આનાથી કવિની શિવ ભક્તિનો પરિચય મળે છે. ''હરદાસજીએ ઔચિત્યપૂર્વક ઉચિત જગ્યાએ કથાપ્રવાહને જફા ન પહોંચે એ રીતે અનેક સ્તવનો મૂકીને પોતાના ભક્તિસભર હૃદયની પિછાન આપી છે. આ વસ્તુ આખ્યાનકાર કવિ હરદાસ મિસણના ભક્ત કવિ હરદાસ મિસણના રૂપને છતું કરે છે.''[૨]

વિશિષ્ટ કથનપધ્ધતિ દ્વારા, વર્ણનાત્મક પધ્ધતિ દ્વારા તો ક્યારેક સંવાદાત્મક નિરૂપણ દ્વારા કવિએ કથા પ્રવાહને સતત વેગવંત બનાવ્યો છે.

"કવિએ કથન વૈવિધ્ય દ્વારા શ્રોતાઓ, ભાવકોને જકડી રાખવામાં સફળતા મેળવી છે. જે એમની ઉલ્લેખનીય સિધ્ધિ છે."[3] કવિશ્રી હરદાસ મિસણની સર્જક પ્રતિભાના વિશિષ્ટ ઉન્મેષો દર્શાવતાં 'જાલંધર પુરાણ' કૃતિના વિવિધ પાસાઓની વિગતે ચર્ચા કરીએ.

## ૨:૧ 'જાલંધર પુરાણ'નો કથાસાર :

'જાલંધર પુરાણ' હરદાસજી મિસણ દ્વારા ચારણી ભાષામાં લખાયેલું સુંદર આખ્યાન છે. કથાનકની મહત્ત્વની ઘટનાઓને આવરી લઇને કૃતિનો અભ્યાસ કરીએ. ૧૨૨૦ છંદો (કડી)માં વિસ્તાર પામેલી 'જાલંધર પુરાણ' ની કથાના મુખ્ય અંશો અહીં પ્રસ્તુત છે.

### ❖ મંગલાચરણ રૂપ શિવસ્તવન :

મધ્યકાલીન આખ્યાન પરંપરામાં આરંભે મંગલાચરણ હોય છે. એ પ્રણાલિકાને અનુસરીને હરદાસજીએ કડી ૧ થી ૬૦માં સુદીર્ઘ શિવસ્તવન કરેલ છે. મધ્યકાલીન આખ્યાન પરંપરામાં ગણપતિ, સરસ્વતીના સ્તવન મોટાભાગે જોવા મળે છે, પરંતુ ભાલણ જેવો કવિ પોતાના ઈષ્ટદેવ રામનું સ્મરણ કરે છે. તેમ અહીં હરદાસજીના શિવસ્તવન દ્વારા કવિની શિવ પ્રત્યેની ભક્તિભાવના પ્રગટ થાય છે.

### ❖ ઈન્દ્રનું તપ અને શિવનું વરદાન :

કથાના આરંભે સુદીર્ઘ શિવ સ્તવન પછી કવિ મૂળ કથાનો આરંભ કરે છે. મહાદેવની કૃપાથી જ ઈન્દ્રને ઈન્દ્રાસન અને તમામ વૈભવ પ્રાપ્ત થયા છે, પરંતુ તે આ સત્તાને, વૈભવને જીરવી શકતો નથી. તેને પોતાના સરીખો બાહુબળવાળો યોધ્ધો લડવા માટે જોઈએ છે. તેથી યુધ્ધની પ્રબળ લાલસાથી તે શિવને રીઝવીને પોતાની સાથે યુધ્ધ કરે તેવો વીરયોધ્ધો માગે છે. મહાદેવ શંકર તેના પર પ્રસન્ન થઈ તેને ઈચ્છિત વરદાન આપી વિદાય કરે છે. (કડી ૬૧ થી ૮૭)

### ❖ જાલંધરનો જન્મ અને નામકરણ :

ગર્વિષ્ઠ ઈન્દ્રએ માંગેલ અનુચિત વરદાનથી ભગવાન શિવ ક્રોધે ભરાય છે. એ ક્રોધથી તેમના ચહેરા પર પ્રસ્વેદ બિંદુઓ વળે છે. આ પ્રસ્વેદ બિંદુઓ પૃથ્વી પર પડતાં તેમાંથી અત્યંત વીર વ્યક્તિ પ્રગટે છે. શિવ એને સાગર અને સિન્ધુ નદીના પુત્રરૂપે જન્મ લેવાની આજ્ઞા કરતાં ઈન્દ્રના ગર્વનું ખંડન કરવા પણ આદેશ આપે છે. એ સાગર સિન્ધુના સંગમતટે બાળકરૂપે જન્મ ધારણ કરે છે. એનું રુદન છેક બ્રહ્મલોકમાં સંભળાય છે. એ પડખાં ફરે ને પૃથ્વી ખળભળી ઉઠે છે. પિતામહ બ્રહ્મા સમજે છે

કે સાગરે મર્યાદા ત્યજી છે તેથી તરત જ આવીને સાગરને ઠપકો આપે છે. સાગર બાળકના જન્મથી આનંદિત થઈ હકીકતને રજૂ કરતા નવજાત પરાક્રમી બાળકને પિતામહના ખોળે મૂકે છે. બાળકની મુખરેખા અને જન્મનાં ગ્રહો જોઈ બ્રહ્મા એનું ભવિષ્યકથન કરે છે. તેના હાથમાં 'જાળ' હોવાથી 'જાલંધર' એવું નામકરણ કરી, આશીર્વાદ આપી વિદાય થાય છે. (કડી ૮૮ થી ૧૦૬)

### ❖ જાલંધરનો રાજ્યાભિષેક અને વૃંદા સાથે લગ્ન :

વીર જાલંધર યુવાન થતાં એનાં બળ અને શૌર્યની પ્રશંસા સાંભળી અસુરગુરુ શુક્રાચાર્ય પધારે છે. ગુરૂ કહે છે, 'જાલંધર અદ્વિતીય વીર અને મહાભાગ્યવાન છે તેથી તેનો રાજ્યાભિષેક હવે થવો જોઈએ.' સાગર મયદાનવને બોલાવીને 'જાલધરનગરી'નું નિર્માણ કરાવે છે. શુક્રાચાર્ય દ્વારા જ જાલંધર માટે કન્યાની પસંદગી કરવામાં આવે છે. વૃંદા જેવી ચારિત્ર્યશીલ નારી સાથે શુક્રાચાર્ય જાલંધરના લગ્ન કરાવે છે. અહીંથી કથામાં વૃંદાના પાત્રનો પ્રવેશ થાય છે.

### ❖ જાલંધરની તપસ્યા અને ફલપ્રાપ્તિ :

'જાલંધર નગરી'ના નિર્માણ અને વૃંદા સાથેના લગ્ન પછી જાલધર રાજવૈભવ કે સંસારની મોહમાયામાં પડવાને બદલે પરમેશ્વરને રીઝવવા માટે અઘોર વનમાં જાય છે. ત્યાં કઠોર તપશ્ચર્યા વડે ભગવાન શિવને પ્રસન્ન કરે છે. પ્રસન્ન થયેલા ભગવાન શિવ વરદાન માંગવાનું કહે છે ત્યારે જાલંધર પોતાના અંગત જીવન માટે કંઈ ન માગતાં આદર્શ રાજવી તરીકે પોતાની પ્રજા માટે સુખ-સંપત્તિ, તંદુરસ્તી અને પોતાની પ્રજામાં કોઈ વૃધ્ધાવસ્થા ન પામે એવું વરદાન માગે છે. ભગવાન શિવ પ્રસન્નતાપૂર્વક જાલંધરને વરદાન આપે છે. (કડી ૧૪૮ થી ૧૭૪)

### ❖ જાલંધરની શાસન વ્યવસ્થા :

જાલંધરના તપથી પ્રસન્ન થયેલા શિવ દ્વારા વરદાન પામેલો જાલંધર ખૂબ જ સુંદર રીતે શાસનની ધૂરા સંભાળે છે. જાલંધરનો રાજ્યકાળ રામરાજયનું સ્મરણ કરાવે છે. તેનો શાસનકાળ શાંતિમય અને પ્રજા માટે સુખકર નીવડે છે. જાલંધરના રાજ્યની સમૃધ્ધિ એવી છે કે ત્યાં ઘી-દૂધની નદીઓ વહે છે. ધરતી પુષ્કળ ધાન આપે છે. માતા-પિતા અને સંતાનોનો ક્યારેય વિયોગ થતો નથી. કવિએ ખૂબ જ ઉલટભેર જાલંધરના શાસનકાળનું વર્ણન કરેલું છે. (કડી ૧૭૫ થી ૧૯૯)

## ❖ રાહુનું આગમન, શંખાસુર વધ તથા સમુદ્રમંથનની કથા :

૨૦૦ મી કડીથી કથાની ઘટનામા વળાંક આવે છે. કથામાં રાહુનું પાત્ર અહીંથી ઉમેરાય છે. ધડવિહીન રાહુ પોતાના ધડવિહીનપણાની ફરિયાદ લઇને જાલંધરના દરબારમાં આવે છે. રાહુના આગમન સાથે કથામાં અશાંતિનું આગમન થાય છે. રાહુના ધડવિહીનપણાને જોઇ જાલંધરને ભારે આશ્ચર્ય થાય છે. જાલંધર દાનવગુરુ શુક્રાચાર્યને રાહુની આ દશા માટેનું કારણ પૂછે છે. પ્રથમ તો શુક્રાચાર્ય જાલંધરને આ કલેશ કથા ન સાંભળવા સમજાવે છે, પરંતુ જાલંધરના આગ્રહથી શુક્રાચાર્ય પ્રથમ શંખાસુર વધની કથા ને ત્યારબાદ સમુદ્રમંથનની ક્થા કહે છે. શંખાસુર નામનો દાનવ બ્રહ્માજીના શ્વાસ દ્વારા એમના ઉદરમાં પ્રવેશી ચારેય વેદોનું હરણ કરી સાગરમાં આવેલા તેના શંખદ્વીપમાં જઇ છૂપાઇ જાય છે. બ્રહ્માએ વિષ્ણુને ફરિયાદ કરી એટલે ભગવાન વિષ્ણુ કુર્માવતાર ધારણ કરી વેદોની વહારે ચઢે છે. અગાધ સાગરમાં શંખાસુરને શોધતાં ભગવાન વિષ્ણુ સમુદ્રકન્યા લક્ષ્મીના સંપર્કમાં આવે છે. વિષ્ણુ બાળસ્વરૂપ ધારણ કરી મુગ્ધા લક્ષ્મીજીને ભોળવી સાગર પાસે કેટલી સંપત્તિ છે તેની ભાળ મેળવી લે છે. ફરી પાછા મહાકાય કૂર્મનું સ્વરૂપ લઇ શંખાસુરની શોધ આરંભે છે. શંખદ્વીપમાં પણ પ્રથમ તો વિષ્ણુ બાળ સ્વરૂપ ધારણ કરી શંખાસુરની પત્નીઓને ભોળવે છે. એમની પાસેથી શંખાસુરની ભાળ મેળવે છે અને એમ ભગવાન વિષ્ણુ શંખાસુરનો વધ કરે છે.

લક્ષ્મી પાસેથી સાગરની સંપત્તિની ભાળ મેળવી આવનાર ભગવાન વિષ્ણુ મહા પ્રયત્ને દેવો અને દાનવોને એક કરી સમુદ્રમંથનનો પ્રારંભ કરાવે છે. મંદરાચળ પર્વતનો રવૈયો અને વાસુકી નાગના નેતરા બનાવી પોતે 'કૂર્મ' સ્વરૂપે રવૈયાને પીઠ પર ધારણ કરે છે. સમુદ્રમંથનના પ્રારંભે 'વડવાનલ' નામનો અસુર પ્રગટે છે. અમૃતની લાલચે થતાં સમુદ્રમંથનથી 'વડવાનલ' પ્રગટ થતાં ડરના માર્યા દેવો અને દાનવો વલોણું પડતું મૂકીને ભાગી જાય છે. ભગવાન વિષ્ણુ મોહિની સ્વરૂપ ધારણ કરી 'વડવાનલ'ને છેતરે છે. મોહિની સ્વરૂપ વિષ્ણુ હાથમાં કુંભ સાથે 'વડવાનલ' સામે આવે છે. મોહિનીને જોતાં જ મોહલુબ્ધ થયેલો વડવાનલ પોતાને પતિ તરીકે પસંદ કરવા મોહિનીને વિનંતી કરે છે. મોહિનીના હાથમાં સૂચ્યાર્ગ મુખવાળો સાંકડા મોઢાનો કુંભ છે. મોહિનીએ પોતા પ્રત્યે આકર્ષિત થયેલા વડવાનલને જણાવ્યું કે, ''મે જે કુંભ બનાવ્યો છે એમાં જે પુરુષ અંદર પ્રવેશી બહાર આવશે તેને હું વરીશ.'' મોહલુબ્ધ વડવાનલ કુંભમાં પ્રવેશ કરે છે અને મોહિની કુંભનું મુખ બંધ કરી એને કેદ કરી લે છે. દેવો અને દાનવો ભયમુક્ત બનતાં પુનઃ સમુદ્રમંથન આરંભાય છે. આ વખતે સાગરમાંના અમૂલ્ય ચૌદ રત્નો મંથનથી પ્રાપ્ત થાય છે. મોહિની સ્વરૂપ વિષ્ણુ આ વખતે પણ છળ-કપટથી

દૈત્યોને મદિરા અને દેવોને અમૃત પીવડાવી દે છે. દેવસભામાં સિંહિકા પુત્ર રાહુને ભૂલથી અમૃત પાત્ર અપાય છે. એ અમૃત મોઢે માંડે છે ત્યાં અંતર્યામી પરમાત્મા તેને ઓળખી જાય છે, તેથી ત્વરિત સુદર્શન ચક્રવડે એનો શિરચ્છેદ કરે છે અને રાહુ ધડવિહીન બને છે. દેવો સર્વ રત્નોના માલિક બને છે અને વિષ્ણુ ભગવાન સાગરતનયા લક્ષ્મીને પામે છે. દાનવોનો પરિશ્રમ નિરર્થક નીવડે છે. રાહુને તેના ધડવિહીનપણાથી થયેલા અન્યાયની કથા આમ જાલંધર શુક્રાચાર્યનાં મુખે સાંભળે છે. (કડી ૨૦૦ થી ૩૮૫)

## ❖ રોષે ભરાયેલા જાલંધરની ઈન્દ્ર પર ચઢાઈ – ઈન્દ્ર – વિષ્ણુની હાર :

દેવો સાથે મળી ભગવાન વિષ્ણુએ દાનવોને કરેલા આ અન્યાય અને વિશ્વાસઘાતથી ક્રોધે ભરાયેલ જાલંધર દેવો સામે વેર લેવાની પ્રતિજ્ઞા લે છે. પિતાના થયેલા મંથનથી તેમજ દાનવોને થયેલા અન્યાયથી રોષે ભરાયેલ જાલંધર વીર યોધ્ધો છે, સાથે સાથે સેવક વત્સલ પણ છે. એ ફરી પોતાના સેવક માટે શિવને પ્રસન્ન કરે છે. પ્રસન્ન થયેલા શિવ પાસે જાલંધર રાહુની અવદશાનું વર્ણન કરે છે અને વરદાનરૂપે ફરી રાહુ પર પ્રસન્ન થઇ પુનઃ તેને ધડ પ્રદાન કરવા વિનંતી કરે છે. શિવકૃપાથી રાહુને ધડ પ્રાપ્ત થાય છે.

ત્યારબાદ જાલંધર દેવલોક પર ચઢાઈ કરવા તૈયારી કરે છે. એ પહેલાં એ દુર્વારણને દૂત તરીકે મોકલી ઈન્દ્રને ચેતવણી આપે છે. જાલંધર અને ઈન્દ્ર વચ્ચે યુધ્ધ થાય છે. વીર જાલંધર સામે ઈન્દ્રનો પરાજય થાય છે. ભયભીત ઈન્દ્ર ભગવાન વિષ્ણુને સહાય માટે વિનંતી કરે છે. વિષ્ણુ ઈન્દ્રની સહાય માટે જાય છે ત્યારે લક્ષ્મીજી પોતાનાં ભાઇને ન હણવાની વિનંતી કરે છે. પરંતુ ભગવાન વિષ્ણુ એ વિનંતીને ધ્યાને લેતા નથી. પુનઃ જાલંધર અને દેવોનું યુધ્ધ આરંભાય છે. આ યુધ્ધમાં મૃત્યુ પામેલા દૈત્યોને શુક્રાચાર્ય સંજીવની વિદ્યાથી પુનઃજીવિત કરે છે. બીજી તરફ દેવોના વૈદ્ય ધન્વંતરી સમુદ્રમાં રહેલા દ્રોણાચલ પર્વત પરની સંજીવની બૂટી વડે દેવતાઓને સજીવન કરે છે. દ્રોણાચલે દેવોને કરેલ મદદથી જાલંધર ક્રોધે ભરાય છે પરંતુ દ્રોણાચલ સાગરનો શરણાગત છે તેથી સાગર વચ્ચે પડે છે અને પિતૃભક્ત જાલંધર તેને જતો કરે છે. પરંતુ સાગર દ્રોણાચલને પોતાના જળમાં ડુબાડે છે. રણમેદાનમાંથી ફરી ઈન્દ્ર પરાજિત બની ભાગી જાય છે. ભગવાન વિષ્ણુ પણ આખર સુધી જાલંધરને જીતવામાં અસમર્થ રહે છે. અંતે બાહુયુધ્ધમાં જાલંધર ભગવાન વિષ્ણુને આકાશમાં ફંગોળે છે. વિષ્ણુ જ્યાં ધરતી પર પડે છે ત્યાં લક્ષ્મીજી આવીને આડાં ઊભાં રહે છે. જાલંધરને હાથ જોડી પોતાના પતિને જતાં કરવા વિનંતી કરે છે અને કહે છે, 'હવે વિષ્ણુ તારી આજ્ઞા પ્રમાણે વર્તશે.' અનેક વખત કરેલા

કપટથી જાલંધરને વિષ્ણુ પર વિશ્વાસ નથી. આમ છતાં બહેનની વિનંતીથી તે બનેવીને જતા કરે છે. પ્રસન્ન થયેલા ભગવાન વિષ્ણુ જાલંધરને વરદાન માગવા કહે છે. જાલંધરની અનિચ્છા છતાં લક્ષ્મીના આગ્રહથી વિષ્ણુને ઘર જમાઈ બની સમુદ્રમાં સ્થાયી થવા કહે છે. કથામાં આવેલ આ પ્રસંગાલેખનમાં વચ્ચે ઇન્દ્રની એક આડકથા કવિએ મૂકી છે. ઇન્દ્ર બલિદાનવને સંગ્રામમાં જીતી શકતો નથી ત્યારે પ્રશંસા દ્વારા બલિદાનવને પ્રસન્ન કરી એનું મૃત્યુ પોતાના હાથે થાય એવું વરદાન ઇન્દ્ર મેળવે છે. બલિદાનવ ઇન્દ્રને હાથે પોતાનું મસ્તક કપાવીને વચન પાળે છે. આ બધા જ યુધ્ધ વગેરેના પ્રસંગો ખૂબ જ વિસ્તૃત આલેખન પામ્યા છે. (કડી ૩૮૬ થી ૭૦૦)

### ❖ શિવના શરણે દેવોનું આગમન :

રણમેદાનમાં દાનવોથી પરાજિત થયેલા દેવો દોડીને બ્રહ્માજીને શરણે જાય છે. બ્રહ્માજી પાસે પોતાનું દુઃખ રડતા ઇન્દ્રાદિ દેવોને બહ્મા શિવને શરણે જવાની સલાહ આપે છે. તદનુસાર બ્રહ્માજી સહિત ઇન્દ્રાદિ દેવો શિવના શરણે જાય છે. શિવને પ્રસન્ન કરી પોતાની વ્યથા અને આગમનનું કારણ જણાવે છે. શિવ દેવોને ગર્વ કરવા બદલ ઠપકો આપે છે. દેવોની વિનંતીથી જાલંધરનો વધ કરવા ભગવાન શિવ તૈયાર થાય છે. દેવોના તેજ સમૂહમાંથી જ સુદર્શન ચક્રનું નિર્માણ કરવામાં આવે છે અને એમ ફરી દાનવો સામે લડવા માટે દેવો સજ્જ બને છે. (કડી ૭૦૧ થી ૭૭૬)

### ❖ જાલંધર દ્વારા પાર્વતીની માગણી :

કલહપ્રેમી નારદજી દેવતાઓના કલ્યાણાર્થે જાલંધર પાસે જઈને શિવજી પાસે રહેલું પાર્વતી જેવું અપૂર્વ સ્ત્રી રત્ન પ્રાપ્ત કરવા ઉશ્કેરે છે. નારદનો ચડાવ્યો જાલંધર ભગવાન શિવ પાસે જઇ સતી પાર્વતીની માગણી કરવા વિચારે છે. જાલંધરનો પિતા સાગર, માતા સિંધુ નદી, સતી વૃંદા અને ગુરુ શુક્રાચાર્ય વગેરે તેને તેમ કરતો રોકવા પ્રયત્ન કરે છે, પરંતુ તેઓ બધા જ નિષ્ફળ નીવડે છે. જાલંધર રાહુને દૂત તરીકે મોકલી પાર્વતીની માગણી કરતો સંદેશ શિવને મોકલે છે. દૂત તરીકે ગયેલા રાહુ પાસેથી જાલંધરનો અવિવેકી સંદેશો સાંભળી ક્રોધે ભરાયેલા શિવ દ્વારા પ્રેત પુરુષ પ્રગટે છે અને એ પ્રેત પુરુષ દ્વારા રાહુ પુનઃ ધડવિહીન થાય છે. (કડી ૭૭૬ થી ૮૬૯)

### ❖ શિવ જાલંધરનું યુધ્ધ :

જાલંધરની અવિચારી અને ઉધ્ધત માગણીથી રોષે ભરાયેલા શિવ સાથે જાલંધર યુધ્ધે ચઢે છે. પ્રથમ જાલંધર શિવના ગણ વીરભદ્ર સાથે સંગ્રામ કરે છે. બંને વીર અને પરાક્રમી સમોવડીયા નીવડે

છે. કોઈ કોઈને પરાસ્ત કરી શકતાં નથી. આખરે રણમેદાનમાં શિવનું આગમન થાય છે. અપ્રતિમ વીરતા ધરાવતો જાલંધર પરાક્રમથી શિવ સાથે સંગ્રામ કરે છે. જાલંધરના મનમાં નારદે કરેલા પાર્વતીનો સૌંદર્યને જોવાની લાલસા રહેલી જ છે તેથી જાલંધર માયા રચે છે. શિવનું સ્વરૂપ ધારણ કરી જાલંધર કૈલાસમાં જાય છે. જગદંબા પાર્વતી, જયા અને ગરુડની મદદથી માયાવી જાલંધરને ઓળખી જાય છે. ગુપ્ત રીતે તેઓ વિષ્ણુનો સંપર્ક સાધતા જાણે છે કે શીલવાન વૃંદાના સતીત્વના બળે જાલંધર અવધ્ય છે. શિવ તો ભોળાનાથ છે. ભોળાભાવે યુધ્ધ લડ્યા કરે છે. દરમ્યાન ભગવાન વિષ્ણુ કપટલીલા કરી નિર્દોષ વૃંદાને છળ પાડી તેનો શીલભંગ કરે છે. વૃંદા જ્યારે આ વાત જાણે છે ત્યારે તે જીવનથી મુક્ત થવા ઈચ્છે છે. મૃત્યુને વહાલું કરતી વૃંદા ચિતામાં પ્રવેશી બળી મરે છે.

બીજી તરફ જાલંધરની વીરતાથી પ્રસન્ન થયેલા શિવ એકથી વધુ વખત જાલંધરને વરદાન માગવા કહે છે. જાલંધર ફરી ફરી સાયુજ્ય મુક્તિનું વરદાન માગે છે જેનો શિવ સ્વીકાર કરે છે. જાલંધર જગદંબા પાર્વતીને માતૃરૂપે, જગતજનની રૂપે સ્વીકારતો હોવાનો નિખાલસ એકરાર કરે છે. આ પ્રસંગ જ જાલંધરને મહાન અને શિવભક્ત માનવા માટે પૂરતો છે. કથાના અંતે જાલંધરને શિવના હાથે વીરોચિત મૃત્યુ મળે છે. દેવો પણ દૈત્ય જાલંધરની વીરતાની મુક્ત કંઠે પ્રશંસા કરે છે. (કડી ૮૭૦ થી ૧૨૦૦)

### ❖ કથાને અંતે શિવસ્તવન :

કવિએ જેમ 'જાલંધર પુરાણ'ના આરંભે તેમ અંતે પણ શિવમહિમાનું ગાન કર્યું છે. હરદાસ મિસણ શિવભક્ત હોવાને નાતે તેનું મન વારંવાર શિવચરણે જાય છે. આખ્યાનને નિમિત્ત બનાવી કવિએ શિવમહિમાનું ગાન જ ર્ક્યું છે. આમ કવિ શિવના સ્તવન દ્વારા કથાની પૂર્ણાહુતી કરે છે. આશરે વીસ કડીમાં ક્રેલું શિવ સ્તવન કવિની શિવભક્તિનું દ્યોતક છે. (કડી ૧૨૦૧ થી ૧૨૨૦)

## ૩:૧ મૂળ કથાનક અને 'જાલંધર પુરાણ' આખ્યાનની તુલના :

'જાલંધર પુરાણ' આખ્યાનની કથાનો કથાસાર જોયા પછી એમાં હરદાસ મિસણની કવિ પ્રતિભાના મૌલિક ચમકારા ક્યાં ક્યાં જોવા મળે છે એ જોવા માટે મૂળ 'શિવ પુરાણ'ના કથાનક સાથે પ્રસ્તુત કૃતિના કથાનકની તુલના કરીએ. મૂળ 'શિવ પુરાણ'માંની જાલંધર કથાના તમામ મુખ્ય પ્રસંગો દર્શાવી. એ જ પ્રસંગોને હરદાસ મિસણે કઈ રીતે ખિલવ્યા, ટૂંકાવ્યા કે છોડ્યા છે એ સદૃષ્ટાંત દર્શાવવાનો અહીં ઉપક્રમ છે. આ તુલનાત્મક અભ્યાસને આધારે અહીં વિષયસામગ્રી સંદર્ભે કવિશ્રી

હરદાસ મિસણે કઇ રીતે પોતાની મૌલિક પ્રતિભાનું દર્શન કરાવ્યું છે તે તુલનાત્મક અભ્યાસ દ્વારા વિગતે તપાસીએ.

કવિશ્રી હરદાસ મિસણે જે કથાંશો લીધા છે તે જાલંધર કથાનકની મૂળ કથા 'શિવ પુરાણ'ના પ્રથમ ભાગમાં રુદ્રસંહિતા-યુધ્ધ ખંડમાં અધ્યાય ૧૩ થી ૨૪ માં સમાવિષ્ટ છે. જાલંધરના જન્મથી લઇ મૃત્યુપર્યંતની કથા આ બાર અધ્યાયમાં આલેખાયેલી છે. એનો કુલ વિસ્તાર ૬૩૯ શ્લોકોનો છે.

મૂળ 'શિવપુરાણ'માં આ કથા સુતપુરાણી દ્વારા મહામુનિ વ્યાસ અને સનતકુમારના સંવાદરૂપે સનતકુમારના મુખે કહેવાયેલી છે. 'જાલંધરપુરાણ'માં હરદાસ મિસણે કથા કહેવાની આ રીત અપનાવી નથી. એમણે પોતાની કથામાં ક્યાંય વ્યાસ, સનતકુમાર કે સુતપુરાણીના ઉલ્લેખ કર્યા નથી.

મૂળ 'શિવપુરાણ'માંની જાલંધર કથા સળંગ કથાનકના અનુસંધાનમાં આડકથા રૂપે કહેવાયેલી હોઇ ત્યાં કથારંભે કોઇ મંગલાચરણ કે મંગલ સ્તવન નથી પરંતુ હરદાસજીએ અહીં મધ્યકાલીન આખ્યાનની પરંપરા અનુસાર શિવના સુદીર્ઘ સ્તવનથી કથાનો આરંભ કર્યો છે.

'શિવપુરાણ'ની કથાનુસાર ઇન્દ્ર અને ગુરુ બૃહસ્પતિ ભગવાન શિવના દર્શનાર્થે કૈલાસ તરફ આવે છે ત્યારે રસ્તામાં મહાદેવ તેમની કસોટી અર્થે દિગંબર સાધુ સ્વરૂપે તેઓને સામા મળે છે. દેવાધિદેવ અને ગુરુ છતાં તેઓ શિવના આ સ્વરૂપને ઓળખી શકતાં નથી. ઇન્દ્ર અભિમાનપૂર્વક દિગંબર સાધુ રૂપે રહેલા શિવનું અપમાન કરી તેના પર વજ્રપ્રહાર કરવા તૈયાર થાય છે. ઇન્દ્રના આ પ્રકારના વર્તનથી શિવ રોષે ભરાય છે. આમ મૂળ કથાનુસાર જાલંધરના જન્મ માટે કારણભૂત શિવનો રોષ છે. જોકે ગુરુ બૃહસ્પતિ શિવને ઓળખી જાય છે અને તેના ચરણે અપરાધની ક્ષમા માગી શરણાગતિ સાથે અભયદાન યાચે છે. ભોળાનાથ તેઓને અભયદાન આપી પણ દે છે, પરંતુ શિવના લલાટમાંથી પ્રગટેલ ક્રોધનું શું કરવું ? આખરે એ ક્રોધાગ્નિને શિવ સમુદ્રમાં ફેંકે છે. સમુદ્ર અને ગંગા નદીના સંગમ તટે પડેલું એ તેજરૂપ ક્રોધાગ્નિ તત્કાળ બાળકરૂપ બની જાય છે.

જાલંધરના જન્મની 'શિવપુરાણ' અનુસારની ઉપર્યુક્ત કથાને અહીં કવિએ ખપમાં લીધી નથી. એમણે જાલંધરના જન્મ અંગે જુદી કલ્પના કરી છે. તેઓ જાલંધરના જન્મની કથા સંદર્ભે કહે છે કે શિવે ઇન્દ્રને અમરાપુરનું અવિચળ રાજ્ય આપી, પોતા સમાન સમૃધ્ધિ આપી અભય અમર કર્યો, પરંતુ 'અધૂરો ઘડો હંમેશા છલકાય' એમ ઇન્દ્ર આ સત્તા-સંપત્તિને જીરવી શકતો નથી. એને પોતાના

બાહુબળનું અભિમાન છે. તેને યુધ્ધ જવર વ્યાપે છે. પરંતુ જગતમાં ક્યાંય તેને પોતા સમાન વીર યોધ્ધો દેખાતો નથી તેથી તેનું આ અભિમાન તેનામાં કુવિચાર પ્રગટાવે છે કે :

"જાઈ પગ પારથાં જડાધાર, ઇહડો જોધ કોઈ ઊપાચેં."[૮૧]

(શિવના શરણે જઈને વરદાન મેળવું કે કોઈ (મારા સમોવડિયો) યોધ્ધો ઉત્પન્ન કરે. આ કુવિચારને તે તરત જ અમલમાં પણ મૂકી દે છે. કૈલાસ પર મહાદેવ પાસે પહોંચીને આગળ પાછળનો વિચાર કર્યા વગર ઇન્દ્ર આ અવિચારી માગણી મૂકી દે છે.

"ઇહડો જોધ ખડો કરિ ઇસર, બાંહ પ્રલંબ કહે ઘાતે બધ્ધ."[૮૯]

(હે શિવ ! કોઈક એવો વીર યોધ્ધો ઉત્પન્ન કરો

જે મારી સાથે બળવાન ભુજાઓથી યુધ્ધમાં જોડાય.)

શિવ ઇન્દ્રને ઠપકો આપી આવું વરદાન ન માગવા સમજાવે છે. શિવે ઇન્દ્રને આપેલ સત્તા સંપત્તિને તે જીરવી શકતો નથી અને સગર્વ કરેલી ઉપર્યુક્ત અનુચિત માગણીથી શિવ ક્રોધે ભરાય છે. તેમના મુખે જે પ્રસ્વેદના કણો બાઝે છે તેને પૃથ્વી પર નાખતાં એમાંથી એક બળવાન વીર પ્રગટે છે. શિવ તેને સમુદ્ર અને સિંધુના સંગમતટે પુત્ર સ્વરૂપે જન્મવાનો આદેશ આપે છે, સાથે વરદાન પણ આપે છે કે, 'તું ઇન્દ્રના ગર્વનું ખંડન કરીને જગતમાં તારા નિર્મળ યશને વધારજે.'

શિવલલાટ પર બાઝેલા પ્રસ્વેદ કણો સિંધુ અને સાગરના સંગમ તટે શિશુ સ્વરૂપે જન્મ ધારણ કરે છે. સમુદ્ર અને સિન્ધુ પુત્ર જન્મનો ઉત્સવ ઉજવે છે. એટલામા એ પરાક્રમી બાળક ભૂખના દુઃખથી રડવા લાગે છે. એના રડવાનો અવાજ છેક બ્રહ્મલોકમાં બ્રહ્માના કાન સુધી પહોંચે છે. બાળક પડખું બદલતાં ધરતીમાં થતો ખળભળાટ પણ બ્રહ્માના કાને અથડાય છે. બ્રહ્માજીને લાગ્યું કે સમુદ્ર એની મર્યાદા ત્યજીને જળપ્રલય કરવા તૈયાર થયો છે. બ્રહ્માજી તત્કાળ સાગર તટે પહોંચી સાગરને ઠપકો આપે છે. સાગર નમ્રતાપૂર્વક 'આ અવાજને માટે જવાબદાર પોતાને ત્યાં જન્મેલ બાળક છે', તેમ કહી એ બાળકને લાવી પિતામહના ખોળે મૂકે છે. 'શિવ પુરાણ' અનુસાર સાગરપુત્રે પિતામહની આંખોમાંથી આંસુ વહાવ્યાં એટલે એનું નામ 'જાલંધર' રાખ્યું, પરંતુ 'જાલંધર પુરાણ'માં હરદાસજીએ આવી જાલંધરના નામકરણની કથા આપી નથી. 'જાલંધર પુરાણ' અનુસાર તો સાગરપુત્રને જોઇને પ્રસન્ન થયેલા બ્રહ્માજી એના જીવન સૌભાગ્યની પ્રશંસા કરી તેનું 'જાલંધર' એવું નામ પાડે છે. નામ

પાડવાના કારણમાં બાળકના હાથમાં જન્મજાત જાળ હોવાની વાત છે. આ રીતે હરદાસજી મૂળથી જુદા પડે છે.

'શિવ પુરાણ' અનુસાર 'જાલંધર' તત્કાળ યૌવન પામે છે અને બ્રહ્માજી તેની હાજરીમાં શુક્રાચાર્યને તેડાવી 'જાલંધર'નો રાજ્યાભિષેક કરાવે છે. 'જાલંધર પુરાણ'માં આ પ્રકારનું કથન નથી. અહીં જાલંધર કાળક્રમે યૌવન પામે છે. સમય જતાં યુવાન થયેલા જાલંધરના પરાક્રમની ખ્યાતિ સાંભળી શુક્રચાર્ય તેને જોવા પધારે છે. શુક્રાચાર્ય અહીં જાલંધરનાં જીવન સૌભાગ્યના બ્રહ્માજીની જેમ જ વખાણ કરે છે જે 'શિવ પુરાણ'માં નથી. આ કવિનું મૌલિક ઉમેરણ છે. 'શિવ પુરાણ' અનુસાર સમુદ્ર સ્વેચ્છાથી પોતાના પુત્રના લગ્ન કરે છે, જ્યારે 'જાલંધર પુરાણ' અનુસાર જાલંધરના લગ્ન માટે સાગર ગુરુને કહે છે,

"સુંદરિ નારિ જિસો વર સુંદર, સૂઝે કોઈ કેથ ગુરૂ સુકર ?" - ૧૪૦

(હે ગુરુ ! જેવો રૂપવાન વર છે એવી કોઈ સુકન્યા ક્યાંય તમારી નજરમાં આવે છે ?)

"અહિં નર અંતર ત્રિહુ પુર ઉપરિ, સોઝો કુવરી સમી સુર." - ૧૪૧

(નાગ, માનવ અને દેવોમાંથી ત્રિલોક - શિરોમણી

એવી રૂપવાન કન્યા કુમાર અર્થે શોધો")

આ પણ હરદાસજીનું મૌલિક ઉમેરણ છે. કવિની આ નિજી મૌલિકતામાં કવિએ પોતાના યુગનો પ્રભાવ ઝીલ્યો દેખાય છે. મધ્યકાળમાં ક્ષત્રિયો માટે કન્યાઓ શોધવાનું કાર્ય રાજકવિ ચારણો અથવા કુલગુરુ બ્રાહ્મણોને સોંપાતું. જેનું પ્રતિબિંબ અહીં પડેલું જોઈ શકાય છે.

'શિવ પુરાણ' વૃંદાને અસુર કાલનેમિની કન્યા તરીકે વર્ણવે છે જ્યારે હરદાસજી વૃંદાને પર્વતરાજ કુરિચની પુત્રી કહે છે. મૂળકથાનુસાર સાગર અસુર કાલનેમિને પોતાની પાસે બોલાવીને તેની કન્યા વૃંદાની પુત્ર જાલંધર માટે માગણી કરે છે તો 'જાલંધર પુરાણ' માં ગુરુ શુક્રાચાર્ય પર્વતરાજ કુરિચ પાસે જાલંધરના લગ્ન માટે વૃંદાની માગણી કરવા જતાં દર્શાવ્યા છે.

"સુક્ર બોલીયા કુરિચય બેસું, હેક કહો તો વાત કહાં હું;

જલનિધિ તંણો પુત્ર જાલંધર, વિંદા કુંઅરી જોગ અછે વર." - ૧૩૭

(શુક્રાચાર્યએ કહ્યું કે : હે પર્વતરાજ કુરિચ ! તમે મારી પાસે બેસો. જો તમે કહો તો હું એક વાત કહું. સાગરનો પુત્ર જાલંધર તમારી પુત્રી વૃંદા માટે લાયક વર જણાય છે.)

અહીં મધ્યકાલીન રીતરિવાજનો પ્રભાવ જોવા મળે છે વરના પિતા દ્વારા કન્યાના પિતા પાસે કુલગુરુ દ્વારા માગણી કરવાનો રિવાજ મધ્યકાળમાં પ્રચલિત હતો.

'જાલંધર પુરાણ'માં જાલંધરના રાજ્યાભિષેક પછી તરત જ મયદાનવ દ્વારા જાલંધરની રાજધાની 'જાલંધર નગર' વસાવ્યાનો ઉલ્લેખ થયો છે જ્યારે 'શિવપુરાણ' આ અંગે મૌન છે. હરદાસજીએ 'જાલધર નગરી'નું જે વર્ણન કર્યું છે. તે મધ્યકાલીન ગઢ કિલ્લા અને કાંગરાવાળા નગરને મળતું આવે છે. આ રીતે કવિએ અહીં પણ યુગ પ્રભાવ ઝીલ્યો જણાય છે.

'શિવપુરાણ' અનુસાર 'જાલંધર નગરી'માં જાલંધર એકવાર પોતાની રાજ્યસભાને નિહાળી રહ્યો હતો તેમાં તેણે ધડ વગરના રાહુને જોયો અને તેણે ગુરુ શુક્રાચાર્યને રાહુના શિરચ્છેદની વાત સંભળાવવા વિનંતી કરી. 'જાલંધર પુરાણ'માં કવિ આ રીતે કથામાં રાહુનું આગમન દર્શાવતા નથી. એમાં તો રાજ્યાભિષેક પછી જાલંધર શિવને પ્રસન્ન કરવા રાજય છોડી વનમાં તપ કરવા જાય છે. પ્રસન્ન થયેલા શિવજી માગ્યા વગર જ જાલંધરને વરદાન આપતાં કહે છે.

"ત્રે ભૂયણૈ અધિકાર તૂં, કરતા કરૈ સો હોઇ;
ન્યાઈ નરે સૂર અસુરૈ, તું સૂં તવડ ન કોઇ. -" (૧૭૨)

(શિવજીએ જાલંધરને વરદાન આપતાં કહ્યું : "ત્રિભુવનમાં તારો જ અધિકાર પ્રવર્તશે, તું જે ઇચ્છીશ એ પ્રમાણે જ થશે. ન્યાયની બાબતમાં માનવો. દેવો અને દાનવોમા તારી તોલે અન્ય કોઇ નહિં આવે.")

"કરણીગર તુઠા કહે, વાર વાર તિણ વાર;
દેઆણહાર સંમથ હું, મંગે મંગણહાર.."(૧૭૩)

("કરણીગર - શિવજી જાલંધરને વારંવાર કહેવા લાગ્યા,
'હું આપનાર સમર્થ છું, તારે જે જોઇએ તે તું માંગી લે.")

અને ત્યારે જાલંધર પોતાના માટે કશું માગવાને બદલે એક પ્રજાવત્સલ રાજવી તરીકે સમગ્ર રાજ્યની પ્રજા માટે સુખ, વૈભવ, તંદુરસ્તી અને સદા યૌવન માગે છે. જેમ કે,

" તંમ તુઠા પરમાણ તો, જંપૈ જાલંધર રાઇ;
મીરાં મોરી વાર માં, જરા ન ગંજે કોઇ." (૧૭૪)

(જાલંધરે શિવજીને કહ્યું, 'જો તમે સાચે જ મારી પર પ્રસન્ન થયા હો તો હે પ્રભુ ! મારા શાસનકાળ દરમિયાન કોઈને જરા વૃધ્ધાવસ્થા જ ન આવે')

''સોળ વરસે ત્રી સદા, પ્રી પચ વીસ વરસ,

સિવ વરદાંન સંમપેઓ, સબકી લોક સરસ.'' (૧૭૫)

(મારા રાજ્યમાં વસનાર બધી જ સ્ત્રીઓ કાયમ સોળ વરસની સુંદરી બની રહે અને તેમના પતિદેવો સદા પચીસ વયના યુવાન જ રહે. શિવજીએ પ્રસન્ન થઈને જાલંધરે ઇચ્છેલ વરદાન આપ્યું. પરિણામે જગતના સૌ લોકો યુવાન બની ગયા.)

''હેકાંણ વિઓ છાહહું, જાં જાલંધર રાજ;

વિણ ખેડે અંણ વાવેએ, ઇલ નીપજે અનાજ.'' (૧૭૬)

(જ્યાં જાલંધરનું રાજ્ય હતું ત્યાં કાયમ ઉલ્લાસ ઉત્સવ બની રહેતો. તેના રાજ્યમાં ધરતી ખેડ્યા વિના અને અનાજ વાવ્યા વિના જ અનાજ ઉત્પન્ન થવા લાગ્યું.)

''જા જાલંધર પ્રત પૈ, નયની ઝરણાં નાહિં,

ધ્રિત, મધ, દુધ દહીં ઘંણા, જાં ચાહે તાં પાઇ.'' (૧૭૭)

(જાલંધરના તપને પ્રતાપે નદીઓ અને ઝરણામાં ઘી, દૂધ, દહીં અને મધ એટલાં તો વિપુલ માત્રામાં હતાં કે, જે કોઇ પણ જ્યાં ઇચ્છા કરે તેને ત્યાં મળી રહેતા.)

''જા જાલંધર પ્રત પૈ, નર નારી તાંહી;

મિત્રાં, પુત્રાં, માવત્રાં, કબે વિછોહા નાંહી.'' (૧૭૮)

(એ જાલંધરના તપને પ્રતાપે તેના રાજ્યમાં પતિ - પત્ની કે માતા - પિતા, પુત્રો અને મિત્રો ક્યારેય એક મેકથી વિખૂટાં પડતાં ન હતાં, અર્થાત્ તેમને મૃત્યુ રૂપી વિયોગ ન હતો.)

આ પ્રકારે જાલંધરના તપનું, એને મળેલા વરદાનનું 'શિવ પુરાણ'માં વર્ણન નથી. આ હરદાસનું મૌલિક ઉમેરાણ છે. આ પ્રકારના ઉમેરણથી હરદાસજી જાલંધરનું એક ભક્ત, પ્રજાવત્સલ રાજવી તરીકેનું સબળ વ્યક્તિત્વ ઉપસાવવામાં ખૂબ જ સફળ રહ્યા છે.

''સુરાજ્ય માટે રામ રાજ્ય એક ઉપમા છે એ જ પ્રમાણે ચારણી સાહિત્યમાં સુરાજ્ય માટે 'જાલંધરનો વારો' - જાલંધર રાજ્ય પણ એક ઉપમા છે.''(૪)

આમ, હરદાસજીના જાલંધરના સુરાજ્યના વર્ણનને ચારણી સાહિત્યમાં ઉપમા તરીકે સ્વીકારી કોઈપણ સુરાજ્યને વર્ણવવા માટે ચારણી સાહિત્યમાં 'જાલંધર વાર' (જાલંધરનો સુરાજ્ય કાળ) એમ કહીને બિરદાવવામાં આવે છે.

કથામાં રાહુનો પ્રવેશ પણ 'જાલંધર પુરાણ'માં 'શિવ પુરાણ' કરતાં મૌલિક અને વધુ વાસ્તવિક છે. અહીં રાહુ જાલંધરની કચેરીમાં પોતાના ધડવિહીનપણાનું દુઃખ રડે છે અને એ યાતનામાંથી મુક્તિ યાચે છે ત્યારે જાલંધર ગુરુ શુક્રાચાર્ય પાસે રાહુનો પરિચય માગે છે અને એના ધડવિહીનપણાનું કારણ પૂછે છે.

"પૂછે જાલંધર સુક્ર પણૌ, તંન પાખે કંમલ કૌણ તણૌ;
કાયા વિણ કોઈ કિથૈ કંમલં, કલ મૂઝ નહીં કાંઈ તૂંઝ કલ." (૨૧૧)

(જાલંધરે દૈત્યગુરુ શુક્રાચાર્યને પૂછ્યું; "આ શરીર વિહીન મસ્તક કોનું છે ? શરીર વિનાનું મુખ ક્યારેય કોઈનું હોઈ શકે ? મને તો આમાં કાંઈ સમજાતું નથી. આપને કાંઈ સમજણ પડે છે ?")

"પૈહેલો ઈમ હૂંત હુઓ ક પછૈ, ઔ રૂપ કિસૌ બહુરૂપ અછૈ;
કુળ કો ણ ઉપનૌ નાંમ ક્હાં, મહિ કૌંણ સજાત જંમાત મહા." (૨૧૨)

(આ વ્યક્તિ જન્મથી જ આવી હતી કે જન્મ પછી આ દશાને પામી ? તેનું આ રૂપ કેવું બહુરૂપી જેવું જણાય છે વળી તેનો જન્મ ક્યા કુળમાં થયો છે ? તેનું નામ શું છે ? આ વિશાળ ધરતી પર તે કઈ જ્ઞાતિ - જાતિ અને જમાતમાં જન્મી છે. )

આ પ્રકારની આશ્ચર્યમુગ્ધ ભાવે રાહુ વિષયક પૃચ્છા 'શિવ પુરાણ'માં નથી. 'શિવ પુરાણ' અનુસાર તો જાલંધરે રાહુ વિશે થોડી પૃચ્છા કરતાં શુક્રાચાર્ય તરત જ રાહુના શિશ છેદનની કથા સંભળાવે છે. અહીં શુક્રાચાર્ય રાહુનો પરિચય તો આપે છે, પરંતુ સાગર મંથનની કથા કહેતાં સંકોચ અનુભવે છે. એમાં તેમના યજમાન હિતૈષીપણાના દર્શન થાય છે.

"રિખ રાઉ વદં તહ દૈત રયા, મમં પૂછિ મ પૂછહ એહ મયા..." (૨૧૮)

(ઋષિરાજ કહે છે, 'દૈત્યરાજ ! મને એ વાત પૂછો મા, પૂછો મા')

"લોઈ એહ હકીકતિ જેહ લહાં, કહૌ તો મુખિ લાજાં કેમ કહાં ?" (૨૨૦)

(એ હકીકત-સમુદ્ર મંથનની વાત કરતાં મને અત્યંત ક્ષોભ સંકોચ થાય છે. કેમ કહું ?)

અહીં પણ હરદાસજી 'શિવ-પુરાણ' કરતાં વધુ વાસ્તવિક બન્યા છે. યજમાનને થયેલા અન્યાયનું દુઃખ જે રીતે ગુરુના મુખે પ્રગટે છે તે કવિની મૌલિક સૂઝનું પરિણામ છે. અહીં કવિ વધુ માનવીય બનતા જણાય છે.

'શિવ-પુરાણ'માં સમુદ્રમંથનની કથા આડકથા રૂપે આવેલ છે તેથી ખૂબ જ ટૂંકમાં એ કથા કહેવાઇ છે. ૧૫ માં અધ્યાયમાં ૯ થી ૧૬ એમ કુલ ૮ શ્લોકમાં જ આ કથા કહેવાઇ છે. એમાં વિષ્ણુએ રાહુના મસ્તકને છેદ્યું એ વાત પણ આવી જાય છે. જ્યારે 'જાલંધર પુરાણ'માં કવિએ રસ સ્થાન પારખીને આ કથામાં વિષ્ણુ ભગવાનના કૂર્માવતારની, શંખાસુર વધની કે મોહિની સ્વરૂપ ધારણ કર્યાની વાત વિગતે નિરૂપી છે. કુલ ૧૪૨ કડીઓમાં આ ઉપાખ્યાનને વિસ્તૃત રીતે કવિએ નિરૂપેલ છે, જે જાલંધર અને દેવોની શત્રુતાનું મુખ્ય કારણ બની રહે છે.

'શિવ પુરાણ' અનુસાર સાગરમંથનની કથા પછી રાહુનો ઉલ્લેખ મળતો નથી, જ્યારે 'જાલંધર પુરાણ' અનુસાર જાલંધર રાહુનું દુઃખ ફેડવા શિવના શરણે જાય છે અને કહે છે;

"સેવક કૂં સુખ ઉપજે, સાહિબ કૂં સુખ હોઇ;
સચાં સાંમ ઓ સો આલમાં, ઓ જગજીવન જોઇ." (૪૦૯)

('હે જગતના જીવનરૂપ શિવ ! એ જ સાચો માલિક છે જે પોતાના સેવકના સુખે સુખી અને દુઃખે દુઃખી થાય.')

જાલંધર જે ચતુરાઇપૂર્વક આ વ્યંજનાયુક્ત ઉચ્ચારણો કરે છે તે છે તો પોતાને માટે, પરંતુ જેમ રાહુ જાલંધરનો સેવક છે તેમ જાલંધર શિવનો ભક્ત છે. તેથી આ વ્યંજના શિવ સુધી વિસ્તરે છે. ભગવાન શિવ શું આ મર્મને ન પામી શકે ? ભક્તનું દુઃખ ભાંગવા શિવ રાહુને શરીર આપે છે.

જાલંધર ઇન્દ્ર પર ચઢાઇ કરે છે એ પ્રસંગ કથન 'શિવ પુરાણ' અને 'જાલંધર પુરાણ'માં સમાન છે. માત્ર સંદેશવાહક દૂતના નામમાં ભેદ જોવા મળે છે. 'શિવ પુરાણ'ના દૂતનું નામ 'ઘસ્મર' છે, જ્યારે 'જાલંધર પુરાણ'ના દૂતનું નામ 'દુર્વારણ' છે. 'ઘસ્મર' કેવળ મૌખિક સંદેશો લઇને જાય છે, જ્યારે 'દુર્વારણ' જાલંધરનો પત્ર લઇ જાય છે. 'ઘસ્મર'ની યાત્રા સંબંધે 'શિવ પુરણ' મૌન છે, જ્યારે 'દુર્વારણ' રથારૂઢ થઇ ઇન્દ્ર પાસે જાય છે. પ્રાતઃકાળે પહોંચેલો દુર્વારણ દ્વારપાળ સાથે પોતાના આગમનનો સંદેશો આપ્યા બાદ ઇન્દ્રના દરબારમાં પ્રવેશ મેળવે છે. દુર્વારણ ઇન્દ્રને જાલંધરનો પત્ર આપે છે અને ઇન્દ્રના દરબારનો માણસ એ પત્ર વાંચી સંભળાવે છે.

'શિવ પુરાણ'માં દ્વારપાળનો કોઇ ઉલ્લેખ નથી. ત્યાં ઘસ્મર સીધો જ ઈન્દ્ર સભામાં પહોંચી જઈનિ અભિમાનપૂર્વક જાલંધરનો મૌખિક સંદેશો ઈન્દ્રને સંભળાવે છે. આ રીતે 'શિવ પુરાણ' કરતાં હરદાસજીનું વર્ણન રાજરીતિને અનુસરે છે.

'શિવ પુરાણ' અને 'જાલંધર પુરાણ'માં નાં યુધ્ધ વર્ણનોમાં 'જાલંધર પુરાણ'નું વર્ણન વધુ રોચક બનવા પામ્યું છે. હરદાસજીએ પોતાના યુગમાં યુધ્ધો જોયાં છે. તેનો આંખે દેખ્યો અનુભવ એમાં કામ કરી ગયો છે. હરદાસજીએ યુધ્ધ વર્ણનોને બહેલાવીને રજૂ કર્યાં છે. યુધ્ધ માટે તૈયારી કરતાં સૈન્યો, યુધ્ધનાં ઉપકરણો, યુધ્ધ સમયનું વાતાવરણ, રણભૂમિમાં વગાડાતાં વાજિંત્રો, સૈન્યોની હલચલ, યુધ્ધનો કોલાહલ, રક્ત-માંસ યુક્ત વેરાયેલાં અંગ-ઉપાંગો ઈત્યાદિના કરુણાજનક દર્શન વર્ણનથી બીભત્સરસ નિપજાવી કવિ યુધ્ધનું જીવંત દર્શન કરાવે છે. વાજિંત્રોના નાદનું વર્ણન જુઓ :

"રુડે રિણ તૂર તંણાં પૌહૌરાજ, ગુડે તિંણિ ગાજ ગિનંનઆ ગ્રાજ;
ન ફેરીઅ ભેરીઅ ભૂંગલ નદ, સુરાંદલિ સલલિ પંચસબદ."(૫૦૨)

(રાજવીના રણતૂર બજ્યાં, એના શબ્દે આકાશની મેઘ ગર્જનાને પણ દબાવી દીધી. ન ફેરી ભેરી અને ભૂંગળના નાદ સાથે વાર્જિત્રોનો પંચશબ્દ દેવ સૈન્યમાં સેસ્રાટી બોલાવી રહ્યો.)

"ડહકીઅ ડુંડિ દમાંમાં ડક, ઢંમંકા ઢોલ તંણા પડિ ઢક,
ઝંણકા ઝાલરકા ઝકઝોલ, બરંગા રોલ પડી જલ બોલ." (૫૦૩)

(સાથે દમામા (એક નગારા જેવું વાર્જિત્ર વિશેષ) પર દાંડી પડી અને ધ્વનિ ગાજી ઉઠ્યો. ઢોલના ઢક ઢક એવા ઢમકા પણ થયા. ઝાલરના એવા તો વિપુલ વિચલિત કરનારા નાદો થયા કે જાણે શુરવીરોના મસ્તકો રોળી નાખનારો પ્રલયકાળ આવ્યો.)

"ત્રહકીઅ ત્રાંબક તૂર તબલ, ઢલ કીઅ આંમૌ સાંમીઅ ઢલ;
જાલંધર જૂંસંણ ઈંદ્ર જડીઅ, ચૌગાનિ ચૌગાંનિ ગુંમાંન ચડેઅ.''(૫૩૦)

(ત્રાંબાળુ ઢોલ, તૂટી અને તબલાઓ ત્રહેકી ઊઠ્યાં, ઢોલકો સામ સામે વાગવા લાગ્યા. જાલઘર અને ઈન્દ્ર સામસામે યુધ્ધે ચડ્યા, એ વેળા તેમને ચોગણો ગર્વ ચડી ગયો.)

જાલંધર અને ઈન્દ્રના આ પ્રથમ યુધ્ધમાં શુક્રાચાર્ય દ્વારા દાનવોને અને બૃહસ્પતિ દ્વારા દેવોને પુનર્જીવિત કર્યાના ઉલ્લેખ 'શિવપુરાણ'ની મૂળકથામાં છે. દેવોના પુનર્જીવિત થવાની માહિતી જાલંધર દ્વારા શુક્રાચાર્ય પાસેથી જાણવી, દ્રોણાચલ પર્વતને જળસમાધિ આપવી, ભયભીત દેવોનું

નાસી જઇ વિષ્ણુને શરણે જવું, વિષ્ણુ દેવોની મદદે જતાં સમુદ્રતનયા લક્ષ્મીની પોતાના ભાઇને ન હણવા પતિને વિનંતી, જાલંધરને હણવાનું પોતાના માટે અશક્ય છે, એવો વિષ્ણુનો પ્રત્યુત્તર ઇત્યાદિ પ્રસંગોનો ઉલ્લેખ અહીં છે. 'જાલંધર પુરાણ'માં લક્ષ્મીજીની વિનંતી વધુ આર્દ્ર અને માનવીય લાગે એ રીતે હરદાસજીએ નિરૂપી છે. જ્યારે ભગવાન વિષ્ણુ ઇન્દ્રની સહાયતા અર્થે જાલંધર સામે યુધ્ધે ચઢવા જાય છે ત્યારે લક્ષ્મીજી કર જોડી પતિને પ્રાર્થે છે,

"સોઇ મૂં ભાઉ સુ જાણૈ, જોઇ દરીઆઉ જાઉ જાલંધર;
મારંણ મંમ પરીઆંણૈ, કારંણ કૈરે મંન મૈ મૂઝ." (૫૫૪)

(એ સાગરપુત્ર જાલંધરને આપ મારો ભાઇ જાણો અને એને મારવા મટે આપ મારા કારણે પરિયાણ ન કરો.)

"જો જાલંધર હઇયં, કાંમ ઈણિ કાલિ લગસૈ લછણ;
જે કહીયંસે કહીયં, ઇતા મઝિ સમજૈ સાંમ." (૫૫૫)

(જો તમે જાલંધરને હણશો તો મને કલંક લાગશે. મારા આટલાં વચનથી જ આપ સમજી જાઓ.)

"કહિ સૈ સગી નહોતી, કંમલા મતે ભૂઅ આભંતર;
જોંઇ કર જોડ કહતી, સુર ભાજંત ઈંદ્ર ઇંદ્રાસણ." (૫૫૬)

(પૃથ્વી અને સ્વર્ગમાં સૌ એમ કહેશે કે લક્ષ્મી જાલંધરની સગી બહેન જ ન હતી. આથી હું આપને હાથ જોડી વિનંતી કરું છું. દેવો, ઇન્દ્ર અને ઇન્દ્રાસનની ભાંજગડમાં પડશો નહિ.)

'જાલંધર પુરાણ'ની લક્ષ્મીજીનાં વચનોમાં વધુ આજીજી છે. માનવતાસભર ભાવોની અભિવ્યક્તિ કરતાં લક્ષ્મીજી પૌરાણિક દેવી ન રહેતા માનવદેહ ધારી લાગણીસભર બહેન બની રહે છે. જ્યારે 'શિવ પુરાણ'માં પોતે જાલંધરને હણવા શક્તિમાન નથી એવું નિખાલસતા પૂર્વક કહેતા વિષ્ણુ અહીં ચતુર બનતા જણાય છે. તે લક્ષ્મીજીની વિનંતીનો પ્રત્યુત્તર ન આપતા મુત્સદ્દીભર્યું મૌન સેવે છે.

'શિવ પુરાણ'માં જાલંધર દ્વારા દ્રોણાચલને જળસમાધિ આપ્યાની વાત પ્રથમ યુધ્ધમાં છે. જ્યારે 'જાલંધર પુરાણ' બીજા યુધ્ધમાં તે પ્રસંગને નિરૂપે છે. 'જાલંધર પુરાણ' અનુસાર દ્રોણાચલ સાગરમાં વસે છે. સાગરનો શરણાગત છે. જળ બહાર રહેલા તેના શિખરોમાંથી ઔષધિ પ્રાપ્ત કરી બૃહસ્પતિ દેવોને જીવાડે છે. આથી જાલંધરના આગ્રહને વશ થઇ સાગર તેને જળસમાધિ આપે છે.

આમ, સાગર દ્રોણાચલ જાલંધરનો વિરોધી હોવા છતાં પોતાનો આશ્રિત હોઇ તેને બચાવે છે એ એના ક્ષત્રિયોચિત વ્યવહારનું દર્શન કરાવે છે. શરણાગતના રક્ષણની આ મધ્યકાલીન પરંપરા પિતા-પુત્રનું ગૌરવ વધારે છે. જેનો 'શિવ-પુરાણ'માં અભાવ છે.

યુધ્ધના કથાનકમાં પણ 'જાલંધર પુરાણ' એક આડકથાને વણે છે જે 'શિવ પુરાણ'માં નથી. ઇન્દ્ર દ્વંદ્વ યુધ્ધ કરે છે. પરાજિત ઇન્દ્ર બલિદાનવની પ્રશંસા કરી તેને વરદાન આપવા પ્રેરે છે. બલિદાનવ ઇન્દ્રને વરદાન માગવા કહે છે ત્યારે ઇન્દ્ર પોતાના હાથે બલિદાનવનું મૃત્યુ માગે છે. ટેકીલો દાનવ ઇન્દ્રને હાથે વચન ખાતર પોતાનું માથું કપાવે છે. અહીં કવિએ મધ્યકાલીન ટેકીલા ક્ષત્રિય સમાજનું પ્રતિબિંબ ઝીલ્યું છે. જે ક્ષત્રિય સમાજને તેઓએ નજીકથી નિહાળ્યો છે તેનું હૂબહૂ દર્શન અહીં કરાવ્યું છે. એ રીતે તેણે સમકાલીન સમાજને ઉજાગર કર્યો છે.

બીજા સંગ્રામમાં પ્રથમ જાલંધર અને ભગવાન વિષ્ણુ વચ્ચે શસ્ત્ર યુધ્ધ અને પછી બાહુયુધ્ધ થાય છે, જેમાં જાલંધર વિજયી થયાનો ઉલ્લેખ બંને પુરાણોમાં છે.

'શિવ-પુરાણ' અનુસાર ભગવાન વિષ્ણુ જાલંધરના પરાક્રમથી પ્રસન્ન થઇ એને વરદાન માગવા કહે છે ત્યારે જાલંધર ભગવાન વિષ્ણુ લક્ષ્મીજી સાથે પોતાને ત્યાં (ઘર જમાઇ) તરીકે જ રહે એવું માગે છે. તે મુજબ વિષ્ણુ જાલંધર નગરીમાં આવી વસે છે. 'જાલંધરપુરાણ'માં કવિ આ પ્રસંગને પોતાની આગવી સૂઝથી મૌલિક રીતે નિરૂપે છે. જે મૂળકથા પ્રસંગ કરતાં વધુ અસરકારક બની રહે છે. 'જાલંધર પુરાણ' અનુસાર જાલંધર અને વિષ્ણુના દ્વંદ્વયુધ્ધ દરમિયાન જાલંધર ભગવાન વિષ્ણુને પકડીને આકાશમાં ફંગોળે છે અને એ જ્યા પડે ત્યાં વિષ્ણુ અને જાલંધર વચ્ચે આવીને લક્ષ્મીજી પોતાના ભાઇને હાથ જોડીને વિનંતી કરે છે,

"કહૈ કંમલા કર જોડકથંન, બલવંત બંધવ મૂઝ બિહંન;
ભલૌ હોઇ મૂઝ મૌહ જો ભ્રાંત, વિમાસે તૂંજ વેદૈ ઇમ વાત." (૭૦૫)

(એ સમયે લક્ષ્મીજીએ જાલંધરને હાથ જોડીને વિનંતી કરી કે : 'હે બળવાન બાંધવ, ભલો થઇને મારી વાત પર વિચાર કર અને મારા મોં સામું જો.')

"જાલંધર મૂં મુખ સાંમૌ જોઇ, વડેરી બૈન ભણૈ વિસલોઇ;
મોહ તું મયા કરિ પીહર મૂઝ, તવાં આસીસ જુગો જુગ તૂઝ" (૭૦૬)

(હે જાલંધર ! તું મારા મુખ સામે જો. હું તારી મોટી બહેન વારંવાર વિનંતી કરું છું. મારી પિયર વટ મારા બાંધવ, તું મારા પર કૃપા કર હું યુગોયુગ સુધી તને આશીર્વાદ આપીશ.)

લક્ષ્મીની આવી આજીજી યુક્ત વાણી સાંભળી જાલંધર કહે છે,

''ભંણે તબ બૈન સેસ્સૌ ભ્રાંત, વિસંમી દેખતાં દોઇ વાત;
જાલંધર રાઉ જંપૈ હરિ જિહ, દઇતાં થીઅ હુઓ નિસ દીહ.'' (૭૦૭)

(ત્યારે જાલંધર પોતાની બહેનને કહે છે : 'હે બહેન ! મને વિષ્ણુની બે વાતો સદા ખટકે છે. વિષ્ણુએ કાયમ માટે દૈત્યો પ્રત્યે દુશ્મનાવટ જ રાખી છે.')

લક્ષ્મીજી જાલંધરને સમજાવે છે કે, ''હવે આ સારંગપાણિ તારી આજ્ઞામાં રહેશે પરંતુ વિષ્ણુને પામી ગયેલ જાલંધર કહે છે;

''જાલંધર રાઉ જંપૈ લછિં જોઇ, નારાઇણ આઇસ વસ ન હોઇ,
વડૌ ઠગ ઠાકર બાવન વીર, સગૌ જિ ન જાંણે સામ સરીર.'' (૭૦૯)

(ત્યારે જાલંધરે લક્ષ્મીજીને કહ્યું કે; ''હે બહેન ! આ નારાયણ કોઇને વશ થઇને કે અનુકૂળ થઇને રહે તેવા નથી. આ વિષ્ણુ ઘણા ચતુર છે. તેઓ તો ઠગોના સરદાર છે. આ શ્યામ શરીર વિષ્ણુ કોઇને પણ સગાં ગણાતા નથી.'')

''સગપણ સંધ ન લખૈ સોઇ, વડા વેસાસ કિસૌ વિસલોઇ;
લિખમી તોરી મૌરે લાજ; અંમીણૌ કારજ સીંધિ આજ.'' (૭૧૦)

(''તેઓ સમય આવ્યે કોઇ સગપણનું બંધન - મર્યાદા રાખતા નથી. આ વિષ્ણુનો વિશ્વાસ કેવી રીતે કરવો હે બહેન ! આજે મને તારી લાજ આડે આવે છે. નહીંતર આજે અમારું દૈત્યોનું કાર્ય સિધ્ધ થાત.'')

આમ, જાલંધરને વિષ્ણુ પર તલભાર વિશ્વાસ નથી પરંતુ લક્ષ્મીજીની શરમ આડે આવે છે. વિષ્ણુની જ્યારે આંખ ઉઘડે છે ત્યારે લક્ષ્મીજી વીર જાલંધરને કહે છે, 'વિષ્ણુ મારી તો ખૂબ આમન્યા રાખે છે.' આથી પ્રસન્નચિત્ત થયેલાં વિષ્ણુ જાલંધરને વરદાન માગવા કહે છે. જાલંધર કહે છે; મારે ત્યાં કોઇ વાતની ખોટ નથી. હું શું માગું ? છતાં લક્ષ્મીજીનાં આગ્રહથી જાલંધર માગે છે.;

"વઈકંઠ નાથ હુઆ વસિ વ્રત, વડૌ જાલંધર રાઉ વખત;

પ્રંણૈ જાલંધર સાગર પાસ, વઈકંઠ છોડિ વસૌ નીઅ વાસ." (૭૧૫)

(જાલંધરના એ શ્રેષ્ઠ સમયે વૈકુંઠનાથ વચનથી બંધાઇ તેને વશ થયા હતા આથી જાલંધરે કહ્યું કે, 'તમે વૈકુઠનું તમારું નિવાસ સ્થાન છોડીને સમુદ્રમાં વસો.')

આ પ્રસંગ દ્વારા કવિએ ભાઇ-બહેનની સ્નેહ સરવાણી વહાવી છે, તેથી આ કથા કોઇ દેવોની ન રહેતા પોતાની આસપાસના પરિચિત પાત્રોની, વાતાવરણની અનુભૂતિ થાય એ રીતે કવિએ એની ગૂંથણી કરી છે. આની તુલનાએ 'શિવ પુરાણ'ની કથા નિરસ લાગે છે. 'શિવ પુરાણ'માં જાલંધરને ભગવાન વરદાન માંગવાનું કહે છે ત્યાં લક્ષ્મીજી ગેરહાજર છે એટલું જ નહિ, જ્યારે જાલંધરને વરદાન માગવાનું કહેવામાં આવે છે ત્યારે તે તરત જ વરદાન માગી લે છે. જ્યારે 'જાલંધર પુરાણ'નો જાલંધર નિસ્પૃહી છે. પ્રથમ તો તે વરદાન માગવા જ તૈયાર નથી પરંતુ લક્ષ્મીજીના આગ્રહથી વિષ્ણુ સમુદ્રવાસ સ્વીકારી, ઘરજમાઇ બની રહે એવું વરદાન માગે છે.

આ બીજા યુધ્ધમાં જવલંત વિજય પછી 'શિવ પુરાણ' એક જ શ્લોકમાં જાલંધરના સુરાજ્યનું વર્ણન આપે છે;

*'न कश्चिद व्याधि तो नैव दुखितो न कशस्त था ।*

*न दीनो द्श्यते तस्मिन धर्माद राज्य प्रशासित ॥*

(એ જાલંધર ધર્મપૂર્વક રાજ્યશાસન કરતો હતો. ત્યારે તેના રાજ્યમાં કોઇપણ પ્રાણી વ્યાધિગ્રસ્ત, ત્રસ્ત, દુર્બળ કે દીન દરિદ્ર ન હતું.)

આ પ્રકારના જાલંધરના સુરાજ્યના વર્ણન 'જાલંધર પુરાણ'માં બંને યુધ્ધ વર્ણનો પૂર્વે વિસ્તારથી મળે છે. માનવીય ગુણોના આલેખનમાં હરદાસજી 'શિવ પુરાણ' કરતાં ઘણા ચડિયાતા ઠરે છે.

'શિવ પુરાણ'માં બીજા સંગ્રામ પછી પરાજિત થયેલા દેવો પરમાત્મા શિવને પ્રાર્થે છે. શિવ દેવોના કલ્યાણાર્થે નારદને જાલંધર પાસે મોકલે છે. અહીં શિવ 'ભોળાનાથ' રહેતા નથી. જ્યારે જાલંધર ધર્મપૂર્વક રાજય કરતો હોય ત્યારે આ રીતે પક્ષપાત કરી દેવોના હિતાર્થે જાલંધરનું અહિત કરવું તેમને શોભતું નથી. એનાથી શિવની પ્રતિભા ઝાંખી પડે છે. શિવની પ્રેરણાથી દેવો પાસે ગયેલા નારદ દેવોની વ્યથા - કથા સાંભળી જાલંધરનું અહિત કરવા તેની પાસે જાય છે.

જ્યારે 'જાલંધર પુરાણ'માં ભોળાનાથ ભોળાનાથ જ રહે છે. અહીં શિવની પ્રતિભાને કવિએ ઝાંખપ લાગવા દીધી નથી. 'જાલંધર પુરાણ'માં નારદ શિવની પ્રેરણાથી નહીં, સ્વયં પ્રેરણાથી જાલંધર પાસે જાય છે.

અહીં પણ હરદાસજીએ વધુ વાસ્તવિક અને મૌલિક અભિગમ અપનાવ્યો છે. 'જાલંધર પુરાણ'માં પ્રથમ તો પરાજિત દેવો પિતામહ બ્રહ્મા પાસે જઇ જાલંધર રૂપી મહા સંકટની વાત કરે છે ત્યારે બ્રહ્માજીએ કહ્યું કે, 'એને ઉત્પન્ન કરનાર શિવ જ એના મૃત્યુનું કારણ બનશે. ઇન્દ્રાદિ દેવો સહિત બ્રહ્મા શિવ પાસે ગયા ત્યારે શિવે ઇન્દ્રને કહ્યું કે,

"હૂઓ સંતોસ સુરાં હવૈ, કે મન મઝિ મણાલ;
હીયંડે હૂઓ સંતોષ હવિ, હુઆ ત્રિપતા હાથ." (૭૬૩)

('હે ઇન્દ્ર ! હવે તમારી યુધ્ધપ્રીતિ પૂર્ણ થઇ ? કે પછી હજી પણ મનનાં કોડ અધૂરા છે ? હવે તારા હૃદયને સંતોષ થયો ? યુધ્ધ ઝંખતા તારા હાથ તૃપ્ત થયા ?')

ત્યારે દેવતાઓએ મળીને કહ્યું કે;

"જાલંધર કી તોડી જડ, જાલંધર થૈ છોડિ." (૭૬૫)

('હે પ્રભુ ! હવે આપ જાલંધરની જડ તોડો અને અમને જાલંધરના ત્રાસથી મુક્ત કરો.')

આ પ્રકારની દેવોની વિનંતીથી શિવ જાલંધરનો વધ કરવા સંમત થાય છે. સર્વ દેવોના તેજને એકત્રિત કરવામાં આવે છે. ભગવાન વિષ્ણુ પણ પોતાનું તેજ તેમાં સમ્મિલિત કરે છે. આ તેજમાંથી પ્રભુ વિશ્વકર્માને આયુધ ઘડવાનો આદેશ આપે છે. વિશ્વકર્મા પોતાની અશક્તિ જાહેર કરે છે ત્યારે શિવ જ સુદર્શન ચક્રનું નિર્માણ કરે છે. એ વેળા નારદમુનિ ત્યાં હાજર છે. તે કોઇની પ્રેરણા વગર જાલંધરને શિવ વિરુધ્ધ ઉશ્કેરવા માટે નીકળી જાય છે. અહીં હરદાસજી એ રીતે શિવને ભોળાનાથ જ રહેવા દે છે. નારદ જાલંધર પાસે જઇ શિવ પાસેથી પાર્વતીને મેળવવા ઉશ્કેરે છે. આ બાબતે બંને કૃતિઓ સહમત છે.

'શિવ દેવતાઓને મદદરૂપ થાય છે', એમ કહી નારદ શિવ અને જાલંધર વચ્ચે તિરાડ ઊભી કરે છે. કોઇપણ જાતના અપરાધ વગર શિવ પોતાના ભક્ત જાલંધરના વધ માટે સુદર્શન ચક્રનું નિર્માણ કરે તે અનુચિત અને અન્યાયી છે. ઇન્દ્રએ સામે ચાલીને જ જાલંધરરૂપી આફત નોતરી છે. આમ છતાં શિવ પોતે પ્રથમ ચઢાઇ કરતા નથી કે નારદને જાલંધરને ઉશ્કેરવાની પ્રેરણા આપતા નથી

એ 'જાલંધર પુરાણ'ના શિવનું જમા પાસું છે. 'શિવ પુરાણ'ના શિવ કરતાં 'જાલંધર પુરાણ'ના શિવનું પાત્ર વધુ ઉજ્જવળ બનવા પામ્યું છે.

નારદનો ઉશ્કેર્યો જાલંધર પરસ્ત્રી પાર્વતીને પામવા યુધ્ધ ખેલે એમાં અનૌચિત્ય રહેલું છે. આ અનૌચિત્યમાંથી કોઈપણ પુરાણે જાલંધરને મુક્ત રાખ્યો નથી. ભક્ત તરીકેનું જાલંધરનું ગૌરવ અહીં પણ એમ જ ઝાંખુ પડે છે. સાગરનું પાત્ર અહીં અલગ રીતે જ કવિએ ઉપસાવ્યું છે. સાગર એક ભક્ત અને પુત્રહિતૈષી પિતા તરીકે પુત્રને માત્ર શિખામણ આપીને અટકી જતો નથી, પરંતુ એક ભક્તને છાજે તે રીતે ૩૪ છંદોમાં (કડીમાં) લંબાણપૂર્વક શિવનું સ્તવન કરે છે. એ ઉપરાંત પત્ની વૃંદા અને માતા સિંધુ નદી જાલંધરને વારંવાર વારે છે. આ બધું હરદાસજીનું મૌલિક ઉમેરણ છે.

રાહુ જાલંધરનો સંદેશો લઈ શિવ પાસે જાય છે એ બાબતમાં બંને પુરાણો સહમત છે. 'શિવ પુરાણ'નો રાહુ જાલંધરનો અવિવેકી સંદેશો શિવને કહેતાં અચકાતો નથી, જ્યારે 'જાલંધર પુરાણ'નો રાહુ સંકોચ અનુભવે છે. જાલંધર પોતાના આવા દુષ્કૃત્યથી મરવાનો થયો છે, એવું રાહુ મનોમન વિચારે છે. રાહુનો ક્ષોભ નીચેના શબ્દોમાં અભિવ્યક્ત થાય છે,

"રાહુ કરે ત્રૈભુવંની રાયા, કહત ન સોભુ કાયંમ કાયા;
જાલંધર કહેઓ આછૈ જે, ત્રિભૂયંણનાથ કહાં કાસૂં તે" (૮૫૨)

(રાહુએ કહ્યું કે : "હે ત્રિભુવનનાથ ! જાલંધરનો સંદેશો કહેવામા હું શોભીશ નહીં. હે ત્રિલોકનાથ ! જાલંધરે મારી સાથે જે સંદેશો કહેવડાવ્યો છે તે હું તમને કેવી રીતે કહું ?")

રાહુની આ વિનયભરી વાણીનો 'શિવ પુરાણ'માં અભાવ છે. 'જાલંધર પુરાણ'માં રાહુ દ્વારા કહેવાતો જાલંધરનો સંદેશ વ્યાજસ્તુતિ અલંકાર મંડિત છે. એ દ્વારા ભગવાન શિવની મહિમાનું કવિએ ગાન કર્યું છે. આ રીતે બંને પુરાણોમાં સંદેશો કહેવાની રીતમાં ભેદ જોવા મળે છે.

રાહુના મુખે જાલંધરનો સંદેશ સાંભળી ભગવાન શિવ ગુસ્સે થાય છે. એમની ભ્રમરોમાંથી પ્રેતપુરુષ પ્રગટ થાય છે એ બાબતમાં પણ બંને કૃતિઓ એકમત છે. કરાળ પ્રેતપુરુષને જોઇ "શિવ પુરાણ"નો રાહુ નાસી જાય છે. જેને પ્રેત પકડી પાડે છે પરંતુ તેને મુખમાં મૂકતો નથી. જ્યારે 'જાલંધર પુરાણ'નો રાહુ ભાગતો નથી પરંતુ રાહુને પ્રેત પોતાના મુખમાં મૂકી દે છે.

"જાજુલમાંન ઉઘાડી જાડી, આહણે ઓ મઝિ રાહુ ઉપાડી;"(૮૬૩)

(એ જાજવલ્યમાન યોધ્ધાએ પોતાનું વિશાળ મુખ ઉઘાડીને તેમાં રાહુને ઉપાડીને મૂક્યો.)

અહીં શિવ પ્રેત પુરુષને નિર્દોષને ન ખાવાની આજ્ઞા કરે છે. શિવની આજ્ઞા છતાં એ પ્રેતે રાહુનું અંગ ખાધું પણ તેનું મસ્તક ન ખાધું. બંને પુરાણો પ્રેતપુરુષની ભૂખનો ઉલ્લેખ કરે છે. 'શિવ પુરાણ'માં શિવ ભૂખ્યા પ્રેત પુરુષને પોતાનું જ અંગ ખાવાનો આદેશ આપે છે જેને અનુસરતા પ્રેતનું મસ્તક જ બાકી રહે છે. અહીં શિવનું વર્તન ક્રૂર જણાય છે. 'જાલંધર પુરાણ'ના શિવ આવી નિર્દય આજ્ઞા કરતા નથી. તે વ્યવહારૂ રીતે પ્રેતની ભૂખ ભાંગવાનો ઉપાય બતાવતા કહે છે;

"જા મ્રિતલોક કૈહે અંગ જેતા, આહિવ મૅરે કૅરે ભ્રખ એતા." (૮૬૫)

('તું મૃત્યુલોકમાં જા અને ત્યાં યુધ્ધમાં હાથી અને લોકો મૃત્યુ પામે તેના અંગ - ઉપાંગો ખાજે.')

મૃત્યુલોકમાં જાલંધરનો સુરાજ્યકાળ પ્રવર્તે છે જ્યાં કોઇને મૃત્યુ નથી. નિરાશ થઇ પ્રેત પુરુષ પાછો વળે છે. ભૂખ્યો હોવા છતાં તે શિવની આજ્ઞા વિરૂધ્ધ કોઇ જીવિત માનવી, પશુને ખાતો નથી. 'શિવ પુરાણ'માં આ પ્રેત પુરુષને 'કીર્તિમુખ' નામે ગણ બનાવવાનું મહાદેવ કહે છે. જ્યારે 'જાલંધર પુરાણ'માં કવિએ મૌલિક પણ કરુણ વાત કરી છે. પૃથ્વી પરથી ભૂખ્યો આવેલ પ્રેત આખરે પોતાની ભૂખનું શમન કરવા પોતે પોતાનું જ માંસ ખાઇ જાય છે અને મૃત્યુ પામે છે. છેવટે શિવજીએ તેના પર કૃપા કરીને તેને સાયુજ્ય મુક્તિ આપી.

'શિવ પુરાણ' અનુસાર પ્રેતના મુખમાંથી બચેલો રાહુ જાલંધર પાસે જઇ તેને કોઇ ઠપકો આપતો નથી. જ્યારે 'જાલંધર પુરાણ'માં રાહુ સ્વામીનું હિત ઇચ્છનાર છે તેથી સર્વ વૃત્તાંત કહ્યા પછી તેના હિતમાં તેને ઠપકો આપે છે.

'શિવ પુરાણ'માં પ્રથમ શિવ વિષ્ણુને બોલાવીને જાલંધરનો વધ ન કરવા માટે ઠપકો આપે છે. ભગવાન વિષ્ણુ કહે છે, કે પોતે જાલંધરને મારવા અસમર્થ છે કારણ કે જાલંધરની ઉત્પત્તિ રુદ્રના અંશમાંથી થઇ છે, ત્યારે ભગવાન શિવ ખુદ જાલંધરનો વધ કરવાનું સ્વીકારે છે.

હરદાસજી આ પ્રસંગોને ત્યજી દે છે. તેઓ રાહુની વિદાય પછી જાલંધરને સીધો યુધ્ધના મેદાનમાં ઉતારે છે. સાથે શૌર્ય પ્રેરક યોધ્ધાઓ, એમની યુધ્ધ તૈયારીઓનું વર્ણન આપે છે. આ ત્રીજા યુધ્ધના પ્રથમ મુકાબલામાં જાલંધરનો વિજય થાય છે, પરંતુ ત્યાં શિવની હાજરી નથી.

રાહુના દૂતકાર્ય બાદ જાલંધરની કૈલાસ પર ચઢાઇ, શિવગણો સાથે યુધ્ધ , શુક્રાચાર્ય દ્વારા મૃત દૈત્યોને સજીવન કરવા, ક્રોધિત રૂદ્રના મુખમાંથી કૃત્યાનું પ્રગટવું, કૃત્યાનું શુક્રાચાર્યને પકડી

પોતાની યોનિમાં મૂકી દેવું, યુધ્ધમાં વીરભદ્રનું ઘાયલ થઇપડવું અને અંતે જાલંધરનો વિજય વગેરે 'શિવ પુરાણ'માં છે. બીજા મુકાબલામાં ભગવાન શિવ અને જાલંધરનું યુધ્ધ, જાલંધરના સુભટોનું નાસવું, એમને પ્રેરક કટુવચન કહેતા જાલંધરનો શિવ સામે સંગ્રામ, માયાની રચના, માયાવી અપ્સરાઓ, ગાંધર્વો વગેરે દ્વારા ગાયન, વાદન અને નૃત્યથી શિવને સમગ્ર સૈન્ય સાથે મોહ પમાડવા, ત્યાંથી જાલંધરનું માયાવી શિવરૂપ ધારી પાર્વતી પાસે પહોંચવું, સખીઓ વચ્ચે રહેલી પાર્વતીને જોતાં વીર્ય - સ્ખલન થવું, પાર્વતીનું માયાવી દૈત્યને પામી જઇ અદશ્ય થવું, ભગવાન વિષ્ણુને બોલાવવા, જાલંધરના વધ માટે જાલંધર પત્ની વૃંદાનો શીલભંગ કરવા આદેશ આપવો વગેરે ઘટનાઓ નિરૂપાઇ છે. આ સમગ્ર કથાનકને મૌલિક ઉમેરણો વડે હરદાસજીએ વધુ જીવંત અને રસપૂર્ણ બનાવ્યું છે.

'શિવ પુરાણ'ના શિવ જાલંધર સાથે યુધ્ધમાં ઊતરતા પહેલા પાર્વતીને કંઇ કહેતા નથી, જ્યારે 'જાલંધર પુરાણ' ના શિવ યુધ્ધમાં જતી વેળા પાર્વતીને કહે છે કે, ''જાલંધર માયાવી રૂપ ધરી આવે તો તું ભૂલ ખાતી નહિ.'' પાર્વતી જવાબમાં કહે છે કે, ''હે શિવ ! ધીરજ રાખો. હું પોતે જ મહામાયા છું મને એ દૈત્ય શું માયા દેખાડશે.''

જાલંધર શિવનું સ્વરૂપ લઇ પાર્વતી પાસે જાય છે એ પ્રસંગને પણ હરદાસજી મૂળથી અલગ રીતે રજૂ કરે છે. શિવ સ્વરૂપે ગયેલો જાલંધર પાર્વતી પાસે જાય છે ત્યારે એના એક હાથમાં કાર્તિક અને બીજા હાથમાં ગણેશજીના (માયાવી) મસ્તક છે. પોતે પણ લોહી લુહાણ છે. દેવી પાર્વતી આવા હાલ જોઇ પરમેશ્વરને પૂછે છે,

''અંણ ગાંજે ઐ દઇત અકલીસં, ઇમ આવંણૌ હુઓ કિમ ઇસં'' (૯૩૧)

('હે એકળ એવા પરમેશ્વર ! આ રીતે દૈત્યને યુધ્ધમાં પરાસ્ત કર્યા વગર આપને ઘેર કેમ આવવું પડ્યું ?')

જવાબમાં માયાવી શિવ બંને પુત્રોના મસ્તકો પાર્વતી પાસે નાખીને પોતે યુધ્ધમાં પરાસ્ત થયાનું કહે છે અહીં હરદાસજીના હાથે પાર્વતી વધુ માનવીય બન્યા છે. વત્સલ માતા રૂપે બંને પુત્રો પ્રત્યેનું વહાલ આંસુરૂપે બહાર આવે છે.

''સાંમિ ગુણૈશ તંણા બેવે સિર, નાંખે અંમે આગલી નિજંનરં;
સાંમિ ગુણૈશ વિયોગ સકતી, ભરેઆ નીર નયણ ભગવતી.'' (૯૩૪)

***********

''રહ રહ રૂંદન કૅરૈ રૂદ્ર રાંણી પૂર પ્રવાહ હાલેઆ પાંણી;

અંમચા સરસ કૅહૈ નંદી ઇમ, પૂરૈ ઘાઇલ હર ડોલે પ્રંમ.'' (૯૩૫)

(એ સમયે ઉમા પાસે તેના માયાવી પતિએ ગણેશજી અને કાર્તિક સ્વામીના મસ્તકો મૂક્યાં. એ મહાશક્તિને બંને પુત્રોનો વિયોગ થતાં તેનાં નેત્રો જળે ભરાયાં.) (૯૩૪)

(એ રુદ્રાણી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યાં અને આંખોમાંથી આંસુનો પ્રવાહ વહ્યો. ત્યારે નંદીએ ઉમાજીને કહ્યું, ''ભગવાન શિવજી પણ પૂર્ણ ઘાયલ થવાથી લથડે છે.'') (૯૩૫)

અહીં નંદી પણ શિવ જેવો જ માયાવી છે. તે'શોકને ત્યજી શિવજીની સેવા કરો', એવું જ્યારે પાર્વતીને કહે છે ત્યારે પાર્વતીજીને શંકા જાય છે. પાર્વતી અદશ્ય થઇ પોતાની સખી જયાને પોતાના જેવી શણગારી શિવ પાસે મોકલે છે, જે જાલંધરને ઓળખી જાય છે અને પાર્વતીજી પાસે જઇ સઘળી વાત કરે છે.

અહીં પાર્વતીના દર્શનથી જાલંધરનું વીર્ય સ્ખલન થતું નથી. 'શિવ પુરાણ' કરતાં 'જાલંધર પુરાણ'નો જાલંધર એ રીતે સંયમી લાગે છે. એ ઉપરાંત માયાવી શિવના હાથમાં બંને પુત્રોના મસ્તકો હોવા, માયાવી શિવ અને પાર્વતીના સંવાદો, જયાનું પાત્ર, ગરૂડનું આગમન, ગરુડને મોકલી ભગવાન વિષ્ણુ દ્વારા જાલંધર અને શિવની લડાઇના સમાચાર જાણવા ઇત્યાદિ કવિનાં મૌલિક ઉમેરણો છે.

'શિવ પુરાણ' અનુસાર પાર્વતીજી ભગવાન વિષ્ણુને વૃંદાના શીલભંગ માટે ઉશ્કેરે છે. જે એક સ્ત્રી તરીકે કે મહામાયા શક્તિ તરીકે તેને લાંછનરૂપ કૃત્ય છે. 'જાલંધર પુરાણ'ના કવિએ શક્તિને આવા હીન કૃત્યથી દૂર રાખ્યા છે. અહીં કવિએ પાપકર્મ માટે ખુદ ભગવાન વિષ્ણુને જવાબદાર ઠેરવ્યા છે. તેઓ કહે છે,

''કાંમણિ ઈણિ ઘરિ સતી કહાએ, જાલંધર તૅરૈઓ તિણિ જાએ

હરિ કહેઓ ખ્રિંદા વ્રત હારે, મહાદેવ જાલંધર મારે.'' (૯૬૧)

(ભગવાન વિષ્ણુ કહે છેઃ 'જાલંધરને ત્યાં તેની પત્ની (વૃંદા) સતી કહેવાય છે એ વૃંદાના સતીત્વને કારણે જાલંધર તરી - ઉગરી જાય છે. જો વૃંદા શીલભ્રષ્ટ થાય તો જ મહાદેવ જાલંધરને મારી શકે.')

ત્યારબાદની 'જાલંધર પુરાણ'ની ઘટનાઓ જેવી કે વિષ્ણુનું સંન્યાસી રૂપ, વૃંદાનુ સ્વપ્ન, તેને લીધે તેની વ્યાકુળ સ્થિતિએ સર્વ 'શિવ પુરાણ'ના મૂળ કથા પ્રવાહને અનુસરે છે. ત્યારબાદ

ભગવાન વિષ્ણુની માયાને કારણે પ્રબળ વાયુ વાય છે, નગરમાં સ્થળે સ્થળે આગ ફાટી નીકળે છે, ધરતીકંપ સર્જાય છે આ સર્વ કવિનું મૌલિક ઉમેરણ છે. જેના દ્વારા વાતાવરણ વધુ ભયાનક બને છે.

'શિવ પુરાણ' અનુસાર વિષ્ણુ માયા વડે સંન્યાસી બની વૃંદાના શીલભંગ માટે બાગમાં આવે છે. વૃંદા બાગમાં આવતા બે રાક્ષસો તેની પાછળ પડે છે. 'જાલંધર પુરાણ'માં વિષ્ણુ કપટ મુનિ બની વનમાં માયાવી મઠ, આશ્રમ રચી એ આશ્રમમાં રહે છે. બાગમાં એક રાક્ષસ વૃંદા પાછળ પડે છે અને હરદાસજી ત્યાં વૃંદા-રાક્ષસનો સંવાદ પણ નિરૂપે છે.

''વિંદા સરસ કહે રાકસ વર, જાલંધર મૌરૈયો જડાધર;
મોટી આંલ દાંણ જગ માંહી, નારિ ઇમ્હીં અબ છૂટીસ નાંહી'' (૯૬૮)

(એ રાક્ષસે વૃંદાને કહ્યું : 'શિવજીએ તારા પતિ - જાલંધરને મારી નાખ્યો છે હવે આ જગતમાં મારી જ આણ-સત્તા પ્રવર્તે છે. આથી હવે તું મારા હાથમાંથી છૂટીશ નહિ.)

આમ કવિએ મૌલિક સૂઝથી કથા પોતને વણ્યું છે.

વૃંદાના શીલભંગનો પ્રસંગ કવિ નીચેના ક્રમે મૌલિક સૂઝથી આગળ વધારે છે.

પોતાની પાછળ પડેલા રાક્ષસથી બચાવવા વૃંદા બૂમો પાડે છે, ત્યારે માયાવી સાધુનું ચાલ્યા જવું, વૃંદાનું વનમાં આગળ વધવું, પારધીનું વૃંદા પાછળ પડવું, વૃંદાએ પુનઃ સાધુનું સ્મરણ કરવું, કપટમુનિનું વૃંદાની મદદે આવી પારધીને બાળીને ભસ્મ કરી ચાલ્યા જવું, વૃંદાનું તેની પાછળ જવું, વનમાંથી એક મૃગનું આવી સાધુને ચરણે નમવું, મુનિની કૃપા દૃષ્ટિથી મૃગનું સુવર્ણમૃગ બનવું, મૃગ પત્ની એ સુવર્ણ મૃગ બનેલ પતિને ન ઓળખતા શાપથી મૃગને મારી નાખવું, મુનિ દ્વારા મૃગનું સજીવન થવું. મુનિ દ્વારા થતા આવા ચમત્કારો નિહાળી વૃંદાનું જાલંધરની ભાળ મેળવવા માટે મુનિને પ્રાર્થવું, મુનિ દ્વારા બે વાનરોને આદેશ આપવો, વૃંદાએ નિશાની માટે ગળાનો હાર આપવો, એ હાર જાલંધરને રણભૂમિમાં જઇ બતાવી વૃંદાના મૃત્યુના સમાચાર આપવા તેમજ સિંધુ તથા સાગરે આ સમાચાર આપવા પોતાને મોકલ્યા હોવાનું કહેવું, જાલંધરે વાનરોની આ વાત નહિ સ્વીકારી પોતાના પગનાં સાંકળાં આપી પોતે કાલ સવારે આવશે એવો વૃંદાને સંદેશો કહેવડાવવો, વાનરો દ્વારા જાલંધરનું બનાવટી મસ્તક વૃંદા સામે રજૂ કરી તેના મૃત્યુના સમાચાર આપવા, ત્યારે વૃંદા પતિવ્રત ધર્મનું પાલન કરતા પતિ સાથે પોતાને પણ અગ્નિદાહ આપવાનું કહે છે. કપટમુનિ કહે છે કે, 'તારા સતી ધર્મના પાલન માટે તને અગ્નિદાહ આપીને અમે સ્ત્રી હત્યાનું પાપ શા માટે વહોરીએ ?'

વૃંદાએ પોતાની સખીની મદદથી કાષ્ટ ભેગા કરી ચિતા તૈયાર કરાવી અને તે ચિતારૂઢ થઇ. તે ક્ષણે માયાવી મુનિએ વૃંદાને અટકાવીને કહ્યું કે, "તારા સતીત્વના કારણે જ તારો પતિ સજીવન થશે." એમ કહી વૃંદાને નિંદ્રામાં નાખી પોતે જ જાલંધરનું સ્વરૂપ ધારણ કર્યું અને વૃંદા જ્યારે જાગી ત્યારે તે જાલંધર (વિષ્ણુ) ના ખોળામાં સુતેલી છે. આ બનાવટી જાલંધર દ્વારા આખરે વૃંદા શીલભંગ થાય છે. ત્યારબાદ વિષ્ણુ પોતાના અસલરૂપમાં આવી પોતાનો પરિચય આપતાં તેઓ વૃંદાને જીવતાં જ વૈકુંઠવાસ અને મુક્તિ આપવાનું કહે છે. જવાબમાં વૃંદા કહે છે;

'વૈકુંઠ વાસ સંમપંણ વાલા, કાલૌ કંમલ તોહરૌ કાલા;
વિંદા કહૈ ભલૌ કમલાવર, ઘરંમ ખાટેઓ ઘરંમ ઘોરંધર.''(૧૦૧૯)

(વૃંદાએ કટાક્ષમાં કહ્યું : 'હે કમળાપતિ - લક્ષ્મીવર ! હે ધર્મધુરંધર ! તમે આ કપટ કાર્યથી બહુ મોટું ધાર્મિક કાર્ય કર્યું છે. મોટો ધરમ ખાટ્યો છે. મને વૈકુંઠ દેવાની વાત કરનારા વિષ્ણુ ! આ પાપાચારને કારણે તમારું મુખ જ કાળું થશે.')

ભગવાન વિષ્ણુ વૃંદાને અગ્નિપ્રવેશ કરતા ફરી અટકાવતાં જે શબ્દો કહે છે તેમાં ભગવાન વિષ્ણુની નિર્લજ્જતા આ રીતે પ્રગટે છે,

"ચિત્ત ચાખા દિલ દોખ મ ચાહે, કલ પૈ કિસૂં વિકલપ મંન કાહૈ;
કંમલા હૂંત મૂલ મૌહંગી કરિ, અનંત કહૈ રાખાં ઉર ઉપરિ." (૧૦૨૨)

"(તું મને જાલંધર સમજી હતી. આથી તારૂં ચિત્ત તો શુધ્ધ હતું અને શુધ્ધ ચિત્તથી થયેલ કાર્ય માટે દોષ કે પાપ લાગતું નથી. તો પછી તું શા માટે ચિત્તમાં આકૂળ વ્યાકૂળ થઇ વિલાપ કરે છે? હું તને લક્ષ્મી કરતાં'ય મોંઘી કરીને મારા હૃદયમાં કાયમ રાખીશ.)"

ભગવાન વિષ્ણુ સગપણના નાતે લક્ષ્મીની ભાભી વૃંદાનો શીલભંગ કરે. લક્ષ્મી કરતાં સારી રીતે હૃદયમાં રાખવી એટલે એની શૌક્ય તરીકે રાખવા તૈયાર થાય, તે ભગવાન વિષ્ણુના ગૌરવને હણનારા પ્રસંગો છે. સામા પક્ષે વૃંદા નિર્દોષ હોવા છતાં પોતાના શીલભંગથી લજ્જિત અને વ્યથિત બની બળી મરવા તૈયાર થાય તેમાં ભારતીય સતીત્વની ઉજ્જવળ પરંપરાના દર્શન થાય છે.

"વિંદા કહે સુણિ વૈકુંઠ વાસી, જળેઆ વિણિ દુઃખ ન જાસી;
નીઅ લજ રાજ રહાવી નાંહી, મૈં મેહણાં લહૂં જગિ માંહી." (૧૦૨૫)

(વૃંદા કહે છે, 'હે વિષ્ણુ ! આપ સાંભળો, સતી થયા વગર હવે મારું દુઃખ મટશે નહિ. જો લાજ વિહીન એવી હું આ જગતમાં રહું તો હું મેણાં લેવાવાળી જ બની રહું.')

આખરે વૃંદા બળી મરે છે. આમ, અહીં પુરૂષની અધમતા અને સ્ત્રીની તેજસ્વીતા, પવિત્રતા પ્રગટે છે. 'શિવ પુરાણ'માં વૃંદાને માયાવી વિષ્ણુ રાક્ષસોથી બચાવે, સાધુને જાલંધરની યુધ્ધમાં શી સ્થિતિ છે તે વૃંદા પૂછે, કપટમુનિના સંકેતથી બે વાનરો હાજર થાય, સંકેત વડે આજ્ઞા મળતા દોડીને ગયેલા બે વાનરો ફરી દોડતા આવીને જાલંધરનો કપાયેલો દેહ લઇ આવે, વૃંદાનો વિલાપ, મુનીને જાલંધરને સજીવન કરવા વિનંતી, મુનિ જાલંધરને જીવિત કરી અદ્દશ્ય બને. જાલંધર રૂપ બનેલ વિષ્ણુ પોતે વૃંદા સાથે સમાગમ ક્રી વૃંદાને શીલભંગ કરે, વૃંદાને ખરી સ્થિતિનું જ્ઞાન થતાં તે વિષ્ણુને શાપ આપે કે, 'તમારી પત્નીનું રાક્ષસો હરણ કરશે અને તમે વાનરોની સહાય વાંછતા વનમાં ભટકશો, મહા દુઃખ પામશો', અને વૃંદા અગ્નિપ્રવેશ કરી પ્રાણત્યાગ કરે છે.

આમ, વૃંદાના શીલભંગના પ્રસંગમાં બંને પુરાણોના કથાંશો લગભગ મળતા આવે છે, પરંતુ 'જાલંધર પુરાણ'ના કવિએ આ પ્રસંગમાં માનવીય ભાવોનું આરોપણ કરી કથાને ખિલવવાનો પ્રયાસ કર્યા છે, અને એ દ્વારા પોતાની વર્ણનકલા અને કવિત્વનો પરિચય આપ્યો છે. વૃંદાની મનોવ્યથા અને વિષ્ણુ દ્વારા આશ્વાસન રૂપે કહેવાતાં લાલચયુક્ત વેણો 'શિવ પુરાણ'માં નથી. મૂળ કથાનકમાં નજીવા ફેરફાર છતાં સમકાલીન માનવભાવોનું નિરૂપણ કરવામાં કવિ મહદ્અંશે સફળ રહ્યાં છે.

'જાલંધર પુરાણ'માં વૃંદાના અગ્નિ પ્રવેશના સમાચાર સાંભળી જાલંધર શત્રુઓ સામે વધુ આક્રોશથી વેર લેવા તત્પર બને છે ત્યારે ગુરુ શુક્રચાર્ય શિવ અને વિષ્ણુ બેયનો સાથે મુકાબલો કરવો શક્ય ન હોઇ શિવનું શરણુ ગ્રહણ કરવાની સલાહ આપે છે. 'શિવ પુરાણ'માં ગુરુ આવી કોઇ સલાહ આપતાં નથી. ત્યાં તો શુક્રાચાર્ય પોતે પ્રથમ યુધ્ધમાં જ કૃત્યાની યોનિમાં પુરાઇને દુર્ગતિ પામ્યા છે. આમ, આ સલાહ કવિનું મૌલિક ઉમેરણ છે.

આ સલાહને અવગણીને જાલંધર ત્રીજો સંગ્રામ ખેંડે છે. આમ જોવા જઇએ તો એ ત્રીજા સંગ્રામનો બીજો ભાગ છે. વૃંદાના શીલભંગની કથા તેનો મધ્યભાગ બની રહે છે. શુક્રાચાર્યને ઉત્તર આપતી વખતે જાલંધરના વચનમાં મધ્યકાલીન ક્ષત્રિયવીરનાં દર્શન થાય છે.

''હરિસું વંણી તેપંણિ પરિસૂં હર, સરસ પિત ગગમાં ન નમાં સિરઃ
અંબરિ લગૌ વચણ વંદે ઇમ, પગે ન લગાં તંણે અપ્રંમ પ્રંમે.'' (૧૦૩૫)

('અત્યારે તો હું વિષ્ણુ સાથે જ લડીશ અને પછી હર સાથે લડીશ. પિતા સમુદ્રના ચરણોમાં જે મસ્તક નમેલું છે તે હવે શિવજીનાં ચરણે નહિ જ નમે.' જાલંધરે ક્રોધાન્વિત થઈને ઉગ્ર વચનો કહ્યાં અને તેં ગર્વને કારણે આકાશને આંબ્યો.)

પોતાના કોઈ દેખીતા અપરાધ વગર દુશ્મન બની લડવા આવેલા શિવના ચરણે મસ્તક નમાવવામાં જાલંધરનો ક્ષાત્રધર્મ લજવાય છે. સમરાંગણમાં જાલંધર-શિવ સામસામે આવતાં શિવના નેત્રોમાંથી ક્રોધાગ્નિ પ્રગટે છે છતાં જાલંધરનું ભક્તહૃદય શિવનું સ્તવન કરે છે, જે કવિની શિવ ભક્તિનું દર્શન કરાવી જાય છે. શિવ ભોળાનાથ છે. તેઓ જાલંધરના સ્તવનથી પ્રસન્ન થઈ તેને વરદાન માગવા કહે છે. અહીં જાલંધર તકનો લાભ ઉઠાવનાર સાબિત થતો નથી. તે પોતાનો યુધ્ધમાં જય, ત્રિલોકનું રાજ્ય, વિષ્ણુનો પરાજય કે વૃંદાને સજીવન કરવા જેવા ઐહિક વરદાન માગતો નથી. એ કેવળ મુક્તિ માગે છે. આ પણ હરદાસજીનું મૌલિક ઉમેરણ છે. તેનાથી જાલંધરનું પાત્ર વધુ યશોજ્વલ બની રહે છે. મુક્તિના વરદાનના બદલે શિવ તેને કહે છે,

"મહાદેવ હસેઆ મન માંહી, તૂં નારકી મુગતૂં નાંહી;
અમયા સરસ કિંમ મંનછા આંણી, ખિતિ અવતરીસ ફિરીસ ચત્રખાંણી. (૧૦૬૦)

(મહાદેવ મનમાં હસ્યા અને કહ્યું 'તે ઉમા પ્રત્યે કુદ્રષ્ટિ કરી તેને મેળવવાની મનેચ્છા કેમ કરી? માટે તું પાપી છો, તને મુક્તિ મળશે નહિ. તું ફરી ધરતી પર જન્મ લઈનિ ચારે ખાણ - ચોર્યાસી લાખ યોનિમાં ભટકીશ.')

એનો જવાબ જાલંધર ચતુરાઈપૂર્વક અને શાસ્ત્રાનુસાર આપે છે જેમાં એની શિવ પ્રત્યેની શ્રધ્ધા ઝળકે છે.

"સૂરાં નરક ન હોએ સાંમી, જોઈ પઢંત અંતર જામી." (૧૦૬૧)

('હે પ્રભુ ! હે અંતર્યામી ! આપ આપના હૃદયમાં જ જોઈ વિચારી લો, કેમ કે શૂરવીરો ક્યારેય નર્કમાં હોતા નથી.')

ઉપરાંત

"માડાં મુગતિ લિઆં જગ માંહી, નાથ પખૈ મૌરો પ્રિત નાંહી;
તૌરે હાથ મરંણ ત્રિગંણા તંમ, કિંમ તે નરક હોઈ સૈ કાઈમ." (૧૦૬૨)

('હે પ્રભુ ! આપના સિવાય કોઈનાં હાથે મારું મૃત્યુ નથી. આથી હું મરીને પણ આ જગતમાંથી મુક્તિ મેળવીશ. હે પ્રભુ ! હે ત્રિગુણાદેવ ! હું તો આપના હાથે જ મરવાનોં છું, તો પછી હે શિવજી ! મને કેવી રીતે નર્કનો વાસ મળશે.')

વળી યુધ્ધનો આરંભ થાય છે. પરમેશ્વર ક્રોધાવિષ્ટ બને છે. ફરી જાલંધર માયા રચે છે. માયાથી સુંદર બાગનું નિર્માણ કરે છે તેથી ભગવાન શિવ મોહ પામે છે ત્યાં આકાશવાણી થાય છે કે આ તો માયાજાળ છે, પરંતુ આ માયાથી પણ શિવ પ્રસન્ન થાય છે અને જાલંધરને વરદાન માગવા કહે છે.

ત્રીજા યુધ્ધની આખર વેળાએ હવે યુધ્ધમાં રાજનીતિ, લોકનીતિ અને યુધ્ધનીતિ રહી નથી. રહે છે કેવળ ક્ષાત્રધર્મ અને ભગવાન ભક્તની અનન્ય આત્મીયતા. જાલંધરનું અવતાર કૃત્ય પૂર્ણ થયું છે. વૃંદાના પ્રાણત્યાગ પછી જાલંધર સંસારથી વિરક્ત થયો છે. તેથી હવે તે પરલોકે પ્રયાણ ઇચ્છે છે. હવે તેને રાજ્ય નહિ, મુક્તિ જોઇએ છે. ભગવાન શિવ હજુ તેની કસોટી કરે છે. અને હે છે કે, ''તું રાજ્ય વૈભવ માંગી લે મનના મેલા માણસોને મોક્ષ નસીબે હોતો નથી.'' ભગવાનનાં વચનો ભલે અહીં યથાર્થ હોય, પરંતુ જાલંધરને પક્ષે યથાર્થ શાસ્ત્રવચનો પણ છે. જેમ કે,

''સૂરાં નરક ન સંભલે, વેદ પુરાણ વિચાર;
મારગ ઊભૌ મુગતિ કૈ, મૈં મુરલોક મંજાર.'' (૧૦૮૪)

(જાલંધરે કહ્યું : 'હે પ્રભુ ! શૂરવીરોને નર્કમાં વાસ મળ્યાનું ક્યારેય સાંભળ્યું નથી. વળી, વેદ અને પુરાણોમાં વીરોને મુક્તિની વાત કરેલ છે. આ બાબતે પણ આપ વિચાર કરો. માટે હું તો આ માનવલોક વચ્ચે મુક્તિને દ્વારે જ ઊભો છું.')

''મુગતિ લિઆં હેક હેલ માંઝાર તરસિ ઉરસિ ગ્રહી તરવાર.'' (૧૦૮૫)

('હવે તો હું ઘડીભરમાં જ મુક્તિ મેળવી લઇશ', એમ કહીને જાલંધરે ઇચ્છાપૂર્વક તલવારને હાથમાં ધારણ કરી.)

ત્યારબાદ પૂરજોશમાં સમરાંગણમાં બંને પક્ષે યુધ્ધ મંડાય છે. યુધ્ધની ચરમસીમા રૂપ વીર, ભયાનક, બીભત્સ રસને પોષક વર્ણનો લગભગ પચાસેક કડીમાં કવિ નિજી કુશળતાથી નિરૂપે છે. પરમેશ્વરને મન મૂકીને લડતાં જોઇ જાલંધર ફરી માયા રચે છે અને ભગવાન શિવ સામે માયાવી પાર્વતીને લાવે છે.

"જપૈ જાલંધર સંકર જોઇ, લે આયૌ દેવ દુરંગા લોઇ;
હેમાચલ હૂંતીય હેમવતીઅ, સતી લે આયૌ સાંપરતીઅ." (૧૧૩૯)

(જાલંધરે કહ્યું : "હે પ્રભુ ! હું દુર્ગા - પાર્વતીને આપની સમક્ષ લઇ આવ્યો છું. સુવર્ણ જેવી સોનેરી કાયા ધરાવતા આ હિમાલયના પુત્રી ! આ સતી પાર્વતીજીને આપની સમક્ષ લઇ આવ્યો છું.")

"જપૈ જાલંધર સંકર જીહ, તિસૌ કુંણ નાથ ભુજૈં તંમ ત્રીહ." (૧૧૪૦)

(જાલંધરે કહ્યું : "હે પ્રભુ ! આપની અર્ધાંગિનીનો હાથ સ્પર્શે તેવો આ સૃષ્ટિમાં આપ સિવાય બીજો કોઇ નથી.")

"તૂં હી ત્રીયલોક પિતા ત્રિપુરારિ, સકતી માત ત્રીલોકે સાર;
મનો અંમયા લગ આદિ મહેસ, પ્રમાંણિ રાજ કરાંછાં પેસ." (૧૧૪૧)

('હે પ્રભુ ! તમે જ ત્રિલોક પિતા અને ત્રિપુરારિ છો અને શક્તિ ત્રિલોકજનની છે. હું તો સદા - સર્વદા માતા ઉમીયા અને પિતા મહેશને જ આદિ અનાદિ માનીને રાજ કરું છું. હે પ્રભુ ! આ ઉમિયાજીને આપની સન્મુખ પેશ કરું છું.')

ત્રીજા યુધ્ધ દરમ્યાન જાલંધર દ્વારા શિવ સ્તવન, માયાવી બાગથી પ્રસન્ન થઇ શિવનું જાલંધરને વરદાન માગવા કહેવું અને માયાવી પાર્વતીનું સર્જન કરી શિવ સન્મુખ લાવી જાલંધર દ્વારા તેનો જગતજનની રૂપે સ્વીકાર થવો, આ ત્રણે અગત્યના કથાંશો 'શિવ પુરાણ'માં નથી. આ સયુક્તિક મૌલિક ઉમેરણ હરદાસજીની આગવી સૂઝનું દર્શન કરાવે છે એટલું જ નહિ પરંતુ દેવી પાર્વતીનો જગતજનની તરીકે સ્વીકાર કર્યા પછી જાલંધરે પાર્વતી પ્રત્યે કરેલ કુદ્રષ્ટિની ઘટનાનો છેદ ઉડાડી દે છે. એ પ્રસંગ સાબિત કરે છે કે જાલંધર વીરમૃત્યુની અપેક્ષાએ શિવને ઉશ્કેરવા અને તેના હાથે પોતાનો વધ કરાવવા જ એ માયા રચે છે. આમ, 'શિવ પુરાણ'ના જાલંધર કરતાં 'જાલંધર પુરાણ'નો જાલંધર ભગવાન શિવનો એકનિષ્ઠ ભક્ત બની રહે છે. સામે પક્ષે 'શિવ પુરાણ'ના શિવ કરતાં 'જાલંધર પુરાણ'ના શિવ પણ ભક્ત વત્સલ અને વિશેષ ભોળા છે. શિવ જાણે છે કે જાલંધરનો જન્મ તો ઇન્દ્રના ગર્વથી થયો છે તેથી જાલંધરના વધ માટે તેઓ પ્રથમ તો દેવોને કોઇ ઉત્તર આપતા નથી. અહીં તેનો તેના ભક્ત સાથેનો અવિનાભાવી સંબંધ દષ્ટિગોચર થાય છે.

સમગ્ર 'જાલંધર પુરાણ'ની કથામાં શિવ કુલ ત્રણ વખત જાલંધરને વરદાન આપવા તૈયાર થાય છે તે પણ ભક્ત પ્રત્યેના તેના સ્નેહનું દર્શન કરાવે છે. તેઓ જાણે છે કે જાલંધર નિર્દોષ છે.

જાલંધર પણ ઉત્તમ ભક્તના નાતે શિવને પોતાના ભક્તના વધના કલંકમાથી બચાવવા જ પાર્વતીની માગણી કરે છે, જે હકીકતે કૃતક છે. માયાવી શિવ સ્વરૂપ ધારણ કરીને દેવી પાર્વતી સમક્ષ ગયેલાં જાલંધરના હૃદયમાં પાર્વતી પ્રત્યે જગદંબા ભાવ રહેલો છે. તેના મનમાં કોઇ કામવાસના નથી. 'શિવ પુરાણ' નો જાલંધર તો કામવાસનાથી ભરેલો છે. પાર્વતીના દર્શન માત્રથી તેનું વીર્ય સ્ખલન થઇ જાય છે. બંને પુરાણોએ વર્ણવેલ આ પ્રસંગની તુલનાએ કવિ હરદાસજીની મૌલિકતા અસરકારક બની રહે છે. હરદાસજીએ જાલંધરના પાત્રનું ઊર્ધ્વીકરણ કર્યું છે જે વધુ ઔચિત્યપૂર્ણ લાગે છે.

ગુરુ શુક્રાચાર્યની દુર્ગતિની કથા 'શિવ પુરાણ'માં પ્રથમ યુધ્ધમાં આપી છે. 'જાલંધર પુરાણ' આ કથા ત્રીજા યુધ્ધ વખતે નિરૂપે છે. સમગ્ર દૈત્ય સૈન્યનો વિનાશ થયો છે. જાલંધર છેલ્લી ઘડીઓ ગણે છે ત્યારે શુક્રાચાર્યનું આગમન થાય છે. જાલંધરની વિનંતીથી તે સંજીવની વિદ્યા વડે દૈત્યોને સજીવન કરે છે. શિવ પોતે જ શુક્રાચાર્યને આ કાર્ય કરતાં નિહાળી તેને પકડે છે. શુક્રાચાર્ય શિવના ચરણે નમે છે. ''સાપ મરે નહિ ને લાઠી ભાંગે નહિ'', તેમ વિચારી શિવ કૃત્યાને પ્રગટ કરી શુક્રાચાર્યને તેના હાથમાં સોંપે છે,

''ક્રતા કર સુકર દે કરતાર ગ્રહે ગ્રહે ગાઢૌ નીગઠ નાર;
જાલંધર મારાં જાં લગ જોઇ, વિપ્રં સો રાખે તૂં વિસલોઇ.'' (૧૧૭૨)

(ભગવાન શિવજીએ શુક્રાચાર્યને કૃત્યાના હાથમાં સોંપ્યો ત્યારે એ નારીએ તેને પોતાના હાથમાં બરાબર પકડ્યો. પ્રભુએ કૃત્યાને કહ્યું, 'જ્યાં સુધી હું જાલંધરનો વધ ન કરું, ત્યાં સુધી તું આ બ્રાહ્મણને બરાબર પકડી રાખજે.')

''ક્રતા કહે રાજ કરૌ નિજ કાજ, રૂડાં રિખ રાખૂંગી મહારાજ,
ક્રતાં કર સુકર ઊભી સાહિ, મરૌડે આપ તંણા અંગ માંહિ.'' (૧૧૭૩)

(કૃત્યાએ કહ્યું મહારાજ ! આપ આપનું કાર્ય કરો. હું આ બ્રાહ્મણને રૂડી રીતે રાખીશ અને પછી એ કૃત્યાએ શુક્રાચાર્યને મરડીને પોતાની યોનિમાં મૂક્યા.)

'શિવ પુરાણ'માં શુક્રાચાર્યની આવી જ દુર્ગતિનું નિરૂપણ છે, પરંતુ ત્યાં શિવ - કૃત્યા વચ્ચે કોઇ સંવાદ થતો નથી, તેમજ 'સાપ મરે નહિ ને લાઠી ભાંગે નહિં', જેવી યુક્તિપૂર્વકની કોઇ વાત પણ ત્યાં નથી. સમરાંગણમાંથી ભયભીત બની નાસી જતાં શુંભ - નિશુંભને 'શિવ પુરાણ'માં શિવ સાથ આપે છે. કવિ હરદાસજી આવું કરતા નથી. વસ્તુતઃ ચારણી સાહિત્યમાં જે કાયરો છે તેને જીવતા શબ

જેવા માન્યા છે. તેથી મરેલાને મારવા જેવું નાલેશીભર્યું કામ શિવ કરતા નથી. કવિએ ચતુરાઈપૂર્વક આ ઘટનાને છોડી છે.

હવે સમરાંગણમાં માત્ર જાલંધર જ શિવનો સામનો કરવા માટે બાકી રહ્યો છે, છતાં અદ્‌ભૂત પરાક્રમ અને હિંમતથી લડતો જાલંધર ત્રિલોકના ધન્યવાદનો અધિકારી બને છે. દેવો એના શત્રુ છે છતાં તેઓ જાલંધરની વીરતાની પ્રશંસા કરે છે. જાલંધરને માટે આથી વિશેષ ધન્ય પળ કઈ હોઈ શકે ? ફરી જાલંધરની વીરતાથી પ્રસન્નચિત્ત થયેલા શિવ તેને મનવાંછિત વર માગવા કહે છે. કેમકે,

"ભલો જાલંધર નાટ નિર્ભ્રાન્ત, કસૌટીઅ પૂગૌ કાલ ક્રીઅંત;
જાલંધર માંગિ જંપૈ જડધાર, વલે રૂદ્ર વાસુણેઓ તિંણવાર." (૧૧૯૧)

(ભગવાન શિવજીએ જોયું કે જાલંધર નિર્ભ્રાંત રીતે સાચો વીર નર છે. વળી, એ પરમેશ્વરની શૌર્ય ક્સોટીમાં પણ ચોક્કસપણે ઉત્તીર્ણ થયો છે. આથી હર પુનઃ પ્રસન્ન થયા અને એમણે તે વેળા જાલંધરને કહ્યું : "જાલંધર ! વરદાન માગ.")

જાલંધર પર પુનઃ પુનઃ પ્રસન્ન થતાં શિવ તેને વરદાન આપી રાજ્ય સત્તા, સંપત્તિ આપવા તૈયાર થાય છે તે બતાવે છે કે તે અંતરથી જાલંધરના પક્ષે છે. ક્મને દેવો પક્ષે રહી લડે છે. અહીં તો એ હકીકત સ્પષ્ટ બને છે કે જાલંધર શિવકૃપાને યોગ્ય ભકત છે. શિવના હૃદયમાં સ્થાન પામી શકે એવી તેની ભકત તરીકેની પાત્રતા છે અને આ વીરયોધ્ધો પોતાની વીરતામાં અણનમ રહી એક ભકતને છાજે તેમ પરમેશ્વર પાસે નમ્રતાપૂર્વક પોતાનુ વીરોચિત મૃત્યુ અને મોક્ષ માગે છે.

"કંમાલિ રાજ તણૌ નંન કાજ, મુગતિ દઈત દઈ મહારાજ;
બગસે ખૂન કીઆ માઈ - બાપ, ઈખૌ પ્રેમ આધખ સાંમ્હૌ આપ."(૧૧૯૩)

('ભગવાન આસુતોષ ! મારે હવે રાજનું કામ નથી. હવે તમે મને મોક્ષ આપો. એમાં જ સર્વસ્વ આવી જશે. હે મા-બાપ ! મારા અપરાધોની માફી આપી, અર્ધ ક્ષણ પણ આપ મારી સામે જુઓ.')

"જાલંધર મોખ ભગત જુગત, સંમપંણ વાચ સંમપી સત;
કંમાણી કારણીએ તિલકલિ, સાંમી સુંદરસણ ચક્ર સભાલિ." (૧૧૯૪)

(ત્યારે પરમેશ્વરે જાલંધરને મુક્તિનો અધિકારી ગણી મોક્ષ આપવાનું સત્ વચન આપ્યું. કમાલિ શિવજીએ એ ક્ષણે કાર્ય કરવાનો વિચાર કર્યો અને શિવજીએ સુદર્શન ચક્ર સંભાળ્યું.)

આમ, આખરે શિવજીએ પોતાના જ અંશમાંથી ઉત્પન્ન થયેલા જાલંધરનો પોતાના હાથે જ સુદર્શનચક્ર વડે વધ કર્યો. વાસ્તવમાં અહીં જાલંધર મરીને પણ અમર બની જાય છે. લોક હૃદયમાં ચિરંજીવ સ્થાન પ્રાપ્ત કરી લે છે. 'શિવ પુરાણ' કહે છે કે પરમેશ્વરે જાલંધરના રક્તથી કુંડો ભર્યાં. જ્યારે હરદાસજી એ રક્તને પણ અમૂલ્ય ગણાવતા મૌલિક રજૂઆત કરે છે,

''જીવંતે ભોગ વિભોગ જુગતિ, મરંતે પ્રાપતિ મોખ મુગતિ;
સવે જાલંધર ઘાત શરીર, હૂઆ મધિ માણંક મોતીહીર.'' (૧૧૯૮)

(એ જાલંધરે જીવતા જીવે સઘળા ભોગ ભોગવ્યા અને મરતી વખતે યુક્તિપૂર્વક સાયુજ્ય મુક્તિ મેળવી લીધી. એ જાલંધરના રક્તમાંથી પૃથ્વી પર મોતી, માણેક અને હીરાઓ ઉત્પન્ન થયા.)

'શિવ પુરાણ'માં કથાંતે જાલંધરની પ્રશંસા નથી. દેવો ગાન-તાન નૃત્ય વડે જાલંધરના મૃત્યુનો ઉત્સવ ઉજવે છે. જ્યારે 'જાલંધર પુરાણ'માં કવિ જાલંધરના વીર મૃત્યુ પછી એની પ્રશંસા કરે છે,

''હૂઓ હર હંસ મિલૈ હર માહિ, સોજો જે મુગત જગ સરાહિ;
પૈખો જાલંધર રાઉ વખત, મહા તંમ માંણ સહેતો મ્રિત;'' (૧૧૯૭)

(રાજા જાલંધરનું જીવતર જુઓ કે કે જે પોતાના માહાત્મ્ય અને સ્વમાનસહજ મૃત્યુને ભેટ્યો. એ શિવજીનો જ અંશ હતો અને આખરે શિવજીમાં જ મળી ગયો. પ્રભુએ એને જગતથી સરાઇ શ્રેષ્ઠ સાયુજ્ય મુક્તિ આપી.)

કથાના અંતે યોજેલા આ પ્રકારના પ્રસંગ નિરૂપણમાં પણ હરદાસજીની મૌલિક પ્રતિભાના દર્શન થાય છે. વસ્તુતઃ અહીં સમકાલીન રંગોથી રંગાયેલા કવિ આ પ્રકારનું આલેખન કરે છે. મધ્યકાળમાં વીરમૃત્યુને વધાવવામાં આવતું. વીરતાના પત્રિક સમા ચારણો અને ક્ષત્રિયોમાં દુશ્મનોની વીરતાની પ્રશંસા કરવાની પરંપરા હતી તે અહીં પ્રશંસનીય રીતે પ્રગટે છે. જેનો 'શિવ પુરાણ'માં બિલકુલ અભાવ છે. આમ, હરદાસજીએ 'જાલંધર પુરાણ'માં આદિથી અંત સુધી સમકાલીન માનવીય ભાવોને પોતાની આગવી ઊંડી સૂઝ અને આગવી નિરૂપણ રીતિથી પ્રયોજી કૃતિને ચિરંજીવ બનાવેલ છે.

'શિવ પુરાણ' અને 'જાલંધર પુરાણ'ની કથાના મહત્ત્વના અંશોને ધ્યાનમાં રાખી કરેલા આ વિશદ તુલનાત્મક અભ્યાસથી ખ્યાલ આવે છે કે મૂળ 'શિવ પુરાણ'ની કથામાં રહેલા મહત્ત્વના

અંશોનો આધાર લઇ કવિએ પોતાની રીતે કથા પ્રસંગોને ગૂંથ્યા છે. હરદાસજીની કથા નિરૂપણ કલા એકદમ સરળ છે તેથી પૌરાણિક અટપટી અને દુર્બોધ કથા અહીં ભાવક માટે સુબોધ બની રહે છે.

હરદાસ મિસણની 'જાલંધર પુરાણ'ની કથા નિરૂપણ રીતિમાં પાત્રો અને પ્રસંગોનો ઉચિત વિનિયોગ, ક્રમિક ઘટના વિકાસ, પાત્રોના માનસનું તાર્કિક નિરૂપણ વગેરે જોવા મળે છે. કથન, વર્ણન અને સંવાદ એમ ત્રિવિધ સ્તરે હરદાસજી કથા નિરૂપે છે. ઉપરાંત માનવજીવનને બોધ આપતી કેટલીક પંક્તિઓ હરદાસજીએ કથામાં ગૂંથી છે. બંને કથાનકના તુલનાત્મક અભ્યાસથી કવિની આવી કેટલીક વિશેષતાઓ ઊડીને આંખે વળગે છે.

## ૪:૧ 'જાલંધર પુરાણ'ની પાત્ર સૃષ્ટિ :

'શિવ પુરાણ'માં યુધ્ધની સળંગ કથામાં આડકથા રૂપે આવેલી જાલંધરની કથા પરથી હરદાસજીએ 'જાલંધર પુરાણ'ની રચના કરી છે. ભક્તિ શૌર્ય અને માનવીય ગૌરવથી ધબકતું 'જાલંધર પુરાણ' એક સુંદર કૃતિ બની રહે છે. 'જાલંધર પુરાણ'ની પાત્ર સૃષ્ટિ પૌરાણિક હોવા સાથે જીવંત અને સ્પષ્ટરેખ છે. એમાં મધ્યકાલીન ક્ષાત્રગૌરવ અને પરંપરાનું પ્રતિબિંબ ઝિલાયું છે. પાત્રોના પૌરાણિક ગૌરવને ગાળી નાખીએ તો 'જાલંધર પુરાણ'એ વીરરસથી ધબકતું મધ્યકાલીન આખ્યાન જ લાગે.

અહીં 'જાલંધર પુરાણ'માં શિવ અને જાલંધર એ બે મુખ્ય પાત્રો છે. છતાં કૃતિના નાયક પદે બે માંથી કોને મૂકી શકાય ? એ પ્રશ્ન મૂંઝવે એવો છે. ગૌણ પાત્રો રૂપે ઈન્દ્ર, વિષ્ણુ, બ્રહ્મા, લક્ષ્મી, વૃંદા, શુક્રાચાર્ય, રાહુ, સિંધુ નદી, સમુદ્ર, નારદ, બલિરાજા વગેરે છે. એથી પણ ગૌણ પાત્રો તરીકે કૃત્યા, પાર્વતી, શિવગણો, શુંભ - નિશુંભ, બલિરાજાની પત્નિ, દ્વારપાલો, શંખાસુર અને વિદૂષક જેવું હાસ્યરસ પીરસતાં વડવાનલનાં પાત્રોનો સમાવેશ થાય છે. આ તમામ પાત્રોનો કથાના વિકાસમાં નોંધપાત્ર ફાળો છે. 'જાલંધર પુરાણ'ની પાત્ર સૃષ્ટિ આમ ખૂબ જ વિશાળ અને વૈવિધ્યપૂર્ણ છે. આ પાત્રો કથાને વીરરસ અને ભક્તિરસથી સભર બનાવે છે, સાથે સાથે હરદાસજીની પાત્ર ચિત્રણ શક્તિનો પરિચય મળી રહે છે. 'જાલંધર પુરાણ'ની આ પાત્ર સૃષ્ટિમાંથી મહત્ત્વનાં પાત્રોનો પરિચય મેળવીએ. પહેલાં પુરુષ પાત્રો અને બાદમાં સ્ત્રી પાત્રો એવો ક્રમ અહીં યોજ્યો છે.

### ૪:૧:૧ પુરુષ પાત્રો :

### (૧) શિવ :

હરદાસ મિસણ ભગવાન શિવના અનન્ય ભકત છે. શિવ તેમના આરાધ્ય દેવ પણ ખરા. 'જાલંધર પુરાણ'માં કવિએ ભગવાન શિવની ભક્ત વત્સલતાને નિરૂપી છે. શિવ ભક્તોનું કલ્યાણ કરનારા છે. તેથી જ ભક્તોના અહમ્ અને ગર્વના ખંડન અર્થે કટુ ઔષધ આપી એનો ઉપચાર પણ કરે છે. અલબત્ત, આ પરિસ્થિતિના નિર્માણ માટે ખુદ ભક્તો જ જવાબદાર હોય છે.

શિવ ભોળાનાથ છે જેથી બીજા દેવોના પ્રમાણમાં એ જલદીથી ભક્તોની તપશ્ચર્યાથી રીઝી જાય છે. ભક્તો પર પ્રસન્નતાથી વરસી મોં માગ્યાં વરદાનો આપી બેસે છે. આમાં ક્યારેક કુપાત્રે વરદાન અપાતું હોય એવું પણ બની જાય છે અને ત્યારે પોતે આપેલું વરદાન પોતાને જ મુશ્કેલીમાં મુકી દે તેવું પણ બને છે.

'જાલંધર પુરાણ'માંનું ઇન્દ્રનું પાત્ર આવું પાત્ર છે. એને પોતા સમોવડિયો યોધ્ધો, બાહુબળિયો જોઇએ છે. શિવ પાસે ગર્વપૂર્વક તેની માગણી કરે છે. શિવ એ આપી બેસે છે અને પછી પોતાને જ એના અંત સુધીની યુક્તિ વિચારવી પડે છે. અહીં શિવનું ભોળપણ છતું થાય છે.

ભગવાન શિવ જેટલી જલ્દીથી પ્રસન્ન થાય છે એટલી જ જલદીથી ક્રોધાયમાન પણ થાય છે. શિવજી સ્વભાવતઃ ભોળા છે તેથી જાલંધરને મોંમાગ્યાં વરદાનો આપે છે. ધડવિહીન રાહુને ધડ આપે છે, પરંતુ એ જ રાહુના મુખે જ્યારે પાર્વતીજીની માગણીનો જાલંધરનો સંદેશ સાંભળે છે ત્યારે ત્વરિત ક્રોધે ભરાયેલા શિવ દ્વારા કૃત્યાનો જન્મ થાય છે, જે પુનઃ રાહુના ધડનો આહાર કરી જાય છે અને રાહુ ધડવિહીન બને છે. જો કે ભગવાન કરુણાસાગર પણ છે એથી રાહુના મસ્તકને કૃત્યાનો આહાર બનવા દેતા નથી. અપકાર પર ઉપકાર કરવાનો તેમનો આ સહજ ગુણ છે.

આ જ ગુણ શુક્રાચાર્ય સાથેના તેમના વર્તનમાંથી પ્રગટે છે. સંજીવની વિદ્યાના બળે દૈત્યોને શુક્રાચાર્ય સજીવન કરે છે ત્યારે પ્રભુ શુક્રાચાર્યને પ્રાણદંડ આપતા નથી. અલબત્ત, જે સજા કરે છે એ પણ સુરુચિમય નથી. શુક્રાચાર્યની કૃત્યા દ્વારા થતી દુર્ગતિ સુરુચિનો ભંગ કરતી હોવા છતાં રમૂજપ્રેરક બની રહે છે. આમ, રાહુ અને શુક્રાચાર્યના પાત્ર સંદર્ભે શિવનું કરૂણાસાગરનું વ્યક્તિત્વ જ પ્રગટ થાય છે.

શિવ અને જાલંધરના યુધ્ધ સંગ્રામ વેળા ત્રણેક વખત જાલંધરની વીરતા પર પ્રસન્ન થઇ તેને વરદાન આપી દેતાં શિવના પાત્રમાં તેનું આસુતોષપણું પ્રગટ થાય છે. કથાના અંતે જાલંધરની ઇચ્છા મુજબ જ તેને સાયુજ્ય મુક્તિ આપે છે એમાં પણ, ભગવાનની ભક્ત પ્રત્યેની અસીમ લાગણીના દર્શન થાય છે. ભગવાનની ભક્તવત્સલતા અહીં સુપેરે પ્રગટે છે.

ભાવકો કે વિવેચકો માટે એ પ્રશ્ન મૂંઝવનારો બની શકે કે શિવના હાથે જાલંધરના થતા વધમાં તેની ભક્ત વત્સલતા કેવી રીતે ગણવી ? એનો ખુલાસો એ રીતે આપી શકાય કે એક તો જાલંધરનું અવતારકાર્ય પૂર્ણ થયું છે અને બીજું એકથી વધુ વખત ભગવાન શિવે વરદાન માગવા જાલંધરને કહ્યું ત્યારે જાલંધરે વીરોચિત મૃત્યુ અને મુક્તિ જ માગ્યા છે, જે ઇશ્વરે એની ઇચ્છા ને માગણીને આધીન થઇ આપ્યું છે. એટલે ભગવાન શિવ પર આપણે તેના ભક્તના વધનો આરોપ મૂકી શકતાં નથી. વળી, જાલંધર શિવ થકી જ. એના જ અશમાંથી ઉદ્‌ભવેલ છે જે એના જ હાથે વિસર્જન પામે એમાં જ એનું ગૌરવ છે. બીજા કોઇ એ કાર્ય કરી શકે નહિં. આમ, અહીં જાલંધર વધમાં પણ શિવનું પાત્ર એક ભક્ત માટે પરમહિતકારી બની રહે છે.

આમ, અન્ય પાત્રો સાથેના સંદર્ભ અને વર્તનથી શિવનું વ્યક્તિત્વ પ્રગટે છે. એ ઉપરાંત હરદાસ મિસણે પોતે શિવના ભક્ત હોવાને નાતે પોતાના તરફથી બે વખત અને અન્ય પાત્રો દ્વારા ચારેક વખત એમ કુલ છ વખત અલગ અલગ પ્રસંગે શિવ સ્તુતિ કરી છે, જેમાંથી શિવનું ગુણોસભર વ્યક્તિત્વ ભાવક સમક્ષ પ્રગટે છે.

### (૨) જાલંધર :

જાલંધર દાનવવીર છે. ‘શિવ પુરાણ’ અનુસારનું એ પૌરાણિક પાત્ર છે, પરંતુ ‘જાલંધર પુરાણ’માં જાલંધરનું પાત્ર મધ્યકાલીન ક્ષત્રિય વીરનું પ્રતીક બની રહે છે. હરકોઇ કવિ પોતાના જમાનાનું સંતાન હોવાના નાતે તે સભાન કે અભાન પણે પોતાની કૃતિમાં પોતાના સમયને નિરૂપે છે.

જાલંધર પરાક્રમી યોદ્ધો છે. એ વીરોચિત બળ અને શૌર્ય ધરાવે છે. એ શિવનો પરમ ભક્ત પણ છે. જાલંધરનું મનપંખી સતત શિવના ચરણનું શરણ ઝંખે છે.

જાલંધર જન્મથી જ વીર છે. એ શિવના અંશમાંથી પ્રગટ્યો છે. એનું રુદન ત્રિલોકને ખળભળાવી મૂકે છે. બાળવયે જ તે અદ્‌ભૂત પરાક્રમ દાખવે છે. હાથીઓનું દમન કરે છે. પહાડો પર ગમન કરે છે. યુવાવસ્થામાં જ તે દૈત્યેન્દ્ર બને છે છતાં ઉદંડ કે ઉચ્છ્રૃંખલ બનતો નથી. આટલો બધો

રાજ્યવૈભવ, સત્તા સંપત્તિ છતાં તે ભગવાન શિવને રીઝવવા તપ કરવા જાય છે. જ્યારે ભગવાન શિવ પ્રસન્ન થઇ તેને વરદાન માગવા કહે છે ત્યારે પણ એ સ્વહિતાર્થે કશું માગતો નથી, પરંતુ પોતાની પ્રજા માટે સુખ, સમૃદ્ધિ, તંદુરસ્તી, શાશ્વત યુવાની અને માતા - પિતાને સંતાનોથી વિયોગ ન થાય તેવું વરદાન માગે છે, જે તેના પ્રજાવત્સલ રાજવી તરીકેના ગુણને પ્રગટ કરે છે. હરદાસજીના આ પ્રકારના એક પ્રજાવત્સલ રાજવીનાં સુરાજ્ય વર્ણનનો ચારણી સાહિત્ય પર એટલો મોટો પ્રભાવ છે કે ચારણ કવિઓ પોતાના યજમાન રાજવીઓના સમયને 'જાલંધરનો વારો' કહીને બિરદાવતા આવે છે.

જાલંધર જેમ પ્રજાવત્સલ રાજવી તેમ સેવકવત્સલ સ્વામી પણ છે. રાહુના ધડવિહીનપણાની વેદનાથી દ્રવિત થયેલો જાલંધર ભગવાન શિવને પ્રસન્ન કરી રાહુને ધડ અપાવે છે. જેવો વીર અને આક્રમક યોધ્ધો છે તેવો જ તે અંદરથી કોમળ હૃદયનો છે તે ઉપર્યુક્ત પ્રસંગ પરથી ફલિત થાય છે.

પિતા સાગરના મંથન દ્વારા દેવોએ ચૌદ રત્નો કપટપૂર્વક લૂંટી લીધા તેના વેરનો બદલો લેવા તે પ્રથમ દેવોને દૂત દ્વારા ચેતવણી મોકલી ચેતવે છે અને પછી મધ્યકાલીન વીરોને અનુરૂપ સામી છાતીએ લડી યુધ્ધ મેદાનમાં વિજયી નીવડે છે. દેવોને પીછેહઠ કરાવ્યા બાદ ઇન્દ્રની વહારે ચઢીને લડવા આવેલા વિષ્ણુ સામે પણ તે સંગ્રામજિત બની રહે છે.

વિષ્ણુ સાથેના યુધ્ધ પછી કેદ થયેલા વિષ્ણુને પોતાની બહેનની વિનંતીથી જતા કરે છે ત્યાં તેનું આદર્શબંધુનું વ્યક્તિત્વ પ્રગટ થાય છે. અપ્રતિમ વીરયોધ્ધાનું આવું અપ્રતિમ ભગિનીવાત્સલ્ય અને ઉદારતા દર્શાવતા જાલંધરના પાત્રમાં તત્કાલીન રાજપૂતવીરનું પ્રતિબિંબ જોવા મળે છે. ભગવાન શિવ સાથેના યુધ્ધમાં પણ ભગવાન શિવનો જ અંશ એવો યશોજ્જવલ વીર શૌર્યમાં જરાય ઉણો ઊતરતો નથી.

શિવ અને જાલંધરના યુધ્ધ દરમ્યાન એકાધિક વખત શિવ જાલંધરને તેની વીરતા પર પ્રસન્ન થઇ વરદાન માગવાનું કહે છે. ત્યારે જાલંધર યથેચ્છ સંપત્તિ, વૈભવ, સ્વર્ગનું ઇન્દ્રાસન કે શત્રુપર વિજય માગી શક્યો હોત, પરંતુ તેવી કોઇ ઐહિક લાલસાને બદલે તે પરમ પવિત્ર સંતની માફક ધારાતીર્થમાં મૃત્યુ અને સાયુજ્ય મુક્તિનું વરદાન માગે છે, જે એના પાત્રને વિશેષ મહાનતા અને ગૌરવ અર્પે છે.

આ રીતે જાલંધરનું પાત્ર પરમવીર અને યશોજ્જવલ આલેખન પામ્યું છે, પરંતુ 'સોનાની થાળીમાં લોઢાની મેખ' જેમ એક એવો પ્રસંગ જાલંધરના પાત્ર સંદર્ભે મૂકાયો છે જે જાલંધરના પાત્રનો

તેજોવધ કરે છે. એ પ્રસંગ છે જાલંધર દ્વારા મા જગદંબા પાર્વતીની માગણી. કથામાં આલેખાયેલ જાલંધરની શિવભક્તિ સાથે આ પ્રસંગનો મેળ ખાતો નથી.

આ પ્રસંગને કવિશ્રી હરદાસજીની મર્યાદા તરીકે લઈએ તો, એના બચાવ માટે એમ કહી શકાય કે જાલંધરની ઉત્પત્તિ ઇન્દ્રના ગર્વના ખંડન માટે ખુદ શિવ દ્વારા થઈ છે અને તે અનુસાર તે ઇન્દ્રને પરાજિત કરી સ્વર્ગાધિપતિ બને છે. ભગવાન વિષ્ણુને પણ તે પરાજિત કરે છે. દેવતાઓ જ્યારે ગર્વહીન અને તેજોહીન બને છે ત્યારે જાલંધરનું અવતારકૃત્ય પૂર્ણ થયું છે. પરંતુ જાલંધરને હણી શકે એવો કોઈ વીર ત્રિલોકમાં નથી. તેથી ખુદ બ્રહ્માજી કહે છે,

"સુંણિ સૂરપતિ બ્રહ્મા વદે, આપા જોગ મ જોઈ;
નીઅ નીપાયો જેણ નર, સિંરે સંમાપે સોઇ."(૭૪૪)

(બ્રહ્માજીએ આંખો ખોલીને કહ્યું કે,"સુરપતિ ઇન્દ્ર ! તમે સાંભળો. એ જાલંધર આપનો સમોવડિયો નથી. અર્થાત્, તમે એને હરાવી કે મારી નહી શકો. જેણે એને જન્મ આપ્યો છે, એ જ એને સંહારવા સમર્થ છે, અર્થાત્ શિવજી જ તેને મારી શકશે.")

"જાલંધર કૂં મારસે જાલંધર કૌ રાઉં. (૭૪૫)
(જાલંધરને જાલંધરના સ્વામી જ સંહારશે.)

આ રીતે જાલંધરના જન્મદાતા શિવ જ જાલંધરનો વધ કરી શકવાને સમર્થ છે. જાલંધરનું અવતારકૃત્ય પૂર્ણ થયું છે. ભગવાન શિવ ભોળાનાથ છે. ભક્તવત્સલ છે. ભક્ત તરીકે જાલંધરનું શિવના હૃદયમાં અનન્ય સ્થાન છે. જાલંધરના સામાન્ય અપરાધે તો શિવ તેનો વધ કરવા તૈયાર થાય નહીં. જાલંધર દ્વારા જો કોઈ અક્ષમ્ય અપરાધ થાય તો જ ભોળાનાથ તેનો દાનવ અવતારમાંથી મોક્ષ કરે. એ રીતે વિચારતાં મા જગદંબા પાર્વતીની માગણી કરવા કરતાં વિશેષ મોટો અપરાધ ક્યો હોઈ શકે? બાકી આવો ત્રિલોક વિજેતા વીર જાલંધર એટલો મૂર્ખ તો નથી જ કે નારદજીના ચઢાવવાથી આવી અનુચિત માગણી કરે. જાલંધરની ભક્તિ શિવ પ્રત્યે એમ મા જગદંબા પાર્વતી પ્રત્યે પણ હશે જ. તેથી જાલંધરનું ભક્ત હૃદય પાર્વતી પ્રત્યે વિકાર સેવે એ વાત સ્વીકારી શકાય નહિ. પરંતુ એવું અનુમાન કરી શકાય કે, જાલંધરનું ભગવાન શિવ પાસે પાર્વતી માગવાનું દુષ્કૃત્ય કેવળ પરમાત્માના હાથે વધ પામીને મોક્ષ મેળવવાના એક માત્ર ઇરાદાથી પ્રેરિત જ હશે. બાકી જાલંધરના હૃદયમાં

જગદંબા પ્રત્યે અંશમાત્ર મલિન ભાવ નથી એ વાતની સાક્ષી 'જાલંધર પુરાણ'માં ખુદ જાલંધર આપે છે એ હકીકત પણ નોંધાવી ઘટે,

"તૂંઅ ત્રિલોક પિતા ત્રિપુરારિ, સક્તિઅ માત ત્રિલોકેઅ સાર;
મનો અંમયા લગ આદિ મહેસ, પ્રમાંણિ રાજ કરાંછાં પેસ." (૧૧૪૧)

('હે પ્રભુ ! તમે જ ત્રિલોક પિતા અને ત્રિપુરારિ છો. તેમજ દેવી શક્તિ આ ત્રિલોકની જનેતારૂપ છે. હું તો સદા - સર્વદા માતા ઉમિયા અને પિતા મહેશને જ આદિ - અનાદિ માનીને રાજ કરું છું.')

આ રીતે, જાલંધરના પાત્રને અનુસંગે આવેલા જાલંધર દ્વારા પાર્વતીની માગણીના પ્રસંગથી જાલંધરના પાત્રની પ્રગટ થતી મર્યાદામાંથી કવિને મુક્ત કરવા ઘટે.

જાલંધરના પાત્રચિત્રણને સમગ્ર રીતે મૂલવતાં એમ કહી શકાય કે, જાલંધર એક આદર્શ પ્રજાવત્સલ રાજવી, ક્ષત્રિય વીર અને અનન્ય ભક્ત છે. સમરાંગણ વિજેતા છતાં સમરાંગણમાં જ વીરોચિત મૃત્યુ ઇચ્છનારો શૂરનર છે. તે સિવાય તે એ પણ જાણે છે કે પોતાનું મૃત્યુ શિવના હાથે જ નિશ્ચિત છે અને જે વ્યક્તિનું મૃત્યુ શિવના હાથે થાય તેને મોક્ષ પણ નિશ્ચિત જ મળે. તેના આવા દૃઢ વિશ્વાસ વ્યક્ત કરતાં વચનો જુઓઃ

"સૂરાં નરક ન હોએ સ્વામી, જોઇ પઢંત અંતરજામી."(૧૦૬૧)

('હે અંતર્યામી ! આપ આપના હૃદયમાં જ જોઇને વિચારી લ્યો, કેમ કે શૂરવીરો ક્યારેય નર્કમાં હોતા નથી.')

'તે નિરવાંણ બંધેઓ નાથ, સૂરાં મુગતિ લંહૈ સંમાથ." (૧૦૬૩)

('હે પ્રભુ ! આપે જ આ જગતમાં નિયમ બાંધ્યો છે કે શૂરવીરો અને સમર્થો કાયમ માટે મુક્તિ મેળવશે.')

"માડા મુગતિ લિઆં જગ માંહી, નાથ પખે મૌરો મ્રિત નાંહી;
તૌરે હાથ મરંણ ત્રિગંણા તંમ, કિંમતે નરક હોઇ સૈ ક્રાઇંમ." (૧૦૬૨)

('હે પ્રભુ ! આપના સિવાય કોઇના હાથે મારૂં મૃત્યુ નથી. આથી હું મરીને પણ આ જગતમાંથી મુક્તિ મેળવીશ. હે પ્રભુ ! હે ત્રિગુણાદેવ ! હું તો આપના હાથે જ મરવાનો છું તો પછી હે શિવજી ! મને કેવી રીતે નર્કનો વાસ મળશે.')

આમ 'જાલંધર પુરાણ'માં કવિ હરદાસજીએ જાલંધરના પાત્રને યશોજ્જવલ આલેખ્યું છે.

## (૩) વિષ્ણુ :

ભોળાનાથ શિવથી તદ્દન વિરૂધ્ધ પ્રકૃતિનું કપટી પાત્ર એટલે ભગવાન વિષ્ણુનું પાત્ર. સમુદ્ર તનયા લક્ષ્મીજીએ સાગરપુત્ર જાલંધરને પોતાના બાંધવ તરીકે સ્વીકાર્યો છે ત્યારે જાલંધર સાથેની કોઇ દેખીતી શત્રુતા વગર વિષ્ણુ ઇન્દ્રની સહાયાર્થે જાલંધરની સામે યુધ્ધ મેદાનમાં આવે છે. એ તેમના પાત્રના ગૌરવને હાનિ પહોંચાડે છે.

'જાલંધર પુરાણ'માં વિષ્ણુના પાત્રનો 'સમુદ્રમંથન' પ્રસંગે પ્રથમ પ્રવેશ થાય છે. અહીં પણ તેની કુટિલતા પ્રગટે છે. પ્રથમ તો શંખાસુરના વધ માટે તેઓ કૂર્માવતારે સાગર પ્રવેશ કરે છે. પછી બાળ સ્વરૂપ ધારણ કરી, લક્ષ્મીજીને ભોળવી, એમની પાસેથી સમુદ્રની સંપત્તિની ભાળ મેળવી લે છે અને શંખાસુર વધ પછી સમુદ્રની એ તમામ સંપત્તિ પ્રાપ્ત કરવા માટે સમુદ્ર મંથન કરે છે. એમાં પણ તેઓ દાનવોને ભોળવીને સંપત્તિમાંથી ભાગ આપવાનું કહીને દેવતાઓની સાથે મદદમાં લાવે છે.

'સમુદ્રમંથન'ના તમામ પ્રસંગે વિષ્ણુની કુટિલતા એક યા બીજા રૂપે પ્રગટ થયા કરે છે વડવાસુરને છળવા એ મોહિની સ્વરૂપ ધારણ કરી વડવાસુરને કાયમ માટે ઘડામાં કેદ કરી તેની સ્થિતિ હાસ્યાસ્પદ બનાવે છે. સમુદ્રમંથન દ્વારા ચૌદ રત્નો પ્રાપ્ત થાય છે ત્યારે પણ મોહિની સ્વરૂપ ધરી વિષ્ણુ કપટથી દાનવોને સુરાપાન દ્વારા બેહોશ કરી દેવોને અમૃતપાન કરાવી દે છે. બધી સંપત્તિ દેવોને આપી લક્ષ્મીજીને પોતાની ગૃહલક્ષ્મી તરીકે રાખી લે છે.

એ સમયે દેવસભામાં બેઠેલા રાહુને તેઓ અમૃતથી વંચિત રાખે છે એટલું જ નહિ, એનો શિરચ્છેદ કરે છે. એ રીતે દાનવોને, દેવોને આપેલા સહયોગનાં સુફળથી વંચિત રાખી, અન્યાય કર્યો. આ સર્વ વિષ્ણુની કપટનીતિ દર્શાવી જાય છે.

કોઇપણ જાતની દેખીતી દુશ્મની વગર ઇન્દ્રની સહાયાર્થે આવેલા વિષ્ણુને જ્યારે જાલંધર યુધ્ધ મેદાનમાં હરાવે છે ત્યારે ભગવાન વિષ્ણુ તેના પર પ્રસન્ન થાય છે. આ એક જ કાર્ય તેના દેવપદને ગરિમા અપાવે એવું છે. છતાં જાલંધર વિષ્ણુને બરાબર ઓળખે છે. બહેન લક્ષ્મીજીની આજીજીથી ભગવાન વિષ્ણુને જતા કરે છે. આ રીતે જાલંધર દાનવરાજ છે, છતાં કૌટુંબિક સંબંધોમાં ખાનદાની દાખવે છે. બાકી એ તો જાણે જ છે કે,

"જાલંધર રાઉ જંપે લછિ જોઈ, નારાઇણ આઇસ વસ ન હોઇ;

વડૌ ઠગ ઠાકર બાવન વીર, સગૌ જિ ન જાંણૈ સામ સરીર." (૭૦૯)

(ત્યારે જાલંધરે લક્ષ્મીજી સામે જોઈને કહ્યું કે : 'હે બહેન ! આ નારાયણ કોઈને વશ થઈને કે અનુકૂળ થઈનિ રહે તેવા નથી. આ વિષ્ણુ ઘણા ચતુર છે. તેઓ તો ઠગોના સરદાર છે. આ શ્યામ શરીર વિષ્ણુ કોઇને પણ સગા ગણતા નથી.')

જાલંધરના મુખમાં કવિએ મૂકેલ આ વાકયો વિષ્ણુના વ્યકિતત્વને પ્રગટ કરે છે. જાલંધરના આ શબ્દોને વિષ્ણુ આગલા પ્રસંગમાં યથાર્થ ઠેરવે છે. તેઓ જાલંધરે પોતાને જતા કર્યા છે એ ભૂલી ફરી ભગવાન રૂદ્ર સાથે જાલંધર વિરૂધ્ધની લડાઇમાં જોડાય છે. એ વખતે પણ તે કપટલીલા આચરવામાં કંઈ બાકી રાખતા નથી. એટલે સુધી કે સતી વૃંદાનું શીલ ભંગ કરવાનું અનીતિમય કાર્ય કરતાં પણ તે જરાય લજવાતા નથી. તેઓ નિર્લજ્જતાની હદ તો ત્યારે વળોટે છે જ્યારે તેઓ વૃંદાને કહે છે;

"કંમલા હૂંત મૂલ મોહંગી કરિ, અનંત ક્હૈ રાખાં ઉર ઉપરિ." (૧૦૨૨)

('હું તને લક્ષ્મી કરતાંએ મોંઘી કરીને મારા હૃદયમાં કાયમ રાખીશ.')

અહીં લક્ષ્મીજીનો દ્રોહ તો છે જ, પરંતુ શીલભંગ થયેલી વૃંદાને લક્ષ્મીજી કરતાંએ મોંઘી કરીને રાખવાની ચારિત્ર્યહીન વાત વિષ્ણુના પાત્રને ગૌરવચ્યુત કરે છે. વૃંદાને તેની સગી નણંદ એવી લક્ષ્મીજીની શૌક્ય બનાવીને રાખવાની તેમની ઇચ્છામાં સુરુચિનો ભંગ પણ છે. સમગ્ર રીતે જોતાં ભગવાન વિષ્ણુ દેવ હોવા છતાં તેમનું પાત્ર ચરિત્રાંકન બિલકૂલ દેવત્વના દર્શન કરાવતું નથી. તેઓ ચતુર, કુનેહબાજ છે. તેઓ ખંધા રાજપુરૂષની જેમ પોતાનું કાર્ય સિધ્ધ કરવા માટે ગમે તે હદે હલકું કૃત્ય કરવા તૈયાર થાય છે. સાધ્ય માટે સાધન શુધ્ધિમાં તે બિલકુલ માનતા નથી. ધ્યેય પ્રાપ્તિ માટે મોહિની જેવું સ્ત્રી રૂપ ધરતાં પણ અચકાતાં નથી. અલબત્ત, આ બધાનું અંતિમ ધ્યેય દેવોનું હિત જ છે, પરંતુ દેવ પુરૂષ કરતાં કુટનીતિ વિશારદ હોય એવું ચરિત્રાંકન તેમના પાત્રને ગૌરવહીન કરે છે એ નિઃશંક છે.

**(૪) ઈન્દ્ર :**

સ્વર્ગાધિપતિ ઇન્દ્ર દેવરાજ હોવા છતાં પરાક્રમમાં જાલંધરથી ઉણા ઊતરે છે. એ પોતાની રાજસત્તાથી મદાંધ બને છે. પરમેશ્વરે તેને પોતા સમાન કરીને રાખ્યો છે. એનાથી પોતાની આ મહત્તા

જીરવી શકાતી નથી. પોતાના બાહુબળ પર ગર્વ કરનારા ઇન્દ્રને યુધ્ધ કરવાની ઇચ્છા જન્મે છે, તેથી જ તે શિવ પાસે જઇને પોતા સમાન વીર યોધ્ધો માંગે છે.

ઇન્દ્રની માગણીના સંદર્ભે પરમેશ્વરનો ક્રોધ સમુદ્રપુત્ર રૂપે પ્રગટ થાય છે. જ્યારે એના માગ્યા પ્રમાણે જ મળેલો યોધ્ધો એની સામે રણમેદાનમાં આવે છે ત્યારે તે પોતાનું શૌર્ય બતાવી શકતા નથી. જાલંધર સાથે લડતાં પરાજિત થયેલાં ઇન્દ્ર રણમેદાન છોડી કાયરતાપૂર્વક ભાગી છૂટે છે.

પ્રથમ મુકાબલે જ શેખીખોર સાબિત થયેલા ઇન્દ્ર સ્વબળે જાલંધરને પરાજિત કરવા સમર્થ નથી. તેથી ભગવાન વિષ્ણુની મદદ લઇ બીજી વાર જાલંધર સાથે લડાઇ કરે છે. બીજીવારની એ લડાઇમાં પણ તેને પીઠ બતાવી નાસવું પડે છે.

ત્રીજીવાર શિવની મદદ લઇ ફરી જાલંધર પર ચઢાઇ કરે છે. જો કે આ ચઢાઇ વાસ્તવમાં ઇન્દ્રની નથી, ભગવાન શિવની છે અને ઇન્દ્ર તેમાં સામેલ છે. ત્યારે પણ તે કાયરના કાયર જ રહે છે.

આમ, 'જાલંધર પુરાણ'માં ઇન્દ્ર ક્યાંય પરાક્રમ દાખવી શકતા નથી. દરેક વખતે તે કાયર બની રણમેદાનમાંથી ભાગી છૂટે છે. ભગવાન વિષ્ણુની જેમ ઇન્દ્ર પણ જરૂર પડ્યે કપટનો સહારો લે છે. બીજા મુકાબલામાં બલિ દાનવ જેવા જાલંધરથી ઓછાં ચડિયાતાં એવા દાનવવીરને પણ જીતી શકતાં નથી, એટલે કપટપૂર્વક બલિ દાનવની ખુશામત કરીને એનું માથું દાનમાં માગી લ્યે છે. આ રીતે ઇન્દ્ર દૈવતહીન પાત્ર તરીકે ભાવકોના માનસમાં નફરતનો ભાવ જગાડી જાય છે. એ છે તો દેવરાજ, પરંતુ દાનવરાજ જાલંધરની વીરતા, ખુમારી સામે તે પામર જણાય છે.

આ રીતે દેવરાજ ઇન્દ્ર સંગ્રામમાં તેમ ભાવકોના હૃદયમાં કોઇ સ્થાન મેળવી શકતા નથી. ઇન્દ્રના પદને શોભે એવું કોઇ કર્તૃત્વ ઇન્દ્રના પક્ષે નથી. પુરાણના ઇન્દ્રનું પાત્ર અહીં કવિએ પોતાની રીતે આલેખ્યું છે.

### (પ) શુક્રાચાર્ય :

પૌરાણિક સંદર્ભે દાનવોના ગુરુ અને મૃત સંજીવની વિદ્યાના જ્ઞાતા તરીકે શુક્રાચાર્ય વિખ્યાત છે. ભૃગુવંશના ઋષિ શુક્રાચાર્ય પોતાના યજમાન દાનવોનું પરમ હિત ઇચ્છનારા છે. સાથે સાથે દાનવોના શત્રુ એવા દેવોના દ્વેષી પણ છે. દાનવોના ગુરુ તરીકેના પોતાના પદને તે સુપેરે શોભાન્વિત કરતા જણાય છે. ગુરુની પ્રેરણાથી જ સાગરપુત્ર જાલંધરનો દાનવરાજ તરીકે રાજ્યાભિષેક થાય છે.

એમની જ પ્રેરણાથી જાલંધર માટે મય દાનવ દ્વારા 'જાલંધર નગરી'નું નિર્માણ થાય છે. મધ્યકાલીન પરંપરા મુજબ અહીં પણ ગુરુ જ જાલંધર માટે યોગ્ય કન્યાની વરણી કરી તેનો વિવાહ કરાવે છે.

શુક્રાચાર્ય પૌરાણિક કથાઓના જાણકાર છે. જાલંધર પોતાના ગુરુના મુખે જ સમુદ્રમંથનની કથા જાણે છે. સાગર મંથન બાદ સાગરની સંપત્તિ દેવો દ્વારા લૂંટવાની અને દાનવોને થયેલા અન્યાયની કથા પણ તે શુક્રાચાર્યના મુખે સાંભળે છે.

શુક્રાચાર્યના વાર્યા છતાં જાલંધર શિવ પાસે પાર્વતીની માગણી કરે છે અને પરિણામે શિવ સાથે યુધ્ધ છેડી બેસે છે ત્યારે એ આત્મઘાતી રસ્તેથી પાછો વાળવા કુલગુરુ પ્રયાસ કરે છે પરંતુ તેઓ સફળ થતાં નથી. છતાં દાનવો પ્રત્યે પૂરા નિષ્ઠાવાળા છે. તેથી જ દાનવોને સમરાંગણમાં સંજીવની વિદ્યા દ્વારા પુનર્જીવન બક્ષે છે. જો કે દાનવગુરુની આ નિષ્ઠા શિવની દૃષ્ટિએ અપરાધકૃત્ય છે, તેથી જ શિવના કોપે શુક્રાચાર્ય અપમાનિત થાય છે અને કૃત્યા દ્વારા હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકાય છે. આમ છતાં ભાવકની દૃષ્ટિએ શુક્રાચાર્ય કોઇ અનાદર પામતા જણાતા નથી.

ટૂંકમાં, શુક્રાચાર્ય પોતાના યજમાનહિતૈષીપણાને કારણે એક આદર્શ ગુરુની પ્રતિભા ઊભી કરી ભાવકના હૃદયમાં માનભર્યું સ્થાન પામે છે.

**(૬) બ્રહ્મા :**

ભારતીય પૌરાણિક પરંપરાના ત્રિદેવોમાંના એક બ્રહ્મા છે. તેઓ સૃષ્ટિના સર્જનહાર છે. દેવો, દાનવો અને માનવો એ તેમનું જ સર્જન મનાય છે. બ્રહ્માજી હંમેશા દેવોના પક્ષપાતી રહ્યા છે. જાલંધરના રડવાનો અવાજ સાંભળી સાગરે માઝા મૂકી જાણી બ્રહ્મા ત્વરિત સાગર-નદીના સંગમ તટે આવી ઊભા રહે છે. સત્ય હકીકત જાણી જાલંધરના ભાગ્યની પ્રશંસા કરી જાલંધરનું નામકરણ કરે છે આ રીતે પૌરાણિક પરંપરાના ત્રિદેવમાંના દેવ બ્રહ્માનો કથા પ્રવેશ અહીં થાય છે.

જ્યારે જાલંધરથી પરાજિત થયેલા દેવો જાલંધરના વધર્થે બ્રહ્માની પાસે જાય છે ત્યારે તેઓ ન્યાય - અન્યાયમાં પડ્યા વગર દેવોનો પક્ષ લે છે. ભગવાન શિવ દ્વારા જાલંધરનો વધ કરાવવાની સલાહ જ બ્રહ્માજી દેવોને આપે છે. એટલું જ નહીં, ખુદ બ્રહ્માજી દેવતાઓ સાથે કૈલાસમાં જઇને ભગવાન શિવને જાલંધરનો વધ કરવા વિનંતી કરે છે.

પિતામહ બ્રહ્માજી પૌરાણિક સંદર્ભે જેટલા મહાન છે એવી મહત્તા અહીં 'જાલંધર પુરાણ'માં કવિ પ્રગટાવી શકયા નથી.

## (૭) બલિ દાનવ :

મધ્યકાલીન ક્ષત્રિય પરંપરાના જીવંત ઉદાહરણ સમું વચનનું ટેકીલું અને જીવ હાથમાં લઈને જીવનારૂં પાત્ર એટલે બલિદાનવનું પાત્ર. આ પાત્ર એવી યશસ્વોજજવલ રીતે આલેખાયું છે કે થોડીવાર માટે કથામાં આવીને પણ જાલંધરને ઝાંખો પાડી જાય છે. મન-વચન અને કર્મથી એ શુધ્ધ છે.

સમરાંગણમાં જ્યારે એ દેવરાજ ઈન્દ્ર સામે આવે છે ત્યારે વીર યોધ્ધાને છાજે એ રીતે ઈન્દ્રના પ્રહારોને સહી લે છે. એટલું જ નહિ, એ દેવરાજ ઇન્દ્રની વીરતાને પણ લલકારે છે,

"જપે બલિદાંણવ જોધ જૂઆંણ, ઈસા નહ કીજૈ ઘાઉ ઈઆંણ;
ઈસા નહં કીજૈ કીજૈ એમ, જો ઈંદ્ર ઘાઉ કરાં અબ જેમ." (૬૬૪)

(આથી બલિદાનવે ઇન્દ્રને કહ્યું કે, 'હે ઇન્દ્ર ! યુધ્ધકલાથી અજાણ ઈંદ્ર ! આવા ઘા - પ્રહાર ન કરાય પણ જો આમ ઘા થાય. હે ઈન્દ્ર ! તું જો, હવે હું ઘા - પ્રહાર કરું તેમ ઘા કરાય'.)

વસ્તુતઃ બલિદાનવનો પ્રહાર સહેવાનું સામર્થ્ય ઇન્દ્રમાં પણ નથી. તેથી બલિદાનવના ભોળપણનો લાભ લઇ, બલિને પ્રશંસા વડે વચનબધ્ધ કરી તેનું મસ્તક જ માગી લે છે.

"જિકે મંન માંહિ મંનછા જાણિ, સુરાંપતિ માંગિ ઈસૈ અવસાંણિ;
સુરપતિ માંગા મૌજ સકાજ, અવસર છો સિર અપે આજ." (૬૬૮)

('હે ઈન્દ્ર ! તમારા મનમાં જે કાંઈ ઈચ્છા - અપેક્ષા હોય એ આ અવસરે સમયે તમે માગી લ્યો.' આથી સુરપતિ - ઈન્દ્રએ કહ્યું 'આજે તને મોજ આવી છે, તો હું સકારણ તારી પાસે માગું છું કે આજે અવસર આવ્યો છે, તો તું તારૂં મસ્તક જ આપી દે.')

અને આ વચનથી બંધાયેલ બલિદાનવ પોતાનું મસ્તક ઈન્દ્રને અર્પણ કરી સ્વૈચ્છિક મૃત્યુને સ્વીકારી નૈતિક રીતે પણ ઈન્દ્રને પરાજિત કરે છે. 'જાલંધર પુરાણ'માં કવિએ આ પાત્ર દ્વારા સમકાલીન ક્ષત્રિયવીરના વટ અને વ્યવહારનું યોગ્ય નિરૂપણ કર્યું છે.

## (૮) રાહુ :

દેવતાઓ દ્વારા અન્યાય પામેલા રાહુનું પાત્ર અહીં નિષ્ઠાવાન સેવકના રૂપે આલેખાયેલું છે. રાહુનું ધડવિહીનપણું એના જીવનની મોટામાં મોટી કરુણા છે. પોતાની આ વ્યથા જાલંધર પાસે જ્યારે તે વ્યક્ત કરે છે ત્યારે એની એ દુઃખ ગાથા જાલંધર અને ઈન્દ્રના વેરનું નિમિત્ત બને છે.

ભગવાન વિષ્ણુ દેવસભામાં બેઠેલા રાહુને અમૃતથી વંચિત રાખે છે એટલું જ નહિ, એનો શિરચ્છેદ કરી નાખે છે. સમુદ્રમંથનના સમાન સહયોગનું સુફળ દાનવો પામતા નથી. પોતાના પરિશ્રમનું ફળ ઇચ્છતા રાહુનો શિરચ્છેદ કરવામાં આવે છે. તેની આ કરૂણ કથા સાંભળી સૌ પ્રથમ જાલંધર શિવને પ્રાર્થના કરી રાહુને ધડ અપાવે છે.

જો કે રાહુનું આ સુખ ક્ષણજીવી નિવડે છે. જ્યારે જાલંધરે રાહુને દૂત તરીકે શિવ પાસે મોકલી પાર્વતીને પોતાને સોંપી દેવા કહેવડાવ્યું, ત્યારે આ અભદ્ર માંગણીથી શિવને ક્રોધ પ્રગટે છે. ક્રોધાયમાન થયેલા શિવના ક્રોધનો એ ફરી ભોગ બને છે. શિવના ક્રોધથી ઉત્પન્ન થયેલ કૃત્યા રાહુને આવી જાય છે. કેવળ એનું મસ્તક બાકી રહે છે.

આમ, ફરી ધડવિહીનપણાને પામેલો રાહુ અપંગ હોવા છતાં પોતાના સ્વામીને વફાદાર છે. નિષ્ઠાવાન સેવકના રૂપે તેથી જ તે સ્વામીના પક્ષે યુધ્ધમાં ભાગ લે છે અને પોતાની દાઢો રૂપી હથિયારથી વીરતાપૂર્વક લડે છે. એ દ્વારા એની સ્વામી નિષ્ઠા, પરાક્રમશીલતા પ્રગટ થાય છે.

**(૯) નારદ :**

પૌરાણિક કથા સંદર્ભે નારદનું પાત્ર કલહપ્રિય છે જે 'જાલંધર પુરાણ'માં પણ એ જ પ્રમાણે આલેખાયું છે. શાંતિ હોય ત્યાં અશાંતિ ઉત્પન્ન કરવી એ આ 'નારાયણ - નારાયણ' જપતા ઋષિવરનો પરમપ્રિય શોખ છે. કહો કે એ જ એનો જીવનમંત્ર છે.

જાલંધર અને ભગવાન શિવ વચ્ચે યુધ્ધના બીજ નારદની પ્રેરણાથી જ નંખાય છે. શિવ પાસે જગદંબા પાર્વતીની માગણી કરવાની જાલંધરને પ્રેરણા આપતા નારદનું આ કૃત્ય તેમના ઋષિપણાથી વિપરીત છે. જો કે એ સારી રીતે જાણે છે કે કોઇ સામાન્ય બાબતે શિવ અને જાલંધર વચ્ચે લડાઇ થશે નહિ. તેથી જ તેઓ જાલંધરને જગદંબા પાર્વતીની માગણી કરવાનું અત્યંત હીન કૃત્ય કરવા માટેની શિખામણ આપે છે.

અહીં તેનો કલહપ્રિય સ્વભાવ તો જવાબદાર છે જ, સાથે સાથે હૃદયને ઊંડાણે દેવોનું હિત પણ રહેલું છે. આ રીતે નારદનું પાત્ર અહીં કલહપ્રિય હોવા છતાં કલાત્મકતાથી નિરૂપાયેલ છે.

**(૧૦) સમુદ્ર :**

સાગરનું પાત્ર અહીં એક વત્સલ પિતા તરીકેનું ઉભર્યું છે. તે સદા પુત્રનું હિત ઇચ્છનારા છે. જાલંધરને ખૂબ લાડકોડથી ઉછેરે છે. તેના માટે ગુરુ શુક્રાચાર્યની સલાહ અનુસાર 'જાલંધર નગરી'નું મયદાનવ દ્વારા નિર્માણ કરાવે છે અને સુયોગ્ય કન્યા શોધી વૃંદા સાથે તેના લગ્ન કરાવે છે.

સાગર વચ્ચે રહેલા દ્રોણાચલ પર્વત ઉપર સંજીવની ઔષધિ ઉગે છે. એ ઔષધિ વડે દેવોના વૈદ ધન્વંતરિ યુધ્ધમાં મૃત્યુ પામેલા દેવતાઓને સજીવન કરે છે. જાલંધર પર્વત પર ક્રોધે ભરાય છે કેમ કે તે સાગરનો આશ્રિત હોવા છતાં તેનો લાભ દેવતાઓ લે છે. ક્રોધે ભરાયેલો જાલંધર જ્યારે દ્રોણાચલને હણવા જાય છે ત્યારે સાગર વચ્ચે પડીને પોતાના આશ્રિત એવા દ્રોણાચલને બચાવે છે, જે એના પાત્રની મહાનતા સૂચવી જાય છે. સાગરનું સાગર હૃદયી સ્વરૂપ અહીં પ્રગટે છે.

જાલંધર જ્યારે શિવ પાસે પાર્વતીની માગણી કરે છે ત્યારે પુત્ર હિતેચ્છુ સાગર પિતા તરીકે જાલંધરને આવી અનુચિત માગણી નહિ કરવા સલાહ આપે છે. અહીં એક જવાબદાર પિતા તરીકેનું તેનું વ્યક્તિત્વ પ્રગટ થાય છે.

## ૪:૧:૨ સ્ત્રી પાત્રો :

''પોતાને જોગમાયાનાં બાળ કહેવરાવનાર ચારણોએ પ્રથમ તો સદા શક્તિને જ ઉપાસી છે. એની કાવ્યોપાસનામાં શક્તિનું રમ્ય ભીષણ અને વિક્રમશીલ ઓજસ રૂપ ઉદ્‌બોધ્યું છે.[૫]

પ્રસ્તુત વિધાન સંદર્ભે આપણે 'જાલંધર પુરાણ'ના શક્તિરૂપી નારી પાત્રોનો પરિચય મેળવીએ.

### (૧) વૃંદા :

પર્વતરાજ કુરિચની શીલવાન, રૂપવાન એવી કન્યા વૃંદાના લગ્ન શુક્રાચાર્ય જાલંધર સાથે કરાવે છે અને ત્યાં વૃંદાના પાત્રનો કથા પ્રવેશ થાય છે. 'જાલંધર પુરાણ' નું આ તેજસ્વી નારી પાત્ર છે. ક્ષત્રિયાણીને ઉચિત એવું માનસ ધરાવતી વૃંદા પતિ જાલંધર તપ કરવા જાય ત્યારે પ્રસન્ન ચિત્તે વિદાય આપી પતિ - વિરહ સહન કરે છે. સતી વૃંદાના શીલ વડે જ જાલંધર અવદ્ય બની રહે છે. સમય આવ્યે પતિ જાલંધરને ઉચિત સલાહ આપી સાચી જીવન સંગિની તરીકેનુ પોતાનું કર્તવ્ય અદા કરે છે. નારદની અનુચિત સલાહને સ્વીકારી શિવ સાથે વેર ન વહોરી લેવાની વૃંદા જ પતિને સલાહ આપે છે.

સ્ત્રીનું સાચું આભૂષણ એનું શીલ છે. શીલ ગુમાવેલી સ્ત્રીનું સ્ત્રી તરીકે પછી કોઇ મૂલ્ય રહેતું નથી. ભગવાન વિષ્ણુ દ્વારા કપટપૂર્વક શીલભંગ પામેલી વૃંદાને પણ જીવન નિરર્થક લાગે છે. તે પોતાનો પ્રાણ આપવા તૈયાર થાય છે. શીલભંગ થયેલી વૃંદા રોષપૂર્વક ભગવાન વિષ્ણુને કહે છે,

'વૈકુંઠવાસ સંમાપંણ વાલા, કાલૌ કંમલ તોહરૌ કાલા.'' (૧૦૧૯)

(‘મને વૈકુંઠવાસ દેવાની વાત કરનારા વિષ્ણુ ! આ પાપાચારને કારણે તમારું મોં જ કાળું થશે.’)

ભગવાન વૃંદાને અનેક લોભામણાં વચનો વડે, તેના શીલની પ્રશંસા કરીને તેને સમજાવવાનો પ્રયત્ન કરે છે છતાં શીલભ્રષ્ટ વૃંદા જીવવા ઇચ્છતી નથી. એ અગ્નિને પોતાનો દેહ સોંપવા તૈયાર થાય છે. ભગવાનની અનેક લાલચોને તે દૃઢતાપૂર્વક ઠુકરાવી અગ્નિપ્રવેશ કરે છે.

આમ, વૃંદાનું પાત્ર જાલંધરની સાચી અર્ધાંગિની રૂપે એનું કલ્યાણ ઇચ્છનારી સહચરી અને જીવનસાથી રૂપે ઉપસી આવ્યું છે.

હરદાસ મિસણ અહીં વૃંદાના પાત્રાલેખન નિમિત્તે ભારતીય નારીની ઉજ્જવળ સતી પરંપરાનું નિરૂપણ કરે છે. આવા ઉજ્જવળ નારી પાત્રોના સર્જન દ્વારા એ પંથે નારી વૃંદને દોરવાના હરદાસ મિસણના પ્રયાસમાં તેઓ મહદ્અંશે સફળ રહ્યા છે.

### (૨) લક્ષ્મી :

પૌરાણિક પાત્રોનાં સંદર્ભે લક્ષ્મીજીનું સ્થાન વિષ્ણુ પત્ની તરીકેનું છે. દેવી લક્ષ્મીજી હંમેશા પૂજનીય રહ્યાં છે. અહીં હરદાસજીએ લક્ષ્મીજીના પાત્રને લાચાર સ્થિતિમાં મૂક્યા જણાય છે. પતિગૃહે જેનું કોઇ માન - મર્યાદા કે મોભો નથી એવું હિન્દુ સમાજની દૂણાયેલી નારી જેવું લક્ષ્મીનું પાત્ર અહીં કવિએ આલેખ્યું છે. જાલંધર સાગરપુત્ર હોવાને નાતે તેનો ભાઇ છે પણ પતિને ભાઇ સાથે યુધ્ધે ચઢતાં તે અટકાવી શકતી નથી. ભાઇ સામે યુધ્ધે ચઢતાં પતિને જે શબ્દો તેણી કહે છે એમાં એની વેદનાયુક્ત લાચારી જણાઇ આવે છે.

“જો જાલંધર હઇયં, કામં ઈણિ કાલિ લગસૈ લછણ;
જે કહીયંસે કહીયં, ઇતા મઝિ સમજૈ સાંમ.”(૫૫૫)

(‘હે નાથ ! જો તમે જાલંધરને હણશો તો મને આજે કલંક લાગશે. લોકો મને કેવા કેવા મહેણાં મુખેમુખ મારશે. આટલી વાતમાં જ પ્રભુ આપ સમજી જાઓ.’)

“કહિ સૈ સગી નહોતી, કંમલા મતે ભૂઅ આભંતર” (૫૫૬)

(લોકો કહેશે કે : લક્ષ્મીજી જાલંધરની સગી બહેન જ ન હતી. આથી જ તેમના સ્નેહમાં આભ જમીનનું અંતર હતું.)

આ કલંકથી બચવા જ લક્ષ્મીજી વારંવાર વિનવે છે કે,

"સોઇ મૂં ભાઇ સુ જાંણે, જોઇ દરીઆઉ જાઉ જાલંધર;
મારંણ મંમ પરિઆંણે, કારંણ કરે મંન મૈ મુઝ." (૫૫૪)

(આથી હે પ્રભુ ! સાગરપુત્ર જાલંધરને આપ મારો ભાઇ જાણો અને એને મારવા માટે આપ મારા કારણે પરિયાણ ન કરો.)

પરંતુ લક્ષ્મીજીની વિનંતી વિષ્ણુ કાને ધરતા નથી. તે પ્રત્યુત્તર આપ્યા વગર લક્ષ્મીજીને એ જ લાચાર સ્થિતિમાં મૂકીને ચાલ્યા જાય છે.

"કંમલા કથંન સુણે કમલા કર, પાછૌ દીધો નહીં પડુતર."(૫૫૮)

(ભગવાન વિષ્ણુ-કમલા પતિએ કમલાજીની પૂરી વાત સાંભળી પણ તેને પ્રત્યુતર ન આપ્યો.)

પોતાના પતિ વિષ્ણુ દ્વારા ભોજાઇ વૃંદાને શીલભ્રષ્ટ કરવામાં આવે છે ત્યારે કે એ કપટલીલાથી જાલંધરને મૃત્યુના મુખમાં ધકેલવામાં આવે છે ત્યારે લક્ષ્મીજી કશું જ કરી શકતા નથી. એને ભાગે તો મૂકપ્રેક્ષક બની લાચારીપૂર્વક અસહ્ય વેદના સહેવાનું જ આવે છે. આ રીતે જગદંબારૂપમા લક્ષ્મીજી ભાવકના હૃદયમાં સામાન્ય લાચાર ગૃહિણી તરીકે, એક કરુણ નારી પાત્ર તરીકે સ્થાન પામે છે.

## (૩) સિન્ધુ નદી :

લોકમાતા રૂપે પૂજાતી સિન્ધુ નદી અહીં જાલંધરની જનેતાના પાત્ર રૂપે આવે છે. પિતા સાગરની જેમ એ પણ પુત્રનું કલ્યાણ ઇચ્છે છે અને એથી જ જ્યારે સાગર જાલંધરને શિવ સાથે યુધ્ધ ન કરવા સમજાવે છે ત્યારે તે પણ તેમાં પોતાનો સૂર પૂરાવે છે 'જાલંધર પુરાણ'માં સિંધુનું પાત્ર તદ્દન ગૌણરૂપે આવે છે. જાલંધરની માતા તરીકે કથામાં તેનો એકાધિક વાર ઉલ્લેખ થાય છે અને તેને બોલવાનો પ્રસંગ તો ઉપર્યુક્ત સમયે જ આવે છે. અધિકાંશ મૌન જાળવતી પણ મનોમન પુત્રનું હિત ઇચ્છતી વહાલસોઇ માતા તરીકે સિન્ધુનું પાત્ર આપણી સમક્ષ પ્રગટ થાય છે.

## (૪) પ્રભાવતી :

મહાબલવાન બલિદાનવની પત્ની એટલે પ્રભાવતી. પોતાના પતિને ભોળવીને તેની પાસેથી તેનો પ્રાણ વરદાનરૂપે માગીને કપટપૂર્વક તેની હત્યા થાય છે ત્યારે તેણી ભારે ખેદ અનુભવે છે, છતાં

ક્ષત્રિયાણી જેવું વ્યક્તિત્વ ધરાવતી પ્રભાવતીને પોતાના પતિના વીરત્વમાં પૂર્ણ શ્રધ્ધા છે. એ દઢતાપૂર્વક માને છે કે સમરાંગણમાં પોતાના પતિને કોઈ જીતી નહિ શકે, તે અજેય છે.

"કલેઅંણ જીત ન જીતો કોઇ, વાચા બલિ છેતરઓ વિસલોઇ." (૬૭૭)

('મારો પતિ તો અજેય છે. સંગ્રામમાં કોઇ એને જીતી શકે તેમ નથી. પરંતુ મારા પતિ બલિને તો કપટવાચામાં જ છળ્યો છે.')

પતિ પર આટલી શ્રધ્ધા ધરાવતી પ્રભાવતી આર્યનારીની માફક જ પતિભક્ત છે. એથી જ એ પતિના પરલોક પ્રયાણ પછી પોતાના પ્રાણ ત્યજી સતીની હરોળમાં સ્થાન પામવાને અધિકારી બને છે. આમ, જેમ બલિદાનવ આદર્શ પરાક્રમી વીર છે તેમ પ્રભાવતી આદર્શ પત્ની છે. આ દાનવ યુગલનું આલેખન કવિએ એવી સરસ રીતે કર્યું છે કે એમાં આપણને મધ્યકાલીન ખુમારીથી ભર્યા ક્ષત્રિય દંપતિનું જ દર્શન થાય છે.

આમ તો વૃંદા સિવાયના આ બે'ય સ્ત્રી પાત્રો ગૌણરૂપે આલેખાયાં છે. આ સિવાયનું ગૌણ પાત્ર એટલે ભગવાન શિવ દ્વારા બેએક વખત ઉત્પન્ન થયેલ કૃત્યા. આ પાત્ર દ્વારા અદ્‌ભુતરસ નિષ્પન્ન થાય છે. કથામાં પલકવાર માટે આવતી કૃત્યા પોતાનું કાર્ય સંપન્ન કરી અદશ્ય થઇ જાય છે, પરંતુ એના એ અદ્‌ભુત રસિક કૃત્યથી કથાને ગતિ મળે છે. કૃત્યાનું પાત્ર કથામાં નાના - મોટા સૌને ભૂત કથાનો રોમાંચ અર્પે છે.

'જાલંધર પુરાણ'ની કથા પૌરાણિક વિષયવસ્તુ પર આધારિત છે, પરંતુ એના કવિ હરદાસજી મધ્યકાલીન ચારણ કવિ છે. ચારણ કવિ હોવાને નાતે એ ક્ષત્રિયગુરુનું બિરૂદ પામે છે. ચારણી સાહિત્ય વીર વિભાવનાનું, વીરરસની ઉપાસનાનું સાહિત્ય છે. હરદાસજી ચારણ હોવાથી સમકાલીન ક્ષત્રિયોના ગાઢ સંપર્કમાં આવ્યા હશે, એમણે બહુ નજીકથી ક્ષાત્રજીવનને જોયું હશે, તેથી આપણને 'જાલંધર પુરાણ'માં પૌરાણિક પાત્રોના નિમિત્તે મધ્યકાલીન ક્ષત્રિયોનું જીવન અને વીરતાનું દર્શન થાય છે.

જે તે કવિ પોતાના યુગનું સંતાન છે તેથી કવિના ચિત્ત પર પોતાના યુગની રાજકીય, સામાજિક અને ધાર્મિક સ્થિતિની અસર થવાની જ. આથી જ 'જાલંધર પુરાણ'માં પાત્રોની બાહ્ય અને આંતરિક રેખાઓમાં મધ્યકાલીન વાતાવરણ નિરૂપાયું છે.

આ રીતે હરદાસજીએ પૈરાણિક કથાવસ્તુ સંદર્ભે ચારણી સાહિત્યનું ભક્તિભાવપૂર્ણ વીરાખ્યાન સજર્યું છે. કથાના આદિ અંતમાંના દીર્ઘસ્તવનો ગુજરાતી આખ્યાન કાવ્યોમાં જ નહિ, ચારણી આખ્યાનોમાંયે ઓછાં જોવા મળે છે. આને હરદાસજીની વિશિષ્ટતા ગણી શકાય.

## પ:૧ 'જાલંધર પુરાણ'માં રસનિરૂપણ :

રસ નિરૂપણ સંદર્ભે ચારણી સાહિત્યની વિશિષ્ટ પરંપરાનો પરિચય 'જાલંધર પુરાણ'માંથી મળે છે. સાહિત્યના લગભગ નવે'ય રસોના આલેખન વડે કવિએ કૃતિને રસસભર બનાવી છે.

રસ નિરૂપણ સંદર્ભે ચારણી સાહિત્યમાં અનોખી તાસીર દષ્ટિગોચર થાય છે. ચારણ કવિઓએ વીર અને વીરાંગનાઓના ચરિત્રાલેખન દ્વારા વીર રસ નિષ્પન્ન કર્યો છે. ચારણી સાહિત્યમાં ભક્તિ, શૌર્ય અને શૃંગારનો ત્રિવેણી સંગમ ચારણી સાહિત્યને અનોખું પરિમાણ બક્ષે છે. 'જાલંધર પુરાણ' હરદાસ મિસણની આવી વીરરસને પ્રેરક અને પોષક કૃતિ બની રહી છે. વીરરસ કૃતિમાં કેન્દ્રસ્થાને છે.

શાંત રસનું નિર્વહણ પણ કૃતિના આરંભે, વચ્ચે અને અંતે વારંવાર થયા કરે છે. કવિનું ભક્ત હૃદય સતત ભગવાન શિવનું સ્મરણ કર્યા જ કરે છે. જાલંધરની પરાક્રમગાથાની સમાંતરે કવિ ઈશ્વરનું મહિમાગાન કરે છે તેથી વીરરસની સાથે જ શાંતરસ પણ કૃતિના કેન્દ્રસ્થાને બિરાજે છે.

ઉપરાંત વીરરસને પોષક એવા રૌદ્ર, ભયાનક, બીભત્સ અને કરુણ ઉપરાંત શૃંગાર, હાસ્ય અને અદ્‌ભૂત રસનું નિરૂપણ કર્યું છે.

આમ સાહિત્યના નવેય રસોની રસલ્હાણ કરાવતી કૃતિ 'જાલંધર પુરાણ'માંથી વિવિધ દષ્ટાંતો લઈને કવિની રસ નિરૂપણ કલાનો પરિચય મેળવીએ.

### ❖ વીરરસ :

''૧૨૦૦ જેટલાં છંદોમાં વીરરસને મુખ્ય સ્થાન આપીને હરદાસજીએ આખ્યાનના પટાંગણે નવેએ રસોને રમાડ્યા છે.''[૬]

'જાલંધર પુરાણ'નું મુખ્ય પાત્ર જાલંધર વીર નાયક છે. એ પાત્રના હૃદયસ્થ ભાવો વીરરસ નિષ્પન્ન કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પોતાના પિતા એવા સમુદ્રનું દેવો વડે થયેલું મંથન જાણ્યા પછી ગુસ્સે થયેલો જાલંધર કહે છે;

"જાલંધર રાજા જંપે, શુક્ર સમિપ સંમથ
જિણિ મહણાંરંભ મથીઓ, તીસ ગલથાં બથ." (૪૧૨)

(સમર્થ એવા જાલંધર રાજાએ શુક્રાચાર્યને કહ્યું : "જેમણે સમુદ્રમંથન કર્યું છે તેના ગળે હું યુધ્ધાર્થે બથ ભરીશ".)

પિતાના વેરનો બદલો લેવા ઉત્સુક જાલંધરની વીરરસ સભર વાણીથી શબમાં પણ સંજીવની પ્રગટે છે.

"દીધા દાઉ નસાં સહાં, પીધા પાંન હરામ;
સાગર સિંધ ન જાઇઓ, જિન જાલંધર નાંમ." (૪૧૪)

(જો એમ ન કરું તો મેં આપેલાં દાનો વ્યર્થ છે. માતાનું ધાવણ ધાવ્યો એ પણ વ્યર્થ છે. હું સાગર અને સિન્ધુ નદીનો જાલંધર નામે પુત્ર પણ જન્મ્યો નથી.)

ઇન્દ્રના દૂતે આવીને જાલંધરને કહ્યું કે, "ઇન્દ્ર સાથે યુધ્ધ કરીને સમરાંગણમાં વિજય મેળવે તેવો કોઇ વીર પ્રભુએ સર્જ્યો જ નથી." ત્યારે જાલંધર તેને વીરતાપૂર્વક જવાબ વાળતાં કહે છે,

"જિણિ મંન મંથણ મથેઆ, તાહી તંણો પરતાપ
ઇંદ્ર ન જીપાં આઉધે, તો નંન જાયૌ બાપ." (૪૮૩)

(કામદેવને જેણે રોળી નાખ્યો એવા ભગવાન શિવને પ્રતાપે શસ્ત્ર ધારણ કરી જો હું ઇન્દ્રને પરાજિત ન કરું તો હું મારા પિતાનો પુત્ર જ નહીં.)

આ ઉપરાંત વીરરસને પોષક એવા જાલંધરનાં વચનો જુઓ,

'વૈર ન પૂછે વેરિઆં, ગચ્છે આપ ઇવાંણ;
માત મ જાએ પુત્ર વે, હીંદુ મુસલમાંણ." (૪૧૫)

(જેઓ પોતાના શત્રુઓના વેરનો હિસાબ માંડતા નથી એન પોતાનું ઇમાન ખોવે છે; એવા પુત્રોને હે હિન્દુ અને મુસલમાન માતાઓ ! તમે જન્મ જ ન આપશો.)

"જે જેહાં કુલ ઉપનાં, તે કુલિ લજ તે આંહ;
લાજ વહુણાં નિલજા, પુત્ર પ્રસુધા કાંહ." (૪૧૬)

(માણસ જે કુળમાં ઉત્પન્ન થયો તે કુળની લાજ એમાં જન્મ લેનાર એ માણસની લાજ છે. હે માતાઓ ! તમે લાજ વગરના આવા નિર્લજ્જ પુત્રોને જન્મ જ કેમ દીધો ?)

"હીઆ હીએ ન હલેઆ, કરિ કરમાલ ઉદાલિ;
પુત્ર પ્રસુધા એરસા, માતાપિતા કૂં ગાલિ." (૪૧૮)

(સંગ્રામમાં શસ્ત્ર ઉગામીને જેઓ સામી છાતીએ ન ચાલ્યા - લડ્યા, એવા કાયર પુત્રોને જન્મ આપનાર માતા પિતાને ધિક્કાર છે.)

"સત્ર ગંજણા સિવ પુંજણા, સેણ સેવ સુખ દેણ;
સોઈ સાપ્રસ જમ્મેઆ, માતાપિતા કું વેણ." (૪૧૯)

(શત્રુઓના ગર્વનું ખંડન કરનારા અને શિવના ભક્તિ પૂજન કરનારા સત્પુરુષોને જન્મ આપનાર માતાપિતાને ધન્ય છે.)

આમ, માત્ર 'જાલંધર આખ્યાન' જ નહિ પરંતુ "પોતાની વીરરસાત્મકતાને કારણે ચારણી સાહિત્ય શબમાં સંજીવની પ્રગટાવનારૂં સાહિત્ય બન્યું છે."(૭)

## ❖ રૌદ્રરસ :

રૌદ્ર રસ વિશે 'કાવ્યશાસ્ત્ર'કાર કહે છે, "ક્રોધિત થયેલી ઈન્દ્રિયોની પ્રબળતાને રૌદ્ર રસ કહે છે." રોષાવેશનું પ્રાગટ્ય એટલે રૌદ્ર રસ. 'જાલંધર પુરાણ' યુધ્ધની કથા છે. યુધ્ધના પ્રસંગો વડે જ કૃતિ વીરાખ્યાન બની છે. વીર જાલંધરની દેવો સાથેની લડાઇના પ્રસંગોમાંથી વીર રસ નીપજે છે તો વીર રસના અનુગામી રસ તરીકે અહીં સ્વાભાવિક જ રૌદ્ર, બિભત્સ અને ભયાનક રસનું નિરૂપણ થયેલું જોઈ શકાય છે.

'જાલંધર' કથાનકના મૂળમાં ઇંદ્રની યુધ્ધ ભૂખ છે. પોતાના માટે સમોવડિયો યોધ્ધો પ્રાપ્ત કરી એ યુધ્ધ ભૂખ સંતોષવા માગે છે ત્યારે જ તો જાલંધર જન્મે છે ! એટલે કે ઈન્દ્રની યુધ્ધ ભૂખને શમાવવા જ જાલંધર જન્મ્યો છે, તેથી આ કથાના કેન્દ્રસ્થાને યુધ્ધ છે. પ્રથમ જાલંધર ઈન્દ્ર સાથે, ત્યારબાદ ઇંદ્ર અને ભગવાન વિષ્ણુ સાથે અને ત્રીજો ભગવાન શિવ સાથે જાલંધરનો આખરી યુધ્ધ સંગ્રામ મંડાય છે. આ તમામ યુધ્ધના પ્રસંગે યોધ્ધાઓ માટે કોપ - ક્રોધ આવશ્યક બની રહે છે. 'જાલંધર પુરાણ'માં અનેક પ્રસંગોએ 'રૌદ્ર રસ' નિષ્પન્ન થતો જોવા મળે છે.

"મહાદેવ ક્રોધ્યા મંણ, કંમલિ પ્રસેદ તણા વળેઆ કણ." (૯૫)

(મનમાં ક્રોધિત થતાં મહાદેવના મુખે પ્રસ્વેદનાં બિંદુઓ બાઝ્યાં.)

"મુજ પિતા ભ્રાતા મહદ, જે ધ્રુમવેયા ધાઇ;
સે મૂં સલે સૂલ જ્યો, હલૈ હિઅડાં માંઇ." (૪૧૩)

(જાલંધર કોપ વચન કહે છે : જેણે મારા પિતા સાગરનું મંથન કર્યું તે મારા હૃદયમાં શૂળ માફક ભોંકાય છે અને વેદના દે છે.)

"તાંમ સૂરાંપતિ સંભળે, દૂરવારણ દુરિ વાંણિ;
રોસારી રોસાંખીઓ, ધંધેઆ ધોમર જાણિ." (૪૬૩)

(દૂત એવા દુર્વારણ દાનવની કઠોરવાણી સાંભળીને જેમ ધમણ ધમવાથી અગ્નિ પ્રજવલિત થાય તેમ લાલ નેત્રો કરીને કોપ કર્યો.)

"જાલંધર રાઉ મહાજંમ જાલ, કાલૈ કેઅ કોપ પ્રલૈ નલ કાલ;
જાલંધર રાઉ મહા જમ જેઠ, દ્રંગ ચાલ સૂ ચલેઆ સિર દ્રઠ." (૫૧૯)

(રાજા જાલંધર મહા યમરાજ સમો કાળઝાળ હતો. તેણે પ્રલયકાળ સમાન ભયંકર કોપ કર્યો. જાલંધર યમરાજથી પણ વધારે ભયંકર હોય તેમ ક્રોધાન્વિત થઇને ગુસ્સાથી લાલચોળ આંખો કરીને દેવોની માથે ચાલ્યો.)

"કાલૌ કુદરતીઅ રૂપ કેરઅ, લલહ્યો લોહ છત્રીસેઅ લેઅ." (૫૨૮)

(જાલંધરે ભયંકર કાળ - યમરાજ સમું રૂપ કરીને હાથમાં શસ્ત્રો ધારણ કરીને તેને લલકાર કર્યો.)

"જાલંધર જાજુલમાન જડાગિં, લસકર આગિ અધંતર લાગિ."(૫૪૦)

(જાલંધર પ્રજ્જવલિત આગ સમાન હતો, એ દેવોનાં લશ્કરને યુધ્ધરૂપી આગમાં સળગાવવા લાગ્યો.)

"સંદ આતુરિ ઉઠેઆ, બૂંબારવ સારી;
કાલ કરાલ વદંન કો, વંણેઆ ઇણવારી; (૫૬૧)

(પ્રભુ આતુર બનીને જાગી ઊઠ્યા, ચારે તરફ બૂમરાણ મચી ગઇ, કરાળકાળ જેવા વદનવાળા પ્રભુ કોપમય બન્યા.)

આમ, દરેક યુધ્ધના પ્રસંગોએ, યોધ્ધાઓમાં પ્રગટતા આવેશરૂપે ઠેર ઠેર રૌદ્રરસનું નિરૂપણ થયેલું જોઇ શકાય છે.

### ❖ ભયાનકરસ :

જેના વડે ભય નિષ્પન્ન થાય તે ભયાનક રસ. 'કાવ્યશાસ્ત્ર'કારના કથન મુજબ ઘોર કર્મો એનું ઉદ્દીપન સ્થાન છે. 'જાલંધર પુરાણ' મહદ્અંશે યુધ્ધકથા છે. તેથી યુધ્ધ વર્ણનો વિપુલ માત્રામાં છે. વસ્તુતઃ સંગ્રામ જ ભયાનક રસની જનેતા છે. યોધ્ધાઓનું રૂપ અને સંહાર કર્મ તેમજ યુધ્ધના દારુણ, વિનાશક પરિણામો પણ હંમેશા ભયંકર જ હોય છે. અહીં ભૂત, પ્રેત, જોગણીરૂપે પણ ભયાનક તત્ત્વો આવ્યા છે. આનાં થોડાં દષ્ટાંતો જોઇએ.

"બાંહ પલંબ, અલંબ મહાબલ, કાલ રૂપ વિકરાલ અંણ કલ;
મુખ ત્રિનયણ કંકોલ ચોલ મુખ; સસિ હર સૂર ઝંખે જાંણે સુખ." (૯૬)

(અત્યંત વિશાળ ભુજાઓવાળો એ યોધ્ધો બળવાન હતો. સાક્ષાત કાળરૂપ હોય તેવો વિકરાળ ભાસતો હતો. ભગવાન ત્રિનેત્રેશ્વરના ત્રીજા નેત્રની જેમ તેનામાંથી ભયંકર અગ્નિ શિખાઓ પ્રગટતી હતી. એ ક્રોધાગ્નિ સમક્ષ સૂર્ય અને ચંદ્ર પણ ઝાંખા પડ્યા અને જાણે કે સુખ ઝંખવા લાગ્યા.)

"જાલંધર સીસ પુલંદર જાઇ, થરહર કંપ મુર પુર થાઇ." (૫૧૩)

(રાજા જાલંધર ઇન્દ્રને માથે ચડ્યો, ત્યારે ભયથી ત્રિલોક કંપી ઊઠ્યા.)

સમરાંગણમાં ભયાનક વિનાશ વેરતા યોધ્ધાઓનાં વર્ણનો દ્વારા ભયાનક રસ નીપજે છે.

"ઘંણા રિણ ધૌટ ચખાવૈ ચૌટ, દડૈ સુર સેન દડા જંમ દોટ." (૫૪૧)

(ઘણા શૂરવીરોને એણે ધૂળ ચાટતા કરી દીધા. દેવોનાં સૈનિકોનાં મસ્તકો કાપી કાપીને તેને દડાની જેમ દોડવવા લાગ્યા.)

"પછૌડેઅ ખાગિ ખડગ પછાડ, જડ ઉજેડિ ઉજોડે જાડ;
વજોડેઅ ભૌમ ભુજાંબલિ વીર, ભુજોડે દૌમ દઇતાં ભીર." (૫૪૨)

(તલવારોના પ્રહારોથી તેણે અનેકને ધરતી પર પછાડ્યા, વંટોળિયો જેમ વૃક્ષને મૂળ સાથે ધરતી પરથી ઉખેડી નાખે તેમ રણક્ષેત્રમાં દુશ્મનોને ફેંકી દીધા. એ બાહુબલિએ અનેકને પકડી પકડીને ધરતી પર પછાડ્યા, તો એ દૈત્યે કેટલાંકને પોતાની બથમાં લઈ ભીંસીને મારી નાખ્યા.)

જાલંધર રાહુને શિવજી પાસે મોકલી મા પાર્વતીની માગણી કરે છે ત્યારે શિવજીનાં કોપમાંથી ભયંકર પ્રેત ઉત્પન્ન થયો. એ પ્રેતનું ભયંકર વર્ણન જૂઓ;

"કેસ મુગત રગતર કાયા, વિકલ નેત્ર કુ વેસર વાયા" (૮૬૨)

(તેના માથાના વાળ છૂટા હતાં અને તેની કાયા રક્તવર્ણી હતી. તેની આંખો વિચિત્ર હતી અને આખી કાયા પણ કુરૂપ અને ડરામણી હતી.)

તો શિવજીના સૈન્યમા રહેલા ભૂત-પ્રેતના હાકલા-પડકારા અને જોગણીઓનો કોલાહલ અને ખડખડાટ હાસ્ય ભયાનક રસને પોષક બનીને આવ્યા છે. શિવજીના કરાળ ક્રોધમાંથી જન્મેલ કૃત્યાનું વર્ણન પણ આવું જ ભયાવહ છે.

"દઢાલીઅ ડાકણ દીરઘ દંત, ન સંકત નારિ ન સૂંગનિ ભ્રંત;
વડા ભુડંડ વડી વિકરાલ, વડા નખ ભાલ વિરૂપ વિસાલ." (૧૧૭૦)

(એ ડાઢાળી ડાકણ મોટા દાંતવાળી હતી, એનું શરીર નિઃશંક પણે ચૂડેલનું હતું. તે નિભ્રાંત અને સૂગ રહિત હતી. તેની ભુજાઓ વિશાળ અને વિકરાળ હતી. તેમજ તેના નખ પણ મોટા હતા અને તેનું કપાળ વિરૂપ અને વિશાળ હતું.)

યુધ્ધને અંતે જાલંધર વધની ઘટનાથી ભયાનક રસ નિપજે છે

"જાલંધર આહંણેઓ જડધાર, હૂઓ સત ખંડઈસી અંણહાર." (૧૧૯૬)

(જડધાર - શિવજીએ જાલંધરને હણ્યો, એ સમયે જાલંધરના શરીરના સો ટુકડાઓ થઈ ગયા.)

આમ, યુધ્ધનાં કાર્યો અને પરિણામોમાં કવિએ ભયાનક રસ વહાવ્યો છે.

## ❖ બીભત્સરસ :

જેનું વર્ણન મનમાં જુગુપ્સા જન્માવે તે બીભત્સરસ. 'જાલંધર પુરાણ'માં યુધ્ધ દરમિયાન અને યુધ્ધના અંતે થતો વિનાશ, કપાતાં અંગો, લોહીની નદીઓ, લોહી - માંસના કાદવમાં ખરડાતા યોધ્ધાઓ, ભૂત-પ્રેત-ડાકણી, જોગણી વડે થતું રક્તપાન વગેરેનાં વર્ણનોમાં બીભત્સરસ રહેલો છે.

ઉઘાડો કે અમર્યાદ શૃંગાર પણ બીભત્સરસ નિષ્પન્ન કરે છે. 'જાલંધર પુરાણ'માં એક કરતાં વધુ સ્થળે શૃંગારના અતિરેક દ્વારા બીભત્સરસને કવિએ વહાવ્યો છે.

ભગવાન વિષ્ણુ વૃંદાના સતીત્વનો ભંગ કરે છે એમાં વ્યભિચારજન્ય રતિક્રીડાનું અશ્લીલતાયુક્ત વર્ણન જુગુપ્સા પ્રેરક છે.

"નાહ હરખીઓ નિરખે નારી, સિન કીસો સુખ સેજ સમારી;
રયણ મયણ સાઈ સયણ રમેઆ, પ્રીતમ તેજ પ્રંમ સુખ પ્રમીઆ." (૧૦૧૩)

(પત્નીને જોઇ પતિને હર્ષ થયો. અને સેજ (શય્યા)સજ્જ કરી એમણે શયન કર્યું. એ રાત્રીએ એ પ્રિયજનો રતિખેલ રમ્યા અને પરમસુખ પામ્યાં.)

"રંમી રયણ મિગ્ર નયણ મયણ રસ, ઉર ઇહ તેસ અસાહસ અંજસ" (૧૦૧૪)

(રાત્રીના તેઓ સાહસ અને ગર્વ સાથે મૃગનયની વૃંદા સાથે મદનરસ રમ્યા.)

અહીં શૃંગાર સાથે બીભત્સપણ છે. અસુર સૈન્યને સંજીવની વિદ્યા વડે સજીવન કરતા દાનવ ગુરુ શુક્રાચાર્ય પર ક્રોધે ભરાયેલ ભગવાન શિવ કૃત્યાને ઉત્પન્ન કરી એના દ્વારા શુક્રાચાર્યની જે દુર્ગતિ કરાવે છે તેના સમગ્ર વર્ણનમાં બીભત્સરસ નિરૂપાયો છે.

"ક્રતા કર સુકર દે કરતાર, ગ્રહે ગ્રહે ગાઢો નીંગઠ નાર." (૧૧૭૨)

(પરમેશ્વરે કૃત્યાના હાથમાં શુક્રાચાર્યને સોંપ્યા, ત્યારે એ વિકરાળ નારીએ એમને કચકચાવીને પકડ્યા.)

"જાલંધર મારાં જાં લગ જોઇ, વિપ્ર સું રાખે ત્યાં વિસલોઇ." (૧૧૭૨)

('જ્યાં સુધી હું જાલંધરનો વધ કરું ત્યાં સુધી તું આ બ્રાહ્મણને સાંચવી રાખજે.')

"ક્રતા કહે રાજ કરો નિજ કાજ, રૂડાં રિખ રાખુંગૂ મહારાજ." (૧૧૭૩)

(કૃત્યાએ કહ્યું : 'રાજ ! આપ આપનું કાર્ય કરો. હું આ ઋષિને રૂડી પેરે રાખીશ.')

અહીં 'રૂડી રીતે રાખીશ' એવાં કથનમાં કટાક્ષયુક્ત હાસ્ય સાથે વ્યંગ્ય ભળેલો છે. કેવી 'રૂડી પેરે' કૃત્યાએ શુક્રાચાર્યને રાખ્યા એ જોઇએ,

"ક્રતા કરિ સુકર ઉભી સાહિ, મરોડ આપ તણા અંગ માહિ." (૧૧૭૬)

(કૃત્યા શુક્રાચાર્યને પક્ડીને ઊભી અને પછી એણે એ ઋષિને મરડીને પોતાના શરીરમાં નાખ્યા - ઉતાર્યા.)

"ભ્રિગી ઘર બૈઠી, ભીતરિ ભગ."(૧૧૭૬)

(પોતાની યોનિમાં એ ભાર્ગવને મૂકીને બેઠી.)

શુક્રાચાર્યને પોતાની યોનિમાં મૂકવાનું કૃત્યાનું કૃત્ય નર્યું જુગુપ્સાજનક અને અશ્લીલ છે. અતઃ અહીં બીભત્સ રસ નીપજે છે.

યુધ્ધ મેદાનમાં યોધ્ધાઓના સામ સામા પ્રહારો વડે લોહી - માંસની ઝડી વરસાવતા અનેક વર્ણનો પણ મનને પૂર્ણ ગ્લાનિથી ભરી દે છે.

"સડવડ સોંક મચે ઝડ સાર, પણંગડ ત્રીગડ પાઉસ પાર;
મહારિણ ખીચડ કીંચડ માચિ, નચૈ ઘડ ઘ્રૂ વિણિ નારદ નાચિ." (૬૪૮)

(સમોવડિયા યોધ્ધાઓ એકબીજાની માથે શસ્ત્રપ્રહારની ઝડી વરસાવવા લાગ્યા. ચારે તરફ અપાર લોહી - માંસ રેલાયું. આથી સમરાંગણમાં લોહી - માંસનો કાદવ - કીચડ જામ્યો. માથા વગરનાં ઘડ યુધ્ધભૂમિમાં સંહારનું તાંડવ નૃત્ય કરવા લાગ્યા. એ જોઈને નારદમુનિ પણ નાચી ઉઠ્યા.)

"ગડગડ જાગણિ રત્ર ગલંત, ઘડવડ ઉફડ ઢીંમ ઢલંત;
રડવડ રુડંડ કરતડ રેડિ, ભીડો હુડ ભાલડ ઝડંડ ભેડિ." (૬૪૯)

(જોગણીઓ રણક્ષેત્રમાં ગડગડ કરતી લોહી પીવા લાગી અને માંસ ગળવા લાગી. ચારે તરફ ઘાથી વેતરાઈને ઘડવડતા ઢીમ ઢળવા લાગ્યા. ચોમેર લોહી નીતરતાં રાતા રાતા મસ્તકો રડવડવા લાગ્યા. વીરો દુશ્મનોને ભાલાથી વિંધીને ધ્વજાની જેમ ઊંચે ફેરવવા લાગ્યા.)

## ❖ શાંતરસ :

વીરરસના અનુગામી રસ તરીકે રૌદ્ર, ભયાનક અને બીભત્સરસના દૃષ્ટાંતો જોયા, પરંતુ 'જાલંધર પુરાણ'માં મુખ્ય રસ વીરની સમાંતરે જ શાંતરસનું નિરૂપણ થયું છે. કૃતિને આરંભે અને અંતે આવતાં શિવ - સ્તવનો શ્રોતાઓને શાંતરસમાં તરબોળ કરે છે. 'જાલંધર' કથાનક નિમિત્તે શિવમહિમાનું ગાન કરવાનો કવિ હરદાસજીનો મુખ્ય હેતુ છે તેથી સમગ્ર રચનામાં વ્યાપક રીતે શાંતરસની ગંગાનો પાવનકારી પ્રવાહ વહેતો જોવા મળે છે.

અહીં એક વાત સ્પષ્ટપણે નોંધવી જોઇએ કે કવિ શ્રી હરદાસજીની ભક્તિ કોઇ સંપ્રદાય કે સ્વરૂપમાં કે કોઇ ચોક્કસ ધર્મના વાડામાં બંધાયેલી સંકુચિત વૃત્તિઓથી ભરી નથી. એમની દ્દષ્ટિએ પરમેશ્વર સર્વવ્યાપક છે. તેઓ પરમેશ્વરના વિશ્વવ્યાપી સ્વરૂપને આરાધે છે.ચારણી સાહિત્ય પરંપરામાં 'અદ્વૈત'ની ઉપાસના પડેલી છે. તત્કાલિન સમાજની સંપ્રદાયિકતા કે વાડાબંધીથી અળગા રહેલા કવિની 'અદ્વૈત આરાધના' તેમની જીવનદ્રષ્ટિની દ્યોતક છે. તેઓ કહે છે :

"દીન દુની પતસાહ દરગહિ, કલમાં મુહમદ નબી પઢે કહિ;

મુલ્લા કાજી જાપ જપૈ મહિં, સંદા બંદા મીર પીર સહિ." (૪૭)

(આ જગત પરમેશ્વરનો દરબાર છે. એમાં ક્યાંક મુહમદ નબીના નામે કલમા પઢાય છે. મુલ્લાઓ અને કાજીઓ તેમના નામના જાપ જપે છે. એ સૌ મીરો અને પીરો પણ ભક્ત જ છે.)

"થાને કાશી હિંદુ સથાના, મકા મસીતે મુસલમાંના;

કોઇ પૂરબ પ્રણામ ક્રંદા, પ્રાછસી જમી કોઇ પ્રણમંદા."(૪૮)

(કોઇ હિન્દુઓ માટે કાશી તીર્થધામ છે. તો મુસ્લિમો માટે મક્કા - મદીના તીર્થધામો છે. કોઇ પૂર્વ દિશામાં વંદના અર્પે છે તો કોઇક પશ્ચિમ દિશામાં નમનો સમર્પે છે.)

"જૂઆ રાહ રાઉ મમ જાંણે, હેક ધણી તુરકે હીંદૂ આંણે." (૪૯)

(પરમેશ્વરને પામવાના રાહને જુદા ન ગણશો; કેમકે આખરે સર્વનો માલિક તો એક જ છે.)

કવિ હરદાસ મિસણે કથા પ્રવાહને હાનિ ન પહોંચે એ રીતે અનેક જગ્યાએ શિવ - સ્તવનો મૂકીને પોતાના ભક્તિ સભર હૃદયની પિછાન આપી છે. કવિએ કૃતિના આરંભે અને અંતે શિવ - સ્તવન ઉપરાંત અનેક સ્થળે દેવતાઓને મુખે કે અન્યના મુખે શિવ સ્તવનો મૂક્યાં છે. તો મોહિની અવતાર પ્રસંગે તેમણે પોતાના ચારણત્વને સિધ્ધ કરતું પરમેશ્વરી સ્તવન ગાવાની તક ઝડપી લીધી છે. જાલંધરથી પરાજિત થયેલા ઇંદ્રાદિ દેવો ભગવાન વિષ્ણુનો મહિમાગાન કરે છે. શિવ અને વિષ્ણુની અભેદતા વર્ણવી બંને સંપ્રદાયને એક નવો દ્દષ્ટિકોણ પૂરો પાડેલ છે. વીર અને શાંતરસના બે કાંઠા વચ્ચે જાણે કથા સરિતા વહેતી રહી છે ! શાંતરસનું ઔચિત્યસભર આલેખન હરદાસ મિસણના ભક્તકવિના રૂપને છતું કરે છે.

કૃતિના આરંભે મંગલાચરણને કવિએ ખાસ્સું લંબાવ્યું છે. ગજમુખા, ગુણોના ભંડાર એવા ગણેશ અને વિદ્યાની દેવી સરસ્વતીની કૃપા યાચી કવિ સુદીર્ઘ શિવ સ્તવન નિરૂપે છે.

"જામંણ મરણ ન માતપિતા જૈ, ભૂખ ન દુખ ત્રિખાનં નંકે ભૈ;
હૂતો આદિ જ અંતઉ એ હસૈ, ત્રિભૂઅંણનાથ કથા કથણીત.'' (પ)

(એ ત્રિભુવનનાથનો ક્યારેય જન્મ નથી કે તેમનું મૃત્યું નથી. જેમનાં કોઈ માતા-પિતા નથી. જેમને ક્યારેય ભુખનું દુઃખ નથી કે જેમના કંઠે ક્યારેય તૃષા લાગતી નથી. જે સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે પણ હતા જ એન સૃષ્ટિના અંત પછી પણ હશે જ. ત્રિભુવનનાથની કથા આવી છે.)

રજસ્, તમસ્ અને સત્વ ગુણોથી પર છતાં માયારૂપે એ ત્રણેમાં વ્યાપ્ત એવા પ્રભુ શિવજી નિરાકાર હોવા છતાં ભક્તો માટે સાકાર બને છે. શૂન્યરૂપે સર્વત્ર વ્યાપ્ત એવા પરમહંસ એક આત્મરૂપ હોવા છતાં અનેકવિધ રૂપે વિહરે છે. પંચતત્ત્વ સહિત જેમણે આ બ્રહ્માંડનું સર્જન કર્યું છે એવા ભગવાન શિવજી જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રિદેવ સ્વરૂપે તેમજ બ્રહ્માણી, લક્ષ્મીજી અને પાર્વતીજી એમ ત્રિશક્તિ સ્વરૂપે રહેલા છે.

હિન્દુ કે મુસલમાન બે'યનો ધણી તો એક જ છે. એ બંને ધર્મો, એ ધણીને પામવાના અલગ અલગ માર્ગો છે, પરંતુ લોકો એ સમજતાં નથી એની જાણે કે કવિને ભારોભાર વ્યથા છે.

"જુઆ રાહ રાઉ મંમ જાણૈ, હેક ધણી તુર કે હીંદુઆણે;
બ્રહ્મારૂપી રૂપ વિસંનં, સિવ વિઆપી પંચવદન.'' (૪૧)

(હે પરમેશ્વર ! હિન્દુઓ અને મુસલમાનોનો ધણી વસ્તુતઃ તો એક જ છે, પરંતુ તેને પામવા માટેના ધર્મો રૂપી બે જુદા જુદા માર્ગો છે. લોકોને એ સમજાતું નથી. ખરેખર તો બ્રહ્મા અને વિષ્ણુ વિશ્વ-વ્યાપી પંચવદન - પંચમુખ પરમેશ્વરનું જ રૂપ છે.)

"કરણીગર સંકર શ્રવ કાંમી, જયો જગત્ર ગુરુ અંતરજાંમિ;
મુખે સૂર સસિ જળહળ મુખં, ચોળ કંકોળ ધિખે સિખ ચખં.''(૪૪)

(હે કરણીગર ! શંકર, આપ સૌની કામના પૂર્ણ કરનારા છો. સૌના અંતર્યામી હે જગતગુરુ ! આપનો જયજયકાર હો. આપના મુખ પર સૂર્ય અને ચંદ્રનું તેજ ઝળહળી રહ્યું છે. તેમજ આપના ભાલમાં ધમધમતું અગ્નિમય ત્રીજું નેત્ર પ્રજ્જવલિત છે. એ ભગવાન શિવનો જય હો. )

જાલંધરના હાથે પરાજિત થઇ ભાગી છૂટેલા ઇંદ્રાદિ દેવો પિતામહ બ્રહ્મા સાથે ભગવાન આશુતોષને શરણે આવે છે ત્યારે દેવતાઓને મુખે ભગવાન રુદ્રનું સ્તવન મૂકાયું છે.

"જૈ કમાલી કમલ કરિ, જૈ કોમંડ કરગ;

જૈ આકાસે ઇસવર, જૈ પાતાળે પગ." (૭૫૮)

(જેમના હસ્તકમલમાં બ્રહ્માજીનું આસન છે અને ત્ર્યંબક ધનુષ્ય છે, જેમનું મસ્તક આકાશમાં અને ચરણો પાતાળમાં છે, એ પરમેશ્વરનો જય હો.)

"અરધ નારિ નાટેસ નર, જચો વતંડી વેસ;

વોમ કેસ માહેસવર, જે ભૂતેસ ભવેસ." (૭૫૯)

(જેઓ નટરાજ અને અર્ધ નારીશ્વર છે, જેઓ બેઢંગા વેશવાળા છે, આકાશરૂપી કેશોવાળા અને ભૂતોના તેમજ જગતના સ્વામી છે, એવા ભગવાન મહેશ્વરનો જય થાઓ.)

"ઇંદ્રાદિક લોટે અગા, સિર આરતી ઉતારિ;

બ્રહ્માદિક પદ વંદ હિ, લંબા પાંણિ પસારિ." (૭૬૩)

(જેમના ચરણોમાં ઇંદ્રાદિક દેવો મસ્તક વડે આરતી ઉતારી આળોટે છે, ભગવાન શિવના આવા ચરણોને બ્રહ્માદિક દેવો પોતાની દીર્ઘ ભુજાઓ પસારીને વંદે છે.)

નારદની ઉશ્કેરણીથી જાલંધર ભગવાન શિવ સાથે યુધ્ધ કરી મા પાર્વતીને હરી લેવા તત્પર બને છે ત્યારે પિતા સમુદ્ર જાલંધરને શિખામણ આપતા ભગવાન શિવના ગુણગાન ગાય છે ત્યાં સમુદ્ર મુખે કવિએ રુદ્રનો મહિમા રેલાવ્યો છે.

"બાળો નાથ નાથ ખિણ બૂઢો, ગ્યાન ગુરૂ ગુરૂ ગાઢો ગુઢો;

નર વિકાર નિરંકાર નિરગુણ, કાયંમ ભેદ ભેધ લહે કુંણ." (૮૧૩)

(પરમેશ્વર ક્ષણમાં શિશુ તો ક્ષણમાં વૃધ્ધ સ્વરૂપે પણ હોય છે, તે જ્ઞાનીઓ, ધૈર્યવાનો અને રહસ્યવાદીઓના પણ ગુરુ છે. તેઓ નિર્વિકાર, નિરાકાર અને ગુણોથી રહિત છે. ઇશ્વરના આવા રહસ્યોને કોણ પામી શકે છે ?)

"કરણ અને અકરણ અન્યથા કર, સકિત મહા સિવરૂપી સંકર;

મહાદેવ મહાતેજ મહાતત, મહાકાલ કલપંત મહાક્રત." (૮૧૩)

(જે કર્તા, અકર્તા તો બીજી રીતે કર્મકર્તા છે. જે પરમેશ્વર સુખકર એવા જગદંબા સ્વરૂપ છે. તેઓ જ મા જગદંબા સ્વરૂપ છે. (શિવના અર્ધનારીશ્વર રૂપનો સંકેત) તેઓ જ આ સૃષ્ટિમાં મહાદેવ, મહાતેજ, મહાતાત, મહાકાળ અને મહાન કાર્ય કરનારા દેવ છે.)

“વિસવનાથ વિસવેસુર બ્રંમ, ધરમનાથ વરતાવણ ધ્રંમ;

ભૈરવનાથ તિઆંગી ભોગી, જગિ જગનાથ વૈરાગી જોગી.” (૮૨૪)

(વિશ્વનાથ રૂપે તેઓ વિશ્વપતિ અને બ્રહ્મા સ્વરૂપ છે. ધર્મ પતિ રૂપે પ્રભુ ધર્મનું પ્રવર્તન કરવાવાળા છે અને ભૈરવનાથ રૂપે તેઓ ત્યાગી અને ભોગી ઉભયરૂપે છે. તો જગપતિરૂપ તેઓ યોગેશ્વર અને વૈરાગી પણ છે.)

“મહાબીજ મહામંત્ર મહાબુધિ, મહાસીલ સંતોષ મહાસિધ;

મહામેહ મહિરાંણ મહાજલ, મહામીત મુખ ઉજલ મંગલ.”(૮૧૫)

(એ પરમેશ્વર જ મહાબીજ સમા છે, તેઓ જ મહામંત્ર પણ છે અને એ પ્રભુ જ મહાપ્રજ્ઞાવંત છે. તેઓ મહાશીલવાન, સંતોષી અને મહાસિધ્ધિયુક્ત છે. તેઓ જ મહામેઘ - બારેમેઘ રૂપ છે. તો તેઓ મહેરામણ - સમુદ્રરૂપે મહાજળ પણ છે. એ જ મહામિત્ર રૂપ છે અને તેમનું મુખ જ ઉજ્જવળ અને મંગલકારી છે.

“હાજરિ જાસ તંણે જમ હાલૈ, ધાંધલ ત્રેઅભૂવનાં ઘાલૈ;

પાર અપાર સંસાર ન પ્રંમૈ, પૈલ્હૈ પાર સંસાર પ્રણંમૈ.” (૮૩૨)

(યમરાજ પણ જેના આદેશ પ્રમાણે વર્તે છે અને ત્રણે ભુવનમાં પ્રભુજીના આદેશ મુજબ જ વિનાશક ઝંઝાવાત સર્જાય છે. સંસારમાં શિવજીની માયાનો પાર પામવા કોઇ સમર્થ નથી, તેથી જ સંસાર એમને દૂરથી - પેલેપારથી વંદન કરે છે.)

“રે જાલંધર મૂરખ રાજા, વાજૈ તૂજ તંણે ઘરિ વાજા;

થાં ઘરિ ઇંદ્ર તંણી ઠકરાઇ, સે પરકાર કિસૈ તૈ પાઇ.” (૮૩૬)

(અરે ! મૂર્ખ રાજા જાલંધર ! તારે ઘેર આજ આ ત્રિભુવન વિજેતા તરીકેના વાજાં વાગે છે અને ઇંદ્રની સત્તા તને પ્રાપ્ત થઇ છે તે કોના કારણે છે, તે વાતનો તો જરા વિચાર કર.)

આમ, નાનાવિધ રીતે સમુદ્ર શિવના ગુણગાન ગાઇ જાલંધરને તેની સાથે યુધ્ધ ન કરવા સમજાવે છે.

કથાના અંતે જાલંધર વધ પછી સિધ્ધો, ચારણો, ગંધર્વો, શિવજીના ગણો, બ્રહ્માજી અને નારદમુનિ તો વળી ઇન્દ્ર, સૂર્ય અને વિષ્ણુ, ઇંદ્રાણિ, બ્રહ્માણિ અને લક્ષ્મીજી પણ શિવજીની સ્તુતિ કરવા લાગે છે.

"અહોં પર જોતીઅ જોત પ્રકાસ, અહોં અવિંણાસ અભંગ અકાસ;
અહો વર પારવતી પર બ્રંમ, કમાલી છોડંણ બંધણ કંમ." (૧૨૦૬)

(હે પ્રભુ ! આપ જ જ્યોતિ અને જ્યોતિના પ્રકાશરૂપ છો. હે શિવજી ! આપ અવિનાશી અભંગ અને આકાશરૂપ છો. હે પ્રભુ! આપ જ પાર્વતી પતિ અને પરમબ્રહ્મ છો. આપ જ ક્માલીરૂપ છો તેમજ સૌને માયાના બંધને બાંધનારા અને છોડનારા છો.)

"કરંમ રહીત રહીત કલેશ, મહા સંખ આંણદ રૂપ મહેસ;
ગિનાંણંદ નાથ ગહીર ગંભીર, ધરા ધર અંબર ધારણ ધીર." (૧૨૦૯)

(હે મહેશ્વર ! આપ સદા કર્મ અને કલેશથી રહતિ, મહાસુખ અને આનંદ સ્વરૂપ, જ્ઞાનાનંદ સ્વરૂપ, અતિમહાન અને ગંભીર છો. પૃથ્વી અને ગગનને ધરનારા ધીર છો.)

આમ, વારંવારના શિવ સ્તવનથી શાંતરસની પાવનકારી ગંગાનો પ્રવાહ સતત વહ્યા કરે છે એટલું જ નહિ, એનાથી કવિની શિવભક્તિનો પરિચય મળે છે.

## ❖ શૃંગારરસ :

ચારણી સાહિત્યની આખ્યાન પરંપરામાં ક્યાંય શૃંગારનો અતિરેક જોવા મળતો નથી. કેમકે એ આખ્યાનો ચારણ કવિઓ દ્વારા રાણીવાસ અને રાજસભામાં વંચાતા રહેતા. મર્યાદાપૂર્ણ ક્ષાત્રવર્ગ એના વિશિષ્ટ શ્રોતાજનો હતા તેથી શૃંગારનો આછો - ઓછો લસરકો જ એમાં જોવા મળે છે.

બીજું, "દેવી ભક્ત ચારણોમાં નારી ભોગ્યા ન બની રહેતા પૂજનીયા બની રહી છે. એને કારણે ચારણોના સાહિત્યમાં નારીના બાહ્ય સૌન્દર્ય કરતાં એની આંતરિક સમૃધ્ધિ, શક્તિ, સૌન્દર્ય, સ્ત્રીત્વ, માતૃત્વ ઇત્યાદિનાં વર્ણનો વિશેષ થયાં છે. ફલતઃ શૃંગાર ઓછો જોવા મળતો હોય એ પણ સંભવિત છે.[(૮)]"

જો કે વૃંદાના શીલભંગના પ્રસંગ વખતે બીભત્સ કહી શકાય એવા અભદ્ર શૃંગારના નિરૂપણ દ્વારા કવિ આ મર્યાદા ચૂક્યા છે. બાકીના પ્રસંગોએ હરદાસજી અતિ સંયમપૂર્વક શૃંગારને નિરૂપે છે. ખાસ કરીને મોહિનીરૂપના વર્ણનમાંનો શૃંગાર તો એવી ચતુરાઇથી કવિએ પ્રયોજ્યો છે કે એ આખોયે પ્રસંગ શ્રોતાઓ માટે ભક્તિ પ્રેરક બની રહે છે.

આમ જોવા જઇએ તો ચારણો મા જગદંબાની ઉપાસના જ કરે છે અને એને કારણે જ વિદ્વાનો એમને શાક્તમતાવલંબી કહે છે. દેવીભક્ત ચારણો માટે સ્ત્રી ભોગ્યા નહીં પૂજનીયા છે તેથી ચારણી

સાહિત્યની પરંપરામાં જ નારીના દેહ સૌન્દર્ય કરતાં તેનું આંતરિક સૌન્દર્ય તેની શક્તિ, સમૃધ્ધિ તેનામાં રહેલો માતૃભાવ વગેરેનાં વર્ણનો વિશેષતઃ થયાં છે ફલતઃ શૃંગાર ઓછો જોવા મળતો હોય એ પણ શક્ય છે.

'જાલંધર પુરાણ'માં ત્રણેક પ્રસંગે શૃંગારનું નિરૂપણ કવિ કરે છે . એક જાલંધર વૃંદાના લગ્ન પ્રસંગે બે કૂર્માવતારથી શંખાસુર પાછળ પડેલા ભગવાન વિષ્ણુને સમુદ્રમાં કમલાસને બિરાજેલી લક્ષ્મી જોવા મળે છે એ પ્રસંગે, તેમજ સમુદ્ર મંથનના પ્રસંગે, મોહિનીરૂપના વર્ણનમાં કવિ શૃંગાર નિરૂપે છે. આ ત્રણે પ્રસંગને કવિએ શૃંગાર રસથી રસ્યા છે તે સદષ્ટાંત જોઇએ.

જાલંધરના લગ્ન પ્રસંગે કવિ સંયોગ શૃંગારને આ રીતે વહાવે છે;

"વાજે ભદ્ર તંણે ઘર વાજા, રોમાઅંચ જાલંધર રાજા;
મૌડ મુગટ જોપે જાલંધર, વિંદા વરણ ચડે ચલેઓ વર." (૧૫૧)

(સાગરને ઘેર મંગળ વાજિંત્રો વાગવા લાગ્યાં. એથી દૈત્યરાજ જાલંધર અત્યંત રોમાંચિત થયો. વરરાજા જાલંધરે મુગટ ધારણ કર્યો અને વિંદા - વૃંદાને વરવા માટે વરરાજા જાલંધરે પ્રયાણ કર્યું.)

"વધાવીઓ વીંદ ધંન વેલા, હથ લેવી આયૌ તિંણ હેલા;
હોઇ હથલેવૌ ચૌરી ચડેઓ, વૃંદે કંસાર વીંદણી વંડેઓ." (૧૫૩)

(એ ધન્ય વેળાએ વરરાજાને વૃંદાએ વધાવ્યો. એ પછી કન્યા સાથે હસ્ત મેળાપ કરવા માટે તે મંડપમાં આવ્યો. એ વિધિ સંપન્ન કરી વરકન્યા ચોરીએ ચડ્યા. સપ્તપદીના ફેરા ફરીને પતિ - પત્નીએ અરસ - પરસ કંસાર જમાડ્યો.)

રૂપરૂપના અંબાર સમી કન્યા વૃંદાને પરણ્યા બાદ જાલંધર તપ કરવા જાય છે. શિવજીને રીઝવી ઇચ્છિત વરદાનો પ્રાપ્ત કરી પુનઃ પોતાના ઘેર આવે છે ત્યારે વૃંદાની પતિમિલનની ક્ષણને કવિએ સંયમિત શૃંગારથી જાણે મઢી લીધી છે.

"મળે પૂનમ ચંદ સરદ મુખી, ચખ પેખી હરખીઅં મિગ્રચખી;
ક્રે કામિણ કોડ સિગાર કરે, ઘરિ આયો નાહ નિસાંણ ઘૂરે." (૧૮૬)

(શરદપૂનમના ચંદ્ર જેવા મુખવાળી, મૃગનયની વૃંદા પતિને જોતાં જ અતિશય હરખાઇ. જાલંધર નિજગૃહે પાછો ફર્યો ત્યારે તેની પત્ની વૃંદાએ હૃદયમાં અનેક કોડ ધારણ કરીને શણગાર સજ્યા.)

કૂર્માવતારથી શંખાસુરની સમુદ્રમાં શોધ કરતાં વિષ્ણુને કમળાસને આરૂઢ થયેલી સાગર તનયા લક્ષ્મી જોવા મળે છે એ પ્રસંગે કવિ લક્ષ્મીના રૂપને હૃદયંગમ્ શૃંગાર વડે વર્ણવે છે.

"કરતે જળ શોધ મિલી કમળા, કોઇ રૂપ અનૂપ અનંત કળા;
જળિ ક્રમળિ બૈઠી બાળ જળં, કરણા રવિ જેમ ઝંખે કમળ." (૨૩૧)

(સમુદ્રના જળમાં શંખાસુરની શોધ કરતાં કરતાં લક્ષ્મીજી મળ્યાં. જે અનુપમ અને અનંત કલા ધરાવતા હતા. સમુદ્રના જળમાં એ બાળા કમળ પર બેઠી હતી. તેના મુખારવિંદ પર સૂર્યનાં કિરણો સમાન તેજ ઝળક્તું હતું.)

"અતિ સુંદર બાળ કુમાર ઇસી, જગનાથ વસી મનમાંહિ જિસી." (૨૩૨)

(પરમેશ્વરના હૃદયમાં વસી જાય એવી સુંદર રૂપવાન એ કુમારી હતી.)

સમુદ્ર મંથનના પ્રસંગે સમુદ્રમાંથી વડવાનલના પ્રગટતાં સમુદ્રમંથનનાં કાર્યમાં વિઘ્ન આવે છે એવે સમયે ભગવાન વિષ્ણુ મોહિની રૂપ ધારણ કરી વડવાનલને છેતરે છે. કવિએ આ મોહિનીરૂપનું વર્ણન કડી ૩૨૪ થી ૩૩૧ એમ આઠ કડીઓમાં ર્ક્યું છે. મોહિનીનું સૌન્દર્ય વર્ણન તો વડવાનલને લુબ્ધ કરવા, મોહિત કરવા જ કર્યું છે. અંતે તો કવિ મા જગદંબાના સ્વરૂપનું પ્રગાટ્ય કરે છે એ આ શૃંગારની વિશેષતા છે. શૃંગારમાં પણ કવિ સાત્વિક્તાના દર્શન કરાવી જાય છે. થોડાં દ્દષ્ટાંતો જોઇએ;

"કુંડલા ઉજલા કંન, વણે વેણ સાંમ વ્રંન;
સિદુંર માંગ સંમાર, નીલંબર સાર નાર." (૩૨૪)

(મોહિનીના કર્ણોમાં ઉજ્જવળ કુંડળો હતાં. કેશમાં શામળી વેણી શોભતી હતી. નીલવર્ણી સાડીથી વિભૂષિત એ સુંદરીએ સેથામાં સિંદુર પૂર્યું હતું.)

"નિમ્રલા દોઇ નયંન, વીજળા સિબાઉ વ્રંન;
રેખ જળા રચાવિ, ભીંભલા વદન ભાવિ." (૩૨૬)

(એના બંને વિમલ નેત્રો સળાવા લેતી વીજળી સમાન ચંચળ હતા. એમાં આંજવામા આવેલી કાજળની રેખાઓ એના નિર્મળ મુખે શોભા દેતી હતી.)

''ગેલતી ગયંદ ગતિ, સોહતિ મહાસક્તિ;
મોડતી મુખ મયણ, નિરખે મિગ્ર નયણ.''(૩૩૧)

(ગજગતિથી ચાલતાં, ગમ્મત કરતા એ મહાશક્તિ શોભાને પામ્યા. એ પરમેશ્વરીએ કામભાવ વડે મુખને વક્ર કરીને મૃગ જેવા નેત્રો વડે આસપાસ જોયું.)

આમ, મોહિનીના રૂપ વર્ણનમાં શૃંગારની પરાકાષ્ટા સાથે 'મહાશક્તિ' શબ્દ પ્રયોજી કવિએ ચતુરાઇપૂર્વક આ સમગ્ર શૃંગારિક વર્ણનને સાત્વિકતાથી સભર બનાવી દીધું. અલબત્ત, કવિએ એ પરમેશ્વરીના મુખ પર કામભાવ રહેલો છે એમ દર્શાવ્યું છે, પરંતુ એ તો ફક્ત અસુર વડવાનલને છળવા જ, અને ખરેખર એ મોહિનીરૂપમાં લુબ્ધ બનેલો વડવાનલ તેને પરણવા ઉત્સુક બને છે. વડવાનલને છેતરી કુંભમાં પૂર્યા પછી એ મોહિનીરૂપને કવિ ભક્તિભાવપૂર્વક આ રીતે વંદન કરે છે,

''સુર અસુર મિળિઆં તિણ સખે, પરિ પરિ પરમેસરી પ્રણમે;
જોગમાયા તે જ્યો જરારિ; નિગમ અગંમ અવિગતિ નારી.'' (૩૫૮)

(એ વેળા દેવતાઓ અને દાનવોએ મળીને પુનઃ પુનઃ એ પરમેશ્વરીને વંદન કર્યા. વૃધ્ધાવસ્થાના શત્રુ (સદા યૌવના) એવા તે યોગમાયા ! જેને અગમ નિગમ વેદ અને શાસ્ત્રો પણ જાણી શક્યાં નથી એવાં આપ પરમેશ્વરી નારી છો.)

આ રીતે પરમેશ્વરીનાં મહિમાગાન દ્વારા કવિ અખિલેશ્વરી મા જગદંબા તરફ પોતાનો ભક્તિભાવ પ્રગટ કરે છે.

### ❖ હાસ્યરસ :

'જાલંધર પુરાણ' વીરરસ સભર કૃતિ હોવાથી એમાં હાસ્યરસ જવલ્લે જ જોવા મળે છે. વીરરસ અને શાંતરસ વચ્ચે હાસ્યરસને બહુ જ ઓછો અવકાશ રહ્યો છે છતાં ક્યાંક કોઇ પ્રસંગે કવિ મુખ પર આછું હાસ્ય પ્રગટાવી શક્યા છે. સમુદ્ર મંથનનો આખો પ્રસંગ એવા સુંદર વર્ણનને પામ્યો છે કે તેમાંથી એક કરતાં અનેક રસ નીપજે છે. વડવાનલને મોહિનીએ છેતરીને જે રીતે ઘડામાં પૂર્યો એ પ્રસંગ હાસ્યનો ઘોતક બને છે. સંસ્કૃત નાટકોમાં આવતું વિદૂષકનાં પાત્ર જેવું ગૌણરૂપે આલેખાયેલું પાત્ર

વડવાનલ થોડીવાર માટે આવી શ્રોતાઓના મનનું રંજન કરી જાય છે. અહીં વડવાનલને મૂર્ખ બનાવતાં મોહિની કહે છે,

"એક મૈ જોઈ અચંભ, કીધલો કંમલ કુંભ;
પૈસે નીસરે પરસિ, તિસિ મૂધ ત્રિઅ તસી." (૩૩૮)

(મોહિની કહે છે : 'મેં મુગ્ધાવસ્થામાં એક ઘડો બનાવ્યો છે. એમાં પ્રવેશીને જે પુનઃ બહાર નીકળશે એ પુરુષની હું પત્ની બનીશ. એવો મેં નિર્ણય કર્યો છે.')

"જુ તૈ વ્રત લીધ જોઈ, સહલ્લ પ્રકાર સોઈ." (૩૪૬)

(તારૂં આ વ્રત પૂર્ણ કરવાનું કાર્ય તો અત્યંત સરળ છે.)

"વાહ વાહ કહે વાંણિ, ઉતારીઓ કુંભ આણિ." (૩૪૭)

(શાબાશ, શાબાશ, કહેતા મોહિનીએ ત્યાં આવીને કુંભ ઉતાર્યો. )

"કરૈ જો પ્રવેસ કુંભ, રોપે વરમાલ રંભ." (૩૪૮)

(જો તું આ કુંભમાં પ્રવેશ કરી બતાવીશ, તો હું તારા ગળામાં વરમાળા આરોપીશ.)

"મહા દઈત ગિરીઓ તે માંહી, નીસરણો અબ પાવૈ નાંહી." (૩૫૨)

(તે મહાદૈત્ય ઘડામાં પડ્યો, પણ પછી તે તેમાંથી (મોહિનીએ ઘટમુખ બંધ કરી દેવાથી) પુનઃ બહાર નીકળવા પામ્યો જ નહીં.)

"માહે ઘડૈ ઘાતી વડ મંડલ, કુટલાંણી હડહડી અંણકલ." (૩૫૫)

(એ વડવાસુરને ઘડામાં પૂરીને છલનામય લલના અત્યંત હરખાઈ અને ખડખડાટ હસવા લાગી.)

આમ, મોહિની દ્વારા વડવાનલને મૂર્ખ બનાવ્યાના પ્રસંગથી કવિએ હાસ્યરસ નિષ્પન્ન કર્યો છે.

એ સિવાય કૃત્યાએ શુક્રાચાર્યની જે દુર્ગતિ આણી તેમાં બીભત્સ સાથે હાસ્યરસ ભળેલો છે.

### ❖ કરુણરસ :

'જાલંધર પુરાણ'માં કવિએ રાહુના પાત્ર દ્વારા કરુણરસ નિષ્પન્ન કર્યો છે. ધડવિહીન રાહુની કલ્પના જ કેટલી કરુણાજનક છે. પોતાના ધડવિહીનપણાની ફરિયાદ કરવા જ્યારે એ જાલંધર પાસે આવે છે ત્યારે તેની સ્થિતિ પર ભાવકને કરુણા જન્મે છે.

"ઇણ સંમે રાહુ મહલ અયં, પરણાંમ કહી મુખ પાઇ પયં." (૨૦૮)

(એ સમયે રાહુ જાલંધરના મહેલમાં આવ્યો. જાલંધરને પ્રણામ કરીને રાહુનું મસ્તક જાલંધરના પગમાં પડ્યું.)

"ઝરનં ઝર નિઝર ઝરૈ, કર પાખે સીસ સલાંમ કરે." (૨૦૯)

(રાહુની આંખમાંથી આંસુઓની સરવાણી વહેવા લાગી. હાથ વગર જ એણે મસ્તક નમાવી પ્રણામ કર્યા.)

"મહારાજા તોરી વાર મહી, નિજ તિલ દુઃખી નર કોઇ નહીં;
અંગભંગ ભયૌ ઉતબંગ અછે, પ્રમણાં કથ કાહુઇ આહ પછે." (૨૧૦)

(હે રાજેન્દ્ર ! તારા રાજ્યકાળમાં મારા સમાન દુઃખી અન્ય કોઇ નર નથી. શિશથી ધડ અલગ પડી ગયું છે ત્યારે મારા ધડવિહીન મસ્તકની વેદનાની તો હું આપને શી વાત કરું ?)

અહીં રાહુના પાત્ર દ્વારા કરુણ નિષ્પન્ન થાય છે. કૃતિના અંત તરફ જતાં વૃંદાના પાત્રની કરુણાજનક સ્થિતિ પણ કરુણરસને નિષ્પન્ન કરે છે. કપટી સાધુના મુખે જાલંધરના મૃત્યુની વાત સાંભળી વિચલિત થતી વૃંદા બળી મરવા તૈયાર થાય છે. વૃંદાને બળી મરતી રોકી જાલંધર રૂપ ધારી વિષ્ણુ વૃંદાનું શીલભંગ કરે છે. જ્યારે વૃંદા આ સત્ય હકીકતને જાણે છે ત્યારે તેની લાચાર સ્થિતિ અત્યંત કરૂણાજનક બને છે. ક્રોધાવેશમાં વિષ્ણુને શાપ આપતી વૃંદા પ્રત્યે ભાવકોને તો કરૂણા જ ઉપજે છે. આમ વૃંદાના પાત્રમાં અતિઘેરો તો નહીં પણ કરુણરસ કવિએ વહાવ્યો છે ખરો.

કૃત્યા દ્વારા શુક્રાચાર્યની જે દુર્ગતિ થાય છે તેમાં શુક્રાચાર્યના પક્ષે કરુણતા નિષ્પન્ન થાય છે. સંજીવની વિદ્યાના જાણકાર એવા બ્રાહ્મણની આવી દુર્ગતિ પર ભાવકોના ચિત્તમાં કરૂણતા છવાઇ જાય છે. એની વિદ્યા જ આમ તો એની આવી દુર્ગતિનું કારણ બની, તેથી અહીં કલાપીની પંક્તિ યાદ આવ્યા વગર રહેતી નથી;

"જે પોષતું તે મારતું એવો દીસે ક્રમ કુદરતી."

### ❖ અદ્‌ભુતરસ :

'જાલંધર પુરાણ'નું વસ્તુ પૌરાણિક છે એટલે એમાં ચમત્કારો, વરદાનો અને અલૌકિક કાર્યો દ્વારા અદ્‌ભુત રસનું નિરૂપણ સ્વાભાવિક છે. બુદ્ધિ અને તાર્કિક વિચારોથી પર એવા ભૂત, પ્રેત,

પલિત, ડાકણ, જોગણી, કૃત્યા વગેરેનું અશક્ય જણાતું વર્ણન અદ્ભુતરસ નિષ્પન્ન કરવામાં કારણભૂત બને છે.

અહીં 'જાલંધર પુરાણ'માં સમુદ્ર મંથનનો આખો પ્રસંગ અદ્ભુત રસથી સભર છે. સાગરરૂપી ગોળીમાં મેરૂરૂપ રવૈયો અને વાસુકિ નાગના નેતરાથી પરમેશ્વર દ્વારા થતું સમુદ્રમંથન અલૌકિક છે. જળમાંથી અગ્નિનું પ્રાગટ્ય તેમજ રત્નોનું નીકળવું પણ એવું જ અલૌકિક છે.

ગિરિરાજ દ્રોણાચલને બથમાં લઈ ઉપાડી લેનાર બલિના આવા અદ્ભૂત પરાક્રમ વડે અદ્ભૂત રસ નિષ્પન્ન થાય છે.

"સૂં ગિરિરાજ હૂંત સમાથ, બળ રાઉ ઘાલી બાથ;
બલરાઉ ઓડે બાંહ, તોળેઓ ગિરિવર તાંહ." (૨૮૮)

(ત્યાં ગિરિરાજ એવા દ્રોણાચલને સમર્થ એવા બલિરાજાએ બથમાં લીધો, અને ભૂજાઓ લંબાવીને એણે એ પર્વતને તોળી-ઉપાડી લીધો.)

કૂર્માવતારમાં શંખાસૂરની શોધ કરતાં ભગવાન વિષ્ણુને સમુદ્રમા કમળ અને કમળમાં કુમારી લક્ષ્મીના દર્શન થાય છે એ વાત પણ અચરજ પમાડે છે.

શિવના ક્રોધાગ્નિમાંથી અત્યંત વિકરાળ એવો યોદ્ધો પ્રેત રૂપે પ્રગટ્યો અને પાર્વતીજીની માગણીનો સંદેશો લઈને આવેલા રાહુને પોતાના મુખમાં મૂક્યો. તેણે રાહુને ફરી ધડવિહીન કર્યો અને એ ભૂખ્યો પ્રેત પોતે જ પોતાને ખાવા લાગ્યો.

"મંસ આપ હંણૈ ડસણૈ મુખ, ભૂખેએૈ ગિઓ આપ આપે ભ્રખ" (૮૬૮)

(વિકરાળ ભૂખને કારણે તે સ્વમુખે પોતાના જ શરીરનું માંસ તોડવા લાગ્યો. બટકાં ભરવા લાગ્યો. તીવ્ર ભૂખને લીધે એ પોતે જ પોતાને ખાવા લાગ્યો.)

દાનવ સૈન્યને સજીવન કરતાં શુક્રાચાર્ય પર ક્રોધે ભરાયેલા ભગવાન શિવ શુક્રાચાર્યની દીનહીન વાણીમાં થયેલી પ્રાર્થનાથી પીગળી જઇ તેને જીવતાં તો રાખે છે, પરંતુ તેને સમરાંગણમાંથી દૂર કરવા એક નવો ઉપાય કરે છે. ભગવાન શિવ તત્કાળ એક કૃત્યાને પ્રગટ કરે છે અને શુક્રાચાર્યને તેને સોંપી દે છે. કૃત્યા શુક્રાચાર્યને 'રૂડી રીતે' રાખવાની હૈયાધારણ આપી તેની જે દુર્ગતિ આણે છે તે પ્રસંગ બીભત્સ, હાસ્ય, કરુણની સાથે અદ્ભુતનો પણ જનક બને છે.

એ સિવાય જાલંધરનો જન્મ તેમજ મૃત્યુ અદ્‌ભુત રસિક છે. ભગવાન વિષ્ણુ, શિવ કે પાર્વતીના તેમજ જાલંધરના માયાવી રૂપો અદ્‌ભુત રસ નિષ્પન્ન કરે છે. ચારિત્ર્યશીલ વૃંદાનો શીલંભગ થતાં અત્યંત દુઃખી એવી એ નારી અગ્નિમાં પ્રવેશીને સતી થઇ ત્યારે,

''તબ વિંદા સંમસાંણ સંમૈ તિણિ, તુલછી સીવંન ઉતપંન તતખંણિ.'' (૧૦૨૮)

(જ્યાં વૃંદાની ચિતા ખડકી હતી એ સ્મશાનભૂમિમાં એ ક્ષણે જ તુલસીના નાના નાના છોડ ઉગ્યા.)

આમ અનેક સ્થળે કવિએ અદ્‌ભુતરસનું નિરૂપણ કર્યું છે.

કવિશ્રી હરદાસ મિસણે 'જાલંધર પુરાણ'માં આ રીતે ભાવને પોષક એવા રસોનું નિરૂપણ કરી કૃતિનું પોત સુદઢ બનાવ્યું છે. કોઇ એક જ કૃતિમાં ભાગ્યે જ જોવા મળતા નવેનવ રસના માધ્યમ વડે કવિ પોતાને અભિપ્રેત ભાવ ભાવકના ચિત્તમાં સંક્રમિત કરી શકયા છે. એ એમની મોટામાં મોટી ઉપલબ્ધિ છે. અહીં કવિશ્રી રસનાં સર્વોચ્ચ શિખરો સર કરી શક્યા છે.

## ૬:૧ 'જાલંધર પુરાણ'માં વર્ણનો :

હરદાસ મિસણ કૃત 'જાલંધર પુરાણ' ચારણી સાહિત્ય પરંપરાને જાળવે છે. તેનો ઉદ્દેશ માત્ર મનોરંજન નહિ, પરંતુ ક્ષત્રિય સંસ્કારોના દઢીકરણને રહ્યો છે. રાજપુત યુગ એટલે પરચક્ર સામેના ધિંગાણાનો યુગ. હરદાસજીના સમયમાં ભારત પર મુસ્લિમોનું શાસન હતું. મુસ્લિમો સામેના ધરા, ધર્મ અને નારી રક્ષા અર્થે બલિદાનનાં યુધ્ધોનો પણ એ સમય છે. આવા સમયમાં ક્ષાત્રત્વને બિરદાવી તેને સતત પ્રજજ્વલિત રાખવાનો યુગધર્મ ચારણોએ પોતાની વીરોચિત પ્રતિભા યુક્ત કાવ્યધારા વહાવી બજાવ્યો છે. આ રીતે ચારણી સાહિત્યનો મુખ્ય ઉદ્દેશ જનમનરંજન નહિ, પણ ક્ષત્રિયોને વીરતાની પ્રેરણા આપવાનો છે, તેથી 'જાલંધર પુરાણ' જેવું વીરરસ સભર આખ્યાન આપણને હરદાસજી પાસેથી પ્રાપ્ત થાય છે. રસ નિષ્પત્તિ માટે વર્ણનો આવશ્યક છે. રસને પોષક ભાવ, વિભાવ અને વ્યભિચારી ભાવોથી રસિત સુંદર વર્ણનો અહીં મળે છે. 'જાલંધર પુરાણ'ના કેન્દ્રમાં યુધ્ધ છે. યુધ્ધના તાદશ્ય વર્ણનો વડે કૃતિ વિશેષ રૂપે યુધ્ધ વર્ણનનું કાવ્ય બની રહે છે.

આખ્યાન ગાઇને સંભળાવવા માટે રચાતું. ચારણી આખ્યાનો તો ચારણ કવિઓ દ્વારા બુલંદકંઠે ગવાઇને જ વિશેષ સફળતાને પામ્યા છે. આખ્યાનની પ્રભાવક અસર માટે વર્ણનો જરૂરી છે.

તે દ્વારા આખું નાદવિશ્વ ખડું થાય છે. કથારસને પ્રેરક અને પોષક વર્ણનોમાં હરદાસજીની વર્ણનકલા ધ્યાનાકર્ષક બની રહે છે. હરદાસજીની વર્ણનકલાનો સદૃષ્ટાંત પરિચય મેળવીએ.

## ❖ યુધ્ધ વર્ણન :

'જાલંધર પુરાણ' યુધ્ધ કથા છે. ઈન્દ્રની યુધ્ધ પિપાસાથી કથાનો આરંભ થાય છે અને જાલંધર વધ સાથે કથાનો અંત આવે છે. આમાં વીરોનાં, તેઓના વૈભવના, યુધ્ધના, ગજ - અશ્વાદિના, રણભૂમિનાં, શસ્ત્રાદિના એમ વિવિધ વર્ણનો આવે છે. પ્રથમ જાલંધર - ઈન્દ્ર, ત્યારબાદ જાલંધર - વિષ્ણુ અને છેલ્લે ભગવાન શિવ - જાલંધરનો સંગ્રામ થાય છે. આમ 'જાલંધર પુરાણ'માં અત્ર તત્ર સર્વત્ર યુધ્ધ વ્યાપ્ત છે.

શૌર્યકથાનું અનિવાર્ય અંગ એટલે સંગ્રામ વર્ણનો. હરદાસજીના સમયમાં ક્ષત્રિય માત્ર માટે સંગ્રામ જીવનનું અભિન્ન અંગ બની ગયેલ. પોતાના રજવાડાંઓને રક્ષવાં કે વિસ્તારવાં, સાચાં ખોટા વેર, નેક, ટેક સિધ્ધાંતો અર્થે તલવારો તણાતી રહેતી. આમ કવિએ નજરે નિહાળેલાં યુધ્ધોનું અનુભૂતિજન્ય સંગ્રામ વર્ણન અહીં વાસ્તવિક બની રહે છે.

*'युद्धस्य कथा रम्य ।'*ને કારણે જ રામાયણ, મહાભારત અને પુરાણોમાં સંગ્રામો પ્રચુરમાત્રામાં જોવા મળે છે. માનવમાત્રની આ પ્રકારની રસવૃત્તિનું તે સૂચક છે. મધ્યકાળમાં ચારણ કવિઓના આવા વીરકાવ્યોને ભવ્ય લોકાદર પ્રાપ્ત થયેલો કેમ કે એની વાણી કાયરોને વીર અને વીરોને યુધ્ધો માટે, બલિદાનો માટે પ્રેરતી. કવિ હરદાસજીએ પોતાનો આ યુગધર્મ ખૂબ ઉત્તમ રીતે બજાવ્યો છે. 'જાલંધર પુરાણ'નાં યુધ્ધવર્ણનો ચિત્રાત્મક અભિવ્યક્તિને પામ્યા છે. 'જાલંધર - પુરાણ'ની કથા પૌરાણિક હોવા છતાં તેના યુધ્ધ વર્ણનોથી તે સમસામયિક બની રહે છે. યુધ્ધોમાં વપરાતાં શસ્ત્રો પણ પૌરાણિક નહીં મધ્યકાલીન શસ્ત્રો જ છે. એ જ રીતે કૃતિમાં આલેખાયેલ રણવાદ્યો પણ કવિના સમયના જ છે. એમાં શંખ અપવાદરૂપે ગણવો રહ્યો.

## ❖ રણવાદ્યો અને શસ્ત્રોનાં વર્ણનો અને તેમાંથી પ્રગટતું નાદ સૌન્દર્ય :

"ચડે સુર નગારે વજિ ચોટ, દડે ગઢ કોટ દડા જંમ દોટ." (૫૦૧)

(શૂરાઓ નગારે ઘાવ દઈને ચડ્યા ત્યારે શત્રુઓના ગઢ કિલ્લા દડાની જેમ દડવડી પડ્યા.)

"રુડે રિણ તૂર તંણાં પૌહૌરાજ, ગુડે તિણિ ગાજ ગિનનંઆ ગ્રાજ
ન ફેરીઅ ભેરીઅ ભૂંગલ નદ, સૂરાં દલિ સલલિ પંચ સબદ." (૫૦૨)

(રાજવીના રણતૂર બજ્યા. એના શબ્દથી આકાશની મેઘ ગર્જન પણ દબાઇ ગઇ. નફેરી, ભેરી અને ભુંગળના નાદ સાથે વાજિંત્રોનો પંચશબ્દ દેવ સૈન્યમાં સરેરાટી બોલાવી રહ્યો.)

"ડહકીઅ ડુંડિ દમાંમાં ડક, ઢંમંકા ઢોલ તણાં પડિ ઢક;
ઝંણકા ઝાલરકા ઝકઝોલ, બરંગા રોલ પડી જલ બોલ;" (૫૦૩)

(સાથે દમામા (એક નગારા જેવું વાજિંત્ર વિશેષ) પર દાંડી પડી અને ધ્વનિ ગાજી ઊઠ્યો. ઢોલના ઢક ઢક એવા ઢમકા પણ થયા. ઝાલરના એવા તો વિપુલ વિચલિત કરનારા નાદો થયા કે જાણે શૂરવીરોનાં મસ્તકો રોળી નાખનારો પ્રલયકાળ આવ્યો.)

"કંસા હલકા હલ મદલ કોડિ, રુડે ગયણગ અ ગંજીઅ રોડિ.
રચે સુરણાંઇઅ સીંધુઅ રાગ, ખવે ખલ લગા નગા ખાગ." (૫૦૪)

(સાથે કંસાળ અને માદળના શબ્દોથી અજિત યોધ્ધાઓના પગ રણભૂમિમાં ખોડાઇ ગયા. ત્યાં શરણાઇઓએ સિંધૂડા રાગનું વાતાવરણ રચતાં જ નગ્ન તરવારો વીજળીઓ જેમ ચમકવા લાગી.)

"દુહૂં દલ કોડિ દમાંમા દોડિ, ગિરિવર ગાજૈઅ વાજૈઅ ગોડિ;
કિતો હડડાટ કરૈ કરણાટ, આઘ તર બાંણ તંણા અડડાટ." (૫૨૯)

(બંને દળમાં રણનોબત વાગતાં જ કરોડો સૈનિકો સામસામા દોડ્યા, તેમના અવાજો અને વાજિંત્રોથી પર્વતો પણ ગરજી ઉઠ્યા. કેટલાંક વાજિંત્રો હડહડાટ અને કેટલાંક કરડાટ કરવા લાગ્યા. તો આકાશમાં ચાલતાં બાણોની સરેરાટી બોલાવા લાગી.)

"ત્રહકીઅ ત્રાંબક તૂર તબલ, ઢલ કીઅ આંમૌ સાંમીઅ ઢલ; (૫૩૦)

(ત્રાંબાળુ ઢોલ, તૂરી અને તબલાઓ ત્રહેકી ઉઠ્યા, ઢોલકો સામસામે વાગવા લાગ્યા.)

"હુબકેઅ નાલીઅ જંત્ર હવાઇ, લગે વનિ જિસી જગ લાઇ;"

(નાળ, જામગરીવાળી બંદુકો, ઝંઝાળો અને હવાઇ સળગવા લાગ્યા, આથી વનમાં આગ લાગી હોય તેવું દશ્ય સર્જાયું.)

આમ, 'જાલંધર પુરાણ'નાં યુધ્ધવર્ણનોમાં આપણને મધ્યકાલીન રણવાદ્યો જેવાં કે રણનોબત, તૂરઇ, ભેરી, ફેરી, ભુંગળ, દમામાં, ઢોલ, રણઢોલ, ઝાલર, કોશિયા, માદળ, શરણાઇ વગેરે જેવાં નામો મળે છે, જેનાથી મધ્યયુગીન યુધ્ધોનું શબ્દચિત્ર ઊભું થવા પામે છે.

આખ્યાન કાવ્ય અને એમાંયે ચારણી આખ્યાનો મુખ્યત્વે ગેય છે. મેઘગર્જના સમા બુલંદ કંઠે શ્રોતાઓ સમક્ષ લલકારાતાં કાવ્યોમાં છંદોના ઉચિત વિનિયોગને કારણે આગવું જ નાદસૌન્દર્ય પ્રગટે છે. ભાવકો સમક્ષ આ આગવું નાદસૌન્દર્ય પ્રગટ કરી કવિ વર્ણનો માટેનું વાતાવરણ ઊભું કરતા. નાદવૈભવને કારણે વર્ણનો જીવંત અને મનોરમ્ય બનતાં. પછી તે વર્ણન સમરાંગણનું હોય કે નારી સૌન્દર્યનું. 'જાલંધર પુરાણ'માં મોહિની વર્ણન પ્રસંગે પ્રગટ થયેલ નાદસૌન્દર્ય જુઓ,

" ઠવંતી પાઉ ઠમંક, ઘૂઘરા વજે ઘમંક;
નૃપરા'રા છંદ નંદ, વાજિઆ હદ વિહદ." (૩૨૯)

(જ્યારે એ ઠમકતી ચાલે ચાલી ત્યારે એને પગે નૂપૂરોના ઘૂઘરાઓના તાલબધ્ધ નાદો બેહદ બાજી ઊઠ્યા.)

આ ઉપરાંત સમરાંગણમાં બજી ઊઠતાં વાજીંત્રોનું જીવંત શબ્દચિત્ર ખડું કરવા અર્થે 'ડહકીઅડક', 'ઢમક-ઢક', 'ઝણકા-ઝકઝોલ', 'કાહલ', 'ધ્રુલાવેઅ ધીંગ' જેવા વર્ણાનુપ્રાસયુક્ત રવાનુકારી શબ્દો પ્રયોજીને રણમેદાનમાં વાગતા વાજિંત્રોનો તુમુલ નાદ ભાવકના ચિત્તમાં ખડો કરી દીધો છે. આ પ્રકારે પ્રગટ થયેલ નાદવૈભવનાં અન્ય દૃષ્ટાંતો જૂઓ,

'ગુડે તિણ ગાજ ગિગનંશ ગાજ." (૫૦૨)

(આકાશની મેઘગર્જનાને પણ દબાવી દીધી.)

"ધુરે ધંણ વાજિંત્ર વાજૈ ઘોર, જંમી અસમાંન ધ્રંમ કે જોર." (૫૦૫)

(વાજિંત્રોના મહાઘોર શબ્દે પૃથ્વી અને આકાશ થરથરી ઊઠ્યા)

"ઝંણકા ઝાલરકા ઝકઝોલ, બરંગા રોલ પડી જલ બોલ."(૫૦૩)

(ઝાલરના એવા તો વિપુલ વિચલિત કરનારા નાદો થયા કે જાણે શૂરવીરોનાં મસ્તકો રોળી નાખનારો પ્રલયકાળ આવ્યો.)

આ પ્રકારના શબ્દ સામર્થ્યથી રણભૂમિમાં થતાં રણવાદ્યોના તુમુલ નાદવૈભવને એમણે પ્રત્યક્ષ કરાવી આપ્યો છે.

સમરાંગણનાં દર્શન માત્રથી કે રણવાદ્યોના શ્રવણમાત્રથી કાચાપોચાનાં હૈયા ફફડી જાય. કાયરોમાં પલાયનવૃત્તિ જાગે, પરંતુ સાચાં શૂરવીરોને માટે યુધ્ધ પરમ મંગલ અને લગ્નોત્સવ સમાન સોનેરી અવસર છે. સ્વર્ગગમન અને અપ્સરાવરણ માટેનો એ ધન્ય પ્રસંગ છે. મધ્યકાલીન ક્ષાત્રોના વીરત્વનું પ્રાગટ્ય અહીં આ રીતે થાય છે.

"વીરમે ઘંટ ગજઘંટ કે વજેઆ, ગાજ આવાજ મૈં, ઘંટવી ગજેઆ;
વાજંત્રા રોળ ઘમરોળ ચત્ર વેણીઆં, આવણી વણી સાઇ ઘણ આરેણીઆ." (૫૭૮-૫૭૯)

(ત્યાં વીરઘંટ અને ગજઘંટ વાગ્યા. એ તુમુલ ઘંટધ્વનિ સાથે હાથીઓની પણ ગર્જના થઇ. આ રીતે વાજિંત્રના નાદનો મહાશબ્દ એ ચાર ચોટલાવાળી અપ્સરાઓને રણભૂમિમાં વીરોને વરણ કરવા આવવા માટેનો આહ્વાન-વધાઇરૂપ થયો.)

"અસિ ઉર વડી એમ ચું ઉઘડી, ફેણ લાલાં પડી અસઅંધ ફડી." (૫૮૪)

(શૂરવીરોની તલવારોને જાણે મોટી મોટી આંખો ઉઘડી. તે શેષનાગની ફેણ જેમ ફૂંફાડા મારતી અશ્વોની કાંધ પર પડવા લાગી.)

"વાજનાં પાએ પાતાલ પુડવજેઆ, ગોમ નૈ વોમ આહંસ તિણ ગજેઆ;
ધ્રોડ ધીંગ સત્રા લોક ધ્રમાંધ્રમાં, ગ્રીધણી મંગળ ગાએ ગમાં ગમાં." (૫૮૫)

(અશ્વોના પદાઘાતે પાતાળનું પડ અવાજ કરવા લાગ્યું. આ રીતે પૃથ્વી, આકાશ અને અંતરિક્ષ પણ ગાજ્યાં. સબળ શત્રુઓના ઘસારાથી સર્વત્ર ધમ ધમ શબ્દ થઇ રહ્યો અને ચારેય દિશાઓમાંથી ગીધણીઓએ વીરો અને અપ્સરાઓના લગ્નોત્સવના મંગળ ગીતો ગાયાં.)

"તેહડૌ તાલ કંસાલ તેહા ત્રવૈ, વીજલાં વીજ ભાલોડ ભેલાં વહૈ;
હૂંક હકાર હકાર હાકૌ હકાં, ધાર પહાર ચૌધાર ધાકૌ ધક્કાં."(૬૦૧)

(એ સમયે રણનોબતો પણ એવી જ ગડગડી, સાથે વીજળી જેમ તલવાર અને ભાલાઓ વહ્યા. હાકલા, પડકારા, હોંકારા અને હાહાકારો, ચૌધાર કટારીઓ, ખડ્ગો અને શસ્ત્રોની ધારોના પ્રહારો થકી થયા.)

આ રીતે સમરાંગણનું હાહાકાર વર્તાવતું વર્ણન તેના શબ્દ સામર્થ્યથી કાયરોને ભય પમાડે છે, અને વીરોને ઉત્સાહ પ્રેરે છે.

## ❖ પરસ્પર યુધ્ધનું વર્ણન :

રણવાદ્યો અને શસ્ત્રોનાં વર્ણન પછી સંગ્રામનું વર્ણન આવે છે. ચારણ કવિ માટે યુધ્ધ વર્ણન હંમેશા મનગમતો વિષય રહ્યો છે. આ કારણે કવિ હરદાસજી 'જાલંધર પુરાણ'માં યુધ્ધ વર્ણનોમાં ખૂબ ખીલ્યા છે. લડાઇના શબ્દ ચિત્રો આપણા માનસપટ પર સંગ્રામને તાદશ્ય કરી આપે છે. સંગ્રામ વર્ણનનાં આવા ઉત્તમ દ્દષ્ટાંતો જુઓ.

"હેમરાં ગેમરાં ઘૂમરાં દેહીએ, કોપિએ કોપીઆ કાલ રૂપ કીએ;
ફોજ દંતી અળાં દોવળાં કેહળી કજળા જાંણિંક હીંડળી કંઠળી." (૫૮૭)

(ત્યાં વીરોએ કોપ કરીને કોપાયમાન થયેલા કાળનું રૂપ ધર્યું. હાથીઓ અને અશ્વો ચકરાવા લેવા લાગ્યા. ગજસેના રણભૂમિમાં બેવડી થઇને પ્રસરી. તેના દંતશૂળો જાણે કે કાળામેઘમાં વીજ ઝબકતી હોય તેમ ઝબકતા હતા.)

અત્રે પ્રયોજાયેલ ગજદંતો માટે કાળામેઘમાં ઝબકતી વીજની ઉપમા ધ્યાનાર્હ છે. પરંપરાગત છતાં પ્રસંગોચિત હોવાથી પ્રાસાદિક છે.

"સાંમહે સાંબાહ તો સાથીઆં, હાલેઓ રાઉ હલકાર તો હાથીઆ." (૫૯૬)

(ત્યાં એ રાજવી પોતાના સાથીઓને સજ્જ કરીને શત્રુના આક્રમણ પૂર સામે હાથીઓને ચલાવતો ચાલ્યો.)

"સાંમટાં ઉલટાં થાટ આમૌ સંમાં, ગાજેઆ નદ નીસાંણ ગંમા ગંમા;
દૈવ દાંણવ દેઠાલ હુઆ દલાં, બાંણ છૂટાં ખલાં સબલાં બાહલાં." (૫૯૮)

(આમને સામને સૈન્ય સમૂહો ઉમટ્યા, સર્વત્ર રણનોબતો ગડગડી ઊઠી, દેવો અને દાનવોનાં સૈન્યો અરસપરસ દ્દષ્ટિ મર્યાદામાં આવતાં જ બાણો અને ભાલા છૂટ્યા.)

"ઝેબ ઝૂંઝાર કરિ કોપ રા ઝરહરાં, સાર પારંપરા નીસરૈ સોંસરાં;
ડીલરા ફોફરાં ખંડરાં ડંમરા, ગાહકા સાંમટા હૈમરા ગૈમરાં" (૬૦૩)

(જ્યારે વીરયોદ્ધાઓએ કોપનું વિષપાન કર્યું ત્યારે શસ્ત્રોની અણીઓ કાયાને છેદીને આરપાર સોંસરી નીકળી રહી. ત્યાં સમગ્ર અશ્વો, હાથીઓ અને વીરોની પોલી કાયાઓનો ગંજ ખડકાઇ ગયો.)

''ગુંછળા દેવ દાણવ ગુડે ગળા, હાલકા લોલ ત્રિલોક હાલોહલા;
ધુંધળા કારમાં દોદળાં વળવળા, ઉજળા વીજળા વિજુજળા.'' (૬૦૪)

(ત્યાં ત્રિલોક હાલકડોલક થઇ ઉઠ્યા. દેવો અને દાનવો સામ સામા યુધ્ધમાં જોડાયા, રણભૂમિ ધૂંધળી થઇ ગઇ. એ ધૂંધળાકારમાં બંને સૈન્યો બાખડ્યા. અને ત્યાં વીજળીના ચમકારા માફક તરવારો શસ્ત્રો ચમક્વા લાગ્યાં.)

''સાંમલાં મૈગલાં દલાં દાંતૂસલા, કંદલા સઢિ કુંભા થલાં ઠમલા;
ધૂ ઢલૈ ધાર ધારૂ જલાં ધૂખલાં, સંખલાં વીખલાં ખંખલાં સીખલાં.'' (૬૦૫)

(દંતશૂળોયુક્ત શ્યામઘટા જેવા ગજદળની સૂંઢોના, કુંભસ્થળના, મુખોના અને દંતશૂળોના કટકા થઇ ગયા. શસ્ત્રોની ધારના પ્રહારથી મસ્તકો કપાઇ દડવા માંડ્યાં અને હાડકાંઓ વિખાઇ જઇ જુદા થવા માંડ્યાં.)

''જૂઅલાં ભંજિ પૈ જૂઅલાં જૂઅલાં, ઉછલૈ માછલાં અંબ તોછ ઇલા;
પંખણી ડાલ કરમાલ કે પૈદલાં, પંખણી સંમલાં ચંચ વંહૈ ચપલા; (૬૦૬)

(વીરોની ભુજાઓ અને પગ કપાઇ કપાઇને કાયાથી જુદા થઇ પડ્યા. તે જાણે અલ્પજળમાં પૃથ્વી પર માછલાંઓ ઉછળતાં હોય તેવા લાગ્યા, ત્યાં ચપળ અને ચંચળ એવી સમડી આદિ માંસાહારી પક્ષીઓ કપાયેલા પગ અને તલવારોને (વૃક્ષોની) ડાળ સમજીને તેના પર બેસતાં હતાં.)

''અડવડૈ આખડૈ ઉથૈડૈ આથડૈ, લેલ રે લડથડૈ તોઇ લૂંવે લંડૈ;
ચાપડૈ ઇક ઇકાં ભડાં ચાપડૈ, પાધરૈ પીઠ મૈં રીઢ રુકાં પડૈ.'' (૬૦૮)

(રણભૂમિમાં વીરો ધામાં ચકચૂર થઇને અડવડિયા લેતાં આખડે છે અને પડીપડીને પુનઃ પુનઃ ઊભા થઇને લડે છે. આ રીતે પ્રગટપણે વીરો ઝૂઝે છે અને સંગ્રામ ભૂમિમાં તલવારોની પ્રાછાટો પડે છે.)

''હડહડૈ ભૂત ભેરવ ભીડોહડા, ખેલ માતો ભડાં ખાગ ખાટ ખડા;
વાપરૈ હથડાં સૂર સાંમી વડા, બૂર ઉડે ચકાચૂર બાટં બડા.'' (૬૦૯)

(ભૂત ભૈરવાદિની ત્યાં ભીડ થઈ અને એમણે ધમરોળ મચાવી. આ રીતે વીરોએ તરવારની ધારે રમત માંડી.)

"હાબકા હૂબકાં નાલિ ગૌલાં હુબૈ, ઝાબકાં વીજ વીજૂ જલાં ઝબઝબે;
ટાંમકા તીર તીરંમદરાં તણાં, ઘેરણી ઘીંદણી ઘોટ ખૂંદે ઘણા." (૬૧૨)

(બંદૂક અને ઝંઝાળોના ત્યાં ધડાકા થતા હતા. વીજળીના ચમકારા જેમ તરવારોની ધાર ચમકતી હતી. ધનુષ્યધારીઓ દ્વારા તીર ચલાવવાથી પ્રત્યંચાના શબ્દો - અવાજો થતા હતા. આ રીતે શબ્દો, શસ્ત્રો અને વીરો દ્વારા રણભૂમિ ખૂંદાઈ રહી હતી.)

"ઉતરૈ ધ્રૂ ધડા બેહડા એહડા, ધાઈએ ઘૂંમૈ ઘંણા દાઈ દોનૈ ધડા;
ગૂડડા હડડા ગૈંણ લાગે ગડા, રૂંડ મૂંડ રૂડૈ રતડા રતડા." (૬૧૦)

(જેમ મસ્તક પરથી હેલ ઉતરે તેમ ત્યાં સંગ્રામમાં ધડ પરથી મસ્તકો ઉતરતાં હતાં. બંને સૈન્યો એકબીજાના સંહારમાં મગ્ન બની દાવ લેવા - દેવા ઘૂમતા હતા. હાડોનો અને ગુડાઓનો ગંજ આકાશે છબતો હતો. રક્ત ઝબોળ્યાં લાલ લાલ મૂંડો ત્યાં રડવડતા હતા.)

કવિ હરદાસ મિસણે બહુ જ સુયોગ્ય રીતે વીરરસને પોષક વર્ણાનુપ્રાસ, લાટાનુપ્રાસ અને રવાનુકારી પ્રયોગો દ્વારા વર્ણનને જીવંત બનાવ્યું છે.

યુધ્ધ ક્ષત્રિય સમાજ માટે હંમેશા અત્યંત પ્રિય રહ્યું છે. પથારીવશ બની બિમારીથી મરવા કરતાં સમોવડિયા સાથે દ્વંદ્વયુધ્ધ કરી રણસંગ્રામમાં કાયા પાડીને સ્વર્ગગમન કરવામાં તેઓ ગૌરવ અનુભવતા. ક્ષાત્ર સમાજની આ મધ્યયુગીન ભાવનાને કવિ જાલંધર અને વીરભદ્રના દ્વંદ્વ યુધ્ધના હૂબહૂ વર્ણન દ્વારા તાદશ્ય કરી બતાવે છે.

"વીરભદ્ર જાલંધર વિલગા, અતલી બલ અણભંગ અતંગા;
માતી ખાગ ખસંણ દુંહ ચલાં, હેક હેક પ્રતિ દિએ હંમલા." (૯૧૦)

(એ રણભૂમિમાં જાલંધર અને વીરભદ્ર દ્વંદ્વયુધ્ધે આવ્યા. અતુલ બલશાળી, કોઈથી ભાંગી ન શકાય એવા એ વીરોનું શસ્ત્ર અને બાહુનું યુધ્ધ મંડાણું. એમણે એકબીજા પર આક્રમણ કર્યું.)

"હેકાં હેક હુંણે ગલ હથાં, કરે ભયંકર ભારથ કથાં;
મિલૈઆ ધાઈ બિન્હે મતવાલા, કરે ભયંકર ભારથ કાલા." (૯૧૨)

(એકબીજાને હણવા મારવા માટે ભયાનક સંગ્રામની કથા સર્જતા એ મદોન્મત્ત વીરો યુધ્ધભૂમિમાં ધસી આવ્યા અને એ રણઘેલાઓએ વિકટ યુધ્ધ આરંભ્યું.)

"પીલે પટા સંમ સંમા પાંણૈ, આ વ્રત કાલ તંણે ઇહ નાંણે;

ગેમ્રા ગજાવૈ ગાહડિ ગાડા, પિડિ ભૂંઇ સીંગ ખડાકે પાડા." (૯૧૨)

(મહાકાળની બીજી આવૃત્તિ જેવા એ વીરો એકબીજા પર પ્રચંડ બાહુનો પ્રહાર કરવા તૂટી પડ્યા. એકબીજાને ધરતી પર પછાડતા એ વીરો ગાડાંઓ ભરાય એટલા વિશાળ ગર્વવાળા હતા અને પાડાઓ જેમ પરસ્પર શિંગોને ધડાધડ ટકરાવે તેમ ધરતી ધ્રુજવતા-ગજવતા હતા.)

"લોહ મરાટ લોહ ઝડ લાએ, થે ભૂંઇ ભેલા ઉભા થાએ;

પાટૂ ગોઠણ ઢીક પ્રહારં, કરે ભયંકર હૌ હૌ કારં." (૯૧૩)

(લોહ સ્થંભ સમાન એ વીરો એકબીજા સામે પ્રહારની લોહવર્ષા લઇ આવ્યા. દુશ્મનના પ્રહારને કારણે ભોંચ ભેળા - ધરતી પર પડવા થવા છતાં એ તુરત જ ઊભા થઇને પાટુ, ગોઠણ અને મુક્કાના પ્રહાર કરતાં ભયંકર હાકલો દઇ રહ્યા.)

"ખંભી અજ હણૈ વડા વિખંભ, ખિસે ન ખેસવેઆ ગજખંભ;

ખિસે ન કોઇ કહે કંમ ખેસે, રિણ ભૂઇ કોઇ કહે નહરે સૈ."(૯૧૭)

(એ મહાબાહુ યોધ્ધાઓએ ખભા થાભડ્યા, હાથીને લાંગરવાના સ્થંભ સમાન અચળ એવા તેઓ ખસેડ્યા ખસે તેમ ન હતા. કોઇ કોઇના કહેવાથી ડગલું પણ હઠતા ન હતા. ત્યાં કોઇને ધરતી પર પછાડીને પરાજય આપી ન શકાયો.)

"પૂગા કલહ કસવટી પૂરા, સોહેઆ બિન્હૈ બરાબરિ સૂરા;

પિડિ બિહૂંએ બલ કીમતિ પાઇ, ભાઇ હો ભાઇ બિહૂંએ જૂધ ભાઇ." (૯૧૬)

(એ બંને શૂરવીરો ત્યાં પૂર્ણરૂપે શોભ્યા અને યુધ્ધની કસોટીમાં એકબીજાના સમોવડિયા થઇને ઊતર્યા. રણભૂમિમાં તેમને પરાક્રમની સમજણ પ્રાપ્ત થઇ. આ રીતે તેઓ બંને સંગ્રામ બાંધવો કહેવાયા.)

આમ, હરદાસજી યુધ્ધ વર્ણનમાં પૂર્ણ રૂપે ખીલ્યા છે. એમના પ્રસંગને જીવંતતા બક્ષતા વર્ણનો ભાવકને જક્ડી રાખીને કથારસને તરલપણે વહેવડાવવામાં સફળ રહ્યા છે, જે એમની અનેરી સિધ્ધિ છે.

### ❖ પાત્ર વર્ણન :

'જાલંધર પુરાણ'માં યુધ્ધ કથા કેન્દ્ર સ્થાને છે, છતાં જ્યારે જ્યારે કવિને તક મળી છે ત્યારે ત્યારે પાત્રોના આંતરબાહ્ય વ્યકિતત્વને ઉપસાવતાં ટૂંકા અને ચિત્રાત્મક વર્ણનો દ્વારા પોતાની વર્ણનકલાનો પરિચય કરાવ્યો છે. 'જાલંધર પુરાણ'માં વૃન્દા અને મોહિનીનું વર્ણન તેના આંતરિક મનોભાવોને સુંદર રીતે અભિવ્યક્ત કરે છે. જાલંધર પત્ની વૃંદા પતિના આગમનથી પ્રસન્ન થાય છે. તેનું કવિએ કરેલું વર્ણન જુઓ.

''મુખે પૂનમચંદ શરદમુખી, ચખ પેખિ હરખીઅ મ્રિગ ચખી.
ક્રે કામિણ કોડ સિંગાર કરે, ધરિ આયો નાહ નિસાંણ ધૂરે.'' (૧૮૫-૧૮૬)

(તેનું પ્રસન્નમુખ શરદપૂનમનો ચંદ્ર ધરતી પર ઊતરી આવ્યો હોય તેવું દીસતું હતું. પતિ સાથે નજર એક થતાં જ એ મૃગનયની અતિ હરખાઇ. વૃંદાનો પતિ - જાલંધર નિજગૃહે પાછો આવ્યો ત્યારે તેની પત્ની વૃંદાએ હૃદયમાં અનેક કોડ ધરીને શણગાર સજયા.)

દેવો અને દાનવો દ્વારા થયેલા સમુદ્રમંથન દ્વારા વડવાસુર પ્રગટ્યો. તેને છળવા માટે ભગવાન વિષ્ણુ મોહિનીરૂપ ધારણ કરે છે એના વર્ણનમાં કવિની વર્ણનકલાનો ઉત્તમ પરિચય મળી રહે છે. કડી ૩૨૨ થી ૩૩૧ સુધી એ મોહિનીરૂપનું વર્ણન શ્રોતાઓને, ભાવકોને પ્રસન્નચિત કરી મૂકે છે.

''કુંડલા ઉજલા કંન, વણે વેણ સાંમ ્રંન;
સિંદુર માગ સંમાર, નીલંબર સાર નાર.'' (૩૨૩)

(મોહિનીના કર્ણોમાં ઉજ્જવળ કુંડળો હતાં. કેશમાં શામળી વેણી શોભતી હતી. નીલવર્ણી સાડીથી વિભૂષિત એ સુંદરીએ સેંથામાં સિંદૂર પૂર્યું હતું.)

''રાખડી તળંગ રોપ, અંગ અંગ નંગ ઓપ;
ચંદલો કમલ ચૌલ, શ્રી કમલ કલા સોલ.'' (૩૨૪)

(શિરે રાખડી પહેરેલી હતી, એના સર્વ અંગો નંગજડિત આભૂષણો વડે શોભિત હતાં. એનું મુખકમળ ષોડ્સકળાયુક્ત ચંદ્ર સમાન હતું.)

"નિમ્રલા દોઈ નયંન, વીજલા સિલાઉ વ્રંન;

રેખ કજલા રચાવિ, ભીભલા વદંન ભાવિ." (૩૨૫)

(એના બંને વિમલ નેત્રો સળાવા લેતી વીજળી સમાન ચંચળ હતાં. એમાં આંજવામાં આવેલી કાજળની રેખાઓ એના નિર્મળ મુખે શોભા દેતી હતી.)

"ગેલતી ગયંદ ગતિ, સોહતિ મહાસક્તિ;

મોડતી મુખ મયંણ, નિરખે મ્રિગ નયંણ." (૩૩૦)

(ગજગતિથી ચાલતા, ગમ્મત કરતા એ મહાશક્તિ શોભાને પામ્યાં. એ પરમેશ્વરીએ કામભાવ વડે મુખને વક્ર કરીને મૃગ જેવાં નેત્રો વડે આસપાસ જોયું.)

આમ, કવિએ મોહિનીરૂપનું નખ-શિખ સૌન્દર્ય વર્ણન અત્યંત લાઘવયુક્ત બાનીમાં કર્યું છે. નારી દેહનું શૃંગારિક વર્ણન આપીને કવિએ એમાં શક્તિરૂપનું, દૈવી તત્ત્વનું આરોપણ કરીને પોતાની નિજી પ્રતિભાનું દર્શન કરાવ્યું છે.

જાલંધર જ્યારે શિવ પાસે પાર્વતીની માગણી કરવા માટે રાહુને દૂત તરીકે મોકલે છે ત્યારે રાહુ જે મનોવ્યથા અનુભવે છે એનું વર્ણન રાહુના આંતરિક વલણને ભાવકો સમક્ષ ખુલ્લું કરે છે.

"એકાં મોરે એક ઉગારે, તારણહાર અંનેકા તારે;

વિચિત્ર વિચાર કરે તિંણ વાર, હે જાલંધર જાઅણહાર." (૮૪૯)

(એ પરમેશ્વરની એક દષ્ટિ ભય હરનારી તો બીજી દષ્ટિ વિનાશક હતી. તેઓ જ જગતના તારણહાર રૂપે અનેક ભક્તોને તારનારા છે. એ સમયે શિવજીને જોતાં જ રાહુને વિચિત્ર વિચાર આવ્યો કે, "હવે જાલંધર આ લોકમાંથી કાયમ માટે વિદાય થવાનો છે.")

પોતાની અયોગ્ય માગણીથી યુધ્ધ વહોરી બેઠેલો જાલંધર વીરભદ્રને પણ પરાજિત કરી શકતો નથી. વિજયની કોઇ શક્યતા દેખાતી નથી ત્યારે તેને થયેલ પશ્ચાત્તાપનું વર્ણન જાલંધરના આંતરિક મનોભાવોને પ્રગટ કરે છે.

"રુદ્ર દેહ જાલંધર રાણો, પ્રંમ સૂં વેઢ પછે પછતાંણો."

(રુદ્રના અંશથી પ્રગટેલ રાજા જાલંધર શિવજી સાથે યુધ્ધ વહોરીને પછી પછતાણો.)

જાલંધર માયાવી શિવનું રૂપ ધરી કૈલાસમાં પાર્વતી પાસે જાય છે. ઘાયલ શિવના એક હાથમાં કાર્તિકનું અને બીજા હાથમાં ગણેશનું મસ્તક છે. લથડતી ચાલે જ્યારે આ પ્રકારે માયાવી જાલંધર પાર્વતી પાસે આવે છે ત્યારે વત્સલમાતા પાર્વતી બંને પુત્રોના મસ્તકને જોઇ રડી પડે છે. પાર્વતીજીના વિલાપનું કરુણ રસસભર વર્ણન કરતાં કવિ લખે છે;

"સાંમિ ગુણૈસ વિયોગ સકતી, ભરે આ નીર નયણ ભગવતી;

રહરહ રુદન કૈરે રુદ્ર રાંણી, પૂર પ્રવાહ હાલેઆ પાંણી." (૯૩૪-૯૩૫)

(એ મહાશક્તિને ગણેશજી અને કાર્તિક સ્વામીનો વિયોગ થયો. આથી ભગવતી પાર્વતીનાં નેત્રો જળે ભરાયાં. એ રુદ્રાણી ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યાં અને આંખોમાંથી આંસુનો પ્રવાહ વહ્યો.)

"હકીકતે તો વર્ણનાત્મક રચના તરીકે ઓળખાવવાનુ મન થાય એટલી હદે અહીં વર્ણનો નિરૂપાયેલાં છે. વર્ણનો જાલંધર પુરાણનો પ્રાણ છે."[૯]

આમ 'જાલંધરપુરાણ'માં હરદાસજીએ પાત્ર, પ્રસંગ અને પરિસ્થિતિને અનુસાર લાઘવયુક્ત, જીવંત અને ચિત્રાત્મક વર્ણનો કરીને પાત્રોના આંતર - બાહ્ય વ્યક્તિત્વને હૂબહૂ ઉપસાવ્યાં છે. જે તેમની વર્ણનકલાની સિધ્ધિનો પરિચય આપી રહે છે.

## ૭:૧ પાત્રોનાં આંતરબાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતા લાઘવયુક્ત ચોટદાર સંવાદો :

મધ્યકાલીન સાહિત્યના વિભિન્ન સ્વરૂપોમાં આખ્યાનની લોકપ્રિયતાના મૂળમાં તેની અભિવ્યક્તિ 'સાભિનય કથાગાન'-ની તરાહ રહેલી છે. મધ્યકાલીન ગ્રામ્ય સમાજની અભણ અને મનોવિચ્છિન્ન પ્રજાની સામે રજૂ થતી આ કળા ખરા અર્થમાં 'લાઇવ' હતી. આથી જ 'લાઇવ પરફોર્મન્સ' ધરાવતી આખ્યાન કૃતિમાં જીવંત સંવાદોનું વિશેષ મહત્ત્વ રહેતું. આખ્યાનનો રચનાકાર સંવાદ નિરૂપણના કૌશલ્ય વડે પાત્રો અને પ્રસંગોને જીવંત બનાવી શકતો. આખ્યાનની સફળતાનો આધાર જ તેના વર્ણન કૌશલ્ય અને સંવાદ કૌશલ્ય પર રહેતો. ટૂંકા, માર્મિક અને ચોટદાર સંવાદો વડે વર્ણનો મધુર અને આસ્વાદ્ય બને અને પાત્રોના આંતર બાહ્ય વ્યક્તિત્વનો પરિચય પણ મળે. આમ, આખ્યાનમાં સંવાદોને વિશેષ મહત્ત્વ આપવામાં આવતું.

'જાલંધર પુરાણ' વીરરસને કેન્દ્રમાં રાખીને લખાયેલી યુધ્ધકથા છે, પરંતુ જ્યાં જ્યાં કવિને તક મળી છે ત્યાં ત્યાં તેમણે લાઘવયુક્ત, માર્મિક અને ચોટદાર સંવાદો યોજીને પોતાની સંવાદ

નિરૂપણકલાનો પરિચય કરાવ્યો છે. કવિ હરદાસજી મિસણે પાત્રોના આંતરમનમાં ચાલતી મથામણોને સંવાદો વડે ઉપસાવ પ્રયત્ન કર્યો છે. આ માટે તેમણે પાત્રોના આંતર બાહ્ય વ્યક્તિત્વને પ્રગટ કરતાં ટૂંકા, સૂચક અને મર્મોક્તિ સભર સંવાદોનો કલાત્મક વિનિયોગ કર્યો છે.

સમુદ્ર મંથન વડે દેવોએ પ્રાપ્ત કરેલી સંપત્તિ પાછી મેળવી દાનમાં આપી દેવાની ઉદારતા બતાવતા જાલંધરના વીરરસયુક્ત સંવાદો પાત્ર, પ્રસંગ અને પરિસ્થિતિને કેવી ચિત્રાત્મક બનાવે છે ! જુઓઃ

"મંણે દઇત સહિ સંપતિ મોરી, અંમરા કનાં લિયા જો ઔરી;
અસુરા ધણી કરે અગ્રાજ, રોળણ રાજ તણો પોહોરોજ." (૩૯૬)

"દીધા દાઉ નસાંસ હૈ, પીધા પાન હરાંમ;
સાગર સિંધ ન જાઇઓ, જિન જાલંધર નામ." (૪૧૪)

રણમેદાનમાંથી પીછેહઠ કરનારા ભયભીત ઇન્દ્રને વિષ્ણુ સહાય કરવા જાય છે ત્યારે લક્ષ્મીજી વારંવાર વિનંતી કરી વિષ્ણુને રોકવા પ્રયત્ન કરે છે. એક તરફ નિર્દોષ ભાઇ અને બીજી તરફ પતિ વચ્ચે ખેલાનાર સંગ્રામની વ્યથા કેવી હોય તે લક્ષ્મીજીના સ્ત્રી સહજ સંવાદો વડે સમજી શકાય છે. જુઓઃ

"સોઇ મૂં ભાઇ સું જાણે, જોઇ દરીયાઉ જાઉં જાલંધર;
મારણ મ મ પરીયાંણે, કારણ કરે મૂઝ. (૫૫૬)
જો જાલંધર હઇયે, કંથ ઈણિ કાલ લગસે લછણ;
જે કહિઅસે કહિયે, એમાં મઝિ સમઝે સામ. (૫૫૭)
'કહે સે સગી ન હોતી, કમલા તીતે ભૂ આભંતર." (૫૫૮)

લક્ષ્મીજીની વિનંતીને અવગણી વિષ્ણુ જાલંધર સામે લડવા જાય છે. જાલંધરના હાથે પરાસ્ત થયેલા બેભાન વિષ્ણુને બચાવવા લક્ષ્મીજી જાલંધરને વિનંતી કરે છે. એ સંવાદો પણ ટૂંકા, સચોટ અને હૃદયસ્પર્શી બન્યા છે. જેમ કે,

"કહેં કમલા કર જોડ કથંન, બલવંત બંધવ મુઝ બિહંન;
ભલો હોઇ મૂઝ મોહ જો ભ્રાંત, વિમાસે તૂંજ વદે ઇમ વાત." (૭૦૫)

જાલંધર લક્ષ્મીજીની વિનંતીનો સ્વીકાર તો કરે છે, પરંતુ એ પહેલા એ પોતાની બહેનને વિષ્ણુના કપટયુક્ત કર્મોથી માહિતગાર કરે છે. વિષ્ણુ હંમેશા દેવો સાથે રહી દાનવોને છેતરતા જ રહ્યા

છે. વિષ્ણુ પોતાનો સગો છે, તો પોતે પણ વિષ્ણુનો સગો છે પરંતુ સ્વાર્થ સિધ્ધિ માટે વિષ્ણુ કોઇ સંબંધને ગણતા નથી. આ મતલબની જાલંધરની બહેનને કહેવાયેલી વાત ભવિષ્યમાં સંપૂર્ણ સાચી પડે છે.

''જાલંધર રાઉ જંપૈ લછિ જોઇ, નારાયણ આઇસ વસ ન હોઇ;
વડૌ ઠગ ઠાકર બાવનવીર, સગૌ જિ ન જાણૅ સામ શરીર.
સગપણ સંધ ન લેખૈ સૌઇ, વડા વેસાસ કિસૌ વિસલોઇ;
લિખમી તોરી મૌરે લાજ, અંમીણૌ કારજ સીધે આજ.'' (૭૦૯-૭૧૦)

વૃંદાના સતીત્વથી અજેય રહેલા જાલંધરને પરાસ્ત કરવા વિષ્ણુ છળકપટથી વૃંદાનો શીલભંગ કરે છે એટલું જ નહિ, તેને લક્ષ્મીની શૌક્ય તરીકે સ્વીકારવા તૈયાર થાય છે. વૃંદાને સત્ય હકીકતની જાણ થતાં શરમ અને લજ્જા અનુભવતી તે નિર્દોષ હોવા છતાં પતિ સોથ બળી મરવા તૈયાર થાય છે. ત્યારની તેની મનોસ્થિતિને કવિએ બહુ જ કલાત્મક સંવાદો વડે વાચા આપી છે. વિષ્ણુ અને વૃંદાના એ પ્રસંગ સંદર્ભના સંવાદોમાંથી ઉભયના માનસનો યથાર્થ ચિતાર મળે છે. વિષ્ણુ વૃંદાને કહે છે;

''જાલંધર રાજા જોખંમઔ, પરમ મુગતિ પ્રંમ હથાં પ્રંમેઔ
સરસી જીવતિ મુગતિ સંમપાં, થિર કરિ વાસ વઇકંઠ થપાં.'' (૧૦૧૮)

જીવતાં જ મુક્તિ આપી વૈકુંઠ વાસ આપવાની વિષ્ણુએ આપેલી લાલચનો પ્રત્યુત્તર વાળતાં વૃંદા કહે છે.

'વૈકુંઠ વાસ સમાપણ વાલા, કાલૌ કંમલ તોહરૌ કાલા;'' (૧૦૧૯)

ફરી વિષ્ણુ વૃંદાને લક્ષ્મીની શૌક્ય બનાવની લાલચ આપતા નિર્લજ્જતાપૂર્વક કહે છે.

''કમલા હૂંત મૂલ મૌહંગી કરિ,અનંત કહૈ રાખાં ઉર ઉપરિ.'' (૧૦૨૨)

આમ, છતાં વૃંદા પતિ સાથે બળી મરવા તૈયાર થાય છે. વિષ્ણુએ આપેલી તમામ લાલચને ફગાવી દેતી વૃંદાના મુખમાં મૂકાયેલ આ સંવાદથી ભારતીય સંસ્કૃતિનું જતન કરનારી સન્નારીઓની યાદ તાજી થાય છે જેણે પોતાના શીલ અને ચારિત્ર્ય માટે સર્વસ્વનું બલિદાન આપ્યું છે. વૃંદાને આવી સન્નારીઓની યાદીમાં મોખરાનું સ્થાન આપવું પડે એવો વૃંદાના સંવાદ જુઓ,

"વિંદા કહૈ સુંણિ વૈકંઠવાસી, જલેઆ વિણિ હવિ દુઃખ ન જાસી;
નીઅ લજ રાજ રહાવી નાહી, મૈં મૈંહણાં લહૂં જગમાંહિ. (૧૦૨૫)
સુરપુર નરપુર સહી સહેલી, હસૈ લસૈ હરવાંણ દુહેલી;
વિંદા કહે જાલિ જગવંદન, મોરૌ ધરંમ રૈંહૈ મદસૂંદંન." (૧૦૨૬)

શિવ - જાલંધર વચ્ચે થયેલા ભયાનક સંગ્રામમાં એક ક્ષણ એવી આવે છે કે બંને પાત્રોનો પરસ્પરનો વેરભાવ નષ્ટ થાય છે. માત્ર નિયતિને કારણે જ લડતા હોય તેમ શિવજી જાલંધરને વારંવાર વરદાન માગવા કહે છે. જાલંધર કોઇ ભૌતિક વરદાન માગવાને બદલે વીરોચિત મુક્તિનું વરદાન માગે છે. સમરાંગણમાં શસ્ત્રોના પ્રહારો વચ્ચે થતા આ સંવાદો ઉભય પાત્રની આંતરિક શુધ્ધતાને ઉપસાવે છે. જુઓ;

"રાજ કહૈ તો દિઆં દઇત રા, તૂં નારકી મુગતિ તૂં નાં ના;
સૂરાં નરક નહોએ સાંમી, જોઇ પઢંત અંતર જામી. (૧૦૬૧)
માડા મુગતિ લિઆં જગ માંહી, નાથ પખૈ મૌરૌ મ્રિત નાંહી;
તૌરે હાથ મરંણ ત્રિગંણા તંમ, કિંમતે નરક હોઇ સૈ કાઇમ. (૧૦૬૨)
તે નિરવાંણ બંધેઓ નાંથં, સૂરા મુગતિ લહૈ સંમાથ;
સૂરૌ ગલ ગ્રજઓ ખગ સાહૈ, મહાદેવ સાંમૌ પિહિ મંહૈ." (૧૦૬૩)

જાલંધરે ભૂતકાળમાં પાર્વતીજીની કરેલી માંગણીથી શિવ વિશેષ નારાજ છે. પરંતુ આખરે જાલંધર સ્પષ્ટતા કરે છે કે પોતે પાર્વતીજીને જગતજનની માને છે. જાલંધરનો આ એક જ સંવાદ જાલંધરના પાત્રનું ઊર્ધ્વીકરણ કરે છે અને અંતે શિવને કૃપાપાત્ર બને છે. એ સંવાદ જુઓ :

"તૂંહી ત્રીયલોક પિતા ત્રિપુરારી, સકતી માત ત્રીલોકે સાર." (૧૧૪૧)

આમ, 'જાલંધર પુરાણ'માં હરદાસજીએ યોજેલા સંવાદો હૃદયસ્પર્શી, લાઘવયુક્ત, ચોટદાર અને માર્મિક છે. આથી કૃતિમાં પ્રયોજાયેલા પાત્રોના આંતરબાહ્ય વ્યક્તિત્વનો પરિચય થવા સાથે કૃતિ પણ વીરરસસભર અને અદ્‌ભુત રસિક બને છે. કવિશ્રીએ યોજેલા સંવાદો કલામય ઘાટ પામીને કૃતિને બહુપરિમાણી બનાવે છે.

## ❖ સંદર્ભ નોંધ :

(૧) ડૉ. ઈશ્વરલાલ દવે, રતુદાન રોહડિયા : 'ચારણી સાહિત્ય-આપણો સમૃધ્ધ સાંસ્કૃતિક વારસો', પૃ. ૧૦૯

(૨) ડૉ. અંબાદાન રોહડિયા : 'જાલંધર પુરાણ' ભાગ - ૧, પૃ. ૧૧૦

(૩) એજન, પૃ. ૩૮

(૪) ડૉ. ઈશ્વરલાલ દવે, રતુદાન રોહડિયા : 'ચારણી સાહિત્ય-આપણો સમૃધ્ધ સાંસ્કૃતિક વારસો', પૃ. ૪૯

(૫) શ્રી ઝવેરચંદ મેઘાણી : 'ચારણો અને ચારણી સાહિત્ય', પૃ. ૭૪-૭૫

(૬) ડૉ. ઈશ્વરલાલ દવે, રતુદાન રોહડિયા : 'ચારણી સાહિત્ય-આપણો સમૃધ્ધ સાંસ્કૃતિક વારસો', પૃ. ૪૮

(૭) ડૉ. અંબાદાન રોહડિયા : 'જાલંધર પુરાણ' ભાગ-૧, પૃ. ૧૦૭

(૮) એજન, પૃ. ૧૧૭

(૯) એજન, પૃ. ૧૩૭

નોંધ : પ્રસ્તુત પ્રકરણમાં સંદર્ભ તરીકે જે પંક્તિઓનો ઉપયોગ કર્યો છે તેની સામે પાદટીપ નંબર દર્શાવવાને બદલે પંક્તિ નંબર જ દર્શાવ્યા છે. આ પંક્તિઓ ડૉ. અંબાદાન રોહડિયા સંપાદિત 'જાલંધર પુરાણ' ભાગ-૨ માંથી અહીં મૂકેલ છે.

# પ્રકરણ – ૭

# વિષ્ણુદાસ કૃત 'જાલંધર આખ્યાન'

૧:૧ પ્રસ્તાવના

૨:૧ 'જાલંધર આખ્યાન'નો કથાસાર

૩:૧ મૂળકથાનકમાં ફેરફાર અને તેનું ઔચિત્ય

૪:૧ 'જાલંધર આખ્યાન'ની પાત્ર સૃષ્ટિ

૪:૧:૧ પુરુષ પાત્રો

૪:૧:૨ સ્ત્રી પાત્રો

૫:૧ 'જાલંધર આખ્યાન'માં રસ નિરૂપણ

૬:૧ 'જાલંધર આખ્યાન'માં વર્ણનો

૭:૧ પાત્રોના આંતર બાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતા સંવાદો

❖ સંદર્ભ નોંધ

# પ્રકરણ – ૭

# વિષ્ણુદાસ કૃત 'જાલંધર આખ્યાન'

## ૧:૧ પ્રસ્તાવના :

કવિ વિષ્ણુદાસની કાવ્ય સંપદા વિશાળ છે. પ્રેમાનંદ સિવાય અન્ય કોઇ મધ્યકાલીન કવિએ આટલી વિપુલ સંખ્યામાં કાવ્યલેખન કર્યું જણાતું નથી. પ્રેમાનંદના વિવાદાસ્પદ કાવ્યો - નાટકોને બાદ કરીએ તો કદાચ વિષ્ણુદાસનું લખાણ વધી પણ જાય. વિષ્ણુદાસ, ભાલણ અને શિવદાસ કૃત 'જાલંધર આખ્યાન'ના સંપાદક શ્રી રા. ચુ મોદી 'વિષ્ણુદાસ'ના જીવન કવન સંબંધી લખાણમાં જણાવે છે કે, " સત્તરમા શતકને પ્રથમ ગુજરાતી સાહિત્યનો અંધકારયુગ માનવામાં આવતો, પણ એ સમયના કવિઓનાં પુષ્કળ આખ્યાનો હવે પ્રકાશમાં આવ્યા છે તેથી એમ જણાય છે કે એ શતકના જેટલી સાહિત્ય વિપુલતા અન્ય શતકની નહોતી. આ કાળમાં સાહિત્યનો આટલો પાક ઊતરવાનું કારણ એ છે કે તે અકબર - જહાંગીર - શાહજહાંનનો શાંતિયુગ અને મોગલ જાહોજલાલીનો મધ્યાહ્ન હતો. જહાંગીર સાગર દર્શન અર્થે સં. ૧૬૭૪ માં ખંભાત ગયો હતો. એની સવારીનો ઠાઠમાઠ વિષ્ણુદાસે નજરે જોયો હશે, કેમ કે જાલંધરના સૈન્યનું એણે જે વર્ણન કર્યું છે, એ જહાંગીરની સવારી જેવું જણાય છે. આથી જાલંધર આખ્યાન એ સાલ પછી રચાયેલું હશે એમ લાગે છે. મારું તો એમ માનવું છે કે એ કૃતિ એની ઘણી જ પાકટ વયમાં જગતનો અનુભવ ખૂબ લીધા પછી ક્દાચ 'મહાભારત'ની રચના પછી તેણે રચી હશે."[૧]

"નરસિંહે જેના બીજ રોપ્યાં, ભાલણે જેમાં જલસિંચન ર્ક્યું, ઉદ્ધવ, નાકરાદિએ જેનું સંગોપન કર્યું, તે આખ્યાન પધ્ધતિની પૌરાણિક કાવ્ય વાટિકાને નવપલ્લવિત કરવામાં વિક્રમના ૧૭ મા સૈકાના જે કવિમાળીઓએ અથાગ પરિશ્રમ લીધો છે, તેઓમાં ખંભાતનો નાગર બ્રાહ્મણ વિષ્ણુદાસ સૌથી આદિ સ્થાન ભોગવે છે.[૨]

વિષ્ણુદાસ કૃત 'જાલંધર આખ્યાન' ૩૬ કડવાંનું આખ્યાન છે. રા. ચુ. મોદીના સંપાદનમાં ૩૬ કડવા ઉપરાંત અધ્યાય-૩૯-૪૦ ના ત્રુટક ભાગોની કુલ ૨૫૭૧ પંક્તિઓમાં 'જાલંધર આખ્યાન'ની કથા વણાઇ છે. વિષ્ણુદાસ કૃત 'જાલંધર આખ્યાન'નાં કૃતિલક્ષી મૂલ્યાંકનમાં કૃતિનો કથાસાર, મૂળ કથાનક સાથે તેની તુલના ઉપરાંત પાત્ર ચિત્રણ કલા, અલંકાર, રસ, વર્ણન વગેરેના

નિરૂપણમાં કવિની આખ્યાન નિર્માણની અનેરી કુશળતા અહીં સદષ્ટાંત વર્ણવી છે. મૂળકથાનક સાથે 'જાલંધર આખ્યાન'ની તુલના કરતા જઇ કર્તાએ છોડી દીધેલા કે ઉમેરેલા ફેરફારો દ્વારા પ્રતીત થતી કવિની મૌલિક પ્રતિભાનું દર્શન કરાવવાનો અહીં ઉપક્રમ છે. કવિની મૌલિકતા એ પરંપરા પ્રાપ્ત છે કે તત્કાલીન રીત રિવાજોમાંથી પ્રાપ્ત કરી છે અથવા તો ખરેખર કવિની કલ્પનાની નિપજ છે, એ નિહાળતા જઇ 'જાલંધર આખ્યાન'નું મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન કરીએ.

વિષ્ણુદાસ વિષય પસંદગીની બાબતમાં મધ્યકાલીન પરંપરાને અનુસર્યા છે. વિષ્ણુદાસે પ્રથમ કડવાની પંદરમી પંક્તિમાં દર્શાવ્યું છે તેમ આ કથા તેમણે 'પદ્મ પુરાણ'ની જાલંધર કથાને આધારે રચી છે. પુરાણ કથાને વિષયની કાચી સામગ્રી તરીકે ખપમાં લઇ કલાત્મક કૃતિનું સર્જન કવિએ કર્યું છે. કવિની મૌલિક પ્રતિભાના ઉન્મેષોને સમજવા માટે કૃતિના વિવિધ પાસાંઓની વિગતે ચર્ચા કરીએ.

## ૨:૧ 'જાલંધર આખ્યાન'નો કથાસાર :

આખ્યાનની લાક્ષણિકતાઓને આધારે વિષ્ણુદાસ કૃત 'જાલંધર આખ્યાન'નું કથાનક અહીં પ્રસ્તુત કરેલ છે. પ્રસ્તુત કથાનકના મુખ્ય અંશોનો સદષ્ટાંત પરિચય મેળવીએ.

### ❖ મંગલાચરણ :

આખ્યાનના આરંભે મંગલાચરણની પરંપરાને વિષ્ણુદાસ અનુસરે છે. પ્રારંભે ઈશ્વર સ્તવન કરતાં મંગલાચરણ પંક્તિ ૧ થી ૧૪ માં કવિ બુધ્ધિના દાતા ગણપતિને પ્રણમે છે. 'બ્રહ્મ તનયા' સરસ્વતીને 'હૃદયતણી જડ'કાપવા વિનવે છે, ગુરુચરણે 'પ્રાકૃત બંધ'ની ઇચ્છા કરી ફરી શિવ - શક્તિને પ્રાર્થના કરતાં કવિ કહે છે;

"મતિમંદ મૂરખ કોઇ ન જાણું, ધરૂં મોટી હામ
શક્તિ - શિવ, કરૂણા કરો, તો થાય મારૂં કામ."(૩)

મંગલચરણ પછી કથાનો પ્રારંભ કરતાં પહેલા કથા 'પદ્મપુરાણ'માંથી લીધી હોવાનું કવિ સૂચન કરે છે. (પંક્તિ - ૧૩)

## ❖ આરંભે વૃંદાના શાપની કથા :

એકવાર વાલ્મીકિ ઋષિને ભારદ્વાજમુનિ પૂછે છે કે, "રામ સીતા અને લક્ષ્મણ પંચવટીમાં આવીને રહ્યા ત્યારે શક્તિશાળી એવા રાવણે તાપસવેષ ધરી સીતાનું હરણ કર્યું ત્યારે રાવણ શું બળહીન હતો કે તેણે યોગીરૂપ ધારણ કરવું પડ્યું ? મારા મનનો આ સંદેહ, ભ્રાંતિ ટાળો."

પ્રત્યુત્તરમાં વાલ્મીકિઋષિ જણાવે છે કે પૂર્વે કાર્તિકે ભગવાન શિવ પાસે પોતાનો સંદેહ વ્યક્ત કરતાં કહ્યું કે, "ત્રિભુવનનાથ ભગવાન વિષ્ણુ શાલિગ્રામ, પાષાણરૂપ કેમ થયાં ? શેના કારણે તેમણે આવું રૂપ ધારણ કર્યું ? ત્યારે શિવે પોતાના મુખે જે કથા કાર્તિકને સંભળાવી તે હું તને સંભળાવીશ કે જેથી તારા મનનો સંદેહ ટળે."

આ તમામના કારણરૂપ વિષ્ણુશાપ સંબંધી 'પદ્મપુરાણ'માંની જાલંધરકથા વાલ્મીકિ ભારદ્વાજ મુનિને સંભળાવે છે. કવિ અહીં પરંપરાથી જુદા પડી કથાનો અંત આરંભે જ જણાવી 'ફ્લેશ બેક' પધ્ધતિ અપનાવે છે. જાલંધરની પત્ની વૃંદા સતી શિરોમણિ છે. તેના સતીત્વના બળે જ જાલંધર રણસંગ્રામમાં અજેય બની રહ્યો છે. વિષ્ણુએ કપટ કરી, છેતરી જાલંધર રૂપ ધારણ કરી વૃંદાને છેતરી. જેવો જાલંધર હણાયો ત્યારે સ્વામીના અવસાનથી શોકગ્રસ્ત વૃંદા અગ્નિમાં દેહ હોમવા તૈયાર થાય છે અને જતાં જતાં વિષ્ણુને શાપ આપે છે. તે શાપને તમે પૂછેલા કથા પ્રસંગ સાથે તેમજ કાર્તિકે પૂછેલા કથા પ્રસંગ સાથે સંબંધ છે.

"ધરી રૂપ જોગી છળી હું, નવ ઘટે, જગન્નાથ.<br>
અરણ્યમાં તુજ નાર ચઢજો તાપસ કરે હાથ,<br>
પાષાણ કેરૂ રૂપ તારૂં હજો, શ્રી ભગવાન."[૪]

આ શાપના સંદર્ભે જ તાપસ વેષધારી રાવણ રામ સાથે દ્વેષ કરી જાનકીનું હરણ કરે છે. આટલી વાત સાંભળ્યાથી ભારદ્વાજ ઋષિને આ આખી કથા સાંભળવાની જિજ્ઞાસા થાય છે. વાલ્મીકિજીને વિનમ્રતાપૂર્વક આખી કથા વિગતે સંભળાવવા વિનંતી કરે છે. જાલંધર કોણ હતો ? તેના માતા - પિતા કોણ હતા ? એ કોને પરણ્યો અને રાજા કેવી રીતે થયો ? ક્યા કારણે દેવો તેનાથી વાજ આવી ગયા ? એ કથા વિસ્તારપૂર્વક કહેવાની ઋષિ ભારદ્વાજ વાલ્મીકિજીને વિનંતી કરે છે, તેથી વાલ્મીકિજી હવે જાલંધરના જન્મથી મૃત્યુ સુધીની કથાની અહીં માંડણી કરે છે.

## ❖ ફલશ્રુતિ અને જાલંધર જન્મની પૂર્વકથા :

આ કથા ‘પદ્મ પુરાણ’માંથી લીધેલી છે એવો ફરી સંકેત કરી ઋષિ વાલ્મીકિજી કથાનો આરંભ કરતા પહેલાં મધ્યકાલીન પરંપરા મુજબ ફલશ્રુતિ સંભળાવતા કહે છે,

“ભાવ ધરી મન ભ્રાંત જ ટાળી સાંભળે જે જન,
ચાર પદાથ તે નર પામે, અઘ થાએ દહન.”(૫)

ફલશ્રુતિ પછી તરત જ કવિ જાલંધરના જન્મપૂર્વેની કથા કહે છે. ઈન્દ્રસભાના વર્ણનથી એની શરૂઆત થાય છે. છાંસઠ કોટિ અપ્સરાઓ નાટારંભ કરે છે. હસ્તિ , હય, રથ પાલખીનો પાર નથી. આટઆટલો વૈભવ અને સુંદર સભા નીરખી ઈન્દ્રના મનમાં અભિમાન પ્રગટ થાય છે. તે વિચારે છે કે ત્રિલોકમાં કોઈ એવો બળિયો નથી જે મારી સાથે યુધ્ધ કરે. આ પ્રકારના અભિમાનથી તેની મતિ ફરી અને ગર્વભેર અપ્સરાઓ અને સૂરનર સહિત તે કૈલાસ પર્વત પર રુદ્રપાસે આવે છે. ત્યાં તેત્રીસ કોટિ દેવો અને છાંસઠ કોટિ અપ્સરાઓ સાથે ઈન્દ્ર નાટારંભ કરે છે. એ નૃત્યથી પ્રસન્નચિત્ત થયેલા ભગવાન શિવ ઈન્દ્રને વરદાન માગવાનું કહે છે ત્યારે ઈન્દ્ર શિવ પાસે ‘યુધ્ધ’નું વરદાન માગે છે. “તમારા સરખો ‘સુભટ’ મને આપો જે મારી સાથે બાથ ભીડે. મારા હાથ ચળવળે છે. માટે હે સ્વામી મને શીઘ્ર યુધ્ધ આપો”, એમ ફરી ફરી ઈન્દ્ર યુધ્ધની માગણી કરે છે ત્યારે ભગવાન શિવ હસીને ઈન્દ્રને આવડો ‘અહંકાર’ ન કરવા જણાવે છે. ‘પાણીના પરપોટા’ જેવો દેહ છે એનુ અભિમાન શું ? છતાં ઈન્દ્ર કહે છે, “જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી અભિમાન છે. મર્યા પછી કેવું અભિમાન ? માટે બીજી બધી વાત છોડી મને યુધ્ધ આપો.” અને ઈન્દ્રનાં આવાં ગર્વિષ્ઠ વેણ સાંભળી ભગવાન શિવ ક્રોધે ભરાઈને કહે છે,

“આશા તારા મનતણી પુરશે શ્રી ભગવાન;
થોડા દિનમાં સુભટ મળશે; માન, સુર રાજાન.”(૬)

શિવ પાસેથી આવું વરદાન પ્રાપ્ત કરી ઈન્દ્ર ત્યાંથી સ્વસ્થાનગમન કરે છે. એ પછી ભગવાન શિવ ક્રોધે ભરાવાથી તેના ભાલ પ્રદેશમાં ખૂબ જ પ્રસ્વેદ વળ્યો. પોતાના હાથ વડે એ પ્રસ્વેદને લઈ પાસે જળનું કુંડું ભરેલું હતું તેમાં નાખે છે. શિવના એ પ્રસ્વેદથી જળમાં પરપોટો થાય છે. જળના કુંડામાં મોટા પરપોટાને ફરતો જોઈ સદાશિવના બે ગણ નંદી અને ભૃંગી આશ્ચર્ય પામે છે. સુંદર એવા પરપોટને ફોડવાનું શિવ નંદીને કહે છે, પરંતુ કોઈ ઉપાયે એ પરપોટો ફૂટતો નથી ત્યારે શિવજી કહે છે

કે "એને સિન્ધુના નીરમાં જઈ મૂકો", અને સેવકો તુરત જ શિવની આજ્ઞાનું પાલન કરી એ પરપોટાને સાગરમાં પધરાવી આવે છે. દિવસે દિવસે એ પરપોટો વૃદ્ધિ પામે છે. સમુદ્રમાં ફરતો જળના ગોટ ઉડાડે છે અને સમય થતા જળમાં પરપોટો ફૂટે છે. એમાંથી એક પુરુષ દેહનું પ્રાગટ્ય થાય છે. (પંક્તિ ૬૭ થી ૧૬૦)

## ❖ જાલંધરનો જન્મ, નામકરણ અને બ્રહ્માનું વરદાન :

શુક્લ પક્ષમાં ચંદ્રકલા જે રીતે વૃદ્ધિ પામે એ રીતે શિવના પ્રસ્વેદથી શરીરધારી બાળક વૃદ્ધિ પામે છે. મોટા સ્વરે સિંધુમાં ગર્જના કરતા સિંધુપુત્રનો નાદ ચૌદલોક સુધી પહોંચે છે. દશે દિશા, સાત સાગર, મેરૂ પર્વત, શશી, સૂર્ય અને ઇંદ્રાદિ દેવો એ પ્રબળ શબ્દ સાંભળી વ્યાકુળ બને છે. ગર્ભવતી સ્ત્રીઓને ગર્ભપાત થાય છે. બાળકો ઝબકીને મૃત્યુ પામે છે. આકાશથી પાતાળ સુધી ફરી વળતાં બાળકનું પરાક્રમ જોઈ સાગર અકળાઈ જાય છે. મોટાં મોટાં માછલાં, કાચબાને તીર પર ફેંકતો પ્રૌઢ શરીર ધારી બાળક દિવસમાં દસવાર સિંધુને ઓળંગે છે. આમ, ઘણા દિવસો પસાર થાય છે. અકળાયેલો સાગર ઈન્દ્ર પાસે જઈ પોતાની વિતક કથા કહે છે, "કોઈક કારણવશ મારામાં પ્રગટેલ પરાક્રમી વીર નર અમરાવતીમાં આવીને તને પણ હેરાન કરશે." સાગરનાં આવાં વચનોથી ત્રાસ પામેલા ઈન્દ્રાદિ દેવો, મુનિઓ, સાગર વગેરે બ્રહ્મા પાસે આવે છે અને પરાક્રમી બાળકે મચાવેલા ઉત્પાતની વાત કરે છે. સૃષ્ટિના સર્જનહારને એ બાળક કોણ છે ? એની જાણ નથી તેથી બ્રહ્મા ઈન્દ્ર, કૂબેર, સૂર્ય, વૈશ્વાનર સહિત તમામ સિંધુ તીરે આવી બે હાથ જોડી સ્તવન કરે છે ત્યારે સાગરમાં ભયાનક શબ્દ ઉઠે છે. જાણે ખરેખરો કલ્પાંત આવ્યો ન હોય ! આવા 'ભડજન'ને દર્શન આપવા દેવો પ્રાર્થે છે ત્યારે ત્વરાથી બહાર આવીને 'પરમ મનોહર સુંદર બાળક' બ્રહ્માની દાઢી ગ્રહી બધાની સાથે સુંદર અવાજે વાત કરતાં, 'આપ સૌ કોણ છો ? અને શા કારણે અહીં પધાર્યા છો ?' એવી પૃચ્છા કરે છે. પોતાની વિશ્વ વિધાતા તરીકેની ઓળખ આપતા બ્રહ્માજી કહે છે કે, 'તું કોણ છે ? કોનો પુત્ર છે ? શા કારણે સાગરમાં પ્રગટ્યો છે ? તમારૂં પરાક્રમ જોઈને અમને વિસ્મય ઉપજે છે.' ખુદ બ્રહ્મા પોતાની પાસે આવેલા જાણીને અતિશય હરખ પામતો બાળક મધુર વચન ઉચ્ચારતો કહે છે કે, "સ્વર્ગ પાતાળ કે મૃત્યુલોક વિશે આપના સરીખા કોઈ દાતા નથી. અહીં પધારી મને કૃતાર્થ કર્યો છે. મારા માતાપિતા સાગરને જાણે ! અમારી આશા પૂરી કરો. તમો વિશ્વવિધાતા છો તો અમારું નામકરણ કરો. અહીંથી બહાર કાઢી કોઈ જગ્યાએ રાજ્ય આપો." બાળકનાં આવાં મધુર વચન સાંભળી બ્રહ્માજી પ્રસન્ન મને બાળકનું નામકરણ કરતા આશીર્વાદ આપે છે કે, "આજે ત્રિભુવનમાં તારા જેવો કોઈ

પરાક્રમી નથી. તે પ્રથમ મારી દાઢીનું જાળું ગ્રહણ કર્યું માટે તને 'જાલંધર' કહીશું. તારા પરાક્રમથી તું સુભટ શિરોમણિ થશે. અહીંથી તું મથુરા નગરીમાં જા. ત્યાં ક્રૌંચક નામનો રાજા રાજ્ય કરે છે. પતિવ્રતા અને સતી શિરોમણી એવી વૃંદા તેની પુત્રી છે. તે તને પરણાવશે અને પુત્રી સહિત ધન ભંડારથી સમૃધ્ધ રાજ્ય તને આપશે.' આમ કહી બ્રહ્માએ સાગરપુત્ર જાલંધરને તિલક કરી, એક ગદા આપી, 'ત્રિભુવન વિજયી' થવાનું વરદાન આપી બ્રહ્મા સહિત દેવો અંતર્ધ્યાન થયા. (પંક્તિ ૧૬૧ થી ૨૪૪)

## ❖ જાલંધર વૃંદાના લગ્ન :

બ્રહ્મા દ્વારા પ્રાપ્ત થયેલી ગદા હાથમાં ધારણ કરેલા જાલંધરનું બળ વધે છે. વનમાં તરુલતાને પીંખતા મદમસ્ત હાથીની ચાલે મેઘગર્જના સમો નાદ કરતો સાગરસુત જાલંધર માર્ગમાં આવતા પર્વતને ભાંગતો યમુના તટ પર આવેલા મથુરા રાજ્યમાં ધસમસતો આવી ચડે છે. પરાક્રમી પુરુષ સાથે યુધ્ધ થઈ શક્શે નહિ એમ વિચારતો ક્રૌંચક પરાક્રમી પુરુષને વશ કરવા કોઈ બીજા ઉપાય શોધે છે. પોતાનું રાજ્ય ધન, ગજ, રથ, અશ્વ સહિત પોતાની પુત્રીને ક્રૌંચક જાલંધર સાથે પરણાવે છે અને એ રીતે મથુરાનું રાજ્ય પામીને જાલંધર ત્યાંનો રાજા બને છે. સતીશિરોમણી વૃંદાને પરણીને જાલંધર અતિ હર્ષ પામે છે. વૃંદા પણ જાલંધર પ્રત્યે અપાર પ્રેમભાવ દાખવે છે. નવપરિણિત યુગલ રાત - દિવસ જાણ્યા વગર કામ કેલિમાં રત રહી સકલ કલા રસ માણી રહ્યા છે. (પંક્તિ ૨૪૫ થી ૨૬૧)

## ❖ જાલંધરના વીરત્વની પ્રવર્તતી આણ :

વૃંદા સાથે લગ્ન બાદ આનંદ કેલિમાં દિવસો વ્યતીત કરતાં જાલંધરના મનમાં થોડા દિવસો પછી 'સકલ દેશ' જીવતાની ઇચ્છા જાગે છે. તત્કાળ પોતાનું સૈન્ય તત્પર કરી 'ત્રિભુવન વિજયી' બનવા નીકળી પડે છે. છત્રીસે આયુધ અંગ પર ધારણ કરેલો જાલંધર મહાપરાક્રમ દાખવી શરણે ન આવતા રાજવીઓ સાથે યુધ્ધ કરી તેને બંદી બનાવતો આગળ વધે છે. કર્ણાટક, વિદર્ભ, સિંહલદ્વીપ, અયોધ્યા, કાશ્મીર, કાશી, સિંધ, સોરઠ, મત્સ્ય, મારૂ અને અવંતીના રાજાઓને હરાવીને ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ ચારે દિશામાં વિજયી બનેલા જાલંધરની આણ પ્રવર્તે છે. યુધ્ધમાં જિતેલા રાજાઓને બંદિ બનાવી તેમની અઢળક સમૃધ્ધિઓ સાથે જાલંધર પોતાના નગરમાં પાછો ફરે છે. નગરના નરનારી પરાક્રમી રાજા જાલંધરને મુક્તાફૂળથી વધાવે છે. જાલંધરનો જયજયકાર સાંભળી પતિવ્રતા વૃંદા પણ અતિશય આનંદ પામે છે. સકલ પૃથ્વીના રાજાઓના માન મૂકાવી ત્રિલોક પર આણ પ્રવર્તાવતો જાલંધર પોતાના રાજ્યનું સુંદર શાસન કરે છે. ભૃગુઋષિના માર્ગદર્શન હેઠળ સઘળો

કારભાર ચાલે છે. એ રીતે પરમ સુખને ભોગવતો જાલંધર દિવસો પસાર કરી રહ્યો છે. (પંક્તિ ૨૬૨ થી ૩૧૭)

## ❖ રાહુની કથા :

એકવાર જાલંધર પ્રસન્નચિત્તે રાજસભામાં બેઠો છે. એ સભામાં મૃતસંજીવનીવિદ્યાના સ્વામી શુક્રાચાર્ય પણ બેઠા છે. અપ્સરાઓ નૃત્ય કરે છે, ગાન કરે છે. બંદિજનો રાજાની પ્રશંસા કરે છે. કોટિ સૂર્ય સમાન જાલંધરનું તેજસ્વી રૂપ શોભી રહ્યું છે. એટલામાં એક આશ્ચર્યયુક્ત ઘટના બને છે. બધા ભયભીત બની જાય છે. આકાશ માર્ગેથી એક શીશ (મસ્તક) સભા મધ્યે આવે છે. રાજાને નવાઈ લાગે છે.' તું કોણ છે ? ધડ વિના કેમ જીવી રહ્યો છે ? ક્યાંથી આવ્યો છે?' વગેરે પ્રશ્નોના ઉત્તરમાં સ્વર્ભાનુ કહે છે; ''હું મારુ ને સાથે તારું દુઃખ કહેવા આવ્યો છું. ઋષિ કશ્યપ મારા પિતાજી છે મારુ નામ રાહુ છે. હું તમારો સંદેહ ટાળવા એક પૂર્વે બનેલો પ્રસંગ કહું તે સાંભળો.'' ને રાહુ સમુદ્ર મંથનની કથા જાલંધરને સંભળાવે છે.

''એકવાર વિષ્ણુ, ઇન્દ્ર અને ભગવાન શિવે મળી તારા પિતા સમુદ્રનું મંથન કર્યું. મંદરાચલનો રવૈયો અને વાસુકિનું નેતરૂં કરી સાગરનું મંથન કરીને એમાંથી લક્ષ્મી, કૌસ્તુભ, પારિજાતક, ધન્વન્તરી, સુરારસ, ઐરાવત, અમૃત, કામધેનુ, હળાહળ વિષ, ઉચ્ચૈઃ શ્રવા, અશ્વ, સારંગ ધનુષ્ય દિવ્ય રંભા દેહ, પાંચજન્ય અને ચન્દ્રમા એ ચૌદ રત્નો કાઢ્યા. તારા પિતાની એ તમામ વૈભવી સંપત્તિ દેવોએ વહેંચી લીધી.''

'પિતાનાં આ ચૌદ રત્નો કોની પાસે છે ? અને તમારૂં મસ્તક અમર કેમ થયું ?' એ જાણવાની ઉત્કંઠા ધરાવતા જાલંધરને રાહુ કહે છે, ''તારા જેવો પરાક્રમી પુરુષ ત્રિલોકમાં નથી. તને આગળની કથા કહું તે સાંભળ. કપટી દેવોએ અસુરોને મદિરા પાઈને ઘેલા કરી મૂક્યાં. એક પણ રત્ન અસુરોને આપ્યું નહિ. મદિરામા મત્ત દાનવોનાં શરીર - મન શિથિલ થયાં. વિષ્ણુએ મોહિનીરૂપ ધારણ કર્યું. કોટિ સૂર્યનું તેજ ધરાવતી એ શ્યામા માટે અસુરો અદરોઅંદર લડી પડ્યા અને દેવો અમૃત પીવા બેઠા. દેવોની એ સભામાં હું ચંદ્ર અને સૂરજની વચ્ચે છૂપાઈને બેઠો હતો. બધા દેવો એક પછી એક અમૃતપાન કરે છે વચ્ચે હું બેઠો હતો. મને અમૃત આપ્યું પરંતુ ચંદ્ર અને સૂર્ય એક સાથે 'એ રાહુ' એમ કહ્યું અને વિષ્ણુએ મારુ મસ્તક છેદ્યું. થોડું અમૃત મુખમાં ગયું એટલું અંગ અમર થયું અને ધડનું મૃત્યું થયું. અમૃત પાન કરીને સઘળા દેવોએ રત્નો વહેંચી લીધાં. લક્ષ્મી, ધનુષ્ય, પાંચજન્ય અને કૌસ્તુભમણિ વિષ્ણુએ રાખ્યા. ઐરાવત, રંભા, કામધેનુ, પારિજાતક ને સુરારસ ઇન્દ્ર પોતાને મંદિર

લાવ્યા. ઉચ્ચૈઃશ્રવા અશ્વ રવિએ રાખ્યો, અમૃત કુંભ પાતાળે સ્થાપ્યો. વિષ હલાહલ શંકર કંઠે રહ્યું. ધન્વંતરી અને ચંદ્ર સમસ્ત દેવોએ મળીને રાખ્યા. આમ અપુત્રવાનની સમૃધ્ધિ જેમ પારકાને હસ્તે લૂંટાય એમ સાગરની સમગ્ર સમૃધ્ધિ લૂંટી લેવામાં આવી. હવે તારા જેવો સુભટ નરવીર પુત્ર સાગરને મળ્યો છે તો તારા પિતાના રત્નો તું દેવો પાસેથી પાછા લાવ. બ્રહ્મા, વિષ્ણુ, સદાશિવ વગેરે તારા પરાક્રમ પાસે કશું જ નથી. તારા પોતાના વૈભવને ધારણ કરીને દેવો અભિમાન કરે એ કેમ ચાલે ? તારા જેવો પ્રતાપી પુત્ર જો આ રત્નો પાછાં ન લાવી શકે તો ધિક્ છે તારા બાહુબળને ! પુત્રના હોવા છતાં પિતાની સમૃધ્ધિ પાછી લાવી ન શકે તો એ પુત્ર નથી, પણ પથ્થર છે.'' આવાં કઠણ વચન સંભળાવતો રાહુ હજુ આગળ કહે છે કે, ''મારે શા માટે વારેવારે તને આવા વચન કહેવા જોઈએ ? મને તો એક જ વાતનું દુઃખ છે કે ઈન્દ્ર તારા પિતાની સમૃધ્ધિ ભોગવી રહ્યો છે.'' રાહુના આવાં વચન સાંભળી જાલંધર કહે છે કે, ''મને આ વાતની ખબર જ નહોતી. હવે દેવોનું માન ન મુકાવું તો હું સાગરનો પુત્ર નહિ. ઈન્દ્રાસન ઉખેડીને ફેંકી દઉં, બ્રહ્મસદનના ચૂરા કરુ, કૈલાસ સમૂળગો ઉપાડી સાગરમાં ફેંકું, દેવોના મંદિરથી રત્નો લઈ પિતાની વેદના શમાવું. જ્યારે પિતાનું દુઃખ ટળશે ત્યારે જ મને સુખ મળશે. ત્રિલોકમાંથી દેવોને શોધી એના વંશવેલાને પણ મિટાવી નામશેષ કરૂં'', એમ ક્હેતો જાલંધર ફરી સભા બોલાવી, પરાક્રમી પુરૂષોને એકઠા કરી ઈન્દ્રસદન યુધ્ધ કરવા જવાની તૈયારી કરવાનું કહે છે. શુક્રાચાર્યને યુધ્ધમાં સાથે રહેવા વિનંતી કરે છે. સુભટો સાથે વાત કરતાં દિવસ આથમે છે રાત પડે છે. 'સમગ્ર રાજ્યમાં 'પડો વજડાવો' અને યોધ્ધાઓને તત્પર રહેવા જણાવો', એવી રાજાજ્ઞા થાય છે. 'આઠથી એંસી વર્ષના બાળક, યુવાન, વૃધ્ધ જે યુધ્ધનો સાદ સાંભળી કાયર બની નગરમાં બેસી રહેશે એ બધાને રાજા ધાણીએ ઘાલી તેના શરીરના ટૂકડે ટૂકડા કરાવશે.' પડો વાજતાં જ નગરમાં હલચલ મચી ગઈ. રાજાના સેવકો સુભટોને શસ્ત્ર સજ્જ ક્રવા નગરમાં ફરી રહ્યા છે ત્યારે જાલંધર પત્ની વૃંદા પાસે ઘેર આવે છે. પતિનું વ્યગ્ર મુખ જોઈ ચિંતાભરી વૃંદા પતિના દુઃખનું કારણ પૂછે છે ત્યારે જાલંધર બહુ ટૂંકમાં ચૌદ રત્નોની વાત કરી, એ રત્નો લેવા દેવો સાથે યુધ્ધ કરવાના પોતાના નિર્ણયની જાણ વૃંદાને કરે છે. (પંક્તિ ૩૧૮ થી ૪૮૬)

### ❖ વૃંદાની યુધ્ધ ન કરવા સલાહ, જાલંધરનો વીરતાભર્યો પ્રત્યુત્તર અને જાલંધરને હસતાં મોંએ રણમેદાન વળાવતી વૃંદા :

પતિના દેવો સંગાથે યુધ્ધ કરવા જવાનાં વચન સાંભળીને વિવેકપૂર્વક વૃંદા કહે છે કે, ''તમે તો બુધ્ધિશાળી છો. હું અલ્પમતિ જ્ઞાન રહિત તમને શું કહું ? છતાં હે સ્વામી ! અતિ બળવાન દેવોને

જીતવા દુષ્કર છે કેમકે તેઓ કપટ વિદ્યા જાણે છે. તમે શા માટે પેટ ચોળીને શૂળ ઊભું કરો છો ? શા માટે આંખો મીંચી કૂવામાં ઝંપલાવો છો ? શા માટે સર્પના મુખમાં હાથ નાખો છો ? પરિવારને ત્યજીને શા માટે વાઘના સામા જાઓ છો ? અમૃતરસને છોડીને હળાહળ શા માટે પીઓ છો ? તમારી સમૃદ્ધિમાં આજે શી ખોટ છે ? એ સમૃદ્ધિ સામે ચૌદ રત્નોની શી વિસાત છે ? માટે એ વાત મૂકી દો અને આનંદભેર આપણું રાજ્ય સંભાળો. કોઇના કહેવાથી ક્રોધ કરવો એ તમને શોભતો નથી. હું તો અબળા છું. તમને શી સલાહ આપું ? પરંતુ યુધ્ધની વાતે આગળ સુખ નથી. ઘણા અસુરો દેવ સામે થયેલાં તેઓનું દેવો સામે ક્શું ચાલ્યું નથી. દેવો રૂપી દીવામાં દૈત્યો પતંગિયાંની જેમ પડ્યા છે. બ્રહ્મા શિવ, ઇન્દ્ર અને તમારી બહેનના પતિ એ સર્વ ક્પટી છે. છલ ક્રીને દેવો યુધ્ધ જીતશે માટે ધર્મયુક્ત શાસન કરો. પ્રજાપાલન કરો અને દેવોના વિરોધની વાત જવા દો. આપણે ત્યાં કશાની ઓછપ નથી. બધા રાજાઓ તમારે વશ વર્તે છે. બોંતેર રાજ્યોની સમૃદ્ધિ તમે આણી છે. જો ભર્યા ભાણાથી તમને આહારનો સંતોષ નથી, તો હાથ ચાટીને કેમ ધરાશો ? વળી વૃધ્ધો પણ કહે છે બહુ લોભ એ પાપનું મૂળ છે, માટે હે કંથ ! કોઇના ચઢાવ્યા શા માટે દેવોનો વિરોધ કરવા તત્પર થયા છો ? તમો યુધ્ધે ચઢો એની સામે મારો વિરોધ નથી પણ આપણા કોઇ સ્વાર્થ વગર તમે દેવોનો વિરોધ કરો છો તેથી હું ના કહું છું. યુધ્ધની વાત પડતી મૂકો. દેવો ઉપર દયા કરો એમાં તમારો મહિમા વધશે. રઢ લીધી મૂકો ! અને ભુવનમાં બેઠા બેઠા લીલાલ્હેર કરો.'' આમ, બે હાથ જોડી, પગે પડતી, થર થર અંગે ધ્રુજતી વૃંદા પતિને કહે છે કે, 'તમે મારું કહ્યું કરતા નથી પણ તમારી રણમાં હાર થશે માટે આ વાત પડતી મૂકો.'

વૃંદાના આવાં વચનો સાંભળીને જાલંધર કહે છે કે, ''સુભટની પટરાણી થઇને આવાં કાયર વચનો કેમ બોલે છે ? જેની સ્ત્રી ચતુર હોય એ તો પોતાના વચનથી પતિને પ્રતાપી બનાવે અને રણમેદાનમાં શત્રુને મારવા ઉશ્કેરે, પરંતુ તેમાં તારો દોષ નથી. તું અબળા છે, અલ્પમતિ છે, તારી શિખામણ મને શું કામની ? શું હું દેવોને આધિન થઇને રહું ? મારા પિતાની સમૃધ્ધિ જોઉ હું ક્યો દેવ રાખી શકે છે ? દેવોને મારી ચૌદ રત્નોને લાવું ત્યારે મારું મન શાંત થાય. રત્નો લેતાં તો ઘણા સારા લાગ્યા હવે એ મારા પ્રહાર ખમી શકશે નહિ. જો હું યુધ્ધ કરવા નહિ જાઉં તો સઘળા સુભટો મારી નિંદા કરશે. પિતાના મનનું દુઃખ કાયમ રહેશે, માટે હે અબળા ! યુધ્ધ કરવા તો હું જઇશ જ. દેવગણને જીતીને સઘળાં રત્નોની સમૃધ્ધિ ઘેર લાવીશ અથવા તોરણમેદાનમાં મારો દેહ પડશે તો પણ મને યશ પ્રાપ્ત થશે અને અપ્સરા વરશે. બંને રીતે મને ફાયદો જ છે.'' પતિના આવાં પરાક્રમયુક્ત પણ કઠોર વચન સાંભળીને વૃંદા કહે છે કે, ''તમારે તો બંને બાજુ ફાયદો છે પરંતુ હું તો મારું સર્વસ્વ ગુમાવીશ.

જો તમે જીતશો તો કીર્તિ, રુક્મિણી મારી શોક્ય થશે અને જો યુધ્ધમાં પ્રાણ ત્યાગ કરશો તો તમો અપ્સરા પામશો. મારેતો બંને તરફ દુઃખ. તમે યુધ્ધ કરવાનો નિર્ણય કરી જ લીધો છે તો જાઓ પણ અમારે તો કંથ વગરનો જન્મારો નકામો બની જશે.'' કંથ વગરની સ્ત્રીની દશા ગદ્ગદ્ કંઠે વૃંદા વર્ણવે છે. અંતે વૃંદા શોક મૂકીને રણમાં જય પામવાની, શત્રુને રણમાં મારી હટાવવાની શુભેચ્છા આપે છે ત્યારે રાજા હર્ષ પામે છે. ફૂલનો હાર પતિને આપતા વૃંદા કહે છે, ''જયાં સુધી મારૂં સત્ હશે ત્યાં સુધી તમને કોઇ ભય નથી. સૂર્ય આથમણે ઉગે તો પણ વૃંદા સત્ નહિ ચૂકે. જ્યાં સુધી સત્ ટકશે ત્યાં સુધી કંદુક લીલો રહેશે. જ્યાં સુધી પુષ્પ સુકાય નહીં ત્યાં સુધી દેવદળને હંફાવજો. દેવોને જીતીને વિજય શ્રી પ્રાપ્ત કરજો. અનંત કીર્તિ પ્રાપ્ત કરજો. એક હજાર એક હાથીનું બળ તમારા હાથને પ્રાપ્ત થજો.'' આમ કહી યુધ્ધે જતાં જાલંધરને સતી વૃંદા શુભકામનાઓથી વધાવતા વિદાય આપે છે. (પંક્તિ ૪૮૭ થી ૬૦૯)

## ❖ જાલંધરનું ઈન્દ્ર અને વિષ્ણુ સાથે યુધ્ધ :

દાનવવીરોની સેના સંગાથે પત્નીના રક્ષા કવચથી રક્ષાયેલો જાલંધર ઇન્દ્રલોકમાં આવી ઇન્દ્રને પડકાર ફેંકે છે. દૂત મારફત પિતાના પાંચ રત્નો પાછા સોંપવા અને નહિ તો યુધ્ધ માટે તત્પર થવા જાલંધર ઇન્દ્રને કહેણ મોકલે છે. ઇન્દ્ર સામે વળતો વીરતાભર્યો પ્રત્યુત્તર પાઠવે છે કે, ''મારા રત્નોની ઇચ્છા કરવાવાળો તું તે કોણ ? તું મારી સામે આવે તો તને જીવતો પકડી જમીનમાં દાટી દઇશ.'' દૂતે થોડી વધારીને વાત કરતા જાલંધર અત્યંત ક્રોધે ભરાય છે. તેત્રીસ કોટી દેવતાને હણવા માટે દાનવ સેના ધસી જાય છે. સુરસેના જાલંધર સાથે યુધ્ધ કરવા આવી પહોંચે છે. બંને પક્ષે ઘમાસાણ યુધ્ધ મંડાય છે. ઇન્દ્ર જાલંધર પર પ્રહાર કરે છે પરંતુ હાથી પર ફૂલ મુકાય ને જેવો ભાર જણાય એવો ભાર દાનવ રાજને વજ્રનો લાગે છે. સામે ગુસ્સે થયેલો જાલંધર એક ગદા ફેરવીને મારેછે તો ઇન્દ્રનું વાહન હાથી ચિત્કાર કરતો ત્રાસ પામી નાઠો. ઇન્દ્રની સેનામાં ભંગાણ પડ્યું. ઇન્દ્ર હાથીને ફરી રણમેદાનમાં લાવ્યો અને જાલંધર પર વજ્રના પ્રહાર પર પ્રહાર કરે છે, પરંતુ જાલંધરને તેનો સ્પર્શ પણ થતો નથી. સાધ્વી સ્ત્રીના સતીત્વને આધારે જાલંધરને શસ્ત્રનો સ્પર્શ સુધ્ધાં થતો નથી. ફરી રોષે ભરાયેલો જાલંધર ગદા ફેરવેતો ઇન્દ્ર ઉપર ધસી આવે છે. આંખમાંથી અગ્નિ વરસાવતાં જાલંધરને જોઇને ઇન્દ્રને મનમાં થાય છે કે ગદા પ્રહારે આ તો મને યમ સદન પહોંચાડી દેશે, તેથી ઇન્દ્ર રણમાંથી પારોઠનાં પગલાં ભરતો ભાગે છે. ફરી સુરની સેનામાં ભંગાણ પડે છે. અમરપુરને ઉજ્જડ કરીને હર્ષ પામતો જાલંધર સ્વર્ગ પ્રવેશ કરે છે. બલિ દૈત્યને ત્યાં રક્ષક તરીકે મૂકીને જાલંધર ઇન્દ્રની પાછળ જાય

છે. ઈન્દ્ર ડરનો માર્યો બ્રહ્માને શરણે આવે છે પરંતુ બ્રહ્મા એને વિષ્ણુનું શરણ ગ્રહવા કહે છે. ઈન્દ્રાદિ દેવો ભગવાન વિષ્ણુના શરણે આવે છે. ભગવાન વિષ્ણુ દેવોની વાત સાંભળી યુધ્ધ લડવા તત્પર થાય છે. હવે જાલંધર અને વિષ્ણુ વચ્ચે મહાસંગ્રામ થાય છે. દાનવરાજ પર ગુસ્સો કરતા વિષ્ણુ જાલંધર પર ચક્ર ફેંકે છે. ચક્રની તીક્ષ્ણ ધાર ભાંગી જાય છે પણ દાનવના અંગને કશી હાનિ થતી નથી. જેને ઘેર સાધ્વી નારી હોય તેને કોણ મારી શકે ? જાલંધર વિષ્ણુને કહે છે કે, ''અલ્યા તેં ચક્ર મારા પર ફેંક્યું તે તને શોભતું નથી. મારી બેન તારા ઘરમાં છે તેથી તારા પર હું કેમ પ્રહાર કરું ? તને કેમ યમસદન પહોંચાડું ? તને મારીને હું મારી બહેનને દુઃખી કરવા નથી માગતો. નહી તો અબઘડી તને મારી નાખું પણ તું મારો બનેવી હોવાને નાતે મારો પૂજનીય છે માટે અહીંથી ચાલ્યો જા.''

જાલંધરના આવા વેણથી ક્રોધે ભરાયેલા વિષ્ણુ ફરી જાલંધર પર પ્રહાર કરે છે ત્યારે અતિશય રોષપૂર્વક જાલંધર વિષ્ણુને કહે છે, 'અલ્યા તું શત્રુ છે પણ તને સગો જાણીને જવા દઉં છું ને તું પ્રહાર કરે છે.' એમ કહી ક્રૂરતાપૂર્વક ગરૂડ પર ગદાનો પ્રહાર કરે છે. ચીસો પાડતો ગરૂડ દસ જોજન દૂર ભાગી જાય છે. દાનવરાજ તેનો પીછો કરે છે. ફરી વિષ્ણુ મહાયુધ્ધ કરે છે. ચક્ર વડે આખી દાનવસેનાનો સંહાર કરે છે. આ જોઈ ત્રાસ પામેલો જાલંધર ગુરુ પાસે આવી સમાચાર આપે છે. ક્રોધે ભરાયેલા ગુરુ રણમેદાનમાં આવી સંજીવની વિદ્યા વડે સેનાના વીરોને સજીવન કરે છે. વિષ્ણુ જાલંધર પર ગદાનો પ્રહાર કરે છે પણ શસ્ત્ર તો જાલંધરને અડતા પહેલાં ભાંગી જાય છે. ભગવાન વિષ્ણુ આશ્ચર્ય પામે છે. મરેલા દાનવો ફરી જીવતા થાય છે. આ જોઈ ગભરાયેલા વિષ્ણુ ગિરિ કૈલાસ ભણી જઈ શંકરનું શરણ સ્વીકારે છે. વિષ્ણુ સહિત દેવો રણમેદાનમાંથી ભાગે છે. ત્યારે દાનવરાજ તેના સૈન્ય સાથે તેનો પીછો કરે છે અને કૈલાસને ઘેરી લે છે. (પંક્તિ ૬૧૦ થી ૭૭૧)

### ❖ શિવ પાસે પાર્વતીની માગણી કરવા જાલંધરને ઉશ્કેરતા ઋષિ નારદ :

કૈલાસ પર્વતની તળેટીમાં સભા ભરીને જાલંધર બેઠો હતો. એવે સમયે ઋષિ નારદ એ સભામાં આવે છે. જાલંધરને કહે છે કે, ''રૂપે ગુણે પૂરી વૃંદા જેવી સ્ત્રી ત્રણ લોકમાં ન મળે, પણ એનાથી અનેકગણી ચઢિયાતી સ્ત્રી શંકરના ઘરે છે. વૃધ્ધ અને કદરૂપા શંકરને ત્યાં એ નાર શોભતી નથી. એ સ્ત્રી તારા દ્વારે જ શોભશે.'' આમ, જાલંધરને પાર્વતી પ્રત્યે મોહ જગાડી નારદ ચાલ્યા જાય છે. પાર્વતીને પોતાને ઘેર લાવવા જાલંધર ઉત્સુક બને છે. રાહુની સાથે શંકરને કહેવડાવે છે, 'તું ઉમિયા અમને ભેટ આપી દે. એ તારે લાયક નથી.' કૈલાસ પર સભા ભરીને બેઠેલા શંકરની પાસે રાહુ આવે છે. પોતાના પરિવાર સાથે શંકર આનંદ પ્રમોદ કરી રહ્યા છે. કાર્તિકેયનું વાહન મોર, ગણપતિનું ઉંદર અને

શંકરના ગળે રહેલો વાસુકિ નાગ ત્રણે ત્યાં એકઠા થાય છે. જ્યારે નાગ મૂષકને ખાવા ધાય છે ત્યારે મોર સર્પ પર કૂદે છે. નાગ ફરી શંકરના ગળે જઈ વળગી જાય છે. આ સઘળું દશ્ય જોઈ રાહુ કશું જ બોલી શકતો નથી ને જેમ આવ્યો તેમ પાછો ચાલ્યો જાય છે. જાલંધર પાસે આવીને આખી વાત કહે છે. જાલંધર ક્રોધે ભરાય છે અને ફરી રાહુને શંકર પાસે મોકલે છે. જાલંધરે જે જે કહ્યું હતું તે અક્ષરશઃ રાહુ શંકરને કહે છે. ક્રોધે ભરાયેલા શંકર રાહુ પર પ્રહાર કરે છે અને 'આ અબુધ એવો જાલંધર કોણ છે ? હું હમણાં જ તેનું મસ્તક ધડથી જુદું કરી નાખીશ.' શંકરની આ વાત રાહુ જાલંધરને કહે છે ત્યારે જાલંધર કોપાયમાન થાય છે અને શિવને મારવાનો નિર્ધાર કરે છે.

## ❖ દેવોનું શિવના શરણે આગમન :

દેવો શંકરના શરણે આવે છે ત્યારે ઉમિયા શિવના ખોળામાં બેઠા છે. મનમાં આનંદ પામતા દંપતિ હાસ્ય વિનોદ કરી રહ્યા છે ત્યાં દેકારો મચાવતા સુરગણો આવે છે. એ બધાને જોઈને શંકર પાર્વતીને કહે છે, "ઘરમાં જાઓ, આપણને સાથે જોઈને સુરપતિ આપણી મશ્કરી કરશે." બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્રાદિ દેવોને યથાયોગ્ય માનપાન આપી શંકર તેઓના આવવાનું કારણ પૂછે છે ત્યારે વિષ્ણુ માંડીને જાલંધર સાથેના યુધ્ધની વાત શંકરને કહે છે. "ઈન્દ્રાસન અને અમરાપુર પર કબ્જો જમાવી બેઠેલા જાલંધરે ત્યાં બલિને રક્ષક તરીકે મૂક્યો છે. ઈન્દ્ર બ્રહ્માને શરણે ગયા. 'જાલંધર આવ્યો' જાણી બ્રહ્મા નિરાશ થયા. તેઓ મારી પાસે આવ્યા અને એમની વિગતે વાત સાંભળી હું જાલંધર સાથે યુધ્ધ લડવા આવ્યો, પરંતુ આશ્ચર્ય વચ્ચે મારું એક પણ શસ્ત્ર જાલંધરના શરીરને સ્પર્શતું સુધ્ધાં નહોતું. મારું ચક્ર બે વાર નિષ્ફળ નિવડ્યું. દાનવે મારા ગરુડ પર ગદા વડે પ્રહાર કર્યો. હવે એના ત્રાસથી ઉગરવાનો એકેય ઉપાય નથી તેથી તમારા શરણે આવ્યા છીએ." તમામ દેવો દયામણા બન્યા છે. દેવોની આવી હાલત જોઈ, તેઓની આવી વાણી સાંભળી શંકર રોષપૂર્વક કહે છે 'ઈન્દ્રએ મારી પાસે યુધ્ધ કરવા માટે યોધ્ધો માગ્યો, તો હવે તેનું વીરત્વ, બાહુબળ ક્યાં ગયું ?' ઈન્દ્ર કહે છે, "અજ્ઞાનવશ મેં ત્યારે અહંકાર કર્યો હશે પરંતુ આજે તમારા વગર મને કોઈ ઉગારનાર નથી.' સદાશિવ હસીને વિષ્ણુને કહે છે, કાં તમે એની સાથે યુધ્ધ નથી કરતા ? જાલંધરને મારીને સઘળું પાછું મેળવી લો.' ત્યારે કમળાપતિ હસીને કહે છે કે, 'જાલંધર તમારો અંશ છે. તમારાથી ઉત્પન્ન થયેલો તમારાથી જ મરશે. હે શિવ ! દેવોને ઉગારો, દાનવને મારો.' એમ સહુ મસ્તક નમાવી શિવને પ્રાર્થે છે. શિવ જાલંધર સાથે યુધ્ધ કરવા તત્પર થાય છે. (પંક્તિ ૭૭૨ થી ૯૦૦)

## ❖ શુક્રાચાર્યનું હરણ :

જાલંધર સાથે યુધ્ધ કરવા માટે પાર્વતીની આજ્ઞા, અનુમતિ લેવા ગયેલા પશુપતિનાથને પાર્વતી દાનવ સાથે યુધ્ધે ન ચડવા વિનવે છે, પરંતુ 'એ દુષ્ટે તમારી માગણી કરી છે.' એવા શિવજીનાં વચન સાંભળીને પાર્વતી તત્કાળ એવો રણસંગ્રામ ખેલવા શિવને વિનંતી કરે છે કે જેથી એ દાનવરાજ બીજીવાર આવી અભદ્ર માંગણી ન કરી શકે. ભગવાન શિવ કૈલાસ પર્વતની તળેટીમાં શિબિર રચી ત્યાં તમામ દેવગણ સાથે યુધ્ધની તૈયારી કરે છે. સામે દાનવોની બહુ મોટી સેના છે. દેવોની રણભેરીઓ સાંભળી દાનવરાજ શિબિરની બહાર આવે છે ત્યારે અનુચર 'પશુપતિનાથ યુધ્ધ કરવા આવ્યા છે,' એવા સમાચાર આપે છે. જાલંધર એ સાંભળીને અતિશય ક્રોધે ભરાય છે. પોતાના સઘળા યોધ્ધાઓને એકઠા કરી મહાસંગ્રામ ખેલવા જણાવે છે. જાલંધર દાનવગુરુ શુક્રાચાર્યને શુભ મુહુર્ત જોઇ રણસ્તંભ રોપવા જણાવે છે કે જેથી વિજય પ્રાપ્ત થાય. ગુરુને એમ કરવા અને વિચારવા કહે છે કે જેથી દાનવોનો જય થાય. મૃતસંજીવની વિદ્યાનો ઉપયોગ કરવા પણ જાલંધર વિનવે છે ત્યારે શુક્રાચાર્ય તેને ધીરજ બંધાવતા અને હિંમત પ્રેરતા કહે છે, ''શત્રુએ દાનવોના શરીરના સહસ્ત્ર કટકા કર્યા હશે તો'યે મારા મંત્રબળથી તેને સજીવન કરીશ. એક પણ સુભટને રણમેદાનમાં મરવા દઇશ નહિ.''

બીજી તરફ દેવોની શિબિરમાં શુક્રાચાર્ય વિશે જ વાત થઇ રહી. ભગવાન વિષ્ણુ શિવને કહે છે, ''મરેલા દાનવોને શુક્રાચાર્ય મંત્રબળથી સજીવન કરે છે. આવું ન થાય તેને માટે કોઇ ઉપાય વિચારો.'' શિવ કહે, ''સાચી વાત, કોઇ એવો પ્રપંચ કરી શુક્રનું હરણ કરો. જ્યાં સુધી દાનવોનો પરાજય ન થાય ત્યાં સુધી એને ગુમ કરી દઇશું પછી પાછા લાવશું.'' ખગપતિને એ કાર્ય સોંપવામાં આવે છે. ખગપતિ ઋષિ શુક્રાચાર્યનું હરણ કરી વિષ્ણુ પાસે લાવે છે. વિષ્ણુ એને ભગવાન શિવ પાસે લઇ જઇ એને ક્યાંક સંતાડવા વિનવે છે. શિવે પોતાના અંગમાંથી વિરૂપ અને બિહામણા અંગવાળી કૃત્યાને ઉત્પન્ન કરી તેને શુક્રાચાર્યને સાંચવવાનું કામ સોંપ્યું. આમ, દાનવગુરુ શુક્રાચાર્યને ગુમ કરીને દાનવો જીવાડનારાનો એક ભય ટાળ્યો. દેવોને સંતોષ થયો અને સંગ્રામનો આરંભ કર્યો. (પંક્તિ ૯૦૧ થી ૯૮૫)

## ❖ શિવ – જાલંધર યુધ્ધ :

સુર અસુર દળ સામ સામે હૂંકાર કરતા ધસે છે. પ્રલયકારી સંગ્રામના મંડાણ થાય છે. ગર્વભેર જાલંધર શિવને કહે છે, ''બ્રહ્મા, વિષ્ણુ અને ઇન્દ્રાદિ દેવો રણમેદાનમાં મારા ભયથી નાસી ગયા અને

તારા શરણે આવ્યા. પણ સિંહ સાથે સ્પર્ધા ? સકળ દેવતાઓની સાથે હવે હું તારા પણ પ્રાણ લઇશ.'' જાલંધરના આવાં વચનો સાંભળી શિવ પણ પ્રત્યુત્તરમાં કહે છે કે, ''હે દુર્મતિ ! હવે તારો અંત આવ્યો છે.'' ભયંકર બાણોની સામસામી વૃષ્ટિ થાય છે. શિવના સકળ બાણ જાલંધર નિષ્ફળ બનાવે છે. છેલ્લે જાલંધરને મારી નાખવા જ પિનાક છોડે છે, પરંતુ એ પણ પ્રદક્ષિણા કરી પાછું આવે છે. ઘેર સતી નારી હોવાને કારણે કોઇ અસ્ત્ર શસ્ત્ર તેને સ્પર્શી શકતું નથી, ભેદી શકતું નથી. આ વાતથી અજાણ શિવ ભારે મૂંઝવણમાં મૂકાય છે. એ રાત્રે શિવ ભગવાન વિષ્ણુને દાનવરાજના ન મરવાનું રહસ્ય પૂછે છે, ત્યારે વિષ્ણુ કહે છે કે બીજું કશુ નથી પરંતુ એ મહાબળવાન છે.

બીજા દિવસની સવારે ફરી શસ્ત્ર સજ્જ બની ગજરાજ પર સવારી કરી જાલંધર રણમેદાનમાં આવે છે. કંદૂકમાં રહેલાં પુષ્પોને તરોતાજાં જોઇ પોતાની પત્ની પૂર્ણ સત્યવ્રતી છે અને પોતાને કોઇ મારી શકશે નહિ એ વિશ્વાસે ફરી યુધ્ધ મેદાનમાં ઊતરે છે. રુદ્રના એકેય પ્રહાર દાનવને અંગે લાગતા નથી અને જાલંધરના તમામ પ્રહાર સદાશિવને ઘાયલ કરે છે. બંને તરફની બાણવૃષ્ટિને બે મહાબળિયા નિરર્થક બનાવી દે છે. ફરી અકળાયેલા શિવ જાલંધરને મારવા સાંગ છોડે છે, પરંતુ એ પણ જાલંધરનો સ્પર્શ સુધ્ધાં કરતી નથી ત્યારે શિવને આશ્ચર્ય થાય છે. રણમેદાનમાં ધીરજ ગુમાવેલા શિવને વિચાર થાય છે કે શું આ દાનવનું શરીર વજ્રનું બનેલું છે ? કે મારુ એકેય શસ્ત્ર કામ કરતું નથી ? આમ કરતાં રાત પડી અને યુધ્ધ છોડી સહુ પોતાની શિબિર તરફ વળ્યા. શિથિલ અંગોવાળા શિવજીને નિહાળી ભગવાન વિષ્ણુ કારણ પૂછે છે ત્યારે પણ શિવજી પોતાની મૂંઝવણ રજૂ કરતાં વિષ્ણુને કહે છે કે, ''મારૂં એકેય અસ્ત્ર દાનવપતિના દેહને છેદતું નથી. ત્ર્યંબક, પિનાક સહિત તમામ શર નિષ્ફળ નિવડ્યાં છે. આનું કારણ સમજાતું નથી.'' છતાં વિષ્ણુ શિવને જ સંગ્રામ કરવા વિનવે છે.

ફરીને સવાર થતાં દાનવ સાથે બાથ ભીડવા શંકર આયુધ સજીને રણમેદાનમાં આવે છે. શિવના તમામ આયુધોનો જાલંધર કચ્ચરઘાણ કરે છે. આમ, જાલંધર અને શિવ વચ્ચે દારુણ સંગ્રામ થાય છે. એકેય આયુધ કામ ન લાગ્યું ત્યારે ઇશ્વરનો પ્રેર્યો વૃષભ જાલંધરને હણવા જાય છે, પરંતુ જાલંધરના એક જ ગદા પ્રહારથી વૃષભ પાછું જોયા વગર નાઠો. પછી શિવ - જાલંધર હાથોહાથનો સંગ્રામ (દ્વંદ્વ યુધ્ધ) ખેલે છે. એમ કરતાં સાંજ થવા આવી. જાલંધર શિવની બોચી પકડી પૃથ્વી તરફ ખેંચી આકાશમાં શિવને ઉછાળે છે. જાણે પુષ્પ ઉછાળતો હોય એવી આસાનીથી હળવે રહીને શંકરને અગિયાર વાર અંતરિક્ષમાં ભમાવ્યા. જેમ વંટોળિયો તરણાને ઉડાડે એમ ભમતા શિવ અવની પર પડ્યા. વળી જાલંધર એને પકડીને મારવા જાય છે, પરંતુ પછી કહે છે કે, ''બ્રહ્મા, વિષ્ણુ કે ઇન્દ્ર જો

મારી સામે હોત તો તેને મારી નાખત પણ તને મારીને તો મને કલંક લાગે કેમકે તુ તો સ્મશાનમાં રખડે છે. ભસ્મ ચોળેલા નગ્ન અંગે હાથમાં માટીનું વાસણ ગ્રહી ભિક્ષા માગતો ફરે છે.'' એમ કહી જાલંધર પોતાના હાથમાં શિવની ડોક પકડીને તેને હાંકી કાઢે છે. આ રીતે યુધ્ધ કરતાં રણમાં બાર દિવસો પસાર થાય છે. આ બાર દિવસમાં શંકરને ઘાયલ કરીને, તેના દેહને જર્જરિત કરીને જાલંધર શિવને પણ પરાસ્ત કરે છે. (પંક્તિ ૯૮૬ થી ૧૧૮૪)

## ❖ વિષ્ણુપ્રેર્યા લક્ષ્મીનું જાલંધરના મૃત્યુનું રહસ્ય જાણવા જવું :

જાલંધરથી પરાસ્ત થયેલા ભગવાન શંકર ડગમગતા શિબિરમાં આવી વિષ્ણુને કહે છે કે, ''હવે અમે આવતી કાલે યુધ્ધ કરી શકીશું નહિ.'' શિવને ખૂબ જ નવાઇ લાગે છે કે પોતાના મંત્રબળ વડે છોડેલા અસ્ત્ર - શસ્ત્ર પણ એ સાગરપુત્રને સ્પર્શ કરતા પહેલાં જ ભાંગી જાય છે કેમ ? વિષ્ણુ વિચારે છે કે હવે એ દુષ્ટ કપટ વિના મરશે નહિ. તુરત જ ખગ દ્વારા લક્ષ્મીજીને કૈલાસ પર્વતની તળેટીમાં લાવવામાં આવે છે. લક્ષ્મીજીના આવતાં જ વિષ્ણુ ભગવાન મીઠાં વચનો વડે પત્નીને ખુશ કરવાનો પ્રયત્ન કરે છે. પતિના આવાં મીઠાં વચનો લક્ષ્મીજીને સંદેહમાં નાખે છે. નક્કી મારી પાસે કશુંક કામ કરાવવા માગે છે એવું ચતુર સુજાણ નારી સમજી જાય છે. વિષ્ણુને ડર છે કે લક્ષ્મીજી એના ભાઇના મૃત્યુનું રહસ્ય જાણવા જશે નહિ એટલે એ કાર્ય સોંપતાં પહેલાં પોતાના ગળે હાથ રખાવીને લક્ષ્મી પાસેથી કામ કરાવવાનું વચન લે છે. લક્ષ્મીજી વચન આપે છે ત્યારે ભગવાન વિષ્ણુ લક્ષ્મીજીને જાલંધરના મૃત્યુનું રહસ્ય જાણી લાવવા કહે છે. લક્ષ્મીજી આ સાંભળી મનમાં ત્રાસ પામે છે. સગા ભાઇને ભોળવીને, કપટ કરીને એને મરાવવામાં નિમિત્ત બનું તો બેન તરીકે પોતાને કેવડો મોટો અપયશ મળે ? મોટી બહેન તો માતાના સ્થાને હોય. 'એ મારાથી નહિ બને', એમ કહી લક્ષ્મી વિષ્ણુની વાતને નકારે છે. વિષ્ણુ તેને ફરી સમજાવે છે. 'સમુદ્રમાં તો કેટલાં જળચર, છીપ, શંખ વગેરે જીવો હોય તો એ કંઇ બધા તમારા ભાઇઓ છે ? તમે તો સાવ અજ્ઞાન જ રહ્યા.' એમ કહેતા વિષ્ણુ લક્ષ્મીને વધારે આકરા શબ્દો સંભળાવતા કહે છે કે, ''તમને મારા કરતાં તમારો ભાઇ વહાલો છે ? તો જાઓ હવે મારે તમારુ કોઇ કામ નથી. તમે વૈકુંઠ ચાલ્યા જાઓ.'' પતિનાં આવાં તિરસ્કાર યુક્ત વચનોથી વ્યથિત થયેલાં લક્ષ્મી જાલંધર પાસે જવા તૈયાર થાય છે. પતિને ખુશ રાખવા જતાં ભાઇને મરાવવાનું લાંછન લેવાં લક્ષ્મીજી તૈયાર છે. ત્યારે વિષ્ણુ એને સધિયારો આપતા કહે છે કે, 'આ કાર્ય વિશ્વ કલ્યાણનું છે માટે તમો વિના વિલંબે, મનમાં જરાપણ શોક ધર્યા વગર શીઘ્રે સિધાવો.'

આમ, દેવોના કામ માટે સોળ શણગાર સજી લક્ષ્મીજી જાલંધર પાસે જાય છે. બહેન મળવા આવે છે જાણી હરખભર્યો જાલંધર સામો આવે છે. માતાના સંબોધન સાથે જાલંધર બહેનને પુરું માન - પાન આપે છે અને અહીં આવવાનું કારણ પૂછે છે. ‘‘સૂર સાથે લડતાં તું ફાવીશ નહિ એ બધા કપટી છે માટે તને વારવા આવી છું,’’ એમ પ્રેમ ધરી લક્ષ્મીજી કહે છે, પરંતુ વીર જાલંધર એ વાત સ્વીકારવા તૈયાર નથી. ‘‘તું અહીં આવી છો માટે વિષ્ણુને જીવતો જવા દઇશ બાકી બધા દેવોને રણમાં રોળીશ. તું જરાય દુઃખી થઇશ નહીં. મને કોઇ મારી શકશે નહિ.’’ જાલંધરની આવી વાત સાંભળી લક્ષ્મીજી તરત જ મુખ્ય વાત પર આવીને જાલંધરને આ ગુપ્ત રહસ્ય વિશે પૃચ્છા કરે છે. લક્ષ્મીથી ભોળવાયેલો જાલંધર લક્ષ્મીને એકાંતે લઇ જઇને આ ગુપ્ત રહસ્ય ખુલ્લું કરતાં કહે છે કે,‘‘તારી ભાભી વૃંદા સતી શિરોમણી સ્ત્રી છે. તેના સત્યવ્રત પાલનથી જ મને કોઇ મારી શકશે નહિ. વૃંદા જો સત્યવ્રત ચૂકશે તો મારુ મૃત્યુ થશે.’’ કમળા આ વાત સ્વીકારવા તૈયાર નથી ત્યારે જાલંધર વૃંદાએ આપેલો ફૂલોનો દડો લક્ષ્મીજીને બતાવે છે જે વૃંદાના સત્યવ્રત પાલનથી સદાય તાજો રહે છે. એ પુષ્પ ત્યારે જ કરમાશે જ્યારે વૃંદા સત્ય ચૂકશે અને ત્યારે જ પોતાને શસ્ત્ર અડી શકશે. હવે લક્ષ્મીજીને વિશ્વાસ બેસે છે. લક્ષ્મીજી જાલંધરની વિદાય લે છે ત્યારે પોતાને આંગણે આવેલી બહેનને ખાલી હાથે ન જવા દેતા જાલંધર કહે છે, ‘‘આજથી મારા બનેવી સાથે મારે કોઇ વેર નથી. તેની પાસે રહેલા રત્નો મેં તને આપ્યાં. વિષ્ણુને પણ કહેજો કે સગા સામે વિરોધ કાં કરો ? તેને સમજાવજે.’’ લક્ષ્મીજી જાલંધરને આશ્વાસન આપતાં કહે છે કે, ‘‘એને હું સારી રીતે સમજાવીશ. મારા પતિ રણસંગ્રામમાં તમને પ્રણામ કરશે,’’ કહી લક્ષ્મીજી ત્યાંથી વિદાય લઇ સત્વરે વિષ્ણુ પાસે પહોંચી જાય છે. ભાતૃપ્રેમથી ભીંજાયેલા લક્ષ્મી જાલંધરના મૃત્યુનું રહસ્ય વિષ્ણુને બતાવવા ઇચ્છતા નથી પરંતુ પતિના ફરી ફરીને અપમાનિત કરતા શબ્દોથી વીંધાતા લાચાર લક્ષ્મી જાલંધરના મૃત્યુનું રહસ્ય વિષ્ણુને કહે છે. દાનવના મૃત્યુનો ભેદ જાણીને પ્રસન્ન થયેલા વિષ્ણુ લક્ષ્મીજીને ફરી ગરુડ સાથે વૈકુંઠ મોકલી આપે છે. (પંક્તિ ૧૧૮૫ થી ૧૫૦૯)

### ❖ જાલંધરનો પાર્વતીજીને, શંકરનો વૃંદાને છળવાનો નિષ્ફળ પ્રયત્ન :

જાલંધરના મૃત્યુનું રહસ્ય જાણી ચૂકેલા ભગવાન વિષ્ણુ એ રહસ્ય ભગવાન શિવને બતાવે છે. એક દિવસ વિષ્ણુને રણમેદાન સંભાળવાનું કહી ભગવાન શિવ વૃંદાના સતીત્વનો ભંગ કરવા જાય છે. વિષ્ણુને રણમેદાનમાં લડતાં જોઇ જાલંધરને મનમાં થાય છે કે નક્કી શંકર મારી પત્નીને છળવા ગયા છે એટલે તે પણ પોતાના સૈનિકોને બે દિવસ રણમેદાન સંભાળવાનું કહી પાર્વતીજીને છળવા

જાય છે. ભગવાન શંકરનું રૂપ લઇ જાલંધર કૈલાસ પર આવે છે અને કામ વિહ્વળ એવા શિવ જયા-વિજયાને જલ્દીથી પાર્વતીજીને હાજર કરવા આજ્ઞા કરે છે. સખી જઇને પાર્વતીજીને કહે છે કે, 'જાલંધરને મારી શિવ આવ્યા છે.' પાર્વતીજી એ વાત માનવા તૈયાર નથી. વૃંદાને કોઇએ છળી નથી તો એ દુષ્ટ ક્યાંથી મરે ? શિવનું રૂપ ધરીને ક્યાંક એ દાનવ તો નથી આવ્યોને ? દ્વારના છિદ્રમાંથી શિવને જુએ છે તો પાર્વતીજીને કશી સૂઝ પડતી નથી. શિવની પરીક્ષા કરવા પાર્વતી પણ છળ રચે છે. પોતાની સખીને ઉમિયા રૂપ કરી શિવ પાસે મોકલે છે. શિવરૂપ જાલંધર શરીર શુધ્ધિ માટે સ્નાન કરે છે ત્યારે પાર્વતીરૂપ સખીના નેત્ર કટાક્ષે વિહ્વળ થયેલા શિવરૂપ જાલંધરનું સ્ખલન થાય છે. પાર્વતીજી જાણી જાય છે કે એ શંકર નથી જાલંધર જ છે. પાર્વતીજી ક્રોધ કરી તેને અપમાનિત કરી કાઢી મૂકે છે.

બીજી તરફ ભગવાન શિવ મથુરા વૃંદાને છળવા જાય છે. વૃંદાનું રૂપ વર્ણન સાંભળી ઘેલા થયેલા ભગવાન શિવ જાલંધર રૂપ ધારણ કરે છે. ગણેશ અને કાર્તિકના મસ્તક હાથમાં ધારણ કરી સાધવીને છળવા આવી પહોંચે છે. દાસી આવીને વૃંદાને જાલંધરના આવ્યાની જાણ કરે છે પણ વૃંદા પણ એ વાત સ્વીકારવા તૈયાર નથી. તેને પણ શંકા જાય છે કે પોતાને છળવા કોઇ દેવ તો નથી આવ્યા ! વૃંદા નખશીખ જાલંધરને નિહાળે છે, પણ 'આવું કારમું રૂપ મારા પતિનું ન હોય. નક્કી મને છળવા ઉમાપતિ મહાદેવ આવ્યા છે', એમ વિચારી સતી વૃંદા કહે છે કે, 'હે શંકર ! પુત્રવધૂની શય્યાએ આવવું તમને શોભા દેતું નથી.' વૃંદાના આવા વેણથી લજ્જિત થયેલા ભગવાન શિવ મુખ ફેરવીને ત્યાંથી ચાલ્યા જાય છે. જાલંધરને આની જાણ થતાં તે ખૂબ ક્રોધે ભરાય છે. વિષ્ણુ સાથે ભયંકર યુધ્ધ કરે છે. બહેનને આવું કપટ કરવું શોભતું નથી. 'હવે એ બહેનને પણ હું મારા હાથે હણીશ', એમ વિચારી ફરી ભયંકર યુધ્ધ માંડે છે. ત્યાં વિલાયેલા મોંએ ભગવાન શિવ વિષ્ણુ પાસે આવીને કહે છે, 'સતી વૃંદાના સત્યવ્રત પાલનનો ભંગ આપણાથી થઇ શકશે નહિ, અને નક્કી એ દાનવ આપણાથી મરાવાનો નહિ.' શંકરના આવાં હતાશાભર્યા વચનો સાંભળી વિષ્ણુ શંકરને ભય ત્યજવા કહે છે. રણમેદાન શંકરને સંભાળવાનું કહી વિષ્ણુ વૃંદાને છળવા જવા તૈયાર થાય છે. (પંક્તિ ૧૫૧૦ થી ૧૬૭૧)

## ❖ સતી વૃંદાને છળવાનો પ્રયત્ન કરતા માયાવી વિષ્ણુ :

વૃંદાને છળવા મથુરા આવેલા વિષ્ણુ પોતાની માયા વડે નગરથી ઉત્તરે આવેલા ઉદ્યાનમાં તાપસરૂપ ધરી બેસે છે. ગરુડ એનો શિષ્ય બને છે. આ તરફ વૃંદા પતિ વિયોગે ચિંતિત બની છે. ઘણા અપશુકન થાય છે ને નારીના પેટમાં ફાળ પડે છે. નેત્રમાંથી આસું ઝરે છે. ચિત્ત ઉદાસ બન્યું છે.

દાસીને તેડાવીને કહે છે કે, ''છ માસથી મહારાજ યુદ્ધમાં ગયા છે. તેના કોઇ સમાચાર નથી તો આપણે જઇએ. રસ્તે જતાને વાટમાં પૂછીશું. જો કોઇ પાસેથી મહારાજના સમાચાર મળે તો હૈયાને ટાઢક થાય. સમાચાર નહીં મળે તો આપણે રણમેદાન સુધી ચાલ્યા જઇશું. રાજાને કુશળ જોઇને પાછા વળશું.'' આમ, બીજા દિવસની સવારે દાસી સાથે રથમાં બેસી વૃંદા પતિના સમાચાર મેળવવા નીકળી પડે છે.

અઘોર વન વટાવી જે ઉદ્યાનમાં તાપસરૂપ વિષ્ણુ બેઠા હતા. તે ઉદ્યાનમાં વૃંદા આવે છે. વિષ્ણુની માયાથી જ ઉદ્યાન વૃક્ષો, વેલીઓ, પુષ્પોથી એવું અનુપમ બન્યું છે કે જેને જોઇને નારીનો કામજવર ઉદ્દિપ્ત થાય. આવા સુંદર વનને જોઇને વૃંદા રથને થોભાવે છે. દાસી જોઇને સમાચાર લાવે છે કે ત્યાં એક અતિ મનોહર દેહધારી તાપસ બેઠા છે. બંને તાપસ પાસે આવે છે. શિષ્ય એ બંનેને મુનિથી દૂર રહેવા કહે છે. વળી વિષ્ણુ માયા રચે છે. એક સગર્ભા મૃગલી દોડતી દોડતી આવે છે, તેની પાછળ શિકારી છે, શિકારી મૃગલીને પકડે છે, મારી નાખે છે. આ જોઇ વૃંદા ત્રાસ પામે છે. મૃગલીની ચીસથી મુનિ આંખો ઉઘાડે છે. શિકારીને શાપથી ભસ્મ કરે છે. એલાના કહેવાથી વળી શિકારી, મૃગલી અને બાળમૃગને સજીવન કરે છે ત્યારે વૃંદાને તાપસના સિધ્ધ હોવા વિશે વિશ્વાસ બેસે છે. તાપસની દૃષ્ટિ સમક્ષ આવીને ઉભી રહે છે. છ માસથી યુધ્ધ કરવા ગયેલા પતિના સમાચાર પૂછે છે. પહેલાં તો 'પરનારી સાથે વાત કરતાં પણ મારો ધર્મ જશે', એમ કહેતા તાપસરૂપ વેષધારી માયાવી વિષ્ણુ, વૃંદાની આજીજીભરી વિનવણીથી અંતર્ધ્યાન બની, યોગ વડે જાલંધરના સમાચાર જાણવાનો પ્રયત્ન કરે છે. કહ્યું જતું ન હોય એમ દુ:ખ ધરી શિષ્યના કહેવાથી સાચી વાત કહેવા તૈયાર થયેલા વિષ્ણુ વૃંદાને દેવને હાથે જાલંધરના થયેલા મૃત્યુની વાત કરે છે. વૃંદા એ માનવા તૈયાર નથી. વળી તાપસે ધ્યાન માંડ્યુ. ભયંકર વંટોળ ચડ્યો. એ વંટોળ સાથે જાલંધરનું મસ્તક ઉડીને આવે છે. એટલામાં જમણો હાથ અને પછી ડાબો હાથ આવીને પડે છે. મસ્તક અને હાથને ઓળખી જતી વૃંદા પાસે પતિનો દેહ આવીને પડે છે અને અંતે બે પગ પૃથ્વી પર પડે છે. આ બધું જોઇને વૃંદાને વિશ્વાસ આવે છે કે એ પોતાનો કંથ જ છે. એ પૃથ્વી પર પટકાય છે અને અતિ કરુણ વિલાપ કરે છે. પતિના મૃત્યુના દુઃખે ટળવળતી વૃંદાના વિલાપે આખું વન, પશુ, પંખી તમામ વ્યથિત થઇ જાણે રડી રહ્યાં છે. રુદન કરતી અબળા તાપસને કહે છે, હવે મારે જીવવું નથી. મને પણ મારા પતિની સાથે વિદાય કરો. જલ્દીથી અગ્નિ પ્રગટ કરો.' વૃંદાની આવી વાત સાંભળી વિષ્ણુ કહે છે, 'મારા આશ્રમમાં મરેલા પશુ જીવતા થતાં હોય તો હું એક અબળાને બાળવાનું કામ કરું ?' વૃંદા ફરી તાપસને પ્રાર્થે છે કે તમે મારા

પતિને સજીવન કરો. 'પોતાનાથી એ કામ થશે નહિ,' એમ કહેતા વિષ્ણુને શિષ્ય કહે છે, 'ગુરુજી, મારાથી આ સ્ત્રીનું રુદન જોયું જતું નથી માટે કૃપા કરી રાજાને બેઠા કરો.' ગુરુ કૃપા કરી ચેલાને રાજાનાં અંગ ઉપાંગો એકઠાં કરી તેના પર મૃગચર્મ ઢાંકવાનું કહે છે. પછી તાપસ ઊઠીને તેના પર જળનો અભિષેક કરતાં મંત્ર ભણી રાજાને ઊઠવા કહે છે અને અંગ આળસ મરડતો રાજા ઉભો થાય છે. વૃંદાનો શોક ટળે છે તાપસના કહેવાથી દાસી, વૃંદા અને જાલંધર પોતાના નગર તરફ પ્રયાણ કરે છે. (પંક્તિ ૧૬૭૧ થી ૨૧૦૦)

### ❖ વિષ્ણુ દ્વારા વૃંદાનો શીલભંગ :

વૃંદા સાથે યુધ્ધની વાતો કરતો જાલંધર નગર ભણી આવે છે. પોતાના પરાક્રમથી દેવો રણમેદાન છોડી નાસી ગયાની જાલંધરની વીરતાભરી વાતો સાંભળી વૃંદા જાલંધરને યુધ્ધ ત્યજી દેવાની સલાહ આપે છે. પરંતુ 'જ્યાં સુધી તારું સત્યવ્રત અખંડ છે ત્યાં સુધી મને કોઈ રણમાં મારી શકશે નહિ,' એમ ગોષ્ઠિ કરતાં બંને નગરમાં પહોંચે છે. નગરના પ્રજાજનો આવે છે. રાજા તે બધાને નામ લઈને બોલાવે છે. દરેક દાસીઓને એના સ્થાનને અનુરૂપ ભેટ સોગાદ આપે છે. રાજાના સ્નાન માટે ઉષ્ણોદક લાવવામાં આવે છે. તેલ મર્દન કરવા બેઠેલા જાલંધરને વૃંદા નખશિખ નિહાળે છે. અંગ ઉપાંગોથી તેમજ તેના પર રહેલા વસ્ત્રાભુષણોની નિશાનીથી વૃંદાને તે જાલંધર હોવાની પ્રતીતિ થાય છે. જે રીતે જાલંધર જમવા બેસતો એવા જ આસને વિષ્ણુ રૂપ જાલંધર જમવા બેસે છે. નાનાવિધ ભોજન પીરસાય છે. ભોજન બાદ સોળ શણગાર સજી વૃંદા સેજ પર આવે છે. હજુ વૃંદાને શંકા છે તેથી જાલંધરને કહે છે, ''તમે મારા સ્વામી છો પરંતુ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જે સર્જન - પાલન - વિસર્જનનું કામ કરે છે તે એકે'ય અશુભ કામ કરતા નથી. અખંડ પરબ્રહ્મ સતીનું સતીત્વ કાયમ રાખે છે. આજે તમારી સાથે જમીને મારું અર્ધું સત્ય ઓછું થયું તેથી સેજ પર આવવાનું મન થતું નથી. તમો સાચું કહેજો કે તમે મારા સ્વામી જ છો કે વિષ્ણુ સ્વરૂપ ?'' વૃંદાનાં આવાં વચન સાંભળી રાજા કહે છે કે, 'હજી તારા મનનો ભ્રમ દૂર ન થયો ?' એ ભ્રમ દૂર કરવા જ એકાંતે બંને વચ્ચે થયેલી ગુપ્ત વાતો કરે છે. વૃંદાના હાથમાં ફૂલનો કંદૂક આપે છે. એમાં રહેલી કળીઓ વૃંદા ગણે છે. એકેય નિશાની બાકી ન રહી. પતિ હોવાની ખાતરી થઇ અને વૃંદા પતિ પાસે હોંશથી સેજ પર બેઠી. પતિની સાથે કામક્રીડા કરતી વૃંદાનું કપટ કરી વિષ્ણુ શીલભંગ કરે છે. (પંક્તિ ૨૧૦૧ થી ૨૧૮૪)

## ❖ શિવના હાથે જાલંધરનું મૃત્યુ :

આ રીતે છળકપટ કરી ભગવાન વિષ્ણુએ વૃંદાને છેતરી. બીજી તરફ શિવ સાથે યુધ્ધ કરતા જાલંધરે તમામ દેવો સાથે શંકરને રણમાં હરાવ્યા ને રાત પડી ગઈ. સવાર થતાં જાલંધર મનમાં વિચારે છે કે, 'આજે તો હું બધા દેવો સાથે શંકરને પણ રણમાં રોળું કે જેથી તેઓ ફરીવાર મારી સાથે યુધ્ધ કરવા જ ન આવી શકે.' આમ વિચારતો જાલંધર ગજ પર સવાર થઇ રણમેદાન તરફ જાય છે ત્યારે રસ્તામાં એને અનેક અપશુકન થાય છે. કશુંક વિપરિત અનુભવતો જાલંધર કંદુક કાઢીને નિરખે છે તો ભયત્રસ્ત બની જાય છે. અગ્નિથી બળી ચૂક્યો હોય એવો દડો સૂકાયેલો જોઇને જાલંધરને ફાળ પડે છે. પત્ની પતિવ્રત ચૂકી ? પત્નીને મનોમન કોસતો જાલંધર વિચારે છે કે અત્યાર સુધી તારા આધારે હતો હવે મારે મારા જ બળ પર વિજય પ્રાપ્ત કરવો છે. ભીતરથી દુઃખી થતો જાલંધર યુધ્ધમેદાનમાં જઇ ક્રોધભર્યો ભયંકર યુધ્ધ લડે છે. વિષ્ણુએ વૃંદાને છળી જાણી શિવ પણ રણ મેદાનમાં જાલંધર સામે ભયંકર યુધ્ધ ખેલે છે. સામસામા વિવિધ શસ્ત્રોનો પ્રહાર કરતા બંને વીરો રણમેદાનમાં લડે છે. જાલંધર અનેક દેવોને હણે છે તો શિવે અનેક દૈત્યોનો સંહાર કર્યો છે. જાલંધર પવનાસ્ત્ર વડે શિવને વૃષભસહિત આકાશમાં દસ જોજન દૂર ઉછાળે છે. જ્યારે પૃથ્વી પર આવે ત્યારે ફરી ઉડાડે છે. બધા દેવો શિવની વહારે આવે છે. આ બધા દેવોની સાથે એકલો બાથ ભીડતો દાનવ વીરતાથી લડે છે. શંકર સાથે બધા દેવોને આકાશમાં ઉછાળે છે. વાહન સહિત ઊંચે આભમાં ઉછળતા દેવો આકાશમાં કૌતુકભર્યું દૃશ્ય ખડું કરે છે. અસુરનો આવો ઉત્પાત જોઇ ક્રોધે ભરાયેલા શિવ પોતાનું પિનાક બાણ છોડે છે. જેનાથી જાલંધર મૂર્છિત બને છે. મૂર્છા વળતાં ફરી જાલંધર બેઠો થાય છે. શિવ જાલંધર વચ્ચે મલ્લયુધ્ધ થાય છે. છેલ્લે, ભગવાન શિવ પોતાના અર્ધચંદ્ર બાણ વડે જાલંધરનું શીશ છેદે છે. (પંક્તિ ૨૧૮૫થી ૨૩૬૪)

## ❖ વૃંદા દ્વારા વિષ્ણુને, વિષ્ણુ દ્વારા વૃંદાને પરસ્પર અપાતા શાપ – વરદાન – તુલસીની ઉત્પત્તિ :

શિવના અર્ધચન્દ્ર બાણ વડે છેદાયેલું જાલંધરનું ધડ પૃથ્વી પર પડે છે અને એનું મસ્તક આકાશ માર્ગે વિષ્ણુ અને વૃંદા જ્યા એકાંત સ્થળે છે ત્યાં આવીને પડે છે. કર્ણ, કુંડળ અને મુગટથી શોભતા પતિના મસ્તકને જોઇ વૃંદા અતિશય ત્રાસ પામે છે. ક્યા કપટીએ પોતાને ભરમાવીને ભોગવી? એમ વિચારી મહા દુઃખી થયેલી વૃંદાને જોઇ સેજ પરથી હેઠા ઉતરેલા ભગવાન વિષ્ણુનો દેહ, 'રખે સતી શાપથી બાળીને ભસ્મ કરી દે !' એ વિચારે થર થર કાંપે છે. વૃંદા પતિના મસ્તકને હાથમાં

લઇ ઓળખે છે અને વલવલતી વિલાપ કરે છે. પછી વૃંદા ઊભી થઇ વિષ્ણુ પાસે આવીને કહે છે, ‘‘મારી સાથે કપટ કરી મારા પતિવ્રત ધર્મથી ચલિત કરનારો દુષ્ટ, દુર્ભાગી તું કોણ છે ?’’ સતી તેના શાપથી બાળીને ભસ્મ કરે એ પહેલાં વિષ્ણુ પોતાના મૂળ દિવ્ય રૂપમાં પ્રગટ થાય છે. વિષ્ણુને ખૂબ જ આકરા વેણ સંભળાવતી વૃંદા વિષ્ણુને શાપ આપતાં કહે છે કે, ‘‘જેમ તાપસરૂપે તે મને ભ્રષ્ટ કરી છે એમ જ તારી પત્નીને કોઇ તાપસ ઉપાડી જશે. તારી મતિ જડ થઇ માટે તું જડ પથ્થરરૂપ થઇ જશે.’’ સામે વિષ્ણુ શાપ આપતાં કહે છે કે, ‘‘તું વૃંદાવનમાં વનસ્પતિરૂપ થજે. પથ્થર પર લોકો વસ્ત્રો ધોશે તો વનસ્પતિને સ્ત્રીઓ ચૂલામાં નાખી બાળશે.’’ આ સાંભળી વૃંદા પરબ્રહ્મને પ્રણામ કરે છે. શાપને વરદાનમાં પલટાવતી સતી વિષ્ણુને કહે છે કે, ‘‘તમે પથ્થર થશો પણ એ પથ્થરને વિશ્વ વિષ્ણુ સ્વરૂપે પૂજશે. તમે કપટ કરીને પણ મને ભોગવી છે, મને પત્ની માની છે તો હવે કેમ કરીને મને અળગી રાખશો ?’’ વૃંદાના આવાં વચનોથી વિષ્ણુ વૃંદાને વશ થાય છે અને પોતાના શાપને પણ વરદાનમાં પલટાવતાં કહે છે કે, ‘‘હવે હું તારા વિના ભોજન નહિ કરું. તું તુલસીરૂપે મારી પટરાણી થજે. તારુ પાન મૂકીને જે દાન આપવામાં આવશે તેનું કોટિ ગણુ ફળ મળશે. મારા પૂજનમાં તારુ પાન તોડીને જે મને ચઢાવશે તે મને પ્રાણથી અધિક પ્યારા લાગશે.’’ આમ કહેતા વિષ્ણુ વૃંદાના શાપને મસ્તક ચઢાવે છે. વૃંદા પતિના મસ્તક સાથે અગ્નિમાં બળી મરે છે. તેની રાખમાં વિષ્ણુના આળોટતાં એ જ પળે ત્યાં તુલસીના છોડ ઉત્પન્ન થાય છે. (પંક્તિ ૨૩૬૫ થી ૨૪૭૫)

## ❖ દેવોનું સ્વસ્થાનગમન :

દેવોની સેના વચ્ચે આવી ભગવાન વિષ્ણુ શંકરને બધી વાત કરે છે. વૃંદાના તુલસીરૂપ થયાની વાત જાણી દેવો વૃંદાના અવતારને ધન્ય થયો માને છે. દેવોમાં જયજયકાર વર્તે છે. કૃત્યાએ સંતાડેલા દાનવગુરુને કૃત્યા પાસેથી છોડાવવામાં આવે છે. તે દેવોની સ્તુતિ કરી સ્વસ્થાન પધારે છે. દેવો પોતપોતાને સ્થાનક પધારે છે. કથા પૂર્ણ કરતાં પહેલાં વાલ્મીકિ ભારદ્વાજ ઋષિને કહે છે, ‘‘હવે તમારા મનનો સંદેહ ટળ્યો ? સીતાનું હરણ કરવા રાવણે આ કારણે જ તાપસવેશ ધારણ કર્યો. વિષ્ણુ શાલિગ્રામ થયા અને વૃંદા તુલસી. રામ વિષ્ણુરૂપ અને સીતા કમળારૂપ હતાં. સતીના શાપના કારણે જ બંનેનો વિયોગ થયો. બાકી રાવણ કાંઇ અજ્ઞાની હતો કે તે સીતાનું હરણ કરે ?’’ વળી રામની કથા સાંભળવા ભારદ્વાજ ઉત્સુક બને છે, પરંતુ ‘એ ફરી ક્યારેક સંભળાવીશ અત્યારે તો મહાદેવે જાલંધરને માર્યો, વિષ્ણુએ સતી વૃંદાને છેતરી અને કઇ રીતે વિષ્ણુને શાપ લાગ્યો એ કથા તને વિસ્તારીને કહી જે અહીં પૂર્ણ થાય છે,’ એમ વાલ્મીકિ કહે છે. (પંક્તિ ૨૪૭૬ થી ૨૫૨૨)

### ❖ ફલશ્રુતિ :

પોતાના મનની શંકા પૂછી જે કોઈ જન આ કથા કહેશે સાંભળશે તેને રેવા સ્નાન સહિત અડસઠ તીરથરૂપ તમામ સરિતા સ્નાનનું પુણ્ય પ્રાપ્ત થશે. જાલંધરની આ કથા જે નર નારી ગાશે, સાંભળશે તેના ભવબંધન છૂટી જશે. આમ કહી કવિ ફલશ્રુતિ સાથે ખૂબ જ વિસ્તારીને કહેલી કથાનો અંત લાવે છે.

## ૩:૧ મૂળ કથાનકમાં ફેરફાર અને તેનું ઔચિત્ય :

'પદ્મપુરાણ'માંના જાલંધર કથાનકના તમામ પ્રસંગો દર્શાવી એ પ્રસંગોને વિષ્ણુદાસે કઈ રીતે પોતાની મૌલિક પ્રતિભાથી ખીલવ્યા છે એ સદ્દષ્ટાંત દર્શાવવાનો અહીં ઉપક્રમ છે. આ પ્રકારના તુલનાત્મક અભ્યાસને આધારે અહીં વિષય સામગ્રી સંદર્ભે અને અભિવ્યક્તિની તરાહ સંદર્ભે વિષ્ણુદાસે કઈ રીતે પોતાની મૌલિક પ્રતિભાનું દર્શન કરાવ્યું છે તે વિગતે તપાસીએ.

વિષ્ણુદાસે વિષય સામગ્રી લેખે ઉપયોગ કર્યો છે તે જાલંધર કથાનકનું મૂળ 'પદ્મ પુરાણ'માં છે એવું કવિ ખુદ કડવા-૧ ની તેરમી પંક્તિમાં નોંધે છે. એટલે એ નક્કી થાય છે કે કવિએ 'પદ્મપુરાણ'માંની જાલંધર કથાનો સંદર્ભ અહીં લીધો છે. જાલંધર કથાનકની મૂળ કથા 'પદ્મપુરાણ' ભાગ-૨ માં ૬-ઉત્તરખંડ પૂર્વાર્ધમાં આવેલી છે. અધ્યાય ૩ થી ૧૯ એમ કુલ - ૧૭ અધ્યાયમાં જાલંધરની કથા આલેખાયેલી છે. મૂળ કથાનક પ્રમાણમાં ખૂબ વિસ્તૃત છે. એનો કુલ વિસ્તાર ૧૦૫૯ શ્લોકોનો છે.

'પદ્મપુરાણ'ની મૂળ કથા નારદ - યુધિષ્ઠિરના સંવાદરૂપે કહેવાયેલી છે. અહીં ભારદ્વાજમુનિ વાલ્મીકિ ઋષિને પૃચ્છા કરે છે કે, 'પંચવટીમાં રહેલા સીતાનું હરણ રાવણ બળશાળી હોવા છતા તાપસ વેશે શા માટે કરે છે ?' આ પ્રશ્ન સાથે વાલ્મીકી ઋષિ કહે છે કે, ''એકવાર કૈલાસ પર બેઠેલા શિવને કાર્તિકેય પૂછે છે કે ત્રિભુવનનો નાથ પાષાણરૂપ કેમ થયો ? કાર્તિકના આ પ્રશ્નના જવાબમાં ભગવાન શિવે પોતાના મુખે જે ક્થા કહી એ કથા હું તને સંભળાવીશ કે જેથી તારા મનનો સંદેહ પણ ટળશે.'' એમ કહી કવિ વળી વાલ્મીકી ઋષિના મુખમાં એવા શબ્દો મૂકે છે કે વિષ્ણુના શાપ સંબંધી આ કથા 'પદ્મપુરાણ'માં છે.

અહીં કવિ બહુ ટૂંકમાં જાલંધરની આખી કથા કહી દે છે પરંતુ આવી સંક્ષેપમાં કહેવાયેલી કથાથી ભારદ્વાજનું મન આખી કથા સાંભળવા ઉત્સુક બને છે. ભારદ્વાજના પ્રશ્નોની હારમાળાના જવાબ રૂપે ઋષિ વાલ્મીકી એ કથા વિસ્તારીને કહી છે. બીજા કડવાની બારમી પંક્તિમાં વાલ્મીકી 'હું કહું પદ્મપુરાણ' એમ કહે છે ત્યારે કવિ આ કથાના સંદર્ભને ફરી ફરી 'પદ્મપુરાણ'ના સંદર્ભ સાથે જોડતા જણાય છે.

'પદ્મપુરાણ'માં સળંગ કથાના અનુસંધાને જ જાલંધરનો પ્રસંગ રજૂ થયો હોઇ ત્યાં કથારંભે કોઇ સ્તવન નથી પરંતુ વિષ્ણુદાસે 'જાલંધર આખ્યાન'ની શરૂઆત આખ્યાન પરંપરા મુજબ મંગલાચરણથી કરી છે. મંગલાચરણમાં કવિ શંકર સુત ગણેશ અને બ્રહ્મતનયા સરસ્વતીને મંગલ પ્રાર્થના કરે છે. પ્રથમ કડવું આખું ભારદ્વાજ અને વાલ્મીકી ઋષિના સંવાદરૂપે નિરૂપી બીજા કડવામાં ભારદ્વાજના સંદેહને ટાળવા વાલ્મીકી જાલંધરની કથાનો આરંભ કરે છે.

'પદ્મપુરાણ'ની મૂળ કથાનુસાર ઇન્દ્ર શિવની સ્તુતિ કરવા દેવો, ગાંધર્વો, અપ્સરાઓ સાથે કૈલાસ પર જાય છે. ત્યાં જઇ દેવાધિદેવને રીઝવવા ઇન્દ્ર અપ્સારઓ સાથે નાટારંભ કરે છે. નૃત્યને અંતે સંતોષ પામેલા શિવ ઇન્દ્રને વરદાન માગવા કહે છે. 'તમારા જેવો યોદ્ધો હોય તેવું કોઇ યુદ્ધ મને આપો.' એવું યુદ્ધરૂપી વરદાન મેળવી ઇન્દ્ર ત્યાંથી ચાલ્યા જાય છે. ગર્વિષ્ઠ ઇન્દ્રની આવી માગણીથી શિવ ક્રોધે ભરાય છે. એ ક્રોધ પ્રગટરૂપે શિવ સામે હાજર થયો ને શિવે એને આદેશ કર્યો, 'તું અહીંથી જા અને સાગરના વીર્યથી યુક્ત થઇ સ્વર્ગનદી ગંગાને પ્રાપ્ત કરી ઇન્દ્રને જીત.' સ્વર્ગની નદી ગંગા એ વેળા પોતાના યૌવનથી મદોન્મત્ત બની હતી. તેને જોઇને નદીઓના રાજા સમુદ્રના જળનાં તરંગો ઉછળવા લાગ્યાં હતાં. ગંગા અને સમુદ્રનો સંગમ થયો એ જ સમયે મહાનદી ગંગામાં સમુદ્રનો એક પુત્ર પ્રગટ થયો.

જાલંધર જન્મની ઉપર્યુક્ત મૂળકથાના માત્ર અંશો જ વિષ્ણુદાસે લીધા છે. ઇન્દ્રનું અપ્સરાઓ આદિ સાથે કૈલાસ પર જવું, ઇન્દ્રનું શિવને રીઝવવા અપ્સરાઓ સાથે નૃત્ય, શિવનું પ્રસન્ન થઇ ઇન્દ્રને વરદાન માગવા કહેવું વગેરે અંશોને કવિ અનુસર્યા છે. એ અંશોને કવિએ પોતાના કવિત્વથી ખૂબ સરસ રીતે ખીલવ્યા છે. મૂળમાં ઇન્દ્રની યુદ્ધના વરદાનની માગણીથી શિવ તરત જ ક્રોધે ભરાય છે. અહીં કવિ મૂળથી થોડા અલગ પડે છે. અહીં ઇન્દ્રની ગર્વભરી માગણીથી ઉમાપતિ હસીને તેને આવો ગર્વ ન કરવા સમજાવે છે. 'પાણીના પરપોટા જેવા આ દેહનું અભિમાન કેવું ? અત્યારે તમારા હાથમાં ચળ આવે છે (યુદ્ધ માટેની તત્પરતાથી) પછી હાથ ઘસતા રહી જશો.' ઇન્દ્ર શિવની વાત

સાથે સંમત નથી. એ કહે છે, ''જયાં સુધી દેહ છે ત્યાં સુધી જ અભિમાન છે. આ બધી જીવતાની જ માયા છે. મર્યા પછી તો કાગડા, સમડી પણ દેહમાંથી આંખો કાઢી શકે છે. માટે બીજી બધી વાત મૂકી મને યુધ્ધ આપો.'' એમ કહેતા ઈન્દ્ર મૂછ મરડે છે, અંગ મોડે છે, હાથ ઝાટકે છે. ઈન્દ્રનાં આવાં અભિમાની વર્તનથી શિવ ક્રોધાવેશમાં આવી ઈન્દ્રને, 'થોડા દિવસોમાં તને આવો સુભટ પ્રાપ્ત થશે', એવું વરદાન આપે છે. અપ્સરાઓ સાથેના ઈન્દ્રના નૃત્યના વર્ણનમાં કવિ ખીલે છે તો ઈન્દ્રના આ અભિમાની વર્તનના વર્ણનને પણ કવિ પોતાની મૌલિક પ્રતિભા વડે ખીલવી શકયા છે. આખ્યાનકવિ પ્રજાના માનસને કેન્દ્રમાં રાખી પ્રસંગોની ગૂંથણી કરે છે. વિષ્ણુદાસને આની સારી ફાવટ હોય એમ લાગે છે. શિવની સમજાવટ છતાં ઈન્દ્રનું અહંકાર યુક્ત વર્તન શિવના ક્રોધને યથાર્થ ઠેરવે છે.

જાલંધર જન્મના કથાંશોને અહીં સુધી કવિ મહદ્અંશે અનુસર્યા છે, પરંતુ પછી કવિ મૂળકથાથી તદન જુદા પડે છે. ક્રોધે ભરાયેલા ભગવાન શિવના ભાલે પ્રસ્વેદ વળે છે. પોતાના હાથ વડે એ પ્રસ્વેદ બિંદુઓને લઇને બાજુમાં જળ ભરેલું કુંડું હતું તેમાં નાખે છે. ભગવાન શિવનો પ્રસ્વેદ જળકુંડામાં મોટો પરપોટો બને છે. આ પરપોટાને કુંડામાં ફરતો જોઈને શિવના બે ગણો નંદી અને ભૃંગી વિસ્મય પામે છે. શિવ નંદીને જળનો પરપોટો ફોડવા કહે છે. સળી વડે પરપોટા પર માર કરવા છતાં તે ફૂટતો નથી તેથી બાણ વડે એને ફોડવાનો પ્રયત્ન કરે છે, તો બાણનો કચ્ચરઘાણ વળે છે. દરેક શસ્ત્ર અજમાવી જૂએ છે પરંતુ શસ્ત્રોની ધાર ભાંગે છે, પરપોટો ફૂટતો નથી. શિવ આ પરપોટાને સિંધુના પાણીમાં જઈને મૂકવા કહે છે. નંદી એ પરપોટો સાગરના જળ વચ્ચે મૂકે છે. એ પરપોટો ત્યાં વધારે વૃદ્ધિ પામે છે. સમુદ્રમાં હરતો ફરતો એ પરપોટો સમુદ્રમાં જળના ગોટ ઉડાડે છે. સમય થતાં જળમાં એ પરપોટો ફૂટે છે અને તેમાંથી એક પુરૂષ દેહ પ્રગટે છે. શુકલ પક્ષમાં જેમ ચંદ્રની કળા વધતી રહે તેમ શિવના પ્રસ્વેદમાંથી પ્રગટેલો એ બાળક મોટો થતો જાય છે. જાલંધરના જન્મનો આ પ્રસંગ મૂળકથામાં નથી. વિષ્ણુદાસનું મૌલિક ઉમેરણ છે. મૂળ કથાનક મુજબ શિવનો ક્રોધ પુરુષરૂપે પ્રગટે છે તેને શિવ સીધા જ સાગર સિંધુ તટે બાળક સ્વરૂપ ધારણ કરવા આદેશ કરે છે. એને બદલે પ્રથમ પરપોટા રૂપે અને પછી પુરુષ દેહે શિવના ક્રોધને પ્રગટ કરીને કવિ ભાવકોના વિસ્મય રસને પોષે છે. જાલંધરના બળવાન હોવાની પ્રતીતિ એના જન્મ પહેલાંથી જ કવિ આ રીતે આપી દે છે.

બાળક જે રીતે મોટો થાય છે તેનું વિગતે વર્ણન પણ કવિનું મૌલિક ઉમેરણ છે. મૂળ કથા મુજબ બાળકના રડવાના ભયંકર અવાજથી ત્રિલોકમાં ત્રાસ વર્તાય છે. ઈન્દ્રાદિ દેવોની વિનંતીથી ખુદ બ્રહ્મા સાગર તટે આવે છે. અહીં કવિ એનું વિગતે વર્ણન આપે છે. એ બાળક પ્રબળ સ્વરે સિંધુમાં

ગર્જના કરે છે. એ ગર્જના ચૌદલોકમાં સંભળાય છે. એ ભયંકર ગર્જનાથી શેષ ડોલવા લાગે છે. ધરા કંપી ઊઠે છે, દશે દિશા ડોલવા લાગે છે. સાત સાગર, મેરુ પર્વત, સૂર્ય, ચંદ્ર સઘળા આ અવાજ સાંભળી વ્યાકુળ થાય છે. એ અવાજથી સ્ત્રીઓને ગર્ભપાત થઇ જાય છે, બાળકો ઝબકીને મૃત્યુ પામે છે. દેવો સઘળા વિસ્મય પામે છે. આકાશ સુધી ઉછળીને પાતાળે પહોંચતા બાળકનું પરાક્રમ જોઇને સાગર પણ આકુળ વ્યાકુળ થાય છે. મોટા મોટા માછલા, કાચબાને બીજા જળચરોને પકડી પકડીને સાગરના તીરે ઉછાળીને નાખે છે. કોઇની ગણના કર્યા વગર દિવસમાં દસ વાર સિંધુને ઓળંગતો એ બાળક ભયંકર ફૂત્કાર કરે છે. એમ કરતાં દિવસો વ્યતીત થાય છે. સાગર વ્યાકુળ થતો ઇન્દ્ર પાસે જાય છે અને બાળકના પરાક્રમની વાત કરે છે. એ મોટો થઇ અમરાવતીમાં આવશે એવા સાગરનાં વચનો સાંભળી ઇન્દ્ર ત્રાસ પામે છે. એ બાળકનો સાદ તો એણે પણ સાંભળ્યો છે. અત્યારે એના પરાક્રમી હોવા વિશે પ્રમાણ મળે છે. સાગર સહિત તમામ દેવો બ્રહ્મા પાસે જાય છે. બ્રહ્માદિ દેવો સાગર તટે આવે છે. દેવો સઘળા સ્તવન કરે છે ત્યારે સાગરમાં શબ્દ ઊઠે છે.દેવો સાગરમાં રહેલા એ પરાક્રમીને સાગર બહાર પ્રગટ થઇ દર્શન આપવા વિનંતી કરે છે. આ પણ કવિનું ઉમેરણ છે.

દેવોની વિનંતી સાંભળી બહાર આવેલો બાળક બ્રહ્માના ખોળામાં આવી પડે છે. પરમ સુંદર મનોહર બાળક બ્રહ્માની દાઢી પકડે છે. બાળક દેવોને 'તમો કોણ છો ? અહીં શા માટે આવ્યા છો ?'' એવો પ્રશ્ન કરે છે. બ્રહ્મા પોતાની જગતનિયંતા તરીકેની ઓળખ આપી બાળકને પૂછે છે, 'તું કોનો પુત્ર છે ? સાગરમાં કેમ પ્રગટ્યો ? તારુ પરાક્રમ જોઇને અમને વિસ્મય થાય છે.' જવાબમાં બાળક પોતાના માતા-પિતા સાગર હોવાનું જણાવે છે. તમો જગતનિયંતા છો તો અમારું નામકરણ કરો, અમને અહીંથી કાઢી કૃતાર્થ કરો અને કોઇ જગ્યાએ રાજ્ય આપો. આ બધી જ વિગતોના વર્ણનમાં કવિ મૂળથી જુદા પડે છે. જાલંધરના નામકરણમાં કવિ મૂળને અનુસર્યા છે.

''પ્રથમ જાળું તે માહારૂં ઝાલ્યું, નામ જાલંધર કહીએ રે.''(૭)

મૂળ કથાનકમાં જાલંધરની માગણીથી સમુદ્ર 'જાલંધરપુર'નું નિર્માણ કરે છે. ત્યાં જાલંધરનો રાજ્યાભિષેક કરવામાં આવે છે ત્યારે મહાસાગરે પુત્ર જાલંધરને પોતાના પેટમાંથી ઉત્પન્ન કરેલ એક હજાર 'મહા પદ્મ'ની સંખ્યા ધરાવતું સૈન્ય અર્પણ કર્યું હતું. તે જ પ્રમાણે દૈત્યગુરુ શુક્રાચાર્યએ જાલંધરને પ્રેમથી 'મૃત સંજીવની' નામની વિદ્યા તથા શ્રી રુદ્રને મોહ પમાડનારી પોતાની માયાવી શક્તિ અર્પણ કરી હતી. વિષ્ણુદાસે આ બધી વિગતો આપવાનું ટાળ્યું છે એટલું જ નહિ

'જાલંધરપુર'ના નિર્માણની વાતને છોડીને જાલંધરને સીધી કન્યા અને રાજ્ય બંને એક સાથે મળી જાય એવી યુક્તિ કવિ અજમાવે છે, જે વાર્તારસને પોષક નીવડે છે.

જાલંધરની બ્રહ્મા પાસે રાજ્યની માગણીના સંદર્ભે કવિ એવી યુક્તિ અજમાવે છે કે જાલંધરને રાજ્ય અને કન્યા બંને મળી જાય. બ્રહ્માજી જાલંધરને મથુરા જવાનું કહે છે. 'ત્યાં ક્રોંચક નામે રાજા રાજ્ય કરે છે તે એની પુત્રીને તારી સાથે પરણાવીને તને સમૃધ્ધ રાજ્ય અર્પણ કરશે. ત્રણ ભુવનમાં જય પામેશ', એવા વરદાન સાથે 'સપ્તધાર વજવત' એક ગદા જાલંધરને આપીને બ્રહ્મા અંતર્ધ્યાન થાય છે. બ્રહ્માના વરદાન મુજબ પોતાના પરાક્રમ દાખવતો જાલંધર મથુરા પહોંચે છે. આવા પરાક્રમી માણસ સાથે "એ સાથે ભડતાં નવ ચાલે; કોણ કરૂં હવે મર્મ રે ?" એમ વિચારતો ક્રોંચક "રાજ્ય સર્વ ધન, ગજ, રથ, વાજી સહિત સુતા પરણાવ્યો રે." એમ જાલંધર મથુરાનું રાજ્ય પામે છે. આ રીતે 'જાલંધરપુર'ના રહસ્યમય નિર્માણને બદલે જાલંધરને જે રાજ્ય મળે છે તેમાં કવિની મૌલિકતા વાસ્તવિકતાની વધારે નજીક હોઈને હૃદયસ્પર્શી બની રહે છે.

વૃંદા અને જાલંધરના લગ્ન પછી બંનેનો દાંપત્ય પ્રેમ માત્ર બે જ પંક્તિમાં દર્શાવી કવિ જાલંધરના પરાક્રમથી જાલંધર દિગ્વિજયી બન્યો છે એ વર્ણનમાં છઠ્ઠુ કડવુ આખુ રોકે છે, જે પણ કવિનું મૌલિક ઉમેરણ છે. જાલંધરના મહાપરાક્રમી હોવાના પ્રમાણો આપતું એ કડવું જાલંધરના પાત્રને ઉજાગર કરવા તેમજ કથાના વિકાસને માટે ઉપકારક નીવડે છે.

રાહુના આગમનની અને રાહુ દ્વારા કહેવાયેલી સમુદ્ર મંથનની કથામાં વિષ્ણુદાસે બહુ ઝાઝો ફેરફાર કર્યો નથી. રાહુનું જાલંધરની સભામાં આગમન, તેના ધડવિહીનપણાનું કારણ જાણવા જાલંધરની પૃચ્છા અને પ્રત્યુત્તરમાં રાહુ દ્વારા સમુદ્ર મંથનની કથા, રાહુ દ્વારા જાલંધરની કરવામાં આવતી ઉશ્કેરણી, આ ક્રમને વિષ્ણુદાસ અનુસર્યા છે. 'પદ્મપુરાણ'માં જાલંધરના કાકા ક્ષીર સાગરના મંથનની વાત છે જે વિગતને વિષ્ણુદાસે ટાળી છે. લોકોને તો સમુદ્ર મંથન એટલે સમુદ્રનું જ - જાલંધરના પિતાનું જ - મંથન એટલી જ ખબર છે. તેથી ક્ષીર સાગરવાળી વાતને ટાળવાથી બે લાભ થયા. એક તો લોકોની જાણમાં જે વાત છે તેને લોકો તરત જ સ્વીકારી લેવાના અને બીજું, કાકા કરતા પિતાના મંથનની વાતથી જાલંધર ઉશ્કેરાય અને દેવો સાથે યુધ્ધ કરવા પ્રેરાય એ વધારે યોગ્ય લાગે. આમ નજીવા ફેરફારોથી પણ કથા કેવી રોચક બની શકે એનું દૃષ્ટાંત કવિના આ ફેરફારો આપી જાય છે. વિષ્ણુદાસની સિધ્ધિ આવા નાના મોટા ફેરફારો કરવામાં તો છે જ પરંતુ એની મોટી સિધ્ધિ કથા પ્રસંગને બહેલાવીને રજૂ કરવામાં રહેલી છે. કવિ જનમાનસને બરાબર પારખીને મૂળમાં ન હોય એ રીતે

કથા પ્રસંગને એવો બહેલાવે છે કે શ્રોતાઓ રસતરબોળ બને છે. અહીં રાહુ જાલંધરને પિતાની સમૃધ્ધિ પાછી લાવવા જે રીતે ઉશ્કેરે છે અને જાલંધર એનો જે વીરતાભર્યો પ્રત્યુત્તર આપે છે તે વિષ્ણુદાસની કથા પ્રસંગને બહેલાવીને રજૂ કરવાની કળાનું ઉત્તમ દ્દષ્ટાંત બને છે. રાહુ જાલંધરને કહે છે,

' ''મોહોટો પદારથ પુત્ર પિતાને; જન્મ્યે ત્રણ રણ જાય.
પુત્ર પિતાનું દુઃખ ન ભાંજે, કુંભી નરક પચાય.
તુજ છતાં મીરાત જ તાહરી, દેવ દર્પ ધરી રાખે,
ધિક્ પડો બળ સહુ તાહારૂં એ !'' વચન વ્રજ સમ નાખે .....
''ગજ રથ યોધ અનુપમ તાહારે, મોહોટો તુજ પ્રતાપ.
સિન્ધુ તણો સુત તું નવ ગણવો, પુત્ર પટંતર સાપ.
ધિક્ પડો જે વૈભવ લક્ષ્મી ! ધિક્ સુભટ બળપાણ !
પુત્ર છતે પિતારીધ જાતે, માંસરૂપીઓ પહાણ !'' '[૮]

રાહુના આવાં કઠોર વચનોથી ઉશ્કેરાયેલો જાલંધર કહે છે;

''સાંભળ, વીર કહું હું તુજને, પ્રથમ ન જાણી વાત,
મારી માન મુકાવું સુરનર, તો સિંધુ મુજ તાત.
ઈન્દ્રાસન ઉખેડી નાખું, બ્રહ્મસદ્દનને ચુરૂં,
ગિરિ કૈલાસ સમૂળો કાઢી, સાગર માંહે પૂરૂં.
દુઃખ ટળે જયમ પિતાનું, અંગ ઘણું સુખ પામે;
મંદિર દેવ રત્ન લેઉં ખૂંચી, તાત વેદના વામે,
આકાશ, અવનિ, સ્વર્ગ, રસાતળ, સહુને શોધી મારું,
વંશ છેદ કરૂં એ સુરને, નામ માત્ર ન ઉગારૂં.''[૯]

નગરમાં યુધ્ધનો 'પડો વજડાવી' રાજા યોધ્ધાઓને તત્પર થવાનો આદેશ કરી વૃંદા પાસે જાય છે. રાજાનું વ્યગ્ર મુખ જોઇ વૃંદા ચિંતિત સ્વરે કારણ પૂછે છે. રાજા જણાવે છે કે મારા પિતાના ચૌદ રત્નો દેવોને ઘેર છે તે લેવા માટે અમો દેવો સાથે ઘોર સંગ્રામ કરીશું. પતિ જાલંધરની આ વાત સાંભળી વૃંદા દેવો સાથે યુધ્ધ ન કરવા જાલંધરને પ્રેમથી સમજાવે છે. આને માટે કવિ આખુ નવમુ કડવુ રોકે છે. પતિના હિત - અહિતની ચિંતા કરતી સમજુ અને પ્રેમાળ પત્નીના રૂપમાં વૃંદાનું પાત્ર કવિ અહીં ઉપસાવી શક્યા છે. દસમા કડવામાં જાલંધર વૃંદાની શિખામણ માન્યા વગર યુધ્ધે ચઢવાનો

પોતાનો નિશ્ચય જાહેર કરે છે. જાલંધર વૃંદાને સમજાવતાં કહે છે કે, 'જો હું સુરગણને જીતીશ તો પિતાની સમૃધ્ધિ ઘેર પાછી લાવીશ અને જો રણમાં મૃત્યુ પામીશ તો પણ મને યશ મળશે અને મૃત્યુબાદ અપ્સરા મને વરશે આમ મને બંને પ્રકારે ફાયદો જ છે.' જાલંધરની વાતથી વ્યથિત થયેલી વૃંદા કહે છે કે, 'તમારે બંને બાજુ લાભ જ છે પણ અમારું તો સર્વસ્વ નષ્ટ થશે. તમે જીતીને આવશો તો રુક્મિણિ જેવી શોક્ય આપશો અને મૃત્યુ પામશો તો અપ્સરાને વરશો. અમારે તો બંને બાજુ કંથને ખોવાનો વારો આવ્યો.' ત્યારબાદ વૃંદા કંથ વગરની પત્નીની દશા ગદ્ગદ્ કંઠે વર્ણવે છે. આ તમામ પ્રસંગો કવિનાં મૌલિક ઉમેરણો છે જે કવિત્વના ધોતક છે. વૃંદાના સતીત્વના બળે જાલંધર અજેય રહેશે એ મૂળની વાતને અનુસરીને કવિએ એ પ્રસંગને પણ બહેલાવીને રજૂ કર્યો છે. પતિની યુધ્ધ હઠ સામે હારી જતી વૃંદા શોક મૂકી જાલંધરને રણમેદાનમાં વિદાય આપતા કહે છે,

"કુશળા રહેજો, વિજય પામજો, સુખીઆ થાજો, નાથ રે.
કોમળ કંદુક કરી પુષ્પનો, આપ્યો સ્વામી હાથ રે."
માહારૂં સત્ય રહે જ્યાં સુધી, સાક્ષી દિનકર દેવ રે
ત્યાં લગી ભીતિ નહિ તમને, અંગ વજ્ર સમ એવ રે
વાયુ ન ભેદે, નીર ન લોપે, અગ્નિ યુધ્ધે ન બાળે રે,
અંગ અડયે અસ્ત્ર થાય ચૂરણ, જો વૃંદા સત્ય પાળે રે.
સત્ય રહ્યાનું, પ્રભુ પારખું, જ્યાં લગે કંદુક લીલો રે,
એક પુષ્પ સુકું નવ દીસે, ત્યાં લગે દેવદળ પીલો રે."(૧૦)

આમ કહી પોતાના સ્વામીને વધાવતી વૃંદા પતિના હાથમાં સહસ્ત્ર ગજરાજનું બળ હોય એવી કામના કરી પતિને રણમેદાન વળાવે છે.

મૂળ કથાનકમાં સમુદ્ર મંથનની કથા સાંભળી ઉશ્કેરાયેલો જાલંધર દુર્વારણ નામના દૈત્યને દૂત તરીકે ઈન્દ્ર પાસે મોકલે છે. અહીં કવિએ એ વિગત આપવાનું ટાળ્યું છે. સીધા જ વૃંદાને મળીને ચતુરંગી સેના સાથે યુધ્ધ કરવા જાલંધર અમરાપુરી પહોંચી જાય છે. ત્યાં પહોંચીને તે ઈન્દ્ર પાસે દૂત મોકલીને પોતાના પિતાના રત્નો પોતાને સોંપવા ને નહિં તો યુધ્ધ કરવા માટેનો સંદેશ મોકલે છે. મૂળ કથાનકમાં અધ્યાય - ૬ ના શ્લોક ૧ થી ૬૮ માં જાલંધરની યુધ્ધ માટેની તૈયારી, તેની સેના, સેનામાં રહેલા દૈત્યો, તેના વાહનો, શસ્ત્રો વગેરેની વિગતપૂર્ણ રજૂઆત છે. અહીં પણ વિષ્ણુદાસ જાલંધરની સેનાનું વિગતે વર્ણન આપે છે. જાલંધરને આટલી મોટી સેના સાથે આવેલો જોઈ ઈન્દ્ર યુધ્ધ કર્યા વગર

જ વિષ્ણુને શરણે જાય છે, એવી મૂળ કથાનકની વિગતમાં કવિએ ફેરફાર કર્યો છે. અહીં ઇન્દ્ર જાલંધરની સેનાથી ગભરાયા વગર જાલંધરના યુધ્ધના લલકારને સ્વીકારીને તેની સાથે યુધ્ધ માંડે છે. મૂળ કથાનકનો આવો ફેરફાર કથાને તેમજ ઇન્દ્રના પાત્રને ઉપકારક નિવડ્યો છે. કેમકે જાલંધરનો જન્મ જ ઇન્દ્રના બાહુબળના અભિમાનને લઇને થયો છે. તેથી જો ઇન્દ્ર શરૂઆતમાં જ હથિયાર હેઠાં મેલી દે તો ઇન્દ્રનું એવું વર્તન ગર્વિષ્ઠ ઇન્દ્રના વર્તન સાથે મેળ ખાય જ નહિ. ભાવકોમાં ઇન્દ્રનું પાત્ર શરૂઆતથી જ હાસ્યાસ્પદ બની જાત. આમ, મૂળ કથાનકમાં ફેરફાર કરી કવિએ કાવ્ય ન્યાય જાળવ્યો છે એમ કહી શકાય.

જાલંધરના દૂત દ્વારા ઇન્દ્રને રત્નો પાછા આપવા ને નહિ તો યુધ્ધ કરવા મોકલેલા સંદેશના જવાબમાં,

"કોણ સુભટ જાલંધર રાય, મુજ રત્ન કહે ઇચ્છાય ?
જઇ કહેજે તારા ભૂપને, વહેલો થઇ આવે મુજ કને.
વજ્રથી શિર ચૂરણ કરૂં, જીવતો ગ્રહી ગિરિમાં ધરૂં."(૧૧)

આવો ઇન્દ્રનો પ્રત્યુત્તર સાંભળી દૈત્યો ઇન્દ્રલોક પર આક્રમણ કરે છે. અતિ ઘોર સંગ્રામ થાય છે. ઇન્દ્ર રણમેદાન છોડી ભાગે છે. મૂળ કથાનકમાં ઇન્દ્રલોક પર જાલંધર અધિકાર જમાવે છે અને ઇન્દ્ર સીધા જ વિષ્ણુના શરણે જાય છે. અહીં કવિ થોડો ફેરફાર કરે છે. ઇન્દ્ર પર વિજય મેળવી, અમરાપુરમાં બલિ દાનવને રક્ષક તરીકે મૂકી, જાલંધર તો રણમેદાન છોડી જતાં ઇન્દ્રની પાછળ જ જાય છે અને ઇન્દ્ર સીધા વિષ્ણુ પાસે ન જતાં પહેલાં બ્રહ્મ સદન બ્રહ્મા પાસે જાય છે. બ્રહ્મા સહિત ઇન્દ્રાદિ દેવો વિષ્ણુના શરણે જાય છે. મૂળ કથામાં વિષ્ણુના દ્વારપાળ વિજયે 'જાલંધરના ભયથી ત્રાસેલા દેવો અહીં આવ્યા છે' એમ ભગવાન વિષ્ણુને કહ્યું હતું ત્યારે બાજુમાં બેઠેલા લક્ષ્મીજીએ ભગાન વિષ્ણુને કહેલું, "દેવો માટે તમે જ્યારે યુધ્ધ કરો, ત્યારે તમારે મારા ભાઇ જાલંધરને મારા ઉપરની પ્રીતિને કારણે મારવો નહિ. એ જ્યારે શાપિત થશે ત્યારે જ મારવા યોગ્ય થશે." લક્ષ્મીની આ વિનંતીનો કોઇ જવાબ વાળ્યા વગર ભગવાન વિષ્ણુ ગરુડારૂઢ થઇ વૈકુંઠમાંથી બહાર નીકળી જાય છે.

પ્રસ્તુત આખ્યાનમાં વિષ્ણુદાસે આ પ્રસંગને સાવ ટાળ્યો છે. બીજા પ્રસંગોને બહેલાવીને રજૂ કરનાર કવિ આ પ્રસંગ કેમ ચૂકી ગયા છે એ સમજાતું નથી. દૈવી પાત્રોનું માનવીય વર્તન ભાવકોને સ્પર્શી જાય એ સહજ છે. બીજું, વિષ્ણુ જાલંધરનો બનેવી છે એ વાત પણ સીધી જ ભાવકો એ

પ્રસંગથી જાણી શકત. આ પ્રસંગ કથાને ઉપકારક હતો. એ મૂળકથા પ્રસંગનો લોપ કથાની રસિકતાને હાનિ પહોંચાડે છે.

અહીં ઈન્દ્રાદિ દેવો સિન્ધુતીરે આવી વિષ્ણુને પ્રાર્થે છે. દેવો પર દયા કરી વિષ્ણુ પ્રગટ થાય છે. ઈન્દ્રાદિ દેવોની વાત સાંભળી શંખ, ચક્ર, ગદા ધારણ કરી વિષ્ણુ સીધા જ ગરુડારૂઢ થઈ રણમેદાન જાય છે. વિષ્ણુ જાલંધર વચ્ચે ઘોર સંગ્રામ થાય છે. વિષ્ણુ જાલંધર પર ચક્રપ્રહાર કરે છે ત્યારે જાલંધર કહે છે,

"મોહોટું સગપણ માહારે તાહરે - મુજ ભગિની તાહારે દ્વારે;
મુજ ભગિની પામે દુઃખ, નહિ તો ભાંગુ તાહારું મુખ."[૧૨]

અહીં મૂળ કથા મુજબ દૈવી પાત્રોની ઉદારતા, માનવતાની સામે દાનવ પાત્રની ઉદારતા માનવતાનું દર્શન કરાવી કવિ દૈવી પાત્રને દાનવ પાત્ર સામે ઝાંખા પડતા બતાવે છે એટલું જ નહીં, આ પ્રસંગથી દૈવી પાત્ર કરતાં દાનવ પાત્ર ભાવકોની લાગણી જીતી જાય છે. દેવોના અભિમાનથી શંકર દ્વારા જન્મેલ જાલંધરના ગુણો પ્રગટાવવાનો કવિનો આશય હોઈ શકે, જેને કારણે કવિએ આવો ફેરફાર કર્યો હશે એમ માનવું રહ્યું.

જાલંધરની આવી વિવેક અને વ્યવહારપૂર્ણ વાત પછી પણ વિષ્ણુ જાલંધર પર પ્રહાર કરે છે. ક્રોધે ભરાયેલો જાલંધર ફેરવીને એક ગદા ગરુડના શિરે મારે છે. ફરી વિષ્ણુ સંગાથે ઘોર સંગ્રામ થાય છે.

'પદ્મ પુરાણ'માં પ્રથમ યુધ્ધમાં શુક્રાચાર્ય દ્વારા દાનવોને અને બૃહસ્પતિ દ્વારા દેવોને (દ્રોણ પર્વત પરની સંજીવની ઔષધિ દ્વારા) પુનઃ જીવિત કર્યાનો ઉલ્લેખ છે. જાલંધરે શુક્રાચાર્ય દ્વારા માહિતી પ્રાપ્ત કરવી, દ્રોણાચલ પર્વતને જળસમાધિ આપવી, ભયથી દેવોનું યુધ્ધ તજી નાસી જવું અને પરાજિત દેવોનું વિષ્ણુને શરણે જવું, રણમેદાન જતાં વિષ્ણુને લક્ષ્મીજીની વિનંતી ઈત્યાદિ પ્રસંગોનો ઉલ્લેખ છે. પ્રસ્તુત આખ્યાન અનુસાર લક્ષ્મીજીની વિનંતીનો આખો પ્રસંગ કવિએ ટાળ્યો છે. એ સિવાય બૃહસ્પતિ દ્વારા દેવોને સજીવન કરવાની વાતનો ઉલ્લેખ પણ અહીં કવિ કરતાં નથી. શુક્રાચાર્ય દ્વારા દાનવોને સજીવન કરવાનો પ્રસંગ પ્રથમ ઈન્દ્ર જાલંધર યુધ્ધના બદલે અહીં વિષ્ણુ જાલંધરના બીજા સંગ્રામમાં કવિ નિરૂપે છે.

'પદ્મ પુરાણ' અનુસાર અધ્યાય - ૬-૭-૮ ના મળી કુલ ૧૯૨ શ્લોકોમાં યુધ્ધ વર્ણનો વિસ્તર્યા છે. જ્યારે વિષ્ણુદાસ લાઘવનો સહારો લઈ કથાને રોચક બનાવે છે. નિરર્થક લંબાણને ટૂંકાવી

સીધા જ કથાના અંત ભણી લઇ જતી પ્રસંગ ગૂંથણી ભાવકોને રસ તરબોળ કરવામાં ઉપકારક નીવડે છે.

'પદ્મ પુરાણ' અનુસાર લક્ષ્મીજીને આપેલ વરદાનના કારણે વિષ્ણુ જાલંધર પર જીવલેણ પ્રહાર કરી શકતા નહોતા તેથી જાલંધરે પહેલા ગરુડ પર પછી વિષ્ણુ પર બાણોના પ્રહાર વડે બંનેને ઘાયલ કરી જમીન પર ઢાળી દીધા હતાં. ત્યારે લક્ષ્મીજી બેભાન પડેલા વિષ્ણુને જોઇ જાલંધરને આજીજી કરતાં કહે છે કે, 'તારે પોતાની બહેનને વૈધવ્ય આપવું યોગ્ય નથી.' લક્ષ્મીજીની આ વિનંતીથી જાલંધર વિષ્ણુને છોડી મૂકે છે અને વરદાનરૂપે બંનેને સાગરમાં રહેવાનું વચન મેળવે છે. કથાને વધુ રસિક બનાવતા આ કથાંશોને કવિએ છોડ્યા છે.

'પદ્મ પુરાણ' અધ્યાય - ૯ ના ૧ થી ૨૬ શ્લોક જાલંધરનું ઇન્દ્રાસન પ્રાપ્ત કરવું અને તેના રાજ્યકાળનું વિગતે વર્ણન કરે છે. વિષ્ણુદાસને આ વિગતો આપવાનું જરૂરી લાગ્યું નહી હોય તેથી આ કથાંશોનો પણ કવિ લોપ કરે છે અને સીધા જ શિવ - જાલંધરના યુધ્ધ પૂર્વેની ઘટનાઓ પર કવિ આવે છે. 'પદ્મ પુરાણ'માં વિષ્ણુ - જાલંધર યુધ્ધ પછી દેવો સ્વર્ગનો ત્યાગ કરી દીર્ઘકાળ સુધી દુર્દશાને પામ્યા હતા. વરસોની રઝળપાટ પછી દેવો બ્રહ્મલોકમાં ગયા. ત્યાં બ્રહ્માની સ્તુતિ કરી તેઓને પ્રસન્ન કર્યા અને બ્રહ્મા સહિત ઇન્દ્રાદિ દેવો કૈલાસ પર જઇ ભગવાન શિવની સ્તુતિ કરવા લાગ્યા હતા. બ્રહ્માની ઇચ્છાને મનથી જાણી લઇ તેમ જ ઇન્દ્રના અભિમાનનો પણ ભંગ થયો છે એ પણ મનથી સમજી જવા છતાં શિવ દેવોને કહે છે, ''જે શત્રુને ભગવાન વિષ્ણુ ન મારી શક્યા તેને હું કેમ મારી શકીશ ?''

અહીં દેવો જાલંધરના હાથે પરાજિત થયા પછી સીધા શંકરને શરણે જાય છે. બીજી તરફ સીધા જ નારદ દ્વારા જાલંધરને ઉશ્કેરણીનો પ્રસંગ યોજી કવિ શિવ - જાલંધર યુધ્ધની પૂર્વભૂમિકા બાંધી દે છે. દેવોના તેજને લઇને શિવ જાલંધરને મારવા સુદર્શન ચક્રનું નિર્માણ કરે છેએ વિગતને પણ વિષ્ણુદાસે પોતાના આખ્યાનમાં ટાળી છે. જેનાથી આખ્યાનની કથાના વિકાસમાં કોઇ અવરોધ જણાતો નથી.

શિવ સાથે યુધ્ધ કરવા માટે જાલંધરને ઉશ્કેરવાનું કામ નારદ કરે છે. આ વિગત બંનેમાં મળે છે. અહીં પણ મૂળ કથાનક મુજબ નારદ સતી પાર્વતીના સૌન્દર્યની પ્રશંસા કરી એ સ્ત્રી રત્નને પ્રાપ્ત કરવા જાલંધરને ઉશ્કેરે છે. ઉશ્કેરાયેલો જાલંધર રાહુને દૂત બનાવી એ સ્ત્રી રત્નને પોતાને સોંપી દેવાનું કહેણ લઇ શિવ પાસે મોકલે છે. એ વિગતમાં વિષ્ણુદાસ મૂળને અનુસરે છે, પરંતુ રાહુ કૈલાસ પર જાય

છે ત્યાં જૂએ છે કે શિવ પોતાના પરિવાર સાથે બેઠા છે. શંકરના ગળાનો નાગ ગણપતિના વાહન ઉંદરને ગ્રસી જવા જાય છે. ગણપતિ તેને વારે છે, છતાં નાગ ઉંદરને પકડવા દોડે છે ત્યારે કાર્તિકનું વાહન મોર નાગ પર તરાપ મારે છે. સાપ વ્યાકુળ થતો શંકરના ગળે વીંટળાઇ જાય છે. શિવ પરિવારની સભામાંનું આ કૌતુક નિહાળી રાહુ શિવને જાલંધરનો સંદેશ સંભળાવ્યા વગર પાછો વળે છે. આ પ્રસંગ વિષ્ણુદાસનું મૌલિક ઉમેરણ છે.

ફરી જાલંધર રાહુને શિવ પાસે મોકલે છે. હવે રાહુ કૈલાસમાં આવી શંકરને જાલંધરે કહેલાં વચનો કહી સંભળાવે છે. અતિ લાઘવયુક્ત વચનો વડે કવિ એ પ્રસંગ રજૂ કરે છે.

"...... કહ્યું, શિવ જોગ નહિ ઉમયા, આપો અમારે હાથ"(૧૩)

પાર્વતીની માગણીથી ક્રોધે ભરાયેલા શિવ રાહુને કહે છે,

'કોણ અબુધ તાહારો જાલંધર ? હવડાં છેદું શીશ.'(૧૪)

રાહુ જાલંધર પાસે જઈને વાત કરે છે ત્યારે જાલંધર કહે છે,

"કાઢું કૈલાસને સમૂંળો, મારું શિવનો સાથ."(૧૫)

મૂળ 'પદ્મ પુરાણ'માં આ કથાપ્રસંગ કંઈ જૂદી જ રીતે રજૂ થયો છે. જાલંધરનો સંદેશ સાંભળી શંકરની જટામાંથી એક મોટો કીર્તિમુખ નામનો ગણ પ્રગટ થયો હતો. એ ત્રણ મોઢાંવાળો, ત્રણ પગવાળો, ત્રણ પૂંછડાંવાળો તથા સાત હાથવાળો હતો.આ ગણે પ્રગટ થઇ પ્રથમ શિવને પ્રણામ કર્યા અને કહ્યું કે, 'હે પ્રભુ ! હું અત્યંત ભૂખ્યો છું.' ત્યારે શંકરે તેને રણસંગ્રામમાં જે માર્યા ગયા હોય તેને ખાઇ જવા કહ્યું. એટલામાં રણસંગ્રામ ન જોઇ તે બ્રહ્માને ખાઇ જવા ઉત્સુક બન્યો. શંકરે તેને અટકાવ્યો તો તે પોતાનું જ આખું શરીર (મસ્તક સિવાય) ખાઇ ગયો. વિષ્ણુદાસે આ પ્રસંગો તજી દીધાં છે. આવા ઉપલકીયા પ્રસંગોનો ત્યાગ કથાની સળંગ સૂત્રતા જાળવી રાખે છે. કથાના પોતને નબળું પડતું અટકાવી ઘટ્ટ બનાવે છે.

જાલંધરના પરાક્રમથી ત્રસ્ત થયેલા દેવો શંકરના શરણે આવે છે ત્યારે શંકરના ખોળામાં પાર્વતી બેઠાં છે અને બંને હાસ્ય વિનોદ કરી રહ્યા છે. દેવોની બૂમરાણ સાંભળી શંકર પાર્વતીને ખોળામાંથી ઊઠી અંદર જતાં રહેવા કહે છે. આ પ્રસંગ કવિનું મૌલિક ઉમેરણ છે. ભગવાન શિવ અને પાર્વતીના પ્રસન્ન મધુર દાંમ્પત્યની વાત કરવા ઇચ્છતા કવિ દૈવી પાત્રોના આવા વર્તનમાં વિવેક ચૂકી

જતાં લાગે છે. પરંતુ મધ્યકાલીન સમાજને નજરમાં રાખીને લખાયેલી કૃતિમાં જનમનરંજનાર્થે કવિએ ઉમેરેલો આ પ્રસંગ કવિના એ ઉદ્દેશને તાકે છે.

દેવો શિવ પાસે આવી જાલંધરના ત્રાસની વાત કરે છે. ભગવાન વિષ્ણુ પોતે પોતાના મુખે જાલંધરથી પરાસ્ત થવાની વાત શિવને સંભળાવે છે.

દેવોની આવી વિનંતીથી પ્રથમ તો શિવ ક્રોધે ભરાઇને ઇન્દ્રને કહે છે,

"મઘવાએ માગ્યો મુજ પાસે યુધ્ધ કરવાને યોધ."(૧૬)

તો હવે તમારૂં બળ, પરાક્રમ ક્યાં ગયું ? ઇન્દ્ર કહે છે,

"સુરપતિ કહે, 'અજ્ઞાનપણામાં કીધો હશે અહંકાર
આજ અવર કોએ નવ રાખે; ઉમયાપતિ ઉગાર.' "(૧૭)

શિવ વિષ્ણુને પૂછે છે 'તમે એને કેમ મારતા નથી ?' હસીને વિષ્ણુ જવાબ આપે છે.

" ................ 'સુભટ તમારો અંશ;
તમો ઉપાયો, તમથી મરશે; મૂકો વાત વિધ્વંસ'."(૧૮)

દેવોની વિનંતીથી ભોળાનાથ દાનવ સાથે યુધ્ધ લડવા તૈયાર થાય છે અને પાર્વતી પાસે શીખ માગવા જાય છે. કવિ પ્રતિભાના મૌલિક ચમકારા અહીં અનુભવાય છે તો સાથે સાથે ઇન્દ્રના અભિમાનથી જ આ પરિસ્થિતિ પેદા થઇ છે તેથી ઇન્દ્રને ઠપકો આપીને તેમજ શિવનું સર્જન શિવ સિવાય કોઇના હાથે વિલીન થઇ શકે નહીં તેવું અહીં મળતું સૂચન કાવ્ય ન્યાય જાળવે છે. 'કરણી તેવી ભરણી' નું જનમાનસમાં રહેલું સૂત્ર અહીં સાર્થક બનતું જણાય છે.

યુધ્ધમાં જતાં પહેલા પાર્વતીની આજ્ઞા લેવા જતાં શિવને પાર્વતી દાનવ સાથે અકારણ યુધ્ધ ન કરવાની સલાહ આપે છે. પરંતુ, 'એ દુષ્ટ તમારી ઇચ્છા કરે છે. જાલંધરનો દૂત આવી મારી પાસે તમારી માગણી કરે છે માટે હું એની સાથે યુધ્ધ કરવા તત્પર થયો છું.' એ સાંભળી પાર્વતી તુરંત પતિને રણમેદાન જઇ એવો સંગ્રામ કરવા જણાવે છે કે ફરી એ બીજીવાર આવી વાત ન કરી શકે. પાર્વતીની શીખ લઇ દૂત સાથે જાલંધરને યુધ્ધ લડવા તૈયાર રહેવાનું શિવ જણાવે છે અને પોતે પણ યુધ્ધ લડવા કૈલાસ પર્વતની તળેટીમાં આવે છે. રણમેદાનમાં વાગતા દેવોનાં વિધવિધ વાજિંત્રોનો અવાજ સાંભળી જાલંધર શિબિર બહાર નીકળે છે અને એનો અનુચર એને 'શિવ યુધ્ધ લડવા આવ્યા છે' નો સંદેશ આપે છે. આ સાંભળી ગુસ્સે ભરાયેલો વીર જાલંધર બધા સુભટોની સભા ભરી યુધ્ધમાં કશી મણા ન

રાખવા કહે છે. એવો ભયંકર સંઘર્ષ કરો કે દેવો ફરી વાર યુધ્ધ કરવા ન આવે. મૂળ કથાનકમાં શુક્રાચાર્ય પોતાની મૃત સંજીવની વિદ્યા વડે પ્રથમ યુદ્ધમાં દાનવોને જીવતા કરે છે. પ્રસ્તુત આખ્યાનમાં કવિ બીજા વિષ્ણુ - જાલંધર યુધ્ધમાં અને ફરી અહીં શિવ - જાલંધર યુધ્ધમાં આ પ્રસંગનો ઉલ્લેખ કરે છે. ગુરુ શુક્રાચાર્યને જાલંધર એની વિદ્યાનો ઉપયોગ કરવા વિનવે છે. જવાબમાં શુક્રાચાર્ય કહે છે,

'ભૂપ તાહાર સૈન્ય માંહે સુભટ ન મરે એક
વિડારી વીપુ સહસ્ત્ર ક્ટકા કર્યા હોય રણ માંહ્ય,
મુજ મંત્રબળથી તેહ જીવે, સાંભળીએ સત્ય રાય.'

અહીં શિવ - જાલંધરનું યુધ્ધ શરૂ થતાં પહેલાં ભગવાન વિષ્ણુ શિવને શુક્રાચાર્યના મંત્રબળથી દાનવોના સજીવન થવાની વાત કરે છે ત્યારે ભગવાન શિવ શુક્રાચાર્યનું હરણ ક્રવા ગરુડને મોક્લે છે. ગરુડ રણમેદાનમાંથી શુક્રાચાર્યને લાવે છે. શિવ અંગથી પ્રગટ થયેલી કૃત્યા ભગ મધ્યે (યોનિમાં) શુક્રાચાર્યને છૂપાવી દે છે. અને આમ દાનવોને સજીવન કરતા શુક્રાચાર્યનો ભય ટળે છે. આ પ્રસંગ કથનમાં ગરુડ દ્વારા શુક્રાચાર્યનું હરણ વગેરે જેવા નાના ફેરફારો સિવાય વિષ્ણુદાસ મૂળકથાને અનુસરે છે.

શિવ - જાલંધરના યુધ્ધ પ્રસંગને હવે વિષ્ણુદાસ ચાર કડવાંમાં વિસ્તારે છે. જાલંધરનું પરાક્રમ અહીં વિગતે વર્ણવાય છે. ભગવાન શિવના એકેય અસ્ત્ર શસ્ત્ર કામ નથી આવતા. યુધ્ધ દરમ્યાન વચ્ચે રાત પડે છે ત્યારે બે વાર શિવ વિષ્ણુને દાનવને શસ્ત્ર કેમ સ્પર્શતા નથી ?' નું રહસ્ય પૂછે છે. છેલ્લે, જાલંધર શિવને ત્રાસ પમાડે છે. વૃષભને ઘાયલ કરી શિવ પર પ્રહાર કરે છે. શિવને બોચીએથી પકડી આકાશમાં ઉછાળે છે.

''જયમ પુષ્પ ઉછાળે હળવે સુભટ ગ્રહી ઉલ્લાસ
ત્યમ દાનવ ઉછાળે હવે શંકરને આકાશ
વાર એકાદશ એ વિધિ ઈશ્વર અંતરિક્ષ માંહે ભમાવ્યા
જયમ વંટોળ તરણ ઉરાડે, એમ ભમતા અવની આવ્યા.''

આ રીતે યુધ્ધ કરતાં બાર દિવસો પસાર થાય છે. જાલંધર સાથેના યુદ્ધમાં પરાસ્ત થયેલા શિવ વિષ્ણુને કહે છે, ''કે હવે કાલે મારાથી યુધ્ધ થશે નહિ. મારાં તમામ શસ્ત્રો નિષ્ફળ રહ્યાં છે. મંત્ર સહિત શસ્ત્રો છોડું તો પણ તે જાલંધરને સ્પર્શ્યા વિના ભાંગી જાય છે. એવો તો કેવો દાનવ છે કે જેને

મારાં અસ્ત્રો મારતા નથી ?'' વિષ્ણુ વિચાર કરે છે અને એના મનમાં એક વાત બેસે છે. શિવને કહે છે, ''હવે તમે ચિંતા મૂકી દો. મારી પત્ની દાનવની બહેન છે એને દાનવ પાસે મોકલી એના મૃત્યુનું રહસ્ય જાણીશું.'' લક્ષ્મીજીને તેડવા માટે ગરુડને ત્વરિત મોકલવામાં આવે છે. સવાર થતાં પહેલાં ખગપતિ વિષ્ણુ સામે લક્ષ્મીજીને લાવે છે. આ આખો પ્રસંગ વિષ્ણુદાસનું મૌલિક ઉમેરણ છે. પત્ની પાસેથી કામ કઢાવવા પતિને જે ખુશામત કરવી પડે છે તેવી ખુશામત અહીં કવિ વિષ્ણુ પાસે કરાવે છે.

'અહો સુન્દરી ! ચતુર સુજાણ, પદ્મ પદ્મણી, મહારા પ્રાણ.
તુજ વિછેહ કારણ, સુણ નાર, ઘટિકા કલ્પ થાય નિર્ધાર.''(૧૯)

ભગવાનનું આવું વર્તન લક્ષ્મીના મનમાં સંદેહ ઉત્પન્ન કરે છે. કોઇક વાત ચોક્કસ છે જેને કારણે વિષ્ણુ પોતા પ્રત્યે આવો પ્રેમ દાખવે છે. વિષ્ણુ લક્ષ્મીને વાત કરતાં પહેલાં એ કાર્ય કરવા વચન માગે છે. 'તમે સમ ખાઓ પછી જ તમોને એ વાત જણાવીશ' એવું કહેતાં વિષ્ણુને લક્ષ્મીજી કહે છે;

''પતિવ્રતા હોયે સ્ત્રી જેહ, કહ્યું કરે સ્વામીનું તેહ;
કંથ વચન ઉથાપે સાર, તેહ પડે વિટકૂપ મોઝાર.''(૨૦)

લક્ષ્મીનાં આવાં વચનોથી વિષ્ણુ ખુશ થાય છે છતાં મનમાં વિચારે છે 'સદા નાર મતિ અજ્ઞાન.' વિષ્ણુ અને લક્ષ્મી જેવા દૈવી પાત્રોનાં દાંપત્યજીવનમાં પૃથ્વીલોકનાં મનુષ્યોનું દાંપત્યજીવન નિરૂપી કવિ કથાને રસિક બનાવે છે છતાં 'સ્ત્રીની બુધ્ધિ પાનીએ', એમ ભગવાન વિષ્ણુ પણ માનતા હોય તો એ કથાઘટક ભારતીય મૂલ્યોનું, સાથે દૈવી પાત્રોનું ગૌરવ પણ ઓછું કરે છે. છતાં આખો પ્રસંગ કવિનું મૌલિક ઉમેરણ છે જે કવિની પ્રતિભામાંથી નિપજ્યો છે તેથી એનું મહત્ત્વ તો છે જ. એ પ્રસંગને કવિ આગળ વધારે છે. વિષ્ણુ લક્ષ્મીને વિશ્વાસમાં લઇને તેને જાલંધર પાસે જઇ તેના મૃત્યુનું રહસ્ય જાણી લાવવા કહે છે. લક્ષ્મીજી આ વાતથી ખૂબ વ્યથિત થાય છે. 'બંધુને કેમ કરીને ભોળવું ? મને કેવડું કલંક લાગે ?' અહીં લક્ષ્મીની વ્યથા ખરેખરી એક બહેનની વ્યથા તરીકે ખુબ સુંદર રીતે કવિ નિરૂપે છે. લક્ષ્મીનું પાત્ર માનવીય રૂપમાં અહીં રજૂ થાય છે.

'' 'હું જયેષ્ઠ ને એ લઘુવીર, વડી ભગિની માત શરીર;
છળે કયમ મરાવું વીર ?' દુઃખે કહે ભામિની રે.''(૨૧)

લક્ષ્મીની આવી વાત સાંભળી વિષ્ણુ કહે છે કે,'' એ તમારો ભાઇ ક્યાંથી ? સાગરમાં તો અનેક જીવ ઉત્પન્ન થાય છે. મોટા મોટા પથ્થરો સાગરમાં છે, અનેક જળચરો છે એ બધાં તમારા

બાંધવો છે ? મારા કરતાં તમને તમારો ભાઈ વહાલો છે ? પતિને પ્રાણનો આધાર કહેતી, પોતાને પતિવ્રતા કહેતી સ્ત્રીનો શું વિશ્વાસ ?'' એનાથી પણ વધારે કઠણ વચન, મર્મ વચન વદતાં વિષ્ણુ કહે છે;

''સ્વામીનો તજીને સંગ, પર પુરૂષ શું મતિ રંગ?''(૨૨)

અને લક્ષ્મીજીને 'દારારૂપ સાપણી'નું બિરૂદ આપી વિષ્ણુ એને વૈકુંઠ પાછા ચાલ્યા જવાનું કહે છે.

પતિના આવાં તિરસ્કાર યુક્ત વચનો સાંભળી લક્ષ્મીજી અતિશય દુઃખ પામે છે. લક્ષ્મીજી જાલંધર પાસે જઈ તેના મૃત્યુનું રહસ્ય જાણી લાવવા તૈયાર થાય છે. બંધુને મરાવતા કલંક લાગશે જાણવા છતાં પતિ સામે લાચાર લક્ષ્મી એ કાર્ય કરવા તૈયાર થાય છે. 'દેવોનું કાર્ય કરી તમે વિશ્વ પર ઉપકાર કરશો', એમ કહી વિષ્ણુ લક્ષ્મીને જાલંધર પાસે મોકલે છે.

લક્ષ્મીજી જાલંધરને મળવા જાય છે. જાલંધર એની આગતા સ્વાગતા કરે છે. વાતવાતમાં યુધ્ધ ન કરવા લક્ષ્મી જાલંધરને સલાહ આપે છે. જાલંધર પોતે અજેય છે, એવું લક્ષ્મીજીને જણાવે છે. લક્ષ્મીજી એ વાત માનવા તૈયાર નથી ત્યારે જાલંધર એના પર વિશ્વાસ રાખી બહેનને એકાંતે લઈ જઈ પત્નીના સતીત્વની વાત કરે છે. પુષ્પનો કંદૂક દેખાડી કહે છે 'આ તારી ભાભીના સત્યથી કાયમ તાજો રહે છે. જ્યારે મારી પત્ની સત્ય ચૂકે ત્યારે એ પુષ્પ કરમાશે.'

'એ અબળા જ્યારે સત્ય ચૂકે, ત્યારે માહારૂં મરણ.'(૨૩)

આમ, જાલંધરના મૃત્યુનું રહસ્ય લક્ષ્મીજી જાણે છે. પોતાને ત્યાં પહેલીવાર આવેલી બહેનને જાલંધર ત્રણ રત્નો જે વિષ્ણુએ રાખ્યા છે એ સાસરવાસામાં આપ્યા એમ કહે છે અને ઉમેરે છે કે આજ પછી હું મારા બનેવી સાથે વેરભાવ નહીં રાખું. એને એકને બાદ કરી બધા દેવોને રણમાં રોળીશ બાકીનાં રત્નો દેવો પાસેથી મેળવીને રહીશ. તારા પતિને જઈને સમજાવજે કે સગાનો વિરોધ ન કરે. લક્ષ્મીજી પણ પોતાના ભાઈને 'વિષ્ણુ તારું નામ નહીં લે' એવો વિશ્વાસ બંધાવી ત્યાંથી વિદાય લઈ સીધા વિષ્ણુ પાસે આવે છે.

પોતાના ભાઈએ પોતાની કેવી આગતા સ્વાગતા કરી, ત્રણ રત્નો સાસરવાસામાં આપ્યાંઅને બાકીનાં રત્નો પણ દેવો પાસેથી લઈને તમોને આપવા માગે છે. તમો એમના માટે પૂજ્ય છો તો શા માટે તેને કપટથી મરાવો છો ? પતિનું ભૂંડુ બોલતો હોય એવા ભાઈને તજવો રહ્યો પણ આ તો દીન થઈ બહેન સામે આવ્યો છે તેને કેમ મારવો ? આવા પ્રેમાળભાઈના મરણનો મર્મ તમને કેમ જણાવું ?

વગેરે વગેરે પોતાની મૂંઝવણ લક્ષ્મીજી વિષ્ણુને જણાવે છે. ફરી વિષ્ણુ ગુસ્સે થઇ ન ક્હેવાનાં વેણ લક્ષ્મીજીને કહે છે, 'તમારા ભાઈએ ત્રણ રત્ન તમને સાસરાવાસામાં આપ્યા એ જતન કરીને જાળવજો. નહિં તો એ મને મારીને લઇ જાત. તમારા ભાઇના ભયથી પિપિલિકાનું ઘર શોધીને એમાં સંતાઇ જવું જોઇએ. વગેરે કટાક્ષ વાક્યો કહી સીધા ધમકી ભર્યા શબ્દો ઉચ્ચારે છે,

''આજ થકી અમ તમારે નહિ રહે બોલવા વહેવાર,
ભલું વાંછો ભ્રાતનું તમો, ઉવેખો ભરથાર.''(૨૪)
'મુખ ઢાંક; જા હાવે આંહાંથી', ઉચર્યા જગતાત.''(૨૫)

વિષ્ણુનું ગુસ્સાભર્યું મુખ જોઇ લક્ષ્મીજી ખૂબ ત્રાસ પામે છે. અને 'સ્વામી હું તો હાસ કરતી હુતી' એમ ક્હી ભાઇના મરણનો મર્મ વિષ્ણુને કહે છે. તેની સ્ત્રી પતિવ્રતા છે કોઇ પુરુષ તેને છળીને તેના સત્યનો ભંગ કરશે ત્યારે જ જાલંધરને મારી શકાશે. જાલંધરના મૃત્યુનું આ રહસ્ય જાણી લીધા બાદ વિષ્ણુ ગરુડ સાથે લક્ષ્મીજીને સ્વસ્થાન પહોંચાડે છે. કડવાં - ૨૨ થી ૨૬ એમ પાંચ કડવાં સુધી વિસ્તરેલો આ પ્રસંગ કવિની મૌલિક પ્રતિભા દાખવે છે, પરંતુ તત્કાલીન સમાજના જનમનરંજનાર્થે દૈવી પાત્રોનું આવું માનવીયકરણ 'જે પોષતું તે મારતું' એ ન્યાયે એની મર્યાદા પણ બની રહે છે. શક્તિસ્વરૂપા લક્ષ્મીની લાચાર દશા ભાવકોની શ્રધ્ધાને, લાગણીને ચોક્કસ ઠેસ પહોંચાડે.

જાલંધરના મૃત્યુનું રહસ્ય વિષ્ણુ શંકરને જણાવે છે. શંકર વૃંન્દાને છળવા જાલંધરરૂપ ધારણ કરીને વૃંદા પાસે જાય છે. જાલંધરને આની જાણ થતાં એ શિવરૂપ ધારણ કરી પાર્વતીને છળવા જાય છે. મૂળ કથાનુસાર પાર્વતીને છળવા જાલંધરે શિવનું રૂપ લીધું તેનું ભગવાન શ્રી વિષ્ણુને જ્ઞાન થતાં તે ગરુડને મોકલી તપાસ કરાવે છે તો ગરૂડ એ માયાવી શિવની વાત સાચી છે એમ વિષ્ણુને જણાવે છે અને સાથે સાથે ગરૂડ જ વિષ્ણુને બદલો લેવા ઉશ્કેરે છે. જાલંધરે પહેલ કરી પછી દેવ તેની પત્નીને છળવા તૈયાર થાય એના બદલે અહીં શિવ વૃંદાને છળવા તૈયાર થયા એટલે જાલંધર પાર્વતીને છળવા ગયો એવા કવિના નિજી ફેરફારથી દેવોના પાત્રો સામે દાનવના પાત્રનું ગૌરવ વધી જાય છે. દેવો હલકા સાબિત થાય છે. પાર્વતીજીને છળવાના પ્રસંગમાં કવિ મૂળને અનુસરે છે. શિવ વૃંદાને છળવા જાય છે એ કવિનું મૌલિક ઉમેરણ છે. હાથમાં કાર્તિકેય અને ગણેશના મસ્તક સાથે શિવ મથુરામાં વૃંદા પાસે જાલંધર વેશધારણ કરી આવે છે. સતી વૃંદા એને ઓળખી જાય છે;

'કપટે આવીઆ રે, શંકર, પુત્રવધુની સેજ'(૨૬)

ને લજ્જિત થયેલાં શિવ મુખ આડું કરી ત્યાંથી નીકળી જાય છે. આ પ્રસંગમાં કવિ પાર્વતીના મુખે અને વૃંદાના મુખે જે વચનો મૂકે છે એ મર્મયુક્ત છે. જેમ કે પાર્વતીજી જાલંધરને કહે છે;

"ગુરૂ દારા મિત્રભ્રાત પત્નિ શ્વસુર પત્નિ જેહ
જનેતા શું ગણી જોતાં મા તુલ્ય પાંચે એહ
કપટ દ્દષ્ટે નીરખતાં, નૃપ, વંશ, છેદન થાય
વિષ કૂપમાં તે પડે કલ્પ કીટ જ કાય."(૨૭)

તો વળી વૃંદા ભગવાન શિવને કહે છે;

"કપટે આવીઆ રે, શંકર, પુત્રવધૂની સેજ
વધૂ પુત્રી સહી રે બે ગણવાં સમતોલ
મહા જડ તુલ્ય થયા રે', વૃંદા બોલી બોલ.
અધર્મ - દ્દષ્ટે કરી રે, સસરો નીરખે વહુ નિર્ધાર;
ઘોર નરક તે પડે રે, વળી નિવર્તે યુગ ચાર."(૨૮)

આવાં મર્મયુક્ત વચનો વડે સમાજને નૈતિકતાનો બોધ આપતું ઉપર્યુક્ત કથન કવિનું નિજી ઉમેરણ છે. સમાજને સ્વસ્થ રાખવાનું, લોકોમાં શુધ્ધ ચારિત્ર્યનું નિર્માણ કરવાનું કામ કવિ સીધા ઉપદેશ દ્વારા નહીં પણ આ રીતે કરે છે. આ કથાઘટકનું ઉમેરણ કવિ કૌશલ્યનું ધોતક બની રહે છે.

વિષ્ણુને રણમાં મૂકી શિવ વૃંદાને છળવા ગયેલા. એ પાછા આવે એ પહેલાં જાલંધર પાર્વતીજીથી પરાસ્ત થઇ રણમાં આવે છે. વિષ્ણુએ કપટ કરી લક્ષ્મીને મોકલી પોતાના મરવાનું રહસ્ય જાણી લીધું છે એની જાણ થતાં ક્રોધે ભરાયેલો જાલંધર વિષ્ણુ સાથે ભયંકર યુધ્ધ લડી લેવા તૈયાર થાય છે. સાથે સાથે પોતે લક્ષ્મીને સાસરવાસામાં ત્રણ રત્નો આપેલાં એ બચ્યાં એમ માની બ્હેનને પણ પોતાને હાથે હણવા તૈયાર થાય છે. આ કથાઘટક પણ કવિનું નિજી ઉમેરણ છે. શિવ પણ વૃંદાથી પરાસ્ત થઇ વિષ્ણુ પાસે આવે છે અને કહે છે,

"એ સતી સાધવી રે આપણથી નહિ ચૂકે સત્ય;
દાનવ એ નહિ મરે રે, નીશે માનો એ, શ્રીપત્ય."(૨૯)

હવે વિષ્ણુ શિવને રણમાં મૂકી વૃંદાને છળવા જાય છે. રખેને વિષ્ણુ આમ કરી યુધ્ધ મેદાનમાંથી નાસી જાય. એ બીકે શિવ કહે છે 'તમે આવવામાં વિલંબ કરશો તો નક્કી આ દુષ્ટ મારો નાશ કરશે.'

વિષ્ણુ વૃંદાને છળવા તાપસ વેશ ધારણ કરે છે ત્યાંથી લઇ વૃંદાનો શીલભંગ કરે છે ત્યાં સુધીના નાના - મોટા પ્રસંગોમાં વિષ્ણુદાસની મૌલિક પ્રતિભાના દર્શન થાય છે. 'પદ્મ પુરાણ' મુજબ વિરહ વ્યથા ભોગવતી વૃંદા વહેલી પરોઢે અશુભ સ્વપ્ન જૂએ છે. સ્વપ્નમાં જાલંધરનું કપાયેલું મસ્તક દેખાય છે. મસ્તકની આંખોને ગીધ પક્ષીઓએ બહાર ખેંચી કાઢેલી, કાનના અગ્ર ભાગો તથા નાક પણ કપાઇ ગયા હતા. વળી, કાલીકા દેવી પોતાના વાળ છૂટા મૂકી, મોઢું વિકરાળ કરી રણમાં દૈત્યોને ખાઇ જવા લાગી હતી. આના બદલે વિષ્ણુદાસ તત્કાલીન શુકન - અપશુકનના ખ્યાલોને નજર સમક્ષ રાખી વૃંદાને થતાં અપશુકનનું વિગતે નિરૂપણ કરે છે. વૃંદાના સ્વપ્નની વાત કવિ અહીં કરતા નથી.

વૃંદાના શીલભંગની કથા વિષ્ણુદાસ આ રીતે નિરૂપે છે : વૃંદા વિજયનંદા નામની દાસીને લઇને જાલંધરની ખબર લેવા નીકળે છે. એક સુંદર વન રસ્તામાં આવે છે જ્યાં તમામ પશુઓ એકબીજાને મારવાને બદલે પરસ્પર પ્રીત ધરીને રહે છે. વૃંદાને આ જોઇ નવાઇ લાગે છે. પોતાનો રથ થોભાવે છે. એક વૃક્ષ નીચે એક મુનિવરને અને એના ચેલાને જોઇને વૃંદા રથને ત્યાં લઇ જવા કહે છે. ચેલો વૃંદાને મુનિની નજરથી દૂર રહેવા કહે છે. વૃંદા મુનિની પાછળ ઉભી રહે છે. ભગવાન વિષ્ણુ એક માયા રચે છે. એક સગર્ભા મૃગલીને પારધિ મારી નાખે છે. એની ચીસોથી મુનિ આંખો ખોલે છે. પારધિના કુકર્મથી ગુસ્સે થયેલા મુનિ એની નજરથી પારધિને બાળીને ભસ્મ કરે છે. ચેલો આ ત્રણેને સજીવન કરવા મુનિને વિનવે છે. મુનિવર એ ત્રણેને જીવતાં કરે છે. વૃંદાને મુનિ પર વિશ્વાસ બેસે છે. હવે વૃંદા મુનિની નજર સામે આવીને ઊભી રહે છે. વિષ્ણુની પૃચ્છાના જવાબમાં પોતાની ઓળખ આપી વૃંદા પોતાના સ્વામીના સમાચાર મુનિને પૂછે છે. પહેલાં તો મુનિ પોતે કશું જાણતા નથી. સ્ત્રી સાથે વાત કરતા નથી, એમ કહી વૃંદાની વાતને ટાળે છે, પરંતુ ગદ્ગદ્ કંઠે કરગરતી વૃંદા પોતાનો પતિ કુશળ છે ને ? એનો જ ઉત્તર આપવા મુનિને વિનંતી કરે છે. ત્યારે આંખો મીંચી મુનિ મસ્તક હલાવે છે. સતી મનમાં ત્રાસ પામે છે. જે હોય તે સત્ય કહેવા વિનવે છે. 'વિષ્ણુએ ચક્ર પ્રહારે તારા પતિને મારી નાખ્યો છે એટલું જ નહિ તેના હાથ, પગ, મસ્તક અને શરીરના કટકા કરી નાખ્યા છે.' એવાં મુનિનાં વચનો સાંભળી વૃંદાને વિશ્વાસ બેસતો નથી.

'સત્ય હું ચૂકી નથી તો કયમ મરે ભરથાર ?'[૩૦]

શંકિત વૃંદાની શંકા દૂર કરવા વળી વિષ્ણુ માયા રચી ભયંકર વંટોળ ઉત્પન્ન કરે છે. એ વંટોળથી જાલંધરનું મસ્તક ઊડીને અહીં પડે છે. વૃંદા એ મસ્તકને ઓળખીને ત્રાસ પામે છે. એટલામાં જમણો હાથ પછી ડાબો હાથ આવીને પડે છે. પછી હાથ પગ વિહોણું શરીર આવીને પડે છે. પછી બે પગ પડે છે. વૃંદાને વિશ્વાસ આવે છે. કંદૂક હાથમાં લઇ જૂએ છે. નવપલ્લવિત કળીઓ ગણે છે. એંધાણ મળે છે. શરીરનાં તમામ અંગો એકઠાં કરી વૃંદા વિલાપ કરે છે.

પતિવ્રતધર્મનું પાલન કરતી વૃંદાનો વિલાપ આખું ૩૨ મું કડવું રોકે છે. વિષ્ણુદાસનું કવિત્વ અહીં ખીલી ઊઠે છે. પતિનાં મૃત્યુ પાછળ પોતાનું મૃત્યુ વહોરવા તૈયાર વૃંદા મુનિને વિનંતી કરતાં કહે છે કે, 'મને જલ્દીથી પતિની સાથે અગ્નિને સમર્પિત કરો.' વૃંદાની આવી વાત સાંભળી મુનિ કહે છે કે, 'મારા આશ્રમમાં મૂઆ પશુ જીવતાં થાય છે તો એક નારીને કેમ કરીને બાળું ?' વૃંદા જાલંધરને જીવતો કરવા મુનિને વિનવે છે. એ પોતાનું કામ નથી એમ કહેતા મુનિને વૃંદા કહે છે કે, મે મારી નજરે તમારી કૃપાથી ત્રણને સજીવન થતાં જોયા છે.' ચેલો પણ વૃંદાના સમર્થનમાં ગુરુને વિનંતી કરે છે. ગુરુ જાલંધરના શરીરના અંગોને એકઠાં કરી ગોઠવી તેના પર મૃગચર્મ ઢાંકવા કહે છે. કમંડળમાંથી જલનો અભિષેક એના પર છાંટતા મુનિ જાલંધરને બેઠો થવા કહે છે અને જાલંધર અંગ મરડતો બેઠો થાય છે. ઊંઘમાંથી સ્વપ્ન દૂર થાય એ ગતિથી સતીનો શોક દૂર થાય છે. મુનિને પ્રણામ કરી બધા ઘરે આવે છે.

સ્નાન, ભોજન વગેરે દૈનિક કાર્ય પૂર્ણ કરી, સોળ શણગાર કરી વૃંદા પતિ સાથે સેજ પર આવે છે. કામકેલિ રસ માણતા વિષ્ણુએ કપટથી વૃંદાને ભોગવી સતીનું સત્ય ચૂકાવ્યું. પછીની વિગતોના ક્રમમાં કવિ ફેરફાર કરે છે. મૂળ કથાનકમાં જાલંધર વધ પહેલા શીલભંગ પછી વિષ્ણુને શાપ આપી વૃંદા ચિતામાં બળી મરે છે. અહીં વૃંદાના શીલભંગ પછી કવિ તરત શિવ-જાલંધર વચ્ચેના ઘોર સંગ્રામની વાત કરે છે અને અંતે અર્ધચંદ્ર બાણ વડે શિવ જાલંધરનું મસ્તક છેદે છે. એ મસ્તક વૃંદા અને વિષ્ણુ જ્યાં એકાંત સ્થળે હતાં ત્યાં આવીને પડે છે. તરત વૃંદા સ્વામીના મસ્તકને ઓળખે છે. તો પોતાની સાથે આ કાળા કર્મનો કરનાર કોણ છે ? વૃંદાથી શાપિત થવાની બીકે વિષ્ણુ ભગવાન થરથર ધ્રુજે છે. પ્રથમ પતિના મૃત્યુ પર વિલાપ કરતી અને પછી વિષ્ણુને શાપ આપવા જતી વૃંદા સમક્ષ વિષ્ણુ મૂળરૂપે પ્રગટ થાય છે. છતાં વૃંદા શાપ આપે છે, 'તાપસરૂપે તમે મને ભ્રષ્ટ કરી છે માટે તારી પત્નીને તાપસ ઉપાડી જશે. તમારી જડમતિથી તમે જે આ કુકર્મ કર્યું છે તેનાથી તમે પાષાણરૂપ થજો.' વિષ્ણુ સામે સતીને શાપ આપતાં કહે છે કે, 'તું વૃંદાવનમાં વનસ્પતિરૂપ થજે. મારા પર લોકો વસ્ત્રો ધોશે તો તને ચૂલામાં નાખી બાળશે.' ત્યારે વૃંદા કહે છે, 'તમે શૈલરૂપ થશો પણ વિશ્વ તમારું એ

રૂપે પૂજન કરશે. તમે મારા ભરથાર થયા હવે તમારાથી અળગી કેવી રીતે કરશો ?' ભગવાન વિષ્ણુ વૃંદાના આ વચનોથી તેને વશ થાય છે અને 'તુલસી'નું વરદાન આપી તેને પટરાણી પદે સ્થાપીને 'તુલસી' માહાત્મ્યને કવિ વિષ્ણુના મુખે વર્ણવે છે. વિષ્ણુ વૃંદાના શાપને મસ્તક ચઢાવે છે. વૃંદા પતિનું મસ્તક ખોળામાં લઈ અગ્નિમાં બળી મરે છે. તેની રાખમાં વિષ્ણુ આળોટે છે અને તુર્ત જ તેમાંથી તુલસીના છોડ ઉત્પન્ન થાય છે.

વૃંદા વિષ્ણુ જે સ્થળે એકાંત માણી રહ્યા છે ત્યાં જાલંધરના મસ્તકનું આવીને પડવું, વૃંદાના શાપની બીકે વિષ્ણુનું અસ્સલ રૂપમાં પ્રગટ થવું, વૃંદાનું શાપ આપ્યા પછી વિષ્ણુના શરણે જઈ પત્ની તરીકે ભોગવી છે તો તમે કંથ તરીકે મને અળગી કઈ રીતે કરી શકો ? વગેરે વિષ્ણુદાસનાં મૌલિક ઉમેરણો છે, જે કથાને વધારે રસિક બનાવવા ઉપકારક નીવડ્યાં છે.

મૂળ 'પદ્મ પુરાણ'માં વૃંદાના શીલભંગનું કથાનક ભગવાન વિષ્ણુના પાત્રોચિત ગૌરવને લાંછનરૂપ છે. મૂળ કથાનક ભગવાન વિષ્ણુનું લંપટ પુરુષ જેવું જ વર્ણન આપે છે જેનાથી ભગવાન વિષ્ણુનું પાત્રોચિત ગૌરવ હણાય છે. 'પદ્મપુરાણ'માં વૃંદાને મોહ પમાડતા વિષ્ણુ લક્ષ્મી પ્રત્યે નિસ્પૃહ બનતાં જણાય છે. વૃંદાને મોહ પમાડવાથી મળતા સુખને મોક્ષથી પણ અધિક માને છે. વિષ્ણુના માનસનું આ પ્રકારનું વર્ણન તેને પદચ્યુત કરે છે. વિષ્ણુદાસ આ પ્રકારના વર્ણનથી દૂર રહ્યા છે તેથી વિષ્ણુનું ગૌરવ પણ જળવાય છે અને ભાવકોના હૃદયને આઘાત આપવાથી બચી જાય છે.

એ સિવાય, વૃંદાના શીલભંગ પછી પ્રાણ ત્યાગવા તત્પર વૃંદા પાસે તેને સદેહે સ્વર્ગમાં લઈ જવા અપ્સરાઓ આવે છે. વૃંદા અપ્સરાઓને વિદાય કરી પોતાને યોગના અભ્યાસ વડે પ્રાપ્ત થયેલ જ્ઞાનરૂપી અગ્નિ દ્વારા (સત્વાદિ) ગુણોને બાળી ભસ્મ કરે છે અને પછી પોતાના મનને વિષયોથી વિમુખ કરી મોક્ષ પ્રાપ્ત કરે છે, એવો ઉલ્લેખ 'પદ્મપુરાણ'માં મળે છે, પરંતુ વિષ્ણુદાસનું નિરૂપણ વધુ વાસ્તવિક અને તર્કસંગત લાગે છે. મધ્યકાલીન યુગમાં સ્ત્રીઓનું, પતિની ચિતામાં પતિ સાથે બળી મરી સતી થવું, એ પરંપરાને અહીં વિષ્ણુદાસ અનુસરે છે, જે કથાને સમસામયિક બનાવે છે.

'જાલંધર વધ'નો પ્રસંગ 'પદ્મ પુરાણ'માં ખૂબ વિસ્તૃત રીતે વર્ણવાયો છે. વૃંદાના મહામાયા દ્વારા હરણની વાત જાલંધર દુર્વારણ દ્વારા જાણે છે ત્યારે તે શિવ અને વિષ્ણુ બેમાંથી પહેલું યુધ્ધ કોની સાથે કરવું તે માટે દુર્વારણને પૂછે છે અને દુર્વારણ શિવ સાથે યુધ્ધ કરવાનું કહે છે. શિવગણો અને દૈત્ય સેના વચ્ચે ભયંકર શસ્ત્રાસ્ત્રોથી યુધ્ધ થાય છે. રણમેદાનમાં શબોના ઢગ ખડકાય છે. શિવના આંજી નાખતા તેજ સામે પણ જાલંધર નિર્ભયતાથી લડે છે ત્યારે તેની વીરતાથી પ્રસન્ન થયેલા શિવ

તેને વરદાન માગવા કહે છે. જાલંધર 'સાયુજ્ય મુક્તિ'નું વરદાન માગે છે. અહીં જાલંધર શિવના પરમ ભક્ત હોવાનું ફલિત થાય છે. દેવ ઇચ્છે કે ન ઇચ્છે પણ શિવના હાથે મૃત્યુને વરેલાને સાયુજ્ય મુક્તિ મળશે જ. તેથી જાલંધર શિવના હાથે હણાવા ઉત્સુક છે. બંને વચ્ચે ઘોર સંગ્રામ થાય છે. છેવટે શિવ પોતાના મુખમાંથી સુદર્શન ચક્ર કાઢી તે વડે જાલંધરનો શિરચ્છેદ કરે છે. શિવની ઇચ્છાથી જોગણીઓ દૈત્યના શબના ઢગોનો નિકાલ કરે છે. જાલંધરના દેહમાંથી તેજ બહાર નીકળી શિવના દેહમાં વિલીન થાય છે. જાલંધરની પ્રસંશા કરતા દેવો પોતપોતાને સ્થાને બિરાજે છે. આ સાથે કથા સમાપ્ત થાય છે.

આ બધી જ વિગતોના વર્ણનમાં કે ક્રમમાં વિષ્ણુદાસ નાના મોટા ફેરફારો કરે છે. અહીં 'જાલંધર વધ' પછી વૃંદા વિષ્ણુના પરસ્પર શાપનું, વરદાનનું, તુલસીની ઉત્પત્તિ અને એના માહાત્મ્યનું કવિ વર્ણન આપે છે. અહીં જાલંધરને બદલે વૃંદાના અવતારને ધન્ય માનતા દેવો સ્વસ્થાન ગમન કરે છે. અંતે વાલ્મીકિ ઋષિ ભારદ્વાજને કહે છે કે હવે તમારા મનનો સંદેહ ટળ્યો હશે. વૃંદાના શાપથી રાવણ તાપસ વેશે સીતાનું હરણ કરે છે. ભારદ્વાજ વળી એ કથા પણ આગળ સાંભળવા ચાહે છે પરંતુ 'વિષ્ણુના આવા પરાક્રમ પછી સંભળાવીશ' એવાં વાલ્મીકિનાં વચનો સાથે જાલંધરની આ કથા વિષ્ણુદાસ અહીં પૂરી કરે છે. મધ્યકાલીન આખ્યાન પરંપરા અનુસાર છેલ્લી નવેક પંક્તિમાં આખ્યાનની ફલશ્રુતિ આપ્યા પછી જ વિષ્ણુદાસ આખ્યાન પૂર્ણ કરે છે.

આમ, મધ્યકાલીન કવિ વિષ્ણુદાસે 'પદ્મ પુરાણ'માંથી જાલંધર કથાનો સંદર્ભ લીધો છે, એવું આખ્યાનમાં જ દર્શાવ્યું છે તે મુજબ મુખ્ય પ્રસંગોમાં કવિ મૂળ કથાને અનુસર્યા છે, છતાં ઘણા ખરા પ્રસંગોમાં કવિએ નિજી મૌલિક પ્રતિભા દાખવી, ફેરફારો કરી, આખ્યાનને વધુ કાવ્યાત્મક અને સમસામયિક નિખાર આપ્યો છે.

## ૪:૧ 'જાલંધર આખ્યાન'ની પાત્ર સૃષ્ટિ :

'જાલંધર આખ્યાન'નુ મૂળ 'પદ્મ પુરાણ'માં છે. ત્યાં એ કથા દેવો અને દાનવો વચ્ચેના યુધ્ધની આડકથા રૂપે આવે છે. જેને અહીં વિષ્ણુદાસે વિષય તરીકે પસંદ કરી સ્વતંત્ર આખ્યાન સ્વરૂપે રજૂ કર્યું છે. 'પદ્મપુરાણ'નું કથાનક ધરાવતી આ કૃતિના તમામ પાત્રો સ્વાભાવિક જ પૌરાણિક હોવાના. આમ તો જાલંધર વૃંદાના પાત્રને બાદ કરતા તમામ પાત્રો દૈવી પાત્રો છે. ક્યાંક પૌરાણિક પાત્રો ગૌરવચ્યુત થાય છે. ક્યાંક એ પાત્રોનું ગૌરવ જળવાય છે તો વળી ક્યાંક કોઈ દૈવી પાત્રોમાં માનવીય ભાવોનું પ્રતિબિંબ ઝિલાય છે. વીરરસ સભર આ આખ્યાનના પૌરાણિક પાત્રો પૌરાણિક વાતાવરણને ખડું કરવામાં મહત્તમ ફાળો આપે છે.

અહીં શિવ, જાલંધર, વિષ્ણુ, ઇન્દ્ર, બ્રહ્મા, શુક્રાચાર્ય, રાહુ વગેરે પુરૂષ પાત્રો છે. વૃંદા લક્ષ્મી, પાર્વતી વગેરે સ્ત્રી પાત્રો છે. વિષ્ણુદાસ અહીં 'ગરૂડ'ને પણ એક પાત્ર તરીકે રજૂ કરે છે. એ સિવાય, તદ્દન ગૌણ પાત્રોમાં નારદ, કૃત્યા, શિવગણ, દૈત્યો વગેરે તદ્દન ઓછું મહત્ત્વ ધરાવતા પાત્રોનો પણ ઉલ્લેખ કરવો ઘટે. વિષ્ણુદાસની પાત્રાલેખન ક્લાની શક્તિનો પરિચય કરાવતાં આ પાત્રો કથાને આસ્વાદ્ય બનાવવા સાથે કથાને પૌરાણિકતા બક્ષે છે. પહેલા પુરુષ પાત્રો અને પછી સ્ત્રી પાત્રો એ ક્રમે વિષ્ણુદાસની પાત્રાલેખન કલાનો પરિચય મેળવીએ.

## ૪:૧:૧ પુરુષ પાત્રો :

### (૧) ભગવાન શિવ :

ભક્ત વત્સલ, ભોળાનાથનું બિરુદ ધરાવતા ભગવાન શિવ જેટલા જલ્દી કોપાયમાન થાય છે એટલી જ આસાનીથી રીઝી પણ જાય છે. ભક્તની અલ્પ ભક્તિથી પણ મોં માગ્યા વરદાનો આપી દેનારા શિવ ક્યારેક અયોગ્ય પાત્રને વરદાન આપીને સૃષ્ટિ માટે ભયંકર આફત પણ ઉભી કરે છે. જો કે એનો ઉપાય પણ આખરે તો એણે જ શોધવાનો હોય છે.

અહીં સ્વર્ગના અધિપતિ એવા ઇન્દ્રને પોતાના બાહુબળ પર અહંકાર ઉત્પન્ન થયો છે. અપ્સરાઓ અને ગાંધર્વો સાથે કૈલાસ જઇ નાચગાનથી ભોળાનાથને પ્રસન્ન કરી વરદાન માગતા કહે છે કે, 'મન દઢ કરીને તમે મારી સાથે લઢો અથવા તમારા સરખો કોઇ સુભટ મને આપો જે મારી સાથે યુધ્ધ કરે.' ભગવાન શિવ ઇન્દ્રને હસીને કહે છે, 'આ તો અહંકાર છે. એવું ન બોલીએ, આ અસ્થિર કાયા પર આવું અભિમાન ?' ચેતવણી પણ આપે છે 'મૃગ ખોળતાં મૃગરાજ મળશે; પછે ઘસશો હાથ.' પણ યુધ્ધ જવરથી પીડાતા ઇન્દ્ર બીજી કોઇ વાત સાંભળવા તૈયાર નથી. 'મુછ મરડે, અંગ મોડે, ઝાટકે સૂર હાથ'-એવા ઇન્દ્રનાં અભિમાની વર્તનથી શિવ ક્રોધપૂર્વક તેને વરદાન આપી બેસે છે.

ઇન્દ્રનાં ગર્વિષ્ઠ વચનોથી ક્રોધે ભરાયેલા ભગવાન શિવના ભાલે પ્રસ્વેદ વળે છે. હાથ વડે એ પ્રસ્વેદ લઇ પાસે પાણી ભરેલા કૂંડામાં નાખે છે. શંકરના ભાલપ્રદેશમાંથી પડેલો એ પ્રસ્વેદ મોટો પરપોટો બને છે. મૂઠ, ચોટ, બાણ, ખડગ, ત્રિશૂલ કશાથી નહીં ફૂટેલા પરપોટાને સાગરમધ્યે જઇ મૂકવાની નંદીગણને શિવ આજ્ઞા કરે છે. સાગરના પાણીમાં જળના ગોટ ઉડાડતો પરપોટો મોટો થાય છે. સમય જતાં પરપોટો ફૂટે છે અને તેમાંથી પુરૂષદેહ પ્રગટે છે. શિવના પ્રસ્વેદમાંથી ઉત્પન્ન થયેલો પુરુષદેહ તે જાલંધર. શિવના ક્રોધમાંથી પ્રગટેલો શિવનો અંશ પછી તો ઇન્દ્ર સહિત તમામ દેવોને

ત્રાહિમામ પોકારાવે છે. ઇન્દ્રને પહેલાં તો ભગવાન શિવ વિવેકપૂર્વક હસીને અહંકાર ન કરવા કહે છે છતાં ઇન્દ્રની વારંવારની યુધ્ધની માગણીથી ભગવાન શિવ ક્રોધે ભરાય છે. અહીં ભગવાન શિવના ક્રોધનો ભાવકને પરિચય થાય છે.

કડવા - ૧૪ માં કવિ ભગવાન શિવ કેવી કેવી વિચિત્રતાઓ અને વિરોધાભાસો વચ્ચે વસે છે એનો સુંદર પરિચય આપે છે. શંકરના ગળે નાગ, કાર્તિકનું વાહન મોર, ગણપતિનું વાહન ઉંદર, નાગ ઉંદરને પકડવા જાય, મોર નાગ પર તરાપ મારે, નાગ પાછો શંકરની કોટે વળગી જાય. આવા વિરોધાભાસ વચ્ચે પણ શિવના પાત્રમાં માનવીય સંવેદનાઓ ભરી તેના પ્રસન્ન મધુર દાંપત્યજીવનનો પરિચય પણ કવિએ કડવાં પંદરમાં કરાવ્યો છે. જાલંધરના આક્રમણથી ડરી શિવના શરણે દેવો આવે છે ત્યારે શિવના ખોળામાં પાર્વતી બેઠા છે. પતિ પત્નિ મનમાં ઉમંગ ધરી હાસ્ય વિનોદ કરી રહ્યા છે. દેવોની બૂમરાણ સાંભળી દેવીને ખોળામાંથી ઉઠાડી અંદર જવા કહે છે. 'આપણને આ રીતે સજોડે જોઇ દેવો આપણી મશ્કરી કરશે માટે ઘરમાં જાઓ', આમ કહેતા ભોળાનાથ દેવ કરતાં રસિક પતિ વધારે લાગે છે. દૈવી પાત્રોનો કેલિ-વિનોદ ક્યાંક કોઇને ખૂંચે પણ ખરો, પરંતુ કવિની સામે તત્કાલીન લોકમાનસ છે. જેને મનોરંજન આપવાના એક માત્ર ઉદ્દેશથી કવિ આ પ્રકારનું વર્ણન આપે એ સમજાય એવી વાત છે. માનવીકરણની અતિમાત્રા એ પાત્રને ગૌરવચ્યુત કરે એ કવિની મર્યાદા બની રહે છે.

ભગવાન શિવના શરણે જાલંધરથી ત્રસ્ત બનેલા દેવો આવે છે ત્યારે ભગવાન શિવ ફરી ક્રોધે ભરાઇને ઇન્દ્રને કહે છે કે હવે તારૂં બળ ક્યાં ગયું ? ઇન્દ્ર અજ્ઞાનીપણાને લઇને કરેલી ભૂલની જ શિવ પાસે ક્ષમા માગે છે. વિષ્ણુને કહે છે 'તમે કેમ યુધ્ધ કરતા નથી?' ભગવાન વિષ્ણુ હસીને કહે છે કે, 'એ સુભટ તમારો અંશ છે. તમે જેને ઉત્પન્ન ર્ક્યો છે એ તમારાથી જ મરશે', અને ભોળાનાથ દેવોની વાતમાં આવી જાલંધર સાથે યુધ્ધ કરવા તૈયાર થાય છે. શિવ પાસે જોકે જાલંધર સાથે યુધ્ધ કરવા સબબ કારણ પણ છે અને તે એ કે જાલંધરે શિવ પાસે પાર્વતીની માગણી કરેલી.

ભગવાન શિવ કરૂણાના સાગર છે, દયાનિધાન છે એની પ્રતીતિ દાનવગુરુ શુક્રાચાર્ય સાથેના એમના વર્તનમાં જોવા મળે છે. દાનવરાજ ગુરુને શુભ મુહુર્તે રણસ્થંભ રોપવાનું કહે છે. દેવો યુધ્ધમાં વિઘ્નરૂપ શુક્રાચાર્યની દાનવોને પોતાની મૃત સંજીવની વિદ્યા વડે સજીવન કરવાની વાત ભગવાન શિવને કહે છે. શિવ તત્કાળ ખગપતિને રણસ્થંભ રોપતા શુક્રાચાર્યનું હરણ કરી લાવવાની આજ્ઞા આપે છે. અહીં ભગવાન શિવ શુક્રાચાર્યને પ્રાણદંડ આપવાને બદલે માત્ર તેનું હરણ કરી તેને ગુપ્ત

જગ્યાએ સંતાડીને જીવતાં રાખે છે. જો કે ક્ષણ માત્રમાં પોતાના અંગમાંથી પ્રગટ કરેલ કૃત્યાના હાથમાં સોંપતા શુક્રાચાર્યની આ દુર્ગતિ સુરુચિમય નથી છતાં રાહુ કે શુક્રાચાર્યને તેમના કર્મોના બદલામાં દેહાંતદંડથી ભોળાનાથ મુક્ત રાખે છે તે તેના કરૂણાનિધાનના બિરુદને સાર્થક ઠેરવે છે.

શિવ જાલંધરના યુધ્ધ વર્ણનોમાં કવિ એકાધિક વાર શિવના જાલંધરથી પરાસ્ત થવાના પ્રસંગો યોજે છે. 'બાપ કરતાં બેટો સવાયો' એ ન્યાયે શિવનો એ અંશ શિવને બરાબર હંફાવે છે. શિવના બીજા અસ્ત્રો શસ્ત્રો તો ઠીક પણ પિનાક પણ જાલંધરને સ્પર્શ્યા વિના પાછું ફરે છે, ત્યારે શિવને પરમ આશ્ચર્ય થાય છે. શિવનાં તમામ આયુધોનો કચ્ચરઘાણ કરતો દાનવરાજ શંકરનું માન મુકાવે છે. એક સમયે જાલંધર શિવને ગળેથી પકડી આકાશમાં ઉછાળે છે. જેમ વંટોળથી તરણું ઉડે એમ જાલંધર થકી શિવ આકાશમાં અગીયાર વાર ઉછળે છે. એ રીતે યુધ્ધ કરતાં બાર દિવસો પસાર થાય છે. જર્જરિત કાયા સાથે શિવ વિષ્ણુ પાસે આવીને હવે પોતે જાલંધર સાથે લડી શકે તેમ નથી એવું જણાવે છે. પોતાના શસ્ત્રો દાનવને સ્પર્શ્યા વિના ભાંગી જાય છે એ અંગેનું આશ્ચર્ય શિવ પ્રગટ કરે છે. વિષ્ણુ લક્ષ્મીજી દ્વારા દાનવના મરણનું કારણ જાણી શિવને કહે છે. જાલંધરની પત્ની વૃંદા જો સત્યવ્રત, પતિવ્રત ચૂકે તો જ જાલંધર પરાસ્ત થાય. ખુદ ભગવાન શિવ વૃંદાને છળવા જાય છે. રણમેદાનમાં શિવને ન જોતાં જાલંધરને સંદેહ થાય છે કે શિવ વૃંદાને છળવા ગયા છે તેથી તે પાર્વતીને છળવા જાય છે. શિવ વૃંદાના રૂપની પ્રશંસા સાંભળીને ઘેલા થયા છે. એને છળવા અધીરા બન્યાં છે પરંતુ વૃંદા ત્રિપુરારને ઓળખી જાય છે. વૃંદાથી લજ્જિત થયેલા ભગવાન શિવ નીચું મોં કરી પાછા વળી જાય છે. જાલંધર એ શિવનો અંશ અને તેની પત્ની તે પુત્રવધૂ સમ, તેને છળવાનો શિવનો પ્રયત્ન અને એ અંગેની શિવની અધિરાઈથી શિવનું પાત્રોચિત ગૌરવ હણાય છે.

વિષ્ણુ દ્વારા જાલંધર પત્ની વૃંદાના શીલભંગ પછી પણ પૂરી તાકાતથી જાલંધર શિવ સાથે યુધ્ધ કરે છે. અગ્નિ સામે મેઘ. શિલાસ્ત્ર સામે વજ્રાસ્ત્ર અને પિનાકથી પણ પરાસ્ત ન થતાં જાલંધર પર અંતે શિવ અર્ધચન્દ્ર બાણથી પ્રહાર કરી તેનું મસ્તક છેદે છે. આમ, શિવનો અંશ શિવ દ્વારા જ હણાય છે.

શિવ - જાલંધરના યુધ્ધ વર્ણનમાં કવિએ 'બાપ કરતા બેટો સવાયો' એ ન્યાયે જાલંધરથી દરેક વખતે શિવને પરાસ્ત થતાં બતાવ્યા છે, પરંતુ દાનવની વીરતા સામે શિવનું વીરત્વ ઊણું ઉતરે એ સર્વથા અયોગ્ય લાગે છે. શિવના પરાસ્ત થવાના દરેક પ્રસંગને કવિએ અતિશયોક્તિ પૂર્વક વર્ણવ્યા છે. જગતનો સ્વામી આટલો નિર્માલ્ય ! કરુણાનિધાનનું બિરુદ પામેલા ભગવાન શિવની આવી

કરુણાજનક સ્થિતિ ! વળી, વિના કારણ વૃંદાને છળવા તૈયાર થતા શિવના પાત્ર માટે આનાથી મોટું લાંછન ક્યું ? શિવ કરતાં જાલંધર અહીં ચારિત્ર્ય કે નીતિમત્તાની દષ્ટિએ ઊંચો ઠરે છે ! શિવ વૃંદાને છળવા ગયા હશે એમ ચતુર દાનવ સમજી જાય છે પછી જ એ પાર્વતીને છળવા જાય છે. શિવ દ્વારા વૃંદાને છળવા માટેની કોઈ નક્કર ભૂમિકા કવિ બાંધી શક્યા નથી. અલબત્ત, જાલંધરનું અવતારકૃત્ય પૂર્ણ થયું - દેવાધિદેવ ઇન્દ્રનો ગર્વ ચકનાચૂર થયો જાણી શિવ તેને મૃત્યુદંડ દેવા તૈયાર થયા છે એ વાત સ્વીકારીએ તો પણ જાલંધરને મારવાનું ઠોસ કારણ કવિ જણાવી શકતા નથી અને તેથી શિવ વિના કારણ જાલંધરનો વધ કરે એ કાવ્યની દષ્ટિએ, પાત્રની દષ્ટિએ પણ ન્યાયોચિત નથી. જાલંધરે પાર્વતીને છળવાની કોશિશ કરી'તી એ કારણ પણ અહીં આપી શકાય તેમ નથી કેમકે એ પહેલાં એવું જ કાર્ય શિવ દ્વારા પણ થયેલું. આમ, કવિ અહીં કાવ્યન્યાય જાળવી શકયા નથી. વિષ્ણુદાસની કલમે આલેખાયેલું શિવનું પાત્ર આ પ્રસંગે 'ભક્ત વત્સલ'ના બિરુદને સાર્થક ઠેરવતું જણાતું નથી.

### (૨) જાલંધર :

'જાલંધર આખ્યાન'નું વસ્તુ પૌરાણિક છે તેથી સહજ જ તેના પાત્રો પણ પૌરાણિક હોવાના. 'જાલંધર આખ્યાન' શીર્ષક જ સૂચવે છે કે પ્રસ્તુત આખ્યાનનું મુખ્ય પાત્ર છે જાલંધર. જાલંધરનું પાત્ર પૌરાણિક છે પરંતુ વિષ્ણુદાસે એ પાત્રમાં મધ્યકાલીન ક્ષાત્રત્વના ચમકારા જે રીતે દર્શાવ્યા છે એ પરથી કહી શકાય કે કવિએ મધ્યકાલીન યુગના સંસ્કારોના પ્રબળ પ્રભાવ તળે એ પાત્રનું સર્જન કર્યું છે.

ઈન્દ્રના ગર્વનું ખંડન કરવા શિવના ક્રોધમાંથી જન્મેલો જાલંધર દાનવરાજ થવા સર્જાયેલો વીર યોધ્ધો છે. જાલંધરનો જન્મ અહીં કવિ પરપોટા રૂપે થયેલો દર્શાવે છે. એ પરપોટો જ એવો વજ્રદેહી હતો કે એ બાણ કે ત્રિશૂળની ધારનો કચ્ચરઘાણ કરતો હતો. એ પરપોટાને સમુદ્રમાં મૂકવામાં આવ્યો. ત્યાં પણ જળના ગોટ ઉડાડતો અહીંથી ત્યાં ફર્યા કરતો હતો. અવધ પૂર્ણ થતાં પરપોટો ફૂટે છે અને એમાંથી એક પુરુષતન પ્રગટે છે. શિવના પ્રસ્વેદથી પ્રગટેલો એ શિવનો અંશ પ્રબળ ગર્જના કરે છે. ચૌદ લોકમાં એ અવાજ પહોંચે છે. ત્યારે શેષ ડોલવા લાગે છે. ધરા કંપી ઊઠે છે. દિવસમાં દસ વાર એકલા સાગરને ઓળંગતા એ બાળકના પરાક્રમોથી ત્રાસી જઇ સાગર ઇન્દ્ર પાસે જઇ પોતાની વ્યથા કહે છે. સિન્ધુ સાથે ઇન્દ્ર અને તમામ સરગણ બ્રહ્મા પાસે આવે છે. બ્રહ્મા સહિત બધા આખરે સિંધુના કિનારે આવે છે. મહાભયંકર અવાજ કરતાં વીર બાળકને દર્શન આપવા માટે દેવો આજીજી કરે છે. સ્તવન માંડે છે. સૂરગણની પ્રાર્થના સાંભળીને વેગથી બહાર આવેલો બાળક અકસ્માતે બ્રહ્માના

ખોળામાં આવી પડે છે. એ પરમ સુંદર બાળક પૂરી તાકાતથી બ્રહ્માની દાઢીના વાળ પકડે છે. બ્રહ્મા બાળકના પરાક્રમથી પ્રસન્ન થઇ તેને વરદાન આપી બેસે છે. સાથે સાથે તેનું નામકરણ પણ બ્રહ્મા દ્વારા થાય છે. 'પ્રથમ તો તે મારુ જાળું ગ્રહણ કર્યું તેથી તારુ નામ જાલંધર તેમજ તું મહા બળવાન થશે.' એવા વરદાન સાથે બ્રહ્મા તેને મથુરા જઇ ક્રૌંચકની પુત્રી વૃંદાને પરણી કન્યા અને રાજ્ય બંને પામવાની આશિષ સાથે જાલંધરને તિલક કરે છે. જાણે વિજય તિલક !

ક્રૌંચક રાજા જ્યાં રાજ્ય કરે છે, ત્યાં મથુરામાં મેઘની પેરે ગાજતો વીર જાલંધર ધસમસતો જાય છે. ક્રૌંચક એના પરાક્રમ જાણી પુત્રી વૃંદાને જાલંધર સાથે પરણાવે છે. જાલંધરને વૃંદા સાથે મથુરાનું રાજ્ય અને સર્વ પ્રકારની સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે. સકલ દેશને જીતી યશ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી જાલંધર સૈન્ય સાથે નીકળી પડે છે. અયોધ્યા, કાશ્મીર, કાશી, સિંધુ, સોરઠ, મત્સ્ય, મારુ, અવન્તી તમામ પ્રદેશોમાં તેની આણ વરતાય છે. જાલંધર દિગ્વિજયી બન્યો છે. હવે જાલંધર સુખેથી પોતાનું રાજ્ય શાસન સંભાળે છે. ક્યાંય કોઇને દુ:ખ નથી. ભૃગુ ઋષિ ગુરુપદે રહી રાજ્યના તમામ કામ સંભાળે છે. વિવિધ વૈભવ અને પરમ સુખને ભોગવતા જાલંધરની સભામાં એકવાર આકાશ માર્ગેથી એક ધડવિહીન શીશ આવી ચડે છે.

ધડ વિહીન શીશને પૂરા સન્માન સાથે આસન આપીને જાલંધર તેના વિશે પૃચ્છા કરે છે. તેના જવાબમાં સ્વર્ભાનુ જણાવે છે કે, 'મારૂં દુ:ખ એ તારૂં પણ દુ:ખ છે જે તને જણાવવા આવ્યો છું.' કશ્યપ ઋષિના પુત્ર રાહુ રીકે પોતાની ઓળખાણ આપ્યા પછી જાલંધરના પિતા સાગરના દેવો દ્વારા થયેલા મંથનની કથા રાહુના મુખે સાંભળીને ક્રોધાવેશ યુક્ત જાલંધર કહે છે કે, ''દેવોને હરાવીને તેનું માન ન મુકાવું તો હું સાગર તન નહીં. ઇન્દ્રાસન ઉખેડી નાખું, બ્રહ્મસદનનાં ચૂરા કરૂં, કૈલાસ સમૂળો ઉખેડી સાગરમાં પધરાવી દઉં, દેવો પાસેથી પિતાના રત્નો ખૂંચવીને પિતાની વેદનાને શાંત કરીશ.'' જાલંધરની આવી પરાક્રમી વાણી ક્ષત્રિયવીરને છાજે તેવી છે.

વૃંદાની યુધ્ધ ન કરવાની સલાહ છતાં સૈન્ય સાથે જાલંધર દેવો સાથે યુધ્ધ લડવા જાય છે. દેવાધિદેવ ઇન્દ્ર સાથે યુધ્ધ કરતાં પહેલાં જાલંધર દૂત મોકલી ઇન્દ્ર પાસે રહેલાં પાંચ રત્નો પરત કરવા, નહિ તો રણમેદાનમાં યુધ્ધ કરવા ઇન્દ્રને લલકારે છે. ઇન્દ્ર જાલંધરના કહેણને તિરસ્કારપૂર્વક પાછું વાળે છે ત્યારે જાલંધર ઇન્દ્ર પર ચઢાઇ કરી તેને પરાસ્ત કરે છે.

હારેલો ઇન્દ્ર બ્રહ્માને શરણે જઇ યાચના કરે છે. બ્રહ્મા તેને વિષ્ણુને શરણે જવા કહે છે. ભગવાન વિષ્ણુ ઇન્દ્રની સહાયે આવી જાલંધર સાથે યુધ્ધ કરે છે ત્યારે પણ જાલંધર અપ્રતિમ શૌર્ય

દાખવે છે. સાથે સાથે પોતાના વ્યવહારૂપણાનું દર્શન પણ કરાવે છે. વિષ્ણુ પોતાની બહેનનો પતિ છે માટે તેને યમસદન પહોંચાડી બહેનને દુઃખી કરવા માગતો નથી. તેથી જાલંધર તેના પર જીવેલેણ પ્રહાર કરતો નથી, પરંતુ છતાં હરિજી પૂરા બળથી જાલંધર પર પ્રહાર કરે છે ત્યારે ગુસ્સે થયેલો જાલંધર ફેરવીને એક ગદા ગરુડના મસ્તક પર મારે છે. ગરુડ ચિત્કાર કરતો દસ જોજન દૂર નાસી જાય છે. વિષ્ણુના પ્રહારથી દાનવો સઘળા હણાય છે ત્યારે શુક્રાચાર્ય પોતાની સંજીવની વિદ્યા વડે તમામને સજીવન કરે છે. કોઈપણ શસ્ત્ર જ્યારે જાલંધરને સ્પર્શતું નથી ત્યારે દિગ્મૂઢ બનેલા ભગવાન વિષ્ણુ શંકરના શરણે જાય છે.

છેલ્લે, ભગવાન શિવ સાથેના યુધ્ધમાં પણ એ અપ્રતિમ પરાક્રમ દાખવે છે. નિડર યોધ્ધા તરીકે ઉભરી આવતું જાલંધરનું પાત્ર શિવ સામે જરાય ઝાંખું પડતું નથી. નારદની ચઢવણીથી પાર્વતીના રૂપસૌન્દર્યથી મોહિત થયેલો જાલંધર રાહુને શિવ પાસે મોકલી પાર્વતીની માગણી કરે છે. પાર્વતીને છળવા દાનવરાજ પોતાની માયાવી શક્તિનો ઉપયોગ કરે છે. ત્યારે પણ જાલંધરના પક્ષે આપણે બચાવ કરતાં કહી શકીએ કે આ પ્રકારની પહેલ તો શિવે કરી છે !

જાલંધરની ઉત્પત્તિ જ ઈન્દ્રના ગર્વનું ખંડન કરવા થઈ છે. શિવનું એ ધ્યેય પૂર્ણ થતાં જ જાલંધરનું અવતાર કૃત્ય પણ પૂર્ણ થયું છે, પરંતુ તેના મૃત્યુ માટેનું કોઈ સબળ કારણ કવિ યોજી શક્યા નથી એ કવિની મોટામાં મોટી મર્યાદા. ખુદ શંકર પણ પોતાના જ અંશને મારી શકતા નથી. દેવોએ એને મારવા કેટ કેટલાં કપટ કરવાં પડ્યાં ? તમામ દેવોનાં પાત્રો જાલંધરના પાત્ર પાસે ઝાંખાં પડતાં જણાય છે. અંતે પણ જાલંધર દૈત્યેન્દ્ર હોવા સાથે અજેય યોધ્ધો બની રહે છે. જો કે પત્નીના સતીત્વ સાથે સંકળાયેલું તેનું બળ પત્નીના શીલભંગ થવા સાથે જ જાણે નષ્ટ પામે છે. પત્ની સતીત્વ ચૂકી છે એ જાણ્યા પછી પણ પત્ની પર તિરસ્કાર વરસાવતો જાલંધર પૂરા પરાક્રમથી દેવો સાથે બાથ ભીડે છે. તમામ શસ્ત્રો જ્યારે જાલંધરને હણવા અસમર્થ બને છે ત્યારે અર્ધચન્દ્ર બાણ વડે તે હણાય છે. શિવને એકાધિક વાર પછડાટ આપ્યા પછી પરાસ્ત થતો જાલંધર છેલ્લી ક્ષણ સુધી દેવોને હંફાવે છે. આમ, 'જાલંધર આખ્યાન'ના નાયક જાલંધરનું પાત્ર વિષ્ણુદાસની કલમે મધ્યયુગીન ક્ષત્રિયવીર જેવું ઉજ્જવલ અને પરાક્રમી આલેખાયું છે એટલું જ નહિ, દૈવી પાત્રો જાલંધરના પાત્ર સામે તેજોહીન બનતા જણાય છે.

## (૩) વિષ્ણુ :

અહીં આલેખાયેલા દૈવી પાત્રોમાંનું કુટિલમા કુટિલ પાત્ર એટલે ભગવાન વિષ્ણુનું પાત્ર. પ્રસ્તુત આખ્યાનમાં તેમનો પ્રથમ ઉલ્લેખ રાહુ દ્વારા કહેવાયેલી સમુદ્રમંથનની કથાના સંદર્ભે થાય છે. સમુદ્રમંથન દ્વારા પ્રાપ્ત થયેલા અમૃતને મોહિની સ્વરૂપ ભગવાન વિષ્ણુ દાનવોને અંદરોઅંદર લડાવી, પ્રપંચ કરી દેવોને પાઈદે છે. દેવસભામાં ચંદ્ર સૂરજ વચ્ચે જઇ બેઠેલા રાહુની તેને જાણ થતાં જ રાહુનો શિરચ્છેદ કરી નાખે છે. આમ, સમુદ્ર મંથનના પ્રસંગથી જ વિષ્ણુની કપટલીલાનો અનુભવ ભાવકોને થાય છે. જો કે દેવોનું કપટ પણ આખરે તો સમષ્ટિ માટે કલ્યાણકારી જ હોય છે.

આમ જોવા જઈએ તો જાલંધર અને વિષ્ણુ વચ્ચે કોઇ દુશ્મનાવટ નથી. છતા જાલંધરથી ભયભીત બનેલા ઇન્દ્રાદિ દેવો પર દયા આણી ભગવાન વિષ્ણુ તુરંત એમની મદદે જવા તૈયાર થાય છે. જાલંધર - વિષ્ણુ વચ્ચે થયેલા સંગ્રામમાં જાલંધર વિષ્ણુ પોતાના બનેવી છે માટે તેની પર જીવલેણ પ્રહારો કરતો નથી, પરંતુ જ્યારે વિષ્ણુ જાલંધર તરફ ચક્રનો પ્રહાર કરે છે ત્યારે જાલંધર ગુસ્સે થઇને કહે છે કે, ''અલ્યા તને આ શોભતું નથી. તારી ને મારી વચ્ચે મોટું સગપણ છે. મારી બહેન તારા ઘરમાં છે. તને કેમ કરીને હું યમસદન પહોંચાડી શકું ? જો આવું કરુ તો આખરે મારી બહેનને દુઃખ મળે નહિ તો એક ક્ષણમાં તારું મુખભંજન કરું' તું મારો બનેવી હોવાને નાતે મારો પૂજ્ય છે માટે તારા પ્રહારોને પણ હું સાંખી લઉં છું.'' આમ, દેવ - દાનવના યુધ્ધમાં આચાર વિચારમાં દેવ કરતાં દાનવનું પાત્ર વધુ માનવીય જણાય છે.

જાલંધરનાં ઉપર્યુક્ત વચનો સાંભળ્યા પછી પણ વિષ્ણુ મહાભયંકર સંગ્રામ ખેલે છે. ગુસ્સે થયેલો જાલંધર ગરુડ પર પ્રહાર કરી તેને દસ જોજન દૂર ફેંકી દે છે. વીફરેલા વિષ્ણુ દાનવ સેનાનો ખાત્મો બોલાવે છે. શુક્રાચાર્યની સંજીવની વિદ્યા વડે યોધ્ધાઓ સજીવન બને છે. ચંદ્ર સહિત તમામ શસ્ત્ર જાલંધરને અડતાં પહેલાં જ ભાંગી જાય છે. આ જોઇ દિગ્મૂઢ બનેલા વિષ્ણુ હતાશ બની રણમેદાન છોડી કૈલાસ પર શંકરના શરણે જાય છે. વિષ્ણુ જાણે છે કે જાલંધર શિવનો અંશ છે. શિવથી ઉત્પન્ન થયો તે શિવથી જ મરશે, માટે જાલંધર સાથે યુધ્ધ કરવા શિવને વિનવે છે.

શિવ - જાલંધર યુધ્ધ દરમિયાન વિષ્ણુ શિવને પૂરો સહકાર આપે છે. શિવના પણ જાલંધર પરના તમામ પ્રહારો નિષ્ફળ જાય છે ત્યારે વિષ્ણુને એક વિચાર આવે છે. તે શંકરને કહે છે કે, ''તમો ભય તજી રણમેદાનમાં જાવ. જાલંધરની બહેન લક્ષ્મી મારી પટરાણી છે. તેના દ્વારા હું જાલંધરના મૃત્યનું રહસ્ય જાણીશ.''

લક્ષ્મીજી પાસેથી કામ કઢાવવા વિષ્ણુ પત્નીની ખુશામત કરે છે. એટલી બધી ખુશામત કરે છે કે ચતુર કમળાના મનમાં સંદેહ ઉપજે છે. નક્કી કોઇક વાત છે જે ભગવાન મારા પ્રત્યે આટલો બધો ભાવ બતાવે છે ! જાલંધરના મૃત્યુનું રહસ્ય જાણવા જવાની વાત ભગવાન વિષ્ણુ લક્ષ્મીજીને કહે છે ત્યારે લક્ષ્મીજી એ વાતને સાદર નકારે છે. ભગવાન વિષ્ણુ ભયંકર અપમાનજનક શબ્દો લક્ષ્મીજીને કહે છે. પુરુષ તરીકેનું તેનું અત્યંત તિરસ્કારયુક્ત વર્તન મધ્યકાલીન પુરુષપ્રધાન સમાજની ઝાંખી કરાવે છે. લક્ષ્મીજી જેવુ દૈવી પાત્ર, ખુદ જો દેવના પતિ તરીકેના આવા હલકા વર્તનનો ભોગ બનતું હોય તો સામાન્ય સ્ત્રીની તો કેવી દશા હશે ! વિષ્ણુનું એટલું અધમ કક્ષાનું વર્તન ભાવકોને ઘૃણાં ઉપજાવે છે. લાચાર લક્ષ્મીજી પતિના આવાં કઠોર અને અપમાનજનક શબ્દો સાંભળી ન છૂટકે એ કાર્ય કરવા તૈયાર થાય છે. પોતાના ભાઇ જાલંધર પાસે જઇ પૂરા માન સમ્માન અને પ્રેમ પામેલી બહેન ભાઇના મોતનું રહસ્ય તો જાણી લે છે પરંતુ આવા પ્રેમાળ ભાઇના મોતનું રહસ્ય જો પતિને કહે તો ભાઇ જીવતો ન રહે તેથી ફરી તે આ રહસ્ય વિષ્ણુને જણાવવા ઇન્કાર કરે છે. ફરી વિષ્ણુ હલકા શબ્દો પત્ની પ્રત્યે ઉચ્ચારી તેને એવા અપમાનજનક શબ્દો કહે છે કે વળી લક્ષ્મી બિચારાં બની સઘળી હકીકત કહેવા લાચાર બને છે. અહીં આ પ્રસંગે વિષ્ણુનું પાત્ર હદ કરતાં પણ નીચું ઉતરતું જણાય છે. અંતે, છળ વડે સતી વૃંદાનું શીલભંગ કરવા જેવું અધમ કૃત્ય કરતાં પણ તે અચકાતાં નથી.

અહીં ભગવાન વિષ્ણુના બચાવમાં કહેવું હોય તો કહી શકાય કે જેમ પાર્વતીની માગણી જેવા અધમ કૃત્ય જાલંધરના દાનવ જન્મના મોક્ષ માટે જરૂરી હતું તેમ જ વૃંદાનું શીલભંગ થવું પણ એટલું જ અનિવાર્ય હતું. આમ છતાં વિષ્ણુદાસે જે હદે જઇ વિષ્ણુનું પાત્ર નિરૂપ્યું છે તે અંતે શ્રોતાઓના ફિટકારનો જ ભોગ બને છે.

સતી વૃંદાના શીલભંગ પછી વૃંદાના શાપના ભયે કમળનયન કંપી ઉઠે છે. આંખો દીન બને છે. સતી પાસે ઇશ્વર ઓશિયાળા બને છે. અસ્સલરૂપમાં નારાયણ પ્રગટ થતાં જ વૃંદાનાં વચનો વિષ્ણુને લજ્જિત કરે છે. પરસ્પર શાપ આપ્યા પછી એ શાપને બંને વરદાનમાં બદલે છે. આમ અંતે સમષ્ટિનું કલ્યાણ કરનારા, રક્ષણ કરનારા વિષ્ણુનું પાત્ર અહીં કપટી, લુચ્ચા, પ્રપંચી અને ગણતરીબાજ તરીકે ઉભરી આવે છે. પૌરાણિક વિષ્ણુનું પાત્ર અહીં એકાધિકવાર ગૌરવચ્યુત બન્યું છે. જનમનરંજનનો ઉદ્દેશ અને તત્કાલીન યુગના પ્રભાવે વિષ્ણુદાસ વિષ્ણુના પાત્રનું આવું આલેખન કરવા પ્રેરાયા હશે એમ માનવું રહ્યું.

## (૪) ઈન્દ્ર :

દેવાધિદેવ ઇન્દ્રનો ગર્વ એ 'જાલંધર આખ્યાન'નું કથાબીજ છે. ઇન્દ્રલોકના અધિપતિ તરીકેનું પદ, પ્રતિષ્ઠા, સાહ્યબી તેનામાં આ ગર્વ પ્રેરે છે. તેની પરાક્રમશીલતા જ તેને પીડે છે. તેથી અપ્સરાઓ, ગાંધર્વો સાથે નાટારંભ કરતા તેઓ કૈલાસ પર જઇ ભગવાન શિવને પ્રસન્ન કરી 'આપ સમાન બળિયો' યોધ્ધો માંગી શિવ પાસે યુધ્ધ વાંછે છે. ભગવાન શિવ તેને આવો ગર્વ ન કરવા કહે છે. પરંતુ ઇન્દ્ર ફરી ગર્વયુક્ત વચનો ઉચ્ચારતા કહે છે કે, ''જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી અહંકાર છે. જે જીવતો છે એ એના પરાક્રમથી એકલા હાથે હજારોને રણમાં રોળે છે, પરંતુ એ જ વીરના મૃત્યુ પછી એની આંખોને કાગડા - સમડી જેવા પણ ચૂંથી નાખે છે. માટે બીજી બધી વાત તજી મને યુધ્ધ આપો.'' ઇન્દ્ર મૂછ મરડતાં, અંગ મોડતા, હાથ ઝાટકી જયારે આવાં અહંકાર યુક્ત વચનો બોલે છે ત્યારે ભગવાન શિવ ક્રોધપૂર્વક તેને બળવાન યોધ્ધો આપવાનું વરદાન આપે છે. ભગવાનના ક્રોધથી તેના ભાલ પ્રદેશ પર પ્રસ્વેદ વળે છે. પોતાના હાથ વડે એ પ્રસ્વેદને લઇ બાજુમાં રહેલા પાણી ભરેલા કુંડામાં નાખે છે. ભગવાન શિવનો એ પ્રસ્વેદ પરપોટાનું રૂપ લે છે. એ પરપોટે જ સમય જતાં 'પુરુષ તન' રૂપે પ્રગટે છે. અને એ 'પુરુષ તન' એટલે જાલંધર. ઇન્દ્રના ગર્વના કારણે જ આમ જાલંધરનો જન્મ થયો છે.

સમુદ્રમંથનની કથા જાણી સૌથી વધારે રત્નો ઇન્દ્ર પાસે હોવાથી જાલંધર સીધો જ ઇન્દ્ર સાથે લડવા આવે છે ત્યારે આ પ્રથમ સંગ્રામમાં જ ઇન્દ્ર જાલંધર સામે તેનું પરાક્રમ દાખવી શકતા નથી. કાયરતા પૂર્વક જીવ બચાવવા રણમેદાનમાંથી ભાગી છૂટી ઇન્દ્ર સીધા અન્ય દેવોના શરણે જાય છે. આમ, જાલંધર સાથેની પહેલી લડાઇમાં જ ઇન્દ્રના ગર્વનું ખંડન થાય છે.

જાલંધરથી પરાસ્ત થયેલો ઇન્દ્ર બ્રહ્માની સહાય યાચે છે. બ્રહ્માના કહેવાથી જ તે વિષ્ણુના શરણે જાય છે. વિષ્ણુ સાથે ફરી જાલંધર પર ચઢાઇ કરતા દેવો જાલંધરના અપ્રતિમ શૌર્યથી ફરી સમરાંગણમાં પીઠ બતાવી નાસી છૂટે છે. આ રીતે બીજી વાર પણ ઇન્દ્રાદિ દેવો જાલંધરથી પરાસ્ત થાય છે.

અંતે શિવના શરણે દેવો જાય છે. દેવોને દયામણા બનેલા જોઇ શિવ ક્રોધે ભરાય છે. 'ઇન્દ્રએ મારી પાસે યુધ્ધ કરવા બળવાન યોધ્ધો માગ્યો તો હવે તેનું પરાક્રમ ક્યાં ગયું ? એના પરાક્રમ પાસે કોઇની વિસાત નથી તો કાં એ યુધ્ધ નથી કરતાં ?' શિવનાં આવાં વચનોથી લજ્જિત બનેલા ઇન્દ્ર અગાઉ પોતે કરેલી ભૂલની ક્ષમા માંગે છે અને પોતા સહિત દેવોને ઉગારવા વિનંતી કરે છે ત્યારે ઇન્દ્રનું

પાત્ર ભાવકોની સહાનુભૂતિ મેળવી જાય છે. અલબત્ત, પૌરાણિક ઇન્દ્રનું પુરાણમાં જે સ્થાન માન છે તે અહીં જળવાતું ન હોવાને કારણે દેવેન્દ્રનું બિરુદ સાર્થક થતું જણાતું નથી.

**(૫) બ્રહ્મા :**

સમગ્ર સૃષ્ટિના સર્જક, પાલક અને વિસર્જક એવા અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ભારતીય પૌરાણિક પરંપરાના ત્રિદેવ મનાયા છે. એ માન્યતા મુજબ બ્રહ્મા જડ - ચેતન સમસ્તના સર્જનહાર છે. અહીં પૌરાણિક દેવ બ્રહ્માનું પાત્રોચિત ગૌરવ બરાબર જળવાયું છે. જાલંધરના જન્મ પછી જળના ગોટના ગોટ ઉછાળતા બાળકના પરાક્રમથી ત્રસ્ત થયેલો સાગર ઇન્દ્ર પાસે જઇ બાળકના પરાક્રમની વાત કરે છે. અકળાયેલા સાગર સહિત ઇન્દ્રાદિ દેવો સીધા જ બ્રહ્મસદન પહોંચે છે. સર્જનહાર બ્રહ્મા છે ને ? એ જાણતા હશે એ બાળક કોણ છે, એમ માનીને દેવો બ્રહ્મા પાસે જાય છે. અહીં બ્રહ્માના પાત્રનો કવિએ પ્રવેશ કરાવ્યો છે. દેવોની વાતથી વિસ્મય પામેલા બ્રહ્મા કહે છે, ‘‘એ મારાથી ઉત્પન્ન થયેલો નથી. તેથી એ બાળક વિશે હું શું જાણતો નથી.’’ બ્રહ્માદિ દેવોના સ્તવનથી બાળક સાગર બહાર આવતાં જ બ્રહ્માની દાઢીના વાળ પકડે છે તેથી બ્રહ્મા જ તેને ‘જાલંધર’ એવું નામ આપે છે. બાળકના પરાક્રમથી આનંદિત બનેલા બ્રહ્મા બાળકને ‘સુભટ શિરોમણિ’ થવાનું વરદાન આપે છે. મથુરાના રાજા ક્રૌંચકની પુત્રી વૃંદા સાથે પરણીને સ્ત્રી સહીત રાજ્યને પામવાની પ્રેરણા અને આશીર્વાદ આપે છે.

ઇન્દ્ર જાલંધરની વચ્ચે થયેલા પ્રથમ યુધ્ધમાં ઇન્દ્ર પરાસ્ત થઇ રણમેદાન છોડી જાય છે ત્યારે સૌથી પહેલાં તે બ્રહ્માને શરણે જ જાય છે. બ્રહ્મા પૂરી વિનમ્રતાથી પોતે યુધ્ધ કરવા શક્તિમાન નથી એવું જણાવતા કહે છે, ‘હું કોઇથી દ્વેષ કરતો નથી, હાથમાં ધનુષ્ય ધારણ કરતો નથી એટલું જ નહિ, મને કોઇ ગાળ દે, મારા પર પ્રહાર કરે તો તેનો હું મુખથી પણ પ્રત્યુત્તર આપતો નથી.’ આમ કહેતા બ્રહ્માના શાંત અને ધીરગંભીર વ્યક્તિત્વનો આપણને પરિચય થાય છે. પોતે યુધ્ધ કરવા જતાં નથી, પરંતુ દેવોની સાથે રહી દેવો સાથે વિષ્ણુને શરણે જઈ દેવો પ્રત્યેની પોતાની ફરજ અદા કરે છે. સર્જનનું કાર્ય કરતાં બ્રહ્મા વિસર્જક કે સંહારક એવી કોઇ પણ પ્રવૃતિમાં સામેલ ન જ થાય ને ! પાત્રના ગૌરવને ઉપકારક એવું બ્રહ્માનું પાત્ર નિરૂપણ કવિ કરી અહીં કરી શકયા છે. એકાદ - બે પ્રસંગો છતાં બ્રહ્માના પાત્રની મહત્તા કવિ અહીં પ્રગટાવી શક્યા છે.

## (૬) શુક્રાચાર્ય :

શુક્રાચાર્ય દૈત્યોના ગુરુ છે. તેઓને સંજીવની વિદ્યા સાધ્ય છે. પ્રસ્તુત 'જાલંધર આખ્યાન'માં શુક્રાચાર્યનો પ્રથમ પ્રવેશ છઠ્ઠા કડવામાં થાય છે. દિગ્વિજયી બનેલો, ત્રિલોક પર આણ પ્રવર્તાવતો જાલંધર પછી શાંતિથી પોતાનું રાજ્યશાસન ગુરુ શુક્રાચાર્યની પ્રેરણાથી ચલાવે છે. એવા ઉલ્લેખથી શુક્રાચાર્યના પાત્રનો પ્રવેશ કવિ કરાવે છે. રાહુના મુખે જાલંધર સમુદ્રમંથનની કથા સાંભળે છે ત્યારે કવિ ગુરુની માત્ર ઉપસ્થિતિ જ દર્શાવે છે. એ પછી પણ ક્રોધિત જાલંધર દેવો સાથે યુધ્ધ લડવા જવાનું નક્કી કરે છે ત્યારે પણ જાલંધર ગુરુને કહે છે કે, 'જો આપ મારી સાથે રણમેદાન પધારો તો હું યુધ્ધમાં યશ મેળવીશ.' ગુરુની ઉપસ્થિતિ પણ દૈત્યોને મર્દાનગીથી યુધ્ધ લડવા પ્રેરે એમ દર્શાવતા કવિ પરોક્ષ રીતે ગુરુની મહત્તા જણાવે છે.

એ પછી વિષ્ણુ - જાલંધર વચ્ચે થયેલા બીજા ઘોર સંગ્રામમાં વિષ્ણુના સુદર્શન ચક્રથી સંખ્યાબંધ દૈત્યો રણમાં હણાય છે ત્યારે જાલંધર ગુરુને સઘળી હકીકત જણાવે છે. ગુરુ સંજીવની વિદ્યા વડે મૂએલા સૈનિકોને સજીવન કરે છે. શિવ સાથે યુધ્ધ કરતાં પહેલાં પણ જાલંધર ગુરુને કહે છે કે, "શુભ મુહૂર્તમાં રણસ્તંભ રોપો કે જેથી દેવો સાથેના યુધ્ધમાં મને વિજય મળે." ગુરુ શુક્રાચાર્ય પણ તેને ધીરજ બંધાવતા જણાવે છે કે, "તારા સૈન્યના કોઇ સુભટને મરવા નહીં દઉં. દુશ્મનોએ એના હજાર ટૂકડા કર્યા હશે તો પણ એ મારા મંત્રબળથી સજીવન થશે." અને એમ ગુરુની હિંમત અને પ્રેરણાથી જ જાલંધર યુધ્ધ લડવા તત્પર થાય છે.

શુક્રાચાર્યને મળેલી આ વિદ્યાથી ત્રસ્ત થયેલાં દેવોને દૈત્યોથી ઉગારવા શુક્રાચાર્યનું હરણ કરવું પડે છે. ભગવાન વિષ્ણુ ગરુડ દ્વારા શુક્રાચાર્યનું હરણ કરાવે છે. શિવ પોતાના અંગથી કૃત્યાને પ્રગટ કરે છે અને કૃત્યા 'ભગ મધ્યે' ભૃગુસુતને સંતાડી દેવોને સંતોષ આપે છે. જાલંધર વધ પછી શુક્રાચાર્યને એ બંધનમાંથી છૂટકારો મળે છે ત્યારે શુક્રાચાર્ય વિષ્ણુ અને શિવની સ્તુતિ કરી સ્વસ્થાન પધારે છે, એવું કવિ જણાવે છે. જો દૈત્યગુરુ દેવો પ્રત્યે આવો પૂજ્યભાવ ધરાવતા હતા તો તેણે જાલંધરને દેવો સાથે લડતા વાર્યો કેમ નહિ ? ખેર ! યજમાનનું હિત ઇચ્છતા અને દાનવો પ્રત્યે પૂરી નિષ્ઠા દાખવતા ગુરુ શુક્રાચાર્યનું પાત્ર અહીં યજમાનહિતૈષીપણાનું દ્યોતક બનીને આવ્યું છે.

## (૭) રાહુ :

જાલંધર ઇન્દ્ર વચ્ચેના વેરનું નિમિત્ત બનતાં પાત્ર તરીકે રાહુનું પાત્ર આલેખન પામ્યું છે. ત્રિભુવન વિજયી જાલંધરની રાજસભામાં આકાશ માર્ગેથી ધડવિહીન રાહુના પાત્રનો પ્રવેશ થાય છે.

જાલંધરના મહા આશ્ચર્યયુક્ત પૃચ્છાના પ્રત્યુત્તરમાં રાહુ જાલંધરના પિતા સમુદ્રના દેવો દ્વારા થયેલા મંથનની વાત જાલંધરને જણાવે છે. સમુદ્રનું મંથન કરી માંહીથી ચૌદ રત્નો નીકળ્યા તે દેવોએ અંદરો અંદર વહેંચી લીધા. દાનવોને મદિરાપાનથી મત્ત બનાવી મોહિની સ્વરૂપ વિષ્ણુએ તેઓને પરસ્પર લડાવી માર્યા અને દેવો અમૃતની વહેંચણી કરવા બેઠા. રાહુ સૂર્ય - ચંદ્રની વચ્ચે ચતુરાઈપૂર્વક છૂપાઇને બેસી જાય છે. વારાફરતી અમૃતનું પાન કરતા દેવો વચ્ચે બેઠેલા રાહુના હાથમાં અમૃત આવ્યું. હજુ મોંઢે માંડ્યું ત્યાં સૂર્ય - ચંદ્રના રાહુને ઓળખી જવાથી, 'એ તો રાહુ' એમ કહેતામાં જ વિષ્ણુ ગુસ્સાથી તેનું મસ્તક ઉડાવી દે છે. મુખમાં અમૃત ગયું તેથી મુખ અમર રહ્યું, ધડનું મૃત્યુ થયું. રાહુનું ધડવિહીનપણું એ એના જીવનની કરુણતા છે. રાહુની આ કરુણતા ભરી દુઃખ ગાથા જાલંધર અને ઇન્દ્રના વેરનું નિમિત્ત બને છે. એટલું જ નહિ ઇન્દ્ર સાથે યુધ્ધ કરવા ઉશ્કેરવા માટે રાહુ જાલંધરને કઠોરમાં કઠોર શબ્દો કહે છે. 'છતે દીકરે પિતાનું દુઃખ દૂર ન થાય તો એ દીકરો નથી માંસયુક્ત પથ્થર છે. તારા બાપની મિલકત દેવો પોતાની પાસે રાખીને બેઠાં છે ત્યારે તારૂં બળવાન હોવું શા કામનું ? એવી સંપત્તિ કે એવા સુભટપણાને ધિક્કાર છે.' અને જાલંધર ખરેખર જ આવી કઠોર વાણીથી ઉશ્કેરાઇને દેવો સાથે અને ખાસ કરીને ઇન્દ્ર સાથે લડવા તત્પર થાય છે.

ફરી કડવા - ૧૪ માં જાલંધર રાહુને દૂત તરીકે ભગવાન શિવ પાસે મોકલે છે અને શિવ પાસે રહેલા પાર્વતી સ્વરૂપા રત્નને પોતાને સોંપી દેવા કહેવડાવે છે. રાહુ કૈલાસ પર આવે છે. ત્યાં ભગવાન શિવના પરિવાર વચ્ચે થતી કૌતુકભરી ઘટનાઓથી આશ્ચર્યચકિત થયેલો રાહુ શિવને કાંઇપણ કહ્યા વગર પાછો વળે છે. જાલંધર ગુસ્સે થઇ તેને ફરી મોકલે છે. રાહુ જઈને શિવને જાલંધરનો સંદેશો આપે છે. અતિશય ક્રોધથી ભગવાન શિવ રાહુ પર પ્રહાર કરી તેને પાછો કાઢે છે. આમ, ઈશ્વર પાસે અનુચિત માગણી કરીને પોતાને અપમાનજનક સ્થિતિમાંથી પ્રથમ ઉગારતો રાહુ બીજીવાર સ્વામીનિષ્ઠ બની વ્યથા વહોરી લેતો જણાય છે. રાહુની સ્વામીનિષ્ઠા કવિએ અહીં પ્રદર્શિત કરી છે.

### (૮) નારદ :

'નારાયણ ... નારાયણ'નો મંત્ર જાપ કરતાં નારદની ઉપસ્થિતિ કોઈપણ જગ્યાએ ભાવકની ઉત્કંઠાને જાગૃત કરી જાય છે. કલહપ્રિય નાદજીનો જીવનમંત્ર જ જાણે હતો જ્યાં ત્યાં તણખો મૂકી આગ પ્રગટાવવાનો. એમનું આ જીવનકાર્ય ફોગટ નહોતું. એમાં સમગ્રનું હિત સમાયેલું હતું.

અહીં કડવા - ૧૪ મા નારદના પાત્રનો પ્રવેશ થાય છે. કૈલાસની તળેટીમાં સભા ભરીને બેઠેલા જાલંધર પાસે આવીને પાર્વતીના રૂપ સૌન્દર્યની પ્રશંસા કરે છે એટલું જ નહિ, 'એ અનુપમ નારી રત્ન

તારા મહેલમાં જ શોભે', એમ કહી શિવ પાસે પાર્વતીની માગણી કરવા માટે જાલંધરને ઉશ્કેરે છે. જાલંધરનો વિનાશ અનિવાર્ય છે. એ શિવ પાસે આવી અઘટિત માગણી કરે તો જ શિવ જાલંધર સાથે યુધ્ધ કરવા પ્રેરાય. સમષ્ટિના કલ્યાણ માટે ગયેલા નારદનાં વચનોનું ધાર્યું પરિણામ આવે છે. શિવ જાલંધરની આવી અનુચિત માગણીથી જાલંધર વધ માટે તૈયાર થઇ જાય છે. આમ, નારદનું પાત્ર પૌરાણિક પરંપરા ધરાવતાં કલહપ્રિય નારદ તરીકે જ વર્ણવાયું છે.

## ૪:૧:૨ સ્ત્રી પાત્રો :

### (૧) વૃંદા :

વૃંદા 'જાલંધર આખ્યાન'નું મુખ્ય નારી પાત્ર છે. જાલંધરના જન્મ પછી સાગરતીર પહોંચેલા બ્રહ્મા પાસે જાલંધર રાજ્ય માંગે છે ત્યારે બ્રહ્મા તેને કહે છે કે, 'તું મથુરા જા, ત્યાં ક્રૌંચક નામનો રાજા રાજ્ય કરે છે. તેની પુત્રી વૃંદા પતિવ્રતા અને સતી શિરોમણી છે. એને ક્રૌંચક તારી સાથે પરણાવશે અને તું કન્યા સાથે રાજ્યને પણ પામીશ.' આમ બ્રહ્માના સૂચન અને આશીર્વાદથી જ જાલંધરને વૃંદાની પ્રાપ્તિ થાય છે.

દાનવરાજની પત્ની હોવા છતાં રાજરાણીનો કોઇ રોફ કે રાજકીય કાવાદાવા વૃંદાના પાત્રમાં જોવા મળતાં નથી. સમુદ્રમંથનની કથા સાંભળી વ્યથિત થયેલા જાલંધરની વ્યગ્રતાને પામી જતી વૃંદા પતિના વ્યથિત હોવાનું કારણ તેને પ્રેમથી પાસે બેસાડીને પૂછે છે. એના જવાબમાં જાલંધર ટૂંકમાં બધી વિગત જણાવી પોતે દેવો સાથે યુધ્ધ કરી પિતાના રત્નો લેવા માંગે છે એમ કહે છે ત્યારે વૃંદા તેને એવું ન કરવા ખૂબ સમજાવે છે. ''દીપરૂપી દેવમાં થઇ પડ્યા દૈત્ય પતંગ' એવું જાણતી વૃંદા તેને ધર્મથી પ્રજાનું પાલન કરવા જણાવે છે. અહીં વૃંદાની સમાધાનમૂલક દ્દષ્ટિના દર્શન થાય છે. જાલંધર અબળાની વાત કાને ધર્યા વગર તેને 'મતિહીન' કહી યુધ્ધ કરવાનો નિર્ણય જણાવે છે ત્યારે પણ વૃંદા કહે છે કે, 'તમારે તો દેવો સાથેના યુધ્ધમાં બેય બાજુ લાભ છે. તમો જીતશો તો રુક્મિણી મારી શોક્ય થશે અને હારશો ને રણમાં મૃત્યુ પામશો તો અપ્સરાને વરશો પરંતુ મારે તો બંને બાજુ દુઃખ જ છે. પોતે પતિવ્રતા છે, પોતાનું તો સઘળું જ લૂંટાશે.' એમ કહી કંથ વિનાની નારીની વ્યથા વૃંદા ગદ્ગદ્ કંઠે જણાવે છે એટલું જ નહિ, પતિને રણમાં વિજયી થવાની શુભેચ્છા સાથે સમરાંગણ જવા માટે વળાવે છે. પોતાના સતીત્વથી પતિનું રક્ષણ ઇચ્છતી વૃંદા રણમેદાનમાં જતાં પતિને પુષ્પનો કંદૂક આપતાં કહે છે;

"માહારૂં સત્ય રહે જ્યાં સુધી - સાક્ષી દિનકર દેવ રે;
ત્યાં લગી ભીતિ નહિ તમને, અંગ વજ સમ એવ રે."[૩૧]

******

....."સત્ય રહ્યાનું, પ્રભુ પારખું જ્યાં લગે કંદૂક લીલો રે;
એક પુષ્પ સુકું નવ દીસે, ત્યાં લગે દેવદળ પીલો રે."[૩૨]

આમ, સતી શિરોમણી સાધ્વીનાં પવિત્ર શીલ વડે જાલંધર વજ્રદેહી બની અવધ્ય બની રહે છે.

વૃંદાનું રૂપ સૌન્દર્ય અનુપમ છે. એની પ્રશંસા સાંભળી શિવ પણ ઘેલાં થાય છે એવું કવિ કડવા-૨૮ માં જણાવે છે. જાલંધર રૂપે શિવ વૃંદાને છળવાનો પ્રયત્ન કરે છે પરંતુ પશુપતિને જીતીને એમ પોતાનો પતિ પાછો આવે નહિ એ જાણતી વૃંદાને પતિ રૂપે દેવ પધાર્યાનો સંદેહ થાય છે. ત્રિપુરારને જાણી જતી વૃંદા 'પુત્રવધૂની સેજ' આવેલા શિવને ત્યારે લજ્જિત કરે છે. પતિના રણસંગ્રામ જવાથી પતિ વિરહે વ્યાકુળ બનેલી વૃંદાનું પાત્ર પ્રેમાળ પત્નીરૂપે ઉભરી આવે છે. વિજયનંદા નામની દાસીને પોતાની વ્યથા કહી વૃંદા પોતાના પતિની ભાળ મેળવવા દાસી સાથે નીકળી પડે છે.

એ પછી કપટરૂપે રહેલા વિષ્ણુ દ્વારા શીલભંગ થયા પછી પતિના મૃત્યુની જાણ થતાં વિલાપ કરતી વૃંદાના પાત્રમાં પતિપ્રેમ છલકાય છે. વૃંદાને છેતરનાર હરિ વૃંદાના ક્રોધથી ડરી થરથર કંપી રહ્યા છે. સતીનો ક્રોધ પોતાને ભસ્મ કરે એ પહેલાં વિષ્ણુ અસ્સલ સ્વરૂપમાં પ્રગટ થાય છે. ત્યારે વ્યથિત વૃંદા વિષ્ણુને કહે છે કે, 'દાનવને મારવા બીજો કશો ઉપાય તમોને જડ્યો નહિ ? સતીને ભ્રષ્ટ કરવાનું કલંક શા માટે વ્હોર્યું ? કર્મનાં ફળ દરેકે ભોગવવા જ રહ્યાં', તેથી ભગવાન વિષ્ણુને શાપ આપતી વૃંદા ઉચ્ચારે છે,

"તપસી રૂપે રે ભ્રષ્ટ કરી હું ભામિની,
માટે લેઈ જશે રે કો'તપસી તારી કામિની
મતિ જડ થઈ રે માટે શાપ આ લાગજો."[૩૩]

સામે વિષ્ણુ પણ વૃંદાને વનસ્પતિરૂપ થવાનો શાપ આપે છે ત્યારે પોતાના શાપને વરદાનમાં પલટાવતી વૃંદા કહે છે,

"થાશો શૈલ, પણ રે વિશ્વ પ્રભૂ કહી પૂજશે."

અને

"સુખ સેજમાં રે ભોગવીચું ભરથાર થઇ;

હવે મુજને રે, કંથ કરો અળગી કંહીં ?"[૩૪]

સામે વિષ્ણુ પણ સતીને સ્વાધીન થઇ કહે છે,

'તાહારા વિના હું રે, ભામિની ભોજન ના કરૂં.'[૩૫]

******

'તુલસી તું થજે રે પટરાણી માહરી પ્રેમદા.'[૩૬]

અંતે, સ્વામીનું મસ્તક ખોળામાં લઇ સતી અગ્નિ પ્રગટ કરી પતિ સાથે બળી મરી 'પતિવ્રતા'નું બ્રહ્માનું બિરુદ સાર્થક કરે છે. વૃંદાની રાખમાં લક્ષ્મીવરના આળોટતા તેમાંથી તરત જ તુલસીના છોડ પાંગરે છે. સતીના શાપને મસ્તક પર ચઢાવી પ્રભુ શાલિગ્રામ સ્વરૂપ થાય છે. 'વૃંદા તુલસી રૂપે વિષ્ણુને પ્રિય છે' એવો જે ઉલ્લેખ પુરાણોમાં મળે છે તે વૃંદાના પાત્રને એક નવું જ પરિમાણ બક્ષે છે.

આમ, વૃંદાનું પાત્ર જાલંધરની પતિવ્રતા, પ્રેમાળ પત્નીરૂપે, સાચા અર્થમાં પતિની ચિંતા કરતી અર્ધાંગિની રૂપે ઉપસી આવ્યું છે. ભારતીય આર્ય નારીની ઉજ્જવળ પરંપરામાં સતી વૃંદાનો ઉલ્લેખ કરવો જ પડે એ રીતે વિષ્ણુદાસે અહીં વૃંદાનું પાત્ર ચિત્રણ કર્યું છે. વૃંદાના પાત્ર પાસે દેવોનાં પાત્રો પણ ઝાંખાં પડે છે. વિષ્ણુદાસની પાત્રાલેખન કલાનો ઉત્તમ ઉન્મેષ વૃંદાના પાત્રમાં દ્દષ્ટિગોચર થાય છે એમ કહી શકાય.

### (૨) લક્ષ્મી :

'જાલંધર આખ્યાન'માં શક્તિ સ્વરૂપા લક્ષ્મીજીનું પાત્ર ભાઇનું હિત ઇચ્છતી બહેન તરીકે પૂરા માનવીય દ્દષ્ટિકોણથી રજૂ થયું છે એટલું જ નહિ, ભાઇના પ્રેમને કીરાણે મૂકી પતિ સામે ઘૂંટણિયા ટેકવતી લાચારમાં લાચાર અબળા તરીકે એ પાત્રને નિરૂપીને કવિ મધ્યકાલીન સ્ત્રીઓના સામાજિક દરજ્જાનો ચિતાર જાણે કે આપી જાય છે.

લક્ષ્મી સાગરસુતા છે. જાલંધર સાગરસુત હોવાને નાતે તેનો ભાઇ છે. વિષ્ણુ આ સંબંધોનો ભયંકર ગેરલાભ ઉઠાવે છે. ગરુડ સાથે લક્ષ્મીજીને તેડી મંગાવે છે. પત્નિ પાસેથી કામ કઢાવવા પતિ જાતજાતના નખરાં કરે છે. પત્નીની ખુશામત કરે છે. જેમકે, 'હે ચતુરા ! હે સુન્દરી ! તારા વિરહમાં મારી

એક ક્ષણ એક યુગ જેવડી હતી. તારા આવવાથી મરેલામાં પ્રાણનો સંચાર થાય એમ મારામાં ચેતન આવ્યું છે,' વગેરે... વગેરે... અને પછી કમળાને જણાવે છે કે 'સાગરપુત્ર જાલંધર તમારો ભાઇ છે તમે તેની પાસે જઇ તેના મૃત્યુનું રહસ્ય જાણી આવો !' બિચારાં લક્ષ્મીજી ! પતિને કાજ પ્રાણ આપવા તૈયાર લક્ષ્મીને વિષ્ણુ તો 'સદા નાર મતિ અજ્ઞાન' જ માને છે ! લક્ષ્મી પોતાના ભાઇને કપટથી ભોળવી તેના મરણનો મર્મ પૂછી જ કેમ શકે ? 'એ નહિ થાએ મુજથી કાજ; તમને મૂકી કહું છું લાજ'' એમ કહેતાં લક્ષ્મીજીને વિષ્ણુ ભારે અપમાનજનક શબ્દો સંભળાવે છે. 'સાગરમાં તો અનેક જીવો જન્મે છે. માછલા, કાચબા, શંખ, છિપલા બધા તમારા ભાઇ છે ? જો તમે કાર્ય કરવા માગતા નહોતા તો આ મસ્તક પર હાથ ધરી વચને કેમ બંધાયા ? મારાથી વધારે વહાલો તમને તમારો ભાઇ છે. 'પ્રાણ આધાર' તો મને કહે છે. સ્ત્રીનો શો ભરોસો ?' એટલું જ નહિ એ લક્ષ્મીજીને 'દારારૂપ સાપણી' કહી તત્કાળ વૈકુંઠ ચાલ્યા જવા કહે છે. બિચારાં લક્ષ્મીજી ! પતિના તિરસ્કારયુક્ત વચનોથી 'કાં દુઃખ ધરો, જીવન ? અમો જાશું તાંહા રે.' કહી, 'બંધુ મરાવ્યાનું કલંક લાગશે' એવું જાણવા છતાં માત્ર પતિને રાજી રાખવા જાલંધરના મૃત્યુનું રહસ્ય જાણવા જવા માટે તૈયાર થાય છે.

લક્ષ્મીજી આવ્યા જાણી વીર તેનું ઉમળકાભેર સ્વાગત કરે છે . 'માતા'નું આદરભર્યું સંબોધન કરી જાલંધર તેના આવવાનું કારણ પૂછે છે ત્યારે લક્ષ્મી તેને 'કપટી દેવો સાથે તું જીતી શકશે નહિ માટે વારવા આવી છું' એમ જણાવે છે. જાલંધર સામે બીજા દેવો તો યુધ્ધ લડે પરંતુ વિષ્ણુ પૂરી તાકાતથી લડે છે તેવી જાલંધરની ફરિયાદ સાંભળી લક્ષ્મીજી પતિનું ખોટું ઉપરાણું વીર પાસે લે છે. ત્યાં ભારતીય આર્યનારીની પતિવ્રતાની ભાવના દ્દષ્ટિગોચર થાય છે. પતિનો બચાવ કરતાં લક્ષ્મી જાલંધરને કહે છે કે, 'દેવોનું મન રાખવા જ તારા બનેવી તારી સાથે ખોટો રોષ દર્શાવી લડે છે, પરંતુ એ મન મૂકીને તારી સામે લડશે નહિ.' જાલંધર પણ બહેનના આવવાથી પ્રસન્નચિત્ત થઇ વિષ્ણુને નહિ મારવાનું વચન આપે છે. પોતાનો રાજ્યવૈભવ બહેનને બતાવી પોતાને યુધ્ધમાં કોઇ મારી શકે એમ નથી એમ ધીરજ બંધાવતા જાલંધરને તક મળતાં જ લક્ષ્મી એના મૃત્યુનું રહસ્ય વાતવાતમાં પૂછી લે છે. અને જાલંધર ભોળા ભાવે,

''સતી શિરોમણી તાહારી ભાભી વૃન્દા જે પટરાણી,
તે અબળા જ્યારે સત્ય ચૂકે, ત્યારે માહારૂં મર્ણ''(૩૭)

એમ જણાવી દે છે એટલું જ નહિ, પોતાને મળવા આવેલી બહેનને સાસરવાસામાં વિષ્ણુ પાસે રહેલા રત્નો આપી કહે છે, 'આજથી મારા બનેવી સાથેના વેરની સમાપ્તિ થઇ છે. એને પણ કહેજે કે સગાનો

વિરોધ ન કરે.' લક્ષ્મીની દશા કેવી કફોડી ! છતાં કહે છે, "એ તારું નામ નહિ લે એટલું જ નહિ રણસંગ્રામમાં મારા સ્વામી તને પ્રણામ કરશે." ગર્વિષ્ઠ અને તોછડાઇભર્યું વર્તન કરતાં પતિનું પોતાના પિયરીયા પાસે ઉપરાણું લેતી આજની એકવીસમી સદીની લાચાર નારી અને મધ્યકાળની નારીમાં કશો તફાવત જણાય છે ?

ભાઇના મૃત્યુનું રહસ્ય જાણી આવેલા કમળા પતિને એ રહસ્ય જણાવવા તૈયાર થતા નથી. જે ભાઇ બનેવીનું ભૂંડું ઇચ્છતો હોય તેને ત્યજવો રહ્યો પરંતુ જાલંધર તો વિષ્ણુને પૂજ્યભાવે જુએ છે. તેને આદર આપે છે. આવા ભાઇનો વિશ્વાસઘાત કરવા બહેનડી તૈયાર નથી. સાસરવાસામાં લક્ષ્મીને આપેલાં રત્નો અને વિષ્ણુને જાલંધર તરફથી મળેલ અભયવચનથી વિષ્ણુ ક્રોધે ભરાઇ કટાક્ષ યુક્ત વચનો ઉચ્ચારે છે.

"ભીડ ભાગી માહરી જે કમાયા ત્રણ રતન ;
સાસરવાસો કર્યો વીરે, રાખજો કરી જતન !"(૩૮)

******

"પિપિલિકાનું ઘોર શોધી, તેમાં ધરું અંગ;
ભય તમારા ભ્રાતનો ! એમ ઓચર્યા શ્રી રંગ."(૩૯)

"આજથી હવે મારે અને તમારે બોલ્યે વહેવાર નથી." 'મુખ ઢાંક : જા હાવે આહાંથી' એમ મોઢું ચઢાવીને વિષ્ણુ ફરી લક્ષ્મીનું ભયંકર અપમાન કરે છે અને ફરી લક્ષ્મીજી બિચારાં 'સ્વામી, હું તો હાસ કરતી હુતી માહારા કંથ' એમ કહી લાચાર અવસ્થાએ ન છૂટકે ભાઇના મૃત્યુનું રહસ્ય પતિને જણાવી દે છે. કાર્ય સિધ્ધ થતાં તુરત જ વિષ્ણુ લક્ષ્મીને ગરુડ સાથે વૈકુંઠ મોકલી દે છે ! દેવો અને સમષ્ટિના કલ્યાણ માટે આ કાર્ય અલબત્ત વિષ્ણુએ લક્ષ્મી પાસે કરાવ્યું છે પણ એમાં લક્ષ્મીની એક પત્ની તરીકેની લાચાર દશા, મધ્યકાલીન સમાજની નારી દશાનો ખ્યાલ એવી રીતે આપી જાય છે કે લક્ષ્મીજીના પાત્ર પ્રત્યે ભાવકોને અપાર કરૂણા ઉપજે છે. પુરુષપ્રધાન સમાજમાં પતિની જોહુકમીનો ભોગ બનતી નારી પરંપરાથી સહન ક્રતી આવી છે. મોટા ભાગના દાંપત્ય જીવનમાં જતું કરતી, બાંધછોડ કરતી નારીના રૂપે લક્ષ્મીજીના પાત્રનું નિરૂપણ મધ્યકાલીન જ નહિ સર્વકાલીન સ્ત્રી દશાનો ચિતાર આપી રહે છે.

## (૩) પાર્વતી :

વિષ્ણુદાસ કડવાં-૧૪ માં પાર્વતીનાં અનુપમ સૌન્દર્યનું વર્ણન નારદના મુખે કરાવે છે ત્યાં પાર્વતીના પાત્રનો અછડતો ઉલ્લેખ આવે છે. પછીના એટલે કે કડવા - ૧૫ માં દેવો શંકરના શરણે આવે છે ત્યારે કવિ શિવ પાર્વતીના પ્રસન્ન મધુર દાંપત્યનું થોડા જ શબ્દોમાં નિરૂપણ કરે છે.

"તેણે સમે ઉમયા બેઠાં છે શિવ તણે ઉછંગ;
હાસ્ય વિનોદ કરે નરનારી મન ધરીને રંગ." (૪૦)

દેવગણને આવતાં જોઇ,

"દેખી દેવ ઉઠાડ્યા ઉમયા. 'જાઓ મધ્ય ભુવન.
હાસ્ય કરે આપણને સુરપતિ દેખી સજોડે સાથ'."(૪૧)

ને એમ ઘરમાં જતાં રહેતાં પાર્વતીનું પ્રેમાળ અને આજ્ઞાંકિત પત્ની તરીકેનું રૂપ છતું થાય છે. સામે ભગવાન શિવ પણ પતિ તરીકે પત્ની સાથે સંનિષ્ઠ અને સંયમિત વર્તન કરતાં જણાય છે. જાલંધર સાથે યુધ્ધ લડવા જતાં શિવ પાર્વતીની રજા લેવા આવે છે ત્યારે પાર્વતી પ્રિયા તરીકે શિવને વિના કારણે યુધ્ધ ન કરવા સમજાવે છે. જાલંધર પોતાની ઇચ્છા ધરે છે. પોતાની અનુચિત માગણી શિવ પાસે કરી છે એ જાણી તરત જ સ્વામીને યુધ્ધ કરવા જવા કહે છે કે જેથી બીજી વાર એ આવી અનુચિત વાત કરી જ ન શકે. આમ, સમય સંજોગને પારખી પતિને પ્રેરતી પત્ની તરીકે પાર્વતીનું પાત્ર સુંદર આલેખન પામ્યું છે.

## ૫:૧ 'જાલંધર આખ્યાન'માં રસનિરૂપણ :

'જાલંધર આખ્યાન'માં જાલંધરના જન્મનું નિમિત્ત ગર્વિષ્ઠ ઇન્દ્ર બને છે. શિવ પાસે 'તમ સરખો સુભટ મુજને આપીએ' એમ કહેતાં ઇન્દ્રની યુધ્ધેચ્છા આખ્યાનનું કથાબીજ છે. તેથી સ્વાભાવિક જ આ આખ્યાનનો મુખ્ય રસ યુધ્ધનો 'વીર' રસ છે. વીરરસ ઉપરાંત વીરને પોષક એવા બીભત્સ, ભયાનક અને રૌદ્ર રસનું પણ ગૌણ રસ રૂપે આલેખન થયેલું જોઇ શકાય છે. 'જાલંધર આખ્યાન'નું વસ્તુ, પાત્રો પૌરાણિક હોવાથી દેવ દાનવોની માયાવી સૃષ્ટિના નિરૂપણમાં અદ્દ્ભુત રસનું નિરૂપણ જોઇ શકાય છે. મધ્યકાલીન આખ્યાનો એ સમાજના જનમનરંજનાર્થે જ નહિ ધર્મના ઉપદેશ માટે પણ લખાયેલાં. ભક્તિ પરંપરાના આ આખ્યાનો અંતે ભક્તિના શાંતરસમાં નિર્વરણ પામે છે. આ પરંપરાને અહીં વિષ્ણુદાસ અનુસરે છે. આમ, અહીં આખ્યાનનો મુખ્ય રસ વીર હોવા સાથે

ગૌણ રસ તરીકે બીભત્સ, ભયાનક, રૌદ્ર, અદ્‌ભૂત, શૃંગાર અને અંતે શાંતરસનું અનોખું સંમિશ્રણ 'જાલંધર આખ્યાન'ને રોચક બનાવે છે. આપણે ક્રમશઃ ઉપર્યુક્ત રસોનો આસ્વાદ જુદાં જુદાં દ્દષ્ટાંતો વડે માણીએ.

## ❖ વીરરસ :

'જાલંધર આખ્યાન'ની તમામ પાત્રસૃષ્ટિ પૌરાણિક છે. દેવો અને દાનવો તમામ પ્રકૃતિએ જ વીર પાત્રો છે. આખ્યાનનું કેન્દ્રસ્થ પાત્ર જાલંધર દૈત્યરાજ છે. ગર્વિષ્ઠ ઇન્દ્રના ગર્વ ખંડનાર્થે શિવના ક્રોધમાંથી જાલંધરનો જન્મ થાય છે. જાલંધરના જન્મ પછી તરત જ તે સાગરમાં જે ઉત્પાત મચાવે છે તે સાગરને અકળાવે છે.

આ વીર બાળકની પ્રબળ ગર્જના ચૌદ લોકમાં પહોંચે છે. એની ગર્જનાથી "ગર્ભપાત થાએ કામિનીને, મરે ઝબકી બાળ" એટલું જ નહિ :

"ગ્રાહ, મોહોટો મીન, કચ્છપ ગ્રહીને નાંખે તીર;
ગણના નાણે કો તણી; બળ પ્રૌઢ બાળ શરીર."[૪૨]

આમ, બાળક જાલંધરના કાર્યો 'પુત્રના લક્ષણ પારણામાં'ની કહેવતને ચરિતાર્થ કરે તેવા વીરત્વસભર છે.

ધડવિહીન રાહુના મુખે સાગર મંથનની ક્થા સાંભળી ઉશ્કેરાયેલો જાલંધર વીરતા ભરી વાણીમાં પિતાના દુઃખના નિવારણ માટે દ્દઢતાપૂર્વક જે શબ્દો ઉચ્ચારે છે તેમાં વીરત્વની સાથે એના આત્મવિશ્વાસની પ્રતિતી થાય છે.

"મારી માન મુકાવું સુરનર, તો સિંધુ મુજ તાત.
ઇન્દ્રાસન ઉખેડી નાખું, બ્રહ્મ સદનને ચૂરૂં,
ગિરિ કૈલાસ સમૂળો કાઢી સાગર માંહે પુરૂં."[૪૩]

******

....."આકાશ, અવની, સ્વર્ગ, રસાતળ સહુને શોધી મારૂં;
વંશ છેદ કરૂં એ સુરને, નામ માત્ર ન ઉગારૂં."[૪૪]

******

દૂત દ્વારા ઇન્દ્રને સંદેશો મોકલતા જાલંધર કહેવડાવે છે;

“રત્ન પાંચ પિતાના જેહ, કહો ઈન્દ્રને આપે તેહ.
નહિતર તત્પર થાઓ તમો, યુધ્ધ કરવા આવ્યા છું અમો.”(૪૫)

જાલંધરના એકેએક વાણી અને વર્તનમાં વીરત્વ છલકાય છે. જાલંધરનું દરેક દેવ સાથેના યુધ્ધનું વર્ણન વીરરસસભર બનવા પામ્યું છે. પરાક્રમી જાલંધરની વીરતાથી ડરી જઈ રણમેદાનમાંથી પીછેહઠ કરતા ઈન્દ્રનો ગર્વ ચકનાચૂર થાય છે. ઈન્દ્ર પર પ્રહાર કરતા જાલંધરથી ડરી,

‘નાઠો સુર, ભંગાણ પડીયું વર્ત્યો હાહાકાર.’(૪૬)

જાલંધર-વિષ્ણુ જેવા સમાન બળિયા, સમર્થ વીરોના સંગ્રામ વર્ણનમાં વીરરસનું સુંદર નિરૂપણ જોવા મળે છે. વિષ્ણુને બનેવી હોવાને નાતે પૂજ્ય ગણતો જાલંધર તેના પર જાન લેવાના ઈરાદે પ્રહાર કરતો નથી, પરંતુ વિષ્ણુ જયારે જાલંધર પર ચક્રનો પ્રહાર કરે છે ત્યારે એનો જે જડબાતોડ જવાબ આપે છે તે જુઓઃ

“ગદા ફેરવી હાથે સુર, મેહલી ગરૂડ તણે શિર ક્રૂર.
ચિત્કાર કરી ખગ નાસે, દસ જોજન સૂધો ત્રાસે.
દાનવપતિ કેડે ધાય; ‘મારો માર’ કરે પડઘાય.”(૪૭)

સામે વિષ્ણુ પણ ‘ક્રોધે મૂક્યું ચક્ર મુરારિ’ ને દાનવ સેનાનો સંહાર કરે છે. અહીં જાલંધરનું પરાક્રમ તો ખરૂં જ, પરંતુ શુક્રાચાર્યની મદદથી મૂઆ સુભટોને સજીવન કરાવી જાલંધર દેવો પર વિજય મેળવે છે.

પરાજિત દેવોની સહાયે આવેલા શિવ - જાલંધર વચ્ચેના ઘોર સંગ્રામમાં બંને પાત્રોની વીરતા વીરરસ જન્માવે છે. શંભુને લડવા આવતા નિહાળી જાલંધર વીરતાપૂર્ણ ઉદ્ગારો કરતાં શિવને કહે છે;

“શંભુ સન્મુખ બોલીઓ નૃપ, ‘અરે ભગુઆ ! મૂઢ રે,
મુશલગતિ મલપતો આવે વૃષભ થઈ આરૂઢ રે !
મુજ સંગાથે યુધ્ધ કરવા કોણ ઘાલે હામ રે ?
વિષ્ણુ, વાસવ, વિરંચિ નાઠા તજીને સંગ્રામ રે.”(૪૮)

સામે ભગવાન શિવ પણ જાલંધરને એવો જ વીરતાપૂર્ણ પ્રત્યુત્તર પાઠવે છે,

" 'દુર્મતિ, દુષ્ટ, અજાણ, દાનવ, આવ્યો તુજ અંત રે.'
એમ ક્હીને ધનુષ્ય મરડ્યુ, બાણવૃષ્ટિ અમોઘ રે;
એક શત ઘા, સહસ્ત્ર પૂરણ, લક્ષ અર્ક દે ઓઘ રે."(૪૯)

આમ, બળમાં સમતોલ એવા બંને શૂરવીરો પૂરી પરાક્રમશીલતા વડે પરસ્પર શસ્ત્રાઘાત કરે છે તેના વિગતપૂર્ણ વર્ણનમાં વીરરસ નીપજે છે.

જાલંધરની વીરતા પાસે દેવો ઝાંખા પડે છે. સતી શિરોમણી વૃંદાના સતીત્વના પ્રતાપે વજ્રદેહી જાલંધરને શિવનું એકે'ય શસ્ત્ર સ્પર્શતું સુધ્ધાં નથી. તે શિવની સેના મધ્યે જાલંધર હાહાકાર મચાવી દે છે. અંતે,

"શંકર માન મુકાવ્યું મહિપતિ સુરસકળ રણ નાસે,
ભીત ધરી જાલંધર કેરી ભય પામી મન ત્રાસે."(૫૦)

એમ દેવોને ત્રાહિમામ પોકારાવતા જાલંધરની વીરતાને બિરદાવતા વિષ્ણુદાસે વીરરસનું નિરૂપણ કર્યું છે.

જાલંધરની વીરતાથી ત્રાસેલા દેવો પછી તો 'જાલંધર વધ'ની યોજના ક્રે છે. સાગરસુત ભગિની લક્ષ્મીજી દ્વારા જાલંધરના મૃત્યુનું રહસ્ય જાણી વિષ્ણુ કપટથી વૃંદાનો શીલભંગ કરે છે. પત્ની વૃંદા સતીત્વ ચૂકી છે એની જાણ થવા છતાં જાલંધર જરાયે હિંમત હાર્યા વિના દેવો સાથે પૂરી વીરતાથી બાથ ભીડતાં જાલંધરના વીરરસ પોષક ઉદ્‌ગારો જૂઓઃ

"ચૂકી તો ચૂક્યા જ કરને; શું ગયું મુજ બાળ પાણ રે ?
તુજ માટે જય પામતો, તે ન પામું નિર્વાણ રે.
આધાર જાણ્યો એહનો, હવે ઉગરવું બળ આપ રે.
મહાદેવને રણ કરૂં પ્રાજે, પ્રબળ થાય પ્રતાપ રે."(૫૧)

અને ફરી શસ્ત્રની વૃષ્ટિ કરતાં જાલંધર દેવોના સૈન્યમાં ખળભળાટ મચાવી દે છે. અંતે, અર્ધચન્દ્ર બાણ વડે શિવ જાલંધરનો વધ કરે છે.

"અર્ધચન્દ્ર આવ્યું, મુક્યું ઇશ, છેદ્યું જાલંધરનું શીશ."(૫૨)

આમ, જાલંધર જેવા મહાપરાક્રમી યોધ્ધાને દેવો કપટથી મારે છે પરંતુ શિવથી જન્મેલો જાલંધર અવતાર કૃત્ય પૂર્ણ થવાથી શિવના હાથે જ વીરગતિને પામે છે. જાલંધરના દેવો સાથેના એકાધિક યુધ્ધ પ્રસંગોમાં વીરરસનું નિરૂપણ પ્રસંગને જીવંતતા બક્ષે છે.

## ❖ રૌદ્રરસ :

'જાલંધર આખ્યાન'ના કેન્દ્રમાં ઇન્દ્રની યુધ્ધ લાલસા છે તેથી ત્યાં વીરરસ મુખ્ય છે, પરંતુ વીરના પ્રાગટ્ય પહેલાં યોધ્ધાને રોષાવેશ પ્રગટે છે. આ રોષાવેશપૂર્ણ વર્તનથી જે પ્રગટે છે તે રૌદ્રરસ. વીરને પોષક બને એ રીતે અહીં રૌદ્રરસનું નિરૂપણ થયેલું જોઇ શકાય છે.

આખ્યાનના આરંભે ગર્વિષ્ઠ ઇન્દ્રની શિવ પાસે 'લડ અથવા લડનારો આપ' એવી માગણીથી ક્રોધે ભરાયેલા શિવના પ્રસ્વેદમાંથી જાલંધરનો જન્મ થાય છે. જાલંધરનો જન્મ પ્રસંગ ઇન્દ્રના પક્ષે વીરરસ, શંકરના પક્ષે રૌદ્ર રસ અને ભાવકના પક્ષે અદ્ભુતરસનો ધોતક બનીને આવે છે.

ઇન્દ્ર પાસે 'રત્નો પાછાં આપવાં અને નહિ તો યુધ્ધ લડવા'ના સંદેશ સાથે જાલંધરે મોકલેલો દૂત ખાલી હાથે પરત આવી ઇન્દ્રનો પડકારરૂપ પ્રત્યુત્તર સંભળાવે છે ત્યારે જાલંધર અત્યંત ક્રોધે ભરાઇને ઇન્દ્ર પર ચઢાઇ કરવા સૈન્યને તત્પર કરતાં ક્રોધપૂરિત વાણીમાં કહે છે,

"....... મારો દેવ, ન કરશો મણા.
ભાંગો નગર દુર્ગ કોશિશ, હણો કોટિ સુર તેત્રીસ.
સૂરરાજા ગ્રહો જીવતો, દાટો ઇન્દ્રાસન સમેતો;
ઇન્દ્રલોક વર્તો મુજ આણ, દેવ લોક પાડો ભંગાણ."(૫૩)

નારદની ઉશ્કેરણીથી પાર્વતીની શિવ પાસે માગણી લઇને જાલંધર રાહુને મોકલે છે. રાહુ પ્રથમ કંઇ બોલ્યા વગર કૈલાસથી પાછો વળે છે ત્યારે ગુસ્સે થયેલા જાલંધરના શબ્દો રૌદ્ર રસ નિષ્પન્ન કરે છે.

"શું કરુ જે સેવક માહારો, નહિતર કાઢું પ્રાણ;
આણીવાર અણ બોલ્યો આવે, તો વદન કરૂં તુજ ચૂર."(૫૪)

રાહુ મારફત જાલંધરની શિવ પાસે પાર્વતીની માગણીથી ઉશ્કેરાયેલા શિવ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રાહુ પર પ્રહાર કરતાં કહે છે;

"કોણ અબુધ તાહારો જાલંધર ? હવડાં છેદું શીશ.

જઈ કહેજે અજ્ઞાની એને મોહોટી ઘાલી હામ ;

મુજ અબળા ઉપર થઈ ઈચ્છા, મરણગતિએ વિરામ."(૫૫)

રાહુ પર શંકર દ્વારા પ્રહાર થવાથી કોપાયમાન બનેલો જાલંધર બોલી ઊઠે છે;

"કાઢું કૈલાસને સમૂળો, મારું શિવનો સાથ."

દેવો જાલંધરથી પોતાનું રક્ષણ કરવા શિવના શરણે આવે છે ત્યારે આ બધાના મૂળમાં ઈન્દ્રનું અભિમાન છે એ વાત યાદ અપાવી શંકર ક્રોધિત સ્વરે કહે છે,

"બળપાણ ગયું ક્યાં હાવા ? કાં નથી ક્રતા રાઢ ?

કોણ માત્ર તવ આગળ નૃપતિ ? મારી હાંકી કાઢ."(૫૬)

જાલંધરના મૃત્યુનું રહસ્ય જાણી લાવવા લક્ષ્મીજીને મોકલવા ઈચ્છતા વિષ્ણુના લક્ષ્મીજી સાથેના વર્તનમાં એક પતિની પત્ની તરફની રુક્ષતા સાથે વિષ્ણુનો ગુસ્સો રૌદ્રરસ જન્માવે છે.

વિષ્ણુના કપટથી પોતાનું શીલભંગ થયાનું જાણી વૃંદા ક્રોધપૂરિત સ્વરે પૂછે છે,

"અરે પાપી, દુષ્ટ દુર્ભાગી, કોણ રૂપ છે તાહારૂં ?

કૂડ કરી, માયા મોહ મુકી, ખોયું સત્ય તે માહારૂં."(૫૭)

રખેને ક્રોધાવેશમાં સતી શાપ દેશે એ ભયે કમળનયન કંપી ઉઠે છે. તેનો દેહ થરથર ધ્રુજે છે અને અસ્સલ રૂપમાં પ્રગટે છે છતાં વૃન્દાના શાપથી તે બચી શકતાં નથી.

"તપસી રૂપે રે ભ્રષ્ટ કરી હું ભામિની;

માટે લેઈ જશે રે કો તપસી તારી કામિની.

મતિ જડ થઈ રે, માટે શાપ આ લાગજો;

સરિતા વિશે રે શૈલનું રૂપ તારૂં થજો."(૫૮)

ક્રોધિત થયેલી વૃંદાના રોષાવેશયુક્ત વચનોથી રૌદ્રરસ નિષ્પન્ન થાય છે.

## ❖ ભયાનક અને બીભત્સરસ :

'જાલંધર આખ્યાન'માં યુધ્ધકથા કેન્દ્રસ્થાને છે. રણસંગ્રામમાં ખેલાતાં યુધ્ધોનાં કારણો અને પરિણામો હંમેશા ભયંકર હોય છે. ભય ઉપજાવે તેવા કથનવર્ણનમાં ભયાનક રસ વહે છે. હકીકતમાં

યુધ્ધ સંગ્રામ વીર, રૌદ્ર, ભયાનક કે બીભત્સ રસની ગંગોત્રી છે. રણમેદાનમાં લડતા વીરોના ક્રોધિત રૂપ અને સંહારકર્મ પણ ભયંકર હોય છે. રૌદ્ર, વીર, ભયંકર કે બિભત્સ તેથી જ ક્યારેક એકબીજામાં ભળી ગયેલા જણાય છે. કેમ કે યુધ્ધનો કોઈ એક જ પ્રસંગ આ તમામ રસની નિષ્પત્તિ કરાવી શકે છે. જુગુપ્સા ઉત્પન્ન કરતા પ્રસંગના વર્ણનથી બિભત્સ રસ નિપજે છે. યુધ્ધના પરિણામો જુગુપ્સા ઉપજાવે છે.

વિષ્ણુદાસ કૃત 'જાલંધર આખ્યાન'માં રાહુનું ધડવિહીનપણું ભય સાથે જુગુપ્સા જન્માવે છે. જાલંધરે ધારણ કરેલ શિવના માયાવી રૂપમાં 'શોણિત ભરેલ અંગ'થી જુગુપ્સા ઉપજે છે. તો શિવના માયાવી જાલંધરવેશના વર્ણનથી પણ જુગુપ્સા વડે બીભત્સ રસ નિષ્પન્ન થાય છે. દા.ત.,

'સ્કંદ ગણેશના રે કર ઝાલ્યાં કારમાં શીશ.'

અથવા

'મસ્તક તે હના રે, તેણે ગળે રુધિર નિર્ધાર.'

શિવના અંગથી પ્રગટ થતી કૃત્યાનું રૂપ અને કાર્ય બંને ભયંકર છે.

''વિરૂપ અંગ બિહામણું ને નેત્ર પાવક જવાળ.''(૫૯)

******

''ભગ મધ્યે ભૃગુ સુત રાખ્યો...''(૬૦)

ઉપર્યુક્ત બે ત્રણ પ્રસંગોમાં ભયાનક સાથે બિભત્સનું કવિ આલેખન કરે છે. એ સિવાય યુધ્ધનાં દારુણ દશ્યોને કવિ પ્રયોજતા નથી તેથી રૌદ્ર, ભયાનક કે બીભત્સ, મુખ્ય રસ વીરને પોષક બને એ રીતે ગૌણ રૂપે આલેખન પામ્યાં છે એમ કહી શકાય.

## ❖ અદ્‌ભુતરસ :

'જાલંધર આખ્યાન'નું કથાવસ્તુ, પાત્રો પૌરાણિક સંદર્ભ લે છે. દેવોની દૈવી શક્તિઓ કે દાનવોની માયાવી શક્તિઓ, તેમના વડે થતાં ચમત્કારો, પરસ્પર અપાતા શાપ, વરદાન અને બીજા અનેક અલૌકિક કાર્યો કે પ્રસંગોમાં અદ્ભુત રસનું નિરૂપણ થયેલું જોઈ શકાય છે. શિવ દ્વારા જાલંધર કે કૃત્યાનું ઉત્પન્ન થવું, જાલંધર, શંકર કે વિષ્ણુનું રૂપ પરિવર્તન વગેરે માનવીય દષ્ટિથી અશક્ય જણાતી ઘટનાઓએ મધ્યકાલીન લોકમાનસને શ્રધ્ધાન્વિત કરવામાં મહત્તમ ફાળો આપ્યો છે. પ્રસ્તુત આખ્યાનના અદ્‌ભુત રસિક પ્રસંગોનાં થોડાંક દષ્ટાંતો જોઈએ.

સૌ પ્રથમ જાલંધરનો જન્મ જ શિવના ક્રોધમાંથી અલૌકિક રીતે થાય છે. શિવના પ્રસ્વેદમાંથી પરપોટો ઉત્પન્ન થાય છે. તલવારની ધાર બુઠ્ઠી કરી નાખે એવા વજ્રદેહી પરપોટાને કોઈ ફોડી શકતું નથી. શિવના કહેવાથી જ એ પરપોટાને સાગરમાં મૂકવામાં આવે છે અને સમય જતાં એ પરપોટામાંથી પુરુષદેહ પ્રગટે છે. પ્રબળ સ્વરે ગર્જના કરતાં એ બાળકથી ચૌદલોક ભયભીત બને છે અને વ્યાકુળ થયેલો સાગર ઈન્દ્ર પાસે જાય છે. તમામ દેવો ડરના માર્યા સાગરતીર આવી સ્તવન આરંભે છે ને પેલો પુરુષદેહી બાળક સાગરમાંથી બહાર આવે છે. આ પ્રસંગ ભાવકો માટે અલૌકિક હોવા છતાં અદ્ભુત બની રહે છે.

કડવા-૭ માં આકાશ માર્ગેથી ધડવિહીન રાહુનું આગમન અને તેના ધડવિહિનપણાના કારણમાં રાહુના મુખે જ કહેવાયેલી સમુદ્રમંથનની કથા અદ્ભુત રસથી રસેલી છે. મંદરાચલનો રવૈયો, વાસુકિ નાગનું નેતરૂં કરી સાગરમંથન દ્વારા ચૌદ રત્નોની પ્રાપ્તિ, હરિનું મોહિની સ્વરૂપ ધારણ કરવું, દેવોને મદિરાપાનથી મસ્ત બનાવી, મોહિનીરૂપે મોહ પમાડી, છેતરી દેવોનું અમૃતપાન કરવું વગેરે સમુદ્રમંથનના સંદર્ભે વર્ણવાયેલા તમામ પ્રસંગોમાં અદ્ભુત રસનું નિરૂપણ થયેલું છે.

કડવા-૧૩ માં વિષ્ણુ-જાલંધર વચ્ચેના ઘોર સંગ્રામમાં ચક્ર વડે દાનવ સૈન્યનો સંહાર કરે છે એ વેળા જાલંધર દૈત્યગુરૂ શુક્રાચાર્યને એની સંજીવની વિદ્યા વડે દાનવોને જીવતા કરવા વિનંતી કરે છે ત્યારે શુક્રાચાર્ય સંજીવની મંત્ર સાધી દાનવોને સજીવન કરે છે એ ઘટનાના નિરૂપણમાં અદ્ભુત રસનો અનુભવ થાય છે. એ સાથે જ શિવ દ્વારા કૃત્યાનું ઉત્પન્ન થવું, ગરુડ દ્વારા શુક્રાચાર્યનું હરણ કરાવી કૃત્યાને તેની સોંપણી કરવી અને કૃત્યાનું શુક્રાચાર્યને પોતાની જંઘામાં સંતાડવું વગેરે અદ્ભુત રસિક પ્રસંગો અદ્ભુત રસ નિષ્પન્ન કરે છે.

જાલંધરનું માયાવી શિવ રૂપ ધારણ કરવું અને શિવનું માયાવી જાલંધર રૂપ ધારણ કરવું તેમજ સતી વૃંદાને છળવા વિષ્ણુ દ્વારા જે દીર્ઘ માયાવી પ્રપંચલીલા આદરવામાં આવે છે એ તમામ પ્રસંગો અદ્ભુત રસિક છે. અર્ધ ચન્દ્ર બાણથી શિવ જાલંધરનું મસ્તક ઉડાવી દે છે. ધડ ત્યાં જ ધરતી પર પડ્યું રહે છે અને મસ્તક આકાશ માર્ગે ઊડી વૃંદા - વિષ્ણુ જે સ્થળે એકાંત માણી રહ્યા છે ત્યાં બંનેની વચ્ચે જઈને પડે છે એ પ્રસંગમાં અદ્ભુતરસનું સંયોજન થયેલું જોઈ શકાય છે. વૃંદા અને વિષ્ણુ દ્વારા પરસ્પર અપાતા શાપ અને વરદાનમાં તેમજ આખ્યાનના અંતે વૃંદાના દેહની ભસ્મમાં વિષ્ણુ આળોટતા તત્ક્ષણ તે સ્થળે તુલસીના છોડ પ્રગટ્યા એવું કવિનું કથન વર્ણન અદ્ભુત રસિક છે.

આમ, અદ્‌ભુત રસના વર્ણનમાં કવિ વિષ્ણુદાસની શક્તિ ખીલી ઊઠતી જણાય છે. એક જ પ્રસંગ દ્વારા અનેક રસોનું વહન આબાલ વૃધ્ધ, સ્ત્રી-પુરુષ તમામને ઈચ્છિત રસનો આસ્વાદ કરાવી રસતરબોળ કરે છે.

## ❖ શૃંગારરસ :

યુધ્ધની કથા અને શૃંગાર ! વાત પરસ્પર વિરોધી લાગે છતાં જ્યાં તક મળી છે ત્યાં કવિએ ઓછા અને આછા શૃંગારનું નિરૂપણ કર્યું છે. યુધ્ધની કથામાં શૃંગારને બહુ સ્થાન ન હોય એ સ્વાભાવિક છે, છતાં એકાદ-બે પ્રસંગોમાં કવિએ શૃંગારરસ આલેખ્યો છે. જાલંધરના વૃંદા સાથેના લગ્ન પછી માત્ર બે ત્રણ પંક્તિમાં કવિ એમના હર્ષ અને પ્રેમભર્યા દામ્પત્યજીવનનું વર્ણન કરે છે ત્યાં સંભોગ શૃંગારનું નિરૂપણ થયેલું જોવા મળે છે. જેમ કે,

"સતી શિરોમણી વૃંદા ભૂપતિ ભાવ અપાર રે.
હાવભાવ કટાક્ષ કરે બહુ, સુરત કળા રસ માણે રે.
કેલિ કરે ભાવે નરનારી, રાત દિવસ નવ જાણે રે."[૬૧]

એ ઉપરાંત, શિવ-પાર્વતીના પ્રસન્ન દાંપત્યનું વર્ણન પણ કવિ બે પંક્તિમાં કરે છે ત્યાં પણ સંભોગ શૃંગાર નિષ્પન્ન થાય છેઃ

"તેણે સમે ઉમયા બેઠાં છે શિવ તણે ઉછંગ;
હાસ્ય વિનોદ કરે નરનારી મન ધરીને રંગ."[૬૨]

એ સિવાય, યુધ્ધ લડવા ન જવાની જાલંધરને સલાહ આપતી વૃંદાનો, પતિ વગરની પત્નીની દશાનું વર્ણન કરતો વલોપાત, પતિ પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત કરવા સાથે વિપ્રલંભ શૃંગારનું સુંદર દૃષ્ટાંત બની રહે છે.

"કંથ વિના સંસાર જ સૂનો, વ્રથા હોય જન્મારો રે.
કંથ વિના દુર્જન જે શત્રુ કલંક દે શિર મોહોટું રે.
કંથ વિના સોહાગ જ શાનો ? કંથ વિના નહિ કોય રે."[૬૩]

ને અંતે પતિને રણમેદાન વળાવતી વૃંદાના "કુશળા રહેજો, વિજય પામજો, સુખીયા થાજો, નાથ રે" જેવા ગદ્‌ગદ્ કંઠે ઉચ્ચારાતા શબ્દોમાં કરૂણ રસિક શૃંગારનો અનુભવ થાય છે.

વૃંદાનું વિરહી દશાનું વર્ણન પણ વિપ્રલંભ શૃંગારથી રસેલું છે.

"સ્વપ્નગતિ ભૂલી ભમે, પણ નવ દેખે નિજ નાથ.
ફરે એ વિધે બાહાર ઘરમાં ઘસે બેઠી હાથ.
વાત કોની નવ ગમે, નવ ધરે કોશું પ્રીત."(૬૪)

******

"સેજ સુતાં નિંદ્રા નાવે, પીડિ કંદર્પ જ્વાળ.
અન્ન ઉદક ભાવે નહિ, ભયભીત અબળા અંગ.
રાત્રી કાપી રૂદન કરતાં, રહી પહોર પ્રસંગ."(૬૫)

જાલંધરના મૃત્યુ પછી શીલભંગ થયાનું પામી જતી વૃંદાનો વલોપાત પણ કરુણરસિક વિપ્રલંભ જન્માવે છે.

"કિયા કર્મના રે કાળાં માહારાં પ્રગટ થયા ?
મુકી મુજને રે કંથજી, માહારાં ક્યાં ગયા ?
કોણ કપટીએ રે ભ્રષ્ટ કરી મુને ભોગવી ?
પાપ પ્રગટીઆં રે; કર્મે કલંકવતી હવી."(૬૬)

******

"વલવલતી વિલાપ કરતી સ્વામીનું મુખ નિહાળે,
નાથ, પૂર્વ ગુણ તાહારા સઘળા મુજને સાલે.
એકવાર બોલો મુજ સાથે, મનમાં અબળા જાણી;
હાસ્ય કરો, ધો હૈયાધારણ, ધારી મન પટરાણી."(૬૭)

આ સિવાય, વૃંદાનું રૂપ વર્ણન સાંભળી શિવનું ઘેલા થવું, જાલંધરનું માયાવી શિવ રૂપે પાર્વતીને છળવા આવવું અને એ વખતે દાસી મારફત શિવ હોવાની ખાતરી માટે પાર્વતીનું પણ દાસીને પાર્વતીરૂપ ધરી મોકલવું અને છેલ્લે શિવરૂપી જાલંધરનું સ્ખલન થવું, એ પ્રસંગોમાં શૃંગારનો આછો ભાવ જણાય છે. સાથે સાથે વિષ્ણુ કપટથી લક્ષ્મીને જાલંધરના મૃત્યુનું રહસ્ય જાણવા મોકલે છે એ પહેલાં પત્નીની જે ખુશામત કરે છે ત્યાં પણ શૃંગારનું આલેખન જોવા મળે છે, પરંતુ આ તમામ પ્રસંગોમાં છળ હોઇ, ભાવક એ જાણતા હોવાથી શૃંગાર એટલો આસ્વાદ્ય નીવડતો નથી.

આમ, જાલંધર-વૃંદા કે શિવ-પાર્વતીના પ્રેમાળ દામ્પત્ય જીવનના વર્ણનોમાં સંયોગ તેમજ વિરહી વૃંદાના કલ્પાંતમાં વિપ્રલંભ શૃંગારનું નિરૂપણ કવિ સચોટ રીતે કરે છે અને એ આસ્વાદ્ય પણ બને છે.

### ❖ કરુણરસ :

'જાલંધર આખ્યાન'ના અનેક પ્રસંગે અનેક પાત્રો કરુણાજનક સ્થિતિમાં મૂકાય છે અને ત્યાં કરુણ રસની ઝાંય છલકતી દર્શાય છે. જાલંધર વિરહે વ્યથિત થતી વૃંદાના કલ્પાંતમાં ખરો કરુણરસ અનુભવાય છે. પતિને રણમેદાન મોકલતી વૃંદા પતિને કહે છે કે, 'તમો યુધ્ધ કરો અને જીતો તો રુકિમણી મારી શોક્ય બનશે (તમને રૂકમણિ પ્રાપ્ત થશે) અને જો રણમેદાનમાં વીરમૃત્યુ પામશો તો અપ્સરા વરશો. તમારે તો બંને પક્ષે લાભ છે પરંતુ અમારે તો સર્વસ્વ ગુમાવવું રહ્યું.' વૃંદાના આ શબ્દો કથાંતે સાચા નીવડે છે ત્યારે ભાવકોની વૃંદા પ્રત્યે અપાર કરુણા વહે છે. શીલભંગ થયાનું પામી જતી અને પતિના મૃત્યુનું રહસ્ય જાણી જતી વૃંદાનું આક્રંદ પણ ભલભલા કઠણ કાળજાને કંપાવી દે છે.

કૃત્યા દ્વારા શુક્રાચાર્યને પકડી ગૂઢ ભાગમાં સંતાડી દેવા એ ઘટના અદ્‌ભુત અને ભયાનક હોવા સાથે ક્રુણ રસની દ્યોતક પણ બને છે. 'મૃત સંજીવની વિદ્યા' જેમને સાધ્ય છે એવા દૈત્યગુરુ શુક્રાચાર્યની કૃત્યાના હાથે થતી આવી અધોગતિ શુક્રાચાર્યના પાત્રની કરુણાજનક સ્થિતિને પ્રગટ કરે છે.

પ્રસ્તુત આખ્યાનમાં મધ્યકાલીન સ્ત્રીઓની અવદશાનો ચિતાર આપતા લક્ષ્મીજીના લાચાર પાત્ર પ્રત્યે ભાવકોને ભારોભાર કરુણા ઉપજે છે. વૃંદાનો કલ્પાંત તો હૃદયદ્રાવક છે પણ લક્ષ્મીજીની સ્થિતિ તો એથીયે ક્યાંય વધુ કરુણાજનક લાગે છે. કેમકે, વૃંદાના દુઃખનો તો અંત આવ્યો. એને તો વિષ્ણુએ પણ વહાલી કરી, પરંતુ પતિના વાક્બાણોથી સતત ઘવાતી રહેલી લક્ષ્મીજીનું શું ? વહાલસોયા વીરનાં મૃત્યુનું રહસ્ય જાણવા પતિને સારૂં લગાડવા જ જવું, વળી એ રહસ્યોદ્‌ઘાટન કરતા તેનો જીવ ચાલતો નથી. વીરે જે રીતે તેને સન્માન આપ્યું છે એ જોતાં તે વીરના વિશ્વાસનો ભંગ કરવા ઈચ્છતી નથી છતાં પતિના તિરસ્કારયુક્ત વર્તન તેને એ રહસ્ય જણાવી દેવા મજબૂર કરે છે. લક્ષ્મી જેવી શક્તિની પણ આ તે કેવી કરુણા અને એ પણ અંતવિહિન જ ને ! લક્ષ્મીના પાત્રની ક્રુણાજનક સ્થિતિ કરુણરસ નિપજાવે છે. આમ, વૃંદા શુક્રાચાર્ય અને લક્ષ્મીના પાત્ર દ્વારા કવિ કરુણરસ નિષ્પન્ન કરે છે.

## ❖ શાંતરસ :

મધ્યકાલીન સાહિત્યના કેન્દ્રમાં ધર્મ છે તેથી આખ્યાનનો વિષય ગમે તે હોય, કથાના કેન્દ્રમાં કોઈપણ રસ હોય, પરંતુ કથાનું નિર્વહણ હંમેશા ધર્મના શાંતરસમાં જ થાય છે. મધ્યકાળના તમામ કવિઓ આ પરંપરા જાળવે છે. એ મુજબ અહીં વિષ્ણુદાસ પણ કથાનો અંત ધર્મના શાંતરસમાં આણે છે.

વિષ્ણુદાસ જાલંધરના જન્મ-મૃત્યુની વચ્ચે જે ઘટનાઓ વર્ણવે છે તે જુદા જુદા રસને વહાવવામાં સહાયભૂત બને છે, પરંતુ કથાને અંતે વૃંદા - વિષ્ણુના પરસ્પર શાપ અને વરદાનમાં અદ્‌ભુત સાથે ભક્તિનો શાંત રસ વહે છે. તુલસી માહાત્મ્યની લોકો સાથે જોડાયેલી પરંપરાગત માન્યતાને ઉજાગર કરતા વિષ્ણુના શ્રધ્ધાન્વિત વચનો ભાવકને શાંતરસમાં તરબોળ કરી મૂકે છે.

"તાહારા વિના હું રે, ભામિની ભોજન ના કરૂં,
તું વિના નહિ રે ભૂષણ વસન વપુ ધરૂ;
તુલસી તું થજે રે પટરાણી માહારી પ્રેમદા,
મોક્ષદાયિની રે તું સતી સૃષ્ટિમાં સર્વદા.
તાહારૂં પત્ર જ રે મૂકીને દાન જે આપશે,
તેનું ફળ સતી રે કોટિ ગણું કોડે થશે.
સેવા આચરી રે પત્ર તાહારૂં શિર થાપશે,
તે માનવી રે પ્રાણથી વલ્લભ મુંને લાગશે."(૬૮)

આખ્યાનની ફલશ્રુતિમાં પણ કવિનાં શ્રધ્ધાન્વિત ઉદ્‌ગારો ભક્તિના શાંતરસનો અનુભવ કરાવે છે.

"કેહે સાંભળે, સંદેહ પૂછે તેને રેવા સ્નાનજી.
ગંગા યમુના ને સરસ્વતી, ગોદાવરી કેદાર જી,
ક્ષિપ્રા, સિન્ધુ, કાવેરી ને સરયુ, પુષ્કર સાર જી,
હરદ્વાર, પ્રાચી, પુરૂષોત્તમ ગલ્લકિ સાલિગ્રામ જી;
વેદિકા, વેત્રવતી, તાપી સકળ દેવનાં ધામ જી.
અડસઠ તીરથ અવનિ ઉપર, વેદ પુરાણે સોય જી;

કથા સુણે જાલંધર કેરી, સ્નાન પુણ્યફળ હોય જી
નારી નર જે ગાય, સાંભળે, ભવના બંધન છૂટે જી;
કોટિ કલ્પ અઘ ઓઘ હોય તે શ્રવણ પામ્યે ત્રુટે જી.''[૬૯]

આમ, વિવિધ રસથી હરીભરી જાલંધર કથાનકની સૃષ્ટિ શાંતરસમા નિર્વહણ પામે એવું કવિનું રસાયોજન મધ્યકાલીન જનમાનસને માટે ગમ્ય અને ઉચિત જણાય છે.

## ૯:૧ 'જાલંધર આખ્યાન'માં વર્ણનો :

મધ્યકાલીન આખ્યાન સ્વરૂપની એક વિશેષતા એ છે કે તેનું લોકો સમક્ષ 'સાભિનય કથાગાન' થતું. તેથી ઉત્કૃષ્ટ આખ્યાનો માટે ઉત્કૃષ્ટ વર્ણનકળા અને રસનિરૂપણકળા કવિમાં જેટલી ઉત્તમ એટલાં ઉત્કૃષ્ટ આખ્યાનોનું સર્જન તે કરી શકે. પાત્રો ખ્યાત હોય, કથાવસ્તુ ખ્યાત હોય તેથી કવિની વર્ણનકળા પર જ આખ્યાનની સફળતાનો આધાર રહેતો. વિષ્ણુદાસની મૌલિક કવિ પ્રતિભાના ચમકારા બતાવતા જે વર્ણનો 'જાલંધર આખ્યાન'માં મળે છે તે પાત્ર, પ્રસંગ અને સ્થળ વર્ણનના ક્રમે સદૃષ્ટાંત નિહાળીએ.

### ❖ પાત્રવર્ણન :

પાત્રવર્ણન વડે કવિ પાત્રોના આંતરબાહ્ય વ્યક્તિત્વને પ્રગટ કરે છે. કડવા-૧૪ માં નારદ દ્વારા થતાં પાર્વતીના રૂપવર્ણનમાં પાર્વતીના અપ્રતિમ સૌન્દર્યની ઝાંખી થવા પામે છેઃ

''હિમાચલ તનયા અતિ ઉત્તમ, નામ પાર્વતી જાણું રે,
કનકવર્ણ કાયા, કટિ ચિત્રક, અંબુજ નેત્ર વખાણું રે,
ચંદ્રવદન શુક ચંચ નાસિકા, દંત દાડમના બીજ રે,
ભ્રુકુટિ ધનુષ્ય આકાર અનુપમ, મુખ ઝળકે જયમ વીજ રે,
અધર બિંબ ફળ પાકાં જાણે, ગ્રીવા કંબુ ક્પોત રે,
ઉત્તમ ઉરોજ અનુપમ ચક્વાક જયમ જોડ રે,
હસ્ત તણી હથેળી વારૂ, અંગુલિ નખ રવિચન્દ્ર રે,
ચમર ચોટલો જાણે મસ્તક માંડી રહ્યો નાગેન્દ્ર રે,
કદલી કનક અધોમુખ જંઘા, ચરણ કમળ સમ અંક રે,
ગજગતિ ચાલ, નાદ કોકિલા, રત્ન વસ્યું ઘેર રંક રે.''[૭૦]

રાહુને મોકલી શિવ પાસે પાર્વતીની માગણી કરાવતા જાલંધરના સંદેશમાં શંકરનું વર્ણન જીવંત બનવા પામ્યું છેઃ

"તાહારો વાસ સ્મશાને વારૂ, ભસ્મ ભરે બહુ અંગ રે,
વ્યાઘ્ર ચર્મતણું તુજ અંબર, અંગદ બાહુ ભુજંગ રે,
જટા જુટ, સખા ભૂતાવળ, નગ્ન કાયા કુરૂપ રે,
પંચ વકત્ર ને નેત્ર ત્રણ તું, રૂંઢ માળા વિરૂપ રે."(૭૧)

કડવા-૧૯ માં જાલંધરનું રૂપ વર્ણન તેના દૈત્યેન્દ્ર પદને અનુરૂપ અને વીરોચિત બનવા પામ્યું છે.

"શિબિર થકી ઉઠ્યો રાજન, સુંદર પેરે કીધું સ્નાન,
આપ ઈષ્ટ ઉપાસન કરે, આયુધ, કવચ, ટોપ શિરં ધરે,
મસ્તક મુકુટ મણિમય સાર; કર્ણે કુંડળનો ઝાત્કાર;
શોભિત હાર મુક્તાફળ ગળે; અંગદ રવિસમ ઝળહળે;
શોભિત પહોંચી, કર મુદ્રડી, નાના રત્ન ઝવેરે જડી,
ચન્દ્ર વદન, નાસિકા ચંચ, ભ્રુકુટિ ધનુષ્ય ધર્યું નૃપ સંચ,
કમલ નેત્ર શોભિત મૃગબાળ, અંબુજ મુખ શોભે ભૂપાળ,
અધર અરૂણ, દાઢમકલિ દંત, પ્રબળ નાદ શોભે બલવંત.
ગ્રીવા કંબુ કપોત આકાર, કર શોભે ગજ સૂંઢ તે સાર.
વક્ષઃ સ્થળ વિરાજિતમાન, કટિ કેસરી બહુ બળવાન.
રોમાવલિ શોભે રવિ કિરણ, ગજ શીશ, કમલ ચરણ,
જાણે શોભા સિંહ સુજાત, અસ્ત્ર ધરે નૃપ નાના ભાત,
વદન વિષે બીડું તંબોળ, ઉઠ્યો ભૂપતિ કરી કલ્લોલ."(૭૨)

અહીં કમળ નેત્ર, અંબુજમુખ, દાઢમકલિ દંત, ગ્રીવા કંબુ કપોત વગેરે વર્ણન પરંપરાગત અને બીબાંઢાળ જણાય છે. એ સિવાય, જાલંધરના દેહ વર્ણનમાંથી તેના વીર હોવાની છાપ ઉપસ્યા વગર રહેતી નથી.

આ જ કડવામાં આવતું જાલંધરના ગજરાજનું વર્ણન સુંદર બનવા પામ્યું છેઃ

"દંતશૂળ શુભ સોને મઢ્યા, નાના રત્ન ઝવેરે જડ્યા,
સપ્તધાતુ ઘંટા ગજ ગળે, લોહ પાખર તેજે જળહળે,
કુંભ સ્થળ સિન્દુરે ભર્યો, મદોન્મત આણ્યો સજ કર્યો,
અંબાડી ઉપર રવિકિર્ણ, નાનાં રત્ન જડ્યાં બહુ વર્ણ,
ઉપર છત્ર ઘણું ઉદ્યોત, સ્ફટિકમણિ દંડિ રવિ જ્યોત,
શુભ દીસે; અંબાડી માંહ્ય ઢળકે તોરણ બહુ શોભાય,
સૂંઢ વિષે લોહસાંકળ ધરી, રક્ત આંખ બહુ ક્રોધે ભરી."(૭૩)

જાલંધરે ધારણ કરેલા માયાવી શિવના સ્વરૂપનું વર્ણન અસ્સલ શિવના વર્ણન કરતાંયે વધુ સુંદર બનવા પામ્યું છેઃ

"પંચ વદન, ત્રણ નેત્ર નિર્મળ, જટાજુટ શુભ ખ્યાત;
ચંન્દ્રશેખર, ભુજા દશહર, વ્યાઘ્રચર્મ પરિધાન;
ગજચર્મ કીધું ઉત્તરીય, કંઠે હલાહલ પાન,
ભુજંગ કર અંગદ કર્યા ને જટામાં શુભ ગંગ."(૭૪)

વૃંદાનું શીલભંગ કર્યા પછી વૃંદાના ક્રોધ અને શાપથી બચવા ભગવાન વિષ્ણુ તેના મૂળરૂપમાં પ્રગટ થાય છે ત્યારે વિષ્ણુના રૂપવર્ણનમાં ઈશ્વરના દિવ્ય સૌન્દર્યની ઝાંખી થાય છેઃ

"કોટિ કંદર્પ રે લાવણ્યરૂપ પ્રકાશીયું.
મેઘશ્યામ ને રે અંબુજવર્ણી આંખડી.
ચતુર્ભુજને રે અંગુલિ પદ્મની પાંખડી.
મકરા કૃત રે કર્ણમાં કુંડળ ઝળહળે,
મોર મુગટ ને રે તાપ ત્રિવિધ દર્શન ટળે.
શંખ, ચક્ર ને રે પદ્મ, ગદા કર શોભતાં,
પીતાબર કટિ રે દેખી મુનિ મન લોભતાં.
કંઠે કૌસ્તુભ રે, વૈજયંતી માળા ધરી,"(૭૫)

જાલંધરને દેવો સાથે યુધ્ધ નહિ કરવાની સલાહ આપતી વૃંદાનું આંતરિક વ્યક્તિત્વ ત્યાં સુપેરે ખીલ્યું છે. 'પતિવ્રતા ને સતી શિરોમણી' નું બ્રહ્મા દ્વારા બિરુદ પામેલી વૃંદાનું સતીત્વ એના વિચાર

અને વર્તનમાંથી પ્રગટે છે. પોતે અબળા છે જેની બુધ્ધિ પગની પાનીએ છે એમ ક્હેતી વૃંદાનું ચાતુર્ય અમાપ છે. 'એ વાતે આગળ સુખ નથી' અથવા 'દીપરૂપી દેવમાં થઇ પડ્યા દૈત્ય પતંગ', 'વાર્યું માહાંરૂં નહિ કરો, પણ પામશો રણભંગ', માટે દેવો સાથે યુધ્ધની વાત મેલી દો એવું સમજાવતી વૃંદાની સત્યવાણી ભવિષ્યમાં સાચી પડતી જણાય છે. સત્ય અને ધર્મના માર્ગે ચાલવાની શિખામણ દેતી વૃંદા આમ આંતરિક ગુણોથી પણ સૌન્દર્યમંડિત છે.

વૃંદાની શિખામણ ન માનતો જાલંધર દેવો સાથે લડવાનો પોતાનો દ્રઢ સંકલ્પ જાહેર કરતાં જે વચનો ઉચ્ચારે છે તેમાંથી જાલંધરનું પરાક્રમી વ્યક્તિત્વ નિખરતું જોવા મળે છે.

"તુજ શીખામણ કશા કામની ? શું થઇ રહું સુર અધીન રે ?
મીરાત માહારા તાતની, જોઉ કોણ દેવ એ રાખે રે ?
બ્રહ્મા, ઇન્દ્ર, સદાશિવ મારૂં, ભૂપ વિનતી દાખે રે,
લક્ષ્મી, કૌસ્તુભ, શંખ પાંચજન્ય, ધનુષ્ય મનોહર જેહ રે,
ચાર રત્ન એ માહારા પિતાનાં વિષ્ણુ ભોગવે તેહ રે,
મારી વિષ્ણુ લેઉ રત્ન ખુંચી; દાઝ હોલાય માહારી રે,
વાત વિચારી જો તું મનમાં, ચતુર શિરોમણી નારી રે,
ઐરાવત ધેનુ ને રંભા, પારિજાતક જે વૃક્ષ રે,
સુરા પાન, રત્ન એ પાંચે વાસવ ઘેર પ્રત્યક્ષ રે,
કોણ માત્ર એ ઇન્દ્ર બાપડો; મશકની પેરે ચોળું રે,
રત્ન સહિત ઇન્દ્રાણી લાવું, સુર સઘળા રણ રોળું રે."(૭૬)

આમ, આંતર બાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતાં પાત્ર વર્ણનો કવિની સિધ્ધિ બની રહે છે.

## ❖ સ્થળવર્ણન :

વિષ્ણુદાસ કૃત 'જાલંધર આખ્યાન'માં સ્થળવર્ણન માત્ર એક જ જગ્ગાએ કડવા - ૩૦ માં મળે છે. પતિ વિરહે વ્યથિત વૃંદા જાલંધરના સમાચાર પ્રાપ્ત ક્રવા સખી સાથે નીકળે છે ત્યારે ભગવાન વિષ્ણુ માયાવી સૃષ્ટિ રચે છે જેથી 'અબળા કામ વ્યાપે.' વિષ્ણુની માયાથી રચાયેલ વનનું વર્ણન ઘનઘોર વનને તાદશ કરે છે.

"શ્વેત, શ્યામ ને રક્ત, પીળાં પુષ્પ લીલાં ભાત.
કેતકી ચંપક, જાઇ, જુઇ, માલતી મુચકંદ.
ગુલાબ, મરૂઓ, મોગરો, શુભ કણેરી, રાયચંદ."(૭૭)

******

'કેસર, કરેણી, ભાદ્રવિકા, ચમેલી બહુ રાશ.
કલ્પ, કદળી, દ્રાક્ષ, દાડમ, વૃક્ષ વાડી પાસ.
અખોડ, જાંબુ, કોઠી, કર્પટી, સીતાફળ, નારંગ.
કુંભી, ઉદે, બોર, કરમદી, ટીમરૂ, મધુ પ્રસંગ.
આંબલી, પીંપર, પારિજાતક, ખજૂરી, નાલિકેર.
ખારેક, કેશુ, ફણસ, ફોફળ, અગર, સુખડ ઘેર."(૭૮)

******

"અરણ્ય અતિ શોભી રહ્યું, માંહે કોકિલા શુભનાદ,
ભ્રમર ગુંજારવ કરે, શુક સારિકા બહુ સાદ,
મલયાચલના મંદ મારૂત; કોયલ વાએ તેહ;
મદન પીડિ નારીને બહુ; વિષ્ણુ માયા એહ."(૭૯)

### ❖ પ્રસંગવર્ણન :

વિષ્ણુદાસના 'જાલંધર આખ્યાન'ની વિશેષતા એના પ્રસંગ વર્ણનો છે. યુધ્ધકથાના કેન્દ્રની આસપાસ ગૂંથાતી કથામાંનાં યુધ્ધ વર્ણનો એ 'જાલંધર આખ્યાન'નું જમાપાસું છે. યુધ્ધના ચિત્રાત્મક વર્ણનો દ્વારા મહાભારતકાળથી લઇ મધ્યકાલીન યુધ્ધ પરંપરાને ભાવકો સમક્ષ કવિ તાદશ કરે છે. એટલું જ નહિ પણ યુધ્ધવર્ણનો ભાવકોને વીરરસમાં તરબોળ કરે છે. 'જાલંધર આખ્યાન'માં જાલંધરના દેવો સાથે એકાધિક યુધ્ધ નિરૂપાયાં છે. જેમાં ક્રમશઃ યુધ્ધની ભયંકરતા સાથે જાલંધર વધ સુધી કથા વિસ્તરે છે તેમાં યુધ્ધ વર્ણનો જ મહદંશે નિરૂપાયા છે. આપણે પ્રથમ યુધ્ધ પ્રસંગોનાં વર્ણનો અને ત્યારબાદ બીજા ઉત્તમ પ્રસંગ વર્ણનો દર્શાવતી કવિસિધ્ધિનો સદષ્ટાંત પરિચય મેળવીએ.

યુધ્ધના આરંભ પૂર્વે રણમેદાનમાં વાગતી રણભેરીઓ (વાજિંત્રો) નું વર્ણન યુધ્ધના નિયમ સાથે વાજિંત્રોની વિવિધતા દર્શાવે છે.

''વાજીંત્ર વાજે વિમલ સ્વર શું, મધુરી મહુઅર વેણ.
ઢોલ ઢમક્યા ધરા ઉપરે, નગારાંની ઘોખ.
કર્ણાટક, ગો મુખ, દડદડી, રણસીંગા, ડમરૂ, ગોખ.
નફેરીના નાદ મધ્યે, ભેર, ભૂંગળ, તાન.
સરણાઈ, મૃદંગ વાજે, ઘનગતિ ગર્જમાન.
રગાઓલ, રણતૂર, બણગાં, કાંસી, ઝાલર નાદ .
બંદિજન ગણ, ભાટ, ચારણ વદે આશિર્વાદ.''(૮૦)

ચઢાઇ કરતાં ઇન્દ્રનું વર્ણન જૂઓ,

''કરી ક્રોધ ચઢ્યો સુરરાજ, સુર સુભટ કર્યા સાજ.
ઐરાવત ગજ ઉપર ચઢે; અમરલોક સેના દડબડે.
અંગ કવચ, વજ્ર ગ્રહી હાથ, યુધ્ધ કરવા જાલંધર સાથ.''(૮૧)

ઇન્દ્રની ચઢાઇથી ક્રોધે ચડેલા જાલંધરનો વળતો પ્રહાર પણ વીરત્વયુક્ત છેઃ

''પછે ક્રોપે ચઢ્યો નૃપતિ ઘસ્યો ઘુમડમલ્લ.
ગદા મેહેલી ફેરવી, ગઇ ઇન્દ્રવાહન ભલ્લૂ.
ગજેન્દ્ર નાઠો ત્રાસ પામી, કરી બહુ ચિત્કાર.
સુરરાજદલ ભંગ જ પડીયું પૃષ્ઠ દાનવમાર.''(૮૨)

ઇન્દ્રને પરાસ્ત કરી ઇન્દ્રપુરી પર કબજો જમાવી, બલિ દૈત્યને ત્યાં રક્ષક તરીકે મૂકી, જાલંધર ફરી દેવોનો પીછો કરે છે. દેવો પ્રથમ બ્રહ્માને અને ત્યારબાદ વિષ્ણુને શરણે જાય છે અને તરત વિષ્ણુ - જાલંધર વચ્ચે યુધ્ધ ખેલાય છે એનું વર્ણન જુઓઃ

''રણ લાગ્યો બહુ સંગ્રામ, જાલંધર ને સુંદર શ્યામ;
ચક્ર મૂકે શ્રી જગદીશ મનમાંહે ધરી બહુ રીસ.''(૮૩)

******

''ગદા ફેરવી હાથે સુર, મેહલી ગરુડ તણે શિર ક્રુર.
ચિત્કાર કરી ખગ નાસે, દશ જોજન સૂધો ત્રાસે.
દાનવપતિ કેડે ધાય, 'મારો માર' કરે પડધાય.''(૮૪)

******

“ક્રોધે મૂક્યું ચક્ર મુરારિ, સેના દાનવકેરી મારી.
જયમ શંકર સૃષ્ટિ સંહારે, હરિ એમ અસુરને મારે.
વહે શોણિત સરિતા પૂર, ગજરથવાજિ રણચૂર.
દાનવપતિનું દલ સંહાર્યું, વિષ્ણુચક્રે કો ન ઉગાર્યું.”(૮૫)

******

“પછે ભૂપતિ સાંધે બાણ; રણ ઉભા છે સારંગપાણ.
શર દીસે પાવક જવાળ, મૂકી યુધ્ધ ખસ્યા ગોપાળ.”(૮૬)

ને એમ ફરી દેવો જાલંધરથી પરાસ્ત થાય છે. ત્યારબાદ ત્રીજો અને અંતિમ સંગ્રામ શિવ અને જાલંધર વચ્ચે મંડાય છે. સમાન બાહુબળિયા વચ્ચે પરસ્પર થતાં શસ્ત્ર પ્રહારો યુધ્ધનાં દશ્યોને નજર સમક્ષ ખડાં કરે છેઃ

“સમતોલ શૂરા, બળે પૂરા; ઓસરે નહિ કોય રે.
પ્રલયકાળ પર્જન્ય વરસે, સળકે ગિરિશીશ રે.
એમ બાણ અમોઘ મૂકે; અસુર ઉપર ઈશ રે.
બાણ શિવનાં કર્યા તે નિષ્ફળ, અસુર મહાબળવાન રે.
સકલ શર કડકા કર્યા, પછે કોપ્યા શિવ ભગવાન રે.
શંભુ અતિ કોપે ચઢ્યા, વિષ અસ્ત્ર મુક્યું પ્રુઢ રે.
અવર શરનો પાર ન આવે, દેખી જન દિગમૂઢ રે.
શુક સરખાં, સર્પ મુખનાં, કોણે કળ્યા ન જાય રે.
અંગ વાજે, કવચ ભાજે, સુભટ વ્યાકુલ થાય રે.
કનક પૂંછ ને અર્કવર્ણા, મૂકે શિવ બહુ બાણ રે.
ગિરિશૃંગ વેધી ગગન ઊડે, સિંધુ જયમ ઊંધાણ રે.
જાણે રવિ ત્યાં સહસ્ત્ર કિર્ણે કરે તે અવની વૃષ્ટ રે.
એ વિધે શંકરબાણ છૂટે, દૈત્યદલ અરિષ્ટ રે.”(૮૭)

વૃંદાના શીલ ભંગ પછી જાલંધર - શિવનું આખરી યુધ્ધ વર્ણન,

"મારે ધનુષ્ય પરસ્પરે ધાઇ, તાણે કેશ કપટ કરી સ્હાય.
ગદા, ગુરજ, ત્રિશુળ પડે ત્યાંય, રેતી પેસે રોળાઇ મુખમાંહ્ય.
પાટુ ગડદા પછાડે રે અંગ, થયા ગિરિજાપતિ ગતિભંગ.
પાડે પાર્વતીના પતિ ચીસ, સામસામી અથાડે રે શીશ.
વળ્યો સ્વેદ, ચઢે પગ ખાલી; જાણે શૈલે સરિતા રે ચાલી.
તોડી ત્રિપુરારીની દાઢી, કૂટયા અવનિની ઉપર પાડી."(૮૮)

અને અંતે,

"હવે નહિ થાય ભામિની ભેળો, લીધો કાળ પુરૂષે તુજ કેડો.
કાઢ્યું અર્ધચન્દ્ર કહી બાણ, લેવા પશુપતિએ ત્યાં પ્રાણ.
પાડી ચોદશ હસ્તિએ ચીસ, જીવે કયમ જ્યાં રૂઠ્યા જગદીશ.
અર્ધચન્દ્ર આવ્યું, મુક્યું ઇશ, છેદ્યું જાલંધરનું શીશ."(૮૯)

આમ, વિષ્ણુદાસનાં યુધ્ધવર્ણનો શબ્દચિત્રરૂપ બની રહે છે. પૌરાણિક પાત્રો વચ્ચેનાં યુધ્ધ વર્ણનમાં પણ તેના શસ્ત્રો, રણભેરીઓ (વાંજિત્રો) નાં વર્ણનો મધ્યકાલીન રજવાડાઓ વચ્ચે થતાં યુધ્ધોને મહદ્અંશે રજૂ કરે છે. આમ, યુધ્ધ વર્ણનો યુધ્ધના દશ્યને તાદશ્ય કરે છે, જે વિષ્ણુદાસની વર્ણનકલાની સિધ્ધિ દર્શાવી જાય છે.

યુધ્ધ પ્રસંગો સિવાયના પણ બીજા અનેક પ્રસંગોમાં વિષ્ણુદાસની વર્ણનકલાની સિધ્ધિના ઉન્મેષો જોવા મળે છે. જેના થોડાં દષ્ટાંતો જોઇએ તો સૌથી પ્રથમ ગર્વિષ્ઠ ઇન્દ્રની 'આપ સમાન બળિયા'ની માગણીથી ક્રોધિત થયેલા શિવના પ્રસ્વેદમાંથી પ્રગટેલા પરપોટાનો પ્રસંગ અદ્ભુતરસિક રોમાંચ સાથે સાનંદાશ્ચર્ય નિપજાવે છે. જળના પરપોટાની તાકાત કેવી ! જુઓ,

"નંદીગણને કહે સદાશિવ, 'ફોડ જળ પ્રપોટ,
સળી તે લેઇ શીઘ્ર ત્રોડો, ધસીને દીધી ચોટ.
જળ પ્રપોટો ફુટે નહિ, તવ શીઘ્ર મેલ્યું બાણ.
વજ્ર રૂપી પ્રપોટ સરસે, બાણ કચ્ચર ઘાણ.
ધાર ખડગ ત્રિશૂળ કેરી, શીઘ્ર મહેલ્યા પ્રહાર.
સાંગ, ભાલા, ગુરજ, ફરસી તે તણી ભાંગી ધાર."(૯૦)

અવધિ પૂર્ણ થતાં તેમાંથી પ્રગટેલા પુરુષ બાળકના જન્મતાવેંતના પરાક્રમનું વર્ણન જુઓ.

“આકાશ સુધી ઉછળ્યો, જઇ પરવર્યો પાતાળ;
તવ થયો અર્ણવ આકળો, પ્રાક્રમ દેખી બાળ.
ગ્રાહ, મોહોટા મીન, કચ્છપ ગ્રહીને નાંખે તીર.
ગણના નાણે કો તણી; બળ પ્રૌઢ બાળ શરીર.
ઓળંગે એકલો દિનમાં સિંધુને દસ વાર,
ઘન ગતિ ગાજે, વૃક્ષ ભાજે, કરે બહુ ફુત્કાર.”(૯૧)

સમુદ્રમંથનની કથા રાહુના મુખે કવિ બહુ ટૂંકમાં જ વર્ણવે છે. હરિના મોહિનીરૂપની કથાને કવિ વિસ્તારીને કહી શક્યા હોત, પરંતુ તેમ નહીં કરતાં લાઘવયુક્ત વર્ણનથી પણ મુખ્યકથાને વેગ મળે છે. જે આખ્યાન માટે ઉપકારક નીવડે છે. રાહુના ધડવિહીનપણાના કારણ માટે આડકથા રૂપે સમુદ્રમંથનની કથા કહેવાઇ છે જેનો ઉદ્દેશ જાલંધરને દેવો સામે ઉશ્કેરવાનો માત્ર છે તેથી એ પ્રસંગને કવિએ ટૂંકાવ્યો હોય એમ બને. આમ, ટૂંકું છતાં ઉલ્લેખનીય એવું સમુદ્રમંથન પ્રસંગનું વર્ણન ભાવકોની રસવૃત્તિને પરિતૃપ્ત કરે છેઃ

“મંદરાચલનો કીધો રવૈયો, વિકટ કીધી વાત.
વાસુકિ કીધો નેતરું ને કપટ કીધું એવ્”(૯૨)

સાગર મંથન વડે ચૌદ રત્નો પ્રાપ્ત કરી વિષ્ણુએ,

“મોહિની રૂપ ધર્યું મહા વિષ્ણુ, કોટિ સૂર્યનું તેજ.
અસુર યુથ મધ્યે રહી આવી; સઘળે દીઠી શ્યામા.
એક કહે - અબળા એ માહારી, એક કહે - મુજ વામા.
મદિરાપાને થયા તે ઘેલા, પરસ્પરે તે ભડીઆ.”(૯૩)

******

“બ્રહ્મા, વિષ્ણુ, સદાશિવ, મઘવા, સકળ દેવ પરિવાર.
ચન્દ્ર સુરજ વીચે હું બેઠો તો, છાનો સભા મોઝાર.
અમૃતપાન કરે સુર સઘળા, એક એક પ્રત્યે આલે.
દેવ સુધા અનુક્રમે પ્રામે, અસુર જાત નવ ભાળે.

છાનો હું મધ્યે બેઠો'તો; અમૃત મુજને આપ્યું.

'એ રાહુ' કહ્યું શશી દિનકર; વિષ્ણુએ શિર કાપ્યું.''(૯૪)

જાલંધરનો સંદેશ લઇ પાર્વતીની માગણી માટે ગયેલો રાહુ શંકરના પરિવારને આનંદ કિલ્લોલ કરતાં જુએ છે, એ આખો પ્રસંગ ભાવકોના મુખ પર આછું હાસ્ય ફરકાવી જાય છે. :

''તેણે સમે ત્યાં સભા પુરીને બેઠા શંકર એવ રે.
પોતાના પરિવાર સંઘાતે કેલિ કરે મહાદેવ રે.
તેહ સભામાં આવ્યા ખટમુખ સાથે બંધુ ગણેશ રે.
પોતાતણા વાહન સજીને કીધો સભા પ્રવેશ રે.
સ્કંદતણું તાં મોર વાહન, ગણપતિને ઉંદર હોય રે.
શંકર અંગ થકી વછૂટ્યો નાગ વાસુકિ સોય રે.
મૂષકને ખાવાને ધશીયો નાગ વાસુકિ જ્યારે,
શીઘ્ર થઇ ગણેશે હાંક્યો સભા દેખતાં ત્યારે.
ગણપતિનું વાર્યું ન કીધું, મૂષક ઝાલવા જાય રે.
દેખી સર્પ મોર તવ કૂધ્યો, ભૂજંગ વ્યાકુળ થાય રે.
પામી ત્રાસ નાગ જઇ વળગ્યો શંકર કેરી કોટ રે.
સકળ સભા આનંદ જ પામી દેખી મોરની ચોટ રે.''(૯૫)

જાલંધર શિવરૂપે પાર્વતીને અને શિવ જાલંધરરૂપે વૃંદાને છળવા જાય છે ત્યારે ઓળખાઇ ગયેલાં બંને પાત્રોને સંબોધીને આવાં અયોગ્ય વર્તનથી કેવું ઘોર પાપ થાય છે, તેવું જણાવતાં સંવાદો જે તે સમયના જનમાનસને અને માન્યતાને રજૂ કરે છે.

શિવરૂપે આવેલા જાલંધરને ઓળખી ગયેલાં પાર્વતીજી કહે છે;

''એ વાત તુજને નવ ઘટે તે કર્યું અધમ કર્મ,
માહારી શૈયાએ આવ્યો, કોણ તાહરો ધર્મ ?
ગુરુદારા, મિત્રભ્રાત પત્ની, શ્વસુરપત્ની જેહ,
જનેતા શું ગણી જોતાં માતુલ્ય પાંચે એહ.
કપટ દ્રષ્ટે નીરખતાં, નૃપ વંશછેદન થાય.
વિષકૂપમાં તે પડે કલ્પ કીટ જ કાય.''(૯૬)

આ જ રીતે જાલંધર રૂપે આવેલા શિવને ઓળખી ગયેલી વૃંદા કહે છે;

"સતી તવ ઊચરે રે, 'તમને ન ઘટે, પ્રભુ એજ.
કપટે આવીઆ રે, શંકર, પુત્રવધૂની સેજ.
વધૂ પુત્રી સહી રે બે ગણવા સમતોલ
મહાજડ તુલ્ય થયા રે', વૃંદા બોલી બોલ.
'અધર્મ - દ્રષ્ટે કરી રે સસરો નીરખે વહૂ નિર્ધાર.
ઘોર નરક તે પડે રે વળી નિવર્તે યુગ ચાર'."[૯૭]

કથાના અંત તરફ જતાં ભવિષ્યની ઘટનાનો સંકેત આપતાં વૃંદાને થતાં અપશુકનોનાં વર્ણનમાં મધ્યકાલીન અપશુકનના ખ્યાલો દષ્ટિગોચર થાય છે.

"... શુકન સઘળા થયા માઠા, ઉપની મન ભીત;
શબ્દ દારૂણ શ્વાન વાયસ, કોલાહલ પુરમાંહે."[૯૮]

"દક્ષિણ લોચન, અંગ જમણું ફરકીયું તત્કાળ.
શિર કાગ બેસી શીઘ્ર ઉડ્યો, પડી પેટમાં ફાળ."[૯૯]

આમ, પાત્ર, સ્થળ, પ્રસંગ કે પરિસ્થિતિને અનુરૂપ યોજેલાં લાઘવયુક્ત અને ચિત્રાત્મક વર્ણનો વિષ્ણુદાસની વર્ણનકલાની સિધ્ધિનાં દર્શન કરાવી જાય છે.

## ૭:૧ પાત્રોના આંતરબાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતા સંવાદો :

મધ્યકાલીન આખ્યાનનું શ્રોતાઓ સમક્ષ 'સાભિનય કથાગાન' થતું. આથી સ્વાભાવિક રીતે જ ક્થામાંનાં પાત્રોને જીવંતતા બક્ષવા અને વર્ણનોને નિતાંત સુંદર, સરસ અને આસ્વાદ્ય બનાવવામાં સંવાદોનો ફાળો વિશેષ મહત્ત્વનો હોવાનો. પાત્રોના આંતર બાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતા સંવાદોને આખ્યાનમાં નાટક જેટલું જ મહત્ત્વ આપવામાં આવતું.

'જાલંધર આખ્યાન'માં કવિ વિષ્ણુદાસે સંવાદો વડે પાત્રોના આંતરમનને ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે. પાત્રોના આંતર બાહ્ય વ્યક્તિત્વને સ્ફૂટ કરતાં સૂચક, લાઘવયુક્ત અને માર્મિક સંવાદોના કલાત્મક વિનિયોગ દ્વારા કવિ પાત્ર, પ્રસંગ અને પરિસ્થિતિને રસિક બનાવે છે.

'જાલંધર આખ્યાન'નાં મુખ્ય પાત્ર જાલંધરના વીરરસયુક્ત સંવાદો એકાધિક વાર નિરૂપાયા છે. સમુદ્રમંથન કરીને મેળવેલાં રત્નો દેવો પાસે છે એ જાણી દેવો સાથે યુધ્ધ લડવા તત્પર જાલંધરને શીલવાન પત્ની વૃંદા રોકવાનો પ્રયત્ન કરે છે ત્યારે જાલંધરની વીરતાને પ્રગટ કરતો સંવાદ જૂઓઃ

"લક્ષ્મી, કૌસ્તુભ, શંખ પાંચજન્ય, ધનુષ્ય મનોહર જેહ રે,
ચાર રત્ન એ માહારા પિતાનાં વિષ્ણુ ભોગવે તેહ રે,
મારી વિષ્ણુ લેઉં રત્ન ખુંચી, દાઝ હોલાય માહારી રે,
વાત વિચારી જો તું મનમાં, ચતુર શિરોમણી નારી રે,
ઐરાવત, ધેનુ ને રંભા, પારિજાતક જે વૃક્ષ રે,
સુરાપાન, રત્ન એ પાંચે વાસવ ઘેર પ્રત્યક્ષ રે,
કોણ માત્ર એ ઈન્દ્ર બાપડો, મશકની પેરે ચોળું રે,
રત્ન સહિત ઈન્દ્રાણી લાવું, સુર સઘળા રણ રોળું રે."(૧૦૦)

ઈન્દ્રનો પક્ષ લઈ વિષ્ણુ જાલંધર પર આક્રમણ કરે છે ત્યારે વિષ્ણુને પોતાનો સગો જાણી જાલંધર તેના પર જાન લેવા પ્રહાર કરતો નથી, પરંતુ વિષ્ણુ જ્યારે જાલંધર પર ચક્રનો પ્રહાર કરે છે ત્યારે જાલંધરના રોષાવેશયુક્ત સંવાદોમાં જાલંધરની વીરતા ઉપરાંત તેની ઉમદા અને પ્રેમાળ બાંધવ તરીકેની માનવીય છબી પણ સુપેરે ઝિલાય છે. જુઓઃ

"અલ્યા, એહ ઘટે નહિ તુજને, ચક્રપ્રહાર કર્યો તે મુજને.
મોહોટું સગપણ માહારે તાહરે - મુજ ભગિની તાહારે દ્વારે."(૧૦૧)

"સાંભળ, મતિહીન વચન, કયમ મોકલું યમસદન ?
મુજ ભગિની પામે દુઃખ, નહિ તો ભાંગુ તાહરૂં મુખ."(૧૦૨)

જાલંધરની વીરતા ભગવાન શિવને પણ રણમેદાનમાં લલકારે છે તે જુઓ;

"મુજ સંગાથે યુધ્ધ કરવા કોણ ઘાલે હામ રે ?
વિષ્ણુ, વાસવ, વિરંચિ નાઠા તજીને સંગ્રામ રે."(૧૦૩)

******

"સકલ સુરનર સહિત, શંકર, લેઈશ તાહારો પ્રાણ રે."(૧૦૪)

પતિવ્રતધર્મનું પાલન કરતી સતી વૃંદા વિષ્ણુના કપટથી શીલભ્રષ્ટ થાય છે એ જાણ્યા પછીના જાલંધરના આપબળે ઉગરવાના નિશ્ચયાત્મક મનોબળને રજૂ કરતો સંવાદ જુઓઃ

"ચૂકી તો ચૂક્યા જ કરને; શું ગયું મુજ બળપાણ રે ?
તુજ માટે જય પામતો, તે ન પામું નિર્વાણ રે.
આધાર જાણ્યો એહનો, હવે ઉગરવું બળ આપ રે.
મહાદેવને રણ કરૂં પ્રાજે, પ્રબળ થાય પ્રતાપ રે."(૧૦૫)

ભગવાન વિષ્ણુ લક્ષ્મીજીને જાલંધરના મૃત્યુનું રહસ્ય જાણી લાવવાનું કહે છે ત્યારે લક્ષ્મીજીની મનોવ્યથાને રજૂ કરતાં સંવાદો હૃદયવિદારક બન્યા છે તે જુઓ;

"સ્વામી, મોહોટો એ ઉત્પાત; બંધુ ક્યમ ભોળવું રે ?
કપટે જઇ પુછું ક્યમ મરણ ? ક્યમ ચાલે મારાં ચરણ ?"

******

" હું જયેષ્ઠ ને એ લઘુવીર, વડી ભગિની માત શરીર.
છળે ક્યમ મરાવું વીર ?' દુઃખે કહે ભામિની રે."(૧૦૬)

'સાગર માહે અનેક જળચરો વસે છે તે તમામ તમારા ભાઈ છે ?' એવાં વચનો સંભળાવતા વિષ્ણુના સંવાદો મધ્યકાલીન પુરુષપ્રધાન સમાજને તાદ્દશ કરે છે. મૃત્યુનો ભેદ જાણીને આવ્યા પછી પણ લક્ષ્મીજી પતિને એ રહસ્ય જણાવવા ઇચ્છતા નથી ત્યારે જે કટુવચન વિષ્ણુ લક્ષ્મીને કહે છે એ કટુવચનથી હણાયેલા, દુભાયેલા લક્ષ્મીજીના લાચારી ભર્યા સંવાદો મધ્યકાલીન નારીની સામાજિક પરિસ્થિતિનો આબેહૂબ ચિતાર આપી જાય છે.એક તરફ પતિ અને બીજી તરફ વહાલસોયો નિર્દોષ ભાઇ, એ બે વચ્ચે ભીંસાતી, પીસાતી નારીની મનોવ્યથા લક્ષ્મીજીના સંવાદો દ્વારા વ્યક્ત થાય છે.

લક્ષ્મીજીના સંવાદોમાં દેવી પાત્રની માનવીય છબી વ્યક્ત થાય છે, તો વૃંદા વિશે વિષ્ણુ શિવ સંવાદમાં વૃંદાના સતી તરીકેના દિવ્ય અંશો પ્રગટ થાય છે. વૃંદાને છળવામાં નિષ્ફળ ગયેલા શિવ વિષ્ણુને કહે છે,

"એ સતી સાધવી રે, આપણાથી નહિ ચૂકે સત્ય.
દાનવ એ નહિ મરે રે, નીશે માનો એ શ્રી પત્ય.
સુગમ ગઢ લોપવો રે; હરિ, વિષમ છળવી નાર."(૧૦૭)

જાલંધર વૃંદાના સતીત્વને કારણે જ અજેય છે તેથી છળકપટથી વિષ્ણુએ વૃંદાનું સતીત્વ ચૂકાવ્યું. વૃંદાને સાચી પરિસ્થિતિની જાણ થતાં પોતે નિર્દોષ હોવા છતાં આવા અધમ કૃત્યથી લાજ પામી વલવલાટ કરતી વૃંદાની મનોવ્યથાને કવિએ કલાત્મક રીતે વાચા આપી છેઃ

''અરે પાપી, દુષ્ટ દુર્ભાગી, કોણ રૂપ છે તાહારૂ ?
કૂડ કરી, માયા મોહ મૂકી, ખોયું સત્ય તે માહારૂં''(૧૦૮)

વૃંદાના શાપથી બચવા તરત જ વિષ્ણુ અસ્સલ રૂપમાં પ્રગટ થાય છે એ પછીના વિષ્ણુ અને વૃંદાના સંવાદોમાંથી ઉભયપાત્રની મનોસ્થિતિનો યથાર્થ ચિતાર મળે છે. પરસ્પર પ્રથમ શાપ અને પછી વરદાન આપતાં બંને પાત્રોના સંવાદોમાં ભાવકોના આવેગયુક્ત મનોભાવોનું શમન થાય છે. ''તાહારે વશ હું રે' એવા વિષ્ણુનાં વચનો છતાં વૃંદા સતીત્વને છાજે એ રીતે મોતને મીઠું કરે છે ત્યાં ભારતીય સંસ્કૃતિની ધરોહર સમાં નારી રત્નોમા સતી વૃંદા માનનાં અધિકારી ઠરે છે.

આ સિવાય, આખ્યાનના આરંભે આવતા ગર્વિષ્ઠ ઈન્દ્ર અને શિવનો સંવાદ, જાલંધર સાથેના યુધ્ધમાંથી પીછેહઠ કરી બ્રહ્માને શરણે આવતા ઈન્દ્ર અને બ્રહ્માનો સંવાદ, દેવશું યુધ્ધ ન કરવા વિશે વૃંદા - જાલંધર સંવાદ, વિના કારણ જાલંધર સાથે યુધ્ધ ન કરવા અને કારણ જાણ્યા પછી સત્વરે યુધ્ધ માટે પ્રેરતા ઉમા - મહેશના સંવાદ, વનમાં કપટરૂપે રહેલા વિષ્ણુ અને તેના શિષ્ય તેમજ વિષ્ણુ અને સતી વૃંદાના સંવાદ, વૃંદાના સતીત્વનો પરિચય આપતાં શિવ - વિષ્ણુના સંવાદ વગેરે પાત્રો અને પ્રસંગો સંદર્ભે કવિએ પ્રયોજેલાં સંવાદો ચોટદાર, માર્મિક અને હૃદયસ્પર્શી છે. આ પ્રકારના સંવાદોથી પાત્રોનું આંતરબાહ્ય વ્યક્તિત્વ પ્રગટ થાય છે. મધ્યકાલીન આખ્યાનની કથન પરંપરામાં સંવાદોથી જ વાતાવરણ જીવંત બનતું હશે એમ નિઃશંક કહી શકાય.

## ❖ સંદર્ભ નોંધ :

(૧) સંપા. શ્રી રા. ચુ. મોદી : વિષ્ણુદાસ, ભાલણ અને શિવદાસ કૃત : 'જાલંધર આખ્યાન'નો ઉપોદ્‌ઘાત, પૃ. ૪૪

(૨) શ્રી કે.કા. શાસ્ત્રી : 'કવિ ચરિત', ભાગ-૨, પૃ. ૩૦૪

(૩) સંપા. શ્રી રા. ચુ. મોદી : વિષ્ણુદાસ, ભાલણ અને શિવદાસ કૃત, 'જાલંધર આખ્યાન', કડવું-૧, પૃ.૧

(૪) એજન, કડવું-૧, પૃ. ૩

(૫) એજન, કડવું-૨, પૃ. ૪

(૬) એજન, કડવું-૩, પૃ. ૭

(૭) એજન, કડવું-૫, પૃ. ૧૧

(૮) એજન, કડવું-૮, પૃ. ૧૮-૧૯

(૯) એજન, કડવું-૮, પૃ. ૧૯

(૧૦) એજન, કડવું-૧૦, પૃ. ૨૫-૨૬

(૧૧) એજન, કડવું-૧૧, પૃ. ૨૭

(૧૨) એજન, કડવું-૧૩, પૃ. ૩૧

(૧૩) એજન, કડવું-૧૫, પૃ. ૩૫

(૧૪) એજન, કડવું-૧૫, પૃ. ૩૬

(૧૫) એજન, કડવું-૧૫, પૃ. ૩૬

(૧૬) એજન, કડવું-૧૫, પૃ. ૩૭

(૧૭) એજન, કડવું-૧૫, પૃ. ૩૭

(૧૮) એજન, કડવું-૧૫, પૃ. ૩૭

(૧૯) એજન, કડવું-૨૨, પૃ. ૫૧

(૨૦) એજન, કડવું-૨૨, પૃ. ૫૨

(૨૧) એજન, કડવું-૨૩, પૃ. ૫૩

(૨૨) એજન, કડવું-૨૩, પૃ. ૫૪

(૨૩) એજન, કડવું-૨૫, પૃ. ૫૮

(૨૪) એજન, કડવું-૨૬, પૃ. ૬૨

(૨૫) એજન, કડવું-૨૬, પૃ. ૬૨

(૨૬) એજન, કડવું-૨૮, પૃ. ૬૮

(૨૭) એજન, કડવું-૨૭, પૃ. ૬૭

(૨૮) એજન, કડવું-૨૮, પૃ. ૬૮-૬૯

(૨૯) એજન, કડવું-૨૮, પૃ. ૬૯

(૩૦) એજન, કડવું-૩૧, પૃ. ૮૦

(૩૧) એજન, કડવું-૧૦, પૃ. ૨૫

(૩૨) એજન, કડવું-૧૦, પૃ. ૨૬

(૩૩) એજન, અધ્યાય-૩૯, પૃ. ૧૦૧

(૩૪) એજન, અધ્યાય-૩૯, પૃ. ૧૦૧

(૩૫) એજન, અધ્યાય-૩૯, પૃ. ૧૦૧

(૩૬) એજન, અધ્યાય-૩૯, પૃ. ૧૦૨

(૩૭) એજન, કડવું-૨૫, પૃ. ૫૮

(૩૮) એજન, કડવું-૨૬, પૃ. ૬૧

(૩૯) એજન, કડવું-૨૬, પૃ. ૬૧

(૪૦) એજન, કડવું-૧૫, પૃ. ૩૬

(૪૧) એજન, કડવું-૧૫, પૃ. ૩૬

(૪૨) એજન, કડવું-૪, પૃ. ૮

(૪૩) એજન, કડવું-૯, પૃ. ૧૯

(૪૪) એજન, કડવું-૯, પૃ. ૧૯

(૪૫) એજન, કડવું-૧૧, પૃ. ૨૭

(૪૬) એજન, કડવું-૧૨, પૃ. ૨૯

(૪૭) એજન, કડવું-૧૩, પૃ. ૩૧

(૪૮) એજન, કડવું-૧૮, પૃ. ૪૨

(૪૯) એજન, કડવું-૧૮, પૃ. ૪૨-૪૩

(૫૦) એજન, કડવું-૨૧, પૃ. ૪૯

(૫૧) એજન, કડવું-૩૫, પૃ. ૯૩

(૫૨) એજન, અધ્યાય-૩૮, પૃ. ૯૮

(૫૩) એજન, કડવું-૧૧, પૃ. ૨૮

(૫૪) એજન, કડવું-૧૫, પૃ. ૩૫

(૫૫) એજન, કડવું-૧૫, પૃ. ૩૬

(૫૬) એજન, કડવું-૧૫, પૃ. ૩૭

(૫૭) એજન, અધ્યાય-૩૯, પૃ. ૯૯

(૫૮) એજન, અધ્યાય-૩૯, પૃ. ૧૦૧

(૫૯) એજન, કડવું-૧૭, પૃ. ૪૧

(૬૦) એજન, કડવું-૧૭, પૃ. ૪૧

(૬૧) એજન, કડવું-૫, પૃ. ૧૨

(૬૨) એજન, કડવું-૧૫, પૃ. ૩૬

(૬૩) એજન, કડવું-૧૦, પૃ. ૨૪-૨૫

(૬૪) એજન, કડવું-૨૯, પૃ. ૭૧

(૬૫) એજન, કડવું-૨૯, પૃ. ૭૨-૭૩

(૬૬) એજન, અધ્યાય-૩૯, પૃ. ૯૯

(૬૭) એજન, અધ્યાય-૩૯, પૃ. ૯૯

(૬૮) એજન, અધ્યાય-૩૯, પૃ. ૧૦૧-૧૦૨

(૬૯) એજન, અધ્યાય-૪૦, પૃ. ૧૦૫

(૭૦) એજન, કડવું-૧૪, પૃ. ૩૩

(૭૧) એજન, કડવું-૧૪, પૃ. ૩૪

(૭૨) એજન, કડવું-૧૯, પૃ. ૪૪

(૭૩) એજન, કડવું-૧૪, પૃ. ૪૫

(૭૪) એજન, કડવું-૨૭, પૃ. ૬૪-૬૫

(૭૫) એજન, અધ્યાય-૩૯, પૃ. ૧૦૦

(૭૬) એજન, કડવું-૧૦, પૃ. ૨૩

(૭૭) એજન, કડવું-૩૦, પૃ. ૭૪

(૭૮) એજન, કડવું-૩૦, પૃ. ૭૪

(૭૯) એજન, કડવું-૩૦, પૃ. ૭૫

(૮૦) એજન, કડવું-૬, પૃ. ૧૩

(૮૧) એજન, કડવું-૧૧, પૃ. ૨૮

(૮૨) એજન, કડવું-૧૨, પૃ. ૨૯

(૮૩) એજન, કડવું-૧૩, પૃ. ૩૧

(૮૪) એજન, કડવું-૧૩, પૃ. ૩૧

(૮૫) એજન, કડવું-૧૩, પૃ. ૩૧

(૮૬) એજન, કડવું-૧૩, પૃ. ૩૨

(૮૭) એજન, કડવું-૧૮, પૃ. ૪૩

(૮૮) એજન, અધ્યાય-૩૮, પૃ. ૯૭

(૮૯) એજન, અધ્યાય-૩૮, પૃ. ૯૮

(૯૦) એજન, કડવું-૩, પૃ. ૭

(૯૧) એજન, કડવું-૪, પૃ. ૮

(૯૨) એજન, કડવું-૭, પૃ. ૧૬

(૯૩) એજન, કડવું-૮, પૃ. ૧૭

(૯૪) એજન, કડવું-૮, પૃ. ૧૭-૧૮

(૯૫) એજન, કડવું-૧૪, પૃ. ૩૪-૩૫

(૯૬) એજન, કડવું-૨૭, પૃ. ૬૭

(૯૭) એજન, કડવું-૨૮, પૃ. ૬૮-૬૯

(૯૮) એજન, કડવું-૨૯, પૃ. ૭૧

(૯૯) એજન, કડવું-૨૯, પૃ. ૭૨

(૧૦૦)એજન, કડવું-૧૦, પૃ. ૨૩

(૧૦૧)એજન, કડવું-૧૩, પૃ. ૩૧

(૧૦૨)એજન, કડવું-૧૩, પૃ. ૩૧

(૧૦૩)એજન, કડવું-૧૮, પૃ. ૪૨

(૧૦૪)એજન, કડવું-૧૮, પૃ. ૪૨

(૧૦૫)એજન, કડવું-૩૫, પૃ. ૯૩

(૧૦૬)એજન, કડવું-૨૩, પૃ. ૫૩

(૧૦૭)એજન, કડવું-૨૮, પૃ. ૬૯-૭૦

(૧૦૮)એજન, અધ્યાય-૩૯, પૃ. ૯૯

# પ્રકરણ – ૮

# શિવદાસ કૃત 'જાલંધર આખ્યાન'


૧:૧ પ્રસ્તાવના

૨:૧ 'જાલંધર આખ્યાન'નો કથાસાર

૩:૧ મૂળ કથાનકમાં ફેરફાર અને તેનું ઔચિત્ય

૪:૧ 'જાલંધર આખ્યાન'ની પાત્ર સૃષ્ટિ

૪:૧:૧ પુરુષ પાત્રો

૪:૧:૨ સ્ત્રી પાત્રો

૫:૧ 'જાલંધર આખ્યાન'માં રસ નિરૂપણ

૬:૧ 'જાલંધર આખ્યાન'માં વર્ણનો

૭:૧ વર્ણનોને જીવંત, ચિત્રાત્મક અને આસ્વાદ્ય બનાવતા સંવાદો

# પ્રકરણ – ૮

# શિવદાસ કૃત 'જાલંધર આખ્યાન'

## ૧:૧ પ્રસ્તાવના :

શિવદાસકૃત 'જાલંધર આખ્યાન' વિસ્તારની દૃષ્ટિએ ટૂંકું પણ નિર્માણ કૌશલની દ્દષ્ટિએ સુંદર આખ્યાન બનવા પામ્યું છે. શિવદાસની સર્જક પ્રતિભાના મૌલિક ઉન્મેષો આખ્યાનમાં અનેક જગ્યાએ જોવા મળે છે. 'જાલંધર આખ્યાન'નું કૃતિલક્ષી મૂલ્યાંકન કરતી વખતે કવિની વિષય પસંદગી, વિષયને અભિવ્યકત કરવાની કુનેહ, કૃતિનો કથાસાર, મૂળકથાનક સાથે તેની તુલના એ પછી કવિની પાત્ર ચિત્રણ કલા, રસ, વર્ણનો ઈત્યાદિ વિગતો સદ્દષ્ટાંત અહીં દર્શાવી છે. મૂળ કથાનક સાથેની વિગતસભર તુલનાથી કર્તાએ છોડી દીધેલા કે ઉમેરેલા ફેરફારો દ્વારા પ્રતીત થતી એમની મૌલિક પ્રતિભાના ઉન્મેષોને પણ દર્શાવવાનો અહીં ઉપક્રમ છે. આ બધી વિગતોનું અધ્યયન કરતી વખતે એ બાબત તપાસવાનો પણ પ્રયાસ કર્યો છે કે કર્તાએ દાખવેલી મૌલિકતા તેણે પરંપરામાંથી લીધી છે ? તત્કાલીન સમાજમાંથી પ્રાપ્ત કરી છે કે એમની મૌલિક સર્જક પ્રતિભાનું પરિણામ છે ? ઉપર્યુક્ત વિગતોને નજર સમક્ષ રાખી કૃતિનું મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન કરીએ.

મધ્યકાલીન આખ્યાન કવિઓ આખ્યાનનો વિષય 'રામાયણ', 'મહાભારત', 'ભાગવત' કે પછી પુરાણોમાં લોકપ્રિય પુરાણો 'હરિવંશ પુરાણ', 'શિવ પુરાણ', 'પદ્મપુરાણ' વગેરે પુરાણોમાંથી પસંદ કરતા. ધર્મથી વિમુખ થતી જતી હિન્દુ પ્રજાને સ્વધર્મ તરફ પાછી વાળવા, તેની શ્રદ્ધાને દ્દઢમૂલ કરવા આ પ્રકારના વિષયો પસંદ થતા. પછી એ આખ્યાનનો પિતા ભાલણ હોય કે આખ્યાનકાર શિરોમણી પ્રેમાનંદ. શિવદાસ પણ વિષય પસંદગીની બાબતમાં એ મધ્યકાલીન પરંપરાને અનુસર્યા છે અને શિવદાસે બતાવ્યું છે તેમ, આ કથા તેણે 'હરિવંશ' અને 'પદ્મ' એમ બંને પુરાણોને નજર સમક્ષ રાખીને રચી છે. પુરાણકથાને પોતાના વિષયની કાચી સામગ્રી તરીકે ખપમાં લઈ એક કલાત્મક કૃતિનું સર્જન શિવદાસે કર્યું છે. શિવદાસની કવિ પ્રતિભાના વિશિષ્ટ ઉન્મેષોને તેના યથાર્થરૂપે સમજવા માટે કૃતિના વિવિધ પાસાઓની વિગતે ચર્ચા કરીએ.

## ૨:૧ 'જાલંધર આખ્યાન'નો કથાસાર :

'શિવદાસ' કૃત 'જાલંધર આખ્યાન'નું કથાનક આખ્યાનની લાક્ષણિકતાઓના આધારે અહીં પ્રસ્તુત કરેલ છે. એથી આખ્યાનના મહત્ત્વના સંદર્ભો, પ્રસંગો, પાત્રો જેનો આગળ ઉપર અભ્યાસ નિમિત્તે ઉલ્લેખ થયેલો છે વગેરેની આછી ભૂમિકાનો પરિચય મળી રહેશે. 'જાલંધર આખ્યાન' શિવદાસની સરસ કૃતિ બનવા પામી છે. એ પંદર કડવાં અને ૭૦૧ પંક્તિઓમાં વિસ્તાર પામ્યું છે.

કવિએ સમગ્ર કૃતિને શીર્ષક 'જાલંધર આખ્યાન' એવું આપ્યું છે, પરંતુ કવિ જાલંધર કથા સાથે નરકાસુર વધ કથા કહેવા પણ ધારે છે અને તેથી પંદર કડવાંના નાનકડા આખ્યાનને વિષય દૃષ્ટિએ એ બે ભાગમાં વહેંચે છે. પ્રથમ નવ કડવાં જાલંધર જન્મથી વધ સુધીની કથા કહે છે તો દસમાં કડવાથી નરકાસુરની કથા શરૂ થાય છે. આખ્યાનના આરંભે જ જન્મેજયે જે વૈશંપાયનને પ્રશ્ન ર્ક્યો છે તેમાં તેણે નરકાસુર વધની કથા સાંભળવાની ઇચ્છા વ્યક્ત કરી છે એટલે મુખ્ય વાત તો કવિને જાણે નરકાસુરની કહેવાની થાય છે. પરંતુ નરકાસુરનો આગલો જન્મ જાલંધરરૂપે થયેલો તેના ઉલ્લેખ દ્વારા તે પહેલાં જાલંધરનું કથાનક અને ત્યારબાદ નરકાસુરનું કથાનક વર્ણવે છે. તેથી અહીં 'જાલંધર આખ્યાન' માત્ર જાલંધરની કથા નહીં રહેતાં નરકાસુરની કથા પણ બની રહે છે. આટલી પૂર્વભૂમિકા પછી આપણે કથાનકના મુખ્ય અંશોનો વિગતે સદષ્ટાંત પરિચય મેળવીએ.

### ❖ મંગલાચરણ :

આખ્યાનના આરંભે મંગલાચરણ હોય છે. એ પ્રણાલિકાને અનુસરીને શિવદાસે કૃતિના આરંભમાં ઇશ્વર સ્તવન કરેલ છે. (પંક્તિ-૧ થી ૧૧) મંગલાચરણમાં તે આદિ અનાદિ અનંત શ્રી વિષ્ણુને, ગણપતિને સ્મરે છે. વાણીની દેવી સરસ્વતીને પોતાના મુખમાં વાસ કરવા પ્રાર્થે છે. અંતે ગુરુચરણ કમળનું માનસ ધ્યાન ક્રી કવિ કથાનો પ્રારંભ કરતાં પહેલાં કથા ક્યાંથી લીધી છે તેનું સૂચન કરે છે. ગોવિંદના ગુણગાન અર્થે હરિવંશની કથા ભવસાગરમાં નાવ સમાન પોતે વહેતી મૂકે છે.

જન્મેજય વૈશંપાયનને કહે છે કે, "તમે મને મહાભારતની કથા વિસ્તારીને કહી. કાલયવન, કંસ, જરાસંધ, શિશુપાલ વગેરેના વધની પરાક્રમ ક્થા કહી. હવે શ્રી હરિએ નરકાસુરનો વધ કેવી રીતે કર્યો ? શ્રી હરિ સોળ સહસ્ર ક્ન્યાને કઇ રીતે પરણ્યા ? મહાબળવાન નરકાસુર કોણ હતો ? વગેરે કથા વિસ્તારીને કહો." (પંક્તિ ૧૨ થી ૨૩)

ફલશ્રુતિ આખ્યાનને અંતે કહેવાની મધ્યકાલીન પરંપરા છે પરંતુ અહીં શિવદાસ કથાના આરંભે આવી ફલશ્રુતિ સંભળાવે છે.

> ''કૃષ્ણ કથા સાંભળતા એહ, મનવાંચ્છિત ફળ પામે તેહ.
> ગાતાં સુખ હરિ આપે આપ, ત્રણ પુરૂષ થાએ નિષ્પાપ;
> શ્રોતા, વક્તા, પૃચ્છક, સોચ, ત્રણને હરિપદ ગતિ હોય.''[૧]

ફરી પાછી એ કથાનું મૂળ 'પદ્મપુરાણ'માં છે એમ કહી કવિ કથાની માંડણી કરે છે. વૃંદાપતિ જે જાલંધર છે તે રુદ્રના તેજમાંથી પ્રગટ્યો છે. જે પૂર્વે જાલંધર દાનવરાજ હતો તે પછીના જન્મે નરકાસુરનો દેહ ધારણ કરી જન્મે છે, એ કથા વૈશંપાયનના મુખે શરૂ થાય છે. (પંક્તિ ૨૭ થી ૩૨)

## ❖ ઈન્દ્ર દ્વારા શિવનું અપમાન અને શિવના રૌદ્ર રૂપનું પ્રગટવું :

હરિએ જે નરકાસુરનો વધ કર્યો છે એ નરકાસુર પૂર્વે જાલંધર હતો એની ઉત્પત્તિ કથા કહેતા પહેલાં કવિ એની પૂર્વ કથા સંભળાવે છે.

દેવેન્દ્ર એક સમયે શિવના દર્શનાર્થે કૈલાસ તરફ જાય છે. કૈલાસ પર શિવનું ધામ છે, તેનો વાસ છે. એ ધામનું વર્ણન કરી કવિ કથાને આગળ વધારે છે. ઇન્દ્ર બીજા દેવો સાથે કૈલાસ તરફ આવે છે ત્યારે વિકરાળ, ભયંકર સ્વરૂપે રહેલા શિવ તેને મળે છે. શિવના સ્વરૂપને, તેજને ન ઓળખી શકતો ઇન્દ્ર તેનું અભિમાન આણી તેનું અપમાન કરી બેસે છે. શિવ ગુસ્સે થાય છે પણ મૌન ધારણ કરે છે. ઇન્દ્ર વધારે ગુસ્સે થઇ શિવ પર વજ્રનો પ્રહાર કરે છે. ઇન્દ્રના આવા ગર્વિષ્ઠ વાણી વર્તનથી ભગવાન શિવ અત્યંત ક્રોધે ભરાય છે અને તેમના એ મહાભયંકર ક્રોધમાંથી એક કૃત્યા પ્રગટે છે. ઇન્દ્રને સાચી વસ્તુસ્થિતિની જાણ થાય છે. પોતાના વર્તનની ક્ષમા યાચે છે અને કહે છે, 'હે' મહાદેવ ! તમારું આ તેજ ત્રિલોકનો નાશ કરશે. એને ફરી પાછું તમારામાં શમાવી લો,' ત્યારે પ્રત્યુત્તર આપતાં ભગવાન શિવ કહે છે, ''મારા ક્રોધમાંથી તેજ સ્વરૂપ જે કૃત્યા પ્રગટી છે એ તેજને જીરવી શકે એવો કોઇ દુનિયામાં નથી તેથી હે દેવેન્દ્ર ! તમે એક કામ કરો. મારું એ તેજ લઇ જઇ સમુદ્રમાં મૂકો.'' આવાં શિવનાં વચનો સાંભળી સુરપતિ એ તેજબળને લઇ જઇ ગંગા સાગરના સંગમ તટે મૂકે છે. (પંક્તિ - ૩૩ થી ૭૮)

## ❖ જાલંધરનો જન્મ અને નામકરણ, બ્રહ્માનું વરદાન :

શિવના ક્રોધમાંથી જન્મેલ મહાભયંકર તેજરૂપ કૃત્યાને ઈન્દ્ર ગંગા સિન્ધુના કિનારે લઇ જઇ મૂકે છે અને તત્ક્ષણ ત્યાં પ્રચંડ પુરુષ પ્રગટ થાય છે. તેની ગર્જનાએ બ્રહ્માંડ ખળભળી ઊઠ્યું. ચંદ્ર, સૂર્ય દશ દિક્પાળો અને દેવો એ ગર્જનાએ કંપી ઊઠ્યા અને ખુદ બ્રહ્મા બ્રહ્મસદ્દન તજી આ નાદ જ્યાંથી આવે છે ત્યાં હાજર થયા. રુદ્ર સરખા દેહ વાળો પુરુષ બ્રહ્માની નજરે પડે છે. સમુદ્ર એને પોતાના બાળક તરીકે ઓળખાવે છે. એ સુંદર બાળકને જોઇ બ્રહ્મા એને પોતાની ગોદમાં લે છે. રમતાં રમતાં બાળક બ્રહ્માની દાઢીના વાળ ( કૂર્ચાની જાળ) પકડી લે છે જે ભારે પ્રયત્ન છતાં છોડતો નથી. બ્રહ્મા વ્યથિત થાય છે. બે નેત્રમાંથી જલની ધારા વછૂટે છે. એવું બાળકનું પરાક્રમ નિહાળી, અગ્નિ સમાન તેજસ્વી જ્વાળ નિહાળી બ્રહ્મા તેનું નામ 'જાલંધર' એવું સૂચવી સમુદ્રને કહે છે 'તારો આ પુત્ર મહા બળવાન થશે. ત્રિલોકને વશ કરશે પરંતુ એ મહાદેવને હાથે મરશે.' આવું નિર્ભયતાનું વરદાન આપી બ્રહ્મા ત્યાંથી વિદાય લે છે. (પંક્તિ ૭૮ થી ૯૩)

## ❖ વૃંદા સાથે લગ્ન અને રુદ્ર – જાલંધર યુધ્ધ :

તરત જ જાલંધરને મોટો થતો બતાવાય છે. તેની ત્રિલોકમાં આણ પ્રવર્તે છે. કાલનેમિ નામના દૈત્યને એક સુંદર કન્યા હતી તેની સાથે જાલંધરના વિવાહ કરવામાં આવે છે. વૃન્દા સતી સ્ત્રી છે, રૂપ સુંદરી છે. પતિવ્રતા નારીના પુણ્ય પ્રતાપે જાલંધર નિર્ભય બને છે. તેણે દેવો, મનુષ્યો, ઋષિમુનિઓ અને નાગ લોકો એમ સૌને વશ કર્યા છે.

ત્યારબાદ દેવોના હિતાર્થે નારદ જાલંધર પાસે જઇને તેને શિવ પાસે રહેલું પાર્વતી જેવું અપૂર્વ સ્ત્રી રત્ન પ્રાપ્ત કરવા ઉશ્કેરે છે. નારદનો ચઢાવ્યો જાલંધર કપટરૂપે પાર્વતીને છેતરવા જાય છે પરંતુ જેના ચિત્તમાં સદા સદાશિવનો વાસ છે એવા પાર્વતીને જાલંધર છળી શકતો નથી અને રુદ્ર સાથે યુધ્ધારંભ કરે છે. દુષ્ટ જાલંધર સાથેના યુધ્ધ સંગ્રામમાં રુદ્રની હાર થાય છે. (પંક્તિ ૯૪ થી ૧૦૬)

## ❖ જાલંધર – ઈન્દ્રનું યુધ્ધ :

ત્રિલોકમાં પોતાની આણ પ્રવર્તાવતો જાલંધર અભિમાનપૂર્વક પોતા સમાન કોઇ બળીયો નથી એવું માનતો થયો છે. એક સમયે સભા ભરી ઘણા દૈત્યો સાથે જાલંધર આનંદ માણી રહ્યો છે. અર્ધાંગે વૃંદા શોભે છે. ત્યારે એ સભામાં કાલનેમિ દૈત્ય સમુદ્રમંથનની પૂર્વકથા જાલંધરને સંભળાવતા કહે છે, 'હે પ્રભુ ! દેવો અભિમાન કરે છે. તેમણે સાગરમંથન કરીને તમામ રત્નો આપણી પાસેથી

છીનવી લીધાં છે. પૃથ્વી કપટથી પ્રાપ્ત કરી છે. અમૃત દેવોને પાઇ, રાહુનો શિરચ્છેદ વિષ્ણુએ કર્યો છે. આજે સબળ બનેલાં ઇન્દ્રને વિષ્ણુ સહાય કરી રહ્યા છે. અમૃતને લીધે અમરત્વને પામેલા દેવો સાથે સંગ્રામ કરતા દેવો જીતી જાય અને દૈત્યો હારી જાય એવું બને છે.' કાલનેમિનાં આવાં વેણ સાંભળી જાલંધર ક્રોધે ભરાય છે. ''પર્વત વડે મથીને મારા પિતાને દુઃખી કર્યા છે દેવોએ ?'' વિષ્ણુ સમેત તમામ દેવોને રણમેદાનમાં મારી તમામ રત્નો પાછા મેળવવાના સંકલ્પે દાનવરાજ કાલનેમિને સૈન્ય લઇ ઇન્દ્રપુરી પર ચઢાઇ કરવાની આજ્ઞા કરે છે અને ઇન્દ્રાદિ દેવોનો નાશ કરવા પોતે પણ સજ્જ બને છે. જાલંધરના પરાક્રમથી એક સહસ્ર વર્ષ પર્યંત યુધ્ધ ચાલે છે અને અંતે દેવો રણમેદાન છોડી ભાગે છે. પોતાના પિતાના (સાગર) મંથનથી દેવો સાથેના વેરનો બદલો એ આ રીતે લે છે. બધી રિધ્ધિ - સિધ્ધિ સાથે તે સ્વર્ગાધિપતિ બને છે. (પંક્તિ ૧૦૭ થી ૧૩૮)

## ❖ ઈન્દ્રાદિ દેવો શિવના શરણે :

રણમેદાનમાંથી ભાગી છૂટેલા ઇન્દ્ર, બ્રહ્મા, વિષ્ણુ આદિ દેવો કૈલાસ પર શિવના શરણે આવી શિવને સ્તુતિ કરી જાલંધરથી રક્ષવા વિનવે છે. 'તમારા વિના એનો કોણ નાશ કરે ?' એમ કહી દેવો પોતાની દુર્દશાની વાત શિવ સમક્ષ કરે છે. ''બધી જ દિશાઓમાં વ્યાપેલા દૈત્યોએ તમામ દેવોના ધામ પર કબજો જમાવ્યો છે. એક સહસ્ર વર્ષ પર્યંત અમોએ તેની સાથે યુધ્ધ કર્યું છે, પરંતુ એ અસુર મહાબળવાન છે. અમે એના પરાક્રમથી ડરીને ભાગ્યા છીએ. ઘણા દેવો રણમેદાનમાં પડ્યા છે, પરંતુ દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય મરેલા દૈત્યોને પોતાની વિદ્યા વડે જીવતા કરે છે. હે પ્રભુ ! ત્રિલોકને વશ કરનાર એ જાલંધર કઇ રીતે મરે તેનો ઉપાય કરો.''

ભગવાન શિવ દેવોને 'જાલંધર સતી વૃંદાના પુણ્ય પ્રતાપે, પતિવ્રતાના ધર્મના પ્રતાપે મરતો નથી', એમ જણાવી એનો ઉપાય વિચારવા કહે છે. બીજી તરફ જાલંધર પર ચઢાઇ કરવાની તૈયારી આરંભે છે. તત્ક્ષણ ત્યાં રથ પ્રગટ થાય છે. ચારે વેદને અશ્વોરૂપે રથ સાથે જોતરવામાં આવે છે. વાસુકિ નાગની રાશ બાંધવામાં આવે છે. સારથિરૂપે બ્રહ્મા, સેનાપતિરૂપે મહાદેવ દેવોની સહાયે જાય છે. હાથમાં ત્રિશૂળ ધારણ કરી, વિશાળ ધનુષ્ય સાથે પાંચ મસ્તક અને પચાસ હાથ સાથેના મહાવિકરાળ સ્વરૂપે રથમાં ભગવાન શિવ બિરાજે છે. મહાદેવના અનેક ગણો યુધ્ધ કાજ મહાદેવને અનુસર્યા છે ત્યારે દેવોની આશા જીવંત બને છે. તેત્રીસ કરોડ દેવતાઓ મહાદેવની પાછળ દૈત્યરાજને જીતવા મેદાને પડે છે. (પંક્તિ ૧૩૯ થી ૧૭૦)

## ❖ પુનઃ શિવ – જાલંધર યુધ્ધ :

જાલંધરને જીતવાના નિર્ધાર સાથે શિવ, બ્રહ્મા, વિષ્ણુ સહિત ઈન્દ્રાદિ દેવો ત્વરાથી રણમેદાનમાં આવી પહોંચે છે. જાલંધરને રણમેદાનમાં પડકારવા સાગર તટે જઇ શંખધ્વનિ કરવામાં આવે છે. શંખ ધ્વનિથી બ્રહ્માંડ ગાજે છે. પાતાલ ખળભળી ઊઠે છે. તેના પડઘા ત્રિલોકમાં પડે છે ત્યારે જાલંધર જાણે છે કે વિષ્ણુ, બ્રહ્મા ઈન્દ્રાદિ દેવો રુદ્રને સાથે લઇ યુધ્ધ કરવા આવ્યા છે. આવું સાંભળી તત્કાળ હાથમાં ધનુષ્ય લઇ સતી સાધ્વી વૃંદાની શીખ લેવા પોતાના મહેલમાં આવે છે ત્યારે રણમેદાનમાં 'તમારો જય થજો, તમે દેવોને જીતીને જલદી પાછા વળજો.' એવી આશિષ આપતી વૃંદા પોતાના કંઠમાંથી પુષ્પમાળા કાઢી જાલંધરને આપતાં કહે છે, 'એ કરમાય ત્યારે જાણજો, ભય ઉપન્યો અવશ્યમેવ' વૃંદાની પ્રશંસા કરી રથારૂઢ બની યુધ્ધ કરવા સમુદ્રની બહાર આવી તે પણ શંખનાદ કરે છે અને જ્યાં દેવોની સેના હતી ત્યાં આવી પહોંચે છે. ભારે સ્વસ્થતાપૂર્વક દેવોને હસીને જાલંધર વીરતાભરી વાણીમાં કહે છે કે, "કેટલીયેવાર મારા ભયે તમો સૌ નાસી ગયા પણ આ વખતે તમારો પ્રાણ લીધા વગર નહીં જાઉં." એમ કહી પરાક્રમપૂર્વક તે યુધ્ધ લડવાની શરૂઆત કરે છે. એક એક દેવ પર દસ દસ બાણ ચલાવતો જાલંધર શિવ પાસે આવી પહોંચી તેની સાથે યુધ્ધ સંગ્રામ માંડે છે. જાલંધરના પરાક્રમથી વેરવિખેર થયેલ દેવોના સૈન્યને જોઇ શિવ ક્રોધે ભરાય છે અને હાથમાં ત્રિશૂળ ગ્રહી કેટલાયે દાનવોને હણી નાખે છે, પરંતુ જે અસુરો રણમાં રૂદ્રના હાથે હણાય છે તે સર્વને શુક્રાચાર્ય પોતાની વિદ્યા વડે બેઠાં કરે છે. શિવ દ્વારા કૃત્યા પ્રગટ થઇ શુક્રને રણમાંથી લઇ અંતર્ધ્યાન થઇ જાય છે.

એ પછી રણમાં દૈત્ય સૈન્ય રોળાય છે, પરંતુ પરાક્રમી જાલંધર દેવોને રણમાં ત્રાહિમામ પોકારાવે છે. ફરી સહુ દેવોને રણમાંથી ભાગી છૂટતા ભગવાન શિવ જુએ છે. જેમ સાગરમાં ભરતી વાધે તેમ અસુરનું બળ વધતું જાય છે. બધા દેવો પર્વતોની ગુફામાં પેસી જાય છે. રાજા જાલંધર વિજય ઘોષ કરતો શંખ ધ્વનિ કરે છે. ગુફામાં પેસેલા દેવો ફરી લાચાર, દયામણા બની શિવને કોઇ યુક્તિ વિચારવા કહે છે જેના થકી જાલંધરનું મૃત્યુ થાય. ત્યારે જાલંધરના અજેયપણાનો ભેદ બતાવતા શિવ કહે છે, 'કે કંઇક એવું કરો કે તેની પત્ની વૃંદાનો શીલભંગ થાય, તો તેને મારી શકાય. તેના પુણ્યે પતિ જાલંધરને નિર્ભય બનાવ્યો છે.' જાલંધરે કપટ કરી એકવાર પાર્વતીને છળવાનો પ્રયત્ન કર્યો છે તે જાણી ભગવાન વિષ્ણુ વૃંદાને છળવાનું કપટ કરવા પાતાળ જવાનું કહી શિવને ફરી રણમેદાનમાં જવાનું કહે છે. 'જો એ

જાલંધરે પાર્વતીને છળવાનું કપટ કર્યું છે તો તેની પત્નીને છળવાનો દોષ મને નહિં લાગે.' એમ કહી વિષ્ણુ સતી વૃંદાને છળવા જાય છે. (પંક્તિ ૧૭૧ થી ૨૩૬)

## ❖ વિષ્ણુ દ્વારા વૃંદાનું શીલભંગ અને શિવ દ્વારા જાલંધરનો વધ :

જેવી રીતે જાલંધરનું જાલંધરપુરમાં આગમન થાય એવી રીતે હરિ જાલંધરનું રૂપ ધરી જાલંધરપુર અને ત્યાંથી જાલંધરના ઘરે જઇ કોટિ ઉપાયે વૃંદાને છળવાનો પ્રયત્ન કરે છે, પરંતુ સાધ્વી સત્ય ચૂકતી નથી. તે જાણે છે કે મારા પતિને મારવાને કાજે દેવો પોતાના પતિનું રૂપ ધારણ કરી પોતાને છળવા આવશે. તેથી પતિને પરમેશ્વર માની પૂજતી વૃંદા હરિની આ માયાથી છેતરાતી નથી. તેથી ભગવાન વિષ્ણુ બીજો ઉપાય વિચારે છે.

મહાન જોગીનું રૂપ ધારણ કરી વિષ્ણુ દિગંબર રૂપે રસ્તા વચ્ચે જઇ બેસે છે. સાથે એક પિશાચ અને બે મોઢાવાળો પવિત્ર શરીરધારી મૃગ છે. વૃંદાના ચિત્તમાં પ્રવેશ કરી વિષ્ણુ માયા રચે છે. એ માયાથી વૃંદા વિચારે છે કે, 'ઘણા દિવસોથી પ્રિય પતિ ગયો છે તેને રણમાં હું જોવા જાઉં.' એવું વિચારી રથમાં બેસી આયુધથી સજ્જ થઇ બે- ચાર સખીઓ સાથે રણમેદાન જતાં વિચારે છે કે, 'જો મારા પતિને દેવોએ માર્યો હશે તો હું બધા દેવોને રણમાં હણીશ.'

મહાવનમાંથી વૃંદાનો રથ પસાર થાય છે જ્યાં જોગી વેશે વિષ્ણુ બેઠેલા છે. મૃગ પિશાચ અબળા પર વાર કરે છે ત્યારે જોગી તેને ભસ્મીભૂત કરી દે છે. વૃંદા જોગીની પ્રદક્ષિણા કરી તેના ચરણે વંદન કરે છે અને જાલંધરની પત્ની તરીકે પોતાની ઓળખ આપે છે. 'ઘણા દિવસથી પતિ દેવો સાથે સંગ્રામ કરવા ગયો છે તે હજુ સુધી કેમ આવ્યો નથી એ જોવા જાઉં છું', એવાં વૃંદાના વચન સાંભળી વિષ્ણુ તત્ક્ષણ એક બીજી માયા રચી. જાલંધરના ધડ શીશને અલગ કરી સેવક દ્વારા વૃંદા સમક્ષ હાજર કરવામાં આવે છે. એ સેવક રાણીને ઓળખી કહે છે કે, ''રાજાને દેવોએ રણમાં હણ્યો છે. તેનું શબ લઇ તેને અગ્નિદાહ આપવા અમે રણમેદાનમાંથી ભાગ્યા છીએ.'' આ સાંભળી વૃંદા મૂર્છિત બને છે.

ભાનમાં આવતા વૃંદા કલ્પાંત કરે છે. જાલંધરનું શીશ ખોળામાં લઇ રુદન કરે છે અને પતિના જતાં પોતે પણ મરવા તૈયાર થાય છે. કેશપાશ કંઠે બાંધી મરવાનો પ્રયત્ન કરે છે ત્યારે વિષ્ણુ તેને તેમ કરતી રોકે છે. 'તારા પતિવ્રત ધર્મના પ્રતાપે કદાચ તે જીવીત થાય, શબને આઘું રાખી તું તારાં નેત્રો બંધ કરી દે' અને જાલંધરરૂપે હરિ પ્રગટ થાય છે. પતિને સજીવન થયેલો જાણી વૃંદાનો આનંદ માતો નથી. વિષ્ણુની માયાને, ભેદને તે પારખી શકતી નથી. એ રાત પતિ-પત્ની વનમાં રહી મનગમતી

ક્રીડામાં મસ્ત બને છે. ભોગ ભોગવતાં વૃંદાને ચિત્તમાં જ્ઞાન પ્રગટે છે, 'આ જાલંધર નહિ. હરિહર વિના બીજું કોઈ નહિ.' વિષ્ણુ દ્વારા થયેલા કપટની જાણ થતા વૃંદા શાપ દેવા તૈયાર થાય છે ત્યારે ઘડીભર ભગવાન વિષ્ણુ ધ્રુજી જાય છે અને પોતાના અસલ સ્વરૂપમાં આવે છે. એ જોઈ વૃંદા શરમથી લાજી મરે છે. અહીં વિષ્ણુએ વૃંદાનું શીલભંગ કર્યું છે અને રણમેદાનમાં રુદ્રે જાલંધરને હણ્યો છે. દેવોના દુંદુભિ વાગે છે. પુષ્પવૃષ્ટિ થાય છે અને ત્યારે વૃંદા જાણે છે કે હવે જાલંધર રહ્યો નથી. એ આઘાતથી ફરી વૃંદા મૂર્છિત બને છે. ભગવાન વિષ્ણુ તેની મૂર્ચ્છાથી વ્યગ્ર બને છે. વૃંદાની નજીક જઈ કરુણાજળ છાંટી હાથ ગ્રહી તેને ઉઠાડે છે ત્યારે વૃંદા નિર્દય નારાયણને શાપ આપે છે. (પંક્તિ ૨૩૭ થી ૩૩૦)

## ❖ વિષ્ણુને વૃંદાનો શાપ અને વિષ્ણુનું વૃંદાને વરદાન :

વૃંદા સત્યવ્રત ચૂકી તેથી ભારે વ્યથિત છે. પોતે વિષ્ણુની કપટલીલાને પામી શકી નહીં એવું મનમાં વિમાસતાં વૃંદાના શરીરમાંથી ક્રોધ પ્રગટે છે. વિષ્ણુ ચિંતિત બને છે. 'રખેને એના અંગથી અગ્નિ પ્રગટે જે ત્રિલોકને બાળી મૂકશે. એના કરતાં તે મને શાપ દે તો સારું, એવું વિચારતા વિષ્ણુની આંખોમાંથી જળધારા વછૂટે છે ત્યારે ક્રોધભરી વૃંદા વિષ્ણુને શાપ આપતાં કહે છે, ''કે જેમ મને મારા પિયુનો વિજોગ થયો છે તેમ તને પણ થશે અને જેમ જોગી, મૃગ અને પિશાચની મદદથી તે મને છેતરી છે એ બધા વનમાં તારા દુઃખનું કારણ બનો.'' એવાં વૃંદાનાં શાપિત વચન સાંભળી વિષ્ણુ વૃંદાને કહે છે કે, 'પહેલાં તારો પતિ સતી ઉમયાને છળવા ગયેલો એટલા માટે મેં તને છળી છે, તેથી તેનો દોષ મને નહિ, એવું કર્મ જેણે પહેલુ કર્યું છે તેને લાગવો જોઈએ. મેં તો દેવોનું કાર્ય કર્યું છે. જાલંધરને શિવે રણમાં હણ્યો છે. હવે તું મારા અપરાધને ક્ષમા કરી મનવાંછિત વર માગી લે.'

પોતાના શાપિત ક્રોધભર્યા વચનની ક્ષમા માગતી વૃંદા પતિવ્રતધર્મના પાલનથી વિષ્ણુને પામી ધન્યતા અનુભવે છે. અસુર જાતને, કુળને પાવન કરી પોતાને અર્ધાંગે ધારણ કરવા બદલ પ્રસન્ન થતી વૃંદા વિષ્ણુ પાસે પોતાના પતિના મોક્ષનું વરદાન માગે છે અને ભગવાન વિષ્ણુ એને વરદાન આપતાં કહે છે કે, 'હું તારા માટે મૃત્યુલોકમાં અવતાર ધારણ કરીશ, મારા હાથે એનો વધ કરી એને મારા ધામમાં લઈ જઈશ ત્યાં સુધી જાલંધર મારા તેજમાં સમાયેલો રહેશે'. નરકાસુર રૂપે જન્મેલા જાલંધરને કૃષ્ણરૂપે વિષ્ણુ મારશે પણ વૃંદાથી વિષ્ણુ અલગ નથી. ત્રિલોકમાં લોકો તુલસી નામ ધારી તને પૂજશે અને અંતકાળે જે જન એ તુલસીપત્ર પામશે તેને વૈકુંઠની પ્રાપ્તિ થશે', એવું વિષ્ણુ વૃંદાને વરદાન આપે છે. (પંક્તિ ૩૩૧ થી ૩૭૮)

## ❖ વૃંદાનો અગ્નિ પ્રવેશ :

વૃંદાને વરદાન આપી વિષ્ણુ એને પોતાના ખોળામાં લઈ જ્યાં રણ મધ્યે જાલંધર પડ્યો છે ત્યાં વૃંદાને લઈ આવે છે. ત્યાં એકત્રિત દેવો વૃંદાની સ્તુતિ કરે છે. 'સતી શિરોમણી સાધ્વી' ત્યાં પોતાના અંગથી અગ્નિ પ્રગટાવી પતિ જાલંધર સાથે બળી મરે છે અને વૈકુંઠપદ પામે છે. તેના વિરહથી વ્યથિત વિષ્ણુ તેની રાખમાં લોટે છે, તત્ક્ષણ તેમાંથી ત્રણ લતા પ્રગટે છે. એમાં તુલસીનો છોડ પ્રગટે છે. માલતી, આમળી અને હરિલતા એ ત્રણેય વૃંદાનાં રૂપ છે. 'હું આ વનમાં સદા વાસ કરીશ'. એવું વૈકુંઠનાથ કહે છે ત્યારે બ્રહ્મા, ઈન્દ્ર વગેરે દેવો પણ તુલસીની પૂજા કરનારને મન વાંચ્છિત સુખ આપવાની ઘોષણા કરે છે. ત્યારબાદ સૌ દેવો પોતપોતાને સ્થાનક જાય છે અને વિષ્ણુ વૃંદા પાસે રહી જાય છે. (પંક્તિ ૩૭૯ થી ૩૯૫)

## ❖ નરકાસુરની ઉત્પત્તિ કથા :

કડવાં-૯ પંક્તિ ૩૯૬ થી નરકાસુરનું કથાનક કવિ શરૂ કરે છે. જાલંધરનો પુનર્જન્મ નરકાસુર રૂપે થાય છે. એક સમયે હિરણાક્ષ નામનો મહાબળવાન પ્રચંડ અને પાપી દૈત્ય ત્રિલોકને અને દેવો સહિત દિક્પાળોને પોતાના પરાક્રમથી વશ કરે છે. એટલું જ નહિ, પરંતુ સમગ્ર સૃષ્ટિ સમેત પૃથ્વીને લઈ તે પાતાળમાં ચાલ્યો જાય છે ત્યારે ઈન્દ્ર આકુળ વ્યાકુળ બની ભગવાન વિષ્ણુનું સ્મરણ કરે છે. વરાહ અવતાર ધારણ કરી, પાતાળ જઈ ભગવાન વિષ્ણુ હિરણાક્ષને મારી પૃથ્વીને પોતાની દાઢમાં ગ્રહી ધરાને પાતાળમાંથી બહાર લાવે છે. ધરાનું સુંદર રૂપ જોઈ વિષ્ણુ મોહિત બને છે. ક્રોધવશ ઉપહાસ કરતા હરિના મસ્તક પર સ્વેદ પ્રગટે છે. તે જાલંધરના તેજને હરિ પૃથ્વી પર મૂકે છે અને ધરા-હરિ વચ્ચે એક પુરુષનું પ્રાગટ્ય થાય છે. મહાબળવાન નરકાસુરનો એ રીતે જન્મ થાય છે. પુત્રને જોઈ ધરા હરખથી વિષ્ણુને પોતાનો પુત્ર કેવો નિવડશે એવો પ્રશ્ન કરે છે ત્યારે વિષ્ણુ બતાવે છે કે એ ત્રિલોકમાં મહા બળવાન થશે. સર્વ દેવો અને વશ વર્તશે, પરંતુ શ્રી હરિના હાથે એ હણાશે. ત્યારે પોતાના પુત્ર પર દયા રાખવાનું કહેતી ધરાને આશ્વાસન આપતાં વિષ્ણુ કહે છે કે, 'તારી આજ્ઞા થશે ત્યારે જ એને મારીશ.' ત્યારબાદ નરકાસુરને પ્રાગજ્યોતિષનું રાજ્ય સોંપી ધરાને નિશ્ચિંત થવાનું કહે છે. ધરા પાસે રહી નરકાસુર સમય જતાં મોટો થાય છે અને સર્વ ધર્નુવિદ્યાનું શિક્ષણ મેળવે છે. (પંક્તિ ૩૯૬ થી ૪૪૪)

## ❖ નરકાસુરનાં પરાક્રમો :

શુક્રાચાર્ય પાસે જઇ અસ્ત્રવિદ્યા ભણી વિદ્યાવંત બનેલો મહાબળવાન નરકાસુર પ્રાગ્જ્યોતિષપુરમાં રહેલા મુર દૈત્યને જે પંચશીશ મહાપરાક્રમી છે. પોતાને વશ કરી તેની સર્વ સિધ્ધિ હરી લે છે અને પ્રાગજ્યોતિષપુરમાં નરકાસુરની આણ પ્રવર્તે છે. ત્રિલોકપતિ બની દેવોની કીર્તિને ઝાંખી પાડી દે છે. નરકાસુરથી પીડિત દેવો ક્ષીર સમુદ્રમાં વિષ્ણુના શરણે જાય છે અને દ્વાપર યુગમાં દેવોના હિતાર્થે હરિ પ્રગટ થાય છે. પૃથ્વીનો ભાર ઓછો કરવા કૃષ્ણ માયા રચે છે. પૃથ્વી સત્યભામા રૂપે અવતાર ધારણ કરે છે.

દરમ્યાન પ્રાગ્જ્યોતિષપુરમાં નરકાસુર જ્યાં વસે છે, જે સાત કિલ્લાઓ - પાષાણ, જળ, અગ્નિ, સર્પયુક્ત, મુર દાનવ, સુવર્ણ અને સપ્ત ધાતુ-ચૌદ દ્વાર, ચોરાશી ચૌટા અને બાર જોજન વિસ્તીર્ણ છે. નરકાસુરે સુર, નર, નાગ, મુનિ, યક્ષ તમામને જીત્યા છે. નરકાસુર અનેક કન્યાઓને પરણવા ઇચ્છે છે. તેથી જુદી જુદી જગ્યાએથી અનેક કન્યાઓનું હરણ કરી લાવે છે. સ્વર્ગમાંથી દેવકન્યા, નાગલોકમાંથી નાગકન્યા અને મૃત્યુલોકમાંથી અનેક રાજકુમારીઓનું હરણ કરે છે. મનમાં વીસ સહસ્ર કન્યાને પરણવાનો નિર્ધાર કર્યો છે. તે મુજબ સોળ હજાર એક કન્યાને પોતાના મહેલમાં આણી છે. વ્યથિત આ કન્યાઓ વિષ્ણુને સ્મરે છે અને સૌને આ દુઃખમાંથી છોડાવવા વિનવે છે. ત્યારે નારદ ત્યાં આવી કન્યાઓને આશ્વાસન આપી પારિજાતકનું પુષ્પ લઇ કૃષ્ણ પાસે આવે છે. કૃષ્ણ વ્યથિત નારદને તેની વ્યથાનું કારણ પૂછે છે. જવાબમાં નરકાસુરના પરાક્રમોની વાત નારદ વિષ્ણુને કહે છે. (પંક્તિ ૪૪૫ થી ૫૧૩)

## ❖ નારદ દ્વારા નરકાસુરના પરાક્રમોનું વર્ણન અને સત્યભામાનું રુસણું :

પોતાની વ્યથા જણાવતા નારદ કૃષ્ણને કહે છે કે, “જેને માટે તમે અવતાર ધારણ કર્યો છે તેણે પૃથ્વી પર ઉત્પાત મચાવ્યો છે તે શું તમે નથી જાણતા ? નરકાસુરે સર્વ દેવોને દુઃખી કર્યા છે, ત્રિલોકને વશ કર્યું છે. ઐરાવત સહિત દેવોના કુંડળ, રત્નનો પર્વત ઉચ્ચૈશ્રવા અશ્વ, દેવકન્યા વગેરે સહિતની દેવોની રિધ્ધિ-સિધ્ધિ પોતાની પાસે લાવ્યો છે. પાતાળથી નાગકન્યા સહિત સોળ હજાર કન્યાને પોતાના મહેલમાં રાખી છે. મદાંધ થયેલા નરકાસુરથી આ સર્વને આપ રક્ષો.” અગાઉ ઇન્દ્ર પાસેથી સાંભળેલા નરકાસુરનાં આ પરાક્રમોથી ભગવાન શ્રીકૃષ્ણ પણ વ્યથિત બને છે. નારદે આપેલું પારિજાતકનું પુષ્પ રુક્મિણીને આપે છે. એ વાતથી નારાજ થયેલી સત્યભામા શ્રીકૃષ્ણ સાથે રુસણાં લે છે.

સત્યભામા સુંદર વસ્ત્રો-આભૂષણોનો ત્યાગ કરી મલીન વસ્ત્ર અંગે ધારણ કરી, અંધારી કોટડીમાં એકલી અટૂલી ચાલી જાય છે. કૃષ્ણને ખબર મળતાં જ તે સત્યભામા પાસે આવે છે. અનેક કાલાંવાલાંને અંતે સત્યભામા ડૂસકાંના પૂરને ખાળી પોતાની શોક્ય રુક્મિણી પ્રત્યે કૃષ્ણએ વધારે સ્નેહ દર્શાવી તેને પારિજાતકનાં પુષ્પ આપ્યાની વાતથી પોતે વ્યથિત થઈ હોવાનું કહે છે ત્યારે તેને મનાવતા કૃષ્ણ કહે છે કે, ‘તમે કહો તો આખું પારિજાતનું વૃક્ષ તમારા દ્વાર પર રોપી દઉં.’ ને એમ સત્યભામાના કૃષ્ણ દ્વારા મહાપ્રયત્ને મનામણા થાય છે.

(પંક્તિ ૫૧૪ થી ૫૬૬)

## ❖ નરકાસુર વધ કથા :

સત્યભામાને આપેલ વચન મુજબ કૃષ્ણ છપ્પન ક્રોટિ યાદવો, ઉધ્ધવ, અક્રૂર, બ્રહ્માદિ દેવો સાથે પારિજાતકનું વૃક્ષ લેવા ગરુડાસન બેસી, સત્યભામાને સાથે રાખી સ્વર્ગ તરફ પ્રયાણ કરે છે.

આકાશ મારગે જતાં રસ્તામાં આવતાં નગરોનું દર્શન કરતાં નરકાસુરનું પ્રાગજ્યોતિષપુર નજરે પડે છે. કોટિ સૂર્યના પ્રકાશથી પ્રકાશિત હોય એવું આ નગર જોવાનું સત્યભામાને કુતૂહલ થાય છે ત્યારે ક્ષણ માત્રમાં ગરુડ, કૃષ્ણ અને સત્યભામા સહિત એ નગરમાં પહોંચે છે. નગર દ્વારે રક્ષા કરતા રખેવાળોને ગરુડમારી હટાવે છે. ગદા લઈ પ્રભુ ગઢમાં ભંગાણ પાડે છે તે સમયે નગરમાં હાહાકાર મચી જાય છે. મુર દાનવ જલમાંથી બહાર આવી કૃષ્ણ સાથે યુધ્ધ કરે છે. સાઠ હજાર દાનવો સહિત મૂરને કૃષ્ણ ચૂર કરે છે; ત્યારે નરકાસુરના સેવકો નરકાસુરને જઈ બધી જાણ કરે છે. એક લાખ દાનવ સૈન્ય સાથે તે કૃષ્ણ પર ચઢાઈ કરે છે. સામસામા જુદા જુદા અસ્ત્રો શસ્ત્રોના પ્રહારો થાય છે. એમાં અર્ધચન્દ્ર બાણથી રણમેદાનમાં ભગવાન કૃષ્ણ મૂર્ચ્છિત બને છે. સત્યભામા ભારે વ્યથિત થાય છે અને ‘હવે તમારા હાથે આ દુષ્ટને હણો’, સત્યભામા સ્વરૂપે રહેલી ધરાના આવાં વચન સાંભળી કૃષ્ણ સુદર્શન ચક્ર ધારણ કરે છે ને સહસ સૂર્યના તેજબળ સમાન અગ્નિની જ્વાળ નરકાસુરનું મસ્તક છેદી નાખે છે. દૈત્ય દળમાં ભંગાણ પડે છે અને દશે દિશામાં નાસભાગ મચી જાય છે. નરકાસુરનો પુત્ર આવી કૃષ્ણની સ્તુતિ કરી તેને પોતાના નગરમાં તેડી જાય છે. સિંહાસન પર બેસી કૃષ્ણ સોળ સહસ્ર બંદીવાન નારીઓને સ્વતંત્ર કરે છે. સૌને પોતપોતાના પિતાને ઘેર જવાનું કહેતા તમામ કન્યાઓ તેનો ઈન્કાર કરી કૃષ્ણનું શરણું ઈચ્છે છે. સત્યભામાની સંમતિ મળતાં કૃષ્ણ આ બધી યુવતીઓનું પાણિગ્રહણ કરે છે ત્યારે નરકાસુરનો પુત્ર તમામ યુવતીઓને પહેરામણી કરે છે. દેવતાઓ પાસેથી

પડાવી લીધેલાં તમામ રત્નો પાછાં વાળે છે. દેવો આનંદિત બને છે. બધી જ સ્ત્રીઓને દ્વારકા મોકલી, નરકાસુર પુત્રની વિદાય લઈ કૃષ્ણ ફરી પારિજાતકનું વૃક્ષ લેવા જવા ત્યાંથી પ્રસ્થાન કરે છે.

(પંક્તિ ૫૬૭ થી ૬૫૯)

## ❖ પારિજાતક વૃક્ષનું કૃષ્ણ દ્વારા પૃથ્વી પર લાવવું :

સત્યભામા સાથે કૃષ્ણ ફરી પાછા ગરુડારૂઢ થઈ સ્વર્ગમાં જાય છે. રસ્તામાં નારદ મળે છે. સ્વર્ગ તરફ જવાનું કારણ પૂછે છે. પારિજાતક વૃક્ષ લેવાને માટે કૃષ્ણ સ્વર્ગમાં આવ્યા છે. સત્યભામાએ લીધેલી રઢને શમાવવા પોતે આવ્યા છે એવું કૃષ્ણ દ્વારા નારદ જાણે છે. કૃષ્ણ નારદને ઈન્દ્ર પાસે આ સમાચાર લઈને મોકલે છે. ઈન્દ્ર વિમાસે છે, પારિજાતકનું વૃક્ષ તો કેમ આપી શકાય ? બંને દેવો રણસંગ્રામે ચઢે છે. કૃષ્ણ દેવોને જીતે છે. ઈન્દ્ર આવીને અપરાધની ક્ષમા યાચે છે.

'સત્યભામાને કારણે પારિજાતક વૃક્ષ લેવાને માટે અમો અહીં આવ્યા છીએ.' એવી નારાયણની વાત સાંભળી પારિજાતકનું વૃક્ષ ઈન્દ્ર કૃષ્ણને અર્પણ કરે છે. બદલામાં કૃષ્ણ તેને નિર્ભયે રાજ્ય કરવા કહે છે 'હું તારા માટે જ અવતાર ધારણ કરું છું અને જે દુષ્ટ તને પીડશે એને તત્ક્ષણ મારીશ.' એવું વરદાન આપી કૃષ્ણ ત્યાંથી વિદાય લઈ દ્વારિકા આવે છે. સત્યભામાના મહેલના દ્વારે પારિજાતકનું વૃક્ષ રોપવામાં આવે છે. (પંક્તિ ૬૬૦ થી ૬૮૯)

## ❖ ફલશ્રુતિ :

મધ્યકાલીન પરંપરાને અનુસરી કવિ આખ્યાનને અંતે ફલશ્રુતિ આપે છે. પ્રભુનાં આવાં ચરિત્રો જે શેષનાગ પણ ન વર્ણવી શકે તેને મૂઢમતિ કવિ કઈ રીતે વર્ણવે ? પરંતુ આ નરકાસુરનું આખ્યાન જે સાંભળશે તેના પર શ્રી ભગવાનની કૃપા વરસશે. જે આ કથાનું શ્રવણ કરશે તેને હરિ પોતાનું શરણ આપશે.

આખ્યાનના આરંભે પ્રથમ કડવામાં પણ કવિ ફલશ્રુતિ આપે છે. આ કૃષ્ણકથા જે સાંભળશે એ મનવાંચ્છિત ફળ પામશે. આ કથાનું ગાન કરતાં શ્રોતા, વકતા અને પૃચ્છક એ ત્રણેને હરિચરણમાં શરણ મળે છે. તેઓ નિષ્પાપ બને છે. સામાન્ય રીતે આખ્યાનને અંતે આવતી ફલશ્રુતિ કવિ આરંભે પણ મૂકી શ્રોતા - વકતાની શ્રધ્ધાને દૃઢમૂલ કરવાનો આશય ધરાવતા લાગે છે.

### ❖ કવિ પરિચય :

કવિ પોતાનો પરિચય આપતાં લખે છે, પોતાનું કુળ કવિનું છે. જ્ઞાતિએ નાગર છે. સાગરતટે ત્રંબાવટી નગરીમાં પોતાનો વાસ છે. શિવદાસ પોતાના ગુરુ તરીકે ભૂધર વ્યાસને જણાવી, તેને મુખેથી આ કથા સાંભળી ત્રણ દિવસમાં આ કથા પોતે પૂર્ણ કરી છે એમ જણાવી, પોતાને ભક્તવત્સલ ગોપાલના ભક્ત તરીકે ઓળખાવી શિવદાસ આખ્યાન પૂર્ણ કરે છે.

## ૩:૧ મૂળ કથાનકમાં ફેરફાર અને તેનું ઔચિત્ય :

કવિ શિવદાસ 'જાલંધર આખ્યાન'ના પ્રથમ કડવાંની પ્રથમ અગિયાર પંક્તિના મંગલાચરણમાં આ કથા મૂળ 'મહાભારત' માંની હરિવંશ કથા પર આધારિત છે એવું નોંધે છે તો એ જ કડવાંની અઠ્યાવીસમી પંક્તિમાં આ કથાનો સંદર્ભ 'પદ્મપુરાણ'માં મળે છે એવો સંકેત આપે છે. વળી, કથાને અંતે શિવદાસ નિખાલસતાથી કબૂલ કરે છે કે આ કથા પોતે ગુરુમુખેથી સાંભળી છે અને ત્રણ દિવસમાં એ પૂર્ણ કરી છે. એનો ગુરુ શ્રી ભૂધર વ્યાસ છે એ પણ જાણવા મળે છે.

''મારો શ્રી ગુરૂ વ્યાસ ભૂધર, શુભજાત, નિગમ ચાર ધરે જે હાથ;
એહ કથા ગુરૂમુખથી લીધી, દિવસ ત્રણમાં પૂરી કીધી.''[૨]

એ રીતે જો તેણે માત્ર આ કથા ગુરુમુખે જ સાંભળી હોય. પુરાણોમાંથી ક્યાંયથી વિગતે વાંચી ન હોય તો સ્વાભાવિક જ કથામાં ઘણા ફેરફારો હોવાના. જાણતા અજાણતા એમણે જાલંધરની મૂળ કથામાં કરેલા ફેરફારો કથાને કેટલા ઉપકારક નીવડ્યા છે તે જોવાનો અહીં આશય છે. એ દ્વારા કવિ શિવદાસની મૌલિક પ્રતિભાના દર્શન કરાવવાનો પણ ઉપક્રમ છે.

બીજી એક વાત અહીં એ પણ નોંધવી ઘટે કે 'જાલંધર આખ્યાન' શીર્ષક નીચે લખાયેલી આ કૃતિના પંદર કડવાંમાંથી માત્ર આઠ જ કડવાંમાં જાલંધરનું કથાનક મળે છે. ૯ મા કડવાંથી જાલંધરનો પુનર્જન્મ નરકાસુર રૂપે થયો એની કથા શરૂ થાય છે. કથાના આરંભે પણ કૃષ્ણ ચરિત્રમાંની 'નરકાસુર વધ' કથા કરવાના આશયથી જ જાલંધર કથાની શરૂઆત કવિ કરે છે. તેથી અહીં કવિ શિવદાસ જાલંધરની વાત કરવા માગે છે કે નરકાસુરની એ નક્કી થઇ શકતું નથી. આખ્યાન સાંભળતા શ્રોતાઓ પણ મૂંઝવણમાં મૂકાઇ જાય છે. નરકાસુર રૂપે જાલંધરનો જ પુનર્જન્મ કવિ બતાવે છે અને એમ જાલંધર કથાનકને સાંકળે છે એ સાચું પણ એમ કરતાં કથા બે ભાગમાં વહેંચાય જાય છે. કડવા ૧ થી

૮ માં જાલંધર કથા નિરૂપાય છે અને કડવા ૯ થી ૧૫ નરકાસુરના ચરિત્રને અને 'નરકાસુર વધ'ની કથાને નિરૂપે છે.

આટલું નોંધ્યા પછી હવે આપણે જાલંધરની મૂળ કથા અને 'જાલધર આખ્યાન'માંની કથાની તુલના કરતાં કવિના કવિત્વનો પરિચય મેળવવાનો પ્રયત્ન કરીએ.

કવિ શિવદાસે જેનો વિષય સામગ્રી લેખે ઉપયોગ કર્યો છે એ જાલંધર કથાનકની મૂળ કથા 'પદ્મપુરાણ' ભાગ-૨ માં ૬-ઉત્તરખંડ-પૂર્વાર્ધમાં આવેલી છે. અધ્યાય ૩ થી ૧૯ એમ કુલ ૧૭ અધ્યાયમાં જાલંધરની કથા આલેખાયેલી છે. મૂળ કથાનક પ્રમાણમાં ખૂબ વિસ્તૃત છે. એનો કુલ વિસ્તાર ૧૦૫૯ શ્લોકોનો છે. એ કથા અહીં માત્ર ૮ કડવાંમાં આટોપી ૯ માં કડવાથી નરકાસુરની કથા શરૂ કરે છે. મૂળ વિસ્તારથી કહેવાયેલી કથા માત્ર આઠ જ કડવામાં સમાપ્ત કરે છે ત્યારે કથાના રસપ્રદ ભાગોને જ કવિ સ્પર્શ્યા છે એ જોઇ શકાય છે.

'પદ્મપુરાણ'ની મૂળકથા નારદ - યુધિષ્ઠિરના સંવાદરૂપે કહેવાયેલી છે. અહીં વૈશંપાયન જન્મેજયને આખું મહાભારત સંભળાવે છે ત્યારે જન્મેજય તેને પૂછે છે કે, 'હરિકથાનાં ઘણાં ચરિત્રો મેં સાંભળ્યાં પણ તેણે નરકાસુર ને કેમ માર્યો ? સોળ સહસ્ત્ર કન્યાને કેમ વર્યા ? એની કથા સંભળાવો.' જન્મેજયની આ પૃચ્છાના જવાબમાં વૈશંપાયન 'નરકાસુર વધ' કથા નિમિત્તે જાલંધર કથા કહે છે. શિવદાસના આ પ્રકારે જન્મેજયની પૃચ્છાના ઉત્તર રૂપે કહેવાયેલા 'જાલંધર આખ્યાન'માંની આ કથા 'હરિવંશ' અને 'પદ્મપુરાણ' બંનેમાં મળે છે તેની પણ નોંધ કવિ ફરી લે છે.

"એ કથા શ્રી હરિવંશની રે, પદ્મપુરાણે જાણ."(૩)

વળી, નરકાસુર જ પૂર્વે જાલંધર સ્વરૂપે હતો તેનું પણ કવિ આરંભે જ સૂચન કરે છે.

"ઉત્પત્તિ નરકાસુર તણી, જે હણ્યો શ્રી મહારાજ;
તે પૂર્વે જાલંધર હતો મહારૂદ્ર કેરૂં તેજ."(૪)

'પદ્મપુરાણ'માંની જાલંધર કથા તેની સળંગ કથાનો એક ભાગ છે તેથી ત્યાં કથારંભે કોઇ સ્તવન નથી પરંતુ શિવદાસનું 'જાલંધર આખ્યાન' મધ્યકાલીન આખ્યાન સ્વરૂપની સ્વતંત્ર રચના છે, તેથી આખ્યાનનો આરંભ કવિ મંગલાચરણથી કરે છે. મંગલાચરણમાં પણ કવિ ગણપતિ, સરસ્વતી, કમલાપતિને સ્મરી ગુરુચરણકમળમાં ચિત્ત ધરી કથાનો પ્રારંભ કરે છે એમાં મધ્યકાલીન પરંપરાને કવિ અનુસર્યા છે.

મૂળકથાનુસાર ઈન્દ્ર શિવના દર્શનાર્થે બૃહસ્પતિ સાથે કૈલાસ પર્વત પર જાય છે ત્યારે શિવ દિગંબર સાધુ સ્વરૂપે તેની કસોટી કરવા સામા આવે છે. પરમેશ્વરના આ સ્વરૂપને ન ઓળખી શકતા ઈન્દ્ર સગર્વ શિવનો અનાદર કરી તેના પર વજ્ર પ્રહાર કરવા તૈયાર થાય છે. એથી શિવ કોપાયમાન થાય છે. જાલંધરના જન્મના કારણભૂત શિવના લલાટમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે. બૃહસ્પતિ શિવને ઓળખી જાય છે. ભૂલથી કરેલા અપરાધની ક્ષમા યાચી ઈન્દ્ર અને પોતાના માટે અભયદાન મેળવે છે. એ રીતે એ શિવના કોપમાંથી તો બચી જાય છે પરંતુ શિવના લલાટમાંથી પ્રગટેલ ક્રોધનું શું કરવું ? આખરે એ ક્રોધાગ્નિને શિવ સમુદ્રમાં ફેંકે છે. સમુદ્ર અને ગંગા નદીના સંગમ તટે પડેલું એ તેજ સ્વરૂપ ક્રોધાગ્નિ તત્કાળ બાળક રૂપ બની જાય છે.

શિવદાસ જાલંધર જન્મની આ મૂળકથાને થોડા ફેરફાર સાથે અનુસર્યા છે. ઈન્દ્ર માત્ર બૃહસ્પતિ સાથે નહીં, પરંતુ સર્વ દેવો સાથે મળી કૈલાસ પર ભગવાન શિવના દર્શનાર્થે આવે છે. ત્યાં ‘ગિરિ કૈલાસ’નું વર્ણન કરવાનું કવિ ચૂકતા નથી. લાઘવયુક્ત છતાં શિવધામ રૂપ કૈલાસનું દિવ્ય કહી શકાય એવું વર્ણન તેમજ મૂળ કથાનુસાર દિગંબર સાધુ સ્વરૂપે નહીં, પરંતુ વિકરાળ અને પર્વત સમાન વિરાટ રૂપે રહેલા શિવનું વર્ણન કવિનું પોતાનું ઉમેરણ છે. મદાંધ ઈન્દ્ર શિવનું અપમાન કરી તેના પર વજ્ર પ્રહાર કરે છે ત્યારે ભગવાન શિવને મહાક્રોધ થાય છે અને એ ક્રોધમાંથી અગ્નિતેજ સમાન કૃત્યા પ્રગટે છે. ઈન્દ્ર શિવને ઓળખી તેની ક્ષમા યાચે છે અને ‘આ અગ્નિતેજથી ત્રિલોક બળશે માટે એનું શમન કરો’ એવું પ્રાર્થે છે, પરંતુ આ કૃત્યાને કોઈ રાખી કે સાંચવી શકે એવો કોઈ બ્રહ્માંડમાં નથી. એ તેજરૂપ કૃત્યાને પાછું પણ શમાવી શકાય તેમ નથી તેથી પોતાનું આ તેજ શિવ ઈન્દ્રને જ સોંપે છે અને તેને સમુદ્રમાં જઈ મૂકવાનું કહે છે. તત્કાળ ઈન્દ્ર એ તેજ ગંગા સાગરના સંગમ તટે જઈને મૂકે છે અને એ જ સમયે ત્યાં એક પ્રચંડ નર પ્રગટ થાય છે. રુદ્ર જેવા શરીરધારી એ પુરુષની ગર્જનાથી સમગ્ર બ્રહ્માંડ ખળભળી ઊઠે છે અને બ્રહ્માજી જોવાને માટે જાય છે. ત્યાં એક પ્રચંડ પુરુષને જુએ છે, પરંતુ પછી તરતની પંક્તિમાં કવિ લખે છે, સમુદ્ર કહે છે, ‘એ મારો પુત્ર છે’ એક પંક્તિમાં કહેવું કે એ પુરુષ રૂપે રહેલો જાલંધર છે અને પછીની તરતની પંક્તિમાં એ સમુદ્રનો પુત્ર છે અને એ સુંદર બાળકને જોઈ બ્રહ્મા તેને પોતાના ખોળામાં લે છે આ બંને બાબતો વચ્ચે કોઈ મેળ, કવિ બેસાડી શકતા નથી.

એ પછીના જાલંધરના નામકરણમાં કવિ મૂળને અનુસરે છે. બ્રહ્માના ખોળે રહેલો સમુદ્ર પુત્ર બ્રહ્માજીની દાઢીના વાળ જોરથી ખેંચે છે જેની પીડાથી તેના બેય નેત્રોમાંથી જળની ધારા વછૂટે છે. અગ્નિની જવાળ જેવું બાળકનું પરાક્રમ નીરખીને બ્રહ્મા એનું નામ ‘જાલંધર’ પાડે છે ને સાથે વરદાન

પણ આપે છે. મહાદેવના હાથે એનું મૃત્યુ હશે એવું એનું ભવિતવ્ય પણ જાહેર કરે છે. મૂળ કથાનુસાર જાલંધર અહીં તત્કાળ યૌવન પામે છે. ત્રિલોકમાં તેની આણ વર્તાય છે.

મૂળ કથાનકમાં જાલંધરની માગણીથી સમુદ્ર 'જાલંધરપુર'નું નિર્માણ કરે છે તેનું વિગતે વર્ણન મળે છે. એ પ્રસંગને જ કવિએ અહીં ટાળ્યો છે. એ સાથે જ શુક્રાચાર્ય દ્વારા તેને 'મૃત સંજીવની' વિદ્યા આપવામાં આવી છે તે વિગતની રજૂઆતને પણ કવિએ ટાળી છે. આ વિગત ન આપીને કવિએ આખ્યાનને ઉપકારક કામ કર્યું છે. કારણ કે જો તેની પાસે 'મૃત સંજીવની' વિદ્યા હોય તો તે પણ મૃત દૈત્યોને સજીવન કરવા શક્તિમાન બન્યો હોત, જે આખ્યાનમાં બનતું નથી. તેથી આખ્યાનની કથાને માટે બિનજરૂરી એવા પ્રસંગો છોડી દેવાથી ભાવકોનો રસભંગ થતો નથી.

જાલંધરના વૃંદા સાથેના લગ્નના પ્રસંગકથનને પણ શિવદાસ ટૂંકાવે છે. મૂળકથા મુજબ વૃંદા 'ક્રૌંચ' નામના ઋષિની કૃપાથી એક સમયે સ્વર્ગમાં રહેલી 'સ્વર્ણા' નામની અપ્સરાને 'વૃંદા' નામની પુત્રી પ્રાપ્ત થાય છે જે અતિશય લાવણ્યસભર વ્યક્તિત્વ ધરાવતી હતી. શુક્રાચાર્યે અપ્સરા પાસે જાલંધર માટે વૃંદાની માગણી કરી એટલે અપ્સરાએ પોતાની પુત્રી શુક્રાચાર્યને સોંપી અને શુક્રાચાર્યના આશીર્વાદથી જ જાલંધર વૃંદાને ગાંધર્વ વિવાહ વડે પરણ્યો હતો.

શિવદાસ જાલંધર પત્ની વૃંદાને કાલનેમિ દૈત્યની કન્યા તરીકે નિરૂપે છે અને આ 'સતી' વૃન્દાનારનો પરિચય બે જ પંક્તિમાં આપી, એ પ્રસંગમાં રહેલા દિવ્ય અંશોને છોડી કથા પ્રસંગનું વાસ્તવિક નિરૂપણ શિવદાસ કરી શકયા છે.

"મહા રૂપ સુંદર મનોહર, પતિવ્રત પાળે તેહ,
જેના પુણ્યથી ભરથારનો નિર્ભય થયો દેહ."(૫)

નિર્ભય થયેલો જાલંધર અમર, નર, મુનિ, નાગ તમામને જીતી પોતાને વશ કરે છે. બ્રહ્માના વરદાન મુજબ જાલંધરની ત્રિલોકમાં આણ વર્તાય છે.

મૂળ કથાનુસાર ઈન્દ્ર અને વિષ્ણુ સાથે યુધ્ધ કર્યા બાદ જાલંધર રુદ્ર સાથે યુધ્ધ કરે છે, પરંતુ અહીં શિવદાસ સીધા જ જાલંધરને રૂદ્ર સાથે યુધ્ધ કરતાં બતાવે છે. માત્ર નવ કડવાંમાં જ જાલંધરની કથા પૂર્ણ કરવાની હોઈ કથાને ઝટ આગળ વધારવી પડે, તેથી અગત્યના અંશોને છોડીને કવિએ કથાની રસિકતાને હાનિ પહોંચાડી છે. અહીં તો સીધા જ નારદ દેવોના હિતમાં જાલંધરને રુદ્ર વિરુધ્ધ ઉશ્કેરે છે. 'મહાદેવને ઘેર તારી સાથે શોભે એવી નાર છે', એવું સાંભળી જાલંધર માયાવી રૂપ ધરી

પાર્વતીને છળવા કૈલાસ જાય છે પરંતુ જેના ચિત્તમાં સદાય સદા શિવ વસે છે એવા પાર્વતીને જાલંધર છળી શકતો નથી. તેથી તે શિવ સાથે યુધ્ધ આરંભે છે. આ સંગ્રામમાં રૂદ્રની હાર થાય છે. પછી તે ઇન્દ્રની સાથે યુધ્ધ સંગ્રામ માંડે છે તેની વિગતે કવિ વાત કરે છે.

એક દિવસ સભામાં જાલંધર પ્રસન્નતાપૂર્વક બેઠો છે. અર્ધાંગે વૃંદા શોભે છે. ઘણા અસુરો તેની સેવામાં છે. ત્યારે ત્યાં એકઠા મળેલા અસુરો ભૂતકાળના સાગરમંથનની કથા સ્મરે છે. કાળનેમિ દૈત્ય જાલંધરને કહે છે, 'દેવોએ સાગર મથીને આપણા તમામ રત્નો લઇ લીધા અને વિષ્ણુએ રાહુનો શિરચ્છેદ કર્યો. અમૃત દેવોને પાઇ દીધું.' આ સાંભળી જાલંધર ક્રોધે ભરાય છે અને પોતાના પિતાને દુઃખ દેનાર વિષ્ણુ સહિત દેવોને મારવા તૈયાર થાય છે. ઇન્દ્રના ગર્વનો ભંગ કરવા પ્રથમ કાલનેમિને, ત્યારબાદ પોતે ખુદ ઇન્દ્ર સાથે યુધ્ધે ચઢે છે. જાલંધરના પરાક્રમથી દેવો રણમેદાન છોડી નાસી જાય છે. એક સહસ્ર વર્ષ સુધી લડતાં અંતે તમામ દેવો ભાગ્યા. પોતાના પિતાના વેરનો બદલો લીધો અને તમામ રિધ્ધિ-સિધ્ધિ સહિત સ્વર્ગમાં વસવાટ કર્યો.

ઇન્દ્રાદિ દેવો સહિત તમામ દેવો કૈલાસ પર મહાદેવ પાસે જઇ જાલંધરને હણવા વિનંતી કરે છે. સહસ્ર વર્ષ સુધી લડતાં દેવો ઘણા મૃત્યુ પામ્યા છે અને દાનવોને તો શુક્રાચાર્ય પોતાની 'મૃત સંજીવની' વડે પુનર્જીવન બક્ષે છે. 'દેવોને મહાકષ્ટ આપનાર જાલંધરને મારવાનો કોઇ ઉપાય કરો.' એવી દેવોની વિનંતીથી ભગવાન શિવ જાલંધરને મારવાનો ઉપાય બતાવે છે. તેના ઘેર પતિવ્રતા નારી વૃંદા જે છે તેના સતીત્વને લઇને જાલંધર મરતો નથી. એના પતિવ્રત ધર્મનો ભંગ કરવાનો કોઇ ઉપાય વિચારવાનું કહી દેવો જાલંધર પર ચઢાઇ કરે છે. એ ચઢાઇનું વર્ણન શિવદાસની મૌલિકતાનું દર્શન કરાવે છે.

જાલંધર પર ચઢાઇ લઇ જતાં દેવોના રથનું વર્ણન તેમજ રુદ્રના વિકરાળ રૂપના વર્ણનમાં શિવદાસે પોતાની મૌલિક પ્રતિભા ઉપસાવી છે.

''પચાસ કોટિ ધરા તણો રથ રચ્યો શ્રી મહાદેવ.
અશ્વ ચારે વેદ કરી રથ જોતર્યો તતખેવ.
રથ રાશ વાસુકિ નાગ બાંધ્યો, સારથિ બ્રહ્માય.
સેનાપતિ મહાદેવ કીધા, ચઢ્યા સુરની સહાય.
કર ત્રિશૂળ ગ્રહી મહાદેવ બેઠા ધનુષ પણ વિશાળ.
શિર પાંચ મુખ, પંચાશ ભુજ, એવું રૂપ મહાવિક્રાળ.

ભૂષણ અંગ ભુજંગ બાંધ્યા, રૂંઢમાળા સંગ;

બેહુ ગમા લેહકે જટા મોટી, મધ્ય શોભે ગંગ.''[૬]

અહીં આ પ્રકારના વર્ણનથી કવિની મૌલિકતાના દર્શન થાય છે તો સાથે સાથે કથાના આ પ્રકારના અંશ કથાને દિવ્ય તંતું સાથે જોડે છે જે મધ્યકાલીન જન માનસને અનુકૂળ નીવડે છે.

દેવોના શંખનાદથી પાતાળ ખળભળી ઊઠે છે ત્યારે જાલંધરને જાણ થાય છે કે ફરી ઈન્દ્રાદિ દેવો રુદ્રને સાથે રાખી યુધ્ધ કરવા આવ્યા છે. તત્કાળ ધનુષ્ય હાથમાં ધારણ કરતો જાલંધર પોતાની સતી પત્ની વૃંદાની શીખ લેવા પત્નીના ભુવનમાં આવે છે. 'દેવોને જીતીને ઝટ પાછા વળજો'. એવું કહેતી વૃંદા પતિને એક પુષ્પમાળા આપે છે. 'જ્યારે એ પુષ્પમાળા કરમાય ત્યારે ભય આવ્યો જાણજો'. એવાં વૃંદાનાં વચનો સાંભળી જાલંધર રથારૂઢ બની સમુદ્રની બહાર નીકળી સામો શંખનાદ કરતો દેવોની સમક્ષ હાજર થઇ હસીને કહે છે, 'ઘણી વેળા મારા ભયે નાસી ગયા છો. આજે તમારો પ્રાણ લઈશ' આ તમામ કથા પ્રસંગો મૂળમાં નથી. મધ્યકાળની કથા પરંપરામાં સતી સ્ત્રીનું પતિને ફૂલ કે પુષ્પમાળાનું અર્પણ કરવું અને એ જ્યારે કરમાય ત્યારે કંઇક 'અજુગતું' ઘટશે એવો સંકેત અહીં કથાને ઉપકારક નીવડ્યો છે.

મૂળ કથાનકના કથાક્રમને અહીં શિવદાસ અનુસર્યા નથી. 'પદ્મપુરાણ' અનુસાર પ્રથમ જાલંધર-ઈન્દ્રનું યુધ્ધ થાય છે. ત્યારબાદ વિષ્ણુને શરણે ગયેલા દેવો વિષ્ણુ સાથે ફરી રણમેદાનમાં આવે છે અને વિષ્ણુ-જાલંધરનું યુધ્ધ થાય છે. લક્ષ્મીજીની સાથે વચનથી બંધાયેલા વિષ્ણુ જાલંધરને મારતા નથી. જાલંધર દ્વારા કેદ પકડાયેલા ભગવાન વિષ્ણુ લક્ષ્મી સહિત સમુદ્ર નિવાસ સ્વીકારે છે. ત્રીજું અને છેલ્લું યુધ્ધ ભગવાન શિવ અને જાલંધરનું થાય છે અને તેમાં વિષ્ણુ દ્વારા વૃંદાના શીલભંગ પછી રુદ્ર જાલંધરનો વધ કરે છે. આમાં બીજા યુધ્ધની વાત કે વિષ્ણુ-લક્ષ્મી સંવાદનો અગત્યનો કથાઅંશ કવિએ છોડીને પોતાની મર્યાદા પ્રગટ કરી છે.

અહીં શિવદાસ મૂળાનુસાર વર્ત્યા નથી. એ તો સૌ પ્રથમ જાલંધર રુદ્રનો સંગ્રામ યોજે છે. એમાં રુદ્રની હાર થાય છે. ત્યારબાદ વળી ઈન્દ્રાદિ દેવો સાથે રુદ્ર પણ છે અને સંગ્રામ મંડાય છે. મૂળકથા મુજબ ત્રીજા અને આખરી યુધ્ધ વેળા શુક્રાચાર્ય દ્વારા અસુરોને મળતાં જીવતદાનથી ગુસ્સે થઇ શંકર તેની જટામાંથી કૃત્યા ઉત્પન્ન કરે છે, જે રણમાંથી શુક્રાચાર્યને લઇ પોતાની યોનિમાં મૂકી દે છે. અહીં એ કથાના પ્રસંગને તો શિવદાસ ઉલટાવે છે. બીજા યુધ્ધ દરમ્યાન જ આ કથા પ્રસંગ કવિ વર્ણવે છે અને શંકરની જ્ઞાનદષ્ટિ વડે પ્રગટેલી કૃત્યા શુક્રાચાર્યને રણમાંથી ઉપાડી જાય છે એવો નિર્દેશ કરે છે.

શુક્રાચાર્ય જેવા દૈત્યગુરૂનું કૃત્યા વડે થતું અધઃપતન જે મૂળ કથાનક બતાવે છે તેને અહીં કવિ ચતુરાઈપૂર્વક અટકાવી શક્યા છે.

આમ છતાં જાલંધર પરાક્રમ પૂર્વક લડે છે. ફરી દેવો તેનાથી ડરી રણમેદાન છોડી ભાગે છે અને પર્વતની ગુફાઓમાં જઈ સંતાય જાય છે. ગુફામાં સંતાયેલા દેવો હવે જાલંધરને મારવાનો ઉપાય ચર્ચે છે. આ કવિનું મૌલિક ઉમેરણ છે. ભગવાન શિવ ઉપાય બતાવતાં કહે છે કે તેની પત્ની વૃંદાના સતીત્વનો ભંગ થાય તો જ જાલંધરનો દેહ પડે. વૃંદાના શીલભંગ માટે બહાનુ બતાવતા શિવ વિષ્ણુને કહે છે કે એણે ભૂતકાળમાં પાર્વતીને છળવાની કોશિશ કરી'તી. તેથી જગદીશ કહે છે, 'જો એ સતી પાર્વતીને છળવા આવ્યો હોય તો હવે હું વૃંદાની સાથે કપટ કરી તેનું શીલભંગ કરીશ.' સતી સ્ત્રીના શીલભંગનો દોષ આથી પોતાને નહિ લાગે એવું પણ જતાં પહેલાં જ વિષ્ણુ કહી દે છે.

"એ સતીને સત્ય ચૂકવાનો દોષ નહિ મુજ આપ,<br>પ્રથમ જેણે કર્યું તેને તર્ત લાગ્યું પાપ."[૭]

મધ્યકાલીન ભોળી પ્રજાને તરત ગળે ઉતરી જાય એવું કારણ બતાવી શિવદાસ આગળ વધે છે તે તેની આગવી સૂઝ દર્શાવી જાય છે.

વિષ્ણુ-જાલંધર યુધ્ધ કથાનકના તમામ અંશો જે રસપ્રદ છે તેનો અહીં ઉલ્લેખ પણ મળતો નથી. લાગે છે કવિએ મૂળકથાનક વાંચ્યું જ નથી. પુરોગામી કવિઓમાંથી અથવા કોઈના મુખે સાંભળેલી જાલંધર કથાને વર્ણવતા કવિ ઘણા પ્રસંગો છોડી દે છે. કથાના ઘટનાક્રમને ઉલટ સુલટ કરી નિરૂપે છે. જે પ્રસંગોને કથામાં સાંકળ્યા છે તેની વિગતોમાં પણ ઘણી ભિન્નતા જોવા મળે છે જે કવિની લાઘવપૂર્ણ કથન શૈલીની સિધ્ધિ કરતાં કથાની પૂર્ણ જાણકારીના અભાવની મર્યાદારૂપે વિશેષ ઉપસી આવે છે.

મૂળ કથાનુસાર બીજા યુધ્ધ પછી જાલંધર પાર્વતીની માગણી કરવા રાહુને કૈલાસ પર મોકલે છે. જાલંધરનો અવિવેકી સંદેશો સાંભળતા જ શિવના લલાટમાંથી (ભ્રમરો વચ્ચેથી) કરાળ પ્રેતપુરુષ પ્રગટે છે. 'પદ્મપુરાણ'નો રાહુ પ્રેતના હાથમાં પકડાય છે પરંતુ મુખમાં મૂકાતો નથી. ભગવાન શિવ તેમ કરવાની પ્રેતપુરુષને મનાઈ કરે છે. ઉપરાંત, રાહુ પોતે પણ બ્રાહ્મણ હોવાને નાતે જીવનદાન દેવાની આજીજી કરે છે. ભૂખ્યા પ્રેતપુરુષને પોતાનું જ અંગ ખાવાનો શિવ આદેશ આપે છે જેને અનુસરતા પ્રેતનું માત્ર મસ્તક બાકી રહે છે. કરુણાનિધાનનું શિવનું બિરુદ અહીં ઝંખવાતું લાગે છે, પરંતુ શિવદાસ

આ સમગ્ર પ્રસંગને સ્પર્શ્યા જ નથી. શિવદાસના 'જાલંધર આખ્યાન'માં તો સૌ પહેલા જ નારદ દ્વારા ઉશ્કેરાયેલો જાલંધર સીધો જ પાર્વતીને મોહ પમાડવા કૈલાસ પર જાય છે અને રૂદ્ર સાથે યુધ્ધ કરે છે. જેમાં રુદ્રની હાર થાય છે. શિવદાસનું આ પ્રકારનું કથન વર્ણન જાલંધરની મૂળકથા વિષયક અજ્ઞાનતા દર્શાવી જાય છે.

આવા તો અસંખ્ય રસિક પ્રસંગો કવિએ છોડી દીધા છે. જાલંધર - શિવ સંગ્રામ વેળા જાલંધર દ્વારા માયાવી રચના, માયાવી અપ્સરાઓ, ગાંધર્વો વગેરે દ્વારા ગાન, નૃત્ય અને વાદનથી શિવને મોહ પમાડવા, શિવ સ્વરૂપ ધારી પાર્વતી પાસે પહોંચવું, પાર્વતીને જોતાં વીર્ય - સ્ખલન થવું, પાર્વતીનું અદશ્ય થઇ જવું અને ભગવાન વિષ્ણુને બોલાવી જાલંધરના વધ અર્થે જાલંધરની પત્ની વૃંદાનો શીલભંગ કરવા આદેશ આપવો વગેરે તમામ ઘટનાઓ છોડીને કથાને જે લાઘવતા શિવદાસે બક્ષી છે તે અહીં ઉપકારક નીવડતી નથી.

'શિવ પુરાણ' અનુસાર પાર્વતી ભગવાન વિષ્ણુને વૃંદાના શીલભંગ માટે ઉશ્કેરી જાલંધરના અપરાધનો દંડ તેની નિર્દોષ પત્નીને અપાવે છે. એમાં તેનું માતૃપદ કે સ્ત્રીત્વનું ગૌરવ હણાય છે. જ્યારે શિવદાસ તો લક્ષ્મી કે પાર્વતીને અહીં પાત્રરૂપે લાવ્યા જ નથી. શિવ જ વિષ્ણુને એ માટે ઉશ્કેરે છે જે વધુ તર્કસંગત લાગે છે. પોતાની સ્ત્રીને જેણે છળવાની કોશિશ કરી છે તેની સામે બદલો લેવો એ પુરુષ સહજવૃતિ છે અને વધુ વાસ્તવિક લાગે છે.

અહીં 'જાલંધર આખ્યાન'માં વૃંદાના શીલભંગ માટે જતાં વિષ્ણુ જે યુક્તિઓ કરે છે એ પણ મૂળકથાનુસાર નથી. અહીં તો શિવદાસ સૌ પ્રથમ વિષ્ણુને જાલંધરનું રૂપ લઇ વૃંદા સમક્ષ જતો બતાવે છે. જે રીતે જાલંધર ઘરમાં પ્રવેશ કરે એ વિધિ વિધાનથી જાલંધરરૂપ વિષ્ણુ વૃંદાના ઘરમાં પ્રવેશ કરે છે પરંતુ કોટિ ઉપાયે પતિવ્રતા સાધ્વી વૃંદા તેનું સતીત્વ ચૂકતી નથી. એ જાણે છે કે પોતાના સતીત્વને ચળાવવા જાલંધરનું રૂપ ધરી દેવો આવશે, પરંતુ પોતે સત્ય ચૂકશે નહિ. પતિને પરમેશ્વર જાણતી વૃંદાનું મન પતિમાં જ સ્થિર છે એવું વિચારી વિષ્ણુ બીજો ઉપાય વિચારે છે. એ મુજબ શિવદાસ હવે મૂળકથાની થોડા નજીક જાય છે પણ વિગતદોષ તો ત્યાં પણ જણાય છે. ભગવાન વિષ્ણુ દિગંબર મહાજોગીનું રૂપ ધરી માર્ગ વચ્ચે જઇ બેઠા. પાસે એક પિશાચ અને બે મોઢાવાળો વિચિત્ર મૃગ તેણે રાખ્યા છે. વૃંદાના મનમાં પ્રવેશ કરી વિષ્ણુ માયા રચે છે. વૃંદાને મનમાં એવો વિચાર સ્ફૂરે છે કે, 'પોતાના પતિના ઘણા સમયથી કંઇ સમાચાર નથી તો હું રણમા જોવાને માટે જાઉં.' તત્કાળ રથમાં

બેસી આયુધોથી સજ્જ થઈ બેચાર સખીઓ સંગાથે નીકળી પડે છે અને ‘જો પોતાનો પતિ રણમાં રોળાયો હશે તો આજે હું સર્વ દેવોનો સંહાર કરીશ’ એવું મનમાં વિમાસે છે.

મૂળ કથા મુજબ વૃંદાને સ્વપ્નમાં જાલંધરનું કપાયેલું મસ્તક દેખાય છે. મસ્તકની આંખોને બહાર ખેંચી કાઢતા ગીધ, કાનના અગ્ર ભાગો તથા નાક પણ કપાયેલી અવસ્થામાં હતા તો વળી, કાલીકા દેવી પોતાના વાળ છૂટા મૂકી, મોઢું વિકરાળ કરી રણમાં દૈત્યોને ખાઈ જવા લાગી હતી વગેરે આખા સ્વપ્ન પ્રસંગને શિવદાસ છોડી દે છે. તો વૃંદાના ઘર બહાર નીકળવાના કારણને પણ શિવદાસ પોતાની મૌલિક સૂઝથી નિરૂપે છે. શિવદાસના ‘જાલંધર આખ્યાન’ મુજબ પતિની ખબર જાણવા અને જો પતિ મૃત્યુ પામ્યો હોય તો દેવોનો સંહાર કરવાના નિશ્ચય સાથે વૃંદા બહાર નીકળી છે. જ્યારે મૂળ કથા મુજબ વિરહ વ્યથા ભોગવતી વૃંદા અશુભ સ્વપ્નને અંતે સખીઓ સાથે બાગમાં આવે છે. ત્યાં બે રાક્ષસો તેની પાછળ પડે છે અને તાપસને જોતા વૃંદા પોતાને આ રાક્ષસોથી બચાવવા વિનંતી કરે છે. તેના બદલે શિવદાસ અહીં નજીવો ફેરફાર આણે છે. તાપસરૂપે રહેલા વિષ્ણુની પાસે મૃગ - પિશાચ હતા તેણે અબળા પર આક્રમણ કર્યું અને તાપસરૂપે રહેલા વિષ્ણુ તે બંને વિકટરૂપ ધારી વિકરાળ મૃગ-પિશાચને હાંકી કાઢે છે એટલું જ નહીં, તેને બાળીને ભસ્મ કરે છે. તેનાથી પ્રભાવિત થયેલી વૃંદા તાપસને પગે લાગી તેની પ્રદક્ષિણા કરે છે. ઋષિ વૃંદાને પૂછે છે, ‘તમો કોણ છો ? આ મહાવનમાં કેમ આવ્યા છો ? ક્યાં જાઓ છો ?’’ ત્યારે વૃંદા પોતાની સાચી ઓળખ આપતાં કહે છે કે, ‘હું જાલંધરની પત્ની છું. મારો પતિ દેવો સાથે યુધ્ધ સંગ્રામ માટે ગયો છે જે ઘણા દિવસો પસાર થવા છતાં પરત આવ્યો નથી તો હું એની ભાળ મેળવવા જાઉં છું.’

આ સાંભળી તાપસરૂપે રહેલા વિષ્ણુ તત્ક્ષણ બીજી માયા રચે છે. જાલંધર જેવું જ રૂપ ધરાવતાં ધડથી મસ્તક જુદા થયેલાં દેહને બે સેવકો તાપસ - વૃંદા સમક્ષ હાજર કરે છે. એ બે સેવકો રાણીને જોઈ પગે લાગી કહે છે, ‘દેવોએ રાજાને હણ્યો છે અને માંડ માંડ તેના દેહને લઈને ભાગ્યા છીએ.’’ એવાં સેવકના વચન સાંભળી વૃંદા મૂર્ચ્છિત બને છે. વૃંદા શબ ઓળખે છે પણ વિષ્ણુની માયાને ઓળખી શકતી નથી. શિવદાસનું આ પ્રકારનું વર્ણન કૌશલ વૃંદાના પાત્રને નિખાર આપે છે. એ રીતે કે જાલંધરરૂપે આવેલા માયાવી વિષ્ણુથી તે મોહ પામતી નથી પરંતુ સ્ત્રી સહજ કોમળ હૃદય ધરાવતી વૃંદા જ્યારે વિષ્ણુની માયા વડે જ ભલે પણ પતિના શબને જુએ છે તો તેને સાચું માની મૂર્ચ્છિત બની જાય છે.

પિયુનું મસ્તક ખોળામાં લઈ વૃંદા વિલાપ કરે છે. પગથી માથા સુધી એ દેહનું દર્શન કરી તે માની લે છે કે નક્કી પોતાનો પતિ મૃત્યુ પામ્યો છે, પરંતુ પોતે જ્યાં સત્ય ચૂકી નથી ત્યાં એવું કેમ સંભવે ? મૂળકથાનુસાર વ્યથિત થયેલી વૃંદા અગ્નિપ્રવેશ કરવા તૈયાર થાય છે. અહીં 'જાલંધર આખ્યાન'ની વૃંદા કંઠે કેશપાશ બાંધી મરવા તૈયાર થાય છે ત્યારે તાપસરૂપ વિષ્ણુ તેને તેમ કરતાં રોકે છે અને 'તારા પુણ્ય પ્રતાપથી તે પુનર્જીવન પામશે', એવું કહે છે. વૃંદાને આંખો બંધ કરી શબને દૂર મૂકવા જણાવે છે. શબરૂપ દેહમાં પ્રવેશ કરી વિષ્ણુ જાલંધર દેહને સજીવન કરે છે.

પતિને સજીવન થયેલો જાણી વૃંદા ખૂબ આનંદિત બને છે. જાલંધરરૂપે રહેલા વિષ્ણુ સાથે વૃંદા વનમાં મનગમતી ક્રીડા કરતી રાત વિતાવે છે. પતિના સજીવન થવાના આનંદનાં અતિરેકમાં તે ઈશ્વરની માયાવી શક્તિને પારખી શકતી નથી, પરંતુ તમામ ભોગ આનંદ ભોગવ્યા પછી તેના ચિત્તમાં જ્ઞાન ઉપજે છે. એ પરાક્રમી વીર જાલંધર નથી. હરિ વિના બીજું કોઈ નહિ. પોતાને છેતરવા બદલ શાપ દેવા તત્પર થયેલી વૃંદાના રોષથી શ્રી જગદીશ પણ ધ્રુજી જાય છે અને પોતાના અસ્સલ રૂપમાં પ્રગટ થાય છેઃ

"રૂપ ચતુર્ભુજ, મેઘ શ્યામ તન, મુગટ મનોહર શીશ,
શંખ ચક્ર ગદા ને પંકજ, કૌસ્તુભ કંઠે વિશાળ."[૮]

આ પ્રકારનું વર્ણન શિવદાસનું મૌલિક ઉમેરણ છે. કવિ પોતાની મૌલિકતાથી કથાસૂત્રને પોતીકી રીતે વિકસાવતા લાઘવપૂર્ણ રીતે જાલંધર વધનો પ્રસંગ પણ તરત જ એક જ પંક્તિમાં રજૂ કરી દે છે.

"અહીં વૃંદા છળ પાડી વિષ્ણુ, રૂદ્રે હણ્યો રાય."[૯]

અહીં જાલંધર વધનું વિગતે વર્ણન નથી. આખીયે જાલંધર કથામાં ક્યાંય વિગતે યુધ્ધવર્ણન પણ નથી તેથી કવિ સ્વાભાવિક અહીં વીરરસને બહુ પ્રાધાન્ય આપતાં જણાતા નથી. કુલ પંદર કડવાંના ૯ કડવાં જાલંધરની કથા રોકે છે. એમાં પણ કડવાં પાંચથી ૯ એમ ચાર કડવાંમાં માત્ર વિષ્ણુ અને વૃંદાના જ પ્રસંગ ઉલ્લેખો મળે છે. શિવદાસ મૂળકથાને આટલી ટૂંકાવીને રજૂ કરતાં તેમાં રસની, વર્ણનની, પાત્રોના માનસ ચિત્રણની વિવિધતા કે વિશેષતા જોઈ શકાતી નથી. છતાં મૂળકથા જેમણે વાંચી હોય તેમના માટે કે ન વાંચી હોય તેમના માટે કથા નિરસ બનતી નથી એ પણ હકીકત છે.

વૃંદાના શીલભંગ પ્રસંગે ભગવાન વિષ્ણુના પાત્રને લાંછન લગાડતા મૂળ કથાનકથી શિવદાસ અહીં ઘણા જુદા પડે છે. મૂળકથામાં આ પ્રસંગે ભગવાન વિષ્ણુનું લંપટ પુરુષ જેવું વર્ણન વિષ્ણુના પાત્રને ગૌરવચ્યુત કરે છે. વૃંદાને મોહ પમાડતા વિષ્ણુ લક્ષ્મી પ્રત્યે ઉદાસીન બને છે. વૃંદાને મોહ પમાડવાથી મળતાં સુખને મોક્ષથી પણ અધિક માને છે. વિષ્ણુના માનસનું આ પ્રકારનું વર્ણન તેને પદચ્યુત કરે છે. શિવદાસ આ પ્રકારના વર્ણનથી દૂર રહ્યા છે એટલું જ નહિ પણ ભગવાન વિષ્ણુ પોતાના 'દેવ'ના બિરુદને છાજે એ રીતે 'સતી' વૃંદા સમક્ષ પ્રગટ થાય છે. દેવે પણ સતીના સતીત્વથી ડરવું પડે છે એવું 'જાલંધર આખ્યાન'માં કવિ શિવદાસનું નિરૂપણ મધ્યકાલીન ભાવકોના માનસને અનુકૂળ નીવડે છે.

પોતાનું સત્યવ્રત ગયેલું જાણી વૃંદા અતિશય વ્યથિત થાય છે. મહાક્રોધ તેના શરીરમાંથી ઉત્પન્ન થાય છે ત્યારે ભગવાન વિષ્ણુને ચિંતા થવા લાગે છે. જો આ ક્રોધથી તેના અંગમાંથી અગ્નિ પ્રગટશે તો એના સત્વના પ્રતાપે આખુંયે ત્રિલોક બળી જશે. મહાઉત્પાત સર્જાશે. સતી વૃંદાનો મહાવિનાશક ક્રોધ કઈ રીતે શાંત થઈ શકે ? સતીના ક્રોધ સામે વિષ્ણુની દશા જુઓ,

> "તેને નેત્રથી જળધારા છૂટે, કંઠ ગદ્ગદ્ થાય રે.
> મુખ બોલવાની ગત્ય ટળી, ચિત્તભ્રમ થઈ સર્વ કાય રે."(૧૦)

સામે વૃંદા પણ તેના 'ભક્ત વત્સલ'ના બિરુદને લાગેલા લાંછનની વાત કરતા કહે છે,

> "ભક્ત વત્સલ બિરૂદ તારૂં, જગતમધ્યે આજ રે,
> તે તો તારૂં ગયું વિઠ્ઠલા, એ કર્મથી મહારાજ રે."
> એ કારજથી હરિ તુજને અપકીર્તિ ત્રૈલોક્ય રે.
> હું પતિવ્રતાને ચૂકવી, મારો કંથ માર્યો ફોક રે.
> હું બાળીને ભસ્મ કરૂં જો અવર પુરૂષ હોય રે."(૧૧)

'જો તમારી જગ્યાએ બીજો કોઈ પણ પુરુષ હોત તો એને બાળીને ભસ્મ કરત' એમ ક્હેતી વૃંદા વિષ્ણુને શાપ આપે છે કે, "જેમ તે મને મારા પતિથી વિયોગ આપ્યો અને જોગી, મૃગ, પિશાચની મદદ વડે મને મોહ પમાડી તેમ તારો પણ તારી પત્નીથી વિયોગ થાઓ અને આ જ બધાથી તને વનમાં ભયંકર દુઃખ પડો." વૃંદાના શાપિત વચનો સાંભળી પોતાનો બચાવ વિષ્ણુએ પણ કરવો પડે છેઃ

"પ્રથમ છળ કરવા ગયો તારો કંથ ઉમયા સાથ રે.
તે માટે તુજને છળી, એ દોષ નહિ મુજ આપ રે.
પ્રથમ જેણે કર્યું તેને તરત લાગ્યું પાપ રે.
મે કારજ કીધું દેવનું, રણ હણ્યો રૂદ્રે તેહ રે.
હવે માગ્ય વર, અપરાધ મારો ક્ષમા કરજે તેહ રે."(૧૨)

આમ અહીં 'જાલંધર આખ્યાન'માં શિવદાસ ભગવાન વિષ્ણુને પદચ્યુત ન કરતાં પાત્રોચિત ગૌરવ બક્ષે છે. ભગવાન વિષ્ણુનાં વિનયી વચનો સાંભળી વૃંદાને પણ ભગવાનને શાપ દીધાનો ક્ષોભ થાય છે. પોતાના અપરાધની ક્ષમા માગે છે. સાથે સાથે એ પણ જણાવે છે કે, 'જે પતિવ્રતા સ્ત્રી પતિવ્રત ધર્મનું પાલન કરે છે તે અંતે તમને પામે છે. મારૂં આ વ્રત મને ફળ્યું છે. અમો અસુર, પાપી જાત તોય મને તમારી અર્ધાંગે ધારણ કરી અમારા કુળને પાવન કર્યું. હવે મારા પતિને વૈકુંઠવાસ આપો.' વૃંદાને આશ્વાસન આપતા વિષ્ણુ જણાવે છે,

"સુણ વૃંદા, હું મૃત્યુલોકમાં અવતાર ધરીશ તુજ કામ રે,
મુજ હાથે એનો વધ કરી, પછી આપીશ મારૂં ધામ રે,
ત્યાં લગી મારા તેજમાં જાલંધર રાખ્યો જાણ રે.
નરકાસુર થઇ મૃત્યુલોકમાં અવતરશે નિર્વાણ રે.
હું કૃષ્ણ અવતારે યુધ્ધ કરી પદ આપીશ મારૂં જેહ રે"(૧૩)

એ સિવાય, બીજું વરદાન આપતા ભગવાન વિષ્ણુ વૃંદાને કહે છે કે, "હું તારાથી જુદો નથી. તારું નામ તુલસી થશે અને ત્રિલોકમાં તારી પૂજા થશે. જે માણસ અંતકાળે તુલસીપત્ર પામશે તે વૈકુંઠને પ્રાપ્ત કરશે." આમ કહી વૃંદાને પોતાના ઉછંગે લઇ કરુણાનિધિ જ્યાં રણમાં જાલંધરનો દેહ પડ્યો છે ત્યાં વૃંદાને લાવે છે. ત્યાં દેવો પણ વૃંદાના સતીત્વની સ્તુતિ-પ્રસંશા કરે છે. ત્યારબાદ વૃંદા પોતાના અંગમાંથી અગ્નિ પ્રગટાવે છે અને પોતાના પતિ સાથે બળી મળે છે. મધ્યકાલીન યુગમાં પતિના મૃત્યુથી પતિ પાછળ સતી થતી સ્ત્રીઓનાં અસંખ્ય દ્દષ્ટાંતો મળે છે. સતી વૃંદાને પણ પતિ વિરહે સતી થતી બતાવી શિવદાસે કથાને સમસામયિક મોડ આપ્યો છે.

વૃંદાના વિરહ દુઃખે તેની રાખમાં શ્રી રણછોડ આળોટે છે અને તત્ક્ષણ તેમાંથી ત્રણ લતા પ્રગટે છે. એમાં તુલસીનો છોડ પણ છે. માલતી, આમળી અને હરિલતા એ ત્રણે વૃંદાનાં રૂપ છે. આ વનની અંદર સદાયે વિષ્ણુનો વાસ હશે. બ્રહ્મા, ઇન્દ્ર વગેરે પણ વરદાન આપતાં કહે છે કે, 'તુલસીની પૂજા

કરનારને અમો પણ મનવાંચ્છિત ફળ આપશું'. અંતે સૌ પોતપોતાને સ્થાનક ગયા. ઇન્દ્ર ઇન્દ્રપુરી, મહાદેવ કૈલાસ અને બ્રહ્મા બ્રહ્મપૂરી જાય છે પરંતુ હરિ વૃંદા પાસે રહી જાય છે.

આ રીતે જાલંધર કથા અહીં પૂર્ણ થાય છે. અગાઉ નોંધ્યું તેમ કથાને ખૂબ જ ટૂંકાવીને રજૂ કરવાથી ઘણા કથા પ્રસંગોના અંકોડા મેળવવાનું રહી જાય છે. કૃત્યા દ્વારા પકડીને લઇ જવાયેલ શુક્રાચાર્યનું શું થયું ? ભગવાન શિવે કઇ રીતે જાલંધરનો વધ કર્યો ? વગેરે બાબતો અહીં સ્પષ્ટ થઇ શકતી નથી. પરંતુ કવિનો ઉદ્દેશ પ્રથમથી જ નરકાસુરની કથા કહેવાનો છે અને તેથી જ કદાચ નરકાસુરના પૂર્વ જન્મની કથાના ઉલ્લેખ કરવા સિવાય કવિ એ કથામાં વિશેષ કશું સિધ્ધ કરવા માગતા હોય એવું જણાતું નથી. તેથી નાની મોટી કેટલીક ત્રુટિઓને બાદ કરતાં શિવદાસે 'જાલંધર આખ્યાન'માં જાલંધરની કથાને પોતાની મૌલિક પ્રતિભાનો ઓપ આપી કંડારી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

## ૪:૧ 'જાલંધર આખ્યાન'ની પાત્રસૃષ્ટિ :

'જાલંધર આખ્યાન'ની પાત્રસૃષ્ટિ સુરેખ, જીવંત અને હૃદ્ય છે. જાલંધર, વૃંદાના પૌરાણિક પાત્રોને બાદ કરતાં તમામ પાત્રો દૈવી પાત્રો છે. એમાંની પૌરાણિકતા કે દિવ્ય અંશોને બાદ કરતાં માનવીય ગૌરવથી ધબકતું મધ્યકાલીન આખ્યાન લાગે. 'શિવ પુરાણ'માં આ કથા તુલસીની ઉત્પત્તિ અને માહાત્મ્ય દર્શાવવાના હેતુથી લખાયેલી છે, જ્યારે અહીં કવિ શિવદાસનો આશય નરકાસુરની કથા કહેવાનો સ્પષ્ટ છે અને તેથી નરકાસુર પૂર્વ જન્મમાં જાલંધર સ્વરૂપે હતો તે દર્શાવવા અહીં જાલંધર કથા કહે છે. તેથી બીજા આખ્યાનોમાં જાલંધર - વૃંદા, શિવ, ઇન્દ્ર, વિષ્ણુ સિવાયના અન્ય દૈત્યો કે દેવોના ગૌણ પાત્રો સિવાયના પાત્રો નથી અને જાલંધર - વધ સાથે કે તુલસીની ઉત્પતિ અને માહાત્મ્ય સાથે આખ્યાન પૂરું થાય છે. અહીં આઠ કડવા સુધી જાલંધરની કથા કહેતાં શિવદાસ કડવાં ૯ થી ૧૫ માં નરકાસુરની કથા કહે છે અને એ પૃથ્વીનો પુત્ર નરકાસુર કહેતાં ત્યાં નરકાસુર, પૃથ્વી, ભગવાન વિષ્ણુ, સત્યભામા વગેરે પાત્રો ઉમેરાય છે.

અહીં એક આખ્યાનમાં બે કથા સમાયેલી હોઇ જાલંધર અને નરકાસુર બેઉને પ્રધાન પાત્રો ગણવાં પડે. શિવ, વિષ્ણુ, ઇન્દ્રાદિ દેવો, વૃંદા અને સત્યભામા વગેરે તમામ પાત્રો અહીં કેન્દ્ર સ્થાને છે. શુક્રાચાર્ય, નારદ કે કૃત્યા જેવા ઓછું મહત્ત્વ ધરાવતાં પાત્રો પણ કથાને વેગ આપવામાં પોતાનું યોગદાન આપે છે. આ તમામ પાત્રો પ્રસ્તુત કથાને રસિક બનાવે છે. 'જાલંધર આખ્યાન'ની પાત્રસૃષ્ટિ આમ વિશાળ અને વૈવિધ્યપૂર્ણ છે. શિવદાસની પાત્રાલેખનકળાનો પરિચય કરાવતાં આ

પાત્રો કથાને આસ્વાદક્ષમ બનાવે છે. વૈવિધ્યસભર પાત્રસૃષ્ટિમાંથી મહત્ત્વનાં પાત્રોનો પરિચય મેળવીએ.

### ૪:૧:૧ પુરુષ પાત્રો :

### (૧) શિવ :

'જાલંધર આખ્યાન'નું વસ્તુ 'પદ્મ-પુરાણ' પર આધારિત છે. 'પદ્મ-પુરાણ' ભગવાન શિવની મહિમાનું ગાન કરતું પુરાણ છે. તેથી સ્વાભાવિક 'પદ્મ-પુરાણ' પર આધારિત કોઇપણ કથા - ઉપકથા - આડકથામાં નાયક પદે ભગવાન શિવ રહેવાના. ભગવાન શિવ ભક્તવત્સલ હોવા સાથે જલ્દીથી કોપાયમાન પણ થાય છે. આસાનીથી ભક્ત પર રીઝી જવું અને જલ્દી ગુસ્સે થઇ જવું એ ભગવાન શિવના નિરાળા લક્ષણો તેની તમામ કથામાં જોવા મળે છે.

શિવ જગન્નિયંતા છે. બીજા દેવોની સરખામણીએ એ વધુ ભોળા છે. તેથી તો એ ભોળાનાથ કહેવાયા છે. આસાનીથી ભક્ત પર પ્રસન્ન થતાં ભોળા શિવ ભક્તને મોં માગ્યા વરદાન તો આપી દે છે પરંતુ કુપાત્રે થયેલું દાન શિવને જ મૂશ્કેલીમાં મૂકી દે છે. અહીં કોઇ વરદાનથી નહીં, પરંતુ પોતાના ક્રોધથી ઉત્પન્ન થયેલ દાનવરાજ જાલંધર દેવોને મુશ્કેલીમાં મૂકી દે છે. પછી એના વિનાશ સુધીની યોજના એમણે જ વિચારવી પડે છે.

શિવના દર્શનની ઇચ્છાથી ઇન્દ્ર એકવાર કૈલાસ તરફ જાય છે ત્યારે વિકરાળ સ્વરૂપે રહેલા મહાદેવ તેને રસ્તા પર મળે છે. ઇન્દ્ર તેને ઓળખી નહિ શકતા તેનું અપમાન ક્રી બેસે છે. તેના હૃદય પર વજ્રનો પ્રહાર કરે છે અને મદાંધ ઇન્દ્ર પર ભગવાન શિવનો ક્રોધ ભભૂકી ઉઠે છે. એ ક્રોધમાંથી મહાભયંકર કૃત્યા પ્રગટે છે. અજાણતા થયેલી ભૂલની ઇન્દ્ર ક્ષમા ચાચે છે, પરંતુ અગ્નિતેજ સમાન પ્રગટેલી કૃત્યાને કોઇ સહન કરી શકે તેમ નથી તેથી એ રુદ્રના ક્રોધરૂપી તેજને ગંગા સાગરના સંગમતટે મૂકવામાં આવે છે અને એ તેજમાંથી જાલંધરનો જન્મ થાય છે.

પોતાના તેજમાંથી પ્રગટેલા પોતાના જ અંશને શિવ વિના કારણ તો મીટાવી ન શકે. પરાક્રમી જાલંધર પાર્વતીને છળવાનું કપટ કરે છે અને ધાર્યું ન થતાં રુદ્ર સાથે કૈલાસમાં યુધ્ધ કરે છે. આ પ્રથમ યુધ્ધ શિવ હારી જાય છે. જાલંધર દ્વારા શિવની હાર એ શિવના દિવ્ય અંશને ઝાંખો પાડતો પ્રસંગ નથી, કારણ કે શિવ જેવા ત્રિભુવનપાળ સ્વામી જાણે છે કે હજુ જાલંધરનું અવતારકૃત્ય પૂર્ણ થયું નથી.

સાગરમંથનનું દેવો સામે વેર વાળવા મેદાને પડેલા જાલંધરથી દેવો ત્રાહિમામ પોકારી ઊઠે છે. એક સહસ્ર વર્ષ પર્યંત યુધ્ધ કરતાં ફરી દેવો હારે છે. યુધ્ધ મેદાનમાંથી નાસી શિવના શરણે આવે છે. ભગવાન શિવ તેના અજેય હોવાનું કારણ તેની સાધ્વી પતિવ્રતા પત્ની વૃંદા છે તેમ જણાવી તેનો ઉપાય વિચારવા કહે છે અને ફરી ઈન્દ્રાદિ દેવો સાથે મળી જાલંધર સામે યુધ્ધે ચઢે છે.

ભગવાન રુદ્રથી હણાયેલા તમામ દૈત્યોને શુક્રાચાર્ય જીવાડે છે જાણી વળી ભગવાન શિવના ક્રોધમાંથી એક કૃત્યા પ્રગટે છે, જે શુક્રાચાર્યને રણમેદાનમાંથી લઈ અદશ્ય બને છે. શુક્રાચાર્ય પ્રત્યેના એમના આ પ્રકારના વર્તનમાં તેનું કરુણાસાગરનું રૂપ છલકે છે, કારણ કે પોતાની સંજીવની વિદ્યાના બળે અસુરોને સજીવ કરનારા શુક્રાચાર્યને પ્રાણદંડ આપવાને બદલે ફક્ત અદશ્ય કરી દે છે. અહીં એમની દયા - કરુણા અનુભવી શકાય છે. છતાં પરાક્રમી જાલંધરના મારથી દેવો મરણને શરણ થાય છે અને ફરી દેવો દશે દિશામાં નાસે છે. જાલંધરના હાથે પરાસ્ત થતાં દેવોમાં શિવ પણ બબ્બે વખત તેની સામે પરાસ્ત થાય છે એ બતાવે છે કે ભગવાન શિવ ન્યાયના પક્ષે છે. જ્યાં સુધી વૃંદાનો શીલભંગ થશે નહિ ત્યાં સુધી જાલંધરવધ શક્ય નથી. એ જાણતા ભગવાન શિવ હવે ભગવાન વિષ્ણુને કહે છે કે, ‘એ મહાપાપી જાલંધર પૂર્વે પાર્વતીને છળવા આવેલો ત્યારે મેં તેની સાથે યુધ્ધ કરેલું પણ મારૂં કંઈ ચાલ્યું નહિ.’ ત્યારે ભગવાન વિષ્ણુ સતી વૃંદાને છળવાના આશયથી તેની પાસે જવા તૈયાર થાય છે અને મહાદેવને રણમેદાનમાં જવા કહે છે.

વિષ્ણુ દ્વારા વૃંદાનું શીલભંગ અને તરત જ ‘રુદ્રે હણ્યો રાય’, જેના વડે જાલંધર પ્રગટ થયો એના વડે જ હણાય એ કાવ્ય ન્યાય ખરો ? પરંતુ દેવોને ત્રાહિમામ પોકારાવી દેનાર જાલંધરનું અવતાર કૃત્ય પૂર્ણ થયું. દેવોનું અભિમાન ચકનાચૂર થયું અને ત્યારે જાલંધરનો સર્વ શક્તિમાન શિવ દ્વારા વધ ઉચિત ઠરે છે. આમ, શિવના વર્તન દ્વારા, બીજા પાત્રો સાથેના તેમના વ્યવહાર દ્વારા શિવનું ક્યારેક દિવ્ય તો ક્યારેક આમ પુરુષનું વ્યક્તિત્વ પ્રગટે છે.

### (૨) જાલંધર :

‘જાલંધર આખ્યાન’નું મુખ્ય પાત્ર જાલંધર આમ તો પૌરાણિક પાત્ર છે, પરંતુ આખ્યાન મધ્યકાલીન સ્વરૂપ હોવાથી જાલંધરનું પાત્ર અહીં મધ્યકાલીન ક્ષત્રિય વીર તરીકે આલેખાયું છે. કોઈપણ કવિ સભાન કે અભાન પણે પોતાના યુગનું પ્રતિબિંબ ઝીલતો રહે છે. પોતાના યુગનાં રાજકીય, સામાજિક કે સાંસ્કૃતિક મૂલ્યોને કથા, પાત્ર કે વર્ણન સંદર્ભે પોતાની કૃતિમાં વ્યક્ત કરતો રહે છે.

જાલંધર શિવનો અંશ છે અને તેથી જ બાલ્યાવસ્થાથી જ પરાક્રમી છે. જન્મતાવેંત બાળકે કરેલી ગર્જનાથી બ્રહ્માંડ ખળભળી ઊઠે છે. એ ગર્જના સાંભળીને આવેલા બ્રહ્માની દાઢીના વાળ એ બાળક એવી તાકાતથી ખેંચે છે કે બ્રહ્માની આંખોમાંથી નેત્રની ધારા વછૂટે છે. તેના આવા પરાક્રમથી જ બ્રહ્મા તેનું નામ 'જાલંધર' પાડે છે. યુવાવસ્થામાં જ તેની ત્રિલોકમાં આણ વર્તાય છે. પછી વૃંદાના પતિવ્રત ધર્મના પાલનથી તે નિર્ભય બન્યો છે. પોતાના પરાક્રમથી દેવોને ત્રાસ પમાડતો જાલંધર જ્યારે બેફામ બન્યો છે ત્યારે નારદ દેવોના હિત ખાતર જાલંધરને પાર્વતીને છળવા ઉશ્કેરે છે. પાર્વતીને છળવા ગયેલો જાલંધર તેને છળી શક્તો નથી. શિવ સાથે સંગ્રામ આરંભાય છે. શિવની પરાક્રમી જાલંધર સામે હાર થાય છે.

શિવને હરાવી જાલંધર ઇન્દ્ર સાથે સંગ્રામ છેડે છે. ગર્વથી ઉન્મત્ત બનેલો જાલંધર કાળનેમિ દૈત્ય પાસેથી સાગરમંથનની કથા જાણે છે. પોતાના પિતા સાગરને મથીને કાઢેલા ચૌદ રત્નો દેવોએ કપટપૂર્વક પોતાની પાસે રાખી લીધેલા એ વેરનો બદલો લેવા જાલંધર ઇન્દ્ર સામે યુધ્ધે ચઢે છે. સહસ્ર વર્ષ પર્યન્ત જાલંધર યુધ્ધ લડે છે અને જાલંધરના મારથી દેવો નાસી છૂટે છે. જાલંધરનું આ કાર્ય વીરોચિત છે. યુધ્ધના મેદાનમાં છળકપટ કર્યા વગર સામી છાતીએ લડવું એ મધ્યકાલીન ક્ષત્રિય વીરને શોભે એવુ જાલંધરના પાત્ર દ્વારા થતું કૃત્ય તેને મધ્યકાલીન ક્ષત્રિયવીરોની હરોળમાં સ્થાન આપે છે. ભગવાન શિવ સાથેના યુધ્ધમાં પણ એ સંગ્રામજિત બની રહે છે.

આમ, જાલંધરનું પાત્ર 'જાલંધર આખ્યાન'માં વીરપુરુષ તરીકે પ્રગટે છે. બ્રહ્માજીના વરદાન મુજબ તે ત્રિલોક પર રાજ કરશે પરંતુ શિવના હાથે હણાશે. જાલંધર સામે દેવતાઓ નિર્બળ અને તેજોહીન થઇ જાય છે. એને હણનારો કોઇ વીર ત્રિલોકમાં નથી. એક માત્ર શિવને બાદ કરતાં જાલંધર અવધ્ય છે. જો કે જાલંધર પત્ની વૃંદાના શીલની તાકાત પાસે શિવ પણ ઝાંખા પડે છે. સતીત્વનું એવું પ્રખર તેજ છે.

પરમેશ્વરે જાલંધરની ઉત્પત્તિ ઇન્દ્રના ગર્વખંડનાર્થે કરેલી અને જાલંધર દ્વારા સ્વર્ગપ્રાપ્તિથી ઇન્દ્રનો પરાજય થતાં તેનો ગર્વ ચકનાચૂર થયો છે. એટલે કે, જાલંધરનું અવતારકૃત્ય પૂર્ણ થયું છે. તેથી વૃંદાના શીલભંગ દ્વારા ભગવાન શિવ જાલંધરનો વધ કરે છે. 'જાલંધર વધ' પ્રસંગે શિવદાસ જાલંધરને કોઇ વિશેષ પરાક્રમ કરતાં બતાવતાં નથી. માત્ર 'રૂદ્રે હણ્યો રાય' કહી જાલંધર જેવા વીર પુરુષના જીવનની સમાપ્તિ જોતાં અહીં જાલંધર વીરોચિત મૃત્યુ પામતો કવિએ દર્શાવ્યો નથી. જાણે કે અહીં જાલંધરના પરાક્રમીપણા કરતાં વૃંદાના સતીત્વનું જ મૂલ્ય કવિએ કર્યું છે. અહીં જાલંધર જેવા

પરાક્રમી પાત્રને અન્યાય થતો લાગે છે. વૃંદાનું શીલ જાલંધરની તાકાત ખરી, પરંતુ વૃંદાના શીલભંગથી તરત જ શિવ એટલી સહેલાઇથી જાલંધરનો વધ કરી શકે ? અહીં જાલંધરનું પરાક્રમીપણું ક્યાં ગાયબ થયું ? કદાચ કથા ટૂંકાવી દેવાના આશયથી શિવદાસે 'જાલંધર વધ'ના પ્રસંગને તરત જ આટોપી લીધો છે.

છતાં શિવદાસના 'જાલંધર આખ્યાન'માં જાલંધરનું પાત્ર યશસ્વી રાજવી અને ક્ષત્રિય વીર તરીકે સારો ઉઠાવ પામ્યું છે.

## (૩) વિષ્ણુ :

ભગવાન શિવની માફક જ ભગવાન વિષ્ણુનું પાત્ર તેના 'દૈવી' અંશો સાથે અહીં રજૂ થયું છે. ભગવાન શિવ જેટલાં ભોળા છે તેટલા જ ભગવાન વિષ્ણુ મહામાયાવી છે, કપટી છે. જાલંધરે આવા કપટી વિષ્ણુ દ્વારા દાનવોને થયેલા અન્યાયની-સમુદ્ર મંથનની-કથા સાંભળી અને રોષે ભરાયેલો જાલંધર ભગવાન વિષ્ણુ સામે વેર લેવા મેદાને પડે છેઃ

"મારા પિતાને દુઃખ સબળ દીધું મથી પર્વતકાય,
તે વિષ્ણુ અમરસમેત મારૂં, યુધ્ધ કરી રણ આજ."(૧૪)

કાલનેમિ દૈત્ય અને સેના સાથે યુધ્ધે ચઢેલા જાલંધરના પરાક્રમથી એક સહસ્ર વર્ષ પર્યંત ચાલેલા યુધ્ધમાંથી દેવો પીછેહઠ કરે છે. ભગવાન વિષ્ણુ અહીં પોતાની દિવ્ય કે માયાવી શક્તિનો પરચો બતાવી શકતા નથી. વિષ્ણુ સહિત બ્રહ્મા, ઇન્દ્રાદિ દેવો ભગવાન શિવને શરણે જાય છે. ભગવાન વિષ્ણુ જાલંધર વધનો ભેદ જાણે છે તેથી જ શિવને કહે છે,

"તમ વિના કોણ જાલંધરને હણે, શ્રી અવિનાશ ?"(૧૫)

શિવના શરણે ગયેલા દેવો ફરી પાછા યુધ્ધે ચઢે છે. ફરી પાછા દેવો જાલંધરના પરાક્રમથી, બળથી રણમેદાનમાંથી નાસી છૂટે છે. ગુફામાં સંતાયેલા દેવો હવે જાલંધરને મારવાનો આખરી ઉપાય વિચારે છે. ભગવાન વિષ્ણુ કપટ કરી વૃંદાનું શીલભંગ કરવાનું અનીતિમય કાર્ય કરવા તૈયાર થાય છે એટલું જ નહિ, પણ ચતુરાઇપૂર્વક પોતે જે કાર્ય કરવા જઇ રહ્યા છે તેમાં પોતે દોષિત નથી, એવું પણ સાબિત કરવા મથે છે. પૂર્વે જાલંધરે પાર્વતીને છળવાનો જે પ્રયત્ન કરેલો તેનો બદલો લેવા હવે વિષ્ણુ જાય છે, તેથીઃ

"એ સતીને સત્ય ચૂકવાનો દોષ નહિ મુજ આપ,
પ્રથમ જેણે કર્યું તેને તર્ત લાગ્યું પાપ."(૧૬)

એવી આત્મવંચના કરતાં ભગવાન વિષ્ણુના દેવત્વને અહીં ઝાંખપ લાગ્યા વગર રહેતી નથી.

પ્રથમ જાલંધરનું રૂપ ધરી ભગવાન વિષ્ણુ વૃંદાના મહેલે પધારે છે પણ વૃંદા સત્ય ચૂકતી નથી. પોતાની પ્રથમ યોજનામાં ન ફાવેલા ભગવાન વિષ્ણુ બીજી યોજના વિચારે છે. મારગ વચ્ચે જોગીનું રૂપ લઈને તે બેસે છે. વૃંદા પતિની શોધ કરવા નીકળે છે. મૃગ પિશાચથી વૃંદાને બચાવનાર જોગી વેશ વિષ્ણુ માયા રચે છે. પોતાના પતિના સમાચાર જાણવા ઉત્સુક વૃંદાને જાલંધર રણમાં માર્યો ગયો છે એવુ જણાવી નોકરો દ્વારા તેના ધડને વૃંદા સમક્ષ હાજર કરવામાં આવે છે. પતિના મૃત્યુથી વ્યથિત થયેલી વૃંદા કેશપાશ બાંધી આપઘાત કરવા તૈયાર થાય છે ત્યારે વૃંદાને છેતરી, છળ વડે સતીનું સતીત્વ ભંગ કરવાનું અનીતિમય કાર્ય કરતાં વિષ્ણુનું પાત્ર ગૌરવચ્યુત થાય છે, છતાં પોતાનો બચાવ તો કરે જ છેઃ

"પ્રથમ છળ કરવા ગયો તારો કંથ ઉમયા સાથ રે,
તે માટે તુજને છળી, એ દોષ નહિ મુજ આપ રે,
પ્રથમ જેણે કર્યું તેને તરત લાગ્યું પાપ રે."(૧૭)

છતાં ઉદાર હૃદયી વિષ્ણુ પોતાના અપરાધની સતી પાસે ક્ષમા યાચના કરે છે ત્યારે ફરી તેનામાં દેવત્વનું દર્શન થાય છે. સતી વૃંદા પણ પોતાના કઠોર વચનોની ક્ષમાયાચના કરે છે. ભગવાન વિષ્ણુએ અસુર જાતિની એવી પોતાને અર્ધાંગ ધારણ કરી એ બદલ અહોભાવ અનુભવે છે, ત્યારે સતી વૃંદા સાથે મધ્યકાલીન જનસમાજ પણ વિષ્ણુના અધમ કૃત્યને વિસરી જઇ તેનામાં દેવત્વનું પુનઃસ્થાપન કરે છે.

સતી વૃંદાને અપાતા વરદાનમાં તેમ જ તેના પતિ દૈત્યરાજ જાલંધરને પોતાના તેજમાં સમાવી રાખી પછીના જન્મે કૃષ્ણરૂપે જાલંધરરૂપ નરકાસુરને મારી પોતાનું નિર્વાણપદ આપશે એવા આશ્વાસનમાં ભક્ત વત્સલ, કરુણાનિધાન વિષ્ણુના દર્શન થાય છે.

એકંદરે ભગવાન વિષ્ણુનું પાત્ર વૃંદાના શીલભંગના પ્રસંગને બાદ કરતાં સુપેરે નિરૂપાયું છે.

### (૪) નરકાસુર :

કવિ શિવદાસ 'જાલંધર'ની સાથે નરકાસુરની કથાને 'જાલંધર આખ્યાન'માં જોડે છે. આખ્યાનનું નામ 'જાલંધર આખ્યાન' છે. પરંતુ જાણે નરકાસુરની કથા કહેવા જ 'જાલંધર'ની આડ-કથા કવિએ નિરૂપી હોય એમ જણાય છે.

પતિ પરાયણ વૃંદા પતિના અવસાનનો ખેદ કરતાં ભગવાન વિષ્ણુની પાસે પોતાના પતિનો ઉધ્ધાર કરવા વિનંતી કરે છે ત્યારે ભગવાન વિષ્ણુ તેને વરદાન આપતાં કહે છે;

"સુણ વૃંદા હું મૃત્યુલોકમાં અવતાર ધરીશ તુજ કામ રે,
મુજ હાથે એનો વધ કરી, પછી આપીશ મારૂં ધામ રે."
ત્યાં લગી મારા તેજમાં જાલંધર રાખ્યો જાણ રે,
નરકાસુર થઈ મૃત્યુલોકમાં અવતરશે નિર્વાણ રે."(૧૮)

વર્ષો પછી હિરણાક્ષ નામે મહાદૈત્ય ત્રિલોકને વશ કરે છે. પૃથ્વીને તે પાતાળે લઈ જાય છે. વ્યાકુળ ઈન્દ્ર વિષ્ણુનું સ્મરણ કરે છે. વરાહરૂપે વિષ્ણુ પાતાળ જઈ હિરણાક્ષને મારી ધરાને તેના પાશમાંથી છોડાવે છે. દાઢ વચ્ચે ગ્રહી પૃથ્વીને પાછી લાવે છે. રૂપ સુંદર ધરાને જોઈ વિષ્ણુ મોહ પામે છે. ધરા પર પોતાના તેજમાં સમાયેલું જાલંધરનું તેજ મૂકે છે અને તેમાંથી જ જાલંધર જેવો જ મહાબળવાન નરકાસુર પ્રગટે છે.

ધરાપુત્ર નરકાસુર મહા પરાક્રમી થશે. બધા દેવોને વશ કરનાર નરકાસુરનો વધ ભગવંતના હાથે થશે. પુત્ર પ્રેમે વિહ્વલ ધરા આવું ન કરવા ઈશ્વરને વિનવે છે ત્યારે ભગવાન કહે છે, 'તું આજ્ઞા કરશે તો અને ત્યારે જ હું એને હણીશ.'

આમ, ધરતીપુત્ર નરકાસુરને 'પ્રાગ્જ્યોતિષ'નું રાજ્ય સોંપી ધરાને નિશ્ચિંત કરે છે. મધ્યકાલીન રાજવી પરંપરા મુજબ મોટો થતો જતો નરકાસુર ધનુર્વિદ્યા સહિતની અસ્ત્રવિદ્યા ગુરુ શુક્રાચાર્ય પાસે રહી શીખે છે. પ્રાગ્જ્યોતિષપુરમાં રહેતા પંચશીશ ધારી મહાપરાક્રમી મૂર દૈત્યને યુધ્ધમાં જીતે છે અને ત્રિલોકમાં ત્રાસ વર્તાવી પોતાની આણ પ્રવર્તાવે છે. નરકાસુરનાં આવાં પરાક્રમથી ત્રસ્ત દેવો વિષ્ણુને શરણે જાય છે. ભગવાન વિષ્ણુ દેવોને કાજે આમ દ્વાપર યુગમાં કૃષ્ણરૂપે અવતરે છે અને ધરા સત્યભામાના રૂપે.

નરકાસુરનું પ્રાગ્જયોતિષપુર અતિ સુંદર અને સમૃધ્ધ રાજ્ય છે. રાજ્યમાં સાત દુર્ગ છે. સુર, નર, નાગ, મુનિ, યક્ષ તમામને તે પોતાના બાહુબળે જીતે છે. પરણવા ઇચ્છતો નરકાસુર દેવ કન્યાઓ, નાગકન્યાઓ અને રાજકન્યાઓનું હરણ કરી લાવે છે. વીસ હજાર કન્યાઓને પરણવાના તેને કોડ છે. નરકાસુરના આ પ્રકારના પાત્રચિત્રણમાં તે કામી દુષ્ટ પુરુષ જેવો આલેખાયો છે. આ રીતે તેણે પોતાના નિશ્ચય મુજબ સોળ હજાર એક કન્યાઓ ભેળી કરી છે. ભોળી મુગ્ધ કન્યાઓને આ કારાગારમાંથી છોડાવવા નારદ બીડું ઝડપે છે.

નારદ પારિજાતના પુષ્પ સાથે ભગવાન કૃષ્ણ પાસે પહોંચી નરકાસુરનાં અધમાધમ કૃત્યોની જાણ કરે છે. પારિજાતનું પુષ્પ કૃષ્ણ રુકિમણીને આપતાં સત્યભામા રિસાય છે. સત્યભામાને મનાવતાં કૃષ્ણ સત્યભામાને પારિજાતનું વૃક્ષ સ્વર્ગમાંથી લાવી તેને દ્વાર રોપવાનું વચન આપે છે.

સત્યભામા રૂપે રહેલી પૃથ્વી અને કૃષ્ણ પારિજાતનું વૃક્ષ લેવા માટે સ્વર્ગ ભણી જાય છે ત્યાં 'પ્રાગજ્યોતિષપુર' નજરે પડે છે. સત્યભામાની ઇચ્છાથી કૃષ્ણ એ નગરીમાં આવે છે. નરકાસુર કૃષ્ણ સાથે યુધ્ધે ચઢે છે. નરકાસુર અહીં વીરોચિત યુધ્ધ લઢે છે. અર્ધચન્દ્ર બાણ વડે ભગવાન કૃષ્ણને મૂર્ચ્છિત કરે છે ત્યારે સત્યભામા ભગવાન કૃષ્ણને નરકાસુરને તત્કાળ હણવા જણાવે છે. ભગવાન કૃષ્ણ સુદર્શનચક્ર વડે નરકાસુરનું મસ્તક છેદે છે. પરાક્રમી છતાં દુષ્ટ નરકાસુર પોતાનાં દુષ્કૃત્યોને પરિણામે મરાય છે ત્યારે મધ્યકાલીન ભાવુક શ્રોતાજનોની ઇશ્વર પરની શ્રધ્ધા દઢ બને છે. જાલંધરના પરિપ્રેક્ષ્યમાં નરકાસુરનું પાત્ર પરાક્રમી હોવા સાથે દુષ્ટ ચિત્રાંકન પામ્યું છે.

### (૫) ભગવાન કૃષ્ણ :

એકી સાથે એક જ આખ્યાનમાં બે કથા વહેતી હોવાથી જાલંધર સાથે ભગવાન વિષ્ણુનું અને નરકાસુર સાથે ભગવાન કૃષ્ણનું ચરિત્ર ચિત્રણ થયેલું જોઇ શકાય છે.

હિરણાક્ષ નામનો રાક્ષસ ધરાને પાતાળ લઇ ગયો છે ત્યારે દેવેન્દ્ર વિષ્ણુ પાસે જઇ હિરણાક્ષના ત્રાસથી દેવો અને ધરાને છોડાવવા વિનંતી કરે છે. વરાહ અવતારે ભગવાન વિષ્ણુ ધરાને પાતાળમાંથી લાવે છે ત્યારે ધરા પર જાલંધરનું તેજ જે તેણે વૃંદાને આપેલ વચન ખાતર પોતાના તેજમાં સમાવી રાખ્યું હતું તે ધરા પર મૂકે છે અને એ તેજમાંથી નરકાસુર પ્રગટે છે, જે ધરાપુત્ર બને છે.

યુવાન થતો જતો પરાક્રમી નરકાસુર અસ્ત્ર શસ્ત્ર વિદ્યામાં પારંગત બનવા સાથે દુષ્ટ અને કામી બન્યો છે. ત્રિલોકમાં તેની આણ પ્રવર્તે છે. જ્યારે આ દુષ્ટની દુષ્ટતા હદ ઓળંગે છે ત્યારે

ભૂમિનો ભાર ઉતારવા ભગવાન વિષ્ણુ કૃષ્ણરૂપે અવતરે છે. આમ, કૃષ્ણ એ વિષ્ણુનું જ અવતારીરૂપ હોવાથી દૈવી પાત્ર છે.

વીસ હજાર કન્યાને પરણવાના નિશ્ચયથી નરકાસુર નિર્દોષ ભોળી કન્યાઓના અપહરણ કરે છે. ૧૬ હજાર એક કન્યાના હરણ થયા છે ત્યારે તેનાં આવાં અધમ કૃત્યોથી વ્યથિત નારદ પારિજાતના પુષ્પ સાથે કૃષ્ણ પાસે આવે છે. નારદની વ્યથાનું કારણ પૂછતાં નરકાસુરે મચાવેલા ઉત્પાતની વાત જાણે છે અને પોતાનું અવતારકૃત્ય પૂર્ણ કરવાનો સમય પાકી ગયો લાગે છે.

નારદે આપેલું પારિજાતનું પુષ્પ ભગવાન રુક્મિણીને આપે છે ત્યારે સત્યભામા રિસાય છે. રિસાયેલી સત્યભામાને મનાવતા કૃષ્ણના પાત્રમાં પાર્થિવ વહાલસોયા પતિના દર્શન થાય છે. પોતાનાં વસ્ત્રો વડે સત્યભામાનાં અશ્રુ લૂછતાં કૃષ્ણ, પોતાનો વાંક દોષ ન જાણતા કૃષ્ણ સત્યભામાને બે હાથ જોડી પગે લાગે છે. ત્યાં સ્ત્રી હઠ સામે રાજહઠ હારી જતી અનુભવાય છે.

સત્યભામા પાસેથી તેના રિસાવાનું કારણ જાણતાં વૈકુંઠપતિ ખડ ખડ હસી પડી કહે છે કે, ‘‘તમે કહો તો તમારા દ્વારે આખું પારિજાતનું વૃક્ષ લાવી રોપાવી દઉં.’’ કોઈપણ પત્નીને ગર્વ થાય એવા પ્રેમાળ પતિના અહીં દર્શન થાય છે.

સત્યભામા રૂપે રહેલી પૃથ્વી સાથે કૃષ્ણ સ્વર્ગમાં પારિજાતનું વૃક્ષ લેવા નીકળે છે ત્યાં રસ્તામાં નરકાસુરની નગરી ‘પ્રાગ્જ્યોતિષપુર’ના દર્શન થાય છે. સત્યભામાના કહેવાથી ભગવાન કૃષ્ણ ત્યાં જાય છે. નરકાસુરના સૈન્ય અને મુર દાનવ જેવા શક્તિશાળી દાનવને પરાસ્ત કરી ભગવાન કૃષ્ણ નરકાસુર સાથે યુધ્ધ માંડે છે. નરકાસુરના અર્ધચન્દ્ર બાણથી ભગવાન કૃષ્ણ મૂર્ચ્છિત બને છે. વિષ્ણુરૂપે ધરાને આપેલા વચન ખાતર ધરા આદેશ ન કરે ત્યાં સુધી તે નરકાસુરને મારી શકતાં નથી. ભગવાન કૃષ્ણની મૂર્ચ્છિત દશાથી વ્યાકુળ બનેલી ધરા કૃષ્ણને કહે છેઃ

‘‘સ્વામી, દુષ્ટને મારો હવે વેગે કરી, મહારાજ,
ઉત્પાત પાપી કરે છે, સંગ્રામ સબળો આજ.’’(૧૯)

ધરાનો આદેશ મળતા જ કૃષ્ણ સુદર્શન ચક્ર વડે નરકાસુરનું શીશ છેદન કરે છે. સોળ હજાર એક કન્યાનું સત્યભામાની મંજૂરી પછી જ પાણિ ગ્રહણ કરે છે ત્યાં, તેમજ સત્યભામાની હઠ પૂરી કરવા સ્વર્ગમાંથી પારિજાતનું વૃક્ષ લાવી તેના દ્વારે રોપાવે છે ત્યાં, આ સર્વ પ્રસંગોમાં ભગવાન શ્રી કૃષ્ણ મૂલાનુસાર અવતારી પુરૂષ તરીકેનું જ ચરિત્રચિત્રણ પામ્યા છે. શિવદાસે ભગવાન કૃષ્ણના પાત્રને

ક્યારેક માનવસહજ ભાવે રંગ્યુ છે, પરંતુ ક્યાંય એ પાત્રના દૈવત્વને ઝાંખપ લાગવા દીધી નથી. એ રીતે કૃષ્ણનું પાત્ર અહીં મૂળને વફાદાર રહી કવિએ આલેખ્યું છે.

### (૬) ઈન્દ્ર :

સ્વર્ગાધિપતિ ઇન્દ્રને દેવરાજ કહેવામાં આવે છે, પરંતુ પુરાણમાં તેમ અહીં તેનામાં ખાસ દૈવત જણાતું નથી. પોતાને મળેલી સત્તા, મહત્તાને તે જીરવી શકતા નથી. તેથી જ તો મદાંધ બનેલા દેવરાજ કૈલાસ શિવના દર્શનાર્થે જતાં રસ્તામાં વિકરાળરૂપે રહેલા શિવને ઓળખી શકતા નથી.

આમ તો આ પાત્ર અહીં ગૌણરૂપે આવ્યું છે. જાલંધરના જન્મના કારણરૂપ શિવને ક્રોધ પ્રગટાવનાર પાત્ર તરીકે એ આવે છે. એટલા પૂરતું એ પાત્રનું મહત્ત્વ છે. એ સિવાય ક્યાંયે ઇન્દ્ર પોતાનું તેજસ્વીપણું, દૈવીપણું કે પરાક્રમીપણું દાખવી શકતા નથી. ઇન્દ્ર પોતાના શૌર્ય થકી જાલંધરને પરાસ્ત કરી શકે તેમ નથી તેથી તે વારંવાર ભગવાન વિષ્ણુ કે શિવની મદદ માટે દોડી જાય છે. રણમેદાનમાંથી કાયરતાથી ભાગી છૂટે છે, ગુફાઓમાં સંતાઇ જઇ દુશ્મનને કપટથી મારવાની યોજનાઓ વિચારે છે, હરેક પ્રસંગે ઇન્દ્ર કાયર પૂરવાર થાય છે.

સમુદ્રમંથનના પ્રસંગનો બદલો લેવા જાલંધર સ્વર્ગ પર ચઢાઇ કરે છે ત્યારે ઇન્દ્રાદિદેવો મહાદેવના શરણે જાય છે. જો કે એ ભગવાન વિષ્ણુ જેવા કપટી આલેખાયા નથી.

વળી, નરકાસુરની કથામાં પણ તે એવા જ કાયર નિરૂપાયા છે. દાનવ હિરણાક્ષના ત્રાસથી વ્યાકુળ થયેલા ઇન્દ્ર અહીં વિષ્ણુના શરણે જાય છે અને પોતાને આપત્તિમાંથી છોડાવવા વિનવે છે. જાણે કે તેનામાં જાલંધર કે નરકાસુર જેટલું પરાક્રમ નથી. દેવરાજ હોવા છતાં તે સંગ્રામજિત બની રહેતાં નથી. દાનવોના પાત્રો સામે તે જાણે 'બિચારા' લાગે છે. આમ, મૂળ પૌરાણિક ઇન્દ્રના પાત્રનાં ગૌરવ, માન કે પ્રતિષ્ઠા અહીં બિલકુલ જળવાતા નથી. ઇન્દ્રનું પાત્ર દેવેન્દ્રનાં બિરુદને લાંછનરૂપ આલેખાયું છે. છતાં આખ્યાનની કથા અંતર્ગત આલેખાયેલું આખ્યાનનું આ પાત્ર કથાને ઉપકારક નીવડતું હોય એને કવિની મર્યાદા તરીકે લેખી શકાય નહિ.

### (૭) ગૌણપાત્રો : (બ્રહ્મા, શુક્રાચાર્ય, નારદ, હિરણાક્ષ વગેરે...)

શિવદાસ કૃત 'જાલંધર આખ્યાન'માં જાલંધર, શિવ સાથે નરકાસુર-કૃષ્ણ મુખ્ય પાત્રો રૂપે નિરૂપાયાં છે. તો બ્રહ્મા, શુક્રાચાર્ય, નારદ, હિરણાક્ષ વગેરે ગૌણરૂપે આલેખાયાં છે. આ તમામ પાત્રો આખ્યાનમાં અછડતો ઉલ્લેખ પામ્યાં છે. છતાં કથાના પ્રવાહને વેગ આપવામાં તેમનો પણ ફાળો છે.

## ❖ બ્રહ્મા :

બ્રહ્માજી સૃષ્ટિના સર્જનહાર એવા આદિ ત્રિદેવોમાંના એક છે. પ્રસ્તુત આખ્યાનમાં બીજા કડવામાં જાલંધરના પ્રાગટ્ય સાથે બ્રહ્માંડ ખળભળી ઊઠે છે ત્યારે બ્રહ્મા બ્રહ્માસદન તજી ગંગા સાગરના સંગમ તટે આવી પહોંચે છે. ભયંકર ગર્જના કરતા સાગરપુત્રને બ્રહ્મા ગોદમાં લે છે ત્યારે બ્રહ્માજીની દાઢીના વાળ એ બાળક એટલા જોરથી ખેંચે છે કે બ્રહ્માજીની આંખમાંથી જલધારા વહે છે. બાળકનું આવું પરાક્રમ નિહાળી બ્રહ્માજી દ્વારા તે બાળકનું નામકરણ થાય છે જાલંધર. સાગરને તેના પુત્ર માટે વરદાન આપતા બ્રહ્માજી કહે છે કે, ''તે મહાપરાક્રમી થશે. ત્રિલોકને વશ કરશે, પરંતુ તેને મહાદેવ મારશે.'' અહી આ વરદાન આપી ભવિષ્યકથન કરવા પૂરતો બ્રહ્માનો કથાપ્રવેશ થાય છે.

આ સિવાય, ઈન્દ્રાદિ દેવો સાથે રહીને જાલંધર સાથે યુધ્ધ કરતા બ્રહ્મા પણ પોતાનું વ્યક્તિગત કૌવત કે દૈવત દાખવી શકતા નથી. કાયરની જેમ રણમેદાન છોડી તમામ દેવોની સાથે બ્રહ્મા પણ મહાદેવના શરણે આવે છે અને જાલંધર વધનો ઉપાય શોધવા વિનંતી કરે છે. આમ, બ્રહ્માજી દૈવી પાત્ર હોવા છતાં આખ્યાનમાં દિવ્ય ચમકારા દાખવી શકતા નથી.

## ❖ શુક્રાચાર્ય :

શુક્રાચાર્યનું પાત્ર પણ અહીં એકાદ જ પ્રસંગે સીધું આલેખન પામ્યું છે. બાકી તેના નામોલ્લેખ દ્વારા તેના વ્યક્તિત્વનો પરિચય મળતો રહે છે. સહુ પ્રથમ કડવા-૩ માં એક સહસ્રવર્ષ પર્યંત દેવો અને જાલંધર વચ્ચે જે યુધ્ધ થયું તેમાં દેવો જાલંધરના પરાક્રમથી ડરી રણમેદાન છોડી, ભાગી, મહાદેવના શરણે આવે છે ત્યારે દાનવોના ગુરુ શુક્રાચાર્યના ઉલ્લેખ દ્વારા તેઓ કહે છે કે, 'દાનવોના ગુરુ શુક્રાચાર્ય મૃત દાનવોને તેની વિદ્યા વડે સજીવન કરે છે.' અહીં શુક્રાચાર્ય દાનવોના ગુરુ છે અને સંજીવની વિદ્યા વડે દાનવોને જીવાડે છે એવી માત્ર માહિતી મળે છે.

એ પછી ઈન્દ્રાદિ દેવો સાથે મહાદેવ જાલંધર સાથે લડવા જાય છે ત્યારે મહાક્રોધથી લડતા શિવ અનેક દાનવોનો સંહાર કરે છે, પરંતુ ઋષિ શુક્રાચાર્ય પાણી છાંટી એ મૃત દાનવોને સજીવન કરે છે. ઋષિની આ સંજીવની વિદ્યા દેવોને અકળાવે છે. ભગવાન શિવથી પ્રગટેલી કૃત્યા શુક્રાચાર્યને રણમેદાનમાંથી લઈ અદશ્ય થઈ જાય છે. ત્યારબાદ શુક્રાચાર્યનું શું થયું ? એનો ઉત્તર કવિ આપતાં નથી.

એ પછી નરકાસુરની કથામાં પણ શુક્રાચાર્યનો માત્ર નામોલ્લેખ થાય છે. બાળક નરકાસુર ગુરુ શુક્રાચાર્ય પાસેથી તમામ અસ્ત્રશસ્ત્ર વિદ્યાઓ ગ્રહણ કરે છે. આટલાં અછડતા ઉલ્લેખથી પણ આ પાત્ર કેવું પરાક્રમી, ગૌરવશીલ છે તેનો પરિચય મળે છે. ગુરુની વિદ્યાના પ્રતાપે જ તો જાલંધર કે નરકાસુર કે ક્રૂર દાનવ જેવા દાનવરાજો ત્રિલોક પર ધાક જમાવે છે, સ્વર્ગ પર આક્રમણો કરે છે, દેવો સાથે યુધ્ધ લડે છે. આ તમામ દાનવોના પરાક્રમોની ગંગોત્રી સમાન છે ગુરુ શુક્રાચાર્ય એવું અહીં શુક્રાચાર્યના પાત્ર દ્વારા ફલિત થાય છે.

### ❖ નારદ :

'ચોરને કહે ચોરી કરજે, સિપાહીને કહે જાગતો રહેજે', જેવી બેવડી રાજનીતિ ખેલતા નારદનો આ પ્રિય જીવન મંત્ર છે. દેવો અને દાનવો બંનેને સમય આવ્યે કુનેહપૂર્વક ઉશ્કેરી પોતાનું કામ સાધવામાં તે પાવરધા છે. અલબત્ત, એ દેવો અને સમષ્ટિના હિતમાં આવાં કાર્યો કરે છે. એમાં તેમનો કોઇ અંગત સ્વાર્થ દેખાતો નથી.

જ્યારે ત્રિલોકમાં જાલંધરની આણ પ્રવર્તે છે ત્યારે નારદ તેને ઉશ્કેરતા કહે છે કે, ''મહાદેવના ઘરે એક સ્ત્રી રત્ન છે જે તારી સાથે શોભે એવું છે.'' આમ કહેવા પાછળ જાલંધરને ભગવાન શિવ વિરુધ્ધ ઉશ્કેરી જલ્દીથી આ બંને વચ્ચે યુધ્ધ થાય અને ભગવાન શિવના હાથે આ પાપી દાનવ હણાય એવો શુભ હેતુ રહેલો જણાય છે.

એ જ રીતે હિરણાક્ષ તેના પરાક્રમીપણાથી ચોતરફ ત્રાસ વરતાવતો બ્રહ્માંડને ત્રાહિમામ્ પોકારાવે છે ત્યારે પણ નારદ ભગવાન વિષ્ણુને, ધરાને તથા ત્રિલોકને હિરણાક્ષના ત્રાસમાંથી મુક્ત કરાવવા વિનંતી કરે છે.

એ સિવાય, નરકાસુરની ધૃષ્ટતા હદ વળોટતાં તે ભગવાન કૃષ્ણને પોતાનું અવતારકૃત્ય યાદ કરાવવા આવી પહોંચે છે. એક પારિજાતના ફૂલ નિમિત્તે ભગવાન કૃષ્ણ અને સત્યભામા વચ્ચે કલહનું બીજ રોપતાં નારદનું નટખટ સ્વરૂપ દષ્ટિગોચર થાય છે. તો સત્યભામાને એ સંદર્ભે આપેલા વચનની પૂર્તિ રૂપે ભગવાન કૃષ્ણ પારિજાતનું વૃક્ષ લેવા સ્વર્ગ તરફ ગમન કરે ત્યારે વચ્ચે 'પ્રાગ્જ્યોતિષપુર'માં નરકાસુરનો સંહાર કરે એવી ચાતુરી ભરી યોજના પણ તેમના મનમાં ખરી ! આમ, નારદનું પાત્ર સમયસૂચકતા દાખવતું કલાત્મકરૂપે આલેખાયું છે.

### ❖ હિરણાક્ષ :

હિરણાક્ષ દાનવ છે. તે પરાક્રમી છે. પૃથ્વી સમેત આખી સૃષ્ટિને તે પાતાળ લઇ ગયો છે. તેણે ત્રિલોકને વશ કર્યું છે. દેવો પર, દિશાઓ પર આધિપત્ય જમાવ્યું છે અને તેનાથી વ્યથિત થયેલાં ઇન્દ્ર ભગવાન વિષ્ણુને આ દાનવના ત્રાસમાંથી છોડાવવા વિનંતી કરે છે. તદ્દન ગૌણરૂપે આલેખાયેલું આ પાત્ર પૃથ્વીના પાતાળ લઇ જવાના પરાક્રમથી ઉલ્લેખનીય બન્યું છે એટલું જ નહીં, એના વધ માટે ભગવાન વિષ્ણુએ વરાહ અવતાર ધારણ કરવો પડ્યો છે. એ આડકતરી રીતે એ પાત્રની મહત્તા બતાવી જાય છે.

## ૪:૧:૨ સ્ત્રી પાત્રો :

### (૧) વૃંદા :

'જાલંધર આખ્યાન'નું તેજસ્વી નારી પાત્ર એટલે સતીવૃંદા. કાલનેમિ દૈત્યની સુંદર કન્યાને દાનવરાજ જાલંધર પરણે છે. તેથી આ તેજસ્વી સતી સ્ત્રી રાજરાણી બને છે. તેના પતિવ્રતધર્મના પાલનથી જ જાલંધર નિર્ભય બન્યો છે. જાલંધરના દરબારમાં અનેક દાનવોની વચ્ચે અર્ધાંગે શોભતી વૃંદાનું રૂપ અનુપમ છે.

દેવો જ્યારે જાલંધર પર ચઢાઇ લઇ આવે છે ત્યારે જાલંધર વૃંદાની વિદાય લેવા તેની પાસે આવે છે ત્યારે એક ક્ષત્રિયાણીને શોભે તેમ પતિને હિંમત બંધાવતા કહે છે,

"પ્રભુ અમર જીતી આવજો, વેગે કરી મહારાજ.
આશીષ દીધી કંથને, પ્રભુ જય હજો રણમાંહ્ય."[૨૦]

પતિને પ્રભુરૂપે ભજતી સતી વૃંદા તેના વિજયની કામના કરતા પતિને કંઠમાં એક પુષ્પમાળા આરોપે છે. 'જ્યારે એ કરમાય ત્યારે સમજજો કે કોઇ મુશ્કેલી જરૂર આવશે', એમ કહેતી વૃંદાના શબ્દોમાં ક્ષત્રિયાણીને ઉચિત માનસના દર્શન થાય છે.

પતિનો વિરહ ભોગવતી સતી વૃંદાના રોમરોમમાં જાલંધર રહેલો છે. રાજાનું રૂપ ધરીને તેના આવાસે તેને છળવા આવેલ ભગવાન વિષ્ણુ કોટિ ઉપાયે તેને છળી શકતાં નથી. તે જાણે છે કે દેવો કપટ કરીને પણ મારા પતિને મારવા મને છેતરવા આવશે, પરંતુ હું આવી કોઇ માયા કે મોહમાં મારું પતિવ્રતાનું વ્રત ચૂકીશ નહીં ! કેવું ઉત્તમ ચારિત્ર્ય ! કેવું ઉત્તમ સતીત્વ ! એના શીલ વડે જ જાલંધર અવધ્ય બની રહે છે.

જાલંધરનું રૂપ લઈ આવેલા વિષ્ણુથી મોહિત ન થયેલી વૃંદા વિષ્ણુની અન્ય કપટ યોજનામાં ફસાય છે. ઘણા દિવસો વિત્યા છતાં પતિના કોઈ સમાચાર ન મળતાં તે ખુદ રથારૂઢ થઈ પતિને શોધવા નીકળે છે. રસ્તામાં વિચારે પણ છે કે જો દેવોએ મારા પતિને માર્યો હશે તો આજે હું બધા દેવોને રણમેદાનમાં હણીશ. આવું વિચારતી વૃંદામાં પરાક્રમી નારીના દર્શન થાય છે.

રસ્તામાં જોગીવેશે રહેલા વિષ્ણુને ન ઓળખી શકતી વૃંદા પોતાની 'જાલંધર પત્ની' તરીકેની ઓળખાણ ઋષિને આપે છે. ઋષિ દ્વારા પતિના મૃત્યુના સમાચાર મળતાં જ વૃંદા મૂર્છિત દશાને પામે છે. કપટરૂપે વિષ્ણુએ હાજર કરેલા જાલંધરના દેહને ઓળખતી વૃંદા વિષ્ણુના કપટને ઓળખી શકતી નથી.

પતિને જ પરમેશ્વર માની પૂજતી વૃંદા પતિના મૃત્યુના સમાચારે કરુણ વિલાપ કરે છે. જો કે પતિવ્રતા નારીનો પતિ પત્ની પહેલાં પ્રાણ ત્યાગ કરતો નથી. પોતે સત્યધર્મ, પતિધર્મ ચૂકી નથી તો આમ કેમ બન્યું ? એ સાશંક તો બની છે છતાં જે બન્યું છે એને યથાર્થ માની પતિ સાથે મરવા તૈયાર થઈ જાય છે. કંઠે કેશપાશ બાંધે છે, પરંતુ ભગવાન વિષ્ણુ તેને મરતાં રોકે છે. વિષ્ણુ છળકપટ વડે વૃંદાના શીલનો ભંગ કરે છે. શીલ નારીનું સાચું આભૂષણ છે. તે ગુમાવતાં સ્ત્રી સઘળું ગુમાવે છે. વૃંદા પણ જાણે છે કે હવે પોતાનો પતિ રહ્યો નથી. ત્યારે ભગવાન વિષ્ણુ પર રોષે ભરાઈને તે કહે છે.

"ભક્ત વત્સલ બિરૂદ તારૂં જગત મધ્યે આજ રે,
તે તો તારૂં ગયું વિઠ્ઠલા, એ કર્મથી મહારાજ રે,
એ કારજથી હરિ તુજને, અપકીર્તિ ત્રૈલોક્ય રે,
હું પતિવ્રતાને ચૂકવી મારો કંથ માર્યો ફોક રે."[૨૧]

અહીં, આમ ગુસ્સો કરતી ને ભગવાન વિષ્ણુને ઠપકો આપતી વૃંદા ભગવાન વિષ્ણુ કરતાંય મહાન ઠરે છે. તે પોતાના સતીત્વની શક્તિના બળે ધારે તો વિષ્ણુને બાળીને ભસ્મ કરી શકે છે, પરંતુ તેમ નહિ કરતાં ભગવાન વિષ્ણુ વૃંદા વડે શાપિત બને છે. વૃંદા પાસે માફી માગતા ભગવાન વિષ્ણુ કેવા લાચાર દેખાય છે !

શીલભ્રષ્ટ વૃંદા પતિ વગરની જીંદગી જીવવા ઈચ્છતી નથી. મૃત્યુ પહેલાં ભગવાન વિષ્ણુ પાસે પોતાના દાનવ પતિનો ઉધ્ધાર કરવા વિનવે છે. અહીં વૃંદાનું પાત્ર જાલંધરની સાચી અર્ધાંગિની રૂપે, શીલવાન સ્ત્રી રૂપે ઉપસી આવ્યું છે.

ભારતીય નારીના સતીત્વને કવિએ વૃંદાના પાત્ર દ્વારા ઉજળું કરી દેખાડ્યું છે. આવા તેજસ્વી સ્ત્રી પાત્રનું સર્જન કરી શિવદાસે મધ્યકાલીન સ્ત્રીઓને જવલંત મિશાલ બક્ષી છે.

**(૨) સત્યભામા :**

'જાલંધર આખ્યાન'માં શિવદાસે જાલંધરકથાના વિસ્તાર જેટલો જ લગભગ વિસ્તાર નરકાસુર કથાનો આપ્યો છે. કથામાં આવતા મહત્ત્વના પાત્રોમાં સત્યભામાનો ઉલ્લેખ કરી શકાય.

હિરણાક્ષ દ્વારા પાતાળ લઈ જવાયેલી પૃથ્વીને ભગવાન વિષ્ણુ છોડાવી લાવે છે ત્યારે ધરાનું સુંદર રૂપ જોઈ મોહ પામેલા ભગવાન વિષ્ણુએ જાલંધરનું તેજ ધરા પર મૂક્યું. ધરા તેમજ વિષ્ણુ વચ્ચે જાલંધરનું તેજ નરકાસુર રૂપે પ્રગટે છે ત્યારે પૃથ્વી પુત્રને વિષ્ણુના વરદાનરૂપ માનતી અતિ હરખ પામે છે. પોતાનો પુત્ર કેવો પરાક્રમી નીવડશે ? એવી ધરાની પૃચ્છાના જવાબમાં ભગવાન વિષ્ણુ જણાવે છે કે, 'તે સહુ દેવોને પરાસ્ત કરશે પણ ભગવંતના હાથે મરાશે.' પોતાના પુત્રને નહિ મારવા જણાવતી ધરાને ભગવાન આશ્વાસક વચનો સંભળાવતા કહે છે કે,

"તારી આજ્ઞાથી જ મારવો, જો ચાલશે મારો પ્રાણ."(૨૨)

આ ધરા સત્યભામારૂપે અવતરે છે અને ભગવાન વિષ્ણુ ભૂમિનો ભાર ઉતારવા ભગવાન કૃષ્ણરૂપે અવતરે છે.

"પછે ભૂમિભાર ઉતારવા કૃષ્ણે ક્રીડા કરી રે,
પૃથ્વી સત્યભામા થઈ અવતાર ધરી રે."(૨૩)

કડવા-૧૦ માં સત્યભામાના માત્ર આટલા ઉલ્લેખ પછી તણખો મૂકી સળગાવવામાં ઉસ્તાદ એવા નારદ પારિજાતનું પુષ્પ લઈ ભગવાન કૃષ્ણ પાસે આવે છે. નરકાસુર દ્વારા પૃથ્વી પર મચેલા ઉત્પાતની વાત પછી પારિજાતના પુષ્પ સંદર્ભે સત્યભામાનું પાત્ર કવિ શિવદાસે પૌરાણિક માન્યતા મુજબ જ આલેખ્યું છે. પારિજાતનું પુષ્પ કૃષ્ણ રુક્મિણીને આપતા સ્ત્રી સહજ શોક્ય ભાવ અનુભવતી સત્યભામા રિસાય છે,

"હું જાણતી જે હરિ માહરો, પણ સદા જૂઠો એહ,
મુને ફોકટ પ્રીત જણાવતો એને રુક્મિણી શું સ્નેહ.
હવે પ્રાણ માહારા તજું; શોક્યનું મોટું સાલ."(૨૪)

આમ, પોતાના પ્રીતમની પ્રીત બીજી પત્ની તરફ, શોક્ય તરફ વહેતી જોતા સામાન્ય સ્ત્રીની જેમ જ ઈર્ષ્યામાં બળી મરતી સત્યભામા આમ નારીથી જરાય જુદી નથી. મધ્યકાલીન રાજા - રજવાડાના સમયમાં અને પૌરાણિક કાળમાં પણ બનતું એમ સારાં વસ્ત્રો, અભૂષણોનો ત્યાગ કરતી, મલિન વસ્ત્રો ધારણ કરતી, અંધાર કોટડીમાં એકલી પુરાઈ રહેલી સત્યભામા એ રીતે પતિ તરફનો પોતાનો ગુસ્સો પ્રગટ કરે છે પણ અંતે તો એ રિસામણાના પ્રસંગથી પતિ તરફનો તેનો અનહદ પ્રેમ જ દૃષ્ટિગોચર થાય છે. કૃષ્ણ મનાવવા આવે છે ત્યારે તેની વેદના આંસુરૂપે બહાર નીતરે છે. ગુસ્સાના આવેશમાં ન કહેવાના વેણ પણ કૃષ્ણને કહે છે,

“શું કામ અમ સાથે હવે ? તમો જાઓ રૂકિમણી જ્યાંહ,
હરિ, કપટ પ્રીત તમારડી, મેં સર્વ જાણી આજ.
એક પુષ્પથી વહેરો કર્યો, તારૂં મન જાણ્યું મહારાજ,
જે પુરૂષ બહુ સ્ત્રી શું રમે તે શું ન કીજે સ્નેહ.”(૨૫)

અહીં સત્યભામાની લાચારી સાથે ખુમારી પણ વ્યક્ત થાય છે, તો પત્ની સહજ, સ્ત્રી સહજ શોક્ય તરફ ભયંકર અણગમો ધરાવતી પત્ની રૂપે, સ્ત્રી રૂપે સત્યભામા વાસ્તવિક ચિત્રણ પામી છે. સ્ત્રીહઠ પાસે ભગવાન કૃષ્ણને પણ નમવું પડે છે અને એક ફૂલના બદલે આખું પારિજાતનું વૃક્ષ દ્વારે રોપવાનું વચન મળ્યા પછી મનામણા થાય છે. સ્ત્રી હઠની અહીં જીત જોઇ શકાય છે. પારિજાતનું વૃક્ષ લેવા સ્વર્ગ તરફ પ્રયાણ કરતાં કૃષ્ણ-સત્યભામા નરકાસુરના ‘પ્રાગજ્યોતિષપુર’ પરથી પસાર થાય છે. આ સુંદર નગરી નિહાળવા જવાના બહાને કૃષ્ણ સત્યભામા સાથે ત્યાં જાય છે ત્યારે નરકાસુર સાથે ભયંકર સંઘર્ષ થાય છે. નરકાસુર અર્ધચન્દ્ર બાણ વડે કૃષ્ણને મૂર્ચ્છિત કરે છે. મૂર્ચ્છાવશ ભગવાન કૃષ્ણને જોઇ સત્યભામા દુઃખી દુઃખી થઇ જાય છે. સત્યભામા રૂપે રહેલા પૃથ્વીમાતા ખુદ ભગવાનને આજ્ઞા કરે છે,

“સ્વામી, દુષ્ટને મારો હવે વેગે કરી, મહારાજ.
ઉત્પાત પાપી કરે છે, સંગ્રામ સબળો આજ.”(૨૬)

અને આ આજ્ઞા મળતા જ ભગવાન કૃષ્ણ સુદર્શન ચક્ર વડે નરકાસુરનું શીશ છેદન કરે છે. પાપી પુત્રનું પાપકર્મ વધતાં ખુદ જનેતા તેના જીવનનો અંત લાવવા વિનંતી કરે તેમાં જ ખરી મા જનેતાનું જાજવલ્યમાન રૂપ છતું થાય છે. સમષ્ટિના હિત માટે સ્વજનનું, પુત્રનું બલિદાન આપતી માના

પાત્રમાં સત્યભામા મૂઠી ઉચેરું સ્થાન પ્રાપ્ત કરે છે, તો પારિજાતના પુષ્પ માટે રિસાતી - મનાતી સત્યભામાના રૂપમાં મુગ્ધ યૌવનાનું રૂપ પણ શિવદાસના હાથે ચિરંજીવ બનવા પામ્યું છે.

## ૫:૧ 'જાલંધર આખ્યાન'માં રસનિરૂપણ :

શિવદાસનું 'જાલંધર આખ્યાન' રસ સિધ્ધિની બાબતમાં ઘણું ઉણું ઉતરતું દેખાય છે. આખ્યાનમાં આવતા યુધ્ધના આલેખનથી પણ ઉત્સાહપ્રેરક વીરરસ સફળતાપૂર્વક નિષ્પન્ન થતો જણાતો નથી. સમગ્ર આખ્યાનનો મુખ્ય રસ વીર પણ જો એવી સરસ રીતે નિરૂપણ પામ્યો નથી તો બીજા રસની તો શી વાત કરવી ?

જો કે માત્ર પંદર કડવાંમાં બે કથા કહી જવાની ઉતાવળમાં અને કવિ પોતે જ કહે છે તેમ આ આખ્યાનની રચના માત્ર ત્રણ જ દિવસમાં પૂર્ણ કરેલ હોઇ રસની બાબતમાં આ મર્યાદા રહી જવા પામી હશે. કવિ રસનિરૂપણમાં કુશળ તો છે જ એ વૃંદાના વિલાપ વેળા નિષ્પન્ન થતાં કરુણમાં કે સત્યભામાના રિસામણાના પ્રસંગે નિષ્પન્ન થતાં શૃંગારમાં જણાઇ આવે છે. વીર, અદ્ભુત, કરુણ, રૌદ્ર, શૃંગાર અને શાંતરસ મુખ્યત્વે અહીં નિરૂપાયો છે. દૃષ્ટાંતો સાથે આપણે ક્રમશઃ ઉપર્યુક્ત રસોનો આસ્વાદ લઇએ.

### ❖ વીરરસ :

શિવદાસે 'જાલંધર આખ્યાન'માં ઠેર ઠેર વીરરસ સભર પ્રસંગોનું આલેખન કર્યું છે. 'જાલંધર' પરાક્રમી દાનવવીર છે. દેવો સાથેના સંગ્રામમાં વીર જાલંધર અને બીજા દૈવી પાત્રોના સંદર્ભે વીરરસ નિષ્પન્ન થાય છે. પિતાના મંથનની વાત સાંભળી ક્રોધે ભરાયેલો વીર જાલંધર ઇન્દ્ર સામે યુધ્ધ કરવા જઇ રહ્યો છે તેનું સુંદર વીરરસ સભર નિરૂપણ જુઓ;

"વાજીંત્ર વાજે અતિ ઘણા, બહુ ગડગડે નિશાન,
જઇ શંખ પૂર્યા સ્વર્ગમાં થયું અમરપુર ભંગાણ,
પછે યુધ્ધ લાગ્યું દેવ શું, બહુ દૈત્ય બળીયા કાય.
રણ જાલંધરના મારથી સહુ અમર નાઠા જાય."(૨૭)

પ્રથમ સહસ્ર વર્ષ પર્યંત ચાલેલા આ યુધ્ધમાં દેવોના પરાજય પછી દેવો જ્યારે જાલંધર પર ચઢાઇ કરે છે ત્યારે,

"શંખના નિર્ઘોષથી બ્રહ્માંડ ગાજ્યું કડકડી,

પાતાળપુર સહુ ખળભળ્યું, ત્રૈલોક્યમાં પડછા પડી."(૨૮)

દેવો સાથેના આ બીજા યુધ્ધમાં જાલંધર અને રુદ્રના સંઘર્ષથી વીરરસ નિષ્પન્ન થાય છે.

"એક એક સુર પર બાણ દસદસ મૂકીઆં તેણીવાર,

અમર અકળાયા ઘણું દોહો દિશ નાઠા જાય.

પછે રથ ચલાવી દુષ્ટ આવ્યો, જ્યાં હતા શિવરાય.

ત્યાં અસુરપતિના મારથી થયું અસુર દળ ભંગાણ,

એવું દેખતા મહારૂદ્રને મન સબળ ચઢીઓ ક્રોધ;

કર ત્રિશુળ ગ્રહીને રણ વિશે બહુ હણ્યા દાનવ જોધ."(૨૯)

દાનવોને સજીવન કરતા શુક્રાચાર્યને રણમેદાનમાંથી ઉઠાવી લીધા પછી,

"પછે અસુર કો જીવે નહિ, રણ યુધ્ધ કરે મહારાજ,

દૈત્યદળ સબળું પડે, દેહપ્રાણ વિણ થઈ ત્યાજય

પણ જાલંધર બહુ યુધ્ધ કરે, રણ અમર પામે મર્ણ;

દોહો દિશ નાસે દેવતા, તે જૂએ અશરણશર્ણ." (૩૦)

આવા વીર જાલંધરને ભગવાન શિવે હણ્યો એ માત્ર અડધી જ પંક્તિમાં કવિ જણાવી દે છેઃ

"અહિં વૃંદા છળ પાડી વિષ્ણુ, રૂદ્રે હણ્યો રાય."(૩૧)

વૃંદાને છળીને જાલંધરને હણવામાં દેવોની કાયરતા છતી થાય છે. જાલંધરની વીરતા અકબંધ રહે છે.

નરકાસુરની કથામાં અંતે કડવા-૧૪ માં ભગવાન કૃષ્ણની નરકાસુરની નગરી પ્રાગ જ્યોતિષપુર પરની ચઢાઈના અને મૂર દાનવ તેમજ નરકાસુર સાથેના કૃષ્ણના સંગ્રામમાંથી વીરરસ નિષ્પન્ન થાય છે.

"એક મૂર દાનવ જલમાં હતો, તે સુણી આવ્યો બહાર.

તેણે યુધ્ધ ત્યાં કીધું ઘણું, બળવંત પાપી શૂર;

સાઠ સહસ્ત્ર દાનવ સહિત કર્યો કૃષ્ણ ચૂર.
તેના પંચ શીર કાપ્યાં તદા રણ વિશે શ્રીગોપાળ,
ગઢ સર્વ ભાંજી ચૂર્ણ કીધા, દુષ્ટનો આણ્યો કાળ.''(૩૨)

સેવક દ્વારા નરકાસુરને આની જાણ થતાં,

''એક લક્ષ દાનવ સાથ લેઈ સાંચર્યો મહાદુષ્ટ.
દશ સહસ્ત્ર ભલા પ્રધાન પુંઠે ચઢ્યા આણી ગર્વ,
શ્રી કૃષ્ણ જ્યાં ઉભા હતા, ત્યાં સૈન્ય આવ્યું સર્વ,
પરબ્રહ્મ દેખી પાપીએ વરૂણાસ્ત્ર મેહેલ્યું બાણ,
જળ વૃષ્ટિ થઇ, તવ કૃષ્ણજીએ પવનાસ્ત્ર મૂક્યું જાણ.
વળી, પાપીએ મહાક્રોધથી પર્વતાસ્ત્ર મૂક્યું પાસ,
વજાસ્ત્ર મૂકી માધવે ગિરિ ભમાડ્યો આકાશ.
ગરૂડાસ્ત્ર મૂકી માધવે રણ હણ્યો તેનો દર્પ.''(૩૩)

કવિ શિવદાસ વીર જાલંધર અને દેવોના યુધ્ધો દ્વારા જે રીતે વીરરસ નિષ્પન્ન કરે છે તેના કરતાં અહીં વીરરસનું નિરૂપણ ઉત્તમ રીતે થવા પામ્યું છે.

## ❖ રૌદ્રરસ :

'જાલંધર આખ્યાન'ની કથાના કેન્દ્રમાં દેવો અને દાનવો વચ્ચેના યુધ્ધ પ્રસંગો છે. દેવો મહા શક્તિશાળી અને અમર રહેવા સર્જાયેલાં પાત્રો છે. સામે પક્ષે ઈન્દ્રાદિ દેવો સહિત તમામ દેવોને ત્રાહિમામ પોકારાવી દેનાર દાનવશ્રેષ્ઠ જાલંધર, નરકાસુર કે મૂર જેવાં પાત્રો છે. આ તમામના પારસ્પરિક યુધ્ધના પ્રસંગમાં નિરૂપાયેલ વીરરસની સાથે રૌદ્ર રસ પણ સમાંતરે વહેતો જોવા મળે છે.

દુશ્મનો સામે લડત કરવા માટે, દુશ્મનોનો સંહાર કરવા માટે ક્રોધ - કોપ આવશ્યક બની રહે છે. આ કારણે જ 'જાલંધર આખ્યાન'માં 'રૌદ્ર રસ' નિષ્પન્ન થતો જોવા મળે છે. દા.ત. કૈલાસ માર્ગે જતાં ભગવાન શિવને ઓળખી ન શકતાં અભિમાનથી અંધ બનેલા ઈન્દ્ર શિવ પર વજ્રનો પ્રહાર કરી બેસે છે ત્યારે શિવનો ક્રોધ રૌદ્ર રૂપે પ્રગટે છે.

''તે દુષ્ટને મનમાંહે જાણી કોપીઆ ભગવાન,
મહા ક્રોધથી કૃત્યા પ્રગટી અગ્નિતેજ સમાન.''(૩૪)

કાળનેમિના મુખે સાગરમંથનની કથા સાંભળી ક્રોધે ભરાયેલા જાલંધરના શબ્દોમાં રૌદ્રરસનો અનુભવ થાય છેઃ

"જાલંધર એવું સાંભળી કોપે ચઢ્યો મહારાય,
મારા પિતાને દુઃખ સબળ દીધું મથી પર્વતકાય,
તે વિષ્ણુ અમરસમેત મારૂં, યુધ્ધ કરી રણ આજ."(૩૫)

પતિને શોધવા નીકળેલી વૃંદાના વિચારોમાંથી પણ તેણીનો દેવો પ્રત્યેનો રોષ પ્રગટ થાય છેઃ

"રથ બેસી મનમાં વિમાસે, 'માર્યો હશે જો રાય,
તો હું ધનુષ ધરી સર્વ સુરને, આજ હણું રણમાંહ્ય.' "(૩૬)

ભગવાન વિષ્ણુની માયાજાળથી ભરમાઇને શીલભંગ થયેલી વૃંદાના આક્રોશભર્યા વેણ રૌદ્રરસ નિષ્પન્ન કરે છે.

"હું બાળીને ભસ્મ કરૂં જો અવર પુરૂષ હોય રે,
જેમ આજ વિજોગ મુને પડ્યો, તેમ તુજને સોય રે.
જેમ જોગી મૃગ પિશાચથી હું મોહ પમાડી આજ રે,
તેમ તુંને સઘળા થકી વન દુઃખ પડો મહારાજ રે."(૩૭)

કડવા - ૧૩ માં કૃષ્ણે પારિજાતનું પુષ્પ રુક્મિણીને આપતા સત્યભામા રિસાય છે અને કૃષ્ણ પ્રત્યે રોષ દર્શાવતા કહે છે,

"શામળીયા, તમશું ન બોલું રે આજ,
હું જાણતી જે હરિ માહરો, પણ સદા જૂઠો એહ,
મુને ફોકટ પ્રીત જણાવતો, એને રુક્મિણી શું સ્નેહ,
હવે પ્રાણ માહારા તજું; શૌક્યનું મોટું સાલ,
એને પ્રીત ઘણી નારશું, હવે કોણ માહારો હવાલ ?
વસ્ત્ર ભૂષણ સર્વ તજ્યાં, પહેર્યું મલીન અંબર અંગ,
પછે અંધારે સૂતી જઇ કો સખી નહિ ત્યાં સંગ."(૩૮)

વળી, પાપી નરકાસુરને મારવા ખુદ મા-જનેતા રોષપૂર્વક કૃષ્ણને કહે છે,

"સ્વામી, દુષ્ટને મારો હવે વેગે કરી મહારાજ,"(૩૯)

******

"પછે સુદર્શન મેહેલ્યું તદા છેદવા દાનવશીશ,
સહસ્ત્ર ધારા સૂર્ય સરખું, અગ્નિ કેરી જ્વાળ,
તે નરકાસુરનું શીશ છેદી લેઇ ગયું પાતાળ."(૪૦)

અને અંતે નિર્ભય થયેલા ઇન્દ્રને શાંત ચિત્તે રાજ્ય કરવાનું કહેતા ભગવાન કૃષ્ણના શબ્દો જુઓ,

"જે કો દુષ્ટ દમે તન તારૂં, તેને હું તત્ક્ષણ મારૂં."(૪૧)

આમ, કવિ શિવદાસ પાત્રોચિત્ત અને પ્રસંગોચિત રૌદ્રરસનું નિરૂપણ 'જાલંધર આખ્યાન'માં કરે છે.

## ❖ અદ્‌ભુતરસ :

'જાલંધર આખ્યાન'નું વસ્તુ પુરાણમાંથી લેવામાં આવ્યું છે. આપણા એ પુરાણોમાં દેવોની પ્રશસ્તિ અને સ્તુતિ સાથે ચમત્કારો, વરદાનો, શાપ, માયાવી રૂપો ધારણ કરવા જેવા તો અનેક અલૌકિક અને અદ્‌ભુત કાર્યોનાં વર્ણનો વાંચવા મળે છે. લૌકિક દષ્ટિએ કે આજના સંદર્ભે અશક્ય લાગતી એવી કેટલીયે ઘટનાઓના નિરૂપણ દ્વારા અદ્‌ભુત રસ નિપજે છે. અહીં પણ પૌરાણિક કથાઅંશ હોવાને લીધે આ પ્રકારના પ્રસંગો દ્વારા અદ્‌ભુત રસ કવિ નિષ્પન્ન કરે છે.

કથાના આરંભે મહારૂદ્રના ક્રોધમાંથી કૃત્યાનું પ્રગટ થવા સાથે કથા નાયક જાલંધરનું પ્રાગટ્ય અદ્‌ભુત રસિક છે.

"જઇ ગંગા સાગર વિશે મેહેલ્યું તેજબળ મહાદેવ,
તત્કાળ ગંગા સંગમે નર પ્રગટ થયો પ્રચંડ."(૪૨)

યુધ્ધ કરવા જતી વેળા દેવો માટે મહાદેવ દ્વારા તૈયાર કરવામાં આવતા રથનું વર્ણન અલૌકિક છેઃ

"પંચાસ કોટિ ધરા તણો રથ રચ્યો શ્રી મહાદેવ;
અશ્વ ચારે વેદ કરી રથ જોતર્યો તતખેવ.
રથ રાશ વાસુકિ નાગ બાંધ્યો સારથિ બ્રહ્માય."(૪૩)

દેવો સાથે યુધ્ધ લડવા જતાં જાલંધરના કંઠમાં ચમત્કારિક પુષ્પમાળા આરોપતી સતી વૃંદા કહે છે,

"એ કરમાય ત્યારે જાણજો ભય ઉપન્યો અવશ્યમેવ."[૪૪]

માં કે પછી,

"શુક્રાચાર્ય ઉદક છાંટે સર્વ બેઠા થાય."[૪૫]

ને તેથી રોષે ભરાયેલા મહાદેવના ક્રોધમાંથી,

" ........................ એક કૃત્યા પ્રગટી ભાણ;
તે શુક્રને રણમાં થકી લેઇ હવી અંતર્ધાન."[૪૬]

વગેરે પ્રસંગોના આલેખનમાંથી અદ્‌ભુત રસ નિષ્પન્ન થાય છે.

વિષ્ણુના માયાવી સ્વરૂપના વર્ણનમાંથી પણ અદ્‌ભુત રસ નિપજે છેઃ

"એવું મન વિચારી વિઠ્ઠલરૂપ ધર્યું મહા જોગી.
મારગ વિશે જઇ બેઠા દિગંબર સર્વ સૃષ્ટિના ભોગી.
પાસે એક પિશાચ પ્રગટ્યો, દ્રુમલતાને વળગ્યો.
સમીપે મૃગ એક બે મોઢાનો અંગ વિચિત્રે અળગો."[૪૭]

******

"તત્ક્ષણ એક રચી ત્યાં માયા કપટરૂપ ભગવાન.
રૂપ રાય જાલંધર સરખું, છેદ્યું ધડ શીશ.
સેવક તે ક્લેવર લાવ્યાં જ્યાં વૃન્દા જગદીશ."[૪૮]

અને આ માયાથી જ જાલંધરને સજીવ કરતાં ભગવાન વિષ્ણુનો ચમત્કાર જુઓ;

" ........................ પતિવ્રતા તુજ કાજ,
કદાચ તારા પુણ્યથી જીવે, કરૂં ઉપાય હું આજ,
પણ તું નેત્ર મ જોઇશ, વૃન્દા, મૂક અળગું શબ એહ,
આપે હરિ શબરૂપ હતા તે થયા જાલંધર દેહ."[૪૯]

વૃંદાનું પતિ સાથે બળી મરવું અને તેની રાખમાંથી છોડનું પ્રગટ થવું, એ પ્રકારના આલેખનથી અદ્‌ભુતરસ નિષ્પન્ન થાય છે.

"પછે વૃંદાએ ત્યાં અંગથી હુતાશ પ્રગટ્યો ખેવ રે.
પોતાના પતિ સાથે બળી; પદ પામી વૈકુંઠ એવ રે.
તેના વિરહ થકી તેની રાખમાં લોટ્યા શ્રી રણછોડ રે.
તત્ક્ષણ લતા ત્રણ પ્રગટી, માંહે તુલસી કેરો છોડ રે.
માલતી, આમળી, હરિલતા એ ત્રણે વૃંદા રૂપ રે."(૫૦)

ત્યારબાદ નરકાસુરની કથા સંદર્ભે થયેલા અદ્‌ભુતરસના નિરૂપણના દૃષ્ટાંતો જુઓ;

"ત્રૈલોક્ય તેણે વશ કર્યું સુર સર્વ શું દિક્‌પાળ.
સૃષ્ટિ સર્વ સમેત પૃથ્વી લેઇ ગયો પાતાળ."(૫૧)

******

"ત્યારે વિરંચિ વ્યાકુળ થયા; કર્યું સ્તવન શ્રી જગદીશ,
તવ નાસિકાથી પ્રગટ થયા હરિરૂપ વરાહ ઈશ."(૫૨)

નરકાસુરની ઉત્પત્તિ પણ ઈશ્વર દ્વારા થયેલા અદ્‌ભુત ચમત્કારનું પરિણામ છેઃ

"મહાક્રોધ વશ ઉપહાસ કરતાં સ્વેદ પ્રગટ્યો શીશ,
તે જાલંધરનું તેજ મૂક્યું ધરા ઉપર જગદીશ.
કટાક્ષ જોતાં ધરાહરિવિચ પુરૂષ પ્રગટ્યો એક;
નરકાસુર તે ઉપન્યો બળવંત વીર્ય વિશેખ."(૫૩)

ફરી દ્વાપર યુગમાં ભૂમિભાર ઉતારવા વિષ્ણુ અવતાર ધારણ કરે છેઃ

"પછે ભૂમિભાર ઉતારવા કૃષ્ણે ક્રીડા કરી રે,
પૃથ્વી સત્યભામા થઇ અવતાર ધરી રે."(૫૪)

આમ, 'જાલંધર આખ્યાન'માં કવિ શિવદાસ ઈશ્વરે ધરેલા અવતાર સંદર્ભે, તેઓ દ્વારા રચાતી માયા સંદર્ભે આ પ્રકારના ચમત્કારિક પ્રસંગો વડે અદ્‌ભુતરસનું કથાને ઉપકારક એવું આલેખન કરે છે.

### ❖ કરુણરસ :

'જાલંધર આખ્યાન'માં કવિ શિવદાસે વૃંદા અને સત્યભામાના પાત્ર દ્વારા કરુણરસ વહાવ્યો છે.

વિષ્ણુની માયાથી સેવકો દ્વારા લાવવામાં આવેલા જાલંધરના શબને નિહાળતા વિલાપ કરતી વૃંદાનું વર્ણન ભાવકોને કરુણની અનુભૂતિ કરાવી જાય છેઃ

"પિયુ પડ્યો દેખીને વૃંદા કરે મહા વિલાપ.
મસ્તક લેઈ પિયુને ઉછંગે કરે રૂદન રહી આપ.
માહારા સ્વામી રે, એમ ન કીજે આજ.
સાવધન શેં ન થાઓ દેવ શું યુધ્ધ કરવાને કાજ ?"(૫૫)

******

"હું પતિવ્રતા પહેલો પતિ મારો પ્રાણ તજે કેમ આજ ?
પતિવ્રતાનો પુરૂષ ન વણસે, બોલે વેદ પુરાણ.
તે મુજ પહેલો કંથ પડ્યો, હવે કાઢું મ્હારા પ્રાણ.
હવે વિલંબ થાએ; દેહ શીઘ્રે તજુ મળવા પતિ સંગાથ.
કેશ પાશ બાંધ્યો કંઠે, તવ વારે વૈકુંઠ નાથ."(૫૬)

નરકાસુર દ્વારા અપહ્યૃત કરાયેલી સોળ હજાર એકસો મુગ્ધ કન્યાઓની વ્યથા પણ કરુણા નિપજાવે છે. કૃષ્ણને પ્રાર્થતી આ કન્યાઓની સ્થિતિ કરુણાજનક છે.

"તે નારી મન દુઃખ ધરે ને સમરે દેવ મુરારિ.
રાત દિવસ સમરે ગોવિંદને ચરણ વિશે ચિત્ત રાખી,
આ દુઃખપાશ સ્થકી, હરિ, અમને કોણ છોડાવે તમ પાખિ ?"(૫૭)

ભગવાન શ્રી કૃષ્ણએ પારિજાતનું ફૂલ રુક્મિણીને આપ્યું તેની જાણ થતાં રોષાવેશમાં સુંદર વસ્ત્રો આભૂષણોનો ત્યાગ કરી રિસાતી સત્યભામાના પાત્ર દ્વારા કવિ રૌદ્રની સાથે કરુણને પણ વહાવે છે.

"હું જાણતી જે હરિ માહરો, પણ સદા જૂઠો એહ.
મુને ફોકટ પ્રીત જણાવતો, એને રુક્મિણી શું સ્નેહ.
હવે પ્રાણ માહારા તજું; શોક્યનું મોટું સાલ.
એને પ્રીત ઘણી નારશું, હવે કોણ માહારો હવાલ ?"(૫૮)

******

"શ્રી નાથ દેખી આવતાં ગાઢે રૂએ રે ઘર માંહ,
ડૂસકાં ભરે, હૈડું ધ્રૂજતે; નેત્રથી છૂટે નીર
હરિ બોલાવી બોલે નહિ; સહુ કર્દમ ખરડે શરીર.''(૫૯)

રિસાવાનું કારણ પૂછતાં કરુણા સભર સ્વરે સત્યભામા કહે છે,

"ત્યારે ગદ્‌ગદ્ કંઠે કામિની મુખ વચન બોલી ત્યાંહ.
શું કામ અમ સાથે હવે ? તમો જાઓ રુક્મિણી જ્યાંહ.
હરિ, કપટ પ્રીત તમારડી, મે સર્વ જાણી આજ;
એક પુષ્પથી વહેરો કર્યો, તારૂં મન જાણ્યું મહારાજ.
જે પુરુષ બહુ સ્ત્રી શું રમે, તે શું ન કીજે સ્નેહ.
તેનું ચંચળ ચિત્ત, મન સ્થિર નહિ; પછે પામીએ મહા દુઃખ."(૬૦)

અંતે, નરકાસુર દ્વારા છોડાયેલા અર્ધચન્દ્ર બાણથી મૂર્ચ્છિત થઇ પડેલા કૃષ્ણને, પોતાના દુષ્ટ પુત્રને મારવા વિનંતી કરતી સત્યભામા, એક પાપી પુત્રની લાચાર-મા, સમષ્ટિના હિતમાં પુત્રનું બલિદાન દેતીમાના સ્વરૂપે રહેલી સત્યભામાની કરુણાજનક સ્થિતિ ભાવકોના હૃદયને ભીંજવી જાય છે.

"પરબ્રહ્મજી હેઠા પડ્યા સત્યભામા કેરે પાસ.
નાર તવ દુઃખ ધરી કહે, 'સાંભળો, શ્રી અવિનાશ.
સ્વામી, દુષ્ટને મારો હવે વેગે કરી, મહારાજ,
ઉત્પાત્ત પાપી કરે છે; સંગ્રામ સબળો આજ.' "(૬૧)

આમ, 'જાલંધર આખ્યાન'માં વૃંદા અને સત્યભામાના પાત્રની કરુણતા કરુણ રસની દ્યોતક બને છે.

## ❖ શૃંગારરસ :

'જાલંધર આખ્યાન' મુખ્યત્વે યુધ્ધની કથા છે. તેથી તેમાં શૃંગાર, હાસ્ય જેવા રસ મહત્ત્વના સ્થાને ન જ હોય એ સ્વાભાવિક છે. છતાં કવિ વૃંદા અને સત્યભામાના પાત્રના સ્વરૂપ વર્ણન સંદર્ભે તેમજ વૃંદાના માયાવી પતિ સાથેની શૃંગાર કેલિના વર્ણન સંદર્ભે આછો ઓછો છતાં સંયમિત શૃંગાર નિરૂપે છે.

સૌ પ્રથમ વૃંદાનું સ્વરૂપ વર્ણન જુઓ,

"અર્ધાંગે વૃંદા સુંદરી મહા રૂપવંત વિશાળ.
જેમ દામિની તેમ દેહ ઝળકે, સાધવી વ્રતપાળ."(૬૨)

વિષ્ણુ દ્વારા રચાયેલી માયામાં ફસાયેલી વૃંદાનું પતિ સાથેનું મિલન બહુ ઓછા શબ્દોમાં સંભોગ શૃંગારનો અનુભવ કરાવી જાય છેઃ

"તે વન રાત રહ્યા નરનારી, છલ પાડી હરિ જેહ,
ક્રીડા કરે મનગમતી વૃંદા, ભેદ ન જાણે તેહ.
મહા દુઃખથી સુખ પામી શ્યામા, નવ લહી ગત્ય ભગવાન.
ભોગ સકળ કરતાં વૃંદાને ......"(૬૩)

આમ, સકળ ભોગ ભોગવતી અને મનગમતી ક્રીડા કરતી વૃંદાનું વર્ણન શૃંગાર નિષ્પન્ન કરે છે.

ધરાના સ્વરૂપ વર્ણનમાં પણ શૃંગારના દર્શન થાય છેઃ

"મહા રૂપ સુંદર ધરા દેખી વિષ્ણુ પામ્યા મોહ.
ચંદ્રવદની મેદિની મુખ દેખતાં સુખ હોય."(૬૪)

રિસાયેલી સત્યભામાને મનાવતા ભગવાન શ્રી કૃષ્ણની ક્રીડા પણ શૃંગારરસ સભર છે.

"ત્યાં મનાવે વિઠ્ઠલ રહી - અર્ધાંગ લીધી સોય;
ચુંબન કરે, ચાંપે હૃદે; ત્યમ ત્યમ સત્યભામા રોય.
હરિ વદન લુહે વસ્ત્રશું, વૈકુંઠ વર જદુરાય.
'માહારો વાંક શો છે સુંદરી ? હું લાગુ તમારે પાય'."(૬૫)

આમ, 'જાલંધર આખ્યાન'માં પ્રસંગોચિત આછો અને સંયમિત શૃંગાર નિરૂપાયો છે.

## ❖ શાંતરસ :

મધ્યકાલીન આખ્યાનની કથાના કેન્દ્રસ્થાને હંમેશા 'ધર્મ' રહેતો. કથાનું વિષયવસ્તુ ગમે તે હોય, પરંતુ મધ્યકાલીન પ્રજાના માનસની ધર્મ તરફની શ્રધ્ધા દ્રઢ કરવાના હેતુથી દરેક આખ્યાનનો અંત મોટાભાગે ધર્મના શાંતરસમાં આવતો. એ પરંપરા મધ્યકાળના તમામ કવિઓ તેમ આપણા 'જાલંધર આખ્યાન'ના કવિ શિવદાસે પણ જાળવી છે.

વિષ્ણુની માયાથી ભ્રમિત થયેલી વૃંદાનો પતિ જાલંધર માર્યો જાય છે અને રોષાવેશમાં વૃંદા વિષ્ણુને શાપિત કરે છે, પરંતુ વિષ્ણુ પાસેથી,

"પ્રથમ છળ કરવા ગયો તારો કંથ ઉમયા સાથ રે."(૬૬)

એવું સાંભળી વૃંદાને પ્રશ્ચાત્તાપ થાય છે. તેનો વિષ્ણુ પ્રત્યેનો રોષ શમે છે અને એક સતી સ્ત્રીને છાજે એમ ભગવાન વિષ્ણુ પ્રત્યે પોતાની ભક્તિ પ્રદર્શીત કરતા જે શબ્દો ઉચ્ચારે છે તેમાંથી ભક્તિનો શાંતરસ નિષ્પન્ન થાય છે.

"મેં કઠણ વચન તમને ક્હ્યા મહા ક્રોધથી જેહરે,
અપરાધ રખે તમો મન ગણો; પતિવ્રતાનો દેહ રે.
જે અબળા પતિવ્રત આચરે, તે તમ પામવા કાજ રે,
તે વ્રત પુણ્ય મુજને ફળ્યું, જે હું તુજને પામી આજરે,
અમો અસુર જાત પાપી ઘણું, કાંઇ ધર્મ ન જાણું વાત રે;
તેં અમ કુળ પાવન ક્ર્યું, અર્ધાંગ ધરી મુને નાથ રે.
હવે પતિ મારા ને ઉધ્ધારો, વૈકુંઠ વિશે, મહારાજ રે."(૬૭)

વૃંદાની ભક્તિ સભર પ્રાર્થનાનો ઉત્તર વાળતાં ભગવાન વિષ્ણુ કહે છે,

"સુણ વૃન્દા, હું મૃત્યુલોકમાં અવતાર ધરીશ તુજ કામ રે.
મુજ હાથે એનો વધ કરી, પછી આપીશ મારૂં ધામ રે.
ત્યાં લગી મારા તેજમાં જાલંધર રાખ્યો જાણ રે."(૬૮)

અહીં ભક્તને મળતા અભયદાનથી મધ્યકાલીન ભાવકોનું ચિત્ત પણ શાંત, નિર્મળ બને છે.

નરકાસુર દ્વારા કારાગૃહમાં રખાયેલી સોળ સહસ્ત્ર નારને ભગવાન શ્રી કૃષ્ણ છોડાવે છે ત્યારે તે સ્ત્રીઓની સ્તુતિ શાંતરસ સભર બની છેઃ

"સ્તુતિ કરે ઉભી નાથની આનંદ શું તેણીવાર,
સહી ભક્ત વત્સલ બિરદ તારૂં, દ્વારિકાના રાય.
તુજને ભજે, શ્રી કૃષ્ણજી, તે નેહ દુઃખી ન થાય."(૬૯)

જાલંધર અને નરકાસુરનું કથાનક ધરાવતું 'જાલંધર આખ્યાન' ધર્મના, ભક્તિના શાંતરસમાં નિર્વહણ પામે છે. ફલશ્રુતિરૂપ કવિએ ઉચ્ચારેલા શ્રધ્ધાન્વિત શબ્દો આપણા ચિત્તને શાંતરસનો

અનુભવ કરાવી જાય છે. આવી ફલશ્રુતિ કવિ આરંભે અને અંતે એમ બે વખત આપી લોકોની ધર્મભાવનાને દઢ બનાવે છેઃ

"કૃષ્ણકથા સાંભળતા એહ, મનવાંછિત ફળ પામે તેહ.
ગાતા સુખ હરિ આપે આપ, ત્રણ પુરુષ થાએ નિષ્પાપ.
શ્રોતા, વક્તા, પૃચ્છક સોય, ત્રણને હરિપદ ગતિ હોય.
તે હું કૃષ્ણકથા કહું આજ, ચિત્ત ધરી સાંભળ મહારાજ."(૭૦) (કડવું-૧)

******

"એહ કથા જે ધરશે કર્ણ, તે પદ લેશે હરિને ચર્ણ;
જે રસનાએ ગુણ ગાશે, તે કૃષ્ણ કૃપાથી વૈકુંઠ જાશે."(૭૧) (કડવું-૧૫)

## ૯:૧ 'જાલંધર આખ્યાન'માં વર્ણનો :

મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપ એવું આખ્યાન જનમાનસને દૃષ્ટિ સમક્ષ રાખીને લખાય છે. એનો ઉદ્દેશ લોકોની ધાર્મિક શ્રધ્ધા દઢ બનાવવા સાથે, વિધર્મી આક્રમણો સામે સ્વધર્મનું રક્ષણ કરવા સાથે લોકોને મનોરંજન પૂરું પાડવાનો પણ ચોક્કસ હતો જ. અને તેથી જ આખ્યાનમાં ઉત્કૃષ્ટ રસનિરૂપણ અને જીવંત વર્ણનો એ ખૂબ જ અગત્યના લક્ષણો બની રહેલાં.

મધ્યકાલીન કવિ શિવદાસે આખ્યાનમાં જણાવ્યું છે તેમ માત્ર ત્રણ દિવસમાં તેમણે આ કથાની રચના કરી છે. વળી, તેમાં જાલંધર અને નરકાસુર બે'યની કથાને સાંકળી છે તેથી લાંબાં લાંબાં જીવંત ચિત્રાત્મક વર્ણનોને અહીં અવકાશ બિલકુલ રહેતો નથી. છતાં જ્યાં તક મળી છે ત્યાં કવિ ભલે લાઘવયુક્ત પણ જીવંત વર્ણનો આપી શક્યા છે એ કવિની સિધ્ધિ છે. પાત્ર કે પ્રસંગ વર્ણન કરતાં કવિને સ્થળ વર્ણન કરવાનું વિશેષ ફાવ્યું છે એમ કૈલાસનું કે નરકાસુરની નગરી પ્રાગજ્યોતિષપુરનું વર્ણન વાંચતાં કહી શકાય. આ પ્રકારના જે સુંદર ચિત્રાત્મક વર્ણનો 'જાલંધર આખ્યાન'માંથી પ્રાપ્ત થાય છે તે અનુક્રમે પાત્ર, પ્રસંગ અને સ્થળ વર્ણનના સંદર્ભે દૃષ્ટાંતો દ્વારા માણવાનો પ્રયત્ન કરીએ.

### ❖ પાત્રવર્ણન :

કુશળ કવિના હાથે પાત્રવર્ણન દ્વારા પાત્રનું આંતર બાહ્ય વ્યક્તિત્વ પ્રગટ થાય છે. 'જાલંધર આખ્યાન'માં કવિ શિવદાસ જ્યાં જ્યાં તક મળી છે ત્યાં ત્યાં આ પ્રકારનાં લાઘવયુક્ત છતાં જીવંત વર્ણનો દ્વારા પોતાની વર્ણનકલાનો પરિચય કરાવે છે. પ્રસ્તુત આખ્યાનમાં ભગવાન શિવના વિકરાળ

સ્વરૂપનું વર્ણન તેમજ વૃંદાનું અને ધરાનું સ્વરૂપ વર્ણન જે તે પાત્રના વિકરાળ સ્વરૂપને કે બાહ્ય સૌન્દર્યને ક્રમશઃ પ્રગટ કરે છે. દા.ત. સર્વ દેવો સાથે શિવના દર્શનાર્થે જવા નીકળેલા ઇન્દ્રને માર્ગમાં મહાદેવ મળે છે તેનું વર્ણન મહાદેવના વિકરાળ સ્વરૂપની ઝાંખી કરાવે છેઃ

''મુખ પીત, લોચન જળહળે, શિર જટામાં જલપૂર.
મહાપ્રૌઢ પર્વત જશી કાયા, શ્યામ તન મન ક્રૂર.''(૭૧)

જાલંધર સાથે લડવા જતાં મહાદેવનું વર્ણન એવું જીવંત બનવા પામ્યું છે કે, ભાવકોની નજર સમક્ષ એ પાત્ર જાણે ખડું થઇ જાય છેઃ

''શિર પાંચ મુખ, પંચાશ ભૂજ, એવું રૂપ મહાવિક્રાળ.
ભૂષણ અંગ ભુજંગ બાંધ્યા, રૂંઢમાળા સંગ;
બેહુ ગમા લહેકે જટા મોટી, મધ્ય શોભે ગંગ.''(૭૩)
વૃંદાના બાહ્ય સૌન્દર્યનું વર્ણન કરતાં કવિ લખે છે;

******

'અર્ધાંગે વૃન્દા સુંદરી, મહા રૂપવંત વિશાળ;
જેમ દામિની તેમ દેહ ઝળકે, સાધવી વ્રતપાળ.''(૭૪)

દામિની જેવી તેજસ્વી દેહલતા ધરાવતી વૃંદાનું આંતરિક પાસું પણ એવું જ તેજસ્વી છે. એનો ખ્યાલ નીચેની પંક્તિઓમાંથી મળે છેઃ

''વિષ્ણુ રૂપ ધરી રાજાનું કર્યાં કોટિ ઉપાય.
પણ સત્ય ન ચૂકે સાધવી, પતિવ્રતા જેની કાય.
મર્મ સર્વ જાણે તે નારી, 'મુજ પતિને મારવા.
રૂપ ધરીને દેવ આપશે, મુજને છળ પાડવા.
સર્જે, પાળે અને સંવરે કળ સૃષ્ટિનો સ્વામી.
તે કરશે તે કોણે નહિ ચાલે, ન ચૂંકું મોહ પામી.''(૭૫)

પતિને પરમેશ્વર માની પૂજતી વૃંદા પતિને શોધવા નીકળે છે. મનમાં વિમાસે છે કે જો તેના પતિને દેવોએ માર્યો હશે તો -

'તો હું ધનુષ ધરી સર્વ સુરને આજ હણું રણમાંહ્ય.'(૭૬)

- માં વૃંદાનું નિર્ભિકપણું પ્રગટ થાય છે. પોતે વિષ્ણુની માયાજાળમાં ફસાઇને સતીવ્રત ચૂકી છે એવું જાણતાં જ સતી વૃંદાનો રોષ ભભૂકી ઉઠે છે.

"હું બાળીને ભસ્મ કરૂં જો અવર પુરૂષ હોય રે."(૭૭)

પરંતુ સત્ય જાણ્યા પછી પોતાના ક્રોધ પર તુરત જ સંયમ રાખી ઈશ્વરની ક્ષમા માગતી વૃંદાના પાત્રમાં પવિત્ર આર્યનારીનાં દર્શન થાય છે.

"મેં ક્ઠણ વચન તમને કહ્યા...

... અર્ધાંગ ધરી મુને, નાથ રે."(૭૮)

વૃંદાના આંતરિક વ્યક્તિત્વનું દર્શન કરાવતા આ પ્રકારના વર્ણનો જીવંત અને ચિત્રાત્મક બન્યા છે.

ભગવાન વિષ્ણુ વૃંદા સમક્ષ મૂળ સ્વરૂપમાં પ્રગટ થાય છે તેનું પણ સુંદર વર્ણન કવિ કરે છેઃ

"... રૂપ ચતુર્ભુજ, મેઘ શ્યામ તન, મુગટ મનોહર શીશ,

શંખ, ચક્ર, ગદા ને પંકજ, કૌસ્તુભ કંઠે વિશાળ."(૭૯)

ધરાનું રૂપ વર્ણન બહુ ઓછા શબ્દોમાં કવિ આપે છેઃ

"મહારૂપ સુંદર ધરા દેખી વિષ્ણુ પામ્યા મોહ.

ચંદ્રવદન મેદિની મુખ દેખતાં સુખ હોય."(૮૦)

ભગવાન વિષ્ણુના હાથે જ પોતાનો પુત્ર મરાશે એવા વિષ્ણુના વચન સાંભળીને દુઃખી થતી ધરાના વર્ણનમાં મા જનેતાનું પોતાના બાળક પ્રત્યેનું વાત્સલ્ય છતું થાય છે, તો એ જ મા જનેતા જ્યારે પુત્રના પાપકર્મ વધે છે ત્યારે સમષ્ટિના હિત માટે પુત્રનું બલિદાન દેતા અચકાતી નથી. એવા વર્ણન દ્વારા કવિ ધરાના બેય રૂપ- *'વજ્રાદપિ કઠોરાણી, મૃદુનિ કુસુમાદપિ'* ના દર્શન સુપેરે કરાવી રહે છે. ભગવાન વરાહ અવતારે પ્રગટ થાય છે તેનું વર્ણન પણ અતિ સુંદર બનવા પામ્યું છેઃ

"તેના પાદાંબુજ નખ તીવ્રધારા, વદન મહાવિક્રાળ.

મુખ દાઢ વચ્ચે રસના લવે, તન શ્યામ શોભિત વાળ."(૮૧)

આમ, પાત્રોના બાહ્ય સ્વરૂપના વર્ણનમાં કે આંતરિક વૈભવના વર્ણનમાં કવિ પોતાની મૌલિક પ્રતિભા વડે સિધ્ધિને પામ્યા છે એ નિઃશંક છે.

## ❖ સ્થળવર્ણન :

શિવદાસ કૃત 'જાલંધર આખ્યાન'માં સ્થળવર્ણનો બહુ જૂજ મળે છે, પરંતુ જે મળે છે તે શ્રેષ્ઠ વર્ણનો બનવા પામ્યાં છે. સ્થળવર્ણનના અહીં માત્ર બે દૃષ્ટાંતો મળે છે. ઇન્દ્ર રૂદ્રના દર્શનાર્થે કૈલાસ ગમન કરે છે ત્યારે કૈલાસનું વર્ણન તેમજ નરકાસુરની નગરી પ્રાગજ્યોતિષપુરનું વર્ણન. આ બંને વર્ણનો શિવદાસની ઉત્તમ વર્ણનકલાનો પરીચય આપી જાય છે. પ્રથમ કડવા-૨ માં રહેલું કૈલાસ વર્ણન જોઇએ;

"તે નગરની શોભા ઘણી; ફળફુલ નાના ભાત.
બાવના ચંદન વાંસ બહેકે, સુગંધ પારિજાત.
બહુ ગંગાજલ પાવન સરોવર, કમલ વિકાસમાન
સુગંધ વાએ પવન શીતળ, શિખર શોભામાન.
પુર વિશે સહુને મુક્તામણિનાં તોરણ લહેકે જાણ.
ધજા પતાકા ફરફરે; શું કહું તેહ વખાણ ?
સુખવંત ત્યાં મહાદેવના ગણ વસે લોક અનંત
ત્યાં ભય કશો કેને નહિ, કરે રાજ્ય ભગવંત."(૮૨)

એ જ રીતે નરકાસુરની નગરી 'પ્રાગજ્યોતિષપુર'નું કવિએ કરેલું વર્ણન કોઇ કિલ્લાબંધ સમૃધ્ધ રાજ્યની યાદ અપાવી જાય તેવું તાદ્દશ્ય બનવા પામ્યું છે તે જૂઓ;

'પ્રાગજ્યોતિષપુર સુંદર સહી રે, પર્વત મધ્યે વાસ.'(૮૩)

******

'પ્રથમ કોટ પાષાણ તણો; બીજો જળનો માન;
ત્રીજે ગઢ હુતાશન ધીકે, જ્વાળા ગગન સમાન !
ચોથો ગઢ વિષમ અતિ, વાટે સર્પ ઘણા રખેવાળ,
ગગન થકી વેરી આવે તો તૂટી પડે વિષજવાળ;
દુર્ગ પાંચમે મુર દાનવ રહે રક્ષા કરવા પાસ,
કનક તણો છઠ્ઠો ગઢ કહીએ, સૂર્ય તેજ સમાન;

સપ્ત ધાતુનો દુર્ગ સાતમો, સુણ, પરીક્ષિત રાજાન.
ચૌદ દ્વાર, ચોરાશી ચહુટા, બાર જોજન પુર વાસ.'

******

'ભવન ભવન કસ્તુરી કર્દમ, પુષ્પ સુગંધ ત્યાં બહેકે.
વાપી, કૂપ, સરોવર સુંદર, હંસ કોકિલા બોલે.
ભાતભાતના કમળ વિકાસે વમળ લહેરથી ડોલે.
વર્ણ અઢાર વસે ત્યાં વાસે, નરકાસુરની આણ;
સર્વ આધીન થઇ, પાપીના પુરમાં રહે નિર્વાણ.'

## ❖ પ્રસંગવર્ણન :

'જાલંધર આખ્યાન' એ મુખ્યત્વે યુધ્ધ કથા છે. પરંતુ અહીં કથા કહી જવાની ઉતાવળને કારણે કવિ ઘણી જગ્યાએ તેમ અહીં પણ ઊણા પડ્યા છે. કવિએ ધાર્યું હોય તો તાદૃશ્ય યુધ્ધ વર્ણનો આપી શક્યા હોત પરંતુ પ્રથમ યુધ્ધમાં તો-

'સંગ્રામ કરતાં દુષ્ટ સાથે રુદ્ર પામ્યા હાર.'(૮૪)

કહી પ્રથમ યુધ્ધ પ્રસંગને ખીલવવાનું ટાળે છે. તો વળી આડકથા રૂપે કાલનેમિ દૈત્ય દ્વારા કહેવાતી સમુદ્રમંથનની કથાનું પણ કવિએ વિગતે વર્ણન કર્યું નથી. સમુદ્રમંથનની કથા સાંભળી ક્રોધે ભરાયેલો દાનવરાજ જાલંધર દેવો પર ચઢાઇ કરે છે તે પ્રસંગનું થોડું વિસ્તૃત વર્ણન મળે છે.

''ઊંટ ખર કવચે ભર્યા, દળ સકળ લીધું સંગ.
રાય જાલંધર પોતે ચઢ્યો ઇન્દ્રનો કરવા ભંગ.
વાજીંત્ર વાજે અતિ ઘણાં, બહુ ગડગડે નિશાન.
જઇ શંખ પૂર્યો સ્વર્ગમાં, થયું અમરપુર ભંગાણ.
પછે યુધ્ધ લાગ્યું દેવશું, બહુ દૈત્ય બળીયા કાય.
રણ જાલંધરના મારથી સહુ અમર નાઠા જાય.
રાય જાલંધર આદિ દાનવ સબળ ધરતા ગર્વ.
એક સહસ્ર વર્ષ પર્યંત લઢતાં દેવ ભાગ્યા સર્વ.
... એક સહસ્ત્ર વર્ષ પર્યંત લઢતા દેવ ભાગ્યા સર્વ.(૮૫)

કડવા-૪ માં ફરી પાછા આવતા યુધ્ધ વર્ણન દ્વારા જાલંધરની નિર્ભિકતા અને વીરતા પ્રગટ થાય છે પરંતુ રણમેદાનમાં લડાતા યુધ્ધમાં વાગતી શંખભેરીઓ, સામસામા થતા શસ્ત્રોના પ્રહારો વગેરેને કવિ વિગતે વર્ણવતા નથી તેથી યુધ્ધ વર્ણનો એ રીતે બહુ પ્રભાવક નિવડતાં નથી.

કડવાં-૧૪ માં આવતું નરકાસુર અને ભગવાન કૃષ્ણ વચ્ચેના યુધ્ધનું વર્ણન આગલાં બધાં યુધ્ધ વર્ણનોમાં ઉત્તમ બનવા પામ્યું છે.

‘‘શ્રી કૃષ્ણ જયાં ઉભા હતા, ત્યાં સૈન્ય આવ્યું સર્વ.
પર બ્રહ્મ દેખી પાપીએ વરૂણાસ્ત્ર મેહેલ્યું બાણ;
જળ વૃષ્ટિ થઇ, તવ કૃષ્ણજીએ પવનાસ્ત્ર મૂક્યું જાણ.
વળી પાપીએ મહા ક્રોધથી પર્વતાસ્ત્ર મૂક્યું પાસ.
વજ્રાસ્ત્ર મૂકી માધવે ગિરિ ભમાડ્યો આકાશ.
સર્પાસ્ત્ર મૂક્યું નરકાસુરે, રણ સબળ પ્રગટ્યા સર્પ.
ગરુડાસ્ત્ર મૂકી માધવે રણ હણ્યો તેનો દર્પ.’’

******

‘‘અશ્વ ગજ રથ સારથિ સહુ કર્યા મારી ચૂર.
બળ સબળ વાધે અસુરનું, જેમ ચઢે સાગર પૂર.
તેણે સમે ત્યાં દાનવે અર્ધચન્દ્ર મેહેલ્યું બાણ.
તેણે સમે રણમાંહે મૂર્છા હવા સારંગપાણ...’’(૮૬)

યુધ્ધના પ્રસંગ વર્ણન ઉપરાંત બીજા અન્ય ઉત્તમ પ્રસંગાલેખન જોઇએ તો,

યુધ્ધમાં જવા માટે દેવો દ્વારા રથ તૈયાર કરવામાં આવે છે અને ત્યારબાદ એ રથમાં બેસી મહાદેવ યુધ્ધ માટે જાય છે એ પ્રસંગનું આબેહૂબ વર્ણન કરવામાં આવ્યું છે.

‘‘પંચાસ કોટિ ધરા તણો રથ રચ્યો શ્રી મહાદેવ.
અશ્વ ચારે વેદ કરી રથ જોતર્યો તતખેવ.
રથ રાશ વાસુકિ નાગ બાંધ્યો, સારથિ બ્રહ્માય.
સેનાપતિ મહાદેવ કીધા, ચઢ્યા સુરની સહાય.
કર ત્રિશૂળ ગ્રહી મહાદેવ બેઠા, ધનુષ પણ વિશાળ.

શિર પાંચ મુખ, પંચાશ ભુજ, એવું રૂપ મહાવિક્રાળ.
ભૂષણ અંગ ભુજંગ બાંધ્યા, રૂંઢમાળા સંગ;
બેહુ ગમા લહેકે જટા મોટી, મધ્ય શોભે ગંગ.
અનંતગણ પૂંઠે ચઢ્યા મહાદેવના યુધ્ધ કાજ.''(૮૭)

આવું જ અદ્‌ભૂત રસસભર વર્ણન વિષ્ણુ ભગવાને માયા રચી વૃંદાની સામે જાલંધરનું શબ રજૂ કર્યું ત્યારે કવિ કરે છે :

''તત્ક્ષણ એક રચી ત્યાં માયા કપટરૂપ ભગવાન.
રૂપ રાય જાલંધર સરખું; છેદ્યું ધડ શીશ.
સેવક તે ક્લેવર લાવ્યા જ્યાં વૃંદા જગદીશ.
વિપરીત દેખી વૃન્દા બોલી; 'કવણ તમો રે ભાઇ ?
રાણી દેખી અનુચર તત્ક્ષણ ચરણે લાગ્યા ધાઇ.
'અરે બાઇ, તમો આ વન ક્યાંથી ? દેવે હણ્યો તમ રાય.
તે શબ લેઇ અમો રણ ભાગ્યા, દહન કરવા કાય.
દૈત્ય અનેક પડ્યા રણ બીજા, દેવે કર્યું કલ્પાંત',
એવું વચન સાંભળતા વૃન્દા થઇ તવ મૂર્છાવંત.''(૮૮)

પોતાના સતીત્વના બળે શબરૂપ જાલંધર સજીવન બન્યો છે જાણી વૃંદાની પતિ સાથેની શૃંગાર રસિક ક્રીડાનું વર્ણન ઉત્તમ પ્રસંગ વર્ણનોમાંનું એક છેઃ

''સજીવ થયો પતિ જાણી, વૃન્દા ઉલટ અંગ ન માય.
પણ તે મર્મ ન જાણે નારી, જાણ્યુ જીવ્યો નાથ.
તત્ક્ષણ પતિને ચરણે લાગી; કુશળ ક્ષેમ કહી વાત,
તે વન રાત રહ્યાં નર નારી, છલ પાડી હરિ જેહ.
ક્રીડા કરે મનગમતી વૃન્દા, ભેદ ન જાણે તેહ.''(૮૮)

પોતે છેતરાઇ છે એવી જાણ થતાં જ ક્રોધાન્વિત થયેલી વૃંદા વિષ્ણુને શાપ આપે છે એ પ્રસંગનું વર્ણન વૃંદામાં રહેલા સતીત્વના તેજનો પરિચય કરાવી જાય છે.

"એને નેત્રથી જળધારા છૂટે, કંઠ ગદ્‌ગદ્ થાય રે"
જેમ જોગી મૃગ પિશાચથી હું મોહ પમાડી આજ રે,
એમ તુંને સઘળા થકી વન દુઃખ પડો, મહારાજ રે."(૯૦)

કડવા-૧૩ માં સત્યભામાના રૂસણાનો પ્રસંગ આખ્યાનના તમામ પ્રસંગોમાં ઉત્તમોત્તમ બનવા પામ્યો છે. મુગ્ધ પ્રેમિકા રૂપ સત્યભામા અને પ્રેમિકાને પાર્થિવ વહાલસોયા પતિની જેમ મનાવતા કૃષ્ણ બંને પાત્રો એ પ્રસંગે એવા મુગ્ધ અને લાગણીશીલ નિરૂપણ પામ્યા છે કે આ પ્રસંગ આખ્યાનનો ચિર સ્મરણીય પ્રસંગ બની રહે છે.

"શામળીયા તમશું ન બોલું રે આજ..."(૯૧)

ની ધ્રુવ પંક્તિ જેવી દરેક કડીને અંતે આવતી પંક્તિ આખ્યાનમાં આવતા પદ કડવાની યાદ અપાવી જાય છે. અતિશય ઉર્મિનો આવેગ દર્શાવતો આ પ્રસંગ આખું ૧૩ મું કડવું રોકે છે. એક પારિજાતના પુષ્પના બદ્લામાં રિસાયેલી પ્રેમિકાને મનાવવા, તેની રઢ શમાવવા પ્રેમીએ આખા પારિજાતના વૃક્ષને તેના દ્વારે રોપાવવું પડે એ વાત જ કેવી રોમાંચક છે. આ આખો પ્રસંગ એ રીતે રોમાંચક બન્યો છે. દૈવી પાત્રો અહીં માનવ સહજ વર્તન કરતાં જણાય છે. દેવો પણ માનવની જેમ પ્રેમ કરી શકે છે. રિસાઇ શકે છે. દેવને પણ પત્નીને, પ્રેમિકાને મનાવતા નાકે દમ આવી જાય છે વગેરે વગેરે કેટલાંયે અવનવા ભાવો ઉપર્યુક્ત પ્રસંગ દ્વારા ઉદ્‌ભવે છે.

સોળ સહસ્ત્ર નારના પાણિગ્રહણ વેળા નરકાસુરના પુત્રએ પહેરામણી કરી એ પ્રસંગ પણ પ્રસંગ વર્ણનનું ઉત્તમ દૃષ્ટાંત છે.

"ત્યારે નરકાસુર સુતે કૃષ્ણને પહેરામણી કીધી સાર.
બાકી રીધ અનેકનો કહેતાં ન આવે પાર."(૯૨)

આમ 'જાલંધર આખ્યાન'માં શિવદાસ પાત્ર, સ્થળ કે પ્રસંગને ઉચિત જે વર્ણનો યોજે છે તે તમામ તો નહીં, પણ તોયે દરેક સંદર્ભના એક-બે દૃષ્ટાંતો એવાં ઉત્તમ મળે છે કે, તેના દ્વારા શિવદાસની વર્ણન કલાની સિધ્ધિ અને તેની મૌલિક પ્રતિભાનો પરિચય મળી રહે છે.

## ૭:૧ વર્ણનોને જીવંત, ચિત્રાત્મક અને આસ્વાદ્ય બનાવતા સંવાદોઃ

મધ્યકાળનું પ્રમુખ સાહિત્ય સ્વરૂપ આખ્યાન અતિ લોકપ્રિય હતું એનું કારણ હતું કે, આખ્યાનની અભિવ્યક્તિ લોકો સમક્ષ 'સાભિનય કથાગાન' વડે થતી. 'સાભિનય' શબ્દ સાથે જ

એની સાથે રંગમંચીયતા જોડાય. રંગમંચ પર ભજવાતાં નાટકોમાં જેમ સંવાદનું મહત્ત્વ હોય એમ જ આખ્યાનમાં પણ સંવાદનું વિશેષ મહત્ત્વ રહેતું. આખ્યાનના સંવાદો વડે કવિ વર્ણનોને જીવંત, ચિત્રાત્મક અને આસ્વાદ્ય બનાવતાં. સાથે સાથે પાત્રોના આંતરબાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતા સંવાદો એવો કલામય ઘાટ પામીને આવતાં કે આખ્યાનનાં આમ જનતાને ખ્યાત પાત્રો અને પ્રસંગો જીવંત બની ઉઠતાં.

કવિ શિવદાસે 'જાલંધર આખ્યાન'ને પંદર કડવાનો નાનકડો પણ રૂપકડો દેહ આપ્યો છે. એમાં પણ જાલંધર અને નરકાસુર બેયની કથા સાંકળી છે. તેથી સંવાદો ઓછાં પણ પાત્રોના આંતરબાહ્ય વ્યક્તિત્વનો પરિચય કરાવનારા બની રહે છે.

આખ્યાનના આરંભે કડવા-૨ માં બ્રહ્માના સંવાદમાં વીર થવા સર્જાયેલા બાળ જાલંધરનું વ્યક્તિત્વ કવિ લાઘવયુક્ત શૈલીમાં પ્રગટ કરે છે. સાથે સાથે ભવિષ્યમાં જાલંધરના મૃત્યુનું નિમિત્ત પણ કવિ રજૂ કરી દે છે. જુઓ ;

"સુણ, સમુદ્ર એ બળિયો હશે, સત્ય માનજે, અવશ્યમેવ.
ત્રૈલોક્ય વશ કરશે સહી, પણ મારશે મહાદેવ."[૯૩]

પિતા સમુદ્રના મંથનની વાત કાલનેમિ દૈત્યના મુખે સાંભળી ક્રોધિત બનેલા જાલંધરનો સંવાદ વીરરસયુક્ત બનવા પામ્યો છે. જુઓ;

"મારા પિતાને દુઃખ સબઈ દીધું મથી પર્વતકાય,
તે વિષ્ણુ અમર સમેત મારૂં, યુધ્ધ કરી રણ આજ."[૯૪]

જાલંધરના અજેય રહેવા પાછળ સતી વૃંદા છે એવું જણાવતા રુદ્રના સંવાદમાંથી સતી વૃંદાનું શીલવાન વ્યકિતત્વ ઉપસે છે. જુઓ,

"એની નાર વૃન્દા પતિવ્રતા, ઘેર સાધ્વી શુભ જાત.
તેના પુણ્યથી એ નવ મરે, એવો પતિવ્રતાનો ધર્મ."[૯૫]

દેવ થઇને વૃંદાને છળવા જતા પહેલા પોતાનો બચાવ કરતા વિષ્ણુના સંવાદમાં નરી પોકળતા છતી થાય છે. કાવ્ય સાહિત્યની દષ્ટિએ એને કાવ્યન્યાય કહેવો હોય તો કહી શકાય, પરંતુ દૈવી પાત્ર જે અધમ કૃત્ય કરવા જઇ રહ્યું છે તે પોતાના મનનું સમાધાન આ રીતે શોધે છે, એ એના આંતરમનની વ્યથાને પણ એક યા બીજી રીતે વ્યક્ત કરે છે. જુઓ;

"એણે પૂર્વે પાર્વતીકને છળ અર્થ કીધી પેર;
તો છળ કરૂં હું વૃંદા સતી હું આજ એને ઘેર.
એ સતીને સત્ય ચૂકવાનો દોષ નહિ મુજ આપ.
પ્રથમ જેણે કર્યું તેને તર્ત લાગ્યું પાપ."(૯૬)

પતિના સમાચાર જાણવા જતી વૃંદાના મન સાથેના સંવાદમાંથી વૃંદાનું વીરાંગના તરીકેનું વ્યક્તિત્વ ઉપસે છે. જેમકે,

"રથ બેસી મનમાં વિમાસે, માર્યો હશે જો રાય.
તો હું ધનુષ ધરી સર્વ સુરને આજ હણું રણમાંહ્ય."(૯૭)

વિષ્ણુના છળકપટથી શીલભંગ થયેલી વૃંદાને સાચી વસ્તુ સ્થિતિની જાણ થતાં ક્રોધિત બનેલી વૃંદાના સતીત્વની આણ ફેલાવતો વિષ્ણુનો જાત સાથેનો સંવાદ જુઓ;

"મુજને શાપ દે તો અતિ ભલું, નહિ તો મોટી ઘાત રે.
એના સત્યથી ત્રૈલોક્ય બળશે, થાશે મહા ઉત્પાત રે."(૯૮)

વૃંદા - વિષ્ણુના સંવાદમાં બંને પાત્રોને અને ભાવકોને પણ મનનું સમાધાન સાંપડે છે. પતિવ્રત ધર્મનું પાલન કરતી સ્ત્રી ભગવાન વિષ્ણુને પામવા તો એ વ્રત કરે છે. વૃંદાનું એ વ્રત ફળ્યું છે એટલું જ નહિ, વૃંદા દાનવ પતિની પણ સદ્ગતિ ઇચ્છે છે અને વરદાન રૂપે વિષ્ણુના મુખમાં મૂકાયેલો સંવાદ નરકાસુર ઉત્પત્તિની પૂર્વ ભૂમિકા બની રહે છે તે જુઓ;

"સુણ વૃંદા, હું મૃત્યુલોકમાં અવતાર ધરીશ તુજ કામ રે.
મુજ હાથે એનો વધ કરી, પછી આપીશ મારૂં ધામ રે.
ત્યાં લગી મારા તેજમાં જાલંધર રાખ્યો જાણ રે.
નરકાસુર થઇ મૃત્યુલોકમાં અવતરશે નિર્વાણ રે."(૯૯)

કડવાં-૯ થી નરકાસુરની કથા શરૂ થાય છે. કડવા-૧૨ માં નારદનો સંવાદ નરકાસુરના પરાક્રમીપણાને વ્યક્ત કરે છે. જુઓ.

"દેવ દુઃખી કર્યા રે, પ્રાણી સર્વ પમાડ્યા શોક.
મહાબળ પાણથી રે દુષ્ટે વશ કીધું ત્રૈલોક્ય."(૧૦૦)

******

“વણ અપરાધણી રે કન્યા સોળ સહસ્ત્ર સબંધ,

મૃત્યુભય નવ ગણે રે; ગર્વે થઇ રહ્યો છે અંધ.”(૧૦૧)

નારદે આપેલું પારિજાતનું પુષ્પ ભગવાન રુક્મિણિને આપે છે અને સત્યભામા રિસાય છે. રિસાયેલાં સત્યભામા અને ભગવાન કૃષ્ણ વચ્ચેના સંવાદો માનવીય ભાવોને સુંદર રીતે વ્યક્ત કરે છે. મીઠા દાંપત્યજીવનમાં પણ ક્યારેક રિસામણા-મનામણા દાંપત્યજીવનને વધુ મધુર બનાવે છે. શામળિયાથી અબોલા લઇ બેઠેલી સત્યભામાને ભગવાન કૃષ્ણ કહે છે;

“શ્રી કૃષ્ણ કહે રે, ‘કામિની, તું કાં ન બોલે નાટ ?

માહારૂં ફાટે હૈયું તુંને દેખતા, રૂદન કરે શા માટ ?”(૧૦૨)

જેમ જેમ ભગવાન મનાવતા જાય તેમ તેમ વધુ રડતા સત્યભામાને કૃષ્ણ પ્રેમાળ પ્રિયતમની અદાથી કહે છે,

“માહારો વાંક શું છે સુંદરી ? હું લાગું તમારે પાય.”(૧૦૩)

ત્યારે સત્યભામાના છણકા સાથે અપાયેલા પ્રત્યુત્તરરૂપ સંવાદમાંથી સત્યભામાનો શૌક્ય પ્રત્યે મીઠી ઈર્ષ્યાનો ભાવ પ્રગટ થાય છે. જુઓ:

“શું કામ અમ સાથે હવે ? તમો જાઓ રૂક્મિણી જ્યાંહ.

હરિ, કપટ પ્રીત તમારડી મેં સર્વ જાણી આજ.

એક પુષ્પથી વહેરો કર્યો, તારૂં મન જાણ્યું મહારાજ.”(૧૦૪)

અને એક પુષ્પના બદલામાં આખું પારિજાતનું વૃક્ષ સત્યભામા માટે લાવવા તૈયારી બતાવતા કૃષ્ણ માંડ માંડ સત્યભામાને મનાવી શકે છે. દૈવી પાત્રોમાં માનવભાવોનું આરોપણ કરતા ઉપર્યુક્ત સંવાદો કથા પ્રસંગને રસિક બનાવે છે.

આમ ‘જાલંધર આખ્યાન’માં પાત્રો અને પ્રસંગો સંદર્ભે કવિએ કુશળતાપૂર્વક યોજેલા સંવાદો માર્મિક અને હૃદયસ્પર્શી બન્યા છે. આ પ્રકારના સંવાદો પાત્રોના આંતરબાહ્ય વ્યક્તિત્વને પ્રગટ કરવા સાથે વર્ણનોને જીવંત, ચિત્રાત્મક અને આસ્વાદ્ય બનાવે છે. કવિનું સંવાદ નિરૂપણનું કૌશલ્ય આખ્યાનને રસિક બનાવે છે.

## ❖ સંદર્ભ નોંધ :

(૧) સંપા. શ્રી રા. ચુ. મોદી : વિષ્ણુદાસ, ભાલણ અને શિવદાસ કૃત 'જાલંધર આખ્યાન', કડવું-૧, પૃ. ૧૪૭

(૨) એજન, કડવું-૧૫, પૃ. ૧૮૧

(૩) એજન, કડવું-૨, પૃ. ૧૪૭

(૪) એજન, કડવું-૨, પૃ. ૧૪૮

(૫) એજન, કડવું-૨, પૃ. ૧૫૦

(૬) એજન, કડવું-૩, પૃ. ૧૫૩

(૭) એજન, કડવું-૪, પૃ. ૧૫૬

(૮) એજન, કડવું-૭, પૃ. ૧૬૧

(૯) એજન, કડવું-૭, પૃ. ૧૬૧

(૧૦) એજન, કડવું-૭, પૃ. ૧૬૨

(૧૧) એજન, કડવું-૭, પૃ. ૧૬૨

(૧૨) એજન, કડવું-૭, પૃ. ૧૬૨-૧૬૩

(૧૩) એજન, કડવું-૮, પૃ. ૧૬૩-૧૬૪

(૧૪) એજન, કડવું-૩, પૃ. ૧૫૧-૧૫૨

(૧૫) એજન, કડવું-૩, પૃ. ૧૫૨

(૧૬) એજન, કડવું-૪, પૃ. ૧૫૬

(૧૭) એજન, કડવું-૭, પૃ. ૧૬૨-૧૬૩

(૧૮) એજન, કડવું-૮, પૃ. ૧૬૩-૧૬૪

(૧૯) એજન, કડવું-૧૪, પૃ. ૧૭૬

(૨૦) એજન, કડવું-૪, પૃ. ૧૫૪

(૨૧) એજન, કડવું-૭, પૃ. ૧૬૨

(૨૨) એજન, કડવું-૯, પૃ. ૧૬૬

(૨૩) એજન, કડવું-૧૦, પૃ. ૧૬૮

(૨૪) એજન, કડવું-૧૩, પૃ. ૧૭૨

(૨૫) એજન, કડવું-૧૩, પૃ. ૧૭૩

(૨૬) એજન, કડવું-૧૪, પૃ. ૧૭૬

(૨૭) એજન, કડવું-૩, પૃ. ૧૫૨

(૨૮) એજન, કડવું-૪, પૃ. ૧૫૪

(૨૯) એજન, કડવું-૪, પૃ. ૧૫૫

(૩૦) એજન, કડવું-૪, પૃ. ૧૫૫

(૩૧) એજન, કડવું-૬, પૃ. ૧૬૧

(૩૨) એજન, કડવું-૧૪, પૃ. ૧૭૪-૧૭૫

(૩૩) એજન, કડવું-૧૪, પૃ. ૧૭૫

(૩૪) એજન, કડવું-૨, પૃ. ૧૪૯

(૩૫) એજન, કડવું-૩, પૃ. ૧૫૧-૧૫૨

(૩૬) એજન, કડવું-૫, પૃ. ૧૫૮

(૩૭) એજન, કડવું-૭, પૃ. ૧૬૨

(૩૮) એજન, કડવું-૧૩, પૃ. ૧૭૨

(૩૯) એજન, કડવું-૧૪, પૃ. ૧૭૬

(૪૦) એજન, કડવું-૧૪, પૃ. ૧૭૬

(૪૧) એજન, કડવું-૧૫, પૃ. ૧૮૦

(૪૨) એજન, કડવું-૨, પૃ. ૧૪૯

(૪૩) એજન, કડવું-૩, પૃ. ૧૫૩

(૪૪) એજન, કડવું-૪, પૃ. ૧૫૪

(૪૫) એજન, કડવું-૪, પૃ. ૧૫૫

(૪૬) એજન, કડવું-૪, પૃ. ૧૫૫

(૪૭) એજન, કડવું-૫, પૃ. ૧૫૮

(૪૮) એજન, કડવું-૫, પૃ. ૧૫૯

(૪૯) એજન, કડવું-૬, પૃ. ૧૬૦

(૫૦) એજન, કડવું-૮, પૃ. ૧૬૪

(૫૧) એજન, કડવું-૯, પૃ. ૧૬૫

(૫૨) એજન, કડવું-૯, પૃ. ૧૬૫

(૫૩) એજન, કડવું-૯, પૃ. ૧૬૬

(૫૪) એજન, કડવું-૧૦, પૃ. ૧૬૮

(૫૫) એજન, કડવું-૬, પૃ. ૧૫૯

(૫૬) એજન, કડવું-૬, પૃ. ૧૬૦

(૫૭) એજન, કડવું-૧૧, પૃ. ૧૭૦

(૫૮) એજન, કડવું-૧૩, પૃ. ૧૭૨

(૫૯) એજન, કડવું-૧૩, પૃ. ૧૭૨

(૬૦) એજન, કડવું-૧૩, પૃ. ૧૭૩

(૬૧) એજન, કડવું-૧૪, પૃ. ૧૭૬

(૬૨) એજન, કડવું-૩, પૃ. ૧૫૧

(૬૩) એજન, કડવું-૬, પૃ. ૧૬૦

(૬૪) એજન, કડવું-૯, પૃ. ૧૬૬

(૬૫) એજન, કડવું-૧૩, પૃ. ૧૭૨-૧૭૩

(૬૬) એજન, કડવું-૭, પૃ. ૧૬૨

(૬૭) એજન, કડવું-૮, પૃ. ૧૬૩

(૬૮) એજન, કડવું-૮, પૃ. ૧૬૩

(૬૯) એજન, કડવું-૧૪, પૃ. ૧૭૭

(૭૦) એજન, કડવું-૧, પૃ. ૧૪૭

(૭૧) એજન, કડવું-૧૫, પૃ. ૧૮૦

(૭૨) એજન, કડવું-૨, પૃ. ૧૪૮

(૭૩) એજન, કડવું-૩, પૃ. ૧૫૩

(૭૪) એજન, કડવું-૩, પૃ. ૧૫૧

(૭૫) એજન, કડવું-૫, પૃ. ૧૫૭

(૭૬) એજન, કડવું-૫, પૃ. ૧૫૮

(૭૭) એજન, કડવું-૭, પૃ. ૧૬૨

(૭૮) એજન, કડવું-૮, પૃ. ૧૬૩

(૭૯) એજન, કડવું-૬, પૃ. ૧૬૧

(૮૦) એજન, કડવું-૯, પૃ. ૧૬૬

(૮૧) એજન, કડવું-૯, પૃ. ૧૬૫

(૮૨) એજન, કડવું-૨, પૃ. ૧૪૮

(૮૩) એજન, કડવું-૧૧, પૃ. ૧૬૮-૧૬૯

(૮૪) એજન, કડવું-૨, પૃ. ૧૫૦

(૮૫) એજન, કડવું-૩, પૃ. ૧૫૨

(૮૬) એજન, કડવું-૧૪, પૃ. ૧૭૫

(૮૭) એજન, કડવું-૩, પૃ. ૧૫૩

(૮૮) એજન, કડવું-૫, પૃ. ૧૫૯

(૮૯) એજન, કડવું-૬, પૃ. ૧૬૦-૧૬૧

(૯૦) એજન, કડવું-૭, પૃ. ૧૬૨

(૯૧) એજન, કડવું-૧૩, પૃ. ૧૭૨

(૯૨) એજન, કડવું-૧૪, પૃ. ૧૭૭

(૯૩) એજન, કડવું-૨, પૃ. ૧૫૦

(૯૪) એજન, કડવું-૩, પૃ. ૧૫૧-૧૫૨

(૯૫) એજન, કડવું-૩, પૃ. ૧૫૩

(૯૬) એજન, કડવું-૪, પૃ. ૧૫૬

(૯૭) એજન, કડવું-૫, પૃ. ૧૫૮

(૯૮) એજન, કડવું-૭, પૃ. ૧૬૨

(૯૯) એજન, કડવું-૮, પૃ. ૧૬૩-૧૬૪

(૧૦૦)એજન, કડવું-૧૨, પૃ. ૧૭૧

(૧૦૧)એજન, કડવું-૧૨, પૃ. ૧૭૧

(૧૦૨)એજન, કડવું-૧૩, પૃ. ૧૭૨

(૧૦૩)એજન, કડવું-૧૩, પૃ. ૧૭૩

(૧૦૪)એજન, કડવું-૧૩, પૃ. ૧૭૩

# પ્રકરણ – ૯
# ચાર આખ્યાનોની તુલના

૧:૧ ‘જાલંધર’ કથાનકનો સંદર્ભ

૨:૧ ‘જાલંધર’ વિષયક ચાર કૃતિઓના
મૂળકથાનકમાં ફેરફાર અને તેનું ઔચિત્ય

૩:૧ ભાલણની પાત્રાલેખનકળા

૩:૨ હરદાસ મિસણની પાત્રાલેખનકળા

૩:૩ વિષ્ણુદાસની પાત્રાલેખનકળા

૩:૪ શિવદાસની પાત્રાલેખનકળા

૪:૧ ભાલણની રસનિરૂપણકળા

૪:૨ હરદાસ મિસણની રસનિરૂપણકળા

૪:૩ વિષ્ણુદાસની રસનિરૂપણકળા

૪:૪ શિવદાસની રસનિરૂપણકળા

૫:૧ ભાલણની વર્ણનકળા

૫:૨ હરદાસ મિસણની વર્ણનકળા

૫:૩ વિષ્ણુદાસની વર્ણનકળા

૫:૪ શિવદાસની વર્ણનકળા

૬:૧ ભાલણની સંવાદકળા

૬:૨ હરદાસ મિસણની સંવાદકળા

૬:૩ વિષ્ણુદાસની સંવાદકળા

૬:૪ શિવદાસની સંવાદકળા

# પ્રકરણ – ૯

# ચાર આખ્યાનોની તુલના

## ૧:૧ 'જાલંધર' કથાનકનો સંદર્ભ :

કવિ ભાલણ 'જાલંધર આખ્યાન'ના આરંભે જણાવે છે તેમ તેણે જાલંધરની કથા માટે સંદર્ભ તરીકે 'પદ્મપુરાણ'નો આધાર લીધો છે. કવિશ્રી ભાલણે જેનો વિષય સામગ્રી લેખે ઉપયોગ કર્યો છે તે જાલંધર કથાનકની મૂળકથા 'પદ્મપુરાણ' ભાગ - ૨ ના ખંડ - છ - ઉત્તરખંડ - પૂર્વાર્ધમાં આવેલી છે. અધ્યાય ૩ થી ૧૯ એમ કુલ ૧૭ અધ્યાયમાં જાલંધરના જન્મથી માંડી મૃત્યુ પર્યંતની કથા આલેખાયેલી છે. મૂળ કથાનક પ્રમાણમાં ખૂબ વિસ્તૃત છે. એનો કુલ વિસ્તાર ૧૦૫૯ શ્લોકોનો છે. મૂળ 'પદ્મપુરાણ'માંની જાલધર કથાનો સંદર્ભ કવિએ અહીં લીધો છે. 'રામાયણ', 'મહાભારત' અને પુરાણોમાંથી વસ્તુ લઈ આખ્યાન રચનાર ભાલણ સૌથી પહેલો કવિ છે તેથી ઉચિત રીતે જ મુનશી તેને 'આખ્યાનોના જનક'[૧] તરીકે ઓળખાવે છે.

કવિ શ્રી હરદાસ મિસણે 'જાલંધર પુરાણ'માં જે કથાંશો લીધા છે તે જાલંધર કથાનકની મૂળ કથા 'શિવ પુરાણ'ના પ્રથમ ભાગમાં રુદ્ર સંહિતા - યુધ્ધ ખંડમાં અધ્યાય ૧૩ થી ૨૪ માં સમાવિષ્ટ છે. જાલંધરના જન્મથી લઈ મૃત્યુ પર્યંતની કથા આ બાર અદયાયમાં આલેખાયેલી છે. એનો કુલ વિસ્તાર ૬૩૯ શ્લોકોનો છે. કવિ હરદાસ મિસણે 'જાલંધર પુરાણ'માં 'શિવ પુરાણ'માંની જાલંધર કથાને સંદર્ભ તરીકે ખપમાં લીધી છે. 'ચારણી સાહિત્યનો મુખ્ય ઉદ્દેશ ક્ષત્રિયોને વીરતાની પ્રેરણા આપવાનો છે. તે ઉદ્દેશને હરદાસજીએ 'જાલંધર પુરાણ'માં પૂરી નિષ્ઠાથી જાળવ્યો છે.'[૨]

'વિષ્ણુદાસની સાહિત્ય સેવાને લક્ષમાં લેવામાં આવે તો નાકર યુગ અને પ્રેમાનંદ યુગની વચ્ચે સ્વતંત્ર વિષ્ણુદાસ યુગ કહી શકાય તેમ છે.'[૩] આવા પ્રતિભાશાળી કવિ વિષ્ણુદાસે વિષય સામગ્રી લેખે ઉપયોગ કર્યો છે તે જાલંધર કથાનકનું મૂળ 'પદ્મપુરાણ'માં છે, એવું કવિ ખુદ કડવા-૧ ની તેરમી પંક્તિમાં નોંધે છે. એટલે એ નક્કી થાય છે કે કવિએ 'પદ્મપુરાણ'માંની જાલંધરકથાનો સંદર્ભ અહીં લીધો છે.

કવિ શિવદાસ 'જાલંધર આખ્યાન'ના પ્રથમ કડવાની પ્રથમ અગિયાર પંક્તિના મંગલાચરણમાં આ કથા મૂળ મહાભારતમાંની હરિવંશ કથા પર આધારિત છે, એવું નોંધે છે. તો એ જ કડવાની અઠ્યાવીસમી પંક્તિમાં આ કથાનો સંદર્ભ 'પદ્મપુરાણ'માં મળે છે, એવો સંકેત આપે છે. ખરેખર તો કવિએ આ બંનેમાંથી એકેયનું મૂળ કથાનક વાંચ્યુ નથી. કથાને અંતે કવિ નિખાલસતાથી કબૂલ કરે છે કે આ કથા પોતે ગુરુમુખેથી સાંભળી છે અને ત્રણ દિવસમાં એ પૂર્ણ કરી છે. આમ, ગુરુ શ્રી ભૂધર વ્યાસના મુખેથી સાંભળેલી કથાના સંદર્ભે કવિ આખ્યાનની રચના કરે છે. જાલંધર આખ્યાનનો અભ્યાસ કરતા પ્રસ્તુત વિધાન સાથે સંમત થતાં કહી શકાય કે, 'શિવદાસમાં પ્રતિભા ન છતાં નાકર યુગમાં વિષ્ણુદાસની પછી પ્રેમાનંદના પુરોગામીઓ ભાઉ, અવિચલ, માધવદાસ વગેરેની વચ્ચે કડી એ સાંકળી આપે છે.'[૪]

## ૨:૧ જાલંધર વિષયક ચાર કૃતિઓના મૂળ કથાનકમાં ફેરફાર અને તેનું ઔચિત્ય :

ચારમાંથી ત્રણ કવિઓ ભાલણ, વિષ્ણુદાસ અને શિવદાસ 'પદ્મપુરાણ'ની મૂળકથાનો સંદર્ભ લે છે જ્યારે હરદાસ મિસણ 'શિવપુરાણ'માંથી જાલંધર કથાનો સંદર્ભ લે છે. અલબત્ત, શિવદાસ કબૂલ કરે છે કે તેણે મૂળ કૃતિઓ વાંચ્યા વગર ગુરુ મુખે કથા સાંભળીને લખી છે તેથી તેમાં ઘણા ફેરફારો અને વિગતદોષો જોવા મળે છે.

### ❖ મંગલાચરણ :

'પદ્મપુરાણ' કે 'શિવપુરાણ'માંની જાલંધરકથા સળંગ કથાનો એક ભાગ છે. તેથી કથારંભે ત્યાં કોઈ સ્તવન નથી પરંતુ પ્રસ્તુત ચારેય કૃતિઓ મધ્યકાલીન આખ્યાન સ્વરૂપની સ્વતંત્ર રીતે આલેખાયેલી કૃતિ છે. તેથી ચારેય કવિઓ આખ્યાન પરંપરાને અનુસરી આરંભે મંગલાચરણ આપે છે. ભાલણ શ્રીરામને પ્રણામ કરી ગુરુ, સરસ્વતી અને ગણપતિને મંગલાચરણમાં પ્રાર્થે છે. હરદાસ મિસણે શિવના સુદીર્ઘ સ્તવનથી કથાનો આરંભ કર્યો છે. વિષ્ણુદાસ પણ આ પરંપરાને અનુસરે છે. પ્રારંભની ૧ થી ૧૪ પંક્તિમાં કવિ બુધ્ધિના દાતા ગણપતિને, 'બ્રહ્મ તનયા' સરસ્વતીને અને છેલ્લે શિવ-શક્તિને પ્રણમી કરુણા કરવા પ્રાર્થે છે. શિવદાસે કથારંભે પંક્તિ ૧ થી ૧૧ માં મંગલાચરણ રૂપે ઈશ્વર સ્તવન કરેલ છે. મંગલાચરણમાં તે આદિ - અનાદિ અનંત શ્રી વિષ્ણુને, ગણપતિને સ્મરે છે અને વાણીની દેવી સરસ્વતીને પોતાના મુખમાં વાસ કરવા પ્રાર્થે છે.

'પદ્મપુરાણ'ની મૂળ કથા નારદ-યુધિષ્ઠિરના સંવાદરૂપે કહેવાયેલી છે જેને ભાલણ અનુસર્યા છે. હરદાસ મિસણ 'શિવપુરાણ'નો સંદર્ભ લઇ 'જાલંધર પુરાણ'ની રચના કરે છે. મૂળ 'શિવ પુરાણ'માં આ કથા સુતપુરાણી દ્વારા મહામુનિ વ્યાસ અને સનતકુમારના સંવાદરૂપે સનતકુમારના મુખે કહેવાયેલી છે. 'જાલંધર પુરાણ'માં હરદાસ મિસણે કથા કહેવાની આ રીત અપનાવી નથી. એમણે પોતાની કથામાં ક્યાંય વ્યાસ, સનતકુમાર કે સુતપુરાણીના ઉલ્લેખ કર્યા નથી. કવિ પોતાની રીતે જ ક્થાની માંડણી કરે છે. વિષ્ણુદાસ 'પદ્મપુરાણ'નો સંદર્ભ લે છે, પણ આ બાબતે એ મૂળથી જુદા પડે છે. આ વાતને વિષ્ણુદાસ બહેલાવીને આ રીતે રજૂ ક્રે છે. એકવાર વાલ્મીકિ ઋષિને ભારદ્વાજ મુનિ પૂછે છે કે, ''રામ, સીતા અને લક્ષ્મણ પંચવટીમાં આવીને રહ્યા ત્યારે શક્તિશાળી એવા રાવણે તાપસવેશ ધરી સીતાનું હરણ કર્યું ત્યારે રાવણ શું બળહીન હતો કે તેણે યોગીરૂપ ધારણ કરવું પડ્યું ? મારા મનનો આ સંદેહ, ભ્રાંતિ ટાળો.'' પ્રત્યુત્તરમાં વાલ્મીકિ ઋષિ જણાવે છે કે, ''પૂર્વે કાર્તિકે ભગવાન શિવ પાસે પોતાનો સંદેહ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, 'ત્રિભુવનનાથ ભગવાન વિષ્ણુ શાલિગ્રામ, પાષાણરૂપ કેમ થયા ? શેના કારણે તેમણે આવું રૂપ ધારણ કર્યુ ? ત્યારે શિવે પોતાના મુખે જે કથા કાર્તિકને સંભળાવી તે હું તને સંભળાવીશ કે જેથી તારા મનનો સંદેહ ટળે.'' અને વાલ્મીકિ જાલંધરકથા ભારદ્વાજમુનિને સંભળાવે છે. આટલી પૂર્વભૂમિકાથી ભારદ્વાજની જેમ જ શ્રોતા પણ જાલંધરની કથા સાંભળવા ઉત્સુક બને છે. વિષ્ણુદાસની જનમાનસને પારખવાની અને એને વશમાં કરવાની શક્તિના અહીં દર્શન થાય છે. શિવદાસ જાલંધરની આ કથા વૈશંપાયનના મુખે જન્મેજયની પૃચ્છાના ઉત્તર રૂપે મૂકે છે. શિવદાસ જાલંધરની કથા સાથે જ નરકાસુરની કથાને જોડે છે. વૃંદા પતિ જાલંધર પૂર્વે દાનવરાજ હતો તે પછીના જન્મે નરકાસુરનો દેહ ધારણ કરી જન્મે છે એ કથા વૈશંપાયનના મુખે કવિએ મૂકી છે.

### ❖ જાલંધર જન્મ કથા :

કવિ ભાલણ 'જાલંધર આખ્યાન'માં 'પદ્મપુરાણ'નો સંદર્ભ લે છે. 'પદ્મપુરાણ'ની મૂળકથાનુસાર ઇન્દ્ર શંકરની સ્તુતિ કરવા દેવો, ગાંધર્વો, અપ્સરાઓ સાથે કૈલાસ પર્વત પર જાય છે. ત્યાં જઇ મહાદેવને રીઝવવા અપ્સરાઓ સાથે ઇન્દ્ર નૃત્ય કરે છે. તેનાથી સંતોષ પામી ભગવાન શિવ ઇન્દ્રને વરદાન માંગવા કહે છે. ''તમારા જેવો કોઇ યોધ્ધો હોય તેવું કોઇ યુધ્ધ મને આપો.'' એવું યુધ્ધરૂપી વરદાન મેળવી ઇન્દ્રાદિ ત્યાંથી ચાલ્યા ગયા, પરંતુ ગર્વિષ્ઠ ઇન્દ્રની આવી માગણીથી શિવને ક્રોધ થયો. એ ક્રોધ ગુસ્સારૂપે શિવ સામે હાજર થયો ને ઉમાપતિએ એને આદેશ કર્યો, ''તું અહીંથી જા

અને સાગરના વીર્યથી યુક્ત થઇ સ્વર્ગનદી ગંગાને પ્રાપ્ત કરી, ઈન્દ્રને જીત.'' સ્વર્ગની નદી ગંગા એ વેળા પોતાના યૌવનથી મદોન્મત્ત બની હતી. તેને જોઇને નદીઓના રાજા સમુદ્રના જળના તરંગો ઉછળવા લાગ્યા હતા. ગંગા અને સમુદ્રનો સંગમ થયો. એ જ સમયે મહાનદી ગંગામાં સમુદ્રનો એક પુત્ર પ્રક્ટ થયો.

જાલંધરના જન્મની ઉપર્યુક્ત મૂળકથાને જ ભાલણ મહદ્‌અંશે અનુસર્યા છે. મૂળકથાના વિગતપૂર્ણ વર્ણનોને ટૂંકાવીને કે ટાળીને ભાલણ સીધા જ કથાનક પર આવે છે. મૂળ કથાનક મુજબ શિવનો ક્રોધ પુરુષ રૂપે પ્રગટે છે. શિવ સીધા જ તેને સાગર સિંધુ તટે બાળક સ્વરૂપ ધારણ કરવા આદેશ કરે છે ને એ મુજબ તત્કાલ તે સાગર સિંધુના સંગમ સ્થાને બાળ સ્વરૂપે પ્રગટે છે. મૂળની કથાના નિરર્થક વિસ્તાર છોડીને સીધા જ ક્થા પર આવવાનું ભાલણનું વલણ આખ્યાનને ઉપકારક નિવડ્યું છે.

કવિ હરદાસ મિસણ 'જાલંધર પુરાણ'માં 'શિવ પુરાણ'નો સંદર્ભ લે છે. 'શિવ પુરાણ'માં જાલંધર જન્મની ક્થા આ રીતે આલેખાયેલી છે. ઈન્દ્ર અને ગુરુ બૃહસ્પતિ ભગવાન શિવના દર્શનાર્થે કૈલાસ તરફ આવે છે ત્યારે ભગવાન શિવ તેમની ક્સોટી અર્થે દિગંબર સાધુ સ્વરૂપે તેઓને રસ્તામાં સામા મળે છે. દેવાધિદેવ અને ગુરુ છતાં તેઓ શિવના આ સ્વરૂપને ઓળખી શકતાં નથી. ઈન્દ્ર અભિમાનપૂર્વક દિગંબર સાધુ રૂપે રહેલા શિવનું અપમાન ક્રી તેના પર વજ્રપ્રહાર કરવા તૈયાર થાય છે. ઈન્દ્રના આ પ્રકારના વર્તનથી શિવ રોષે ભરાય છે. આમ, મૂળ કથાનુસાર જાલંધરના જન્મનું નિમિત્ત શિવનો રોષ છે. જો કે ગુરુની વિનંતિથી ભોળાનાથ તેઓ બંનેને અભયદાન આપે છે પરંતુ શિવના લલાટમાંથી પ્રગટેલ ક્રોધનું શું કરવુ ? આખરે એ ક્રોધાગ્નિને શિવ સમુદ્રમાં ફેંકે છે. સમુદ્ર અને ગંગા નદીના સંગમ તટે પડેલું એ તેજરૂપ ક્રોધાગ્નિ તત્કાળ બાળક રૂપ બની જાય છે.

જાલંધર જન્મની 'શિવ પુરાણ' અનુસારની ઉપર્યુક્ત કથાને અહીં કવિએ ખપમાં લીધી નથી. એમણે જાલંધરના જન્મ અંગે જુદી કલ્પના કરી છે. તેઓ જાલંધરના જન્મની ક્થા સંદર્ભે કહે છે કે શિવે ઈન્દ્રને અમરાપુરનું અવિચળ રાજ્ય આપી પોતા સમાન સમૃધ્ધિ આપી અભય અમર કર્યો, પરંતુ આ સત્તા અને સંપત્તિને ન જીરવી શકતો ઈન્દ્ર પોતાના બાહુબળ પર અભિમાન કરે છે અને શિવ પાસે જઇ 'આપ સમાન વીર યોધ્ધો' ઉત્પન્ન કરી તેની સાથે યુધ્ધનું વરદાન માગે છે. ગર્વિષ્ઠ ઈન્દ્રની આવી અનુચિત માંગણીથી શિવ ક્રોધે ભરાય છે. ક્રોધને કારણે તેમના મુખે પ્રસ્વેદના કણો બાઝે છે. તેને પૃથ્વી પર નાખતાં એમાંથી એક બળવાન વીર પ્રગટે છે. શિવ તેને સમુદ્ર અને સિંધુના સંગમ તટે

સાગરના પુત્ર સ્વરૂપે જન્મવાનો આદેશ આપે છે અને તત્કાળ તે સાગર સિંધુના સંગમ તટે શિશુ સ્વરૂપે જન્મ ધારણ કરે છે. અહીં હરદાસ મિસણ 'શિવ પુરાણ' કરતાં 'પદ્મ પુરાણ'ને અથવા તો જો તેની પૂર્વે લખાયેલા ભાલણના 'જાલંધર આખ્યાન'ને તેણે વાંચેલું હોય તો તેનું વધારે અનુસરણ કરતાં જણાય છે. જાલંધર જન્મની કથાના 'શિવપુરાણ'માંના પ્રસંગોને આંશિક પણ કવિ સ્પર્શ્યા જણાતા નથી. શિવના ક્રોધમાંથી જાલંધરનો જન્મ થાય છે. એ તો બંને સંદર્ભ જણાવે છે પરંતુ એ રોષના કારણરૂપ બંને મૂળકથા પ્રસંગોને ટાળીને હરદાસ મિસણે શિવના ક્રોધના કારણરૂપે જે મૌલિક પ્રસંગ નિરૂપ્યો છે. તે કવિની મૌલિક કલ્પના શક્તિનું જવલંત ઉદાહરણ બની રહે છે. 'અધૂરો ઘડો છલકાય' એ ન્યાયે સત્તા-સંપત્તિ ન જીરવી શકતા ગર્વિષ્ઠ ઇન્દ્રની અનુચિત માગણીથી શિવ ક્રોધે ભરાય છે એ કવિનુ નિજી ઉમેરણ છે. પછીના કથાંશોમાં પણ તે 'પદ્મપુરાણ'ની કથાને અનુસરતા જણાય છે.

વિષ્ણુદાસ 'જાલંધર આખ્યાન'નો સંદર્ભ 'પદ્મપુરાણ'માંથી લે છે. જાલંધર જન્મની 'પદ્મ પુરાણ'ની કથાના માત્ર અંશો જ વિષ્ણુદાસે લીધા છે. ઇન્દ્રનું અપ્સરાઓ આદિ સાથે કૈલાસ પર જવું, ઇન્દ્રનું શિવને રીઝવવા અપ્સરાઓ સાથે નૃત્ય, શિવનું પ્રસન્ન થઇ ઇન્દ્રને વરદાન માગવા કહેવું વગેરે અંશોને કવિ અનુસર્યા છે અને પોતાના કવિત્વથી ખૂબ સરસ રીતે ખીલવ્યા છે. મૂળમાં ઇન્દ્રની યુધ્ધના વરદાનની માગણીથી શિવ તરત જ ક્રોધે ભરાય છે. અહીં કવિ મૂળથી થોડા અલગ પડે છે. અહીં ઇન્દ્રની ગર્વભરી માગણીથી ઉમાપતિ હસીને તેને આવો ગર્વ ન કરવા સમજાવે છે. પરંતુ ઇન્દ્ર શિવની વાત સાથે સંમત ન થતાં કહે છે, ''જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી જ અભિમાન છે. આ બધી જીવતાંની જ માયા છે. મર્યા પછી તો કાગડા, સમડી પણ દેહમાંથી આંખો કાઢી શકે છે માટે બીજી બધી વાત મૂકી મને યુધ્ધ આપો.'' એમ કહેતા ઇન્દ્ર મૂછ મરડે છે, અંગ મોડે છે, હાથ ઝાટકે છે. ગર્વિષ્ઠ ઇન્દ્રના આવા વર્તનથી શિવ ક્રોધાવેશમાં આવી તેને યુધ્ધનું વરદાન આપે છે. અપ્સરાઓ સાથે ઇન્દ્રના નૃત્યના વર્ણનમાં કવિ ખીલ્યા છે. તો વળી ઇન્દ્રના આ અભિમાની વર્તનના વર્ણનને પણ કવિ પોતાની મૌલિક પ્રતિભા વડે ખીલવી શક્યા છે. આખ્યાન કવિ પ્રજાના માનસને કેન્દ્રમાં રાખી પ્રસંગોની ગૂંથણી કરે છે. વિષ્ણુદાસને આની સારી ફાવટ હોય તેમ જણાય છે. શિવની સમજાવટ છતાં ઇન્દ્રનું અહંકાર યુક્ત વર્તન શિવના ક્રોધને યથાર્થ ઠેરવે છે.

જાલંધર જન્મના કથાંશોને અહીં સુધી કવિ મહદ્અંશે અનુસર્યા છે, પરંતુ પછી મૂળ કથાથી કવિ જુદા પડે છે. ક્રોધે ભરાયેલા ભગવાન શિવના ભાલે પ્રસ્વેદ વળે છે. એ વાત 'શિવપુરાણ'માં છે.

હરદાસ મિસણના 'જાલંધર પુરાણ'માં છે. કવિને એ સદર્ભ ત્યાંથી મળ્યો જણાય છે, પરંતુ એમાં પણ કવિ ફેરફાર કરે છે. મૂળમાં પ્રસ્વેદના કણોને શિવ પૃથ્વી પર નાખતાં જ તેમાંથી પુરુષદેહ પ્રગટ થાય છે. અહીં શિવ પોતાના હાથ વડે એ પ્રસ્વેદબિંદુઓ લઈને બાજુમાં જળ ભરેલું કુંડું હતું તેમાં નાખે છે. એ પ્રસ્વેદ કણ કુંડામાં મોટો પરપોટો બને છે. આ પરપોટો અનેક પ્રયાસો છતાં ફૂટતો નથી. શિવ નંદીને આ પરપોટો સિંધુના પાણીમાં જઈને મૂકવા કહે છે. નંદી એ પરપોટો સાગરના જળ વચ્ચે મૂકે છે. ત્યાં એ પરપોટો વધારે વૃધ્ધિ પામે છે. સમુદ્રમાં જળના ગોટ ઉડાડતો એ પરપોટો સમય થતાં ફૂટે છે. તેમાંથી એક પુરુષદેહ પ્રગટે છે. આમ, જાલંધર જન્મનો આ પ્રસંગ 'પદ્મ પુરાણ' કરતાં 'શિવ પુરાણ'ની વધારે નજીક છે. શિવના ક્રોધને સીધા પુરુષરૂપને બદલે પરપોટારૂપે અને પછી પુરુષરૂપે પ્રગટ કરીને કવિ ભાવકોના વિસ્મય રસને પોષે છે.

શિવદાસ પોતાના 'જાલંધર આખ્યાન'ની સંદર્ભ સામગ્રી લેખે 'પદ્મપુરાણ' અને મહાભારતના હરિવંશ કથાનકનો ઉલ્લેખ કરે છે, પરંતુ જાલંધરના જન્મની કથામાં તે 'શિવપુરાણ'ની કથાને થોડા ફેરફાર સાથે અનુસરતા જણાય છે. 'શિવપુરાણ' અનુસાર ઇન્દ્ર માત્ર ગુરુ બૃહસ્પતિ સાથે કૈલાસ પર્વત પર જાય છે. અહીં ઇન્દ્ર બીજા દેવો અને બૃહસ્પતિ સાથે કૈલાસ પર્વત પર ભગવાન શિવના દર્શનાર્થે આવે છે, ત્યાં લાઘવયુક્ત છતાં શિવધામ રૂપ કૈલાસનું દિવ્ય કહી શકાય એવું વર્ણન તેમજ મૂળ કથાનુસાર દિગંબર સાધુ રૂપે નહીં, પરંતુ વિકરાળ અને પર્વત સમાન વિરાટ રૂપે રહેલા શિવનું વર્ણન કવિનું નિજી ઉમેરણ છે. મદાંધ ઇન્દ્ર શિવનું અપમાન કરી તેના પર વજ્ર પ્રહાર કરે છે ત્યારે ભગવાન શિવને મહા ક્રોધ થાય છે અને એ ક્રોધમાંથી અગ્નિતેજ સમાન કૃત્યા પ્રગટે છે. શિવને ઓળખી ગયેલા ઇન્દ્ર શિવ પાસે ક્ષમા પ્રાર્થે છે. શિવ પોતાનું આ તેજ ઇન્દ્રને જ સોંપે છે અને તેને સમુદ્રમાં જઇ મૂકવાનું કહે છે. તત્કાળ ઇન્દ્ર એ તેજ ગંગાસાગરના સંગમતટે જઈને મૂકે છે અને એ જ સમયે ત્યાં એક પ્રચંડ નર પ્રગટ થાય છે. રુદ્ર જેવા શરીરધારી એ પુરુષની ગર્જનાથી સમગ્ર બ્રહ્માંડ ખળભળી ઊઠે છે. બ્રહ્માજી જોવાને માટે જાય છે ત્યાં એક પ્રચંડ પુરુષને જુએ છે. પછીની તરતની પંક્તિમાં સાગર પોતાના પુત્ર તરીકે એની ઓળખ બ્રહ્માને આપે છે અને બ્રહ્મા એ બાળકને પોતાના ખોળામાં લે છે. આ બંને બાબતો વચ્ચે કવિ મેળ બેસાડી શકતા નથી. વળી અગ્નિતેજ સમાન કૃત્યાને ગંગા સાગરના સંગમ તટે જઈને મૂકવાથી એ જ સમયે ત્યાં પ્રચંડ નર પ્રગટ થાય છે એ વાત કવિની મૌલિક છતાં ધારી અસર નિપજાવી શકતી નથી.

## ❖ જાલંધરનું નામકરણ :

જાલંધરની નામકરણ વિધિમાં ભાલણ મૂળ કથાને વફાદાર રહ્યા છે. બાળકના રડવાના ભયંકર અવાજથી ત્રિલોકમાં ત્રાસ વર્તાય છે. ઇન્દ્રાદિ દેવોની વિનંતીથી ખુદ બ્રહ્મા સાગરતટે આવે છે. બાળકને બ્રહ્માના ખોળામાં મૂકવામાં આવે છે, ત્યારે સમુદ્રપુત્રે બ્રહ્માની દાઢીના વાળ જોરથી પકડ્યા જેને બ્રહ્માજી છોડાવી શકયા નહીં. સમુદ્રે પોતાના પુત્રના હાથમાંથી માંડ માંડ દાઢીના વાળ છોડાવ્યા. બાળકનું આવું અદ્‌ભુત પરાક્રમ નિહાળી ખુદ બ્રહ્માએ તેને પ્રેમથી 'જાલંધર' એટલે કે *''जालं-कूर्चस्थबाल समूहं धरति इति जालंधर''* । નામે બોલાવ્યો અને એ સમુદ્ર પુત્ર 'જાલંધર' નામે ઓળખાયો. આ સમગ્ર પ્રસંગમાં કવિ મૂળને અનુસર્યા છે.

'શિવ પુરાણ' અનુસાર સાગરપુત્રે પિતામહની આંખોમાંથી આંસુ વહાવ્યાં એટલે એનું નામ 'જાલંધર' રાખ્યું, પરંતુ 'જાલંધર પુરાણ'માં હરદાસજી જાલંધરના નામકરણ અંગે આવો કોઇ સંદર્ભ આપતા નથી. 'જાલંધર પુરાણ' અનુસાર તો સાગર પુત્રને જોઇને પ્રસન્ન થયેલા બ્રહ્માજી એના જીવન સૌભાગ્યની પ્રસંશા કરી બાળકના હાથમાં જન્મજાત જાળ હોવાથી તેનું નામ 'જાલંધર' રાખે છે. આ રીતે હરદાસજી મૂળથી જુદા પડે છે.

વિષ્ણુદાસ આ પ્રસંગને વિગતે વર્ણવે છે. બાળકનાં પરાક્રમોથી વાજ આવી ગયેલા સાગર સહિત તમામ દેવો બ્રહ્મા પાસે જાય છે. બ્રહ્મા સહિત સાગર તટે પહોંચેલા દેવો સાગરમાં રહેલા એ પરાક્રમીને સ્તવન કરીને બહાર આવી દર્શન આપવા વિનંતી કરે છે. આ કવિનું નિજી ઉમેરણ છે. બાળક બ્રહ્માના ખોળામાં આવી બ્રહ્માની દાઢી ગ્રહે છે. બાળક દેવોને, 'તમો કોણ છો ? અહીં શા માટે આવ્યા છો ?' વગેરે પ્રશ્નો કરે છે. બ્રહ્મા જગત નિયંતા તરીકે પોતાની ઓળખ આપે છે. 'તમો જગત નિયંતા છો તો અમારું નામકરણ કરો, અમને અહીંથી કાઢી કૃતાર્થ કરો અને કોઇ જગ્યાએ રાજ્ય આપો'. આ બધી જ વિગતોના વર્ણનમાં કવિ મૂળથી જુદા પડે છે. કવિના આ ફેરફારો સામે પ્રશ્નાર્થચિહ્ન એ મુકાય છે કે ખોળામાં સૂતેલું બાળક આવી માગણી કરી શકે ખરું ? વર્ણનની દૃષ્ટિએ રસપ્રદ એવાં વર્ણનો, છતાં કવિ કથાંશો વચ્ચે મેળ બેસાડી શક્યા નથી. જો કે જાલંધરના નામકરણમાં કવિ મૂળને અનુસર્યા છે.

''પ્રથમ જાળું તે માહારૂં ઝાલ્યું, નામ જાલંધર કહીએ રે.''

જાલંધરના નામકરણમાં 'શિવદાસ' મૂળને અનુસરે છે. અહીં પણ શિવદાસ 'પદ્મપુરાણ' અને 'શિવપુરાણ' બેઉનો સંદર્ભ લેતા જણાય છે. બ્રહ્માના ખોળે રહેલો સમુદ્રપુત્ર બ્રહ્માની દાઢીના વાળ જોરથી ખેંચે છે. (પદ્મપુરાણ) જેની પીડાથી તેના બેઉ નેત્રોમાંથી જળની ધારા વછૂટે છે (શિવપુરાણ) ઉપરાંત ત્રીજો સંકેત આપતાં કવિ કહે છે કે અગ્નિની જ્વાળ જેવું બાળકનું પરાક્રમ નીરખીને બ્રહ્મા એનું નામ 'જાલંધર' પાડે છે. બાળકને વરદાન આપવા સાથે મહાદેવના હાથે એનું મૃત્યુ હશે એવું એનું ભવિતવ્ય પણ જાહેર કરે છે.

## ❖ જાલંધરનો રાજ્યાભિષેક :

'પદ્મપુરાણ' અનુસાર જાલંધર તત્કાળ યૌવન પામે છે અને જાલંધરની માગણીથી સમુદ્ર 'જાલંધરપુર'નું નિર્માણ કરે છે. અહી ભાલણે જાલંધરને સમય જતા યૌવન પામેલો બતાવ્યો છે. 'જાલંધરપુર'ની જાલંધરની માગણીથી સાગર 'જાલંધરપુર'નું નિમાર્ણ કરે છે. એ નગરના વર્ણનમાં ભાલણ પોતાની કવિ પ્રતિભાના મૌલિક ચમકારા બતાવી શક્યા છે. મૂળે એ વર્ણન ખૂબ લાંબું અને કંટાળાજનક છે. અહીં ભાલણ લાઘવયુક્ત કાવ્યાત્મક શૈલીમાં તેનું વર્ણન કરે છે. આ રીતે કથાની સળંગસૂત્રતાને કવિએ આંચ આવવા દીધી નથી. 'જાલંધરપુર'ના નિર્માણ બાદ સાગરપુત્ર જાલંધરને એક હજાર 'મહાપદ્મ'ની સંખ્યા ધરાવતું સૈન્ય અર્પણ કરે છે એ જ રીતે દૈત્ય ગુરુ શુક્રાચાર્ય પણ જાલંધરને 'મૃત સંજીવની' વિદ્યા અને રુદ્રને પણ વિશેષ મોહ પમાડનારી પોતાની માયા અર્પણ કરે છે. મૂળની આ વિગતોને આપવાનું ભાલણ ટાળે છે. આમાંની 'મૃત સંજીવની' વિદ્યા આપવાની વિગત ટાળીને ભાલણે આખ્યાનને ઉપકારક કામ કર્યું છે. કેમકે મૂળે જ એ વિગત ભૂલ ભરેલી છે. જો જાલંધર 'મૃત સંજીવની' વિદ્યા જાણતો હોત તો તેણે જ મરેલા દૈત્યોને સજીવન કર્યા હોત, પરંતુ મૂળમાં કે અહીં તેમ બનતું નથી. તેથી આ વિગત છોડી દેવી જ યોગ્ય હતી. શિવને માયાવી શક્તિ વડે મોહ પમાડવાનો પ્રયત્ન જાલંધરે કર્યો છે તેથી એ વિગત ભાલણે દર્શાવી હોત તો એ આખ્યાનને ઉપકારક નીવડત. જો કે આ વિગતને ટાળવાથી પ્રસ્તુત કથાનકને ખાસ કશું નુકશાન થતું નથી. કારણ કે, ભાવકો જાણે છે કે દૈત્યો પાસે અમુક પ્રકારની માયાવી શક્તિઓ તો હોય છે જ.

'શિવપુરાણ' અનુસાર જાલંધર તત્કાળ યૌવન પામે છે અને બ્રહ્માજી તેની હાજરીમાં શુક્રાચાર્યને તેડાવી જાલંધરનો રાજ્યાભિષેક કરાવે છે. 'જાલંધર પુરાણ'માં આ પ્રકારનું કથન નથી. અહીં જાલધર કાળક્રમે યૌવન પામે છે. યુવાન જાલંધરનાં પરાક્રમોની ખ્યાતિ સાંભળી શુક્રાચાર્ય તેને જોવા પધારે છે. ત્યારબાદ મયદાનવને બોલાવીને 'જાલંધર નગરી'નું નિર્માણ કરાવી જાલંધરનો

રાજ્યાભિષેક કરવામાં આવે છે. આ કવિનું મૌલિક ઉમેરણ છે. હરદાસજીએ જાલંધર નગરીનું જે વર્ણન કર્યું છે તે મધ્યકાલીન ગઢ, કિલ્લા, કાંગરાવાળા નગરને મળતું આવે છે. આ રીતે કવિએ અહીં યુગ પ્રભાવ ઝીલ્યો જણાય છે.

જાલંધરના રાજ્યાભિષેક સંદર્ભે વિષ્ણુદાસે 'પદ્મપુરાણ'ની બધી જ વિગતો આપવાનું ટાળ્યું છે એટલું જ નહિ, 'જાલંધરપુર'ના નિર્માણની વાતને પણ છોડીને જાલંધરને સીધી કન્યા અને રાજ્ય બંને એક સાથે મળી જાય એવી યુક્તિ કવિ અજમાવે છે જે વાર્તારસને પોષક નીવડે છે.

મૂળકથાનકમાં જાલંધરની માગણીથી સમુદ્ર 'જાલંધરપુર'નું નિર્માણ કરે છે તેનું વિગતે વર્ણન મળે છે એ પ્રસંગને જ કવિ શિવદાસે ટાળ્યો છે. મૂળ કથાનુસાર જાલંધર અહીં તત્કાળ યૌવન પામે છે. ત્રિલોકમાં તેની આણ વર્તાય છે. જાલંધરના રાજ્યાભિષેક જેવા આખ્યાનની કથાને માટે બિનજરૂરી એવા પ્રસંગને શિવદાસ છોડી દે છે તેનાથી ભાવકોનો રસભંગ થતો નથી.

### ❖ જાલંધર વૃંદાના લગ્ન :

'પદ્મપુરાણ'ના મૂળ કથાનકમાં વૃંદાના સંદર્ભે ઘણી માહિતી મળે છે. તે મુજબ એક સમયે સ્વર્ગમાં રહેલી 'સ્વર્ણા' નામની અપ્સરાને 'ક્રૌંચ' નામના ઋષિની કૃપાથી 'વૃન્દા' નામની પુત્રી જન્મી હતી જે અતિશય સૌન્દર્યવાન હતી. શુક્રાચાર્યે જાલંધર માટે અપ્સરા પાસે વૃંદાની માગણી કરી એટલે અપ્સરાએ પોતાની પુત્રી શુક્રાચાર્યને સોંપી. શુક્રાચાર્યના જ આશીર્વાદથી જાલંધર વૃંન્દાને ગાંધર્વ વિવાહ વડે પરણ્યો હતો.

ભાલણ જાલંધર પત્ની વૃંદાને ક્રૌંચગણની કન્યા તરીકે વર્ણવે છે જે જાલંધરના ભયથી પોતાની કન્યાનું કન્યાદાન જાલંધરને કરે છે. મૂળમાં રહેલા દિવ્ય અંશોનો ત્યાગ કરી ભાલણે આ પ્રસંગને માનવીય સ્પર્શ આપ્યો છે. જે કથાને વાસ્તવિકતા તરફ લઈ જાય છે.

'શિવપુરાણ' અનુસાર સમુદ્ર સ્વેચ્છાથી પોતાના પુત્રના લગ્ન કરે છે. જ્યારે 'જાલંધર પુરાણ' અનુસાર જાલંધરના લગ્ન માટે કન્યા શોધવા સાગર ગુરુને કહે છે. આ હરદાસજીનું મૌલિક ઉમેરણ છે. અહીં પણ કવિએ પોતાના યુગનો પ્રભાવ ઝીલ્યો જણાય છે. મધ્યકાળમાં ક્ષત્રિયો માટે કન્યા શોધવાનું કાર્ય રાજ કવિ ચારણો અથવા કુલ ગુરુ બ્રાહ્મણોને સોપાતું જેનું પ્રતિબિંબ અહીં પડેલું જોઈ શકાય છે. વળી, 'શિવપુરાણ' વૃંદાને અસુર કાલનેમિની કન્યા તરીકે વર્ણવે છે. જ્યારે હરદાસજી વૃંદાને પર્વતરાજ કુરિચની પુત્રી કહે છે. મૂળ કથાનુસાર સાગર અસુર કાલનેમિને પોતાની પાસે

બોલાવીને તેની કન્યા વૃંદાની પુત્ર જાલંધર માટે માગણી કરે છે. તો 'જાલંધર પુરાણ'માં ગુરુ શુક્રાચાર્ય પર્વતરાજ કુરિચ પાસે જાલંધરના લગ્ન માટે વૃંદાની માગણી કરવા જતાં દર્શાવ્યા છે. અહીં મધ્યકાલીન રીતરિવાજનો પ્રભાવ જોવા મળે છે. વરના પિતા દ્વારા કન્યાના પિતા પાસે કુલગુરુ દ્વારા માગણી કરવાનો રિવાજ મધ્યકાળમાં પ્રચલિત હતો.

આપણે અગાઉ જોયું કે વિષ્ણુદાસે 'જાલંધરપુર'ના નિર્માણ વાળી વાતને બિલકુલ ટાળી છે એટલું જ નહિ, જાલંધરની બહ્મા પાસે રાજ્યની માગણીના સંદર્ભે કવિ એવી યુક્તિ અજમાવે છે કે જાલધરને રાજ્ય અને કન્યા બંને મળી જાય. બ્રહ્માના કહેવા મુજબ પોતાના પરાક્રમ દાખવતો જાલંધર મથુરા પહોંચે છે. ત્યાં ક્રૌંચક નામે રાજા રાજ્ય કરે છે. જાલંધરનાં પરાક્રમ નિહાળી ક્રૌંચક એની સાથે લડતાં, 'એને પહોંચી શકાશે નહિ' એમ વિચારતો પોતાની કન્યા જાલંધરને પરણાવે છે. સમગ્ર રાજ્ય, ધન, ગજ, રથ, વાજિ સહિત કન્યા મળે છે, ને એમ જાલંધર મથુરાનું રાજ્ય પામે છે. આ રીતે 'જાલંધરપુર'ના રહસ્યમય નિર્માણને બદલે જાલંધરને જે રાજ્ય મળે છે તેમાં કવિની મૌલિકતા વાસ્તવિકતાની વધારે નજીક હોઈને હૃદયસ્પર્શી બની રહે છે.

જાલંધરના વૃંદા સાથેના લગ્નના પ્રસંગ કથનને શિવદાસ બિલકુલ જ ટૂંકાવે છે. 'શિવ પુરાણ'ને અનુસરી શિવદાસ જાલંધર પત્ની વૃંદાને કાલનેમિ દૈત્યની કન્યા તરીકે જ નિરૂપે છે. તત્કાળ યૌવનને પામેલા જાલંધરને કાલનેમિ દૈત્યની કન્યા વૃંદા સાથે શિવદાસ તરત જ પરણાવીને એ પ્રસંગ સમાપ્ત કરે છે. આ 'સતી' વૃંદા નારનો પરિચય બે જ પંક્તિમાં આપી એ પ્રસંગમાં રહેલા દિવ્ય અંશોને છોડી કથા પ્રસંગનું વાસ્તવિક નિરૂપણ શિવદાસ કરી શક્યા છે.

### ❖ સમુદ્રમંથનની કથા :

રાહુના આગમનની અને સમુદ્રમંથનની કથામાં ભાલણે બહુ ઝાઝો ફેરફાર કર્યો નથી. રાહુનું જાલંધરની સભામાં આગમન, તેના ધડવિહીનપણાનું કારણ જાણવા શુક્રાચાર્યને જાલંધરની પૃચ્છા અને પ્રત્યુત્તરમાં શુક્રાચાર્ય દ્વારા સમુદ્ર મંથનની કથા એ ક્રમને ભાલણ અનુસર્યા છે. 'પદ્મપુરાણ'માં જાલંધરના કાકા ક્ષીરસાગરના મંથનની વાત છે જે વિગતને ભાલણે ટાળી છે. લોકોને મન તો સમુદ્રમંથન એટલે સમુદ્રનું જ મંથન એવી વિગત આપવાથી બે લાભ થયા. એક તો લોકોની જાણમાં જે વાત છે તેને લોકો પ્રેમથી સ્વીકારી લે. ક્ષીર સાગરવાળી વાત વળી લોકોને અસમંજસમાં મૂકે અને બીજું, કાકા કરતા પિતાના મંથનની વાતથી જાલંધર ઉશ્કેરાય અને દેવો સાથે યુધ્ધ કરવા પ્રેરાય એ વધુ યોગ્ય લાગે. આમ, નાના કે નજીવા ફેરફારથી પણ ભાલણે કથાને સરળ બનાવવા સાથે રોચક

બનાવી છે. આ સાથે મૂળકથામાં જે નથી તે અહીં ભાલણ ઉમેરે છે, તે એ કે સમુદ્ર મંથન પછી જે ચૌદ રત્નો તેમાંથી નીકળ્યાં તે હાલ ક્યાં છે તેની યાદી શુક્રાચાર્ય જાલંધરને આપે છે. એ મુજબ ચૌદમાંનાં મોટાભાગનાં રત્નો દેવાધિદેવ ઈન્દ્ર પાસે છે તેથી તે ઈન્દ્ર સાથે લડાઇ કરવા તૈયાર થાય છે. નહીં તો ભાવકોને જરૂર પ્રશ્ન થાય કે બધા દેવોમાંથી જાલંધર માત્ર ઈન્દ્ર પર ચઢાઇ કરવાનું શા માટે વિચારે ? આમેય ઈન્દ્રના ગર્વનું ખંડન કરવા જ જાલંધર જનમ્યો છે, પરંતુ સીધા ઈન્દ્ર સાથે લડવાના જાલંધરના પ્રયોજનની મૂળકથામાં ખૂટતી લાગતી વિગત ભાલણે અહીં ઉમેરીને કૃતિને ઉપકારક કાર્ય કર્યું છે. મૂળકથામાં રાહુ પર કૃપા કરતો જાલંધર તેને કહે છે, 'હવે તું ઇચ્છાનુસાર રૂપને ધારણ કરનારો થા'. આ વિગત આપવાનું ભાલણને કદાચ યોગ્ય લાગ્યું નથી.

'શિવપુરાણ' અનુસાર 'જાલંધર નગરી'માં જાલંધર એકવાર પોતાની રાજ્યસભાને નિહાળી રહ્યો હતો તેમાં તેણે ધડ વગરના રાહુને જોયો અને તેણે ગુરુ શુક્રાચાર્યને રાહુના શિરચ્છેદનની વાત સંભળાવવા વિનંતી કરી. 'જાલંધર પુરાણ'માં કવિ આ રીતે કથામાં રાહુનું આગમન દર્શાવતા નથી. એમાં તો રાજ્યાભિષેક પછી જાલંધર શિવને પ્રસન્ન કરવા રાજ્ય છોડી વનમાં તપ કરવા જાય છે. પ્રસન્ન થયેલા શિવજી સામેથી જાલંધરને વરદાન માગવા કહે છે અને ત્યારે જાલંધર પોતાના માટે કશું માગવાને બદલે એક પ્રજા વત્સલ રાજવી તરીકે સમગ્ર રાજ્યની પ્રજા માટે સુખ-વૈભવ, તંદુરસ્તી અને સદા યૌવન માગે છે. આ પ્રકારે જાલંધરના તપનું કે એને મળેલા વરદાનનું 'શિવપુરાણ'માં વર્ણન નથી. આ હરદાસજીનું મૌલિક ઉમેરણ છે. આ પ્રકારના ઉમેરણથી હરદાસજી જાલંધરનું એક ભક્ત, પ્રજાવત્સલ રાજવી તરીકેનું સબળ વ્યક્તિત્વ ઉપસાવવામાં ખૂબ જ સફળ રહ્યા છે. તે એટલે સુધી કે હરદાસજીના જાલંધરના સુરાજ્યના વર્ણનને ચારણી સાહિત્યમાં ઉપમા તરીકે સ્વીકારી કોઈપણ સુરાજ્યને માટે ચારણી સાહિત્યમાં 'જાલંધરવાર' (જાલંધરનો સુરાજ્ય કાળ) એમ કહીને બિરદાવવામાં આવે છે. જાલંધરના સુરાજ્યના વર્ણન પછી કથામાં રાહુનો પ્રવેશ થાય છે. 'શિવપુરાણ' કરતાં અહીં રાહુનો પ્રવેશ મૌલિક અને વધુ વાસ્તવિક લાગે છે. અહીં સભા ભરીને બેઠેલા જાલંધરની સમક્ષ રાહુ પોતાના ધડવિહીનપણાની ફરિયાદ લઇને આવે છે અને આ યાતનામાંથી મુક્તિ યાચે છે ત્યારે જાલંધર ગુરુ શુક્રાચાર્ય પાસે રાહુનો પરિચય માગે છે અને એના ધડવિહીનપણાનું કારણ પૂછે છે. 'શિવપુરાણ' અનુસાર તો જાલંધરની પૃચ્છાના જવાબમાં શુક્રાચાર્ય તરત જ સમુદ્રમંથનની કથા સંભળાવે છે, પરંતુ અહીં શુક્રાચાર્ય રાહુનો પરિચય તો આપે છે, પરંતુ સાગર મંથનની કથા કહેતા સંકોચ અનુભવે છે. એમાં તેમના યજમાનહિતૈષીપણાના દર્શન થાય છે. અહીં પણ હરદાસજી 'શિવ

પુરાણ' કરતાં વધુ વાસ્તવિક બન્યા છે. યજમાનને થયેલા અન્યાયનું દુઃખ જે રીતે ગુરુના મુખે પ્રગટે છે તે કવિની મૌલિક સૂઝનું પરિણામ છે. અહીં કવિ વધુ માનવીય બનતા જણાય છે. વળી 'જાલંધર પુરાણ' માં કવિએ રસસ્થાન પારખીને આ કથામાં વિષ્ણુ ભગવાનના કૂર્માવતારની, શંખાસુર વધની કે મોહિની સ્વરૂપ ધારણ કર્યાની વાત વિગતે નિરૂપી છે. કુલ ૧૪૨ કડીઓમાં આ ઉપાખ્યાનને વિસ્તૃત રીતે કવિએ નિરૂપેલ છે. જાલંધર અને દેવોની શત્રુતાનું મુખ્ય કારણ બની રહે છે એ સમુદ્રમંથનની કથા 'શિવ પુરાણ'ના ૧૫ માં અધ્યાયમાં ૯ થી ૧૬ એમ કુલ આઠ જ શ્લોકમાં નિરૂપાઇ છે. 'શિવ પુરાણ'માં સાગરમંથનની કથા પછી રાહુનો કોઇ ઉલ્લેખ મળતો નથી. જ્યારે 'જાલંધર પુરાણ' અનુસાર જાલંધર રાહુનું દુઃખ ફેડવા શિવના શરણે જાય છે અને કહે છે કે એજ સાચો માલિક છે જે પોતાના સેવકના સુખે સુખી અને દુઃખે દુઃખી થાય છે. જાલંધરનાં ચાતુરીપૂર્ણ વ્યંજનાયુક્ત આ ઉચ્ચારણો છે તો પોતાના માટે, પરંતુ જેમ રાહુ જાલંધરનો સેવક છે એમ જાલંધર શિવનો ભક્ત છે. તેથી આ વ્યંજના શિવ સુધી વિસ્તરે છે. ભગવાન શિવ ભક્તના આ મર્મને પામી જાય છે અને ભક્તનું દુઃખ ફેડવા શિવ રાહુને શરીર આપે છે.

વૃંદા અને જાલંધરના લગ્ન પછી બંનેનો દામ્પત્ય પ્રેમ માત્ર બે જ પંક્તિમાં દર્શાવી કવિ જાલંધરના પરાક્રમથી જાલંધર દિગ્વિજયી બન્યો છે એ વર્ણન માટે આખું છઠ્ઠું કડવું રોકે છે જે કવિનું મૌલિક ઉમેરણ છે. જાલંધરના મહાપરાક્રમી હોવાનાં પ્રમાણો આપતું એ કડવું જાલંધરના પાત્રને ઉજાગર કરવા તેમજ કથાના વિકાસને વેગ આપવા માટે ઉપકારક નીવડે છે. ત્યારબાદ રાહુના આગમનની અને સમુદ્રમંથનની કથામાં વિષ્ણુદાસે બહુ ઝાઝો ફેરફાર કર્યો નથી. મૂળ કથાનુસાર રાહુના ધડવિહીનપણાનું કારણ જાલંધર ગુરુ શુક્રાચાર્યને પૂછે છે અને જવાબમાં ગુરુ શુક્રાચાર્ય સમુદ્ર-મંથનની કથા કહે છે. અહીં જાલંધર રાહુને તેના ધડવિહીનપણાનુ કારણ પૂછે છે અને પ્રત્યુત્તરમાં રાહુ દ્વારા સમુદ્રમંથનની કથા કહેવામાં આવી છે. ક્ષીર સાગરવાળી વાતને ભાલણની જેમ જ વિષ્ણુદાસે પણ ટાળી છે. વિષ્ણુદાસની સિદ્ધિ આવા નાના મોટા ફેરફારો કરવામાં તો છે જ, પરંતુ એની મોટી સિદ્ધિ કથા પ્રસંગને બહેલાવીને રજૂ કરવામાં રહેલી છે. કવિ જનમાનસને બરાબર પારખીને મૂળમાં ન હોય એ રીતે કથા પ્રસંગને એવો બહેલાવીને રજૂ કરે છે કે શ્રોતાઓ રસતરબોળ બને છે. અહીં રાહુ જાલંધરને પિતાની સમૃધ્ધિ પાછી લાવવા જે રીતે ઉશ્કેરે છે અને જાલંધર એનો જે વીરતાભર્યો પ્રત્યુત્તર આપે છે તે વિષ્ણુદાસની કથા પ્રસંગને બહેલાવીને રજૂ કરવાની કળાનું ઉત્તમ દ્દષ્ટાંત બની રહે છે. નગરમાં યુધ્ધનો 'પડો વજડાવી' યોધ્ધાઓને તત્પર થવાનો આદેશ આપી જાલધર વૃંદા પાસે જાય

છે. દેવો સાથેના યુધ્ધની વાત જાલંધરના મુખે સાંભળી વૃંદા જાલંધરને પ્રેમથી યુધ્ધ ન કરવા સમજાવે છે. આને માટે કવિ આખું નવમું કડવું રોકે છે. પતિના હિત-અહિતની ચિંતા કરતી સમજુ અને પ્રેમાળ પત્નીના રૂપમાં વૃંદાનુ પાત્ર કવિ અહીં ઉપસાવી શક્યા છે. જાલંધરને યુધ્ધ કરતાં 'જીતે તો પિતાનાં રત્નો અને મરે તો અપ્સરા વરે' એમ બંને તરફ લાભ જ લાભ છે. પરંતુ વૃંદાને બંને તરફ કંથ ખોવાનો વારો છે એવું જણાવી કવિ વૃંદાના મુખે કંથ વગરની પત્નીની દશા કેવી થાય તે ગદ્ગદ કંઠે વર્ણવે છે. આ તમામ પ્રસંગો કવિનાં મૌલિક ઉમેરણો છે જે કવિત્વના દ્યોતક છે.

શિવદાસને 'જાલંધર આખ્યાન'માં જાલંધરની સાથે જ નરકાસુરની કથાને પણ સમાવવી છે તેથી જાલંધર વૃંદાના લગ્ન પછી તરત જ કવિ જાલંધર શિવનું યુધ્ધ નિરૂપે છે. એ પછી સમુદ્રમંથનની કથા આપે છે. મૂળમાંની વિગતોનો ક્રમ ન જાળવીને શિવદાસે જાણ્યે અજાણ્યે કથાની વસ્તુ સંકલનાને હાનિ પહોંચાડી છે. શિવદાસ મૂળકથાનક અને તેમના તમામ પુરોગામીઓથી અહીં જુદા એ રીતે પડે છે કે, અહીં સાગરમંથનની કથા કાલનેમિ દૈત્ય દ્વારા જાલંધરને કહેવામાં આવી છે. એક દિવસ સભામાં જાલંધર પ્રસન્નતાપૂર્વક બેઠો છે. અર્ધાંગે વૃંદા શોભે છે. ઘણા અસુરો તેની સેવામાં છે ત્યારે ત્યાં એકઠા મળેલા અસુરો ભૂતકાળના સાગરમંથનની કથા સ્મરે છે ત્યારે કાલનેમિ દૈત્ય જાલંધરને કહે છે, ''દેવોએ સાગર મથીને આપણાં તમામ રત્નો લઇ લીધાં અને વિષ્ણુએ રાહુનો શિરચ્છેદ કર્યો. અમૃત દેવોને પાઇ દીધું''. આ બધું સાંભળી જાલંધર ક્રોધે ભરાય છે અને પોતાના પિતાને દુઃખ દેનાર વિષ્ણુ સહિત દેવોને મારવા તૈયાર થાય છે. પ્રસંગોના ક્રમમાં ઉલટસૂલટ અને અત્યંત ટૂંકા પ્રસંગકથનથી શિવદાસના કથન વર્ણનમાં ઘણી અસ્પષ્ટતાઓ રહી જવા પામે છે. વળી અહીં રાહુનો માત્ર ઉલ્લેખ જ થાય છે. રાહુનો પાત્ર રૂપે અહીં પ્રવેશ કવિ કરાવતા નથી. આમ, શિવદાસ દ્વારા થયેલા ફેરફારો યથાર્થ જણાતા નથી.

### ❖ જાલંધર ઈન્દ્રનું યુધ્ધ :

રાહુ અને સમુદ્રમંથનની કથા પછી રોષે ભરાયેલો જાલંધર ઈન્દ્ર સાથે યુધ્ધ કરે છે એ પ્રસંગ ક્રમને ભાલણ, હરદાસજી અને વિષ્ણુદાસ ત્રણે કવિઓ અનુસરે છે. સમુદ્રમંથનની કથા સાંભળી ઉશ્કેરાયેલો જાલંધર દુર્વારણ નામના દૈત્યને દૂત તરીકે ઈન્દ્ર પાસે મોકલે છે. દૂત જાલંધરનો મૌખિક સંદેશો ઈન્દ્રને આપે છે અને ઈન્દ્ર જાલંધરને પ્રત્યુત્તર મોકલે છે. એ બધી વિગત મૂળકથાને બરાબર મળતી આવે છે. એ પછીની જાલંધર ઇન્દ્ર વચ્ચેની લડાઇની વિગતોમાં ભાલણે જે ક્રમે કથા પ્રસંગોની પસંદગી કરી છે તે પ્રશંસનીય છે. મૂળકથાનકમાં અધ્યાય-૬ ના શ્લોક ૧ થી ૬૮ માં લંબાણપૂર્વક

જાલંધરની યુધ્ધ માટેની તૈયારી, તેની સેના, સેનામાં રહેલા દૈત્યો, તેનાં વાહનો વગેરેની વિગતપૂર્ણ રજૂઆત છે. એ સિવાય, જાલંધરને આટલી મોટી સેના સાથે આવેલો જોઇ ઇન્દ્ર યુધ્ધ કર્યા વગર જ વિષ્ણુને શરણે જાય છે અને વિષ્ણુને સાથે લઇ રણમેદાનમાં જાય છે. આ બધી વિગતોમાં ભાલણે જે ફેરફારો કર્યા છે તે કૃતિને વધુ રસિક બનાવે છે. ખૂબ જ ટૂંકું છતાં કાવ્યાત્મકતાથી સભર એવું જાલંધરની સેનાનું ઇન્દ્ર પર ચઢાઇનું વર્ણન વીરરસને પોષક બન્યું છે. જાલંધર ઇન્દ્ર વચ્ચેના અતિ ઘોર સંગ્રામમાં ઇન્દ્ર રણમેદાન છોડી ભાગે છે. જાલંધર સ્વર્ગ પર અધિકાર જમાવે છે. દેવો ભયભીત બની વિષ્ણુને શરણે જાય છે. મૂળકથામાં વિષ્ણુના દ્વારપાળ વિજયે વિષ્ણુને દેવોના આગમનના સમાચાર આપ્યા ત્યારે બાજુમાં બેઠેલા લક્ષ્મીજી વિષ્ણુને કહે છે, ‘‘દેવો માટે તમે જ્યારે યુધ્ધ કરો, ત્યારે તમારે મારા ભાઇ જાલંધરને મારા ઉપરની પ્રીતિના કારણે મારવો નહિ. એ જ્યારે શાપિત થશે ત્યારે જ મારવા યોગ્ય થશે.’’ લક્ષ્મીની આ વિનંતીનો કોઇ જવાબ વાળ્યા વગર ભગવાન વિષ્ણુ ગરુડારૂઢ થઇ વૈકુંઠમાંથી બહાર નીકળી જાય છે.

ભાલણના આખ્યાનમાં આ પ્રસંગ વધારે રોચક બન્યો છે. આ પ્રસંગે વિષ્ણુ અને લક્ષ્મી એ બંને દૈવી પાત્રો વધુ માનવીય જણાય છે. લક્ષ્મી અને વિષ્ણુ આમ પતિ-પત્નીની જેમ પ્રેમથી વાર્તાલાપ કરતાં બેઠા છે ત્યારે દેવોને ભયભીત બની આવતા જોઇ વિષ્ણુ લક્ષ્મીને કહે છે કે, ‘‘આ બધા દેવો તારા ભાઇની હેરાનગતિને કારણે દોડ્યા આવે છે. તે મને યુધ્ધનું નિમંત્રણ દેવા આવે છે. મારે જરૂર તેમના રક્ષણ માટે જવું પડશે.’’ ત્યારે લક્ષ્મીજી વિષ્ણુને કહે છે, ‘‘યુધ્ધમાં મારા ભાઇ પર દયા કરજો, તેને હણશો નહિ.’’ લક્ષ્મીની આ વિનંતીનો વિષ્ણુ સ્વીકાર કરે છે. આ પ્રસંગમાં મૂળ પુરાણના લક્ષ્મીજીના પાત્ર કરતા ભાલણના લક્ષ્મીજી વધારે માનવીય ગુણો ધરાવતા દેખાય છે. પોતાના ભાઇની ચિંતા કરતી બહેન પોતાના પતિ પાસે તેનું જીવનદાન માગે અને વિષ્ણુ એ સહર્ષ સ્વીકારે પણ ખરા ! ત્યાં જ ભાલણે આ બંને પાત્રોને માનવીય સંસ્પર્શ આપી નિખાર આપ્યો છે.

જાલંધર ઇન્દ્ર પર ચઢાઇ કરે છે એ પ્રસંગ કથા ‘શિવપુરાણ’ અને ‘જાલંધર પુરાણ’માં સમાન છે. માત્ર સંદેશવાહક દૂતના નામમાં ભેદ જોવા મળે છે. ‘શિવપુરાણ’ના દૂતનું નામ ‘ઘસ્મર’ છે. જ્યારે ‘જાલંધર પુરાણ’ના દૂતનું નામ ‘દુર્વારણ’ છે. (‘પદ્મપુરાણ’માં પણ ‘દુર્વારણ’ નામ મળે છે) ઘસ્મર કેવળ મૌખિક સંદેશો લઇને જાય છે, જ્યારે દુર્વારણ જાલંધરનો પત્ર લઇને જાય છે. ‘ઘસ્મર’ની યાત્રા સંબંધે ‘શિવ પુરાણ’ મૌન છે, જ્યારે દુર્વારણ રથારૂઢ થઇ ઇન્દ્ર પાસે જાય છે. પ્રાતઃકાળે પહોંચેલો દુર્વારણ દ્વારપાળ સાથે પોતાના આગમનનો સંદેશો આપ્યા બાદ ઇન્દ્રના દરબારમાં પ્રવેશ મેળવે છે.

દુર્વારણ ઇન્દ્રને જાલંધરનો પત્ર આપે છે અને ઇન્દ્રના દરબારનો માણસ એ પત્ર વાંચી સંભળાવે છે. આમ, હરદાસજી નાના નાના ફેરફારો દ્વારા મધ્યકાલીન રાજરીતિને અનુસરતા જણાય છે. 'શિવ પુરાણ' કરતાં 'જાલંધર પુરાણ'નું યુધ્ધ વર્ણન વધુ રોચક બનવા પામ્યું છે. હરદાસજીએ પોતાના યુગમાં યુધ્ધો જોયાં છે. તેનો 'આંખે દેખ્યા અનુભવ' અહીં કામ કરી ગયો છે. હરદાસજીએ યુધ્ધ વર્ણનોને બહેલાવીને રજૂ કર્યાં છે. યુધ્ધ માટે તૈયારી કરતાં સૈન્યો, યુધ્ધનાંઉપકરણો, યુધ્ધ સમયનું વાતાવરણ, રણભૂમિમાં વગાડાતાં વાજિંત્રો, સૈન્યોની ચહલપહલ, યુધ્ધનો કોલાહલ, રક્ત-માંસ યુક્ત વેરાયેલાં અંગ - ઉપાંગો ઇત્યાદિના કરુણાજનક દર્શન વર્ણનથી બીભત્સ રસ નિપજાવી કવિ યુધ્ધનું જીવંત દર્શન કરાવે છે. જાલંધરના યુધ્ધ પરાક્રમોથી ભયભીત બનેલા દેવો રણમેદાનમાંથી નાસી જઇ વિષ્ણુને શરણે જાય છે અને દેવોની વિનંતીથી વિષ્ણુ જાલંધર સાથે યુધ્ધ કરવા જાય છે ત્યારે લક્ષ્મીજીની પોતાના ભાઇને ન હણવાની આજીજી મૂળ કરતાં વધુ આર્દ્ર રૂપે રજૂ થઇ છે. માનવતા સભર ભાવોની અભિવ્યક્તિ કરતાં લક્ષ્મીજી પૌરાણિક દેવી ન રહેતાં માનવદેહધારી લાગણીસભર બહેન બની રહે છે. 'શિવપુરાણ'માં પોતે જાલંધરને હણવા શક્તિમાન નથી એવું નિખાલસતાપૂર્વક કબૂલ કરતાં વિષ્ણુ અહીં ચતુર બનતા જણાય છે. તે લક્ષ્મીજીની વિનંતીનો પ્રત્યુત્તર ન આપતા મુત્સદ્દીભર્યું મૌન સેવે છે. ('પદ્મપુરાણ'માં વિષ્ણુ મૌન સેવે છે. ભાલણના વિષ્ણુ લક્ષ્મીજીની વિનંતીનો સ્વીકાર કરે છે.)

યુધ્ધના કથાનકમાં 'જાલંધર પુરાણ' એક આડકથાને વણે છે જે મૂળમાં નથી. ઇન્દ્ર દ્વન્દ્વ યુધ્ધ કરે છે. પરાજિત ઇન્દ્ર બલિદાનવની પ્રશંસા કરી તેને વરદાન આપવા પ્રેરે છે. બલિદાનવ ઇન્દ્રને વરદાન માગવા કહે છે ત્યારે ઇન્દ્ર પોતાના હાથે બલિદાનવનું મૃત્યુ માગે છે. ટેકીલો દાનવ વચન ખાતર ઇન્દ્રને હાથે પોતાનું માથું કપાવે છે. અહીં કવિએ મધ્યકાલીન ટેકીલા ક્ષત્રિય સમાજનું પ્રતિબિંબ ઝીલ્યું છે. જે ક્ષત્રિય સમાજને તેઓએ નજીકથી નિહાળ્યો છે તેનું હૂબહૂ દર્શન અહીં કરાવ્યું છે. એ રીતે તેણે સમકાલીન સમાજને ઉજાગર કર્યો છે.

'પદ્મપુરાણ' અનુસાર સમુદ્રમંથનની કથા સાંભળી ઉશ્કેરાયેલો જાલંધર દુર્વારણ નામના દૈત્યને દૂત તરીકે ઇન્દ્ર પાસે મોકલે છે. અહીં 'જાલંધર આખ્યાન'માં કવિ વિષ્ણુદાસે એ વિગત આપવાનું ટાળ્યું છે. સીધા જ વૃંદાને મળીને ચતુરંગી સેના સાથે ઇન્દ્ર સાથે યુધ્ધ કરવા જાલંધર અમરાપુરી પહોંચી જાય છે. ત્યાં પહોંચીને તે ઇન્દ્ર પાસે દૂત મોકલીને પોતાના પિતાનાં રત્નો પોતાને સોંપવા ને નહિ તો યુધ્ધ કરવા માટેનો સંદેશ મોકલે છે. મૂળને અનુસરી અહીં પણ વિષ્ણુદાસ

જાલંધરની સેનાનું વિગતે વર્ણન આપે છે. જાલંધરને આટલી મોટી સેના સાથે આવેલો જોઇ ઇન્દ્ર યુધ્ધ કર્યા વગર જ વિષ્ણુને શરણે જાય છે. એવી મૂળ કથાનકની વિગતમાં કવિએ ફેરફાર કર્યો છે. અહીં ઇન્દ્ર જાલંધરની સેનાથી ગભરાયા વગર જાલંધરના યુધ્ધના લલકારને સ્વીકારીને તેની સાથે યુધ્ધ માંડે છે. મૂળ કથાનકમાં આવો ફેરફાર કથાને તેમજ ઇન્દ્રના પાત્રને ઉપકારક નિવડ્યો છે. કેમકે જાલંધરનો જન્મ જ ઇન્દ્રના બાહુબળના અભિમાનને લઇને થયો છે. તેથી જો ઇન્દ્ર શરૂઆતમાં જ હથિયાર હેઠા મેલી દે તો ઇન્દ્રનું એવું વર્તન, ગર્વિષ્ઠ ઇન્દ્રના વર્તન સાથે મેળ ખાય જ નહિ. ભાવકોમાં ઇન્દ્રનું પાત્ર શરૂઆતથી જ હાસ્યાસ્પદ બની જાત. આમ, મૂળ કથાનકમાં ફેરફાર કરી કવિએ કાવ્યન્યાય જાળવ્યો છે એમ કહી શકાય.

ઇન્દ્ર રણમેદાન છોડી ભાગે છે. મૂળ કથાનકમાં ઇન્દ્રલોક પર જાલંધર અધિકાર જમાવે છે અને ઇન્દ્ર સીધા જ વિષ્ણુના શરણે જાય છે. અહીં કવિ થોડો ફેરફાર કરે છે. ઇન્દ્ર પર વિજય મેળવી, અમરાપુરમાં બલિદાનવને રક્ષક તરીકે મૂકી જાલંધર તો રણમેદાન છોડી જતાં ઇન્દ્રની પાછળ જ જાય છે અને ઇન્દ્ર સીધા વિષ્ણુ પાસે ન જતાં, પહેલાં બ્રહ્મસદન બ્રહ્મા પાસે જાય છે. બ્રહ્મા સહિત ઇન્દ્રાદિ દેવો વિષ્ણુના શરણે જાય છે. એ વખતે લક્ષ્મીજીની જાલંધરને નહિ મારવાની વિનંતી, મૂળમાં અને ભાલણ તેમજ હરદાસજીના કથાનકોમાં થોડા ફેરફાર સાથે છે તે સંવાદ અને પ્રસંગને પ્રસ્તુત આખ્યાનમાં વિષ્ણુદાસે બિલકુલ સ્પર્શ્યો નથી. બીજા પ્રસંગોને બહેલાવીને રજૂ કરનાર કવિ આ પ્રસંગ કેમ ચૂકી ગયા છે એ સમજાતું નથી. જે પ્રસંગ કથાને ઉપકારક હતો એ મૂળ કથા પ્રસંગનો લોપ કથાની રસિકતાને હાનિ પહોંચાડે છે.

મૂળકથાનો ઘટનાક્રમ એવો છે કે પહેલા સમુદ્રમંથનની કથા, એનાથી ઉશ્કેરાયેલા જાલંધરનો પ્રથમ ઇન્દ્ર સાથે, પછી વિષ્ણુ સાથે અને છેલ્લે રૂદ્ર સાથે સંગ્રામ. ‘જાલંધર આખ્યાન’માં શિવદાસ યુધ્ધનો આ ક્રમ જાળવતા નથી. અહીં કવિ સીધા જ જાલંધરને રૂદ્ર સાથે યુધ્ધ કરતા બતાવે છે. માત્ર નવ જ કડવામાં જાલંધરની કથા પૂર્ણ કરવાની હોઇ કથાને ઝટ આગળ વધારવી પડે તેથી અહીં સીધા જ નારદ દેવોના હિતમાં જાલંધરને રૂદ્ર વિરૂધ્ધ ઉશ્કેરે છે. ‘મહાદેવને ઘેર તારી સાથે શોભે એવી નાર છે’, એવું સાંભળી જાલંધર માયાવી રૂપ ધરી પાર્વતીને છળવા કૈલાસ પર જાય છે, પરંતુ જેના ચિત્તમાં સદાશિવ વસે છે એવા પાર્વતીજીને જાલંધર છળી શકતો નથી તેથી તે શિવ સાથે યુધ્ધ આરંભે છે. આ સંગ્રામમા રુદ્રની હાર થાય છે.

જાલંધર-રુદ્રના યુધ્ધ વર્ણન પછી શિવદાસ સમુદ્રમંથનની ક્થા અને જાલંધર ઇન્દ્રના યુધ્ધને નિરૂપે છે. કાલનેમિ દૈત્યના મુખે સમુદ્રમંથનની કથા સાંભળી ઉશ્કેરાયેલો જાલંધર પોતાના પિતાને દુઃખ દેનાર વિષ્ણુ સહિત દેવોને મારવા તૈયાર થાય છે. ઇન્દ્રના ગર્વનો ભંગ કરવા પ્રથમ કાલનેમિને ઇન્દ્ર સાથે યુધ્ધ કરવા મોકલે છે અને ત્યારબાદ પોતે ખુદ ઇન્દ્ર સાથે યુધ્ધે ચઢે છે. જાલંધરના પરાક્રમથી દેવો રણમેદાન છોડી નાસી જાય છે. એક સહસ્ર વર્ષ સુધી લડતાં અંતે દેવો ભાગ્યા. પોતાના પિતાના વેરનો બદલો લીધો અને તમામ રિધ્ધિ-સિધ્ધિ સહિત સ્વર્ગમાં વસવાટ કર્યો. આ તમામ પ્રસંગોમાં શિવદાસ મૂલાનુસાર વર્ત્યા નથી, એટલું જ નહિ, પરંતુ પ્રસંગોની ઉલટ સૂલટ કથાના વસ્તુ વિકાસને રૂંધે છે. પ્રસંગો કોઇ એક દોરે ગૂંથાયેલા જણાતા નથી. જેથી ભાવકોની સામે અનેક અસ્પષ્ટતાઓ કથાના આસ્વાદમાં બાધારૂપ નિવડે છે.

## ❖ વિષ્ણુ જાલંધર યુધ્ધ :

'પદ્મપુરાણ'માં પ્રથમ યુધ્ધમાં શુક્રાચાર્ય દ્વારા દાનવોને અને બૃહસ્પતિ દ્વારા દેવોને (દ્રોણ પર્વત પરની સંજીવની ઔષધિ દ્વારા) પુનઃ જીવિત કર્યાનો ઉલ્લેખ છે. જાલંધરે શુક્રાચાર્ય દ્વારા માહિતી પ્રાપ્ત કરવી, દ્રોણાચલ પર્વતને જળસમાધિ આપવી, ભયથી દેવોનું યુધ્ધ તજી નાસી જઇ વિષ્ણુના શરણે જવું, લક્ષ્મીજીની વિષ્ણુને વિનંતી ઇત્યાદિ પ્રસંગોનો ઉલ્લેખ છે. તો 'જાલંધર આખ્યાન' અનુસાર પ્રથમ સંગ્રામથી પીછેહઠ કરનારા ઇન્દ્રાદિ દેવો વિષ્ણુ પાસે મદદ માટે જાય ત્યારે સમુદ્રતનયાની વિનંતીનું નિરૂપણ છે. બાકીના ઉપર નિર્દિષ્ટ પ્રસંગોનો ઉલ્લેખ વિષ્ણુ - જાલંધરના આ બીજા યુધ્ધમાં છે. જેમાં લાઘવતા સિવાય કવિએ ખાસ કશા ફેરફાર કર્યા નથી. સિવાય કે 'પદ્મપુરાણ' માં દેવો સજીવન કેવી રીતે થાય છે તે જાલંધર શુક્રાચાર્ય પાસેથી જાણે છે. અહીં ભાલણનો જાલંધર અનુચર મોકલી તપાસ કરાવડાવે છે તે જાલંધરની એક રાજવી અને સેનાપતિ તરીકેની કુનેહ દર્શાવી જાય છે. મૂળ 'પદ્મપુરાણ'માં વિષ્ણુ-જાલંધરનું યુધ્ધ પણ વિગતે નિરૂપાય છે. જ્યારે અહીં ભાલણ લાઘવના સહારે કથાને રોચક બનાવે છે. મૂળકથાનુસાર લક્ષ્મીજીને આપેલ વરદાનના કારણે વિષ્ણુ જાલંધર પર જીવલેણ પ્રહાર કરી શકતા નહોતા તેથી જાલંધરે પહેલા ગરુડ પર અને પછી વિષ્ણુ પર બાણોનો પ્રહાર કરી બંનેને જમીન પર ઢાળી દીધા હતા. ત્યારે લક્ષ્મીજી બેભાન પડેલા વિષ્ણુને જોઇ જાલંધરને આજીજી કરતાં કહે છે કે "તારે પોતાની બહેનને વૈધવ્ય આપવું યોગ્ય નથી." લક્ષ્મીના આ કથને જાલંધર વિષ્ણુને છોડી મૂકે છે અને વરદાનરૂપે એ બંનેને સાગરમાં રહેવાનું વચન મેળવે છે.

ભાલણને લક્ષ્મીજીની જાલંધરને થતી આજીજી જાણે પસંદ પડી નથી. જગન્માતાની દૈત્ય પાસે આવી લાચારદશા વ્યાજબી પણ નથી, તેથી એ કથાંશને છોડી દઈને મૂળે લક્ષ્મીજીના ઝાંખા પડતા તેજનો ભાલણે તેજોવધ થવા દીધો નથી. જે ખૂબ જ યથાર્થ છે. 'જાલંધર આખ્યાન'માં જાલંધર પહેલા ગરુડ પર ઘા કરે છે, તે પૃથ્વી પર પટકાય છે, પછી બંને જણ ગદા અને ત્યારબાદ દ્વંદ્વ યુધ્ધ કરે છે. જાલંધર વિષ્ણુના હૃદય પર મુષ્ટિ પ્રહાર કરે છે અને ત્યારે એના પરાક્રમથી પ્રસન્ન થયેલા વિષ્ણુ જાલંધરને વરદાન માગવાનું કહે છે અને એ વરદાનરૂપે વિષ્ણુ સહિત લક્ષ્મીજીનો સાગરવાસ માગે છે.

હરદાસજીનાં 'જાલંધર પુરાણ'ના બીજા સંગ્રામમાં પ્રથમ જાલંધર અને ભગવાન વિષ્ણુ વચ્ચે શસ્ત્ર યુધ્ધ અને પછી બાહ્યુયુધ્ધ થાય છે. જેમાં જાલંધર વિજયી થયાનો ઉલ્લેખ બંને પુરાણોમાં છે. 'શિવ પુરાણ' અનુસાર ભગવાન વિષ્ણુ જાલંધરના પરાક્રમથી પ્રસન્ન થઈ એને વરદાન માગવા કહે છે ત્યારે જાલંધર ભગવાન વિષ્ણુ લક્ષ્મીજી સાથે પોતાને ત્યાં (ઘર જમાઈ તરીકે) જ રહે એવું માગે છે અને તે મુજબ વિષ્ણુ જાલંધર નગરીમાં આવી વસે છે. 'જાલંધર પુરાણ'માં કવિએ આ પ્રસંગને પોતાની આગવી સૂઝથી મૌલિક રીતે નિરૂપ્યો છે, જે મૂળકથા પ્રસંગ કરતા વધુ અસરકારક બની રહે છે. 'જાલંધર પુરાણ' અનુસાર જાલંધર અને વિષ્ણુના દ્વંદ્વ યુધ્ધ દરમ્યાન જાલંધર ભગવાન વિષ્ણુને પકડીને આકાશમાં ફંગોળે છે અને એ જ્યાં પડે છે ત્યાં વિષ્ણુ અને જાલંધર વચ્ચે આવીને લક્ષ્મીજી પોતાના ભાઈને હાથ જોડીને વિનંતી કરે છે. ('પદ્મપુરાણ'ના લક્ષ્મીજી જાલંધરને વિષ્ણુને છોડી દેવા વિનંતી કરે છે.) લક્ષ્મીજી જાલંધરને સમજાવે છે કે હવે આ સારંગપાણિ તારી આજ્ઞામાં રહેશે. પરંતુ વિષ્ણુને પામી ગયેલ જાલંધર કહે છે કે, 'આ વિષ્ણુ ઘણા ચતુર છે. તેઓ તો ઠગોના સરદાર છે. આ શ્યામ શરીર વિષ્ણુ કોઈને પણ સગા ગણતા નથી.' આમ, જાલંધરને વિષ્ણુ પર તલભાર પણ વિશ્વાસ નથી. છતાં બહેનની વિનંતીથી તે બનેવીને જતા કરે છે. પ્રસન્ન ચિત્ત થયેલા વિષ્ણુ જાલંધરને વરદાન માગવા કહે છે. જાલંધરની અનિચ્છા છતાં લક્ષ્મીના આગ્રહથી વિષ્ણુને ઘરજમાઈ બની લક્ષ્મી સહિત સમુદ્રમાં સ્થાયી વસવાટ કરવાનું વરદાન મેળવે છે. 'શિવ પુરાણ'ના જાલંધરને ભગવાન વરદાન માગવાનું કહે છે ત્યાં લક્ષ્મીજી ગેરહાજર છે એટલું જ નહિ, જ્યારે જાલંધરને વરદાન માગવાનું કહેવામાં આવે છે ત્યારે તે તરત જ વરદાન માગી લે છે. એને મુકાબલે 'જાલંધર પુરાણ'નો જાલંધર નિસ્પૃહી જણાય છે. પ્રથમ તો તે વરદાન માગવા જ તૈયાર નથી, પરંતુ લક્ષ્મીજીના આગ્રહથી વરદાન માગે છે. નજીવો ફેરફાર જાલંધરના પાત્રને ગૌરવ બક્ષે છે.

વિષ્ણુદાસના 'જાલંધર આખ્યાન'માં ઇન્દ્રાદિ દેવો વિષ્ણુને પ્રાર્થે છે. દેવોની વાત સાંભળી શંખ, ચક્ર, ગદા ધારણ કરી વિષ્ણુ સીધા જ ગરુડારૂઢ થઈ રણમેદાન જાય છે. વિષ્ણુ - જાલંધર વચ્ચે ઘોર સંગ્રામ થાય છે. વિષ્ણુ જાલંધર પર ચક્ર પ્રહાર કરે છે ત્યારે જાલંધર વિષ્ણુને બંને વચ્ચેના સગપણની વાત યાદ અપાવીને કહે છે કે ''મારી બહેન તારા ઘરમાં છે એ દુઃખી થાય, નહિ તો ક્ષણમાત્રમાં તારું મુખ ભાંગી નાખું.'' અહીં દૈવી પાત્રોની દુષ્ટતા સામે દાનવપાત્રની ઉદારતા-માનવતાનું દર્શન કરાવી કવિ દૈવી પાત્રને દાનવપાત્ર સામે ઝાંખા પડતા બતાવે છે, એટલું જ નહિ, આ પ્રસંગથી દૈવી પાત્ર કરતાં દાનવપાત્ર ભાવકોની લાગણી જીતી જાય છે. દેવોના અભિમાનથી શંકર દ્વારા જન્મેલ જાલંધરના ગુણો પ્રગટાવવાનો કવિનો આશય હોઈ શકે જેને કારણે કવિએ આવો ફેરફાર કર્યો હશે. જાલંધરની આવી વિવેક અને વ્યવહારપૂર્ણ વાત પછી વિષ્ણુ જાલંધર પર પ્રહાર કરે છે ત્યારે ક્રોધે ભરાયેલો જાલંધર ફેરવીને એક ગદા ગરુડના શિરે મારે છે. ફરી વિષ્ણુ સંગાથે ઘોર સંગ્રામ થાય છે.

'પદ્મપુરાણ'માં શુક્રાચાર્ય દ્વારા દાનવોને અને બૃહસ્પતિ દ્વારા દેવોને પુનઃજીવિત કર્યાનો ઉલ્લેખ અને દ્રોણાચલ પર્વતને જળસમાધિ સહિત તમામ પ્રસંગોનો સમાવેશ પ્રથમ યુધ્ધમાં થયો છે. અહીં બૃહસ્પતિ દ્વારા દેવોને સજીવન કરવાની વાતનો ઉલ્લેખ કવિ કરતાં નથી. જ્યારે શુક્રાચાર્ય દ્વારા દાનવોને સજીવન કરવાનો પ્રસંગ પ્રથમ યુધ્ધના બદલે અહીં વિષ્ણુ-જાલંધરના બીજા સંગ્રામમાં કવિ નિરૂપે છે. મરેલા દાનવો ફરી જીવતા થાય છે એ જોઈ ગભરાયેલા વિષ્ણુ ગિરિકૈલાસ ભણી જઈ શંકરનું શરણ સ્વીકારે છે. વિષ્ણુ સહિત દેવો રણમેદાનમાંથી ભાગે છે ત્યારે દાનવરાજ તેના સૈન્ય સાથે તેનો પીછો કરી કૈલાસને ઘેરી લે છે. વિષ્ણુ દ્વારા જાલંધરને વરદાન આપવાની અને લક્ષ્મી સહિત સાગરમાં આવી વસવાનું વિષ્ણુ પાસે વરદાન માગતા જાલંધરની વિગતોને વિષ્ણુદાસ બિલકુલ સ્પર્શતા નથી. વિષ્ણુદાસની કવિ પ્રતિભાએ આવા રસિક કથાંશોને સ્પર્શ્યા હોત તો કથા વધુ જનમનરંજક બનત.

'વિષ્ણુ - જાલંધર' યુધ્ધના પ્રસંગનો ઉલ્લેખ સુધ્ધાં શિવદાસના 'જાલંધર આખ્યાન'માં મળતો નથી.

'પદ્મપુરાણ'માં વિષ્ણુ-જાલંધર સંગ્રામ પછી દેવો સ્વર્ગનો ત્યાગ કરી લાંબા કાળ સુધી દુર્દશાને પામ્યા હતા. વરસોની રઝળપાટ પછી દેવો બ્રહ્મલોકમાં ગયા. ત્યાં બ્રહ્માની સ્તુતિ કરી તેઓને પ્રસન્ન કર્યા અને બ્રહ્મા સહિત ઇન્દ્રાદિ દેવો કૈલાસ પર રુદ્રના શરણે ગયા. બ્રહ્માની ઇચ્છાને મનથી જાણી લઈ તેમજ ઇન્દ્રના અભિમાનનો પણ ભંગ થયો છે એ પણ મનથી સમજી જવા છતાં શિવ દેવોને કહે છે, 'જે શત્રુને ભગવાન વિષ્ણુ ન મારી શકયા તેને હું કેમ મારી શકીશ ?'

'જાલંધર આખ્યાન'ના દેવો પણ જાલંધરથી પરાજિત થયા પછી લાંબી રઝળપાટને અંતે કૈલાસ આવી પહોંચે છે. અહીં ઇન્દ્ર પ્રગટ રીતે પોતાના અપરાધની શિવ પાસે ક્ષમા યાચે છે, પ્રાયશ્ચિત્ત કરે છે ત્યારે કવિ ભાલણે બ્રહ્મા - વિષ્ણુને ત્યાં હાજર રાખ્યા નથી. શિવ આ બંને દેવોનું ધ્યાન ધરે છે અને તત્કાળ તેઓ હાજર થાય છે. બંનેને શિવ એક જ પ્રશ્ન કરે છે કે, 'તમે જાલંધરને માર્યો કેમ નહિ ?' ત્યારે બ્રહ્માનો ઉત્તર છે કે, ''મેં જ એને એ કોથી જીત્યો નહિ જાય એવું વરદાન આપ્યું છે તો હું એને કેમ મારી શકું ?'' વિષ્ણુને શિવ સીધો જ પ્રશ્ન કરે છે, 'તમે એને કેમ ન માર્યો ? લક્ષ્મીનો ભય લાગ્યો ?' ત્યારે વિષ્ણુ પણ એવો જ મર્માળો જવાબ આપતાં કહે છે, 'ઘરમાં ઝઘડો કોણ ઘાલે ?' અહીં ભાલણના હાથે આ પાત્રો માનવસહજ વર્તન કરતાં દેખાય છે. દેવોનો સાથ શિવને પૂછે છે કે, 'તમે કેમ એને મારતા નથી ?' ત્યારે 'પદ્મપુરાણ'ના શિવ કરતાં ભાલણના શિવનો ઉત્તર વધુ તર્ક સંગત જણાય છે. તેઓ કહે છે, 'જેનું પોતે સર્જન કર્યું તેનું વિસર્જન પોતે જ કરવું તેમાં ધર્મ નથી'. એ શિવનો ઉત્તર વધુ ન્યાયિક છે. બાકી 'પદ્મપુરાણ'ના શિવ કહે છે તેમ, 'જેને બ્રહ્મા, વિષ્ણુ ન મારી શક્યા તેને હું કેમ મારી શકીશ?' ની વાત ભાવકોના ગળે ઊતરે એવી નથી. કેમકે, તેઓ તો (શિવ) સર્વશક્તિમાન છે એ ભાવકો જાણે છે. અંતે દેવોની વિનંતીથી શિવ જાલંધરનો વધ કરવા સંમત થાય છે.

'વિષ્ણુ-જાલંધર યુધ્ધમાં જાલંધરના જવલંત વિજય પછી 'શિવ પુરાણ' એક જ શ્લોકમાં જાલધરના સુરાજ્યનું વર્ણન આપે છે. આ પ્રકારનું જાલંધરના સુરાજ્યનું વર્ણન 'જાલંધર પુરાણ'માં બંને યુધ્ધ વર્ણનો પૂર્વે વિસ્તારથી મળે છે. માનવીય ગુણોના આલેખનમાં હરદાસજી 'શિવપુરાણ' કરતાં ઘણા ચડિયાતા ઠરે છે.

'શિવ પુરાણ' અનુસાર બીજા સંગ્રામમાં પરાજિત થયેલા દેવો પરમાત્મા શિવને પ્રાર્થે છે અને શિવ દેવોના કલ્યાણાર્થે નારદને જાલંધર પાસે મોકલે છે. આમ 'શિવ પુરાણ'ના શિવ અહીં 'ભોળાનાથ' રહેતાં નથી. જ્યારે જાલંધર ધર્મપૂર્વક રાજય કરતો હોય ત્યારે આ રીતે પક્ષપાત કરી દેવોના હિતાર્થે જાલંધરનું અહિત કરવું તેમને શોભતું નથી. એનાથી શિવની પ્રતિભા ઝાંખી પડે છે. જ્યારે 'જાલંધર પુરાણ'માં ભોળાનાથ ભોળાનાથ જ રહે છે. અહીં શિવની પ્રતિભાને કવિએ ઝાંખપ લાગવા દીધી નથી. 'જાલંધર પુરાણ'માં નારદ શિવની પ્રેરણાથી નહીં, સ્વયં પ્રેરણાથી જાલંધર પાસે જાય છે. 'જાલંધર પુરાણ'માં પરાજિત દેવો પ્રથમ બ્રહ્મા પાસે જાય છે. ('પદ્મ પુરાણ'નું અનુસરણ) જાલંધરરૂપી મહાસંકટની વાત દેવો પાસેથી જાણી બ્રહ્મા કહે છે, 'એને ઉત્પન્ન કરનાર શિવ જ એના

મૃત્યુનું કારણ બનશે.' અને આમ, ઈન્દ્રાદિ દેવો સહિત બ્રહ્મા શિવના શરણે ગયા. શિવ ઈન્દ્રને પ્રત્યક્ષ પૂછે છે કે, 'હવે તમારી યુધ્ધપ્રીતિ પૂર્ણ થઈ ? યુધ્ધ ઝંખતા તારા હાથ તૃપ્ત થયા ?' ત્યારે જાલંધરના ત્રાસથી મુક્ત કરવાની દેવોની વિનંતીથી શિવ જાલંધરનો વધ કરવા સંમત થાય છે.

'પદ્મપુરાણ'માં બીજા યુધ્ધ પછી જાલંધરનું ઈન્દ્રાસન પ્રાપ્ત કરવું અને તેના રાજ્યકાળનું વિગતે વર્ણન મળે છે. વિષ્ણુદાસે આ વિગતો આપી નથી. સીધા જ શિવ-જાલંધર યુધ્ધ પૂર્વેની ઘટનાઓ કવિ આપે છે. 'પદ્મપુરાણ'ની કથા અનુસાર પરાજિત દેવો પ્રથમ બ્રહ્માના અને ત્યારબાદ શિવના શરણે જાય છે. અહીં દેવો જાલંધરના હાથે પરાજિત થયા પછી સીધા શંકરના શરણે જાય છે.

શિવદાસ ઈન્દ્ર જાલંધરના યુધ્ધને એક સહસ્ર વર્ષ સુધી ચાલતું બતાવે છે. વિષ્ણુ - જાલંધર યુધ્ધનો ઉલ્લેખ સુધ્ધાં અહીં મળતો નથી. એક સહસ્ર વર્ષ સુધી લડીને અંતે દેવો રણમેદાન છોડી ભાગ્યા. ઈન્દ્રાદિ દેવો સહિત તમામ દેવો કૈલાસ પર મહાદેવ પાસે જઈ જાલંધરને હણવા વિનંતી કરે છે અને દેવોની વિનંતીથી ભગવાન શિવ જાલંધરને મારવાનો ઉપાય બતાવે છે.

### ❖ નારદ દ્વારા જાલંધરની ઉશ્કેરણી અને શિવ-જાલંધર યુધ્ધ :

દેવોની વિનંતીથી જાલંધરનો વધ કરવા સંમત થયેલા શિવ સર્વ દેવોના તેજને એકઠું કરી શરીર પરના પ્રસ્વેદ વડે એ તેજને બાંધી સુદર્શન ચક્રનું નિર્માણ કરે છે. 'પદ્મપુરાણ'માં આ પ્રસંગકથન વિગતે થયું છે. જુદા જુદા દેવોના ક્યાં તેજ તેમનાથી વિખૂટાં પડ્યાં છે ?, સુદર્શન ચક્રનું નિર્માણ એ તેજ પર શિવના ગોળગોળ ફરવાથી થાય છે, તેમજ એ ચક્રનું તેજ દેવોથી સહન ન થતાં શિવ તેને પોતાની બગલમાં દબાવી દે છે. આ કથાનકમાં ભાલણ થોડો ફેરફાર કરે છે. 'જાલંધર આખ્યાન' મુજબ એ ચક્ર શિવ બ્રહ્માના હાથમાં મૂકે છે તો તેના તેજથી તેની દાઢીના વાળ બળે છે. કમળાસન બળે છે તેથી બ્રહ્માએ ફરી એ ચક્ર શિવના હાથોમાં મૂક્યું. દેવોએ જ્યારે સુદર્શન ચક્રનું નિર્માણ કર્યું ત્યારે નારદ ત્યાં હાજર હતા એમ ભાલણ નોંધે છે. અહીં એ મૂળથી જૂદા પડે છે. 'પદ્મપુરાણ'માં ચક્રના નિર્માણ વખતે નારદની હાજરી નથી. ભાલણે નારદને ત્યાં હાજર રાખી કથાને ઉપકારક એવું ઘટક ઉમેર્યું છે. દેવોની ચિંતા નારદને પણ છે તેથી ત્યાંથી સીધા જ તે જાલંધરપુર જાલંધરને આની જાણ કરવા પહોંચી જાય છે. ભાલણના જાલંધરને તો શિવ સાથે યુધ્ધ કરવાની પ્રબળ ઈચ્છા છે, પરંતુ કોઈ કારણ વિના તો તેની સાથે યુધ્ધ થાય નહિ તેથી નારદને યુધ્ધ માટેનો ઉપાય પૂછે છે. નારદ તો આવ્યા જ છે એ કાર્ય સિધ્ધ કરવા. તે સતી પાર્વતીના સૌન્દર્યની પ્રશંસા કરી એ સ્ત્રી રત્નને પ્રાપ્ત કરવા જાલંધરને ઉશ્કેરે છે. ઉશ્કેરાયેલો જાલંધર રાહુને દૂત બનાવી એ સ્ત્રી રત્નને

સોંપી દેવાનું કહેલ લઇ શિવ પાસે મોકલે છે. એ વિગતમાં ભાલણ મૂળને અનુસરે છે, પરંતુ તેની રજૂઆતમાં ભાલણની નિજી અભિવ્યક્તિના દર્શન થાય છે. જાલંધરનો રાહુ દ્વારા આવેલો આ સંદેશ સાંભળી ભગવાન શિવ ગુસ્સે થાય છે. એમની ભ્રમરો વચ્ચેથી એક યોધ્ધો પ્રગટે છે જે દોડીને રાહુને પકડી બર્બર દેશમાં પહોંચાડે છે, ત્યાંથી તે જાલંધર પાસે પહોંચી જાલંધરને બધી વાત કરે છે.

મૂળ 'પદ્મપુરાણ'માં આ કથા પ્રસંગ કંઇક જુદી જ રીતે રજૂ થયો છે. જાલંધર દ્વારા રાહુ મારફત મળેલો સંદેશ સાંભળી શંકરની જટામાંથી એક મોટો કીર્તિમુખ નામનો ગણ પ્રગટ થયો હતો. એ ત્રણ મોઢાવાળો, ત્રણ પગવાળો, ત્રણ પૂંછડાંવાળો તથા સાત હાથોવાળો હતો. આ ગણે પ્રગટ થઇ પ્રથમ શિવને પ્રણામ કર્યાં અને કહ્યું કે, 'હે પ્રભુ ! હું અત્યંત ભુખ્યો છું,' ત્યારે શંકરે તેને રણસંગ્રામમાં જે માર્યા ગયા હોય તેને ખાઇ જવા કહ્યું. એટલામાં રણસંગ્રામ ન જોઇ તે બ્રહ્માને ખાઇ જવા ઉત્સુક બન્યો. શંકરે તેને અટકાવ્યો તો તે પોતાનું આખું શરીર (મસ્તક સિવાય) ખાઇ ગયો. ભાલણે આ તમામ પ્રસંગો તજી દીધા છે.

યુધ્ધની આખી કથા 'પદ્મપુરાણ' ખૂબ વિસ્તારથી કહે છે, પરંતુ મધ્યકાલીન સમાજને નજર સામે રાખીને ભાલણે ઘટનાઓની જટાજૂટને બદલે સીધા કથન દ્વારા ભાવકોને જકડી રાખ્યા છે. યુધ્ધ પ્રસંગોમાં ઘટના ક્રમમાં ફેરફાર સિવાય બીજા મૌલિક અંશો કવિ તરફથી ઉમેરાતા નથી. ભાલણના યુધ્ધ વર્ણન દરમ્યાન જુદી જુદી ઘટનાઓ આ ક્રમે આલેખન પામે છે; રાહુના દૂતકાર્ય બાદ જાલંધરની કૈલાસ પર અને શિવ માનસરોવર જતા રહેલા જાણી માનસરોવર પર ચઢાઇ, જાલંધરનું માયાવી શિવ સ્વરૂપ ધારણ કરી પાર્વતીજી સમક્ષ કાર્તિકેય અને ગણેશનું (માયામય) મસ્તક લઇ હાજર થવું, પાર્વતીજીને દૈત્યની માયાની ખબર થવી, પોતાના બદલે પોતાની સખીને જાલંધર પાસે પાર્વતીરૂપ ધરી મોકલવી અને ત્યાં છેતરવા આવેલો જાલંધર ખુદ છેતરાય છે. કોઇ ભાર વગરની વાતચીતની ભાષામાં થયેલાં પ્રસંગ કથનથી પાત્રો, પ્રસંગ વગેરે વધુ સહજ અને વાસ્તવિક લાગે છે.

ભાલણનો જાલંધર એક માયા રચી તેમાં પાછો પડે છે તો બીજી માયા રચે છે. પાર્વતી સ્વરૂપ સ્ત્રીને પોતાના હાથે પકડી પોતાની માયા વડે જાલંધર શિવ સામે જાય છે. જાલંધરના હાથમાં સપડાયેલી માયાવી પાર્વતી શિવ પાસે પોતાને બચાવવા આજીજી કરે છે. પાર્વતીની આ લાચાર દશા જોઇ શિવ શસ્ત્રો હેઠાં મેલી દે છે, એટલું જ નહિ, જાલંધર દ્વારા એ સ્ત્રીનો ત્રિશૂળ પર ઘા કરવાથી એ માયાવી પાર્વતીનું મૃત્યુ થાય છે અને શિવ મૂર્છા પામે છે. દેવો આવી તેની મૂર્છા વાળે છે અને એ અસુરની માયા છે એવું કહે છે. આ પ્રસંગ કથનમાં શિવના પાત્રને અનુરૂપ શિવનું વર્તન નથી. ઇન્દ્રાદિ

દેવો કે બ્રહ્મા જે માયાને પામી શકે તેને શિવ ન પામી શકે ! ક્રોધિત શંકર ફરી જાલંધર સામે યુધ્ધે ચઢે છે. વળી જાલંધર માયાવી શકિત વડે શિવને મોહ પમાડી યુધ્થી વિમુખ કરે છે. ગાનતાનમાં સાનભાન ભૂલેલા, નર્તન કરતાં શિવ સાગરના જળમાં જઇ પડે છે. ત્યાંથી બ્રહ્મા તેને બહાર લાવે છે. ફરી યુધ્ધ મેદાનમાં શિવ ઉત્પાત મચાવી દે છે. મૃત દાનવોને શુક્રાચાર્ય દ્વારા સજીવન કરવા, રુદ્રની જટામાંથી કૃત્યાનું પ્રગટવું, કૃત્યાનું શુક્રાચાર્યને પકડી પોતાની યોનિમાં મૂકી દેવું વગેરે પ્રસંગ કથનમાં ભાલણ મૂળકથાને અનુસરે છે.

'પદ્મપુરાણ'માં પાર્વતીજીને છળવા જાલંધરે શિવનું રૂપ લીધું તેનું ભગવાન શ્રી વિષ્ણુને જ્ઞાન થતાં તે ગરુડને મોકલી તપાસ કરાવે છે તો ગરૂડ એ માયાવી શિવની વાત સાચી છે એમ વિષ્ણુને જણાવે છે અને સાથે સાથે ગરુડ જ વિષ્ણુને બદલો લેવા ઉશ્કેરે છે. એના બદલે ભાલણ અહીં વળી નારદને હાજર કરે છે. નારદ વિષ્ણુ પાસે જઇ જાલંધરના માયાવી શિવ બની પાર્વતીજીને છળવાની વાત કરે છે ત્યારે ક્રોધે ભરાઇ ઉતાવળા પાર્વતી પાસે આવીને ખુદ વિષ્ણુ કહે છે, ''દુષ્ટ જાલંધરે જ મને માર્ગ બતાવ્યો છે. હવે તમે મારું કાર્ય જુઓ. હવે હું માયાવી જાલંધર રૂપ ધરી વૃંદાને છળીશ કે જેથી દૈત્યનો ત્વરિત નાશ થશે.''

દેવોની વિનંતીથી 'જાલંધર પુરાણ'ના શિવ પણ જાલંધરનો વધ કરવા સંમત થાય છે. સર્વ દેવોના તેજને એકત્રિત કરવામાં આવે છે. ભગવાન વિષ્ણુ પોતાનું તેજ પણ તેમાં સમ્મિલિત કરે છે. આ તેજમાંથી પ્રભુ વિશ્વકર્માને આયુધ ઘડવાનો આદેશ આપે છે, પરંતુ વિશ્વકર્મા પોતાની અશક્તિ જાહેર કરે છે, ત્યારે શિવ જ સુદર્શનચક્રનું નિર્માણ કરે છે. નારદ જાલંધર પાસે જઇ શિવ પાસેથી પાર્વતીને મેળવવા ઉશ્કેરે છે, આ બાબતે બંને કૃતિઓ સહમત છે.

'શિવ દેવતાઓને મદદરૂપ થાય છે', એમ કહી નારદ શિવ અને જાલંધર વચ્ચે તિરાડ ઉભી કરે છે. કોઇપણ જાતના અપરાધ વગર શિવ પોતાના ભક્ત જાલંધરના વધ માટે સુદર્શન ચક્રનું નિર્માણ કરે તે અનુચિત અને અન્યાયી છે. ઇન્દ્રએ સામે ચાલીને જાલંધરરૂપી આફત નોતરી છે, છતાં અહીં શિવ નારદને જાલંધરને ઉશ્કેરવાની પ્રેરણા આપતા નથી કે શિવ પોતે પ્રથમ ચઢાઇ કરતા નથી એ 'જાલંધર પુરાણ'ના શિવનું જમાપાસું છે. 'શિવ પુરાણ'ના શિવ કરતા 'જાલંધર પુરાણ'ના શિવનું પાત્ર વધુ ઉજ્જવળ બનવા પામ્યું છે.

નારદનો ઉશ્કેર્યો જાલંધર પાર્વતીજીને પામવા યુધ્ધ ખેલે એમા અનૌચિત્ય રહેલું છે. આ અનૌચિત્યમાંથી કોઇપણ પુરાણે જાલંધરને મુક્ત રાખ્યો નથી. હરદાસજીએ એક ભક્ત તરીકે

જાલંધરના પાત્રનું નિરૂપણ કર્યું છે તે અહીં પણ એમ જ ઝાંખુ પડે છે. સાગરનું પાત્ર અહીં અલગ રીતે જ કવિએ ઉપસાવ્યું છે. સાગર એક પુત્ર હિતેષી પિતા તરીકે પુત્રને માત્ર શિખામણ આપીને અટકી જતો નથી, પરંતુ એક ભક્તને છાજે તે રીતે ૩૪ છંદોમાં (કડીઓમાં) લંબાણપૂર્વક શિવનું સ્તવન કરે છે. એ ઉપરાંત, પત્ની વૃંદા અને માતા સિંધુ નદી જાલંધરને વારંવાર વારે છે. આ બધું હરદાસજીનું મૌલિક ઉમેરણ છે.

રાહુ જાલંધરનો સંદેશ લઇને શિવ પાસે જાય છે એ બાબતમાં બંને પુરાણો સહમત છે. 'શિવ પુરાણ'નો રાહુ જાલંધરનો અવિવેકી સંદેશો શિવને કહેતાં અચકાતો નથી. જ્યારે 'જાલંધર પુરાણ'નો રાહુ સંકોચ અનુભવે છે. જાલંધર પોતાના આવા દુષ્કૃત્યથી મરવાનો થયો છે એવું રાહુ મનોમન વિચારે છે. બંને પુરાણોમાં રાહુનો સંદેશો કહેવાની રીતમાં ભેદ જોવા મળે છે. રાહુના મુખે જાલંધરનો સંદેશ સાંભળી ભગવાન શિવ ગુસ્સે થાય છે. એમની ભ્રમરોમાંથી પ્રેતપુરુષ પ્રગટ થાય છે એ બાબતમાં પણ બંને કૃતિઓ-'શિવ પુરાણ' અને 'જાલંધર પુરાણ'-એકમત છે. કરાળ પ્રેતપુરુષને જોઇ 'શિવપુરાણ'નો રાહુ નાસી જાય છે. જેને પ્રેત પકડી પાડે છે, પરંતુ તેને મુખમાં મૂકતો નથી. 'જાલંધર પુરાણ'નો રાહુ ભાગતો નથી, પરંતુ રાહુને પ્રેત પોતાના મુખમાં મૂકી દે છે. અહીં શિવ પ્રેત પુરુષને, નિર્દોષને ન ખાવાની આજ્ઞા કરે છે. શિવની આજ્ઞા છતાં એ પ્રેતે રાહુનું અંગ ખાધું, પણ તેનું મસ્તક ન ખાધું. બંને પુરાણો પ્રેતપુરુષની ભૂખનો ઉલ્લેખ કરે છે. 'શિવ પુરાણ'માં શિવ ભૂખ્યા પ્રેતપુરૂષને પોતાનું અંગ ખાવાનો આદેશ આપે છે જેને અનુસરતાં પ્રેતનું મસ્તક જ બાકી રહે છે. અહીં શિવનું વર્તન ક્રૂર જણાય છે. જ્યારે 'જાલંધર પુરાણ'ના શિવ આવી નિર્દય આજ્ઞા કરતા નથી. તે વ્યવહારૂ રીતે તેની ભૂખ ભાંગવાનો ઉપાય બતાવતાં પૃથ્વી પર યુધ્ધમાં મરેલા હાથી અને માણસોના અંગ ઉપાંગો ખાવાનું સૂચન કરે છે, પરંતુ મૃત્યુલોકમાં તો જાલંધરનો સુરાજ્યકાળ પ્રવર્તે છે. જ્યાં કોઇને મૃત્યુ નથી. નિરાશ થઇ પ્રેત પુરુષ પાછો વળે છે. પૃથ્વી પરથી ભૂખ્યો આવેલ પ્રેત આખરે પોતાની ભૂખનું શમન કરવા પોતે પોતાનું જ માંસ ખાઇ જાય છે અને મૃત્યુ પામે છે. છેવટે શિવજીએ તેના પર કૃપા કરીને તેને સાયુજ્ય મુક્તિ આપી. હરદાસજીનું આ કરુણાસભર છતાં મૌલિક ઉમેરણ છે.

'શિવ પુરાણ' અનુસાર પ્રેતના મુખમાંથી બચેલો રાહુ જાલંધર પાસે જઇ તેને ઠપકો આપતો નથી. જ્યારે 'જાલંધર પુરાણ'માં રાહુ સ્વામીનું હિત ઇચ્છનાર છે તેથી સર્વવૃત્તાંત કહ્યા પછી તેના હિતમાં તેને ઠપકો આપે છે.

'શિવ પુરાણ'માં પ્રથમ શિવ વિષ્ણુને બોલાવીને જાલંધરનો વધ ન કરવા માટે ઠપકો આપે છે. ભગવાન વિષ્ણુ કહે છે કે પોતે જાલંધરને મારવા અસમર્થ છે કેમકે જાલંધરની ઉત્પત્તિ રુદ્રના અંશમાંથી થઇ છે. ત્યારે ભગવાન શિવ ખુદ જાલંધરનો વધ કરવા તૈયાર થાય છે. હરદાસજી આ પ્રસંગોને તજી દે છે. તેઓ રાહુની વિદાય પછી સીધો જાલંધરને યુધ્ધના મેદાનમાં ઉતારે છે. સાથે શૌર્ય પ્રેરક યોધ્ધાઓ, એમની યુધ્ધની તૈયારીઓ, વગેરેનું વર્ણન આપે છે. આ ત્રીજા યુધ્ધના પ્રથમ મુકાબલામાં જાલંધરનો વિજય થાય છે, પરંતુ ત્યાં શિવની હાજરી નથી.

'શિવ પુરાણ'માં રાહુના દૂતકાર્ય બાદ જાલંધરની કૈલાસ પર ચઢાઇ, શિવગણો સાથે યુધ્ધ, શુક્રાચાર્ય દ્વારા મૃત દૈત્યોને સજીવન કરવા, ક્રોધિત રુદ્રના મુખમાંથી કૃત્યાનું પ્રગટ્વું, કૃત્યાનું શુક્રાચાર્યને પક્ડી યોનિમાં મૂકી દેવું, યુધ્ધમાં વીરભદ્રનું ઘાયલ થઇ પડવું અને અંતે જાલંધરનો વિજય દર્શાવ્યો છે. બીજા મુકાબલામાં ભગવાન શિવ અને જાલંધરનું યુધ્ધ, જાલંધરના સુભટોનું નાસવું, એમને પ્રેરક કટુવચન કહેતા જાલંધરનો શિવ સામે સંગ્રામ, માયાની રચના, માયાવી અપ્સરાઓ, ગાંધર્વો વગેરે દ્વારા ગાયન, વાદન અને નૃત્યથી શિવને સમગ્ર સૈન્ય સાથે મોહ પમાડવા, ત્યાંથી જાલંધરનું માયાવી શિવરૂપ ધરી પાર્વતી પાસે પહોંચવું, સખીઓ વચ્ચે રહેલી પાર્વતીને જોતાં શિવરૂપધારી જાલંધરનું વીર્ય-સ્ખલન થવું, પાર્વતીનું માયાવી દૈત્યને પામી જઇ અદશ્ય થવું, ભગવાન વિષ્ણુને બોલાવવા, જાલંધરના વધ માટે જાલંધર પત્ની વૃંદાનો શીલભંગ કરવા આદેશ આપવો વગેરે ઘટનાઓ ઉપર્યુક્ત ક્રમે મૂળકથાનકમાં નિરૂપાઇ છે. આ સમગ્ર કથાનકને મૌલિક ઉમેરણો વડે હરદાસજીએ વધુ જીવંત અને રસપૂર્ણ બનાવ્યું છે.

'શિવ પુરાણ'ના શિવ જાલંધર સાથે યુધ્ધમાં ઊતરતાં પહેલાં પાર્વતીને કંઇ કહેતા નથી. જ્યારે 'જાલંધર પુરાણ'ના શિવ પાર્વતીને કહે છે કે જાલંધર માયાવી રૂપ ધરી આવે તો છેતરાઇશ નહીં. પાર્વતીજી જવાબમાં કહે છે કે, 'હે શિવ ! ધીરજ રાખો. હું પોતે જ મહામાયા છું. મને એ દૈત્ય શું માયા દેખાડશે.' અને છતાં માયાવી શિવરૂપ લઇ જાલંધર એક હાથમાં કાર્તિક અને બીજા હાથમાં ગણેશજી (બંને માયાવી)ના મસ્તક લઇ પાર્વતી સમક્ષ આવે છે ત્યારે આ મહામાયા થાપ ખાઇ જ જાય છે. અહીં વત્સલ માતા રૂપે પાર્વતીજીનું બંને પુત્રો પ્રત્યેનું વહાલ આંસુ રૂપે બહાર આવે છે. અહીં માયાવી નંદી પણ છે જે મૂળમાં નથી. તે શોકને તજી શિવજીની સેવા કરવાનું પાર્વતીજીને કહે છે ત્યારે પાર્વતીજીને શંકા જાય છે. પાર્વતી અદશ્ય થઇ પોતાની સખી જયાને પોતાના જેવી શણગારી શિવ પાસે મોકલે છે જે જાલંધરને ઓળખી જાય છે અને પાર્વતીજી પાસે જઇ સઘળી વાત કરે છે.

અહીં પાર્વતીના દર્શનથી જાલંધરનું વીર્ય સ્ખલન થતું નથી. 'શિવ પુરાણ' કરતાં 'જાલંધર પુરાણ'નો જાલંધર એ રીતે સંયમી લાગે છે. એ ઉપરાંત, માયાવી શિવના હાથમાં બંને પુત્રોના મસ્તકો હોવાની વાત 'શિવ પુરાણ'માં નથી (પદ્મપુરાણ અને ભાલણમાં એનો ઉલ્લેખ છે.)

'શિવ પુરાણ' અનુસાર પાર્વતીજી ભગવાન વિષ્ણુને વૃંદાના શીલભંગ માટે ઉશ્કેરી આજ્ઞા કરે છે જે એક સ્ત્રી તરીકે કે મહામાયા શક્તિ તરીકે તેને લાંછનરૂપ કૃત્ય છે. 'જાલંધર પુરાણ'ના કવિએ શક્તિને આવા હીન કૃત્યથી દૂર રાખ્યાં છે અને આ પાપકર્મ માટે ખુદ ભગવાન વિષ્ણુને જવાબદાર ઠેરવ્યા છે.

વિષ્ણુદાસના 'જાલંધર આખ્યાન'માં દેવો જાલંધરના હાથે પરાજિત થયા પછી સીધા શંકરને શરણે જાય છે. બીજી તરફ સીધી જ નારદ દ્વારા જાલંધરને ઉશ્કેરણીનો પ્રસંગ યોજી કવિ શિવ-જાલંધર યુધ્ધની પૂર્વ ભૂમિકા બાંધી દે છે. દેવોના તેજને લઈને શિવ જાલંધરને મારવા સુદર્શન ચક્રનું નિર્માણ કરે છે એ વિગતને પણ વિષ્ણુદાસે પોતાના આખ્યાનમાં ટાળી છે. જેનાથી આખ્યાનની કથાના વિકાસમાં કે આસ્વાદમાં કોઈ અવરોધ જણાતો નથી.

શિવ સાથે યુધ્ધ કરવા માટે જાલંધરને ઉશ્કેરવાનું કામ નારદ કરે છે. આ વિગત બંનેમાં મળે છે. અહીં પણ મૂળ કથાનક મુજબ નારદ સતી પાર્વતીના સૌન્દર્યની પ્રસંશા કરી એ સ્ત્રી રત્નને પ્રાપ્ત કરવા જાલંધરને ઉશ્કેરે છે. ઉશ્કેરાયેલો જાલંધર રાહુને દૂત બનાવી એ સ્ત્રી રત્નને સોંપી દેવાનું કહેણ લઈ શિવ પાસે મોકલે છે એ વિગતમાં વિષ્ણુદાસ મૂળને અનુસરે છે. રાહુ કૈલાસ પર જાય છે ત્યાં જૂએ છે કે શિવ પોતાના પરિવાર સાથે બેઠા છે. શંકરના ગળાનો નાગ ગણપતિના વાહન ઉંદરને ગ્રસી જવા જાય છે. ગણપતિ તેને વારે છે છતાં નાગ ઊંદરને પકડવા દોડે છે ત્યારે કાર્તિકનું વાહન મોર નાગ પર તરાપ મારે છે. નાગ વ્યાકુળ થતો શંકરના ગળે વીંટળાઈ જાય છે. શિવ પરિવારની સભામાં આ કૌતુક નિહાળી રાહુ શિવને જાલંધરનો સંદેશ સંભળાવ્યા વગર પાછો વળે છે. આ પ્રસંગ વિષ્ણુદાસનું મૌલિક ઉમેરણ છે.

ફરી જાલંધર રાહુને શિવ પાસે મોકલે છે. હવે રાહુ કૈલાસમાં આવી શંકરને જાલંધરનો સંદેશ આપે છે. એ સંદેશો સાંભળી શિવ ગુસ્સે થાય છે. શિવના ગુસ્સાથી એની જટામાંથી કીર્તિમુખ નામના ગણના પ્રગટ થવાની આખી ઘટનાને વિષ્ણુદાસે તજી દીધી છે. આવા ઉપલકીયા પ્રસંગોનો ત્યાગ કરવાથી કથાની સળંગસૂત્રતા જળવાય છે. કથાના પોતને નબળું પડતું અટકાવી ઘટ્ટ બનાવે છે.

જાલંધરથી ત્રસ્ત થયેલા દેવો શંકરના શરણે આવે છે ત્યારે શંકરના ખોળામાં પાર્વતી બેઠાં છે અને બંને હાસ્ય વિનોદ કરી રહ્યા છે. દેવોની બૂમરાણ સાંભળી શંકર પાર્વતીને ખોળામાંથી ઊઠી અંદર જતાં રહેવા કહે છે. આ પ્રસંગ કવિનું મૌલિક ઉમેરણ છે. ભગવાન શિવ અને પાર્વતીના પ્રસન્ન મધુર દામ્પત્યની વાત કરવા ઇચ્છતા કવિ દૈવી પાત્રોના આવા વર્તનમાં વિવેક ચૂકી જતાં લાગે છે, પરંતુ મધ્યકાલીન સમાજને નજરમાં રાખીને લખાયેલી કૃતિમાં જનમનરંજનાર્થે કવિએ ઉમેરેલો આ પ્રસંગ કવિના એ ઉદ્દેશને તાકે છે. દેવોની વિનંતીથી ભોળાનાથ દાનવ સાથે યુધ્ધ લડવા તૈયાર થાય છે અને પાર્વતી પાસે શીખ માગવા જાય છે. કવિ પ્રતિભાના મૌલિક ચમકારા અહીં અનુભવાય છે. તો સાથે સાથે ઇન્દ્રના અભિમાનથી જ આ પરિસ્થિતિ પેદા થઇ છે તેથી ઇન્દ્રને ઠપકો આપીને, તેમજ શિવનું સર્જન શિવ સિવાય કોઇના હાથે વિલીન થઇ શકે નહીં તેવું અહીં મળતું સૂચન કાવ્ય ન્યાય જાળવે છે. 'કરણી તેવી ભરણી'નું જનમાનસમાં રહેલું સૂત્ર અહીં સાર્થક બનતું જણાય છે.

યુધ્ધમાં જતાં પહેલા પાર્વતીની આજ્ઞા લેવા જતાં શિવને પાર્વતી દાનવ સાથે અકારણ યુધ્ધ ન કરવાની સલાહ આપે છે, પરંતુ 'એ દુષ્ટ તમારી ઇચ્છા કરે છે. જાલંધરનો દૂત આવીને મારી પાસે તમારી માગણી કરે છે માટે હું એની સાથે યુધ્ધ કરવા તત્પર થયો છું.' એ સાંભળી પાર્વતી તુરંત પતિને રણમેદાન જઇ એવો સંગ્રામ કરવા જણાવે છે કે ફરી એ બીજી વાર આવી વાત ન કરી શકે. પાર્વતીની શીખ લઇ દૂત સાથે જાલંધરને યુધ્ધ લડવા તૈયાર રહેવાનું શિવ જણાવે છે અને પોતે પણ યુધ્ધ લડવા કૈલાસ પર્વતની તળેટીમાં આવે છે.

મૂળ કથાનકમાં ગુરુ શુક્રાચાર્ય પોતાની મૃત સંજીવની વિદ્યા વડે પ્રથમ યુધ્ધમાં દાનવોને જીવતા કરે છે. પ્રસ્તુત આખ્યાનમાં કવિ બીજા વિષ્ણુ-જાલંધર યુધ્ધમાં અને ફરી અહીં શિવ-જાલંધર યુધ્ધમાં એ પ્રસંગનો ઉલ્લેખ કરે છે. અહીં શિવ-જાલંધરનું યુધ્ધ શરૂ થતાં પહેલા ભગવાન વિષ્ણુ શિવને શુક્રાચાર્યના મંત્રબળથી દાનવોના સજીવન થવાની વાત કરે છે ત્યારે ભગવાન શિવ શુક્રાચાર્યનું હરણ કરવા ગરુડને મોકલે છે. ગરુડ રણમેદાનમાંથી શુક્રાચાર્યને લાવે છે. શિવ અંગથી પ્રગટ થયેલી કૃત્યા ભગ મધ્યે (યોનિમાં) શુક્રાચાર્યને છૂપાવી દે છે અને આમ દાનવોને સજીવન કરતાં શુક્રાચાર્યનો ભય ટળે છે. આ પ્રસંગ કથનમાં ગરુડ દ્વારા શુક્રાચાર્યનું હરણ વગેરે જેવા ગૌણ ફેરફાર સિવાય વિષ્ણુદાસ મૂળકથાને અનુસરે છે.

શિવ-જાલંધરના યુધ્ધ પ્રસંગને કવિ ચાર કડવાં સુધી વિસ્તારે છે. જાલંધરનું પરાક્રમ અહીં વિગતે વર્ણવાય છે. ભગવાન શિવના એકેય અસ્ત્ર-શસ્ત્ર કામ નથી આવતાં. યુધ્ધ દરમ્યાન વચ્ચે રાત

પડે છે ત્યારે બે વાર વિષ્ણુને શિવ દાનવને શસ્ત્ર ન સ્પર્શ્યાનું રહસ્ય પૂછે છે. છેલ્લે, જાલંધર શિવને ત્રાસ પમાડે છે. વૃષભને ઘાયલ કરી શિવ પર પ્રહાર કરે છે. શિવને બોચીએથી પકડી આકાશમાં ઉછાળે છે. આ રીતે યુધ્ધ કરતાં બાર દિવસો પસાર થાય છે. જાલંધર સાથેના યુધ્ધમાં પરાસ્ત થયેલા શિવ હવે જાલંધર સાથે લડવાની અશક્તિ વિષ્ણુ સમક્ષ જાહેર કરે છે. વિષ્ણુ વિચાર કરે છે અને તેના મનમાં એક વાત બેસે છે. શિવને કહે છે, ''હવે તમે ચિંતા મૂકી દો. મારી પત્ની દાનવની બહેન છે. એને દાનવ પાસે મોકલી એના મૃત્યુનું રહસ્ય જાણીશું.'' લક્ષ્મીજીને તેડવા માટે ગરુડને ત્વરિત મોકલવામાં આવે છે. સવાર થતાં પહેલાં ખગપતિ વિષ્ણુ સામે લક્ષ્મીજીને લાવે છે. આ આખો પ્રસંગ વિષ્ણુદાસનું મૌલિક ઉમેરણ છે. પત્ની પાસેથી કામ કઢાવવા પતિને જે ખુશામત કરવી પડે છે તેવી ખુશામત અહીં કવિ વિષ્ણુ પાસે કરાવે છે. 'સદા નાર મતિ અજ્ઞાન' એવું માનતા વિષ્ણુની વિચારસરણી પાર્થિવ જણાય છે. વિષ્ણુ અને લક્ષ્મી જેવા દૈવી પાત્રોનાં દાંપત્યજીવનમાં પૃથ્વીલોકના મનુષ્યોનું દામ્પત્યજીવન નિરૂપી કવિ કથાને રસિક બનાવે છે. 'સ્ત્રીની બુધ્ધિ પાનીએ' એમ ભગવાન વિષ્ણુ પણ માનતા હોય તો એ કથા ઘટક ભારતીય મૂલ્યોનું, સાથે દૈવી પાત્રોનું ગૌરવ પણ ઓછું કરે છે, છતાં આખો પ્રસંગ કવિનું મૌલિક ઉમેરણ છે, જે કવિની પ્રતિભામાંથી નિપજ્યો છે તેથી એનું મહત્ત્વ તો છે જ. એ પ્રસંગને કવિ આગળ વધારે છે. વિષ્ણુ લક્ષ્મીને વિશ્વાસમાં લઇને તેને જાલંધર પાસે જઈ તેના મૃત્યુનું રહસ્ય જાણી લાવવા કહે છે. અહીં લક્ષ્મીની વ્યથા એક બહેનની વ્યથા તરીકે ખૂબ સુંદર રીતે કવિ નિરૂપે છે. લક્ષ્મીનું પાત્ર માનવીય રૂપમાં અહીં રજૂ થાય છે.

પોતાના ભાઇના મરણનું રહસ્ય જાણવા જવાની લક્ષ્મીજીની આનાકાનીથી વિષ્ણુ એને તિરસ્કારયુક્ત વચનો કહે છે. લક્ષ્મીજી અતિશય દુઃખ પામી ન છૂટકે જાલંધર પાસે જઇ તેના મૃત્યુનું રહસ્ય જાણી લાવવા તૈયાર થાય છે. બંધુને મરાવતા પોતાને કલંક લાગશે એ જાણવા છતાં પતિ સામે લાચાર લક્ષ્મી એ કાર્ય કરવા તૈયાર થાય છે. જાલંધર પાસે જઈ સારી આગતા સ્વાગતા પામેલાં લક્ષ્મીજી જાલંધરના મૃત્યુનું રહસ્ય વાતવાતમાં જાણી લે છે. જાલંધર વિષ્ણુ પાસે રહેલા ત્રણ રત્નો એક ભાઈ તરીકે બહેનને સાસરવાસામાં આપીને, સગાંનો વિરોધ ન કરવા પતિને સમજાવવાનું લક્ષ્મીજીને કહે છે. લક્ષ્મીજી પણ પોતાના ભાઇને 'વિષ્ણુ તારું નામ નહીં લે,' એવો વિશ્વાસ બંધાવી ત્યાંથી વિદાય લઈ સીધા વિષ્ણુ પાસે આવે છે. પ્રેમાળ ભાઇના મરણનો મર્મ વિષ્ણુને કહેતાં લક્ષ્મીજી અચકાય છે ત્યારે ફરી વિષ્ણુ ન કહેવાનાં વેણ લક્ષ્મીજીને કહે છે. વિષ્ણુનાં વેધક બાણો જેવા કટાક્ષ વાક્યો અને ધમકી ભર્યા શબ્દોથી ત્રાસેલા લક્ષ્મી, 'સ્વામી, હું તો હાસ કરતી હુતી'. એમ કહી

દયામણી બની ભાઇના મરણનો મર્મ વિષ્ણુને કહે છે. તેની સ્ત્રી પતિવ્રતા છે. કોઇ પુરુષ તેને છળીને તેના સત્યનો, શીલનો ભંગ કરશે ત્યારે જ જાલંધરને મારી શકાશે. જાલંધરના મૃત્યુનું રહસ્ય જાણી લીધા બાદ વિષ્ણુ ગરુડ સાથે લક્ષ્મીજીને સ્વસ્થાન પહોંચાડે છે. કડવાં ૨૨ થી ૨૬ એમ પાંચ કડવાં સુધી વિસ્તરેલો આ પ્રસંગ કવિની મૌલિક પ્રતિભા દાખવે છે. જો કે તત્કાલીન સમાજના જનમનરંજનાર્થે દૈવી પાત્રોનું આવું માનવીયકરણ ‘જે પોષતું તે મારતું’ એ ન્યાયે એની મર્યાદા પણ બની રહે છે. શક્તિ સ્વરૂપા લક્ષ્મીની પતિ સામેની લાચાર દશા ભાવકોની શ્રધ્ધાને, લાગણીને ચોક્કસ ઠેસ પહોંચાડે.

જાલંધરના મૃત્યુનું રહસ્ય વિષ્ણુ શંકરને કહે છે. શંકર વૃંદાને છળવા જાલંધર રૂપ ધારણ કરી વૃંદા પાસે જાય છે. જાલંધરને આની જાણ થતાં એ શિવરૂપ ધારણ કરી પાર્વતીને છળવા જાય છે. મૂળ કથાનુસાર પાર્વતીને છળવા જાલંધરે શિવનું રૂપ લીધું તેનું ભગવાન વિષ્ણુને જ્ઞાન થતાં તે ગરુડને મોકલી તપાસ કરાવે છે. એ વાત સાચી નીકળતાં ગરુડ જ વિષ્ણુને બદલો લેવા ઉશ્કેરે છે. જાલંધરે પહેલ કરી પછી દેવ તેની પત્નીને છળવા તૈયાર થયા એના બદલે અહીં શિવ વૃંદાને છળવા તૈયાર થયા એટલે જાલંધર પાર્વતીને છળવા ગયો એવા કવિના નિજી ફેરફારથી દેવોના પાત્રો સામે દાનવના પાત્રનું ગૌરવ વધી જાય છે. દેવો હલકા સાબિત થાય છે. પછી પાર્વતીજીને છળવાના પ્રસંગમાં કવિ મૂળને અનુસરે છે. શિવ વૃંદાને છળવા જાય છે એ કવિનું મૌલિક ઉમેરણ છે. હાથમાં કાર્તિકેય અને ગણેશના મસ્તક સાથે શિવ મથુરામાં વૃંદા પાસે જાલંધર વેશ ધારણ કરી આવે છે પરંતુ સતી વૃંદા એને ઓળખી જાય છે. ‘પુત્રવધૂની સેજ’ આવવા બદલ વૃંદા શિવને ઠપકારે છે ને લજ્જિત થયેલાં શિવ મુખ આડું કરી ત્યાંથી નીકળી જાય છે. શિવ વેશધારી જાલંધરને અને જાલંધર વેશધારી શિવને અનુક્રમે પાર્વતી અને વૃંદા જે વચનો કહે છે એ માર્મિક છે. આવા મર્મયુક્ત વચનો વડે સમાજને નૈતિકતાનો બોધ આપતાં આ સંવાદો કવિનું નિજી ઉમેરણ છે. સમાજને સ્વસ્થ રાખવાનું, લોકોમાં શુધ્ધ ચારિત્ર્ય નિર્માણ કરવાનું કામ કવિ સીધા ઉપદેશ દ્વારા નહીં, પણ આ રીતે કરે છે. આ કથા ઘટકનું ઉમેરણ કવિ કૌશલ્યનું દ્યોતક બની રહે છે.

વિષ્ણુને રણમાં મૂકી શિવ વૃંદાને છળવા ગયેલા. એ પાછા આવે એ પહેલાં જાલંધર પાર્વતીજીથી પરાસ્ત થઇ રણમેદાનમાં આવે છે. વિષ્ણુએ કપટ કરી લક્ષ્મીજીને મોકલી પોતાના મરણનું રહસ્ય જાણી લીધું છે એની જાણ થતાં ક્રોધે ભરાયેલો જાલંધર વિષ્ણુ સાથે ભયંકર યુધ્ધ લડી લેવા તૈયાર થાય છે. સાથે સાથે પોતે લક્ષ્મીને સાસરવાસામાં આપેલાં ત્રણ રત્નો બચ્યાં એમ માની

બહેનને પણ પોતાને હાથે હણવા તૈયાર થાય છે. આ કથા ઘટક પણ કવિનું નિજી ઉમેરણ છે. શિવ પણ વૃંદાથી પરાસ્ત થઈ વિષ્ણુ પાસે આવે છે. ત્યારબાદ વિષ્ણુ શિવને રણમાં મૂકી વૃંદાને છળવા જાય છે.

મૂળ કથાનુસાર ઈન્દ્ર અને વિષ્ણુ સાથે યુધ્ધ કર્યા બાદ જાલંધર રુદ્ર સાથે યુધ્ધ કરે છે, પરંતુ અહીં 'જાલંધર આખ્યાન'માં શિવદાસ સીધા જ જાલંધરને રુદ્ર સાથે યુધ્ધ કરતા બતાવે છે. અહીં તો સીધા જ નારદદેવોનાં હિતમાં જાલંધરને રુદ્ર વિરુધ્ધ ઉશ્કેરે છે. 'મહાદેવેન ઘેર તારી સાથે શોભે એવી નાર છે', એવું સાંભળી માયાવી રૂપ ધરી જાલંધર પાર્વતીને છળવા કૈલાસ જાય છે, પરંતુ જેના ચિત્તમાં સદાય સદાશિવ વસે છે એવા પાર્વતીને જાલંધર છળી શકતો નથી તેથી તે શિવ સાથે યુધ્ધ આરંભે છે. આ સંગ્રામમાં રુદ્રની હાર થાય છે. ત્યારબાદ જાલંધર ઇન્દ્રાદિ દેવો સાથે લડે છે. એ દેવો પણ જાલંધર સામે પરાસ્ત થતાં રુદ્રના શરણે આવે છે. દેવોની વિનંતીથી ભગવાન શિવ જાલંધરને મારવાનો ઉપાય બતાવે છે. તેના ઘેર પતિવ્રતા નારી વૃંદા જે છે તેના સતીત્વને લઈને જાલંધર મરતો નથી. એના પતિવ્રત ધર્મનો ભંગ કરવાનો કોઈ ઉપાય વિચારવાનું કહી દેવો સાથે રુદ્ર પણ જાલંધર પર ચઢાઈ કરે છે. એ ચઢાઈનું વર્ણન શિવદાસની મૌલિકતાનું દર્શન કરાવે છે. જાલંધર પર ચઢાઈ લઈ જતાં દેવોના રથના વર્ણનમાં તેમજ રુદ્રના મહાવિકરાળ રૂપના વર્ણનમાં કવિની મૌલિકતાના દર્શન થાય છે. સાથે સાથે કથાના આ પ્રકારના અંશ કથાને દિવ્ય તંતુ સાથે જોડે છે જે મધ્યકાલીન જનમાનસને અનુકૂળ નીવડે છે.

દેવોના શંખનાદથી પાતાળ ખળભળી ઊઠે છે ત્યારે જાલંધરને જાણ થાય છે કે ફરી ઇન્દ્રાદિ દેવો શિવને સાથે રાખી યુધ્ધ કરવા આવ્યા છે. ત્યારે તત્કાળ ધનુષ્ય હાથમાં ધારણ કરતો જાલંધર પોતાની સતી પત્ની વૃંદાની શીખ લેવા પત્નીના ભુવનમાં આવે છે. પત્ની વૃંદા પતિને એક પુષ્પમાળા આપતાં કહે છે, 'જ્યારે એ પુષ્પમાળા કરમાય ત્યારે ભય આવ્યો જાણજો.' મધ્યકાળની કથા પરંપરામાં સતી સ્ત્રીનું પતિને ફૂલ કે પુષ્પમાળનું અર્પણ કરવું અને એ જ્યારે કરમાય ત્યારે કંઈક 'અજુગતું' ઘટશે એવો સંકેત અહીં કથાને ઉપકારક નીવડ્યો છે. આમ, શિવદાસ મૂલાનુસાર વર્ત્યા નથી એટલું જ નહિ કથા પ્રસંગોના ઘટનાક્રમમાં પણ ખાસ્સા ફેરફારો કર્યા છે. ઇન્દ્રાદિ દેવો સાથે રુદ્ર પણ છે અને ફરી ઘોર સંગ્રામ મંડાય છે. મૂળકથા મુજબ ત્રીજા અને આખરી યુધ્ધ વેળા શુક્રાચાર્ય દ્વારા અસુરોને મળતા જીવતદાનથી ગુસ્સે થઇ શંકર તેની જટામાંથી કૃત્યા ઉત્પન્ન કરે છે, જે રણમેદાનમાંથી શુક્રાચાર્યને લઇ પોતાની યોનિમાં મૂકી દે છે. અહીં બીજા યુધ્ધ દરમ્યાન આ કથા

પ્રસંગ શિવદાસ વર્ણવે છે અને શંકરની જ્ઞાનદષ્ટિ વડે પ્રગટેલી કૃત્યા શુક્રાચાર્યને રણમાંથી ઉપાડી જાય છે. એવો નિર્દેશ કરે છે. શુક્રાચાર્ય જેવા દૈત્યગુરુનું કૃત્યા વડે થતું અધઃપતન, જે મૂળ કથાનક બતાવે છે તેને અહીં કવિ ચતુરાઈપૂર્વક અટકાવી શક્યા છે.

આમ છતાં જાલંધર પરાક્રમપૂર્વક લડે છે. ફરી દેવો તેમનાથી ડરી રણમેદાન છોડી ભાગે છે અને પર્વતની ગુફાઓમાં જઇ સંતાય જાય છે. ગુફામાં સંતાયેલા દેવો હવે જાલંધરને મારવાનો ઉપાય ચર્ચે છે. આ કવિનું મૌલિક ઉમેરણ છે. ભગવાન શિવ ઉપાય બતાવતાં કહે છે કે, તેની પત્ની વૃંદાના સતીત્વનો ભંગ થાય તો જ જાલંધરનો દેહ પડે. વૃંદાના શીલભંગ માટે બહાનું બતાવતા શિવ વિષ્ણુને કહે છે કે, 'એણે ભૂતકાળમાં પાર્વતીને છળવાની કોશિશ કરી'તી. તેથી જગદીશ કહે છે કે, 'જો એ સતી પાર્વતીને છળવા આવ્યો હોય તો હવે હું વૃંદાની સાથે કપટ કરી તેનું શીલભંગ કરીશ.' સતી સ્ત્રીના શીલભંગનો દોષ આથી પોતાને નહિ લાગે એવું પણ જતાં પહેલાં વિષ્ણુ જ કહી દે છે. મધ્યકાળની ભોળી પ્રજાને તરત ગળે ઉતરી જાય એવું કારણ બતાવી શિવદાસ આગળ વધે છે તે તેની આગવી સૂઝ દર્શાવી જાય છે. મૂલાનુસાર પાર્વતી ભગવાન વિષ્ણુને વૃંદાના શીલભંગ માટે ઉશ્કેરી જાલંધરના અપરાધનો દંડ તેની નિર્દોષ પત્નીને અપાવે છે એમાં તેનું માતૃપદ કે સ્ત્રીત્વનું ગૌરવ હણાય છે. જ્યારે શિવદાસના શિવ જ વિષ્ણુને એ માટે ઉશ્કેરે છે જે વધુ તર્કસંગત લાગે છે. પોતાની સ્ત્રીને જેણે છળવાની કોશિશ કરી છે તેની સામે બદલો લેવો એ પુરૂષ સહજવૃતિ છે અને વધુ વાસ્તવિક લાગે છે.

### ❖ વિષ્ણુ દ્વારા વૃંદાનુ શીલભંગ થવું :

'પદ્મપુરાણ' મુજબ વૃંદા સ્વપ્નમાં જાલંધરનું કપાયેલું મસ્તક જૂએ છે. મસ્તકની આંખોને ગીધ પક્ષીઓએ બહાર ખેંચી કાઢેલી, કાનના અગ્રભાગો તથા નાક પણ કપાઇ ગયા હતા, વળી, કાલિકાદેવી પોતાના વાળ છૂટા મૂકી, મોઢું વિકરાળ કરી રણમાં દૈત્યોને ખાઇ જવા લાગી હતી. આના બદલે ભાલણ તત્કાલિન શુકન - અપશુકનના ખ્યાલોને નજર સમક્ષ રાખી વૃંદાના સ્વપ્નનું નિરૂપણ કરે છે. 'જાલંધર આખ્યાન' મુજબ વૃંદા સ્વપ્નમાં જાલંધરને નગ્ન સ્વરૂપે, તેલથી સ્નાન કરી પાડા પર સવાર થયેલો જૂએ છે. એ પાડા પર બેસી જાલંધર યમપુર ભણી જાય છે. પોતાનું આખું ગામ સાગરમાં ડૂબી જાય છે અને આકુળ વ્યાકુળ થતી વૃંદા જાગી જાય છે. બ્રાહ્મણોને બોલાવી, અશુભ સ્વપ્નોની વાત કરી, અનિષ્ટ થતું રોકવા હોમ-હવન, દાન-પુણ્ય કરવામાં આવે છે. એ વાત બંને કથાનકમાં નજીવા ફેરફાર સાથે નિરૂપાયેલી છે.

વિષ્ણુ વૃંદાને છળવા તાપસવેશ ધારણ કરે છે ત્યાંથી લઇ વૃંદાનું શીલભંગ કરે છે ત્યાં સુધીના નાના મોટા પ્રસંગોમાં ભાલણની મૌલિક પ્રતિભાના દર્શન થાય છે. 'જાલંધર આખ્યાન' મુજબ વિષ્ણુ જાલંધરપુર આવે છે ત્યારે જાલંધર વિના વિરહ વ્યથા ભોગવતી વૃંદાનું ખૂબ સુંદર ચિત્રણ ભાલણ કરે છે. પતિ વિયોગે ઝૂરતી વૃંદાનો વિલાપ અને તે અંગે સખી સાથેનો તેનો સંવાદ ખૂબ જ હૃદયસ્પર્શી બન્યો છે. નારી સહજ મનોભાવોને ભાલણ અહીં સચોટ રૂપે નિરૂપે છે.

ભાલણ વૃંદાના શીલભંગની કથા આ રીતે નિરૂપે છે. સખી સાથે બાગમાં આવેલી વૃંદાની પાછળ બે રાક્ષસો પડે છે. એટલામાં વૃંદા તાપસને જૂએ છે. પોતાને બચાવવા વૃંદા વિનંતી કરે છે. તાપસ આંખો ખોલી રાક્ષસો સામું જૂએ છે તો તેઓ બંને બળીને ભસ્મ થાય છે. તાપસ પર વૃંદાને શ્રધ્ધા બેસે છે. પોતાના સ્વામીની યુધ્ધમાં શી સ્થિતિ છે એમ ત્રિકાળજ્ઞાની તાપસને પૂછે છે. તાપસ કંઇ ઉત્તર વાળતા નથી. ફરીવાર રાક્ષસના સકંજામાં સપડાયેલી વૃંદાને તાપસ બચાવે છે. એટલામાં એક મૃગને તાપસ સુવર્ણમૃગ બનાવી દે છે. વિરહ વ્યથિત મૃગ આત્મહત્યા કરે છે. મૃગલી તાપસને શાપ આપે છે. આ બધા ચમત્કારોથી અંજાયેલી વૃંદા જાલંધરની ભાળ મેળવવા મુનિને પ્રાર્થના કરે છે. ત્યારે ઘર્ઘટ અને ઘંટાઘન નામધારી વાનરરૂપે જય, વિજય નામના બે દાસ પ્રગટ થાય છે. મુનિ તેને જાલંધરની ભાળ મેળવવા મોકલે છે. એક મુહૂર્તમાં બેય વાનરો જાલંધરના ધડ અને મસ્તકને હાથમાં લઇ આવી તાપસરૂપ વિષ્ણુ અને વૃન્દા સમક્ષ રજૂ કરે છે. એ જોઇ વ્યથિત વૃન્દા મૂર્ચ્છિત બની જાય છે. તાપસરૂપ વિષ્ણુ તેને જળ છાંટી બેઠી કરે છે ત્યારે પતિવ્રત ધર્મનું પાલન કરનારી વૃંદાનો વિલાપ લગભગ ૨૬ પંક્તિઓમાં ભાલણ નિરૂપે છે. ભાલણનું કવિત્વ અહીં ખીલી ઊઠે છે.

જાલંધર વગર પોતાના પ્રાણ ત્યજવા તૈયાર વૃંદાને અટકાવતા તાપસ જાલંધરના એ મૃતદેહને લઇને પોતાને મંદિર જવા કહે છે. ત્યાં સુંદર શય્યા ઢાળી હૃદય પર પતિનુ મસ્તક ધારણ કરશે ત્યારે તે જીવિત થશે એવા મુનિનાં વચનોથી હરખઘેલી વૃંદા મુનિના વચનોનું પાલન કરે છે. સુંદર શય્યા પર પતિનાં મસ્તકને લઇને પોઢતાં તેને નિદ્રા આવી જાય છે. જાગૃત થતાં પોતાના સ્વામીમાં તેને તાપસના દર્શન થાય છે અને પોતાનું શીલભંગ થયું, પતિવ્રતધર્મનો ભંગ થયો જાણી વૃંદા વિષ્ણુને શાપ આપે છે. વૃંદાના આ શાપને કારણે લંકાપતિ રાવણ તાપસવેશે સીતાનું હરણ કરે છે અને ભગવાન વિષ્ણુ શાલિગ્રામ રૂપે પૂજાય છે. વૃંદાનાં આવાં કઠોર વચનો છતાં તેના સતીત્વથી પ્રસન્નચિત્ત વિષ્ણુ તેને વરદાન આપતાં કહે છે, 'જો તારા મનમાંહે રીસ, તો વૃક્ષરૂપ તું મારે શીશ.' આટલું કહી ભગવાન વિષ્ણુ અંતર્ધ્યાન થાય છે. વૃંદા પતિવ્રતધર્મને ઉચિત, શીલભંગથી વ્યથિત,

ચિતા પર ચઢી બળી મરવા તૈયાર થાય છે ત્યારે ફરી નારાયણ પ્રગટ થઈ તેને વરદાન માગવા કહે છે. ફરી વૃંદા વ્યથિત બની, 'જે શેષનાગ તાપસરૂપ વિષ્ણુનો શિષ્ય હતો તે ભવિષ્યમાં તેનો નાનો ભાઈ થશે અને જય-વિજય નામના તેના બે દાસ જે વાનર રૂપે આવેલા એ બે વાનરો જ્યારે તારી સ્ત્રીનું અપહરણ થશે ત્યારે તને મદદરૂપ થશે.' એમ કહી ચિતામાં બળી મરી. વૃંદાના વિરહથી વ્યાકુળ વિષ્ણુ હવે ખરેખર તાપસ બની વૃંદાની ચિતાભસ્મનું લેપન કરી વૃંદાનું ધ્યાન ધરતાં ત્યાં જ રહી જાય છે અને તપ કરતાં એકાંતવાસને સેવે છે. વૃંદાએ જ્યાં દેહ ત્યજ્યો તે 'વૃન્દાવન' નામે પવિત્ર તીર્થભૂમિ બની રહે છે. આ સમગ્ર કથનમાં કપટમુનિ વિષ્ણુના અધમ કૃત્યથી લાજ પામી, પતિના વિરહે પ્રાણ ત્યાગ કરતી વૃન્દાના પાત્રમાં ભારતીય નારીની તેજસ્વિતાના દર્શન થાય છે.

મૂળ 'પદ્મપુરાણ'માં આ કથાનક ભગવાન વિષ્ણુના ગૌરવને લાંછન લગાડે છે. ભગવાન વિષ્ણુના ખરેખર લંપટ પુરુષ જેવા વર્ણનમાં વિષ્ણુનું પાત્રોચિત ગૌરવ હણાય છે. બીજા ગૌણ ફેરફારોને રહેવા દઈએ તોય ભગવાન વિષ્ણુ તાપસરૂપ ધરી વૃન્દાનો શીલભંગ કરે છે ત્યારે પોતે શિવનું કાર્ય કરી રહી જાણે આત્મવંચના કરતા જણાય છે. 'પદ્મપુરાણ'માં વૃન્દાને મોહ પમાડતા વિષ્ણુ લક્ષ્મી પ્રત્યે નિઃસ્પૃહ બને છે. વૃન્દાને મોહ પમાડવાથી મળતાં સુખને મોક્ષથી પણ અધિક માને છે. આ પ્રકારનું વિષ્ણુના માનસનું વર્ણન તેને પદચ્યૂત કરે છે. ભાલણ આ પ્રકારના વર્ણનથી દૂર રહ્યા છે તેથી વિષ્ણુનું ગૌરવ પણ જળવાય છે અને ભાવકોના હૃદયને આઘાત આપવાથી બચી જાય છે.

એ સિવાય, વૃંદાના શીલભંગ પછી પ્રાણ ત્યાગવા તત્પર વૃંદા પાસે તેને સદેહે સ્વર્ગમાં લઈ જવા અપ્સરાઓ આવે છે પરંતુ વૃન્દા એ લાલચથી દૂર રહી અપ્સરાઓને વિદાય કરે છે. ત્યારબાદ યોગના અભ્યાસ વડે પ્રાપ્ત થયેલ જ્ઞાનરૂપી અગ્નિ દ્વારા (સત્યાદિ) ગુણોને બાળી ભસ્મ કરી નાખ્યા હતા અને પછી પોતાના મનને વિષયોથી વિમુખ કરી મોક્ષ સ્થાન પ્રાપ્ત કર્યું હતું એવો ઉલ્લેખ 'પદ્મપુરાણ'માં મળે છે, પરંતુ ભાલણનું નિરૂપણ વધુ વાસ્તવિક અને તર્કસંગત લાગે છે. મધ્યકાલીન યુગમાં સતી સ્ત્રીઓનું પતિના મૃત્યુ બાદ પતિ વિરહે સતી થવું એ પરંપરાને અહીં ભાલણે રજૂ કરી છે, જે કથાને સમસામયિક બનાવે છે.

વૃંદાના વિષ્ણુ દ્વારા થતાં શીલભંગની કથા પૂર્વેના પ્રસંગોમાં 'જાલંધર પુરાણ'ની ઘટનાઓ જેવી કે, વિષ્ણુનું સંન્યાસી રૂપ, વૃંદાનું સ્વપ્ન, તેને લીધે તેની વ્યાકુળ સ્થિતિ એ સર્વ 'શિવ પુરાણ'ના મૂળ કથાપ્રવાહને અનુસરે છે. ત્યારબાદ ભગવાન વિષ્ણની માયાને કારણે પ્રબળ વાયુ વાય

છે. નગરમાં સ્થળે સ્થળે આગ ફાટી નીકળે છે, ધરતીકંપ સર્જાય છે આ સર્વ કવિનું મૌલિક ઉમેરણ છે, જેના દ્વારા વાતાવરણ વધુ ભયાનક બને છે.

વૃંદાના શીલભંગની કથા હરદાસજી આ રીતે અને ક્રમે નિરૂપે છે; વિષ્ણુ કપટમુનિ બની વનમાં માયાવી મઠ રચી એ મઠમાં રહે છે. બાગમાં આવેલી વૃંદા પાછળ એક રાક્ષસ પડે છે તેનાથી બચવા વૃંદા બૂમો પાડે છે ત્યારે માયાવી સાધુનું ચાલ્યા જવું, વૃંદાનું વનમાં આગળ વધવું, વનમાં પારધીનું વૃન્દા પાછળ પડવું, કપટમુનિની મદદે આવી પારધીને બાળીને ભસ્મ કરી ચાલ્યા જવું, વૃંદાનું તેની પાછળ જવું, મુનિ દ્વારા મૃગલાને પહેલા સુવર્ગમૃગ બનાવવું અને મૃગલીના શાપથી મૃત્યુ પામેલા મૃગનું સજીવન થવું, મુનિ દ્વારા થતા આવા ચમત્કારો નિહાળી વૃંદાનું જાલંધરની ભાળ મેળવવા માટે મુનિને પ્રાર્થવું, મુનિ દ્વારા બે વાનરોને આદેશ આપવો. વૃંદાએ નિશાની માટે ગળાનો હાર આપવો, એ હાર જાલંધરને રણભૂમિમાં જઇ બતાવી વૃંદાના મૃત્યુના સમાચાર આપવા, જાલંધરે વાનરોની આ વાત ન સ્વીકારી પોતાના પગના સાંકળા આપી પોતે કાલ સવારે આવશે એવો વૃંદાને સંદેશો કહેવડાવવો, વાનરો દ્વારા જાલંધરનું બનાવટી મસ્તક વૃંદા સામે રજૂ કરી તેના મૃત્યુના સમાચાર આપવા, વૃંદાનું પતિવ્રતધર્મનું પાલન કરતાં પોતાને પણ પતિ સાથે અગ્નિદાહ આપવાનું મુનિને ક્હેવું; સ્ત્રી હત્યાના પાપથી બચવા મુનિ દ્વારા એ વાતનો અસ્વીકાર થવો, સખીની મદદથી કાષ્ટ ભેગા કરી બળી મરવા તૈયાર થયેલી વૃંદાને મુનિ દ્વારા અટકાવીને કહેવું કે, 'તારો પતિ સજીવન થશે.' એમ કહી વૃંદાને નિદ્રામાં નાખી દઇ પોતે જ જાલંધરનું સ્વરૂપ ધારણ કરવું અને વૃંદાના જાગતાં માયાવી જાલંધરના ખોળામાં સૂતેલી વૃંદાનું શીલભંગ થવું. આમ, બનાવટી જાલંધર દ્વારા આખરે વૃંદા શીલભંગ થાય છે. ત્યારબાદ વિષ્ણુ પોતાના અસલ રૂપમાં આવી પોતાનો પરિચય આપતાં તેઓ વૃંદાને જીવતાં જ વૈકુંઠવાસ અને મુક્તિ આપવાનું કહે છે. વૃંદા એનો અસ્વીકાર કરી અગ્નિપ્રવેશ કરવા તૈયાર થાય છે. ભગવાન વિષ્ણુ વૃંદાને અગ્નિપ્રવેશ કરતા ફરી અટકાવે છે ત્યારે ભગવાન વિષ્ણુની નિર્લજ્જતા આ રીતે પ્રગટે છે ! 'હું તને લક્ષ્મી કરતાંય મોંઘી કરીને મારા હૃદયમાં કાયમ રાખીશ.' ભગવાન વિષ્ણુ સગપણના નાતે લક્ષ્મીની ભાભી વૃંદાનું શીલભંગ કરે, લક્ષ્મી કરતાં સારી રીતે હૃદયમાં રાખવી એટલે એની શૌક્ય તરીકે રાખવા તૈયાર થાય તે વિષ્ણુના ગૌરવને હણનારા પ્રસંગો છે. સામા પક્ષે વૃંદા નિર્દોષ હોવા છતાં પોતાના શીલભંગથી લજ્જિત અને વ્યથિત બની બળી મરવા તૈયાર થાય તેમાં ભારતીય સતીત્વની ઉજ્જવળ પરંપરાના દર્શન થાય છે.

આખરે વૃંદા બળી મરે છે. આમ, અહીં પુરુષની અધમતા અને સ્ત્રીની તેજસ્વિતા, પવિત્રતા પ્રગટે છે. 'શિવ પુરાણ'માં વૃંદાને માયાવી વિષ્ણુ રાક્ષસોથી બચાવે, સાધુને જાલંધરની યુધ્ધમાં શી સ્થિતિ છે તે વૃન્દા પૂછે, કપટમુનિના સંકેતથી બે વાનરો હાજર થાય, સંકેત વડે આજ્ઞા મળતાં દોડીને ગયેલા બે વાનરો જાલંધરનો કપાયેલ દેહ લઇ દોડીને આવે, વૃંદાનો વિલાપ, વૃંદાની મુનિને જાલંધરને સજીવન કરવા વિનંતી, મુનિ જાલંધરને જીવિત કરી અદશ્ય બને, જાલંધર રૂપ બનેલ વિષ્ણુ પોતે વૃંદા સાથે સમાગમ કરી વૃંદાનું શીલભંગ કરે, વૃંદાને અહીં સ્થિતિનું જ્ઞાન થતાં તે વિષ્ણુને શાપ આપે કે, 'તારી પત્નીનું રાક્ષસો હરણ કરશે અને તમે વાનરોની સહાય વાંછતા વનમાં ભટકશો, મહાદુઃખ પામશો' અને વૃંદા અગ્નિપ્રવેશ કરી પ્રાણ ત્યાગ કરે છે.

આમ, વૃંદાના શીલભંગના પ્રસંગમાં બંને પુરાણોના કથાંશો લગભગ મળતાં આવે છે. પરંતુ 'જાલંધર પુરાણ'માં કવિએ આ પ્રસંગમાં માનવીય ભાવોનું આરોપણ કરીને કથાને ખીલવવાનો પ્રયાસ કર્યો છે અને એ દ્વારા પોતાની વર્ણનકલા અને કવિત્વનો પરિચય આપ્યો છે. વૃંદાની મનોવ્યથા અને વિષ્ણુ દ્વારા આશ્વાસન રૂપે કહેવાયેલાં લાલસાયુક્ત વેણો 'શિવ પુરાણ'માં નથી. આમ, મૂળ કથાનકમાં નજીવા ફેરફાર છતાં સમકાલીન માનવભાવોનું નિરૂપણ કરવામાં કવિ મહદ્‌અંશે સફળ રહ્યાં છે.

વિષ્ણુદાસના 'જાલંધર આખ્યાન' મુજબ શિવ વૃંદાથી અને જાલંધર પાર્વતીજીથી પરાસ્ત થઇ પાછા આવે છે. ત્યારબાદ વિષ્ણુ શિવને રણમાં મૂકી વૃન્દાને છળવા જાય છે. રખેને વિષ્ણુ આમ કરી યુધ્ધ મેદાનમાંથી નાસી જાય ! એ બીકે શિવ કહે છે 'તમે આવવામાં વિલંબ કરશો તો નક્કી આ દુષ્ટ મારો નાશ કરશે.'

વિષ્ણુ વૃન્દાને છળવા તાપસવેશ ધારણ કરે છે ત્યાંથી લઇ વૃંદાનો શીલભંગ કરે છે ત્યાં સુધીના નાના - મોટા પ્રસંગોમાં વિષ્ણુદાસની મૌલિક પ્રતિભાના દર્શન થાય છે. જેમ કે 'પદ્મપુરાણ'માં વહેલી પરોઢે વિરહ વ્યથા ભોગવતી વૃન્દા અશુભ સ્વપ્ન જૂએ છે. એને બદલે વિષ્ણુદાસ તત્કાલીન શુકન -અપશુકનના ખ્યાલોને નજર સમક્ષ રાખી વૃન્દાને થતાં અપશુકનનું વિગતે નિરૂપણ કરે છે.

વૃંદાના શીલભંગની કથા વિષ્ણુદાસ ખૂબ વિગતે નિરૂપે છે. વિજયનંદા નામની દાસીને લઇ વૃંદા જાલંધરની ખબર લેવા નીકળે છે. એક સુંદર વનમાંથી પસાર થતાં વૃંદા મુનિને જૂએ છે. ભગવાન વિષ્ણુ એક માયા રચી પારધિના હાથે મૃત્યુ પામેલી સગર્ભા મૃગલીને સજીવન કરે છે. એટલું જ નહિ,

મુનિની દષ્ટિથી મૃત્યુ પામેલા પારધિને પણ ચેલાના કહેવાથી મુનિ સજીવન કરે છે. વૃંદાને મુનિ પર વિશ્વાસ બેસે છે. અત્યાર સુધી ચેલાના કહેવાથી મુનિની પાછળ ઉભેલી વૃંદા હવે મુનિની સામે આવે છે. પતિના સમાચાર જણાવવાની વૃંદાની આજીજીને પ્રથમ તો મુનિ નકારે છે, પરંતુ ગદ્ગદ્ કંઠે કરગરતી વૃંદાને મુનિ થોડીવાર આંખો મીંચી મસ્તક હલાવતા જણાવે છે કે, 'વિષ્ણુએ ચક્ર પ્રહારે તારા પતિને મારી નાખ્યો છે એટલું જ નહિ તેના હાથ, પગ મસ્તક અને શરીરના કટકા કરી નાખ્યા છે.' મુનિનાં આ વચનોમાં વૃંદાને વિશ્વાસ બેસતો નથી. શંકિત વૃંદાની શંકા દૂર કરવા વળી વિષ્ણુ માયા રચે છે. ભયંકર વંટોળથી જાલંધરનું મસ્તક ઊડીને અહીં પડે છે. વૃંદા એ મસ્તકને ઓળખીને ત્રાસ પામે છે. એટલામાં જમણો હાથ પછી ડાબો હાથ પછી હાથ પગ વિહોણું શરીર અને પછી બે પગ આવીને પડે છે. વૃંદાને વિશ્વાસ આવે છે. કંદુક હાથમાં લઈ જૂએ છે. નવપલ્લવિત કળીઓ ગણે છે. એંધાણ મળે છે. શરીરનાં તમામ અંગો એકઠાં કરી વૃંદા વિલાપ કરે છે.

પતિવ્રત ધર્મનું પાલન કરતી વૃંદાનો વિલાપ આખું ૩૨ મું કડવું રોકે છે. વિષ્ણુદાસનું કવિત્વ અહીં ખીલી ઊઠે છે. પતિના મૃત્યુ પાછળ પોતાનું મૃત્યુ વહોરવા તૈયાર વૃંદા મુનિને પોતાને અગ્નિને સમર્પિત કરવા વિનંતી કરે છે. મૂઆ પશુ-માનવને જીવતાં કરતાં પોતે એક નારીને કેમ કરીને બાળે ? એમ કહેતાં મુનિને, વૃંદાના સમર્થનમાં મુનિનો ચેલો જાલંધરને સજીવન કરવા વિનંતી કરે છે. ગુરુ જાલંધરના શરીરના અંગોને એકઠાં કરી ગોઠવી તેના પર મૃગચર્મ ઢાંકવા કહે છે. કમંડળમાંથી જલનો અભિષેક તેના પર છાંટતા મુનિ જાલંધરને બેઠો થવા કહે છે અને જાલંધર અંગ મરડતો બેઠો થાય છે. મુનિને પ્રણામ કરી બધા ઘરે આવે છે.

સ્નાન, ભોજન વગેરે દૈનિક કાર્ય પૂર્ણ કરી સોળ શણગાર કરી વૃંદા પતિ સાથે સેજ પર આવે છે. કામકેલિ રસ માણતા વિષ્ણુએ કપટથી વૃંદાને ભોગવી સતીનું સતીત્વ ચૂકાવ્યું. પછીની વિગતોના ક્રમમાં કવિ ફેરફાર કરે છે. મૂળ કથાનકમાં શીલભંગ પછી વિષ્ણુને શાપ આપી વૃંદા ચિતામાં બળી મરે છે અને પછી શિવ દ્વારા જાલંધરનો વધ થાય છે. અહીં વૃંદાના શીલભંગ પછી કવિ તરત શિવ - જાલંધર વચ્ચેના ઘોર સંગ્રામની વાત વિસ્તારીને કહે છે અને અંતે અર્ધચંદ્ર બાણ વડે શિવ જાલંધરનું મસ્તક છેદે છે. એ મસ્તક વૃંદા અને વિષ્ણુ જ્યાં એકાંત સ્થળે હતા ત્યાં આવીને પડે છે. તરત વૃંદા સ્વામીના મસ્તકને ઓળખે છે. તો પોતાની સાથે આ કાળા કૂકર્મનો કરનાર કોણ છે ? શાપિત થવાની બીકે વિષ્ણુ થરથર ધ્રુજે છે. વિષ્ણુને શાપ આપવા જતી વૃંદા સમક્ષ વિષ્ણુ મૂળરૂપમાં પ્રગટ થાય છે, છતાં વૃંદા વિષ્ણુને પાષાણરૂપ થવાનો અને વિષ્ણુ વૃંદાને વનસ્પતિ થવાનો શાપ આપે છે.

પાષાણરૂપ વિષ્ણુનું વિશ્વમાં પૂજન થશે અને વનસ્પતિરૂપ વૃંદાને પણ 'તુલસી'નું માહાત્મ્ય પ્રાપ્ત થશે એવા પરસ્પર વરદાન પણ આપે છે. વૃંદા કહે છે કે, 'તમે મારા ભરથાર થયા છો હવે તમારાથી અળગી કેવી રીતે કરશો ?' ભગવાન વિષ્ણુ વૃંદાના આ વચનોથી તેને વશ થાય છે અને 'તુલસી'નું વરદાન આપી તેને પટરાણી પદે સ્થાપીને 'તુલસી' માહાત્મ્યને કવિ વિષ્ણુના મુખે વર્ણવે છે. વિષ્ણુ વૃંદાના શાપને મસ્તક ચઢાવે છે. વૃન્દા પતિનું મસ્તક ખોળામાં લઇ અગ્નિમાં બળી મરે છે. તેની રાખમાં વિષ્ણુ આળોટે છે અને તરત જ તેમાંથી તુલસીના છોડ ઉત્પન્ન થાય છે.

વૃંદા-વિષ્ણુ જે સ્થળે એકાંત માણી રહ્યા છે ત્યાં જાલંધરના મસ્તકનું આવીને પડવું, વૃન્દાના શાપની બીકે વિષ્ણુનું અસ્સલ રૂપમાં પ્રગટ થવું, વૃંદાનું શાપ આપ્યા પછી વિષ્ણુના શરણે જઇ, પતિ તરીકે ભોગવી છે તો તમે કંથ તરીકે મને અળગી કઇ રીતે કરી શકો ? વગેરે વિગતો વિષ્ણુદાસનાં મૌલિક ઉમેરણો છે જે કથાને વધારે રસિક બનાવવા ઉપકારક નીવડ્યા છે.

મૂળ 'પદ્મપુરાણ'માં વૃંદાના શીલભંગના કથાનકમાં ભગવાન વિષ્ણુનું લંપટ પુરુષ જેવું વર્ણન વિષ્ણુના પાત્રને લાંછનરૂપ છે. વળી, વૃંદાને મોહ પમાડવાથી મળતા સુખને મોક્ષથી પણ અધિક ગણતા વિષ્ણુ લક્ષ્મી પ્રત્યે નિઃસ્પૃહી બનતા જણાય છે. વિષ્ણુના માનસનું આ પ્રકારનું વર્ણન તેને પદચ્યુત કરે છે. વિષ્ણુદાસ આ પ્રકારના વર્ણનથી દૂર રહ્યા છે તેથી વિષ્ણુનું ગૌરવ પણ જળવાય છે અને ભાવકોના હૃદયને આઘાત આપવાથી બચી જાય છે. એ સિવાય, વૃંદાના શીલભંગ પછી પ્રાણ ત્યાગવા તત્પર વૃંદાને લઇ જવા અપ્સરાઓ આવે છે એ પ્રસંગ જે મૂળ 'પદ્મપુરાણ'માં મળે છે તે પ્રસંગને કવિ છોડી દે છે. અહીં વિષ્ણુદાસનું નિરૂપણ વધુ વાસ્તવિક અને તર્કસંગત લાગે છે. મધ્યકાલીન યુગમાં સ્ત્રીઓનું પતિની ચિતામાં પતિ સાથે બળી મરી સતી થવું એ પરંપરાને અહીં વિષ્ણુદાસ અનુસરે છે, જે કથાને સમસામયિક બનાવે છે.

શિવદાસના 'જાલંધર આખ્યાન'માં વૃંદાના શીલભંગ માટે જતાં વિષ્ણુ જે યુક્તિઓ કરે છે એ મૂળકથાનુસાર નથી. અહીં તો શિવદાસ સૌ પ્રથમ વિષ્ણુને જાલંધરનું રૂપ લઇ વૃંદા સમક્ષ જતા બતાવે છે, પરંતુ પતિને પરમેશ્વર જાણતી વૃંદાનું મન પતિમાં જ સ્થિર છે એવું વિચારી વિષ્ણુ બીજો ઉપાય વિચારે છે. એ મુજબ શિવદાસ હવે મૂળકથાની થોડા નજીક જાય છે પણ વિગતદોષ તો ત્યાં પણ જણાય છે. જો કે માત્ર આઠ જ કડવામાં જાલંધરનું કથાનક પૂર્ણ કરતાં શિવદાસ કડવા પાંચથી આઠ એમ ચાર કડવાંમાં ખૂબ વિસ્તારથી વિષ્ણુ વૃંદાના કથાનકને આલેખે છે.

મૂળ કથા મુજબ વૃંદાના સ્વપ્નને કવિ અહીં આલેખતા નથી. વૃંદાના ઘર બહાર નીકળવાના કારણને શિવદાસ પોતાની મૌલિક સૂઝથી નિરૂપે છે. ભગવાન વિષ્ણુ દિગંબર મહાજોગીનું રૂપ ધરી માર્ગ વચ્ચે જઇ બેઠા. પાસે એક પિશાચ અને બે મોઢાવાળો વિચિત્ર મૃગ તેણે રાખ્યા છે. વૃન્દાના મનમાં પ્રવેશ કરી વિષ્ણુ માયા રચે છે. વૃંદાને મનમાં એવો વિચાર આવે છે કે પોતાના પતિના ઘણા સમયથી કઇ સમાચાર નથી તો હું રણમાં જોવાને માટે જાઉં. તત્કાળ રથમાં બેસી આયુધોથી સજ્જ થઇ બેચાર સખીઓ સંગાથે નીકળી પડે છે અને જો પોતાનો પતિ રણમાં રોળાયો હશે તો આજે હું સર્વ દેવોનો સંહાર કરીશ એવુ મનમાં વિચારે છે. મૂળ કથા મુજબ વૃંદાની પાછળ રાક્ષસો પડે છે. એને બદલે શિવદાસ અહીં નજીવો ફેરફાર આણે છે. તાપસરૂપે રહેલા વિષ્ણુની પાસે રહેલા મૃગ અને પિશાચ વૃંદા પર આક્રમણ કરે છે અને તાપસ તે બંનેને બાળીને ભસ્મ કરે છે. તેનાથી પ્રભાવિત થયેલી વૃંદા તાપસને પગે લાગી તેની પ્રદક્ષિણા કરે છે અને પોતે યુધ્ધ મેદાનમાં ગયેલા પતિની ભાળ મેળવવા નીકળી છે એવું તાપસને જણાવે છે.

આ સાંભળી તાપસ તત્ક્ષણ બીજી માયા રચે છે. જાલંધર જેવું જ રૂપ ધરાવતા ધડથી મસ્તક જુદા થયેલા દેહને જાલંધરના જ બે સેવકો તાપસ અને વૃંદા સમક્ષ હાજર કરે છે. એ બે સેવકો રાણીને જોઇ પગે લાગી કહે છે કે, 'દેવોએ રાજાને હણ્યો છે અને માંડ માંડ તેના દેહને લઇને અમે ભાગ્યા છીએ.' એવા સેવકના વચન સાંભળી વૃંદા મૂર્ચ્છિત બને છે.વૃન્દા શબ ઓળખે છે પણ વિષ્ણુની માયાને ઓળખી શકતી નથી. શિવદાસનું આ પ્રકારનું વર્ણન કૌશલ્ય વૃંદાના પાત્રને એ રીતે નિખાર આપે છે કે, જાલંધર રૂપે આવેલા માયાવી વિષ્ણુથી તે મોહ પામતી નથી પરંતુ સ્ત્રી સહજ કોમળ હૃદય ધરાવતી વૃંદા જ્યારે વિષ્ણુની માયા વડે જ ભલે, પણ પતિના શબને જૂએ છે તો તેને સાચું માની મૂર્ચ્છિત બની જાય છે.

પિયુનું મસ્તક ખોળામાં લઇ વૃંદા વિલાપ કરે છે. મૂળ કથાનુસાર વ્યથિત વૃંદા અગ્નિપ્રવેશ કરવા તૈયાર થાય છે. અહીં 'જાલંધર આખ્યાન'ની વૃંદા કંઠે કેશપાશ બાંધી મરવા તૈયાર થાય છે ત્યારે તાપસરૂપ વિષ્ણુ તેને તેમ કરતા રોકે છે અને 'તારા પુણ્યપ્રતાપથી તે પુનર્જીવન પામશે' એવું કહે છે. વૃંદાને આંખો બંધ કરી શબને દૂર મૂકવા જણાવે છે. શબરૂપ દેહમાં પ્રવેશ કરી વિષ્ણુ જાલંધર દેહને સજીવન કરે છે. જાલંધર રૂપે રહેલા વિષ્ણુ સાથે વૃંદા વનમાં મનગમતી ક્રીડા કરતી રાત વિતાવે છે. પતિના સજીવન થવાના આનંદના અતિરેકમાં તે ઇશ્વરની માયાવી શક્તિને પારખી શકતી નથી. તમામ ભોગ આનંદ ભોગવ્યા પછી તેના ચિત્તમાં જ્ઞાન ઉપજે છે. પોતાને છેતરવા બદલ શાપ દેવા

તત્પર થયેલી વૃંદાના રોષથી શ્રી જગદીશ પણ ધ્રુજી જાય છે અને પોતાના અસ્સલ રૂપમાં પ્રગટ થાય છે.

વૃંદાના શીલભંગ પછી વિષ્ણુના ગૌરવને લાંછન લગાડતા મૂળના વર્ણનથી શિવદાસ દૂર રહ્યા છે. એટલું જ નહિ, પણ ભગવાન વિષ્ણુ પોતાના 'દેવ'ના બિરુદને છાજે એ રીતે 'સતી' વૃંદા સમક્ષ પ્રગટ થાય છે. દેવે પણ સતીના સતીત્વથી ડરવું પડે એવું 'જાલંધર આખ્યાન'માં કવિ શિવદાસનું નિરૂપણ મધ્યકાલીન ભાવકોના માનસને અનુકૂળ નીવડે છે.

પોતાનું સત્યવ્રત ગયેલું જાણી વૃંદા અતિશય વ્યથિત થાય છે. મહાક્રોધ કરી કહે છે કે જો તમારી જગ્યાએ બીજો કોઈ પણ પુરુષ હોત તો એને બાળીને ભસ્મ કરત. વૃંદા વિષ્ણુને શાપ આપતાં કહે છે કે, ''જેમ તે મને મારા પતિથી વિયોગ આપ્યો અને જોગી, મૃગ, પિશાચની મદદ વડે મને મોહ પમાડી તેમ તારો પણ તારી પત્નીથી વિયોગ થાઓ અને આ જ બધાથી તને વનમાં ભયંકર દુઃખ પડો.'' વૃંદાના શાપિત વચનો સાંભળી વિષ્ણુ પોતાનો બચાવ કરતાં કહે છે કે, 'પહેલાં તારો પતિ પાર્વતીજીને છળવા ગયેલો એટલે મે તને છળી એટલે જેણે પહેલ કરી તેને પાપ મળશે. મે તો દેવનું કાર્ય કર્યું છે. મારો એ અપરાધ ક્ષમા કરી હવે વરદાન માંગ.' આમ 'જાલંધર આખ્યાન'માં શિવદાસ ભગવાન વિષ્ણુને પદચ્યુત ન કરતાં પાત્રોચિત ગૌરવ બક્ષે છે. ભગવાન વિષ્ણુનાં વિનયી વચનો સાંભળી વૃંદાને પણ ભગવાનને શાપ દીધાનો ક્ષોભ થાય છે. પોતાના અપરાધની ક્ષમા માગે છે સાથે સાથે એ પણ જણાવે છે કે, 'જે પતિવ્રતા સ્ત્રી પતિવ્રતધર્મનું પાલન કરે છે તે અંતે તમને પામે છે. મારું આ વ્રત મને ફળ્યું છે. અમો અસુર જાત તો'ય મને તમારી અર્ધાંગ ધારણ કરી અમારા કુળને પાવન કર્યું. હવે મારા પતિને વૈકુંઠ વાસ આપો.' અહીં વૃંદાને આશ્વાસન આપતાં વિષ્ણુ કહે છે કે, 'તારો પતિ નરકાસુર રૂપે મૃત્યુલોકમાં અવતરશે ત્યારે હું કૃષ્ણ અવતારે તેનો વધ કરીને મારા ધામનો અધિકારી બનાવીશ.' એ સિવાય, ભગવાન વિષ્ણુ વૃંદાને તુલસી રૂપે ત્રિલોકમાં પૂજાવાનું વરદાન આપે છે. જે માણસ અંતકાળે તુલસીપત્ર પામશે તેને વૈકુંઠ પ્રાપ્ત થશે એમ કહી રણમેદાનમાં જ્યાં રુદ્રે જાલંધરને હણ્યો છે ત્યાં વૃંદાને લઇને વિષ્ણુ આવે છે. દેવો પણ વૃંદાના સતીત્વની સ્તુતિ, પ્રશંસા કરે છે. ત્યારબાદ વૃંદા પોતાના અંગમાંથી અગ્નિ પ્રગટાવે છે અને પોતાના પતિ સાથે બળી મરે છે. મધ્યકાલીન યુગમાં પતિના મૃત્યુથી પતિ પાછળ સતી થતી સ્ત્રીઓનાં અસંખ્ય દ્દષ્ટાંતો મળે છે. સતી વૃંદાને પણ પતિ વિરહે સતી થતી બતાવી શિવદાસે કથાને સમસામયિક મોડ આપ્યો છે.

## ❖ જાલંધર વધ અને ફલશ્રુતિ સાથે આખ્યાનની સમાપ્તિ :

'પદ્મપુરાણ' જાલંધર વધના પ્રસંગનું પણ વિસ્તૃત આલેખન કરે છે. વૃંદાના મહામાયા દ્વારા હરણની વાત દુર્વારણ દ્વારા જાલંધર જાણે છે ત્યારે તે શિવ અને વિષ્ણુ બેમાંથી કોની સાથે પહેલું યુધ્ધ કરવું તે માટે દુર્વારણને પૂછે છે અને દુર્વારણ શિવ સાથે યુધ્ધ કરવાનું કહે છે. શિવગણો અને દૈત્યસેના વચ્ચે ભયંકર શસ્ત્રાસ્ત્રોથી યુધ્ધ થાય છે. રણમેદાનમાં શબોના ઢગ ખડકાય છે. શિવના આંજી નાખતા તેજ સામે પણ જાલંધર નિર્ભય બની રહે છે ત્યારે પ્રસન્ન થયેલા ભગવાન શિવ તેને વરદાન માગવા કહે છે. જાલંધર 'સાયુજ્ય મુક્તિ'નું વરદાન માગે છે. અહીં જાલંધર શિવના પરમ ભક્ત હોવાનું ફલિત થાય છે. દેવ ઇચ્છે કે ન ઇચ્છે પણ શિવના હાથે મૃત્યુને વરેલાને સાયુજ્ય મુક્તિ મળશે જ. તેથી જાલંધર શિવના હાથે હણાવા ઉત્સુક છે. શિવ પોતાને ઉશ્કેરવા કહે છે. જાલંધર અને શિવ વચ્ચે ઘોર સંગ્રામ થાય છે. છેવટે શિવ પોતાના મુખમાંથી સુદર્શન ચક્ર કાઢી તે વડે જાલંધરનું મસ્તક ઉડાવી તેનો વધ કરે છે. શિવની ઇચ્છાથી જોગણીઓ દૈત્યના શબના ઢગોનો નિકાલ કરે છે. જાલંધરના દેહમાંથી તેજ બહાર નીકળી શિવના દેહમાં વિલીન થાય છે. દેવો પોતપોતાના સ્થાને બિરાજે છે ત્યાં જાલંધરની પ્રશંસા સાથે કથા સમાપ્ત થાય છે.

ભાલણ 'જાલંધર આખ્યાન'માં જાલંધર વધનો પ્રસંગ ટૂંકમાં જ આટોપી લઇ ધાત્રી, માલતી અને તુલસીની કથા આપી તેના માહાત્મ્ય સાથે કથા પૂર્ણ કરે છે. કડવા વીસમાં જાલંધર વધનું નિરૂપણ થોડી જ પંક્તિમાં ભાલણ કરે છે. જ્યારે તાપસરૂપ ધારી વિષ્ણુએ વૃન્દાનો શીલભંગ કર્યો ત્યારે જ ભગવાન શિવે ત્રિશૂલના પ્રહાર વડે જાલંધરનો વધ કર્યો. જાલંધર વધના સમાચારે દૈત્યસેના ત્રાસ પામી ચારે દિશામાં છિન્નભિન્ન થઇ ગઇ. દેવો આનંદિત બન્યાં છે. સહુ પોતપોતાના અધિકારોને પામે છે. અહીંથી ભાલણની કથામાં વળાંક આવે છે. દેવોની વિનંતીથી કૃત્યા રાક્ષસીની પકડમાંથી શુક્રાચાર્યને છોડાવે છે. શિવ બ્રહ્મા આદિ સર્વ દેવો જાલંધરપુર આવે છે ત્યાં વિષ્ણુ દેખાતા નથી. નારાયણ સરોવરના જળથી પાવન થઇ સર્વ દેવોએ પોતપોતાના રત્નો લીધા 'જાલંધર પુર'ને ફરી સાગરમાં સમાવ્યું, પણ સરોવરને પવિત્ર તીર્થ રૂપે એમ જ રહેવા દીધું.

આમ, સઘળાં કાર્ય પૂર્ણ થયેલાં જાણી દેવો પોતપોતાને સ્થાનક જવા લાગ્યા ત્યારે ઇન્દ્ર શિવને કહે છે કે, 'વૃંદાને છળવા ગયેલા વિષ્ણુ ત્યાં જ વૈરાગ્ય ધરીને રહી ગયા છે. તેમના વૈરાગ્ય અને શોકને દૂર કરવાનો ઉપાય કરો.' શિવની પ્રેરણાથી દેવો જગન્માતાને પ્રાર્થના કરે છે. દેવોની સ્તુતિ સાંભળી દેવી આકાશમાં તેજ સ્વરૂપે છવાય છે. તે તેજમાંથી શબ્દ પ્રગટ થાય છે. દેવી દેવતાઓને ત્રણ

બીજ આપે છે. આ ત્રણ બીજ લઈ દેવો વૃંદા જે સ્થળે બળી મરી છે ત્યાં આવીને તેને વાવે છે. એ બીજ તત્ક્ષણ સહુના દેખતાં અંકુરિત થાય છે. સાવિત્રીથી પ્રગટ થઈ તે ધાત્રી, લક્ષ્મીથી માલતી અને પાર્વતીથી તુલસી, એમ ત્રણ પવિત્ર વનસ્પતિ વિષ્ણુ આગળ ધરી વિષ્ણુને સંતુષ્ટ કરવામાં આવે છે.

વિષ્ણુના મુખે તુલસી માહાત્મ્ય રજૂ થાય છે, જે માહાત્મ્ય હિન્દુ ધર્મની તુલસી સંબંધી માન્યતાઓને સમર્થન આપે છે. આમ, તુલસી માહાત્મ્ય સાથે ભાલણ કથાને પૂર્ણ કરે છે. મધ્યકાલીન આખ્યાન પરંપરા મુજબ ''જે નરનારી આ આખ્યાન ગાશે, સાંભળશે તેના સર્વ મનોરથો પૂર્ણ થશે અને નિશ્ચે તેનો વૈકુંઠમાં વાસ થશે.'' એવી છેલ્લી ચાર પંક્તિમાં ફલશ્રુતિ આપ્યા પછી જ ભાલણ આખ્યાનની પૂર્ણાહુતિ કરે છે.

'જાલંધર પુરાણ'માં વૃંદાના અગ્નિપ્રવેશના સમાચાર સાંભળી જાલંધર શત્રુઓ સામે વધુ આક્રોશથી વેર લેવા તત્પર બને છે ત્યારે ગુરુ શુક્રાચાર્ય શિવ અને વિષ્ણુ બેયનો સાથે મુકાબલો શક્ય ન હોઈ શિવનું શરણું ગ્રહણ કરવાની સલાહ આપે છે. 'શિવ પુરાણ'માં ગુરુ આવી કોઈ સલાહ આપતાં નથી. ત્યાં તો શુક્રાચાર્ય પ્રથમ યુધ્ધમાં જ કૃત્યાની યોનિમાં પુરાઈને દુર્ગતિ પામ્યા છે. આમ, આ સલાહ કવિનું મૌલિક ઉમેરણ છે.

પોતાના કોઈ દેખીતા અપરાધ વગર દુશ્મન બની લડવા આવેલા શિવના ચરણે મસ્તક નમાવવામાં જાલંધરનો ક્ષાત્રધર્મ લજવાય છે. સમરાંગણમાં જાલંધર - શિવ સામસામે આવતાં શિવના નેત્રોમાંથી ક્રોધાગ્નિ પ્રગટે છે છતાં જાલંધરનું ભક્ત હૃદય શિવનું સ્તવન કરે છે, જે કવિની શિવભક્તિનું દર્શન કરાવી જાય છે. શિવ પણ ભોળાનાથ છે. તેઓ જાલંધરના સ્તવનથી પ્રસન્ન થઈને વરદાન માગવા કહે છે. કેવળ સાયુજ્ય મુક્તિનું વરદાન માગતાં જાલંધરનું પાત્ર વધુ યશોજ્જવલ બની રહે છે.

ફરી યુધ્ધનો આરંભ થાય છે. પરમેશ્વર ક્રોધાવિષ્ટ બને છે. ફરી જાલંધર માયા રચે છે. માયાવી સુંદર બાગનું નિમાર્ણ કરે છે તેથી ભગવાન શિવ મોહ પામે છે. ત્યાં તો આકાશવાણી થાય છે કે, 'આ તો માયાજાળ છે', પરંતુ આ માયાથી પણ શિવ પ્રસન્ન થાય છે અને જાલંધરને વરદાન માગવા કહે છે. ત્રીજા યુધ્ધની આખર વેળા હવે યુધ્ધમાં રાજનીતિ, લોકનીતિ અને યુધ્ધનીતિ રહી નથી, રહે છે કેવળ ક્ષાત્રધર્મ અને ભગવાન ભક્તની અનન્ય આત્મીયતા. જાલંધરનું અવતારકૃત્ય પૂર્ણ થયું છે. વૃન્દાના પ્રાણ ત્યાગ પછી જાલંધર સંસારથી વિરક્ત થયો છે તેથી હવે તે પરલોકે પ્રયાણ ઇચ્છે છે. હવે તેને રાજ્ય કે રત્નો નહિ, મુક્તિ જોઈએ છે. ભગવાન શિવ હજુ તેની કસોટી કરે છે. 'મનના મેલાં માણસોને

મોક્ષ નસીબ હોતો નથી.' એવાં ભગવાનનાં વચનો ભલે યથાર્થ હોય, પરંતુ જાલંધરને પક્ષે 'શૂરવીરોને મુક્તિ'ના વરદાન માટે શાસ્ત્રવચનોનું પ્રમાણ છે.

ત્યારબાદ પૂરજોશમાં સમરાંગણમાં બંને પક્ષે યુધ્ધ મંડાય છે. યુધ્ધની ચરમસીમા રૂપ વીર, ભયાનક, બીભત્સ રસને પોષક વર્ણનો લગભગ પચાસેક કડીમાં કવિ નિજી કુશળતાથી નિરૂપે છે.

ત્રીજા યુધ્ધ દરમિયાન જાલંધર દ્વારા શિવ સ્તવન, માયાવી બાગથી પ્રસન્ન થઇ શિવનું જાલંધરને વરદાન માગવા કહેવું અને માયાવી પાર્વતીનું સર્જન કરી શિવ સન્મુખ લાવી જાલંધર દ્વારા તેનો જગતજનનીરૂપે સ્વીકાર થવો, આ ત્રણે અગત્યના કથાંશો 'શિવપુરાણ'માં નથી. આ સયુક્તિક મૌલિક ઉમેરણ હરદાસજીની આગવી સૂઝનું દર્શન કરાવે છે એટલું જ નહિ, દેવી પાર્વતીનો જગતજનની તરીકે સ્વીકાર કર્યા પછી જાલંધરે પાર્વતી પ્રત્યે કરેલ કુદૃષ્ટિની ઘટનાનો છેદ ઊડી જાય છે. એ પ્રસંગ સાબિત કરે છે કે જાલંધર વીર મૃત્યુની અપેક્ષાએ શિવને ઉશ્કેરવા અને તેના હાથે પોતાનો વધ કરાવવા જ એ માયા રચે છે. આમ 'શિવપુરાણ'ના જાલંધર કરતા 'જાલંધર પુરાણ'નો જાલંધર ભગવાન શિવનો એકનિષ્ઠ ભક્ત બની રહે છે. સામે પક્ષે 'શિવપુરાણ'ના શિવ કરતાં 'જાલંધર પુરાણ'ના શિવ પણ ભક્ત વત્સલ અને વિશેષ ભોળા છે. શિવ જાણે છે કે જાલંધરનો જન્મ તો ઇન્દ્રના ગર્વથી થયો છે, તેથી જાલંધરના વધ માટે તેઓ પ્રથમ તો દેવોને કોઇ ઉત્તર આપતાં નથી. અહીં તેનો તેના ભક્ત સાથેનો અવિનાભાવી સંબંધ દ્રષ્ટિગોચર થાય છે. સમગ્ર 'જાલંધર પુરાણ'ની કથામાં શિવ કુલ ત્રણ વખત જાલંધરને વરદાન આપવા તૈયાર થાય છે તે પણ ભક્ત પ્રત્યેના તેના સ્નેહનું દર્શન કરાવે છે. તેઓ જાણે છે કે જાલંધર નિર્દોષ છે. જાલંધર પણ ઉત્તમ ભક્તના નાતે શિવને પોતાના ભક્તના વધના કલંકમાંથી બચાવવા જ પાર્વતીની માગણી કરે છે, જે હકીકતે કૃતક છે. માયાવી શિવ સ્વરૂપ ધારણ કરીને દેવી પાર્વતી સમક્ષ ગયેલા જાલંધરના હૃદયમાં પાર્વતી પ્રત્યે જગદંબા ભાવ રહેલો છે. તેના મનમાં કોઇ કામવાસના નથી. 'શિવપુરાણ'નો જાલંધર તો કામવાસનાથી ભરેલો છે. પાર્વતીના દર્શન માત્રથી તેનું વીર્ય સ્ખલન થઇ જાય છે. બંને પુરાણોએ વર્ણવેલ આ પ્રસંગની તુલનાએ કવિ હરદાસજીની મૌલિકતા અસરકારક બની રહે છે. હરદાસજીએ જાલંધરના પાત્રનું ઊર્ધ્વીકરણ કર્યું છે જે વધુ ઔચિત્યપૂર્ણ લાગે છે.

જાલંધર પર પુનઃ પુનઃ પ્રસન્ન થતાં શિવ તેને વરદાન આપી રાજ્યસત્તા, સંપત્તિ આપવા તૈયાર થાય છે તે બતાવે છે કે તે અંતરથી જાલંધરના પક્ષે છે. કમને દેવોના પક્ષે રહી લડે છે. અહીં તો એ હકીકત સ્પષ્ટ બને છે કે જાલંધર શિવકૃપાને યોગ્ય ભક્ત છે. શિવના હૃદયમાં સ્થાન પામી શકે

એવી તેની ભક્ત તરીકેની પાત્રતા છે અને આ વીર યોધ્ધો પોતાની વીરતામાં અણનમ રહી એક ભક્તને છાજે તેમ પરમેશ્વર પાસે નમ્રતાપૂર્વક પોતાનું વીરોચિત મૃત્યુ અને મોક્ષ માગે છે. આખરે શિવજીએ પોતાના જ અંશમાંથી ઉત્પન્ન થયેલા જાલંધરનો પોતાના હાથે જ સુદર્શન ચક્ર વડે વધ કર્યો. વાસ્તવમાં અહીં જાલંધર મરીને પણ અમર બની જાય છે. 'શિવ-પુરાણ' કહે છે કે પરમેશ્વરે જાલંધરના રક્તથી કુંડાં ભર્યાં. જ્યારે હરદાસજી જાલંધરના રક્તમાંથી પૃથ્વી પર મોતી, માણેક અને હીરાઓ ઉત્પન્ન થયાનું જણાવે છે.

'શિવપુરાણ'માં કથાંતે જાલંધરની પ્રશંસા નથી. દેવો ગાન-તાન નૃત્ય વડે જાલંધરના મૃત્યુનો ઉત્સવ ઉજવે છે. જ્યારે 'જાલંધર પુરાણ'ના દેવો જાલંધરના વીરમૃત્યુ પછી એની પ્રશંસા કરે છે. આ પ્રકારનું આલેખન કથામાં સમકાલીન રંગો ઉપસાવે છે. મધ્યકાળમાં વીર મૃત્યુને વધાવવામાં આવતું. વીરતાના પ્રતીક સમા ચારણો અને ક્ષત્રિયોમાં દુશ્મનોની વીરતાની પણ પ્રશંસા કરવાની પરંપરા હતી. તે અહીં પ્રશંસનીય રીતે પ્રગટે છે, જેનો 'શિવ-પુરાણ'માં બિલકુલ અભાવ છે.

અહીં કવિ મધ્યકાલીન આખ્યાન પરંપરામાં આવતી ફલશ્રુતિ આપતા નથી. કવિએ મંગલાચરણમાં જેમ શિવ મહિમાનું ગાન કર્યું છે તેમ અંતે પણ શિવ મહિમાનું ગાન કર્યું છે. કવિ હરદાસજી શિવભક્ત હોવાના નાતે તેનું મન વારંવાર શિવચરણે જાય છે. આખ્યાનને નિમિત્ત બનાવી કવિએ શિવમહિમાનું ગાન જ કર્યું છે. આમ, કવિ શિવના સ્તવન દ્વારા જ કથાની અને કૃતિની પૂર્ણાહુતિ કરે છે. આશરે વીસ કડીમાં કરેલું શિવ સ્તવન કવિની શિવ ભક્તિનું દ્યોતક છે.

મૂળ 'પદ્મપુરાણ'માં વિગતે નિરૂપાયેલા 'જાલંધર વધ'ના પ્રસંગમાં વિષ્ણુદાસ નાના મોટા ફેરફારો કરે છે. વૃન્દાના શીલભંગ પછી જાલંધર ગજ પર સવાર થઇ રણમેદાન તરફ જાય છે ત્યારે રસ્તામાં એને અનેક અપશુકન થાય છે. કશુંક વિપરિત અનુભવતો જાલંધર કંદુક કાઢીને નિરખે છે તો ભયત્રસ્ત બની જાય છે. અગ્નિથી બળી ચૂક્યો હોય એવો દડો સૂકાયેલો જોઇને જાલંધરને ફાળ પડે છે. પત્ની પતિવ્રત ચૂકી ? પત્નિને મનોમન કોસતો જાલંધર વિચારે છે કે અત્યાર સુધી તારા આધારે જ હતો હવે મારે મારા બળ પર વિજય પ્રાપ્ત કરવો છે. ભીતરથી દુઃખી થતો જાલંધર યુધ્ધ મેદાનમાં જઇ ક્રોધભર્યો ભયંકર યુધ્ધ લડે છે. વિષ્ણુએ વૃંદાને છળી જાણી શિવ પણ રણમેદાનમાં જાલંધર સામે ભયંકર યુધ્ધ ખેલે છે. સામસામા વિવિધ શસ્ત્રોનો પ્રહાર કરતા બંને વીરો રણમેદાનમાં લડે છે. જાલંધર અનેક દેવોને હણે છે તો શિવે અનેક દૈત્યોનો સંહાર કર્યો છે. જાલંધર પવનાસ્ત્ર વડે શિવને વૃષભ સહિત આકાશમાં દસ જોજન દૂર ઉછાળે છે. જ્યારે પૃથ્વી પર આવે ત્યારે ફરી ઉડાડે છે. બધા દેવો

શિવની વહારે આવે છે. એ બધા દેવોની સાથે એકલો બાથ ભીડતો દાનવ વીરતાથી લડે છે. શંકર સાથે બધા દેવોને આકાશમાં ઉછાળે છે. વાહન સહિત આભમાં ઉછળતા દેવો આકાશમાં કૌતુકભર્યું દશ્ય ખડું કરે છે. અસુરનો આવો ઉત્પાત જોઇ ક્રોધે ભરાયેલા શિવ પોતાનું પિનાક બાણ છોડે છે. જેનાથી જાલંધર મૂર્છિત બને છે. મૂર્છા વળતાં ફરી જાલંધર બેઠો થાય છે. શિવ જાલંધર વચ્ચે મલ્લયુધ્ધ થાય છે. છેલ્લે, ભગવાન શિવ પોતાના અર્ધચંદ્ર બાણ વડે જાલંધરનું શીશ છેદે છે. એ શીશ વૃંદા-વિષ્ણુના એકાંત સ્થળે જઇને પડે છે.

અહીં 'જાલંધર વધ' પછી વૃંદા વિષ્ણુના પરસ્પર શાપનું, વરદાનનું, તુલસીની ઉત્પત્તિ અને એના માહાત્મ્યનું કવિ વર્ણન આપે છે. અહીં જાલંધરને બદલે વૃંદાના અવતારને ધન્ય માનતા દેવો સ્વસ્થાન ગમન કરે છે. અંતે વાલ્મીકિ ઋષિ ભારદ્વાજને કહે છે કે, 'હવે તમારા મનનો સંદેહ ટળ્યો હશે. વૃંદાના શાપથી રાવણ તાપસવેશે સીતાનું હરણ કરે છે.' ભારદ્વાજ વળી એ કથા આગળ સાંભળવા ચાહે છે, પરંતુ વિષ્ણુના આવા પરાક્રમ પછી સંભળાવીશ, એમ કહી જાલંધરની આ કથા વિષ્ણુદાસ અહીં પૂરી કરે છે. મધ્યકાલીન આખ્યાન પરંપરા અનુસાર છેલ્લી નવેક પંક્તિમાં ફલશ્રુતિ સંભળાવતા વિષ્ણુદાસ કહે છે, ''પોતાના મનની શંકા પૂછી જે કોઇ જન આ કથા કહેશે, સાંભળશે તેને સેવા, સ્નાન સહિત અડસઠ તીરથરૂપ તમામ સરિતા સ્નાનનું પુણ્ય પ્રાપ્ત થશે. જાલંધરની આ કથા જે નરનારી ગાશે, સાંભળશે તેનાં ભવબંધન છૂટી જશે.'' આમ કહી કવિ ફલશ્રુતિ સાથે ખૂબ જ વિસ્તારીને કહેલા આખ્યાનનો અંત લાવે છે.

પોતાની મૌલિકતાથી કથાસૂત્રને પોતીકી રીતે લાઘવપૂર્ણ રીતે વિકસાવતા કવિ શિવદાસ જાલંધર વધનો પ્રસંગ એક જ પંક્તિમાં આપી દે છે. અહીં વૃંદાનો શીલ ભંગ થયો અને ત્યાં રુદ્રે જાલંધરનો વધ કર્યો. અહીં જાલંધર વધનું વિગતે વર્ણન નથી. આખીયે જાલંધર કથામાં ક્યાંય વિગતે યુધ્ધ વર્ણન નથી. તેથી કવિ સ્વાભાવિક જ અહીં વીરરસને બહુ પ્રાધાન્ય આપતાં જણાતા નથી. શિવદાસ પણ જાલંધર વધ પછી વૃંદા વિષ્ણુના પરસ્પર શાપ અને વરદાનની વાત રજૂ કરે છે. વૃંદાના વિરહ દુઃખે તેની રાખમાં આળોટતા વિષ્ણુના સંપર્કથી તત્ક્ષણ એ રાખમાંથી ત્રણ લતા પ્રગટે છે. એમાં તુલસીનો છોડ પણ છે. માલતી, આમળી અને હરિલતા એ ત્રણે વૃંદાના રૂપ છે. બ્રહ્મા ઇન્દ્ર વગેરે પણ વરદાન આપતાં કહે છે કે તુલસીની પૂજા કરનારને અમો પણ મનવાંચ્છિત ફળ આપીશું. અંતે સૌ પોતપોતાને સ્થાનક જાય છે પરંતુ હરિ વૃંદા પાસે રહી જાય છે. એ રીતે જાલંધર કથાને અહીં કવિ પૂર્ણ કરે છે.

અગાઉ નોંધ્યું તેમ કથાને ખૂબ જ ટૂંકાવીને રજૂ કરવાથી કથાના અંકોડા મેળવવાનું રહી જાય છે. કવિનો ઉદ્દેશ પ્રથમથી જ નરકાસુરની કથા કહેવાનો છે અને તેથી જ કદાચ નરકાસુરના પૂર્વ જન્મની કથાના ઉલ્લેખ કરવા સિવાય કવિ એ કથામાં વિશેષ કશું સિધ્ધ કરવા માગતા હોય એવું જણાતું નથી. કડવા ૯ થી કવિ નરકાસુરની કથાનો પ્રારંભ કરે છે. નરકાસુરની ઉત્પત્તિની કથા, નરકાસુરના પરાક્રમો, નારદ દ્વારા નરકાસુરના પરાક્રમોનું વર્ણન અને સત્યભામાનું રુસણું, નરકાસુર વધ કથા અને પારિજાતક વૃક્ષનું કૃષ્ણ દ્વારા પૃથ્વી પર લાવવું એ ક્રમે કવિ નરકાસુરની કથાને આલેખે છે.

મધ્યકાલીન પરંપરાને અનુસરી કવિ આખ્યાનને અંતે ફલશ્રુતિ આપે છે. નરકાસુરનું આખ્યાન જે સાંભળશે તેના પર શ્રી ભગવાનની કૃપા વરસશે. જે આ કથાનું શ્રવણ કરશે તેને હરિ પોતાનું શરણ આપશે. અહીં એ નોંધવું ઘટે કે આખ્યાનના આરંભે પ્રથમ કડવામાં પણ કવિ ફલશ્રુતિ આપે છે. આ કૃષ્ણકથા જે સાંભળશે એ માનવાંચ્છિત ફળ પામશે. આ કથાનું ગાન કરતા શ્રોતા, વક્તા અને પૃચ્છકએ ત્રણેને હરિચરણમાં શરણ મળે છે. તેઓ નિષ્પાપ બને છે. આમ, આખ્યાનના આરંભે તેમ અંતે પણ ફલશ્રુતિ આપીને કવિ શિવદાસ પોતાનો પરિચય આપતાં આખ્યાનની પૂર્ણાહુતિ કરે છે.

## ૩:૧ ભાલણની પાત્રાલેખનકળા :

ભાલણના 'જાલંધર આખ્યાન'માં શિવ અને જાલંધર એ બે મુખ્ય પાત્રો છે. વૃંદાનો પણ મુખ્ય પાત્ર તરીકે જ ઉલ્લેખ કરી શકાય. ગૌણ પાત્રોમાં ઇન્દ્ર, ભગવાન વિષ્ણુ, લક્ષ્મી, શુક્રાચાર્ય, રાહુ, સમુદ્ર, નારદ, કૃત્યા, પાર્વતી વગેરેનો સમાવેશ કરી શકાય. એ સિવાય, શિવગણો અને દૈત્યો વગેરે તદન ઓછું મહત્વ ધરાવતા પાત્રોનો ઉલ્લેખ પણ કરવો ઘટે. આ તમામ પાત્રો કથાને આસ્વાદ્ય બનાવે છે. મહદ્અંશે અહીં પાત્રોનું પૌરાણિક ગૌરવ જળવાય છે. ક્યાંક કોઇ દૈવી પાત્રોમાં માનવીય ભાવોનું પ્રતિબિંબ ઝિલાય છે. આ આખ્યાનમાંનું પૌરાણિક વસ્તુ, પાત્રો પૌરાણિક વાતાવરણને ખડું કરવામાં મહત્તમ ફાળો આપે છે.

ઉત્પત્તિ, સ્થિતિ અને લય જેને આધિન છે એવા કૈલાસપતિ શંકર જેટલા જલદી કોપાયમાન થાય છે એટલા જ જલ્દી ભક્તો પર પ્રસન્ન પણ થાય છે. ઇન્દ્રના અપ્સરાઓ અને ગંધર્વો સાથેના નાચગાનથી રીઝેલા શિવ ઇન્દ્રને વરદાન માગવા કહે છે. ગર્વિષ્ઠ ઇન્દ્રની યુધ્ધેચ્છાથી ક્રોધે ભરાયેલા

શિવનો ક્રોધ મહાભયંકર રાક્ષસ બની શિવની સામે પ્રગટ થાય છે. ભગવાન શિવના ક્રોધમાંથી પ્રગટેલું પાત્ર તે જાલંધર. શિવના ક્રોધનો પરિચય ભાલણ અહીં અનેકવાર આપે છે.

ભગવાન ભોળાનાથ કરુણાસાગર છે તેની પ્રતિતી પણ આખ્યાનમાંથી મળી રહે છે. રાહુ અને શુક્રાચાર્યને તેમના અયોગ્ય કાર્ય બદલ પ્રાણદંડમાંથી ભોળાનાથ મુક્ત કરે છે, જે તેના કરુણાનિધાનના વ્યક્તિત્વને પ્રગટ કરે છે. એ સિવાય, ભાલણે શિવના દૈવી પાત્રમાં માનવભાવોનું આરોપણ કર્યું છે. યુધ્ધમેદાનમા જાલંધરના હાથમાં માયાવી પાર્વતીને ફસાયેલાં જોઇ શિવ હથિયાર હેઠાં મૂકી દે છે. દેવ મટી જાણે સામાન્ય જન બની રુદન કરવા માંડે છે. જાલંધર દ્વારા પાર્વતીનો ત્રિશૂલ પર ઘા કરાતાં પાર્વતી મરણને શરણ થાય છે ત્યારે પત્ની વિયોગે મૂર્ચ્છિત બનતાં ભગવાન શિવના પાત્રમાં માનવીય અંશ પ્રગટે છે.

જાલંધરનું અવતાર કૃત્ય પૂર્ણ થવા છતાં તેને વગર વાંકે મૃત્યુદંડ આપવો શિવને શોભે નહીં, તેથી જગદંબા પાર્વતીની માગણી, માયાવી શક્તિથી જાલંધરનું શિવને મોહ પમાડવું વગેરેથી ક્રોધે ભરાયેલા શિવ તેનો વધ કરે છે. તેથી પરમેશ્વર પર આપણે નિરર્થક ભક્તઘાતનો આરોપ મૂકી શકતા નથી. આમ, મધ્યકાલીન પ્રજાના માનસને પ્રસન્નચિત્ત કરતું ભાલણની કલમે આલેખાયેલું ભગવાન શિવનું પાત્ર ખરેજ ભક્ત વત્સલના બિરુદને સાર્થક કરે છે.

જાલંધર, શિવના ભ્રુકુટી મધ્યમાંથી ઇન્દ્રના ગર્વનું ખંડન કરવા જન્મેલો, દાનવરાજ થવા સર્જાયેલો અનુપમ વીર યોધ્ધો છે. એ વીરોચિત બળ અને શૌર્ય ધરાવે છે, જાલંધરનું પાત્ર પૌરાણિક છે, પરંતુ ભાલણે એમાં મધ્યકાલીન ક્ષત્રિય વીરોની વીરતાનું આરોપણ કર્યું છે. બાલ્યકાળથી જ પરાક્રમી એવો જાલંધર શુક્રાચાર્યના મુખે પિતા સાગરના દેવો દ્વારા થયેલા મંથનની કથા સાંભળીને પિતાનાં રત્નો પાછા મેળવવા દેવોને યુધ્ધનો લલકાર ફેંકે છે. તેનું આ કાર્ય ક્ષત્રિયવીરને છાજે એવું છે. ભગવાન વિષ્ણુ હારેલા ઇન્દ્રની સહાયે આવી જાલંધર સામે યુધ્ધ મેદાનમાં ઉતરે છે ત્યારે પણ એ અપ્રતિમ શૌર્ય દાખવે છે. જાલંધરના શૌર્યથી પ્રસન્નચિત્ત થયેલા ભગવાન વિષ્ણુ જાલંધરને વરદાન માગવા કહે છે અને વચનથી બંધાયેલા ભગવાન વિષ્ણુ સાગરતનયા લક્ષ્મીજી સાથે સાગર નિવાસ સ્વીકારે છે. આમ, ભગવાન વિષ્ણુનો સાગર નિવાસ જાલંધરની પરાક્રમશીલતાનું પ્રતીક બની રહે છે.

છેલ્લે, ભગવાન શિવ સાથેના યુધ્ધમાં પણ એ જરાયે ઊણો ઊતરતો નથી. યુધ્ધનીતિને બાજુ પર મૂકી યેનકેન પ્રકારેણ યુધ્ધ જીતવા કોશિશ કરતો જાલંધર તેની માયાવી શક્તિઓને કામે લગાડે છે, જે પૌરાણિક વાતવરણને જીવંત બનાવે છે. એ સિવાય, જાલંધર દ્વારા શિવ પાસે પાર્વતીની

અઘટિત માગણી જાલંધરના પાત્ર માટે 'સોનાની થાળીમાં લોઢાની મેખ' સમી પુરવાર થાય છે. છતાં જાલંધરના બચાવમાં કહેવું હોય તો કહી શકાય કે જાલંધરનું ભગવાન શિવ પાસે પાર્વતીને માગવાનું દુષ્કૃત્ય કેવળ પરમાત્માને હાથે વધ પામવાના એક માત્ર ઈરાદાથી પ્રેરિત હશે. એમાં જ કાવ્યન્યાય પણ રહેલો છે. આમ ભાલણના હાથે સર્જાયેલું પાત્ર જાલંધર દૈત્યેન્દ્ર હોવા સાથે અજેય યોધ્ધો છે. ભગવાન શિવ પણ આમ તો તેને એકલે હાથે હણવા શક્તિમાન નથી. તેથી જ કદાચ બધા જ દેવોનું તેજ લઈને બનાવેલા સુદર્શન ચક્ર વડે તે હણાય છે. અન્યથા, એને હણવો દેવોને પણ દુષ્કર છે. આમ, 'જાલંધર આખ્યાન'ના નાયક જાલંધરનું પાત્ર ભાલણની કલમે મધ્યકાલીન યુગના રાજપૂત વીર જેવું ઉજ્જવળ આલેખાયું છે.

ભોળાનાથ શિવજીથી તદ્દન વિરુધ્ધનું કુટિલ પાત્ર એટલે વિષ્ણુનું પાત્ર સમુદ્રમંથનના પ્રસંગે કપટ કરી દાનવોને અન્યાય કરવામાં વિષ્ણુનું પાત્ર મહત્ત્વનો ભાગ ભજવે છે. જાલંધર અને વિષ્ણુ વચ્ચે કોઈ વેરભાવ નથી છતાં તેઓ જાલંધરની વિરુધ્ધ ઈન્દ્રને સહાયભૂત બને છે, પરંતુ લક્ષ્મીજીની વિનંતીથી ભગવાન વિષ્ણુ તેના ભાઈને નહિ હણવાનું વચન આપે છે ત્યાં લક્ષ્મી તેમજ વિષ્ણુના પાત્રમાં કવિએ માનવભાવોનું આરોપણ કર્યું છે. જાલંધરના પરાક્રમથી પ્રસન્ન થયેલા વિષ્ણુ જાલંધરના કહેવાથી સાગર નિવાસ સ્વીકારે છે. અહીં વિષ્ણુનું ઘરજમાઈ થઈ રહેવું મધ્યકાલીન પ્રજાના મુખ પર સ્મિત ફરકાવી જાય છે. વિષ્ણુની પ્રપંચલીલા સામે જાલંધરની પ્રપંચલીલા કોઈ વિસાતમાં નથી. છળ વડે સતી વૃંદાનું શીલભંગ કરવાનું અધમ કૃત્ય કરતાં તે અચકાતા નથી. તમામ દેવોમાં સર્વશ્રેષ્ઠ ગણતરીબાજ અને કુટિલ રાજનીતિજ્ઞ તરીકે વિષ્ણુનું પાત્ર ઉભરી આવે છે.

'જાલંધર આખ્યાન'નું કથાબીજ દેવરાજ ઈન્દ્રના ગર્વમાંથી જ પ્રગટ્યું છે. દેવરાજનું પદ અને ઈન્દ્રલોકની સાહ્યબી જાણે તેનાથી જીરવાતી નથી. શિવને પ્રસન્ન કરી, આપ સમાન બળિયો યોધ્ધો માગી હાથે કરી જાલંધર રૂપી આફત નોતરે છે. ઈન્દ્રનો ગર્વ તો જાલંધર સાથેના પ્રથમ યુધ્ધમાં જ ચકનાચૂર થાય છે. પ્રથમ વિષ્ણુ અને ત્યારબાદ શિવના શરણે જતાં ઈન્દ્ર આટલા બધા કાયર નીવડે ત્યારે એનું દૈત્યેન્દ્રનું બિરુદ ઝાંખુ પડતું લાગે છે. અંતે શિવ પાસે 'છોરૂ કછોરૂ હોએ નાથ, માતપિતા નવ મહેલે હાથ' કહી પોતાના અપરાધની ક્ષમા માગે છે ત્યારે ઈન્દ્રનું પાત્ર ભાવકોની સહાનુભૂતિ મેળવી જાય છે. છતાં, પુરાણોમાં દૈત્યેન્દ્રનું જે સ્થાન, માન છે તે અહીં જળવાતું નથી એ નોંધવું ઘટે.

સ્ત્રી પાત્રોમાં અહીં વૃંદાનું પાત્ર મુખ્ય છે. જાલધરના ભયથી ક્રૌંચગણ પોતાની પુત્રી વૃંદાનું જાલંધરને કન્યાદાન કરે છે. દાનવરાજની પત્ની બનેલી વૃંદા 'જાલંધર પુર'ની રાજરાણી બને છે. પરંતુ

રાજકીય કાવા-દાવાથી તે બિલકુલ અલિપ્ત છે. સતી શિરોમણી સાધવી એવી વૃંદાના પવિત્ર શીલ વડે જાલંધર અવધ્ય બની રહે છે. રણસંગ્રામમાં લડવા ગયેલા પતિના વિરહે વ્યાકુળ બનતી વૃંદાના પાત્રમાં પ્રેમાળ પત્નીના દર્શન થાય છે. કપટરૂપ વિષ્ણુ દ્વારા શીલભંગ થયા પછી વૃંદાનો ક્રોધ વિષ્ણુ પર શાપ રૂપે ઊતરે છે ત્યારે તેનામાં તેજસ્વી સતીના દર્શન થાય છે. પોતાના પાપે પોતાનો સ્વામી ચોક્કસ મૃત્યુ પામશે તો એના પહેલા હું મારો દેહ છોડી દઉં, એમ વિચારી તે બળી મરવા તૈયાર થાય છે. આવી સતી સાધ્વી સ્ત્રીના મૃત્યુથી ખુદ વિષ્ણુ પણ વ્યથિત બને છે. વૃંદાની ભસ્મનું લેપન કરી વૃંદાના અગ્નિપ્રવેશ સ્થળે જ તાપસરૂપે રહી જાય છે. કથાના અંતે ધાત્રી, માલતી અને તુલસીના બીજ - છોડના સંદર્ભે 'વૃન્દા તુલસીરૂપે વિષ્ણુને પ્રિય છે' નો જે ઉલ્લેખ મળે છે તે વૃન્દાના પાત્રને એક નવું જ પરિમાણ બક્ષે છે. આમ, ભારતીય આર્યનારીની પરંપરામાં સતી વૃન્દાનો ઉલ્લેખ કરવો જ પડે તે રીતે ભાલણે અહીં વૃંદાનું પાત્ર ચિત્રણ કર્યું છે.

'જાલંધર આખ્યાન'માં દૈવીપાત્રોમાંનું એક સ્ત્રી પાત્ર લક્ષ્મી તેના પૈરાણિક ગૌરવ સાથે રજૂ થયું છે. લક્ષ્મી સાગર પુત્રી છે. તેથી સાગરપુત્ર જાલંધર તેનો ભાઇ થયો. વિના કારણ પોતાના ભાઇ સાથે યુધ્ધ કરવા જતાં પતિને રોકી તો શકતી નથી પણ એક પ્રેમાળ બહેનની વ્યથા તેને પતિ પાસે ભાઇને ન મારવાનું વચન માગવા મજબૂર કરે છે. એ રીતે ભાઇ તરફનો પ્રેમ લક્ષ્મીના પાત્રને ગૌરવ અપાવી જાય છે. 'જાલંધર આખ્યાન'માંનું લક્ષ્મીજીનું પાત્ર વિષ્ણુ પત્ની કે દૈવી પાત્ર કરતાં માનવીય અંશો ધરાવતી પ્રેમાળ ભગિનીના સ્વરૂપે વધુ નિખાર પામ્યું છે.

એ સિવાય, ગુરુ શુક્રાચાર્ય, બ્રહ્મા, રાહુ અને નારદ જેવાં ગૌણ પાત્રોની રેખાઓ પણ ભાલણના હાથે સ્પષ્ટ અને સુરેખ અંકિત થઇ છે. શુક્રાચાર્ય જેવા યજમાનહિતૈષી ગુરુ શિવ દ્વારા માનભંગ થાય છે. છતાં દાનવો પ્રત્યે પૂરી નિષ્ઠા ધરાવનાર શુક્યાચાર્ય દૈત્યગુરુના પદને સાર્થક કરતું ઉજ્જવળ પાત્ર બની રહે છે. ભારતીય પૌરાણિક પરંપરાના સૃષ્ટિના સર્જક એવા બ્રહ્માનું પાત્ર અહીં પરાક્રમી બાળકનું નામકરણ કરી તેને 'મહાપરાક્રમી' અને 'અજેય' બનવાના આશીર્વાદ આપે છે. જાલંધરના પરાક્રમથી ભયભીત બની નાસી જનારા દેવોમાં બ્રહ્મા પણ સમાવિષ્ટ છે. સૃષ્ટિના સર્જનહાર જેવી મહત્તા, પરાક્રમશીલતા 'જાલંધર આખ્યાન'માંના બ્રહ્માના પાત્રમાં કવિ ભાલણ પ્રગટાવી શકતા નથી. નિજ સ્વામીનું કાર્ય કરતાં દુઃખ પડે તોય સ્વામીને વફાદાર રહેનારૂં પાત્ર એટલે રાહુનું પાત્ર. રાહુના પાત્રની આ વિશેષતાને ભાલણે અહીં પ્રદર્શિત કરી છે. નારદનું પાત્ર પણ ભાલણના હાથે પરંપરા મુજબ કલહપ્રિય પાત્ર રૂપે આલેખાયું છે.

## ૩ઃ૨ હરદાસજીની પાત્રાલેખનકળા :

હરદાસજીના ‘જાલંધર પુરાણ’માં શિવ અને જાલંધર એ બે મુખ્ય પાત્રો છે, છતાં કૃતિના નાયક પદે બેમાંથી કોને મૂકી શકાય ? એ પ્રશ્ન મૂંઝવે એવો છે. ગૌણપાત્રો રૂપે ઇન્દ્ર, વિષ્ણુ, બ્રહ્મા, લક્ષ્મી, વૃંદા, શુક્રાચાર્ય, રાહુ, સિંધુ નદી, સમુદ્ર, નારદ, બલિરાજા વગેરે છે. એથી પણ ગૌણ પાત્રો રૂપે કૃત્યા, પાર્વતી, શિવગણો, શુંભ-નિશુંભ, બલિરાજાની પત્નિ, દ્વારપાલો, શંખાસુર અને વિદૂષક જેવું હાસ્યરસ પીરસતાં વડવાનલનાં પાત્રોનો સમાવેશ થાય છે. મુખ્ય ગૌણ તમામ પાત્રોનો કથાના વિકાસમાં નોંધપાત્ર ફાળો છે. ‘જાલંધર પુરાણ’ની પાત્ર સૃષ્ટિ આમ ખૂબ જ વિશાળ અને વૈવિધ્યપૂર્ણ છે. આ પાત્રો કથાને વીરરસ અને ભક્તિરસથી સભર બનાવે છે. સાથે સાથે હરદાસજીની પાત્ર ચિત્રણ શક્તિનો પરિચય પણ કરાવી રહે છે.

કવિ હરદાસ મિસણ શિવના અનન્ય ભક્ત છે. ‘જાલંધર પુરાણ’માં કવિએ ભગવાન શિવની ભક્ત વત્સલતાને નિરૂપી છે. શિવ ભકતોનું કલ્યાણ કરનારા છે. તેથી જ ભક્તોના અહમ્ અને ગર્વના ખંડન અર્થે કટુ ઔષધ આપી એનો ઉપચાર કરે છે. શિવ ભોળાનાથ છે. શિવ પાસે ગર્વપૂર્વક પોતા સમોવડિયો યોધ્ધો માગતા ઇન્દ્રને શિવ વરદાન તો આપી બેસે છે પણ પછી પોતાને જ એના અંત સુધીની યુક્તિ વિચારવી પડે છે. અહીં શિવનું ભોળપણ છતું થાય છે. રાહુ અને શુક્રાચાર્યના પાત્ર સંદર્ભે શિવનું કરૂણાસાગરનું વ્યક્તિત્વ પ્રગટ થાય છે. શિવ અને જાલંધરના યુધ્ધ સંગ્રામ વેળા ત્રણેક વખત જાલંધરની વીરતા પર પ્રસન્ન થઇ તેને વરદાન આપી દેતા શિવના પાત્રમાં તેનું આશુતોષપણું પ્રગટ થાય છે. જાલંધર શિવ થકી જ, એના જ અંશમાંથી ઉદ્ભવેલ છે, જે એના જ હાથે વિસર્જન પામે એમાં જ એનું ગૌરવ છે. બીજા કોઇ એ કાર્ય કરી શકે નહિ. આમ, જાલંધર વધમાં પણ શિવનું પાત્ર એક ભક્ત માટે પરમ હિતકારી બની રહે છે. અન્ય પાત્રો સાથેના સંદર્ભ અને વર્તનથી શિવનું વ્યક્તિત્વ પ્રગટે છે. એ ઉપરાંત, હરદાસ મિસણે પોતે શિવના ભક્ત હોવાને નાતે પોતાના તરફથી બે વખત અને અન્ય પાત્રો દ્વારા ચારેક વખત એમ કુલ છ વખત અલગ - અલગ પ્રસંગે શિવસ્તુતિ કરી છે, જેમાંથી શિવનું ગુણસભર વ્યક્તિત્વ ભાવક સમક્ષ પ્રગટે છે.

‘શિવ પુરાણ’ અનુસારનું પૌરાણિક પાત્ર જાલંધર અહીં મધ્યકાલીન ક્ષત્રિય વીરનું પ્રતીક બની રહે છે. જાલંધર પરાક્રમી યોધ્ધો હોવા સાથે શિવનો પર ભક્ત પણ છે. બાળવયથી જ પોતાની વીરતાથી દેવોને ત્રાહિમામ પોકારાવી દેતો જાલંધર યુવાવયે દેવોને હંફાવી દે છે. ભગવાન શિવ જ્યારે જાલંધરને એની તપશ્ચર્યાને અંતે વરદાન માગવાનું કહે છે ત્યારે એ સ્વહિતાર્થે કશું માગતો નથી, પરંતુ

પોતાની પ્રજા માટે સુખ, સમૃધ્ધિ, તંદુરસ્તી, શાશ્વત યુવાની અને માતા-પિતાને સંતાનોથી વિયોગ ન થાય તેવું વરદાન માગે છે, જે તેના પ્રજાવત્સલ રાજવી તરીકેના ગુણને પ્રગટ કરે છે. રાહુના પાત્ર સંદર્ભે જાલંધર સેવકવત્સલ સ્વામી તરીકે ઉપસી આવે છે. ઇન્દ્ર અને વિષ્ણુની સામેના યુધ્ધમાં એ સંગ્રામજિત બની રહે છે. વિષ્ણુ સાથેના યુધ્ધ પછી બહેનની વિનંતીથી વિષ્ણુને જતા કરવાના પ્રસંગે જાલંધરનું આદર્શ બંધુનું વ્યક્તિત્વ પ્રગટ થાય છે. ભગવાન શિવ સાથેના યુધ્ધમાં પણ ભગવાન શિવનો જ અંશ એવો યશોજ્જવલ વીર, શૌર્યમાં જરાય ઊણો ઊતરતો નથી. શિવ-જાલંધરના યુધ્ધ દરમિયાન એકાધિક વખત શિવ જાલંધરને તેની વીરતા પર પ્રસન્ન થઇ વરદાન માગવાનું કહે છે ત્યારે તે પરમ પવિત્ર સંતની માફક ધારાતીર્થમાં મોત અને સાયુજ્ય મુક્તિનું વરદાન માગે છે, જે એના પાત્રને વિશેષ મહાનતા અને ગૌરવ અર્પે છે.

જાલંધરનું ભક્ત હૃદય પાર્વતી પ્રત્યે વિકાર સેવે એ વાત સ્વીકારી શકાય એવી નથી, પરંતુ એવું અનુમાન કરી શકાય કે જાલંધરનું ભગવાન શિવ પાસે પાર્વતી માગવાનું દુષ્કૃત્ય કેવળ પરમાત્માન હાથે વધ પામીને મોક્ષ મેળવવાના એકમાત્ર ઇરાદાથી પ્રેરિત હશે, બાકી જાલંધરના હૃદયમાં જગદંબા પ્રત્યે લેશ માત્ર મલીન ભાવ નથી. એ વાતની સાક્ષી ખુદ જાલંધર કડી ૧૧૪૧ માં આપે છે. આમ ‘જાલંધર પુરાણ’માં કવિ હરદાસજીએ જાલંધરના પાત્રને યશોજ્જવલ આલેખ્યું છે.

ભોળાનાથ શિવજીથી તદ્દન વિરુધ્ધ પ્રકૃતિનું કપટી પાત્ર એટલે ભગવાન વિષ્ણુનું પાત્ર. સમુદ્રમંથનના પ્રસંગે સૌ પ્રથમ તેની કુટિલતાનો પરિચય મળે છે. કોઇપણ જાતની દેખીતી દુશ્મનાવટ વગર ઇન્દ્રની સહાયાર્થે આવેલા વિષ્ણુને જ્યારે જાલંધર યુધ્ધ મેદાનમાં હરાવે છે ત્યારે ભગવાન વિષ્ણુ તેના પર પ્રસન્ન થાય છે. આ એક જ કાર્ય તેના દેવપદને ગરિમા અપાવે એવું છે. બાકી રુદ્ર સાથે જાલંધર વિરુધ્ધની લડાઇમાં ફરી વિષ્ણુ જોડાય છે એ વખતે પણ તે કપટલીલા આચરવામાં બાકી રાખતા નથી. વૃંદાના શીલભંગ પછી તેને લક્ષ્મી કરતા પણ મોંઘી કરીને પોતાના હૃદયમાં સ્થાન આપવાની વાતના સંદર્ભે ત્યાં લક્ષ્મીજી પ્રત્યે વિષ્ણુનો દ્રોહ તો છે જ, પરંતુ શીલભંગ થયેલી વૃંદાને લક્ષ્મીજી કરતાંયે મોંઘી કરીને રાખવાની ચારિત્ર્યહીન વાત વિષ્ણુના પાત્રને ગૌરવચ્યુત કરે છે. સમગ્ર રીતે જોતાં, ભગવાન વિષ્ણુ પૌરાણિક દેવ છતાં અહીં તેમનું ચરિત્રાંકન બિલકુલ દેવત્વના દર્શન કરાવતું નથી. સાધ્ય માટે સાધનશુધ્ધિમાં તે બિલકુલ માનતા નથી. અલબત્ત, આ બધું આખરે તો તે દેવોના હિતમાં કરે છે છતાં દેવપુરુષ કરતાં કૂટનીતિ વિશારદ હોય એવું વિષ્ણુનું ચરિત્રાંકન તેમના પાત્રને ગૌરવચ્યુત કરે છે એ નિઃશંક છે.

પોતાની રાજસત્તાથી મદાંધ બનેલા ઇન્દ્રની શિવ પાસે પોતા સમાન બળવાન યોધ્ધાની માગણી 'જાલંધર આખ્યાન'નું કથાબીજ હોવા છતાં પરાક્રમમાં એ જાલંધરથી ઉણા ઉતરે છે. પ્રથમ મુકાબલે જ શેખીખોર સાબિત થયેલા ઇન્દ્ર સ્વબળે જાલંધરને પરાસ્ત કરી શકે તેમ નથી તેથી વિષ્ણુની સહાય લઇને બીજીવાર અને એમાં પણ પરાસ્ત થતાં શિવની મદદ લઇ ત્રીજીવાર જાલંધર પર ચઢાઇ કરે છે. જો કે આ ચઢાઇ વાસ્તવમાં ઇન્દ્રની નથી, ભગવાન શિવની છે અને ઇન્દ્ર તેમાં સામેલ છે ત્યારે પણ તે કાયરના કાયર જ રહે છે. વિષ્ણુની જેમ ઇન્દ્ર પણ જરૂર પડ્યે કપટનો સહારો લે છે. બીજા સંગ્રામ વેળા જાલંધરથી ઓછા પરાક્રમી એવા બલિ દાનવ સામે પણ જ્યારે એ પરાજિત થવાની અણી પર છે ત્યારે કપટપૂર્વક બલિદાનવની ખુશામત કરીને એનું માથું દાનમાં માગી લે છે. આ રીતે ઇન્દ્ર દૈવતહીન પાત્ર તરીકે ભાવકોના માનસમાં નફરતનો ભાવ જગાડી જાય છે. એ છે તો દેવરાજ પણ દાનવરાજ જાલંધરની વીરતા, ખુમારી સામે તે પામર જણાય છે.

'જાલંધર પુરાણ'નું તેજસ્વી નારી પાત્ર છે વૃંદા. ક્ષત્રિયાણી જેવું માનસ ધરાવતી વૃંદા પતિ તપ કરવા જાય કે યુધ્ધ કરવા, પ્રસન્ન ચિત્તે વિદાય આપી પતિ-વિરહ સહન કરે છે. સતી વૃંદાના શીલ વડે જ જાલંધર અવધ્ય બની રહે છે. સમય આવ્યે પતિને ઉચિત સલાહ આપી સાચી જીવન-સંગિની તરીકેનું પોતાનું કર્તવ્ય અદા કરે છે. ભગવાન વિષ્ણુ દ્વારા કપટથી વૃંદાનું શીલભંગ થયા બાદ ભગવાન વૃંદાને અનેક લોભામણા વચનોથી જીતવાનો પ્રયત્ન કરે છે છતાં શીલભ્રષ્ટ વૃંદા અગ્નિને પોતાનો દેહ સોંપવા તૈયાર થાય છે. ભગવાન દ્વારા અપાતી અનેક લાલચોને ઠુકરાવી તે અગ્નિ પ્રવેશ કરે છે. આમ, વૃંદાનુ પાત્ર જાલંધરની સાચી અર્ધાંગિની રૂપે, એનું કલ્યાણ ઇચ્છનારી જીવનસાથી રૂપે ઉપસી આવ્યું છે. હરદાસ મિસણ અહીં વૃંદાના પાત્ર નિમિત્તે ભારતીય નારીની ઉજ્જવળ સતી પરંપરાનું નિરૂપણ કરે છે.

વિષ્ણુ પત્ની લક્ષ્મી તેના પૌરાણિક સંદર્ભે પૂજનીય છે, પરંતુ અહીં હરદાસજીએ લક્ષ્મીના પાત્રને લાચાર સ્થિતિમાં મૂક્યા જણાય છે. પતિગૃહે જેનાં કોઇ માન-મર્યાદા કે મોભો નથી એવું હિન્દુ સમાજની દુણાયેલી, દુભાયેલી, હતભાગી નારી જેવું લક્ષ્મીનું પાત્ર અહીં કવિએ આલેખ્યું છે. સાગરપુત્ર એવા પોતાના ભાઇ જાલંધરને ન મારવાની કાકલૂદી કરતાં લક્ષ્મીની વાત કાને ધર્યા વગર, તેનો પ્રત્યુત્તર આપ્યા વગર વિષ્ણુ લક્ષ્મીને લાચાર સ્થિતિમાં મૂકીને ચાલ્યા જાય છે. લક્ષ્મીના ભાગે તો મૂક પ્રેક્ષક બની અસહ્ય વેદના સહેવાનું જ આવે છે. આ રીતે જગદંબારૂપ મા લક્ષ્મીજી ભાવકના હૃદયમાં સામાન્ય લાચાર ગૃહિણી તરીકે સ્થાન પામે છે.

આ સિવાય, શુક્રાચાર્ય બ્રહ્મા, બલિદાનવ, રાહુ, નારદ, સમુદ્ર, સિન્ધુ નદી, પ્રભાવતી વગેરે ગૌણ પાત્રો પણ હરદાસજીની કલમે જીવંત રીતે આલેખાયાં છે. ગુરુ શુક્રાચાર્ય દાનવોના ગુરુ તરીકે પોતાના પદને સુપેરે શોભાન્વિત કરે છે. જાલંધરની શિવ પાસે પાર્વતીની અનુચિત માગણીને તે અયોગ્ય ગણી જાલંધરને એ આત્મઘાતી રસ્તેથી પાછો વાળવા કુલગુરુના નાતે પ્રયાસ કરે છે પરંતુ તેઓ તેમાં સફળ થતા નથી. છતાં પોતાના યજમાન હિતૈષીપણાને લીધે તે એક આદર્શ ગુરુની પ્રતિભા ઊભી કરી ભાવકના હૃદયમાં માનભર્યું સ્થાન પામે છે. જાલંધરનું નામકરણ કરતાં બ્રહ્મા પૌરાણિક પરંપરાના ત્રિદેવમાના એક સૃષ્ટિના સર્જન હાર છે. પૌરાણિક સંદર્ભે પિતામહ બ્રહ્મા જેટલા મહાન છે એવી મહત્તા અહીં 'જાલંધર પુરાણ'માં કવિ પ્રગટાવી શક્યા નથી. મધ્યકાલીન ક્ષત્રિય પરંપરાના ટેકીલા અને જીવ હાથમાં લઈને જીવનારા પાત્ર તરીકે બલિદાનવનું પાત્ર ઉભરી આવ્યું છે. મન, વચન અને કર્મથી શુધ્ધ એવો બલિદાનવ કથાપટ પર થોડીવાર આવીને પણ જાલંધરને ઝાંખો પાડી દે છે. સમરાંગણમાં ઈન્દ્રની વીરતાને લલકારતા બલિદાનવની ભોળપણનો લાભ લઈ ઈન્દ્ર બલિની ખુશામત કરી તેને વચનબધ્ધ કરી તેનું મસ્તક માગી લે છે. વચનબધ્ધ બલિ પોતાનું મસ્તક ઈન્દ્રને અર્પણ કરે છે. 'જાલંધર પુરાણ'માં કવિએ બલિના પાત્ર દ્વારા સમકાલીન ક્ષત્રિયવીરના વટ, વચન અને વ્યવહારનું યોગ્ય નિરૂપણ કર્યું છે. દેવતાઓ દ્વારા અન્યાય પામેલા રાહુનું પાત્ર અહીં નિષ્ઠાવાન સેવકના રૂપે આલેખાયેલું છે. જાલંધરની કૃપાથી ધડને શિવ દ્વારા પામેલો રાહુ જાલંધરનો દૂત બની પાર્વતીની માગણી કરવા શિવ પાસે જાય છે ત્યારે ફરી એ શિવના ક્રોધનો ભોગ બની કૃત્યા દ્વારા ધડવિહીન બને છે. છતાં પોતાના સ્વામીને વફાદાર રહી તેના પક્ષે યુધ્ધમાં ભાગ લે છે અને દાઢો રૂપી હથિયારથી વીરતાપૂર્વક લડે છે. એ દ્વારા એની સ્વામીનિષ્ઠા, પરાક્રમશીલતા પ્રગટ થાય છે. પૌરાણિક સંદર્ભે કલહ પ્રિય એવું નારદનું પાત્ર અહીં પણ એ પ્રકારે જ આલેખાયું છે. સાગરનું પાત્ર અહીં એક વત્સલ પિતા તરીકે ઉભરી આવ્યું છે. સાગર વચ્ચે રહેલા દ્રોણાચલ પર્વત પરની ઔષધિઓ વડે ધન્વંતરિ દેવોને સજીવન કરે છે જાણી ગુસ્સે થયેલો જાલંધર દ્રોણાચલને હણવા જાય છે ત્યારે સાગર વચ્ચે પડીને પોતાના આશ્રિત એવા દ્રોણાચલને બચાવે છે, જે એ પાત્રની મહાનતા સૂચવી જાય છે. સાગરનું સાગર હૃદયી સ્વરૂપ અહીં પ્રગટે છે. એક જવાબદાર પિતા તરીકે જાલંધરને પાર્વતીની અયોગ્ય માગણી નહિ કરવા સલાહ આપે છે. ત્યાં તેના પુત્રહિતૈષીપણાના દર્શન થાય છે. લોકમાતા રૂપે પૂજાતી સિન્ધુ નદી અહીં જાલંધરની માતાના પાત્ર રૂપે આવે છે. પિતા સાગરની જેમ જ પુત્રનું કલ્યાણ ઈચ્છતી જનેતા સાગરની સમજાવટમાં પોતાનો સૂર પૂરાવે છે. તદ્દન ગૌણરૂપે આવેલું અને

અધિકાંશ મૌન જાળવતું સિન્ધુનું પાત્ર મનોમન પુત્રનું હિત ઇચ્છતી વહાલસોઇ માતા તરીકે આપણી સમક્ષ પ્રગટ થાય છે. મહા બલવાન બલિદાનવની પત્ની એટલે પ્રભાવતી. ક્ષત્રિયાણી જેવું તેજ અને વ્યક્તિત્વ ધરાવતી પ્રભાવતીને પતિના વીરત્વમાં શ્રધ્ધા છે. એ દઢતાપૂર્વક માને છે કે સમરાંગણમાં પોતાના પતિને કોઇ જીતી નહિ શકે, તે અજેય છે. પોતાના પતિને ભોળવીને તેની પાસેથી તેનો પ્રાણ વરદાનરૂપે માગીને કપટપૂવક તેની ઇન્દ્ર દ્વારા હત્યા થાય છે ત્યારે તેણી ભારે ખેદ અનુભવે છે એથી જ પતિના પરલોક પ્રયાણ પછી પોતાના પ્રાણ ત્યજી સતીની હરોળમાં સ્થાન પામવાને અધિકારી બને છે. આમ, 'જાલંધર પુરાણ'ના પાત્રોની બાહ્ય અને આંતરિક રેખાઓમાં મધ્યકાલીન વાતાવરણ નિરૂપાયું છે. ' 'જાલંધર પુરાણ'ની પાત્રસૃષ્ટિ જીવંત, સ્પષ્ટરેખ, સ્વાભાવિક અને હૃધ છે. એમાં પૌરાણિક ગૌરવ સચવાયેલું છે તો સાથે સાથે એમાં મધ્યકાલીન ક્ષાત્રગૌરવ અને ક્ષાત્રમાનસનુંય પ્રતિબિંબ ઝિલાયું છે.'(૫) એ વાત સાથે અહીં સંમત થઇ શકાય છે.

## ૩:૩ વિષ્ણુદાસની પાત્રાલેખનકળા :

વિષ્ણુદાસના 'જાલંધર આખ્યાન'માં શિવ, જાલંધર વગેરે મુખ્ય પાત્ર છે. વિષ્ણુ, ઇન્દ્ર, બ્રહ્મા, શુક્રાચાર્ય, રાહુ વગેરે પુરુષ પાત્રો વૃંદા, લક્ષ્મી, પાર્વતી વગેરે સ્ત્રી પાત્રો ગૌણ પાત્રો તરીકે નિરૂપાયાં છે. વિષ્ણુદાસ અહીં 'ગરુડ'ને પણ એક પાત્ર તરીકે રજૂ કરે છે. એ સિવાય, તદ્દન ગૌણ પાત્રોમાં નારદ, કૃત્યા, શિવગણ, દૈત્યો વગેરે તદ્દન ઓછું મહત્વ ધરાવતા પાત્રોનો પણ ઉલ્લેખ કરવો ઘટે. વિષ્ણુદાસની પાત્રાલેખનકલાની શકિતનો પરિચય કરાવતાં આ પાત્રો કથાને આસ્વાદ્ય બનાવવા સાથે કથાને પૌરાણિકતા બક્ષે છે.

ભક્ત વત્સલ ભોળાનાથ ભક્તની અલ્પ ભક્તિથી પણ મોં માગ્યા વરદાનો આપીને સૃષ્ટિ માટે ભયંકર આફત પણ ઉભી કરે છે. જો કે એનો ઉપાય પણ આખરે તો એણે જ શોધવાનો હોય છે. ઇન્દ્રની ગર્વિષ્ઠ માગણીથી પહેલાં તો શિવ શાંત ચિત્તે વિવેકપૂર્વક હસીને ઇન્દ્રને અહંકાર ન કરવા કહે છે. છતા ઇન્દ્રની વારંવારની યુધ્ધની માગણીથી ભગવાન શિવ ક્રોધે ભરાય છે. અહીં ભગવાન શિવના ક્રોધનો ભાવકને પરિચય થાય છે. ભગવાન શિવ કેવી કેવી વિચિત્રતાઓ અને વિરોધાભાસો વચ્ચે વસે છે એનો સુંદર પરિચય આપે છે. શંકરના ગળે નાગ, કાર્તિકનું વાહન મોર, ગણપતિનું વાહન ઊંદર, નાગ ઊંદરને પકડવા જાય, મોર નાગ પર તરાપ મારે, નાગ પાછો શંકરની કોટે વળગી જાય. આવા વિરોધાભાસ વચ્ચે પણ શિવના પાત્રમાં માનવીય સંવેદનાઓ ભરી તેના પ્રસન્ન મધુર

દાંપત્યજીવનનો પરિચય કવિ આપે છે. દેવોને આવતા જોઇ પાર્વતીને ખોળામાંથી ઊઠીને ઘરમાં જવા કહેતા શિવ દેવ કરતાં રસિક પતિ વધારે લાગે છે.

રાહુ અને શુક્રાચાર્યને તેમના કર્મોના બદલામાં દેહાંતદંડથી ભોળાનાથ મુક્ત રાખે છે તે તેના કરુણાનિધાનના બિરુદને સાર્થક ઠેરવે છે. 'બાપ કરતા બેટો સવાયો' એ ન્યાયે શિવ-જાલંધર યુધ્ધમાં એકાધિકવાર શિવ જાલંધરથી પરાસ્ત થવાના પ્રસંગો કવિ યોજે છે. વૃંદાને છળવા ગયેલા શિવને વૃંદા ઓળખી જાય છે તેથી વૃંદાથી લજ્જિત થયેલા ભગવાન શિવ નીચું મોં કરી પાછા વળી જાય છે. અંતે, વિષ્ણુ દ્વારા વૃંદાના શીલભંગ પછી શિવનો અંશ શિવ દ્વારા જ હણાય છે. શિવ દ્વારા વૃંદાને છળવાના એક જ પ્રસંગને કારણે વિષ્ણુદાસની કલમે આલેખાયેલું શિવનું પાત્ર 'ભક્તવત્સલ'ના બિરુદને સાર્થક ઠેરવતું જણાતું નથી.

'જાલંધર આખ્યાન'નું શીર્ષક સૂચવે છે કે અહીં મુખ્ય પાત્ર છે જાલંધર. જાલંધરનું પાત્ર છે તો પૌરાણિક, પરંતુ વિષ્ણુદાસે એ પાત્રમાં મધ્યકાલીન ક્ષાત્રત્વના ચમકારા જે રીતે દર્શાવ્યા છે એ પરથી કહી શકાય કે કવિએ મધ્યકાલીન યુગના સંસ્કારોના પ્રબળ પ્રભાવ તળે એ પાત્રનું સર્જન કર્યું છે. ઇન્દ્રના ગર્વનું ખંડન કરવા શિવના ક્રોધમાંથી જન્મેલો જાલંધર પ્રથમ પરપોટા રૂપે જ એવો વજ્રદેહી હતો કે એ બાણ કે ત્રિશૂલની ધારનો કચ્ચરઘાણ કરતો હતો. ઇન્દ્ર અને વિષ્ણુ સાથેના યુધ્ધમાં તે અપ્રતિમ શૌર્ય દાખવે છે. શિવ સાથેના યુધ્ધમાં તે અપ્રતિમ પરાક્રમ દાખવે છે. નીડર યોધ્ધા તરીકે ઉભરી આવતું જાલંધરનું પાત્ર શિવ સામે જરાય ઝાંખુ પડતું નથી. જો કે પત્નીના સતીત્વ સાથે સંકળાયેલું તેનું બળ પત્નીના શીલભંગ થવા સાથે જ જાણે નષ્ટ પામે છે. પત્ની સતીત્વ ચૂકી છે એ જાણ્યા પછી પણ પત્ની પર તિરસ્કાર વરસાવતો જાલંધર પૂરા પરાક્રમથી દેવો સાથે બાથ ભીડે છે. શિવને એકાધિકવાર પછડાટ આપ્યા પછી પરાસ્ત થતો જાલંધર છેલ્લી ક્ષણ સુધી દેવોને હંફાવે છે. આમ, 'જાલંધર આખ્યાન'ના નાયક જાલંધરનું પાત્ર વિષ્ણુદાસની કલમે મધ્યયુગીન ક્ષત્રિયવીર જેવું ઉજ્જવલ અને પરાક્રમી આલેખાયું છે. એટલું જ નહિ, દૈવી પાત્રો જાલંધરના પાત્ર સામે તેજોહીન બનતા જણાય છે.

અહીં આલેખાયેલાં પાત્રોમાંનું કુટિલમાં કુટિલ પાત્ર એટલે ભગવાન વિષ્ણુનું પાત્ર. દેવ-દાનવ, વિષ્ણુ-જાલંધર યુધ્ધમાં બનેવી હોવાને નાતે જીવલેણ પ્રહાર ન કરતા જાલંધરનું પાત્ર આચાર - વિચારમાં દેવ કરતાં વધુ માનવીય જણાય છે. પોતાની પત્ની લક્ષ્મી જાલંધરની બહેન છે. તેના દ્વારા કપટથી વિષ્ણુ જાલંધરના મૃત્યુનું રહસ્ય જાણે છે. જરૂર પડ્યે પત્નીની ખુશામત કરતાં અને પોતાનું

ધાર્યું પત્ની ન કરે તો હલકામાં હલકા શબ્દોમાં તેને હડધૂત કરવાના પ્રસંગમાં વિષ્ણુ મધ્યકાલીન પુરુષપ્રધાન સમાજની ઝાંખી કરાવે છે. વિષ્ણુનું એટલું અધમ ક્ક્ષાનું વર્તન ભાવકોને ઘૃણા ઉપજાવે છે. અંતે, છળ વડે સતી વૃંદાનું શીલભંગ કરવા જેવું અધમ કૃત્ય કરતા પણ તે અચકાતાં નથી. અલબત્ત, વિષ્ણુનાં આ અધમ કૃત્યો અંતે દેવોના હિતમાં છે, છતાં વિષ્ણુદાસે જે હદે જઇ વિષ્ણુનું પાત્ર નિરૂપ્યું છે તે અંતે શ્રોતાઓના ફિટકારનો જ ભોગ બને છે.

દેવાધિદેવ ઇન્દ્રનો ગર્વ એ 'જાલંધર આખ્યાન'નું કથાબીજ છે. મૂછ મરડતાં, અંગ મોડતા, હાથ ઝાટકતા અહંકાર યુક્ત વચનો ઇન્દ્ર બોલે છે ત્યારે ક્રોધપૂરિત ભગવાન શિવ તેને બળવાન યોધ્ધો આપવાનું વરદાન આપે છે. પરિણામ સ્વરૂપ વીર જાલંધરનું શિવના ક્રોધમાંથી પ્રાગટ્ય થાય છે. એ વીર યોધ્ધા સાથેની પહેલી લડાઇમાં જ દેવરાજ ઇન્દ્રના ગર્વનું ખંડન થાય છે. બ્રહ્માના કહેવાથી વિષ્ણુની સહાય લઇ ફરી જાલંધર સાથે લડવા જતા ઇન્દ્રાદિ દેવો જાલંધરથી પરાસ્ત થાય છે. શિવના શરણે ગયેલા દેવોમાંથી ઇન્દ્રને જોઇને શિવ ખૂબ ક્રોધે ભરાય છે અને શિવનાં વચનોથી લજ્જિત બનેલા ઇન્દ્ર અગાઉ પોતે કરેલી ભૂલની ક્ષમા માગે છે ત્યારે ઇન્દ્રનું પાત્ર ભાવકોની સહાનુભૂતિ મેળવી જાય છે. છતાં પૌરાણિક દેવેન્દ્રનું બિરુદ અહીં સાર્થક થતું જણાતું નથી.

વૃંદા 'જાલંધર આખ્યાન'નું મુખ્ય નારી પાત્ર છે. બ્રહ્માના સૂચન અને આશીર્વાદથી જ જાલંધરને વૃંદાની પ્રાપ્તિ થાય છે. દાનવરાજની પત્ની તરીકે રાજરાણી હોવા છતાં તેનામાં એવો કોઇ રોફ કે રાજકીય કાવાદાવા જોવા મળતાં નથી. દેવો સાથે યુધ્ધ કરવા તત્પર જાલંધરને વારવાનો વૃન્દા પ્રયત્ન કરે છે. અહીં વૃંદાની સમાધાનમૂલક દૃષ્ટિના દર્શન થાય છે. વૃંદાની સમજાવટ છતાં રણમેદાન જવા ઉત્સુક જાલંધરને રણમાં વિજયી થવાની શુભેચ્છા સાથે પોતાનાં સતીત્વથી પતિનું રક્ષણ ઇચ્છતી વૃંદા પતિને પુષ્પનો કંદુક આપે છે. આમ, સતી શિરોમણી સાધવીના પવિત્ર શીલ વડે જાલંધર વજ્રદેહી બની અવધ્ય બની રહે છે. વૃંદાના રૂપ સૌન્દર્યની પ્રશંસા સાંભળી શિવ પણ ઘેલાં થાય છે. એટલું જ નહિ, જાલંધર રૂપે શિવ વૃંદાને છળવાનો પ્રયત્ન કરે છે. ત્રિપુરારીને જાણી જતી વૃંદા 'પુત્રવધુની સેજ' આવેલા શિવને ભારે લજ્જિત કરે છે. પતિના રણસંગ્રામ જવાથી પતિ વિરહે વ્યાકુળ બનેલી વૃંદાનું પાત્ર પ્રેમાળ પત્ની રૂપે ઉભરી આવે છે. વિષ્ણુ દ્વારા શીલભંગ થયેલી વૃંદા અંતે સ્વામીનું મસ્તક ખોળામાં લઇ અગ્નિ પ્રગટ કરી પત્ની સાથે બળી મરી 'પતિવ્રતા'નું બ્રહ્મા દ્વારા અપાયેલું બિરુદ સાર્થક કરે છે. વૃંદાની રાખમાં લક્ષ્મીવરના આળોટવાથી તેમાંથી તુલસીના છોડ પાંગરે

છે. વૃંદા તુલસીરૂપે વિષ્ણુને પ્રિય છે એવો જે ઉલ્લેખ પુરાણોમાં મળે છે તે વૃંદાના પાત્રને એક નવું જ પરિમાણ બક્ષે છે. વિષ્ણુદાસની પાત્રાલેખનકલાનો ઉત્તમ ઉન્મેષ વૃંદાના પાત્રમાં દૃષ્ટિગોચર થાય છે.

'જાલંધર આખ્યાન'માં શક્તિ સ્વરૂપા લક્ષ્મીજીનું પાત્ર ભાઈનું હિત ઈચ્છતી બહેન તરીકે પૂરા માનવીય દૃષ્ટિકોણથી રજૂ થયું છે, એટલું જ નહિ, ભાઈના પ્રેમને કોરાણે મૂકી પતિ સામે ઘૂંટણિયા ટેકવતી લાચારમાં લાચાર અબળા તરીકે એ પાત્રને નિરૂપી કવિ મધ્યકાલીન સ્ત્રીઓના સામાજિક દરજ્જાનો ચિતાર જાણે કે આપી જાય છે. 'બંધુ મરાવ્યાનું કલંક લાગશે', એવું જાણવા છતાં માત્ર પતિને રાજી રાખવા જાલંધરના મૃત્યુનું રહસ્ય જાણવા જવા માટે લક્ષ્મી તૈયાર થાય છે. જાલંધર પાસે પતિનો ખોટો બચાવ કરે છે. ગર્વિષ્ઠ અને તોછડાઈભર્યું વર્તન કરતાં પતિનું પોતાના પિયરિયાં પાસે ઉપરાણું લેતી આજની એકવીસમી સદીની લાચાર નારી અને મધ્યકાલીન નારીના સામાજિક દરજ્જામાં કશો તફાવત જણાતો નથી. લક્ષ્મીની એક પત્ની તરીકે લાચાર દશાથી ભાવકોને એ પાત્ર પ્રત્યે અપાર કરુણા ઉપજે છે. મોટા ભાગનાં દાંપત્યજીવનમાં જતું કરતી, બાંધછોડ કરતી નારીના રૂપે લક્ષ્મીજીના પાત્રનું નિરૂપણ મધ્યકાલીન જ નહીં, સર્વકાલીન સ્ત્રી દશાનો ચિતાર આપી રહે છે.

જડ-ચેતન સમસ્તના સર્જનહાર બ્રહ્માનું પાત્રોચિત ગૌરવ અહીં બરાબર જળવાયું છે. જાલંધરથી પરાસ્ત થયેલા ઈન્દ્ર સૌ પ્રથમ બ્રહ્માને શરણે જાય છે, પરંતુ પોતે યુધ્ધ કરવા શક્તિમાન નથી એમ કહી પોતાને કોઈ ગાળ દે કે પોતાના પર કોઈ પ્રહાર કરે તો તેનો પોતે મુખથી ,પણ પ્રત્યુત્તર આપતા નથી, એમ કહેતાં બ્રહ્માના પાત્રમાં એનાં શાંત અને ધીરગંભીર વ્યક્તિત્વનો પરિચય મળે છે. સર્જનનું કાર્ય કરતાં બ્રહ્મા સંહારક એવી કોઈ પણ પ્રવૃત્તિમાં સામેલ ન જ થાય ને ! પાત્રના ગૌરવને ઉપકારક એવું બ્રહ્માનું પાત્રનિરૂપણ અહીં કવિ કરી શક્યા છે. દૈત્યગુરુ શુક્રાચાર્યને પોતાની સાથે યુધ્ધ મેદાન આવવાનું જણાવતા જાલંધરના શબ્દોમાં, ગુરુની ઉપસ્થિતિ પણ દૈત્યોને મર્દાનગીથી યુધ્ધ લડવા પ્રેરે એમ દર્શાવતા કવિ પરોક્ષ રીતે ગુરુની મહત્તા દર્શાવે છે. યજમાનનું હિત ઈચ્છતા અને દાનવો પ્રત્યે પૂરી નિષ્ઠા દાખવતા ગુરુ શુક્રાચાર્યનું પાત્ર અહીં યજમાન હિતૈષીપણાનું દ્યોતક બનીને આવ્યું છે. જાલંધર-ઈન્દ્ર વચ્ચેના વેરનું નિમિત્ત બનતા પાત્ર તરીકે રાહુનું પાત્ર આલેખન પામ્યું છે એટલું જ નહિ, ઈન્દ્ર સાથે યુધ્ધ કરવા ઉશ્કેરવા માટે રાહુ જાલંધરને કઠોરમાં કઠોર શબ્દો કહે છે. ખરેખર જ જાલંધર આવી કઠોર વાણીથી ઉશ્કેરાઈને દેવો સાથે અને ખાસ કરીને ઈન્દ્ર સાથે લડવા તત્પર થાય છે. પાર્વતીની અનુચિત માગણીનો જાલંધરનો સંદેશ લઈ દૂત તરીકે શિવ પાસે જતો રાહુ પ્રથમ વાર તો સંદેશ આપ્યા વગર પાછો વળે છે. ઈશ્વર પાસે અનુચિત માગણી કરીને આમ પોતાને

અપમાનજનક સ્થિતિમાંથી પ્રથમ ઉગારતો રાહુ બીજીવાર સ્વામીનિષ્ઠ બની વ્યથા વહોરી લેતો જણાય છે. રાહુની સ્વામીનિષ્ઠા અહીં કવિએ પ્રદર્શિત કરી છે. નારદનું પાત્ર પણ અહીં પૌરાણિક પરંપરા ધરાવતાં કલહપ્રિય નારદ તરીકે જ વર્ણવાયું છે. પાર્વતીના પાત્રનો પણ અહીં અછડતો ઉલ્લેખ જ મળે છે. જાલંધર સાથે લડવા જતાં શિવને પ્રથમ તો વિના કારણ યુધ્ધ ન કરવા સમજાવે છે, પરંતુ જાલંધરે પોતાની અનુચિત માગણી કરી છે એ જાણી તરત જ સ્વામીને યુધ્ધ કરવા જવા કહે છે કે જેથી બીજી વાર તે આવી અનુચિત માગણી કરી જ ન શકે. આમ, સમય સંજોગને પારખી પતિને પ્રેરતી શક્તિ સ્વરૂપા પત્ની તરીકે પાર્વતીનું પાત્ર પણ સુંદર આલેખન પામ્યું છે.

## ૩:૪ શિવદાસની પાત્રાલેખનકળા :

શિવદાસના 'જાલંધર આખ્યાન'માં બે કથા સમાયેલી હોઇ જાલંધર અને નરકાસુર બેઉને પ્રધાનપાત્રો ગણવા પડે. શિવ, વિષ્ણુ, ઇન્દ્રાદિ દેવો, વૃંદા અને સત્યભામા વગેરે તમામ પાત્રો અહીં કેન્દ્ર સ્થાને છે. શુક્રાચાર્ય, નારદ કે કૃત્યા જેવા ઓછું મહત્ત્વ ધરાવતાં પાત્રો પણ કથાને વેગ આપવામાં પોતાનું યોગદાન આપે છે.

'જાલંધર આખ્યાન'માં કવિ શિવદાસે શિવના ભક્તવત્સલ સ્વરૂપને પ્રગટાવ્યું છે. જલ્દીથી ક્રોધે ભરાવું અને જલદીથી રીઝી જવું એ બે તેમના આગવા સ્વભાવ લક્ષણો છે. 'જાલંધર'એ શિવજીના મહાક્રોધનું પરિણામ છે. જે પોતાનો અંશ છે તેના વિનાશનો ઉપાય પણ પોતે જ કરવો પડે છે, પરંતુ એ ઉપાય તેના દેવત્વને કલંક લગાડે છે, 'પતિવ્રતા નારી વૃંદાને શીલભ્રષ્ટ કરો તો જ જાલંધર મરશે.' અને એ કાળું કૃત્ય કરવા વિષ્ણુ તૈયાર થાય છે. કપટ કરી વિષ્ણુ વૃંદાનું શીલભંગ કરે છે અને ભગવાન શિવ જાલંધરને હણે છે. સૃષ્ટિના સર્જન-વિસર્જનના કારણરૂપ અધિષ્ઠાતા દેવાધિદેવ ભોળાનાથ શિવ જે કાંઇ પણ કરે છે તે સમષ્ટિના કલ્યાણ માટે કરે છે, એવી લોકોની દઢ શ્રધ્ધા છે અને 'જાલંધર આખ્યાન'ના ભગવાન શિવ લોકોની આવી દઢ શ્રધ્ધાના પ્રતીકરૂપ છે.

જાલંધર પૌરાણિક પાત્ર છે પરંતુ શિવદાસના 'જાલંધર આખ્યાન'માં તે વીરતાનું પ્રતીક બનીને આવ્યો છે. બ્રહ્માના વરદાનથી ત્રૈલોક્યને વશ કરતો જાલંધર વૃંદાને પરણી તેના સતીત્વના બળે નિર્ભય અને અજેય બને છે. અહીં સુધી જાલંધરનું પાત્ર બિલકુલ નિર્દોષ છે, પરંતુ નારદની ચઢામણીથી તે 'મહાદેવ નાર'ને છળવા કૈલાસ પર જાય છે. સતીને છળી ન શકતાં તે વીરતાપૂર્વક શિવ સાથે લડી તેને પરાસ્ત કરે છે. સમુદ્રમંથન દ્વારા પિતાને થયેલા અન્યાયનો બદલો રજપૂતવીરને છાજે એ રીતે લઇ સ્વર્ગની તમામ રીધ્ધિ-સિધ્ધિનો તે માલિક બને છે. અહીં દેવો કરતાં પણ જાલંધરનું

પાત્ર ચઢિયાતું ઠરે છે. સમરાંગણમાં નિર્ભય બનીને તરખાટ મચાવનાર જાલંધરદેવોના કપટથી હણાય છે ત્યાં દેવોનાં પાત્રો ઝાંખા પડે છે અને જાલંધર વીર, આદર્શ રાજવી અને પ્રેમાળ પતિ રૂપે યશોજ્જવલ પાત્ર પૂરવાર થાય છે.

ભગવાન વિષ્ણુનું પાત્ર અહીં મહામાયાવી પાત્ર રૂપે ઉપસ્યું છે. કપટી વિષ્ણુ દ્વારા સમુદ્રમંથન વખતે દાનવોને થયેલા અન્યાયની કથા સાંભળી રોષે ભરાયેલો જાલંધર ભગવાન વિષ્ણુ સામે વેર લેવા મેદાને પડે છે. જાલંધર સાથે ચાલેલા એક સહસ્ર વર્ષ પર્યંતના યુધ્ધમાં વિષ્ણુ પોતાની દિવ્ય કે માયાવી શક્તિનો પરચો બતાવી શકતા નથી. ભગવાન વિષ્ણુ કપટ કરી વૃંદાનું શીલભંગ કરવાનું અનીતિમય કાર્ય કરવા તૈયાર થાય છે એટલું જ નહિ, પણ ચતુરાઇપૂર્વક પોતે જે કાર્ય કરવા જઇ રહ્યા છે તેમાં પોતે દોષિત નથી, એવું પણ સાબિત કરવા મથે છે. પૂર્વે જાલંધરે પાર્વતીને છળવાનો જે પ્રયત્ન કરેલો તેનો બદલો લેવા પોતે જઇ રહ્યા છે એવી આત્મવંચના કરતાં ભગવાન વિષ્ણુના દેવત્વને ઝાંખપ લાગ્યા વગર રહેતી નથી, છતાં વિના કારણ વૃંદાના શીલભંગના દોષમાંથી ભાવકોની નજરે બચી તો જાય છે. વૃંદાના શીલભંગ પછી ઉદારહૃદયી વિષ્ણુ પોતાના અપરાધની સતી પાસે ક્ષમાયાચના કરે છે ત્યારે ફરી તેનામાં દેવત્વના દર્શન થાય છે. સતી વૃંદા પણ પોતાના કઠોર વચનોની ક્ષમા યાચના કરતાં ભગવાન વિષ્ણુએ અસુર જાતિની એવી પોતાને અર્ધાંગ ધારણ કરી એ બદલ અહોભાવ અનુભવે છે ત્યારે સતી વૃન્દા સાથે મધ્યકાલીન જનસમાજ પણ વિષ્ણુના અધમ કૃત્યને વિસરી જઇ તેનામા દેવત્વનું પુનઃસ્થાપન કરે છે. સતી વૃંદાને અપાતા વરદાનમાં તેમજ તેના પતિ દૈત્યરાજ જાલંધરને પોતાના તેજમાં સમાવી રાખી પછીના જન્મે કૃષ્ણરૂપે જાલંધરરૂપ નરકાસુરને હણી પોતાનું નિર્વાણ પદ આપશે એવા આશ્વાસનમાં ભક્ત વત્સલ, કરુણાનિધાન વિષ્ણુના દર્શન થાય છે. એકંદરે, ભગવાન વિષ્ણુનું પાત્ર વૃંદાના શીલભંગના પ્રસંગને બાદ કરતાં સુપેરે નિરૂપાયું છે.

વિષ્ણુએ વૃંદાને આપેલા વરદાન મુજબ વર્ષો પછી હિરણાક્ષ નામનો મહાદૈત્ય પૃથ્વીને પાતાળે લઇ જાય છે. વરાહરૂપે વિષ્ણુ પાતાળમાં જઇ હિરણાક્ષને મારી ધરાને તેના બંધનથી મુક્ત કરે છે. દાઢ વચ્ચે ગ્રહી પૃથ્વીને પાછી લાવે છે. ધરાના સૌન્દર્યથી મોહિત બનેલા વિષ્ણુ પોતાના તેજમાં સમાવાયેલું જાલંધરનું તેજ ધરા પર મૂકે છે અને તેમાંથી જાલંધર જેવો જ મહાબળવાન નરકાસુર પ્રગટે છે. નરકાસુરનો વધ પોતના હાથે જ થશે એવું વિષ્ણુ પાસેથી સાંભળી પ્રેમ વિહ્વળ ધરા એવું ન કરવા વિનવે છે ત્યારે ભગવાન એને આશ્વાસન આપે છે કે, 'તું આજ્ઞા કરશે તો અને ત્યારે જ હું એને હણીશ.' નરકાસુરને 'પ્રાગ્જ્યોતિષપુર'નું રાજ્ય સોંપી ધરાને નિશ્ચિંત કરે છે. સમય જતાં નરકાસુર

ત્રિલોકમાં ત્રાસ વર્તાવી પોતાની આણ પ્રવર્તાવે છે. નરકાસુરના પરાક્રમથી ત્રસ્ત દેવોને કારણે ભગવાન વિષ્ણુ કૃષ્ણરૂપે અવતરે છે અને ધરા સત્યભામા રૂપે. વીસ હજાર કન્યાઓને પરણવાના કોડ સાથે તે સોળ હજાર એક કન્યાઓ, જે દેવકન્યાઓ, નાગ કન્યાઓ અને રાજકન્યાઓ છે, તેનું હરણ કરી લાવ્યો છે. આ પ્રકારના પાત્રચિત્રણમાં તે કામી દુષ્ટ પુરૂષ જેવો આલેખાયો છે. ભોળી મુગ્ધ કન્યાઓને આ કારાગારમાંથી છોડાવવા નારદ બીડું ઝડપે છે. નારદે આપેલું પારિજાતનું પુષ્પ કૃષ્ણે રુકિમણીને આપતાં સત્યભામા રિસાય છે. સત્યભામાને લઇ કૃષ્ણ સ્વર્ગ ભણી જાય છે. 'પ્રાગજ્યોતિષપુર' રસ્તામાં આવતાં સત્યભામાની ઇચ્છાથી કૃષ્ણ એ નગરીમાં આવે છે. નરકાસુર કૃષ્ણ સાથે યુધ્ધે ચઢે છે. નરકાસુર અહીં વીરોચિત યુધ્ધ લઢે છે. અર્ધચન્દ્ર બાણ વડે ભગવાનને મૂર્ચ્છિત કરે છે ત્યારે સત્યભામા ભગવાન કૃષ્ણને નરકાસુરને તત્કાળ હણવા જણાવે છે. ભગવાન કૃષ્ણ સુદર્શન ચક્ર વડે નરકાસુરનું મસ્તક છેદે છે. પરાક્રમી છતાં દુષ્ટ નરકાસુર પોતાના દુષ્ટ કર્મોને પરિણામે મરાય છે ત્યારે મધ્યકાલીન ભાવુક શ્રોતાજનોની ઈશ્વર પરની શ્રધ્ધા દઢ બને છે. જાલંધરના પરિપ્રેક્ષ્યમાં નરકાસુરનું પાત્ર પરાક્મી હોવા સાથે દુષ્ટ ચિત્રાંકન પામ્યું છે.

એક જ આખ્યાનમાં એકી સાથે બે કથા હોવાથી જાલંધર સાથે ભગવાન વિષ્ણુ અને નરકાસુર સાથે ભગવાન કૃષ્ણનું ચરિત્રચિત્રણ થયેલું જોઇ શકાય છે. કૃષ્ણ એ ભગવાન વિષ્ણુનું જ અવતારી રૂપ હોવાથી દૈવી પાત્ર છે. નારદની વ્યથાના સંદર્ભે નરકાસુરે મચાવેલા ઉત્પાતની વાત જાણે છે ત્યારે, પોતાનું અવતારકૃત્ય પૂર્ણ કરવાનો સમય પાકી ગયો છે, એમ વિચારે છે. પારિજાતના પુષ્પ સંદર્ભે રિસાયેલી સત્યભામાને મનાવતા કૃષ્ણના પાત્રમાં પાર્થિવ વહાલસોયા પતિના દર્શન થાય છે. પોતાના વસ્ત્રો વડે સત્યભામાનાં અશ્રુ લૂછતાં કૃષ્ણ, પોતાનો વાંક-દોષ ન જાણતા કૃષ્ણ સત્યભામાને બે હાથ જોડી પગે લાગે છે ત્યાં સ્ત્રી હઠ સામે રાજહઠ હારી જતી જણાય છે. પારિજાત પુષ્પના બદલે આખું વૃક્ષ લાવીને રોપવાની કૃષ્ણની લાગણીમાં કોઇપણ પત્નીને ગર્વ થાય એવા પ્રેમાળ પતિના દર્શન થાય છે. નરકાસુરના વધ પછી સોળ હજાર એક કન્યાનું સત્યભામાની મંજૂરી પછી જ પાણી ગ્રહણ કરે છે ત્યાં ભગવાન શ્રી કૃષ્ણ મૂલાનુસાર અવતારી પુરુષ તરીકેનું જ ચરિત્ર ચિત્રણ પામ્યા છે. શિવદાસે ભગવાન કૃષ્ણના પાત્રને ક્યારેક વધુ માનવીય રંગે રંગ્યું છે પરંતુ ક્યાંય એ પાત્રના દેવત્વને ઝાંખપ લાગવા દીધી નથી. એ રીતે કૃષ્ણનું પાત્ર અહીં મૂળને વફાદાર રહી કવિએ આલેખ્યું છે.

સ્વર્ગાધિપતિ ઈન્દ્રને દેવરાજ માનવામાં આવે છે, પરંતુ પુરાણમાં તેમ અહીં તેનામાં ખાસ દૈવત જણાતું નથી. આમ તો આ પાત્ર અહીં ગૌણ રૂપે આલેખાયેલું જણાય છે. જાલંધરના જન્મના

કારણરૂપ ઈન્દ્રના ગર્વ સિવાય ક્યાંય આ પાત્રનું તેજસ્વીપણું, પરાક્રમીપણું કે દૈવીપણું પ્રગટ થતું નથી. દરેક પ્રસંગે ઈન્દ્ર કાયર પૂરવાર થાય છે. જો કે એ ભગવાન વિષ્ણુ જેવા કપટી આલેખાયાં નથી. નરકાસુરની કથામાં પણ તે એવા જ કાયર નિરૂપાયાં છે. દાનવ હિરણાક્ષના ત્રાસથી વ્યાકુળ થયેલા ઈન્દ્ર અહીં પણ વિષ્ણુના શરણે જાય છે. દાનવોના પાત્રો સામે પણ જાણે તે 'બિચારા' કે 'દયામણા' લાગે છે. છતાં આખ્યાનની કથા અંતર્ગત આલેખાયેલું આ પાત્ર કથાને વેગ આપવામાં ઉપકારક નીવડે છે.

'જાલંધર આખ્યાન'નું તેજસ્વી નારી પાત્ર એટલે સતી વૃંદા. કાલનેમિ દૈત્યની સુંદર કન્યા જાલંધરને પરણી રાજરાણી બને છે. રણમાં વિદાય થતાં કંથને ક્ષત્રિયાણીને ઉચિત એવી હિંમતભેર વિદાય આપે છે. પતિને પ્રભુરૂપે ભજતી વૃંદાના રોમરોમમાં પતિપ્રેમ વહે છે. એ જાણે છે કે દેવો કપટ કરીને પણ મારા પતિને મારવા મને છેતરવા આવશે. તેથી એ સચેત રહે છે. એના શીલ વડે જ જાલંધર અવધ્ય બની રહે છે. પ્રથમ જાલંધરનું રૂપ લઈ આવેલા વિષ્ણુથી મોહિત ન થયેલી વૃંદા વિષ્ણુની અન્ય કપટ યોજનામાં ફસાઈને શીલ ચૂકે છે. પોતાના પતિવ્રતધર્મને ચૂકી છે એવું જાણી ચૂકેલી વૃંદા વિષ્ણુને ગુસ્સામાં જે શબ્દો કહે છે તેમાં વૃંદા ભગવાન વિષ્ણુ કરતાં પણ મહાન ઠરે છે. વૃંદા પોતાના સતીત્વના બળે ધારે તો ભગવાન વિષ્ણુને બાળીને ભસ્મ કરી શકે છે, પરંતુ તેમ નહિ કરતા ભગવાન વિષ્ણુ વૃંદા વડે શાપિત બને છે. વૃંદા પાસે માફી માગતા ભગવાન વિષ્ણુ કેવાં લાચાર દેખાય છે ! ભારતીય નારીના સતીત્વને કવિએ વૃંદાના પાત્ર દ્વારા ઉજળું કરી દેખાડ્યું છે. આવાં તેજસ્વી સ્ત્રી પાત્રનું સર્જન કરીને શિવદાસે મધ્યકાલીન સ્ત્રીઓને જવલંત મિસાલ બક્ષી છે.

નરકાસુરની કથામાં આવતું મહત્વનું સ્ત્રી પાત્ર એટલે સત્યભામાનું પાત્ર. હિરણાક્ષ દાનવ દ્વારા પાતાળ લઈ જવાયેલી પૃથ્વીને ભગવાન વિષ્ણુ છોડાવી લાવે છે. પૃથ્વીના રૂપથી મોહિત થયેલાં વિષ્ણુ જાલંધરનું તેજ પોતાનામાં સમાવી બેઠેલા, તેને ધરા પર મૂકે છે અને ધરા-વિષ્ણુ વચ્ચે જાલંધરનું તેજ નરકાસુર રૂપે પ્રગટે છે. નરકાસુર મહા બળવાન થશે અને ધરાની આજ્ઞા થશે ત્યારે જ ભગવંતના હાથે મરાશે એવું સાંભળી ધરા હરખ પામે છે. ધરા જ પછી સત્યભામા રૂપે અવતરે છે અને ભગવાન વિષ્ણુ કૃષ્ણરૂપે. પારિજાતના પુષ્પ સંદર્ભે સત્યભામાનું પાત્ર કવિ શિવદાસે પૌરાણિક માન્યતા મુજબ જ આલેખ્યું છે. પારિજાતનું પુષ્પ કૃષ્ણે રૂકિમણીને આપતા સ્ત્રી સહજ ઈર્ષ્યા અને શૌક્યભાવ અનુભવતી સત્યભામા આમ નારીથી જરાય જુદી નથી. સત્યભામા અને કૃષ્ણના રિસામણાં-મનામણાંના પ્રસંગમાં પતિ-પત્નિનો એકબીજા તરફનો અનહદ પ્રેમ જ દષ્ટિગોચર થાય

છે. સ્ત્રીહઠ સામે રાજહઠ પરાસ્ત થાય છે. એક ફૂલના બદલામાં આખું પારિજાતનું વૃક્ષ એને દ્વારે રોપાવવાનું વચન મળ્યા પછી જ મનામણા થાય છે. પારિજાતનું વૃક્ષ લેવા સ્વર્ગ તરફ પ્રયાણ કરતાં કૃષ્ણ-સત્યભામા 'પ્રાગજ્યોતિષપુર' પરથી પસાર થાય છે. ત્યાં નરકાસુર સાથે કૃષ્ણનો ભયંકર સંઘર્ષ થતાં સત્યભામા ભગવાનને નરકાસુરને હણવાની આજ્ઞા કરે છે. પાપી પુત્રનું પાપકર્મ વધી જતાં ખુદ જનેતા તેના જીવનનો અંત લાવવા વિનંતી કરે તેમાં જ ખરી મા જનેતાનું જાજવલ્યમાન રૂપ છતું થાય છે. સમષ્ટિના હિત માટે પુત્રનું બલિદાન આપતી માતાના પાત્રમાં સત્યભામા લોકોના હૃદયમાં મૂઠી ઊંચેરું સ્થાન પ્રાપ્ત કરે છે. પારિજાતના પુષ્પ માટે રિસાતી-મનાતી સત્યભામાના રૂપમાં મુગ્ધ યૌવનાનું રૂપ પણ શિવદાસના હાથે ચિરંજીવ બનવા પામ્યું છે.

આ સિવાય, બ્રહ્મા, શુક્રાચાર્ય, નારદ, હિરણાક્ષ વગેરે પાત્રો ગૌણરૂપે આલેખાયા છે. આ તમામ પાત્રો આખ્યાનમાં અછડતો ઉલ્લેખ પામ્યાં છે, છતાં આખ્યાનની કથાને વેગ આપવામાં ઉપકારક નીવડ્યાં છે. જાલંધરનું નામકરણ અને જાલંધરને વરદાન આપી ભવિષ્યકથન કરવા પૂરતો બ્રહ્માનો અહીં બીજા કડવામાં પ્રવેશ થાય છે. એ સિવાય, દેવો સાથે રહી યુધ્ધ કરતાં બ્રહ્મા કોઇ વ્યક્તિગત દૈવત કે કૌવત દાખવી શકતા નથી. અન્ય દેવોની સાથે એ પણ કાયરની જેમ રણમેદાન છોડી શંભુના શરણે આવી જાલંધર વધનો ઉપાય શોધવા વિનંતી કરે છે. શુક્રાચાર્યનું પાત્ર પણ અહીં એકાદ જ પ્રસંગે સીધું આલેખન પામ્યું છે. બાકી તેના નામોલ્લેખ અને કાર્ય દ્વારા તેના વ્યક્તિત્વનો પરિચય મળતો રહે છે. દૈત્યગુરુ શુક્રાચાર્ય સંજીવની વિદ્યા વડે મૃત દાનવોને સજીવન કરે છે. દેવો અકળાય છે. ભગવાન શિવથી પ્રગટેલી કૃત્યા શુક્રાચાર્યને રણમેદાનમાંથી લઇ અદૃશ્ય થઇ જાય છે. ત્યારબાદ તેનું શું થયું ? એ કવિ જણાવતાં નથી. શુક્રાચાર્ય નરકાસુરના પણ ગુરુ છે. ગુરુને પ્રતાપે જ જાલંધર, નરકાસુર કે મુર જેવા દાનવો ત્રિલોક પર ધાક જમાવે છે. આ તમામ દાનવરાજોના પરાક્રમોની ગંગોત્રી સમાન છે ગુરુ શુક્રાચાર્ય, એવું અહીં આ પાત્ર દ્વારા ફલિત થાય છે. નારદ પરંપરાગત બેવડી રાજનીતિ ધરાવતાં પાત્ર તરીકે જ અહીં ઉપસ્યું છે. પારિજાતનાં ફૂલ નિમિત્તે ભગવાન કૃષ્ણ અને સત્યભામા વચ્ચે કલહનું બીજ રોપતાં નારદનું નટખટ સ્વરૂપ દ્રષ્ટિગોચર થાય છે અને એ નિમિત્તે ભગવાન સ્વર્ગ તરફ જતાં 'પ્રાગજ્યોતિષપુર' જઇ નરકાસુરનો વધ કરે એવી યોજના પણ એમાં હતી. આમ સમયસૂચકતા દાખવતું નારદનું પાત્ર કલાત્મક રૂપે આલેખાયું છે. હિરણાક્ષ પણ મહાપરાક્રમી દાનવરાજ છે. પૃથ્વી સહિત આખી સૃષ્ટિને તે પાતાળ લઇ ગયો છે. એના વધ માટે ભગવાને વરાહ અવતાર ધારણ કરવો પડ્યો છે એ આડકતરી રીતે એ પાત્રની મહત્તા બતાવી જાય છે.

## ૪:૧ ભાલણની રસનિરૂપણકળા :

'જાલંધર આખ્યાન'નું કથાબીજ ઇન્દ્રની યુધ્ધ લાલસા છે. તેથી સ્વાભાવિક જ આ આખ્યાનના કેન્દ્રમાં યુધ્ધ અને તેથી વીરરસ આ આખ્યાનનો મુખ્ય રસ છે. વીર રસને પોષક રૌદ્ર, બીભત્સ, ભયાનક રસનું નિરૂપણ પણ અત્ર, તત્ર થયેલું જોઇ શકાય છે. જાલંધર કથાનો સંદર્ભ પૌરાણિક છે. દેવો-દાનવોની માયાવી શક્તિઓનું આલેખન અદ્‌ભુત રસની સૃષ્ટિ ઊભી કરે છે. મધ્યકાલીન આખ્યાન પરંપરા પ્રમાણે આખ્યાનનો અંત ભક્તિના શાંત રસમાં વિરામ પામે છે એ પરંપરાને ભાલણ અનુસરે છે. અહીં પણ કથા ભક્તિના શાંતરસમાં નિર્વહણ પામે છે. આમ, આખ્યાનનો મુખ્ય રસ વીર હોવા સાથે ગૌણ રસ તરીકે રૌદ્ર, બીભત્સ, ભયાનક, અદ્‌ભુત, શૃંગાર, કરુણ, હાસ્ય અને શાંત એમ લગભગ બધા જ રસનું સંમિશ્રણ 'જાલંધર આખ્યાન'માં અનુભવાય છે.

### ❖ વીરરસ :

'જાલંધર આખ્યાન'ના તમામ દૈવી પાત્રો પૌરાણિક સંદર્ભે વીર પાત્રો છે. આખ્યાનનું મુખ્ય પાત્ર જાલંધર પોતે દાનવવીર છે. શિવના ક્રોધમાંથી થતાં જાલંધરના જન્મથી લઇ જાલંધરના ક્રમશઃ તમામ દેવો સાથેના યુધ્ધમાં કવિ કુશળતાપૂર્વક વીરરસનું આલેખન કરે છે. ધડવિહીન રાહુને જોઇને ક્રોધિત બનેલો જાલંધર ગુરુને એનું કારણ પૂછે છે. જવાબમાં સમુદ્રમંથનની કથા સાંભળી ઉશ્કેરાયેલો જાલંધર દેવોને દૂત દ્વારા સંદેશો મોકલાવે છે. ત્યા તેની વીરતાભરી વાણી વીરરસનું સુંદર દષ્ટાંત પૂરું પાડે છે. ઇન્દ્ર-જાલંધર યુધ્ધ વર્ણન વીરરસ સભર બનવા પામ્યું છે. વિષ્ણુ - જાલંધર યુધ્ધમાં સમર્થ વીરોના સંગ્રામ વર્ણનમાં વીરરસનું સુંદર નિરૂપણ જોવા મળે છે. જાલંધરની વીરતા પાસે દેવો ઝાંખા પડે છે. ભગવાન શિવ અને જાલંધર વચ્ચેના યુધ્ધનાં પ્રસંગમાં ભાલણે બેઉ સમોવડિયાની વીરતાને બિરદાવતાં વીરરસનું નિરૂપણ કર્યું છે. વીર જાલંધરના દેવો સાથેના યુધ્ધમાં વીરરસનું નિરૂપણ કરી ભાલણે પ્રસંગોને જીવંતતા બક્ષી છે.

### ❖ અદ્‌ભુતરસ :

'જાલંધર આખ્યાન'નો સંદર્ભ અને પાત્રો પૌરાણિક છે. દેવોની દૈવી શક્તિઓ, દાનવોની માયાવી શક્તિઓ, ચમત્કારો, વરદાનો અને અલૌકિક કાર્યો જેવાં કે, રૂપ પરિવર્તન, કૃત્યાનું ઉત્પન્ન થવું વગેરેમાં અદ્‌ભુત રસનું નિરૂપણ થયેલું જોવા મળે છે. માનવીય દષ્ટિએ અશક્ય જણાતી ઘટનાઓમાં અદ્‌ભુત રસનું નિરૂપણ મધ્યકાલીન પ્રજાના માનસને શ્રધ્ધાન્વિત કરવામાં મહત્તમ ફાળો

આપે છે. 'જાલંધર આખ્યાન'ના નાયક જાલંધરનો જન્મ જ શિવના ક્રોધમાંથી અલૌકિક રીતે થયેલો છે. એ અદ્‌ભુતરસિક પ્રસંગ ઉપરાંત, સમુદ્ર દેહ ધારણ કરી રત્નો વડે બ્રહ્માનું સ્વાગત કરે છે એ દૃશ્ય, ધડવિહીન રાહુનું જાલંધરની સભામાં આવવું, તેના ધડવિહીનપણાના કારણરૂપ શુક્રાચાર્યના મુખે કહેવાયેલી સમુદ્રમંથનની કથામાં અદ્‌ભુતરસનું નિરૂપણ થયેલું છે. શુક્રાચાર્ય સંજીવની મંત્ર વડે અને દેવો દ્રોણપર્વતના શિખર પરથી સંજીવની ઔષધિ લઇને અનુક્રમે મૃત દાનવોને અને દેવોને સજીવન કરે છે, એ બંને ઘટનાઓ અદ્‌ભુત રસનો અનુભવ કરાવે છે. જાલંધર વધ માટે બધા દેવોનું તેજ લઇ સુદર્શન ચક્રનું નિર્માણ પણ દેવો દ્વારા થતાં અલૌકિક કૃત્યોમાનું એક કૃત્ય છે. દૂત દ્વારા પાર્વતીની માગણીથી ક્રોધિત થયેલા શિવની ભૃકુટીમાંથી એક યોધ્ધાનું પ્રગટવું, જાલંધર દ્વારા પાર્વતીને છળવા થતા માયાવી રૂપ પરિવર્તનો પણ અદ્‌ભુત રસના સુંદર દૃષ્ટાંતો છે. દૈત્યોને સજીવન કરતા શુક્રાચાર્યને ગુમ કરવા શિવના ક્રોધમાંથી જન્મેલી કૃત્યા શુક્રાચાર્યને સંતાડે છે એ આખો પ્રસંગ અદ્‌ભૂત સાથે રૌદ્ર, ભયાનક, કરૂણ વગેરે રસનું વહન કરે છે. ભગવાન વિષ્ણુ તાપસરૂપ ધરી વૃંદાનું શીલભંગ કરે છે, એ પ્રસંગના લગભગ ચારેક કડવામાં મુખ્યત્વે અદભુત રસનું નિરૂપણ થયેલું જોવા મળે છે. અંતે, દેવી દ્વારા અપાયેલાં ત્રણ બીજમાંથી ધાત્રી, માલતી અને તુલસીના પ્રગટ થવાની ઘટનામાં પણ અદ્‌ભુત રસનું સંયોજન થયેલું જોઇ શકાય છે.

## ❖ રૌદ્રરસ :

વીરના અનુગામી રસ તરીકે રૌદ્ર રસનું અહીં નિરૂપણ થયેલું છે. રોષાવેશનું પ્રાગટ્ય એટલે રૌદ્રરસ. શત્રુ સામે લડવા કે શત્રુનો નાશ કરવા ક્રોધ કે કોપનું ઉત્પન્ન થવું આવશ્યક બની રહે છે. અહીં યુધ્ધની કથા કેન્દ્રસ્થાને છે તેથી અનેક પ્રસંગોએ રૌદ્ર રસ નિષ્પન્ન થતો જોવા મળે છે. ઇન્દ્રની ગર્વિષ્ઠ માગણીથી ક્રોધે ભરાયેલા ભગવાન શિવનું રુદ્ર રૂપ ભયાનક સાથે રૌદ્ર રસને જન્માવે છે. દેવાના ગુરુ બૃહસ્પતિ દ્રોણ પર્વત પરથી સંજીવની ઔષધિ લાવી દેવોને સજીવન કરે છે જાણી ક્રોધે ભરાયેલો જાલંધર તત્કાળ દ્રોણ પર્વતને સાગરમાં ડૂબાડી દે છે ત્યાં જાલંધરની રૌદ્રતામાં રૌદ્રરસનું નિરૂપણ થયેલું જોઇ શકાય છે. કૃત્યાનો જન્મ પણ શિવના ક્રોધમાંથી જ થાય છે જે શુક્રાચાર્યની અવગતિનું નિમિત્ત બને છે. ત્યાં રૌદ્ર ઉપરાંત ભયાનક, અદ્‌ભુત અને કરુણરસ પણ નિષ્પન્ન થતો જોઇ શકાય છે. વૃંદાના શીલભંગ થવાથી વિષ્ણુને શાપિત કરતી વૃંદાના રોષાવેશયુક્ત વચનો રૌદ્રરસ નિષ્પન્ન કરે છે.

## ❖ ભયાનક અને બીભત્સરસ :

ભય ઉપજાવે તેવા કથન કે વર્ણનથી ભયાનક અને જુગુપ્સા પ્રેરક કથન કે વર્ણનથી બીભત્સ રસ નીપજે છે. 'જાલંધર આખ્યાન'ના કેન્દ્રમાં યુધ્ધ છે. યુધ્ધના કાર્યો, કારણો અને પરિણામો સ્વાભાવિક જ ભયંકર અને જુગુપ્સા પ્રેરક હોવાનાં. હકીકતમાં યુધ્ધ સંગ્રામ જ વીર, રૌદ્ર, ભયાનક કે બીભત્સરસની ગંગોત્રી છે. વીરોના ક્રોધભર્યા રૂપ કે સંહાર કર્મ ભયંકર જ હોવાના. અતઃ વીર, રૌદ્ર, ભયાનક કે બીભત્સ ક્યારેક એકબીજામાં ભળી ગયેલાં પણ જોઇ શકાય છે. 'જાલંધર આખ્યાન'માં રાહુનું ધડવિહીનપણું, જાલંધરના માયાવી શિવ સ્વરૂપના વર્ણનમાં બંને હાથમાં બે પુત્રોનાં મસ્તક હોવાં, કૃત્યા શુક્રને પોતાની જંઘામાં છૂપાવી દે છે ત્યાં બીભત્સ સાથે ભયાનકનું કવિ આલેખન કરે છે.

## ❖ શૃંગારરસ :

યુધ્ધની કથામાં શૃંગારને બહુ અવકાશ ન હોય એ સ્વાભાવિક છે, છતાં આછા શૃંગારનું આલેખન કરવાનું કવિ ચૂકતા નથી. સંયોગ શૃંગાર નહીં, પરંતુ વિરહી વૃંદાના કલ્પાંતમાં વિપ્રલંભ શૃંગારનું નિરૂપણ કવિ સચોટ રીતે કરે છે. વૃંદાના અગ્નિપ્રવેશ પછી વિષ્ણુની વિરહ દશા પણ વિપ્રલંભ શૃંગારને પ્રગટ કરે છે. માયાવી જાલંધરના શિવ સ્વરૂપને પામી ગયેલાં દેવી પાર્વતી આ પ્રપંચને જાણી પોતાનું સ્વરૂપ ધારણ કરાવી કૃત્યાને જાલંધર પાસે મોકલે છે એ પ્રસંગે કૃત્યાનું વર્તન-વર્ણન શૃંગારરસ નિષ્પન્ન કરે છે.

## ❖ કરુણરસ :

'જાલંધર આખ્યાન'માં કરુણની છાંટ અનેક પ્રસંગે વર્તાય છે. માયાવી પાર્વતીનું આક્રંદ, પાર્વતીની લાચાર દશાથી અસ્વસ્થ થતાં શિવ અને એ જ માયાવી પાર્વતીના મૃત્યુથી મોહિત, ભ્રમિત થયેલા ભગવાન શિવનુ મૂર્ચ્છિત થવું, આ સઘળા પ્રસંગો કરુણા પ્રેરે છે, પરંતુ ભાવકો જાણે છે કે આ માયા છે તેથી આ કરુણ આભાસી નીવડે છે. ખરો કરુણ રસ જાલંધર વિરહે વ્યથિત થતી અને માયાવી વિષ્ણુની માયાથી મોહિત થયેલી વૃંદા પતિના મસ્તકને જોઇને જે કરુણ કલ્પાંત માંડે છે ત્યાં અનુભવાય છે. એ સિવાય, શુક્રાચાર્ય જેવા ગુરુની કૃત્યાના હાથે થતી અધોગતિનો પ્રસંગ રૌદ્ર, ભયાનક, અદ્ભુત હોવા સાથે કરૂણરસનો દ્યોતક પણ બને છે. 'ભાલણ કરુણમાં સિધ્ધહસ્ત છે. એ રસમાં એને કોઇ ભાગ્યે જ પહોંચે. પ્રેમાનંદ પણ વખતે એ રસમાં એની સરખામણી ન કરી શકે.[૬] આ વિધાન સાથે સંમત થઇ શકાય એવો કરુણ અહીં ભાલણ નિરૂપિત કરતાં નથી.

### ❖ હાસ્યરસ :

'જાલંધર આખ્યાન'ના આરંભે બાળક જાલંધરનું બ્રહ્માની દાઢીના વાળને સખત રીતે ઝાલવું અચરજ સાથે મર્માળુ હાસ્ય પ્રગટાવી જાય છે. કૃત્યા અને શુક્રાચાર્યના પ્રસંગમાં ઋષિની દુર્ગતિમાં કરુણ સાથે જ અદ્ભુત અને હાસ્ય જોવા મળે છે. જાલંધર રાહુને દૂત તરીકે શિવ પાસે મોકલી પાર્વતી જેવા રત્નને પોતાની પાસે મોકલી દેવા માટે સંદેશો કહેવડાવે છે ત્યાં જાલંધરની શિવ-પાર્વતીને જોવાની દષ્ટિ હાસ્યરસ નિષ્પન્ન કરે છે. 'ઘરડી જોગણ રાખી પાસ', એવા દૂતનાં વચન સાંભળી 'પિયુ સામું જોઇ ઉમિયા હસ્યાં', આ આખુંયે કથન વર્ણન નિર્દોષ અને સ્વચ્છ હાસ્યનું ઉત્તમ દષ્ટાંત બની રહે છે.

### ❖ શાંતરસ :

મધ્યકાલીન આખ્યાનનો વિષય ગમે તે હોય, એના કેન્દ્રમાં એક કે વધારે રસ કેન્દ્રસ્થાને હોય, પરંતુ કથાનું નિર્વહણ હંમેશા ધર્મના શાંત રસમાં જ થાય એ મધ્યકાલીન આખ્યાન સ્વરૂપની પરંપરાને અહીં ભાલણે જાળવી છે અને કથાનો અંત ધર્મના શાંતરસમાં આણે છે. જાલંધરના જન્મ-મૃત્યુની વચ્ચે જે કોઇ ઘટનાઓ ઘટે છે તેમાંથી વિભિન્ન રસ નિષ્પન્ન થાય છે, પરંતુ કથાને અંતે તુલસી માહાત્મ્યની સાથે જોડાયેલી પરંપરાગત માન્યતાઓના ઉલ્લેખથી ભક્તિનો શાંત રસ પ્રગટે છે. ભગવાન વિષ્ણુના મુખે તુલસી માહાત્મ્યના શ્રધ્ધાન્વિત વચનો મૂકી કવિ ભાવકને શાંતરસમાં તરબોળ કરી મૂકે છે. આખ્યાનની ફલશ્રુતિમાં પણ કવિની શ્રધ્ધાના રણકાર સાથે ભક્તિના શાંતરસનો અનુભવ થાય છે.

## ૪:૨ હરદાસજીની રસનિરૂપણકળા :

રસનિરૂપણ સંદર્ભે ચારણી સાહિત્યની વિશિષ્ટ પરંપરાનો પરિચય 'જાલંધર પુરાણ'માંથી મળે છે. સાહિત્યના લગભગ નવે'ય રસના આલેખન વડે કવિ કૃતિને રસ સભર બનાવે છે. '૧૨૦૦ જેટલાં છંદોમાં વીરરસને મુખ્ય સ્થાન આપીને હરદાસજીએ આખ્યાનના પટાંગણે નવેયે રસોને રમાડ્યા છે.'[(૭)] ચારણી સાહિત્યમાં ભક્તિ, શૌર્ય અને શૃંગારનો ત્રિવેણી સંગમ ચારણી સાહિત્યને અનોખું પરિમાણ બક્ષે છે. ચારણ કવિઓએ વીર અને વીરાંગનાઓના ચરિત્રાલેખન દ્વારા વીરરસ નિષ્પન્ન કર્યો છે. 'જાલંધર પુરાણ' હરદાસ મિસણની આવી વીરરસને પ્રેરક અને પોષક કૃતિ બની

રહી છે. વીરરસ ઉપરાંત વીરરસને પોષક એવા રૌદ્ર, ભયાનક, બીભત્સ અને કરુણ ઉપરાંત શૃંગાર, હાસ્ય, અદ્‌ભુત અને શાંતરસનું નિરૂપણ પણ કવિએ કર્યું છે.

## ❖ વીરરસ :

'જાલંધર પુરાણ'નું મુખ્ય પાત્ર જાલંધર વીર નાયક છે. સમુદ્રમંથનની કથા સાંભળી પિતાના વેરનો બદલો લેવા ઉત્સુક જાલંધરની વીરરસસભર વાણીથી શબમાં પણ સંજીવની પ્રગટે છે. જાલધરના દેવો સાથેના યુધ્ધ વર્ણનોમાંથી વીરરસ નીપજે છે. યુધ્ધના પ્રસંગો વડે જ કૃતિ વીરાખ્યાન બની છે.

## ❖ અદ્‌ભુતરસ :

'જાલંધર પુરાણ'નું વસ્તુ પૌરાણિક છે તેથી તેમાં ચમત્કારો, વરદાનો અને અલૌકિક કાર્યો દ્વારા અદ્‌ભુત રસ નીપજે છે. બુધ્ધિ અને તર્કથી પર એવા ભૂત, પ્રેત, પલિત, ડાકણ, જોગણી, કૃત્યા વગેરેનું અશક્ય જણાતું વર્ણન અદ્‌ભુતરસ નિષ્પન્ન કરવામાં કારણભૂત બને છે. 'જાલંધર પુરાણ'માં સમુદ્ર મંથનનો આખો પ્રસંગ અદ્‌ભુત રસથી સભર છે. ગિરિરાજ દ્રોણાચલને બથમાં લઇ ઉપાડી લેનાર બલિના અદ્‌ભુત પરાક્રમ વડે અદ્‌ભુત રસ નિષ્પન્ન થાય છે. શિવના ક્રોધમાંથી પ્રેતરૂપે પ્રગટેલા યોધ્ધાનું અને કૃત્યાનું કૃત્ય અદ્‌ભુત રસિક છે. એ સિવાય, જાલંધરનો જન્મ તેમજ મૃત્યુ અદ્‌ભુત રસિક છે. ભગવાન વિષ્ણુ, શિવ, પાર્વતી કે જાલંધરના માયાવીરૂપ અદ્‌ભુત રસ નિષ્પન્ન કરે છે. શીલભંગથી દુઃખી થયેલી ચારિત્ર્યશીલ વૃંદા અગ્નિપ્રવેશ કરે છે અને એજ ક્ષણે એ ભૂમિમાં તુલસીના નાના નાના છોડ ઉગે છે. એ પ્રસંગ પણ અદ્‌ભુતનો જનક બને છે. આમ, અનેક સ્થળે કવિએ અદ્‌ભુતરસનું નિરૂપણ કર્યું છે.

## ❖ રૌદ્ર, ભયાનક અને બીભત્સરસ :

વીર જાલંધરની દેવો સાથેની લડાઇના પ્રસંગોમાંથી વીરરસ નિષ્પન્ન થાય છે. તો વીરરસને પોષક, પ્રેરક રસ તરીકે અહીં સ્વાભાવિક જ રૌદ્ર, ભયાનક અને બિભત્સ રસનું નિરૂપણ થયેલું જોઇ શકાય છે.

જાલંધરના ક્રમશઃ તમામ દેવો સાથેના યુધ્ધના પ્રસંગે યોધ્ધાઓ માટે કોપ-ક્રોધ આવશ્યક બની રહે છે. યોધ્ધાઓમાં પ્રગટતા આવેશરૂપ રૌદ્ર રસનું નિરૂપણ ઠેર ઠેર થયેલું જોઇ શકાય છે. યુધ્ધ સંગ્રામ ભયાનક રસની જનની છે. યોધ્ધાઓનું રૂપ, એનું સંહારકર્મ તેમજ યુધ્ધનાં દારુણ, વિનાશક

પરિણામો પણ હંમેશા ભયંકર હોય છે. અહીં ભૂત, પ્રેત, જોગણી રૂપે પણ ભયાનક તત્ત્વો આવ્યાં છે. સમરાંગણમાં ભયાનક વિનાશ વેરતા યોધ્ધાઓનાં વર્ણનો દ્વારા ભયાનક રસ નીપજે છે. જાલંધર દ્વારા પાર્વતીની માગણીથી ક્રોધે ભરાયેલા શિવના કોપમાંથી પ્રગટ થતાં પ્રેતનું વર્ણન ભયંકર છે. તો શિવજીના સૈન્યમાં રહેલા ભૂત પ્રેતના હાકલા-પડકારા અને જોગણીઓનો કોલાહલ અને ખડખડાટ હાસ્ય ભયાનક રસને પોષક બનીને આવ્યા છે. શિવજીના કરાળક્રોધમાંથી જન્મેલ કૃત્યાનું વર્ણન પણ આવું જ ભયાવહ છે. યુધ્ધના અંતે જાલંધર વધની ઘટનાથી ભયાનક રસ નીપજે છે. આમ, યુધ્ધનાં કાર્યો અને પરિણામોમાં કવિએ ભયાનક રસ વહાવ્યો છે. 'જાલંધર પુરાણ'માં યુધ્ધ દરમિયાન અને યુધ્ધના અંતે થતો વિનાશ, કપાતા અંગો, લોહીની નદીઓ, લોહી માંસના કાદવમાં ખરડાતા યોધ્ધાઓ, ભૂત, પ્રેત, ડાકણી, જોગણી વડે થતું રક્તપાન વગેરે વર્ણનો જુગુપ્સાપ્રેરક હોઇ બીભત્સ રસ નિષ્પન્ન કરે છે. ઉઘાડો કે અમર્યાદ શૃંગાર પણ બીભત્સ રસ નિષ્પન્ન કરે છે. ભગવાન વિષ્ણુ વૃંદાના સતીત્વનો ભંગ કરે છે, એમાં વ્યભિચારજન્ય રતિક્રીડાનું અશ્લિલતાયુક્ત વર્ણન જુગુપ્સા પ્રેરક છે. મૃત દાનવોને સજીવન કરતાં શુક્રાચાર્ય પર ક્રોધે ભરાયેલા શિવ કૃત્યાને ઉત્પન્ન કરી તેના દ્વારા શુક્રાચાર્યની જે દુર્ગતિ કરાવે છે, તેના સમગ્ર વર્ણનમાં બીભત્સરસ નિરૂપાયો છે. યુધ્ધ મેદાનમાં યોધ્ધાઓ દ્વારા લોહી માંસની ઝડી વરસાવતા અનેક વર્ણનો બીભત્સરસ નિષ્પન્ન કરે છે.

### ❖ શૃંગારરસ :

ચારણી સાહિત્યની આખ્યાન પરંપરામાં ક્યાંય શૃંગારનો અતિરેક જોવા મળતો નથી કેમકે મર્યાદાપૂર્ણ ક્ષાત્ર વર્ગ એના વિશિષ્ટ શ્રોતાજનો હતા. તેથી શૃંગારનો ઓછો, આછો લસરકો જ એમાં જોવા મળે. જો કે વૃંદાના શીલભંગ વખતે બીભત્સ કહી શકાય એવા અભદ્ર શૃંગારના નિરૂપણમાં કવિ આ મર્યાદા ચૂક્યા છે. બાકી ચારણો મા જગદંબાના ઉપાસકો છે. દેવીભક્ત ચારણો માટે સ્ત્રી ભોગ્યા નહીં, પૂજનીયા છે. ફલતઃ શૃંગાર ઓછો જોવા મળતો હોય એ પણ શક્ય છે. 'જાલંધર પુરાણ'માં ત્રણેક પ્રસંગે શૃંગારનું નિરૂપણ કવિ કરે છે. એક જાલંધર વૃંદાના લગ્ન પ્રસંગે, બે કૂર્માવતારથી શંખાસુર પાછળ પડેલા ભગવાન વિષ્ણુને સમુદ્રમાં કમળાસને બિરાજેલી લક્ષ્મી જોવા મળે છે એ પ્રસંગે તેમજ સમુદ્રમંથનના પ્રસંગે મોહિની રૂપનાં વર્ણનમાં કવિ શૃંગાર નિરૂપે છે.

### ❖ કરુણરસ :

'જાલંધર પુરાણ'માં કવિએ રાહુના પાત્ર દ્વારા કરુણરસ નિષ્પન્ન કર્યો છે. ધડવિહીન રાહુ પોતાના ધડવિહીનપણાની ફરિયાદ કરવા જ્યારે જાલંધર પાસે આવે છે ત્યારે તેની સ્થિતિ પર ભાવકને

કરુણા જન્મે છે. કૃતિના અંત તરફ જતાં વૃંદાના પાત્રની કરુણાજનક સ્થિતિ પણ, કરુણરસને નિષ્પન્ન કરે છે. શીલભંગ થયેલી વૃંદાની લાચાર સ્થિતિ અત્યંત કરુણાજનક બને છે. આમ, વૃંદાના પાત્ર દ્વારા પણ કવિએ કરુણરસ વહાવ્યો છે.

## ❖ હાસ્યરસ :

વીરરસસભર 'જાલંધર પુરાણ'માં હાસ્યને ઓછો અવકાશ છે. છતાં ક્યાંક કોઇ પ્રસંગે કવિ મુખ પર આછું સ્મિત પ્રગટાવી શકયા છે. સમુદ્રમંથનનો આખો પ્રસંગ એવા સુંદર વર્ણનને પામ્યો છે કે તેમાંથી એક કરતાં અનેક રસ નિષ્પન્ન થાય છે. વડવાનલને જે રીતે મોહિનીએ છેતરીને ઘડામાં પૂર્યો એ પ્રસંગ હાસ્યનો દ્યોતક બને છે. સંસ્કૃત નાટકોમાં આવતા વિદૂષકના પાત્ર જેવું ગૌણ રૂપે આલેખાયેલું વડવાનલનું પાત્ર થોડીવાર માટે આવી શ્રોતાઓના મનનું રંજન કરી જાય છે. અહીં મોહિની દ્વારા વડવાનલને મૂર્ખ બનાવ્યાના પ્રસંગથી કવિએ હાસ્યરસ નિષ્પન્ન કર્યો છે. એ સિવાય, કૃત્યાએ શુક્રાચાર્યની જે દુર્ગતિ આણી તેમાં બીભત્સ સાથે હાસ્યરસ ભળેલો છે.

## ❖ શાંતરસ :

વીરરસને પોષક રસ તરીકે રૌદ્ર, ભયાનક અને બીભત્સ રસનું અહીં નિરૂપણ છે. પૌરાણિક વસ્તુ હોઇ અદ્ભુત રસ પણ અહીં છે, પરંતુ 'જાલંધર પુરાણ'માં વીરની સમાંતરે જ શાંતરસનું નિરૂપણ થયું છે એ નોંધવું ઘટે. કૃતિને આરંભે અને અંતે આવતાં શિવ સ્તવનો શ્રોતાઓને શાંતરસમાં તરબોળ કરે છે. જાલંધર કથાનક નિમિત્તે શિવમહિમાનું ગાન કરવાનો કવિ હરદાસજીનો મુખ્ય હેતુ છે. તેથી સમગ્ર રચનામાં વ્યાપક રીતે શાંતરસની ગંગાનો પાવનકારી પ્રવાહ વહેતો જોવા મળે છે. કવિએ કૃતિના આરંભે અને અંતે શિવ સ્તવન ઉપરાંત અનેક સ્થળે દેવતાઓને મુખે કે અન્યને મુખે શિવ સ્તવનો મૂક્યાં છે. મોહિની અવતાર પ્રસંગે તેમણે પોતાના ચારણત્વને સિધ્ધ કરતું પરમેશ્વરી સ્તવન ગાવાની તક ઝડપી છે. જાલંધરથી પરાસ્ત થયેલા ઈન્દ્રાદિ દેવો ભગવાન વિષ્ણુનું મહિમાગાન કરે છે ત્યાં કવિ શિવ અને વિષ્ણુની અભેદતા વર્ણવી બંને સંપ્રદાયને એક નવો દ્દષ્ટિકોણ પૂરો પાડે છે. વીર અને શાંત રસના બે કિનારાઓ વચ્ચે જાણે કથા સરિતા વહેતી રહે છે. શાંત રસનું ઔચિત્યસભર આલેખન કવિશ્રીના ભક્ત કવિના રૂપને છતું કરે છે.

## ૪:૩ વિષ્ણુદાસની રસનિરૂપણકળા :

'જાલંધર આખ્યાન'નું કથાબીજ ઇન્દ્રની યુધ્ધેચ્છા છે. તેથી સ્વાભાવિક જ આ આખ્યાનનો મુખ્ય રસ યુધ્ધનો વીરરસ છે. વીરને પોષક એવા રૌદ્ર, ભયાનક અને બીભત્સ રસનું પણ અહી ગૌણરૂપે આલેખન થયેલું છે. 'જાલંધર આખ્યાન'ની પૌરાણિક સૃષ્ટિના આલેખનમાં અદ્ભુતરસ નિષ્પન્ન થાય છે. મધ્યકાલીન આખ્યાનો એ માત્ર સમાજના જનમનરંજનાર્થે જ નહિ, ધર્મના ઉપદેશ માટે પણ લખાતા. ભક્તિ પરંપરાના આ આખ્યાનો અંતે ભક્તિના શાંત રસમાં નિર્વહણ પામે છે. આ પરંપરાને અહીં વિષ્ણુદાસ અનુસરે છે. આમ, મુખ્ય રસ વીર સાથે રૌદ્ર, ભયાનક, બીભત્સ, અદ્ભુત અને શાંતરસનું આલેખન 'જાલંધર આખ્યાન'ને રસિક બનાવે છે.

### ❖ વીરરસ :

'જાલંધર આખ્યાન'ના દેવો અને દાનવો તમામ પ્રકૃતિએ જ વીરપાત્રો છે. ઇન્દ્રના ગર્વના ખંડનાર્થે શિવના ક્રોધમાંથી જન્મેલ બાળક જાલંધરનાં કાર્યો 'પુત્રના લક્ષણ પારણામાં'ની કહેવતને ચરિતાર્થ કરે તેવાં વીરત્વસભર છે. સાગરમંથનની ક્થા સાંભળી ઉશ્કેરાયેલો જાલંધર વીરતાભરી વાણીમાં પિતના દુઃખના નિવારણ માટે દ્રઢતાપૂર્વક જે શબ્દો ઉચ્ચારે છે તેમાં વીરત્વની સાથે એના આત્મવિશ્વાસની પ્રતીતિ થાય છે. જાલંધરના એકેએક વર્તન અને વાણીમાં વીરત્વ છલકાય છે. જાલંધરનું દરેક દેવ સાથેના યુધ્ધનું વર્ણન વીરરસસભર બનવા પામ્યું છે. શિવ અને જાલંધર બંને બળમાં સમતોલ એવા શૂરવીરો પૂરી પરાક્રમશીલતા વડે પરસ્પર શસ્ત્રાઘાત કરે છે તેના વિગતપૂર્ણ વર્ણનમાં વીરરસ નીપજે છે. તમામ યુધ્ધમાં, વૃંદાનું શીલભંગ થયું જાણ્યા પછી પણ દેવોને ત્રાહિમામ પોકારાવતા જાલંધરની વીરતાને બિરદાવતા વિષ્ણુદાસે વીરરસનું નિરૂપણ કર્યું છે. યુધ્ધનાં વીરરસસભર વર્ણનો યુધ્ધના પ્રસંગને જીવંતતા બક્ષે છે.

### ❖ અદ્ભુતરસ :

પૌરાણિક સંદર્ભ ધરાવતા 'જાલંધર આખ્યાન'માં દેવોની દૈવી શક્તિઓ કે દાનવોની માયાવી શક્તિઓ, પરસ્પર અપાતા શાપ, વરદાન અને બીજા અનેક અલૌકિક કાર્યો કે પ્રસંગોમાં અદ્ભુતરસનું નિરૂપણ થયેલું જોઇ શકાય છે. સૌપ્રથમ જાલંધરનો જન્મ જ શિવના ક્રોધમાંથી પરપોટરૂપે અને પછી પુરુષરૂપે થાય છે ત્યાં અદ્ભુત રસ નિષ્પન્ન થાય છે. આકાશ માર્ગે ધડવિહીન રાહુનું આગમન અને તેના મુખે જ કહેવાયેલી સમુદ્રમંથનની કથા અદ્ભુતરસથી રસેલી છે. શુક્રાચાર્ય

દ્વારા સંજીવની મંત્ર સાધી દાનવોને સજીવન કરવાની ઘટનાના નિરૂપણમાં અદ્‌ભુતરસનો અનુભવ થાય છે. એ સાથે શિવ દ્વારા કૃત્યાનું ઉત્પન્ન થવું અને ગરુડ દ્વારા શુક્રાચાર્યનું હરણ કરાવી કૃત્યાને તેની સોંપણી કરવી અને કૃત્યાનું શુક્રાચાર્યને પોતાની જંઘામાં સંતાડવું વગેરે અદ્‌ભુત રસિક પ્રસંગો અદ્‌ભુતરસ નિષ્પન્ન કરે છે. જાલંધરનું માયાવી શિવ રૂપ અને શિવનું માયાવી જાલંધર રૂપ ધારણ કરવું તેમજ સતી વૃંદાને છળવા વિષ્ણુ દ્વારા જે દીર્ઘ માયાવી પ્રપંચલીલા આદરવામાં આવે છે, એ તમામ પ્રસંગો અદ્‌ભુતરસિક છે. અર્ધચન્દ્ર બાણથી શિવ જાલંધરનું મસ્તક ઉડાવી દે છે. ધડ ત્યાં જ પડ્યું રહે અને મસ્તક આકાશમાર્ગે ઊડી વૃંદા-વિષ્ણુ જે સ્થળે એકાંત માણી રહ્યા છે ત્યાં બંનેની વચ્ચે જઈને પડે છે, એ પ્રસંગમાં અદ્‌ભુતરસનું સંયોજન થયેલું જોઈ શકાય છે. આખ્યાનના અંતે વૃંદાના દેહની ભસ્મમાં વિષ્ણુ આળોટતા તત્ક્ષણ તે સ્થળે તુલસીના છોડ પ્રગટ્યા એવું કવિનું કથન વર્ણન અદ્‌ભુતરસિક છે.

### ❖ રૌદ્ર, ભયાનક અને બીભત્સરસ :

'જાલંધર આખ્યાન'નો મુખ્ય રસ છે વીર, પરંતુ વીરના પ્રાગટ્ય પહેલાં યોદ્ધાના રોષાવેશપૂર્ણ વર્તનથી રૌદ્ર રસ નિષ્પન્ન થાય છે. ઈન્દ્રની માગણીથી ક્રોધે ભરાયેલા શિવના પ્રસ્વેદમાંથી જાલંધરનો જન્મ થાય છે, એ પ્રસંગ ઈન્દ્રના પક્ષે વીરરસ, શંકરના પક્ષે રૌદ્રરસ અને ભાવકના પક્ષે અદ્‌ભુતરસનો દ્યોતક બનીને આવે છે. જાલંધરના સંદર્ભે દરેક પ્રસંગે જાલંધરના ક્રોધપૂરિત વચનો રૌદ્ર રસ જન્માવે છે. જાલંધરના મૃત્યુનું રહસ્ય જાણી લાવવા લક્ષ્મીજીને મોકલવા ઈચ્છતા વિષ્ણુના લક્ષ્મીજી સાથેના વર્તનમાં એક પતિની પત્ની તરફની રુક્ષતા સાથે વિષ્ણુનો ગુસ્સો રૌદ્ર રસ જન્માવે છે. વિષ્ણુના કપટથી શીલભંગ થયેલી સતી વૃંદાના રોષાવેશયુક્ત વચનોથી રૌદ્રરસ નિષ્પન્ન થાય છે. રણમેદાનમાં લડતા વીરોના સંહારકર્મ ભયંકર હોય છે. તેનાથી ભયાનક રસ નિષ્પન્ન થાય છે. યુધ્ધનાં પરિણામો જુગુપ્સાજનક હોઈ બીભત્સ રસ નીપજાવે છે. અહીં રાહુનું ધડવિહીનપણું ભય સાથે જુગુપ્સા જન્માવે છે. જાલંધરે ધારણ કરેલ શિવના માયાવી રૂપમાં શોણિતભર્યું અંગ જુગુપ્સા ઉપજાવે છે. શિવના અંગથી પ્રગટ થતી કૃત્યાનું રૂપ અને કાર્ય બંને ભયંકર છે. એ સિવાય, યુધ્ધનાં દારુણ દશ્યોને કવિ પ્રયોજતા નથી તેથી રૌદ્ર, ભયાનક અને બીભત્સ મુખ્ય વીરરસને પોષક બને એ રીતે ગૌણરૂપે આલેખાયાં છે એમ કહી શકાય.

## ❖ શૃંગારરસ :

યુધ્ધની કથામાં શૃંગારને બહુ સ્થાન ન હોય છતાં જ્યાં તક મળી છે ત્યાં કવિએ ખૂબ જ લાઘવપૂર્ણ અને સંયમિત વાણીમાં શૃંગારનું નિરૂપણ કર્યું છે. જાલંધરના વૃંદા સાથેના લગ્ન પછી માત્ર બે-ત્રણ પંક્તિમાં કવિ એમના પ્રેમસભર દાંપત્યજીવનનું વર્ણન કરે છે, ત્યાં સંભોગ શૃંગારનું નિરૂપણ થયેલું જોવા મળે છે. શિવ પાર્વતીના પ્રસન્ન મધુર દામ્પત્યજીવનના વર્ણનમાં પણ સંભોગ શૃંગાર નિષ્પન્ન થાય છે. એ સિવાય, જાલંધરને યુધ્ધ ન લડવાની સલાહ આપતી વૃંદાનો પતિ વગરની પત્નીની દશાનું વર્ણન કરતો વલોપાત, વિપ્રલંભ શૃંગારનું સુંદર દૃષ્ટાંત બની રહે છે. અંતે ન છૂટકે પતિને રણમેદાન વળાવતી વૃંદાની-પતિના કુશળ રહેવાની શુભેચ્છાને-ગદ્ગદ્ કંઠે ઉચ્ચારાતી વાણીમાં કરુણરસિક શૃંગારનો અનુભવ થાય છે. વૃંદાનું વિરહી દશાનું વર્ણન વિપ્રલંભ શૃંગારથી રસેલું છે. જાલંધરના મૃત્યુ પછી શીલભંગ થયાનું પામી જતી વૃંદાનો વલોપાત પણ કરુણરસિક વિપ્રલંભ જન્માવે છે. એ સિવાય, વૃંદાનું રૂપ વર્ણન સાંભળી શિવનું ઘેલા થવું, માયાવી જાલંધર શિવરૂપે આવ્યો છે તેની ખાતરી માટે પાર્વતીનું પણ દાસીને પાર્વતીરૂપે મોકલવું અને છેલ્લે, શિવરૂપધારી જાલંધરનુ સ્ખલન થવું કે જાલંધરના મૃત્યુનું રહસ્ય જાણવા લક્ષ્મીજીને મોકલવા હોવાથી વિષ્ણુ દ્વારા લક્ષ્મીજીની ખુશામત વગેરે તમામ પ્રસંગોમાં શૃંગારનું આલેખન છે, છતાં અહીં છળ છે, માયા છે એ ભાવકો જાણતા હોવાથી શૃંગાર એટલો આસ્વાદ્ય નીવડતો નથી. જાલંધર-વૃંદા કે શિવ-પાર્વતીના દામ્પત્યજીવનના વર્ણનમાં સંયોગ શૃંગાર અને વિરહી વૃંદાના કલ્પાંતમાં વિપ્રલંભ શૃંગારનું નિરૂપણ આસ્વાદ્ય બનવા પામ્યું છે.

## ❖ કરુણરસ :

'જાલંધર આખ્યાન'ના અનેક પ્રસંગે અનેક પાત્રો કરુણાજનક સ્થિતિમાં મૂકાય છે અને ત્યાં કરુણરસની ઝાંય છલકતી દર્શાય છે. જાલંધર વિરહે વ્યથિત થતી વૃંદાના કલ્પાંતમાં ખરો કરુણરસ અનુભવાય છે. શીલભંગ થયાનું પામી જતી અને પતિના મૃત્યુનું રહસ્ય જાણી જતી વૃંદાનું આક્રંદ ભલભલા કઠણ કાળજાને કંપાવી દે છે. કૃત્યા દ્વારા શુક્રાચાર્યની દુર્ગતિ અદ્ભુત અને ભયાનક હોવા સાથે કરુણરસની દ્યોતક પણ બને છે. પ્રસ્તુત આખ્યાનમાં મધ્યકાલીન સ્ત્રીઓની દુર્દશાનો ચિતાર આપતા લક્ષ્મીજીના લાચાર પાત્ર પ્રત્યે ભાવકોને ભારોભાર કરુણા ઉપજે છે. વૃંદાનો કલ્પાંત તો હૃદયદ્રાવક છે જ, પણ લક્ષ્મીની સ્થિતિ તો એનાથીએ વધુ બદતર લાગે છે. કેમકે, વૃંદાના દુઃખનો તો અંત આવ્યો, એને તો અંતે વિષ્ણુએ પણ વહાલી કરી, પરંતુ પતિનાં વાક્બાણોથી સતત ઘવાતી

રહેતી લક્ષ્મીજીનું શું ? લક્ષ્મી જેવી શક્તિની પણ આ તે કેવી અંતવિહીન કરુણા ! લક્ષ્મીના પાત્રની કરુણાજનક સ્થિતિ કરુણ રસ નીપજાવે છે. આમ, અહીં વૃંદા, શુક્રાચાર્ય અને વહાલસોઇ બહેનના રૂપમાં રહેલા લક્ષ્મીજીના પાત્ર દ્વારા કવિ કરુણરસ નિષ્પન્ન કરે છે.

### ❖ શાંતરસ :

મધ્યકાલીન આખ્યાન પરંપરામુજબ વિષ્ણુદાસ પણ અહીં 'જાલંધર આખ્યાન'નો અંત ધર્મના શાંત રસમાં આણે છે. 'જાલંધર આખ્યાન'માં કવિ વિભિન્ન રસોનું નિરૂપણ કરે છે, પરંતુ કથાને અંતે વૃંદા-વિષ્ણુના પરસ્પર શાપ અને વરદાનમાં અદ્ભુત સાથે ભક્તિનો શાંત રસ વહે છે. તુલસી માહાત્મ્યની લોકો સાથે જોડાયેલી પરંપરાગત માન્યતાને ઉજાગર કરતા વિષ્ણુનાં શ્રધ્ધાપૂરિત વચનો ભાવકોને શાંત રસમાં તરબોળ કરી મૂકે છે. આખ્યાનની ફલશ્રુતિમાં પણ કવિના શ્રધ્ધાન્વિત ઉદ્ગારો ભક્તિના શાંતરસનો અનુભવ કરાવે છે.

## ૪:૪ શિવદાસની રસનિરૂપણકળા :

માત્ર પંદર કડવાંમાં બે કથા કહી જવાની ઉતાવળમાં અને કવિ પોતે જ ક્હે છે તેમ આ આખ્યાનની રચના માત્ર ત્રણ જ દિવસમાં પૂર્ણ કરેલ હોઇ, રસસિધ્ધિની બાબતમાં એ ઊણું ઊતરતું જણાય છે.આખ્યાનના મુખ્ય રસ વીરને પણ કવિ સુંદર રીતે નિરૂપિત કરી શકતા નથી. વૃંદાના વિલાપ વેળા નિષ્પન્ન થતાં કરૂણમાં કે સત્યભામાના રિસામણાના પ્રસંગે નિષ્પન્ન થતાં શૃંગારમાં જણાય છે કે કવિ રસનિરૂપણમાં કુશળ તો છે જ. અહીં મુખ્યત્વે વીર, અદ્ભુત, કરુણ, રૌદ્ર, શૃંગાર અને શાંતરસ નિરૂપાયો છે.

### ❖ વીરરસ :

'જાલંધર આખ્યાન'નું મુખ્ય પાત્ર દાનવવીર જાલંધર છે. દેવો સાથેના સંગ્રામમાં વીર જાલંધર અને બીજાં દૈવી પાત્રોના પરાક્રમ સંદર્ભે વીરરસ નિષ્પન્ન થાય છે. ઇન્દ્ર સાથે યુધ્ધ કરતાં જાલંધરનું તેમજ જાલંધર સાથે યુધ્ધ કરતાં રુદ્રનું વર્ણન વીરરસસભર બન્યું છે. વૃંદાને છળીને જાલંધરને હણવામાં દેવોની કાયરતા છતી થાય છે. જાલંધરના મૃત્યુ છતાં તેની વીરતા અકબંધ રહે છે. નરકાસુરની કથામાં ભગવાન કૃષ્ણની નરકાસુરની નગરી 'પ્રાગજ્યોતિષપુર' પરની ચઢાઇના પ્રસંગે તેમજ મુરદાનવ અને નરકાસુર સાથે કૃષ્ણના સંગ્રામ દ્વારા વીરરસ નિષ્પન્ન થાય છે. કવિ શિવદાસ

દ્વારા વીર જાલંધર અને દેવોના યુધ્ધ દ્વારા નિષ્પન્ન થતાં વીરરસ કરતાં નરકાસુરની કથામાંનું વીરરસનું નિરૂપણ ઉત્તમ રીતે થવા પામ્યું છે.

### ❖ અદ્ભુતરસ :

લૌકિક દ્દષ્ટિએ અશક્ય લાગતી ઘટનાઓના નિરૂપણ દ્વારા અદ્ભુતરસ નિષ્પન્ન થાય છે. અહીં 'જાલંધર આખ્યાન'માં પણ પૌરાણિક કથા અંશ હોવાને લીધે આ પ્રકારના પ્રસંગો દ્વારા કવિ અદ્ભુત રસ નિષ્પન્ન કરે છે. કથાના આરંભે રૂદ્રના ક્રોધમાંથી કૃત્યાના પ્રગટ થવા સાથે કથાનાયક જાલંધરનું પ્રાગટ્ય અદ્ભુતરસિક છે. યુધ્ધ કરવા જતી વેળા દેવો માટે મહાદેવ દ્વારા તૈયાર કરવામાં આવતા રથનું વર્ણન અલૌકિક છે. દેવો સાથે યુધ્ધ લડવા જતાં જાલંધરના કંઠમાં ચમત્કારિક પુષ્પમાળા આરોપતી વૃંદાનો પ્રસંગ, શુક્રાચાર્ય દ્વારા મુઆ દાનવોને સજીવન કરવાનો તેમજ તેનાથી રોષે ભાયેલા મહાદેવના ક્રોધમાંથી કૃત્યા પ્રગટવાનો પ્રસંગ, વગેરે પ્રસંગોના આલેખનમાંથી અદ્ભુત રસ નિષ્પન્ન થાય છે. વિષ્ણુના માયાવી સ્વરૂપના વર્ણનમાંથી અદ્ભુત રસ નીપજે છે. વૃંદાનું પતિ સાથે બળી મરવું અને તેની રાખમાંથી છોડનું પ્રગટ થવું, એ પ્રકારના આલેખનથી અદ્ભુતરસ નિષ્પન્ન થાય છે. નરકાસુરની ઉત્પત્તિ પણ ઈશ્વર દ્વારા થયેલા અદ્ભુત ચમત્કારનું પરિણામ છે. આમ, જાલંધર આખ્યાનમાં કવિ દ્વારા આ પ્રકારના ચમત્કારિક પ્રસંગો વડે અદ્ભુતરસનું આલેખન થાય છે.

### ❖ રૌદ્રરસ :

'જાલંધર આખ્યાન'ના કેન્દ્રમાં દેવો અને દાનવો વચ્ચેના યુધ્ધ પ્રસંગો છે. આ યુધ્ધ પ્રસંગોમાં વીરરસની સમાંતરે રૌદ્રરસ નિષ્પન્ન થતો જોઇ શકાય છે. કૈલાસ માર્ગે જતાં શિવને ઓળખી ન શકતાં ઈન્દ્ર શિવ પર વજ્રનો પ્રહાર કરી બેસે છે ત્યારે શિવનો ક્રોધ રૌદ્રરૂપે પ્રગટે છે. કાલનેમિના મુખે સાગરમંથનની કથા સાંભળી ક્રોધે ભરાયેલાં જાલંધરના શબ્દોમાં રૌદ્રરસનો અનુભવ થાય છે. પતિને શોધવા નીકળેલી વૃંદાના વિચારોમાંથી તેણીનો દેવો પ્રત્યેનો રોષ પ્રગટ થાય છે. ભગવાન વિષ્ણુની માયાજાળથી ભરમાઇને શીલભંગ થયેલી વૃંદાનાં આક્રોશભર્યા વેણ રૌદ્રરસ નિષ્પન્ન કરે છે. નરકાસુરની કથાના સંદર્ભે કૃષ્ણે પારિજાતનું પુષ્પ રુકિમણીને આપતાં સત્યભામા રિસાઇને કૃષ્ણ પ્રત્યે રોષ પ્રગટ કરે છે ત્યાં અને પાપી નરકાસુરને મારવા મા જનેતા કૃષ્ણને રોષપૂર્વક જણાવે છે ત્યાં, કવિએ પાત્રોચિત અને પ્રસંગોચિત રૌદ્રરસનું નિરૂપણ કર્યું છે.

## ❖ શૃંગારરસ :

યુધ્ધની કથા જ્યાં કેન્દ્રસ્થાને હોય ત્યાં શૃંગારને સ્થાન ન હોય છતાં અહીં વૃંદા અને સત્યભામાના સ્વરૂપવર્ણન સંદર્ભે તેમજ વૃંદાના માયાવી પતિ સાથેની શૃંગાર કેલિના વર્ણન સંદર્ભે આછો ઓછો છતાં સંયમિત શૃંગાર નિષ્પન્ન થાય છે. વૃંદાનું સ્વરૂપ વર્ણન, ધરાનું સ્વરૂપ વર્ણન તેમજ રિસાયેલી સત્યભામાને મનાવતા ભગવાન શ્રીકૃષ્ણની ક્રીડા શૃંગારરસ સભર છે. વિષ્ણુ દ્વારા રચાયેલી માયામાં ફસાયેલી વૃંદાનું પતિ સાથેનું મિલન બહુ ઓછા શબ્દોમાં સંભોગ શૃંગારનો અનુભવ કરાવી જાય છે. આમ, અહીં પ્રસંગોચિત આછો અને સંયમિત શૃંગાર નિરૂપાયો છે.

## ❖ કરુણરસ :

'જાલંધર આખ્યાન'માં કવિ શિવદાસે વૃંદા અને સત્યભામાના પાત્ર સંદર્ભે કરુણરસ વહાવ્યો છે. વિષ્ણુની માયાથી સેવકો દ્વારા લાવવામાં આવેલા જાલંધરના શબને નિહાળતાં વિલાપ કરતી વૃંદાનું વર્ણન ભાવકોને કરૂણની અનુભૂતિ કરાવી જાય છે. નરકાસુર દ્વારા અપહૃત કરાયેલી સોળ હજાર એકસો મુગ્ધ કન્યાઓની વ્યથા પણ કરુણા નીપજાવે છે. કૃષ્ણને પ્રાર્થતી આ કન્યાઓની સ્થિતિ કરુણાજનક છે. ભગવાન શ્રીકૃષ્ણએ પારિજાતનું ફૂલ રુક્મિણીને આપ્યું તેની જાણ થતાં રિસાતી સત્યભામાના આંતરમંથન દ્વારા કવિ રૌદ્રની સાથે કરુણને પણ વહાવે છે. નરકાસુર દ્વારા છોડાયેલા અર્ધચન્દ્ર બાણથી મૂર્ચ્છિત થઇ પડેલા કૃષ્ણને પોતાના દુષ્ટ પુત્રને મારવા વિનંતી કરતી સત્યભામા, એક પાપી પુત્રની લાચાર મા, સમષ્ટિના હિતમા પુત્રનું બલિદાન દેતી, માના સ્વરૂપે રહેલી સત્યભામાની કરુણાજનક સ્થિતિ ભાવકોનાં હૃદયને ભીંજવી જાય છે. આમ, 'જાલંધર આખ્યાન'માં વૃંદા અને સત્યભામાના પાત્રની કરુણતા કરુણરસની ધોતક બને છે.

## ❖ શાંતરસ :

મધ્યકાલીન પ્રજાના માનસની ધર્મ તરફની શ્રધ્ધા દ્રઢ કરવાના હેતુથી દરેક આખ્યાનનો અંત મોટાભાગે ધર્મના શાંત રસમાં આવતો. એ પરંપરા મધ્યકાળના તમામ કવિઓ તેમ આપણા 'જાલંધર આખ્યાન'ના કવિ શિવદાસે પણ જાળવી છે. વિષ્ણુની માયાથી ભ્રમિત થયેલી વૃંદા પ્રથમ તો રોષાવેશમાં વિષ્ણુને શાપ આપે છે, પરંતુ જ્યારે તેનો રોષ શમે છે ત્યારે એક સતી સ્ત્રીને છાજે એમ ભગવાન વિષ્ણુ પ્રત્યે પોતાની ભકિત પ્રદર્શિત કરતાં જે શબ્દો ઉચ્ચારે છે તેમાંથી ભક્તિનો શાંતરસ નિષ્પન્ન થાય છે. વૃંદાની ભક્તિસભર પ્રાર્થનાના જવાબમાં વિષ્ણુ તરફથી એક ભક્તને મળતાં

અભયદાનથી મધ્યકાલીન ભાવકોનું ચિત્ત પણ શાંત અને નિર્મળ બને છે. નરકાસુર દ્વારા કારાગૃહમાં રખાયેલી સોળ સહસ્ર નારને ભગવાન શ્રી કૃષ્ણ છોડાવે છે ત્યારે તે સ્ત્રીઓની સ્તુતિ શાંતરસ સભર બની છે. લોકોની ધર્મભાવનાને દૃઢ બનાવતી આખ્યાનના આરંભે અને અંતે એમ બે વખત આવતી ફલશ્રુતિઓના શ્રધ્ધાન્વિત શબ્દો આપણા ચિત્તને શાંતરસનો અનુભવ કરાવી જાય છે.

## ૫:૧ ભાલણની વર્ણનકળા :

મધ્યકાલીન આખ્યાનનું લોકો સમક્ષ 'સાભિનય કથાગાન' થતું. તેથી ઉત્કૃષ્ટ આખ્યાન માટે ઉત્તમ કથાવસ્તુ કે ઉત્તમ પાત્રો કરતાં જીવંત વર્ણનોનું વિશેષ મહત્ત્વ રહેતું. પાત્ર, પ્રસંગ અને સ્થળ વર્ણનના ચમકારા ભાલણની વર્ણનકલાની શક્તિનો પરિચય આપે છે.

### ❖ પાત્રવર્ણન :

જ્યારે કવિને તક મળી છે ત્યારે પાત્રોના આંતરબાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતાં ટૂંકા, ચિત્રાત્મક અને જીવંત વર્ણનો પ્રયોજીને કવિએ પોતાની વર્ણનકલાનો પરિચય કરાવ્યો છે. 'જાલંધર આખ્યાન' માં શિવના ક્રોધમાંથી ઉત્પન્ન થયેલા મહાભયંકર રાક્ષસથી માંડી બાળક જાલંધર, વૃંદા, પાર્વતી, જાલંધરનું માયાવી શિવ સ્વરૂપ, વિષ્ણુનું તાપસરૂપ તેમજ કૃત્યા સહિતનાં પાત્રોનું યથોચિત વર્ણન કવિએ આપ્યું છે. ઇન્દ્રનાં ગર્વિષ્ઠ વચનોથી ક્રોધિત થયેલા ભગવાન શિવ દ્વારા ઉત્પન્ન થયેલાં રાક્ષસનું વર્ણન લાઘવપૂર્ણ છતાં જીવંત બનવા પામ્યું છે. એ રાક્ષસ શિવના કહેવાથી સાગર કિનારે બાળક સ્વરૂપે પ્રગટ થાય છે ત્યારે દિવસે દિવસે મોટા થતાં એ બાળક જાલંધરના વર્ણનમાં તેનું પરાક્રમી વ્યક્તિત્વ પ્રગટ થાય છે. વૃંદાના પાત્રવર્ણનમાં કવિએ તેના બાહ્ય સૌન્દર્ય માટે માત્ર 'સુંદર' શબ્દ પ્રયોગ કરી તેની આંતરિક સમૃધ્ધિનું ઉમદા વર્ણન કર્યું છે. પતિપરાયણ 'સતી શિરોમણી સાધ્વી' વૃંદાના પ્રતાપે જ જાલંધર 'અજેય' છે. માટે જ જાલંધરને પરાસ્ત કરવા, તેનો વધ કરવા ખુદ વિષ્ણુએ વૃંદા સાથે કપટલીલા આચરવી પડે છે. ત્યાં વિષ્ણુના પાત્ર કરતાં વૃંદાના પાત્રની આંતર સમૃધ્ધિ વિશેષ ધ્યાનાકર્ષક બને છે.

નારદજીના મુખે થયેલું શિવનું તેમજ પાર્વતીનું વર્ણન જીવંત અને વાસ્તવિક બનવા પામ્યું છે. જાલંધરના માયાવી શિવરૂપમાં યુધ્ધમાં, પરાસ્ત થયેલા, હતાશ થયેલા શિવનું આબેહૂબ વર્ણન કવિ કરે છે. આ પ્રકારના શિવના જીવંત વર્ણનથી ખુદ પાર્વતીજી પણ ડઘાઈ જઈ મૂર્છિત બને છે. એ જ રીતે જાલંધરે રચેલી કપટલીલાના ભાગરૂપે માયાવી પાર્વતીનું કવિએ કરેલું વર્ણન વાસ્તવિક બનવા પામ્યું

છે. કોઇના રાક્ષસી પંજામાં સપડાયેલી લાચાર સ્ત્રીની દશાનો ચિતાર એ વર્ણનમાંથી મળે છે. વિષ્ણુની માયાથી જાલંધરને મૃત્યુ પામેલો જાણી વૃંદા જે મનોમંથન અનુભવે છે, કલ્પાંત કરે છે એના વિગતપૂર્ણ વર્ણનમાં 'સતી શિરોમણી સાધવી'નું કવિએ આપેલું બિરુદ યથાર્થ ઠરે છે. આમ, પાત્રોના આંતરબાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતાં પાત્રવર્ણનો આસ્વાદ્ય બન્યાં છે. પાત્રોના રૂપવર્ણન સંદર્ભે મળતાં આ વિધાન સાથે અહીં સંમત થઇ શકાતું નથી. 'રૂપ વર્ણન કરવામાં તેઓએ કામશાસ્ત્રમાં જણાવેલાં સૌન્દર્યનાં ચિહ્નોની ટીપ આપેલી હોય એમ લાગે છે.' (૮)

## ❖ સ્થળવર્ણન :

'જાલંધર આખ્યાન'માં સ્થળવર્ણન માત્ર એક જ જગ્યાએ મળે છે. જાલંધરની માગણીથી પિતા સમુદ્રએ મયદાનવ પાસે 'શત જોજન વિસ્તીર્ણ' એવા 'જાલંધરપુર'નું નિર્માણ કરાવ્યું એનું ભાલણે કરેલું વર્ણન સ્થળવર્ણનનું ઉત્તમ દષ્ટાંત બની રહે છે. ઇન્દ્રની ઇન્દ્રપુરીને પણ ઝાંખી પાડી દે તેવી 'જાલંધરપુર' નગરીનું વૈભવશાળી વર્ણન ભાલણની વર્ણનકળાનો સુપેર પરિચય આપે છે.

## ❖ પ્રસંગવર્ણન :

'જાલંધર આખ્યાન'ના શ્રેષ્ઠ વર્ણનો એ પ્રસંગ વર્ણનો છે. કથાનકના કેન્દ્રમાં રહેલાં યુધ્ધનાં વર્ણનો 'જાલંધર આખ્યાન'નુ જમાપાસું છે. લાઘવયુક્ત છતાં ચિત્રાત્મક યુધ્ધવર્ણનો દ્વારા મધ્યકાલીન યુધ્ધ પરંપરા અને રણમેદાનના નિયમોથી ભાવકો માહિતગાર થાય છે, એટલું જ નહિ, પણ યુધ્ધવર્ણનો ભાવકોને વીરરસમાં તરબોળ કરે છે. જાલંધરના ઇન્દ્ર, વિષ્ણુ અને શિવ સાથેનાં ત્રણેય યુધ્ધવર્ણનો શબ્દચિત્રરૂપ બની રહે છે. પૌરાણિક કથાનક છતાં યુધ્ધ વર્ણનો મધ્યકાલીન શસ્ત્ર સરંજામને નિરૂપે છે. અહીં જે શસ્ત્રોનો ઉલ્લેખ થયો છે એમાંના ત્રિશૂળ કે સુદર્શન ચક્રને બાદ કરતાં મોટા ભાગનાં મધ્યકાલીન શસ્ત્રો છે. આમ, યુધ્ધવર્ણનો યુધ્ધના દશ્યને કે રણમેદાનને તાદશ્ય કરે છે. જે ભાલણની વર્ણનકલાની સિધ્ધિ દર્શાવી જાય છે.

એ સિવાય, ભાલણની વર્ણનકળાનો ઉત્તમ ઉન્મેષ બીજા અનેક પ્રસંગવર્ણનમાં જોવા મળે છે. સૌ પ્રથમ ઇન્દ્ર ગાંધર્વો અને અપ્સરાઓ સાથે શિવને પ્રસન્ન કરી આપ સમાન યોધ્ધાનું વરદાન મેળવવા 'ગિરિ કૈલાસ' પર જાય છે અને ત્યાં જઇ જે નાટારંભ કરે છે તેનું વર્ણન આહ્લાદક બનવા પામ્યું છે. સમુદ્રમંથનની કથા કે તેમાં આવતી હરિના મોહિનીરૂપની કથાને કવિ વધુ બહેલાવીને રજૂ કરી શક્યા હોત, પરંતુ એ પ્રસંગ કવિ ટૂંકમાં જ આટોપી લે છે, છતાં એ પ્રસંગનું વર્ણન ભાવકોની

રસવૃત્તિને પરિતૃપ્ત તો કરે જ છે. જાલંધરને મારવા કરેલા ઉપાયમાં દેવો પોતપોતાના તેજનો અંશ લઇ એક ચક્રનું નિર્માણ કરે છે. એ પ્રસંગનુ વર્ણન ભાવકોના વિસ્મયરસને પોષે છે. રૌદ્ર, ભયાનક, અદ્‌ભુત, કરુણ અને હાસ્ય એમ એકી સાથે અનેક રસને નિષ્પન્ન કરતું કૃત્યા દ્વારા શુક્રાચાર્યને પોતાની જંઘામાં સંતાડી દેવાના પ્રસંગનું વર્ણન એવું ઉત્તમ બનવા પામ્યું છે કે ભાવકોના ચહેરા પર હાસ્ય અને હૃદયને આઘાત આપી જાય છે.

ભાવિની અમંગલ આગાહીરૂપ વૃંદાને આવતાં સ્વપ્નપ્રસંગના વર્ણનમાં મધ્યકાલીન અપશુકનના ખ્યાલો દૃષ્ટિગોચર થાય છે. કથાને અંતે જાલંધરવધ બાદ દાનવના ભયંકર ત્રાસથી મુક્ત થયેલાં દેવો જે હર્ષિત બને છે તેનું વર્ણન ભાવકોને પણ હર્ષનો અનુભવ કરાવી જાય છે.

આમ, ભાલણે પાત્ર, સ્થળ અને પ્રસંગ કે પરિસ્થિતિને અનુરૂપ યોજેલાં લાઘવયુક્ત અને ચિત્રાત્મક વર્ણનો તેમની વર્ણનકલાની સિધ્ધિના દર્શન કરાવી જાય છે.

## ૫ઃ૨ હરદાસ મિસણની વર્ણનકળા :

હરદાસ મિસણ કૃત 'જાલંધર પુરાણ' ચારણી સાહિત્ય પરંપરાને જાળવે છે. હરદાસજીના સમયમાં ભારત પર મુસ્લિમોનું શાસન હતું. મુસ્લિમો સામેના ધરા, ધર્મ અને નારી રક્ષા અર્થે બલિદાનનાં યુધ્ધોનો પણ એ સમય હતો. આવા સમયમાં ક્ષાત્રત્વને બિરદાવી તેને સતત પ્રજ્જવલિત રાખવાનો યુગધર્મ ચારણોએ પોતાની વીરોચિત પ્રતિભાયુક્ત કાવ્યધારા વહાવી બજાવ્યો છે. આ રીતે, ચારણી સાહિત્યનો મુખ્ય ઉદ્દેશ જનમનરંજન નહિ, પણ ક્ષત્રિયોને વીરતાની પ્રેરણા આપવાનો છે, જેથી 'જાલંધર પુરાણ' જેવું વીરરસસભર આખ્યાન આપણને હરદાસજી પાસેથી મળે છે. રસનિષ્પત્તિ માટે વર્ણનો આવશ્યક છે. રસને પોષક ભાવ, વિભાવ અને વ્યભિચારીભાવોથી રસિત સુંદર વર્ણનો અહીં મળે છે. આખ્યાન ગાઇને સંભળાવવા માટે જ રચાતું હોઇ તેની પ્રભાવક અસર માટે વર્ણનો જરૂરી બને છે. કથારસને પ્રેરક અને પોષક વર્ણનોમાં હરદાસજીની વર્ણનકલા ધ્યાનાર્હ બની રહે છે. 'હકીકતે તો વર્ણનાત્મક રચના તરીકે ઓળખાવવાનું મન થાય એટલી હદે અહીં વર્ણનો નિરૂપાયેલા છે. વર્ણનો 'જાલંધર પુરાણ'નો પ્રાણ છે.'(૯) આ વિધાન અહીં સાર્થક ઠરે છે.

### ❖ પાત્રવર્ણન :

'જાલંધર પુરાણ'ના કેન્દ્ર સ્થાને યુધ્ધ નિરૂપાયું હોઇ યુધ્ધવર્ણનો અહીં મુખ્ય છે, પરંતુ કવિ પાત્રના આંતર-બાહ્ય વ્યક્તિત્વને પ્રગટ કરતાં વર્ણનો પણ જ્યાં તક મળી છે ત્યાં આપે છે. અહીં

જાલંધર પત્ની વૃંદા અને મોહિનીરૂપનું વર્ણન તેના આંતરિક મનોભાવોને સુંદર રીતે અભિવ્યક્ત કરે છે. પતિના આગમનથી ખુશ થઇ શણગાર સજતી વૃંદાનું વર્ણન પ્રસન્નકર છે. દેવો અને દાનવો દ્વારા થયેલા સમુદ્રમંથન દ્વારા વડવાસુર પ્રગટ્યો. તેને છળવા માટે ભગવાન વિષ્ણુ મોહિનીરૂપ ધારણ કરે છે એના વર્ણનમાં કવિની વર્ણનકલાનો ઉત્તમ પરિચય મળી રહે છે. કવિએ મોહિનીરૂપનું નખશિખ સૌન્દર્ય વર્ણન અત્યંત લાઘવયુક્ત બાનીમાં કર્યું છે. નારીદેહનું શૃંગારિક વર્ણન આપીને કવિએ એમાં શક્તિરૂપનું, દૈવી તત્ત્વનું આરોપણ કરીને પોતાની નિજી પ્રતિભાનું દર્શન કરાવ્યું છે.

જાલંધર જ્યારે શિવ પાસે પાર્વતીની માગણી કરવા માટે રાહુને દૂત તરીકે મોકલે છે તે સમયે રાહુ જે મનોવ્યથા અનુભવે છે એનું વર્ણન રાહુના આંતરિક વલણને ભાવકો સમક્ષ ખુલ્લું કરે છે. જાલંધરના માયાવી શિવરૂપનાં વર્ણનમાં એટલી જીવંતતા છે કે માયાવી શિવના હાથમાં રહેલ માયાવી પુત્રોના મસ્તક જોઇ માતા પાર્વતી કરુણ આક્રંદ કરે છે. આમ, પાત્રોના આંતર બાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતાં સુંદર પાત્રવર્ણન હરદાસજી પાસેથી મળે છે.

## ❖ પ્રસંગવર્ણન :

ઇન્દ્રની યુધ્ધપિપાસાથી 'જાલંધર પુરાણ'નો આરંભ અને જાલંધર વધ સાથે કથાનો અંત આવે છે. અહીં વીરોનાં, તેઓના પરાક્રમોનાં, યુધ્ધનાં, ગજ-અશ્વાદિના, રણભૂમિનાં, શસ્ત્રાદિનાં એમ વિવિધ વર્ણનો આવે છે. 'જાલંધર પુરાણ'માં અત્ર, તત્ર, સર્વત્ર યુધ્ધ વ્યાપ્ત છે. મધ્યકાલીન યુગમાં કવિએ નજરે નિહાળેલાં યુધ્ધોનું અનભૂતિજન્ય સંગ્રામ વર્ણન અહીં વાસ્તવિક બની રહે છે. 'જાલંધર પુરાણ'ના યુધ્ધવર્ણનો ચિત્રાત્મક અભિવ્યક્તિને પામ્યાં છે. 'જાલંધર'કથાનો પૌરાણિક સંદર્ભ તેના યુધ્ધવર્ણનોથી સમસામયિક બની રહે છે. યુધ્ધોમાં વપરાતાં શસ્ત્રો પણ મધ્યકાલીન જ છે. એ જ રીતે કૃતિમાં આલેખાયેલ રણવાદ્યો પણ કવિના સમયના જ છે. રણવાદ્યો અને શસ્ત્રોના વર્ણનોમાંથી નાદ સૌન્દર્ય પ્રગટ થાય છે. ભાવકો સમક્ષ આ આગવું નાદ સૌન્દર્ય પ્રગટ કરી કવિ વર્ણનો માટેનું વાતાવરણ ઊભું કરે છે. નાદ વૈભવને કારણે વર્ણનો જીવંત અને મનોરમ્ય બનતા. પછી તે વર્ણન સમરાંગણનું હોય કે નારી સૌન્દર્યનું. મોહિનીરૂપના વર્ણનમાં તેના પગમાં વાગતા ઘૂઘરાનું નાદ સૌન્દર્ય કવિ જન્માવે છે.

'જાલંધર પુરાણ'ના યુધ્ધ વર્ણનોમાં મધ્યકાલીન રણવાદ્યો જેવાં કે રણનોબત, તૂરઇ, ભેરી, ફેરી, ભૂંગળ,દમામા, ઢોલ, રણઢોલ, ઝાલર, કોશિયા, માદળ, શરણાઇ વગેરે જેવા નામો મળે છે, જેનાથી મધ્યયુગીન યુધ્ધોનું શબ્દચિત્ર ઊભું થવા પામે છે. આ ઉપરાંત, સમરાંગણમાં આ વાંજીત્રોનું

જીવંત શબ્દચિત્ર ખડું કરવા અર્થે 'ડહકી અડકં', 'ઢમક-ઢક', 'ઝણકા-ઝકઝોળ', 'ધુબાવેઅ ધીંગ' જેવાં વર્ણાનુપ્રાસયુક્ત રવાનુકારી શબ્દો પ્રયોજીને રણમેદાનમાં વાગતાં વાજિંત્રોનો તુમુલ નાદ ભાવકના ચિત્તમાં કવિએ ખડો કરી દીધો છે. આ પ્રકારના શબ્દ સામર્થ્યથી રણભૂમિમાં થતા રણવાદ્યોના તુમુલ નાદવૈભવને એમણે પ્રત્યક્ષ કરાવી આપ્યો છે. સમરાંગણનું હાહાકાર મચાવતું વર્ણન તેના શબ્દ સામર્થ્યથી કાયરોને ભય પમાડે છે અને વીરોમાં ઉત્સાહ પ્રેરે છે.

રણવાદ્યો અને શસ્ત્રોના વર્ણન પછી મહાભયાનક સંગ્રામનું વર્ણન આવે છે. ચારણ કવિ માટે યુધ્ધવર્ણન હંમેશા મનગમતો વિષય રહ્યો છે. આ કારણે કવિ હરદાસજી પણ 'જાલંધર પુરાણ'નાં યુધ્ધ વર્ણનોમાં ખૂબ ખીલ્યાં છે. લડાઇનાં શબ્દચિત્રો આપણા માનસપટ પર સંગ્રામને તાદશ્ય કરી આપે છે. ગજના વર્ણનમાં ગજદંત માટે પ્રયોજાયેલ કાળા મેઘમાં ઝબકતી વીજની ઉપમા ધ્યાનાર્હ છે. પરંપરાગત છતાં પ્રસંગોચિત હોવાથી પ્રાસાદિક છે. કવિ હરદાસ મિસણે બહુ જ સુયોગ્ય રીતે વીરરસને પોષક વર્ણાનુપ્રાસ, લાટાનુપ્રાસ અને રવાનુકારી પ્રયોગો દ્વારા વર્ણનને જીવંત બનાવ્યું છે.

યુધ્ધ ક્ષત્રિય સમાજ માટે હંમેશા પ્રિય રહ્યું છે. પથારીવશ બની મરવા કરતાં સમોવડિયા સાથે દ્વંદ્વ યુધ્ધ કરતાં કાયા પાડીને સ્વર્ગગમન કરવામાં તેઓ ગૌરવ અનુભવતા. ક્ષાત્રસમાજની આ મધ્યયુગીન ભાવનાને કવિ જાલંધર અને વીરભદ્રના દ્વંદ્વ યુધ્ધના હુબહુ વર્ણન દ્વારા તાદશ્ય કરી બતાવે છે. આમ, હરદાસજી યુધ્ધ વર્ણનોમાં પૂર્ણ રૂપે ખીલ્યા છે. પ્રસંગને જીવંતતા અને વાસ્તવિકતા બક્ષતાં વર્ણનો ભાવકને જકડી રાખીને કથા રસને તરલપણે વહેવડાવવામાં સફળ રહ્યાં છે જે હરદાસજીની અનેરી સિધ્ધિ છે.

## ૫:૩ વિષ્ણુદાસની વર્ણનકળા :

મધ્યકાલીન આખ્યાનોનું વસ્તુ ખ્યાત હોય, પાત્રો ખ્યાત હોય અને એનું લોકો સમક્ષ 'સાભિનય કથાગાન' કરવાનું હોઇ કવિની વર્ણનકળા પર જ આખ્યાનની સફળતાનો આધાર રહેતો. 'જાલંધર આખ્યાન'માં પાત્ર, પ્રસંગ અને સ્થળ વર્ણનમાં કવિ વિષ્ણુદાસની મૌલિક પ્રતિભાના ચમકારા જોવા મળે છે.

### ❖ પાત્રવર્ણન :

પાત્રવર્ણન વડે કવિ પાત્રોના આંતર બાહ્ય વ્યક્તિત્વને પ્રગટ કરે છે. કડવા-૧૪ માં નારદ દ્વારા થતાં પાર્વતીનાં રૂપવર્ણનમાં પાર્વતીના અપ્રતિમ સૌન્દર્યની ઝાંખી થવા પામે છે. રાહુને મોકલી

શિવ પાસે સૌન્દર્યવાન પાર્વતીજીની માગણી કરાવતા જાલંધરના સંદેશમાં પાર્વતીના સૌન્દર્યની એકદમ વિરોધે થતું શિવનું વર્ણન જીવંત બનવા પામ્યું છે. કડવાં-૧૯ માં જાલંધરનું રૂપવર્ણન તેના દૈત્યેન્દ્ર પદને અનુરૂપ બનવા પામ્યું છે. જાલંધરના રૂપ વર્ણનમાં કમલનેત્ર, અંબુજ મુખ, દાઢમકલિ દંત, ગ્રીવા કંબુ કપોત વગેરે વર્ણન પરંપરાગત અને બીબાંઢાળ જણાય છે. એ સિવાય, જાલંધરના દેહ વર્ણનમાંથી તેના વીર હોવાની છાપ ઉપસ્યા વગર રહેતી નથી. જાલંધરના રૂપવર્ણન પછી એ જ કડવામાં આવતું જાલંધરના ગજરાજનું વર્ણન પણ સુંદર બનવા પામ્યું છે.

જાલંધરે ધારણ કરેલાં માયાવી શિવ સ્વરૂપનું વર્ણન અસ્સલ શિવના વર્ણન કરતાં પણ વધુ સુંદર બનવા પામ્યું છે. વૃંદાના શીલભંગ પછી વૃંદાના ક્રોધ અને શાપથી બચવા ભગવાન વિષ્ણુ તેના મૂળરૂપમાં પ્રગટ થાય છે ત્યારે વિષ્ણુના રૂપવર્ણનમાં ઈશ્વરના દિવ્ય સૌન્દર્યની ઝાંખી થાય છે.

જાલંધરને દેવો સાથે યુધ્ધ નહિ કરવાની સલાહ આપતી વૃંદાનું આંતરિક વ્યક્તિત્વ અહીં સુપેરે ખીલ્યું છે. 'પતિવ્રતા'ને 'સતી શિરોમણી'નું બ્રહ્મા દ્વારા બિરુદ પામેલી વૃંદાનું સતીત્વ એના વિચારો અને વર્તનમાંથી પ્રગટે છે. ''પોતે અબળા છે જેની બુધ્ધિ પગની પાનીએ છે.'' એમ કહેતી વૃંદાનું ચાતુર્ય અમાપ છે. દેવો સાથે યુધ્ધ કરવામાં 'એ વાતે આગળ સુખ નથી.' અથવા 'દીપરૂપી દેવમાં થઈ પડ્યા દૈત્ય પતંગ,' 'વાર્યુ માહારૂં નહિ કરો. પણ પામશો રણભંગ.' માટે દેવો સાથે યુધ્ધની વાત પડતી મૂકવાનું સમજાવતી વૃંદાની સત્યવાણી ભવિષ્યમાં સાચી પડતી જણાય છે. સત્ય અને ધર્મના માર્ગે ચાલવાની શિખામણ દેતી વૃંદા આમ આંતરિક ગુણોથી પણ સૌન્દર્યમંડિત છે.

વૃંદાની શિખામણ ન માનતો જાલંધર દેવો સાથે લડવાનો પોતાનો દૃઢ સંકલ્પ જાહેર કરતાં જે વચનો ઉચ્ચારે છે તેમાંથી જાલંધરનું પરાક્રમી વ્યક્તિત્વ નિખરતું જોવા મળે છે. આમ, પાત્રોના આંતરબાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતાં પાત્રવર્ણનો કવિની સિધ્ધિ બની રહે છે.

### ❖ સ્થળવર્ણન :

વિષ્ણુદાસ કૃત 'જાલંધર આખ્યાન'માં માત્ર એક જ જગ્યાએ સ્થળવર્ણન મળે છે. પતિ વિરહે વ્યથિત વૃંદા જાલંધરના સમાચાર પ્રાપ્ત કરવા સખી સાથે નીકળે છે ત્યારે ભગવાન વિષ્ણુ માયાવી સૃષ્ટિ રચે છે જેથી 'અબળા કામ વ્યાપે છે.' વિષ્ણુની માયાથી રચાયેલ વનનું વર્ણન ઘનઘોર વનને તાદૃશ કરે છે. જો કે ફળ અને ફળઝાડના નામો મધ્યકાલીન વનવર્ણનની પરંપરાને અનુસરે છે.

## ❖ પ્રસંગવર્ણન :

વિષ્ણુદાસના 'જાલંધર આખ્યાન'નું મુખ્ય આકર્ષણ એના પ્રસંગવર્ણનો છે. યુધ્ધનાં કેન્દ્રબિંદુની આસપાસ ગૂંથાતી કથામાંના યુધ્ધવર્ણનો એ 'જાલંધર આખ્યાન'નું જમાપાસું છે. યુધ્ધના ચિત્રાત્મક વર્ણનો દ્વારા મહાભારતકાળથી લઇ મધ્યકાલીન યુધ્ધ પરંપરાને ભાવકો સમક્ષ કવિ તાદશ કરે છે એટલું જ નહિ, પણ યુધ્ધવર્ણનો ભાવકોને વીરરસમાં તરબોળ કરે છે. 'જાલંધર આખ્યાન'માં જાલંધરના દેવો સાથે એકાધિક યુધ્ધ નિરૂપાયાં છે. જેમાં ક્રમશઃ યુધ્ધની ભયંકરતા સાથે જાલંધરવધ સુધી કથા વિસ્તરે છે, તેમાં યુધ્ધવર્ણનો જ મહદ્અંશે નિરૂપાયા છે.

યુધ્ધનાં આરંભ પૂર્વે રણમેદાનમાં વાગતી રણભેરીઓ (વાજિંત્રો) નું વર્ણન યુધ્ધના નિયમ સાથે વાજિંત્રોની વિવિધતા દર્શાવે છે. પ્રથમ યુધ્ધમાં ઇન્દ્રને પરાસ્ત કરી ઇન્દ્રપુરી પર કબજો જમાવી બલિ દૈત્યને ત્યાં રક્ષક તરીકે મૂકી જાલંધર ફરી દેવોનો પીછો કરે છે. દેવો પ્રથમ બ્રહ્માને અને ત્યારબાદ વિષ્ણુને શરણે જાય છે અને તરત વિષ્ણુ-જાલંધર વચ્ચે યુધ્ધ ખેલાય છે. ફરી દેવો જાલંધરથી પરાસ્ત થાય છે. ત્યારબાદ ત્રીજો અને અંતિમ સંગ્રામ શિવ અને જાલંધર વચ્ચે મંડાય છે. સમાન બાહુબળિયા વચ્ચે પરસ્પર થતાં શસ્ત્ર પ્રહારો યુધ્ધનાં દશ્યોને નજર સમક્ષ ખડાં કરે છે. વૃંદાના શીલભંગ પછી જાલંધર-શિવનું આખરી યુધ્ધ જીવંત શબ્દચિત્રરૂપ બની રહે છે. આમ, પૌરાણિક પાત્રો વચ્ચેના પરસ્પર યુધ્ધ વર્ણનમાં તેના શસ્ત્રો, રણભેરીઓ (વાજિંત્રો)નાં વર્ણન મધ્યકાલીન રજવાડાંઓ વચ્ચે થતાં યુધ્ધોને મહદ્અંશે રજૂ કરે છે. આમ, 'જાલંધર આખ્યાન'નાં યુધ્ધવર્ણનો વિષ્ણુદાસની વર્ણનકલાની સિધ્ધિ દર્શાવી જાય છે.

યુધ્ધ સિવાયના પ્રસંગ વર્ણનોમાં પણ વિષ્ણુદાસની વર્ણન કલાની સિધ્ધિના ઉન્મેષ જોવા મળે છે. સૌ પ્રથમ ગર્વિષ્ઠ ઇન્દ્રની 'આપ સમાન બળિયા'ની માગણીથી ક્રોધિત થયેલા શિવના પ્રસ્વેદમાંથી પ્રગટેલા પરપોટાનો પ્રસંગ અદ્ભુતરસિક રોમાંચ સાથે આનંદાશ્ચર્ય નીપજાવે છે. જળના પરપોટાની અવધિ પૂર્ણ થતાં તેમાંથી પ્રગટેલા પુરુષ બાળકના જન્મતાવેંતનાં પરાક્રમોનું વર્ણન એ પાત્રની પરાક્રમશીલતાને વ્યક્ત કરે છે.

જાલંધરને દેવો સામે ઉશ્કેરવાના એક માત્ર ઉદ્દેશથી કહેવામાં આવેલી સમુદ્રમંથનની કથાનું કવિ વિગતે વર્ણન આપતાં નથી. ટૂંકુ છતાં ઉલ્લેખનીય એવું સમુદ્રમંથન પ્રસંગનું વર્ણન ભાવકોની રસવૃત્તિને પરિતૃપ્ત કરે છે.

જાલંધરનો સંદેશ લઇ પાર્વતીની માગણી માટે ગયેલો રાહુ શંકરના પરિવારને આનંદ કિલ્લોલ કરતાં જુએ છે એ આખો પ્રસંગ ભાવકોના મુખ પર આછું હાસ્ય ફરકાવી જાય છે. સાથે સાથે કેટલી બધી વિચિત્રતાઓ વચ્ચે સામંજસ્ય કેળવીને રહેતા પરિવારની વાત પણ ભાવકો આ પ્રસંગવર્ણન દ્વારા જાણીને આનંદ અનુભવે છે.

જાલંધર શિવરૂપે પાર્વતીને અને શિવ જાલંધર રૂપે વૃંદાને છળવા જાય છે તે વખતે ઓળખાઇ ગયેલાંબંને પાત્રોને સંબોધીને, આવાં અયોગ્ય વર્તનથી કેવું ઘોર પાપકર્મ થાય છે તેવું જણાવતા અનુક્રમે પાર્વતીજી અને વૃંદાના સંવાદ વર્ણન જે તે સમયના જનમાનસ અને માન્યતાને રજૂ કરે છે. 'વિષ્ણુદાસની આખ્યાન રચનાનો મુખ્ય હેતુ ધર્મ અને જાતિને અનુસરવાનો હોઇ કાવ્યત્વ પાછળ એણે ઝાઝી શક્તિ વાપરી હોય એવું જણાતું નથી.'(૧૦) અથવા 'કાવ્યત્વની દ્દષ્ટિએ વિષ્ણુદાસ સામાન્ય કવિ છે.'(૧૧) એવા વિધાનો સાથે અહીં સંમત થઇ શકાતું નથી. કેમકે, વિષ્ણુદાસ અહીં કાવ્યત્વની સાથે પોતાના મુખ્ય હેતુને પણ સિધ્ધ કરતાં જણાય છે.

કથાના અંત તરફ જતાં ભવિષ્યની ઘટનાનો સંકેત આપતાં વૃંદાને થતાં અપશુકનોનાં વર્ણનમાં મધ્યકાલીન અપશુકનના ખ્યાલો દ્દષ્ટિગોચર થાય છે.

આમ, પાત્ર, સ્થળ, પ્રસંગ કે પરિસ્થિતિને અનુરૂપ યોજેલાં લાઘવયુક્ત અને ચિત્રાત્મક વર્ણનો વિષ્ણુદાસની વર્ણનકલાની સિધ્ધિનાં દર્શન કરાવી જાય છે.

## ૫:૪ શિવદાસની વર્ણનકળા :

મધ્યકાલીન કવિ શિવદાસે માત્ર ત્રણ દિવસમાં 'જાલંધર આખ્યાન'ની રચના કરી છે. તેમાં જાલંધર અને નરકાસુર બેયની કથાને સાંકળી છે તેથી લાંબાં લાંબાં ચિત્રાત્મક વર્ણનોને અહીં સ્થાન નથી. છતાં જ્યાં તક મળી છે, ત્યાં કવિ ભલે લાઘવયુક્ત પણ જીવંત વર્ણનો આપી શક્યા છે. પાત્ર કે પ્રસંગવર્ણન કરતાં કવિને સ્થળવર્ણન કરતાં વિશેષ ફાવ્યું છે એમ કૈલાસ કે નરકાસુરની નગરી 'પ્રાગજ્યોતિષપુર'નાં વર્ણન વાંચતા કહી શકાય. પાત્ર, પ્રસંગ અને સ્થળવર્ણનના સંદર્ભે કવિ શિવદાસની વર્ણનકળાનો પરિચય પામી શકાય છે.

### ❖ પાત્રવર્ણન :

કુશળ કવિના હાથે પાત્રનું આંતરબાહ્ય વ્યક્તિત્વ પાત્રવર્ણન દ્વારા પ્રગટ થાય છે. પ્રસ્તુત આખ્યાનમાં ભગવાન શિવના વિકરાળ સ્વરૂપનું વર્ણન તેમજ વૃંદા અને ધરાનું સ્વરૂપવર્ણન જે તે

પાત્રના વિકરાળ સ્વરૂપને કે બાહ્ય સૌન્દર્યને ક્રમશઃ પ્રગટ કરે છે. જાલંધર સાથે લડવા જતાં મહાદેવનું વર્ણન એવું જીવંત બનવા પામ્યું છે કે ભાવકો ની નજર સમક્ષ એ પાત્ર જાણે ખડું થઇ જાય છે.દામિની જેવી તેજસ્વી દેહલતા ધરાવતી વૃંદાના બાહ્ય સૌન્દર્યની પ્રશંસા કરતાં વર્ણન સાથે કવિ એના આંતરિક વ્યક્તિત્વનો પરિચય પણ જુદા જુદા સંદર્ભે આપે છે. જેમ કે, પતિને પરમેશ્વર માની પૂજતી વૃંદા પતિને શોધવા નીકળે છે ત્યારે મનમાં વિચાર કરે છે કે જો તેના પતિને દેવોએ માર્યો હશે તો હું હાથમાં ધનુષ્ય ધારણ કરી દેવોને રણમાં રોળીશ. વૃંદાના આ પ્રકારના માનસનું વર્ણન એ એની નિર્ભિકતાને પ્રગટ કરે છે. પોતે વિષ્ણુની માયાજાળમાં ફસાઇને સત્યવ્રત ચૂકી છે એવું જાણતાં જ સતીનો રોષ ભભૂકી ઉઠે છે, પરંતુ સત્ય જાણ્યા પછી પોતાના ક્રોધ પર સંયમ રાખી ઈશ્વરની ક્ષમા માગતી વૃંદાના પાત્રમાં પવિત્ર આર્યનારીના દર્શન થાય છે. વૃંદાના આંતરિક સૌન્દર્યને પ્રગટ કરતાં આ પ્રકારનાં વર્ણનો જીવંત બનવા પામ્યા છે.

ભગવાન વિષ્ણુ વૃંદા સમક્ષ મૂળ રૂપમાં પ્રગટ થાય છે તેનું પણ સુંદર વર્ણન કવિ કરે છે. ધરાના બાહ્ય સૌન્દર્યનું વર્ણન બહુ ઓછા શબ્દોમાં આપી કવિ એના આંતરિક વ્યક્તિત્વને પ્રગટ કરતાં વર્ણનો પણ યોજે છે. ભગવાન વિષ્ણુના હાથે જ પોતાનો પુત્ર મરાશે એવા વિષ્ણુના વચન સાંભળીને દુઃખી થતી ધરાના વર્ણનમાં, મા જનેતાનું પોતાના બાળક પ્રત્યેનું વાત્સલ્ય છતું થાય છે. એ જ મા જનેતા જ્યારે પુત્રનાં પાપકર્મ વધે છે ત્યારે સમષ્ટિના હિત માટે પુત્રનું બલિદાન દેતાં અચકાતી નથી, એ પ્રકારના વર્ણન દ્વારા ધરાના *'વજ્રાદપિ કઠોરાળી, મૃદુની કુસુમાદપિ'* જેવા બેવરૂપનું દર્શન કવિ સુપેરે કરાવી રહે છે.

ભગવાન વરાહ અવતારે પ્રગટ થાય છે તેનું વર્ણન પણ અતિ સુંદર બનવા પામ્યું છે. આમ, પાત્રોના બાહ્ય સ્વરૂપવર્ણનમાં કે આંતરિક વૈભવના વર્ણનમાં કવિ પોતાની મૌલિક પ્રતિભા દાખવી શક્યા છે.

## ❖ સ્થળવર્ણન :

શિવદાસ કૃત 'જાલંધર આખ્યાન'માં સ્થળવર્ણનો શ્રેષ્ઠ બનવા પામ્યાં છે. અહીં માત્ર બે જ સ્થળ વર્ણનો મળે છે, પરંતુ કવિની મૌલિક પ્રતિભાનો ઉત્તમ ઉન્મેષ ત્યાં પ્રગટતો જોવા મળે છે. ઈન્દ્ર રુદ્રના દર્શનાર્થે કૈલાસ પર્વત પર જાય છે ત્યારે કૈલાસનું વર્ણન અદ્‌ભુત રીતે કવિ કરે છે. નરકાસુરની નગરી પ્રાગ્જ્યોતિષપુરનું કુલ અઢાર પંક્તિમાં શિવદાસે કરેલું વર્ણન કોઇ કિલ્લાબંધ સમૃધ્ધ રાજ્યની યાદ અપાવી જાય એવું તાદશ્ય બનવા પામ્યું છે.

## ❖ પ્રસંગવર્ણન :

'જાલંધર આખ્યાન'ની કથા કહી જવાની કવિની ઉતાવળને કારણે કવિ પ્રસંગોને ખીલવી શક્યા નથી. મુખ્યત્વે યુધ્ધ કથા, છતાં યુધ્ધવર્ણનો પણ પ્રભાવક નીવડતાં નથી. માત્ર એક જ પંક્તિમાં 'રુદ્ર પામ્યા હાર' કહી કવિ પ્રથમ યુધ્ધ પ્રસંગને ખીલવવાનું ટાળે છે. આડકથા રૂપે આવેલી સમુદ્રમંથનની કથાનું પણ કવિએ વિગતે વર્ણન કર્યું નથી. સમુદ્રમંથનની કથા સાંભળી ક્રોધે ભરાયેલો દાનવરાજ દેવો પર ચઢાઈ કરે છે તે પ્રસંગનું થોડું વિસ્તૃત વર્ણન મળે છે. ત્યાં જાલંધરની વીરતા અને નિર્ભિક્તા પ્રગટ થાય છે. એમ છતાં રણમેદાનમાં લડાતા યુધ્ધમાં થતાં સામસામે શસ્ત્રપ્રહારોના વિગતે વર્ણન કવિ આપતાં નથી, તેથી એ રીતે યુધ્ધ વર્ણનોમાં કવિ બહુ મોટી સિધ્ધિને પામી શક્યા જણાતા નથી.

કડવા-૧૪ માં આવતું ભગવાન કૃષ્ણ અને નરકાસુર વચ્ચેના યુધ્ધનું વર્ણન આગલા જાલંધર કથાનકમાં આવતાં બધા યુધ્ધ વર્ણનો કરતાં ઉત્તમ બનવા પામ્યું છે.

યુધ્ધના પ્રસંગ સિવાય અન્ય પ્રસંગ વર્ણનો સુંદર બનવા પામ્યા છે. યુધ્ધમાં જવા માટે દેવો દ્વારા રથ તૈયાર કરવામાં આવે છે. એ રથમાં બેસી મહાદેવ યુધ્ધ માટે પ્રયાણ કરે છે એ પ્રસંગનું આબેહૂબ વર્ણન કવિ કરે છે. આવું જ અદ્‌ભુત રસ સભર વર્ણન વિષ્ણુ ભગવાને માયા રચી વૃંદાની સામે જાલધરનું શબ રજૂ કર્યું ત્યારે કવિ કરે છે. પોતાના સતીત્વના બળે શબરૂપ જાલંધર સજીવન બન્યો છે જાણી વૃંદાની પતિ સાથેની શૃંગારરસિક ક્રીડાનું વર્ણન ઉત્તમ પ્રસંગ વર્ણનોમાંનું એક છે, પરંતુ પોતે છેતરાઈ છે એવી જાણ થતાં જ ક્રોધાન્વિત થયેલી વૃંદા વિષ્ણુને શાપ આપે છે એ પ્રસંગનું વર્ણન વૃંદામા રહેલા સતીત્વના તેજનો પરિચય કરાવી જાય છે.

કડવા-૧૩માં સત્યભામાના રૂસણાનો પ્રસંગ આખ્યાનના તમામ પ્રસંગોમા ઉત્તમોત્તમ બનવા પામ્યો છે. મુગ્ધ પ્રેમિકારૂપ સત્યભામા અને પ્રેમિકાને પાર્થિવ વહાલસોયા પતિની જેમ મનાવતા કૃષ્ણ બંને પાત્રો એ પ્રસંગે એવાં મુગ્ધ અને લાગણીસભર નિરૂપણ પામ્યાં છે કે આ પ્રસંગ આખ્યાનનો ચિરસ્મરણીય પ્રસંગ બની રહે છે. અતિશય ઉર્મિનો આવેગ ધરાવતો આ પ્રસંગ આખ્યાનમાં આવતાં પદ કડવાની યાદ અપાવી જાય છે. એક પારિજાતના પુષ્પના બદલામાં રિસાયેલી પ્રેમિકાને મનાવવા પ્રેમીએ આખા પારિજાતના વૃક્ષને તેના દ્વારે રોપાવવું પડે એ વાત જ કેવી રોમાંચક છે ! આ આખો પ્રસંગ એ રીતે રોમાંચક બન્યો છે. દૈવી પાત્રો અહીં માનવ સહજ વર્તન કરતાં જણાય

છે. દેવો પણ માનવની જેમ પ્રેમ ક્રી શકે છે, રિસાઇ શકે છે. દેવોને પણ પત્નીને, પ્રેમિકાને મનાવતાં નાકે દમ આવી જાય છે. વગેરે વગેરે કેટલાંયે અવનવા ભાવો ઉપર્યુક્ત પ્રસંગ દ્વારા ઉદ્ભવે છે.

સોળ સહસ્ર નારીના પાણિગ્રહણ વેળા નરકાસુરના પુત્રએ પહેરામણી કરી એ પ્રસંગ પણ પ્રસંગવર્ણનનું ઉત્તમ દૃષ્ટાંત છે. આમ, 'જાલંધર આખ્યાન'માં શિવદાસ પાત્ર, સ્થળ કે પ્રસંગ સંદર્ભે જે વર્ણનો યોજે છે એમાના થોડાં એવા ઉત્તમ મળે છે કે તેના દ્વારા શિવદાસની વર્ણનકળાની સિધ્ધિ અને તેની મૌલિક પ્રતિભાનો પરિચય મળી રહે છે.

## ૬:૧ ભાલણની સંવાદકળા :

મધ્યકાલીન ગુજરાતી આખ્યાનને 'પ્રત્યક્ષીકરણની કલા' કહેવામાં આવે છે. સંવાદો વડે જ ભાવકો સાથે ભાવતંતુ સાધી શકાય એ મધ્યકાળનો કવિ સારી રીતે જાણે છે. તેથી જ આખ્યાનોમાં સંવાદોને નાટક જેટલું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. કવિ ભાલણના 'જાલંધર આખ્યાન'માં યુધ્ધ પ્રધાન સ્થાને છે, પરંતુ કવિએ જ્યારે જ્યારે તક મળી છે ત્યારે પાત્રોના આંતરબાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતાં લાઘવયુક્ત માર્મિક સંવાદો યોજીને પોતાની સંવાદકળાનો પરિચય કરાવ્યો છે.

કવિ ભાલણે પાત્રોના આંતરમનને સંવાદો વડે વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. આખ્યાનના મુખ્ય અને ગૌણ તમામ પાત્રોના સુખદુઃખાત્મક ભાવોને વ્યક્ત કરતા સૂચક અને લાઘવયુક્ત સંવાદોનો કલાત્મક વિનિયોગ પાત્ર અને પ્રસંગને જીવંતતા બક્ષે છે.

જાલંધરનો જન્મ થતાં જ બ્રહ્મા અને સાગરનાં સંવાદમાંથી જાલંધરનું પરાક્રમીપણું પ્રગટે છે. ધડવિહીન રાહુને જોઈને, ગુરુ શુક્રાચાર્યને રાહુ વિશે પૃચ્છા ક્રતો જાલંધરનો સંવાદ વીરરસયુક્ત છે. જાલંધરથી પરાસ્ત થયેલા દેવો વિષ્ણુને શરણે આવે છે એ જોઈને વિષ્ણુ પાસે ભાઈને ન મારવાનું વરદાન માગતા લક્ષ્મીજી જે સંવાદ ઉચ્ચારે છે, તેમાં વહાલસોયા ભાઈ અને પતિ વચ્ચે ભીંસાતી નારીની મનોવ્યથા પ્રગટ થાય છે. ભગવાન વિષ્ણુને લક્ષ્મી સહિત પોતાના નગરમાં વાસ કરવાનું વરદાન મેળવી જાલંધર શિવ સાથે યુધ્ધ કરવા ઉત્સુક બન્યો છે એની ઉત્સુક્તા અને વીરતા નારદ સાથેના સંવાદમાં પ્રગટ થાય છે.

આખ્યાનની કથામાં ગૌણ પાત્રરૂપે આવતા નારદના જાલંધર સાથેના સંવાદમાં શિવ અને પાર્વતીના પાત્રની રેખાઓ કવિ આબેહૂબ ઉપસાવે છે એટલું જ નહિ, એ સંવાદો કથાને વળાંક

આપવામાં ઉપકારક નીવડે છે. નારદના એ સંવાદ દ્વારા નારદના આંતરિક વ્યક્તિત્વનો પરિચય પણ મળી રહે છે.

વિષ્ણુના કપટનો ભોગ બની શીલભંગ થયાનું જાણતી સતી વૃંદા પોતાનો પ્રાણ ત્યજવા તૈયાર થાય છે ત્યારની તેની કરુણ અને નાજુક પરિસ્થિતિને કવિએ બહુ જ કલાત્મક સંવાદ વડે વાચા આપી છે. વૃંદાના મુખમાં મુકાયેલ આ સંવાદથી ભારતીય સંસ્કૃતિને ઉજળી કરી બતાવનાર ભારતીય સન્નારીઓની યાદ તાજી થાય છે.

આમ, 'જાલંધર આખ્યાન'માં ભાલણે ઓછાં આછાં છતાં હૃદયસ્પર્શી, વેધક અને લાઘવયુક્ત સંવાદો પ્રયોજ્યા છે જે પાત્રોના આંતરબાહ્ય વ્યક્તિત્વનો પરિચય આપવા સાથે કથાને રસિક બનાવે છે.

## ૬:૨ હરદાસ મિસણની સંવાદકળા :

મધ્યકાળનાં વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં આખ્યાનની લોકપ્રિયતાનું મૂળ તેના 'સાભિનય કથાગાન'માં રહેલું જણાય છે. આથી જ આખ્યાન કૃતિમાં જીવંત સંવાદોનું વિશેષ મહત્ત્વ રહેતું. આખ્યાનકાર કુશળતાપૂર્વક સંવાદો યોજી પાત્રો અને પ્રસંગોને જીવંત બનાવી શકતો. 'જાલંધર પુરાણ' કવિ હરદાસ મિસણની વીરરસને કેન્દ્રમાં રાખીને લખાયેલી યુધ્ધકથા છે. અહીં કવિને જ્યાં અને જ્યારે તક મળી છે ત્યાં અને ત્યારે ચોટદાર સંવાદો યોજીને પોતાની સંવાદનિરૂપણ કલાનો પરિચય કરાવ્યો છે. કવિએ પાત્રોના આંતરમનમાં ચાલતી મથામણોને સંવાદો વડે ઉપસાવવા પ્રયત્ન કર્યો છે.

સમુદ્રમંથન વડે દેવોએ પ્રાપ્ત કરેલા રત્નો કોઈપણ ભોગે પાછા મેળવી દાનમાં આપી દેવાની ઉદારતાં બતાવતા જાલંધરના વીરરસયુક્ત સંવાદો તેની પરાક્રમશીલતા સાથે દાનીવૃત્તિનાં દર્શન કરાવી જાય છે.

જાલંધરથી ડરી રણમેદાન છોડી જનારા ઇન્દ્રની સહાયતા અર્થે જતાં વિષ્ણુને વારંવાર વિનંતી કરતાં લક્ષ્મીજીના સ્ત્રી સહજ સંવાદો તેની મનોવ્યથાને પ્રગટ કરે છે. લક્ષ્મીજીની વિનંતીને ઠુકરાવી જાલંધર સાથે લડવા ગયેલા વિષ્ણુને જાલંધર બેભાન કરે છે ત્યારે લક્ષ્મી વિષ્ણુને બચાવવા જાલંધરને વિનંતી કરે છે એ સમયે લક્ષ્મીજીના મુખમાં મુકાયેલ સંવાદો હૃદયસ્પર્શી બન્યા છે.

વિષ્ણુ જાલંધરને પરાસ્ત કરવા છળકપટથી વૃંદાનું શીલભંગ કરે છે એટલું જ નહિ, તેને લક્ષ્મીની શોક્ય તરીકે સ્વીકારવા તૈયાર થાય છે. વૃંદાને સત્ય હકીકતની જાણ થતાં શરમ અને લજ્જા અનુભવતી તે નિર્દોષ હોવા છતાં પતિ સાથે બળી મરવા તૈયાર થાય છે, ત્યારની તેની મનોસ્થિતિને કવિએ બહુ જ કલાત્મક સંવાદો વડે વાચા આપી છે. વિષ્ણુ અને વૃંદાના એ પ્રસંગ સંદર્ભના સંવાદોમાંથી ઉભયના માનસનો યથાર્થ ચિતાર મળે છે. ફરી ફરી વૃંદાને લક્ષ્મીની શોક્ય તરીકે રાખવાની લાલચ આપતા વિષ્ણુના સંવાદો એની નિર્લજ્જતાને છતી કરે છે. વિષ્ણુએ આપેલી તમામ લાલચને ફગાવી દેતી વૃંદાના મુખમાં મુકાયેલ સંવાદ ભારતીય સંસ્કૃતિનું જતન કરનારી સન્નારીઓની હરોળમાં તેને સ્થાન અપાવી જાય છે.

શિવ-જાલંધર વચ્ચે ખેલાતા આખરી અને ભયાનક સંગ્રામમાં એક ક્ષણ એવી આવે છે કે બંને પાત્રોનો પરસ્પર પ્રત્યેનો વેરભાવ શમી જાય છે. માત્ર નિયતિને કારણે જ લડતા હોય એમ શિવજી જાલંધરને વારંવાર વરદાન માગવા કહે છે, ત્યારે જાલંધર કોઈ ભૌતિક સમૃધ્ધિનું સ્પૃહાયુક્ત વરદાન માગવાને બદલે વીરોચિત 'સાયુજ્ય મુક્તિ'નું વરદાન માગે છે, સમરાંગણમા શસ્ત્રોના પ્રહારો વચ્ચે થતાં આ સંવાદો બંને પાત્રોની આંતરિક શુધ્ધતાને પ્રગટ કરે છે. જાલંધરે ભૂતકાળમાં પાર્વતીજીની કરેલી માગણીથી શિવ વિશેષ નારાજ છે, પરંતુ આખરે જાલંધર સ્પષ્ટતા કરે છે કે પોતે પાર્વતીજીને જગતજનની સ્વરૂપે જુએ છે. જાલંધરના મુખમાં મુકાયેલો આ એક જ સંવાદ જાલંધરના પાત્રનું ઊર્ધ્વીકરણ કરે છે અને અંતે જાલંધર શિવનો કૃપાપાત્ર બને છે.

આમ, 'જાલંધર પુરાણ'માં હરદાસજીએ યોજેલાં સંવાદો હૃદયસ્પર્શી બન્યાં છે. આ સંવાદો કલામય ઘાટ પામીને કૃતિને બહુપરિમાણી બનાવે છે. 'કવિએ કથન વૈવિધ્ય દ્વારા શ્રોતાઓ, ભાવકોને જકડી રાખવામાં સફળતા મેળવી છે. જે એમની ઉલ્લેખનીય સિધ્ધિ છે.'[૧૨]

## ૯:૩ વિષ્ણુદાસની સંવાદકળા :

મધ્યકાલીન આખ્યાનનું શ્રોતાઓ સમક્ષ 'સાભિનય કથાગાન' થતું. આથી સ્વાભાવિક રીતે જ કથામાં પાત્રો અને પ્રસંગોને જીવંતતા બક્ષવા સંવાદોનું વિશેષ મહત્ત્વ રહેતું. 'જાલંધર આખ્યાન' માં વિષ્ણુદાસે સંવાદો વડે પાત્રોના આંતર-બાહ્ય વ્યક્તિત્વને સ્ફૂટ કરવાનો સફળ પ્રયત્ન કર્યો છે. અને એ દ્વારા કવિએ પાત્ર, પ્રસંગ અને પરિસ્થિતિને રસિક બનાવી છે.

'જાલંધર આખ્યાન'નું મુખ્ય પાત્ર જાલંધરના વીરરસસભર સંવાદો આખ્યાનમાં એકાધિક વાર નિરૂપાયા છે. સમુદ્રમંથન કરીને મેળવેલા રત્નો દેવો પાસે છે, એ જાણી દેવો સાથે યુધ્ધ લડવા તત્પર જાલંધરને તેની શીલવાન પત્ની વૃંદા રોકવાનો પ્રયત્ન કરે છે, તેના જવાબમાં જાલંધરના મુખમાં મુકાયેલો સંવાદ તેની વીરતાને પ્રગટ કરે છે. ઈન્દ્રનો પક્ષ લઈ વિષ્ણુ જાલંધર પર આક્રમણ કરે છે, ત્યારે વિષ્ણુને પોતાનો સગો જાણી જાલંધર તેના પર જાન લેવા પ્રહાર કરતો નથી, પરંતુ વિષ્ણુ જાલંધર પર ચક્રનો પ્રહાર કરે છે, ત્યારે જાલંધરના રોષાવેશયુક્ત સંવાદોમાં જાલંધરની વીરતા ઉપરાંત તેની માનવીય છબી પણ સુપેરે ઝિલાય છે.

જાલંધરની વીરતા ભગવાન શિવને પણ રણમેદાનમાં લલકારે છે. પતિવ્રતધર્મનું પાલન કરતી વૃંદાનું શીલભંગ થયાનું જાણ્યા પછી જાલંધરના આપબળે ઉગરવાના નિશ્ચયાત્મક મનોબળને રજૂ કરતો સંવાદ જાલંધરની વીરતા અને આત્મવિશ્વાસને પ્રગટ કરતો ઉત્તમોત્તમ સંવાદ બની રહે છે.

ભગવાન વિષ્ણુ લક્ષ્મીજીને જાલંધરના મૃત્યુનું રહસ્ય જાણી લાવવાનું કાર્ય સોંપે છે ત્યારે લક્ષ્મીજીની મનોવ્યથાને રજૂ કરતા સંવાદો હૃદયવિદારક બન્યાં છે. જાલંધર સાગરપુત્ર હોવાને નાતે પોતાનો ભાઈ છે એવું જણાવતાં લક્ષ્મીજીને, 'સાગર માંહે અનેક જળચરો વસે છે તે તમામ તમારા ભાઈ છે?' એવાં વચનો સંભળાવતાં વિષ્ણુના સંવાદો મધ્યકાલીન પુરુષપ્રધાન સમાજની તાસીર રજૂ કરે છે. જાલંધરના મૃત્યુનો ભેદ જાણી લાવ્યા પછી પણ લક્ષ્મીજી પતિને એ રહસ્ય જણાવવા બિલકુલ ઈચ્છતાં નથી ત્યારે જે પ્રકારના કટુવચન વિષ્ણુ લક્ષ્મીજીને કહે છે અને એ કટુવચનથી હણાયેલાં, દુભાયેલાં લક્ષ્મીના વિષ્ણુને ખોટા મલાવા કરતાં લાચારીભર્યા સંવાદો મધ્યકાલીન નારીની સામાજિક સ્થિતિનો દુઃખદ ચિતાર આપી જાય છે. લક્ષ્મીજીના સંવાદો દ્વારા દેવી પાત્રની માનવીય છબી વ્યક્ત થાય છે, તો વૃંદાના સંદર્ભે વિષ્ણુ-શિવ સંવાદ દ્વારા વૃંદાના સતી તરીકેનાં દિવ્ય અંશો પ્રગટ થાય છે.

વિષ્ણુના છળકપટથી સતીત્વ ચૂકી ગયેલી વૃંદાના વલવલાટ દ્વારા કવિએ વૃંદાની મનોવ્યથાને કલાત્મક રીતે વાચા આપી છે. વૃંદાના શાપથી બચવા વિષ્ણુ તુર્ત જ તેના અસ્સલ રૂપમાં પ્રગટ થાય છે. એ પછીના વિષ્ણુ અને વૃંદાના સંવાદોમાંથી ઉભય પાત્રની મનોસ્થિતિનો યથાર્થ ચિતાર મળે છે. પરસ્પર પ્રથમ શાપ અને પછી વરદાન આપતાં બંને પાત્રોના સંવાદો વડે ભાવકોના આવેગયુક્ત મનોભાવોનું શમન થાય છે. વિષ્ણુ વૃંદાને વશ છતાં વૃંદા સતીત્વને છાજે એ રીતે મોતને મીઠું કરે છે, ત્યાં ભારતીય સંસ્કૃતિની ધરોહર સમા નારી રત્નોમાં સતી વૃંદા માનના અધિકારી ઠરે છે.

આ સિવાય, આખ્યાનના આરંભે આવતો ગર્વિષ્ઠ ઇન્દ્ર અને શિવનો સંવાદ, જાલંધર સાથેના યુધ્ધમાંથી પીછેહઠ કરી બ્રહ્માને શરણે આવતાં ઇન્દ્ર અને બ્રહ્માનો સંવાદ, દેવો સાથે યુધ્ધ ન કરવા વિશે વૃંદા-જાલંધર સંવાદ, વિના કારણ જાલંધર સાથે યુધ્ધ ન કરવા અને કારણ જાણ્યા પછી સત્વરે યુધ્ધ માટે પ્રેરતાં ઉમા-મહેશનાં સંવાદ, વનમા કપટરૂપે રહેલાં વિષ્ણુ અને તેના શિષ્ય તેમજ વિષ્ણુ અને વૃંદાના સંવાદ, વૃંદાના સતીત્વનો પરિચય આપતાં શિવ-વિષ્ણુના સંવાદ, વગેરે પાત્રો અને પ્રસંગો સંદર્ભે કવિએ પ્રયોજેલાં સંવાદો માર્મિક અને હૃદયસ્પર્શી બન્યાં છે.

## ૬:૪ શિવદાસની સંવાદકળા :

મધ્યકાળના પ્રમુખ સાહિત્ય સ્વરૂપ આખ્યાનની લોકો સમક્ષ જીવંત રજૂઆત થતી તેથી જ આખ્યાન સ્વરૂપને 'પરફોર્મિંગ આર્ટ' કહેવામાં આવે છે. રંગમંચ પર ભજવાતાં નાટકોમાં જેમ સંવાદોનું મહત્ત્વ હોય એમ જ આખ્યાનમાં પણ સંવાદનું વિશેષ મહત્ત્વ રહેતું. વર્ણનોને આસ્વાદ્ય બનાવતાં અને પાત્રોના આંતરબાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતાં સંવાદો એવો કલામય ઘાટ પામીને આવતાં કે આખ્યાનના આમજનતાને ખ્યાત પાત્રો અને પ્રસંગો જીવંત બની ઊઠતાં. શિવદાસના 'જાલંધર આખ્યાન'માં ૧૫ કડવામાં જાલંધર અને નરકાસુરની બે કથા રજૂ થઇ છે તેથી સંવાદો ઓછાં, પરંતુ પાત્રોના આંતરબાહ્ય વ્યક્તિત્વનો પરિચય કરાવનારાં બની રહે છે.

આખ્યાનના આરંભે બ્રહ્માના સંવાદમાં વીર થવા સર્જાયેલા બાળ જાલંધરનું વ્યક્તિત્વ કવિ લાઘવયુક્ત શૈલીમાં પ્રગટ કરે છે. સાથે સાથે ભવિષ્યમાં જાલંધરના મૃત્યુનું નિમિત્ત પણ કવિ રજૂ કરી દે છે.

પિતા સમુદ્રના મંથનની વાત કાલનેમિ દૈત્યના મુખે સાંભળી ક્રોધિત બનેલા જાલંધરનો સંવાદ વીરરસયુક્ત બનવા પામ્યો છે. જાલંધરના અજેય રહેવા પાછળ સતી વૃંદા છે, એવું જણાવતાં શિવના સંવાદમાંથી સતી વૃંદાનું શીલવાન વ્યકિતત્વ પ્રગટ થાય છે.

દેવ થઇને વૃંદાને છળવા જતાં પહેલાં પોતાનો બચાવ કરતાં વિષ્ણુના સંવાદમાં નરી પોકળતા છતી થાય છે. કાવ્ય સાહિત્યની દષ્ટિએ એને કાવ્યન્યાય કહેવો હોય તો કહી શકાય, પરંતુ દૈવી પાત્ર જે અધમ કૃત્ય કરવા જઇ રહ્યું છે તે પોતાના મનનું સમાધાન આ રીતે શોધે છે એ એના આંતરમનની વ્યથાને પણ એક યા બીજી રીતે વ્યક્ત કરે છે.

પતિના સમાચાર જાણવા જતી વૃંદાના મન સાથેના સંવાદમાંથી સતી વૃંદાનું વીરાંગના તરીકેનું વ્યક્તિત્વ ઉપસે છે. વિષ્ણુથી શીલભંગ થયેલી વૃંદાને સાચી પરિસ્થિતિની જાણ થતાં ક્રોધિત બનેલી વૃંદાને જોઇ વિષ્ણુનો જાત સાથેનો સંવાદ વૃંદાના સતીત્વની આણ ફેલાવે છે. વૃંદા-વિષ્ણુના સંવાદમાં બંને પાત્રોને અને કથાનું રસપાન કરતાં ભાવકોને પણ મનનું સમાધાન સાંપડે છે. પતિવ્રત ધર્મનું પાલન કરતી સ્ત્રી ભગવાન વિષ્ણુને પામવા તો એ વ્રત કરે છે. વૃંદાનું એ વ્રત ફળ્યું છે એટલું જ નહિ, વૃંદા દાનવપતિની પણ સદ્‌ગતિ ઇચ્છે છે અને વરદાનરૂપે વિષ્ણુના મુખમાં મુકાયેલો સંવાદ નરકાસુરની ઉત્પત્તિની પૂર્વ ભૂમિકારૂપ બની રહે છે.

નરકાસુરની કથામાં આવતો નારદનો સંવાદ (કડવું-૧૨) નરકાસુરની વીરતાને પ્રગટ કરે છે. નારદે આપેલું પારિજાતનું પુષ્પ ભગવાન રુક્મિણીને આપે છે અને સત્યભામા રીસાય છે. રીસાયેલાં સત્યભામા અને ભગવાન કૃષ્ણ વચ્ચેના સંવાદો માનવીય ભાવોને વ્યક્ત કરે છે. મધુર દાંમ્પત્ય જીવનમાં પણ રીસામણાં-મનામણાં દાંપત્યજીવનને વધુ મધુર બનાવે છે. જેમ જેમ કૃષ્ણ મનાવતા જાય તેમ તેમ વધુ રડતા સત્યભામાને પગે પડી પોતાનો વાંક બતાવવા વિનંતી કરતા કૃષ્ણના સંવાદમાંથી કૃષ્ણની પ્રેમાળ છતાં લાચાર પ્રિયતમની છબી ઉપસે છે. કૃષ્ણની એ પૃચ્છાનો પ્રત્યુત્તર વાળતા સત્યભામાના સંવાદમાંથી સત્યભામાનો શોક્ય પ્રત્યેનો મીઠો ઈર્ષ્યાભાવ પ્રગટ થાય છે. છેવટે, એક પુષ્પના બદલામાં આખું પારિજાતનું વૃક્ષ સત્યભામા માટે લાવવા તૈયારી બતાવતા કૃષ્ણ માંડ માંડ સત્યભામાને મનાવી શકે છે. દૈવી પાત્રોમાં માનવભાવોનું આરોપણ કરતાં કૃષ્ણ-સત્યભામાના સંવાદો કથા પ્રસંગને રસિક બનાવે છે.

આમ, 'જાલંધર આખ્યાન'માં પાત્રો અને પ્રસંગો સંદર્ભે કવિ શિવદાસે કુશળતાપૂર્વક યોજેલાં સંવાદો માર્મિક અને હૃદયસ્પર્શી બન્યાં છે. કવિનું સંવાદનિરૂપણનું કૌશલ્ય આખ્યાનને આસ્વાદક્ષમ બનાવે છે.

## ❖ સંદર્ભ નોંધ :


(૧) શ્રી ક. મા. મુન્શી : 'ગુજરાત એન્ડ ઇટ્સ લિટરેચર', પૃ. ૧૬૮

(૨) ડૉ. અંબાદાન રોહડિયા : 'જાલંધર પુરાણ' ભાગ-૧, પૃ. ૧૨૪-૧૨૫

(૩) શ્રી કે. કા. શાસ્ત્રી : 'કવિ ચરિત' ભાગ-૨, પૃ. ૩૦૪

(૪) એજન, પૃ. ૪૪૩

(૫) ડૉ. અંબાદાન રોહડિયા : 'જાલંધર પુરાણ' ભાગ-૧, પૃ. ૬૭

(૬) શ્રી રા. ચુ. મોદી : 'ભાલણ', પૃ. ૧૪૦

(૭) ડૉ. ઈશ્વરલાલ દવે, શ્રી રતુદાન રોહડિયા, 'ચારણી સાહિત્ય - આપણો સમૃધ્ધ સાંસ્કૃતિક વારસો', પૃ. ૪૮

(૮) શ્રી રા. ચુ. મોદી : 'ભાલણ', પૃ. ૧૪૬

(૯) ડૉ. અંબાદાન રોહડિયા : 'જાલંધર પુરાણ' ભાગ-૧, પૃ. ૧૩૭

(૧૦) હંસાબહેન પટેલ : 'આખ્યાન યુગનો સાહિત્ય પ્રવાહ', પૃ. ૨૩૩

(૧૧) ડૉ. શશિન ઓઝા : 'મધ્યકાલીન ગુજરાતી આખ્યાન', પૃ. ૯૫

(૧૨) ડૉ. અંબાદાન રોહડિયા : 'જાલંધર પુરાણ' ભાગ-૧, પૃ. ૩૮

# પ્રકરણ – ૧૦

# ઉપસંહાર

૧:૧ પ્રસ્તાવના

૨:૧ તારણો

૩:૧ ચારેય કૃતિઓ સંદર્ભે તારવેલું વ્યાપક તારણ

૪:૧ એકવીસમી સદીમા 'જાલંધર' કથાનકની પ્રસ્તુતતા

❖ ઉપસંહાર

# પ્રકરણ – ૧૦
# ઉપસંહાર

## ૧:૧ પ્રસ્તાવના :

ભાલણ, હરદાસ મિસણ, વિષ્ણુદાસ અને શિવદાસ એમ ચારેય આખ્યાનકારોના આખ્યાનોની ખૂબ સૂક્ષ્મ અને વિગતપૂર્ણ પારસ્પરિક તુલના પ્રકરણ-૯ માં કર્યા પછી એ તુલના દ્વારા મળેલા તારણો -નિષ્કર્ષ સંક્ષિપ્તમાં મૂકી ખૂબ જ સ્પષ્ટ રીતે ક્યા કવિ કોનાથી જુદા પડી કેવાં અને કેટલાં શ્રેષ્ઠ નીવડ્યા છે, તેના તરફ અંગૂલિનિર્દેશ કરવાનો અહીં ઉપક્રમ સેવ્યો છે.

## ૨:૧ તારણો :

(૧) 'જાલંધર આખ્યાન'માંનાં 'જાલંધર' કથાનકનો સંદર્ભ ભાલણ અને વિષ્ણુદાસ 'પદ્મપુરાણ'માંથી લે છે. શિવદાસ ગુરુમુખેથી સાંભળેલી 'જાલંધર' વિષયક કથાનો સામગ્રી લેખે ઉપયોગ કરે છે. જ્યારે હરદાસ મિસણ 'જાલંધર પુરાણ'માં પોતે સંદર્ભ સામગ્રી તરીકે શેનો આધાર લીધો છે તે જણાવતા નથી, પરંતુ 'જાલંધર પુરાણ'નો સમગ્રલક્ષી અભ્યાસ કરતાં માલુમ પડે છે કે તેઓ પોતાની કૃતિમાં 'શિવપુરાણ' કરતાં 'પદ્મપુરાણ'ને વધુ અનુસરે છે. તેથી એમ કહી શકાય કે હરદાસજીએ 'જાલંધર પુરાણ'નો સંદર્ભ 'પદ્મપુરાણ'માંથી અથવા તો એના પુરોગામી આખ્યાનકાર ભાલણના 'જાલંધર આખ્યાન'માંથી લીધો હશે.

(૨) ભાલણ, વિષ્ણુદાસ અને શિવદાસ આખ્યાન પરંપરાને અનુસરી મંગલાચરણ આપે છે. હરદાસજી શિવના સુદીર્ઘ સ્તવનથી કથાનો આરંભ કરે છે ત્યાં કવિ ઉપરાંત હરદાસજીનું એક ભકતનું વ્યક્તિત્વ છતું થાય છે.

(૩) કથાના આરંભમાં ભાલણ મૂળને અનુસરે છે. હરદાસજી દ્વારા થયેલો કથાનો આરંભ મૌલિક છે. શિવદાસ કથાના આરંભે જાલંધરની કથા સાથે નરકાસુરની કથાને જોડે છે. જ્યારે વિષ્ણુદાસ કથાના આરંભે ભારદ્વાજ મુનિ દ્વારા વાલ્મીકિને થયેલી પૃચ્છા દ્વારા કથાનો આરંભ કરે છે. ત્યાં તેની જનમાનસને પારખવાની અને એને વશમાં કરવાની શક્તિનાં દર્શન થાય છે.

(૪) જાલંધર જન્મકથામાં ભાલણ મૂળને અનુસરે છે. હરદાસજી 'શિવપુરાણ'ને નહિ, 'પદ્મપુરાણ'ને કે પછી તેના પુરોગામી ભાલણને અનુસરે છે. શિવદાસ શિવના ક્રોધને પ્રથમ પ્રચંડ પુરુષરૂપે અને પછી બાળકરૂપે જન્મ લેતાં બતાવે છે, ત્યાં આ બંને બાબતો વચ્ચે કવિ મેળ બેસાડી શકતાં નથી. જાલંધર જન્મની કથામાં પણ કવિ વિષ્ણુદાસ પ્રજાના માનસ પર ધારી અસર નિપજાવે છે. શિવના ક્રોધને પરપોટા રૂપે અને પછી બાળકરૂપે અવતરતાં બતાવી કવિ ભાવકોના વિસ્મયને પોષે છે.

(૫) જાલંધરના નામકરણમાં ભાલણ, વિષ્ણુદાસ અને શિવદાસ મૂળને અનુસરે છે, જ્યારે હરદાસજી 'બાળકના હાથમાં જન્મજાત જાળ' હોવાથી તેનું નામ 'જાલંધર' રાખે છે, એમ કહી મૂળથી જુદા પડે છે. વિષ્ણુદાસ વાતને બહેલાવીને રજૂ કરે છે, પરંતુ કથાંશો વચ્ચે મેળ બેસાડી શકતાં નથી.

(૬) જાલંધરનો રાજ્યાભિષેક અને 'જાલંધર નગરી'ના નિર્માણની કથામાં ભાલણે ખાસ કશા ફેરફાર કર્યા નથી. મૂળે તત્કાળ યૌવન પામતા જાલંધરને બદલે ભાલણ તેને કાળક્રમે યુવાન થતો બતાવે છે. હરદાસજી પણ ભાલણને અનુસરી જાલંધરને કાળક્રમે યુવાન થતો બતાવે છે. હરદાસજીએ જાલંધર નગરીનું મયદાનવ દ્વારા નિર્માણ થતું બતાવ્યું છે. મધ્યકાલીન ગઢ, કિલ્લા, કાંગરાવાળા નગરને મળતાં 'જાલંધર નગરી'નાં વર્ણનમાં કવિએ યુગ પ્રભાવ ઝીલ્યો જણાય છે. વિષ્ણુદાસે જાલંધરને એકી સાથે રાજ્ય અને કન્યા બંને મળી જાય એવી જે યુક્તિ અજમાવી છે તે વાર્તારસને પોષક નીવડે છે. વિષ્ણુદાસની મૌલિક પ્રતિભા ત્યાં નિખરતી જણાય છે. શિવદાસે આ આખો પ્રસંગ ટાળ્યો છે.

(૭) જાલંધર - વૃંદાના લગ્ન પ્રસંગમાં ભાલણ લગભગ મૂળને વફાદાર રહે છે. હરદાસજી દ્વારા થયેલાં એ પ્રસંગ વર્ણનમાં મધ્યકાલીન રીત-રિવાજનો પ્રભાવ જોવા મળે છે. વિષ્ણુદાસનું આ સંદર્ભનું પ્રસંગ વર્ણન વાસ્તવિકતાની વધારે નજીક હોઈ હૃદયસ્પર્શી બન્યું છે. શિવદાસ માત્ર બે જ પંક્તિમાં આ પ્રસંગ રજૂ કરે છે.

(૮) સમુદ્ર મંથનની કથામાં ભાલણે બહુ ઝાઝો ફેરફાર કર્યો નથી. મૂળમા ક્ષીર સાગરના મંથનને બદલે અહીં કવિ સાગરમંથનની વાત જ કરે છે. ઉપરાંત સમુદ્ર મંથન દ્વારા જે ચૌદ રત્નો પ્રાપ્ત થયા તે હાલ ક્યાં છે તેની યાદી ભાલણે આપી છે. જેમાંના મોટા ભાગના રત્નો ઈન્દ્ર પાસે હોવાથી તે તેની સાથે યુધ્ધ કરવા પ્રેરાય છે. આવા નજીવા લાગતા ફેરફાર કૃતિને ઉપરકારક

નીવડે છે. હરદાસજીએ આ પ્રસંગે જાલંધરનું એક ભક્ત અને પ્રજાવત્સલ રાજવી તરીકે કરેલું વિસ્તૃત વર્ણન તેની નિજી મૌલિક પ્રતિભાના દર્શન કરાવી રહે છે. ભાલણ અને હરદાસજી સમુદ્રમંથનની કથા શુક્રાચાર્યના મુખે કહેવડાવે છે. વિષ્ણુદાસ આ કથા રાહુના મુખમાં મુકે છે. વિષ્ણુદાસની સિધ્ધિ નાના - મોટા ફેરફારો કરતાં કથા પ્રસંગને બહેલાવીને રજૂ કરવામાં રહેલી છે. કવિએ જનમાનસને પારખીને મૂળમાં ન હોય એ રીતે આ કથા પ્રસંગને એવો બહેલાવીને રજૂ કર્યો છે કે શ્રોતાઓ રસતરબોળ બને છે. આ પ્રસંગ નિમિત્તે કવિએ નાના-મોટા મૌલિક ફેરફારો કરેલા છે જે કવિત્વના ધોતક છે. શિવદાસ અહીં મૂળકથામાંની વિગતોના ક્રમમાં પણ ફેરફાર કરે છે, જેનાથી વસ્તુ સંકલનાને હાનિ પહોંચી છે. શિવદાસ દ્વારા થયેલા ફેરફારો યથાર્થ જણાતા નથી.

(૯) જાલંધર - ઇન્દ્ર વચ્ચેની લડાઇની વિગતોમાં ભાલણે જે ક્રમે કથા પ્રસંગોની પસંદગી કરી છે તે પ્રશંસનીય છે. જાલંધરના પરાક્રમથી ડરી, રણમેદાન છોડી વિષ્ણુને શરણે આવેલા ઇન્દ્રાદિ દેવોને જોઇએ વિષ્ણુ અને લક્ષ્મી વચ્ચે જે સંવાદો થાય છે, ત્યાં ભાલણની કલમે આ બંને દૈવી પાત્રો વધુ માનવીય બનતાં જણાય છે. જાલંધર-ઇન્દ્ર વચ્ચેની લડાઇનાં પ્રસંગ વર્ણનમાં હરદાસજી નાના-મોટા ફેરફારો કરે છે ત્યાં તે મધ્યકાલીન રાજરીતિને અનુસરતા જણાય છે. હરદાસજીએ યુધ્ધ વર્ણનોને બહેલાવીને રજૂ કર્યા છે. અહીં લક્ષ્મીજીના પાત્રને માનવીય નિખાર મળ્યો છે, પરંતુ લક્ષ્મીજીની વિનંતી સામે મુત્સદ્દીભર્યું મૌન સેવતાં વિષ્ણુ ચતુર બનતા જણાય છે. અહીં ઇન્દ્ર અને બલિદાનવ વચ્ચેના દ્વંદ્વયુધ્ધનો ઉલ્લેખ કવિનું મૌલિક ઉમેરણ છે. એ દ્વારા કવિએ મધ્યકાલીન ટેકીલા ક્ષત્રિય સમાજનું પ્રતિબિંબ ઝીલ્યું જણાય છે. વિષ્ણુદાસ જાલંધર-ઇન્દ્રનાં યુધ્ધ પ્રસંગમાં મહદ્અંશે મૂળને અનુસરે છે. ઇન્દ્રને જીતીને અમરાપુરમાં બલિદાનવને રક્ષક તરીકે મૂકી ઇન્દ્રની પાછળ જ જાલંધર જાય એવા નજીવા ફેરફાર સિવાય વિષ્ણુદાસની કોઇ સિધ્ધિ અહીં જણાતી નથી, એટલું જ નહીં કથા પ્રસંગને બહેલાવીને રજૂ કરતા વિષ્ણુદાસ અહીં લક્ષ્મી-વિષ્ણુ સંવાદવાળો આખો પ્રસંગ ચૂકી ગયા છે, જે કથાની રસિકતાને હાનિ પહોંચાડે છે. શિવદાસ યુધ્ધ પ્રસંગોમાં મૂળના ઘટના ક્રમને અનુસરતા નથી તેથી ઘણી અસ્પષ્ટતાઓ રહી જવા પામે છે. પ્રસંગોની ઉલટ-સૂલટ કથાના વસ્તુ વિકાસને રૂંધે છે.

(૧૦) વિષ્ણુ-જાલંધર યુધ્ધ પ્રસંગમાં ભાલણે એ પ્રસંગને લાઘવતા અર્પવા સિવાય ખાસ કશો ફેરફાર કર્યો નથી. જાલંધરના પરાક્રમથી પ્રસન્ન થયેલા વિષ્ણુ દ્વારા વરદાન માગવાનું કહેવામાં આવતા જાલંધર વિષ્ણુ પાસે 'લક્ષ્મી સહિત સાગર નિવાસ' માગે છે એ પ્રસંગ ભાલણ અને હરદાસ મિસણ બંનેમાં નજીવા ફેરફાર સાથે મળે છે. વિષ્ણુદાસ વિષ્ણુ-જાલંધર યુધ્ધ પ્રસંગે દૈવી પાત્રોની દુષ્ટતા સામે દાનવપાત્રની ઉદારતા, માનવતાનું દર્શન કરાવી, દૈવીપાત્રને દાનવપાત્ર સામે ઝાંખા પડતા બતાવે છે એટલું જ નહિ, આ પ્રસંગથી દૈવીપાત્ર કરતાં દાનવપાત્ર ભાવકોની લાગણી જીતી જાય છે. જાલંધર શિવનો અંશ છે એ અહીં ચરિતાર્થ થતો જણાય છે. વિષ્ણુના સાગર નિવાસની વાતને વિષ્ણુદાસ બિલકુલ સ્પર્શતા નથી. શિવદાસના 'જાલંધર આખ્યાન'માં વિષ્ણુ-જાલંધર યુધ્ધના પ્રસંગનો ઉલ્લેખ સુધ્ધાં મળતો નથી.

(૧૧) શિવ-જાલંધર યુધ્ધની આખી કથા 'પદ્મપુરાણ' ખૂબ વિસ્તારથી કહે છે, પરંતુ મધ્યકાલીન સમાજને નજર સમક્ષ રાખી ભાલણે ઘટનાઓની ભરમારને બદલે સીધા કથન દ્વારા ભાવકોને જકડી રાખ્યા છે. યુધ્ધ પ્રસંગોના ઘટનાક્રમમાં ફેરફાર સિવાય બીજા મૌલિક અંશો કવિ તરફથી ઉમેરાતાં નથી. હરદાસજી આ યુધ્ધ પ્રસંગને બહેલાવીને રજૂ કરે છે. જાલંધરના વધ માટે જાલંધર પત્ની વૃંદાના શીલભંગનો આદેશ આપવા સુધીની ઘટનાઓને મૌલિક ઉમેરણો વડે હરદાસજીએ વધુ જીવંત અને રસપૂર્ણ બનાવી છે. પાર્વતીનાં દર્શનમાત્રથી હરદાસજીના જાલંધરનું વીર્યસ્ખલન થતું નથી. એ રીતે એ પાત્ર મૂળ કરતાં વધુ સંયમી લાગે છે. મૂળકથાનુસાર પાર્વતીજી વિષ્ણુને વૃંદાના શીલભંગ માટે ઉશ્કેરે છે. હરદાસજી શક્તિ સ્વરૂપા પાર્વતીને આવા હીન કૃત્યથી દૂર રાખે છે અને આ પાપકર્મ માટે ખુદ ભગવાન વિષ્ણુને જવાબદાર ઠેરવે છે. વિષ્ણુદાસ 'જાલંધર આખ્યાન'માં આ પ્રસંગે મૌલિક ફેરફારો કરે છે. શિવ પરિવારની સભાનું કૌતુક નિહાળી રાહુ શિવને જાલંધરનો સંદેશ સંભળાવ્યા વગર પાછો વળે છે. કથાને રસિક બનાવતા પ્રસંગોનું ઉમેરણ અને ઉપલકીયા લાગતા પ્રસંગોના ત્યાગથી કથાની સળંગસૂત્રતા જળવાય છે. કથાનું પોત ઘટ્ટ બને છે. ઇન્દ્રના પાત્ર સંદર્ભે 'કરણી તેવી ભરણી'નું જનમાનસમાં રહેલું સૂત્ર-વિષ્ણુદાસના કાવ્યન્યાય જાળવતા આલેખનથી - સાર્થક બનતું જણાય છે. શિવ-જાલંધરનો યુધ્ધ પ્રસંગ ચાર કડવાં સુધી વિસ્તરે છે. જાલંધરના મૃત્યુનું રહસ્ય જાણવા લક્ષ્મીજીને મોકલતા વિષ્ણુનું આખું કથાઘટક ભારતીય મૂલ્યોનું, સાથે

દૈવીપાત્રોનું ગૌરવ પણ ઓછું કરે છે. છતાં આખો પ્રસંગ કવિનું મૌલિક ઉમેરણ છે, જે કવિની નિજી પ્રતિભામાંથી નીપજ્યો છે. 'જે પોષતું તે મારતું' એ ન્યાયે કવિની આ સિધ્ધિ જ તેની મર્યાદા પણ બની રહે છે. શિવવેશધારી જાલંધરને અને જાલંધરવેશધારી શિવને અનુક્રમે પાર્વતી અને વૃંદા જે વચનો કહે છે, એ માર્મિક છે. એ દ્વારા લોકોમાં શુધ્ધ ચારિત્ર્યનું નિર્માણ કરવાનો કવિનો શુભ આશય છે. આ કથા ઘટકનું ઉમેરણ કવિ કૌશલ્યનું દ્યોતક બની રહે છે. શિવદાસ જાલંધરના ઈન્દ્ર કે વિષ્ણુ સાથેના યુધ્ધ પહેલાં જ રુદ્ર સાથેના યુધ્ધનો પ્રસંગ નિરૂપે છે, ત્યાં રુદ્રની હાર થાય છે. ફરી વૃંદાના પતિવ્રતધર્મનો ભંગ કરવા માટે દેવોને વિચારવાનું કહી રુદ્ર જાલંધર પર ચઢાઈ કરે છે, એ પ્રસંગે દેવોનાં રથના વર્ણનમાં અને રુદ્રના મહાવિકરાળ રૂપનાં વર્ણનમાં કવિ શિવદાસની મૌલિકતાના દર્શન થાય છે. આ પ્રકારનું કથન વર્ણન કથાને દિવ્યતંતુ સાથે જોડે છે, જે મધ્યકાલીન જનમાનસને અનુકૂળ નીવડે છે.

(૧૨) વિષ્ણુ દ્વારા શીલભંગ થતી વૃંદાનો પ્રસંગ ભાલણ, હરદાસ મિસણ અને વિષ્ણુદાસ વિગતે નિરૂપે છે. જાલંધર વિના વિરહવ્યથા ભોગવતી વૃંદાનાં વર્ણનમાં નારી સહજ મનોભાવોનું સચોટ નિરૂપણ ભાલણ કરે છે. જાલંધરને મૃત્યુ પામેલો જાણી પતિવ્રતધર્મનું પાલન કરતી વૃંદા જે વિલાપ કરે છે ત્યાં ભાલણનું કવિત્વ ખીલી ઊઠે છે. આ સમગ્ર કથનમાં કપટરૂપ વિષ્ણુનાં અધમકૃત્યથી લાજ પામી પતિના વિરહે પ્રાણ ત્યાગ કરતી વૃંદાના પાત્રમાં ભારતીય નારીની તેજસ્વીતાના ભાલણે દર્શન કરાવ્યા છે. પતિ વિરહે સતી થતી વૃંદાનું કથા ઘટક કથાને સમસામયિક બનાવે છે. 'જાલંધર પુરાણ'ના કવિ હરદાસ મિસણે આ પ્રસંગમાં માનવીય ભાવોનું આરોપણ કરીને કથાને ખીલવી છે. એ દ્વારા એની વર્ણનકલા અને કવિત્વનો પરિચય મળે છે. મૂળકથાનકમાં નજીવા ફેરફાર છતાં સમકાલીન માનવભાવોનું નિરૂપણ કરવામાં હરદાસજી મહદ્અંશે સફળ રહ્યા છે. વૃંદાના શીલભંગની કથા વિષ્ણુદાસ ખૂબ વિગતે નિરૂપે છે. વિષ્ણુ વૃંદાને છળવા તાપસ વેશ ધારણ કરે છે ત્યાંથી લઈ વૃંદાના શીલભંગ સુધીના નાના-મોટા પ્રસંગોમાં વિષ્ણુદાસની મૌલિક પ્રતિભાના દર્શન થાય છે. પતિવ્રતધર્મનું પાલન કરતી વૃંદાનો પતિના અંગ-ઉપાંગોને જોઈ થતો વિલાપ આખું ૩૨ મું કડવું રોકે છે. વિષ્ણુદાસનું કવિત્વ ખીલી ઊઠે છે. મૂળ કથાના ઘટનાક્રમમાં વિષ્ણુદાસે કરેલા ફેરફાર અને વૃંદા-વિષ્ણુ જે સ્થળે એકાંત માણી રહ્યા છે ત્યાં જાલંધરના મસ્તકનું આવીને પડવું વગેરે કવિના મૌલિક ઉમેરણો કથાને વધારે રસિક બનાવવા ઉપકારક નીવડ્યા છે.

વિષ્ણુદાસના હાથે વિષ્ણુના પાત્રનું ગૌરવ જળવાય છે. હરદાસજીની જેમ જ વિષ્ણુદાસની કલમે થયેલું આ પ્રસંગ વર્ણન કથાને સમસામયિક બનાવે છે. શિવદાસની કલમે થયેલું આ પ્રસંગ વર્ણન વૃંદાના પાત્રને વધુ નિખાર આપે છે. દેવે પણ સતીના સતીત્વથી ડરવું પડે એવું 'જાલંધર આખ્યાન'માં શિવદાસનું નિરૂપણ મધ્યકાલીન ભાવકોનાં માનસને અનુકૂળ નીવડે છે.

(૧૩) ભાલણ 'જાલંધર આખ્યાન'માં જાલંધર વધનો પ્રસંગ ટૂંકમાં જ આટોપી લઇ ધાત્રી, માલતી અને તુલસીની કથા આપી તેના માહાત્મ્ય સાથે કથા પૂર્ણ કરે છે. વિષ્ણુના મુખે રજૂ થયેલું તુલસી માહાત્મ્ય હિન્દુ ધર્મની તુલસી સંબંધી માન્યતાઓને સમર્થન આપે છે. 'જાલંધર પુરાણ'માં જાલંધર-શિવ સામસામે આવતા શિવના નેત્રોમાંથી અગ્નિ પ્રગટે છે છતાં જાલંધરનું ભક્ત હૃદય શિવનું સ્તવન કરે છે, જે હરદાસજીની શિવભક્તિનું દર્શન કરાવી જાય છે. દેવી પાર્વતીનો જાલંધર દ્વારા જગતજનની રૂપે થતો સ્વીકાર જાલંધરે પાર્વતી પ્રત્યે કરેલ કુદૃષ્ટિની ઘટનાનો છેદ ઉડાડી જાય છે. આ પ્રકારના કવિના મૌલિક ઉમેરણથી જાલંધર ભગવાન શિવનો એકનિષ્ઠ ભક્ત બની રહે છે. આ પ્રસંગથી હરદાસજીએ જાલંધરના પાત્રનું ઉર્ધ્વીકરણ કર્યું છે, જે વધુ ઔચિત્યપૂર્ણ અને અસરકારક બની રહે છે. હરદાસ મિસણ દ્વારા વર્ણવાયેલ જાલંધર વધના પ્રસંગમાં જાલંધર મરીને પણ અમર બની જાય છે. મધ્યકાળમાં વીર મૃત્યુને - ભલે પછી તે દુશ્મન કેમ ન હોય ! - ચારણો અને ક્ષત્રિયો દ્વારા વધાવવામાં આવતું. હરદાસજીએ ચારણ કવિ હોવાને નાતે વીર મૃત્યુની પ્રશંસા કરવાની પરંપરા અહીં જાળવી છે. કથાંતે ફરી આવતું શિવ સ્તવન કવિની શિવભક્તિનું દ્યોતક છે. જાલંધર વધના પ્રસંગમાં વિષ્ણુદાસ નાના મોટા ફેરફારો કરે છે. જાલંધર વધ પછી તુલસીની ઉત્પત્તિ અને એના માહાત્મ્યને કવિ વર્ણવે છે અને આખ્યાન પરંપરાનુસાર ફલશ્રુતિ સાથે કથાનો કવિ અંત લાવે છે. શિવદાસ જાલંધર વધનો પ્રસંગ એક જ પંક્તિમાં આપી દે છે. તુલસીના છોડની ઉત્પત્તિની વાત શિવદાસ પણ કરે છે, પરંતુ કથાને ખૂબ જ ટૂંકાવીને રજૂ કરી હોવાથી કવિ કથાના અંકોડા મેળવી શકતા નથી.

(૧૪) કવિ ભાલણના 'જાલંધર આખ્યાન'માં મહદ્અંશે પાત્રોનું પૌરાણિક ગૌરવ જળવાય છે. ક્યાંક શિવ, લક્ષ્મીજી જેવા દેવીપાત્રોમાં માનવીય ભાવોનું પ્રતિબિંબ ઝિલાય છે. કવિ હરદાસ મિસણના 'જાલંધર પુરાણ'ની પાત્રસૃષ્ટિ ખૂબ જ વિશાળ અને વૈવિધ્યપૂર્ણ છે. મુખ્ય-ગૌણ

તમામ પાત્રોનો કથાના વિકાસમાં નોંધપાત્ર ફાળો છે. આ પાત્રો કથાને વીરરસ અને ભક્તિરસથી સભર બનાવે છે. સાથે સાથે હરદાસજીની ઉત્તમ પાત્રાલેખનકળાનો પરિચય પણ કરાવી રહે છે. 'જાલંધર પુરાણ'ના પાત્રોની બાહ્ય અને આંતરિક રેખાઓથી મધ્યકાલીન વાતાવરણ કવિ ખડું કરી શક્યા છે. વિષ્ણુદાસના 'જાલંધર આખ્યાન'માં કવિની પાત્રચિત્રણ કલાનો ઉત્તમ ઉન્મેષ જોવા મળે છે. કવિની પાત્રાલેખન કલાની શક્તિનો પરિચય કરાવતાં આ પાત્રો કથાને આસ્વાદ્ય બનાવવા સાથે કથાને પૌરાણિકતા બક્ષે છે. ક્યાંક શિવ જેવા દૈવીપાત્ર દેવ કરતાં રસિક પતિ તરીકે નિરૂપણ પામે છે ત્યાં, કવિ દૈવીપાત્રોમાં માનવીય સંવેદનાઓને નિખાર આપતા જણાય છે. વિષ્ણુદાસની પાત્રાલેખન કલાનો ઉત્તમ ઉન્મેષ વૃંદાના પાત્રમાં દૃષ્ટિગોચર થાય છે. વિષ્ણુદાસના હાથે ચિત્રણ પામેલું લાચાર લક્ષ્મીજીનું પાત્ર મધ્યકાલીન જ નહીં, સર્વકાલીન સ્ત્રી દશાનો ચિતાર આપી રહે છે. શિવદાસના 'જાલંધર આખ્યાન'માં જાલંધર અને નરકાસુર બેઉ પ્રધાન પાત્ર તરીકે નિરૂપણ પામ્યાં છે. મુખ્ય પાત્રો કે કૃત્યા જેવું ઓછું મહત્ત્વ ધરાવતાં પાત્રો પણ કથાના વિકાસમાં પોતાનું યોગદાન આપે છે. સત્યભામાને મનાવતાં કૃષ્ણના પાત્રમાં કવિએ માનવીય અંશો પ્રગટાવ્યા છે. એક પારિજાતના પુષ્પ માટે રિસાતી-મનાતી સત્યભામાનું મુગ્ધ યૌવનાનું રૂપ શિવદાસના હાથે ચિરંજીવ બનવા પામ્યું છે. મોટાભાગના પાત્રો અહીં મૂળને વફાદાર રહીને આલેખાયાં છે.

(૧૫) ભાલણના 'જાલંધર આખ્યાન'નો મુખ્ય રસ વીર હોવા સાથે ગૌણ રસ તરીકે રૌદ્ર, બીભત્સ, ભયાનક, અદ્‌ભુત, શૃંગાર, કરુણ, હાસ્ય અને શાંત એમ લગભગ બધા જ રસનું સંમિશ્રણ થયેલું અનુભવાય છે. રસ નિરૂપણ સંદર્ભે ચારણી સાહિત્યની વિશિષ્ટ પરંપરાનો પરિચય 'જાલંધર પુરાણ'માંથી મળે છે. ચારણી સાહિત્યમાં ભક્તિ, શૌર્ય અને શૃંગારનો ત્રિવેણી સંગમ ચારણી સાહિત્યને અનોખું પરિમાણ બક્ષે છે. 'જાલંધર પુરાણ' આવી વીરરસને પ્રેરક અને પોષક કૃતિ બની રહી છે. વીરરસ ઉપરાંત વીરરસને પોષક એવા રૌદ્ર, ભયાનક, બીભત્સ અને કરુણ ઉપરાંત શૃંગાર, હાસ્ય, અદ્‌ભુત અને શાંતરસનું નિરૂપણ પણ કવિએ કર્યું છે. 'જાલંધર પુરાણ'માં વીરની સમાંતરે જ શાંતરસનું નિરૂપણ થયું છે. કૃતિને આરંભે અને અંતે શિવ સ્તવન ઉપરાંત અનેક સ્થળે દેવતાઓના મુખે શિવ સ્તવનો મૂક્યા છે એ દર્શાવે છે કે જાલંધર કથાનક નિમિત્તે શિવ મહિમાનું ગાન કરવાનો કવિ હરદાસજીનો મુખ્ય

હેતુ છે. આ શિવ સ્તવનો શ્રોતાઓને શાંતરસમાં તરબોળ કરે છે. શાંતરસની ગંગાનો પાવનકારી પ્રવાહ સમગ્ર રચનામાં વ્યાપક રીતે વહેતો જોવા મળે છે. વીર અને શાંતરસના બે કિનારાઓ વચ્ચે જાણે કથા સરિતા વહેતી રહે છે. શાંતરસનું ઔચિત્યસભર આલેખન કવિશ્રીના ભક્ત કવિના રૂપને છતું કરે છે. વિષ્ણુદાસ કૃત 'જાલંધર આખ્યાન'નો મુખ્ય રસ વીરરસ છે. મધ્યકાલીન આખ્યાનો માત્ર સમાજના જનમનરંજનાર્થે જ નહિ, ધર્મના ઉપદેશ માટે પણ લખાતા. ભક્તિ પરંપરાના આ આખ્યાનો અંતે ભક્તિના શાંતરસમાં નિર્વહણ પામે છે. આ પરંપરાને વિષ્ણુદાસ અનુસરે છે. આમ, મુખ્ય રસ વીર સાથે રૌદ્ર, ભયાનક, બીભત્સ, અદ્ભુત અને શાંતરસનું આલેખન 'જાલંધર આખ્યાન'ને રસિક બનાવે છે. રસસિદ્ધિની બાબતમાં શિવદાસનું 'જાલંધર આખ્યાન' ઊણું ઉતરતુ જણાય છે. વૃંદાના વિલાપ વેળાના કરૂણ કે સત્યભામાના રિસામણાના પ્રસંગે નિષ્પન્ન થતો શૃંગાર શિવદાસની રસનિરૂપણ કળાના ઉત્તમ ઉન્મેષો પ્રગટ કરે છે. આ બંને અપવાદને બાદ કરતાં કવિ આખ્યાનના મુખ્ય રસ વીરને પણ સુંદર રીતે નિરૂપિત કરી શકતાં નથી.

(૧૬) જાલંધર કથાનક ધરાવતી આ ચાર કૃતિઓમાં વર્ણનકળાની દૃષ્ટિએ હરદાસ મિસણ અને વિષ્ણુદાસની કૃતિઓ શ્રેષ્ઠ સ્થાનની અધિકારી છે. હરદાસ મિસણનાં યુધ્ધ વર્ણનો ઉત્તમ છે. મધ્યકાલીન યુગમાં કવિએ નજરે નિહાળેલા યુધ્ધોનું અનુભૂતિજન્ય સંગ્રામ વર્ણન અહીં વાસ્તવિક બની રહે છે. રણવાદ્યોથી પ્રગટતાં નાદ સૌન્દર્ય દ્વારા વર્ણનો જીવંત અને મનોરમ્ય બન્યાં છે. રણવાદ્યોના આ તુમુલ નાદ વૈભવને કારણે સમરાંગણમાં હાહાકાર મચાવતું વર્ણન કાયરોને ભય પમાડે છે અને વીરોમાં ઉત્સાહ પ્રેરે છે. હરદાસ મિસણે બહુ જ સુયોગ્ય રીતે વીરરસને પોષક વર્ણાનુપ્રાસ, લાટાનુપ્રાસ અને રવાનુકારી પ્રયોગો દ્વારા વર્ણનોને જીવંત બનાવ્યા છે, જે હરદાસજીની અનેરી સિધ્ધિ છે. વિષ્ણુદાસની વર્ણનકળાની સિધ્ધિ તેનાં પાત્રવર્ણન અને પ્રસંગવર્ણનમાં જોવા મળે છે. પાર્વતીનાં રૂપસૌન્દર્યની એકદમ વિરોધે થયેલું શિવનું વર્ણન જીવંત બનવા પામ્યું છે. જાલંધર અને માયાવી શિવનું બાહ્ય વર્ણન અને વૃંદાના પાત્ર સંદર્ભે જુદા જુદા પ્રસંગે વ્યક્ત થતાં તેનાં આંતરિક સૌન્દર્યનું વર્ણન કવિની વર્ણનકળાના ઉત્તમ ઉન્મેષો પ્રગટ કરે છે. 'જાલંધર આખ્યાન'ના તમામ યુધ્ધવર્ણનો વિષ્ણુદાસની વર્ણનકલાની સિધ્ધિ દર્શાવી જાય છે. એ ઉપરાંત ઈન્દ્ર પરના ક્રોધને કારણે શિવના પ્રસ્વેદમાંથી પ્રગટેલા પરપોટાનો પ્રસગ, કેટલી બધી વિચિત્રતાઓ વચ્ચે સામંજસ્ય

કેળવીને રહેતા શિવ પરિવારનો પ્રસંગ, સમુદ્રમંથનનો પ્રસંગ વગેરે પ્રસંગ વર્ણનો સુશ્લિષ્ટ અને મનોહર છે. વર્ણનકળા સંદર્ભે વિષ્ણુદાસ અહીં પ્રેમાનંદની સાથે સ્પર્ધા કરતા જણાય છે. વૃંદાને છળવાનો શિવનો પ્રયાસ અને જાલંધરના મરણનો ઉપાય જાણવાની વિષ્ણુની યુક્તિ, એ પ્રસંગો વિષ્ણુદાસની મૌલિક કલ્પનાનું પરિણામ છે. ભાલણની વર્ણનકળામાંથી કશું ચમત્કૃતિજન્ય પરિણામ મળતું નથી. અલબત્ત, સમય દૃષ્ટિએ સૌથી પહેલાં ભાલણનું આખ્યાન લખાયેલું હોઇને 'જાલંધર' કથાનકના પુરોગામી આખ્યાનકાર તરીકે તેની વર્ણનકળાને બિરદાવવી પડે, કેમકે પછીના આખ્યાનકારોને એ વર્ણનોમાંથી જ ઘણી પ્રેરણા મળી જણાય છે. કવિ શિવદાસને પાત્ર કે પ્રસંગવર્ણન કરતાં સ્થળવર્ણન કરવાનું વિશેષ ફાવ્યું છે એમ કૈલાસનું કે નરકાસુરની નગરી 'પ્રાગ્જ્યોતિષપુર'નું વર્ણન વાંચતા કહી શકાય. અલબત્ત, કડવા-૧૩ માં સત્યભામાના રૂસણાનો પ્રસંગ આખ્યાનના તમામ પ્રસંગોમાં ઉત્તમોત્તમ બનવા પામ્યો છે. સ્થળ કે પ્રસંગ સંદર્ભે શિવદાસ પાસેથી જે થોડાં ઉત્તમ વર્ણનો મળે છે તેના દ્વારા શિવદાસની વર્ણનકળાની સિધ્ધિ અને તેની મૌલિક પ્રતિભાનો પરિચય મળી રહે છે.

(૧૭) ભાલણના 'જાલંધર આખ્યાન'માં ભાલણે વેધક અને લાઘવયુક્ત સંવાદો પ્રયોજ્યા છે, જે પાત્રોના આંતર-બાહ્ય વ્યક્તિત્વનો પરિચય આપવા સાથે કથાને રસિક બનાવે છે. કવિશ્રી હરદાસજીએ 'જાલંધર પુરાણ'માં પ્રયોજેલા સંવાદો પાત્રોના આંતરમનમાં ચાલતી મથામણોને પ્રગટ કરે છે. પાર્વતીજીનો 'જગતજનની' રૂપે સ્વીકાર કરાવતો જાલંધરના મુખમાં મુકાયેલ સંવાદ જાલંધરના પાત્રનું ઉર્ધ્વીકરણ કરે છે. 'જાલંધર પુરાણ'ના સંવાદો કલામય ઘાટ પામીને કૃતિને બહુપરિમાણી બનાવે છે. વિષ્ણુદાસ સંવાદો વડે પાત્ર, પરિસ્થિતિ અને પ્રસંગોને રસિક બનાવે છે. જાલંધરના મૃત્યુનું રહસ્ય જાણવા લક્ષ્મીને મોકલતા વિષ્ણુનો લક્ષ્મી સાથેનો સંવાદ, દેવો સાથે યુધ્ધ ન કરવા વિશે વૃંદા-જાલંધર સંવાદ, વૃંદાના સતીત્વનો પરિચય આપતો શિવ-વિષ્ણુ સંવાદ વગેરે પાત્રો અને પ્રસંગો સંદર્ભે વિષ્ણુદાસે પ્રયોજેલા સંવાદો માર્મિક અને હૃદયસ્પર્શી બન્યાં છે. શિવદાસના 'જાલંધર આખ્યાન'નાં સૌથી રસિક એવા સત્યભામાના રૂસણાના પ્રસંગે અને બીજા અનેક પાત્ર કે પ્રસંગ સંદર્ભે શિવદાસે યોજેલા સંવાદો આખ્યાનને આસ્વાદક્ષમ બનાવે છે.

## ૩.૧ ચારેય કૃતિઓ સંદર્ભે તારવેલું વ્યાપક તારણ :

(૧) ભાલણ મહદ્અંશે મૂળ કથાનકને વફાદાર રહ્યા જણાય છે. છતાં બાકીના ત્રણેય કવિઓના સમર્થ પુરોગામી તરીકે તેનું મહત્ત્વ તો છે જ.

(૨) હરદાસજીના 'જાલંધર પુરાણ'માંનું જાલંધર કથાનક સમકાલીનતાના રંગે રંગાયેલું જોવા મળે છે. ચારણી આખ્યાનની પરંપરામાં આ આખ્યાન મોખરાનું સ્થાન ધરાવે છે. આ ચારેય આખ્યાનોની તુલના કરતાં જણાય છે કે 'જાલંધર પુરાણ'માં કવિ હરદાસજી કરતાં ભક્ત કવિ હરદાસજીનું રૂપ વિશેષ રૂપે છતું થાય છે.

(૩) વિષ્ણુદાસના જાલંધર કથાનક સંદર્ભે નિજી મૌલિક ફેરફારો અને ઉમેરણો તેને ચારેય કવિઓમાં શ્રેષ્ઠ સ્થાનનાં અધિકારી બનાવે છે. કથા સમસામયિક બનવા સાથે કવિના બહોળા અનુભવ જગતનો પરિચય કરાવનારી બની રહે છે. જે કવિ અને કૃતિ ઉભયને ઉત્તમના અધિકારી ઠેરવે છે.

(૪) શિવદાસ નાનકડા આખ્યાનમાં બે કથા કહેતા હોવાથી ઘણી અસ્પષ્ટતાઓ રહી જવા પામી છે. કથાનું પોત શિથિલ બન્યું છે. અલબત્ત, સ્થળ વર્ણન કે કૃષ્ણ-સત્યભામાનાં પ્રસંગ વર્ણન સંદર્ભે કવિનું કવિત્વ ખીલ્યું છે, છતાં ચારેય કૃતિની તુલનાએ શિવદાસની કૃતિ નબળી પૂરવાર થાય છે.

## ૪:૧ એકવીસમી સદીમાં 'જાલંધર' કથાનકની પ્રસ્તુતતા :

એકવીસમી સદી એક વસમી સદી થવા તરફ જઇ રહી છે. આ સદીના લોકો અને આધુનિક સાહિત્ય, આપણા પૌરાણિક ગ્રંથો, આપણી સાહિત્યિક-સાંસ્કૃતિક પરંપરાઓ તેમજ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યથી - કે જેના કેન્દ્ર સ્થાને ધર્મ રહેલો છે - દિવસે દિવસે વિમુખ થતા જાય છે. આધુનિક સાહિત્યમાં જણાતું એબ્સર્ડનું તત્વ તેમજ પ્રયોગશીલતાથી કંટાળેલો ભાવક પણ ધીમે ધીમે ગુજરાતી સાહિત્યથી વિમુખ થતો જાય છે. પરમ તત્વ પરની શ્રધ્ધા જાણે માણસ ગુમાવતો જાય છે. એવે સમયે મધ્યકાળના ધર્મરંગ્યા સાહિત્યનું ગૌરવ આધુનિકતાના સંદર્ભે પુનઃસ્થાપિત કરવું જરૂરી લાગે છે. મધ્યકાલીન જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યયુક્ત સાહિત્યિક પરંપરાનું ગૌરવ પ્રસ્થાપિત થાય તે આજના સમયની માંગ છે. આજની પેઢીનાં બાળકોને આકર્ષતા 'શક્તિમાન' કરતાં વિશેષ શક્તિમાન એવા મહાદેવનાં કાર્યોને નિહાળવાની નવી દષ્ટિ બાળકોમાં ખીલે એ પણ આજના સમયની તાતી માંગ છે. તેથી અહીં ખૂબ જ ટૂંકમાં 'જાલંધર' કથાનકને આધુનિક સંદર્ભે મૂલવવાની કોશિશ કરી છે.

આજના સમયમાં 'જાલંધર' કથાનકની પ્રસ્તુતતા શી ? એ વિશે વિચારતાં જે ઉત્તરો સૂઝ્યા છે એને યથામતિ દર્શાવવાનો ઉપક્રમ સંશોધનના અંતે સેવ્યો છે.

- 'જાલંધર' કથાનકના સંદર્ભે આવતું ઈન્દ્રનું પાત્ર સત્તા અને સંપત્તિ ન જીરવી શકતા માણસનું પ્રતીક બનીને આવ્યું છે. બાહુબળ, સત્તા અને સંપત્તિનો ગર્વ મનુષ્યને નામશેષ કરી શકે એવું ઈન્દ્રના પાત્ર દ્વારા ફલિત થાય છે.
- 'જાલંધર' કથાનકનું મુખ્ય પાત્ર જાલંધર ભગવાન શિવના ક્રોધમાંથી જન્મ્યું છે. *'क्रोधात् भवति संमोह…'* વાળી ગીતાની વાતને અહીં સંદર્ભ તરીકે લઇને કહી શકાય કે કોઇપણ વ્યક્તિએ ક્રોધને કાબૂમાં રાખવો ઘટે. ક્રોધનું પરિણામ મહાભયંકર (દાનવરૂપ) હોઇ, વ્યક્તિનો પોતાનો જ નહીં સમષ્ટિનો પણ સર્વનાશ નોતરે.
- જાલંધરના પાત્ર સંદર્ભે એક બીજી મહત્ત્વની વાત નોંધી શકાય કે, જાલંધરનો જન્મ શિવના ક્રોધમાંથી થયો તેથી તે દાનવરૂપે જન્મ્યો, પરંતુ તેનાં કર્મો એક વીરને છાજે એવાં છે. એથી જ ભગવાન શિવ પણ એને 'દૈત્યેન્દ્ર' કહી સન્માન આપે છે. અહીં આધુનિક સંદર્ભે એ વાત ફલિત થાય છે કે માણસ જન્મથી મહાન નથી, કર્મથી મહાન છે.
- દાનવરાજ જાલંધરના શાસનકાળ દરમ્યાન તેના રાજ્યમાં નિત્ય ઉત્સવ હોય છે. અન્ન, દુધ, ઘી, મધ વગેરે સર્વત્ર સુલભ હોય છે, પૃથ્વી વણખેડ્યે વિપુલ અન્ન ઉપજાવે છે, પતિ-પત્નીનો, મિત્ર-મિત્રનો, માતા-પિતા અને સંતાનોનો વિયોગ થતો નથી. સર્વ ઋતુઓમાં વનશ્રી હરીભરી હોય છે. દાનવ હોવા છતાં આવો સારો શાસક હોય તો આજના શાસકોને કોની સાથે સરખાવવા ? આજના શાસકોએ જાલંધરનાં 'સુરાજ્ય'માંથી ધડો લેવો જ રહ્યો.
- જાલંધર પોતાના સેવક રાહુના દુઃખે દુઃખી અને સુખે સુખી થાય છે. આજે દરેક માલિક જાલંધર જેવા સેવક પ્રેમી હોય તો ઘણા બધા પ્રકારની હડતાલો, વિરોધોનો અંત આવી જાય.
- 'સાગરમંથન'ની ક્ષોભકથા કહેતા સંકોચ અનુભવતા દાનવગુરુ શુક્રાચાર્ય જેવું યજમાનહિતૈષીપણું આજના કહેવાતા ગુરુઓમાં છે ખરું ?
- જાલંધર સાગરપુત્ર છે અને લક્ષ્મીજી સાગરતનયા છે એથી એ બંને ભાઇ-બહેન છે. આજના સંદર્ભે એનો અર્થ એ લઇ શકાય કે એક જ માતા-પિતાનું એક સંતાન દેવરૂપ તો બીજું દાનવરૂપ હોઇ શકે છે !

- ભારતીય સંસ્કૃતિમાં સતી સ્ત્રીઓની એક ઊજળી પરંપરા છે. એ પરંપરાનું એક તેજસ્વી નારી પાત્ર એટલે વૃંદા. વૃંદાનું આ પૌરાણિક પાત્ર એકવીસમી સદીની નારીને માટે આદર્શ પાત્ર બનવું જોઇએ. પુરુષ સમોવડી થવા મેદાને પડેલી આજની નારીને આ પાત્રના પરિચયથી જાણવા મળે છે કે સ્ત્રી હંમેશા પુરુષ કરતાં ચઢિયાતી રહી છે. પુરુષ સમોવડી બનીને તે પોતાનું સ્થાન નીચું આણે છે. 'અર્ધનારીનટેશ્વર'ની આપણે ત્યાં જે વિભાવના છે, એમાં નારીને 'અર્ધાંગના' કહી છે. એ નારીના પતિવ્રતધર્મના પાલનથી જ, પત્નીના પતિ પ્રત્યેના પ્રેમથી જ આખરે પતિ જીવન સંગ્રામમાં વિજયી બની રહે છે. એટલું જ નહિ, એનાં સતીત્વને ચૂકવવા ખુદ ઈશ્વરે રૂપ બદલીને આવવું પડે એ સ્ત્રી શક્તિની કેવી અજબની તાકાત !

  પત્નીની શીખ લઇને જ યુધ્ધ મેદાનમાં જતા શિવ કે જાલંધરનાં આ પ્રકારનાં કૃત્યો સ્ત્રી શક્તિને ઊજળી કરી દેખાડે છે. સ્ત્રીની અંદર રહેલી આ તાકાતને આજના પુરુષોએ પણ સ્વીકારવી જ રહી ! (જો જીવન સંગ્રામમાં વિજેતા થવું હોય તો.)

- આજના સમયમાં મિત્રને પત્ની બનાવવાના ધખારા આપણે ઘણા જોઇએ છીએ, પરંતુ સપ્તપદીનાં સાત પગલાં-સાત પ્રતિજ્ઞા સાથે - સાથે ચાલીને પત્નીને મિત્ર બનાવવાની ઊજળી પરંપરા - માત્ર ભારતીય જીવનમૂલ્યોમાં - શિવ - પાર્વતી કે જાલંધર - વૃંદા જેવાં પાત્રોનાં દામ્પત્યજીવન દ્વારા પ્રગટ થાય છે. આજની યુવાપેઢી જો આ વાત સમજે તો આપણા સાંસ્કૃતિક, સામાજીક અને નૈતિક મૂલ્યોનું ધોવાણ થતું અટકશે.
- શિવ કરૂણાનિધાન છે, ભોળાનાથ છે. શિવ જેવાં શિવ ઘણી બધી વિચિત્રતાઓ વચ્ચે વસે છે. જેમ કે, શિવનું વાહન નંદી, માતાજીનું વાહન વાઘ, કાર્તિકેયનું મોર અને ગણપતિનું વાહન ઊંદર. આ ચારેય જીવ એકબીજાના પાક્કા દુશ્મન. આ પ્રકારની વિચિત્રતાઓ વચ્ચે પણ સમતાપૂર્વક રહેતા શિવ પરિવાર પાસેથી આજના આપણા પરિવારોએ બોધપાઠ લેવો ઘટે.
- શિવ 'શક્તિમાન'ના પણ શક્તિમાન છે. 'પિંડે સો બ્રહ્માંડે' અથવા 'બ્રહ્મ લટકાં કરે, બ્રહ્મ પાસે'ને આપણે સ્વીકારીએ તો આપણી સામે એવી સૂક્ષ્મ વાત ઊઘડે કે, આપણી અંદર જ શિવત્વ છે. જાલંધર શિવનો જ અંશ છે, શિવમાંથી જ પ્રગટ્યો છે. એનો અર્થ એ થાય કે, જાલંધરત્વ પણ આપણી અંદર જ છે. આપણી જ અંદર રહેલા આ દેવત્વ અને દાનવત્વમાંથી આપણે કોને ઉજાગર કરવું છે ? એ દરેક વ્યક્તિએ પોતે નક્કી કરવું રહ્યું.

➢ જાલંધર કથાનકના સંદર્ભે અહીં જે 'તુલસી'નું માહાત્મ્ય રજૂ થયું છે એને આજની દષ્ટિએ મૂલવીએ. આપણા ઋષિમુનિઓ માત્ર 'અધ્યાત્મવાદી'નહોતા, 'વિજ્ઞાનવાદી' પણ હતાં અને તેથી જ 'અધ્યાત્મ'ને 'વિજ્ઞાન'નો દરજ્જો આપવાના યથાર્થ પ્રયત્નો આજે થવા જ જોઇએ. તુલસી, આસોપાલવ વગેરે જીવવિજ્ઞાનની દષ્ટિએ ખૂબ જ ઉપયોગી વનસ્પતિ છે. 'તુલસી'ના છોડથી જીવજંતુ દૂર રહે છે, તેથી જ દરેક આંગણામાં તુલસીના છોડનું મહત્ત્વ છે. મારાં કરતાં કોઇ વૈજ્ઞાનિક આ વાતને વધુ સારી રીતે સમજાવી શકે, પરંતુ એટલું ચોક્કસ કે, આપણા પુરાણકારોની પાસે આવો વૈજ્ઞાનિક દષ્ટિકોણ હતો જ. તેથી જ 'તુલસી' જેવી વનસ્પતિને પવિત્ર કહીને તેને વિષ્ણુની સાથે જોડી, તેનું માહાત્મ્ય દર્શાવી, આર્ષદષ્ટા ઋષિમુનિઓએ તેમજ એ કથાનક દ્વારા મધ્યકાલીન કવિઓએ ભારતીય પ્રજાને શ્રધ્ધાન્વિત કરી છે. એ સમયની પ્રજાની કક્ષા અને માનસિકતાને નજર સમક્ષ રાખી ઋષિમુનિઓએ આ પ્રકારનું કથન વર્ણન કર્યું હશે. આજે એકવીસમી સદીમાં 'અધ્યાત્મ'ને 'વિજ્ઞાન' તરીકે સ્વીકારી, તેના સૂક્ષ્માતિસૂક્ષ્મ પાસાંઓને વૈજ્ઞાનિક દષ્ટિકોણથી મૂલવી, પ્રજા સમક્ષ પ્રગટ કરનારા કોઇ 'મહામાનવ'ની વાટ જોવી રહી !

## ❖ ઉપસંહાર :

માનવ વિદ્યાશાખાનું એક પ્રાણવાન ક્ષેત્ર એટલે સાહિત્ય. માનવીય ભાવનાઓની વૈશ્વિક અભિવ્યક્તિ સાહિત્યકારોની નેમ હોય છે. દરેક કલા પ્રવિધિઓ, સત્ય, શિવ અને સૌન્દર્યની અનુભૂતિઓમાં કંઇક પાયાના સામ્ય અને વૈષમ્ય રહેલા જણાય છે. આવા સામ્યો અને વૈષમ્યોનો અભ્યાસ રસપ્રદ નીવડે એ ખ્યાલથી 'તુલનાત્મક સાહિત્ય'ની પ્રમાણમાં નવી સૈધ્ધાંતિક વિચારણા સંદર્ભે કશુંક નક્કર પામવાની ઇચ્છાથી 'જાલંધર' કથાનક સંદર્ભે ચાર કવિઓના ચાર આખ્યાનોનો તુલનાત્મક અભ્યાસ અહીં કરવામાં આવ્યો છે. જેની પ્રકરણવાર ટૂંકી વિગત આ મુજબ છે.

મારા આ શોધનિબંધના પ્રથમ પ્રકરણમાં તુલનાત્મક સાહિત્યનો અર્થ, તેની વ્યાખ્યા, તુલનાત્મક સાહિત્યનું કાર્યક્ષેત્ર, સ્વરૂપ વગેરેની ચર્ચા કરી છે. તુલનાત્મક અભ્યાસ કોઇપણ બે ભાષાની કૃતિઓનો થઇ શકે. એક જ કથાનક ધરાવતી એક જ ભાષાની બે કે વધુ કૃતિઓ વચ્ચે પણ તુલના થઇ શકે. તુલનાત્મક સાહિત્યની વિભાવના અહીં પ્રથમ પ્રકરણમાં દર્શાવવી છે.

પ્રસ્તુત મહાનિબંધના બીજા પ્રકરણમાં 'આખ્યાન યુગ'ની ખૂબ વિસ્તારપૂર્વક વાત કરવામાં આવી છે. 'આખ્યાન' શબ્દની અર્થચ્છાયાઓ અને આખ્યાનની વ્યાખ્યાઓના આધારે આખ્યાન

સ્વરૂપને સ્પષ્ટ કરી આખ્યાન સ્વરૂપના મુખ્ય લક્ષણો, તેની સમજ અને મધ્યકાલીન યુગમાં ગુજરાતી -ચારણી આખ્યાન સ્વરૂપના થયેલા ક્રમશઃ વિકાસની વિગતે વાત કરવામાં આવી છે.

પ્રસ્તુત શોધ નિબંધના ત્રીજા પ્રકરણમાં સમયાનુક્રમ મુજબ પ્રથમ ભાલણ, ત્યારબાદ હરદાસ મિસણ, ત્યારબાદ વિષ્ણુદાસ અને છેલ્લે શિવદાસ એ ક્રમે ચારેય કવિઓનાં વ્યક્તિત્વ અને વાડમય સાથે સંકળાયેલા પ્રેરક, પોષક અને પ્રભાવક પરિબળો વિશે અભ્યાસપૂર્ણ વિગતો તપાસવામાં આવી છે.

મધ્યકાળના કવિઓ કાવ્યને અંતે ભાગ્યે જ પોતાનું નામ ઠામ જણાવે છે તેથી તેઓના જીવન વિશે ચોક્કસપણે કશું જ કહી શકાતું નથી. તેમના સંબંધી જે કોઇ બાહ્ય હકીકતો મળી છે એને અહી ખૂબ જ ટૂંકમાં દર્શાવી છે. એ જ રીતે દરેક કવિના કવનને પણ સુવ્યવસ્થિત રીતમાં રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રસ્તુત શોધ નિબંધના ચોથા પ્રકરણમાં 'જાલંધર' કથાનકનું મૂળ, જે 'પદ્મપુરાણ', 'શિવપુરાણ' વગેરેમાંથી મળે છે, તેમાં 'પદ્મપુરાણ'ના સંદર્ભે અહીં 'જાલંધર' કથાનકની મૂળકથા વિગતે દર્શાવી છે. ચાર કવિઓમાંથી ત્રણ કવિઓ પોતાના આખ્યાનમાં 'પદ્મપુરાણ'ને સંદર્ભ તરીકે લીધાનું દર્શાવે છે. તેથી અહીં જાલંધરની મૂળકથા માટે 'પદ્મપુરાણ'ને પસંદ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત શોધ નિબંધના પાંચમાં પ્રકરણમાં આખ્યાન સ્વરૂપના લક્ષણોને આધારે ભાલણ કૃત 'જાલંધર આખ્યાન'નો વિગતે અભ્યાસ કરવામાં આવ્યો છે. સૌ પ્રથમ 'જાલંધર આખ્યાન'નો કથાસાર, 'પદ્મપુરાણ'માંનું મૂળ પૌરાણિક કથાનક અને 'જાલંધર આખ્યાન'ની તુલના, 'જાલંધર આખ્યાન'ની પાત્રસૃષ્ટિ, રસનિરૂપણ, વર્ણનો અને પાત્રોના આંતર-બાહ્ય વ્યક્તિત્વને ઉપસાવતા સંવાદો એ ક્રમે 'જાલંધર આખ્યાન'ની આ પ્રકરણમાં વિસ્તારથી સમાલોચના કરવામાં આવી છે. મૂળકથાનકમાં કવિએ પોતાની મૌલિક સૂઝથી કરેલા ફેરફારોથી કૃતિને કેવું પરિમાણ પ્રાપ્ત થાય છે તેમજ કવિની સિધ્ધિઓને અહીં સદષ્ટાંત તારવી બતાવી છે.

પ્રસ્તુત શોધ નિબંધના છઠ્ઠા પ્રકરણમાં ચારણ કવિ હરદાસ મિસણ કૃત 'જાલંધર પુરાણ'નો વિગતે અભ્યાસ કરવામાં આવ્યો છે. અહીં પણ મૂળકથાનક, મૂળકથાનકમાં કવિએ કરેલા નિજી ફેરફારો, એનું ઔચિત્ય તેમજ પાત્રો, રસનિરૂપણ, વર્ણનકળા તેમજ સંવાદોનું સામર્થ્ય ઉદાહરણ

સહિત દર્શાવવાનો ઉપક્રમ રહ્યો છે. આ બધાના આધારે 'જાલંધર પુરાણ'ને કેવો કલામય ઘાટ મળ્યો છે તેની સદષ્ટાંત ચર્ચા કરી છે.

શોધ નિબંધના સાતમા પ્રકરણમાં વિષ્ણુદાસ કૃત 'જાલંધર આખ્યાન'નો વિગતે અભ્યાસ કરવામાં આવ્યો છે. આગલા બંને પ્રકરણોની જેમ જ અહીં મૂળકથાનક, કથામાં કવિએ કરેલા ફેરફારો અને મૌલિક ઉમેરા, કૃતિમાં એની ઉપયુક્તતા વગેરે સદષ્ટાંત દર્શાવવાનો અહીં ઉપક્રમ સેવ્યો છે. પાત્રાલેખન, રસવૈવિધ્ય, વર્ણનો, સંવાદો જેવા આખ્યાન કાવ્યનાં રચનાગત ઓજારોનો કવિએ કેવો વિનિયોગ કર્યો છે તે વિગતે દર્શાવીને વિષ્ણુદાસની કવિ તરીકેની સર્જક પ્રતિભાને ચીંધી બતાવવામાં આવી છે. કવિ ક્યાંક કશુંક ચૂક્યા છે અથવા તો અમુક ફેરફારોથી કથાને હાનિ પહોંચી છે એ બાબત તરફ અંગૂલિનિર્દેશ પણ કરવામાં આવ્યો છે.

અહીં શોધ નિબંધના આઠમા પ્રકરણમાં કવિ શિવદાસ કૃત 'જાલંધર આખ્યાન'નો વિગતે અભ્યાસ કરી કવિની સિદ્ધિ-મર્યાદાઓ તરફ સદષ્ટાંત અંગૂલિ નિર્દેશ કરવામાં આવ્યો છે. કવિ શિવદાસે એક કથાનકમાં બે કથાનક રજૂ કર્યા હોવાથી આખ્યાનની રસિકતાને કેવી હાનિ પહોંચી છે તે દર્શાવી, શિવદાસના 'જાલંધર આખ્યાન'નું ક્થાનક, તેમાં કવિએ કરેલા ફેરફારો, તેનું ઔચિત્ય તેમજ ચરિત્રચિત્રણ, રસનિરૂપણ, વર્ણનો જેવા કાવ્યરચનાગત ઓજારોનો કવિએ કેવો વિનિયોગ કર્યો છે તે દર્શાવી કવિ શિવદાસની આખ્યાન કવિની છબી ઉપસાવવાનો પ્રયત્ન ર્ક્યો છે.

શોધ નિબંધના નવમા પ્રકરણમાં સમયાનુક્રમને જાળવી ભાલણ, હરદાસ મિસણ, વિષ્ણુદાસ અને શિવદાસ એ ક્રમે ચારેય કવિઓની 'જાલંધર' કથાનક ધરાવતી કૃતિઓની પારસ્પરિક તુલના કરવામાં આવી છે. ચારેય કવિઓએ 'જાલંધર' કથાનકનો સંદર્ભ ક્યાંથી લીધો છે તે દર્શાવી મૂળકથામાં કવિએ કરેલા નિજી ફેરફારો કે ઉમેરણોને સદષ્ટાંત દર્શાવતા જઇ કોણ, કોનાથી, ક્યાં જુદા પડે છે ? એને કારણે કૃતિને કેવું સાહિત્યિક મૂલ્ય પ્રાપ્ત થાય છે તે વિગતે તપાસવાનો ઉપક્રમ સેવ્યો છે. પાત્રલેખન, રસનિરૂપણ, વર્ણનો કે સંવાદો જેવા અભિવ્યક્તિનાં ઓજારોનો ઉપયોગ ચારેય કવિઓએ કેવી રીતે કર્યો છે તેની તુલના કરી, કોણ, કોનાથી, ક્યાં જુદા પડે છે તે ઉદાહરણ સહિત તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે. દરેક કવિઓની નિજી પ્રતિભા વડે કૃતિ કેવું પરિમાણ પામી છે ? તેની સદષ્ટાંત ચર્ચા અહીં કરી છે. ચારેય કવિઓએ મૂળ કથાનકમાં કરેલા ફેરફારોની સાર્થકતા અહીં તપાસવામાં આવી છે એટલું જ નહિ, કોઇ કવિ પર તેના પુરોગામીની અસર છે કે નહિ એ તપાસવાનો

પણ ઉપક્રમ સેવ્યો છે. દરેક કવિઓ ની વ્યક્તિગત મૌલિક સર્જન પ્રતિભા વડે પ્રાપ્ત થતી સિધ્ધિઓ કે મર્યાદાઓ પ્રત્યે પણ સાધાર અંગૂલિ નિર્દેશ કર્યો છે.

ઉપસંહારાત્મક આ છેલ્લા અને દસમા પ્રકરણમાં સમગ્ર સંશોધનકાર્યના ફલ સ્વરૂપ તારણો આપી, જાલંધર કથાનકને આધુનિક સંદર્ભે કઇ રીતે મૂલવી શકાય એની ખૂબ જ ટૂંકી અને માર્મિક વાત કરી મારા સંશોધનકાર્યનું સમાપન કરું છું. અભ્યાસમાં સમાવિષ્ટ બધા આખ્યાનો વચ્ચે રહેલા સામ્યો અને વૈષમ્યોનો તુલનાત્મક અભ્યાસ કરતા ઘણું નવું જાણવા મળ્યું. આ સંશોધનકાર્યથી મને પરમાનંદની ઉપલબ્ધિ થઇ એ મારા કાર્યની ફલશ્રુતિ.

# પરિશિષ્ટ

# સંદર્ભ ગ્રંથ સૂચિ


| | | |
|---|---|---|
| ૧ | અભિનવનો રસવિચાર અને બીજા લેખો | નગીનદાસ પારેખ |
| ૨ | અસ્મિતા અને અનુસંધાન | ડૉ. અંબાદાન રોહડિયા |
| ૩ | અર્વાચીન કાવ્ય સાહિત્યનાં વહેણો | રા. વિ. પાઠક |
| ૪ | આખ્યાન યુગનો સાહિત્ય પ્રવાહ | હંસાબહેન પટેલ |
| ૫ | ઓખાહરણ | ડૉ. ઈશ્વરલાલ ર. દવે, રતુદાન રોહડિયા |
| ૬ | ઓખાહરણ | નાકર |
| ૭ | ઓખાહરણ | વિષ્ણુદાસ |
| ૮ | કવિચરિત | કે. કા. શાસ્ત્રી (ભાગ-૨) |
| ૯ | કવિ નાકરઃ એક અધ્યયન | ડૉ. ચિમનલાલ ત્રિવેદી |
| ૧૦ | કાવ્યશાસ્ત્ર | હેમચંદ્રાચાર્ય |
| ૧૧ | કાવ્યની શકિત | રા. વિ. પાઠક |
| ૧૨ | કાવ્યાનુશાસન | સંપા. રસિકલાલ પરીખ |
| ૧૩ | કુંવરબાઈનું મામેરું | સંપા. ડૉ. કા. બ. વ્યાસ અને<br>ડૉ. ચિમનલાલ ત્રિવેદી |
| ૧૪ | કુંવરબાઈનું મામેરું | પ્રેમાનંદ |
| ૧૫ | ગુજરાતી કાવ્ય પ્રકારો | ડોલરરાય માંકડ |
| ૧૬ | ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ : ગ્રંથ-૨ | જયંત કોઠારી |
| ૧૭ | ગુજરાતના ચારણી સાહિત્યનો ઈતિહાસ | રતુદાન રોહડિયા |
| ૧૮ | ગુર્જરી કંઠાભરણ | કે. બી. વ્યાસ |
| ૧૯ | ગુજરાત એન્ડ ઇટ્સ લિટરેચર | કનૈયાલાલ મુનશી |
| ૨૦ | ગુજરાતી સાહિત્ય રેખાદર્શન | મનસુખલાલ ઝવેરી |
| ૨૧ | ગુજરાતી સાહિત્ય સ્વરૂપો | ડૉ. મંજુલાલ મજમુદાર |

| | | |
|---|---|---|
| ૨૨ | ગુજરાતી ભાષા અને સાહિત્ય ભાગ-૨ | નરસિંહરાવ ભો. દિવેટિયા |
| ૨૩ | ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ભાગ-૨ | ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ |
| ૨૪ | ગુજરાતી સાહિત્યની વિકાસરેખા ભાગ-૧ | વિજયરાય વૈદ્ય |
| ૨૫ | ગુજરાતી સાહિત્ય (ભાગ-૧ : મધ્યકાળ) | અ. મ. રાવળ |
| ૨૬ | ગુજરાતી સાહિત્યકોશ (ખંડ-૧ : મધ્યકાળ) | જયંત કોઠારી, જયંત ગાડીત |
| ૨૭ | ચારણો અને ચારણી સાહિત્ય | ઝવેરચંદ મેઘાણી |
| ૨૮ | ચારણી સાહિત્યઃ વારસો અને વૈભવ | ડૉ. અંબાદાન રોહડિયા |
| ૨૯ | ચારણી સાહિત્ય : સર્જન અને ભાવન | ડૉ. અંબાદાન રોહડિયા |
| ૩૦ | ચારણી સાહિત્ય : સૌંદર્ય અને સત્ત્વ | રતુદાન રોહડિયા |
| ૩૧ | ચારણી સાહિત્ય | હરેન્દ્ર ભટ્ટ |
| ૩૨ | ચારણી સાહિત્યનો ઇતિહાસ | ગઢવી શ્રી પ્રતાપભાઇ જીજીભાઇ (હસ્તપ્રત : શ્રી સૌરાષ્ટ્ર યુનિ.) |
| ૩૩ | ચારણ સર્જક પરિચય ભાગ-૧ | ડૉ. એમ. આઇ. પટેલ, ડૉ. અંબાદાન રોહડિયા |
| ૩૪ | ચારણોની અસ્મિતા | શ્રી લક્ષ્મણ પિંગળશી ગઢવી |
| ૩૫ | ચારણી સાહિત્ય વિમર્શ | અંબાદાન રોહડિયા |
| ૩૬ | ચારણી સાહિત્ય : આપણો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો | ઇશ્વરલાલ ર. દવે, રતુદાન રોહડિયા |
| ૩૭ | જાલંધર આખ્યાન | સંપા. રા. ચુ. મોદી |
| ૩૮ | જાલંધર પુરાણ ભાગ-૧ | ડૉ. અંબાદાન રોહડિયા |
| ૩૯ | જાલંધર પુરાણ ભાગ-૨ | ડૉ. અંબાદાન રોહડિયા |
| ૪૦ | તુલનાત્મક સાહિત્ય | ધીરુ પરીખ |
| ૪૧ | તુલનાત્મક સાહિત્યનો અભ્યાસ | વસંત બાપટ, જશવંતી દવે |
| ૪૨ | તુલનાત્મક સાહિત્ય સિદ્ધાંત અને વિનિયોગ | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ |
| ૪૩ | તુલનાત્મક સાહિત્ય સિદ્ધાંતિક ચર્ચા | ભરત ચૌધરી |
| ૪૪ | તુલનાત્મક સાહિત્યની ભૂમિકા | ઇન્દ્રનાથ ચૌધરી |

| | | |
|---|---|---|
| ૪૫ | નવીન કવિતા વિશે વ્યાખ્યાનો | બ. ક. ઠાકોર |
| ૪૬ | નળાખ્યાન | પ્રેમાનંદ |
| ૪૭ | પરિચય અને પરીક્ષા | નગીનદાસ પારેખ |
| ૪૮ | પર્યેષણા | મનસુખલાલ ઝવેરી |
| ૪૯ | પદ્મપુરાણ | સંપાદક : પ્રો. શૈલેન્દ્ર ઠાકુર |
| ૫૦ | બાર સાહિત્ય સ્વરૂપો | પ્રસાદ બ્રહ્મભટ્ટ |
| ૫૧ | બૃહદ કાવ્ય દોહન : પદમાળા મૂલક, ભાગ-૧ | સંપા. : ડૉ. બળવંત જાની |
| ૫૨ | બૃહદ કાવ્ય દોહન, ભાગ-૮ | ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ |
| ૫૩ | 'બ્રહ્મ વૈવર્ત' પુરાણમાં | 'તુલસી' કથા, પૃ. ૬૩૦ |
| ૫૪ | ભગવત્ ગૌમંડળ : ભાગ-૬ | પ્રકાશક : પ્રવીણ પ્રકાશન, રાજકોટ |
| ૫૫ | ભાલણ : એક અધ્યયન | કે. કા. શાસ્ત્રી |
| ૫૬ | ભાલણ : એક અધ્યયન | રા. ચુ. મોદી |
| ૫૭ | ભાલણનાં કાવ્યો | ડૉ. બળવંત જાની |
| ૫૮ | ભાલણની કાવ્યકૃતિઓ ખંડ-૧ | ડૉ. બળવંત જાની |
| ૫૯ | ભાલણની કાવ્યકૃતિઓ ખંડ-૨ | ડૉ. બળવંત જાની |
| ૬૦ | ભાલણની કાવ્યકૃતિઓ ખંડ-૩ | ડૉ. બળવંત જાની |
| ૬૧ | ભાલણ, ઉદ્ધવ અને ભીમ | રા. ચુ. મોદી |
| ૬૨ | ભાલણનાં પદો | જેઠાલાલ ત્રિવેદી |
| ૬૩ | મધ્યકાલીન ગુજરાતી કૃતિઓ | ડૉ. એમ. આઇ. પટેલ (અન્ય સાથે) |
| ૬૪ | મધ્યકાલીન ગુજરાતી આખ્યાનો | ડૉ. શશિન ઓઝા |
| ૬૫ | મધ્યકાળનો ગુજરાતી ઇતિહાસ | ધીરુ પરીખ |
| ૬૬ | મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ | રતિલાલ નાયક |
| ૬૭ | મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ | રમેશ ત્રિવેદી |
| ૬૮ | મધ્યકાલીન સાહિત્ય પ્રકારો | ચંદ્રકાન્ત મહેતા |
| ૬૯ | મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપો | ડૉ. મંજુલાલ મજમુદાર |

| | | |
|---|---|---|
| ૭૦ | મધ્યકાલીન ગુજરાતી અને ચારણી આખ્યાનો -એક તુલનાત્મક અધ્યયન (અપ્રગટ મહાનિબંધ - સૌરાષ્ટ્ર યુનિવર્સિટી) | ડૉ. રક્ષા ડી. વૈષ્ણવ |
| ૭૧ | રણયજ્ઞ | પ્રેમાનંદ |
| ૭૨ | રામવિવાહ આખ્યાન | સંપા. ડૉ. બળવંત જાની |
| ૭૩ | વૈદિક ઇન્ડિયા | મેકડોનેલ અને કીથ |
| ૭૪ | વિષ્ણુદાસ : એક સમીક્ષાત્મક અધ્યયન (અપ્રગટ મહાનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી) | ઊર્મિલાબેન શુક્લ |
| ૭૫ | વિષ્ણુદાસ | ભા. ની. મહેતા |
| ૭૬ | વિપ્ર વોળાવળ | ડૉ. બળવંત જાની, રતુદાન રોહડિયા |
| ૭૭ | શિવપુરાણ | વેદ વ્યાસ |
| ૭૮ | સભાપર્વ | ડૉ. અંબાદાન રોહડિયા, રતુદાન રોહડિયા |
| ૭૯ | સાહિત્ય દર્પણ | વિશ્વનાથ જાની |
| ૮૦ | સાહિત્યાભિમુખ | ડૉ. અંબાદાન રોહડિયા |
| ૮૧ | સ્વાધ્યાય અને સમીક્ષા | નગીનદાસ પારેખ |
| ૮૨ | સ્વાધ્યાય અને સંશોધન | ડૉ. બળવંત જાની |
| ૮૩ | સુદામા ચરિત્ર | પ્રેમાનંદ |
| ૮૪ | સૌરાષ્ટ્રની રસધાર ભાગ-૧ | ઝવેરચંદ મેઘાણી |
| ૮૫ | સૌરાષ્ટ્રની રસધાર ભાગ-૨ | ઝવેરચંદ મેઘાણી |
| ૮૬ | હરદાસ મિસણઃ એક અધ્યયન | ડૉ. અંબાદાન રોહડિયા |